શ્રી મુંબઈ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd No. B. 4266.

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૮
અંક : ૧૭

મુંબઈ: ૧ જાન્યુઆરી ૧૯૪૭ બુધવાર.

લવાજમ
રૂપિયા ૪

ભગવાન મહાવીર અને મહાત્મા ગાંધી

મથાળામાં બન્ને મહાપુરુષોને જે વિશેષણો આપ્યાં છે તે સાભિપ્રાય છે. આ વીસમી સદીમાં પ્રજા માનસનો એટલો વિકાસ થયો છે કે તે ગમે તે મહાન પુરુષને ઝટ દઇ ભગવાનનું વિશેષણ આપતું નથી. વસ્તુતઃ 'ભગવાન' અને 'મહાત્મા' વચ્ચે કાંઇ આધ્યાત્મિક વિશેષતા હોય એવું જણાતું નથી. જુના લોકો પોતાના માનીતા મહાત્માને અતિમાનવ દર્શાવવા ભગવાનનું વિશેષણ દઇ દેતા. અને એવા અનેક ભગવાન નામધારી અહિંથી ત્યાં રખડતા. અને એક ભગવાન બીજા ભગવાન વિષે કહેતા કે એ તો જૂઠો છે. આમ સરવાળે સૌ ભગવાન પોતાના અનુયાયી સંઘ સિવાયના લોકોમાં જૂઠા તરીકે હડધૂત થતા. જૈન શાસ્ત્રોમાં જમાલી અને ગોશાલક વિષે કહેવામાં આવ્યું છે કે તેઓ જિન નથી, છતાં પોતાને જિન કહેવરાવે છે, તીર્થંકર નથી છતાં તીર્થંકર કહેવરાવે છે. એજ પ્રમાણે ગોશાલક અને જમાલીના શાસ્ત્રો આપણી સામે હોત તો તેમાં ભગવાન મહાવીર વિષે પણ એમ જ લખ્યું હોત. બૌદ્ધ શાસ્ત્રોમાં તો ભગવાન મહાવીરની સર્વજ્ઞતાની અને સર્વશક્તિમત્તાની ક્રુર મશ્કરી કરવામાં આવી છે. આમ સદા કાળ મહાપુરુષોને બધા સમકાલીનોએ સમાન ભાવે આદર આપ્યો નથી; છતાં તેમની મહત્તામાં ખામી નથી આવી અને તેમાંના કેટલાક જેઓ વધારે અનુયાયી મેળવવા ભાગ્યશાળી થયા છે અને જેમના અનુયાયીની પરંપરા અત્યાર સુધી ચાલી આવી છે તેઓ અત્યારે પણ ભગવાન તરીકે પૂજાય છે. જૈન પરંપરા પ્રમાણે શ્રમણ મહાવીર 'ભગવાન' કહેવાય છે તે એટલા ખાતર નહિ કે તેમણે આ જગતને બનાવ્યું છે અથવા તો આ જગત તેમના કહ્યા પ્રમાણે ચાલી રહ્યું છે. પરંતુ તે એટલા ખાતર ભગવાન કહેવાય છે કે તેમણે પોતાના સમયની પ્રજાના માનસમાંથી દાસત્વનો ભાવ નિર્મૂળ કરવાનો સબળ પ્રયત્ન કર્યો હતો. દાસત્વ વિષેના ખ્યાલો જમાને જમાને બદલાય છે. એ વખતે ઇશ્વરનું દાસત્વ, બ્રાહ્મણનું દાસત્વ, જાતિવાદનું દાસત્વ–એટલા દાસત્વ સુધી નજર પહોંચી હતી. મનુષ્ય પોતાના કર્મને આધીન નહિ પણ ઇશ્વરની કૃપાને અધીન છે એવા ખ્યાલો પ્રજામાં ઘર કરી ગયા હતા અને પ્રજા અકર્મણ્ય બની ગઇ હતી. ધર્મક્રિયા–ઇશ્વર–આરાધના આદિમાં કે યજ્ઞયાગ આદિમાં મધ્યસ્થ બ્રાહ્મણ સિવાય ચાલે જ નહિ. તેના સિવાય કોઇ ધર્મ–કર્મ સફળ ગણાતું નહિ. આ પ્રકારની બ્રાહ્મણનુ દાસત્વ પ્રજાએ સ્વીકાર્યું હતું. એટલે સૌમાં તેને જ શ્રેષ્ઠ માનવા જતા જાતિવાદનું ભૂત ઉભું કરવામાં આવ્યું હતું. પરિણામે ઉચ્ચ નીચના ભેદ મનુષ્યોમાં પડી જવાથી તેઓ જાતિવાદના દાસ બની ગયા હતા. અને પોતાની ઉચ્ચ જાતિના અભિમાનને ટકાવી રાખવા જતા. સ્ત્રીઓની પરતંત્રતા સ્થપાઇ ગઇ હતી. તેને ધાર્મિક અનુષ્ઠાન સ્વતંત્ર ભાવે કરવાની સત્તા ન હતી. તેને વિકાસના સાધન જ ન હતા. ગુરૂપદ પુરુષે પોતાની પાસે સુરક્ષિત રાખ્યું હતું. આ ઉપરાંત ધનદૌલતનું દાસત્વ સર્વસામાન્ય સદાકાળનું સરખું છે. આ બધા દાસત્વમાંથી ભગવાન મહાવીરે તે સમયના લોકોના માનસને મુક્ત કરવા પ્રયત્ન કર્યો, અને તેથી જ તેઓ મહાન બન્યા અને ભગવાન બન્યા.

આજે આપણે ગાંધીજીને મહાત્મા કહીએ છીએ તે પણ એટલા જ ખાતર કે તેઓએ પોતાના સાર્વજનિક જીવનની શરૂઆતથી આજ સુધી પ્રજામાનસને દાસત્વમાંથી મુક્ત કરવા અવિરત પ્રયત્ન કર્યો છે. પરંતુ મહાત્મા ગાંધીની સમક્ષ અથવા કહો કે આ વીસમી શતાબ્દીમાં દાસત્વ શબ્દનો મુખ્યાર્થ રાજકીય ગુલામી છે. ભગવાન મહાવીરના સમયમાં આ ગુલામી ન હતી તેમ તો નહિ. પણ તે ગુલામીનો કટુ અનુભવ તીવ્ર ન હતો અથવા એમ કહો કે પ્રજામાનસનો એટલો વિકાસ જ ન હતો કે આબાળ ગોપાળને તે ગુલામી ઉપર્યુક્ત બીજી ગુલામીની જેમ સાલે. એટલે જ આપણે જોઇએ છીએ કે તે વખતની રાજસત્તા સામે ભગવાન મહાવીરે કશું કર્યું હોય એનો કોઇ પુરાવો આપણી સામે નથી, એટલું જ નહિ પણ આખી શ્રમણ પરંપરાનો ઇતિહાસ સાક્ષી આપે છે કે શ્રમણોએ પોતાના ધર્મપ્રચારમાં રાજ્યાશ્રય અથવા સ્પષ્ટ રીતે રાજાશ્રય લીધો છે. કોઇએ–કોઇ શ્રમણે–રાજાને ઉથલાવી પ્રજારાજ્યની તરફદારી કરી હોય એની સાક્ષી ઇતિહાસમાં નથી. ઉલટું કેટલીક વખત રાજાઓના અપકૃત્યો સામે આંખ આડા કાન કર્યા છે. પરંતુ આ વીસમી સદીમાં તો એમ મનાવા લાગ્યું છે કે બીજા બધા પ્રકારની ગુલામી રાજકીય ગુલામીમાંથી જન્મે છે. માટે પ્રથમ તે જ ગુલામીને નાબુદ કરવી જોઇએ. અને આ જ ગુલામીને નાબુદ કરવામાં ગાંધીજીએ આખી જીંદગી ઘસી નાખી છે. જાતિભેદની ગુલામી–અસ્પૃશ્યતાની ગુલામી, કાળા ધોળાના ભેદની ગુલામી દૂર કરવા પણ તેમણે અથાગ પરિશ્રમ કર્યો છે અને તેથી જ આજની પ્રજા તેમને મહાત્મા કહે છે. જુના લોકો જે કૃત્ય કરવાથી મહાવીરને ભગવાન કહેતા તે જ કૃત્ય કરવાથી આજે ગાંધીજી મહાત્મા કહેવાય છે તો ભગવાન અને મહાત્મામાં ફરક શું?

સાંપ્રદાયિક આગ્રહને કારણે કેટલાક જૈનો બધા જૈનેતર મહાન પુરુષોને ભગવાન તરીકે સંબોધતા શરમાય છે અને જૈન તીર્થંકર સિવાયના બધા તીર્થંકરોને મહાત્મા વિશેષણ આપે છે: જેમકે મહાત્મા કૃષ્ણ, મહાત્મા રામ, મહાત્મા બુદ્ધ આદિ. પરંતુ વર્તમાન યુગની ભાવના જ નિરાળી છે. તે કોઇ પણ વિદ્યમાન વ્યક્તિને માટે ભગવાન શબ્દની યોજના કરવા તૈયાર નથી. તે કોઇ પણ મહાપુરુષને મહાત્મા કહી નવાજે છે અને એમ સૂચવે છે કે તે અમારામાંનાં જ જરા ચડીયાતા છે, પણ છે તો માનવ જ. ઇશ્વર યા ભગવાનની કલ્પના આ જમાનાને પસંદ નથી, અને અતિમાનવની કલ્પના હાસ્યાસ્પદ ગણી કાઢવા પણ કેટલાક તૈયાર છે. એવા જમાનામાં સ્વયં મહાપુરુષો જ પોતાને ભગવાન કહેવરાવવાનું પસંદ કરતા નથી. અને પોતાના મંદિરો બને અને તેમાં પોતે પૂજાય એવી ભાવના જ રાખતા નથી. ગાંધીજીને તો પોતાને કોઇ ભગવાન કહે અગર તેમની મૂર્તિ કોઇ પૂજે તેમાં

પોતાનું અપમાન લાગે છે. એટલે અત્યારે આપણે ગાંધીજીને મહાત્મા કહીએ તે જ ઠીક છે. અને મહાવીર ભલે ભગવાન કહેવાય, પણ તેથી બન્નેની મહત્તામાં કશો ફેર પડે છે એમ મને લાગતું નથી.

કેટલાક જૈન આચાર્યોને મોઢેથી સાંભળ્યું છે કે ગાંધીજી તો હજી મિથ્યાત્વ ગુણસ્થાનથી પણ ઉંચે ગયા નથી અને ભગવાન મહાવીર તો સિદ્ધ થઇ ગયા. એ બન્નેની તે વળી તુલના શી? આવું બોલનારાઓની વાતોનો સ્વીકાર તેમને હા જી હા કરનારા અગર વ્યાખ્યાન સભામાં 'જી સાહેબ' કરનારા સિવાય અન્ય કોઇ કરી શકે તેમ છે નહિં–એટલે એ ચર્ચામાં ઉતરવું નકામું છે. બાકી સૂર્યને કાંઇ છાબડીથી ઢાંકી શકાતો નથી. કદાચ એમ સંભવે ખરૂં કે એવું બોલનારા પોતે જ પ્રથમ ગુણસ્થાનેથી ઉંચા ગયા જ ન હોય. ભગવાન મહાવીરની અને મહાત્મા ગાંધીજીની સાધનામાં પણ એક તફાવત છે પરંતુ એ તફાવત વસ્તુતઃ કાળબળને લઇને છે, એ ભૂલવું જોઇએ નહિ. એ તફાવત છતાં બન્નેની મહત્તામાં અથવા આધ્યાત્મિક શક્તિમાં મૂળતઃ ભેદ હોવો જોઇએ એમ માનવાને કાંઇ કારણ નથી. એ સમયના ત્યાગીઓનું ધ્યેય હતું કે બાહ્ય અને આધ્યાત્મિક બંધનોથી મુક્ત થવું અને મુક્તિનો માર્ગ એટલે સંસારત્યાગ. એ જમાનામાં ઘરબાર છોડી પુત્ર–પત્નીનો માતા–પિતાનો ત્યાગ કરી ભિક્ષાવૃત્તિ ઉપર રહી નિર્મળ ભાવે પોતાના ક્રોધાદિ કષાયો ઉપર વિજય કરવો એ મુક્તિમાર્ગના પથિક માટે આવશ્યક શર્ત હતી. એવો ત્યાગ કર્યા પછી તપસ્યા અને ધ્યાન-દ્વારા પૂર્ણત્વને પામવા ત્યાગીઓ પ્રયત્ન કરતા. સાધનાકાળમાં ધર્મ-પ્રચાર કે મતપ્રચાર અથવા આજના શબ્દોમાં કહીએ તો આંદોલન સામાન્ય રીતે કરવામાં ન આવતું. ત્યાગીને જ્યારે એમ લાગે કે હવે પોતે પૂર્ણ થઇ ગયેલ છે ત્યારે જ તેઓ ઉપદેશ આપવા અને જગત કલ્યાણ કરવા નીકળી પડતા. પૂર્ણત્વનો ખ્યાલ વ્યક્તિશઃ નિરાળો જ રહે અને તે રહેતો એ નિઃસંશય છે.

પરંતુ સમય જતાં આ ખ્યાલોમાં સુધારો થયો અને જગત-કલ્યાણ અને આધ્યાત્મિક સાધના એ નિરાળી વસ્તુ છે એ માન્યતા દૂર થઇ અને મનાવા લાગ્યું કે જગતનું કલ્યાણ કરવું એમાં જ સાધના સમાયેલી છે. સાધના માટે સંસારત્યાગની જરૂર નથી, પુત્ર–પત્ની કે સંબંધીઓને છોડવાની જરૂર નથી, પરંતુ પોતાના મમત્વનો વિસ્તાર કરવાનો છે. માત્ર પોતાના પુત્રમાં જે મમત્વભાવ હોય અગર પત્ની સાથે જે સ્નેહભાવ અગર મૈત્રી હોય તેને શુદ્ધ કરી વિકસાવી સમસ્ત જગતને પોતાના કુટુંબી બનાવી રહેવું એ જ પરમ સાધના છે. નિર્મમ થવાની જરૂર નથી, મારૂં કોઇ નથી એમ કહેવાની જરૂર નથી, પરંતુ સંપૂર્ણ સંસારના જીવો મારા છે અને તેમનો હું છું–આમ મમત્વભાવને વિસ્તારવાનો છે. આમ કરવાથી જેમ પોતાના પુત્ર અગર પત્નીને દુઃખી જોઇ વિહ્વળ થઇ જવાય છે તેમ સંસારના કોઇ પણ જીવને દુઃખી જોઇ જીવનમાં વ્યાકુળતા વ્યાપી જાય છે અને કાંઇક કરી છૂટવાની તમન્ના જાગે છે. આ સાધનાની નવી ભાવના બહુ જુની છે, પરંતુ ભગવાન મહાવીરના સમયમાં આ ભાવના અજ્ઞાત હતી એટલે તેમણે સાધનાનો પ્રથમ માર્ગ પકડયો અને ગાંધીજીની શતાબ્દિ જ એવી છે કે જે ભાવના ભગવાન મહાવીરે અપનાવી તે માત્ર રૂઢ લોકો સિવાય ભાગ્યે જ કોઇને આકર્ષી શકે. એટલે ગાંધીજીએ સાધનાનો નવો માર્ગ પકડયો છે. બાકી બંને મહાપુરૂષોનું ધ્યેય કષાય–વિજય યા આત્મવિજય છે એમાં તો શંકા નથી જ.

ભગવાન મહાવીર અને મહાત્મા ગાંધીમા આત્મવિશ્વાસ, સાહસ અને નિર્ભયતાની માત્રા એકસરખી જણાય છે. લોકોએ રોકયા છતાં ભયંકર ચંડકોશી નાગ જે રસ્તે હતો તે જ રસ્તે ભગવાન મહાવીર ગયા અને પોતાની અહિંસાશક્તિ–મૈત્રીને કારણે વિષધર સર્પને શાંત કરી દીધો એ કથામાં એમના આત્મવિશ્વાસ, સાહસ અને નિર્ભયતા–એ ગુણોની ઝાંખી થાય છે એટલું જ નહિ પણ અહિંસાની શક્તિની પરીક્ષા પણ તેમાં સન્નિહિત છે જ. તેમનો વિશ્વાસ હતો કે પોતામાં જો સંપૂર્ણ મૈત્રીભાવના હોય તો વિરો-ધીને પણ પીગળાવી નાંખવાની તાકાત આપણામાં સહજ આવે છે. એ પોતાના વિશ્વાસની પરીક્ષા તેમને કરવી હતી, એટલે જાણી જોઇને જ તેઓ એ ભયંકર માર્ગે જાય છે અને વિજયી વીર જેમ તેમાં પસાર થાય છે. પોતાની પરીક્ષા કરવાનો–અગર પોતાની શક્તિ કે ગુણની પરીક્ષા કરવાનો–અવસર તેઓ હંમેશા–શોધતા એ વસ્તુ તેમના જીવનની અનેક ઘટનાઓથી સાબીત કરી શકાય તેમ છે. અનાર્ય, અસંસ્કારી અને ક્રુર લોકોથી વસેલા તે વખતના લાઢ દેશમાં તેઓ પોતાને કષ્ટો સહન કરવા પડશે તેની જાણ હોવા હોવા છતાં એક બહાદુરની જેમ ગયા. તેમાં તેમનો હેતુ પોતાની શક્તિઓને આકરી કસોટીએ કસી જોવા સિવાય બીજો શો હતો? ત્યાં તેમને અનેક કષ્ટો પડયાં. નગ્ન હોવાથી લોકોએ તેમના ઉપર ક્રૂતરાં છોડયાં, નાના છોકરાંઓએ પથરા માર્યા અને એવાં એવાં અનેક કષ્ટો તેમણે સહન કર્યાં, પણ હાર્યાં નહિં. નિર્મળ કાંચન જેમ અગ્નિપરીક્ષામાંથી તેઓ પસાર થઇ ગયા.

આ જ વસ્તુ ગાંધીજીના જીવનમાં છે. તેમનું આખું જીવન સાહસમય અને નિર્ભયપણે વીત્યું છે. આજે તેઓ ગુંડાઓના દેશમાં–જ્યાં શસ્ત્રધારી પોલીસો પણ જવાનું સાહસ કરી શકતા નહિં ત્યાં–'મારી નજરમાં કોઇ ગુંડો નથી. અગર આપણે સૌ ઓછા વધતા ગુંડા જ છીએ' એ ભવ્ય ભાવના સાથે ઘર–ઘરમાં ફરી રહ્યા છે. અને એ ગુંડાઓને મનુષ્ય બનાવી રહ્યા છે અને કહે છે કે "ત્યાં તો મારી અહિંસાની પરીક્ષા કરવા જાઉં છું. મારી મૈત્રીભાવના ખોટી તો નથી ને,? એની મારે પરીક્ષા કરવી છે.' ગાંધીજીના જીવનમાં આ સાહસ આ નિર્ભયતા, આ કષ્ટસહિષ્ણુતા કયા સ્રોતમાંથી આવ્યાં? સ્રોત એકજ છે અને તે અહિંસા. એ અહિંસાનો વિકાસ ગાંધીજી અને મહાવીરમાં એકસરખો નથી એમ કોણ કહેશે?

જૈન સાધુઓ જેઓ માત્ર અહિંસાની પ્રતિજ્ઞા શબ્દશઃ બોલે છે પણ તેનો મર્મ સમજતા નથી તેઓ કહેશે કે 'ગાંધીજીની અહિંસા નવ કોટિની નથી. પરંતુ મહાવીરની અહિંસા તો નવ કોટિની હતી. આ કાંઇ જેવો તેવો ભેદ છે?' આમ કહી તેઓ ભગવાન મહાવીરથી તે શું પણ એક સામાન્ય જૈન સાધુથી પણ ગાંધીજીની અહિંસાને હીન કોટિની ઠેરવે છે. આવું બોલનારા અહિંસાને સમજ્યા જ નથી. શું માત્ર નિષ્ક્રિયતામાં જ અહિંસા સમાયેલી છે? જો તેમજ હોય તો એક પત્થર સૌથી વધારે અહિંસક બની જાય.

જે અહિંસા, જે મૈત્રી તેના પ્રત્યક્ષ ફળ ન બતાવી શકે તે હીન-કોટિની કે જે અહિંસા સામે વિરોધી પણ મિત્ર બની આવે તે? પ્રથમને જ ઉતરતી કહેવી પડશે. અને અહિંસાના પ્રત્યક્ષ ફળો ગાંધીજી અને મહાવીરમાં જો એકસરખાં દેખાતા હોય તો તેમની અહિંસામાં તરતમતાનો વિચાર કરવો એ નરી બાલિશતા છે. ગાંધીજીએ વિવિધ ક્ષેત્રોમાં પોતાની અહિંસાને કસી જોઇ છે અને એવી કસોટીનો અવસર ભ. મહાવીરને હતો જ નહિ. કારણ અહિંસાની કલ્પના અને તેની શક્તિઓનો પરિચય એ જમાનામાં આટલી હદે સંભવતો જ નહતો. છતાં બન્નેની અહિંસામાં મૌલિક ભેદ નથી. ગાંધીજીએ નવાં નવાં ક્ષેત્રોમાં એનો વિસ્તાર કર્યો અને જમાનાની આવશ્યકતા પ્રમાણે એનું ક્ષેત્ર વિસ્તીર્ણ થયું, પરંતુ મૂલ શક્તિસ્રોત સુધી જઇએ તો ભગવાન મહાવીર અને મહાત્મા ગાંધીજીની અહિંસાના મૂળમાં એ જ નિર્ભયતા, એ જ સાહસ અને એ જ ક્ષમાશીલતા છે એમાં મને સંશય નથી. ભગવાન મહાવીરના સત્યના આગ્રહમાંથી જ જૈન અનેકાંતવાદનો ઉદ્‌ગમ થયો છે. ભારતીયદ શનોના વિવાદને ઉપશમાવનારી એ અપૂર્વ ઔષધિ છે. ભગવાન મહાવીર કહેતા કે

(અનુસંધાન પૃષ્ઠ ૧૪૭ જુઓ)

કેટલાક સમાચાર અને નોંધ

વસ્તીની ફેરબદલી: જનાબ ઝીણાએ ફેંકેલો નવો બોંબ

બીહારના હત્યાકાંડ પછી જનાબ ઝીણાએ હિંદી રાજકારણમાં વસ્તીની ફેરબદલીનો એક નવો પ્રશ્ન ઉપસ્થિત કર્યો છે. ઝીણા સાહેબની આ સૂચના વ્યવહારૂ છે કે નહિ તેની જુદા જુદા દૃષ્ટિબિન્દુઓથી આજના સામયિકોમાં ઠીક ઠીક ચર્ચા ચાલી રહી છે. આવી ચર્ચા કરનારાઓ જનાબ ઝીણાને હજુ પુરેપુરા ઓળખતા નથી એમ કહેવું પડે છે. પોતાની અમુક દરખાસ્ત વ્યવહારૂ છે કે નહિ, તેનાથી લાભ છે કે નુકસાન, તે માનુષી છે કે રાક્ષસી, તેવી દરખાસ્તનો અમલ કરવા જતાં સામાન્ય જનતાની-હિંદુ અને મુસલમાનો ઉભયની-કેવી પારાવાર દુર્દશા થાય-એવી મામુલી વિગતો વિચારવી અને તેનું નિરાકરણ કરવું એ કામ જનાબ ઝીણાનું છે જ નહિ. તેમની રાજનીતિ હીટલર જેવી છે. અથવા તો હિંદી રાજકારણમાં તેઓ કેવળ 'એર-બોંબર' નું જ કામ કરવાને નિર્માયલા છે. જેમ એર-બોંબર ફાવે ત્યાં અને ફાવે ત્યારે ધરતી ઉપર બોંબ નાંખ્યે જાય છે અને તેનું નીચેની સચરાચર સૃષ્ટિ ઉપર કેવું ઘોર અને ત્રાસદાયી પરિણામ આવે છે તેનો લેશ માત્ર વિચાર કરતું નથી, એ જ પ્રમાણે જો છેલ્લા પંદર વર્ષની ઝીણાસાહેબની કારકીર્દીનું અવલોકન કરવામાં આવશે તો માલુમ પડશે કે તેમણે પણ હિંદુસ્થાનની ધરતી ઉપર-હિંદી રાજકારણની ભૂમિકા ઉપર કેવળ એર-બોંબર નું જ કામ કર્યું છે. જે ધરતી ઉપર હિંદુ અને મુસલમાનો નિરાંતે સુતા હતા અને અમનચમન કરતા હતા તે ધરતી ઉપર તેમણે બાંગ પુકારી કે 'હિંદુ મુસલમાન ભિન્ન પ્રજાઓ છે અને તેઓ એકસાથે રહી શકે તેમ નથી.' પહેલાં તો આ બાબતની સૌ કોઇએ ઉપેક્ષા કરી, પણ ઝીણાભાંયાએ તો પોતાની બાંગ ચાલુ રાખી. તેથી ધીમે ધીમે મુસ્લીમ જનતાના મનમાં ભ્રમણા પેદા થવી શરૂ થઇ કે ઝીણા જેવો આપણી મુસ્લીમ લીગનો સરનશીન આવી વાત જ્યારે પોકારી પોકારીને કહે છે ત્યારે તેમાં જરૂર કાંઇ તથ્ય હોવું જોઇએ અને એ રીતે ઝેર પ્રચારની શરૂઆત થઇ. આ તેમનો પહેલો બોંબ. પછી આવ્યો પાકીસ્તાનનો બોંબ. અમને અમારો મુલક જોઇએ, અમે સાથે રહી શકીએ એમ નથી, અમારી સંસ્કૃતિ અને અમારો ધર્મ જોખમમાં છે. અમને હિંદુસ્થાનથી અલગ કરો અને એક બાજુએ પંજાબ, સિંધ, અને વાયવ્ય પ્રાંત અને બીજી બાજુએ બંગાળ અને આસામ-આ અમારૂં પાકીસ્તાન આપો.' આ વાત પણ શરૂઆતમાં વાહીયાત જેવી લાગી પણ ઝીણાસાહેબ અને તેના સાથીઓનો શોરબકોર વધતો જ ચાલ્યો. એવામાં આવ્યું બીજું વિશ્વયુદ્ધ. કોંગ્રેસ જેલમાં પુરાણી અને ઝીણાને અને તેના સાથીઓને મુસલમાન કોમમાં બને તેટલું ઝેર ફેલાવવા માટે લાંબા ગાળાનો અવકાશ મળી ગયો. અને જે પાકીસ્તાન એક વખત કેવળ હસવા યોગ્ય અને ઉપેક્ષા યોગ્ય બાબત લાગતી હતી તે આજની એક મહાવિકટ સમસ્યા બની ગઇ. પછી તો આખી હિંદને સ્વતંત્ર અને સ્વાધીન બનાવવાની વાત. અંગ્રેજ-સરકાર ચાલી જાય અને પાકીસ્તાન મળે નહિ એ ઝીણાસાહેબથી કેમ સહેવાય ? એટલે મોસ્લેમ લીગે ઝીણાની રાહબરી નીચે સીધાપગલાનો ઠરાવ કર્યો અને તેના પરિણામે કલકત્તા અને પૂર્વ બંગાળના હત્યાકાંડો તેમજ ધર્માન્તર તેમજ અપહરણોની પીશાચી ઘટનાઓ બનવા પામી. આ ઝીણાસાહેબનો ત્રીજો બોંબ. માત્ર પોતાની કોમમાં જ હિંદુઓ સામે દ્વેષ ફેલાવવાથી સંતોષ ન માનતાં ઝીણાસાહેબ પછાત ગણાતા વર્ગોની વહારે ધાયા અને વચગાળાની સરકારમાં મોસ્લેમ લીગે મોકલવાના પાંચ પ્રતિનિધિમાં એક પ્રતિનિધિ એ વર્ગમાંથી લીધો અને એ રીતે હિંદુ કોમની અંદર અંદર એક ભારે અથડામણ ઉભી થાય એવી ભયજનક પરિસ્થિતિ ઉભી કરી. આ ઝીણાસાહેબનો ચોથો બોંબ. હવે આટલા હત્યાકાંડો અને પ્રજાજીવનની હાલાકીથી ધરાયા ન હોય એમ ઝીણાસાહેબે હિંદી રાજકારણમાં બીહારના હત્યાકાંડને આગળ ધરી ધરીને વસતીની ફેરબદલીનો એક નવો જ બોંબ ફેંક્યો છે. પ્રતિપક્ષને અને આખી હિંદી પ્રજાને સદા ક્ષુબ્ધ, ત્રસ્ત અને આકુળવ્યાકુલ રાખવી, ધાકધમકી આપવી, સમુહહિંસાને ચાલુ ઉત્તેજના આપ્યા કરવી અને સમાધાન શોધતા અન્ય રાજકારણી પક્ષ પાસેથી મુસલમાન કોમ માટે વધારે ને વધારે હકો મેળવવાનો પ્રયત્ન આ રીતે ચાલુ રાખવો-આ ઝીણાની રાજનીતિનું રહસ્ય છે. આ કારણે વસતીની ફેરબદલી થવી જોઇએ એવો પોકાર ઉઠાવવો અને એનો જ પ્રચાર કરવો એ ઝીણાસાહેબનો અદ્યતન વ્યવસાય બન્યો છે. આ વાત વાજબી છે કે વ્યવહારૂ છે એવી ચર્ચા કરનારા ઝીણાની દૃષ્ટિએ બેવકુફ લોકો છે. પરિણામ-નિષ્ઠુરતા એ ઝીણાની મોટામાં મોટી ખાસીયત છે. ઝીણા માને છે અને મનાવે છે કે આવી રાક્ષસી નીતિથી પોતે પોતાની કોમનો ભારેમાં ભારે ઉદ્ધાર કરી રહેલ છે. પણ એ ભ્રમણાને ભાંગવાને હવે બહુ વાર નથી. આજની મોસ્લેમ લીગની દોરવણીનું મુસલમાન કોમ માટે ભારે ભયંકર દુષ્પરિણામ આવવાનું છે. આ જેને આંખો છે તે બરોબર જોઈ શકે છે. આપણે ઇચ્છીએ અને અન્તઃકરણથી પ્રાર્થીએ કે હજુ પણ મુસલમાનભાઇઓ ચેતે અને પાછા ફરે અને લય પામતા જતા ભાઇચારાને ફરીથી ચેતાવે અને હિંદુઓ પોતાનાં જ ભાઇબાંધુઓ છે અને બન્ને કોમો સદા સાથે રહેવા અને જીવવાને સરજાયલી છે એ વાસ્તવિક સત્યને સ્વીકારે અને ઉભયના ઉદ્ધાર અને આઝાદીને ઝંખતી અને તે ખાતર દિન રાત મથતી કોંગ્રેસ પ્રત્યે પોતાની વફાદારી જાહેર કરે અને મોસ્લેમ લીગ અને તેના સરનશીન ઝીણાની ભયંકર દોરવણીથી બચે. આજ સુધીમાં જે કાંઇ બન્યું છે તેનું વિકરાળ સ્વરૂપ બરોબર સમજી લે અને એવા માર્ગે નહિ જવાની પ્રતિજ્ઞા લઇને હિંદુઓ સાથે હાથો હાથ મીલાવે અને આવી રહેલા સ્વરાજ્યને અપનાવે. આમ નહિ કરે તો આવેલી ઘડિ ચાલી જશે, સ્વરાજ્ય હાથમાંથી સરકી જશે અને બીજાનું તો થવાનું હશે તે થશે પણ ગામે ગામ અને શહેરે શહેર પાકીસ્તાનો ઉભા થશે, સમાજ જીવનના સર્વત્ર બે ભાગલા પડી જશે અને પરિણામે મુસલમાન કોમની પાર વિનાની બરબાદી થઇ બેસશે. આવી દુર્ઘટનાથી આપણે બચીએ, મુસલમાન ભાઇઓ બચે, સૌ કોઇને પરમાત્મા સન્મતિ આપે અને આપણા કુમતા વદ્ધાણને ભગવાન બચાવે !

પંડિત જવાહરલાલ નહેરૂનો ઐતિહાસિક પ્રસ્તાવ

ગયા ડીસેંબર માસની નવમી તારીખે શરૂ થયેલ બંધારણ-સભામાં તા. ૧૩ મી ડીસેંબરના રોજ હિંદના ભાવી બંધારણનું ધ્યેય અને હેતુઓ સ્પષ્ટ કરનો પ્રસ્તાવ પંડિત જવાહરલાલ નેહરૂએ રજુ કર્યો છે. આ પ્રસ્તાવ નીચે મુજબ છેઃ—

"હિંદુસ્થાનને એક સ્વતંત્ર સાર્વભૌમ પ્રજાસત્તાક રાષ્ટ્ર (Independent Sovereign Republic) તરીકે જાહેર કરવાનો અને બ્રીટીશ હિંદમાં આવેલા પ્રદેશો, દેશી રાજ્યોના નામે ઓળખાતા પ્રદેશો, એ બન્નેમાં જેનો સમાવેશ ન થતો હોય એવા હિંદના ઇતર ભાગો અને સ્વતંત્ર સાર્વભૌમ હિંદમાં જોડાવાને ઇચ્છતા હોય એવા અન્ય પ્રદેશો-આ સર્વનું એ 'સંઘરાજ્ય' (Union) સ્થાપીને તેનો ભવિષ્યકાલીન કારભાર ચલાવવા માટે રાજ્યબંધારણ તૈયાર કરવાનો પોતાનો દૃઢ અને પવિત્ર નિરધાર આ બંધારણ સભા જાહેર કરે છે.

"હિંદુસ્થાનના 'સંઘરાજ્ય' માં સામેલ થનારા પ્રદેશોને-પછી તેની ભૌગોલિક હદો આજે છે તેમ જ કાયમ રહે અથવા બંધારણ-સમિતિએ નક્કી કરેલાં બંધારણ મુજબ આજની હદોમાં જે ફેરફારો કરવામાં આવે તે મુજબની હદો વાળા સર્વ પ્રદેશોને-સ્વાયત્ત

એકમોનો દરજ્જો અને શેષ સત્તાઓ પ્રાપ્ત થશે અને તે તેમની પાસે કાયમ રહેશે અને મધ્યસ્થ સરકારને જે અધિકારો અપાયેલા હશે અથવા તો સંઘરાજ્ય બનવાથી જે અધિકારો સ્વાભાવિક રીતે જ તેને પ્રાપ્ત થશે તે અધિકારો સિવાય બાકીની સર્વ બાબતોને લગતા રાજ્યકારભારના અધિકારો આ સ્વાયત્ત એકમો ભોગવી શકશે.

"આ સ્વતંત્ર સાર્વભૌમ હિંદી સંઘરાજ્યની તેમ જ તેનાં એકમોની તથા જુદા જુદા સરકારી ખાતાઓની સર્વ સત્તાઓનું ઉદ્‌ભવસ્થાન હિંદી પ્રજા જ લેખાશે.

"આ સંઘરાજ્યની સમગ્ર પ્રજાને સામાજિક, આર્થિક તેમ જ રાજકીય બાબતોમાં સરખો જ ન્યાય મળશે, સર્વનો દરજ્જો એક-સરખો લેખાશે, સર્વને સરખી તકો મળશે, અને કાયદાની દૃષ્ટિએ સર્વ તરફ એકસરખો વર્તાવ રાખવામાં આવશે. વિચાર, વાણી, માન્યતા, ધર્મ, પૂજા, ધંધો, સમુહમીલન તેમજ ચાલુ પ્રવૃત્તિઓ—આ સર્વ બાબતોમાં દેશનો કાયદો અને સાર્વજનિક નીતિરીતીને આધીન રહીને સર્વને પુરું સ્વાતંત્ર્ય મળશે.

"લઘુમતીઓ, પછાત વર્ગો, આદિવાસીઓ, દલિતો તેમજ અસ્પૃશ્ય લેખાતા લોકો—આ સર્વના વ્યાજબી સર્વહકો સુરક્ષિત રહે એવી આ નવા બંધારણમાં પુરી જોગવાઇ કરવામાં આવશે.

"આ પ્રજાસત્તાક રાષ્ટ્રમાં અન્તર્ગત થતા પ્રદેશોનું અખંડત્વ કાયમ રાખવામાં આવશે તેમ જ જળ, સ્થળ અને આકાશને લગતા રાષ્ટ્રના સાર્વભૌમ હકકોને સુધરેલી પ્રજાઓના કાયદા અને ન્યાય-પદ્ધતિ અનુસાર પુરું રક્ષણ કરવામાં આવશે અને આ પુરાણભૂમિ વિશ્વના અન્ય રાષ્ટ્રોની હરોળમાં પોતાને યોગ્ય અને માનવંતુ સ્થાન પ્રાપ્ત કરશે અને દુનિયાની સુલેહશાન્તિ જાળવવામાં અને માનવ-જાતિનું કલ્યાણ સાધવામાં પોતાનો સ્વેચ્છાપ્રેરિત મહત્વપૂર્ણ ફાળો આપશે."

આ પ્રસ્તાવ રજુ કરતાં પંડિત જવાહરલાલ નહેરૂએ એક અત્યંત ઓજસ્વી અને ઉદાત્તતાભર્યું પ્રવચન કર્યું હતું જે અહિં જગ્યાના અભાવે આપી શકાતું નથી. એ પ્રવચનમાં એક આઝાદ પુરૂષની અણનમ ખુમારી હતી તેમ જ આજે તેઓ દેશના રાજકારણમાં તેમ જ રાજકારભારમાં જે પ્રમુખસ્થાન ભોગવી રહ્યા છે તેને અનુરૂપ સંયમ અને શાણપણ હતું.

ઉપર જણાવેલ ઠરાવ ઉપર ડો. એમ. આર. જયકરે નીચે મુજબ સુધારો રજુ કર્યો હતો:—

"આ બંધારણસભા પોતાનો સુદૃઢ અને ઉંડા દિલનો નિશ્ચય જાહેર કરે છે કે આ બંધારણસભા હિન્દના ભાવી રાજ્યકારભાર માટે જે બંધારણ ઘડશે તે સ્વતંત્ર અને લોકશાસિત સાર્વભૌમ-રાષ્ટ્ર (Free and Democratic Sovereign State) માટે હશે. પણ આવા બંધારણના ઘડતરમાં મોસ્લેમ લીગ અને દેશી રાજ્યોનો સહકાર મળે અને એ રીતે ઉપર જણાવેલ નિશ્ચયને વધારે બળ અને વેગ મળે તે માટે આ બંધારણસભા આ પ્રશ્નને લગતી ચર્ચામાં આ બંને સંસ્થાના પ્રતિનિધિઓ તેમની ઇચ્છા થાય તો ભાગ લઇ શકે તે હેતુથી આ પ્રશ્નની વિચારણાને આગળ ઉપર મુલતવી રાખે છે."

ઉપર જણાવેલ પંડિત જવાહરલાલના ઠરાવ અને શ્રી જયકરનો સુધારો આ બંને ઉપર બંધારણસભામાં ઠીક ઠીક ચર્ચા ચાલી હતી. આ ચર્ચા દરમિઆન ડો. આંબેડકરે શ્રી. એમ. આર. જયકરના મુદ્દાને ટેકો આપતાં સંયુકત હિંદનું અને મજબુત મધ્યવર્તી સરકારનું બહુ ભારપૂર્વક સમર્થન કર્યું હતું. આ સાંભળીને સૌ કોઇને ભારે આશ્ચર્ય થયું હતું. અને ડો. આંબેડકરનો આ તે હૃદયપલટો થયો કે શું એવું સૌ કોઇએ વિસ્મય અનુભવ્યું હતું. આ પ્રસ્તાવની ચર્ચા જાન્યુઆરી માસની ૨૦ મી તારીખ ઉપર મુલતવી રાખવામાં આવી છે.

જુથરચનાનો જટિલ પ્રશ્ન

હિંદી રાજકારણમાં આજે જુથરચનાના પ્રશ્ને ભારે ગંભીર સ્વરૂપ પકડયું છે. બ્રીટીશ પ્રધાન પ્રતિનિધિ મંડળની યોજના મુજબ બંધારણ સભાનો પ્રાથમિક વિધિ પુરો થવા બાદ તેણે ત્રણ વિભાગમાં વહેંચાઇ જવાનું છે. આમાં બી વર્ગમાં બંગાળ અને આસામ અને સી વર્ગમાં પંજાબ, સિંધ અને વાયવ્ય પ્રાન્ત આવે છે. બી વર્ગના બે પ્રાન્તમાં બંગાળ મુસ્લીમ પ્રધાન છે અને ત્યાં આજે મોસ્લેમ લીગનો વહીવટ ચાલે છે. આસામ હિંદુ પ્રધાન છે અને ત્યાં કોંગ્રેસનું રાજ્ય ચાલે છે. બંધારણ સભામાં બંગાળ તરફથી મુસ્લીમ લીગના ૩૨ અને આસામ તરફથી મુસ્લીમ લીગના ૩ એમ કુલ ૩૫ પ્રતિનિધિઓ છે, આ ઉપરાંત બંગાળના બીજા ત્રણ પ્રતિનિધિઓ છે—એક કૃષક પ્રજાનો (ફઝલુલ હકક), બીજો સામ્યવાદી અને ત્રીજો પછાત વર્ગનો (ડો. આંબેડકર). આમાંથી ફઝલુલ હકક તો મોસ્લેમ લીગમાં જોડાઇ ગયેલ છે. ડો. આંબેડકરનું વળણ આજ સુધી તો મોસ્લેમ લીગ તરફ રહેલું છે. સામ્યવાદી પ્રતિનિધિ કાંતો મોસ્લેમ લીગ તરફ ઢળે અને કાંતો તટસ્થ રહે. બીજી બાજુએ બંગાળ તરફથી કોંગ્રેસના ૨૫ અને આસામ તર-ફથી કોંગ્રેસના ૭ પ્રતિનિધિઓ છે. આ હિસાબે બી વર્ગમાં મોસ્લેમ લીગની પાકી બહુમતી છે અને અંગ્રેજ સરકાર કેબીનેટ મીશનની યોજનાનો જે અર્થ કરે છે તે મુજબ જો કેવળ બહુ-મતીથી નિર્ણય કરવામાં આવે તો મોસ્લેમ લીગ અને બંગાળ આસામ ઉપર પોતાને ફાવે તેવું બંધારણ ઠોકી બેસાડી શકે. પરિણામે મધ્યવર્તી કેન્દ્રની અતિ મર્યાદિત સત્તા અને પ્રાન્તિક સ્વા-યત્ત શાસન એ પાયા ઉપર રચાયલી કેબીનેટ મીશનની આખી યોજના અર્થ વિનાની બની જાય. અને આસામનું ભાવી ઘડવામાં આસામને કશું સ્થાન જ ન રહે. આવી જ સ્થિતિ સી વર્ગની છે. તેમાં આવેલા ત્રણે પ્રાન્તો મુસ્લીમ પ્રધાન છે એમ છતાં પંજાબમાં શિખો તેમ જ હિંદુઓ પાકીસ્તાન વિરોધી છે અને વાયવ્ય પ્રાન્ત કોંગ્રેસ શાસિત હોઇને એ પણ પાકીસ્તાન વિરોધી છે. એમ છતાં પણ આ વિભાગમાં કેવળ બહુમતી મુજબ જો નિર્ણય લેવામાં આવે અને પ્રાંત પ્રાંતની સ્વાધીનતાને અવગણવામાં આવે તો મોસ્લેમ લીગના એ વિભાગના કુલ ૧૯ પ્રતિનિધિઓ બાકીના ૧૭ પ્રતિ-નિધિઓ સામે પોતાને ફાવે તેવું બંધારણ ઘડી શકે અને વાયવ્ય પ્રાંતને આ મુંગે મોઢે સ્વીકારી લેવું પડે. કેબીનેટ મીશનની યોજના સંબંધે મતભેદ ઉભો થતાં ફીડરલ કોર્ટ પાસે ચુકાદો લેવો અને એ ચુકાદો સૌ કોઇએ બંધનકર્તા ગણવો એવી સમજુતી આજ સુધી ચાલતી હતી. મોસ્લેમ લીગે તો આ યોજનાને સ્વીકારીને નકારી છે અને તેનો પાછો સ્વીકાર કરે તો પણ મોસ્લેમ લીગ આ પ્રશ્ન ઉપર પોતે અખત્યાર કરેલા વળણ ઉપર જ મુસ્તાક રહેવા માંગે છે અને સરકારે પણ ફીડરલકોર્ટના આ પ્રશ્ન પરત્વેના ચુકાદાને પોતે બંધનકર્તા નહિ ગણે એમ છઠ્ઠી ડીસેંબરના પોતાના નિવેદનમાં જાહેર કર્યું છે. ૧૬ મી મેની જાહેરાત બાદ સરકારે એક પછી એક નિવેદનો બહાર પાડીને પોતાની મૂળ યોજનામાં કેવા મૌલિક ફેરફારો કર્યા છે અને તે ફેરફારો સરકારી જવાબદાર અધિકારીઓ તરફથી કરવામાં આવેલાં જુદાં જુદાં વિધાનો સાથે કેટલા વિરોધી છે એ સંબંધમાં કોંગ્રેસની કારોબારીએ એક લાંબું નિવેદન બહાર પાડયું છે અને આ સંબંધે યોગ્ય નિર્ણય કરવા માટે આ માસની પાંચમી તારીખે દીલ્હીમાં અખિલ હિંદ મહાસભા સમિતિની સભા બોલા-વવામાં આવી છે.

ભૂતકાળના ગાણા ગાયે વર્તમાનનો ઉધ્ધાર નહિ થાય

થોડા દિવસ પહેલા પંડિત સુખલાલજી જેઓ લગભગ છ સાત મહીનાથી કાશી જઇને રહ્યા છે તેમને 'પ્રબુધ્ધ જૈન' માટે કાંઇક લખી મોકલવા મેં પત્રદ્વારા વિનંતિ કરી હતી તેના જવાબમાં તેમણે મને એક લાંબો પત્ર લખ્યો હતો જેમાંનો અગત્યનો ભાગ

પંડિતજીની સંમતિથી પ્રબુદ્ધ જૈનના વાંચકો માટે અહિં અવતરિત કરવામાં આવે છે. આ પત્રમાં પ્રબુદ્ધ જૈન માટે પોતાથી લખવાનું કેમ નથી બનતું એ વિષે અંગત નિવેદન કરવા સાથે તેઓ જૈન સમાજની આજની પરિસ્થિતિ પરત્વે પણ કેટલાક મનનીય મન્તવ્યો રજુ કરે છે. તેમના પત્રમાંનો ઉતારો નીચે મુજબ છેઃ–

"હવે લેખ લખવાની વાત સામાન્ય રીતે મારૂં અધ્યયન ભૂતકાળનું ગણાય. તે વિષે લખવાના વિચારો ઘણીવાર આવે છે. વસ્તુ પણ કાંઇક હોય છે. પણ લખવાની શ્રદ્ધા જામતી નથી. એમ થાય છે કે ભૂતકાળના તે વિષયોના ગાણાં ગાવાં એને વર્તમાન જીવન સાથે શો સંબંધ છે? ભૂતકાળના દોષો જે અનેક રીતે વારસામાં આવ્યા છે ને અત્યારે જીવનમાં કામ કરી રહ્યા છે તે વિષે રોવાનું ચાલુ રાખીએ તો તો એને કોઈ સંસ્કૃતિ ન કહે. કેટલીક સારી વાતોની સારી ભાષામાં પુનરાવૃત્તિ કર્યા કરીએ તો તે સંસ્કૃતિમાં લેખાય. પણ હવે મને લાગે છે કે એવી સંસ્કૃતિનો વધારે પડતો પરિશ્રય કરવા કરાવવાથી લોકમાનસ ભૂતકાલીન ગૌરવના નશામાં ચકચૂર થઇ જાય છે અને એટલું બધું કોમળ કે આળું બની જાય છે કે એને પોતાની ત્રુટિઓ જોવા કે સાંભળવાનું ગમતુંય નથી. તેથી હવે લોકોને સંસ્કૃતિના ગાણાં ગાઇ સંભળાવવાં એ ભલે અભિમાનપોષક હોય, પણ વર્તમાન સમસ્યાનો ઉકેલ કરનાર તો નથી જ. ત્યારે શું ચૂપ બેસવું? એમ તો નહિ જ. પ્રત્યક્ષ કાર્ય કરવું એ જ રાજમાર્ગ છે. હું એવું પ્રત્યક્ષ કાર્ય કરી નથી શકતો, એટલે માત્ર લખાણ કે ઉપદેશમાં રસ પણ નથી પડતો. આ જ અશ્રદ્ધા મને લખતા રોકે છે. એ ગીતાનું–એ અર્જુનનું કલૈબ્ય પણ હોય.

હું વિચાર કરું છું ત્યારે મને લાગે છે કે હિન્દુસમાજ ને તદન્તર્ગત જૈન જેવા બીજા સમાજોનું પણ કાંઇ માત્ર નિર્જીવ છે. એમાં નથી મરીફીટવાનો પ્રાણ; કે કાંઠાના ભારને ઉપાડવા જેટલી શક્તિ. જ્યારે લોહીને માંસ ઓછાં થાય ત્યારે કપડાના ટ્ટારાથી ડોળ સાચવવામાં આવે છે. એ જ સ્થિતિ આજે સમાજના પ્રત્યેક અંગની છે. એમ મને લાગે છે. અત્યારે જૈન સમાજને લઇ સ્પષ્ટીકરણ કરવું હોય તો એમ કરી શકાય કે અત્યારે તેની સામે શો ધર્મ છે? મંદિરો, બીજાં ધર્મસ્થાનો ને દ્રવ્ય–ભંડારો એ બધું ભયમાં છે ત્યારે આપણે કહીએ છીએ કે ધર્મ ભયમાં છે. પણ આવા ધર્મભયની પરંપરા હજારો વર્ષ થયાં ખાસ કરી છેલ્લા હજાર વર્ષ થયાં તો અવિચ્છિન્ન ચાલતી આવી છે. ઇતિહાસ ન જાણનાર માત્ર વર્તમાનને જ ભયગ્રસ્ત જુએ છે, પણ આવા ધર્મનાશની કે ધર્મહ્રાસની કે સામાજિક છિન્નભિન્નતાની પરંપરા બહુ જુની છે ને જાણે હાડમાં ઉતરી ગઇ છે. તેથી જગોએ જગોએ થતાં ઉપદ્રવો જોઇ અને સાંભળી મન થોડીવાર દુઃખી થાય છે અને પાછું રોજની પીંજણમાં પડી જાય છે. ભૂતકાળના મહાનપુરૂષો ગમે તેવા સમર્થ કે દૂરદર્શી હશે, પણ તેઓ સામાજિક હ્રાસ જોવાની બાબતમાં છેક પછાત હોવા જોઇએ. તત્કાળ પૂરતો વિચાર ને પ્રયત્ન કરી લેતા પણ ભાવીની દૃષ્ટિએ સમર્થ ને વ્યાપક પ્રયત્ન તેમણે કર્યો ન હતો. એ કામ હવે નાશોન્મુખ સમાજને ખોળે જન્મેલા ને ઉછેરેલા નવયુગ માટે બાકી રાખ્યું હોય એમ લાગે છે.

અત્યારે નિરપવાદપણે કુમાર કુમારીઓને અને બધા જ ક્ષમ સ્ત્રી પુરૂષોને શારીરિક વ્યાયામ અનિવાર્યપણે કરાવવામાં ધર્મ છે. હવે જે નિયમિત અખાડામાં આવે તે બધાને બિરલાની પિલાનીની સંસ્થામાં આપે છે તેમ દૂધ આપવું જોઇએ અને એમાં જ પ્રભાવના લેખાવી જોઇએ. પૈસાદારો એ અને એના જેવા બીજા સંગઠનકારી કાર્યોમાં પૈસો ખર્ચી નાંખે તો તે સુરક્ષિત જ છે. પણ જો તે ન ખર્ચે તે કોઇપણ ખાતાનું વધારે પડતુ ધાર્મિક દ્રવ્ય એમાં સુખેથી ખર્ચી શકાય. લુંટારાઓ કે ગૂંડાઓ લાભ જશે કે બોયમાં ભંડારેલું રહી જશે તે કરતાં સામાજિક સ્વાસ્થ્યમાં તે વધારે દીપી ઉઠશે. જે લોકો મંદિરને કે ધર્મસ્થાનને પૂર્ણ ઉત્સાહ ને બળથી સાચવી ન શકે તે તેને શા માટે બાંધે? કુટુંબ સાચવી ન જાણનાર કે ન શકનાર શા માટે કુટુંબની બલા વધારે? આજ છે તે કરતાં કાલે ભયસ્થાનો વધારે જ આવવાના છે એ વસ્તુ સમજતાં હવે મોડું થયું ન જોઇએ. સાધુઓ સુધ્ધાં શરીરબળ ને મનોબળ કેળવે. જે નિર્ભય ન હોય અને મરણથી બીને ભાગતો હોય તે જૈનસાધુપદ પર તો શોભી ન જ શકે. ગૃહસ્થો એની રક્ષા કરશે કે પોતાની? કે પોતાના પરિવારની? હવે જગોએ જગોએ થતાં ઉપધાનો અને બીજા ક્રિયાકાંડોની વાતો જૈનપત્ર દ્વારા જાણી એમ કહેવા મન થઇ જાય છે કે આ સાધુઓને તેમના ક્રિયાકાંડી ઘેલા ભકતો શું કોઇ જૂના યુગમાં જીવે છે? જો તેમણે એવું તપ કરવું હોય તો પછી બીજાપુર કે બીજે જ્યાં ભારે તપ કરવાં જેવાં પ્રસંગો છે ત્યાં તેઓ કેમ નથી જતાં? આ તો ધર્મને પરંપરાની વાત થઇ, પણ આવા અનેક પ્રશ્નો સામાજિક સુધ્ધાં છે. તેથી હવે જ્ઞાન ને ક્રિયા, વિચાર ને આચાર વિષે નવેસર જ જીવન જીવવા વિચારવું જોઇએ. મને વર્તમાનનું એવું સ્પષ્ટ દર્શન નથી અને તેથી લખતાં સંકોચાઉં છું. ભૂતકાળ ઉપર બહુ ભાર આપવાનું મન પણ થતું નથી. નહિં તો લોકો એમાંજ રચ્યાપચ્યા રહેવાના ને પીઠ ઉપર કૂટકા પણ ખાતા રહેવાનાં. હું કેમ નથી લખતો એના કારણનું આંશિક વર્ણન કરતાં ઘણી જગ્યા રોકી–લીધી. પત્રમાં તો એ બહુ જ રોકી કહેવાય. પણ આથી મારી સ્થિતિ સમજી શકશો."

શ્રી વચ્છરાજ દોશીનું દુઃખદાયક અવસાન

શ્રી વચ્છરાજ ત્રીભોવનદાસ દોશીના પંચગની ખાતે નીપજેલા અકાળ અવસાનથી એક સારા સેવાભાવી કાર્યકર્તાની આપણા સમાજને ખોટ પડી છે. તેઓ મુળ જુનાગઢના વતની, પણ પંચગનીમાં સદ્‌ગત વાડીલાલ સારાભાઇનું સેનેટોરીયમ કેટલાંક વર્ષ પહેલાં બંધાયલું તેની દેખરેખની જવાબદારી પ્રારંભથી જ તેમને સોંપવામાં આવેલી તેથી તેમનો પંચગની ખાતે જ લાંબા વર્ષોનો વસવાટ હતો. પ્રસ્તુત સેનેટોરિયમની સંભાળ લેવા ઉપરાંત તેઓ કોંગ્રેસનું પણ કામકાજ કરતા અને પંચગની ખાતે આરોગ્ય પુનઃપ્રાપ્તિઅર્થે જતા ગુજરાતી કુટુંબોને તેઓ અનેક રીતે ઉપયોગી થતા. પંચગની એટલે વચ્છરાજ ભાઇ–એટલું બધું તેમનુ નામ પંચગની સાથે સંકળાયેલું હતું. ગાંધીજી પંચગની જતા ત્યારે તેમની સગવડો સાચવવાની જવાબદારી તેમના શિરે જ રહેતી. ગાંધીજીના ત્યાં ખાતેના છેલ્લા નિવાસ દરમિયાન આરોગ્યગૃહ તરીકે ઉપયોગમાં લેવા માટે શેઠ શાન્તિલાલ મંગળદાસે એક મોટો બંગલો ખરીદીને ગાંધીજીને ભેટ આપ્યો હતો. તેને લગતી ગાંધીજીએ ઘડેલી યોજનામાં શ્રી. વચ્છરાજભાઇની એક ટ્રસ્ટી તરીકે નિમણુક કરવામાં આવી હતી. જૈન સ્થાનવાસી કોન્ફરન્સની પ્રવૃત્તિમાં પણ તેઓ ખુબ રસ ધરાવતા અને સારો ભાગ લેતા. શ્રી, મુંબઇ જૈન યુવક સંઘના પણ તેઓ થોડા સમય પહેલાં જ સભ્ય બન્યા હતા. તેમનાં પરલોકગમનથી આપણું દિલ ખિન્ન બને છે અને તેમના આત્માને પરમ શાન્તિ ઇચ્છે છે.

શ્રી મહાવીર જૈન વિદ્યાલય પુનામાં શાખા ઉઘાડે છે.

પુનામાં ભારત જૈન વિદ્યાલય નામની એક સંસ્થા કેટલાંય વર્ષો પહેલાં સ્થાપવામાં આવેલી તે સંસ્થાનો ઉદ્‌ભવ મુનિ જિનવિજયજીને આભારી છે. એક શિક્ષણ કેન્દ્ર તરીકેનું પુના શહેરનું અસાધારણ મહત્ત્વ તેમના ધ્યાન ઉપર આવ્યું અને આવા સ્થળમાં જૈન વિદ્યાર્થીઓ માટે કાંઇક સગવડ થવી જોઇએ એવી તેમના દિલમાં ઇચ્છા થઇ આવી અને તેમાંથી ભારત જૈન વિદ્યાલયનો જન્મ થયો. આ સંસ્થામાં, ત્યાં કોલેજોમાં ભણતા આશરે ૩૬ વિદ્યાર્થીઓને માત્ર રહેવાની સગવડ આપવામાં આવતી હતી. પણ

એથી વિશેષ કોઇ પ્રગતિ થઇ શકતી નહોતી. આ સંસ્થા વધારે સારા પાયા ઉપર મુકવામાં આવે અને વધારે વિદ્યાર્થીઓને રાખવામાં આવે અને રહેવા, ખાવાપીવા તેમ જ ભણવા વગેરેની બધી સગવડો આપવામાં આવે એ હેતુથી પોતાને હસ્તક ચાલતી સંસ્થા, તેનાં મકાનો અને આસપાસની કુલ આઠ એકર જેટલી જમીન—આ બધુ શ્રી મહાવીર જૈન વિદ્યાલયને સુપ્રત કરવાની આ સંસ્થાના વર્તમાન સંચાલકોના દિલમાં ઇચ્છા જન્મી અને એ પ્રમાણે પોતાની ઇચ્છા એક પત્રદ્વારા તેમણે વ્યકત કરી અને મહાવીર જૈન વિદ્યાલયની સામાન્ય સમિતિએ આ દરખાસ્તને સહર્ષ વધાવી લીધી. પરિણામે આવતા જુન માસથી શ્રી મહાવીર જૈન વિદ્યાલયની એક શાખા પૂનામાં શરૂ કરવામાં આવશે અને તેમાં શરૂઆતથી આશરે ૧૦૦ વિદ્યાર્થીઓ રહી શકે એવી ગોઠવણ કરવામાં આવશે. ભારત જૈન વિદ્યાલયના ટ્રસ્ટીઓએ પોતાને હસ્તક ચાલતી આ પ્રવૃત્તિ અને તેને લગતી માલ મીલ્કત વિશાળ ભાવનાથી પ્રેરાઇને શ્રી મહાવીર જૈન વિદ્યાલયને સોંપી દીધી તે માટે તેમને ખરેખર ધન્યવાદ ઘટે છે. જ્યાં ટ્રસ્ટીઓ ટ્રસ્ટની મીલ્કતના જાણે કે પોતે જ માલીક હોય એમ વર્તતા જ્યાં ત્યાં આપણી નજરે પડે છે ત્યાં સ્વામિત્વનું આવું ઉદાર સમર્પણ ખરેખર આવકારદાયક અને ધન્યવાદ યોગ્ય છે. શ્રી મહાવીર જૈનં વિદ્યાલયનાં સંચાલકોને પુનામાં પોતાનું કેન્દ્ર શરૂ કરવાનો કેટલાંય વર્ષોથી મનોરથ હતો. તે મનોરથ આમ આજે આટલી સરળતાથી પાર પડે છે એ માટે એ સંચાલકોને જૈન સમાજના અભિનંદન ઘટે છે. જે સ્થળ ઉપર ભારત જૈન વિદ્યાલય આવેલું છે તે સ્થળની રમણીયતા ઉપરાંત તે જે સ્થાન ઉપર આવેલું છે તેનું પણ કાંઇ ઓછું મહત્વ નથી. એક બાજુ ફરગ્યુસન કોલેજ અને કોલેજ ઓફ કોમર્સ, બીજી બાજુ સરવન્ટ્સ ઓફ ઇન્ડીઆ સોસાયટી અને ભાંડારકર રીસર્ચ ઇન્સ્ટીટ્યુટ અને આવી જ આસપાસ બીજી અનેક નાની મોટી જાહેર સંસ્થાઓની વચ્ચમાં ભારત જૈન વિદ્યાલય આવેલું છે. સદ્‌ભાગ્યે ભારત જૈન વિદ્યાલયની જ બાજુએ સ્થાનકવાસી કોન્ફરન્સ તરફથી સ્થાનકવાસી જૈન વિદ્યાર્થીઓ માટે એક છાત્રાલય બંધાઇ રહ્યું છે. આમ જૈન સમાજના બે મોટા વિભાગના વિદ્યાર્થીઓને બાજુએ બાજુએ રહેવાનું અને ભણવાનું બને એ અત્યન્ત આનંદપ્રદ ઘટના છે. શ્રી. મહાવીર જૈન વિદ્યાલય આ રીતે એક મહત્વનું નવું પગલું ભરે છે. તે જેટલું અભિનન્દનીય છે તેટલું જ તેની વધતી જતી વિપુલ આર્થિક જવાબદારીની દૃષ્ટિએ ગંભીર અને સંચાલકોને ચિન્તાવ્યાકુળ બનાવે તેવું છે. શ્રી મહાવીર જૈન વિદ્યાલયના સંચાલકોની સેવાતત્પરતા તેમ જ સાહસિકતા આ નવા પગલાથી વિશેષતઃ પુરવાર થાય છે. જૈન સમાજ આ બન્ને બાબતની યોગ્ય કદર કરશે અને આર્થિક બાજુએ વિદ્યાલયના સંચાલકોની ચિન્તાને હળવી કરવા સમાજના ધનિકો જરૂર સચિન્ત બનશે એવી આશા રાખવામાં આવે છે.

ડાકટરની પરીક્ષામાં પસાર થવા માટે અભિનન્દન.

છેલ્લી એમ્. બી. બી. એસ્‌ની પરીક્ષામાં શ્રી. શાન્તિલાલ શાહ તથા શ્રી. વાસુબહેન શિવલાલ પાનાચંદ શાહ ઉંચી કોટિના માર્કસ મેળવીને પાસ થયા છે. નેત્ર વિજ્ઞાનની પરીક્ષામાં શ્રી. વાસુબહેન શાહ પહેલા નંબરે આવ્યા છે. શ્રી. રવીન્દ્ર મોતીચંદ ગીરધરલાલ કાપડીઆએ પણ આ પરીક્ષા પસાર કરી છે. એ સર્વનું સહર્ષ અભિનન્દન કરવામાં આવે છે. **પરમાનંદ**

ઠગાઇનો અનોખો કિસ્સો.

યુદ્ધજન્ય ફુગાવાની પરિસ્થિતિ અને વગર પુરૂષાર્થે જલદી શ્રીમંત બની જવાની લોકલાલસાનો લાભ લઇ અમેરિકન ટોળીને પણ ભુલાવે તેવી અર્વાચીન પદ્ધતિ પ્રમાણે ચાર કરોડ રૂ. ની અભૂતપૂર્વ ચોંકાવનારી ઠગાઇ થયાનો કિસ્સો બહાર આવ્યો છે. આ કિસ્સો એંગલોરમાં બનેલો છે. વિગતો નીચે મુજબ છે.

એંગલોરમાં મી. બી. એન. ગોપાલરાવ નામના એક સામાન્ય બેંક કારકુને શ્રીમંત થવાને એક કીમિયો શોધી કાઢયો. તેણે એક જાહેરાત બહાર પાડી જાહેર કર્યું કે, 'ઇન્વેસ્ટરોના નાણાં જમે રાખવામાં આવશે. અને એ ડીપોઝીટો માટે ૩૦ થી ૫૦ ટકા સુધી વ્યાજ અપાશે.' ડીપોઝીટ મૂકે એટલી જ રકમનો વગર તારીખનો ચેક એ જ ઘડીએ ઇન્વેસ્ટરને આપવામાં આવશે. તેમજ જે તારીખે એટલી રકમનું જેટલું વ્યાજ બાંકતું હોય એટલી રકમનો એ તારીખનો ચેક પણ એજ દિવસે અગાઉથી અપાશે, જ્યારે ઇન્વેસ્ટરને—નાણાં ડીપોઝીટ મૂકનારને કંઇ શંકા પડે ત્યારે એજ ઘડીએ એ વગર તારીખે ચેક ઉપર તારીખ નાંખી વટાવી પોતે મૂકેલા નાણાં પાછાં લઇ શકશે.

આ પ્રકારની જાહેરાત લોકોને મધલાળ સમી નીવડી. ૫૦ ટકા વ્યાજ અને વળી મૂળ રકમ જોઇએ ત્યારે પાછી મળે એવી ખાત્રી વાળો અગાઉથી ચેક!! લોકો શ્રીમંત થવા ઉમટયા! મી. ગોપાલરાવના વ્યાજના ચેક બરાબર પાસ થતાં હતા. અને લોકોને નાણાં મળતાં એમનામાં એક પ્રકારનો વિશ્વાસ જામતો જતો હતો. આ રીતે ત્રણેક વર્ષમાં ઉચ્ચ કુટુંબના હજારો લોકો, સરકારી અમલદારો ગોરા મુડીપતિઓ નિવૃત્ત થએલા હિંદી તેમજ ખ્રિસ્તી અફસરો, વિધવાઓ અરે, ઉચ્ચ કોટીના માનવીઓ સુધીના હજારો માણસોએ એમની બચતમુડી આ ગોપાલરાવને ત્યાં મૂકી સારૂં વ્યાજ ઉપજાવવા માંડયું. ત્રણ વર્ષ બરાબર ચાલ્યુ અને આ રીતે લગભગ ચાર કરોડ રૂ. ની મીલ્કત ગોપાલરાવે જમાવી કોઇને પોતાની મૂકેલી ડીપોઝીટ માટે ચિંતા નહોતી. સૌ વ્યાજ ખાતા હતા.

તાજેતરમાં એક ઇન્વેસ્ટર ગોપાળરાવને આપેલી એક લાખ રૂા. ની રકમના બદલામાં ગોપાલરાવે લખી આપેલા ચેક પર તારીખ નાખી બેંકમાં વટાવવા ગયો. ચેક પાછો ફર્યો. એણે બીજાઓને વાત કરી બીજાઓએ પણ એમના મૂળ રકમના ચેક વટાવવા બેંક પર દરોડો પાડયો. ચેકો પાછા ફર્યા.

આ ફરેબનો ભોગ એવી સારી સારી અને સમાજમાં સ્થાન ધરાવતી પ્રતિષ્ઠિત વ્યકિતઓ બની હતી કે, આ હકીકતને બધાયે દાબી દેવાનો પ્રયાસ કર્યો અને પાછા ફરેલા ચેકો અંગે ગોપાળરાવ પર પોલીસ કેસ કરવાનું કોઇને ન સુઝયું. એવામાં મીસીસ ડો. કોસ્ટાએ એની પાસેથી ૫૦ હજાર રૂ. ની રકમ ગોપાલરાવે કેવી રીતે પડાવી અને એઓ ફરેબમાં કેવી રીતે સપડાયાં એ વિશે પોલીસમાં ફરિયાદ નોંધાવતાં આખોય કિસ્સો બહાર આવ્યો છે.

ગોપાલરાવની જાળનો ભોગ બનેલા કેટલાક પોલીસઅફસરોએ ગોપાલરાવના ઘેર જઇ કંઇ રકમ મેળવવાનો પ્રયાસ કર્યો હશે એ અંગે ગોપાળરાવે એંગલોર કેન્ટોનમેન્ટ પોલીસ ઇન્સ્પેકટર અને બીજા બે પોલીસ અફસરો સામે રાત્રે એક વાગે એના ઘરમાં દાખલ થઇ લગભગ ૧ લાખ રૂા. નું સોનું, ઝવેરાત, હીરા અને ૨૦૦ ગીનીઓ ઉઠાવી ગયાની ફરીયાદ નોંધાવતાં પેલા અફસરોને પકડવામાં આવ્યા છે જેઓ કસ્ટડીમાં છે! પોલીસ તપાસ ચલાવે છે.

(પ્રજાબંધુમાંથી સાભાર ઉધ્ધૃત.)

સંઘના મંત્રી શ્રી વેણીબહેન કાપડીઆની સુધરતી જતી તબિયત

અમને જણાવતાં આનંદ થાય છે કે સંઘના મંત્રી શ્રી વેણીબહેન કાપડીઆ જેમને થયેલા અકસ્માત વિષે તા. ૧-૧૨-૪૬ ના પ્રબુદ્ધ જૈનમાં જાહેરાત કરવામાં આવી હતી તેમની તબિયત સંતોષકારક રીતે સુધરતી જાય છે અને સર હરકીસનદાસ હોસ્પીટલમાંથી તેઓ બે દિવસ પહેલાં જ ઘેર આવી ગયા છે. આમ છતાં પણ પહેલાં માફક ફરવા હરવાની સ્થિતિએ પહોંચતાં અને સામાજિક સેવાની જવાબદારીઓ સંભાળવાની સ્થિતિ પુનઃ પ્રાપ્ત કરતાં હજુ તેમને ઠીક ઠીક સમય લાગશે એમ લાગે છે.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ.

ભગવાન મહાવીર અને મહાત્મા ગાંધી

(પૃષ્ટ ૧૪૨ થી ચાલુ)

સત્યની પ્રાપ્તિ કોઇ એક આંશિક જ્ઞાનને પકડી તેને સંપૂર્ણ સત્ય માનવામાં નથી, પરંતુ વસ્તુને જોવાના અનેક માર્ગો છે અને એ બધા માર્ગો વડે એક જ સત્ય સુધી પહોંચાય છે. માટે જેટલા દર્શનો હોય, જેટલા મતવાદો હોય એ બધાનો સમન્વય જૈનદર્શન કરી બતાવે છે અને પારસ્પરિક વિરોધને શમાવે છે.

મહાત્મા ગાંધી કહે છે કે સત્ય એજ ઇશ્વર છે. તો ઇશ્વરને વિવિધ રીતે ભજનારાઓ એક જ સત્ય સુધી પહોંચે છે. માટે સર્વ-ધર્મસમન્વય કરવો જોઇએ. બધા ધર્મોના અનુયાયીઓએ દેખીતા વિરોધને આગળ ધરી પરસ્પર લડવા કરતાં એક બીજાને સમજતા અને પ્રશંસતાં શીખવું જોઇએ. જુદા જુદા ધર્મો એક જ સત્યને આવિર્ભૂત કરવાના પ્રયત્નો છે. તેમાંનો એક પણ પ્રયત્ન નકામો નથી, નિંદનીય નથી. આમ મહાત્મા ગાંધી બધા ધર્મોના અનુયાયી-ઓને પોતાની પ્રાર્થનામાં એકત્ર કરી શકે છે. ભગવાન મહાવીરના સ્યાદ્વાદ અને મહાત્મા ગાંધીના સર્વધર્મસમન્વયમાં સામ્ય નથી એમ કોણ કહેશે? અને ભગવાન મહાવીરના સમવસરણથી મહાત્મા ગાંધીજીની પ્રાર્થનાસભા કઇ રીતે ઉતરતી કહેવાય?

ગાંધીજી માત્ર સર્વધર્મના જ સમન્વયકારક નથી, પરંતુ આજના રાજનૈતિકવાદિઓની વિવિધતામાં પણ તેમણે જીવંત સમ-ન્વય કરી બતાવ્યો છે. ચુસ્ત ચરખાવાદીથી માંડી મોટા પાયાના યંત્રોદ્યોગવાદમાં માનનારા તેમના અનુયાયીઓ છે. રાજસત્તાક તંત્રમાં માનનારા રાજાઓ અને તેમના દિવાનો તેમના અનુયાયી છે એટલું જ નહિ પણ કટ્ટર સામ્યવાદીઓ પણ તેમને છોડી શકતા નથી. તેમની ઝુંપડીમાં ગરીબ કિસાન અને મોટા માંધાતાઓ એકજ આસને બેસે છે અને એક જ સરખી પ્રતિપત્તિને પામે છે. બીરલાની મિલનો મજદુર અને સ્વયં બીરલા ગાંધીજીને મન સરખું મહત્ત્વ ધરાવે છે. આ વ્યવહાર અનેકાન્તવાદનો યુગાનુરૂપ વિકાસ નથી તો બીજું શું છે? તો કઇ દૃષ્ટિએ આપણે ભગવાન મહાવીરને તો અનેકાંતવાદી કહીએ અને ગાંધીજીને એકાંતવાદી? વસ્તુતઃ અનેકાંતવાદની સમન્વય ભાવના બન્નેમાં સરખી રીતે કામ કરી રહી છે એ સ્વીકાર્યા સિવાય છૂટકો નથી.

બ્રહ્મચર્યની મતલબ છે ધ્યેયનિષ્ઠા. પત્નીને છોડવામાં બ્રહ્મચ-ર્યની ઇતિશ્રી છે એ ખ્યાલ તો જીર્ણ થઇ ગયો છે. ધ્યેયનિષ્ઠામાં ભગવાન મહાવીર સદા અપ્રમત્ત હતા તો કોણ કહેશે કે આજ ૭૮ વર્ષની ઉમરે એકલા પગપાળા વિહાર કરતા અને રોગના ઘર પૂર્વ-બંગાળમાં નદીઓ અને નાળા ઉપરના વાંસના પૂલો કૂદતા ગાંધીજી અપ્રમત્ત નથી? સ્ત્રીઓથી દૂર થઇ બ્રહ્મચર્યની સાધના કરવી કદાચ સરળ હશે, પણ પોતાની પત્નીને 'બા' કહી સંબોધી બ્રહ્મચર્યની સાધના કરવી કઠોર તપશ્ચર્યા નથી તો બીજું શું છે?

ગાંધીજી કછોટો અને પછેડી વાપરે છે અને મહાવીર નગ્ન હતા. તેમાં કાલાનુરૂપ ભાવનાને બાદ કરીએ તો નિર્મમભાવ-અમૂર્છિત ભાવ-બન્નેમાં સરખો જણાશે. ભગવાન મહાવીરે રાજ્ય-લક્ષ્મીને છોડી હતી અને જંગલમાં ચાલ્યા ગયા હતા. પરંતુ લોકોમાં શ્રદ્ધા એવી હતી કે તેમને કોઇ વસ્તુની ઊણપ હતી જ નહિ. પૈસા વગેરે પોતાની પાસે રાખવાની આવશ્યકતા સમજાઇ નહિ એટલે તેમણે બધું છોડી દીધું. અને અકિંચન થઇ ગયા. તેમણે બીજા પાસેથી આહાર અને તે પણ માત્ર પોતા પૂરતો સ્વીકાર્યા સિવાય બીજી કોઇ ચીજ લીધી નહિ. કોઇ ઘરને પોતાનું કરી રહ્યા નહિ; સદા વિચરતા રહ્યા. બાહ્ય દ્રષ્ટિએ ગાંધીજીએ એથી ઉલટું કર્યું છે. છતાં નિર્મોહીપણું બન્નેનું સરખું છે. અને બન્ને સમાન ભાવે અપરિગ્રહી છે એમ માન્યા વિના છૂટકો જ નથી. કારણ અપરિગ્રહની મતલબ નિર્મોહપણું છે.

કોઇ કહેશે ગાંધીજી તે વળી કેવા અપરિગ્રહી? અને તે પણ ભગવાન મહાવીરની બરાબરીનાં એ કેમ સંભવે? તેઓ તો આશ્રમ બાંધે છે, અનેક સંસ્થાઓ એમની સ્થાપેલી છે, એટલું જ નહિ પણ તેની આર્થિક આદિ બધી વ્યવસ્થા તેમની ઇચ્છા પ્રમાણે જ થાય છે. કરોડો રૂપિયાના બેંકોના ખાતામાં ટ્રસ્ટી તરીકે કદાચ તેમનું નામ પણ હશે. લાખો રૂપિયાના વહીવટ તેઓ સંભાળે છે. હરિજન ફાળાના પૈસા જાતે ઉઘરાવે છે, નાણું પાસે રાખે છે. આવી સ્થિતિમાં તેમને અપરિગ્રહી કેમ કહી શકાય?

આ અને આવા પ્રશ્નો અપરિગ્રહનો છીછરો અને જરી-પુરાણો અર્થ સમજનારાને થયા વિના રહેજ નહિ. કારણ તે જુએ છે કે ભગવાન મહાવીર નગ્ન હતા-કપડા પહેરતા નહિ-ઘરબાર વસાવતા નહિ, રૂપિયા પૈસા રાખતા નહિ; માટે અપરિગ્રહી કહેવાય છે. અને આજના દિગંબર સાધુઓ નાગા રહે છે માટે અપરિગ્રહી કહેવાય છે. અને બીજા સાધુઓ પણ ન છૂટકે થોડા કપડાલત્તા રાખે છે. પણ પૈસા વગેરે તો નથી રાખતા. માટે નિષ્પરિગ્રહી છે.

આ પ્રશ્નકર્તાને એટલું જ પૂછવું જોઇએ કે જેટલા રૂપિયા ઉપર સત્તા, બીરલા અગર તાતાને છે તેથી વધારે નહિ તો તેટલા રૂપિયા ઉપર સત્તા હોવા છતાં ગાંધીજીને લોકો અપરિગ્રહી કહે છે અને બીરલા અગર તાતાને મૂડીવાદી કહે છે તેના કારણનો કદી વિચાર કર્યો છે? વળી આ કહેવાતા અપરિગ્રહી સાધુનો જેટલો પ્રભાવ વિશ્વમાં નથી, જેટલો વિશ્વાસ લોકોને નથી, તેથી વધારે પ્રભાવ ગાંધીજીનો શા માટે છે? અને લોકો આટલો બધો વિશ્વાસ ગાંધીજીમાં શા માટે મૂકે છે?

કારણની ખોજ કરવામાં આવે તો સ્પષ્ટપણે તેમનો નિષ્પરિ-ગ્રહ જ આગળ આવશે. રૂપિયા પાસે રાખવાથી અગર બેંકમાં નામ ઉપર રાખવા માત્રથી અગર તેની વ્યવસ્થા કરવા માત્રથી કોઇને પરિગ્રહી કહેવો એ અયુક્ત છે, અવિચારિત છે. પરંતુ જોવું એ જોઇએ કે એ મૂડી શા ઉદ્દેશથી તે વ્યક્તિએ એકઠી કરી છે? મૂડીવાદી વ્યક્તિ પરિગ્રહી એટલા માટે કહેવાય છે કે તેની મૂડીનો ઉપયોગ તે સ્વાર્થની પૂર્તિ માટે સ્વચ્છંદથી કરી શકે છે. કોઇ લોભી કદાચ બધું ભેગું જ કરે અને બેંકમાં જમા જ કર્યા કરે અને મોજમજાહમાં ન પણ વાપરે, એટલા માત્રથી પણ તે અપરિગ્રહી નથી બની જતો, પરંતુ ને નાણાને તે એ જ આશાએ ભેગા કરે છે કે આ મારા જ છે અને મારે જ વાપરવા છે. એટલું જ નહિ પણ મારા માટે વાપરવા છે-માટેજ તે લોભી પરિગ્રહી છે. તેથી ઉલટું ગાંધીજી નાણાં ભેગા કરવા છતાં, બેંકમાં જમા કરવા છતાં અપરિગ્રહી છે તેનું કારણ એ જ છે કે તેઓ એ નાણાં પોતાના ઉપયોગમાં લેવા માટે નથી ભેગા કરતા, તેમાંથી પોતાની મોજમજાહની પૂર્તિ કરવા એ ભેગા નથી કરતા, પરંતુ એ નાણાને તેઓ પોતાની માલિકીના નહિ-સાર્વજનિક-માને છે અને તેનો ઉપયોગ લોકકલ્યાણમાં જ કરે છે. તેમાંની એક પાઇનો પણ દુરૂપયોગ તેમને અસહ્ય થઇ જાય છે-માટે તે નાણાં રાખવા છતાં અપરિગ્રહી ગણાય છે.

ભગવાન મહાવીર આસપાસ સોનારૂપાના કોટનું સમવસરણ રચાતું અને તેમાં રત્નજડિત આસન ઉપર બેસી તેઓ ઉપદેશ દેતા એવી વાત છે. વસ્ત્ર ભલે પહેરતા ન હોય પણ આ સમવસરણ તો એમનું જ કહેવાતું ને? છતાં આપણે એમની અપરિગ્રહવૃત્તિમાં કદી શંકા ઉઠાવી નથી. તે શા માટે? એટલા જ માટે ને કે તેઓ એ બધી વસ્તુઓને પોતાની માનતા ન હતા, પરંતુ લોકોના પ્રમોદ માટે હતી અને તે તો દેવો રચતા. તે જ પ્રમાણે ગાંધીજી વિષે પણ કહી શકાય કે રૂપિયા પૈસા બધું રાખવા છતાં એ ઉપર તેમને લેશ પણ મમત્વ હોય તેવી સાબીતી છે નહિ. તે રૂપિયા પૈસા તો લોકોના પ્રમોદ માટે છે અને તે આજના ધનવાન લોકોએ એકઠા કરી તેમને આપ્યા છે, કારણ કે તેમને વિશ્વાસ છે કે ગાંધીજી

આમાંની એક પણ પાંખનો દુરૂપયોગ થવા નહિં દે. જો તેમને તેવો વિશ્વાસ ન હોય છતાં આપે છે એમ માનીએ, તો પછી પ્રશ્ન થવો જોઇએ કે એવા વિશ્વાસ વગર જ જો તેઓ આપતા હોય તો મારા તમારા જેવાને ન આપતાં તેમને જ કેમ આપે છે? એટલે અપરિગ્રહની વ્યાખ્યા જે ભગવાન મહાવીરે સ્વમુખથી કરી છે કે મૂર્છા–મમત્વ તે પરિગ્રહ અને અમમત્વ તે અપરિગ્રહ–એ જ સ્વીકારવી જોઇએ. અને એ સ્વીકારીએ તો ગાંધીજીના અને ભગવાન મહાવીરના અપરિગ્રહમાં કશો ભેદ નહિં જણાય.

જૈન સાધુઓ પ્રાયઃ કહે છે કે મહાવીર તો નિવૃત્તિના ઉપાસક હતા, તેઓ ક્રિયા–પ્રવૃત્તિથી વિરત હતા, અને એ કાંઇ તેમની જેવી તેવી વિશેષતા નથી. પરંતુ મહાત્મા ગાંધી તો પ્રવૃત્તિમાર્ગી છે, તેઓ તો અનેક પ્રકારના કાર્યોનો ભાર પોતાને માથે ઉપાડે છે, તો તે બંનેના માર્ગો તો સ્પષ્ટ ભિન્ન જણાય છે. તેમની તુલના થઇ શકે નહિ.

ઉપર ઉપરથી જોતાં એમ લાગે કે બંનેના માર્ગ ભિન્ન છે, પણ તેમાં પણ કાળબળનો વિચાર કરીએ તો ઉભયની પ્રવૃત્તિના પ્રકારમાં ભેદ જરૂર દેખાશે, પણ ભગવાન મહાવીરમાં પ્રવૃત્તિનો સદંતર અભાવ હતો એવી કલ્પના તદ્દન મિથ્યા ભ્રમ છે એમ સ્વીકાર્યા સિવાય આપણને નહિ ચાલે.

ભગવાન મહાવીર ચાલતા હતા, વિહાર કરતા હતા, ખાતા હતા, ઉપદેશ આપતા, સમવસરણમાં જતા, ગ્રામાન્તર જઇ ઉપદેશ આપતા અને આ ઉપકારે અનેક લોકોને સુમાર્ગે ચડાવતા. તેમના જીવનચરિત્રમાં આપણને એક પણ એવી ઘટનાનો ઉલ્લેખ નથી મળતો કે જેના આધારે એમ કહી શકાય કે તેઓ બીજાના કલ્યાણ અર્થે શારીરિક સેવા પણ કરતા–એ સાચું માનીએ તોપણ એથી એમ તો ન જ કહી શકાય કે સાચો સાધક શારીરિક સેવા કરે તો પાપભાગી થાય, અગર તેવી ક્રિયાનો નિષેધ તેમને ઇષ્ટ હતો. વસ્તુતઃ પ્રવૃત્તિનો નિષેધ નહિં પણ પાપપ્રવૃત્તિનો નિષેધ જ ભ. મહાવીરને ઇષ્ટ હતો. પ્રવૃત્તિ અગર ક્રિયામાં કોઇ ખાસ દોષ રહેલો નથી. જો તેમ હોત તો તેઓ એકાંતમાં જ નિશ્ચેષ્ટ થઇ બેસી રહ્યા હોત. અને ગામેગામ વિચરવાની તકલીફ લઈ લોકોને કલ્યાણમાર્ગમાં ચડાવવાની પ્રવૃત્તિ ન કરત.

સમયબળે સાધકોને શીખવ્યું છે કે માત્ર ઉપદેશની પ્રવૃત્તિ પર્યાપ્ત નથી, પણ સાથે સાથે શુભ શારીરિક પ્રવૃત્તિ પણ કરવામાં આવે તો જ જનતાની વધુ સારી સેવા થઇ શકે છે. એટલે સમયના પરિવર્તન સાથે સાધકોએ કલ્યાણની પ્રવૃત્તિમાં માત્ર ઉપદેશને જ નહિં પણ નાના પ્રકારની સેવાપ્રવૃત્તિને પણ સ્થાન આપ્યું છે. અને આ સૌ સાધકોનો ઉત્તરાધિકાર મહાત્મા ગાંધીજીને મળ્યો છે. તેથી તેમના જીવનમાં નાના પ્રકારની પ્રવૃત્તિઓએ સ્થાન જમાવ્યું છે.

વસ્તુતઃ જૈન દૃષ્ટિએ વિચાર કરીએ તો કાયવ્યાપાર હોય કે વચનવ્યાપાર–તે બન્ને છે તો આત્માના જ વ્યાપાર અને મૂળતઃ તે બન્નેમાં કાંઇ ભેદ નથી, પરંતુ એ આત્મવ્યાપારના આવીર્ભાવના વાહનભેદથી તે જુજવા નામને પામે છે. જે આત્મવ્યાપારમાં શરીર સહાયક હોય તે કાયયોગ અગર કાયવ્યાપાર અને જે વ્યાપારનું સાધન વચન હોય તે વચનવ્યાપાર. એટલે ફલિત એ થાય છે કે દોષ મૂળે આત્મામાં ન હોય તો વચનથી ઉપદેશ આપો કે શરીરથી કોઇ રોગીની ચાકરી કરો–એમાં દોષ લાગવાનો સંભવ જ નથી. એટલે જો ભગવાન ઉપદેશ આપવામાં નિર્દોષ વચનવ્યાપારનો પ્રયોગ કરી દોષભાગી ન થતા હોય તો ગાંધીજી નિર્દોષ કાયવ્યાપારનો પ્રયોગ કરી કોઢી પરચુરે શાસ્ત્રીની સેવા કરે તો કઇ રીતે દોષભાગી થાય તે મને તો સમજાતું નથી.

દલસુખ માલવણિયા.

न त्व हं कामये राज्यं, न स्वर्गं ना पुनर्भवम् ।
कामये दुःखतप्तानां प्राणीनामार्तिनाशनम् ॥

—૯—

એક મુજ આત્મની મુક્તિ ના વાંછવી,
જ્યાંસુધી જગ જીવો બંધને સડે.
વિશ્વ–જીવો તણા મોક્ષ માટે સદા
હું જીવું, હું મથું, દેહ છો પડે.
સહસ્ર–કર હરજીઆશ્રિત માનવ તણાં
રોટીના સાદથી આભ ફાટે,
ચીર પાંચાલીના પૂરનાર કૃષ્ણના
ભકત અહીં ટળવળે વસ્ત્ર માટે;
દુઃખ, દારિદ્રય, નૈરાશ્ય ને વિફલતા
રમી રહ્યા માનવીના લલાટે,
મન માનવતાનું મથી મથી મરી જતું
સાંપડે સુખ ના કોઇ વાટે.
બંધુ જીવો બધા દુઃખ દરિયે ડુબ્યા
શું કરું એકલો મોક્ષ પામી?
જગતના જીવની શુદ્ધ સેવા કને
ભાસતી મોક્ષ સિદ્ધિ નકામી.
ટપુકડું બિંદુ હું; સત્ત્વના પૂંજશા
જગતજન સાગરે રમી રહું સદા,
ઉર બિંદુ તણું ઉછળીને વિનવતું
'માત્ર મુજ મુક્તિ ના, સૂર્યદેવતા!'

વાડીલાલ ડગલી

પ્રબુદ્ધ જૈન

કેટલાક સમયથી પ્રબુદ્ધ જૈન ન્યુસ પ્રીન્ટ ઉપર છપાતું હતું. આ અંકથી હવે તે પ્રીન્ટીંગ પેપર ઉપર છાપવામાં આવે છે. આ કાગળ ન્યુસ પ્રીન્ટ કરતાં વધારે સારો અને મોંઘો હોઇને પ્રબુદ્ધ જૈનના પ્રકાશન પાછળ જે ખર્ચ આવતો હતો તેમાં થોડો વધારો થશે અને પરિણામે પ્રબુદ્ધ જૈનની પ્રવૃત્તિ પાછળ શ્રી મુંબઇ જૈન યુવક સંઘને ભોગવવી પડતી ખોટમાં પણ વધારો થશે. પ્રબુદ્ધ જૈનની સામાન્ય મર્યાદા આઠ પાનાની હોવા છતાં વાંચન સામગ્રી બને તેટલી વધારે આપવાના હેતુથી સાધારણ રીતે દશ પાનાં અને કદિ કદિ બાર પાનાં આપવામાં આવે છે. પ્રબુદ્ધ જૈન આજે અનેક જૈન જૈનેતરો બહુ રસ અને સદ્‌ભાવથી વાંચે છે. આજ સુધી જે સત્યનિષ્ઠાપૂર્વક પ્રબુદ્ધ જૈન ચલાવવામાં આવે છે તે સત્યનિષ્ઠાને વફાદાર રહીને જાહેર ખબર જેવા સહજસુલભ આવકનાં સાધનનો આશ્રય લેવાનો પ્રબુદ્ધ જૈનના સંચાલકોએ કદિ વિચાર કર્યો નથી. જે આદર્શ અને વિશાળ ભાવનાના ધોરણે પ્રબુદ્ધ જૈનનું સંચાલન કરવામાં આવે છે અને રાષ્ટ્ર તેમજ જૈન સમાજની જે પત્ર એકસરખી સેવા કરી રહેલ છે તે ધ્યાનમાં લઇને પ્રબુદ્ધ જૈન પ્રત્યે આદર ધરાવતા ભાઇ બહેનોને આ પ્રવૃત્તિમાં પોતપોતાના વાર્ષિક લવાજમ ઉપરાંત બને તેટલી આર્થિક પુરવણી કરતા રહેવા તેમ જ નવા ગ્રાહકો બનાવી આપવા અમારી વિનંતિ છે. સાથે સાથે જૈન તેમજ જૈનેતર વિદ્વાનો, વિચારકો તેમજ સેવાપરાયણ બંધુઓને જૈન સમાજ તેમજ વિશાળ રાષ્ટ્રને સ્પર્શતા અનેક પ્રશ્નો ઉપર લેખો તેમજ અનુભવનોંધો મોકલવા ખાસ વિનંતિ કરવામાં આવે છે.

તંત્રી, પ્રબુદ્ધ જૈન.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266.

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૮
અંક : ૧૮

મુંબઈ: ૧૫ જાન્યુઆરી ૧૯૪૭ બુધવાર.

લવાજમ
રૂપિયા ૪

શ્રી મહાવીર જૈન વિદ્યાલય અમદાવાદ શાખાના ઉદ્‌ઘાટન પ્રસંગે
સરદાર વલ્લભભાઈ પટેલનું પ્રવચન

શેઠ ભોળાભાઈ જેસંગલાલે શ્રી મહાવીર જૈન વિદ્યાલયને એક લાખની રકમ અર્પણ કરી તેના પરિણામે અમદાવાદ ખાતે શ્રી મહાવીર જૈન વિદ્યાલયની એક શાખા ગયા વર્ષના જુન માસથી શરૂ કરવામાં આવી હતી. આ શાખાને 'ભોળાભાઈ જેસંગલાલ વિદ્યાર્થીગૃહ' નામ આપવામાં આવ્યું હતું. આ શાખાની ઔપચારિક ઉદ્‌ઘાટનવિધિ સરદાર વલ્લભભાઈ પટેલના હાથે અમદાવાદ ખાતે તા. ૨૯–૧૨–૪૬ ના રોજ કરવામાં આવી હતી અને સાથે સાથે શેઠ ભોળાભાઇ જેસંગલાલની પ્રતિમાનું પણ સરદારશ્રીના હાથે અનાવરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અમદાવાદના કોંગ્રેસી કાર્યકર્તાઓ, સંભાવિત ગૃહસ્થો તેમજ સંખ્યાબંધ ભાઈબહેનો હાજર રહ્યા હતા અને અનેક શુભેચ્છાઓના સંદેશાઓ સંભળાવવામાં આવ્યા હતા. સંસ્થાના ભંડોળમાં પ્રસ્તુત પ્રસંગને અનુલક્ષીને રૂા. ૫૦૦૦૦ લગભગની આવક થઇ હતી. પ્રસ્તુત શાખાને ઉદ્‌ઘાટિત જાહેર કરતાં સરદાર વલ્લભભાઇ પટેલે નીચે મુજબ વ્યાખ્યાન આપ્યું હતું :—

ઘણા વખતથી શ્રી મોતીચંદ કાપડીઆનો આગ્રહ હતો કે કોઇ પ્રસંગે જ્યારે અમદાવાદ આવવાનું મારે થાય ત્યારે આ શાખા મારા હાથે ખુલ્લી મુકવાનો તેમનો સંકલ્પ પુરો કરવો. તેમના કાગળો ઉપરાઉપરી આવતા હતા, પણ મેં તેમને લખ્યું હતું કે હવે હું અનેક વ્યવસાયોમાં પડેલો હોવાથી ઝટ આવી શકતો નથી. અમદાવાદમાં આવવાની ઇચ્છા તો ઘણી થાય છે. અહિં અનેક સ્નેહીઓને મળવાનું આકર્ષણ પણ છે. અમદાવાદમાંથી મેં જાહેર જીવનનું ભાથું બાંધ્યું છે. મને આંહી ઘણા જુના સ્મરણો તાજા થાય છે. અમદાવાદમાં એવો કોઇ નાનો કે મોટો નહિં હશે કે જેની સાથે સીધી કે આડકતરી રીતે મારો સંબંધ નહિ હોય. અમદાવાદની ગલીએ ગલીએ હું ફરેલો છું. મ્યુનીસીપાલીટીમાં ઘણા વર્ષો સુધી મેં સમય ગાળ્યો છે. જ્યારે હું અહીં આવું છું ત્યારે ભવિષ્યનો માર્ગ ખુલ્લો કરવામાં મને મદદ મળે છે. હવે જલ્દીથી કામમાંથી છુટીને અવાતું નથી. કામ પણ ખુબ રહે છે અને તબીયત પણ હવે પહેલાં જેવી ચાલતી નથી.

આવી સંસ્થાને સાથ આપવાની તો મારી ફરજ હોય. જે શુભેચ્છાઓના સંદેશાઓ વાંચ્યા છે તેમાં મારે શું ઉમેરો કરવાનો હોય ? હું પણ તેમાં મારી શુભેચ્છા ઉમેરૂં છું. ભોળાભાઇ સાથે ઘણા વખતનો મારો સંબંધ છે, મહોબ્બત છે. તેઓ મને જ્યાં હું હોઉં ત્યાં ઘણીવાર મળવા પણ આવે છે. એમની જીવતી જાગતી મૂર્તિનું બસ્ટ ઉધાડવામાં મારી શી જરૂર હતી ? એમનું કામ એ જ એમનું સાચું સ્મારક ગણાય.

જૈન વિદ્યાલયે ઠીક કામ કર્યું છે. કેળવણીની કાંઇ મર્યાદા નથી. અસલમાં તો આ સંસાર, આ જગત એ મહાવિદ્યાલય છે. દરેકને જન્મથી માંડીને મરણ સુધી કાંઇ ને કાંઇ શીખવાનું મળે છે. સમયને અનુકુળ જ્ઞાન મેળવવું એ ધર્મ છે. આ સંસ્થામાં જૈન ધર્મના શિક્ષણની વ્યવસ્થા છે એ સારી વાત છે. આજની કેળવણીમાં ધર્મને સ્થાન નથી એમ કહીએ તો ચાલે. માત્ર ભરણપોષણને ખાતર જ કેળવણી લેવી એ સામાન્ય વસ્તુ છે. અસલમાં તો મનુષ્યદેહની કીંમત શું, તેનો ઉપયોગ શી રીતે થશે, દેહ પડયા પછી શું થશે, દેહ અને આત્માનો સંબંધ શો છે એનું જ્ઞાન જો ન હોય તો ગ્રેજ્યુએટ થવાથી આપણને લાભ છે એમ માનશો નહીં. એમ તો ઠેક ઠેકાણે અને ગલીએ ગલીએ ગ્રેજ્યુએટો અથડાય છે. એથી હિંદને લાભ નથી. અજ્ઞાનની ખડકીનો દરવાજો જડતો નથી. જ્ઞાન તો દીપક છે જે અંધારામાં અજવાળું કરે છે. પણ જો તમે સાચું જ્ઞાન ન મેળવ્યું હોય તો પેટ તો જનવર પણ ભરે છે, એટલે મનુષ્યમાં જે વિશેષતા છે તેને જો મનુષ્ય ન ઓળખે તો તેને મળેલું જ્ઞાન નકામું છે. આ વિદ્યાલયમાં જૈન ધર્મના મૂળ તત્વો જાણવાની વ્યવસ્થા છે એ વિશેષ અગત્યની વસ્તુ છે. એવી સાચી વિદ્યા મળે, જૈન ધર્મના સિધ્ધાંતોનું જો તેઓ પાલન કરતાં શીખે તો સખાવત કરનારાને પણ સંતોષ થાય. સાધુઓની માફક ગૃહસ્થાશ્રમીઓનો પણ ધર્મ છે. બધા સાધુ થાય તો જગત કેમ ચાલે ? જો સાધુનો ધર્મ કઠણ છે તો ગ્રહસ્થીનો ધર્મ પણ સહેલો નથી. જૈનો ઠીક ઠીક પૈસા કમાયા છે., એ વિદ્યા તો એમની પાસે છે જ. એ માટે એમને કોઇ વિદ્યાલયમાં જવું પડતું નથી, પણ જૈન સિદ્ધાંતોનો તેણે કેટલો અમલ કર્યો છે તેના પર તેને જૈન કહેવો કે નહિ તેનો આધાર રહે છે. જિતેન્દ્રિયને જૈન કહેવામાં આવે છે. એટલે તેણે કેટલો સંયમ કેળવ્યો એ માટે અંતરના ઉંડાણમાં ઉતરીને તેણે જોવાનું છે. બાણ તો ઘણું થાય છે. ટીલાંટપકાં કરવા, જાત્રાએ જવું, મંદિરોમાં જવું, એ તો ધર્મની મર્યાદા છે, ધર્મને સમજવા માટે છે. પણ તેને ધર્મ માનીને અસલ સિદ્ધાંતોને ભુલી જાય તો એ નામનો જ જૈન કહેવાય.

'અહિંસા પરમો ધર્મ:' એ તો જૈનોનો મોટામાં મોટો સિદ્ધાંત છે. એને જો બરાબર સમજ્યા હોઇએ તો દુકાને બેઠા હોઇએ, ને ધંધો પણ ઠીક ચાલતો હોય અને બુમ પડે કે હુલ્લડ થયું, ગુંડાઓ આવે છે, એટલે દુકાનમાં જે હોય તે સંકેલી લઇને ભાગવા માંડવું એ જૈન ન કહેવાય. એણે તો જે પાસે હતું તેને સાચી વસ્તુ માની, અને ભયથી ભાગ્યો. એનું નામ તો ભીરૂતા. કાયરતાને કોઇ ધર્મમાં સ્થાન ન હોઇ શકે. જૈન ધર્મમાં તો હરગીઝ નહિં. કોઇની હિંસા ન કરવી એ બરોબર છે, પણ ખરા જૈનમાં મરણ–પથારી કરવાની શકિત હોવી જોઇએ. એનામાં એવી તપશ્ચર્યા અને આત્મશુધ્ધિની શકિત હોવી જોઇએ કે તેને જોઇને ગુંડાના હાથમાંથી હથીઆર હેઠા પડી જાય. આજે તો મહાત્માજી એ ધર્મનું સેવન કરી રહ્યા છે, હિંદ પાસે તેઓ પદાર્થપાઠ મુકી રહ્યા છે, ઘોર તપશ્ચર્યા કરે છે, અને અનેક વિટંબણાઓ વચ્ચે એ સિદ્ધાંતને મુકી રહ્યા છે.

આપણી આંખમાં મેલ હોય, જીભમાં જૂઠ ભર્યું હોય, દિલમાં મલીન વૃત્તિઓ ભરેલી હોય તો બાહ્ય આચાર બેજાન્દરૂપ થવાનો છે. સાથે સાથે અંદરની સ્વચ્છતા કરવી જોઇએ. મહાવીરનું નામ વિદ્યાલય સાથે જોડવું હોય તો તેમનું સ્મરણ હંમેશા હોવું જોઇએ. આપણે વિદ્યા લેવી હોય તો મહાવીરની મૂર્તિ આપણી સમક્ષ હોવી જોઇએ, એમનું ચારિત્ર્ય આપણી સમક્ષ હોવું જોઇએ અને તેઓ ઇચ્છે છે એ પ્રમાણે આપણે જીવવું જોઇએ. તો જ મહાવીર નામ સાથે જોડાયલું જૈન વિદ્યાલયનું નામ શોભે. બાકી યુનિવર્સીટીઓ અને કોલેજો તો ઠેકઠેકાણે નીકળે છે, પણ એમાંથી લાભ મેળવવો હોય તો ધર્મના મૂળતત્વોને પકડવા જોઇએ.

હિંદ હવે આજ સુધી હતું તેવું રહ્યું નથી, આગળ ચાલી રહ્યું છે. દુનિયાના બીજા સ્વતંત્ર મુલકો સાથે તે હરીફાઇ કરી રહ્યું છે. હિંદ દુનિયાનો પાંચમો હિસ્સો છે. હવે જો વિદ્યાર્થીઓ જવાબદારી સમજે તો તેમને માથે મોટો બોજો આવવાનો છે. તેમને માટે જીવનમાં અવકાશ પણ ખુબ છે. અનેક પ્રકારના દરવાજા તેમને માટે ખુલી જવાના છે. આજે તો જગ્યાઓ માટે લાયક માણસ મળતા નથી.

અંગ્રેજો તો હવે હિંદમાંથી જવાનાં જ છે. આજ સુધી થોડા અંગ્રેજોએ રાજ્ય ચલાવ્યું છે, પણ હવે આપણા પર આટલા મોટા મુલકનો બોજો આવી પડયો છે. એટલે કોઇ એમ ન કહે કે આમને કારભાર ચલાવતા ન આવડયો. આપણે દુનીયાને એ બતાવવું છે કે સ્વતંત્ર હિંદનો વહીવટ આપણને ચલાવતા આવડે છે. આજે તો ગાંડપણ આવ્યું છે. પણ જ્યારે ગુલામીમાંથી મુકિત મળે છે ત્યારે થોડો વખત એવું ગાંડપણ આવે, બેશુદ્ધ પણ થવાય. પણ હવે જલદી શુદ્ધિ આવવી જોઇએ. હીંદમાં અનેક સંપ્રદાયો છે, ધર્મો છે, ઝગડાઓ હોવાં છતાં અત્યાર સુધી આપણે એકજ બાપની પ્રજા માફક રહેતાં આવ્યા છીએ તેવી જ રીતે રહેવું જોઇએ: નહિ તો આઝાદ હિંદ આવતી કાલે ફરીથી પરતંત્ર થશે. આજનો વિદ્યાર્થી ભાગ્યશાળી છે કે તેને સ્વતંત્ર હિંદમાં પોતાની જીંદગી શરૂ કરવાની છે. હવે પછી પાછળનાની માફક એને લડાઇ કરવાની નથી. હવે તો તેણે રચનાત્મક કાર્ય ઉપાડવામાં હિસ્સો આપવો જોઇશે. એને માટે લાયક કેળવણી તેણે મેળવવી જોઇશે. તો જ આવી સંભાવતોનાં સારાં ફળ આપણે ચાખી શકીએ. એક લાખની સંભાવત કરવા માટે ભોળાભાઇને હું મુબારકબાદી આપું છું અને શ્રી મહાવીર જૈન વિદ્યાલય આગળ ને આગળ વધ્યે જાય એમ હું અન્તઃકરણથી ઇચ્છું છું.

વેશધારીઓ

(જુનું દફતર તપાસતાં કેટલાંય વર્ષો પહેલાં લખાયેલો આ લેખ મળી આવ્યો છે. આનો લેખક કોણ હશે તેની ખબર પડતી નથી. આમ છતાં આજે પણ આ લેખની વસ્તુ એટલી જ ઉપયોગી અને સમયસરની છે એમ લાગવાથી અહિં પ્રગટ કરવામાં આવે છે.)

"અહીં પરધર્મીઓ સાથે કેવો વહેવાર રાખવામાં આવે છે?" ઇરાનની ભૂમિ ઉપર પગ મૂકતાં કવિવર રવીન્દ્રનાથ ટાગોરે પ્રશ્ન કર્યો.

'પહેલાં તો અહીં જરથુસ્તીઓ અને બહાઇઓ ઉપર ખૂબ જુલમ થતો. પણ આજના નવા શાસનયુગમાં સૌ સમાન અધિકાર ભોગવે છે. ધર્મને નામે દ્વેષ કે હિંસા જેવું કંઇ નથી રહ્યું." એક અધિકારીએ ઉત્તર આપ્યો.

વિદ્યાનો વિસ્તાર જેમ જેમ વધતો ગયો તેમ તેમ ધર્મગુરૂઓનો પાખંડી પ્રભાવ ભોળા પડયો. તે પહેલાં તો વેશ ધારણ કરવાથી કોઇ પણ માણસ ધર્મગુરૂ બની શકતો. આજે હવે એમને અમુક પ્રકારની કસોટીમાંથી પસાર થવું પડે છે. પરિણામ એ આવ્યું છે કે સોમાંથી નવાણું પાખંડી નાસીપાસ બની વેશનો અધિકાર બોજ બેસે છે.

શ્રી રવીન્દ્રનાથ ટાગોર એ પ્રકરણના અનુસંધાનમાં નીચેના વિચારો રજુ કરે છે:—

"ધારો કે આપણા દેશમાં—હિંદુસ્થાનમાં—આવો કોઇ કાયદો થાય અને જેટલા જેટલા પંડયા પુરોહિતો અને સાધુ-સંન્યાસીઓ છે તેમની કાયદેસર કસોટી કરવામાં આવે તો?

"જેઓ ખરેખરા સાધુ-સંન્યાસી છે તેમની યોગ્યતા પરીક્ષાથી પુરવાર થઇ શકતી નથી. એ વાત બરાબર છે પણ જ્યાં મરજી પ્રમાણે વેશ અને પદવીઓ લેવાતાં હોય ત્યાં સાચી સાધુતા પારખવી અત્યંત કઠિન થઇ પડે છે. આપણે એ વેશ અને પદવીને જ સાચી સાધુતા માની લઇએ છીએ. કેવળ વેશધારીઓ અને ઉપાધિના આડંબરધારીઓના ચરણોમાં લાખો હિંદુઓનાં મસ્તક ઝૂકે છે. ભૂખમરાના રોગથી પીડાતા આ દેશનાં ધનધાન્યનો ભારે દુર્વ્યય થાય છે. આત્માને છેતરવા સિવાય એનો બીજો કોઇ બદલો મળતો નથી.

"સાધુતા અથવા સંન્યાસ જો પોતાનાં આધ્યાત્મિક કલ્યાણની ખાતર જ હોય તો વેશ અને નામ બદલાવવાની ભાગ્યે જ જરૂર રહે છે, અને જો એ બધું બીજાની ખાતર હોય તો પરીક્ષા કે કસોટીની જરૂર છે.

"ધર્મ જો આજીવિકાનો વિષય બને, અથવા તો લોકમાન્યતાનો વિષય બને અને ચોક્કસ પ્રકારના વેશ તથા વહેવાર વડે એ ધાર્મિકતાની જાહેરખબર ફેલાવવામાં આવતી હોય તો, આખરે બીજા કશા ખાતર નહીં—સ્વમાનની ખાતર એ જાહેરખબરમાં કેટલો દંભ-પાખંડ છે તે આપણે સૌએ સમજવાની તકલીફ લેવી જોઇએ." (ઇરાન-યાત્રા)

ઇરાનમાં દીક્ષા-પ્રતિબંધ

ઇરાનના આજના ભાગ્યવિધાતા રેઝા શાહ પહેલવીએ રાજસૂત્ર હાથમાં લીધું ત્યારે ધંટીના બે પડ વચ્ચે દાણો દળાય તેમ આખુંયે ઇરાન લૂંટારા અને ધર્મગુરૂ-મુલ્લાઓની એડી નીચે છુંદાતું હતું. લૂંટારાઓનું જડાબીટ કાઢતાં રેઝા શાહને જરા આકરૂં તો પડયું, પણ અંધશ્રદ્ધાળુઓ ઉપર ઇશ્વરના નામે આપખુદી ચલાવનારા અને રાજ્યના શાસનતંત્રને પણ ઉથલાવી નાંખવાની તાકાત ધરાવનારા મુલ્લાઓની સામે ફીલ્લેબંધી બાંધવી એ વળી વધારે આકરી વાત હતી. રેઝા શાહે પોતે લશ્કરની આગેવાની લીધી અને રાજમાર્ગ ઉપર તેમજ અંધારી-એકાંત ઝાડીમાં ચાંપતા પહેરા ગોઠવીને હરામખોરોને તેમજ ધાડપાડુઓને જેર કર્યા. એક જાદુગર જોતજોતામાં ચમત્કાર કરી બતાવે તેમ રેઝા શાહે ઇરાનના ઇતિહાસમાં એ રીતે એક નવું જ પ્રકરણ ઉઘાડયું.

પણ ખરેખરૂં મુશ્કેલ કામ તો તેને હજી હવે જ કરવાનું હતું. સામાજીક કે ધાર્મિક સુધારામાત્રનો ધર્મગુરૂઓનો ભોટો ભાગ કેવો વિરોધ કરે છે એ આપણે અંગત અનુભવ ઉપરથી જાણીએ છીએ. અંધશ્રદ્ધાનું વાદળ જરા વીખરાવા લાગે કે તે જ ક્ષણે આ ધર્મગુરૂઓ કેટલા ભેદ પડાવે છે અને કેવી વિચિત્ર ઉશ્કેરણી ફેલાવે છે તે પણ આપણી માહીતીની વસ્તુ છે. ઇરાનના પુનરૂદ્ધારમાં એ જ ઇતિહાસે પોતાની પુનરાવૃતિ આદરી. તા. ૧૮ મી જુનના ટાઇમ્સમાં એક વિદ્વાન લેખક પોતાનો અંગત અનુભવ નોંધતાં આ વિષે એક સ્થળે કહે છે કે:—

"The Mullahs were the real rulers of Persia far centuries. They could support or smash any Government by the immense influence they had on ignorant and superstitious people. Every measure of reform was stifled by the bigoted priesthood; all progress was at a standstill. Cauti-

(અનુસંધાન પૃષ્ટ ૧૫૫ જુઓ)

કરૂણામૂર્તિ ભાઈ વ્રજલાલ મેઘાણીનો દેહોત્સર્ગ

ભાઇ વ્રજલાલ ધરમચંદ મેઘાણીના તા. ૧૦–૧–૪૭ શુક્રવારના રોજ નિપજેલ અકાળ અવસાનના સમાચાર આપતાં અત્યંત દિલગીરી થાય છે.

શુક્રવારે બપોરના સાડાબાર વાગ્યા લગભગ ઘેરથી પેઢી ઉપર જતાં પહેલાં ભાઇ મેઘાણી જેઓ ઘાટકોપર રહેતા હતા તેમને બોલાવવા માટે તેમની બાજુએ રહેતા પાડોશીને મેં ટેલીફોન કર્યો. સાધારણ રીતે બે ત્રણ દિવસે અમને એકાદ વાર મળવાનું બનતું જ. તેમને છેલ્લો છઠ્ઠી તારીખ અને સોમવારે સાંજે હું મળેલો અને અમે કેટકેટલી વાતો કરેલી. આ અંક તૈયાર કરવાનો સમય પાકી રહ્યો હતો અને તેમની વાર્તાની અમને ખાસ અપેક્ષા હતી. ઉપર જણાવેલ ટેલીફોનના જવાબમાં તેમના પાડોશીએ ભાઇ મેઘાણી મુંબઇમાં ખુબ ઘાયલ થયાના અને જે. જે. હોસ્પીટલમાં હોવાના ખબર આપ્યા અને મને ફાળ પડી. વધારે તપાસ કરાવતાં એજ સમય લગભગમાં તેમણે દેહોત્સર્ગ કર્યાનાં ખબર મળ્યાં. આ સંબંધે વધારે વિગતો મેળવતાં માલુમ પડયું કે હંમેશાની માફક તેઓ તે દિવસે સવારે ઘાટકોપરથી પોતાની ઓફીસે જવા નીકળેલા. તેઓ મુંબઇની મ્યુનીસીપાલીટીના મેડીકલ ઇન્સ્પેકટર તરીકે છેલ્લાં એકવીશ વર્ષથી નોકરી કરતા હતા. તેમની ઓફીસ મુસલમાનોનો જે ઘીચ લત્તો ગણાય તે મદનપુરામાં હતી. ઓફીસે પહોંચ્યા અને ચાલુ કામ પતાવીને ભાઇ મેઘાણી બીજા ત્રણ ડાકટરો અથવા તો સેનીટરી ઇન્સ્પેકટરો સાથે ઓફીસમાંથી નીચે ઉતર્યા, અને થોડા આગળ ચાલ્યા, તેવામાં બે મુસલમાન ગુંડાઓ બાજુએથી આવી ચઢયા. સૌથી આગળ ચાલતા એક ડોકટર ઉપર તેમનો ઘા પડયો, તેઓ થોડા ઘાયલ થયા અને ભાગ્યા. પાછળ આવ્યા ડો. વ્રજલાલ મેઘાણી, જેમના ઉપર પાછળથી પેટના ભાગમાં હુમલા કરવામાં આવ્યા, જે અલ્પ કાળમાં જીવલેણ નીવડયા. પાછળ રહેલા બે જણા એકાએક પાછા ફર્યા અને બચી ગયા. મુંબઇમાં અને આખા દેશમાં જે કોમી હુતાશ છેલ્લા ચારેક માસથી સળગી રહ્યો છે તેણે આપણા મેઘાણીને આ રીતે જોત જોતામાં ભરખી લીધા.



ડો. વ્રજલાલ ધરમચંદ મેઘાણી

મુંબઇમાં કોમી હુલ્લડો શરૂ થયા ત્યારથી તે આજ સુધી ભાઇ મેઘાણી આ મુસલમાની લત્તામાં નિયમિત જતા અને પોતાની નોકરી પુરી વફાદારીથી બજાવતા. આવું જોખમ નહિ ખેડવા માટે અમે તેમને વારંવાર ચેતાવતા, પણ 'મેં કોઇનું કશું બગાડયું નથી. મને કોઈ કશી ઇજા કરેજ નહિ' એવી શ્રદ્ધા ઉપર તેમણે ત્યાં જવાનું આજ સુધી ચાલુ રાખેલું. આમ છતાં તેમના સ્વજન સંબંધીઓનું આવું જોખમ નહિ ખેડવા માટેનું દબાણ વધતું જતું હતું અને તેમના ભાઇઓ વ્યાપારમાં જોડાયલા હોવાથી તેમના દિલમાં પણ હવે ચાલુ નોકરી છોડી ભાઇઓ સાથે વ્યાપાર વ્યવસાયમાં જોડાવાનો વિચાર ચાલ્યા કરતો હતો. તા. ૧૦ મી અને શુક્રવારના રોજ તેઓ લાંબા ગાળાની રજા લેવાના હેતુથી જ પોતાની ઓફીસે ગયેલા. કમનસીબે તેઓ પોતાની નોકરી છોડવાને બદલે આપણને સર્વને સદાને માટે છોડીને ચાલી ગયા. કાળની ગતિ ગહન છે! વિધિનાં નિર્માણ કોણ કળી શકયું છે?

એ પણ કેવી કારમી ઘટના છે કે જે પાનાંઓ ઉપર આજે ભાઇ વ્રજલાલ મેઘાણીની કોઇને કોઇ વાર્તા પ્રગટ થવી જોઇતી હતી તેજ પાના ઉપર આજે તેમની અવસાન નોંધ લખવાનું મારા નસીબે આવ્યું છે! પ્રબુદ્ધ જૈનના અનેક વાંચકોને ભાઇ મેઘાણીનો પરિચય આપવાની જરૂર છે ખરી? તેમને પ્રત્યક્ષ રીતે જાણનારા બહુ અલ્પ હશે. પણ જે મુલાયમ તત્વોનો તેમનો આત્મા અથવા તો સુક્ષ્મ દેહ બનેલો હતો તેથી તો, પ્રબુદ્ધ જૈનમાં પ્રગટ થયેલી તેમની અનેક વાર્તાઓ દ્વારા, પ્રબુદ્ધ જૈનના સર્વ વાંચકો બહુ સારી રીતે પરિચિત છે. તેમના જવાથી 'પ્રબુદ્ધ જૈન' પાંગળું બને છે. પ્રબુદ્ધ જૈનનું ભાવી સંચાલન હજુ પણ મારા માથે જો નિર્મિત હોય તો તેમના અભાવે હું કેમ ચલાવી શકીશ એ એક અત્યન્ત મુંઝવતો પ્રશ્ન છે. કારણ કે પ્રબુદ્ધ જૈન પુરતા તેઓ મારૂં એક અનન્ય અવલંબન હતા. પ્રબુદ્ધ જૈનને મારા જેટલું જ તેમણે અપનાવ્યું હતું. તેમના જવાથી હૃદયદ્રાવક અને માનવતાના ઉંડા સંવેદનથી ભરેલી ટુંકી વાર્તાઓનો સ્રોત લુપ્ત થાય છે. પ્રબુદ્ધ જૈનની આ ખોટ હવે કોણ પુરી પાડશે?

શ્રી. મુંબઇ જૈન યુવક સંઘના બંધારણનું આજથી લગભગ આઠ વર્ષ પહેલાં નવસંસ્કરણ કર્યું અને ત્યારથી તે ગયા વર્ષ સુધી તેઓ શ્રી. મુંબઇ જૈન યુવક સંઘના મંત્રી રહ્યા. પ્રબુદ્ધ જૈનનું પણ આ આઠમું વર્ષ ચાલે છે. શ્રી. મુંબઇ જૈન યુવક સંઘના કારણે જ તેમની સાથેના મારા પરિચયની શરૂઆત થઇ હતી અને પ્રબુદ્ધ જૈનના કારણે અમારો પરિચય ઉત્તરોત્તર વધારે ગાઢ બનતો ચાલ્યો હતો. અમારી પ્રકૃતિના ઘડતરમાં કેટલોક તફાવત હતો, પણ અમારા વિચારો અને સામાજીક તેમજ ધાર્મિક પ્રશ્નો પરત્વેનાં અમારાં દૃષ્ટિકોણોમાં ઘણું જ સામ્ય હતું. આ કારણે તેમની અત્યંત નજીક આવવાનું સદ્‌ભાગ્ય મને પ્રાપ્ત થયું હતું. મને અનેક

વ્યક્તિઓના નિકટ સમાગમમાં આવવાનું બન્યું છે, પણ ભાઇ મેઘાણીમાં મેં જે અપૂર્વ સૌહાર્દ અને દુનિયાના દુઃખી–હતભાગી માનવીઓ માટેનું દર્દ જોયું છે તેવું મેં અન્યત્ર ભાગ્યે જ અનુભવ્યું છે. જે કારુણ્ય તેમની પ્રકૃતિમાં ભરચક ભર્યું હતું તેજ કારુણ્ય તેમની આકૃતિમાં પ્રતિબિંબિત થતું હતું. આપણે બધા તો અનેક મલીનતાઓ અને વિકૃતિઓથી ભરેલા છીએ. ભાઇ મેઘાણી પણ પરિપૂર્ણ હતા એમ તો કેમ કહેવાય? એમ છતાં પણ ભાઇ મેઘાણી સાથેના આટલા લાંબા પરિચય દરમિયાન જેને અંશતઃ પણ મલીન કહીએ એવું નાનું સરખું પણ તત્વ તેમના વિચાર, વાણી કે વર્તનમાં મેં કદિ નિહાળ્યું નથી એમ જણાવવામાં હું જરા પણ અતિશયોક્તિ કરતો નથી. તેમનો આત્મા આવો નિર્મળ હતો. તેમનું ચારિત્ર્ય પણ એટલું જ ઉત્કૃષ્ટ કોટિનું હતું. તેમની નમ્રતા અને નિરભિમાનપણું અને કશી પણ જાહેરાતોથી દૂર અને દૂર રહેવાની વૃત્તિ અજોડ હતી. હું તેમનો સાધારણ રીતે કડક ટીકાકાર હતો. તેઓ નવી નવી વાર્તાઓ અને કદિ કદિ નિબંધો લખીને મારી પાસે લઇ આવતા. આ બધું પ્રબુદ્ધ જૈન માટે જ હોય એટલે મારે એ બધું લખાણ આદ્યન્ત જોવું જ રહ્યું. કોઇ વાર્તા મને બહુ ગમતી તો કોઇ મને સાધારણ લાગતી. જ્યાં મને જે નહિ ગમતું તેની હું સખ્ત ટીકા કરતો. તેઓ મારી ટીકાને પુરા ઉદાર ભાવે ઝીલતા; પોતાનું દૃષ્ટિબિન્દુ મને સમજાવવા પ્રયત્ન કરતા; પણ આખરે કોઇ વાર્તા કે લેખ લેવો કે ન લેવો અથવા તો તેમાં મને ઠીક લાગે તેવા સુધારા કરવા–આ બધું તેઓ મારી ઉપર છોડી દેતા. તેમનો મારી ઉપર અપાર પ્રેમ હતો અને અપૂર્વ શ્રદ્ધા હતી. મેં તેમનું લખેલું લીધું ન લીધું કે મને ઠીક લાગ્યું તેમ સુધાર્યું તે બાબત તેમણે સ્વપ્ને પણ મારા વિષે દુઃખ ચિન્તવ્યું હોય એમ હું માનતો નથી.

તેમનામાં બૌદ્ધિક સાહિત્ય શક્તિ અથવા તો સર્જક શક્તિ ભરેલી હતી. પણ તેમની વાર્તાઓનો પ્રધાન સુર કરુણરસ હતો. સમાજના નીચલા થરના જીવનના તેઓ કેવળ અભ્યાસી નહોતા; તેમને તે જીવનનો સાક્ષાત્કાર થયો હતો. ભંગી, ચમાર, મોચી, કોળી, કુંભાર, પટેલ, વાઘરી, ભાળી, દુધવાળો ભૈયો અને તેવી જ રીતે દબાયલી છુંદાયલી વિધવા, અબળા, અથવા તો અનેક મુંઝવણો અને મથામણ સામે ટકકર ઝીલતો ગરીબ વાણીઓ –આ લોકોના જીવનની અકળામણો, હાડમારીઓ, તેમના ઉપર ઉજળા અને ઉપલા થરના લોકોના ગુજરતા અન્યાયો અને સીતમો –આ સર્વ તેમના મનોરાજ્યની સંપત્તિ હતી. સમાજમાં બનતી નાની મોટી ઘટનાઓ જેનો આપણને ખ્યાલ સરખો પણ ન હોય તે તેમની દ્રષ્ટિ પકડી પાડતી, સંધરતી અને તેમાંથી નવનવી અનેક વાર્તાઓ જન્મતી. કરુણ રસની અપૂર્વ જમાવટ તેમને વરેલી હતી. ભવભૂતિ માફક તેમના માટે પણ આપણે જરૂર કહી શકીએ કે તેમની કરુણ કથાઓ સાંભળીને **अपिग्रावा रोदित्यपि दलति वज्रस्य हृदयम्**—પથ્થર પણ રડે અને વજ્રનું હૃદય પણ જર્જરિત થઇ જાય. કદિ કદિ તેઓ અત્યન્ત કરુણાપૂર્ણ વાર્તા લઇ આવતા અને મને વાંચવા આપતા. વાંચતાં વાંચતાં મારું દિલ એટલું બધું હલી ઉઠતું કે હું અકળાઇને બોલી ઉઠતો કે "મેઘાણી! તમે તે કેવા નિષ્ઠુર છો? તમારા પાત્રોને અસીમ યાતનાના ભોગ બનાવવામાં અને એ રીતે તમારા વાંચકોને રડાવવામાં તમને આટલો બધો આનંદ કેમ આવે છે?" તેઓ જવાબ આપતા કે "પરમાનંદભાઇ! આ કાંઇ નરી કલ્પના નથી. આ તો આખી વસ્તુતઃ બનેલી ઘટના છે. આ કાંઇ મારા આનંદ માટે નથી લખતો, પણ મારી બળતરામાં અન્ય જનોને ભાગીદાર બનાવીને સુસહ્ય કરવાના હેતુથી આવી ઘટનાઓને વાર્તામાં ઉતારું છું. તેમના નિબંધાત્મક લેખો સાધારણ રીતે મને પુરતો સંતોષ આપતા નહિ. વાર્તાના આલેખનમાં જ તેમની લેખનકળા પુરબહારમાં ખીલી ઉઠતી. નીચલા થરના લોકોની તળપદી ભાષાના તેઓ પંડિત હતા. વળી અહિં એ પણ જણાવવું જોઇએ કે તેમનું વાર્તાલેખન કેવળ કલ્પનાનો વિહાર કે વિલાસ નહોતો. તેમની વાર્તાના પાત્રો સાથે તેમણે સંપૂર્ણ તાદાત્મ્ય સાધ્યું હતું. વળી તેમની ઘણી વાર્તાઓ આપણા સમાજમાં રોજબરોજ બનતી ઘટનાઓમાંથી જ ઉદ્‌ભવ પામી હતી. તેમનું વાર્તાનું સમગ્ર સાહિત્ય મોટા ભાગે વાસ્તવિકતાની ભૂમિકા ઉપર જ સર્જાયું હતું.

આ તો તેમના જીવનની એક બાજુની આપણે ચર્ચા કરી. પણ તેમનું આખું જીવન, રહેણી કરણી વર્તન અને વ્યવહાર આ સર્વે નિસ્પૃહતા, સાદાઇ, સંતોષ અને સૌજન્યથી ભરેલાં હતાં. વિચાર, વાણી અને વર્તનની તેમનામાં એકરૂપતા હતી. ભલાઇ એ તેમનો વિશિષ્ટ ગુણ હતો અને એ રીતે તેઓ એક પાપભીરૂ શ્રાવક હતા. કોઇ પણ આદમીને દુઃખ ન લગાડવું, કોઇનું પણ કાંઇ થઇ શકે તે કરીને છુટવું, સામાના પ્રેમ અને સદ્‌ભાવ સિવાય અન્ય કશાની અપેક્ષા ન રાખવી, અન્યનો ઉત્કર્ષ જોઇને સદા રાજી રહેવું, શ્રીમાનોની વચ્ચે રહેવા છતાં સ્વત્વ જાળવીને રહેવું–આ સર્વ તેમના વ્યક્તિત્વનાં વિશિષ્ટ લક્ષણો હતાં. તેઓ ગયા અને ચોતરફ શીતળ પ્રકાશ વિસ્તારતો એક દીવો ઓલવાઇ ગયો; સુવાસ પ્રસરાવતું પુષ્પ એકાએક ખરી પડયું; મીઠાં જળને વહન કરતું ઝરણું આંખના પલકારામાં લુપ્ત થઇ ગયું; કોઇ અગમ્ય દિશાએથી મધુર પવનની લહરિ આવી અને આપણા સંતપ્ત જીવનને ઠારતી ઠારતી અચાનક અનન્ત આકાશમાં લય પામી ગઇ. આ વિશાળ દુનિયામાં ભાઇ વ્રજલાલ મેઘાણી એક નાની સરખી, અત્યન્ત અલ્પખ્યાત વ્યક્તિ હતા. તેમનું વ્યવસાયક્ષેત્ર પણ કેટલું બધું પરિમિત હતું? એમ છતાં તેઓ જ્યાં હતા ત્યાં કેટલી બધી સુવાસ મુકી ગયા છે? ઘાટકોપર તેમનું વર્ષોનું નિવાસસ્થાન. ત્યાંની પ્રજા રડે છે. આપણો કોઇ સ્વજન આપણે ખોઇ બેઠા એમ સૌ કોઇ અનુભવે છે. સ્મશાનમાં જ્યારે તેમનો વિનશ્વર દેહ થોડી જ વારમાં ભસ્મીભૂત થવાની રાહ જોતો સુતો હતો, ત્યારે ભાઇ મેઘાણીનું તેમની ભાવના અને જીવનકાર્યને અનુરૂપ આપણે કાંઇક સ્મારક કરીએ આવો વિચાર રજુ થતાં એકત્ર થયેલા ભાઇઓએ સ્વેચ્છાપૂર્વક નાની મોટી રકમો જાહેર કરવા માંડી, જેનો સરવાળો રૂા. ૨૫૦૦૦ ઉપર થઇ ગયો. જેમની વચ્ચે તેઓ વસ્યા તેમનો ભાઇ મેઘાણી માટે કેટલો બધો પ્રેમ અને આદર હશે તેનો આ ઉપરથી આપણને સચોટ ખ્યાલ આવે તેમ છે.

ભાઇ મેઘાણી કુળ પરંપરાથી જૈન હતા, અને એજ સંસ્કારમાં ઉછર્યા હતા. એમ છતાં નાત જાત ધર્મ કે સંપ્રદાયનો ભેદ તેમણે કદિ જાણ્યો નહોતો. ઉલટું ધર્મના નામે ચાલતો દંભ, દુરાચાર, વહેમો, અને સુસ્થિત વર્ગનો દુઃસ્થિત વર્ગ ઉપર ચાલતો દોર જોઇને તેમનું દિલ સદા ઉકળતું રહેતું અને તે ઉકળાટ તેમની ઉગ્ર ભાષામાં તેઓ અવારનવાર વ્યક્ત કરતા. તેઓ મૂર્તિમન્ત માનવતા હતા, સોળવલ્લુ સોનું હતા. બુધ્ધિમત્તામાં, પ્રભુત્વમાં, જ્ઞાનમાં, યોજના શક્તિમાં, ખ્યાતિમાં તેમનાથી ચડિયાતી આજે અનેક વ્યક્તિઓ આપણી આસપાસ હરહંમેશ જોઇએ છીએ, પણ તેમના હૃદયમાં જે અમૃત ભર્યું હતું, તેમના વ્યવહારમાં જે નમ્રતા ભરેલી હતી, તેમની વાણીમાં જે દર્દ ભર્યું હતું તે આપણને ભાગ્યે જ અન્યત્ર જોવા અનુભવવા મળે તેમ છે. આજ કારણે ધોળા અને કાળા બજાર વડે લક્ષાધિપતિ અને કરોડાધિપતિ બનેલા અનેક શ્રીમાનો પણ આર્થિક દૃષ્ટિએ અતિ સામાન્ય સ્થિતિના ભાઇ મેઘાણીને ઉંડા પ્રેમ અને આદરની અંજલિ આપી રહ્યા છે. તે ગૃહસ્થ છતાં

સાધુ હતા; મૈત્રી, કરૂણા, પ્રમોદ અને માધ્યસ્થ–આ ચારે ભાવનાઓ તેમના પ્રાણવાન વ્યક્તિત્વમાં મૂર્તિમંત બની હતી.

એ દિવસની સાંજ કે જ્યારે તેમનો ત્રણવિધ્ધ દેહ ઘાટકોપરની સ્મશાનભૂમિ ઉપર આ દુનિયાની છેલ્લી વિદાય માંગી રહ્યો હતો, જ્યારે પશ્ચિમ આકાશમાં આથમતો સૂર્ય તેમની મ્લાન બનેલી મુખમુદ્રા ઉપર પોતાનાં શીતળ કીરણો છેલ્લી છેલ્લી વાર વરસાવી રહ્યો હતો, અને મંદ મંદ વહેતો વાયુ તેમના ઠંડા પડી ગયેલા દેહને વધારે ઠંડો બનાવી રહ્યો હતો–આ સમયે પોતાના સ્વજનને વિદાય આપવાને એકત્ર થયેલી મોટી મંડળી વચ્ચે બેઠાં બેઠાં મનમાં જે કાંઇ વિચારો પસાર થઇ રહ્યા હતા અને ચિત્તે જે કાંઇ આઘાત પ્રત્યાઘાતો અનુભવ્યા હતા તે શબ્દોમાં શી રીતે વ્યક્ત થઇ શકે? સમાજમાં વસતા માનવીને સ્મશાનમાં જવાની કોઇ નવાઇ હોતી નથી અને દરેક સ્મશાનયાત્રા પણ કાંઇ એટલી ઉદ્‌બોધક કે રોમાંચક હોતી નથી. પણ જ્યારે સૂર્ય પોતાનો પ્રકાશ સંકેલી લે છે અને રાત્રી અંધકારથી દૃષ્ય જગતને આવરવા માંડે છે એવા સમયે, જ્યાં આખી જીંદગીનો છેવટનો હીસાબ ચુકવાઇ જાય છે અને આત્માનું પંખેરૂ ઉડી જતાં અવશેષ રહેલા દેહને આખરી અગ્નિસંસ્કાર આપવામાં આવે છે એવા ગામની ભાગોળે આવેલા કોઇ એકાન્ત નિર્જન સ્થળે, જેની સાથે વર્ષોની મહોબ્બત હોય અને જેની સાથે અનેકવિધ પ્રવૃત્તિઓના કારણે વર્ષોનો સહચાર હોય તેવા એક નિકટવર્તી સ્નેહીને–તેના દેહાવશેષને–છેવટની સલામ આપવાના ટાણે, આપણે જે અન્તઃક્ષોભમાંથી પસાર થઇએ છીએ, જે વેદનાથી આપણો આત્મા અથવા તો આપણું આખું ચિત્તતંત્ર વલોવાઇ જાય છે તે કોઇ જુદા જ પ્રકારનો હોય છે અને તેના અસર પણ બહુ જ લાંબા કાળ સુધી પહોંચે છે. ભાઇ મેઘાણીને લગતી વિદાયવ્યથા કોઇ આવા જ પ્રકારની હતી, જેના ભારથી આજે પણ દિલ ખુબ દબાયલું છે અને મન અમુક પ્રકારની રૂંધામણ અનુભવે છે. આપણો સાથી ગયો તે સદાને માટે ગયો. ગઇ કાલ સુધી જે હસતો, વાતો કરતો અને અહિં તહીં વિચરતો હતો તે આજે સદાને માટે મૃત્યુશય્યા ઉપર પોઢી ગયો. વિધાતાએ તેને જે ટુંકી આવરદા આપી હતી તે પુરી કરીને, એક સરખું ઉદાત્ત, નિર્મળ અને ઉન્નત જીવીને તેણે આપણ સર્વની હંમેશાને માટે વિદાય લીધી. તે કયાંથી આવ્યો તેની કોને ખબર છે? તે કયાં ગયો તે પણ કોણ જાણે છે? આજે તો જે કાંઇ અવશિષ્ટ રહ્યું તે તેમની સાથેના સહવાસનાં મીઠાં સ્મરણોનો મધુર સુવાસ. એ સુવાસના કારણે તેમણે પોતાના જીવનને અને મરણને ધન્ય બનાવ્યું અને મરવા છતાં તેઓ અમર બન્યા. તેમના પવિત્ર આત્માને આપણે પરમ શાન્તિ ઇચ્છીએ અને તેમના પગલે ચાલીને આપણા જીવનને બને તેટલું સાર્થક અને સુયશભાગી બનાવીએ!!!

ભાઇ વ્રજલાલ મેઘાણીની ઉમ્મર ૫૧ વર્ષની હતી. તેમને ત્રણ ભાઇઓ છે, જેમાંના એક ઇસ્ટ આફ્રીકામાં છે, બીજા ઇંગ્લાંડમાં છે અને ત્રીજા ભાઇ ડાકટર છે જે મુંબઇમાં માટુંગા ખાતે પ્રેકટીસ કરે છે. તેમને ચાર સન્તાનો છે. એક પુત્રી પરણાવેલી છે; તેથી નાની પુત્રી ઇન્ટર આર્ટસમાં ભણે છે. પછીના બે પુત્રો નાની ઉમ્મરના છે. તેમનાં પત્ની, બાળકો, ભાઇઓ અને અન્ય કુટુંબી જનોને–સૌ કોઇને–ભાઇ મેઘાણીના સ્વર્ગારોહણથી જે ખોટ પડી છે તે કદિ પુરાવાની નથી. તેમની આ આફતમાં સૌ કોઇની ઉંડા દિલની સહાનુભૂતિ છે. તેમના આ દુઃખમાં સૌ કોઇ ભાગીદારી અનુભવે છે. આ અત્યન્ત વિષમ ઘટનાને સ્વસ્થતાપૂર્વક પહોંચી વળવા જેટલું ધૈર્ય અને તાકાત તેમને પ્રાપ્ત થાય એમ સૌ કોઇ પ્રાર્થે છે. **પરમાનંદ.**

સદ્‌ગત વ્રજલાલ મેઘાણી સ્મારક

ઘાટકોપર ખાતે તા. ૧૦–૧–૪૭ શુક્રવારના રોજ સાંજના વખતે નીકળેલી સ્મશાનયાત્રામાં શ્રી. વ્રજલાલ મેઘાણીના મિત્રો, સ્નેહીઓ, સગાંઓ અને સંબંધીઓ બહુ મોટી સંખ્યામાં સામેલ થયા હતા. સ્મશાનભૂમિ ઉપર શ્રી. પરમાનંદ કુંવરજી કાપડીઆએ, શ્રી. અમૃતલાલ દલપત્તભાઇ શેઠે અને શ્રી. ચીમનલાલ પોપટલાલ શાહે ભાઇ મેઘાણીને ભાવભરી અંજલિ આપી, અને તેમના આત્માની શાન્તિ માટે પ્રાર્થના કરી અને જેણે પોતાના અત્યુત્તમ ચારિત્ર્ય અને સેવાપરાયણતા વડે અનેક લોકોને સ્નેહમુગ્ધ કર્યા છે તેવા–એક મૂક સેવક–ભાઇ મેઘાણીનાં–તેમના જીવનધ્યેય અને ભાવનાને અનુરૂપ–સ્મારકનો વિચાર કરવા વિનંતિ કરવામાં આવી. આ વિનંતિના પ્રત્યુત્તર રૂપે ત્યાંને ત્યાં જ નીચેના સાત ભાઇઓની એક સ્મારક સમિતિ નીમવામાં આવી અને પ્રસ્તુત સ્મારકમાં જે કાંઇ નાણાં એકઠાં થાય તેમાંથી ઘાટકોપર ખાતે અથવા તો ઉપર જણાવેલ સમિતિને યોગ્ય લાગે ત્યાં અને તેવી રીતે ભાઇ મેઘાણીનું સ્મારક ઉભું કરવાની તે સમિતિને સત્તા આપવામાં આવી. પ્રસ્તુત સમિતિના સભ્યોની યાદી નીચે મુજબ છે.

શ્રી. અમૃતલાલ દલપત્તભાઇ શેઠ શ્રી. ચત્રભુજ સુંદરજી દોશી
,, બાપાલાલ રામચંદ ગાંધી ,, દુર્લભજી કેશવજી ખેતાણી
,, વાડીલાલ ચત્રભૂજ ગાંધી ,, પરમાનંદ કુંવરજી કાપડીઆ
,, ન્યાલચંદ મૂળચંદ શેઠ

અને એજ વખતે ત્યાં ને ત્યાં ભાઇ મેઘાણીના સ્મારકમાં રૂ ૨૫૦૦૦ ઉપર રકમ ભરાઇ ગઇ. આ સ્મારકનો ફાળો ચાલુ છે અને નીચે આપેલ યાદી મુજબ આજ સુધીમાં તેમાં રૂ. ૨૮૩૨૯ ની રકમ ભરાઇ ચુકી છે. શ્રી. વ્રજલાલ ધરમચંદ મેઘાણીના અનેક પ્રશંસકો છે. શ્રી. મુંબઇ જૈન યુવક સંઘના સભ્યો સાથે તો તેઓ વિશિષ્ટ સંબંધથી સંકળાયેલા છે. પ્રબુદ્ધ જૈનના ગ્રાહકોને ભાઇ મેઘાણી સુપરિચિત છે. પૂર્વ આફ્રીકાના પ્રબુદ્ધ જૈનના ગ્રાહકો ભાઇ મેઘાણીની લેખિનીથી જ પ્રબુદ્ધ જૈન પ્રત્યે આકર્ષાયેલા છે. આ સર્વે ભાઇ બહેનોને સ્વ. વ્રજલાલ મેઘાણીના સ્મારકમાં પોતાના દિલમાં સ્વાભાવિક રીતે રહેલો એટલો ફાળો સત્વર મોકલી આપવા વિનંતિ કરવામાં આવે છે. આ ફાળો શ્રી. મુંબઇ જૈન યુવક સંઘના મંત્રીઓ (૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩) જોગ મોકલી આપવાથી તેને યોગ્ય સ્થાને પહોંચાડવામાં આવશે.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ.

સ્વ. વ્રજલાલ ધરમચંદ મેઘાણી વિષે શોકપ્રસ્તાવ

તા. ૧૬–૧–૪૭ સોમવારના રોજ મળેલી શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિએ નીચે મુજબ ઠરાવ પસાર કર્યો છે:–

"શ્રી. વ્રજલાલ ધરમચંદ મેઘાણીના તા. ૧૦–૧–૪૭ શુક્રવારના રોજ મુસ્લીમ ગુંડાઓના હુમલાના પરિણામે નિપજેલ અવસાન પરત્વે શ્રી. મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિની આજ રોજ મળેલી સભા અત્યન્ત શોકની લાગણી પ્રદર્શિત કરે છે, અને શ્રી મુંબઇ જૈન યુવક સંઘની તેમણે કરેલી અનેકવિધ સેવાઓની કૃતજ્ઞતાપૂર્વક નોંધ લે છે. સંઘના તેઓ ઘણા લાંબા સમય સુધી મંત્રી હતા અને પ્રબુદ્ધ જૈન માટે તેમણે અનેક વાર્તાઓ લખી આપીને પ્રબુદ્ધ જૈનને સમૃદ્ધ બનાવ્યું હતું. ઘાટકોપરની અનેક સામાજિક પ્રવૃત્તિઓ સાથે તેઓ ગાઢપણે સંકળાયેલા હતા. તેમની નમ્રતા, સેવાતત્પરતા અને સરળતા વડે સંઘના સર્વ કાર્યકર્તાઓનાં દિલ તેમણે જીતી લીધાં હતાં તેમના અવસાનથી સંઘને તેમજ વિશાળ જનસમાજને એક કાર્યદક્ષ મૂક સેવકની જલ્દિ ન પુરાય એવી ખોટ પડી છે. તેમનાં પત્ની, બાળકો તથા અન્ય કુટુંબીજનો પ્રત્યે આ વિષમ પ્રસંગે આ સભા અંતરની સહાનુભૂતિ દાખવે છે અને તેમના પવિત્ર આત્માને પરમ શાન્તિ ઇચ્છે છે."

એક ભવ્ય આત્માનું પરલોકગમન

આજથી પંદર વર્ષ પહેલાં ડૉ. વ્રજલાલ ધરમચંદ મેઘાણી સાથે મારી ઓળખાણ થયેલી. તેમની લખેલી 'દુઃખીની દુનીયા' મારા વાંચવામાં આવી અને તેમનો પરિચય કરવા મને ઇચ્છા થઇ આવી. તેમની મને ઓળખાણ થઇ અને તેમનામાં રહેલી હૃદયસ્પર્શી માનવતાને લીધે હું તેમના તરફ ખૂબ આકર્ષાયો અને અમારો સંબંધ ઉત્તરોત્તર વધારે ને વધારે ગાઢ બનતો ચાલ્યો. આઠેક વર્ષ પહેલા મુંબઇ જૈન યુવક સંઘના બંધારણમાં કેટલાક મૌલિક ફેરફારો કરવામાં આવ્યા. જેના લીધે સંઘ એક ફિરકાનો મટીને ત્રણે ફિરકાનો અથવા તો આખા જૈન સમાજનો બન્યો અને નવા બંધારણ અનુસારની ચુંટણીમાં મંત્રી તરીકે શ્વેતાંબર વિભાગનો હું અને સ્થાનકવાસી વિભાગના ભાઇ વ્રજલાલ મેઘાણી–એમ અમો બન્ને ચુંટાયા, અને આઠ વર્ષ સુધી અમે સાથે સંઘના મંત્રી તરીકે કામ કર્યું. આને લીધે અમો એકમેકની વધારે ને વધારે નજીક આવતા ગયા. આઠ વર્ષના ગાળામાં એવું એક પણ અઠવાડીયું ગયું નહિ હોય કે જે દરમિયાન અમો બે ત્રણ વાર મળ્યા ન હોઇએ. બે ત્રણ દિવસના ગાળે સાંજને વખતે મારી પેઢી ઉપર તેઓ આવે અડધી કલાક કલાક બેસે, સાથે ચા પીઇએ અને સાધારણ રીતે દેશની, જૈન સમાજની, સંઘની અને પ્રબુદ્ધ જૈનની ચર્ચા કરીએ. મુંબઇ જૈન યુવક સંઘ કેમ આગળ વધે, અને સમાજને કેમ વધારે ને વધારે સેવા આપે, જૈન સમાજના ત્રણે ફીરકાના ભાઇઓ એકમેકનો વધારે સમીપ કેમ આવે અને ફીરકાભેદ કેમ નાબુદ થાય, તેવીજ રીતે પ્રબુદ્ધ જૈનનો કેમ વિકાસ થાય અને ફેલાવો વધે–એજ, ઘણું ખરૂં અમો ઉભયની ચર્ચા અને ચિન્તાનો વિષય બનતો. આજે પ્રબુદ્ધ જૈન એક સારી કોટિનું પત્ર ગણાય છે અને ઘણા લોકો બહુ રસથી વાંચે છે અને મુંબઇ જૈન યુવક સંઘે પણ સારી પ્રતિષ્ઠા મેળવી છે તેમાં ભાઇ મેઘાણીનો ફાળો નાનો સુનો નથી. અમો બન્ને સહમંત્રી હોવા છતાં સંઘના વહીવટની બધી જવાબદારી ઘણું ખરૂં હું જ સંભાળતો. આમ છતાં અમારી વચ્ચે કદિ પણ કોઈ બાબતમાં મતભેદ કે મનભેદ થયો નહોતો. મારી ઉપર તેમનો અનહદ પ્રેમ અને વિશ્વાસ હતો. મારામાં તેઓ હંમેશા ઉત્સાહ પ્રેરતા અને દરેક બાબતમાં પુરતો સાથ આપતા. તેઓ દિલના દરિયાવ હતા. કોઇનું પણ દુઃખ દેખીને તેમનું હૃદય કરૂણાથી ઉભરાતું અને બને તેટલા પ્રયત્ને તેનું દુઃખ દૂર કરવા તેઓ તત્પરતા દાખવતા. કંગાળો અને કચડાતા વર્ગો પ્રત્યે તેમના દિલમાં વહેતી કરૂણા તેમની અનેક વાર્તાઓમાં પ્રત્યક્ષ દેખાઇ આવે છે. ઘાટકોપરને તેમણે પોતાની જન્મભૂમિ તરીકે અપનાવેલ હતું અને ત્યાં વસતા નાના મોટા લોકો તેમની પ્રત્યે અપૂર્વ પ્રેમ અને આદરથી જોતા. કોઇ પણ સારા કામમાં તેઓ તેમની સલાહ લેતા અને ભાઇ મેઘાણી સલાહ તેમજ સાથ બને આપતા. આવા એક ઉચ્ચ કક્ષાના માનવીના કોઇ ગુંડાના હાથે નીપજેલા અવસાને ઘાટકોપરના તમામ નાગરિકોને તેમ જ મુંબઇ જૈન યુવક સંઘના સર્વ સભ્યોને સખ્ત આઘાત પહોંચાડયો છે. મેં તો એક અન્તરનો સ્નેહી અને સ્વજન જ ગુમાવ્યો છે. પરમાત્મા તેમના આત્માને જ્યાં હોય ત્યાં પુરી શાન્તિ આપે અને તેમનાં અધુરાં રહેલાં કાર્યો પુરાં કરવાની મારી જેવા અનેક ભાઇ બ્હેનોને પ્રેરણા તેમજ શક્તિ આપે એ જ પ્રાર્થના!

મણિલાલ મોકમચંદ શાહ.

સ્વ. વ્રજલાલ મેઘાણી સ્મારકના ફાળામાં ભરાયલી રકમોની યાદી

૫૦૦) શ્રી. દુર્લભજી રામચંદ ગાંધી
૫૦૦) ,, ચત્રભૂજ સુંદરજી દોશી
૧૫૦) ,, કેશવજી મોનજી ખેતાણી
૧૫૦) ,, મૂળચંદ પરષોત્તમ શેઠ
૧૫૦) ,, ચત્રભૂજ મોતીલાલ ગાંધી હ. વાડીભાઇ
૧૫૦) ,, જેચંદ કાનજી દોશી હ. હરિભાઇ
૧૦૦) ,, કમાણી બ્રધર્સ લી.
૧૦૦) ,, શેઠ અમૃતલાલ દ. શેઠ
૧૦૦) ,, મણીલાલ મોકમચંદ
૫૦) ,, ડૉ. લાલભાઇ શાહ
૫૦) ,, જાદવજી સવજી હ. ન્યાલભાઇ તથા રામજી જાદવજી
૫૦) ,, રાઘવજી ગોવિંદજી સંઘરાજકા
૫૦) ,, મણીલાલ ન. પારેખ
૩૦) ,, કેવળચંદ અ. શેઠ
૨૫) ,, એમ્બે મેટલ રીફાઇનરી
૨૫) ,, ભાઇચંદ અમુલખ
૨૫) ,, પરષોત્તમ ભ. ઘાંટલીયા
૨૫) ,, નારણદાસ ચ. નારીએલવાળા
૨૫) ,, ફુલચંદ માણેકચંદ દોશી
૨૫) ,, નગીનદાસ મા. મહેતા
૨૫) ,, મનસુખલાલ પ્રે. પારેખ
૨૫) ,, રતીલાલ જ. સંઘાણી
૨૫) ,, દ્વારકાદાસ હરીદાસ જે. પી.
૨૫) ,, રેવાશંકર મંગળજી હ. પ્રભુદાસ
૨૫) ,, નરોતમદાસ કેશવલાલ જે. પી.
૨૫) ,, વીરચંદ પાનાચંદની કું.
૨૫) ,, હરગોવિંદ રામજી
૨૫) ,, છગનલાલ વીશરામ–હા. વીઠ્ઠલદાસ
૨૫) ,, લાલચંદ કાળીદાસ મેઘાણી
૨૫) ,, જમનાદાસ જાદવજી ઉદાણી
૧૦) ,, નરભેરામ મોરારજી ઝાટકીઆ
૧૦) ,, ચુનીલાલ ઝવેરચંદ
૧૦) ,, ચીમનલાલ પોપટલાલ શાહ
૧૦) ,, મગનલાલ પોપટલાલ શાહ
૧૦) ,, ધીરજલાલ પાનાચંદ ગાંધી
૧૦) ,, ભૂપેન્દ્ર પારેખ
૧૦) ,, મણીલાલ ગુલાબચંદ શેઠ
૧૦) ,, વલ્લભજી નરભેરામ
૧૦) ,, મોનજી દામોદર
૧૦) ,, જયંતિલાલ મંગળજી ચોવટિયા
૧૦) ,, નરભેરામ હરખચંદ કોઠારી–હ. મનુભાઇ
૧૦) ,, ફુલચંદ કાળીદાસ હ. ભાઇચંદભાઇ
૧૦) ,, ટી. જી. શાહ
૧૦) ,, ચુનીલાલ કપુરચંદ પારેખ
૧૦) ,, ઉત્તમચંદ ડોસાભાઇ હરીઆ
૧૦) ,, વર્ધમાન શાહ
૧૦) ,, જાદવજી રણછોડદાસ
૧૦) ,, હરજીવન જેઠાભાઇ
૫) ,, ચીમનભાઇ ચકુભાઇ શાહ
૫) ,, નાથાલાલ મેઘાણી
૫) ,, હેમચંદ અંદરજી મેઘાણી
૫) ,, નાનાલાલ સાકરચંદ
૫) ,, ચુનીલાલ દેવચંદ ઘેલાણી
૫) ,, જે. બી. શાહ
૫) ,, વનમાળી ગણેશ
૫) ,, કાન્તીલાલ પાનાચંદ
૫) ,, ડૉ. ધીરૂભાઇ વૈદ્ય
૫) ,, કીરચંદભાઇ ગોસળીઆ
૫) ,, લાભચંદ કપુરચંદ મેઘાણી
૫) ,, ચુનીલાલ કલ્યાણજી કામદાર
૫) ,, ભાવચંદ કપુરચંદ
૨૫) ,, દલાલ ભગવાનજી પ્રાગજી
૨૫) ,, દલાલ આશારામ ગૌરીશંકર
૨૫) ,, નાનાલાલ મંગળજી
૨૫) ,, ધીરજલાલ તુરખીયા
૨૫) ,, જગજીવન દયાળ
૨૫) ,, પ્રેમચંદ પાનાચંદ ભાયાણી
૨૫) ,, ધીરજલાલ પરમાણંદ
૨૫) ,, વીરચંદ ભાવચંદ દોશી
૨૫) ,, હીંદુસ્થાની પ્રચારક દળ
૨૫) ,, અમ્રતલાલ નાગરદાસ (જે. ભગવાન)
૨૫) ,, ચત્રભૂજ વતમાળી ગોસળીયા
૨૫) ,, વસંતલાલ વ્રજલાલ ગાંધી
૨૫) ,, પોપટલાલ હ. ગાંધી
૨૫) ,, નરભેરામ માણેકચંદ ગોસળીઆ
૨૫) ,, પરમાનંદ કુંવરજી કાપડીઆ
૨૫) ,, લક્ષ્મીચંદ દોશી
૨૫) ,, દીપચંદ ત્રીભોવનદાસ શાહ
૧૧) ,, વ્રજલાલ નંદલાલ પારેખ
૧૧) ,, રતીલાલ માણેકચંદ
૧૧) ,, કપુરચંદ રૂપસીંહ દોશી
૧૧) ,, રાયચંદ ત્રીકમજી
૧૧) ,, ભાઇલાલ રાયચંદ તુરખીઆ
૧૧) ,, બચુભાઇ વૈષ્ણવ
૧૧) ,, મોતીચંદ દેવચંદ મોદી
૫) ,, મહાદેવભાઇ વૈદ્યરાજ
૫) ,, જાદવજી મહારાજ
૫) ,, પ્રેમજી નારણજી

૨૮૩૨૯)

વેશધારીઓ (પૃષ્ઠ ૧૫૪ થી ચાલુ)

ously but firmly, with the whole-hearted support of his ministers, the press and the intelligent public, the Shah has succeeded in relegating the priesthood to its legitimate position in the state. Mullah has to prove his innate worth for the sacerdotal service he presumes to offer. Putting on a Mullals' turban without the qualification for it is penalised.

(સૈકાઓ થયાં આ મુલ્લાઓ–ધર્મગુરૂઓ–જ ઇરાનના સાચા શાસનકર્તા હતા. અજ્ઞાન અને વ્હેમી પ્રજા ઉપર તેઓ જે પ્રભુત્વ ધરાવતા તેને લીધે તેઓ કોઇ પણ શાસનતંત્રના ભુક્કા ઉડાડવાને શક્તિમાન હતા. જરા જેટલા સુધારાને તેઓ નિરર્થક બનાવી શકતા. પ્રગતિ માત્ર થંભી ગઇ હતી. રેઝાશાહે પોતાના અમાત્યો, બુધ્ધિશાળી વર્ગો અને વર્તમાનપત્રોની મદદથી આ ધર્મગુરૂઓની સત્તા ઉપર નિયંત્રણ મૂકયું. ધર્મગુરૂ બનતાં પહેલાં દરેકે પોતાની પાત્રતા પુરવાર કરી આપવી જોઇએ એમ તેણે કાયદાથી ઠરાવ્યું. ગુરૂપણાનાં બાહ્ય ચિન્હ ધારણ કરવાથી કોઇ પણ માણસ ધર્મગુરૂ ન બની શકે અને જો કોઇ એ રીતે ગુરૂ બની બેસે તો કાયદાથી તેને સજા કરવાનું પણ ઉમેર્યું.)

વડોદરા–રાજ્યના દીક્ષા–પ્રતિબંધક મુસદ્દાનું આપણને અહીં સ્મરણ થાય છે. આ મુસદ્દાનો આશય અયોગ્ય માણસને માથે ધર્મગુરૂપણાનો બોજો ન આવી પડે અથવા ધર્મના પવિત્ર ક્ષેત્રમાં બોટી ધાંધલ ન થવા પામે તેટલી સાવચેતી રાખવાનો છે. છતાં એ મુસદ્દાને અંગે આજ સુધીમાં કેટલો કોલાહલ મચ્યો છે? કેટકેટલાં દંભભર્યા અભિનય ભજવાયા છે? યોગ્યતાની પરીક્ષા એ જાણે કે પ્રલયકાળનાં ભયંકર ચિન્હ હોય અને દીક્ષાનો આખો માર્ગ ઉખડી જતો હોય એમ બતાવવા કેટકેટલા કાવાદાવા થયા છે? સાધુઓ ઉપર નિયંત્રણ? સંસારત્યાગીઓ ઉપર અંકુશ? અંધશ્રદ્ધાના સિંહાસન ઉપર બેસી અજ્ઞાન અને વ્હેમી ભકતો ઉપર દોર ચલાવનારા નહાના–નહાના રાજા–મહારાજાઓ શું એ બધું મુંગે મ્હોઢે સહન કરી લે?

ઇરાનના આજના શાસક રેઝા શાહને પણ પ્રારંભમાં એવો જ કડવો અનુભવ થયો હશે. સારા નસીબે એને નિર્ભય, કાબેલ મંત્રીઓ મળી ગયા. બુધ્ધિશાળી પુરૂષો અને અગ્રગણ્ય વર્તમાનપત્રોએ એનું સમર્થન કર્યું. એટલું છતાં, ક્ષીણ બનતી–મૃત્યુના છેલ્લા દમ ખેંચતી–અંધશ્રધ્ધા અને સાધુસત્તાએ પોતાના ધારદાર પૂંછડાં નહીં પછાડયાં હોય એમ કોણ કહી શકશે?

ટાઇમ્સનો ઉપરોકત લેખક કહે છે કે "રેઝા શાહની કડક રાજનીતિને લીધે ધર્મગુરૂઓના સ્વચ્છંદ ઉપર એક સખત ફટકો પડયો. અજ્ઞાનતા–વ્હેમ–રૂઢીવશતા ઓગળતાં ચાલ્યાં. જે થોડા બુધ્ધિશાળી, સમજદાર, વિવેકી ધર્મગુરૂઓ હતા તેમણે રાજકીય સામાજીક ક્ષેત્રમાં માથું મારવાનું મૂકી દીધું. મુલ્લાંઓની નામશેષ બનતી આપખુદી ઉપર પંછી તો કોઇએ આંખમાંથી આંસુનું એક પણ ટીપું ન ઢાળ્યું."

રૂઢી, વ્હેમ અને ગતાનુગતિકતાના અંકોડા ઢીલાં થતાં, ઇરાનનો આત્મા ઉંચે ઉડયો; અંદર–અંદરના વેર શમ્યાં; ધર્મના નામે ખેલાતાં પ્રપંચો બંધ પડયા; અને હાલમાં જ ઇરાનની મુસાફરીએથી પાછા ફરેલા કવિ–સમ્રાટ રવીંદ્રનાથ ટાગોર કહે છે કે આજે ઇરાનમાં ઇસ્લામ ધર્મનું પ્રાબલ્ય હોવા છતાં, હિંદુસ્તાનના જેવા હુલ્લડ કે રમખાણનું તો કોઇને સ્વપ્ન સરખું પણ નથી આવતું.

સ્વચ્છંદી દીક્ષા પ્રવૃત્તિ ઉપર યોગ્ય અંકુશ મુકાવાથી કોઇ દીક્ષા જ નહીં લે એમ આજે આપણને કહેવામાં આવે છે. પણ એ એક ખોટી ભ્રમણા ઉભી કરવામાં આવી છે. ઇરાનનો અનુભવી લેખક કહે છે કે "આટલા અંકુશ નીચે પણ ઇરાનમાં સારા, વિદ્વાન ધર્મગુરૂઓ મળી આવે છે. તેઓ સુધારણાનો વિરોધ કરવાને બદલે પ્રજાકીય પ્રગતિના માર્ગને નિષ્કંટક બનાવવા પોતાનાથી બનતું કરે છે" તે ઉમેરે છે:–

"ઇરાન મૂળથી જ સ્વતંત્ર વિચારકોની ભૂમિ છે. ધર્મનો દુરાગ્રહ અહીં કોઇ જાણતું નથી. તે સર્વ દેશના અને સર્વ સંપ્રદાયના માણસોનું સ્વાગત કરે છે. 'અમારા દેશના અમે જ માલેક છીએ અને અમે જ રહેવાના: અમારા દેશની સંપત્તિ લૂંટવાનો કોઇને અધિકાર નથી' એ આદર્શ હંમેશા તેમની નજર આગળ તરે છે." ધર્મનો મતભેદ દૂર થતાં દેશવાસી કેટલો ઉદાર બને છે?

આર્યાવર્ત પોતાની ઉદારતા અને સહિષ્ણુતા માટે વિશ્વવિખ્યાત છે. પણ કમનસીબે તે જ દેશ આજે અનેકવિધ સંપ્રદાયો, દુરાગ્રહો અને પાખંડોને લીધે છિન્નભિન્ન બન્યો છે. અધુરામાં પુરૂં તેને એવા શાસકો સાથે પનારો પડયો છે કે જેઓ આવી ઉપાધિઓ વિષે સાવ ઉદાસીન રહી શકે છે. એટલે જ સાચા સાધુઓનાં સ્થાન આજે મ્હોટે ભાગે બનાવટી વેશધારીઓએ કબજે કરી લીધાં છે. પ્રજા પીડાય છે; પણ સરકારનું શાસનતંત્ર પોતાના પુરાણા ચીલે એજ ગતિએ ચાલ્યું જાય છે. સમાજ અને રાષ્ટ્ર પણ નિઃશ્વાસ નાખે છે, પણ અધિકારીઓ તેને સાંભળ્યા ન સાંભળ્યા કરી શકે છે. દેશની સંપત્તિ અને શકિતનો કેટલો દુર્વ્યય થઇ રહ્યો છે તે તો ભવિષ્યનો કોઇ ઇતિહાસપ્રેમી ઉકેલશે. ઇરાનની પ્રગતિનું આ પ્રકરણ વાંચતાં કોઇને પણ એવો પ્રશ્ન થશે કે 'હિંદુસ્તાનમાં રેઝા શાહ જેવો કોઇ શાસનધુરંધર પાકે તો સૌ પહેલાં તે શું કરે?'

આંધળો ક્રિયાકાંડ.

પથ્થર ગારો ને ઝાડવાં પૂજ્યાં, પૂજ્યાં પીંપળ પાન,
પૂજ્યા ઉંદરડા ગાવડી પૂજી, શ્વાનને નીયું ધાન,
હરિજન તરસ્યો જાણી,
પાયું નહિ પાવળું પાણી.

ઘૃત સુગંધી ને પુષ્પ ચડાવ્યાં, દીધાં ફળોનાં દાન,
દેવ! મંગાવીને દેગડા મોટા, દૂધે કરાવ્યાં સ્નાન,
બાલુડાના દૂધમાં પાણી,
પીડિતોની ભીડ ના જાણી!

તારે કાજે મેં તો વાઘા સિવડાવ્યા ને સોળ ધર્યાં શણગાર,
મ્હેલ સમા તારા મંદિર બાંધ્યાં, સાવ સોનાનાં દ્વાર,
ફાટયું ભંગી ગોદડું માગે,
બૈરી મારી લડવા લાગે!

તારે કાજે મેં કેશ વધાર્યા ને લીધો અજનો વેશ,
ચૂરમાં ચોળાવ્યાં ગોરમારાજોને, ના આપી ગરીબોને ધ્યેંશ.
એહું જુહું માંગવા આવે,
નોકર મારો લાત લગાવે.

ઉંટ ગધેડાને પાણી પાવા કાજે બાંધ્યા હવેડાને વાવ,
માનવ કુળને ખાસડે માર્યું, પૂછયો નહિ કંઇ ભાવ.
હરિજન ઉતરે આડો,
બિચારાનો બગડે દહાડો!

પાણામાં પેઠેલા શોધવા તુજને આંખ મીંચી ધરૂં ધ્યાન,
ઉઘાડી આંખોની સામે ઉભેલો ભાળું નહિ ભગવાન.
છતી આંખે આંધળા જેવો,
મારા જેવો કોણને કહેવો?

ગંગા નાહ્યો, ગોમતી નાહ્યો, નાહ્યો અડસઠ નીર,
હૈયું મારૂં તોયે પથ્થર પેઠે પલળ્યું નહિ લગીર.
પાકા કાળા પાણુકા જેવો,
બન્યો મહાદેવની જેવો.

દેવકૃષ્ણ પીતાંબર જોષી.

અહિંસક અર્થશાસ્ત્ર

(શ્રી વિનોબા ભાવેના એક પ્રવચનના આધારે)

હું હરેક વાતમાં ગણિતને અનુસરીને ચાલનારો છું, છતાં કેટલીક બાબતોમાં હું ગણિતના સિદ્ધાંત અને શબ્દપ્રયોગને કોરે મુકી દેવામાં માનું છું. અને તેથી ક્રમશઃ 'ધીરે ધીરે' એવા શબ્દોના પ્રયોગ મને બહુ ગમતા નથી. કેટલીક બાબતોમાં તો મૂળથી કુહાડો મારવો જોઇએ. હું મારા જીવનમાં પણ આમ જ કરતો આવ્યો છું. ૧૯૨૬ માં મેં ધર છોડયું. જ્યારે ધર છોડયું, ત્યારે ઇન્ટરમાં ભણતો હતો. ઘણા મિત્રોએ કહ્યું કે હવે બે વર્ષ વધુ ભણીને બી. એ થઇ જા; પણ મેં બધાને કહ્યું કે મારી વિચાર કરવાની એ રીત નથી. ઘર છોડવા પહેલાં હું પાસ થવાને લગતાં બધાં સર્ટિફિકેટો બાળવા બેઠો હતો. અને એક પછી એક ચુલામાં નાખ્યે જતો હતો. મારી માએ પુછ્યું: 'અરે આ શું કરે છે?' મેં કહ્યું, 'સર્ટિફિકેટ બાળું છું.' 'શા માટે?' મેં જવાબ આપ્યો 'મારે હવે તેની શી જરૂરત?' માએ કહ્યું: 'અરે, જરૂરત ન હોય તો પડયાં રહે તેમાં શું વાંધો છે? બાળે છે શા માટે?' 'પડયાં રહે તો શું વાંધો?' એ શબ્દોમાં એવી વૃત્તિ છુપાયેલી છે કે કદાચ તેનો ઉપયોગ કરવાની જરૂર પડે તો? મને આ વાતની બાદ ચાર સાલ પહેલાં આવી. સરકારે મેટ્રીક પાસ થયેલાને મતદાનનો અધિકાર આપ્યો. મને આ અધિકાર મળી શકે, પણ મારી પાસે સર્ટિફિકેટ કયાં છે? એકાદ રૂપીઓ ભરીને તેની નકલ કદાચ મેળવી શકું. પણ મને થયું કે આ સર્ટિફિકેટનું મારે શું કામ છે? ૪૦ કરોડ માંથી માત્ર ૪ કરોડને મતદાનનો અધિકાર મળ્યો છે. બાકી ૩૬ કરોડને ન મળ્યો. તો હું તેમની સાથે કેમ ન રહું? અને એક વાર જ્યાંથી પીઠ ફેરવી, ત્યાં પાછા શું જવું?

મને મરાઠાઓના ઇતિહાસની એક કથા યાદ આવે છે. મરાઠા સૈન્ય દોરડાની મદદથી સિંહગઢ ઉપર ચડી ગયું અને મોગલ સેના પાસેથી તેનો કબજો લીધો. પણ લડાઇમાં શૂરવીર તાનાજી માર્યો ગયો. તે માર્યો જવાથી મરાઠાની સેના હિમ્મત હારીને ભાગવા લાગી અને જે દોરડાની મદદથી તે ઉપર ચડી આવી હતી તેના વડે જ નીચે ઉતરી જવાનો તેણે ઇરાદો કર્યો, એટલે તાનાજીના નાનાભાઇ સૂર્યાજીએ તલવારથી એ દોરડાને કાપી નાંખ્યું. અને બૂમ પાડીને કહ્યું: 'વીરો, ભાગવાનું નામ ન લ્યો. એ દોરડાને તો પહેલેથી કાપી નાંખ્યું છે. આથી જ્યારે મરાઠાઓએ જાણ્યું કે લડશું કે ભાગશું પણ મરવાનું તો છે જ. એટલે ફરી હિંમતથી લડયા અને સિંહગઢ હાથ કર્યો. આમ જે દોરડું કાપવાની નીતિ છે તેનો જીવનમાં ઘણીવાર ઉપયોગ કરવો પડે છે. આમ હોવાથી મારા વિચારો ઘણાને અવ્યવહારૂ લાગે છે. તેઓ કહે છે: 'તમારા વિચારો તો ઉમદા છે, પણ તમે સો વર્ષ પછી પેદા થવા જોઇતા હતા. આજનો સમાજ તમારા વિચારોનો અમલ કરી નહિ શકે,' ત્યારે બીજાઓ કેટલાકને મારા વિચારો પાંચ સૈકા જેટલા જુના લાગે છે. તેઓ કહે છે કે સાધુ સંતોનું સાહિત્ય વાંચી વાંચીને મારૂં મગજ કેવળ ભક્તાનું બની ગયું છે. તેથી આજના સમાજને તે ઉપયોગી નથી.

સાચી નીતિ અને સાચું અર્થશાસ્ત્ર એક વસ્તુ છે, અને સામ્યવાદ જે કરવા ચાહે છે, તેથી વધુનો તેમાં સમાવેશ છે, એ ઘણા સમજતા નથી. હાલતાં ચાલતાં આપણે ગરીબોનો જે છળ કરીએ છીએ તે વિષે સામાજિક જાગૃતિ આપણે ત્યાં આવી નથી. દાખલા તરીકે વર્ધામાં રાત્રે આંધી આવી. તેથી રાત્રે ધરૂી કેરીઓ પડી ગઇ. તેથી ચિંતાતુર કેરીવાળા આ કેરી વીણીને વેચવા આવી, અને સાધારણ રીતે આઠ આને ડઝન વાળી કેરી ચાર આને ડઝન તે આપવા માંગે છે. તોય આપણા બાદીવાળા સુદ્ધાં કેરીવાળીને વેચવાની ગરજ કહે છે કે બે આને આપ, બહુ રકઝક કર્યા પછી બિચારી લાચાર કેરીવાળી બે આને આપીને ખિન્ન મને ઘેર જાય છે જ્યારે ખરીદનાર રાજી થાય છે કે કેરી હીક સસ્તે ભાવે મળી. આ ઉત્પન્ન માર્ગનું આંધળું અર્થશાસ્ત્ર કેટલું હિંસક અને કાતિલ છે, તેની આપણને પૂરી સમજ નથી. આ અર્થશાસ્ત્રમાંથી હિંસક યુદ્ધો ન પરિણામે તો શું પરિણમે? જો આપણું જ મન જાગ્રત હોત તો કહેત કે 'મા! તારી કેરીની કિંમત આઠ આને ડઝન છે પણ મારે અર્ધો ડઝન કેરી જ જોઇએ છે. એટલે લે આ ચાર આના અને મને છ કેરી આપ'. પણ સમજુ કહેવાતા માણસો પણ આજે આમ નથી કરતા.

બીજો દાખલો લઇએ. ગામડાથી છાણાં કે લાકડાની ભારી લઇને ભારીવાળી ગામમાં વેચવા આવે છે. લોકો ભાવની રકઝક કરીને કહે છે કે તેને રાહ જોવા દો એટલે ઠેકાણે આવશે. એટલે સાંજ પડે એટલે સવાર કરતાં પણ સસ્તે ભાવે માંગે છે, અને રખડી રઝળીને થાકી ભારીવાળી ભારીનો બોજ ઉપાડીને પાછી પોતાને ગામ જવાને બદલે ઓછે પૈસે વેચી નાખવાનું પસંદ કરે છે. લેનાર કહે છે કે આપણે ફાવ્યા. પણ વેચનારી ગરીબ બાઇ તો પોતાને ઘેર દુઃખી દિલે પહોંચે છે.

આમ આજનું અર્થશાસ્ત્ર એ લડાઇનું અર્થશાસ્ત્ર છે, પ્રેમનું નહિ. લેનાર એમ જાણે છે કે વેચનાર મને ફસાવવા બેઠો છે અને વેચનાર એમ જાણે છે કે લેનાર પાસેથી એ સાધન બને તેટલું વધુ ખેંચીને લેવું, અને ઓછામાં ઓછા પૈસા આપીને વસ્તુ લાવનાર એ ચતુર ગણાય છે. પણ હજી આપણને નથી સમજાયું કે પૈસા સાધન છે. આ નહિ સમજાય ત્યાં સુધી ગાંધીજીની વાત નહિ સમજાય, અને અહિંસાનો મર્મ પણ નહિ સમજાય.

વસ્તુ માત્રનો ભાવ લેના ઉપર અવલંબેલી મજુરીથી આંકાવો જોઇએ. અને દરેકને મજુરીની પૂરી કિંમત મળવી જોઇએ. ઝાઝા મજુરો ઝાઝો પરિશ્રમ કરીને ઝાઝી વસ્તુ બનાવે એટલે એ વસ્તુઓની કિંમત ઘટે તો સરવાળે મજુરોને નુકશાન છે, અને મજુરોને નુકશાન થવાથી તેમની ખરીદશક્તિ ઘટે છે, અને પરિણામે સારા સમાજના વેપારને નુકશાન થાય છે. એક કુંભારણ તમને ઘડો બે પૈસે વેચવા કરે તો તમારે તુરત કહેવું જોઇએ કે તને આ બનાવતાં જે સમય લાગ્યો છે તે જોતાં તને બે આના આપવા જોઇએ.

ઠગાઇને વધુ આપવું એક વાત છે, અને બીજાની ગરજનો લાભ ન લેતાં તેને વાજબી દામ આપવા એ બીજી વસ્તુ છે. એકમાં વિરોધનો સંબંધ બંધાય છે, બીજામાં આત્મીયતા–પ્રેમ-સંબંધ કેળવાય છે.

મજૂરોને પૂરી મજૂરી આપવી એ જ સમાજવાદ અથવા સામ્યવાદના હિંસક વાવાઝોડા સામેનો એક માત્ર અહિંસક ઉપાય છે. મેં ખેરની ખાદી યાત્રા વખતે મહાત્મા ગાંધીજીની હાજરીમાં વેદનો એક મંત્ર ઉચ્ચાર્યો હતો કે જેના શબ્દોમાં જણાવવામાં આવ્યું છે કે જે ધનિક પોતાની આજુબાજુના લોકોની પરવા કર્યા વગર ધન એકઠું કરે છે, તે અંતે ધન પ્રાપ્ત કરવાને બદલે પોતાનો 'વધ' પ્રાપ્ત કરે છે.

'પુસ્તકાલય'માંથી સાભાર ઉધ્ધૃત.

કબીરવાણી

સુખી સબ સંસારમે ખાવે ઔર સોવે;
દુખીયા દાસ કબીર ગાવે ઔર રોવે.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાનઃ સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવકસંઘનું માસિક મુખપત્ર Regd No. B. 4266.

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૮
અંક : ૧૬

મુંબઈ: ૧ ફેબ્રુઆરી ૧૯૪૭ શનિવાર.

લવાજમ
રૂપિયા ૪

સંહારના સ્વામીને!

(મુંબઈ ખાતે તા. ૧૯-૧-૪૭ ના રોજ મળેલી સદ્‌ગત વ્રજલાલ મેઘાણીને લગતી શોકસભામાં શ્રી ઝવેરચંદ મેઘાણીએ સંભળાવેલું સ્વરચિત પ્રાર્થનાગીત.)

હળવા હળવા લોચન ખોલો!
ધીમા ધીમા લોચન ખોલો રે!
સંહારના સ્વામી! થોડા ડોલનો હો જી!
ભસ્મરથી ભૂકમ્પોને ઘેરવો હો જી!
દેવા! પાંપણુને સૂપડલે,
સ્વામી! પાંપણુને સૂપડલે રે
સોજો ધરતીનાં કસ્તર ઝાટકી હો જી!
મીટું માં માંડો માલિક! ત્રાજવાં હો જી!
ત્રણે ખંડોને દ્યો તોળી,
ચંદ્ર બ્રહ્માંડોને તોળી રે,
સાંધણ નવ રાખો એકે વાલનાં હો જી!
દૃગ રે ટાઢી ને હેમાળે ભરી હો જી!
દીઠે દાવાનળ ચેતાવ્યા,
ચોગમ હૂતાશન ચેતાવ્યા,
સળગ્યા સિંધુ ને સળગ્યાં સાયરાં હો જી!
માથે વિંટાળ્યા ધણીએ રાફડા હો જી!
ભીતર ભોરીંગો પુંફાડે.
કાળા વાસંગી પુંફાડે રે,
ભાગ્યા વાદી ને ભાગ્યા ગારૂડી હો જી!
ભીડી પલાંઠી અવધૂ બેસિયા હો જી!
એનો અણચલ છે યોગાસન,
એનાં મૂંગાં મૂંગાં શાસન રે,
શબ્દ વિણ હાકમ! સત્તા હાલતી હો જી!
કેને નૈ મેલ્યા કેને મેલશે હો જી?
સ્વામી સૌનાં લેખાં લેશે,
વારા ફરતી લેખાં લેશે રે,
ખાતાં સૌ સૌનાં ખતવી રાખજો હો જી!
સંહારના સ્વામી! તારો વાંક શો હો જી!
તમને ઢંઢોળી જગાડ્યા,
ઘૂણો ધ્રોડી જગાડ્યાં રે,
જગવણહારાને જીગતે ઝાલજો હો જી.
સંહારના સ્વામી! તુને વંદના હો જી!
તું છો શિવ અને છો સુંદર,
તું છો સત્ય અને છો મંગળ રે,
આખર તો એવાં રૂપે રાજજો હો જી!

ઝવેરચંદ મેઘાણી.

વ્રજલાલ મેઘાણીને।

(ઘાટકોપર ખાતે મળેલી સદ્‌ગત વ્રજલાલ મેઘાણીને લગતી શોકસભામાં પંડિત ભાવજી દામજીએ સંભળાવેલું ભાઇ મેઘાણીનાં ૫૧ વર્ષને સૂચવતું ૫૧ પંક્તિઓનું આત્મસંવેદન)

મેઘાણી તેં દીન દુઃખીતણાં દુઃખ કાપ્યાં ઘણાય,
તેથી તારૂં અમર જગમાં નામ આજે ગણાય;
સર્વે સ્નેહી જન ગણુ તણો કારમો સ્નેહ જાણી,
તું સૂતો છે જીવનભરની સોડને આજ તાણી.
નાનાં બાળો મહિં કદિ બન્યો બાળ મેઘાણી તું તો,
યુવાનોમાં યુવક સમતા ધારી મેઘાણી તેં તો;
હિંદુને કે યવન જનને ચાહતો સ્નેહભાવે,
સેવામાં તું કદિ ન વરત્યો જન્મથી ભેદભાવે.
તારા મંત્રો યુવકજનતા પ્રેમથી રે વધાવે,
તારા તંત્રો નિયમિતપણું સર્વથા રે બતાવે;
આજે તેં તો અધવચ મુકયા કામ શે એ પૂરાય?
રે મેઘાણી! કદિ નહિ અહિં ખોટ તારી પૂરાય.
મેઘાણી તેં જીવનભરની મિત્રતા આચરી'તી,
મેઘાણી તેં જીવનભરની દિવ્યતા પાથરીતી;
મેઘાણી તેં લઘુવય છતાં યોગ તારો સુહાવ્યો,
મેઘાણી તેં જીવન જીવીને વંશ તારો દીપાવ્યો.
આપ્યો'તો તેં ગરીબજનના ઝુંપડાનો ચીતાર,
વાંચે ત્યારે કંઈક દીલના થાય ઉંચા જ તાર;
જ્યારે જોઇ ઋષિગણુતણી દુર્દશા તેં અકારી,
કીધા યત્નો બનતી રીતથી ને દશા તેં સુધારી.
આજે તારૂં સ્મરણ કરશે ન્યાલભાઇ જરૂર,
આજે તારૂં સ્મરણ કરશે શ્રી હરિભાઇ ઉર;
આજે તારૂં સ્મરણ કરશે શ્રી ઢલીચંદભાઈ,
જોશે કયાંથી વિમળ મુખડું શ્રી ચતુર્ભુજભાઇ?
બંધુ બંધુ કહી સમરશે 'શ્રી પ્રભુજી' * હમેશ,
બાપુ બાપુ કહી સમરશે શ્રી સવિતા હમેશ;
ભાઇ ભાઇ કહી સમરશે પુત્ર નાનો કદાપિ,
છે ના તારૂં વિમળ મુખડું દેખવાનું તથાપિ.
તારા લેખો વિણ રહી જશે જૈન કેરી કટારો,
રોજે રોજે યુવકગણુમાં મારતો તું લટારો;
આવ્યું જે જે મન મહિ વસ્યું તે પ્રકાશ્યું ત્વરિત,
સેવાભાવી જનગણુતણી હોય છે એ જ રીત.
તારા જેવો વિમળ મતિનો બંધુ આજે મળે ના,
તારા જેવો લઘુવય છતાં કર્મયોગી મળે ના;
તારા જેવો જગતભરમાં મિત્ર શોધ્યો જડે ના,
તારા જેવો પરગજુ અહા! માનવી રે જડે ના.
શી રીતે હું વિસરૂં તુજને મિત્ર મારા સદાના?
શી રીતે હું વિસરૂં તુજને ધર્મબંધુ સમાના?

* મેઘાણીના લઘુબંધુ.

સ્વ. ડૉ. વ્રજલાલ ધરમચંદ મેઘાણીને આદર અંજલિ

શોક સભાઓ

તા. ૧૯-૧-૪૭ ના રોજ સવારનાં સાડા આઠ વાગે ઘાટકોપર ખાતે શ્રી અમૃતલાલ દલપતભાઇ શેઠના પ્રમુખપણા નીચે સદ્‌ગત ડૉ. વ્રજલાલ ધરમચંદ મેઘાણીના અવસાન પરત્વે શોક પ્રદર્શિત કરવા માટે ઘાટકોપરની જનતાની જાહેરસભા મળી હતી. આ પ્રસંગે પોતાના પિત્રાઇ ભાઇ ડૉ. વ્રજલાલ મેઘાણીનાં કુટુંબી જનોને આશ્વાસન આપવાના હેતુથી ઘાટકોપર આવેલા શ્રી ઝવેરચંદ મેઘાણી પણ હાજર હતા. સદ્‌ગત વિષે શ્રી. ચીમનલાલ પોપટલાલ શાહ, શ્રી. ન્યાલચંદ મૂળચંદ, શ્રી. ઝવેરચંદ મેઘાણી, પ્રમુખસ્થાનેથી શ્રી. અમૃતલાલ દલપતભાઇ શેઠ તેમ જ અન્ય વક્તાઓએ ડૉ. મેઘાણીને બહુ ભાવભરી અંજલિ આપી હતી. પંડિત માવજી દામજી શાહે ડૉ. મેઘાણીને સંબોધીને રચેલું એક મર્મવેધક કાવ્ય સંભળાવ્યું હતું, જે આ અંકમાં અન્યત્ર પ્રગટ કરવામાં આવ્યું છે. આપણા જાહેર જીવનમાં શોકસભા એક સર્વસાધારણ ઘટના છે. આવી શોકસભાઓ સાધારણ રીતે ઔપચારિક હોય છે. પણ આ શોક-સભા તો વાસ્તવિક અર્થમાં શોકસભા હતી. આ સભામાં ઘેરી ખિન્નતાનું વાતાવરણ અનુભવગોચર થતું હતું. હૃદયના ઉંડાણને કોરી રહેલી વેદના વક્તાઓના ઉદ્‌ગારોમાં અને શ્રોતાઓની મુખમુદ્રા ઉપર અંકિત થયેલી જોવામાં આવતી હતી. કેટલાકની આંખોમાંથી આંસુઓ ટપકી રહ્યાં હતાં. શ્રી ઝવેરચંદ મેઘાણીના હૃદયસ્પર્શી વક્તવ્યે આખી સભાના દિલને હચમચાવી મુંઝ્યું હતું. આ અશ્રુભીની સભાએ નીચે જણાવેલા પ્રસંગોચિત બે ઠરાવો પસાર કર્યા હતા.

(૧)

"ઘાટકોપરનાં શહેરીઓની આ જાહેરસભા અહીંનાં સેવાભાવી અને અગ્રણી શહેરી ડૉ. વ્રજલાલ ધરમચંદ મેઘાણીનાં મુંબઇની સુધરાઇની ફરજ બજાવતાં, કોઇ ગુંડાને હાથે થયેલ અકાળ અને દુઃખજનક અવસાન પ્રત્યે પોતાનો ઉંડો શોક વ્યક્ત કરે છે. ડૉ. વ્રજલાલ ધરમચંદ મેઘાણી ઘાટકોપરનાં જાહેર જીવનમાં ઓતપ્રોત થઇ ગયા હતા અને તેમનાં અવસાનથી આપણને ન પુરી શકાય તેવી ખોટ પડી છે. ઘાટકોપરની કેળવણી-વિષયક, સંસ્કારલક્ષી અને વૈદ્યકીય-રાહતને લગતી હરકોઇ પ્રવૃત્તિમાં ડૉ. મેઘાણી મોખરે રહેતા. એમની વિચારસરણી પ્રગતિશીલ હતી અને પોતાનાં વિચારો હિંમતપૂર્વક વ્યક્ત કરવાની તેમને શ્રદ્ધા હતી. આજે ડૉ. મેઘાણી જેવા શાંત, નિર્ભીક અને પ્રેમાળ કાર્યકરની ખોટ ન પૂરી શકાય તેવી છે. ડૉ. મેઘાણીનાં અકાળ અવસાનથી તેમનાં કુટુંબને પડેલ ખોટ પ્રત્યે આ સભા હાર્દિક દિલસોજી દર્શાવે છે. આજે ડૉ. મેઘાણીનાં મિત્રો અને શુભેચ્છકોએ તેમનું સુયોગ્ય સ્મારક કરવાની જે શરૂઆત કરી છે તેને આ જાહેરસભા હાર્દિક આવકાર આપે છે. આ સ્મારક કાર્યને મુંબઇ અને બૃહદ્‌ મુંબઇની જનતા અપનાવી લેશે એવી શ્રદ્ધા આ સભા વ્યક્ત કરે છે. સ્વ. ડૉ. વ્રજલાલ ધરમચંદ મેઘાણીનાં આત્માને આ સભા શાંતિ વાંચ્છે છે."

(૨)

ઘાટકોપરના શહેરીઓની આ જાહેરસભા સ્વ. ડૉ. વ્રજલાલ ધરમચંદ મેઘાણીનાં અકાળ અવસાન પ્રત્યે શોક વ્યક્ત કરવા અહીં એકત્ર થઇ છે, ત્યારે તેને લાગે છે કે ડૉ. મેઘાણી અત્યારના કટોકટીના સમયમાં મુંબઇની મ્યુનિસિપાલિટીની નોકરી કરતાં કરતાં મૃત્યુને ભેટયા છે, એટલે મુંબઇની પ્રગતિશીલ સુધરાઇ સ્વ. ડૉ. મેઘાણીની ઉચ્ચ કોટીની તેમજ હિંમતપૂર્વકની સેવાઓની કદરમાં યોગ્ય વળતર આપશે અને તેમની યોગ્ય વાહગીરી ઉભી કરશે. સ્વ. ડૉ. મેઘાણીએ સુધરાઇ તેમજ પોતાની કાળજી નીચે મુકાયેલાં માણસોની જે અનુપમ સેવા કરી છે તેની આ પ્રમાણે યોગ્ય કદર કરીને સુધરાઇ પોતાના નોકરોમાં વફાદારીની સવિશેષ ભાવના જગાવશે એવી આશા છે."

આવી જ બીજી શોકસભા એજ દિવસે મુંબઇ ખાતે શ્રી મુંબઇ જૈન યુવક સંઘ અને જૈન શ્વેતાંબર સ્થાનકવાસી કોન્ફરન્સના આશ્રય નીચે શેઠ મેઘજી થોભણ જૈન સ્થાનકમાં ભરવામાં આવી હતી. આ સભામાં પણ શ્રી અમૃતલાલ દલપતભાઇ શેઠ પ્રમુખસ્થાન લેવાના હતા પણ ઘાટકોપરથી આવવામાં વિલંબ થવાથી તેમના બદલે શ્રી કેદારનાથજી (જેઓ ગાંધી વર્તુલમાં 'નાથજી' એવા ટુંકા નામથી બહુ જાણીતા છે) એ પ્રમુખસ્થાન શોભાવ્યું હતું. આ પ્રસંગને યોગ્ય શોકપ્રસ્તાવ રજુ કરતાં **શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહે** ડૉ. મેઘાણીને નીચે મુજબની અંજલિ આપી હતી:—

"ડૉ. મેઘાણીના અકાળ અને કરૂણ મૃત્યુથી તેમના કુટુંબીજનોને જ નહિ પણ આપણને સૌને ઉંડો આઘાત થાય એ સ્વાભાવિક છે. આ મૃત્યુ જેટલું કરૂણ છે તેટલું જ એક રીતે ધન્ય છે. તે તો પોતાની ફરજ બજાવતા ગયા અને આપણને બોધપાઠ આપી ગયા. દેશમાં કોમી હુતાશનનો જે દાવાનળ સળગ્યો છે તે આવા કેટલાય નિર્દોષ ભોગ લેશે. ડૉ. મેઘાણીનો ભોગ એક બત્રીસ લક્ષણા પુરૂષનો ભોગ છે. આવા નિર્દોષ ભોગ વૃથા નહિ જાય એટલી શ્રદ્ધા આપણને હોવી જોઇએ.

"ડૉ. મેઘાણી માટે આપણને સૌને પ્રેમ હતો કારણ કે તેમનામાં સૌને માટે પ્રેમ હતો. તેઓ કોઇ મહાન પરાક્રમી કે ધનાઢ્ય ન હતા, છતાં આટલો મોટો સમુદાય તેમના અવસાનનો આઘાત અનુભવે છે, કારણ કે તેમણે પોતાના સ્વભાવની મીઠાશ અને સુવાસ સર્વત્ર ફેલાવી હતી. તેમનામાં માનવપ્રેમ, દયા અને કરૂણાનો સ્રોત અખંડ વહેતો હતો. માણસના દુઃખ, ઉંડી રીતે વિચારીએ તો, ૭૫ ટકા પોતે પોતાના સ્વભાવથી, સ્વાર્થલોભ, અજ્ઞાન અથવા જડતાથી ઉત્પન્ન કરેલ છે. અજ્ઞાન અને જડતાને લીધે વિના કારણ, અને સ્વાર્થ અને લોભથી પ્રેરાઇને આપણે બીજાઓને કેટલું દુઃખ આપીએ છીએ તેનો વિચાર કરીએ તો ખ્યાલ આવે કે આ દુઃખો કોઇ કુદરતી નથી, પણ માનવપ્રેરિત છે. દરેક વ્યક્તિ એટલો જ નિર્ણય કરે કે પોતે વિચાર વાણી કે વર્તનથી કોઇને દુઃખ ન આપવું અને બીજાનું દુઃખ ઓછું કરવા પોતાથી બનતા પ્રયત્નો કરવા તો માનવજાતનું ૭૫ ટકા દુઃખ ઓછું થાય. દરેક મહાત્મા ગાંધી કે જવાહરલાલ નેહરૂ થઇ શકતા નથી, પણ પોતાના નાના ક્ષેત્રમાં દરેક વ્યક્તિ જરૂર સુવાસ ફેલાવી શકે છે. ભાઇ મેઘાણીમાં આ ગુણ હતો તેમણે કોઇ દિવસ કોઇનું બુરું કર્યું નથી, વાંછ્યું પણ નથી અને સતત બીજાઓનાં દુઃખદર્દોમાં કરવા પોતાની શક્તિ મુજબ પ્રયત્નો કર્યા છે.

શી રીતે હું વિસરૂં તુજને દર્દને ટાળનારા?
શી રીતે હું વિસરૂં તુજને કૈકના પાળનારા?
તારો જન્માન્તરમહિ હશે કોઇ શત્રુ જરૂર,
જેણે તારા શરીર ઉપરે ઘા કર્યો છેક ક્રૂર,
જાલી મોએ કપટ કરીને વેર કીધું વસૂલ,
તે નીચોના દિલમહિં અરે કેમ રે નાવ્યું શૂળ?
તારા વિના દમ જગતમાં કોણ આજે મટાડે?
તારા વિના દરદીજનને કોણ શાંતિ પમાડે?
તારી સેવા સકળજનતા પામતી સર્વકાળે,
મેઘાણી તું સ્વજન તજીને કયાં ગયો રે અકાળે?
મેઘાણીનું જીવન શિખવે છે બધાએ જવાનું,
મેઘાણીનું જીવન શિખવે ધર્મને ધારવાનું,
કર્તવ્યોના પથપર રહી કર્મયોગી થવાનું.

પંડિત માવજી દામજી

"દરેકની શક્તિ એક જાતની નથી હોતી. ભાઇ મેઘાણી મોટા કર્મવીર ન હતા, પણ કુદરતે એક બક્ષીસ તેમને આપી હતી તે તેમની કલમ. તેમનું અન્તરનું દર્દ તે વાટે વહ્યું હતું. તેમણે જ્યાં જ્યાં દુઃખ દર્દ અનુભવ્યું તેના નિવારણ અર્થે અને સમાજનો આત્મા જાગ્રત કરવા પોતાની કલમ ચલાવી. સાક્ષરતા બતાવવા કે કળાને ખાતર તેમણે એક શબ્દ પણ લખ્યો નથી, પણ પોતાના અંતરમાં જે માનવપ્રેમ અને કરૂણા વહેતાં હતાં તેણે તેમની કલમને વહેતી કરી, હજારોનાં અંતર દ્રવતાં કર્યાં હતાં.

"માણસો અમર થવાને કાંઇક ફાંફા મારે છે. ધનાઢ્યો પોતાના પૈસાથી, સત્તાશાળી પોતાના કીર્તિસ્તંભો રચાવીને, મહાત્વાકાંક્ષીઓ બીજી અનેક રીતે અમર થવા પ્રયત્ન કરે છે, સાચો અમર એ થાય છે જે બીજાનાં અંતરમાં પોતાનું સ્થાન મેળવે છે. ભાઇ મેઘાણીએ હજારોનાં અંતરમાં એવું સ્થાન પ્રાપ્ત કર્યું છે તે આજે અમર પડે છે. તેમની મૂક સેવાની આજે સાચી કદર થાય છે. તેમના જેવાં પ્રમાણમાં નાના ક્ષેત્રમાં વિચરતી એક વ્યક્તિ માટે સ્મશાનમાં જ ૨૫-૩૦ હજાર જેટલી રકમ સ્મારક માટે એકઠી થાય, અનેક શોકસભાઓ યોજાય, હજારો માણસો તેમના મૃત્યુનો આઘાત અનુભવે તે બતાવે છે કે તેમણે સૌના અંતરમાં કેટલું ચિરંજીવ સ્થાન પ્રાપ્ત કર્યું છે. તે નથી કોઇ પૈસાથી, સત્તાથી કે કોઇ વિશિષ્ટ શક્તિથી પણ તે હતું માત્ર તેમનામાં રહેલ માનવપ્રેમ અને કરૂણાને લીધે. તેમના જીવનનો આપણને આ સંદેશ છે. તેમના મૃત્યુનો આ બોધપાઠ છે. ઇશ્વર તેમના આત્માને ચિરંજીવ શાન્તિ આપે એવી આપણા સૌની પ્રાર્થના છે!" ત્યાર બાદ શ્રી મણિલાલ મોકમચંદ શાહ, પરમાનંદ કુંવરજી કાપડીઆ, ચુનીલાલ કામદાર, શ્રી ઝવેરચંદ મેઘાણી, મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ, મણિલાલ જેમલ શેઠ આદિ ગૃહસ્થોએ પ્રસંગોચિત વિવેચનો કર્યાં હતાં. આ પ્રસંગે સ્વામી આનંદ તેમ જ વીરચંદ પાનાચંદ શાહના સંદેશાઓ વાંચી સંભળાવવામાં આવ્યા હતા અને છેવટે પ્રમુખસ્થાનેથી **શ્રી કેદારનાથજીએ** નીચે મુજબ ઉપસંહાર કર્યો હતો :—

"ડૉ. મેઘાણી સાથેનો મારો પરિચય બહુ અલ્પ હતો. પ્રબુદ્ધ જૈનમાં એમના લેખો અને વાર્તાઓ પ્રગટ થતી હતી તે હું વાંચતો હતો. 'આળાં હૈયાં' એ નામનું એમનું પુસ્તક મેં વાંચ્યું છે. એમના લેખો ઉપરથી એમના મનનું અને વિચારોનું સ્પષ્ટ દર્શન થાય છે. એમની સાહિત્ય ઉપાસના કેવી હતી એ વિષયમાં અહિં અન્ય વક્તાઓએ જે કાંઇ કહ્યું છે તે સર્વ મને માન્ય છે. હું માનું છું કે તેઓ માનવતાના એક મોટા ઉપાસક હતા. એમણે સાહિત્ય માટે કલમ હાથ ધરી નહોતી, પણ માનવતાને માટે તેમની કલમ ચાલતી હતી. એમનું જીવન સેવામય હતું. દુઃખી અન્યાયપીડિત માણસો તરફ એમની કરૂણ દ્રષ્ટિ દોડતી હતી. ડાકટરી કામ તેઓ પૈસા માટે નહોતા કરતા, પણ જનસેવાની દૃષ્ટિથી જ કરતા હતા. એ કામ કરતાં કરતાં-રોજની નોકરી બજાવતાં બજાવતાં-તેમનો દેહાન્ત થયો છે. એમના મૃત્યુમાં કેટલું ગાંભીર્ય ભર્યું છે, કેટલો અર્થ ભર્યો છે, એમના મૃત્યુએ કેટલો મહત્વપૂર્ણ પ્રશ્ન આપણી સામે ઉપસ્થિત કર્યો છે અને હૃદયને હચમચાવી મૂકીને આપણને કેવા જાગૃત કર્યા છે એનું વર્ણન શ્રી. ઝવેરચંદ મેઘાણીએ તથા શ્રી. અમૃતલાલ શેઠે હમણાં જે કાંઇ કર્યું છે તેમાં હું કશો વધારો કરી શકું તેમ નથી. આજની સભા કેવળ શોકસભા હોવાથી એ બે ભાઇઓએ આ ગંભીર તેમ જ દુઃખદ ઘટનાની બાબતમાં પોતાના ભાષણમાં મર્યાદા જાળવીને જે સંયમ દાખવ્યો છે અને મૃત્યુનું કારણ તેમ જ તેનો ઉપાય-યોજના વગેરે બાબતો વિષે એમણે જે મૌન ધારણ કર્યું છે તે મને બરોબર યોગ્ય અને સમયોચિત લાગે છે, અને આ બાબતમાં એમનું જ અનુકરણ કરવું ઉચિત લાગે છે.

"ડૉ. મેઘાણી પોતાનું કર્તવ્ય બજાવતાં બજાવતાં આપણી વચ્ચેથી અચાનક ચાલી ગયા! હવે આપણે એમના કાર્યની-એમનાં જીવનની-કદર શી રીતે કરીએ તે આપણે વિચારવાનું રહે છે. ખરી રીતે એમની કદર તો વિધાતાએ એમના મૃત્યુની વિશિષ્ટ ઘટના દ્વારા જ કરી બતાવી છે એમ જે અમૃતલાલભાઇએ પોતાના ભાષણમાં જણાવ્યું છે એ યથાર્થ છે, પરંતુ એ તો વિધાતાની યોજનાની વાત થઇ. પણ આપણે એ મૃત્યુ ઉપરથી શું બોધ લેવો તેનો આધાર તો આપણા જીવનમાં તેમના ગુણોનું અનુકરણ કરવાનો આપણે કેવો પ્રયત્ન કરીએ છીએ તેના ઉપર રહે છે. ડૉ. મેઘાણીના મિત્રોનાં આપે જે ભાષણો સાંભળ્યાં તે ઉપરથી ડૉ. મેઘાણીની યોગ્યતાનો આપને ખ્યાલ આવ્યો હશે. આપમાંના ઘણા ખરા એમને પ્રત્યક્ષ પણ જાણતા હશો. આમ છતાં પણ આપને હું સપ્રેમ આગ્રહપૂર્વક કહું છું કે શ્રી પરમાનંદભાઇએ પ્રબુદ્ધ જૈનમાં એમના વિષે જે લેખ પ્રગટ કર્યો છે તે આપ જરૂર વાંચશો. ડૉ. મેઘાણીનું જીવન માનવતાની દૃષ્ટિથી કેટલું મૌલિક હતું અને માનવતાને માટે કેવા પ્રકારની સાધના તેઓ જીવન પર્યન્ત કરી રહ્યા હતા તે આપ એ લેખ ઉપરથી બરોબર જાણી શકશો. સાથે સાથે મિત્રના વિષયમાં સાચા મિત્રનું હૃદય કેવું હોય છે અને ગુણાનુરાગદૃષ્ટિથી મિત્ર મિત્રનું કેવું ગુણગૌરવ કરે છે આ પણ આપ જાણી શકશો. આટલો સત્યપૂર્ણ, બીલકુલ અતિશયતા રહિત અને વિવેક અને લાગણીથી યુક્ત મૃત્યુલેખ આજ સુધી મારા વાંચવામાં આવ્યો નથી.

"મનુષ્યની પરીક્ષા હું કોઇ વિશિષ્ટ વિચારદૃષ્ટિથી કરૂં છું. સિદ્ધાર્થ ગૌતમ, વર્ધમાન મહાવીર અને એ કોટિના અન્ય મહાપુરૂષોએ બતાવ્યું છે કે શ્રેષ્ટ પુરૂષમાં મૈત્રી, કરૂણા, મુદિતા અને ઉપેક્ષા એ ચાર વૃત્તિ રહે છે; બાકીની વૃત્તિઓ નષ્ટ થઇ જાય છે. મારૂં માનવું છે કે ડૉ. મેઘાણીમાં પણ એ ચાર વૃત્તિઓ જ મુખ્યપણે કામ કરતી હતી. એમનામાં મૈત્રીભાવ નિઃસંશય ભરપૂર હતો. જો એમનામાં એ ભાવ ન હોત તો એમની પાછળ એમનું ગુણગૌરવ કરવા માટે આટલો બહુમંખ્ય મિત્રગણ જગ્યાએ જગ્યાએ એકઠો કેમ થયો હોત અને આટલો શોકમગ્ન કેમ બન્યો હોત? દુઃખી જનો સંબંધમાં એમના હૃદયમાં જે લાગણી હતી તે કરૂણાના રૂપમાં બહાર પ્રગટ થતી હતી અને એ લાગણી એમના હૃદયમાં એટલી બધી ભરેલી હતી કે એમનું કારૂણ્ય એમના જીવનનો પ્રધાનસુર બની ગયો હતો. બુદ્ધિવિકાસના કારણે મનુષ્ય અન્ય પ્રાણીઓ કરતાં પોતાને શ્રેષ્ટ લેખે છે; પરંતુ મનુષ્યમાં પ્રખર તેમ જ કુશાગ્ર બુદ્ધિ હોવા છતાં પણ એનામાં કારૂણ્ય ન હોય તો માનવતાની દૃષ્ટિથી એની કેવળ બુદ્ધિવિશેષતા શું કામની છે? માનવતાની સિદ્ધિ માટે જે કરૂણાવૃત્તિની આવશ્યકતા છે તે ડૉ. મેઘાણીમાં વિશેષ રૂપમાં હતી. અને બીજાને સુખી જોઇને એમનું દિલ આનંદથી ઉભરાઇ જતું હતું એ ઉપરથી એમનામાં રહેલી મુદિતાનો પરિચય થતો હતો. મૃત્યુના સમયે એમના દિલમાં કેવી લાગણી થઇ આવી હશે એ જાણવાનું આપણી પાસે કોઇ સાધન નથી, જે શ્રધ્ધાથી એ પોતાના કર્તવ્યનું પાલન કરતા હતા-"મેં કોઇનું બુરૂં કર્યું નથી-ઇચ્છ્યું પણ નથી, તો મને કોણ દુઃખ દેવાનું છે?"-આ શ્રધ્ધાપૂર્વક તેઓ જોખમકારક ક્ષેત્રમાં હરહંમેશ જતા હતા અને પોતાનું ડોકટરી કામ-લોકોને દુઃખદર્દથી મુકત કરવાનું કામ-કર્યા કરતા હતા તે શ્રધ્ધાથી વિરૂધ્ધ અનુભવ કરાવતા ધાતકોના હાથથી તેમને મૃત્યુવશ થવું પડ્યું એ વખતે એમને શું લાગ્યું હશે-જીવનભર પોષેલી પવિત્ર અને ઉદાત્ત શ્રધ્ધા આમ છિન્નભિન્ન બનતી જોઇને તેમને મનમાં શું શું વિચારો આવ્યા હશે-તેની તો આપણે હવે કલ્પના જ કરવાની રહી! પરંતુ એમની સચ્ચારિત્રતા અને મૃત્યુપર્યન્તની એમની સજ્જનતા વિગેરેનો વિચાર કરતાં આપણને લાગે છે કે મૃત્યુના વખતે પણ ધાતકો સંબંધમાં એમના દિલમાં ક્ષમાવૃત્તિ જ જાગૃત થયેલી હોવી

જોઇએ અને આ ક્ષમા એટલે ઉપેક્ષા બુદ્ધિનું જ અધિક ઉજ્જ્વલ્ય અને અધિક શાન્તિમય સ્વરૂપ જ છે. આ ઘટના ઉપરથી આપણે શું બોધ લઇએ એ જુદી જ વસ્તુ છે.

"મહાભારતમાં અભિમન્યુની વાત આવે છે. ભારતયુદ્ધમાં એની સાથે ધર્મયુદ્ધની વિરુદ્ધ એક સાથે છ મહારથીઓએ લડીને એને માર્યો. રણક્ષેત્રમાં એ દિવસે જ્યારે એ ઢળી પડેલો હતો ત્યારે અર્જુન તેને શોધતો શોધતો ત્યાં આવી ચઢયો. એના શરીરમાં હજુ પ્રાણ છે એમ અર્જુનને માલુમ પડયું. અર્જુનને જોઇને અભિમન્યુની આંખમાંથી આંસુ વહેવાં લાગ્યાં. અર્જુનને લાગ્યું કે અભિમન્યુ મૃત્યુભયના કારણે રડે છે. આ માટે અર્જુને અભિમન્યુ વિષે આશ્ચર્ય અને દુઃખ પ્રગટ કર્યું અને કહ્યું કે "શું તું વીર અને વીરપુત્ર હોવા છતાં મૃત્યુના ડરથી રડી રહ્યો છે? તું નહોતો જાણતો કે જ્યાં હંમેશાં હજારોના પ્રાણ લેવાઇ રહ્યા છે ત્યાં એક દિવસ તારા પ્રાણ જવાનો પ્રસંગ પણ આવવાનો છે? મરવું અને મારવું એ એક જ છે એમ શું વીર પુરુષો નથી સમજતા?" એના જવાબમાં અભિમન્યુએ જણાવ્યું કે "પિતાજી! મને જે દુઃખ થઇ રહ્યું છે તે મરવાના ડરનું નથી, અથવા તો શરીર ઉપર પારવિનાના ઘા લાગ્યા છે તેનું પણ નથી. ધર્મયુદ્ધના નિયમથી વિરુદ્ધ વર્તીને એક સાથે છ મહારથીઓએ મારી ઉપર હુમલો કર્યો એનું પણ મને દુઃખ નથી. પણ ઘાયલ થઇને આ અવસ્થામાં હું જમીન ઉપર ઢળી પડયો, ત્યાર બાદ જયદ્રથે મારા માથા ઉપર લાત મારીને મારું અને વીરધર્મનું જે અપમાન કર્યું છે તેનું દુઃખ મને થઇ રહ્યું છે. એ દુઃખ આપને જણાવવા માટે જ આ ઘડિ સુધી હું પ્રાણ ધારણ કરી રહ્યો છું. એ દુઃખ મારા મનમાંથી નહિ જાય તો મને વીરગતિ પ્રાપ્ત નહિ થાય." એ સાંભળીને અર્જુનને એક રીતે સંતોષ થયો અને તત્ક્ષણ એણે પ્રતિજ્ઞા કરી કે "આવતી કાલે સૂર્યાસ્ત પહેલાં જયદ્રથનું માથું તેના ધડથી છુટું કરીને તારા અને વીરધર્મના અપમાનનું હું તેને પુરેપુરું પ્રાયશ્ચિત કરાવીશ. એ પ્રતિજ્ઞા જો હું પુરી નહિ કરું તો એ જ વખતે હું અગ્નિકાષ્ટનું ભક્ષણ કરીશ (એટલે કે બળીને મરી જઇશ.)" એટલું સાંભળતાંવેંત અભિમન્યુએ શાન્તિથી પ્રાણનો ત્યાગ કર્યો. પ્રસ્તુત ઘટના પ્રસંગે ડો. મેઘાણીનો આત્મા પણ આમ જ પોકારી રહ્યો હશે કે "આ રીતે આવતા મૃત્યુનું મને કશું દુઃખ નથી, પણ મારા મૃત્યુનું નિમિત્ત બનતી, આપણા દેશમાં કેટલાક સમયથી ચાલી રહેલી અને અનેક નિર્દોષોનો ભોગ લેતી, માનવતા માત્રનો લોપ કરતી ગુંડાગીરી મારા આત્માને શૂળની માફક ખુંચે છે. અને એ ગુંડાગીરીને આ દેશમાંથી નાબુદ કરવામાં નહિ આવે અને એની ભયંકર ચુડમાંથી માનવતાને મુક્ત કરવામાં નહિ આવે ત્યાં સુધી મારા વ્યાકુળ આત્માને કોઇ કાળે શાન્તિ નહિ મળે!" આ તેમનો પોકાર આપણે સાંભળીએ, ઝીલીએ, અને આપણા સામાજિક જીવનમાં જડ ઘાલીને બેઠેલી, સામાજિક પ્રાણને શોષી રહેલી ગુંડાગીરીને નાબુદ કરવા આપણે સર્વ કટિબદ્ધ થઇએ અને એ રીતે ડો. મેઘાણીના અન્યના દુઃખે દુઃખવ્યાકુળ બનેલા આત્માને શાશ્વત શાન્તિ પ્રાપ્ત કરાવીએ એ જ આપણી પ્રાર્થના હો અને એ જ આપણો દૃઢ નિશ્ચય હો!!!" ત્યારબાદ સભાજનોની વિનંતિને માન આપીને શ્રી. ઝવેરચંદ મેઘાણીએ એક સમયોચિતના ગીત સંભળાવ્યું હતું જે આ અંકમાં અન્યત્ર પ્રગટ કરવામાં આવ્યું છે.

* * * *

ઘાટકોપરના ડો. વ્રજલાલ ધરમચંદ મેઘાણીના આકસ્મિક અવસાનના દુઃખદ શોક સમાચાર જાણીને બનારસ હિંદુ યુનીવર્સીટી પાસે આવેલ શ્રી. પાર્શ્વનાથ વિદ્યાલયમાં પંડિત સુખલાલજીના અધ્યક્ષપણા નીચે શોકસભા ભરવામાં આવી હતી જે પ્રસંગે નીચેનો પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો હતો :

"ડો. મેઘાણીના દુઃખદ અવસાનથી જૈન સમાજે એક કર્તવ્ય પરાયણ, સમાજ સુધારક, વિશિષ્ટ સાહિત્યકાર, રાષ્ટ્રે એક મૂક રાષ્ટ્રસેવક અને માનવસમાજે એક અણમોલ માનવરત્ન હંમેશાને માટે ગુમાવ્યું છે. જે સાંપ્રદાયિકતા અને કોમી જડતાજન્ય ભાવાવેશના તેઓ ભોગ બન્યા છે એ ધર્માન્ધતા અને કોમી ભાવાવેશ પ્રત્યે આ સભા ખેદની દૃષ્ટિથી જુએ છે અને જેણે એવી અંધતાને નિર્મૂળ કરવા માટે જીવનપર્યન્ત ભરચક પ્રયત્ન કર્યો છે એવા ડો. મેઘાણીનો જીવનોત્સર્ગ નિરર્થક નહિ બને એમ આ સભા માને છે અને સદ્‌ગત વીરાત્માને અપૂર્વ શાન્તિ પ્રાપ્ત થાઓ એવી પ્રાર્થના કરે છે.

ત્યાર બાદ અધ્યક્ષ મહાશયે સદ્‌ગતના માનવતાપૂર્ણ જીવન, નિર્ભીક સ્પષ્ટવાદિત્વ, સમાજોત્કર્ષની ઉત્કટ ભાવના, અને અસાંપ્રદાયિક મનોવૃત્તિ વગેરે ગુણો ઉપર પ્રકાશ પાડયો હતો.

* * * *

પત્રો તથા સંદેશાઓ

[સદ્‌ગત વ્રજલાલ મેઘાણી વિષે શ્રી મુંબઇ જૈન યુવક સંઘના કાર્યકર્તાઓ ઉપર તેમ જ તેમના કુટુંબીજનો ઉપર સાંત્વનાના પત્રો આવ્યા છે તથા અમારી ઉપર કેટલાક લેખો પણ આવ્યા છે. આ બધું પ્રબુદ્ધ જૈનમાં પ્રગટ કરવું અશક્ય છે. તેથી તેમાંથી તારવીને કેટલી સામગ્રી આ અંકમાં પ્રગટ કરવામાં આવે છે અને બાકી રહેતી કેટલીક સામગ્રી આવતા અંકમાં આપવામાં આવશે. તંત્રી. પ્રબુદ્ધ જૈન.]

ભવ્ય અને ભોળી શ્રદ્ધામૂર્તિ

પ્રસ્તુત કરુણ ઘટનાને અંગે **શ્રી કાકાસાહેબ કાલેલકર** જણાવે છે કે :-

"ભાઇ વ્રજલાલ મેઘાણીના ખૂન વિષે સાંભળી મને જેવો તો આઘાત થયો કે જાણે મને જ કોઇએ ખંજર ભોંકયું હોય. મારો એમનો પ્રત્યક્ષ પરિચય નહિ જેવો. શ્રી પરમાનંદભાઇને લીધે અમે એક બે વાર જ મળ્યા હશું! વ્રજલાલભાઇ એટલા તો સંકોચશીલ કે જે થોડાક મળ્યા તેમાં મારે જ એમનાં લખાણ વિષે જે કહેવું હતું તે કહીને પતાવવું પડેલું.

"પણ એમણે લખેલી વાર્તાઓ માટે મારે પ્રસ્તાવના લખવાની હોવાથી એ બધી હું ધ્યાનપૂર્વક વાંચી ગયો હતો. એ વાર્તાઓ વાંચીને હું જોઇ શકયો કે શ્રી વ્રજલાલ મેઘાણી સાહિત્યપ્રેમી હતા એના કરતાં વધારે મનુષ્યપ્રેમી હતા અને તેમાંય ખાસ કરીને ગરીબ-પ્રેમી હતા. ગરીબોની કુદરતી હાડમારી તો વિકટ હોય છે જ, પણ માણસની બેદરકારી, એનું આંધળાપણું, સ્વાર્થ અને નીચતાને કારણે ગરીબોને જે હાડમારી વેઠવી પડે છે તે જોઇ આ માનવ સેવકનું હૈયું પીગળી જતું અને કોકવાર સળગી ઉઠતું. એ અકારણ અન્યાય પ્રત્યે સમાજનું ધ્યાન ખેંચવા માટે એમણે સાહિત્યનો આશ્રય લીધો અને અખંડ લખ્યા કર્યું.

"સાહિત્યની સમાજના હૃદય ઉપર થતી અસરનું મને ભાન છે. સાહિત્યની શકિત અદ્‌ભુત છે એ હું જાણું છું. પારમાર્થિક વૃત્તિથી લખેલા સાહિત્યની કેટલી જલદ અસર થાય છે એનો પણ મને ખ્યાલ છે. છતાં અન્યાય-નિવારણને કાજે સાહિત્યની શકિત અપુરી પડે છે એ પણ મેં જોયું છે. સાહિત્યના વાંચનથી જો દુનિયા સુધરી જતી હોત તો બલિદાનની આવશ્યકતા જ ન રહેત. પણ કેટલાયે ભોળા લોકો આશા સેવે છે કે સાહિત્યને જોરે સામાજિક અન્યાય દૂર કરી શકાય. શ્રી વ્રજલાલ મેઘાણીમાં માનવજાતિના પ્રાથમિક કાળની આ ભોળી શ્રદ્ધા મેં જોઇ અને તેથી તેમને મેં કહેલું કે સાહિત્યની શકિત અનુકૂળ વાતાવરણ ઉત્પન્ન કરવા જેટલી જ છે. બહુ બહુ તો અન્યાય સામે સાહિત્ય પુણ્યપ્રકોપ જગાડી શકે. પણ માણસને કાર્યપ્રવણ કરશે જ એટલો વિશ્વાસ સાહિત્ય ઉપર ન રખાય.

"શ્રી મેઘાણીનો સેવાભાવ હું જાણતો હતો. એમના પ્રત્યે મારામાં આદર જાગ્યો હતો. સામાજિક અન્યાય સહન કરી કરીને ગરીબોનાં હૈયાં કેટલા આળાં થાય છે તેનો ચિતાર એમણે અનેક વાર્તાઓ દ્વારા આપ્યો હતો. એવો અન્યાય અખંડ કરતાં કરતાં શિષ્ટ સમાજનાં હૈયાં કેટલાં રીઢાં થયાં છે એ તરફ એમનું ધ્યાન ખેંચતી પ્રસ્તાવના મેં આપી હતી, પણ એમના એ ભોળપણ પાછળ કેટલો કારુણ્યનો સાગર ભરેલો હતો અને એ ભોળપણ પાછળ માનવજાતિ પ્રત્યે કેટલી ઉંડી શ્રદ્ધા રહી હતી તે હું જાણતો હતો, અને તેથી જ એમના પ્રત્યે મારાં મનમાં ખાસ આદર વસતો હતો.

"અને તેથી જ જ્યારે મેં જાણ્યું કે જે લતામાંથી તેઓ હંમેશ પસાર થતા હતા તે લતાના જ એક દુષ્ટ માણસે એમના પર છરી ચલાવી અને એમના પ્રાણ લીધા ત્યારે એમની એ ભોળી પણ ભવ્ય શ્રદ્ધાની મૂર્તિ મારી નજર આગળ ખડી થઇ. "મેં કોઇનું કશું બગાડયું નથી. કશા પક્ષપાત વિના બધા જ ગરીબોની બનતી સેવા હું કરું છું. એમના પર ગુજરતા અન્યાયના નિવારણને માટે સતત પ્રયત્ન કર્યા કરું છું. મારું કોણ ભૂંડું ઇચ્છે? મને કોણ મારનાર છે?" એવી તદ્દન ભોળી શ્રદ્ધાથી તેઓ નિશ્ચિંત રહ્યા, અને તેથી ઘાતકી છરીના ભોગ થઇ પડયા. જ્યાં અસંખ્ય ગરીબો કશા જ ગુન્હા વગર થતા લોકોના અન્યાયના ભોગ થઇ પડે છે એમ તેઓ દિવસ રાત્ર જોતા હતા ત્યાં એમના જેવો ગરીબ સેવક માત્ર અન્યાયથી બચી જશે એમ એમણે માનવાની ભૂલ કેમ કરી એનું જ આશ્ચર્ય થાય છે.

"જે માણસે વ્રજલાલ જેવા માનવસેવક પર છરી ચલાવી, એણે પોતાના ધર્મ ઉપર છરી ચલાવી છે. એણે પોતાનાં ધર્મનું ભવિષ્ય પોતાથી થાય એટલું કાળું કરી મૂક્યું છે. પોતાના સમાજની પ્રતિષ્ઠા એણે બાળી નાંખી છે, અને દુનિયામાં ઠીક ઠીક શક્તિથી અધાર્મિકતા અને અશ્રદ્ધા ફેલાવી છે. પોતાના સમાજના લોકોના ઇમાન વિષે દુનિયામાં જે કાંઇ શ્રદ્ધા હોય તે ખુટાડવામાં જ એણે પોતાની શક્તિ વાપરી છે. આટલી બધી એણે કરેલી અસેવા ધોઇ કાઢવા માટે એ સમાજે કેટલીયે તપશ્ચર્યા કરવાની રહેશે. એ ખુની માણસ આચરણે નાસ્તિક હતો અને એણે સમાજમાં એ નાસ્તિકતા ફેલાવી છે.

"શ્રી. વ્રજલાલ મેઘાણીનું સ્મારક કરવા માટે સમાજે કેવળ અંતઃસ્ફુર્તિથી જે રકમ ભેગી કરી છે તે પરથી સમાજ પ્રત્યેની આપણી આસ્તિકતા વધે છે, અને એ રીતે ખુની માણસના દુષ્કૃત્યને તેટલે દરજ્જે નિષ્ફળ બને છે. શ્રી. વ્રજલાલ જેવા પુણ્યાત્માના બલિદાનથી આસ્તિક સમાજની ઉન્નતિ જ થશે."

* * * *

વાપી ૧૩-૧-૪૭

(વાપીથી **સ્વામી આનંદે** મોકલેલો સંદેશો નીચે મુજબ છે.)

પ્રિય ભાઇ પરમાનંદ,

તમને કાર્ડ લખ્યા પછી મોડી સાંજે છાપું મળ્યું તેમાં ડો. મેઘાણીના આકસ્મિક અને આઘાતજનક મૃત્યુના ખબર હતા. ડો. જે માનવતાની ધગશ એમના જીવનનો પ્રધાન સૂર હતી તેની પ્રેરણા તળે વસમા જોખમ વચ્ચે પણ પોતાની ફરજ અદા કરતાં કરતાં જ તેમણે પોતાનો પ્રાણ અર્પી દીધો. માનવ પ્રત્યેનો એમનો સદ્‌ભાવ અને સંસ્કારિતાની સુવાસ એમનામાં એટલાં બધાં હતાં કે સૌને આવે છે તેવું સામાન્ય મોત એમને માટે કદંગુ લેખાત. શહીદનું મૃત્યુ જ એમને માટે હતું.

શેહેરોમાં ચાલી રહેલી અત્યારની કારમી હેવાનિયત એમના જેવા મૃદુ આત્માને કેવી અકળાવી રહી હશે એ એમને જાણનાર હરકોઇથી સમજી શકાય તેવું છે, પણ તેમ છતાં જોખમી વિસ્તારો વચ્ચે પોતાના ફરજને સ્થાને તેઓ યોગીની જેમ અડગ રહ્યા અને મૃત્યુને ભેટ્યા.

આવા મૃત્યુનો શોક ન હોય. ધર્મગ્રંથોમાં સૂર્યમંડળને ભેદીને સીધા સ્વર્ગે પહોંચનાર બે જ વર્ણવ્યા છે: એક યોગી ને બીજો યુધ્ધમાં સામે મોઢે મરનાર વીર. મેઘાણી કુટુંબને ધોંગાણામાં કામ આવી જવાનો સંસ્કાર પ્રિય વસ્તુ રહી એટલે એમની શહાદતનો ઉત્સવ હોય, શોક નહિ.

એમનું જીવતર ધન્ય થયું. ખોટ આપણા પાછળ રહેનારાંને દિલસે રહી. એમના ગુણોનું સ્મરણ ને અનુકરણ કરીએ. અનુકરણ જ સાચું સ્મારક છે. એમનું સ્મારક ધનિક જૈન કોમ પૈસાનો અંબાર કરશે તેનાથી નહિ થાય કે દેવમંદિરોમાં ઘી બોલ્યે નહિ થાય, પણ કોઇ જાતના કોમી કે ધાર્મિક ભેદભાવ વગર આજની પશુતા અને ઝેરવેર સામે પ્રજાની રક્ષા કરનાર રક્ષાદળ સ્થાપીને અગર તેવાં રક્ષાદળોમાં જોડાઇને જ થઇ શકે એ દેખીતું છે.

* * *

સમઢિયાળાથી શ્રી. વીરચંદ પાનાચંદ શાહ જણાવે છે કે:

"ડો. મેઘાણીના અતિ કરૂણ અવસાનના શોક સમાચાર જાણી ઘણું જ દુઃખ થયું. તેઓ કોમી કલહના ભોગ થઇ ગયા તે જાણતાં મને તુરત અમેરીકન પ્રમુખ અબ્રાહમ લંડનના અવસાનનું સ્મરણ થયું. વસ્તુતું સામ્ય એટલા પુરતું છે કે તેમના હૃદયમાં કોઇ પક્ષ તરફ અંશ માત્ર દ્વેષ તો નહોતો જ, પરંતુ બંને પક્ષને નજીક લાવવા પોતપોતાની પરિસ્થિતિ પ્રમાણે તેઓનો પ્રમાણિક પ્રયાસ હતો. લીંકન તો મહાન શક્તિ અને મહાન વિભૂતિ હતી. આપણા નાના જગતમાં ડો. મેઘાણીનું સ્થાન-તેમની લેખન શક્તિ અને મૌલિક વિચારણાને કારણે-અદ્વિતીય હતું. તેમની વાર્તા "જૈનાબ્બીની બકરી" વાંચનાં આજે પણ એક ગરીબ, દુનિયાદાર વૃદ્ધ મુસલમાન બાઇ નજર સામે દેખાય છે! તેઓની ગરીબની દુનિયામાં નાતજાત ન હોતી! તેમનાં હૃદયમાં છલોછલ કરૂણતા ભરી હતી. હું તેમને છેલ્લા ૩૨ વર્ષથી જાણતો હતો. તેમના યોગ્ય સ્મારક વિષે મિત્રોની સલાહ લઇને યોગ્ય કરશે."

* * *

અમદાવાદથી **શ્રી છોટાલાલ ત્રીકમલાલ પારેખ** લખે છે કે:-

"મેં ગઇ કાલે પ્રબુધ્ધ જૈનમાં ભાઇશ્રી મેઘાણીના અવસાન સમાચાર ઘણા જ ખેદ સાથે વાંચ્યા છે અને મને ઘણું જ દુઃખ લાગેલું છે. તમારૂં હૃદયસ્પર્શી લખાણ વાંચતાં મને એમ થાય છે કે તમોએ તેમનું ખરેખર બહુ જ સાચું ચિત્ર આલેખ્યું છે. અને તમોએ તેમને 'કરૂણામૂર્તિ' શબ્દથી વર્ણવ્યા છે તે વિશેષણ મને સંપૂર્ણ અર્થમાં વાસ્તવિક લાગ્યું છે. હું આવા દયાળુ માણસ વિષે તમારા કરતાં વધારે શું લખું? ખરેખર તેમનું જીવન ધન્ય જીવન હતું. મધ્યમ અને નીચેના વર્ગના લોકોના દુઃખ સમજવામાં તેઓ ઘણા કુશળ હતા, અને તેના કરતાં પણ તેનું નિવારણ કરવા માટે ઘણા જ લાગણીવાળા અને કામ કરનાર હતા. તેમના જીવનની આ વિશેષતાને લીધે બીજા આપણા ભાઇઓ કરતાં તેઓ ઘણા જ ઉદાત્ત અને ધર્મશીલ પુરૂષ હતા. તેમની સાથે મને પણ ઠીક ઠીક પરિચય હતો અને તેવા પુરૂષ વિરલ જ મળે છે એમ કહેવામાં હું જરા પણ અતિશયોક્તિ કરતો નથી. તેઓ જીવતા જ છે એમ હું માનું છું. જેના કામો જીવતા છે તે મરતા નથી."

* * *

શ્રી. માડલ જૈન યુવક સંઘના મંત્રીઓ જણાવેલ છે કે:

શ્રીયુત પરમાનંદભાઇ,

આજે 'જન્મભૂમિ' પત્રમાં ડો. વ્રજલાલ મેઘાણીના અવસાનના સમાચાર જાણી અમને ભારે આંચકો લાગ્યો છે. કલાકો સુધી આ તે વ્રજલાલભાઇ હશે કે કેમ તે જ અમે નક્કી નહોતા કરી શકયા. પણ ફરી ફરી ધ્યાનથી વાંચ્યા બાદ-"આળાં હૈયાં" નાં લેખક વ્રજલાલભાઇ જ છે એવી અમારી ખાત્રી થઇ.

શ્રી. મુંબઈ જૈન યુવક સંઘ

— વાર્ષિક વૃત્તાન્ત —

વિ. સં. ૨૦૦૨ ઇ. સ. ૧૯૪૬

વિ. સં. ૨૦૦૨ નું આખું વર્ષ એક યા બીજા પ્રકારના સમગ્ર દેશવ્યાપી સંક્ષોભમાંથી પસાર થયું છે. વર્ષની શરૂઆત આઝાદ હિંદ ફૌજના ત્રણ મુખ્ય અમલદારો—કર્નલ શાહનવાઝ, કેપ્ટન સહગલ અને લેફ્ટેનન્ટ ધીલન—ઉપરના દિલ્હી ખાતે ચાલેલા ઐતિહાસિક મુકદ્દમાથી થઇ. આ મુકદ્દમાએ અને તે દ્વારા પ્રગટ થયેલ આઝાદ હિંદ ફૌજના પરાક્રમો અને એ ફૌજના સરસેનાપતિ શ્રી. સુભાષચંદ્ર બોઝની રોમાંચક નેતાગીરીની વિગતોએ આખા દેશમાં એક અવનવી રાષ્ટ્રવ્યાપી ચેતનાની આગ સળગાવી અને નિરાશ અને હતોત્સાહ બનેલી પ્રજાના દિલમાં આશા અને આત્મવિશ્વાસની ચીણગારી પ્રગટાવી. ત્યારબાદ આવ્યું હિંદી સાગરસૈનિકોની હડતાલનું પ્રકરણ. આ હડતાલે આખા દેશમાં જાણે કે એક નાનો સરખો ભૂકંપ થયો હોય એવો રાજકીય સંક્ષોભ પેદા કર્યો હતો અને એ ક્ષોભ માત્ર આમજનતાને જ નહિ પણ સરકારી સૈન્યના મર્મસ્થાનને પણ સ્પર્શી રહ્યો હતો. આઝાદ હિંદ ફૌજે ઉભી કરેલી ભૂમિકાને સાગર સૈનિકોની હડતાલથી સવિશેષ સમર્થન મળ્યું હતું. દેશના દબાઇ રહેલાં અરાજક તત્વોએ પણ આ જ દિવસોમાં ખુબ જોર પકડયું હતું. એક પછી એક ખાતાઓના નોકરો હડતાળ ઉપર જઇ રહ્યા હતા. લુંટફાટ અને તોફાનની અનેક ઘટનાઓ બની રહી હતી અને સ્થાપિત જીવનવ્યવસ્થાને હચમચાવી મૂકતી હતી. ત્યાર બાદ આવ્યું ક્રીપ્સ પ્રધાન પ્રતિનિધિ મંડળ. તેમની સાથેની વાટાઘાટો લગભગ ત્રણ મહીના ચાલી. આથી પણ દેશની અસ્વસ્થતામાં ખૂબ વૃદ્ધિ થઇ. ત્યાર પછી આવી તારટપાલની હડતાળ. ત્યારબાદ મુસ્લીમ લીગે કેબીનેટ મીશનની લાંબા ગાળાની દરખાસ્તોનો અસ્વીકાર જાહેર કર્યો અને સીધા પગલાની નીતિ અંગીકાર કરી. તેની પાછળ આવ્યો ઓગસ્ટની સોળમી તારીખનો કલકત્તાનો હત્યાકાંડ. સપ્ટેંબરની પહેલી તારીખથી મુંબઇ પણ કોમી આંધીમાં સપડાયું. પૂર્વબંગાળા અને બીહારના અત્યાચારોએ આખા દેશને હચમચાવી મુકયો. આજે પણ મુંબઇ હજુ આ કોમી અથડામણથી મુકત થયું નથી અને આખા દેશનું વાતાવરણ પણ હજુ એટલું જ તંગ ચાલે છે અને કયારે કયાં શું થશે એ ચિન્તા સર્વ કોઇના ચિત્તને રૂંધી રહી છે. આ વિષમકાળ દરમિયાન શ્રી. મુંબઇ જૈન યુવક સંઘે પોતાનું અઢારમું વર્ષ પસાર કરીને ઓગણીશમાં વર્ષમાં પ્રવેશ કર્યો છે.

અવસાન નોંધ

ગત વર્ષની કાર્યવાહીની વિગતો આપવામાં આવે તે પહેલાં ચાલુ જાન્યુઆરી માસની ૧૦ મી તારીખે નિપજેલ સંઘના અગ્રગણ્ય સભ્ય શ્રી. વ્રજલાલ ધરમચંદ મેઘાણીના આકસ્મિક અને અકાળ અવસાનની નોંધ લેવી ઘટે છે. શ્રી. વ્રજલાલ ધરમચંદ મેઘાણીએ સંઘના નવસંસ્કરણ બાદ પ્રારંભથી આઠ વર્ષ સુધી એક મંત્રી તરીકે સંઘની સેવા બજાવી હતી અને હજુ ગયા વર્ષે જ મંત્રી તરીકે ચાલુ રહેવાનો સર્વ સભ્યોનો આગ્રહ હોવા છતાં તે જવાબદારીથી તેઓ મુકત થયા હતા. આમ છતાં પણ સંઘ પ્રત્યેની તેમની મમતા અને સંઘની સેવા બજાવવાની આતુરતા એક સરખી કાયમ હતી. ગયા વર્ષ દરમિયાન જ સંઘને તેમણે અર્પણ કરેલ "આળાં હૈયાં" નું પુસ્તક પ્રગટ થયું હતું અને એ પુસ્તક પ્રગટ થયા બાદ થોડા સમયમાં તેની સર્વ નકલો લગભગ ખપી ગઇ હતી, જેમાંથી સંઘને અર્થલાભ પણ ઠીક પ્રમાણમાં થયો હતો. 'પ્રબુદ્ધ જૈન'નાં લગભગ પ્રારંભકાળથી જ તેમની વાર્તાઓ પ્રગટ થઇ રહી હતી અને તે વાર્તાઓ 'પ્રબુદ્ધ જૈન'નું એક અતિ અગત્યનું આકર્ષક અંગ બન્યું હતું. સંઘના કાર્યને તેમજ 'પ્રબુદ્ધ જૈન'ને આગળ ધપાવવા માટે શકય તેટલું કાર્ય તેમણે કર્યું હતું. સંઘની રાહત પ્રવૃત્તિમાં તેમને ખુબ રસ હતો. સંઘના સભ્યો તેમજ 'પ્રબુદ્ધ જૈન'ના ગ્રાહકો વધારવાની તેઓ હંમેશા ખુબ ચિન્તા ધરાવતા હતા. નાના મોટા ઘર્ષણ પ્રસંગે તેમનું કામ 'આળાં હૈયાં' રૂઝવવાનું અને પરસ્પરની એકતા જાળવવાનું તેમજ વધારવાનું રહેતું. આવાં અનેક કારણોને લીધે શ્રી મુંબઇ જૈન યુવક સંઘને તેમના દુઃખદ અવસાનથી પડેલી ખોટ કોઈ કાળે પણ પુરાય તેમ નથી. આવી જ રીતે ગયા વર્ષના જુલાઇ માસમાં સંઘના બહુ જુના સભ્ય શ્રી. ચંદ્રકાન્ત સુતરીઆના અવસાનની પણ અહિં સખેદ નોંધ લેવામાં આવે છે. તેમણે જ્યારે બાળદીક્ષાના પ્રશ્ન ઉપર જૈન સમાજ અત્યન્ત ક્ષુબ્ધ બનેલો હતો તે સમયમાં સંઘ તરફથી પ્રગટ થતા 'પ્રબુદ્ધ જૈન'ના તંત્રી તરીકે કેટલોક સમય સંઘની બહુ મોટી સેવા બજાવી હતી. અને તેમના અવસાન સુધી સંઘની વિવિધ પ્રવૃત્તિઓમાં તેઓ ખુબ રસ લઇ રહ્યા હતા.

રાહત પ્રવૃત્તિ

સંઘ તરફથી ૧૯૪૩ના ઓકટોબર માસથી મુંબઇ અને પરાંઓમાં વસતા જૈન કુટુંબોને આર્થિક રાહત પહોંચાડવાની એક યોજના હાથ ધરવામાં આવી હતી. આ આર્થિક રાહતની પ્રવૃત્તિમાં સમાજ તરફથી ચાલી રહેલુ આર્થિક સીંચન એક બાજુએ ઓસરવા લાગ્યું અને બીજી બાજુએ આ યોજનાનો લાભ જે કુટુંબો કેટલાક સમયથી લઇ રહ્યા હતા તેમાં નવી ઉમેરણી પણ બહુ કમી થાય છે એમ માલુમ પડયું. આ કારણે આ આર્થિક મદદની પ્રવૃત્તિ આ વર્ષથી બંધ કરવામાં આવી છે. આ યોજનાના પ્રારંભથી આજ સુધીમાં એટલે કે સંઘની વાર્ષિક સભા ભરાય છે તે તા. ૨૬-૧-૪૭ સુધીમાં જૈન સમાજ તરફથી સંઘને કુલ રૂા. ૨૧૫૦૦, મળ્યા છે જેમાંથી રૂા. ૨૧૩૦૦, રાહતની અપેક્ષા ધરાવતા જૈન કુટુંબોને વહેંચવામાં આવ્યા છે. ગયા વર્ષ દરમિયાન આ ખાતામાં આવક રૂા. ૪૬૬૯, ની થઇ હતી અને રૂા. ૫૮૪૯, અપાયા હતા. વર્ષ આખરે બાકી રહેતી રૂા. ૯૫૦, ની રકમમાંથી દીવાળી બાદ રૂા. ૭૫૦, ચુકવાયા છે. અને આજે સીલક રૂા. ૨૦૦ બાકી રહ્યા છે.

આ રાહત પ્રવૃત્તિના અંગમાં ગયા વર્ષથી વૈદ્યકીય રાહતની પ્રવૃત્તિ શરૂ કરવામાં આવી છે. સંઘના મંત્રી શ્રી. મણિલાલ મોકમચંદ શાહે સંઘને કેટલાંક વર્ષ પહેલાં બોમ્બે નર્સીંગ એસોસીએશનનો ડીપ્લોમા મેળવવા ઇચ્છતી કોઇ પણ જૈન બહેનને મદદ આપવા માટે રૂા. ૧૦૦૦, ની રકમ આપી હતી. આ મદદનો લાભ લેવા માટે લાંબા વખત સુધી કોઇ પણ બહેન ઉપસ્થિત નહિ થવાથી શ્રી. મણિલાલ મોકમચંદ શાહની ઇચ્છા અને સંમતિ અનુસાર તા. ૧૦-૪-૪૬ ના રોજ મળેલી સંઘની કાર્યવાહક સમિતિએ જૈન સમાજને વૈદ્યકીય રાહત આપવામાં એ રકમનો ઉપયોગ કરવાનો ઠરાવ કર્યો છે. આ રાહત ત્રણ પ્રકારે આપવાની યોજના કરવામાં આવી છે. જે કુટુંબમાં માંદગી હોય તે કુટુંબને માંદગીના કારણે થતા વધારે ખર્ચમાં થોડી સરખી આર્થિક

વ્રજલાલભાઇ જો કે ગાંડલ નહોતા આવી શકયા, અમે તેમને પ્રત્યક્ષ મળી નહોતા શકયા, પણ આપની ભલામણથી અમો પત્ર દ્વારા તેમનો પરિચય સાધી શકયા હતા. અહીં આવવાનું વચન અને આશા પણ અમે પ્રાપ્ત કરી હતી.

તેમનાં પુસ્તકો અને લખાણો જ એમની માનવતા, મહત્તા વ્યકત કરે છે. એવા પુરૂષ જે પોતાની પાછળ સુવાસ અને પ્રેમ કરૂણાનું ગુંજન મુકતા ગયા છે. તેની સ્મૃતિ વર્ષો સુધી યે નહીં ભૂલાય. તેમના કુટુંબીજનો ઉપર આવી પડેલાં દુઃખમાં અમો સંપૂર્ણ ભાગીદારી વ્યકત કરીએ છીએ. આખરી વતી આપ તેમનાં કુટુંબીજનોને અમારો દિલગીરી વ્યકત કરતો સંદેશો પાઠવીશો એવી અરજ છે. પ્રભુ તેમના આત્માને શાન્તિ અર્પો!

રાહત આપવી, દવા ત્યા ઈંજેક્શનો મફત આપવા તેમજ ડાકટરી મદદ પણ મફત મળે તેવી ગોઠવણ કરવી. આ બાબતની પ્રબુદ્ધ જૈનમાં સારી રીતે જાહેરાત કરવામાં આવી છે. આમ છતાં દિલગીરી સાથે જણાવવું પડે છે કે આ રાહતયોજનાનો હજુ બહુ થોડો લાભ લેવાયો છે. આજ સુધીમાં આ ખાતામાં ઉપર જણાવ્યા મુજબ રૂા. ૧૦૦૦, દીવાળી સુધીમાં રૂા. ૪૪૮, અને ત્યારબાદ રૂા. ૧૫૮, એમ કુલ રૂા. ૧૬૦૬, ની આવક થઇ છે અને રૂા. ૧૨૬, વૈદ્યકીય મદદ ખાતે અપાયા છે.

પ્રબુદ્ધ જૈન

પ્રબુદ્ધ જૈન એકસરખું ચાલ્યા કરે છે, અને સાધારણ રીતે આઠ અથવા દશ અને કદિ કદિ બાર પાનાની વાંચનસામગ્રી પુરી પાડવામાં આવે છે. 'પ્રબુદ્ધ જૈન'માં લવાજમની આવક રૂા. ૨૧૦૫ ની અને મદદની આવક રૂા. ૪૦૨ ની એટલે કુલ રૂા. ૨૫૦૭ ની આવક થઇ છે અને ખર્ચ રૂા. ૩૦૨૪ નો થયો છે, જેના પરિણામે રૂા. ૫૧૭-૨-૬ ની ખોટ આવી છે. સંઘના આજે ૩૪૪ સભ્યો છે તેમને પ્રબુદ્ધ જૈન સભ્ય તરીકે મળે છે અને તે ઉપરાંત ગ્રાહક સંખ્યા ૬૦૦ આસપાસ રહે છે. અન્ય સામાયિકોના બદલામાં ૨૧ નકલો આપવામાં આવે છે અને ૭૪ નકલ પ્રતિષ્ઠિત વ્યક્તિઓને અથવા તો સંસ્થાઓને વિના મૂલ્યે મોકલવામાં આવે છે. તાજેતરમાં ગ્રાહકસંખ્યા થોડી ઘટવા લાગી છે. આમ હોવાથી સંઘના સભ્યોએ મહેનત કરીને 'પ્રબુદ્ધ જૈન'ના ગ્રાહકો વધારવાની ખાસ જરૂર છે. 'પ્રબુદ્ધ જૈન'નું વાર્ષિક લવાજમ રૂપીઆ ૩ હતું તે ઉત્તરોત્તર વધતી જતી મોંઘવારીને પહોંચી વળવાના હેતુથી વધારીને ગયા વર્ષના ઓકટોબર માસથી રૂા. ૪ કરવામાં આવેલ છે. એમ છતાં પણ ચાલુ વર્ષનાં આશરે રૂા. ૬૦૦ ની ખોટ આવશે એવો અંદાજ કાઢવામાં આવ્યો છે. 'પ્રબુદ્ધ જૈન'ના પ્રશંસકો અને સંઘના સભ્યો આ ખોટને પહોંચી વળવામાં જ માત્ર નહિ, પણ પ્રબુદ્ધ જૈનની વાંચનસામગ્રી તેમજ ફેલાવો વધારવામાં બને તેટલા મદદરૂપ થાય એવી ખાસ વિનંતિ કરવામાં આવે છે.

શ્રી. મ. મો. શાહ સાર્વજનિક વાંચનાલય અને પુસ્તકાલય

સંઘ દ્વારા ચાલતું શ્રી. મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાંચનાલય તથા પુસ્તકાલય પૂર્વવત્ ચાલ્યા કરે છે અને તેનો લાભ આસપાસ વસતી જનતા બહોળા પ્રમાણમાં લે છે. ખાસ કરીને વાંચનાલય તો હરહંમેશ વાંચનારાઓની ગીરદીથી ભરચક રહે છે. આ પ્રવૃત્તિને વિકસાવવામાં મોટી આડખીલ સ્થળ સંકોચની છે. વિશાળ સ્થળના અભાવે વાંચકવૃન્દને પુરી સગવડ આપી શકાતી નથી તેમ જ સગવડ તેમજ પુસ્તક સંગ્રહની દૃષ્ટિએ પુસ્તકાલય વિકસાવી શકાતું નથી. આ ઉપરાંત પુસ્તકાલયની વ્યવસ્થામાં કુશળ અને યોગ્ય માણસ નહિ મળવાના કારણે આ પ્રવૃત્તિ જોઇએ તેટલી વ્યવસ્થિત બનાવી શકાતી નથી. આ વર્ષે આ પ્રવૃત્તિ માટે યોગ્ય માણસ મેળવવાની અમો આશા રાખીએ છીએ અને એમ થતાં આ પ્રવૃત્તિ વધારે વ્યવસ્થિત અને સુયોજિત પાયા ઉપર મુકી શકાશે એમ અમો ધારીએ છીએ. આ વાંચનાલય પુસ્તકાલને શ્રી મણિલાલ મોકમચંદ શાહ તરફથી પુસ્તકાલય માટે જરૂરી પુસ્તકો ખરીદવામાં જ વાપરી શકાય એ મર્યાદા સાથે બીજી રૂા. ૫૦૦૭ ની રકમ અર્પણ કરવામાં આવી છે. આવી ઉદાર મદદ માટે સંઘ તેમને ધન્યવાદ આપે છે.

ગયા વર્ષમાં આમ તો આ પ્રવૃત્તિ ખાતે રૂા. ૭૭૦-૧૪-૯ ની ખોટ આવી છે. પણ ગયા પર્યુષણ દરમિઆન આ પ્રવૃત્તિમાં રૂા. ૩૦૭૧] ની મદદ એકઠી કરવામાં આવી છે જે હાલ સ્થાયી ફંડ ખાતે જમે કરવામાં આવી છે. પરસ્પર સહકારથી સંઘના સભ્યોએ અને ખાસ કરીને વાંચનાલય-પુસ્તકાલય સમિતનાં મંત્રી શ્રી તારાચંદ લક્ષ્મીચંદ કોઠારીએ પર્યુષણ દરમિયાન ઉપર જણાવેલ રૂા. ૩૦૭૧] એકઠા કર્યા છે. તેમનો સર્વેનો અહિં આભાર માનવામાં આવે છે.

આવજતનાં સાધનો

આવજતનાં જરૂરી સાધનો સંઘના કાર્યાલયમાં વસાવવામાં આવ્યા છે અને ગયા વર્ષમાં તેનો ૮૫ કુટુંબોએ લાભ લીધો છે. આ સાધનોનો લાભ નાતજાતના કશા પણ ભેદભાવ વિના આપવામાં આવે છે.

પર્યુષણ વ્યાખ્યાનમાળા

ગત વર્ષ દરમિયાન યોજવામાં આવેલી પર્યુષણ વ્યાખ્યાનમાળા અત્યન્ત લોકપ્રિય નીવડી હતી. અને તેને લગતો તા. ૨૩-૮-૪૬ થી તા. ૩૧-૮-૪૬ સુધીનો નવ દિવસનો કાર્યક્રમ સફળતાપૂર્વક પાર પડયો હતો. આ વ્યાખ્યાનસભાઓ વીઠ્ઠલભાઇ પટેલ રોડ ઉપર આવેલ આનંદભુવનમાં અને સંવત્સરિની વ્યાખ્યાનસભા ભાંગવાડીના થીએટરમાં ભરવામાં આવી હતી. નવે દિવસ શ્રોતાઓની એકસરખી ભીડ રહી હતી. ન્યાયમૂર્તિ હરસિદ્ધભાઇ દીવેટીઆ, પંડિત દરબારીલાલજી, શ્રી. કનૈયાલાલ માણેકલાલ મુનશી, શ્રીમતી સરલાદેવી સારાભાઇ, શ્રી. રામનારાયણ પાઠક, શ્રી કેદારનાથજી, કાકાસાહેબ કાલેલકર, ડો. ખુલચંદજી વગેરે જાણીતી વ્યક્તિઓએ આ વ્યાખ્યાનમાળામાં વ્યાખ્યાનો આપ્યાં હતાં. શ્રીમતી ઇન્દુમતીબહેને તેમજ શ્રીમતી વેણીબહેને આ વ્યાખ્યાનમાળામાં વ્યાખ્યાતા તરીકે પહેલી જ વાર ભાગ લીધો હતો. જાણીતાં કીર્તનકાર શ્રી કમળાબહેન ઠક્કરે જુદા જુદા દિવસે બે કીર્તનો સંભળાવ્યાં હતાં. સંવત્સરિના દિવસે શ્રી. રહીનાબહેને ભજન સંભળાવી શ્રોતાને ભાવમુગ્ધ કર્યા હતા. આ વ્યાખ્યાનમાળામાં જૈન સમાજે બહુ રસભર્યો ભાગ લીધો હતો. અને તેને સફળ બનાવવામાં તેમજ સંઘને ખર્ચની બાબતમાં ચિન્તામુક્ત કરવામાં પૂરો સાથ અને સહકાર આપ્યો હતો.

કાકાસાહેબ ષષ્ટિપૂર્તિ સન્માન સમારંભ

પર્યુષણ દરમિયાન તા. ૨૮-૮-૪૬ ના રોજ શ્રી. મુંબઇ જૈન યુવક સંઘ તરફથી કાકાસાહેબ કાલેલકરનો ષષ્ટિપૂર્તિ સન્માન સમારંભ યોજવામાં આવ્યો હતો. આ સમારંભકાર્યમાં મુંબઇની સાહિત્ય વાહમય, લલિતકળા તેમ જ શિક્ષણની પ્રવૃત્તિ સાથે સંબંધ ધરાવતી બીજી સોળ સંસ્થાઓએ સાથ આપ્યો હતો. પ્રસ્તુત સમારંભ મુંબઇ યુનીવર્સીટીના કોન્વોકેશન હોલમાં ગોઠવવામાં આવ્યો હતો અને પ્રમુખ સ્થાને દીવાનબહાદુર કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી બીરાજ્યા હતા. આ સમારંભમાં મુંબઇની અનેક જાણીતી વ્યક્તિઓએ ભાગ લીધો હતો અને હિંદુસ્થાનની અનેક નામાંકિત વ્યક્તિઓએ શુભેચ્છા તેમજ કાકાસાહેબની પ્રશંસાના સંદેશાઓ મોકલ્યા હતા. મુંબઇ જૈન યુવક સંઘની આજ સુધીની કારકીર્દીમાં આ પ્રસંગ અનેક દૃષ્ટિએ અનુપમ હતો અને સંઘના બીનકોમી માનસ અને ઉંચી ગુણપૂજકતાનો ધોતક હતો. કાકાસાહેબ કાલેલકર સંઘ પ્રત્યે ઉંડો સદ્‌ભાવ દાખવતા આવ્યા છે અને પ્રબુદ્ધ જૈનને પોતાના લેખો વડે તેમણે અનેકવાર શોભાવ્યું છે. સંઘે આ સમારંભ યોજીને કાકાસાહેબ પ્રત્યેનું ઋણ અલ્પાંશે અદા કર્યું છે અને મુંબઇની જનતાને સત્ય, શિવ અને સુન્દર-ત્રણે તત્વોના સમન્વયને દાખવતા કાકાસાહેબના વિલક્ષણ વ્યક્તિત્વનો પરિચય કરાવ્યો છે, ઓગસ્ટની સોળમીના કલકત્તાના હત્યાકાંડથી મુંબઇનું વાતાવરણ તંગ બનતું ચાલ્યું હતું અને કોઇ પણ ઘડીએ મુંબઇમાં કોમી કલહની આંધી ચઢી આવે એવો ભય રહેતો હતો. આવા ક્ષુબ્ધ વાતાવરણમાં પર્યુષણવ્યાખ્યાનમાળા કે કાકાસાહેબનો ષષ્ટિપૂર્તિ સમારંભ પાર પડશે કે નહિ તે વિષે ભારે શંકા સેવાતી હતી. સદ્‌ભાગ્યે મુંબઇમાં કોમી સંઘર્ષણ શરૂ થવાના આગલા દિવસે જ આ બન્ને કાર્યક્રમો સાંગોપાંગ પાર પડયા હતા. વિધિની આ એક મોટી કૃપા ગણાય!

અન્ય સન્માન સમારંભો.

ગત વર્ષ દરમિયાન પ્રાન્તિક ધારાસભાની ચુંટણીઓ થઇ ગઇ અને જુદી જુદી ધારાસભામાં ચુંટાયલા સભ્યોની નામાવલી બહાર પડી. મુંબઇની બંન્ને ધારાસભામાં ચુંટાયલા જૈન સભ્યોનું સન્માન કરવા માટે શ્રી મહાવીર જૈન વિદ્યાલયની વ્યાખ્યાન-શાળામાં સંઘ તરફથી એક ભવ્ય સમારંભ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે મુંબઇમાં વસતા જૈન સમાજના અનેક આગેવાનો હાજર રહ્યા હતા અને નિમંત્રિત મહેમાનોને આવકાર આપતાં ભાષણો કર્યાં હતાં અને મહેમાનોએ પણ ઉચિત શબ્દોમાં આભાર માન્યો હતો. મુંબઇની ધારાસભાના જૈન સભ્યો અને જૈન સમાજના આગેવાનો વચ્ચે સંપર્ક સ્થાપવાનો સુયોગ આ સન્માન-સમારંભે ઉભો કર્યો હતો અને જૈન સમાજના તેમ જ રાષ્ટ્રને લગતા અનેક પ્રશ્નો સંબંધમાં વિચારોની પરસ્પર બહુ સારી આપ-લે થઇ હતી.

તા. ૧૭-૭-૪૬ ના રોજ દરબાર ગોપાળદાસ અને શ્રી. ઠેબરભાઇનું સંઘના કાર્યાલયમાં સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે દરબારસાહેબે તેમ જ ઠેબરભાઇએ પ્રેરક પ્રવચનો કર્યાં હતાં અને તેમની સાથે વિચારવિનિમય સાધવાની સંઘના સભ્યોને એક સારી તક સાંપડી હતી. કાઠિયાવાડ અને દેશી રાજ્યોના પ્રશ્નોની આ સભામાં સારી ચર્ચા થઇ હતી.

તા. ૨૦-૭-૪૬ ના રોજ ડૉ. બુલચંદજી જેઓ હિંદુ યુનીવર્સીટીના કેટલાક સમયથી અધ્યાપક હતા અને અંધેરી ખાતે તાજેતરમાં શરૂ કરવામાં આવેલી મેઘજી થયુરદાસ કૉલેજમાં જેમની પ્રીન્સીપાલ તરીકે નિમણુંક કરવામાં આવી હતી તેમની સન્માન-સભા જૈન શ્વે. મૂ. કૉન્ફરન્સના કાર્યાલયમાં ગોઠવવામાં આવી હતી. આ પ્રસંગે ડૉ. બુલચંદજીએ શ્રી. મુંબઇ જૈન યુવક સંઘનો આભાર માનતાં ભારતીય સંસ્કૃત્તિમાં જૈન સંસ્કૃત્તિનું સ્થાન અને રાષ્ટ્ર અને ધર્મનો પરસ્પર અવિરોધી સંબંધ એ મુદ્દાઓ ઉપર ઉદ્બોધક વિવેચન કર્યું હતું.

સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ મુંબઇની કોર્પોરેશનમાં કોંગ્રેસની બલાબણ ઉપર એક સભ્ય તરીકે ચુંટાયા અને શ્રી શાન્તિલાલ હરજીવન શાહ બંધારણ વિધાયક સભામાં નીમાયા-તે ઉભય બંધુઓનું સન્માન કરવાના હેતુથી તા. ૩-૮-૪૬ ના રોજ સભા બોલાવવામાં આવી હતી, જે વખતે સંઘના નિમંત્રણને માન આપીને જૈન સમાજના આગેવાન કાર્યકર્તાઓએ હાજરી આપી હતી. આ પ્રસંગે ઉપરોક્ત બન્ને બંધુઓની આજ સુધીની જૈન સમાજની અને વિશાળ રાષ્ટ્રની વિવિધ સેવાઓની કદર કરવામાં આવી હતી. સન્માનિત બંધુઓએ જવાબ આપતાં કોંગ્રેસ સરકારનો વહીવટ, બંધારણ વિધાયક સભા, વર્તમાન રાજ-કીય પરિસ્થિતિ, મ્યુનીસીપલ કોરપોરેશનમાં જનસેવાનો અવકાશ વિગેરે બાબતો ઉપર પ્રસંગોચિત વિવેચન કર્યાં હતાં.

અન્ય સંમેલનો

તા. ૨૮-૩-૪૬ ના રોજ શ્રી. ચીમનલાલ નગીનદાસ વિદ્યાવિહારના આચાર્ય શ્રી. ઝીણાભાઇ રતનજી દેસાઇ જેઓ સાહિત્ય ક્ષેત્રમાં 'સ્નેહરશ્મિ'ના નામથી ઓળખાય છે તેઓ સંઘના નિમંત્રણને માન આપીને સંઘના કાર્યાલયમાં આવ્યા હતા અને સંઘના સભ્યો સાથે તેમણે કેટલેક વાર્તાલાપ કર્યો હતો અને પોતાનાં કેટલાંક કાવ્યો સંભળાવીને સમાજનોના મન રંજિત કર્યા હતા.

તા. ૫-૪-૪૬ ના રોજ શ્રી. મુંબઇ જૈન યુવક સંઘના આશ્રય નીચે શ્રી મહાવીર જૈન વિદ્યાલયની વ્યાખ્યાન શાળામાં એક જાહેર સંમેલન યોજવામાં આવ્યું હતું, જે પ્રસંગે શ્રી ઝવેરચંદ મેઘાણીએ લોકસાહિત્ય ઉપર સુંદર અને વિચારપ્રેરક વિવેચન કર્યું હતું અને એ વિવેચનના અનુસંધાનમાં લગભગ અઢી કલાક સુધી લોકગીતો તેમજ પોતાનાં રચેલાં કાવ્યોનો સ્રોત વહાવ્યો હતો અને હાજર રહેલ મોટી શ્રોતામંડળીને આનંદ તેમજ વિસ્મયથી મુગ્ધ કર્યા હતા.

તા. ૨૫-૪-૪૬ ના રોજ સુરત બાજુએ આવેલા કરાડીમાં કાર્યકરતા બાણીતા ખાદી સેવક અને ગ્રામોદ્યોગ પ્રચારક શ્રી દિલખુશ દીવાનજીએ સંઘના સભ્યો સમક્ષ ખાદીની નવી નીતિ-'પહેરે તે કાંતે અને કાંતે તે પહેરે'-ઉપર વિચારપૂર્ણ તેમજ અનુભવગંભીર વિવેચન કર્યું હતું અને આ નવી નીતિનો મર્મ સમજાવ્યો હતો. આ તેમની રજુઆત બાદ સભ્યો તેમજ દિલખુશભાઇ વચ્ચે રસભરી ચર્ચા થઇ હતી.

સંઘની આર્થિક પરિસ્થિતિ

શ્રી. મુંબઇ જૈન યુવક સંઘ પોતાની સર્વ પ્રવૃત્તિઓ વર્ષ-દ્વારા મળતી મદદો અને સભ્યોનાં લવાજમો ઉપર ચલાવે છે. તેની પાસે કોઇ મોટું ફંડ નથી કે તેને નાનાં મોટાં રોકાણોના વ્યાજની કોઇ મોટી આવક નથી. શ્રી. મુંબઇ જૈન યુવક સંઘની સૌથી મોટી આર્થિક જવાબદારી શ્રી. મ. મો. શાહ સાર્વજનિક વાંચ-નાલય-પુસ્તકાલયની છે. સદ્‌ભાગ્યે ગત વર્ષ દરમિઆન પર્યુષણની વ્યાખ્યાનસભાઓમાં હાજર રહેલા ભાઇ બહેનો તરફથી આ ખાતામાં સારી મદદ મળી ગઈ એટલે ગત વર્ષમાં સંઘની આવક જાવકનાં પાસા સરખા થઇ શકયા છે. નવા વર્ષ માટે રજુ કરવામાં આવનાર અંદાજપત્ર મુજબ સંઘની વિવિધ પ્રવૃત્તિઓને પહોંચી વળવા માટે આપણે ચાલુ વર્ષમાં રૂા. ૧૬૨૫, મેળવાના રહે છે. આ જવાબદારીને સૌ સભ્યોના સહકારથી પહોંચી વળવામાં અગવડ નહિ આવે એવી આશા રાખવામાં આવે છે. ગત વર્ષ દરમિયાન સંઘની એક અસાધારણ સામાન્ય સભા બોલાવવામાં આવી હતી અને સંઘના સભ્યોનું વાર્ષિક લવાજમ ભાઇઓ માટે રૂપીઆ ૪ અને બહેનો માટે રૂા. ૩ હતું તે વધારીને આજની વધતી જતી મોંઘવારીને પહોંચીવળવાના હેતુથી સૌ કોઇ સભ્યો માટે એકસરખું રૂા. ૫ ઠરાવવામાં આવ્યું હતું. ગયા વર્ષે ચુંટાયલી કાર્યવાહક સમિતિની કુલ ૧૦ સભાઓ બોલાવવામાં આવી હતી. સંઘના સભ્યોની આજે કુલ સંખ્યા ૩૪૪ ની છે, જેમાં ૨૯૪ ભાઇઓ છે અને ૫૦ બહેનો છે.

ઉપસંહાર

સંઘના ગત વર્ષના વૃતાન્તની આ મુખ્ય મુખ્ય વિગતો છે. સંભવ છે કે આગળનાં વર્ષોની સરખામણીએ આ વર્ષની સંઘની ગતિ કાંઇક મંદ બની છે એમ કોઇને લાગે. છેલ્લા પાંચ માસથી ચાલતી મુંબઇની તંગ કોમી પરિસ્થિતિએ જેમ આપણા ચાલુ જીવનને સ્થગિત કરી નાંખ્યું છે તેમ આપણી સર્વ જાહેર પ્રવૃત્તિઓ ઉપર પણ તેની બહુ ગંભીર અસર નિપજી છે. કોમી કલહના શરૂઆતના મહીનાઓમાં સંઘની કાર્યવાહક સમિતિની સભા બોલાવવાનું જ શકય નહોતું અને અસાધારણ કારણે સભા બોલાવવામાં આવતી તો કાર્યસાધક હાજરી મેળવવામાં બહુ જ મુશ્કેલી પડતી. આ કારણે સંઘની પ્રવૃત્તિઓમાં આગળના છ માસનો વેગ પાછળના મહિનાઓ દરમિઆન દૃષ્ટિગોચર થતો નથી. આપણી મર્યાદિત કાર્યશકિત અને નવા કાર્યકર્તાઓની દુર્લભતા-આ બે કારણો પણ આપણા સંઘની પ્રવૃત્તિઓને આગળને આગળ વધારવામાં મોટા અન્તરાય રૂપ બને છે. મુંબઇ શહેરની આજની પરિસ્થિતિમાં હજુ તુરતમાં કોઇ મોટો સુધારો થાય એમ દેખાતું નથી. આમ હોવાથી આપણે આપણી સંઘશકિતને વધારે ઉંડી નિષ્ઠાથી ચાલુ પ્રવૃત્તિઓ ઉપર કેન્દ્રિત કરીએ અને નવી પ્રવૃત્તિઓ પણ તે દ્વારા શરૂ કરવાનો આપણે દૃઢ નિશ્ચય કરીએ તો જ શ્રી મુંબઇ જૈન યુવક સંઘ વધારે શકિતશાળી બની શકે અને જૈન સમાજને તેમજ સમસ્ત રાષ્ટ્રને વધારે પ્રાણવાન ક્રાન્તિલક્ષી સેવાઓ આપી શકે. આ માટે આપણા સર્વમાં પ્રેરણા પ્રગટે, જરૂરી બળ પેદા થાય અને સહકારવૃત્તિ સુદૃઢ થાય એ જ યાચના અને એ જ પ્રાર્થના !!!

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ.

સંવત ૨૦૦૨ નો આવક જાવકનો હિસાબ તથા સરવૈયું.

પ્રબુદ્ધ જૈન

જ		ઉ	
૧૬૨૩- ૭-૦	લવાજમના	૬૪૪-૧૨-૬	પગાર, ભાડું, લાઇટ.
૪૦૨- ૦-૦	ભેટના	૪૨૯- ૨-૯	પોસ્ટ ખર્ચ
૪૮૧- ૮-૦	યુવક સંઘના સભ્યો પાસેથી પ્રબુદ્ધ જૈનના લવાજમના.	૨૮૧- ૫-૯	કાગળ ખર્ચ
		૧૬૧૬- ૦-૦	છપામણી ખર્ચ
૨૫૦૬-૧૫-૦		૫૨-૧૨-૬	પરચુરણ ખર્ચ
૫૧૭- ૨-૬	ખોટના		
૩૦૨૪- ૧-૬		૩૦૨૪- ૧-૬	

શ્રી. મુંબઈ જૈન યુવક સંઘ.

આવક જાવકનો હિસાબ.

જ		ઉ	
૧૨૭૧-૦-૦	લવાજમ	૬૪૪-૧૨-૬	પગાર, ભાડું, લાઇટ.
૩૩૯-૦-૦	ભેટ	૨૨૨- ૪-૬	પરચુરણ ખર્ચના
૩૨૫-૦-૦	વ્યાજ	૨૭- ૧-૬	પોસ્ટ ખર્ચના
		૨૯- ૭-૦	સ્ટેશનરી ખર્ચના
૧૯૩૫-૦-૦		૩૦- ૦-૦	છપામણી ખર્ચના
		૪૮૧- ૮-૬	લવાજમ પ્રબુદ્ધ જૈનનું સંઘના સભ્યો પાસેથી.
		૧૪૩૫- ૧-૬	
		૪૯૯-૧૪-૬	ચાલુ વર્ષમાં વધારો.
		૧૯૩૫- ૦-૦	

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ

સંવત ૨૦૦૨ નું સરવૈયું

જ				ઉ			
રીઝર્વ ફંડ			૧૧૦૦ ૦ ૦				
જનરલ ફંડ				**રોકાણ**			
ગયા વરસની બાકી	૫૭૮૦ ૮ ૨			૫ ટકાના બોમ્બે મ્યુનીસી-પાલીટી ડીબેન્ચર રૂા. ૫૦૦૭ ની ફેઇસ વેલ્યુના	૬૦૭૦ ૫ ૭		
ચાલું સાલમાં સંઘની આવક જાવકનો વધારો	૪૯૯ ૧૪ ૬			૫½ ટકાનાં ધી ઇન્ડીયન લ્યુમ પાઇપ કું લી. નાં ડીબેન્ચર રૂા. ૪૦૦૭ ની ફેઇસ વેલ્યુના	૪૨૩૬ ૬ ૨		
	૬૨૮૦ ૬ ૮					૧૦૩૦૬ ૧૧ ૯	
પ્રબુદ્ધ જૈનની આવક જાવકને ઘટાડો	૫૧૭ ૨ ૬			**બેંકમાં તેમજ હાથ ઉપર**			
		૫૭૬૩	૪ ૨	હાથ ઉપર રોકડા	૨૮૯ ૧૦ ૬		
શ્રી. માંદાની માવજત ખાતું		૨૪૮	૭ ૦	ધી બેંક ઓફ ઇન્ડીયા લી.ના ખાતામાં	૧૬૮૮ ૧૪ ૮		
શ્રી. વ્યાખ્યાનમાળા ખાતું		૧૦૭	૧ ૯			૧૯૭૮	૯ ૨
શ્રી. રાહત ખાતું		૯૬૩	૪ ૦	ભાઇ શાન્તિલાલ ઠાકરસીને ખાતે		૨૫	૦ ૦
શ્રી. પુસ્તક પ્રકાશન ખાતું		૩૪૭૪	૬ ૦	શ્રી. ભારતી સાહીત્ય સંઘ ખાતે		૧૭૫૫	૦ ૦
શ્રી. ઉપલક ખાતું		૪	૦ ૦	પ્યુન નારાયણને ખાતે		૨	૦ ૦
શ્રી. ૨૦૦૩નું સભ્ય લવાજમ ખાતું		૧૫૧	૦ ૦	શ્રી. કાકાસાહેબ ષષ્ટિ પૂર્તિ સ. સમારંભ ખાતે		૧૦	૯ ૦
શ્રી. મ. મો. શાહ. વાંચનાલય-પુસ્તકાલય ખાતું		૫૬૭	૮ ૦				
શ્રી. પરચુરણ ખાતાઓ		૧૩	૪ ૦				
શ્રી. વૈદ્યકીય રાહત ખાતું		૧૩૨૨	૪ ૦				
શ્રી. અલ્પાહાર ફંડ ખાતું		૩૬૩	૭ ૦				
		૧૪૦૭૭	૧૩ ૧૧			૧૪૦૭૭	૧૩ ૧૧

અમોએ ઉપલું સરવૈયું, ચોપડાઓ, વાઉચરો, રસીદો અને બેંકપાસબુક સાથે તપાસ્યું છે અને આથી રીપોર્ટ આપીએ છીએ કે અમારી માન્યતા મુજબ અને અમોને આપવામાં આવેલ ખબર અને ખુલાસા પ્રમાણે અને ચોપડાઓમાં બતાવેલ છે તે પ્રમાણે અમોને બરાબર માલુમ પડયું છે.

એચ. પી. કુંભાણીની કું.
રજીસ્ટર્ડ એકાઉન્ટન્ટસ એન્ડ ઓડીટર્સ
મુંબઇ, તા. ૮-૧-૪૭.

શ્રી. મ. મો. શાહ સાર્વજનિક વાંચનાલય-પુસ્તકાલયનો આવક જાવકનો હિસાબ.

જ

૮૯૩	૪	૦	વ્યાજના
૨૩૨	૧૧	૦	દંડના
૭૧	૧૦	૦	પાસબુકના
૧૧૯૭	૫	૦	
૭૭૦	૧૪	૬	બોટના
૧૯૬૮	૭	૬	

ઉ

૨૩૩	૧૫	૬	શ્રી. પરચુરણ ખર્ચના
૮૭૮	૦	૦	શ્રી. પગાર ખર્ચના
૨૭૦	૦	૦	છાપાઓનું લવાજમ
૧૨૬	૦	૦	શ્રી. છપામણી ખાતે
૬૦	૦	૦	લાઈટ ખર્ચ
૩૬૭	૮	૦	ભાડા ખર્ચ
૧૯૬૮	૭	૬	

શ્રી. મ. મો. શાહ સાર્વજનિક વાંચનાલય-પુસ્તકાલય સંવત ૨૦૦૨ નું સરવૈયું.

જ

શ્રી. મ. મો. વાંચનાલય પુસ્તકાલય ખાતે જમા	૨૬૩૨૬	૧	૩
શ્રી. ડીપોઝીટ ખાતે જમા	૩૩૩૪	૦	૦
શ્રી. ફરતી લાયબ્રેરી ડીપોઝીટ ખાતે જમા ...	૨૦૦	૦	૦
શ્રી. એકસ્ટ્રા ડીપોઝીટ ખાતે જમા ...	૧૦	૮	૦
શ્રી. ફરતી લાયબ્રેરી પુસ્તક ખાતે જમા ...	૮	૦	૦
શ્રી. પુસ્તક ખાતે જમા	૪૩૭૨	૧૪	૦
	૩૪૨૫૧	૭	૩

ઉ

રોકાણ

૪ ટકાના ધી રાવલગામ સ્યુગર ફાર્મ લી.ના ડીબેંચર રૂા. ૧૦૦૦૦) ની ફેઇસ વેલ્યુના	૧૦૦૦૦	૦	૦
૪½ ટકાના ધી બોમ્બે સ્ટીમ નેવીગેશન કું. લી.ના ડીબેંચર રૂા. ૧૦૦૦૦) ની ફેઇસ વેલ્યુના ...	૧૦૦૦૦	૦	૦
૫ ટકાના ધી બોંબે ઇમ્પ્રુવમેંટ ટ્રસ્ટ લોન રૂા. ૩૦૦૦) ની ફેઇસ વેલ્યુના ...	૩૬૧૫	૦	૦
કામાણી મેટલ વર્કસ લી. ના શેર ૫૦૦૦ ની ફેઇસ વેલ્યુના	૫૦૦૦	૦	૦
	૨૮૬૧૫	૦	૦
શ્રી. જૈન યુવક સંઘ ખાતે.	૫૬૭	૮	૦
શ્રી. રવચંદ ફૂલચંદ ઝાલાલને ખાતે	૪	૫"	૦

બેંકમાં તેમજ હાથ ઉપર રોકડ

હાથ ઉપર રોકડ ...	૩૨	૪	૬
ધી બેંક ઓફ ઇન્ડીયા લી.ના ચાલુ ખાતામાં ...	૧૪૭૮	૩	૬
ધી સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડીયા લી. ના ચાલુ ખાતામાં ...	૩૫૫૩	૭	૩
	૫૦૬૪	૧૫	૩
	૩૪૨૫૧	૭	૩

અમોએ ઉપલું સરવૈયું, ચોપડાઓ, રસીદો, વાઉચરો અને બેંકપાસબુક સાથે તપાસ્યું છે અને આથી રીપોર્ટ આપીએ છીએ કે અમારી માન્યતા મુજબ અને અમોને આપવામાં આવેલા ખબર અને ખુલાસા પ્રમાણે અને ચોપડામાં બતાવેલ છે તે પ્રમાણે બરાબર માલુમ પડયું છે.

એચ. પી. કુંભાણીની કું.

રજીસ્ટર્ડ એકાઉન્ટન્ટ્સ એન્ડ ઓડીટર્સ.

મુંબઇ, તા. ૮-૧-૪૭.

સંઘની વિવિધ પ્રવૃત્તિઓને તા. ૧-૧૨-૪૬ પછી મળેલી આર્થિક મદદો

સ્વ. ડો. વ્રજલાલ ધરમચંદ મેઘાણી સ્મારક ફંડ

૫૧) શ્રી. અંબાલાલ લલ્લુભાઇ પરીખ
૫૧) ધી મીલ સ્ટોર કું.
૫૧) શ્રી કાંતિલાલ ભોગીલાલની કું.
૫૧) ધી જીન સ્ટોર કું.
૨૫) શ્રી શાન્તિલાલ એમ. શાહ એન્ડ કું.
૨૫) ધી બોમ્બે મશીન સ્ટોર કું.
૨૫) શ્રી મોતીલાલ કલ્યાણદાસની કું.
૨૫) ધી મીલ સ્ટોર (ઇન્ડીયા એજન્સી)
૨૫) શ્રી છોટાલાલ નાથાલાલ શાહ
૨૧) ધી બોમ્બે ટયુબ સપ્લાઇ એજન્સી
૧૫) શ્રી શાંતિલાલ હ. શાહ
૧૫) ધી ન્યુ હિંદ એન્જીનીયરીંગ કું.
૧૫) ડો. અમીચંદ છગનલાલ (સુરત)
૧૫) શ્રી જયંતિલાલ લલ્લુભાઇ પરીખ
૧૧) ,, કંચનલાલ લાલચંદ તલસાણીયા
૧૧) ,, કમળાશંકર પી. જોષી
૧૧) ,, પાસુભાઇ ખીયસી પુરીઆ
૧૧) ,, ચંદુલાલ શંકરલાલ વૈદ્ય
૫) ,, દીનકરલાલ એલ. ઝવેરી
૫) ,, રમણલાલ હીરાલાલ શાહ

૪૬૪)

પ્રબુદ્ધ જૈન

૧૦૦) શ્રી શાંતિલાલ હરજીવન શાહ (સોલીસીટર)
૨૫) શ્રી અમીચંદ એચરદાસ દેશાઇ

૧૨૫)

વૈદ્યકીય રાહત

૧૦૧) શ્રીમતી મણિબહેન અમીચંદ દેશાઇ
૫૧) શ્રી મણિલાલ હીરાલાલ શાહ

૧૫૨)

શ્રી. મ. મો. શાહ સાર્વજનિક વાંચનાલય-પુસ્તકાલય.

૨૫) શ્રી મેનાબહેન નરોત્તમદાસ શેઠ
૨૫) ,, ગોકળદાસ મગનલાલ શાહ
૨૫) ,, મણિલાલ હીરાલાલ શાહ
૨૫) ,, નવીનચંદ્ર હેમચંદ અમરચંદ

૧૦૦)

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd No B. 4266.

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૮
અંક : ૨૦

મુંબઈ: ૧૫ ફેબ્રુઆરી ૧૯૪૭ શનિવાર.

લવાજમ
રૂપિયા ૪

માંડલમાં બે દિવસ

માંડલ વીરમગામથી લગભગ ૧૫ માઇલ દૂર આવેલું આઠ નવ હજારની વસ્તીનું એક ઠીક ઠીક મોટું ગામ અથવા તો નાનકડું શહેર છે. આ શહેર આમ તો ઘણું જુનું ગણાય છે. અત્યંત તેજસ્વી અને પ્રભાવશાળી બંધુયુગલ વસ્તુપાલ તેજપાલની માંડલ જન્મભૂમિ હોવાનું મનાય છે. આ વિષે કેટલાક ઇતિહાસસંશોધકો શંકા ધરાવે છે, એમ છતાં પણ વસ્તુપાલ તેજપાલનો ઉછેર તો માંડલમાં જ થયેલો એ વિષે સૌ કોઇ એકમત છે. માંડલની પુરાતનતા સૂચવતાં અનેક પ્રાચીન અવશેષો ત્યાં જોવા મળે છે. માંડલમાં મુસલમાનોની વસ્તી સારા પ્રમાણમાં છે અને કેટલીક મસજીદો ઐતિહાસિક તેમ જ શિલ્પનિર્માણની દૃષ્ટિએ જોવા જેવી છે. આમાંની બે ત્રણ એવી મસજીદો છે કે જેનું શિલ્પવિધાન જોતાં મૂળ હિંદુ અથવા તો જૈન દેવસ્થાન હોય અને પાછળથી મુસલમાની આક્રમણે તેને મસજીદમાં પલટી નાંખેલ હોય એમ લાગે. ગુજરાતના મધ્યકાલીન ઇતિહાસમાં માંડલ બહુ અગત્યનું સ્થાન ધરાવે છે. માંડલની આસપાસ રૂપાળી કારીગીરીવાળો જુનો કીલ્લો છે અને એક બાજુએ આવેલ વિશાળ સરોવરને લીધે તેમ જ ચોતરફ લગભગ વેરાન જેવા દિસતા પ્રદેશ વચ્ચે આ શહેર ઉંચાણ ભાગમાં વસેલું હોવાથી અને ઝાડપાનથી ખુબ ભરેલું હોવાથી માંડલ બહુ રમ્ય અને આલ્હાદક સ્થળ લાગે છે. માંડલમાં બે જુનાં અને જોવાલાયક જૈન મંદિરો છે. માંડલમાં જૈનોની વસ્તી લગભગ ૧૫૦૦ ની છે અને ત્યાંની પ્રજામાં જૈન સમાજ સૌથી વધારે પ્રભુત્વ ધરાવે છે. માંડલનો મુખ્ય ધંધો રૂ, કપાસ અને કાલાનો છે અને તે મોટા ભાગે જૈનોના હાથમાં છે. આ જૈનો લગભગ બધા જ શ્વેતાંબર મૂર્તિપૂજક વિભાગના છે.

ત્રણેક માસ પહેલાં માંડલ જૈન યુવક સંઘનો વર્ષાન્ત ઉત્સવ હતો. તે પ્રસંગે પ્રમુખ થવા તે [redacted] કાર્યકર્તાઓએ મને બહુ આગ્રહપૂર્વક લખેલું, પણ તે વખતે હું તે નિમંત્રણને માન આપી શકું તેમ નહોતું. ત્યાર બાદ થોડા સમય પહેલાં તા. ૨૮-૧૨-૪૬ ના રોજ કરવામાં આવેલ શ્રી મહાવીર જૈન વિદ્યાલયની અમદાવાદ શાખાના ઉદ્ઘાટન નિમિત્તે અમદાવાદ જવાનું બન્યું તેના અનુસંધાનમાં માંડલના બાઇઓનો બહુ આગ્રહ હોવાથી બે દિવસ માંડલ જવાનો યોગ ઉપસ્થિત થયો હતો. બહુ જ નાની ઉમ્મરે હું કેટલાંય વર્ષો પહેલાં માંડલ ગયેલો, પણ બાલ્યકાલની દશાને લીધે વિશેષ માંડલ વિષે મને કાંઇ પણ સ્મરણ રહેલું નહિ હોવાથી આ વખતે જાણે કે હું માંડલ પહેલી વાર જ ગયો હોઉં એમ લાગતું હતું. ત્યાંનાં જૈન સમાજ તેમ જ માંડલ જૈન યુવક સંઘના કાર્યકર્તાઓને મળવાનું પણ મારા માટે પહેલી વારનું જ હતું.

માંડલના બે દિવસના નિવાસ દરમિઆન કેટલાએક બાઇઓનો પરિચય થયો, ત્યાંની કેટલીક સંસ્થાઓ જોઇ અને ત્યાંની પ્રવૃત્તિ અને વિચારપ્રગતિ જાણીને મને બહુ આનંદ થયો. ત્યાંની પાંજરાપોળ એક વિશિષ્ટ સંસ્થા ગણાય છે. આ સંસ્થા વિશાળ જમીન, મકાનો તથા ચરાણ માટે મોટાં મોટાં બીડો ધરાવે છે અને ઢોર વગેરેને રાખવાની તેમાં બહુ સારી સગવડો કરવામાં આવી છે. તેની સર્વ વ્યવસ્થા પુરાણી ઢબ ઉપર અને જુના ખ્યાલો ઉપર રચાયલી છે અને તેથી ઉત્પાદન અને ગોસંવર્ધનની અદ્યતન દૃષ્ટિએ તેમાં કશું પણ નવનિર્માણ જોવામાં આવતું નથી. આમ છતાં પણ તેના કાર્યકર્તાઓ પાંજરાપોળને વિકસાવવા ખુબ આતુરતા અને ખંત ધરાવે છે અને કોઇ તેમને સરખી કાર્યદિશા બતાવે તો તે દિશાએ પગલાં માંડવા તત્પર છે એમ મને લાગ્યું. ત્યાંની પાંજરાપોળ જેવી સુપ્રતિષ્ઠિત અને સારી આર્થિક સ્થિતિવાળી સંસ્થા ગાંધીજીએ આપણને આપેલી ગૌરક્ષાની અને ચર્માલયની નવી દૃષ્ટિ મુજબ આજની વ્યવસ્થામાં અને રચનામાં જરૂરી ફેરફારો કરે તો ગુજરાત અને કાઠિયાવાડમાં ઠેક ઠેકાણે આવેલી પાંજરાપોળોને જરૂર દૃષ્ટાન્તરૂપ બને. ત્યાંનું જૈન મહાજન એક સાર્વજનિક દવાખાનું, અંગ્રેજી ચાર ધોરણ સુધીની રાષ્ટ્રીય શાળા અને પુસ્તકાલય ચલાવે છે અને આ ત્રણે પ્રવૃત્તિઓ ત્યાંની જનતાને મહાન આશીર્વાદ રૂપ છે.

માંડલના જૈન સંઘ વિષે એક નવી અને ભારે પ્રોત્સાહક બીના તો એ જાણી કે ત્યાં દોઢ વર્ષ પહેલાં સ્વર્ગસ્થ આચાર્ય શ્રી વિજયધર્મસૂરીના શિષ્ય મુનિશ્રી ન્યાયવિજયજી જેઓ મૂળે માંડલના છે તેમના ચાતુર્માસ દરમિયાન તે મુનિવરના ચાલુ ઉપદેશના પરિણામે ત્યાંના જૈન સંઘે દેવદ્રવ્ય અને સાધારણ દ્રવ્ય વચ્ચેનો ભેદ કાઢી નાંખ્યો છે અને દેવદ્રવ્યના નામે થતી આવકનો સાર્વજનિક ઉપયોગ પણ કરવામાં આવે છે. જૈન મંદિરમાં થતી આવક 'દેવદ્રવ્ય'ના નામે ઓળખાય છે અને આ દ્રવ્યનો ઉપયોગ મંદિર અને મૂર્તિ સિવાય અન્ય કોઇ કાર્યમાં થઇ ન શકે એવી માન્યતા કંઇ કાળથી જૈન સમાજમાં જડ ઘાલીને બેઠી છે અને પરિણામે જૈન મંદિરોમાંથી થતી લાખો રૂપીઆની આવકનો ઉપયોગ મૂર્તિઓના સોના ચાંદી તથા ઝવેરાતના ઘરેણાં ગાંઠાં અને આંગી બનાવવામાં, મંદિરોને શણગારવામાં, બીનજરૂરી મંદિરો ઉભાં કર્યે જવામાં અને મોટા ભાગે તો ગવર્મેન્ટ લોન, સીક્યુરીટી, શેરો તેમજ સોનું, ચાંદી કે સ્થાવર મીલ્કતોમાં રોકવામાં થાય છે. ઘણી વખત આ દેવદ્રવ્યની મીલ્કત ટ્રસ્ટીઓના હાથે વેડફાઇ જાય છે, પણ મંદિર અને મૂર્તિ સિવાય અન્ય કોઇ સાર્વજનિક કાર્ય માટે તેનો કશો પણ ઉપયોગ થઇ શકતો નથી. આજે જો સમાજ ધારે તો દેવદ્રવ્યની આવકમાંથી કેટલીયે લોકકલ્યાણવાહી સંસ્થાઓ ઉભી કરી શકાય, અને અનેક હાડમારીઓથી પીલાતી પ્રજાને તેમાંથી રાહત આપી શકાય. પણ આ તો 'દેવનું દ્રવ્ય' કહેવાય અને તેનો જનકલ્યાણ માટે ઉપયોગ થઇ ન જ શકે—આ વિચાર આપણામાં મજ્જાગતપણે જડાઇ ગયો છે અને આ વિષે બુદ્ધિપૂર્વક વિચાર કરવાની આપણે સમાજ સાફ ના ભણે છે. પરિગ્રહ વિરમણ વ્રત એ તો જેની ખાસ વિશેષતા હતી એવા

સંસાર ત્યાગ્યો તે દેવનું દ્રવ્ય સાથે લગ્ન જ શી રીતે સંભવે અને મંદિર એ તો એક સામાજિક સંસ્થા છે. અને ત્યાં આવનાર પોતાનો દ્રવ્ય માટે મોહ છોડીને સમાજનું ભલું થાય એ હેતુથી પોતાની શક્તિ અને સ્ફુરણા મુજબ નાની મોટી રકમ એક યા બીજી રીતે અર્પણ કરે છે અને આવી રીતે અર્પાયેલી રકમનો સર્વસાધારણ સામાજિક કાર્યોમાં ઉપયોગ કરવા સામે કશો પણ પ્રતિબંધ ન જોઇએ. પછી તે મંદિર હોય, મૂર્તિ હોય, છાત્રાલય હોય, ઔષધાલય હોય કે વિદ્યાલય હોય, જનતાના દુઃખનિવારણનું કાર્ય હોય કે પશુઓના પાલનનું કાર્ય હોય–આ કેવળ સાદી અને સીધી સમજણની વાત છે. આમ છતાં દેવદ્રવ્ય સંબંધેની ચાલુ પ્રણાલિમાં તો કોઇ પણ કાળે ફેરફાર થઇ શકે જ નહિ–આવી ચોતરફ પ્રવર્તતી વિચારજડતા જોઇને ભારે વિસ્મય તેમજ વિષાદ થાય છે. દેવદ્રવ્યની પ્રથામાં અને તેને લગતી માન્યતામાં આપણે ફેરફાર કરવો જ જોઇએ અને એ બીજી જતા દ્રવ્યને સમાજહિતના માર્ગે વહેતું કરવું જ જોઇએ–આવો વિચાર હું કંઇ કાળથી સેવતો આવ્યો છું, એમ છતાં પણ આ સંબંધમાં ચાલુ રૂઢિના આગ્રહનાં મૂળ મને એટલાં બધાં ઉંડા ગયેલાં માલુમ પડતાં હતાં કે આ બાબતમાં રાજ્યસત્તાના આશ્રય સિવાય બીજી કોઇ પણ રીતે ફેરફાર થઇ શકે તેમ છે જ નહિ એમ હું માનતો હતો અને એવી નિરાશાના કારણે દેવદ્રવ્યના સાર્વજનિક ઉપયોગને લગતા મારા વિચારોને અમલી બનાવવા માટે મને ઉત્સાહ જ આવતો નહોતો અને આ સંબંધમાં હું એક પ્રકારની ઉદાસીનતા સેવતો હતો. પણ માંડલના જૈન સમુદાયે આવો મહત્વનો ફેરફાર સ્વીકાર્યો છે એ બાબતની જાણ થતાં મારામાં ઉત્સાહનો સંચાર થયો અને મારી નિરાશા ઓસરી ગઇ. મને લાગે છે કે આપણે બધા નવા વિચાર ધરાવનારા આ બાબતમાં સક્રિય બનીએ અને જેસભેર હીલચાલ ઉપાડીએ અને સમાજમાં આપણને મળેલી પ્રતિષ્ઠાનો પુરો ઉપયોગ કરીએ, તો બહુ થોડા સમયમાં બંધિયાર દેવદ્રવ્યને સામાજિક કાર્યોમાં વહેતું કરી શકીએ. આજે જુની પેઢી આથમવા લાગી છે; કંઇ કાળથી સત્તારથાનો પકડી બેઠેલા વૃદ્ધો હવે આ દુનિયામાંથી વિદાય લઈ રહ્યા છે; જુની રૂઢિઓ અને પરંપરાના સમર્થનમાં જ પોતાની જીવાદોરની જોગવાઇ રહેલી છે એમ માનનારા આચાર્યો અને સાધુઓ પણ આજે પ્રતિષ્ટાહીન અને વર્ચસ્વવંચિત બની રહ્યા છે. સંઘોના અને મંદિરોના વહીવટમાં નવું લોહી સંચરવા લાગ્યું છે. મંદિરના ટ્રસ્ટીઓના સ્થાને નવા વિચાર ધરાવતા યુવકો નિમાવા લાગ્યા છે. આ બધા નવવિચાર ધરાવતા ભાઇઓ જો મન ઉપર લે અને એકમેકને સહકાર આપે તો દેવોને આપણે બહુ જલ્દિથી દ્રવ્યની માલીકીના આરોપિત દોષથી મુક્ત કરી શકીએ અને એ દ્રવ્યને વ્યાપક ઉપયોગમાં વહેતું કરી શકીએ. માંડલના જૈન સંઘને આવા મહત્વના સુધારાનો અમલ કરવા માટે હું ધન્યવાદ આપું છું અને આ દિશાએ મારામાં નવી આશા અને ઉત્સાહનો સંચાર કરવા માટે તે સંઘના આગેવાનોનો હું ઉપકાર માનું છું.

માંડલમાં એક યા સવા વર્ષથી માંડલ જૈન યુવક સંઘની મુનીશ્રી ન્યાયવિજયજીની પ્રેરણાથી સ્થાપના કરવામાં આવી છે, અને એ સંસ્થા નાતજાત કે સંપ્રદાયના ભેદ વિના સમાજસેવાનાં કાર્યો કરે છે. તબીબી સારવાર, માવજતનાં સાધનો, રાહત પ્રવૃત્તિ, માંસબંધી, દારૂબંધી–આવી કેટલીક પ્રવૃત્તિઓ તેઓ ચલાવે છે. ખાસ ધ્યાન ખેંચે તેવી તો તેમની શહેરસફાઇની પ્રવૃત્તિ છે. ઘણું ખરૂં દર રવિવારે અથવા બીજા કોઇ અનુકુળ દિવસે સંઘના સભ્યોમાંની જુદી જુદી ટુકડીઓ શહેરના જુદા જુદા લત્તાઓ સાફ કરે છે; ગંદું મેલું ઉપાડતાં અને સાફ કરતાં તેઓ જરા પણ સંકોચ અનુભવતા નથી અને આ રીતે લોકોને સ્વચ્છતાનો પાઠ શિખવે છે અને અસ્પૃશ્યો પ્રત્યેના સામુદાયિક અણગમાને તેઓ હળવો કરે છે. સમાજસેવાનો આ અદ્યતન પ્રકાર સંઘનું આખું દળ કેટલા પ્રાગતિક વિચારો અને વળણ ધરાવે છે તે સૂચવવા માટે યોગ્ય દૃષ્ટાન્ત પુરૂં પાડે છે. સંઘ તરફથી એક નાનું સરખું પુસ્તકાલય ચલાવવામાં આવે છે. અને તેની દોરવણી હેઠળ એક વિદ્યાર્થી સંઘ સ્થાપવામાં આવ્યો છે. જેમ માંડલ શહેર નાનું એમ આ સંઘ પણ નાનો સરખો છે અને તેમની પ્રવૃત્તિઓ પણ નાના પાયાની છે. એમ છતાં પણ તેની પાછળ જે દૃષ્ટિ રહેલી છે તે કેવળ આધુનિક છે અને તે દ્વારા સમાજસેવા કરવાની તેમની ઉંડી ધગશ વ્યક્ત થાય છે. ઘણી વખત આપણને શહેરમાં વસતા લોકોને ઘમંડ હોય છે કે ગામડાંઓ હંમેશા પશ્ચાત વિચારનાં અને જુની ઘરેડોને વળગી રહેનારાં હોય છે અને નવા વિચાર, નવી ભાવના, નવાં આંદોલનો એ આપણી જ 'મોનોપોલી' છે. પણ આપણી આવી માન્યતા અમુક અંશે કેવળ ભ્રમપૂર્ણ છે. અલબત્ત વિશાળ દુનિયાનો સીધો સંપર્ક મોટાં શહેરોને જ હોય છે અને તેથી દુનિયાના કોઇ પણ ભાગનાં ઉદાત્ત નૂતન વિચાર અને નવી ભાવનાનાં આન્દોલનો સૌથી પહેલાં મોટા શહેરોમાં વસતા પ્રજાજનોના માનસને જ સ્પર્શે છે અને ત્યાંથી આગળ વધતાં ગામડાંની પ્રજાને પહોંચે છે. પણ બીજી બાજુએ શહેરી પ્રજામાં પૂર્વગ્રહોનું જોર બહુ હોય છે અને તેમના વર્તનમાં સાધારણ રીતે દ્વિધાભાવ બહુ જોવામાં આવે છે. શહેરનો આગેવાન પોતાને આવતા વિચારોનો વાસ્તવિકના સાથે મેળ મેળવવામાં એટલો બધો મશગુલ હોય છે કે કાં તો તે કૃત્રિમ સુધારક દેખાય છે અથવા તો અંદરથી હોય તેથી બહાર વધારે રૂઢિચુસ્ત માલુમ પાડે છે. ઘણી વખત તેનું એક અંગ સુધારકનું હોય છે અને બીજું અંગ રૂઢિચુસ્તનું હોય છે. તેની પાસે હોય છે તે તો શહેરી વસવાટના અને જાહેર જીવનના લાંબા અભ્યાસના પરિણામે પોતાને જે કાંઇ કહેવું હોય તે વિવિધ આકારમાં અને સામાના મન ઉપર ખુબ છાપ પડે તેવી રીતે ભારપૂર્વક રજુ કરવાની કળા. આમાં પણ અપવાદો હોય છે અને વિચાર, વાણી અને વર્તનની એકરૂપતા દાખવતા અને ભવિષ્યની નાડ પરખીને વર્તમાનને ઘડવા પ્રયત્ન સેવતા વિચારતપસ્વી ક્રાન્તદર્શી મહાનુભાવોનો મોટા શહેરોમાં અવારનવાર સમાગમ થાય છે, જે ગામડાંના લોકોને દુર્લભ હોય છે. પણ બીજી બાજુએ ગામડાંના લોકો હોય તેવા સાધારણ રીતે દેખાય છે અને તેમના ચિત્ત ઉપર પૂર્વગ્રહોની એવી મજબુત પકડ હોતી નથી. નવું નવું જાણવા સમજવાની તેમનામાં જીજ્ઞાસા હોય છે અને આપણા ગમે તેવા વિચારોને સમભાવપૂર્વક સાંભળવાને–ઝીલવાને–તેઓ તૈયાર હોય છે. આવા ગામડામાં પણ કોઇ કોઇ આર્ષદૃષ્ટિ પુરૂષ ખુણે બેઠો બેઠો આત્મસાધના કરતો, સમાજના વ્યાપક પ્રશ્નો ઉકેલતો અને આસપાસના લોકજીવનને અજવાળતો નજરે પડે છે. અને આજે તો સર્વત્ર નવવિચારની ઉષા પ્રગટી છે અને નવી જીવનભાવનાનાં આન્દોલનો ચોતરફ પ્રસરેલાં છે. ગાંધીયુગે માત્ર શહેરોને જ નહિ પણ ગામડાંઓને એટલાં જ જાગૃત કર્યા છે અને જેવા વિચારો અને કલ્પનાતરંગો, સમાજક્રાન્તિનાં સ્વપ્નાંઓ અને આઝાદીના મનોરથો આપણે શહેરના લોકો સેવીએ છીએ તેજ પુનરૂત્થાનની ભાવના અને ચેતનાની જાગૃતિ ગામડાના લોકોને સ્પર્શેલી છે. તેથી આજે કોઇ ગામડામાં દાખલ થતાં અને ત્યાંની પ્રજાના સમાગમમાં આવતાં આપણે જાણે કે સોળમી સદીના યુગમાં દાખલ થયા હોઇએ એવો અનુભવ થવાને બદલે આપણા જ વિચારોને પ્રતિધ્વનિત કરતા અને આપણાથી પણ જાણે કે બે ડગલાં આગળ ભરવા માંગતા હોય એવી તરલતા દાખવતા યુવકો અને કાર્યકર્તાઓનો સમાગમ ગામડાઓમાં થાય છે. માંડલમાં વસતા ભાઇઓના સહવાસે મને આવો અનુભવ અથવા તો લોકજીવનમાં થઇ રહેલ આમૂલ પરિવર્તનનો સાક્ષાત્કાર કરાવ્યો. માંડલના કાર્યકર્તાઓએ બપોરના ભાગમાં મારા માટે એક જાહેરસભા રાખી હતી. રાત્રીના ચર્ચા અને વાર્તાલાપ ગોઠવ્યો હતો. આ બન્ને પ્રસંગો

દરમિયાન મેં તેમને કશું નવીન-અણધાર્યું માનસિક આઘાત ઉપજાવે એવું-કહ્યું હોય એમ હું માનતો નથી. બપોરની સભા કરતાં રાત્રીના વાર્તાલાપમાં વધારે આનંદ આવ્યો હતો અને પ્રશ્નોત્તરીના પરિણામે અનેક વિષયોને લગતાં મારાં મન્તવ્યો હું વધારે વિગતથી રજુ કરી શક્યો હતો. તેમના પ્રશ્નો તેમનામાં આવી રહેલી જાગૃતિના સૂચક હતા. જવાબો આપતી વખતે મારા મનમાં રમી રહ્યું છે તે જ તેમના દિલમાં ઘોળાઈ રહ્યું છે એમ મને લાગતું હતું. ફરક એટલો જ કે કેટલીક બાબતે હું વધારે સ્પષ્ટતાથી અને ભારપૂર્વક રજુ કરી શકતો હતો, જે તેઓ સહજપણે સ્વીકારતા હોય એમ તેમની સ્વાભાવિક અનુમતિ ઉપરથી જણાતું હતું. આસપાસના પ્રદેશમાં માંડલ આગળ પડતું વસતિકેન્દ્ર ગણાય છે. રાષ્ટ્રીય મહાસભાનું પણ માંડલ એક જાણીતું મથક છે. સમાજપરિવર્તનને વેગ આપનારા ત્યાં બે ચાર આદર્શ સમાજસેવકો પણ વસે છે. આમ છતાં પણ માંડલના લોકોનું-જૈન યુવકોનું-પ્રગતિશીલ વળચુ માંડલની જ વિશેષતા છે એમ માનવાને બદલે સર્વતોમુખી જાગૃતિનું જ એ દ્યોતક છે એમ માનવું વધારે યોગ્ય છે. ત્યાંના જૈન યુવક સંઘના સભ્યોને તેમજ ત્યાંના મહાજનના અગ્રેસરોને મળીને મને બહુ જ આનંદ તેમજ સંતોષ થયો. તેમનો વ્યક્તિગત ઉલ્લેખ કરવાને અહિં અવકાશ નથી, પણ તે સર્વમાં વયોવૃદ્ધ-લગભગ ૭૦ વર્ષની ઉમ્મરના-મુરબ્બી મફાભાઇનો અહિં ઉલ્લેખ કર્યા વિના અને તેમના એક ઉદ્ગારની અહિં નોંધ લીધા વિના હું રહી શકતો નથી. આવડી મોટી વયોવૃદ્ધ ઉમ્મર છતાં વિચારમાં આજના યુવકો જેવી ઉગ્રતા ધરાવતા મફાભાઇને મળીને મેં ધન્યતા અનુભવી. આજના ઘણા ખરા સાધુઓની પ્રમાદશીલતા અને વિચારજડતા વિષે વાત નીકળતાં તેમણે પોતાની ગ્રામ્ય ભાષામાં જણાવ્યું કે "જે સાધુની ફાંદ બહાર નીકળતી હોય તેને હું જૈન સાધુ તરીકે સ્વીકારતો નથી. તેની મોટી ફાંદ બતાવે છે કે તે ખાય પીએ છે અને તગડાની માફક સુઇ રહે છે. આવા સાધુને સાધુ કેમ કહેવાય?" મોટી ફાંદ હંમેશા કાંઇ આળસુપણાનું જ પરિણામ હોય છે એમ નથી, પણ આમ જણાવીને સાધુએ હંમેશાં ઉદ્યોગપરાયણ અને સમાજસેવા અને આત્મસાધનામાં નિમગ્ન અને સદા પ્રવર્તમાન રહેવું જોઇએ-એ તથ્ય ઉપર તેમણે મુકેલો ભાર ખરેખર બહુ અર્થસૂચક અને ધ્યાનમાં લેવા લાયક છે એ વિષે બે મત હોવા સંભવ નથી. જૈન સાધુઓને હંમેશા કૃશ શરીરવાળા જ વર્ણવવામાં આવ્યા છે.

માંડલનો પ્રવાસ મારા માટે એક નાની સરખી તીર્થયાત્રા સમાન હતો. કોઇ પણ સ્થળ વિશિષ્ટ દેવમંદિર હોવાના કારણે જ તીર્થ બને છે એમ કાંઇ નથી, તેમજ કોઇ સુવિખ્યાત દેવમંદિરના દર્શને જવું એટલું જ કાંઇ યાત્રા શબ્દથી ગ્રહણ કરવાની જરૂર નથી. સંતસાધુનો સમાગમ પણ એક પ્રકારની તીર્થયાત્રા જ છે. તેવીજ રીતે આમજનતાનો અને દેશના નાના મોટા ખુણે કાર્ય કરી રહેલા પ્રજાસેવકોનો સીધો પરિચય થાય અને તેમની સાથે અન્તરની વાતો કરવાની અને વિચારવિનિમય સાધવાની તક મળે એ પણ એક પ્રકારની તીર્થયાત્રા જ છે. આ રીતે માંડલ ખાતેનો બે દિવસનો પ્રવાસ મારા માટે તીર્થયાત્રા સમાન બન્યો હતો. તે યાત્રાએ મને નવો સાક્ષાત્કાર કરાવ્યો છે અને નવો ઉત્સાહ, શ્રદ્ધા અને પ્રેરણા આપી છે. ત્યાં વસતા ભાઇઓના પ્રેમપ્રવાહમાં નહાવાને મેં જીવનસાર્થક્ય અનુભવ્યું છે.

પરમાનંદ.

રાજચંદ્ર-સુભાષિત

ગમ પડયા વિના આગમ અનર્થકારક થઇ પડે છે. સત્સંગ વિના ધ્યાન તે તરંગરૂપ થઇ પડે છે. સંત વિના અંતની વાતમાં અંત પમાતો નથી. લોકસંજ્ઞાથી લોકાગ્રે જવાતું નથી. લોકત્યાગ વિના વૈરાગ્ય યથાયોગ્ય પામવો દુર્લભ છે.

સદ્‌ગત મહાસુખભાઇ ચુનીલાલ : તેમની આરસની પ્રતિમાની અનાવરણક્રિયા

(જગ્યાના અભાવે છેલ્લા બે અંકથી અદ્ધર રહેલી એક નોંધ)

વીસનગર ખાતે તા. ૨૫-૧૨-૪૬ ના રોજ ડૉ. સુમન્ત મહેતાના શુભ હસ્તે સદ્‌ગત મહાસુખભાઇ ચુનીલાલની આરસની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વીસનગરની જનતાનું એક ભવ્ય સંમેલન યોજવામાં આવ્યું હતું અને વીસનગરના આગેવાન પુરૂષોએ મહાસુખભાઇને બહુ ભાવભરી અંજલિઓ આપી હતી. ડૉ. સુમન્તે પણ મહાસુખભાઇની લાંબી ઉજ્જવળ અને અનેક ક્ષેત્રોને સ્પર્શતી જીવનકારકીર્દિનો પોતાના ભાષણમાં વિગતવાર ઉલ્લેખ કર્યો હતો.

આપણો જૈન સમાજ મોટે ભાગે સદ્‌ગત મહાસુખભાઇને એક જ રીતે જાણે છે. શ્વેતાંબર મૂર્તિપૂજક સાધુ-સમાજમાંના કેટલાક સાધુઓને શિષ્યો મુંડવાની એક પ્રકારની ઘેલછા લાગી હતી અને તેના પરિણામે નાની ઉમ્મરના છોકરાઓ ભગાડવાના અનેક કીસ્સાઓ બનતા હતા. આ બાલદીક્ષાની પ્રવૃત્તિ અટકાવવા માટે આજથી લગભગ પચ્ચીશ વર્ષ પહેલાં સદ્‌ગત મહાસુખભાઇએ એક જબરદસ્ત ઝુંબેશ ઉપાડી હતી. આ અનિષ્ટ પ્રથાને નાબુદ કરવા માટે તેમણે લેખો, ભાષણો અને ચર્ચાપત્રોનો વરસાદ વરસાવવા માંડયો હતો. અને અધશ્રદ્ધાના ઘેનમાં ડુબેલા જૈન સમાજને આ બાબતમાં ખુબ સચેત કર્યો હતો. જૈન સમાજમાં આ કારણે બહુ મોટો ક્ષોભ ઉભો થયો હતો. અને વડોદરા રાજ્યનું આ બાબત તરફ ખાસ ધ્યાન ખેંચાતાં તે રાજ્યે બાલદીક્ષાની અટકાયતને લગતો કાયદો ઘડયો હતો. આ કાયદાના ઘડતરમાં અને તેને વડોદરાની ધારાસભામાં મંજુર કરાવવામાં પણ શ્રી. મહાસુખભાઇએ અગત્યનો ભાગ ભજવ્યો હતો.

પણ મહાસુખભાઇની જાહેર પ્રવૃત્તિઓ માત્ર જૈન સમાજ પુરતી કે અયોગ્ય દીક્ષાની વિરૂધ્ધના પ્રચાર પુરતી નહોતી. તેઓ ગુજરાતી સાહિત્યના એક ઉપાસક હતા, સારા લેખક હતા અને કવિતાઓ પણ કરતા. વીસનગરના તેઓ એક અગ્રગણ્ય આગેવાન હતા અને વીસનગરને વિકસાવવા માટે તેમણે અનેકવિધ પ્રવૃત્તિઓ હાથ ધરી હતી. ડૉ. સુમન્ત કહે છે તેમ "તેમણે પ્રાથમિક કેળવણી અને માધ્યમિક કેળવણીને સુધારવા માટેના પ્રશ્નો ઉપાડયા હતા, પોતાના અનેક મિત્રો સાથે રહીને વિસનગર માટે હાઇસ્કુલ, હોસ્ટેલ, વોટર વર્કસ, તળાવપર નહાવા ધોવાની સગવડ માટે ઘાટ અને ઓવારા, હોસ્પીટલ તેમજ ગામનાં અને પ્રાન્તનાં અને આખા વડોદરા રાજ્યનાં પુસ્તકાલયોની વ્યવસ્થા કરવામાં તેમણે ઉત્સાહભર્યો સક્રિય ભાગ ભજવ્યો હતો." આવીજ રીતે સ્ત્રીઓની ઉન્નતિમાં તેમને ખુબ રસ હોઇને સ્ત્રી પુસ્તકાલય, સ્ત્રી મંડળ, વિધવાશ્રમ વગેરે સંસ્થાઓની પ્રવૃત્તિ માટે તેમણે પુષ્કળ પ્રયાસ કર્યો હતો. વડોદરા પ્રજામંડળની પ્રવૃત્તિમાં તેમણે અગ્ર ભાગ લીધો હતો અને વડોદરા ધારાસભામાં પણ તેમની કાર્યવહી નિડરતા અને કુશળતાથી સુઅંકિત હતી. 'વિસનગરનો ઇતિહાસ' એ નામનું વિસનગર ગામ અને તાલુકાને લગતી સંપૂર્ણ માહીતી આપતું પુસ્તક લખીને તેમણે પોતાની જન્મભૂમિ વિસનગરની ચિરસ્મરણીય સેવા કરી હતી. આવા એક લોકસેવકનું આરસની પ્રતિમાના આકારમાં એક મૂર્ત સ્મારક વિસનગરની પ્રજા ઉભું કરે એ તદ્દન સ્વાભાવિક અને આદરણીય છે. આવા સન્માનને સદ્‌ગત મહાસુખભાઇ અનેક રીતે યોગ્ય હતા. તેમણે પોતાના સમાજની, વતનની તેમજ આખા રાજ્યની અપાર સેવાઓ બજાવી છે જેનું અન્ય જૈનબંધુઓએ અનુકરણ કરવું ઘટે છે. જેવી રીતે વરસાદ સર્વત્ર વરસે છે અને સૂર્યનો તડકો ચોતરફ ફેલાય છે તેવી રીતે શક્તિશાળી અને શ્રેયોન્મુખ આત્મા નાતજાતના કશા પણ ભેદભાવ વિના પોતાની કલ્યાણમયી જીવનલીલા સર્વત્ર વિસ્તારે છે અને જનતાના સુખ, શાન્તિ અને સ્વાસ્થ્યનું સંવર્ધન કરે છે.

પરમાનંદ

સંઘની વાર્ષિક સામાન્ય સભા

તા. ૨૬-૧-૪૭ રવિવાર-સ્વાતંત્ર્ય દિનના રોજ શ્રી મુંબઇ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા જૈન શ્વે. મૂ. કૉન્ફરંસના કાર્યાલયમાં શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહના પ્રમુખસ્થાને મળી હતી. આસપાસના લત્તાઓમાં જરા તંગ વાતાવરણને લીધે સભ્યોની હાજરી પ્રમાણમાં ઓછી હતી. આગળની અસાધારણ સભાની નોંધ મંજુર થયા બાદ સદ્‌ગત વ્રજલાલ ધરમચંદ મેઘાણીના અકાળ અવસાન પરત્વે હાજર રહેલા સભ્યોએ બે મીનીટ ઉભા રહીને અંતરનો શોક પ્રદર્શિત કર્યો હતો અને સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ ઇચ્છી હતી. ત્યારબાદ કાર્યવાહકસમિતિ તરફથી વાર્ષિક વૃત્તાન્ત તથા ગત વર્ષનો આવક જાવકનો હિસાબ અને સરવૈયું સંઘના મંત્રી શ્રી દીપચંદ ત્રીભોવનદાસ શાહે રજુ કર્યા હતા. આ સંબંધે સભાની મંજુરી માંગતાં પહેલાં સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહે ગત વર્ષ દરમિયાન જૈન સમાજને લગતી કેટલીક અગત્યની ઘટનાઓ, સંઘની વિવિધ પ્રવૃત્તિઓ અને ખાસ કરીને પ્રબુદ્ધ જૈન સંબંધમાં કેટલીક આલોચના કરી હતી અને સંઘનો ઉત્તરોત્તર વિકાસ સાધવા માટે સર્વ સભ્યોનો સહકાર માંગ્યો હતો અને ત્યારબાદ વાર્ષિક વૃત્તાન્ત તેમજ આવક જાવકનો હિસાબ તથા સરવૈયું સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યા હતા. ત્યારબાદ આવતા વર્ષની અડસટવામાં આવેલી આવક જાવકનું અંદાજપત્ર રજુ થતાં તે પણ સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યું હતું અને ત્યારબાદ નવા પ્રમુખ, ઉપપ્રમુખ, બે મંત્રીઓ તથા કોષાધ્યક્ષની સર્વાનુમતે ચુંટણી કરવામાં આવી હતી. ત્યારબાદ કાર્યવાહક સમિતિ માટે ૧૫ સભ્યોની ચુંટણી હાથ ધરવામાં આવી હતી અને સૌથી વધારે મત મેળવતા ૧૫ સભ્યોના નામની જાહેરાત કરવામાં આવી હતી. આ આખી નવી કાર્યવાહક સમિતિની નામાવલિ નીચે આપવામાં આવી છે. અન્તમાં સંઘના હિસાબ નિરીક્ષક મેસર્સ એચ. પી. કું.-ભાણીની કંપનીનો સંઘનો હિસાબ તપાસી આપવા માટે ઉપકાર માનવામાં આવ્યો હતો અને તેમની જ આવતા વર્ષ માટે સંઘના હિસાબનિરીક્ષક તરીકે નિમણુંક કરવામાં આવી હતી. અલ્પ ઉપાહાર બાદ સભા વિસર્જન કરવામાં આવી હતી.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ.

સંઘના નવા અધિકારીઓ અને કાર્યવાહક સમિતિ

શ્રી. ચીમનલાલ ચકુભાઈ શાહ	... .	પ્રમુખ
,, પરમાનંદ કુંવરજી કાપડીઆ	... ...	ઉપપ્રમુખ
,, મણિલાલ મોકમચંદ શાહ ,, દીપચંદ ત્રીભોવનદાસ શાહ ,, વેણીબહેન વિનયચંદ કાપડીઆ	...	મંત્રીઓ
,, પ્રવીણચંદ્ર હેમચંદ અમરચંદ	... ...	કોષાધ્યક્ષ

કાર્યવાહક સમિતિના ચુંટાયેલા સભ્યો.

શ્રી. ચંચળબહેન ટી. જી. શાહ ,, જસુમતિબહેન મનુભાઇ કાપડીઆ ,, ભાનુકુમાર જૈન
,, રતીલાલ ચીમનલાલ ઝોહારી ,, રમણલાલ સી. શાહ ,, વલ્લભદાસ પુલચંદ મહેતા
,, તારાચંદ લક્ષ્મીચંદ ઝોહારી ,, ટી. જી. શાહ ,, બાબુભાઇ ચોકસી
,, ચંદ્રાબહેન તારાચંદ ઝોહારી ,, નાનચંદભાઇ શામજી ,, મેનાબહેન નરોત્તમદાસ શેઠ
,, લીલાવતીબહેન દેવીદાસ ,, જટુભાઇ મહેતા. ,, ચુનીલાલ કલ્યાણજી કામદાર

સંઘની કાર્યવાહક સમિતિએ ઉમેરેલા સભ્યો

શ્રી કંચનલાલ લાલચંદ તલસાણીઆ ,, વિજ્યાબહેન કાપડીઆ. ,, ચીમનલાલ પી. શાહ

શ્રી. મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાંચનાલય અને પુસ્તકાલય સમિતિ

(ચાર ટ્રસ્ટીઓ અધિકારની રૂએ)
શ્રી. પરમાનંદ કુંવરજી કાપડીઆ ,, અમીચંદ ખેમચંદ શાહ ,, રમણિકલાલ મણિલાલ શાહ
,, રતીલાલ ચીમનલાલ ઝોહારી

નવા ચુંટાયેલા સભ્યો

શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહ શ્રી દીપચંદ ત્રીભોવનદાસ શાહ શ્રી ચુનીલાલ કલ્યાણજી કામદાર શ્રી તારાચંદ ઝેલ ઝોહારી, મંત્રી

શ્રી વૈદ્યકીય રાહત સમિતિ

શ્રી. પરમાનંદ કુંવરજી કાપડીઆ.
૭૭, કલ્યાણ હાઉસ, શેખમેમણ સ્ટ્રીટ

,, ટી. જી. શાહ.
ટી. જી. શાહ બીલ્ડીંગ, પાયધુની

,, મેનાબહેન નરોત્તમદાસ શેઠ
૨૬૬/૨૭૦ ફ્રીયર રોડ, ફોર્ટ

,, જસુમતીબહેન મનુભાઈ કાપડીયા
બંસીલાલ મોતીલાલ બીલ્ડીંગ બી. બ્લોક
ગીરગામ ટ્રામ ટરમીનસ પાસે.

,, દીપચંદ ત્રીભોવનદાસ શાહ
રણવીર બીલ્ડીંગ, ચોથે માળ, પ્રીન્સેસ સ્ટ્રીટ

,, રતિલાલ ચીમનલાલ ઝોહારી, મંત્રી
ડાયમંડ મરચન્ડસ એસોસીએશન.
ધનજી સ્ટ્રીટ.

ડાક્ટર કે દવાને લગતી કોઇ પણ પ્રકારની વૈદ્યકીય રાહતની અપેક્ષા ધરાવતા મુંબઇમાં કે મુંબઇના પરાંઓમાં વસતા જૈન ભાઇ બહેનોને ઉપર જણાવેલ વૈદ્યકીય રાહત સમિતિના સભ્યોમાંથી કોઇને પણ મળવા વિનંતિ કરવામાં આવે છે. પ્રસ્તુત રાહત યોજનાની મર્યાદામાં રહીને અને તેવ્હી વૈદ્યકીય મદદ પહોંચાડવા માટે આ સમિતિની નિમણુંક કરવામાં આવી છે.

રતિલાલ ચીમનલાલ ઝોહારી.
મંત્રી, વૈદ્યકીય રાહત સમિતિ.

ડૉ. વ્રજલાલ મેઘાણી સ્મારક

સ્વ. ડૉ. વ્રજલાલ ધરમચંદ મેઘાણીના ઘાટકોપર ખાતે થયેલા સ્મારકની જરૂરી વિગતો પ્રબુદ્ધ જૈનના તા. ૧૫-૧-૪૭ના અંકમાં આપવામાં આવી છે. આ સ્મારકનો ફાળો વધતાં વધતાં આજે લગભગ રૂ. ૩૫૦૦૦ સુધી પહોંચ્યો છે. આ સ્મારક ફાળાનો શું ઉપયોગ કરવો તે સંબંધી હજુ નિર્ણય કરવામાં આવ્યો નથી. આ નિર્ણય થોડા દિવસમાં કરવામાં આવશે, ત્યાર બાદ એ ફાળામાં હજુ પણ સારી રકમો ભરાશે એવી આશા રહે છે. એ ફાળામાં ભરવા ઇચ્છતા ભાઇ બહેનોને પોતપોતાની રકમો લખી જણાવવવા વિનંતિ કરવામાં આવે છે.

આ ઉપરાન્ત શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિએ ડૉ. વ્રજલાલ મેઘાણીનું સંઘપુરતું એક નાનું સરખું સ્મારક કરવાનો ઠરાવ કર્યો છે. ડૉ. મેઘાણીનું નામ સંઘની કોઇ પ્રવૃતિ સાથે જોડાયલું રહે એ આ સ્મારક યોજનાનો હેતુ છે. એ હેતુ કેવી રીતે પાર પાડવામાં આવશે તેનો આધાર આ સ્મારકમાં કેટલી રકમ એકઠી

થઇ શકે છે તેના ઉપર રહે છે, આ સ્મારક ફાળા માટે શ્રી મુંબઇ જૈન યુવક સંઘના સભ્યોને ખાસ કરીને અપીલ કરવામાં આવે છે. આ ફાળો કોઇના દબાણ, કહેણ કે આગ્રહ સિવાય કેવળ સ્વયં-પ્રેરિત ભાવના અને લાગણીથી જ એકઠો થવો જોઇએ એવી અપેક્ષા છે. સંઘના સભ્યો આ ફાળામાં નાની મોટી રકમ જરૂર મોકલી આપશે એવી આશા રાખવામાં આવે છે. આ ફાળામાં અત્યાર સુધીમાં નીચે જણાવ્યા મુજબ રૂા. ૬૪૭૭ ની રકમ ભરાઇ ચુકી છે જેમાં રૂા. ૫૦૧ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ તરફથી ભરવામાં આવ્યા છે.

પ્રબુદ્ધ જૈન'ના ગયેલા એટલે કે તા. ૧-૨-૪૭ ના અંકમાં ડૉ. મેઘાણી સ્મારક ફંડમાં વસુલ થયેલી કુલ રકમ રૂ. ૪૬૪ ની એક યાદી પ્રગટ કરવામાં આવી છે. આ યાદી શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી ઉપર જણાવ્યા મુજબ જે એક જુદું સ્મારક યોજવામાં આવ્યું છે તેમાં ભરાયલી અને વસુલ થયેલી રકમોની છે એ બાબત અહિં સ્પષ્ટ કરવામાં આવે છે.

સ્વ. મેઘાણીના એક યા બીજા પ્રકારના સ્મારકમાં રકમ ભરવા ઇચ્છતા ભાઇ બહેનોને પોતે કયા સ્મારક ફાળામાં–ઘાટકોપરના કે શ્રી મુંબઇ જૈન યુવક સંઘના–પોતાની રકમ ભરવા ઇચ્છે છે એ સ્પષ્ટપણે જણાવવા વિનંતિ કરવામાં આવે છે.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ.

સ્વ. ડૉ. વ્રજલાલ ધરમચંદ મેઘાણી સ્મારક ફંડ

૪૬૪) **તા. ૧-૨-૪૭ ના અંકમાં સ્વીકારેલા**

૫૦૦) શ્રી. મણિલાલ મોકમચંદ શાહ
૫૧) ,, ખુશાલદાશ જગજીવનદાસ શાહ
૫૧) ,, પ્રવીણચંદ્ર હેમચંદ અમરચંદ
૫૧) ,, પી. રતીલાલની કું.
૨૫) ,, અમીચંદ ખેમચંદ શાહ
૨૫) ,, દીવાન બ્રધર્સ
૨૫) ,, જેઠાલાલ રામજીભાઇ
૨૫) ,, તારાચંદ એલ. કોઠારી
૨૫) ,, નાનચંદભાઇ શામજી
૨૫) ,, મોતીબહેન જીવરાજ
૨૫) ,, વલ્લભદાસ પ્રુલચંદ મહેતા
૨૫) ,, રમેશ ટ્રેડીંગ કોર્પોરેશન
૨૫) ,, ચંદુલાલ સારાભાઇ મોદી
૧૫) ,, રતીલાલ ચીમનલાલ કોઠારી
૧૫) ,, મોહનલાલ આર. પારેખ
૧૫) ,, બાબુભાઇ ચોકસી
૧૫) ,, નલીનીકાંત લક્ષ્મીચંદ શેઠ
૧૫) ,, મેનાબહેન નરોત્તમદાસ શેઠ
૧૧) ,, રમણલાલ ચીમનલાલ
૧૧) ,, રમણલાલ સી. શાહ
૧૧) ,, છબીલદાસ કું.
૧૧) ,, ભગુભાઇ હરજીવન
૧૧) ,, કાંતિલાલ ડાહ્યાભાઇ કોરા
૫) ,, ગંભીરલાલ ચુનિલાલ ડગલી

૬૪૭૭)

આવો ને આટલો આઘાત કેમ?

શ્રીયુત પરમાનંદભાઇના પત્રથી ડૉ. મેઘાણીના દુઃખદ અવસાનની જાણ થતાં જ મન ઉપર આઘાત થયો. ઠીક ઠીક વખત પસાર થયા છતાં ય એ આઘાત મોળો ન પડયો. મન બીજા કામમાં પરોવ્યું તોય એની પાછળ વિષાદની ઉંડી રેખા એવી અંકિત થયેલી લાગી કે તે કેમેય કરી મોળી પડતી ન દેખાઇ. હું વિચારમાં પડયો કે ડૉ. મેઘાણી નથી અંગત સંબંધી કે નથી તેમની સાથે કોઇ નિકટનો સ્વાર્થ–સંબંધ અને છતાં આટલો વિષાદ અને આઘાત કેમ થાય છે?

સ્વાભાવિક રીતે જ ચિંતનશીલ મન કારણની શોધ તરફ વળ્યું. પહેલાં તો એમ થયું કે આવા આઘાતનું કારણ જે રીતે ડૉકટરનું મૃત્યુ થયું છે તે રીત છે. ગુંડાગીરીના કૃત્ય સિવાય માંદગી કે તેવા બીજા સહજ કારણથી મૃત્યુ જેમ સહુનું આવે છે તેમ આ મૃત્યુ પણ થયું હોત તો આવો આઘાત ન થાત. લોહીની નદીઓ વહેવા છતાં બીજા કેટલાક દેશો જ્યારે હજી સ્વતંત્રતાની પ્રાપ્તિથી ઘણે દૂર છે ત્યારે ગાંધીજીના અહિંસક પુરૂષાર્થને પરિણામે આ દેશમાં ઉગી રહેલ સ્વાતંત્ર્યના પ્રભાતને ગુંડાગીરી અંધકારમાં ફેરવવા મથી રહી છે–એ જ ભાવના ગુંડાગીરી પ્રત્યેના અણગમામાં સમાયેલી હતી–એમ મેં જોયું; પણ તરત જ એ વિચાર આવ્યો કે, જો ગુંડાગીરી જ પ્રબળ વિષાદનું કારણ હોય તો અત્યાર સુધીમાં કેટલાય મેઘાણી સ્ત્રીપુરૂષો ગુંડાગીરીના ભોગ બનેલા છે અને બનતા જાય છે. તેના રોજ–બ–રોજના સામાન્ય સમાચારથી મન આજની પેઠે ઉંડો આઘાત કેમ નથી અનુભવતું? મનમાં એ પણ પ્રશ્ન થયો કે, કલકત્તા, નોઆખલી, બિહાર અને ગઢમુકતેશ્વરની ગુંડાગીરીનાં નગ્ન નૃત્યો નજરે જોઇ આવનાર વિશ્વાસી સ્નેહીઓએ કરેલું વર્ણન જ્યારે સાંભળ્યું ત્યારે પણ અહિંસક પુરૂષાર્થના પરિણામના વિઘાતક લેખે એ ગુંડાગીરી પ્રત્યે અણગમો તો આવેલો અને છતાં આજનો અણગમો, તે અણગમા કરતાં વધારે તીવ્ર કેમ છે? મન આ પ્રશ્નનો ઉત્તર સાંધવા મથતું હતું તેમાંથી એને જે ઉત્તર મળી રહ્યો તે જ આ સ્થળે ડૉ. મેઘાણી પ્રત્યેની શ્રદ્ધાંજલી રૂપે લખી નાંખું છું.

છેવટનો ઉત્તર મનમાંથી એ મળ્યો કે ડૉ. મેઘાણીના સદ્‌ગુણોનો જે થોડોઘણો પરિચય થએલો તેનું તાજું થયેલું સ્મરણ જ આ વિષાદને તીવ્ર બનાવી રહ્યું છે. તેથી તેમના સાથેની મારી પરિચયકથા જ ટૂંકમાં અત્રે આપવી યોગ્ય ધારૂં છું.

૧૯૩૬ ની કરાંચીની કોંગ્રેસથી પાછો ફરી મુંબઇ આવ્યો ને અણધારી રીતે ડૉ. મેઘાણીને ત્યાં જ રહેવાનું બન્યું. તે વખતે તેઓ જકરિયા મસ્જિદની આસપાસ રહેતા. ઘેર તે પોતે ને તેમનાં નાના ભાઇ પ્રભુદાસ એ બે હતા. તેમના ઘરનો એકાંતવાસ મને વાંચન–ચિંતનમાં અનુકૂળ હતો તેથી જ ત્યાં હું રહેલો. મેં ત્યાં સુવા–બેસવા ને ચા–પાણી પૂરતો જ વ્યવહાર રાખેલો. ડૉકટર મેઘાણીએ મને પ્રથમ પરિચયે જ કહ્યું હતું કે, જો કે અત્યારે ઘરવાળા કોઇ નથી, છતાં જે અમારા માટે ખાવાનું બને છે તેમાં તમે ખુશીથી ભાગીદાર બની શકો છો. ડૉકટરના દિવસનો મોટો ભાગ તેમની ફરજ તેમજ તેમને ચાહનાર પરિચિત દર્દીઓનો ઇલાજ કરવા વગેરેમાં પસાર થતો. દિવસમાં બહુ થોડો વખત અમે બન્ને કયારેક સાથે બેસવા પામતા; પણ રાતના જરૂર બેસતા. હું તેમને તેમના અનુભવોની વાત પૂછતો ને કદિ નહિ સાંભળેલ કે નહિ અનુભવેલ એવી દુઃખી દુનિયાની વાતો તેમને મોઢેથી સાંભળતો. આમ તો ડૉકટર સાવ ઓછાબોલા પણ હું તેમને ચૂપ રહેવા દેતો નહિ. શરૂઆતમાં મેં એટલું જ જાણ્યું કે ડૉકટર મેઘાણીનો ગરીબ, દલિત ને દુઃખી માનવતાનો અનુભવ જેટલો સાચો છે તેટલો જ તે ઊંડો પણ છે. ધીરે ધીરે મને માલુમ પડેલું કે તેમણે તો 'જાગૃતિ' પત્ર દ્વારા આ વિષે ખૂબ લખેલું પણ છે. થોડા જ વખતમાં હું એ પણ જાણવા પામ્યો કે, ડૉકટરનો મનોવ્યાપાર માત્ર કચરાયેલ માનવતાનાં થરોનો અનુભવ કરવામાં કે તેને માત્ર લખી કાઢવામાં વિરામ નથી પામતો; પણ તેઓ એ દુઃખ પ્રત્યે એટલી બધી સહાનુભૂતિ ધરાવે છે કે તેને ઓછું કરવામાં પોતાથી બનતું બધું કરી છૂટવા તેઓ મથે છે.

વેશ્યાના લત્તાઓમાં કે અતિ ગરીબ મજુરોની ઝુંપડીઓમાં તેઓ પોતાની ફરજને અંગે જતા, પણ તે માત્ર નોકરી બજાવવાના દેખાવ પૂરતો જ ઉપરઉપરનો રસ ન લેતાં તેની સ્થિતિનાં ઉંડાં કારણો તપાસતા. તેમણે મને વેશ્યાજીવનની આસપાસ વીંટળાયેલ અનેકવિધ ગુંગળામણો વિષે એવા અનુભવો સંભળાવેલા કે હું સાંભળીને ડરી જતો. કેટકેટલી નાની ઉંમરની છોકરીઓ એ

જાળમાં ફસાય છે, કેવડા નાના અને ગંદા મકાનમાં તે જીવન ગાળે છે, પાઉરોટી, બ્રેડ ને ચા ઉપર મોટે ભાગે તે કેવી રીતે નભે છે, કેટલી નિર્લજ્જતાથી અનિચ્છાએ પણ તેમને રહેવું પડે છે અને ત્યાર પછી આ ગંદકીમાંથી નીકળવા ધણીખરી બહેનો કેટલી ઝંખના કરે છે અને છતાંય કોઈ રસ્તો મેળવી શકતી નથી અને તેમનો હાથ પકડનાર કોઇ વિશ્વાસી મળતું નથી—એ બધું જ્યારે ડોકટર કહેતા ત્યારે એમની કરૂણા આંસુ રૂપે ઉભરાતી.

ડોકટરને પોતાની ફરજને અંગે વ્યાપારીઓની દુકાને સીધા-સામાનમાં કાંઇ સેળભેળ છે કે નહિ તે ની પરીક્ષા પણ કરવી પડતી. તેમણે એક વાર એવી પરીક્ષાને પરિણામે જે સેળભેળના અનિષ્ટ તત્ત્વો જોયેલાં તે મને કહ્યાં ત્યારે હું નવાઇ પામ્યો કે આવી જીવલેણ સેળભેળ ચાલવા છતાં પ્રજા જીવે છે કેવી રીતે ? વ્યાપારીઓ સજા ને દંડના ભયથી લાંચ આપી છટકી જવા ધારે એ સમજી-શકાય તેવું છે, પણ મેઘાણીને લાંચ કે બીજું કોઇ પ્રલોભન લલચાવી શકે તેમ ન હતું. એ તો છેવટે પોતાના અધિકારનો ઉપયોગ વ્યાપારીની વૃત્તિને સુધારવામાં જ કરતા.

સ્ત્રીઓના દુઃખ પ્રત્યેની ઉંડી સંવેદનાએ તેમને વિધવાઓના ઉદ્ધારની દિશામાં પ્રેર્યા હતા. હું એમને ત્યાં હતો તે દરમ્યાન જ તેમણે બે ત્રણ અતિ સંકડામણમાં આવેલ બાળ-વિધવાઓને ઠેકાણે પાડી સન્માનભેર જીવન ગાળતી કરી હતી. એ બાળવિધવાઓ જૈન હતી ને તેમની ધન તેમજ શીલ-સંપત્તિ તેમના નિકટના સગાં-ઓએ જોખમમાં મૂકી તેમને રખડતી કરી હતી. એ બાળવિધવા-ઓને માટે મરણ સિવાય બીજો કોઇ રસ્તો રહ્યો હોય તેમ લાગતું નહિ. તે વખતે ડો. મેઘાણીએ તેમને ઠેકાણે પાડી. આ વસ્તુ જાણી ત્યારે ડો. મેઘાણી પ્રત્યે હું વધારે આકર્ષાયો; ને તેમના કહેવાથી તે વખતે હીરાબાગમાં થયેલ એક પુનર્લગ્નમાં હું હાજર પણ રહેલો.

સુધારણા અંગેની બધી પ્રવૃત્તિઓમાં ડોકટરની મનોવૃત્તિ ક્રાન્તિકારિણી હતી ને તે દયામૂલક હતી. ડો. મેઘાણી સ્થાનકવાસી જૈન પરંપરાના હતા; તેથી સ્થાનકવાસી જૈન કોન્ફરન્સમાં પણ કાંઇક રસ લેતા. તેમણે એકવાર કહ્યું કે, "ઓફીસનો ખર્ચ આટલો થાય છે ત્યારે કામ તો માત્ર સામયિક પત્રપ્રકાશન પૂરતું જ છે અને તેમાં પણ મુખ્યપણે પંડિત દરબારીલાલજી લખે છે." મેં તેમને કહ્યું કે, "આટલો બધો માસિક ખર્ચ રાખવા છતાં કાંઇ કામ થતું ન હોય ને માત્ર સામયિક પત્ર જ અને તે પણ સામાન્ય કોટીનું ચાલુ રાખવું હોય તો બહેતર છે કે ઓફીસનો ખર્ચ બંધ કરવો ને જ્યાં ત્યાં કોન્ફરન્સની સ્કોલરશીપથી ભણી રહેલ યોગ્ય વિદ્યાર્થીઓ દ્વારા જ પત્રપ્રકાશન ચાલુ રાખવું." તેમને એ વાત ગમી. એટલે મને કહે કે "તો ચાલો, તમે અમારા કાર્યકર્તાઓને સમજાવો. આ વખતે મેં જોયું કે ડોકટર સામાજિક ધનનો ઉપયોગ જરા પણ નિરર્થક થાય એને સાંખી શકતા નહિ. આ પછી મુંબઇમાં પર્યુષણ વ્યાખ્યાનમાળાનો યુગ આવ્યો. હું એ પ્રસંગે આવતો. ડોકટર મેઘાણી વ્યાખ્યાનમાળા પ્રસંગે પોતાના અનુભવકથા કહે એવી હું માંગણી કરતો, પણ તેઓ મને કહેતા કે, મારાથી એ વિષે બોલી શકાશે નહિ. હું મારૂં કામ લખીને તેમજ પ્રત્યક્ષ બનતું કરીને પતાવીશ. ડોકટરની નિર્ભયતા અને ક્રાન્તિકારી મનોવૃત્તિનો પરચો મને આગળ મળ્યો; ત્યારે હું તેમના પ્રત્યે પ્રથમથી વધારે આકર્ષાયો.

૧૯૩૩ ના ઉનાળામાં અજમેર મુકામે સ્થા. સાધુ સંમેલન હતું. તે વખતે તેમણે ત્યાં શિક્ષણસમ્મેલન પણ યોજેલું. હું પણ શિક્ષણસમ્મેલન નિમિત્ત ગયેલો. અજમેરમાં સ્થાનકવાસી સાધુ-સાધ્વીઓ બસો ઉપરાંત મળ્યા હશે. લાખ ઉપરાંત સ્થાનકવાસી-ઓની હાજરી ત્યાં જામેલી. સ્થાનકવાસી પરંપરાના પ્રતિષ્ઠિત વયોવૃદ્ધ ને વિદ્વાન કેટલાક પૂજ્યો ને મુનિઓ હતા. સૌમાં પૂજ્ય જવાહરલાલ-જીનું સ્થાન ઉંચે ગણાતું. તેમના અનુયાયીઓ ઘણા અને સમૃધ્ધ, છતાં એ પૂજ્ય જવાહરલાલજી સામે ડો. મેઘાણીને બળવો કરવાનો પ્રસંગ પ્રાપ્ત થયો. પૂજ્ય જવાહિરલાલજી ને મુનિ ચૌથ-મલજી બન્ને એકજ પરંપરાના ને એમ છતાં બન્ને વચ્ચે હિંદુ-મુસલમાન જેટલું અંતર ને કડવાશ. આ અંતર ન સંધાય તો અન્નપાણી ન લેવાં એવા સંકલ્પથી મુનિ ગિશ્રીલાલજીએ ઉપવાસ આદરેલા. લોકોમાં ક્ષોભ જાગેલો. પૂજ્ય જવાહિરલાલજી કેમે કરી નમતું આપે નહિ. ઉપવાસ કરનાર મરે તો તે જાણે. પણ તેઓ તો કોઇ પણ રીતે ચૌથમલજી સાથે માંડવાળ કરવા તૈયાર ન હતા. તેમના અનેક અનુયાયીઓએ તેમને સમજાવ્યા પણ બધું હવામાં. આવા કોઇ આઘાતથી સ્વ. દુર્લભજી ઝવેરી પૂજ્ય જવાહિરલાલજીના ભક્ત છતાં તેમની સમ્મુખ મૂર્છિત થઇ ગયેલા. ત્યારે ડો. મેઘા-ણીનો મીજાજ કાબુમાં ન રહ્યો. આખા સ્થા. સમાજમાં આગેવાન ને મોભાદાર ગણાતા એ પૂજ્યજી સામે ડોકટર મેઘાણીએ જે ઉગ્ર વલણ લીધું તે જોઇ ત્યાં હાજર રહેનાર કોઇને પણ તેમના પ્રત્યે સન્માન થયા વગર રહે તેમ ન હતું. સાધુ કે પૂજ્યપણાનો કોઇ પણ ભય મનમાં સેવ્યા સિવાય તેમણે પૂજ્ય જવાહિરલાલજીને ચોકખે ચોકખું સંભળાવી દીધું કે "તમે પોતાના તરફથી માંડવાળ કરવા માટે નમતું આપવા તૈયાર છો કે નહિ ? જો તૈયાર ન હો તો અમે શ્રાવકો તમને બધા સાધુઓને આજ મકાનમાં પૂરીશું ને બારણાં બંધ કરીશું. જ્યાં લગી તમે અંદરોઅંદર ફેસલો નહિ કરો ત્યાં લગી અમે તમને બહાર આવવા દેવાના નથી." ડો. મેઘાણી અને તેમના જેવા બીજાની આ ધમકીએ તત્કાળ પૂરતું કાંઇક કામ કર્યું; પણ હું તો મેઘાણીની નિર્ભયતાની વાત કરૂં છું. બહુ વિરલ ગૃહસ્થો કે શ્રાવકો એવા હોય છે કે, જેઓ અણીને પ્રસંગે કોઇ સાધુ કે પૂજ્યજીને સામોસામ આટલી નિર્ભયતાથી સંભળાવી શકે.

ડો. મેઘાણીનાં લખાણો ખાસ કરીને વાર્તાઓ 'પ્રબુદ્ધ જૈન'માં પ્રસિદ્ધ થતી. તેમની વાર્તાલેખનની કળા કેટલી સિદ્ધહસ્ત હતી એ તો તેના વાંચનાર જાણે જ છે. છેલ્લે ૧૯૪૬ ના માર્ચના અંત સુધી અમે મુંબઇમાં મળ્યા અને જ્યારે મળીએ ત્યારે સામાજિક અનુભવો ને તેમનાં લખાણો વિષે જ ચર્ચા કરીએ.

છેલ્લે તેમની એક અસાધારણ ઉદારતા અને નિખાલસતાની નોંધ લેવી યોગ્ય ધારૂં છું. એમણે 'પ્રબુદ્ધ જૈન' માટે એક લેખ લખેલો. પરમાનંદભાઇ તો રહ્યા કહેણ પરીક્ષક; એમણે એ લેખ પસંદ તો કર્યો, પણ એના પૂર્વભાગ વિષે કહ્યું કે, આ લખાણ સાચું હોય તોય એની પાછળ ઐતિહાસિક ભૂમિકા ન હોય તો એ ભાગ કાઢી નાંખવો જોઇએ. ડોકટરે મહેનતપૂર્વક લખેલું એટલે સ્વાભાવિક રીતે જ એ ભાગ લેખમાં રહે તે તેમને પસંદ પડે. છેવટે એમ ઠર્યું કે મારી સમ્મતિ લેવી. ડોકટર પોતાના એક મિત્ર સાથે આવ્યા અને મને લેખ સંભળાવ્યો. મેં કહ્યું કે "એકંદર આખો લેખ સારો છે અને તેમાં વર્તમાનકાળ ને ભવિષ્યત્ વિષેનાં વિચારો ને વિધાનો સાચાં હોવા ઉપરાંત ચેટદાર પણ છે. પણ ભૂતકાળને લગતો પૂર્વભાગ એવો સચોટ નથી." પણ ડોકટરે મારી પાસેથી જાણ્યું કે એ ભાગ પણ વસ્તુદૃષ્ટિએ તો સાચો જ છે એટલે તેમને મારૂં સમર્થન પ્રાપ્ત થયું; પણ પરમાનંદભાઇ એમ ડોકટરને કે મને છોડે તેમ ન હતું. છેવટે અમે બધા ફરી મળ્યા; આ વખતે એ પૂર્વભાગ રાખવો કે કાઢવો-એની જે મધુર પણ ઉગ્ર ચર્ચા ચાલી તે આજે પણ મારા કાનમાં ગૂંજે છે. ડોકટરનું કથન એટલું જ હતું કે, જે વસ્તુ સાચી હોય તો ઐતિહાસિક ભૂમિકા ન હોવા છતાં રાખવામાં શી અડચણ ? પરમાનંદભાઇની દલીલ એ હતી કે, જે કાળ વિષે આપણે લખતા હોઇએ તેના પૂરતા પુરાવાઓનું અધ્યયન કર્યા સિવાય લખીએ તો એ પ્રમાણિક ન ગણાય. પણ એમની વધારે સચોટ દલીલ તો એ હતી કે કોઈ પણ લખનારે લખ્યું હોય તેટલું છપાવી કાઢવું નો ને લોકોને પીરસવાનો મોહ શા માટે સેવવો જોઇએ ? આ દલીલ સાંભળતાં જ ડોકટરે તરત અતિ નમ્રપણે કહ્યું કે, "ખુશીથી એ ભાગ કાઢી નાંખો. અલબત્ત મેં ઐતિહાસિક પુરાવાઓનું અધ્યયન નથી જ કર્યું. સામાન્ય વાચન ને કલ્પનાના બળે લખ્યું છે." ડોકટ-રની આ નિખાલસતાની મારા મન ઉપર બહુ ઉંડી છાપ પડી. તેઓ મને જ્યારે મળે ત્યારે કહેતા કે હું લખું છું પણ શીખાઉ છું. પરમાનંદભાઇ જેવા મારા લેખના કહેણ પરીક્ષક ન હોય તો કયારેક કાચું પણ કપાય. આ છેલ્લા પ્રસંગે મેં મારી જાતને તપાસી તો મને પણ લાગ્યું કે હું લેખના પ્રથમ વાચને તે વિષે ચોકકસ ને કડક અભિપ્રાય ન આપી શકયો એ મારી પણ નબળાઇ ખરી.

પંડિત સુખલાલજી.

સ્વ. ડૉ. મેઘાણીનાં સંસ્મરણો

વીશેક વર્ષ પહેલાંની વાત છે. ન્યાતના નવા કાનુનો ઘડવા, સમગ્ર જ્ઞાતિનું બંધારણ નક્કી કરવા, દશાશ્રીમાળી જ્ઞાતિના અગ્રેસરોનું એક સંમેલન રાજકોટની જૈન બોર્ડિંગમાં મળ્યું હતું. સ્વ. રેવાશંકર જગજીવન ઝવેરીના પ્રમુખપદ નીચે કાઠિયાવાડના દરેક શહેરના જ્ઞાતિ–આગેવાનો ત્યાં એકત્ર થયા હતા. આંટીવાળી કાઠિયાવાડી પાઘડી, મોરબીશાહી પૈડાં જેવી ગોળ પાઘડી અને જામનગરી વાંકડી પાઘડી પહેરેલા પીઢ અગ્રેસરો ઠરાવો ઘડતા હતા કે સગપણ અને લગ્ન પ્રસંગે કેટલું ધરેણું અને કપડાં કરવાં, અને બારેક–સોપારીની કેટલી લેવડદેવડ કરવી.

આ સંમેલનમાં એક સ્વયંસેવક તરીકે હું હાજર હતો. આ નિરસ ચર્ચામાં મને રસ પડતો નહોતો. આવા ઠરાવોની કંઈક આવશ્યકતા પણ મને લાગતી નહોતી. મને થયું કે જ્ઞાતિના જુવાનોની બેકારી દૂર કરવાની કોઈ યોજના કેમ વિચારતી નથી? ગરીબ વિદ્યાર્થીઓના અભ્યાસ માટે કંઈ આર્થિક વ્યવસ્થાની વાત કેમ થતી નથી? લગ્ન પછી તરત જ પતિવિહોણી બનેલી વિધવાને પુનર્લગ્નની છૂટ આપવાની કેમ કંઈ વિચારણા નથી થતી?

પણ હું કંઈ પ્રતિનિધિ નહોતો કે આવી વાત આ સંમેલનમાં રજુ કરી શકું. અને પ્રતિનિધિ હોત. તો યે આ મોટી પાઘડીવાળા પીઢ પુરુષો મારા જેવા નાની ઉમરના છોકરાની વાત સાંભળત કે કેમ તે પ્રશ્ન હતો. હું તો કેવળ સ્વયંસેવક હતો. એટલે પ્રેક્ષક તરીકેનો માત્ર હક્ક મને મળ્યો હતો. છતાં હું વિમાસતો હતો. મારા કુમળા મગજમાં વિચારો આવતા હતા અને ઘોળાતા હતા. એને વ્યક્ત કરી શકાય એવી કોઈ તક નહોતી.

પરંતુ મારા આશ્ચર્ય અને આનંદ વચ્ચે મારાથી થોડાં વર્ષે મોટા એક યુવકને ઉભો થતો મે જોયો. અનેક પાઘડીવાળા વચ્ચે કદાચ એ એક જ ટોપીવાળો હતો. એણે ઉભા થઇને, સંપૂર્ણ વિવેકપૂર્વક, વિનમ્ર અને મંદ સ્વરે પ્રશ્ન કર્યો: "આ લેવડદેવડના ઠીક કાયદાઓ આપણે ઘડી કાઢ્યા છે; પરંતુ આપણા સમાજની નિર્દોષ વિધવાનાં આંસુ લૂછવા આપણે કંઈ વિચાર ન કરી શકીએ?"

મને બહુ આનંદ થયો–જાણે હું જ આ સભામાં બોલી રહ્યો હતો. આબેહૂબ જાણે મારા જ અંતરનો પડઘો પડતો હતો. "અનેકવાર વરઘોડે ચડવાનો હક્ક ધરાવતા આપણે પુરુષો એમને જીવનભર વૈધવ્ય ટકાવી રાખવાની ફરજ કેમ પાડી શકીએ?"

આ પ્રશ્ન મૂકનાર યુવક તે સ્વ. ડૉ. વ્રજલાલ મેઘાણી. એમનો પ્રશ્ન ગેરબંધારણીય ઠરાવવામાં આવ્યો. સંમેલનના કાર્યક્રમમાં એ વિષયની ચર્ચાને સ્થાન નહોતું. એટલે એમનો પ્રશ્ન નિરુત્તર જ રહ્યો.

સભા પૂરી થતાં હું એમને મળ્યો. આ સંબંધમાં એક યુવક સંમેલન ભરવાની મેં એમને વિનંતિ કરી. એમણે કહ્યું "આ તો કેવળ વિચારનો ચમકારો છે. આ વિચાર–પુનર્લગ્નની છૂટ–માટે હજુ તો આપણા જુવાનો પણ સંમત નહિ થાય. એ માટે તો ખૂબ જ પ્રચારની જરૂર છે. વિધવા પુનર્લગ્નની છૂટ આજે મૂકવામાં આવે તો પણ હિંમતપૂર્વક વિધવાનો હાથ ઝાલે એવા યુવાનો પણ આપણે ત્યાં કયાં છે?"

પ્રશ્ન મને મુંઝવનારો લાગ્યો. પરંતુ ભવિષ્યના અનુભવે મેં જાણ્યું કે એમની વાત ખરેખર સાચી હતી. મને યાદ છે કે રાજકોટના જૈન યુવક સંઘે વિધવા પુનર્લગ્નની ખુલ્લી હિમાયત કર્યા પછી, અને પુનર્લગ્ન ઇચ્છતી વિધવાને સહાય આપવાની ખુલ્લી જાહેરાત કર્યા પછી, એ એક દશકામાં રાજકોટની વણિક જ્ઞાતિમાં પાંચથી વધુ પુનર્લગ્નો થયાં નથી.

આ પ્રસંગથી કહેવાનું તાત્પર્ય એ છે કે ડૉ. મેઘાણી એક પહેલા દરજ્જાના વિચારક હતા. કોઈ પણ સૂત્ર (Slogan)ના પ્રવાહમાં ઉતાવળે ખેંચાઈ જાય એવા એ નહોતા. એમના સુધારક વિચારો પાછળ ખૂબ ઉંડી સમજ હતી.

શ્રી. મેઘાણીમાં એક ખાસ ગુણ હતો. તેમના વિચારો બહુ સ્થિર થયેલા અને કંઇક અંશે કડક પણ હતા; પરંતુ એ રજુ કરવાની એમની રીત બહુ વિવેકભરી અને નમ્ર હતી. જૂના વિચારના માણસો પાસે નવા વિચારો રજુ કરવાની એમની લાક્ષણિક શૈલી હતી. એમની રીતથી જૂના વિચારવાળાઓ ભડકી જવાને બદલે ઉંડા વિચારમાં પડી જતા.

અનોખી કાર્યશૈલી

એવો જ સુંદર એક બીજો પ્રસંગ મને યાદ આવે છે. થોડાં વર્ષ પહેલાં ઘાટકોપરમાં સ્થાનકવાસી જૈન કોન્ફરન્સના મળેલા અધિવેશન સાથે યુવક સંમેલન ભરવાની પણ ગોઠવણ થઇ હતી. એમાં હાજરી આપવા હું ઘાટકોપર આવ્યો, ત્યારે જે રીતે બંધારણીય પ્રવૃત્તિ સંમેલન અંગે થવી જોઇતી હતી તે થયેલી નહિ. એટલે મેં તો સંમેલનની પહેલી જ બેઠકમાં આ ઉતાવળી અને અવ્યવસ્થિત રચના સામે ઉગ્ર ભાષામાં ભારે રોષ ઠાલવ્યો, સંમેલનના સંયોજકોને આ ન ગમ્યું, અને મારી અને એમની વચ્ચે થોડી ગરમ ચર્ચા પણ થઇ ગઇ. શ્રી. મેઘાણી એ સંમેલનના સ્વાગત પ્રમુખ હતા. એમણે પ્રથમ પદે જ સંમેલનના યોજકોની એ ભૂલને સ્વીકારી લીધી. એટલે મારો રોષ કંઇક અંશે ઓછો થયો. પછી એમણે કહ્યું કે "તમે બધું ધોરણસર થવું જોઇએ એમ માનો છો ને? ચાલો આપણે મળીએ, અને બધું ધોરણસર કરી નાખીએ." મને સંતોષ થયો. તરત જ બધા મળ્યા, બેઠા, અને શાન્ત ચિત્તે વાતો કરી. પરિણામ એ આવ્યું કે મારા અને સંમેલનના યોજકો વચ્ચે સમજણ થઇ ગઇ, અંતર દૂર થયું, અને અન્યથા અમે પરસ્પર વિરોધીઓ થઇ ગયા હોત, તે સંમેલનના સંયોજકો અને મારી વચ્ચે મૈત્રીની એક ઘાડી ગાંઠ બંધાઇ ગઇ. ખરેખર, અમારા વિચારોમાં તાત્ત્વિક મતભેદ નહોતો. કાર્યશૈલી વિષે મતભેદ ઉભો થયેલો. તે નિર્મૂળ થઇ ગયો. આજે સંમેલનના એ યોજકો–શ્રી. ખીમચંદભાઇ વોરા, ચુનીલાલ કામદાર, જગજીવનદાસ અજમેરા અને શ્રી. દુર્લભજીભાઇ ખેતાણી વિગેરે સાથે મારી મૈત્રી સ્નેહપૂર્વક ટકી રહી છે, જે મારે કહેવું જોઇએ કે ડૉ. મેઘાણીની ધીરજપૂર્વકની સમજાવટ અને કાર્યશૈલીને આભારી છે.

મૂક કાર્યકર

હજુ ગયે વર્ષે જ ડૉ. મેઘાણી એક લગ્ન પ્રસંગે રાજકોટ આવ્યા હતા. મેં તેમને અમારા સંસ્કારમંડળના આશ્રયે એક સભામાં પ્રવચન કરવા નિમંત્રણ આપ્યું; પણ એમણે ઘસીને ના પાડી. એમણે કહ્યું. "હું કંઈ સારો વકતા નથી અને ભાષણોની બહુ અસર થતી હોય એમ માનતો પણ નથી. એ કરતાં તો આપણે પાંચ–દસ મિત્રો જ એક સ્થળે મળીએ અને સમાનભાવે શાન્તિથી ચર્ચા કરીએ."

અતિ આગ્રહ છતાં એમણે સભા ભરવાની મારી માગણીનો અસ્વીકાર જ કર્યો; અને અમે છેવટે મિત્રભાવે જ મળ્યા, અને વાતો કરી. ખરેખર, મને લાગ્યું કે આ વાતોથી જે આનંદ પડ્યો હતો, જે જાણવા મળ્યું હતું, અને જે નિકટતા અમે અનુભવી હતી, તે જાહેર સભાના ભાષણથી ન જ થયું હોત. મોટાઇ અને પ્રસિદ્ધિથી તો એ દૂર જ ભાગનારા હતા. ધાંધલ અને ધમાલ એમને લેશ પણ પ્રિય નહોતાં. એ તો સાચું નક્કર કાર્ય ચુપચુપ કરી છુટવામાં માનનારા હતા.

નિખાલસતા અને મમતા

હું જ્યારે જ્યારે મુંબઈ આવતો, ત્યારે ત્યારે તેઓ એકાદ સાંજ એમને ત્યાં ગાળવા મને નિમંત્રણ આપતા. મોડી રાત સુધી રાજકીય, સામાજીક અને ધાર્મિક વિષયો પર તેમને બોલતા સાંભળવાનું મને ખૂબ જ ગમતું. દર વખતે લાંબી ચર્ચાને અન્તે તેઓ બે બાબત અચૂક કહેતા. એક તો એ કે "તમે જાહેર પ્રવૃત્તિઓમાં જે સમય આપો છો, તેમાં તમારા કુટુંબ પ્રત્યેની તમારી ફરજની તો અવગણના નથી કરતા ને?" એ કહેતા કે

"કવિઓ, લેખકો અને જાહેર કાર્યકરો તેમની પ્રવૃત્તિની ધૂનમાં કુટુંબને ભૂલી જાય એ મને નથી ગમતું."

બીજી વાત તેઓ એ કહેતા કે "હવે આપણે સૂઇ જઇશું. પણ તમે ઉઠશો એ પહેલાં તો હું ઘણું કરીને મારી ફરજ ઉપર ચાલી ગયો હોઇશ. એટલે તમે તમારા કુટુંબ વચ્ચે જ છો, એમ માનીને તમારે ચ્હા પી લેવાની, અને જમી લેવાનું. હું તો છ વાગ્યે ચાલ્યો જઇશ અને બાર વાગ્યા સુધી પાછો નહિ ફરું."

સરળતાથી એ પોતાની સ્થિતિ રજુ કરતા. એમની આ નિખાલસતા બહુ ગમી જાય એવી હતી.

લાગણીપૂર્ણ કાળજી

ચારેક માસ પહેલાં રાજકોટમાં મળનાર સાહિત્ય પરિષદ અંગે ઘાટકોપરમાં એક પ્રચારસભા ગોઠવવાની હતી. હું અને મારા મિત્ર શ્રી. બાલકૃષ્ણ શુકલ એની વ્યવસ્થા માટે સવારના ઘાટકોપર ગયા હતા. છેલ્લી વ્યવસ્થા બાકી હતી, તે અંગે બપોરના એકાદ વાગ્યે અમે ડોકટરને મળવા ગયા. એમણે અમારી વાત સાંળળી પહેલો જ પ્રશ્ન એ પૂછ્યો કે "તમે સવારના અહીં આવ્યા છો, તે કયાંય જમ્યા કે નહિ?" અમે કહ્યું, "એની કંઇ ઉતાવળ નથી. અમારું કાર્ય અમારે પૂરું કરવું જોઇએ." એમણે કહ્યું: "ના. પ્રથમ જમી લ્યો. ત્યાર પહેલાં હું તમારી સાથે બીજી કંઇ વાત નહિ કરું." એ વખતે અમે તેમના એક પડોશી મિત્રને ત્યાં હતા, અને ત્યાં જ અમારા જમવાની વ્યવસ્થા તાબડતોબ કરવામાં આવી. શ્રી. મેઘાણી હંમેશાં દરેક કાર્યકર વિષે ઝીણામાં ઝીણી વિગતમાં ઉતરતા, એમને કોઇપણ રીતે ઉપયોગી થવા પ્રયત્ન કરતા, અને એમની નાનામાં નાની મુશ્કેલી પણ દૂર થાય એમ હૃદયપૂર્વક ઇચ્છતા. એમનું હૃદય કેટલું કુમળું હતું, એનો ખ્યાલ આવા નાના પ્રસંગોથી આવી શકે છે.

માનવતાના શોધક

એમના પર હલ્લો થયો એની આગલી સાંજે તેઓ મને ઝવેરીબજારમાં મળી ગયા. મને કહ્યું: "રવિવારે ઘાટકોપર આવો. આપણે વાતો કરીએ. આ કોમી રમખાણ વચ્ચે પણ કેટલાક માનવતાના બનાવો બનેલા મેં જોયા ને અનુભવ્યા છે એની તમને વાત કહીશ." માનવતાનો કોઇ પણ પ્રસંગ એમને બહુ જ ગમતો, અને એની વાતો કરવાનું પણ એમને એટલું જ ગમતું. પણ વિધિને કરવું છે, એટલે એ રવિવાર આવે ત્યાં સુધી એ જીવ્યા નહિ! વિધિએ નિર્મ્યું હતું તે થઇ ચૂકયું. માનવતાના પ્રશંસકનું કોઇ અમાનુષી હાથોએ જ અવસાન નીપજાવ્યું, એ દુઃખની વાત છે! "મેં કોઇનું બુરું કર્યું નથી, એટલે મારું કોઇ બુરું કરશે નહિ" એવી અડગ શ્રદ્ધા રાખનાર માનવરત્નનું આ નિર્દય ખૂન એવી જ શ્રદ્ધાપૂર્વક નિર્ભય રીતે સેવાકાર્ય કરતા બીજા સેવકોની શ્રદ્ધાને ડગાવી મૂકશે તો શું થશે એ જ એક વિચાર આજે તો મને મુંઝવી રહ્યો છે.

જટુભાઇ મહેતા

દયાળુ ડાકટર

"આવતી કાલનું જગત કેવું હશે તે તો નિત્ય પલટાતા સંજોગોમાં કોણ કહે? છતાંય જો સમાજ, ધર્મ અને રાષ્ટ્રના ધુરિણો તેને માનવતાની નજરદ્રષ્ટિ રાખ્યા કરશે તો તે વિકૃત તો નહિ હોય, પણ સુરૂપ હશે એટલી તો ખાત્રી છે."

સ્વ. ડો. મેઘાણીની 'સમાજમાં મારા પાંત્રીસ વર્ષ'ની લેખમાળાના આ છેલ્લા વાકયો છે. સમાજના આગેવાનો, જ્ઞાતિ પટેલો, અને ધર્મના ઠેકેદારોને એમણે હંમેશા જ્યારે જ્યારે કહ્યું છે ત્યારે કડક રીતે કહ્યું છે, અને ઘણી વાર તો આખાબોલાપણું બિરૂદ મેળવીને, મુડીદારો તથા સત્તાધીશોનો રોષ વ્હોરી લઇને કહ્યું છે. ભાષા અને કલમ દ્વારા હકીકત રજુ કરવામાં તેઓએ સ્વ. વાડીલાલ મો. શાહનું કંઇક અંશે અનુકરણ કર્યું છે એમ કહીએ તો ખોટું નથી.

સ્વ. વાડીલાલનું નામ રજુ કરતાં મને યાદ આવે છે કે અમે મિડલસ્કુલમાં ભણતા ત્યારે સ્વ. વાડીલાલના 'જૈન હિતેચ્છુ'નું વાર્ષિક લવાજમ ભરાવી ભાઇ મેઘાણીએ અમને ગ્રાહક બનાવ્યા હતા. એ સમયમાં એટલે તા. ૧૦-૧૬ ના અરસામાં મિડલસ્કુલમાં 'ડીબેટીંગ સોસાયટી' જેવી સંસ્થા અસ્તિત્વમાં આવી ત્યાર પછી તો બગસરામાં 'બાળમિત્રમંડળ' શરૂ થયેલું અને તેણે આમ પ્રજા તેમજ દરબારોનો સહકાર સાધી, કેટલાક લોકહિતના કામ કર્યા. એ અરસામાં અમે પ્રતિ વર્ષે વેકેશનમાં 'સોશીયલ ગેધરીંગ' ભરવી બનાવતા. અને એ રીતે શિક્ષકો અને વિદ્યાર્થીઓ સમાજમાં ભળી શકતા. ગેધરીંગમાં અંગ્રેજી અને ગુજરાતી સંવાદો અને નાટકો ભજવાતા, બહારથી કોઇ મહેમાનોને નોતરતા અને અમે સૌ પાત્રો થતા, જેમાં ડો. મેઘાણીનો મોટો હિસ્સો રહેતો અને રીહિયરસલ માટે એક એક માસના ઉજાગરા થતા. ડો. મેઘાણી અને તેમનું મંડળ જેમાં શ્રી ઝવેરચંદ મેઘાણી, ગિરધરલાલ દેસાઇ, નરભેરામ બજરીઆ, ગુલાબચંદ વખારીઆ વગેરે હતા, એ સૌ અમરેલી કલબમાં સાથે રહેતા. દરેક ગેધરીંગના દિવસોમાં ઘણા રીસામણાં-મનામણાં થતાં, પણ બધાનો નિવેડો લાવવામાં ડોકટરનો હિસ્સો મુખ્ય હોય જ.

૧૯૧૬ માં તો તેઓ અમદાવાદ અને મુંબઇ વચ્ચે હતા, અહીં ઇન્ફ્લુએંઝા યાને કડકડીયું આવ્યું અને તુરત તેમણે બગસરા પહોંચી કામચલાઉ દવાખાનું શરૂ કીધું, અને ઘેર ઘેર ઉકાળા વગેરે પહોંચાડી બગસરાની સેવા સુશ્રુષા કરી.

તેમના પીતાશ્રીએ અનેક ધંધા કર્યા, પણ તેમનો મુળ ધંધો પારેખનો. અનેક પ્રકારના સીકકાઓ, કોરી, દોકડા, પૈસા ભેળા કરી શહેરમાં વટાવતા અને ધૂળમાંથી ધાન કરવાનો ધંધો કરતા. ડો. મેઘાણીની પ્રવૃતિના ટીકાકાર તેમના પિતા જ હતા તો ડોકટર તેમના પિતાશ્રીના તપ, જપ અને ઉપાશ્રય ઉપર આક્ષેપ કટાક્ષો કરતા, છતાં એ બધુ વિનોદમાં લેખાતું. એમની વિદ્યાર્થી અવસ્થામાં પણ એ સારા ગાયક, લેખક અને કવિ હતા. એમના એ દિવસોના અક્ષરો મોતીના દાણા જેવા હતા એ આજે નજર સામે છે.

ત્યાર બાદ 'જાગૃતિ' માસિકને અંગે અમે દૂર હોવા છતાં વધુ નિકટમાં આવેલ. દર મહિને લેખોની આપલે થાય. ઉપરાંત અંગત પત્રોમાં સમાજના રૂઢીચુસ્ત આગેવાનો સામે પ્રહારો પડયા જ હોય. મોટા મુનિવરની ટીકા કરવામાં તે કદિ પાછા પડયા હોય એવું યાદ નથી. 'જાગૃતિ' માસિક દશાશ્રીમાળી વણિકનું માત્ર રહે તે તેમને અણગમતું લાગ્યું એટલે મને સહતંત્રી થવા કહ્યું. પોતાને બધું જ સંભાળવું પડતું, લેખો સુધારી મઠારી ઠીક કરવા પડતા અને છતાં પોતાના નામનો મોહ તેમણે કદિ રાખ્યો નહોતો. આ સમયમાં ઘણા લેખો તેઓએ 'વિવેકબુદ્ધિ'ના તખ્ખલુસથી લખ્યા હતા.

હું મારા કલકત્તાના ધંધાથી નિવૃત થયો, સંગ્રામમાં પડયો અને બગસરામાં જ બાળકોનું કામ લઇ બેઠો, એ દરેક વેળા એમનું પ્રોત્સાહન મને કિંમતી થઇ પડતા. હરિજન પ્રશ્નોના ઉકેલમાં એમણે અમને વારંવાર સહાય કીધી છે. અમને કેટલીક અડચણ ઉભી થવા લાગી ત્યારે પોતાનું મકાન આપવાની ઇચ્છા દર્શાવીને અમને આભારવશ કીધા હતા. તેઓ જ્યારે બગસરા આવે ત્યારે કલાકો સુધી બાળમંદિરમાં બેસે અને નવનવા વિચારો હૂલવે, અમારે સતત સાંભળ્યા જ કરવું પડે. હું મુંબઇ જાઉં, ત્યારે મને ઘાટકોપર ઉપડી જ જાય. મોડી રાત્રી સુધી, બલકે હું ઘસઘસાટ ઉંઘી જાઉં ત્યાં સુધી પોતાની વાતો તેઓ ચાલુ જ રાખે.

અમારી સંસ્થાના તેઓ થોડા સમય માટે ટ્રસ્ટી તરીકે પણ રહ્યા હતા અને અમોને ઠીક ઠીક દોરવણી આપી હતી. તેઓ છેલ્લે છેવટ સુધી અમારા નિકટના સાથી રહ્યા હતા. તેમનું આપણે સ્મરણ કરીએ અને તે દ્વારા તેમના સૌજન્ય, સરલતા અને સદ્‌ગુણોનું પેટ ભરીને પાન કરીએ અને કૃતાર્થ થઇએ.

બગસરા, સ્વાતંત્ર્યદિન, ૧૯૪૭. **લાલચંદ જયચંદ વોરા.**

મુંબઈમાં કોમવાદે લીધેલું એક મહા બલિદાન

સને ૧૯૧૮ (સંવત ૧૯૭૪) માં જ્યારે કાઠીયાવાડમાં અને લગભગ આખા હિંદમાં ઇન્ફ્લુએન્ઝામાં હમેશાં હજારો માણસો મરણ પામતા હતાં ત્યારે ભાવનગરમાં હું ભણતો હતો અને ભાવનગરમાં પણ સાંજ પડયે સો પોણોસો માણસોનો દરરોજ ભોગ લેવાતો હતો એટલે સ્વાભાવિક રીતે જ સ્વ. મહારાજા ભાવસિંહજીને ચિંતા થવા લાગી કે આ રીતે જો આ મહારોગ ચાલ્યા કરે તો પોતાના શહેરની વસ્તી ધણી જ ઘટી જવા પામે. એમને કોઇએ કહ્યું કે રાજજોશીને બોલાવીને પૂછી તો જુઓ કે આ રોગચાળો હજી કયાં સુધી ચાલશે? સામાન્ય રીતે મહારાજા ભાવસિંહજી આવી બાબતોમાં બહુ માનતા નહોતા, તો પણ પ્રજાપ્રેમી તો હતા, એટલે તેમને લાગ્યું કે કાલીદાસ પડયા (ભાવનગરના રાજપુરોહિત) ને બોલાવવામાં શું જાય છે? પછી તો પંડયાજીને પોતાના નીલમબાગ મહેલમાં તેમણે તેડાવ્યા અને પ્રશ્ન પૂછયો કે ભાવનગર આ આફતમાંથી હવે કયારે છૂટશે? પંડયાજીએ જવાબ આપ્યો કે "આવી આપત્તિઓમાં જ્યારે કોઇ મહાબલિદાન લેવાય છે ત્યારે જ તે શમે છે. હજી લગીમાં એવો કોઇ મહાબલિ લેવાયો નથી. પણ જો કોઇ મોટી વ્યક્તિ આ રોગથી મરણ પામશે તો ત્યારબાદ થોડા જ દિવસોમાં આમાંથી આપણું નગર મુક્તિ પામશે."

આ ભવિષ્યવાણી પંડયાજીએ ભાખ્યા પછી સ્વ. મહારાણી નંદકુંવરબાને ઇન્ફ્લુએન્ઝા થોડા જ દિવસોમાં થયો અને તેઓ એક બે દિવસની માંદગી ભોગવીને સ્વર્ગે સિધાવ્યા અને મને યાદ છે તે મુજબ રોગચાળો ત્યાર બાદ બહુજ થોડા વખતમાં બંધ પડયો. આ પ્રસંગ મને સ્વ. મેઘાણીને અંગે યાદ આવે છે. શું મુંબઈમાં કોમવાદની આફત આવો પવિત્ર બલિ લેવાયો છે એટલે હવે ખતમ થશે?

સ્વ. ડો. મેઘાણીના અતિ નિકટના પરિચયમાં આવવાનો મને લહાવો મળ્યો હતો. હું સને ૧૯૩૯માં બેકાર હતો. "રામ નિવાસ" (ડો. મેઘાણીનું નિવાસ સ્થાન)માં રહેતા લક્ષાધિપતિ સંબંધીને ત્યાં હું આ દિવસોમાં હતો. મોટરમાં ફરતો, આંબાની મોસમ હતી એટલે જીંદગીમાં કોઇવાર નહોતા ખાધા એટલા આંબા ખાવા મળતા પણ મારા ખીસામાં ફકત બે ચાર રૂપીઆ જ હતા. મને માગતાં મુફતાફળ મળે એમ હતું. દશવીશ રૂપીઆ માગું તો તરત જ સો રૂપીઆની નોટ મને અમારા દલીચંદભાઈ દરબાર આપે એમ હતા. પણ મેં થોડી તપસ્યા આદરી હતી. એ ટાંકણે ઓલ-ઇન્ડીઆ કોંગ્રેસ કમીટીની બેઠક ગોવાળીઆ ટેંક પર મળી હતી. મારી પાસે ટીકીટ કઢાવવાના પૈસા નહોતા અને તેથી રામનિવાસના શ્રીમંત સ્નેહીઓએ પોતાને માટે ટીકીટો લીધેલ પણ તેઓ પૈકી એક અંગ્રેજી બોલ્યું જાણતા હતા એટલે તેમને ખ્યાલ આવ્યો કે આપણે પોતે જઇને કશું નહિ સમજીએ તેના કરતાં રૂપાણી જાય તો રાત્રે આવીને શું થયું તેનો પુરેપુરો ખ્યાલ આપશે. એટલે મારા હાથમાં ટીકીટ આવી પડી. પણ પેલા બે ચાર રૂપીઆ ખુટી ગયા હતા એટલે ટ્રામમાં જવાને બદલે મારે તો ચાલીને જવું પડેલું. આ હકીકત મેં ડોકટરને કહી નહોતી. પણ કેવળ પ્રેરણાબળથી તે સમજી ગયા હતા કે હવે આના ગજવામાં પૈસા નથી એટલે એક દિવસે પોતે સવારે નોકરી ઉપર જતા હતા ત્યારે હું તેમને ઘેર હિચકા પર બેઠો હતો ત્યાંથી બોલાવીને મને કહ્યું: "તમે જેને ઘેર મેમાન છો તેઓ તમને જે જોઇએ તે આપી શકે એમ છે તે મને ધ્યાનમાં છે, પણ તમે માંગવાના નથી અને મુંઝાઇ મરવાના છો તો તમારે નાનકડી રકમ જોઇએ તે મારા પાસે માગવા" એમ કહીને સમરથબેન પાસેથી પચાસ રૂપીઆ લઇને મારા ખમીસના ખીસામાં નાખી દીધેલા. આ રકમ કેટલા ખપમાં આવી હશે તેનો લેખ લખવાની જરૂર નથી રહેતી.

આમ અમારો સંબંધ અત્યંત ગાઢ બનેલો. ને પછી તો એમ જ લાગવા માંડયું કે ડો. મેઘાણીના સ્વરૂપમાં મને વર્ષો પહેલાં મરણ પામેલા મારા મોટા ભાઇ વ્રજલાલભાઇનો ભેટો થયો છે. સૌને યાદ હશે કે ડોકટરનું નામ વ્રજલાલ હતું. હું મારા વ્રજલાલભાઇ સાથે આ વ્રજલાલભાઇની સરખામણી કરતો તેનું કારણ એ હતું કે બેઉ વચ્ચે ગુણોનું અપૂર્વ સામ્ય હતું.

મુંબઇ સને ૧૯૩૯ માં આવ્યો તે પહેલાં હું મોમ્બાસામાં હતો અને ત્યાં ડોકટરના નાનાભાઇ શ્રી. ડાહ્યાલાલનો પરિચય વર્ષોથી હતો પણ ઘાટકોપરમાં આવ્યા પછી જ્યારે ડોકટર પાસે મેં ભાઇશ્રી ડાહ્યાલાલની શક્તિ વિષે વખાણ કર્યા ત્યારે એમને સંતોષ થએલો કે પરદેશમાં પણ મારો ભાઇ મેઘાણીકુટુંબની પ્રતિષ્ઠામાં વૃધ્ધિ કરી રહ્યો છે.

પછી તો ડોકટરના ભાઇ પ્રભુજીએ "ટાઇમ્સ ઓફ ઇન્ડીઆ"માં એક જાહેરખબર વાંચી કે ન્યાસાલેંડની સરકારને એક ઇન્ડીઅન ડોકટરની જરૂર છે. ભાઇ પ્રભુજીએ ઘેર આવીને ડો. મેઘાણીને કહ્યું, 'મને આફ્રિકા (ન્યાસાલેંડ) જવા દો.' ડોકટર સ્વભાવે સ્નેહાળ હોઇને તેમને થયું કે એક ભાઇ તો પરદેશમાં છે; વળી બીજાને ત્યાં કયાં મોકલવો? એટલે ભાઇશ્રી પ્રભુજીને તેમણે લગભગ ના પાડી દીધેલી. પણ પ્રભુજીને "જીવ્યા કરતાં જોયું ભલું" એ ન્યાયે પરદેશ જોવાની ઇચ્છા હતી. વળી મારા પાસેથી તેણે ખાત્રી કરી લીધેલ કે ન્યાસલેંડના હવાપાણી એકદમ માફક આવે એમ છે એટલે તેઓ જવા આતુર હતા.

ડો. મેઘાણી મારી પાસે આવ્યા અને કહ્યું: "તમે પ્રભુજીને આફ્રીકા જવાનું ઉત્તેજન શા માટે આપો છો? રોટી માટે પરદેશ જવાનો વિચાર મને સુખપ્રદ નથી લાગતો."

આવો વાંધો બતાવ્યો ત્યારે મેં કહ્યું કે "કમાવાના હેતુથી પ્રભુજી નથી જવા ઇચ્છતા. તેમને તો મુખ્યત્વે બે ખ્યાલો છે–એક તો નવી દુનિયા જોવાનો અને બીજો ત્યાં શરીર વધારે સારૂં થશે એ." આ બેઉ વસ્તુઓ સાચી હતી. છેવટે પ્રભુજી સિધાવ્યા. પણ મને તેઓ ઘણી વાર કહેતા. "પ્રભુજી સ્વદેશમાં જ મારી નજર આગળ રહ્યા હોત તો હું ખુશી થાત."

આપણે સૌ જાણીએ છીએ કે ભાઇશ્રી પ્રભુજીએ પુનઃ પરદેશ જવાનો વિચાર પડતો મૂકીને દેશમાં જ સ્થાયી થવાનું નકકી કરેલ છે તેની પાછળ પોતાના મોટાભાઇની કુટુંબભાવનાને અનુસરવાની વૃત્તિ હતી. આવી ઝીણી ઝીણી વસ્તુઓ કેટલી લખું? ઇશ્વર એ દિવ્ય આત્માને શાંતિ આપે!

મોહનલાલ રૂપાણી.

સાભાર સ્વીકાર

'પ્રબુદ્ધ જૈન'ને નીચેનાં પુસ્તકો અવલોકનાર્થે ભેટ મળ્યા છે જેનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે.

બહાદુરલા અને નવો જમાનો

લેખકઃ–ડો. જે. ઇ. એસલમોન્ટ

ભગવાન મહાવીરના સમયની મહાદેવીઓ

લેખકઃ–શ્રી. સુશીલ

શત્રુંજય તીર્થદર્શન

લેખકઃ–પુલચંદ હરિચંદ દોશી

અચલગઢ

લેખકઃ–મુનિશ્રી જયન્તવિજયજી

હમીરગઢ

લેખકઃ–મુનિશ્રી જયન્તવિજયજી

મહાવીર વર્ધમાન

લેખકઃ–શ્રી જગદીશચંદ્ર જૈન

તંત્રી, પ્રબુદ્ધ જૈન.

હૈયું આ નંદવ્યું કોણે ?

થોડા વર્ષો પહેલાં 'દુઃખીની દુનિયા' નામનું વાર્તાનું એક પુસ્તક હાથમાં આવ્યું. પૂંઠા પર શ્રી વ્રજલાલ ધરમચંદ મેઘાણી નામ જોઈ, શ્રી. ઝવેરચંદ મેઘાણીના ભાઈ હશે એમ સમજી વાંચવું શરૂ કર્યું, પરંતુ એ વાર્તાઓએ મારા મન ઉપર બહુ અસર ન કરી. લોકલાગણીને ઉશ્કેરવાની વૃત્તિથી એ વાર્તાઓ જાણે લખાઈ હશે; અથવા તેમાં એકપક્ષી જ રજુઆત છે એમ તે વખતે છાપ પડેલી. એ નામ ફરી વખત નજરે ચડયું 'પ્રબુદ્ધ જૈન'માં. આવારનવાર તેમનું કોઈ પણ પ્રકારનું લખાણ-વાર્તા કે નિબંધ-તેમાં હોય જ. કદી ધ્યાનપૂર્વક એ લખાણ વાંચ્યાનું મને યાદ નથી. ત્રણેક વર્ષ ઉપર, શ્રી. મણિલાલ મોકમચંદ શાહની દુકાને અચાનક તેમનો પરિચય થયો અને પછી તો મુંબઈ જવાનું થાય ત્યારે તેમને મળવાનું બને જ.

પરંતુ તેમનો વધુ પરિચય થયો એક વાર્તા દ્વારા. 'માયો-શેઠ મટી સગર બન્યો, એ વાર્તાએ એટલી બધી પકડ રાખી કે ત્યાર પછી શ્રી. મેઘાણીની લગભગ દરેક વાર્તા હું નિયમિત વાંચી જતો. અને એ વાર્તાઓ પુસ્તકાકારે પ્રગટ થઈ ત્યારે ફરી વખત સળંગ વાંચી ગયો. એટલી બધી એ ગમી. આમાં એક હકીકતે મહત્વનો ભાગ ભજવ્યો. ગયા જુલાઈમાં મુંબઈમાં અમે મળ્યાં, ત્યારે 'આળાં હૈયાં'ની વાર્તાઓની અમે ચર્ચા કરતા હતા. એક એક વાર્તા પાછળની તેમની ભૂમિકા જાણવા હું મથતો હતો. અને એ જાણીને આશ્ચર્ય થયું કે તેમની વાર્તાઓના મોટા ભાગ પાછળ વાસ્તવભૂમિ હતી.

મુંબઈ મ્યુનિસિપલ કોરપોરેશનમાં મેડિકલ ઇન્સ્પેકટર તરીકે લાંબા સમયથી કામ કરતા હોવાથી તેમને અનેક અનુભવો થયેલા. વળી તેમની પાસે જોવાની દૃષ્ટિ હતી અને આળું હૈયું હતું. એટલે વસ્તુની પકડ જલ્દીથી આવી જતી. 'કાયદાનો કડક અમલ,' 'જયનાબીની બકરી' એ બે વાર્તાઓ, તેમના દિલની ગડમથલ બતાવે છે. 'નારીહૃદય', 'માતાની ઝંખના', 'ગામની દીકરી', 'પારકી મા' અને 'રાણી' વાર્તાઓ જો કોઈ શિલ્પીને હાથે કંડારાઈ હોત તો સાચાં મોતીની જેમ દીપી ઉઠત. એ વાર્તાઓ પાછળ ઇતિહાસ છે, એટલે શ્રી મેઘાણીને વાર્તાકલાની કુશાગ્રતા વરી ગઈ હોત તો તેઓ કુશળ વાર્તાકારની હરોળમાં આ સંગ્રહથી જ બેસી ગયા હોત. વાર્તાકારની હથોટી બેસી જતી હતી. ત્યાં તેમનું હૈયું તેમને નહિ ઓળખનારે ખરેખર નંદવી લીધું.

'માનવતાના રજકણો જ્યાંથી મળે ત્યાંથી એકઠા કરી જનતા પાસે મૂકવા અને માનવીના ઉદાત્ત ગુણો જગતને બતાવવા'ની તેમની મનોવૃત્તિ હતી. એ મનોવૃત્તિએ જ કલમ લેવડાવી હતી. પોતે જે જોયું તે શબ્દશઃ રજુ કરવાની તેમની નેમ હતી. 'પ્રચારક થઈ જશો આવી વાર્તાઓથી' એવો જ્યારે મેં ભય દર્શાવ્યો, ત્યારે તેમણે માત્ર મોં મરકાવ્યું હતું. સાહિત્યકાર તરીકે ગણાવાની તેમણે કદી ઇચ્છા દર્શાવેલી નહિ. પ્રચારક બનવાનું પણ તેમને મન નહોતું. તેમની ઇચ્છા એટલી જ હતી કે આપણે જ્યાં વસીએ છીએ, જ્યાં રાત દિવસ ગાળીએ છીએ તેની આસપાસની વાસ્તવિક દુનિયા યોગ્ય શબ્દોમાં રજુ કરવી.

એ તો કહેતા : "માનવતાના ઉદાત્ત તત્ત્વોએ મને ખેંચ્યો છે; દુઃખોની પરંપરામાં વીંટળાયેલાં સમાજના નીચલા થરોમાં મેં એ ઉદાત્ત તત્ત્વો જોયાં છે; અને એ તત્ત્વોએ મને મુગ્ધ કર્યો છે. મારાં એ સંસ્મરણોમાં સૌને ભાગીદાર બનાવવાની જ મારી ઇચ્છા છે-પછી ભલે તે સાહિત્યકૃતિ તરીકે પ્રસંશા ન પામે."

મજબૂત શરીર, અમલદારી પોશાક અને અમલદારી અનુભવ, ઉંચાઈ પણ સારી-તેમને જોઈ કોઈ ન કહે કે શ્રી. મેઘાણીનું હૈયું આળું હશે. મને પણ પહેલાં નહોતું લાગ્યું. પણ પછી તો જ્યારે જ્યારે મળતા ત્યારે ત્યારે તેમના આળાં હૈયાંના દર્શન થતાં. સમાજમાં પ્રસરી રહેલી વિષમતા, નીચલા થરોને વેઠવી પડતી હાડમારી, કુરૂઢિઓને પરિણામે ઉભી થતી ગંભીર ઘટનાઓ-એ સર્વ તેમનું દિલ વલોવનારી વ્યથાઓ હતી. તેમનું મૃત્યુ જો ગુંડાઓના હાથે ન થયું હોત, તો તેમના અવસાનને માટે આ વ્યથા જ કારણભૂત હશે એમ પહેલી પળે માનત; કારણ કે તેમની એ વ્યથાઓ ઉપરછલ્લી નહોતી; તેમના જીવનમાં વણાઈ ગઈ હતી.

સાહિત્યની દુનિયાની દૃષ્ટિએ શ્રી મેઘાણીનું મૂલ્યાંકન કદાચ જુદું અંકાશે; પરંતુ માનવતાની દૃષ્ટિએ તેમણે જોયેલી વિષમતા, તે દૂર કરવા માટે તેમનામાં જાગેલી ભાવના એ મહત્વની હકીકત-કદિ ન વિસરાય તેવી બની રહેશે.

શ્રી મેઘાણીના અકાળ અવસાનથી 'પ્રબુદ્ધ જૈન'ને તો ખોટ પડી જ છે; પરંતુ વાંચકોને તેથીયે વિશેષ ખોટ પડી છે. મારા સ્નેહીઓમાંથી ભાગ્યે જ કોઇ એવું હશે જેમણે તેમની વાર્તાઓ વાંચી નહિ હોય, એટલે ખરી રીતે કહીએ તો, સમાજમાં ટીપાઇ ટીપાઇ 'રીઢાં થયેલાં હૈયાંઓ'ને આળાં કરનાર એક 'આળું હૈયું' અકાળે ચીમળાઈ ગયું છે.

ડો. મેઘાણીનો આત્મા જ્યાં હોય ત્યાંથી ફરી આ વિષમતાઓ વચ્ચે આવી. "રીઢાં હૈયાંઓ"માં ફરી સંવેદન જન્માવે, અને તેમની અધૂરી રહેલી યાત્રા પૂર્ણ કરે, એવું હું હૃદયપૂર્વક ઇચ્છું છું.

ધીરજલાલ ધનજીભાઈ શાહ.

* * * *

એક યુવક મિત્ર પ્રસ્તુત કરૂણ ઘટના અંગેનું આત્મસંવેદન નીચે મુજબ વ્યકત કરે છે :—

આ વખતના એટલે કે તા. ૧૫-૧-૪૭ ના પ્રબુદ્ધ જૈનના પહેલા પાના ઉપર સરદાર વલ્લભભાઇ પટેલે અમદાવાદમાં શ્રી. મહાવીર જૈન વિદ્યાલયની શાખાના ઉદ્‌ઘાટન વખતે આપેલ ભાષણનું એક પાનું વાંચી બીજું પાનું ફેરવતાં સ્વર્ગસ્થ માનનીય વડીલબંધુ ભાઇ વ્રજલાલ મેઘાણીનો ફોટો જોઇ તેના ઉપરનું મથાળું વાંચતા જ આંખમાંથી આંસુ નીકળી પડયાં, અને સરદારશ્રીનું અધુરું રહેલ ભાષણ બાકી રાખી વડીલ શ્રી. પરમાનંદભાઇએ લખેલ કરૂણામૂર્તિ ભાઇ વ્રજલાલ મેઘાણીનો દેહોત્સર્ગ વાળા લખાણના ત્રણે પાના વાંચ્યા. વાંચીને રડવું આવ્યું, જાણે કે કોઇ મારા નજીકના સ્નેહીનું અવસાન નીપજ્યું ન હોય !

વડીલ શ્રી. વ્રજલાલ મેઘાણીની મેં 'દુઃખની દુનિયા' નામની ચોપડી ત્રણ ચાર વાર વાંચેલ, અને મને તે ચોપડીમાં લખેલ એક એક વાત વાંચીને કાં તો રડવું આવેલું અથવા તો શું માણસનું હૃદય છે એવો વિચાર આવેલો. તેમની લખેલી વાતો આંખમાંથી આંસુ ટપકાવે છે અથવા 'ધન્ય છે' એવા શબ્દો ઉચ્ચારાવે છે.

તેમની આ નવલિકા વાંચ્યા પછી મેં મારા પિતાશ્રીની પાસેથી તેમના વિષે થોડું પણ ઘણું જ માન ઉત્પન્ન કરે તેવું સાંભળેલ. ત્યાર પછી એટલે આજથી લગભગ ત્રણ-ચાર વર્ષ ઉપર તેમનો શ્રી. પરમાનંદભાઇની પેઢીએ થોડીએક મીનીટ માટે મને પરિચય થયેલ, અને ત્યારથી તેમણે સાદા છતાં આદર્શ પુરૂષની મારા ઉપર ઉંડી છાપ પાડેલ. તેમની તે છાપ 'પ્રબુધ્ધ જૈન'માં આવતી તેમની વાર્તાઓ વાંચીને તાજી થતી. તેમના અવસાનથી મને ઘણું જ દુઃખ થયું છે. માટે મારી જીંદગીમાં પહેલી વખત આટલું લખાણ-જો કે ઘણું જ નબળું હોવા છતાં-તમને લખીને મોકલી આપું છું.

સ્વર્ગસ્થના આત્માને પ્રભુ શાંતિ અર્પે એવી અંતઃકરણથી નમ્ર પ્રાર્થના છે !

લી.

રસીકચંદ્ર છોટાલાલ પરીખ.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No B. 4266.

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૮
અંક : ૨૧

મુંબઈ: ૧ માર્ચ ૧૯૪૭ શનિવાર.

લવાજમ
રૂપિયા ૪

દક્ષિણને છેડે

(આપણા ગુજરાતના સુવિખ્યાત કવિ, લેખક તથા વિવેચક શ્રી ઉમાશંકર જોષીએ ગયા સ્વાતંત્ર્યદિનથી 'સંસ્કૃતિ' નામના ગુજરાતી માસિકની શરૂઆત કરી છે અને એ માસિકની લેખસામગ્રી જોતાં અને તેમના આ સાહસમાં જાણીતા વિદ્વાનોનો પુરો સહકાર છે એ જાણતાં એક પ્રૌઢ, વિચારગહન અને સર્વગ્રાહી માસિકની ઉણપ બાદ ઉમાશંકરે પુરી પાડી છે એમ જરૂર કહી શકાય. આ માટે ભાઈ ઉમાશંકરને ધન્યવાદ. આ માસિકનું વાર્ષિક લવાજમ રૂા. ૭ છે. તે મેળવવાનું ઠેકાણું શ્રી ઉમાશંકર જોષી, ચોકશી નિવાસ, કૃષ્ણ સોસાયટી પાછળ, એલીસ બ્રીજ, અમદાવાદ છે.

એ 'સંસ્કૃતિ'ના પ્રથમ અંકમાં પ્રગટ થયેલ શ્રી કાકાસાહેબ કાલેલકરનો ઉપર જણાવેલ લેખ પ્રબુદ્ધ જૈનના વાંચકો માટે અહિં નીચે સાભાર અવતરિત કરવામાં આવે છે. આ લેખમાં કન્યાકુમારી જેવા અદ્‌ભૂત સ્થળની અપૂર્વ ભવ્યતા વર્ણવવામાં આવી છે અને એટલો જ ગહન અને વિચારપ્રેરક તેનો ચિન્તનવિભાગ છે. સંભવ છે કે પ્રસ્તુત લેખમાં તારાઓ અને નક્ષત્રોને લગતા કેટલાક ઉલ્લેખોના હાર્દને એ વિષયથી અપરિચિત વાંચકો યથાસ્વરૂપે સમજી નહિ શકે. એમ છતાં પણ એ ઉલ્લેખો રાત્રીના પ્રગટ થતા અગત્યના તારાઓ અને નક્ષત્રોને ઓળખવા, જાણવા તેમજ માણવાની અભિરૂચિ વાંચકોમાં જરૂર પ્રગટ કરશે એવી આશા રાખવામાં આવે છે. **પરમાનંદ**)

(૧)

ધનુષકોટીમાં હું પહેલવહેલો ૨૦ વર્ષ પહેલાં આવેલો. મને સ્મરણ છે ત્યાં સુધી શ્રી. રાજાજીએ મારી સાથે શ્રી. વરદાચારીને મોકલ્યા હતા. વરદાચારી રામાયણના ભક્ત. આખો રસ્તો રામાયણની જ વાતો ચાલી હતી. અમે ધનુષકોટી પહોંચ્યા અને વરદાચારીનો સનાતની આત્મા શ્રાદ્ધ કરવાને તલસવા લાગ્યો. એક યોગ્ય બ્રાહ્મણને શોધી કાઢી તેઓ એ વિધિમાં મશગૂલ થયા અને અમે રત્નાકર અને મહોદધિની ભવ્ય શોભા જોવાને સ્વતંત્ર થયા.

બે નદીઓના સંગમ અથવા પ્રયાગ અનેક ઠેકાણે જોવાને મળે છે. સંગમનું કાવ્ય આર્યોના ભેજા સુધી પહોંચે એટલે એમને યજ્ઞયાગ કરવાનું સૂઝવાનું જ. યજ્ઞયાગ માટેના આવા પ્રકૃષ્ટ અથવા પ્રશસ્ત સ્થાનને પ્ર–યાગ કહે છે.

બે નદીઓ મળે છે ત્યારે અંગ્રેજી Y જેવી આકૃતિ થાય છે. મહારાષ્ટ્રમાં કહ્રાડ (Karhad) પાસે બે નદીઓ સામસામે આવીને મળે છે અને પછી કાટખૂણામાં એક બાજુએ વહે છે. અંગ્રેજી T જેવી પાંચ કાંહાની એની આકૃતિ થાય છે. બે નદીઓ સામસામી આવીને એકબીજીને બાથમાં લે છે માટે એને પ્રીતિ-સંગમ કહે છે.

ગંગાને જ્યાં યમુના મળે છે ત્યાં પણ લગભગ T જેવો જ આકાર થાય છે. માત્ર એમાં ગંગા સીધી જાય છે અને યમુના કશા આગ્રહ વગર, અને કંઈક સંભ્રમ સાથે ગંગાને મળે છે.

યમુના પ્રથમ તો **'આત્મનિ અપ્રત્યય'** દેખાય છે. પણ એક-વાર ગંગાને મળી એટલે બન્ને બહેનો ઉલ્લાસના ઉન્માદમાં આવી જાય છે અને જે એક બીજામાં ઝટ મળી ગયા તો મળવાનો આનંદ ત્યાં જ મટી જશે, એ બીકે દૂર દૂર સુધી બન્ને મળ્યા જ કરે છે. ધર્મકવિઓએ એ સ્થાનને પ્રયાગરાજનું નામ અમસ્તું નથી આપ્યું.

પણ જ્યારે નદી સાગરને મળે છે ત્યારે એ સાગરસરિતા-સંગમનો ઉન્માદ શિવપાર્વતીના મિલન જેવો અદ્‌ભુતરમ્ય હોય છે. એનું વર્ણન ભક્તવૃત્તિથી અથવા સંતાનની ભાષાથી ન જ થઈ શકે. માણસે પોતે માણસ છે એ ભૂલી જઈ પોતાની શક્તિ કરતાં પણ ઉંચે ઊડી સાગરસરિતાના અસમાન સંગમનું વર્ણન એ ભૂમિકાપર જઈને કરવું જોઈએ.

પણ ધનુષકોટીમાં તો વિષ્ણુ અને મહાદેવના મિલન જેવો એ સમુદ્રનો સાગરસંગમ છે. રત્નાકર મામાર (Mamar) ની બાજુથી આવે છે. મહોદધિ પાલ્ક (Palk) ની સામુદ્રધુનીનો પ્રતિ-નિધિ છે. એ બંનેને ઝટ મળવા કેમ દેવાય? પૃથ્વીએ જાણે રામધનુષ્યની કોટી આડી મૂકીને એ બેને મળતા એક કોશ સુધી રોકયા. આ તરફ રત્નાકર ઊછળે છે અને પેલી તરફ મહોદધિ ગરજે છે અને પવન સૂચવે તેમ પોતાના પ્રવાહ દોડાવે છે.

અને શી આ બે જણની સંતલસ! મહોદધિ જો લીલો રંગ ધારણ કરે તો રત્નાકર સાવ નીલો થાય છે, અને જ્યારે રત્નાકર પર લીલાશ ચઢે છે ત્યારે મહોદધિ આકાશને પણ દીક્ષા આપી શકે એવો ઘેરો નીલો રંગ રેલાવી દે છે.

મળવાની ઇચ્છા હોવા છતાં મળાતું નથી એમ જ્યાં સુધી લાગે છે, ત્યાં સુધી બન્ને જણાં ધૂંઆકૂંઆ થાય છે. ક્ષણે ક્ષણે નવો અમર્ષ બતાવે છે. પણ એક વાર મળવાની છૂટ થઈ ગઈ એટલે જાણે કશી જ ઉત્સુકતા હતી નહિ. મળવું હતું અને મળી ચૂકયા, એવી શાન્તિ અને સહજતા મોઢા પર રાખીને બન્ને મળી લે છે. અસ્વસ્થતા જાણે દૂર પાછળ મૂકી દીધી હોય એવી રીતે પાણીના તળિયેથી આગળ વધેલા રેતીના બાંધને કારણે ઊછળતાં મોજાઓની બે હાર દૂર દૂર દેખાય છે. એક હાર મહોદધિ તરફ ફેલાયેલી હોય છે અને બીજી રત્નાકરની અંદર. પણ જ્યાં વચલા પ્રદેશમાં એ બે જણનું પ્રત્યક્ષ મિલન થાય છે, ત્યાં તો સરોવરની શાન્તિ જ ફેલાયેલી હોય છે, અદ્વૈતમાં આનંદની પરિસીમા હોઈ શકે છે પણ ત્યાં ઉન્માદને સ્થાન કયાંથી?

ધનુષકોટીને છેડે ઉભા રહીને એક વાર ગોળ ચક્કર ફરી જોવું જોઈએ. જ્યાંથી ચાલીને આવ્યા એટલી જમીનની જીભ બાદ કરીએ તો બધે મહાસાગરના વિશાળ પાણીનું ક્ષિતિજ સાથે બનતું વલય જ જોવાને મળે છે.

રંગુન કે કરાંચી જતાં મધદરિયે ચારેકોર સમુદ્રવલય અને ક્ષિતિજવલય એક થઈ જાય છે એનો કેફ ઓછો નથી હોતો.

પાણીના આ ક્ષિતિજવિસ્તાર ઉપર આકાશનું એટલું જ મોટું પણ અનંતગણું ઊંચું ઊંડું ઢાંકણું રાખેલું છે અને એ દ્વાપડેશ્વરમાં એક નાનકડા જહાજમાં બેઠા 'कोटश्च कीटायते'–આપણે, મોતીની પેઠે સંધરવામાં આવ્યા છીએ એવી કલ્પના ઉઠયા વગર રહેતી નથી, પણ જેમ જેમ વધુ વિચાર કરીએ તેમ તેમ પોતાની તુચ્છતા મન પર વધારે ને વધારે ઠસે છે.

ધનુષકોટીનું એવું નથી. પૃથ્વી સાથે આપણે અનુબદ્ધ છીએ, પગ તળે મજબૂત જમીન છે. અને એ જમીન ધીમે ધીમે વિસ્તાર પામીને એક વિશાળ દેશ અને ખંડ તરફ લઇ જઇ શકે છે એ ખ્યાલ આપણને આશ્વાસન આપે છે એટલું જ નહિ પણ પ્રચંડ આત્મવિશ્વાસના અધિકારી બનાવે છે. ધનુષકોટીને છેડે જેટલી વાર પહોંચ્યો છું તેટલી વાર મને માણસ તરીકેના આત્મગૌરવનું ભાન વિશેષપણે થયું છે. અને તેથી હું મારી ભૂમિકા ઉપર મજબૂત રહીને સાગરની ઉપાસના કરી શક્યો છું.

જ્યારે જ્યારે મંડપમ્ છોડીને પુલ ઉપર થઇને પામબન પહોંચ્યો છું, ત્યારે ત્યારે 'રઘુવંશ'માં લખેલું કાલિદાસનું આ પ્રદેશનું વર્ણન યાદ આવ્યા વગર રહેતું નથી. કાલિદાસની વર્ણનશક્તિ ભલે મારી પાસે ન હોય, પણ હું એનો સમાનધર્મા છું એ વિશે મનમાં જરાયે શંકા રહેતી નથી. હું કયાં **कवियशःप्रार्थी** છું કે કાલિદાસ સાથે પોતાનું નામ દેતા સંકોચ કરું? અને હસનારા ટીકાકારોને એમનું જ વચન સંભળાવી દઇશ :

पर्वते परमाणौ च पदार्थैर्त्वं प्रतिष्ठितम्।।

પણ જ્યારે ધનુષ્કોટી પાસે આવું છું ત્યારે કાલિદાસને ભૂલી જઉં છું, અને લંકા શી રીતે જવાશે એની મથામણમાં પડેલા હનુમાનની નજરે દક્ષિણ તરફ જોવા માંડું છું. જે જે વાનર–યૂથ–મુખ્યોએ સેતુની કલ્પના કરી અને અમલમાં મૂકી તેમની નજરે તલાઇમાનારની દિશાએ જોવા માંડું છું અને એ રીતે કલ્પના દોડાવીને થાકયા પછી ચાર ધામની યાત્રા પૂરી કરી રામેશ્વર પહોંચેલા વૃદ્ધ યાત્રીઓનું હૃદય ધારણ કરી કલ્પના કરું છું કે "એક આખી જિંદગી લગભગ પૂરી કરી ભારતવર્ષ જેટલા વિશાળ જીવનપ્રદેશને ફરી વળ્યો. હવે પાછા જઇને શું કરવું છે? ઇહલોકનું કામ જેવું તેવું પૂરું થયું. સફળતા મળી કે વિફળતા, પણ ફરી એ ને એ જ જીવન ઘૂંટવું નથી. હવે તો એ આખું જીવન પીઠ તરફ રહે એ જ સારું. પાછા વળીને એને જોવાનો સ્મરણરસ પણ રહ્યો નથી. હવે તો સાંપરાયનો, પરજીવનનો પરમાર્થ પણે વિચાર કરવામાં જ શ્રેય છે." એવી વિચારપરંપરા મનમાં ઉઠી. મન એક રીતે અસ્વસ્થ બને છે અને બીજી રીતે પરમ ઉપશમ અનુભવે છે.

આ ફેરે જ્યારે ધનુષકોટી આવ્યો, ત્યારે પરંપરાને અનુસરીને મહોદધિમાં સ્નાન કર્યું. મહાસાગરનું ક્ષમાપન પણ કર્યું. પણ મનમાં તો એક જ વિચાર આવ્યો કે આ સ્થાને હવે ફરી આવવાનું નથી. સિલોનમાં કોક વખતે જવું છે, પણ ધનુષકોટીનાં જે દર્શન કર્યાં તે તો છેવટનાં જ. આમ કેમ લાગ્યું તે કહેવું મુશ્કેલ છે. પણ મનમાં ઘરાયાનો વિચાર આ જ વખતે ઉદયો ખરો.

(૨)

ધનુષ્કોટી–રામેશ્વર, પછી કન્યાકુમારી. એક સ્થાન ભવ્ય તો બીજું ભવ્યતર. અહીં બે નહિ પણ ત્રણ સાગરોનો સંગમ છે. એ સંગમનું વાતાવરણ અભેદભક્તિના આનંદ જેવું છે. આ અહીં હિંદી મહાસાગર પૂરો થાય છે, અને અહીં સુંબઇ સમુદ્ર કે બંગાળ સમુદ્ર શરૂ થાય છે એમ તો કહેવાય પણ નહિ અને મનાય પણ નહિ. અહીં ભારતવર્ષનો દક્ષિણનો છેડો છે અને ત્રણે સાગર એને ત્રણે બાજૂએથી વીંટળાઇને પડયા છે. સંગમ તો આપણે કહીએ. સાગર માટે અહીં સંગમ જેવું કશું છે જ નહિ. સંગમની કલ્પના આપણી છે. સાગરોને પૂછીશું તો તેઓ કહેશે કે જે ભેદને હસ્તી જ નથી એ મટી ગયાની વાત પણ શી રીતે કરાય? "સંગમ"ની કલ્પના સાવ ભૂલભરેલી છે. કહેવું જ હોય તો એને "સંભવન" કહો. જ્યાં એકતા જ છે ત્યાં ગમે તે ભાગને ગમે તે નામ આપી શકો છો. નામ અને રૂપનું દ્વૈત અહીં મોળું પડે છે, ઓગળી જાય છે અને પછી નર્યું અદ્વૈત પોતાની અખંડ મસ્તીમાં ઘૂઘવે છે.

કન્યાકુમારીમાં જે ભવ્યતા મેં અનુભવી છે, તેવી ભવ્યતા એક હિમાલયને છોડીને અને ગાંધીજીને છોડીને મેં બીજે કયાંય અનુભવી નથી.

કન્યાકુમારીનું મહત્ત્વ પહેલવહેલું મેં ગાંધીજીને મોઢે જ સાંભળેલું. તેઓ ભાગ્યે જ દૃશ્યોનું વર્ણન કરવા બેસે છે. પણ કન્યાકુમારીથી આશ્રમમાં પાછા આવ્યા પછી એમણે એ સ્થાનનું ઉત્સાહભર્યું વર્ણન મારી આગળ કરેલું.

જ્યારે '૨૭ ની સાલમાં, એમની સાથે દક્ષિણ હિંદુસ્તાનની મુસાફરી મેં કરી, ત્યારે નાગર-કોવિલ આવતાંવેંત એમણે પોતાના મિજમાનને ખાસ ભલામણ કરી કે 'કાકાને કન્યાકુમારી જવું છે. મોટરનો બંદોબસ્ત કરો.' તે દિવસે એમણે બે વાર તપાસ કરી કે કન્યાકુમારી જવાની ગોઠવણ બરાબર થઇ કે નહિ?

પૂ. બાને લલચાવતાં મને જરા ય મુશ્કેલી નહિ પડી. બીજાં બે જણ પણ સાથે થઇ ગયાં.

જે દૃશ્ય વિષેનાં વખાણો પૂ. બાપુજીને મોઢે સાંભળ્યાં હતાં તે દૃશ્ય જોવાની ઉત્કંઠા મારામાં ગળાબૂડ વધી હતી. અહીં આવ્યા પછી તો એનો કેફ જ ચઢયો. ત્યાર પછી જેટલી વાર અહીં આવ્યો છું તેટલી વાર ફરી ફરી એ ને એ જ કેફ ચઢે છે.

અને આશ્ચર્ય એ કે એ કેફ સાથે બ્રહ્મચર્ય વિશેના પણ ઊંડા વિચારો મનમાં ઊઠયા વગર રહેતા નથી. દેવી કન્યાકુમારીનું આ સ્થાન છે એ ખ્યાલને લીધે એવા વિચારો મનમાં ઉઠે છે એમ મને લાગતું નથી. કોઇ કાળે મને એવું લાગ્યું નથી. સ્વામી વિવેકાનંદે આ સ્થાને આવીને એ જ કેફ અનુભવ્યો હતો, એ માહિતીને કારણે પણ કોઇ કાળે મનમાં અહીં આવતાંવેંત બ્રહ્મચર્ય. ના વિચાર ઉઠયા નથી. ગાંધીજીની ભવ્યતાની ભવ્ય સાધના સાથે પણ એ વિચાર જોડાયો નથી. પણ સ્વયંભૂ પણે એ વિચાર મનમાં ઉઠે જ છે.

આ વખતે (૫-૧-૧૯૪૭) ત્રીજી વાર અહીં આવ્યો છું. સૌથી પહેલાં સમુદ્રનાં મોજાં, આકાશનાં વાદળાં, પૂર્વપશ્ચિમની ક્ષિતિજ અને પાછળના ડુંગરા–બધાં સ્નેહીઓને જોઇ લીધાં.

આજે પોષનો બહિનો છે અને સુદ તેરસની તિથિ છે. આજે ચંદ્ર રોહિણીમાં કે મૃગમાં હોવો જોઇએ. અમે મોટરને વેગે, કટકે કટકે, કન્યાકુમારી તરફ દોડતા હતા ત્યારે જ ચંદ્ર આકાશમાં ઊંચે ઊઠીને ટાંપીને બેઠો હતો કે સૂરજ આથમે કે તરત, વગર વિલંબે, આકાશનો કબજો લઇ લઉં. સંધ્યાને પોતાનો વર્ણવિન્યાસ પાથરવાને એણે ઝાઝો અવકાશ આપ્યો નહિ. પણ જેટલો વખત મળ્યો તેટલામાં સંધ્યાએ રંગોનાં અનેક દૃશ્યો બતાવી તો દીધાં જ.

સૂર્યાસ્ત જોવાની ઘણી અભિલાષા હતી પણ પશ્ચિમનાં વાદળાંઓએ જરાક હપકો આપતાં અમને કહ્યું, "કોઇનો અસ્ત જોવા માટે તલસાતું હશે? ખરું જોતાં સૂર્યનો અસ્ત થતો જ નથી. તમારા પૂરતો પ્રકાશનો અસ્ત થાય છે. એને માટે સૂરજને જોવા કરતાં ઉદય કે અસ્ત બન્ને પ્રસંગે એ જે એકરૂપના ધારણ કરે છે તેના રંગ જ કેમ ન જોઇ લો?

उदये सविता रक्तः रक्तश्चास्तमने तथा।
संपत्तौ च विपत्तौ च महतामेकरूपता॥

આ શ્લોક વાદળાંઓએ પણ નાનપણમાં મોઢે કરી રાખ્યો હશે!

સૂરજ જ્યારે ક્ષિતિજની તળે ગયો ત્યારે વાદળાંનાં બાકોરાંમાંથી સૂર્યપ્રકાશના લાલ મયૂખો એમાંથી ઉપર સુધી ફેલાયા. અને

ઉપર ફેલાયા એના કરતાં દક્ષિણઉત્તર તરફ વધારે ફેલાયા. બાકોરાં ઘણાં ન હતાં પણ જે હતાં તે મોટાં હતાં. તેથી કિરણના મયૂખો લાલ રંગના પટા ખેંચ્યા હોય એવા થયા હતા. અને આકાશ પોતાના વૈભવમાં ભારેખમ દેખાતું હતું. આ શોભા ધાર્યા કરતાં સહેજ વધારે ટકી તેથી એને જ જોયા કરવાનું મન કંઈક તૃપ્ત થયું.

જ્યાં કુમારીના નન્થયેલા-લગ્ન-ના અક્ષત વેરાયા છે, એ બાજુના ખડક ઉપર મોજાંઓનું તાંડવ જોવા અમે જઈ બેઠા. જોતજોતામાં સંધ્યા પશ્ચિમમાં વિલીન થઈ અને ચંદ્રનું રાજ્ય શરૂ થયું. વાદળાંઓએ આકાશને ઘેરી લેવાનો મનસૂબો પૂરો કર્યો ન હતો, એટલામાં દક્ષિણના વાદળામાંથી એક મોટો તારો ચળકવા લાગ્યો. એ બીજો કોણ હોઇ શકે? એ તો અગસ્તિ મહારાજ પોતે દક્ષિણપૂર્વ દિશા પર આરૂઢ થતા હતા. સદ્‌ભાગ્યે યમુના અને યામમત્સ્ય પણ ત્રાંસી લીટીમાં આકાશમાં દેખાયા. દક્ષિણ દિશાનું ધ્યાન કર્યાનું ફળ મળ્યું. સંતુષ્ટ થયેલી આંખે અમે ઉત્તર તરફ નજર ફેરવી. ત્યાં આકાશમાં દેવયાની (કેસીઓપિયા)નો Λ ઉપર સુધી ચઢયો હતો. એના તળે લગભગ ક્ષિતિજ પાસે એક તાડ જૂટેલી ઊંચાઇએ એ તાડના પાંદડાનું જ આસન બનાવી ધ્રુવકુમારે અમને પોતાનાં સુભગ દર્શન દીધાં. દેવયાનીને અને ધ્રુવને જોતાં જોતાં નજર પશ્ચિમ તરફ વળી, ત્યાં હંસે કહ્યું કે શ્રવણ તો કયારના આથમી ગયા છે. એટલે પૂર્વ તરફ નજર ફેરવી, ત્યાં બ્રહ્મહૃદયે કહ્યું કે બ્રહ્મમંડળનો વિસ્તાર આટલામાં જ કયાંક હોવો જોઇએ.

અમે ફરી દક્ષિણ તરફ મોઢું ફેરવ્યું. અગસ્તિ એટલો બધો ઊંચો આવ્યો ન હતો કે એની ઝૂપડી ની કલ્પના કરી શકાય. પણ વ્યાધ તો દેખાવો જ જોઇએ. પણ વ્યાધ ગમે તેટલો તેજસ્વી હોય તોય વાદળાંના જાડા પડોને એ શી રીતે વીંધી શકે? અમે અમારી નજરે વાદળાંઓનું પડ વીંધવાનો પ્રયત્ન કર્યો, એટલે શંકા ગઇ કે વાદળાંમાં અમુક ભાગ ઊજળો દેખાય છે એની પાછળ જ વ્યાધ હોવો જોઇએ. વાદળાંની પેલી પાર વ્યાધ અને આ પાર અમારી નજર —બંનેના હુમલાથી વાદળાં પાતળાં પડયાં અને પડદા પાછળ નાટકનાં પાત્રો દેખાય તેવી રીતે વ્યાધ દેખાવા લાગ્યો. જોતજોતામાં વ્યાધ પૂર્ણ રીતે છતો થયો અને પછી વ્યાધ, અગસ્તિ, યમુના અને યામમત્સ્યની શોભા તેલચુ અક્ષરની શિરોરેખા જેવી દેખાવા લાગી.

હમણાં મૃગ દેખાશે, રોહિણી ચળકશે, પ્રશ્વન ડોકિયું કરશે, એમ આશાએ આકાશ તરફ અમે તાકતાં હતાં એટલામાં રજનીનાથે પોતાની આસપાસ કૂંડાળું ફેલાવ્યું અને એ સુવર્ણવલય સાથે આકાશમાં વાદળાંઓ પણ વધ્યાં. આકાશમાં ચંદ્રિકા ફેલાઇ હોય તોય શું? રાતના વાદળાં બહુ ધ્યાન આકર્ષી શકતાં નથી. એટલે અમે કાળામેશ સમુદ્રના ગંભીર જળ ઉપર નાચતી ધોળા ફીણની ચળકતી લીટીઓની હારો જોઇને જ આંખોને ઉજાણી આપી.

વિધવિધ રંગના નાચ સમુદ્રનાં જળ ઉપર અને આકાશનાં વાદળાં પર ધરાઇને જોયા પછી આ ગંભીરતા એટલી તો તૃપ્તિદાયક લાગતી હતી કે એ તૃપ્તિ સાથે સ્થિતપ્રજ્ઞનો આદર્શ ગાવામાં અને સંધ્યાની ઉપાસના સાધવામાં અનેરો આનંદ ઉદ્‌ભવ્યો. આ સાગર પૂર્ણ છે. એના પર ફેલાયેલું આ આકાશ પૂર્ણ છે. એ બેના દર્શનથી જીવનની સંધ્યાસમયે હૃદયમાં ઉદ્‌ભવેલો ઉપશમપ્રધાન આનંદ પણ પૂર્ણ છે. હવે એ ત્રિવિધ પૂર્ણતામાંથી ગમે તે કાઢી લઇએ કે ઉમેરી દઇએ. પૂર્ણતામાં કશી ઊણપ આવવાની નથી. મેળવેલી પૂર્ણતા ખૂટી શકે છે, કેમકે એ ખરી પૂર્ણતા જ નથી. કેળવેલી પૂર્ણતા રહ્યાથી છે, કેમકે એ વારસા સાથે જ આપણે જન્મ્યા હતા. ત્યાંસુધી પહોંચતાં વાર લાગી એ જ ઊણપ. જે કેળવી તે આત્મસાત્ થઇ. હવે ત્યાંથી ચઢવા-ઉતરવાપણું છે જ નહિ.

જે વિરાટ છે, ભૂમા છે, બૃહત્તમ છે, તેની સાથે એકરૂપ થયા પછી જે જીવન જિવાય છે તે જ ખરું બ્રહ્મચર્ય છે. વાસના દબાવી દીધી તો તે કોઇ વખતે ફરી ઉછળવાની. વાસના મારી નાખી તો તે ભૂતની પેઠે પજવતી રહેવાની. વાસનાને તૃપ્ત કરવાના ઘાટ ઘડયા તો તે વ્યસનની પેઠે અખંડ વળગવાની. વાસનાઓને વધારી દીધી તો માથે એનું ચક્કર ભમ્યાં જ કરવાનું. વાસનાને તો સામે થઇને પૂછવું જોઇએ કે તું કોણ છે? મિત્રના રૂપમાં શત્રુતા કરવા આવી છે કે જીવનને સમૃદ્ધ કરવાની સાધના તરીકે આવી છે? વાસના જ્યાં સુધી સ્પષ્ટ અને ઉઘાડી થઇ નથી ત્યાં સુધી જ મોહક હોય છે. મોહ અસ્પષ્ટતાનો હોય છે, એકાંગી દર્શનનો હોય છે. વાસનાને વશ થવામાં મુખ્ય મદદ આંધળાપણાની જ હોય છે. વાસનાનો આંધળો વિરોધ પણ એને મજબુત જ બનાવે છે. બે આંખે જોવાથી વાસનાને ઓળખી ન શકીએ. એને, મહાદેવની પેઠે, ત્રણ આંખે જોવી જોઇએ. પછી એની શત્રુતા એની મેળે ઓગળી જાય છે.

વાસનાનો સામનો કેવળ તપસ્યાથી નથી થઇ શકતો અને પ્રજ્ઞા સ્થિર થયા પછી વાસનાનો વિરોધ જ નથી કરવો પડતો.

જીવનમાં જ્યાં સુધી અપૂર્ણતાનું ભાન છે, ત્યાં સુધી બ્રહ્મચર્ય સિદ્ધ થયું ન ગણાય. અપૂર્ણતા પોતે બાધક નથી. બાળકમાં અપૂર્ણતા કયાં ઓછી છે? એ નિર્મળા ભાવે જીવતું જાય છે અને એની અપૂર્ણતા સ્વાભાવિક ક્રમે મટતી જાય છે. અપૂર્ણતાનું ભાન આવ્યું કે તરત માણસ પામર થાય છે. સાગરની પેઠે પૂર્ણ થયા પછી મોજાંઓ ગમે તેટલાં ઉછળે, પાણીનો જથ્થો ગમે ત્યાં દોડે પણ સાગરને વહેવાપણું નથી. એ **आत्मनि तृप्तः** છે. તેથી જ એને પોતાની માઝા મૂકવાનું હોતું નથી. એને મર્યાદાનું ભાન જ નથી. અને તેથી જ એ અનાયાસે અભાવિતપણે પળાય છે. એ જ ખરું બ્રહ્મચર્ય.

પ્રાર્થના પૂરી કરી અને છેલ્લા ચાર દિવસનાં સંસ્મરણો નોંધી રાખવાની ઉર્મિ જાગી. થોડીક નોંધ કર્યા પછી જ ઉંઘ આવી શકી.

બીજે દિવસે સવારે ભૂતની પેઠે સમુદ્રકિનારે જઇ બેસત, પણ વરસાદે જરાક રોકયા. પ્રાર્થનાસમયે સમુદ્રકિનારે જતાં જતાં ફરી આકાશ તરફ જોયું. દક્ષિણ દિશા એટલી બધી સાફ, સુંદર અને પારદર્શક હતી કે પૂર્વ તરફ ભેગાં થયેલાં વાદળાંઓની મનમાં ચીઢ જ ચઢી. એ જો દક્ષિણનું અનુકરણ કરત તો એમનું શું બગડત?

દક્ષિણે ત્રિશંકુ બરાબર ઉભો હતો. જયવિજય એના દ્વારપાળનું કામ કરતા હતા. કેરીના અથવા ખોટા ફૂલ એક બાજુ પર જઇને પડયો હતો. એ બે વચ્ચે કેટલાક એવા તો સુંદર તારા ચળકતા હતા કે જે વર્ષો મુંબઇ તરફના લોકોને આખા જન્મારામાં જોવાને નહિ મળે.

ઉત્તર તરફ સપ્તર્ષિ સાત નક્ષત્રપણે ફેલાયા હતા. ધ્રુવ રાતની પેઠે લગભગ જમીનને અડવા આવ્યો હતો. સ્વાતિ અને ચિત્રા માથે ચળકતાં હતાં. હરત સહેજસાજ વાંકો થયો હતો. પશ્ચિમે ચંદ્ર આથમ્યો હતો પણ ચંદ્રિકા હજી પોતાની હસ્તી જણાવતી હતી. પુનર્વસુના હોડકામાંથી ફકત પ્રશ્વન જ વાદળું વીંધીને ડોકિયું કરતો હતો. અટૂલો એકાકી પોતાના સ્વભાવ પ્રમાણે પ્રશ્વન બધા સાથે કટ્ટી કરીને દૂર જઇ ઉભો હતો! બધાનું દાતરડું ફાલ્ગુનીના ચોરસને સાચવતું હતું. પૂર્વ તરફ વિશાખા તળે ગુરૂ, શુક્ર શોભતા હતા અને એ બંને ઠીક ઠીક ઉંચા આવેલા હોવાથી પાતળી અનુરાધા, વાંકી જ્યેષ્ઠા અને અણિયાળું મૂળ એમને આધાર આપતા હતા. ગુરૂ, શુક્ર જ્યારે પારિજાત પાસે આવે છે ત્યારે એ ત્રણેની સરખામણી સરસ થાય છે. અને મંગળ પાસે ન હોવાનું દુઃખ નથી રહેતું.

(અનુસંધાન પૃષ્ઠ ૧૮૬ જુઓ)

કેટલાક સમાચાર અને નોંધ

અંગ્રેજ સરકારની નવી જાહેરાત

તા. ૨૦-૨-૪૭ ના રોજ અંગ્રેજ સરકારે હિંદની ભાવી રાજ્યઘટના સંબંધે એક મહત્વની જાહેરાત કરી છે. આ જાહેરાતે આખા દેશ માટે એક અવનવી પરિસ્થિતિ ઉભી કરી છે. આ જાહેરાતને કેટલાકે બહુ હર્ષભેર વધાવી લીધી છે; કેટલાકે તેની સખ્ત ટીકા કરી છે; કેટલાક આ જાહેરાતને આવકારતાં છતાં 'પણ' શબ્દથી શરૂઆત કરીને તેમાં રહેલાં ભયસ્થાનોને આગળ ધરે છે. આપણે પણ આ જાહેરાતનો ભિન્ન ભિન્ન બાજુઓથી વિચાર કરીએ.

રાષ્ટ્રપતિ કૃપલાણીજી કહે છે તેમ આ જાહેરાતમાં આટલી વાત તો ચોક્કસ છે જ કે હિંદના આજના વાઇસરોય લોર્ડ વેવલ માર્ચ માસમાં વિદાય થાય છે અને તેની જગ્યાએ વાઇકાઉન્ટ માઉન્ટબેટન આવે છે. લોર્ડ વેવલ અને બ્રીટીશ પ્રધાનમંડળ વચ્ચે કયા પ્રશ્ન અથવા તો પ્રશ્નો ઉપર મતભેદ પડયો હશે એ વિષે આધારભૂત માહીતીના અભાવે જાતજાતની અટકળો થઇ રહી છે. લોર્ડ વેવલને વિદાયગીરી વખતે પંડિત જવાહરલાલ નહેરૂ તેમજ મૌલાના અબુલ કલામ આઝાદ સ્તુતિભર્યા શબ્દોમાં બીરદાવી રહ્યા છે, એમ છતાં પણ આપણા દેશની આજની રાજકારણી પરિસ્થિતિને આટલી બધી જટિલ બનાવવામાં લોર્ડ વેવલે બહુ અગત્યનો ભાગ ભજવ્યો છે એ સૌ કોઇ જાણે છે. વચગાળાની સરકારની રચના કરવા પંડિત જવાહરલાલજીને તેમણે નિમંત્રણ આપ્યું અને એ મુજબ પંડિત જવાહરલાલજીએ નવા પ્રધાનમંડળની રચના કરી. ત્યાર બાદ મોસ્લેમ લીગનો સીધા પગલાનો ઠરાવ તેમજ નવી બંધારણસભા સામેનો લીગનો અસહકાર કાયમ રહેવા છતાં લીગના સભ્યોને વચગાળાની સરકારમાં લોર્ડ વેવલે દાખલ કર્યા અને એ રીતે વચગાળાની સરકારને તેમણે અનેક રીતે પાંગળી બનાવી દીધી. ત્યાર બાદ ગયા ડીસેમ્બરની છઠ્ઠી તારીખની સરકારી જાહેરાતમાં કરવામાં આવેલ જુથરચના વિષેનું સ્પષ્ટીકરણ કોંગ્રેસના મન્તવ્યથી તદ્દન વિરૂદ્ધ હોવા છતાં બંધારણ સભામાં મોસ્લેમ લીગને જોડાવામાં કોઇ પણ મુશ્કેલી ન રહે તે ખાતર કોંગ્રેસની કારોબારીએ સરકારનું સ્પષ્ટીકરણ સ્વીકાર્યું. એમ છતાં પણ મોસ્લેમ લીગે પોતાનું અણનમ અસહકારી વલણ પહેલાં માફક જ ચાલુ રાખ્યું. કેબીનેટ મીશનની યોજના મુજબ આવું વલણ ધરાવનાર મોસ્લેમ લીગના પ્રતિનિધિઓને વચગાળાની સરકારમાં એક દિવસ પણ સ્થાન હોઇ ન શકે એમ છતાં તેમને હજુ સુધી ચાલું રાખવામાં આવ્યા છે. આ સામે વચગાળાની સરકારના અન્ય સભ્યોએ સખ્ત વાંધો ઉઠાવ્યો હતો અને આ બાબતનો સરકાર તત્કાળ નિકાલ કરે એ અત્યન્ત અપેક્ષિત હોવા છતાં પ્રસ્તુત જાહેરાતમાં આ સંબંધમાં કશો પણ ઉલ્લેખ કે ખુલાસો જોવામાં આવતાં નથી. પણ આના અનુસંધાનમાં વેવલને વિદાય આપવામાં આવે છે અને નવા માણસને વાઇસરાય-પદ ઉપર લાવવામાં આવે છે—આ એક કેવળ અણઘાર્યો—અણકલ્પ્યો ફેરફાર આપણને એક એવા અનુમાન ઉપર લઇ જાય છે કે મોસ્લેમ લીગના સભ્યોને રૂખસદ આપવાની જવાબદારી લોર્ડ વેવલ લેવા માંગતા ન હોય તે કારણસર જ તેમને જવું પડતું હોય. આ કેવળ અનુમાન જ છે અને તે કેટલું આધારભૂત છે તે તો નવા વાઇસરાય કેવી નીતિ અને કેવું વલણ ધારણ કરે છે તેના ઉપર જ આધાર રાખે છે. સરકારી જાહેરાતમાં જણાવવામાં આવ્યું છે તેમ જો અંગ્રેજસરકાર આપણને ૧૯૪૮ ના જુન માસથી ખરેખર તદ્દન સ્વતંત્ર અને સ્વાધીન બનાવવા માંગતી હોય તો આજની કક્ષાએ વચગાળાની સરકારની પુનર્ઘટના અને એકરૂપતા કરવાની અત્યન્ત આવશ્યક છે. જો આટલો પણ અતિ અગત્યનો ફેરફાર કરવામાં નહિ આવે તો સત્તાની ફેરબદલી વિષેની આટલી સ્પષ્ટ જાહેરાત હોવા છતાં લોકોનાં દિલ અંગ્રેજ સરકારની મનોગત વૃત્તિ વિષે હંમેશા મુજબ એટલાજ સંશયક્ષુબ્ધ રહેવાનાં.

કોંગ્રેસની અને દેશના રાષ્ટ્રવાદી નેતાઓની કંઇ કાળથી એવી માંગણી હતી કે આપણે ત્યાં ગમે તેટલા મતભેદો હોય એમ છતાં પણ અંગ્રેજ સરકાર અહિંથી એક વખત ચોક્કસ દિવસે અને ચોક્કસ ઘડિએ વિદાય થાય. પછી અમે અમારૂં ફોડી લઇશું. આ આપણી માંગણીને સરકારે પૂરા અર્થમાં સ્વીકારી છે અને ૧૯૪૮ ના જુન માસમાં હિંદનો વહિવટ આપણને સુપ્રત કરી દેવાની સ્પષ્ટ શબ્દોમાં તેણે ઉદ્ઘોષણા કરી છે. આ સાંભળીને આપણું દિલ હરખાય છે અને વરસ સવા વરસમાં આપણે સૌ આ સરકારની ચુડમાંથી જરૂર છૂટીશું એવી કલ્પના આપણને એ ઘડિ આનંદ પ્રમત બનાવે છે.

પણ આ જાહેરાતની બીજી બાજુ પણ છે. કેબીનેટ મીશનની યોજનાના પરિણામે લોકપ્રતિનિધિ સભા અથવા તો બંધારણ સભા અસ્તિત્વમાં આવી છે અને ગયા ડીસેમ્બરથી આ બંધારણ સભાએ પોતાનું કામકાજ શરૂ કરી દીધું છે. આ બંધારણ સભા સાથે શરૂઆતથી જ મોસ્લેમ લીગ અસહકાર કરતી આવી છે. આ કારણે પોતાનું કાર્ય આગળને આગળ ધપાવતી આ બંધારણ સભા હિંદી જનતાનું પુરૂં પ્રતિનિધિત્વ ધરાવતી ગણાય નહિ. આ ને આ પરિસ્થિતિ ચાલુ રહે તો સત્તા સુપ્રત કરવાને ટાણે કોઇ ચોક્કસ-પ્રકારના મધ્યવર્તી તંત્રને અથવા તો કેટલાક પ્રદેશો પુરતી તત્કાલીન પ્રાન્તિક સરકારોને અથવા તો હિંદી પ્રજાને માટે સોંપી વધારે હિતકર હોય અને પુરેપુરી બ્યાજબી ગણાય એ રીતે અંગ્રેજ સરકાર બ્રીટીશ હિંદનો કારભાર સુપ્રત કરશે—આ પ્રમાણે પ્રસ્તુત જાહેરાત જણાવે છે. આ વિધાનો પાછળ અનેક અનર્થોની શક્યતાઓ રહેલી છે. એક તો મુસ્લીમ લીગના સહકાર-વિહોણી બંધારણ-સભા જે કાંઇ નવું રાજ્યબંધારણ ઘડી કાઢે અને તે ગમે તેટલું ઉદાત્ત અને સર્વ કોઇ લઘુમતીઓને પુરેપુરી રીતે બ્યાજબી સંતોષ આપે તેવું હોય એમ છતાં પણ અપૂર્ણ પ્રતિનિધિત્વવાળી પ્રતિનિધિસભાએ તૈયાર કરેલું બંધારણ સ્વીકારી શકાય નહિ એમ કહીને વરસ દોઢ વરસની આપણી મહેનત અંગ્રેજ સરકાર એક ઘડિમાં ધુળધાણી કરી શકે છે અને બંધારણ સભા ઘડે તે બંધારણ સ્વીકારવાની બાંહ્યધરીને આ જાહેરાતથી ફોક કરી શકે છે. બીજું દેશનો તત્કાલીન રાજ્યવહીટ કોને સોંપવામાં આવશે એ સંબંધમાં જણાવવામાં આવેલા ત્રણ વિકલ્પોમાંથી તત્કાલીન પ્રાન્તિક સરકારોને પણ અમુક પ્રદેશોનો રાજ્યવ્યવહાર સોંપવામાં આવે એવો એક વિકલ્પ રજુ કરીને પાકીસ્તાનની શક્યતાને પુરૂં સ્થાન આપવામાં આવ્યું છે અને એ રીતે પાકીસ્તાનવાદી મોસ્લેમ લીગને પોતાની અસહકારવાદી નીતિને કાયમ રાખવાનું બળવાન સુચન કરવામાં આવ્યું છે અને આજની બંધારણસભાથી અલગ રહેવાથી જ તે બંધારણ ઉપર અવળાનો વધારે સંભવ છે એમ પણ ઉપરની આલોચના ઉપરથી સહજ ફલિત થાય તેમ છે. આ રીતે અંગ્રેજ સરકાર અહિંથી વિદાય થતે થતે પણ Divide and Rule 'ભાગલા પાડો અને રાજ્ય કરો'ની શાહીવાદી નીતિની પરિપૂર્તિરૂપ 'Divide and Quit' 'ભાગલા પાડો અને ચાલી નીકળો'ની નીતિ પ્રસ્તુત જાહેરાત દ્વારા અખત્યાર કરી રહી હોય એવી ભ્રાન્તિ આપણા દિલમાં ઉભી થાય છે. કેબીનેટ મીશનની યોજના આમેય તે દ્વિમુખી હતી જ. એ યોજનાના ઉપોદ્ઘાતમાં પ્રધાનપ્રતિનિધિ-મંડળે પાકીસ્તાનનો અસ્વીકાર અને અખંડ હિંદુસ્તાનનો સ્વીકાર કર્યો છે અને વિગતોમાં જુથરચના લાદીને પાકીસ્તાનને પુરૂં જોર આપ્યું છે. આવી જ રીતે જતે જતે પણ આખા હિંદુસ્થાનનું રાજ્યબંધારણ ઘડવા માટે ઉભી કરવામાં આવેલી સમસ્ત હિંદના પ્રતિનિધિઓની બંધારણ સભા અર્થે વિનાની અને આ હિંદુસ્થાન નાના મોટા ભાગલામાં વહેંચાઇ જાય અને એ રીતે તદ્દન નિર્બળ,

શીર્ણ વિશીર્ણ અને કોઇ પણ દિશાઓથી આવતા આક્રમણનો સામનો કરવા અસમર્થ બને એવી કોઈ તરકીબની આ ઐતિહાસિક જાહેરાતમાં પુરી ગંધ આવે છે. દેશી રાજ્યો વિષેનો ઉલ્લેખ પણ આ તરકીબનું જ સમર્થન કરે છે.

અલબત્ત આજને દિવસે અને આજની ક્ષણે પણ જો મોસ્લેમ લીગ બંધારણ સભામાં જોડાઇ જાય અને બંધારણ સભા એક સર્વસંમત બંધારણ ઘડી કાઢી શકે તો આપણે ત્યાં માત્ર આઝાદી જ નહિ પણ આબાદી અને સુખ શાન્તિનો સુર્ય ૧૯૪૮ના જુન માસ પહેલાં પણ ઉગે. પણ 'ઓ દિન કહાં કે મીયાં કે પાઉમે જુતીયાં' –એમ એ દિવસ કયાંથી મોસ્લેમ લીગ અને તેના સરનશીન મહમદઅલી ઝીણાના દિલમાં આ સદ્‌વૃત્તિનો ઉદય થાય ? આજે મોસ્લેમ લીગને ભેદભાવ ભુલી કોંગ્રેસ સાથે એકત્ર થવા દેશના આગેવાનો ફરી ફરીને અપીલ કરી રહ્યા છે, પણ એ બધું જાણે કે પથ્થર ઉપર પાણી હોય એમ લાગે છે. મોસ્લેમ લીગ પાસે આખા રાષ્ટ્રની આઝાદીની કોઇ કીંમત જ નથી. કાં તો અંગ્રેજો ચિરકાળ રાજ્ય કરે અથવા તો તેનું સ્થાન અમે પચાવી પાડીએ એ જ માત્ર તેમની મનોદશા દેખાય છે. આઝાદી આપણે આંગણે આવેલી તેની હાક અને દેશ-દ્રોહી દોરવણીના કારણે આજ સુધીમાં અનેકવાર ઠેલાતી આવી છે. આજે આઝાદી આપણી સામે ફરીથી નઝર સ્વરૂપમાં આવીને ઉભી છે. એ આઝાદી પાછળ આબાદી અને સુખશાંતિ આવે તો જ લોકોને મન એ આઝાદીનો કાંઇ અર્થ છે. પણ આઝાદી એટલે હિંદુસ્થાનના ટુકડા, આન્તરવિગ્રહ અને અનવસ્થા હોય તો એ આઝાદીની તાત્વિક દૃષ્ટિએ ગમે એટલી મોટી કીંમત હોય તો પણ લોકોને મન તો ઓલમાંથી ચુલ્લમાં પડવા જેવું જ લાગવાનું છે. મોસ્લેમ લીગની આજ સુધીની મનોદશા અને અંગ્રેજ સરકારના હાથે તેને મળતો એક યા બીજા પ્રકારની સતત ઉત્તેજના જોતાં અંગ્રેજ સરકાર આજે જે રીતે જાહેર કરે છે તે રીતે ૧૯૪૮ ના જુન માસમાં હિંદનો રાજ્યકારભાર હિંદીઓને એક યા બીજી રીતે સોંપવામાં આવે તો પણ આપણે ત્યાં સુલેહશાન્તિભરી રાષ્ટ્રીય સરકારનો અમલ સ્થપાય તે પહેલાં હજુ અનેક આફતોનો અને રાષ્ટ્રવિરોધી તત્ત્વોનો આપણે સામનો કરવાનો છે અને આપણો માર્ગ પાર વિનાની યાતનાઓથી ભરેલો છે એમ ભય રહે છે. આપણું ભાવી હજુ ધુંધળું છે. આમ છતાં પણ અંગ્રેજ સરકાર જ્યારે જાતે ઉઠીને કહે છે કે ૧૯૪૮ જુન માસથી અમારે અહિંથી વિદાય થવું છે ત્યારે આપણે શ્રદ્ધાપૂર્વક સ્વીકારવું જ રહ્યું કે આપણે આઝાદીના માર્ગે હવે જોસભેર ગતિ કરી રહ્યા છીએ અને એ આઝાદી હાંસલ કરવામાં હવે કોઇ પણ રૂકાવટ કરી શકે તેમ છે જ નહિ. આ વાસ્તવિકતા જેટલી આપણી સામે આવીને ઉભી છે તેટલી જ મોસ્લેમ લીગની સામે ઉભી છે. અંગ્રેજ સત્તાના બળે તેણે ગમે તેવા મનોરથો સેવ્યા હોય. પણ ને જઇ રહી છે ત્યારે તો તેણે હવે પોતાના પગ ઉપર જ ઉભા રહેવાનું રહ્યું. કાં તો આપણી સાથે તે મળી જાય અને આપણે સૌ સાથે મળીને આપણા સ્વરાજ્યનું નિર્માણ કરીએ. નહિ તો મોસ્લેમ લીગ આપણી સાથે અથડાય અને બળાબળની તુલના કરી લે, અને પોતાના વિનાશને નોતરે. અખંડ આઝાદ હિંદુસ્થાન આપણે કોઇ પણ હિસાબે સિદ્ધ કરવું જ રહ્યું. એમાં જ આપણો મોક્ષ છે અને એમાં જ આપણ સર્વની સહીસલામતી છે. અનેક નિરાશાઓને અવગણીને પણ આપણે આશા રાખીએ અને શ્રદ્ધા સેવીએ કે દેશના આ કટોકટીના વખતે મોસ્લેમ લીગના દિલમાં પ્રભુ વસે અને સ્વપરના કલ્યાણનો માર્ગ સ્વીકારવાની તેને ભગવાન સન્મતિ આપે અને આવતી આઝાદીને સદ્‌ભાવ અને શ્રદ્ધાપૂર્વક ઝીલવામાં પોતાનો હાથ અને પુરો સાથ આપે !

લગ્નવિચ્છેદનો ધારો

એક વખત એવો હતો કે વિધવાવિવાહના પ્રશ્ન ઉપર લોકો ઉછળી પડતા અને સભાઓમાં મારામારી થતી. આજે સુપ્રતિષ્ઠિત લગ્નને અમુક સંયોગોમાં વિસર્જિત કરી શકાય એવો ધારો મુંબઇની ધારાસભા સમક્ષ આવ્યો છે. આ સંબંધે જાહેર જનતામાં નથી કશો મહત્વનો ઉહાપોહ કે ખળભળાટ અને પ્રાન્તિક ધારાસભા પણ આ ધારો શાન્તિપૂર્વક બહુ મોટી બહુમતીથી મંજુર કરશે એવી ચોક્કસ આશા રાખવામાં આવે છે. કાળાન્તરે લોકમતમાં કેટલું ગંભીર પરિવર્તન થયું છે તેનું આ બાબત ઉપરથી બહુ પ્રોત્સાહક માપ નીકળી શકે તેમ છે.

આ બીલની ભૂમિકા રૂપે જણાવવામાં આવ્યું છે કે "હિંદુ ધર્મ મુજબ લગ્ન એ કોઇ એક પ્રકારનો કરાર નથી, પણ ધાર્મિક સંસ્કાર છે અને તેથી હિંદુ કાયદામાં છુટા છેડા માટે કશો અવકાશ રાખવામાં આવ્યો નથી. નીચલા વર્ગના હિંદુઓમાં અને ખાસ કરીને શુદ્રોમાં છુટા છેડાને સરકારી અદાલતોએ મંજુર કરેલ છે, પણ તે તો કાયદા જેટલું જ તે તે ક્રોમોમાં પ્રચલિત રૂઢિનું મહત્ત્વ અને પ્રભુત્વ સ્વીકારીને કરવામાં આવ્યું છે. બીજી બાજુએ હિંદુ કાયદો અનેકપત્નીત્વને મંજુર રાખે છે અને ૧૯૪૬ માં હિંદુસમાજ પુરતો અનેક પત્ની કરવાનો પ્રતિબંધ કરતો કાયદો પસાર કરવામાં આવ્યો ત્યારે પહેલાં કોઇ પણ હિંદુ પુરૂષને ગમે તેટલી સ્ત્રીઓ પરણવાની છુટ રહી છે.

"કાળના વહેવા સાથે સામાજિક બંધારણ પલટાતું આવ્યું છે, અને ભિન્ન ભિન્ન દેશો અને ભિન્ન ભિન્ન સંસ્કૃતિઓ સાથેના સંપર્કે લોકોની રહેણીકરણી અને જીવનપદ્ધતિમાં કેટલાયે ફેરફારો કરી નાંખ્યા છે. આ ફેરફાર મુજબ કાયદામાં પણ ફેરફારો કરવાની જરૂર ઉભી થાય છે. આમ હોવાથી જ્યારે એમ સ્પષ્ટપણે માલુમ પડે કે લગ્નથી જોડાયલી કોઇ પણ સ્ત્રી અને પુરૂષ વચ્ચેનો સંબંધ કેવળ દુઃખપૂર્ણ બની ગયો છે ત્યારે છુટાછેડાની અનુકુળતા કરી આપે તેવા કોઇ કાયદાની તેમને સગવડ આપવાની જરૂરિયાત ઉભી થાય છે અને આવા લગ્નજીવનને સદાને માટે વિસર્જિત કરવું એજ એ બંને વ્યક્તિઓના તેમજ બહુ જનસમાજના હિતનો એક માત્ર અસરકારક ઉપાય રહે છે." આ ભૂમિકા ઉપર રચાયેલ પ્રસ્તુત બીલ નીચેનાં સંયોગોમાં છુટાછેડાની રજા આપે છે.

(૧) પતિ અથવા પત્ની નીચેના કોઇ પણ કારણસર છુટાછેડા માટે દાવો માંડી શકે છે :–

(ક) લગ્ન કરવામાં આવ્યું હોય ત્યારે પ્રતિવાદી નપુંસક હોય અને દાવો દાખલ કરવામાં આવે ત્યારે પણ પ્રતિવાદીનું નપુંસકત્વ ચાલુ હોય.

(ખ) દાવો માંડવા પહેલા સાત વર્ષથી વધારે મુદત સુધી પ્રતિવાદી ગાંડો અથવા તો કેવળ જડ (Idiot) હોય.

(ગ) દાવો દાખલ કર્યા પહેલાં સાત વર્ષથી વધારે મુદત સુધી પ્રતિવાદી રક્તપિત્તના રોગથી પીડાતો હોય અને એ રોગ વાદી સાથેના સંસર્ગનું પરિણામ ન હોય.

(ઘ) પ્રતિવાદીએ વાદીનો સતત સાત વર્ષ સુધી ત્યાગ કર્યો હોય.

(ઙ) જે સગાંવહાલાને જો પ્રતિવાદી જીવતો હોય તો તેને લગતી સ્વાભાવિક રીતે ખબર હોવી જોઇએ, તેવાં સગાંવહાલાં કે નજીકનાં માણસોને સાત વર્ષ સુધી પ્રતિવાદી જીવતો હોવાની કશી પણ ખબર અન્તર ન હોય.

(૨) ૧૯૪૬ ના અનેક પત્ની પ્રતિબંધક કાયદાનો અમલ શરૂ થયા પહેલાં કોઇ પણ પુરૂષે એક સ્ત્રીની હયાતીમાં કોઇ બીજી સ્ત્રી સાથે લગ્ન કર્યું હોય અને દાવો દાખલ કરતી વખતે તે બીજી સ્ત્રી જીવતી હોય તો પહેલી વારની સ્ત્રી પોતાના ધણીથી છુટા છેડા મેળવવા માટે દાવો માંડી શકશે. (અહિં એ જણાવવાની જરૂર કે ૧૯૪૬ ના ઉપર જણાવેલ નવા કાયદા અનુસાર કોઇ પણ એક સ્ત્રીની હયાતીમાં અન્ય સ્ત્રી સાથે લગ્ન કરે તો તે પુરૂષ સાત વર્ષ સુધીની કેદની શિક્ષા થાય એવો ફોજદારી ગુન્હો કરે છે અને એ નવું લગ્ન બીનકાયદેસર એટલે રદ ગણાય છે.)

ઉપર જણાવેલ છુટાછેડાને લગતાં કારણો ઉપરાંત એકને અન્યથી છુટા રહેવા વસવાનો એધિકાર નીચેના સંયોગોમાં મળી શકશે. (Judicial Separation)

(૧) જો સ્ત્રી કે પુરૂષમાંથી કોઇ પણ રક્તપિત્તના રોગથી પીડાતો હોય અને એ રોગ અન્ય સાથેના સંસર્ગનું પરિણામ ન હોય તો અન્યને તે પુરૂષ કે સ્ત્રીથી છુટા રહેવાનો અધિકાર છે.

(૨) જેને કાયદાની દૃષ્ટિએ ધાતકીપણું કહેવામાં આવે છે તેવું ધાતકીપણું કોઇ પણ પુરૂષ પોતાની સ્ત્રી ઉપર દાખવતો હોય તો તે સ્ત્રી પોતાના ધણીથી અલગ રહેવાનો હક્ક પ્રાપ્ત કરે છે.

પ્રસ્તુત બીલના આ મુખ્ય મુદ્દાઓ છે. આ બીલ હાલ સુરત સીલેક્ટ કમીટીને સોંપવામાં આવ્યું છે, જેમાં લોક અભિપ્રાય ધ્યાનમાં લઇને ઘટતા સુધારા વધારા કરવામાં આવશે. અને એ રીતે સુધરેલું બીલ મુંબઇની ધારાસભા સમક્ષ મંજુરી માટે રજુ કરવામાં આવશે.

લગ્ન એ એક પ્રકારનો પવિત્ર અને પરણેલાં સ્ત્રી અને પુરૂષને અત્યંત ગાઢપણે સ્પર્શતો સંબંધ છે. આ કારણે એક વખત લગ્ન-જીવનથી ગ્રંથિત થયા બાદ એ સંબંધને કેવળ મનસ્વીપણે તોડી નાંખવાનો કોઇ પણ સ્ત્રી કે પુરૂષને અધિકાર હોવો ન જોઇએ. આમાં પણ સંતતી થયા બાદ લગ્નસંબંધ અંગે ઉભી થયેલી પરસ્પરની જવાબદારી વધારે ગંભીર સ્વરૂપ ધારણ કરે છે અને સંતતીના હિત ખાતર લગ્નથી જોડાયલાં સ્ત્રી પુરૂષ એકમેક સાથે કોઇ પણ ભોગે જોડાયલી રહે એ અત્યંત આવશ્યક તેમજ ઇષ્ટ બને છે. આવી જ રીતે એકપત્નીવ્રત તેમજ એકપતિવ્રત કુંટુંબ તેમજ સમાજના સ્વારથ્ય અને કલ્યાણ ખાતર અત્યંત આવશ્યક છે. આપણા હિંદુસમાજમાં લગ્નના આમરણાન્ત સ્થાયીપણા ઉપર આ કારણે જ આટલો બધો ભાર મૂકવામાં આવ્યો છે, પણ એટલો ભાર એકપત્નીવ્રત ઉપર મૂકવામાં આવ્યો નથી, જેના પરિણામે કોઇ પણ પુરૂષ મરજી પડે ત્યારે એકની હયાતીમાં અન્ય સ્ત્રી સાથે લગ્ન કરીને વર્તમાન લગ્નનો વાસ્તવિક વિચ્છેદ સાધી શકે છે. લગ્ન સંસ્થાની આવી વિસંવાદી પરિસ્થિતિ બે બાજુએથી સુધારણાની અપેક્ષા ધરાવતી હતી. એક તો એકની હયાતીમાં અન્ય સ્ત્રી કરવાની પ્રથાની કાયદાથી અટકાયત કરવાની. અને બીજી બાજુએ લગ્નસંબંધ ગમે તેટલો પવિત્ર લેખવામાં આવે અને તેના ટકાઉપણા ઉપર ગમે તેટલો ભાર મૂકવામાં આવે તો પણ એવા અસાધારણ સંયોગો કલ્પી શકાય છે કે જ્યાં લગ્નજીવનને ચાલુ રાખવું એ માનવતાની દૃષ્ટિએ કેવળ અન્યાયભર્યું લેખાય. મુંબઇની સરકારે ગયા વર્ષ દરમિયાન એકથી વધારે સ્ત્રી કરવા સામે કાયદેસર અટકાયત મૂકવાનો ધારો કરીને હિંદુ સમાજની ઉપયોગી સેવા બજાવી છે. પણ એ ધારાની પરિપૂર્તિ રૂપ ચોક્કસ અસાધારણ સંયોગોમાં લગ્નવિચ્છેદને કાયદાની અનુમતિ આપવાની પણ એટલી જ આવશ્યકતા અને અપેક્ષા હતી. આ અપેક્ષા આ નવું બીલ પુરી પાડે છે અને એ માટે મુંબઇ સરકારને ધન્યવાદ ઘટે છે.

આમ છતાં પણ પ્રસ્તુત બીલ બહુ ખચકાતું છે અને લગ્ન-વિચ્છેદના પ્રશ્નને પુરો ન્યાય આ આપતું નથી એમ કહ્યા વિના નહિ ચાલે. લગ્નવિચ્છેદને સંમત કરનારાં બીલમાં રજુ કરવામાં આવેલા સંયોગો પુરતાં નથી. ગાંડપણ, રક્તપિત્ત તેમ જ પરિત્યાગ માટે સાત સાત વર્ષની જે મુદત બાંધી છે તે ઘણી જ લાંબી અને તત્પરિણામી લગ્નવિચ્છેદને ઘણા અંશે અર્થશૂન્ય બનાવવા બરોબર છે. લગ્નવિચ્છેદ મંજુર કરવાનો હેતુ તો અત્યંત દુઃખપૂર્ણ અને માનવતાની દૃષ્ટિએ અન્યાયપૂર્ણ લગ્ન સંબંધમાંથી કોઇ પણ સ્ત્રી કે પુરૂષને મુક્ત કરીને તે સ્ત્રી કે પુરૂષને ઇચ્છા હોય તો અન્ય કોઇની સાથે નવો લગ્નસંબંધ શરૂ કરવાની તક આપવાનો છે. આ કારણે પ્રસ્તુત મુદત કોઇ પણ સંયોગમાં ત્રણ વર્ષથી વધારે ન જ જોઇએ. આ દૃષ્ટિએ કશા પણ સમાચાર ન હોય એને લગતી મુદત પણ જે સાત વર્ષની બાંધવામાં આવી છે તે પણ ઘણી લાંબી છે. તે પણ આજના તારટપાલના જમાનામાં ત્રણ વર્ષથી વધારે હોવી ન જોઇએ.

તદુપરાન્ત આ બીલ કોઇ પણ પરિણીત પુરૂષનું પોતાની સ્ત્રી પ્રત્યેનું ધાતકીપણું તે સ્ત્રીને પોતાના ધણીથી છુટા રહેવાની સગવડ આપે છે, પણ કોઇ પણ સંયોગમાં તેને લગ્નવિચ્છેદનો હક્ક આપતું નથી. આની પાછળ કલ્પના એ રહેલી છે કે ધાતકીપણું એ કોઇ સ્થાયી રોગ નથી અને આજે ધાતકીપણું દાખવતો ધણી આવતી કાલે મૃદુ પણ બને અને પોતાથી જુદી થઇને રહેનાર સ્ત્રીના સહવાસની અપેક્ષા કરતો થાય. પણ આ કલ્પના વધારે પડતી છે. ધાતકીપણું માણસના સ્વભાવના રહેલું એક પ્રકારનું દર્દ છે અને તે પોતાની સ્ત્રી પ્રત્યેની કોઇ પણ કારણે ઉભા થયેલા અસાધારણ અણગમામાંથી ઉભું થાય છે. તેથી જ્યારે પુરૂષના ચાલુ ધાતકીપણાની એવી વિગતો કોર્ટના ધ્યાન ઉપર લાવવામાં આવે કે જેથી આ બન્નેને લગ્ન સંબંધથી જોડાયલા રાખવા એ તે સ્ત્રીને જીવતા મૃત્યુનો અનુભવ કરાવવા જેવું છે એમ કોર્ટને લાગે ત્યારે તે સ્ત્રીને માત્ર સહવાસના બંધનથી જ નહિ પણ લગ્નબંધનથી મુકત થવાની અને એ રીતે પોતાના જીવનને પોતાને યોગ્ય લાગે તે રીતે સુધારી લેવાની તક આપવી જોઇએ. અલબત્ત આ બાબતમાં સ્ત્રી સામે બે વિકલ્પો અદાલત મુકી શકે છે. સહવાસ–બંધનથી મુકિત અને ભરણપોષણની ધણીના માથે જવાબદારી અથવા તો લગ્ન-બંધનથી મુકિત અને ભરણપોષણની જવાબદારીથી ધણીની મુકિત.

આજ ધોરણે કોઇ પણ સ્ત્રી કે પુરૂષનો ચાલુ વ્યભિચાર પણ લગ્નવિચ્છેદને મંજુર કરવા માટે ઉચિત સંયોગ લેખાવો જોઇએ અને આમાં પણ જ્યારે પુરૂષ ગુનેહગાર હોય ત્યારે ઉપર જણાવ્યા મુજબ બન્ને વિકલ્પોનો લાભ સ્ત્રીને મળવો જોઇએ.

સ્વભાવના વૈષમ્યના કારણે છુટાછેડાનો હક્ક મળવો જોઇએ એવો પણ એક વિચારપક્ષ છે. પરસ્પરના મનમેળ અને સહકાર દ્વારા જીવનસુખની સાધના કરવી એ જ સ્ત્રીપુરૂષના લગ્નનો હેતુ છે પણ જ્યાં મનમેળ જ સંભવતો નથી અને જે તે બાબતમાં સ્ત્રી અને પુરૂષ પરસ્પર અથડાતાં જ ચાલે છે ત્યાં તેમને ફરજિયાત જોડાયલા રહેવાની ફરજ પાડવી ન જોઇએ અને તેમને લગ્ન સંબંધથી છુટા થવાની તક આપવી જોઇએ–આવી આ વિચારપક્ષની વિચારસરણી છે અને કેવળ કાલ્પનિક દૃષ્ટિએ આ વિચારસરણી નિરવદ્ય અને વ્યાજબી લાગે છે. આમ છતાં પણ આ મુદ્દાના વ્યવહારગત અમલમાં અનેક ભયસ્થાનો રહેલાં છે. આજના કાયદાનો હેતુ લગ્નવિચ્છેદને બને તેટલો સરળ બનાવવાનો નથી પણ અસાધારણ અને અનિવાર્ય સંયોગોમાં લગ્નવિચ્છેદ માટે કાયદાને લગતી છુટ આપવાનો છે. દરેક વ્યકિતની પ્રકૃતિમાં અન્યથી ઓછું વધતું અસામ્ય હોય જ છે. આમ છતાં પણ બાંધછોડ કરતા રહી એકમેકને અનુકુળ થવા પ્રયત્ન કરવો અને એ રીતે દંપતી-જીવનને બને તેટલું અર્થપૂર્ણ–સુખપૂર્ણ–બનાવવું એ લગ્નસંબંધનો હેતુ છે. કઇ હદ સુધીના પ્રકૃત્તિવૈષમ્યને લગ્નવિચ્છેદ માટે યોગ્ય ગણવું એને લગતી મર્યાદા બાંધવી અત્યન્ત મુશ્કેલ છે. વળી આ છુટનો સદુપયોગ થવાને બદલે દુરૂપયોગ થવાનો વધારે સંભવ છે. લગ્ન કરવા અને ભાંગવા એ જાણે કે બચ્ચાંના ખેલ હોય–આવી જે સમાજની પરિસ્થિતિ થાય એ સમાજ ટકી શકે નહિ અને કૌટુંબિક જીવનમાં ગાંભીર્ય અને નિષ્ઠા અને પરસ્પર વફાદારી પ્રગટે નહિ. આવું જોખમ ધ્યાનમાં લઇને આજની કક્ષાએ અત્યન્ત અનિવાર્ય સંયોગો પુરતો જ લગ્નવિચ્છેદ મર્યાદિત રાખવો યોગ્ય છે. વળી કયા કયા સંયોગોના કારણે લગ્નવિચ્છેદને સંમત કરવામાં આવે છે એ આજે ખાસ મહત્વનો મુદ્દો નથી, પણ સ્થિતિચુસ્ત હિંદુસમાજ જેમ આજે અસ્પૃશ્યતાને તિલાંજલિ આપવા કટિબદ્ધ થયો છે તેવી જ રીતે લગ્નવિચ્છેદના સિદ્ધાન્તને સ્વીકારી લે એ જ આજે ખરા મહત્વની વસ્તુ છે. કાયદો તો સમયાનુસાર ફર્યા કરે છે અને ફર્યા કરવાનો છે. કોઇ પણ અસાધારણ સંયોગમાં પણ લગ્નવિચ્છેદની સ્વીકૃતિ એ જ આજના હિંદુ સમાજ માટે એક મહાન ક્રાન્તિકારી પગલું છે. અને આવું મહત્વનું પગલું ભરવા માટે હિંદુ સમાજ કોંગ્રેસી કારભારનો અનેક રીતે ઋણી બને છે.

પરમાનંદ

આજની વિશ્વ્યાપી વિષમતા કેમ ટળે?

(પ્રસિદ્ધ અમેરિકન પત્રકાર શ્રી. લુઈ ફિશરના નામથી અંગ્રેજી વર્તમાનપત્રના વાંચનાર ભાગ્યે જ અપરિચિત હશે. અત્યંત ગરીબ ઘરમાં જન્મ પામી, જીવનની શરૂઆત તેમણે શિક્ષકના ધંધાથી કરી, પછી પત્રકારિત્વમાં ઝંપલાવ્યું અને આજે તેઓ એક નિડર, સ્વતંત્ર અને સમર્થ પત્રકાર તરીકે આંતરરાષ્ટ્રિય ખ્યાતિ ધરાવે છે. પોતાના વિચારનું સ્વાતંત્ર્ય જાળવવા તેઓ એક નિરંકુશ પત્રકાર–Free-lance, Journalist–તરીકે કાર્ય કરે છે.

પત્રકારિત્વની કારકિર્દીની શરૂઆતમાં તેઓ રશિયા ગયા. ત્યાં રશિયન યુવતી સાથે લગ્નગ્રંથિથી જોડાયા. ત્યાં બાર વર્ષ રહી ત્યાંની વિશિષ્ટ પરિસ્થિતિ તથા યુરોપના રાજકારણનો તેમણે સુક્ષ્મ અભ્યાસ કર્યો. આ અભ્યાસ તેમની જગદ્‌વિખ્યાત આત્મકથા 'મેન એન્ડ પોલીટીક્સ'માં દૃષ્ટિગોચર થાય છે. 'ક્રિપ્સ મિશન' હિંદુસ્થાનમાં આવ્યું ત્યારે તેઓ પણ હિંદમાં આવ્યા હતા. પોતાના અંગત મિત્ર જવાહરલાલજીથી માંડી, વાઈસરોય, ક્રિપ્સ, કોંગ્રેસ તથા લીગના આગેવાનો વગેરેને મળીને 'ઇમ્પિરિયાલિઝમ અનમાસ્કડ' નામના પુસ્તક દ્વારા ક્રિપ્સની યોજનાનું પોકળપણું તેમણે ઉઘાડું પાડ્યું હતું. ક્રિપ્સે અમેરિકામાં હિંદ વિષે ખોટો પ્રચાર કરાવ્યો તેનો પણ આ હિંદી આઝાદીના દોસ્તે સંખ્યાબંધ રેડિયો બ્રેડકાસ્ટ, વ્યાખ્યાનો, તથા લેખો દ્વારા રદિયો આપ્યો હતો.

૧૯૪૨ ની લડત પહેલાં તેઓ ગાંધીજી સાથે સેવાગ્રામમાં અઠવાડિયું રહ્યા હતા. ગાંધીજીની માનવતા તથા જીવતી અહિંસાએ આ પત્રકાર પર એટલી બધી અસર કરી હતી કે તેણે અમેરિકા જઈ 'એ વીક વીથ ગાંધી' નામનું સુંદર પુસ્તક લખી નાખ્યું, હતું, જેમાં '૪૨ ની લોકક્રાંતિ અનિવાર્ય હતી અને ગાંધીજી ધરી રાજ્યોના મિત્ર નથી એ બે વાત પશ્ચિમની પ્રજાને અસરકારક રીતે સમજાવવામાં આવી હતી. બીજી બાજુ ગાંધીજીના મન ઉપર શ્રી. ફિશરની સચ્ચાઈએ એટલીબધી અસર કરી હતી કે પ્રેસિડેન્ટ રૂઝવેલ્ટ પર ગાંધીજીએ લખેલા એક અગત્યના રાજદ્વારી પત્રના સંદેશવાહક તરીકે તેમણે શ્રી. ફિશરની પસંદગી કરી હતી. હમણાંજ પ્રસિદ્ધ થયેલા તેમનાં છેલ્લાં પુસ્તક 'ધી ગ્રેઈટ ચેલેન્જ' માં તે પત્ર પ્રથમવાર પ્રગટ થયો છે.

શ્રી. ફિશર ઉદાર સમાજવાદી છે. લોકશાહી અને સમાજવાદના સુમેળ સિવાય દુનિયાનો આરો નથી એમ તેમનું માનવું છે. સરમુખત્યારશાહી અને સામ્રાજ્યવાદના તેઓ કટ્ટર શત્રુ છે. મહારાજ્યોની વધતી જતી સામ્રાજ્યલાલસા સામે તેમણે ઉગ્ર પ્રહાર કર્યા છે. ધીમે ધીમે 'વિશ્વરાજ્ય'–World State–સ્થાપ્યા વિના વિશ્વયુદ્ધો અટકાવવા આકાશકુસુમવત્ છે એમ તેમનું મંતવ્ય છે. હમણાં કેબીનેટમિશન યોજનાની વટાઘાટ વખતે તેઓ હિંદની ઉડતી મુલાકાત લઈ ગયા. ત્યાંથી મધ્યપૂર્વ અને દૂર પૂર્વના પ્રશ્નો નજરે નિહાળીને તેમજ યુરોપમાં પણ બહોળો પ્રવાસ કરીને તેઓ વતન પાછા ફર્યા. ત્યાર બાદ વિશ્વને ભરખી જતા ભુખમરા સામે તેમણે કલમ ઉઠાવી છે. જગતની આમપ્રજા માટે તેમનું હૈયું દ્રવે છે. મહાત્મા ગાંધીના 'હૃદયના રાજકારણે' વિશ્વના રાજકારણમાં મહત્વનો ફાળો આપ્યો છે અને આપશે એવી તેમની ખાત્રી છે.

તેમની શૈલી સ્પષ્ટ અને વેધક છે. શોષણ અને નાગરિક સ્વતંત્રના માટે તેમણે પોતાની સમર્થ કલમનો ઉપયોગ કર્યો છે. તેમનાં લખાણો તથા પુસ્તકો સામે હિંદી સરકારે યુદ્ધ દરમિયાન પ્રતિબંધ ફરમાવી તેમનું બહુમાન કર્યું હતું. તેમનાં પ્રકાશનોમાં નીચેના પુસ્તકો મુખ્ય છે:—

૧. ઓઇલ, ૨. મેન એન્ડ પોલીટીક્સ, ૩. એમ્પાયર ૪. સ્ટેલીન અને હીટલર, ૫. ઇમ્પીરીયાલીઝમ અનમાસ્કડ, ૬. એ વીક વીથ ગાંધી, ૭. ધી ગ્રેટ ચેલેંજ. આ લેખકનો તા. ૧૬–૨–૪૭ ના ભારત જ્યોતિમાં પ્રગટ થયેલ લેખનો નીચે અનુવાદ આપવામાં આવે છે. અનુવાદક)

ઇ. સ. ૧૯૪૬ ને ૧૯૪૫ વચ્ચે ઘણું જ સામ્ય છે. અને ૧૯૪૬ ને ૧૯૩૬, ૧૯૨૯ અને ૧૯૧૯ વચ્ચે એટલું જ સામ્ય છે. ખરી રીતે, ૧૯૪૬ ની સાલ ૧૯૧૪ પછીની બધી જ સાલનું સ્મરણ કરાવે છે. છેલ્લાં બત્રીસ વર્ષથી માનવજાતિ કોઈ માર્ગ કાઢવા મથી રહી છે. કોઇ અનંત ઝંઝાવાતની વચ્ચે વિશ્વ ઉભું છે. ઝંઝાવાત અવિરત છે અને આપણી આંખો સામે જ છે. આથી જ આપણે એને બરોબર જોઇ શકતા નથી.

જ્યારે પ્રથમ વિશ્વયુદ્ધ પૂરું થયું કે તરત જ લોકોએ બીજા વિશ્વયુદ્ધની વાતો શરૂ કરી. કોઈ અભ્યાસી વિદ્યાર્થી ૧૯૧૯ અને ૧૯૨૦ ના વર્તમાનપત્રોની ફાઇલો ઉથલાવે, તો તેને આંતરરાષ્ટ્રિય અથડામણ વિષે તે સમયે થયેલી ભવિષ્યવાણી સાચી પડી છે તેમ દેખાશે અને એવી જ રીતે હવે જ્યારે બીજું વિશ્વયુદ્ધ પુરું થયું છે ત્યારે ત્રીજા વિશ્વયુદ્ધની શક્યતા વિષે પણ વાતો વહેતી થઇ છે.

'ધી જનરલ મોટર્સ' કોરપોરેશન'ના સંશોધન વિભાગના ઉપ–પ્રમુખ તથા 'અમેરિકન વિજ્ઞાન–વિકાસક સંઘ'ના પ્રમુખ ડો. ચાર્લ્સ. ફ્રેટરિંગે હમણાં જ જણાવ્યું છે કે "પૃથ્વીના બે અબજ નિવાસીઓને પૂરતો ખોરાક પૂરો પાડી શકીએ તેટલું આપણી પાસે વૈજ્ઞાનિક જ્ઞાન છે. આમ છતાં વિશ્વની પોણા ભાગની વસ્તીને પેટપૂરતું ભોજન મળતું નથી. મનુષ્યે પોતે જ સર્જેલી અઘટિત દીવાલો આને માટે જવાબદાર છે" ડો. ફ્રેટરિંગે આગળ વધતાં સ્પષ્ટ કર્યું છે કે "જીવનવાણી સામાજિક રૂઢિ, અજ્ઞાન, મુર્ખતા અને ભય દુનિયાના મોટા ભાગના મનુષ્યોને વિજ્ઞાનના તદ્દન પ્રાથમિક ફાયદાથી વંચિત રાખે છે." હજુ સુધી કોઇ સામાજિક જીવનપદ્ધતિ–મુડીવાદ, નાઝીવાદ કે સામ્યવાદ–માણસની બધી પ્રાથમિક દુન્યવી જરૂરિયાતો પૂરી પાડી શકી નથી.

આપણાં આધુનિક જીવનનાં બે મુખ્ય સત્યો છે : ડામાડોળ વિશ્વશાંતિ તથા મનુષ્યસર્જિત બીનજરૂરી દરિદ્રતા. મનુષ્યે ગઇ પેઢી દરમિયાન વિરાટ પ્રગતિ કરી છે. પણ આ પ્રગતિમાં ચોકકસ શાંતિ અને ચોકકસ સાધનસામગ્રી ભુલાઇ ગયાં છે. બિનસલામતિનો આમાંથી ઉદ્‌ભવ થયો છે. પૃથ્વી અને તેનાં પર વસતાં સ્ત્રી અને પુરૂષો કોઇ સર્વતોમુખી બિનસલામતિમાં સપડાઈ ગયા હોય તેમ દેખાય છે.

સંગઠિત થયેલાં મુત્સદીઓનાં તરકટોમાં જ ઉપરની હકીકતનાં દર્શન થાય છે એમ નથી, પણ પ્રત્યેક વ્યકિત જ્યારે વાસ્તવિકતામાંથી છટકી જવા પ્રયત્ન કરે છે અને સલામતી માટે ઝંખે છે ત્યારે પણ ઉપરની હકીકત સ્પષ્ટ દેખાય છે. જે લોકો આર્થિક દૃષ્ટિએ સલામત છે તેમને પણ વિશ્વશાંતિની આજની ડામાડોળ સ્થિતિ ચિન્તાવ્યાકુળ બનાવી રહી છે. જ્યારે આપણી પાસે બધાને સલામત બનાવી શકીએ તેટલાં પૂરતાં વૈજ્ઞાનિક સાધનો છે ત્યારે પણ અસંખ્ય લોકો બિનસલામત જીવન જીવી રહ્યાં છે.

આર્થિક દૃષ્ટિએ સલામત જીવન જીવતા મનુષ્યોને જ્યારે ઉપરની હકીકત ધ્યાનમાં આવે છે ત્યારે કોઇ વાર અર્ધ–જાગૃત અવસ્થામાં તો કોઇ વાર જાગૃત અવસ્થામાં, પોતાની માની લીધેલી સલામતિ પૂરી જોખમમાં લાગે છે. ઉપર ઉપરથી જોતાં, મોટા કોયડાઓનો ઉકેલ અશકય દેખાતાં, અને મહાન સવાલોના અંતિમ ઉત્તર નહિ મળતાં બિનસલામત મનુષ્ય મુંઝાઇ જાય છે. અને આ મુંઝાયેલો માણસ કોઇ અડગ, સ્થાયી, વિશ્વસનીય, ક્રિયાશીલ અને આશારપદ તત્વોનો આશરો શોધે છે. બિનસલામત મનુષ્ય જ પોતાના શરીર અને મનને ગુલામ બનાવી સરમુખત્યારશાહી સ્વીકારે છે. બિનસલામતિ એ આપમુદી અને સરમુખત્યારશાહીની જનની છે.

નિરાશાજનક સંધિપત્રકો, આર્થિક દુર્દશા તથા અવિરત દમન–આ સર્વેએ મળીને ઇ. સ. ૧૯૨૨ પછી એક પછી એક રાષ્ટ્રના લાખો નાગરિકોને સરમુખત્યારશાહી તથા એક–પક્ષી–રાજ્ય–પધ્ધતિનાં ખોળામાં ધકેલ્યાં છે અને હજુ આ પ્રક્રિયા અવિરત ચાલુ જ છે.

વિશ્વની આ મહાન કટોકટીના સમયે સૌથી વધુ દુઃખજનક વાત તો એ છે કે લોકો સલામતિ માટે નીતિનો ભોગ આપતાં જરાયે અચકાતાં નથી. સલામતિની દોડ-દોડમાં નીતિનિયમોને 'બિનજરૂરી' સમજી આઘા હડસેલી દેવાય છે. મુસોલિની સમયસર ટ્રેઇનો દોડાવે છે તો પછી તે થોડાં નાગરિક-હકકો છીનવી લે કે કારાગારો પ્રગતિશીલ નાગરિકોથી ભરી દે તેની આપણે શા માટે માથાકુટ કરવી? ઇ. સ. ૧૯૩૯ ના એસતા વર્ષે હિટલરના પોતાના મુખપત્ર વોલ્કેશેર બેઓબેશેરે બડાશ હાંકતાં જાહેર કરેલું કે "નાઝી અમલ દરમિયાન માતાઓને રાહત મળી છે, બાળકોનો વીમો ઉતારવામાં આવે છે, જર્મન કામદારોને શાસ્ત્રીય સંગીત સંભળાવામાં આવે છે અને બેકારી દૂર કરવામાં આવી છે વગેરે વગેરે." આટલું કર્યા પછી સારાએ રાષ્ટ્રને તે ગુલામ બનાવે કે વિશ્વને રકતસ્નાન કરાવે તેની ચિંતા આપણે શા માટે કરવી?

વિચિત્ર વાત તો એ છે કે સલામતી માટેની શોધ જ સલામતીનું ખૂન કરે છે અને સાથે સાથે સદાચાર અને નીતિ પણ વિદાય લે છે. રાષ્ટ્રો સલામતિ શોધે છે, પણ શોધનારને કદી સલામતિ મળતી નથી. હા, તેઓ થોડી સલામતિ મેળવે છે, પણ તે બીજા રાષ્ટ્રોની સલામતિના ભોગે. જે રાષ્ટ્રો પોતાની નબળાઇના કારણે અસહાય બનીને મોટારાજ્યોની 'લાગવગના વતુંળો'માં આવે છે તેમનો ભોગ લેવાય છે અને પાછળથી આ 'વતુંળો' વચ્ચે ઘર્ષણ ઉભાં થાય છે અને યુદ્ધનો જન્મ થાય છે. આવી જ રીતે, આજની કોઇપણ વ્યકિત પણ સંપત્તિ પ્રાપ્ત કરવા નીતિનિયમોને અમરાઇએ ચડાવી દે છે, પણ તે માર્ગે તેને સુખ કદી પ્રાપ્ત થતું નથી.

મુખ્યત્વે, આપણા યુગની કટોકટી એ નૈતિક કટોકટી છે. આપણે એક એવા દુષિત જગતમાં જીવીએ છીએ કે જે જગતે કોઇ પણ અન્યાય સામે પોતાનો કોપ પ્રદર્શિત કરવાની શકિત ગુમાવી દીધી છે. શાંતિ સ્થાપવા માટે મુત્સદ્દીઓને મળતી નિષ્ફળતાનું આ મોટામાં મોટું કારણ છે.

સાકો અને વાન્ઝેટ્ટી પર કામ ચલાવવામાં આવ્યું અને દેહાંતદંડની તેમને સજા ફરમાવવામાં આવી ત્યારે અમેરિકા અને સારૂંયે વિશ્વ ખળભળી ઉઠયું હતું. ટોમમુનેના કિસ્સાએ પણ એટલી જ અસર કરી હતી. પણ સાંજનાં રોજ-બ રોજ થતાં કાયદેસરનાં લાખો ખૂનો વિષે વર્તમાનપત્રોમાં કાંઇ પ્રગટ થતું નથી. ઝારની છુપી પોલિસે સાઇબિરિયામાં આચરેલા પાપાચારોએ, એલ્જિયર્સ કોંગાના ગુલામોની દુર્દશાએ, યહુદી-વિરોધી ઘટનાઓએ તથા આર્મિનિયન કતલે ઓગણિસમી સદી તથા વીસમી સદીના પ્રારંભમાં દૂરદૂરના દેશો ઉપર પણ અત્યંત અસર કરી હતી. પણ આજે લાખો મનુષ્યો 'કોન્સેન્ટ્રેશન કેમ્પ'માં સડી રહ્યા છે તે વિષે આપણને કોઇ નાનો સરખો વિચાર પણ આવતો નથી! ઓછામાં ઓછા, દસ લાખ ઇન્સાનો ૧૯૪૨-૪૩ ના બંગાળના ભુખમરામાં તરફડી તરફડીને ખલાસ થઇ ગયાં; અને આજે પણ ચીન, હિંદુસ્થાન અને યુરોપના લાખો નાગરિકો ભૂખમરામાં સબડે છે. માર્શલ ટિટો, ફ્રાન્કો, સાલઝાર, પેરન તથા બીજા અનેક સરમુખત્યારોએ પ્રજાના અધિકારોનાં દીપક બુઝવી દીધાં છે. રાષ્ટ્રવાદના ઓઠા હેઠળ રંગભેદ ચોતરફ પ્રસરી રહ્યો છે.

સમૃદ્ધ પ્રગતિશીલ અદ્યતન વિશ્વની વિટંબણાઓ તથા અત્યાચારો આપણને અત્યંત વ્યાપક તથા અનન્ત ભાસે છે. વિશ્વ દિવસે દિવસે નાનું બનતું જાય છે. આથી તેની મુશ્કેલી નિવારવાનું કાર્ય સુગમ થઇ પડવું જોઇએ. પરંતુ દુષિત તત્ત્વોએ એટલું વિરાટ સ્વરૂપ ધારણ કર્યું છે કે મોટા ભાગના મનુષ્યોની દૃષ્ટિ ધુંધળી બની ગઇ છે અને લાગણીઓ થીજી ગઇ છે કે પછી કદાચ આવા વિચારોને આપણે પોતાના મનની શાન્તિ જાળવવાના હેતુથી મનમાંથી વિદાય આપીએ છીએ? એવું વિચારીને કે જિંદગીમાં જે આ બધું યાદ કરવા બેસીશું તો જીવવું જ અશકય થઇ પડશે?

આથી આધુનિક મનુષ્ય અજ્ઞાન, બેદરકારી તથા ઉદાસીનતાને પસંદ કરે છે અને પોતાના અંગત જીવનની ચિંતામાં ડૂબી જાય છે. અંગત જીવનના કોચલાની બહાર પોતાની કેટલી અશકિત અને મર્યાદા છે એની તેને પૂરતી ખબર હોય છે. આ કારણથી જ અસંખ્ય લોકો સક્રીય રાજકીય જાગૃતિ પ્રત્યે ઉદાસીનતા દર્શાવે છે. અને સમાજના દૂષણો દૂર કરતી તથા ગરીબોના દુઃખ દર્દો હળવાં કરતી સંસ્થાઓમાં સંપૂર્ણ રીતે કાર્ય કરવા જુજ માણસો આગળ આવે છે. આપણે એકાદ ડેલર કે એકાદ કલાકનો ભોગ આપવા તૈયાર થઇએ છીએ. પરંતુ કાર્યની વિશાળતા પાસે આ કાંઇ નજીવો છે.

આપણે જેમ જેમ ઉદાસીનતા બતાવીશું તેમ તેમ વિશ્વનું ભાવી અંધકારમય થતું જવાનું. આપણી લાચારી વધતી જશે અને ગુંડાશાહી સરમુખત્યાર કે રાજકીય ધુર્તોને પગદંડો જમાવવાની મોકળાશ મળતી જશે.

જ્યાં સુધી આ દુનિયાની એક પણ વ્યકિત કે રાષ્ટ્ર ગુલામ, બિનસલામત કે દુઃખી હશે ત્યાં સુધી કોઇ પણ વ્યકિત કે રાષ્ટ્ર ખરા અર્થમાં સ્વતંત્ર, સલામત કે સુખી થઇ શકે જ નહિ-એ સત્યના જ્ઞાન તથા પ્રચારમાં આજની કટોકટીનો ઉકેલ છે. સ્વાર્થ પોતાના જ ધ્યેયનું ખૂન કરે છે. આપણી જાતને સુખી કરતાં પહેલાં આપણે બીજાને સુખી કરવાં પડશે. આથી સૌથી ઉત્તમ વ્યવહારવાદ આદર્શવાદ છે.

રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય રાજકારણની ચર્ચા સામાન્ય રીતે, પરિષદો, સંધિઓ, ઠરાવો, જાહેરાતો, વ્યાપાર, તેલની છુટછાટો, મતગણતરી કે પક્ષોની પરિભાષામાં થાય છે. અને તે કાંઇ અયોગ્ય છે એમ નથી, પરંતુ મનુષ્યની ભાવના તથા નીતિરીતિને લક્ષમાં લીધા સિવાયની બધી જ ચર્ચા અપૂર્ણ છે. નૈતિક મૂલ્યોની પ્રતિષ્ઠા કરવાથી જ સમાજમાં સ્થિરતા અને સભ્યતા પ્રવેશ કરી શકશે.

માનવજાતને અત્યારે ખરી જરૂર રાજકારણ અને નીતિના એકીકરણની છે. સામાન્ય રીતે બંને ભિન્ન તત્ત્વો હોય તેમ દેખાય છે; કયારેક વિરોધી પણ ભાસે છે. મહાત્મા ગાંધીનું જીવન એ રાજકારણી દીર્ઘદર્શિતા અને માનવતાના સુમેળનું સુંદર ઉદાહરણ છે. ગાંધીજી પોતાનાં સાધનો અને કાર્યપદ્ધતિની ચોખ્ખાઇ માટે ખાસ કાળજી રાખે છે. સાધનની સફાઇ એ લોકશાહીનું ખરૂં સત્વ છે. સાધન કે પદ્ધતિની ચોખ્ખાઇની પરવા કર્યા સિવાય જેન કેન પ્રકારેણ સાધ્ય હાંસલ કરવું એ સરમુખત્યારની સાફ નિશાની છે. નૈતિક જાગૃતિ લોકશાહીને આપત્તિમાંથી બચાવી લેશે. આ જાગૃતિના શ્રી ગણેશ વ્યકિતથી મંડાવા જોઇએ. જ્ઞાનની માફક, શાંતિ અને લોકશાહીની શરૂઆત પોતાના ગૃહજીવનથી થવી જોઇએ. શાંતિ અને લોકશાહીની સ્થાપના પ્રથમ મનુષ્યના હૃદયમાં કરવી પડશે.

મૂળ અંગ્રેજી લેખક : **શ્રી લુઇ ફીશર.**
અનુવાદક-**વાડીલાલ ડગલી.**

આફ્રીકાના ગ્રાહકોને વિજ્ઞપ્તિ

આપ સર્વ ગ્રાહકોનું લવાજમ એપ્રીલ માસના બીજા અંક સાથે પુરૂં થાય છે. ગયા સપ્ટેમ્બર માસથી પ્રબુદ્ધ જૈનનું વાર્ષિક લવાજમ રૂા. ૩ થી વધારીને રૂા. ૪ કરવામાં આવ્યું છે અને એ ધોરણે આફ્રીકાના ગ્રાહકોનું વાર્ષિક લવાજમ રૂા. ૫ ઠરાવવામાં આવ્યું છે, આ પ્રમાણે આપનાંથી જે ગૃહસ્થો પ્રબુદ્ધ જૈનના ગ્રાહક તરીકે ચાલુ રહેવા ઇચ્છતા હો તેમને નવા વર્ષના લવાજમના રૂા. ૫ **મેસર્સ ડી. ડી. મેઘાણી (પોસ્ટ બોકસ નં. ૧૬૩, મોંબાસા)** ને ત્યાં એપ્રીલની ૧૫ મી પહેલાં ભરી દેવા વિનંતિ કરવામાં આવે છે. અને એ રીતે લવાજમ ભરનાર માટે પ્રબુદ્ધ જૈન ચાલુ રાખવામાં આવશે. આ ઉપરાંત આફ્રીકામાં વસતા જે કોઇ બંધુને જ્યારે પણ પ્રબુદ્ધ જૈનના ગ્રાહક થવા ઇચ્છા હોય ત્યારે ઉપર જણાવેલ ઠેકાણે વાર્ષિક લવાજમના રૂ. ૫ ભરીને અમને લાખી જણાવવું અને તે મુજબ તેમને પ્રબુદ્ધ જૈન મોકલવામાં આવશે.

તંત્રી, પ્રબુદ્ધ જૈન

વ્યાયામ અને આત્મરક્ષણની તાલીમ

[તા. ૬-૨-૪૭ ના રોજ પાટણ ખાતે પ્રો. માણેકરાવના પ્રમુખપણા નીચે એક વ્યાયામ સંમેલન ભરવામાં આવ્યું હતું અને તા. ૧૦-૨-૪૭ સુધી ચાલ્યું હતું. વ્યાયામની હરીફાઇમાં ૫૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સંમેલનના સ્વાગત પ્રમુખ શ્રી અમીચંદ ખેમચંદ શાહે નીચે મુજબ સ્વાગત પ્રવચન કર્યું હતું. તંત્રી.]

વીર વનરાજ, સિદ્ધરાજ ને કુમારપાળ જેવા રાજવીઓની રાજધાની જે હુન્નર, ઉદ્યોગ, વ્યાપાર ને કળાકૌશલ્યનું ધામ હતી, કસરત શાળાઓ અને સરસ્વતી મંદિરોનું જે કેન્દ્ર હતી, જેનાં અનેક સાહસિક વ્યાપારીઓ દેશપરદેશ વેપાર ખેડીને કીર્તિની ધ્વજા ફરકાવી રહ્યા હતા, મહાઅમાત્યો, અમાત્યો, દંડનાયકો, ઇત્યાદિ મહાજનોના પ્રયાસથી જેનાં યશસ્વી કિરણો દેશની ચારે દિશાએ ફેલાઇ રહ્યાં હતાં, મહેલાતો, ગગનચુંબી મકાનો, ઉદ્યાનો, જલાશયો અને દેવમંદિરોથી જેની શોભા અપૂર્વ હતી, અને જેની ગણના ભારતના મહારાજ્યોમાં મહારાજ્યના પાટનગર તરીકે ગણાતી હતી, તે મહાનગરી અણહીલપુર પાટણમાં મધ્યાન્હ યુગ પછી, નિયમાનુસાર સંધ્યા આવી અને બહાદુર છતાં દુરવ્યસની કરણઘેલો કમનસીબ નીકળ્યો, ત્યારથી પાટણની પડતીનાં પગરણ મંડાયાં. ધાર્મિક ઝનુને પાટણનું ગૌરવ લૂંટયું. છતાં તે નગરી ધાયલ દશામાં જીવતી હતી. કુદરતને એ ન ગમ્યું, એટલે કુદરતના કોપે તે હણાયું ને લંબું થઇને સુતું. છતાં ભૂતકાળની જાહોજલાલી ને વૈભવની સાક્ષી રૂપ તેનાં જુજવાજ જર્જરિત સ્મારકો આજે આપણને જોવા મળે છે. જ્યાં ચોરાશી ચૌટાં, ચોરાશી માનવ વસ્તીનો મહાસાગર હતો, ત્યાં કૃષિકારો ખેતી કરી રહ્યા છે. બાકીનો ભાગ માટીના ઢગલા નીચે દટાયેલો પડયો છે. લુંટાયેલા, હણાયેલા, ને પડીને પાદર થયેલા પાટણની બાજુમાં જ, લગભગ પંદરસોના સૈકામાં, વર્તમાન પાટણ વસ્યું, જેના ઉપર નેક નામદાર મહારાજા ગાયકવાડ સરકારનું શાસન હાલ ચાલે છે. એ જ પાટણની ભૂમિ પર વ્યાયામ સંમેલન નિમિત્તે આપણે સૌ એકત્ર થયા છીએ. અંતરના ઉમળકાથી હું આ શુભ પ્રસંગે પાટણની પ્રજા તરફથી આપ સર્વ ભાઇ બહેનોનું હું સ્વાગત કરૂં છું.

વડોદરા રાજ્યની અંદર મહેસાણા પ્રાન્તમાં દર વર્ષે વ્યાયામ સંમેલનો ભરાય છે. એ જ પ્રમાણે શ્રી પાટણ વ્યાયામ મંડળ તરફથી આ પાટણ વ્યાયામ સંમેલન ભરવાની મંડળનાં સંચાલકોએ યોજના કરી છે. તેમાં વધારે સુખદ અને પ્રશંસાયોગ્ય બીના એ છે કે જેઓ ઉમરે બુઝર્ગ છે છતાં વ્યાયામવીર તરીકે યુવાન છે, જેમની વ્યાયામની પ્રગતી માટેની અનેક સેવાઓ નોંધણીતી છે, જેઓ વ્યાયામના ખૂબ અનુભવી છે, તેવા સેવાભાવી, રાજરત્ન પ્રો. માણેકરાવને પ્રમુખ તરીકે મેળવવામાં આપણે ભાગ્યશાલી થયા છીએ. એટલે જે હેતુએ આપણે વ્યાયામ સંમેલન ભર્યું છે તે હેતુ પર આવવામાં મને લેશમાત્ર શંકા નથી.

જે મંડળે આ સંમેલન ભર્યું છે તે મંડળની હું ટુંકી માહિતી આપું તો અસ્થાને નહિ ગણાય. આપણા વતનમાં જુદા જુદા સ્થળે ચાલતી વ્યાયામ પ્રવૃત્તિને કેન્દ્રિત કરી પાટણના યુવાનોમાં વ્યાયામની લગની લગાડવાના હેતુથી ભાઇ રામપ્રસાદ જડીયા અને કેટલાક વ્યાયામપ્રેમીઓની પ્રેરણાથી તા. ૨૧-૧-૪૫ ના રોજ શ્રી પાટણ વ્યાયામ મંડળની સ્થાપના કરવામાં આવી હતી. પાટણની અલગ અલગ વ્યાયામ પ્રવૃત્તિઓને સંગઠિત કરી એક ધોરણે ચલાવવા શકય તેટલી કોશીષ કરવી, વર્તન અને હરિફાઇમાં શિસ્ત અને અભ્યાસનું પ્રધાન સ્થાન રાખવું તેમજ વ્યાયામ પ્રવૃત્તિઓ મારફત શહેરના આરોગ્ય અને નાગરિક જીવનને પોષણ મળે તેવું કાર્ય કરવું, આ તે મંડળનો ઉદ્દેશ છે.

આ ઉદ્દેશને અનુલક્ષીને ૧૯૪૫ અને ૪૬ ના બે વર્ષના ગાળામાં અમદાવાદમાં બે વખત મળેલ ગુજરાત વ્યાયામ વીર સંમેલનમાં હરીફો મોકલવામાં આવ્યા હતા, જેમણે કુસ્તીના ચાર ઇનામોમાંથી ત્રણ ઇનામો મેળવ્યા હતા, અને હુતુતુની રમતમાં પ્રથમ નંબરે આવ્યા હતા, તેમજ વડોદરા જીમખાનાની હરિફાઇમાં પણ જેમને પાંચ ચંદ્રકો મળ્યાં હતાં. આ સિવાય શહેરની જુદી જુદી વ્યાયામ સંસ્થાઓ માટે બે વર્ષમાં વોલીબોલ, હુતુતુ, ખોખો, લાંબુ ને ઉંચું કુદવું, લંગડી, અને કુસ્તીની હરિફાઇઓ ગોઠવવામાં આવી હતી. તેમાં ઉત્તીર્ણ થનારને પારિતોષિકો આપવામાં આવ્યાં હતાં, ૧૦૦ યુવાનોને તરતાં શીખવાડવામાં આવ્યું હતું, ૮૦ યુવાનોને એકવાર પ્રવાસે લઈ જવામાં આવ્યા હતા. અને લોકમત કેળવવા પત્રિકાઓ બહાર પાડવામાં આવી હતી. બે વર્ષના ગાળામાં આદરેલી પ્રવૃત્તિઓ પાછળ લગભગ રૂા. ૧૧૦૦નો ખર્ચ થયો હતો, અને તે દાતાઓની મદદથી પૂરો કરવામાં આવ્યો હતો.

મંડળનું નવું બંધારણ તા. ૧-૪-૪૬ ના રોજ મળેલી સામાન્ય સભાએ પસાર કર્યું છે. તે અનુસાર રૂા. ૧૦૧ આપનાર આજીવન સભ્ય ૫, અને વાર્ષિક લવાજમ રૂા. ૧ આપનાર સભ્ય ૧૧૦ મળી કુલ ૧૧૫ સભ્યો છે. ૧૯૪૫ નો અન્વેષિત હિસાબ છપાવીને બહાર પાડવામાં આવ્યો છે, અને ૧૯૪૬નો હિસાબ પણ ટુંક વખતમાં બહાર પડશે. આ ઉપરથી આપ સમજી શકયા હશો કે પાટણ જેવા પચ્ચાસ હજાર માણસની વસ્તીવાળા શહેરમાં મંડળના સભ્યોની સંખ્યા ઘણી નાની છે. કોઇપણ સંસ્થા નાણાં સિવાય એના હેતુને બરાબર બર લાવી શકતી નથી. જે સંસ્થા પાટણના ભાવી નાગરિકોને વ્યાયામ તાલીમ આપી નિર્ભય શહેરી બનાવવા માંગે છે તે સંસ્થાના કાર્યમાં મદદરૂપ થવા, સભ્ય તરીકે હજારોની સંખ્યામાં જોડાવા હું આગ્રહભરી વિનંતી કરૂં છું.

પાટણ શહેરમાં ૨૫ કસરતશાળાઓ ચાલે છે. તેમાંથી ૬ કસરતશાળાઓ મંડળના દફતરે સભ્ય તરીકે નોંધાઇ છે, બાકીની કસરતશાળાઓને સભ્ય તરીકે નોંધાઇ જવા વિનંતી કરૂં છું. ૨૫ કસરતશાળાઓમાં ત્રણથી ચાર કસરતશાળાઓને સાધારણ મકાનો છે, બાકીની કસરતશાળાઓ વાડીઓ ને ભાડાની જગ્યાઓમાં ચાલે છે. તેમાંયે ૫-૬ કસરતશાળાઓ ઠીક ઠીક સાધનોવાળી હશે. મારે દુઃખ સાથે કહેવું જોઇએ કે એક પણ કસરતશાળા સંપૂર્ણ સાધનોવાળી નથી. આ આપણે માટે ગૌરવ લેવા જેવી વાત નથી. આપણે હજારો ને લાખો રૂપીયા આપણી માન્યતાઓ પાછળ ખર્ચીએ છીએ. તો પછી આપણાં જ બાળકોના શારીરિક વિકાસ માટે સુંદર સાધનોવાળી વ્યાયામશાળાઓ બનાવવામાં આટલી કૃપણતા કેમ?

તમને સમાચાર આપતાં મને હર્ષ થાય છે કે શ્રી પાટણ જૈન સમાજ સેવક મંડળે સુંદર સાધનોવાળી કસરતશાળા બાંધીને સાર્વજનિક કસરતશાળા ચાલુ કરવાનું બીડું ઝડપ્યું છે અને તેના બાંડાળમાં લગભગ પચ્ચીસ હજાર રૂપીયા ભેગા કરવામાં આવ્યા છે. આપણે ઇચ્છીએ કે જેમ બને તેમ જલદી એ કસરતશાળા શરૂ થાય.

આપણી પ્રગતિના કારણોમાં શારિરીક વિકાસ પણ એક અગત્યનું કારણ છે. આજનું રશિયા જે ઉન્નતિ સાધી શકયું છે તે તેના લોખંડી શરીરનો જ પ્રતાપ છે. ભૂતકાળમાં થયેલા આપણા પૂર્વજોની વીરકથાઓ વાંચીએ છીએ ત્યારે આપણને એમ લાગે છે કે આપણે શારીરિક શક્તિમાં ખૂબ પછાત છીએ, જે આપણી બેદરકારીનું પરિણામ છે. એ સ્થિતિ જરાએ ચલાવી શકાય નહિ. આપણે પણ લોખંડી શરીરો, ઉત્પન્ન કરવા પ્રયત્નશીલ થવું જ જોઇએ. તે માટે મહોલ્લે મહોલ્લે વ્યાયામશાળાઓ ખોલવી જોઇએ અને દાતાઓએ સંકુચિતતા ત્યાગીને ઉદારતાથી મદદ કરવી જોઇએ.

વ્યાયામના પ્રતાપે શારિરીક વિકાસના ગૌરવ ભરેલા એક બે દાખલા અહિં રજુ કરું તો અસ્થાને નહિ ગણાય. ૧૯૨૫ ની સાલમાં અમેરિકામાં મી. અરલી લી ડરપેન તરફથી દુનિયા માટે શારિરીક ખીલવણીની હરિફાઇ ગોઠવવામાં આવી હતી, જેમાં દુનિયા-માંથી દરેક કસરતબાજે ખુલ્લા બદનના ફોટા મોકલવાના હતા. આ હરિફાઇમાં દુનિયાના જુદા જુદા દેશોમાંથી ૨૫૦૦૦ કસરતબાજોએ ફોટા મોકલ્યા હતા, જેમાં આ જ પાટણના એક વ્યાયામવીરે શારીરિક ખીલવણીના ફોટા મોકલાવેલા. હરિફાઇમાં ૧૪ ઇનામો આપવાના હતાં, તેમાં આઠમું ઇનામ એ પટણી વીરને મળેલું. ઇનામમાં ૧૦ ડોલર રોકડા અને એક સુવર્ણ ચંદ્રક મળેલો. આ જાતનું ઇનામ મેળવવામાં હિંદી અને ગુજરાતી તરીકે એ ભાઇ પહેલા હતા. ચાલીસ વર્ષ ઉપર નબળા શરીરના એક બાળકે પ્રો. રામમૂર્તિ થવાના ઉમંગે શારીરિક વિકાસ માટે ખૂબ મહેનત આદરી. શરીર વિકાસની પૂરી તૈયારી ને તાલીમ મેળવી ગુજરાત, સિંધ, પંજાબ વિગેરે સ્થળોએ અંગબળના અનેક અદ્‌ભૂત ખેલો કરી બતાવી પ્રજાને મુગ્ધ બનાવી, અને અનેક રાજવીઓ, મહારાજાઓ, ગોરા લેફ્‌ટેનન્ટો અને કર્નલો તરફથી સોના ચાંદીના અનેક ચન્દ્રકો મેળવી કળી-યુગના ભીમ કહેવાયા. આ બન્ને વ્યાયામવીરો પાટણની વણિક કોમના છે, શાહની અટકથી ઓળખાય છે, અને હયાત છે. એક ભાઇ મુંબઇમાં શારીરિક ખીલવણીની શાળા ચલાવે છે ને બીજા ભાઇ ધંધામાં પડયા છે.

મનુષ્યની મીલકતમાં કીંમતીમાં કીંમતી આપણું શરીર છે. તેની પૂરતી કાળજી રાખવા મનુષ્ય બંધાયેલો છે. શરીરની સુધારણા અર્થે "ઓસડનો આહાર કરનાર" માણસો ફાંફાં મારે છે, તેને-બદલે વ્યાયામ, ખુલ્લી હવા, ખોરાક, અને સંયમરૂપી સાધનો વડે શરીરસંપત્તિ અને મનની ખીલવણી કરવી એ જ સાચો માર્ગ છે. જેમ મનુષ્યની મીલકતમાં કીંમતીમાં કીંમતી આપણું શરીર છે, તેમ રાષ્ટ્રનો કીંમતીમાં કીંમતી ખજાનો બાળકો છે, એટલે તેના શારીરિક વિકાસની જેટલી જવાબદારી વાલીઓની છે, તેથી લેશ પણ ઓછી શાસકોની છે એમ કોઇ પણ ન માને. હાલની શાળાઓ અક્ષરજ્ઞાન માટે જેટલો સમય લે છે, તેમાંથી શારીરિક ખીલવણી માટે પુરતો સમય રોકવો જોઇએ. જેમ શાળાઓ અને છાત્રાલયો માં અમુક વિષયો ફરજીયાત હોય છે તેવી રીતે દરેક કેળવણી ધામોમાં ઓછામાં ઓછી સવાર અને સાંજ એક એક કલાક ફરજીયાત વ્યાયામની તાલીમ બાળકોને આપવી જોઇએ. આ રીતે શાસકો ને વાલીઓ શારીરિક ખીલવણીને મુખ્ય અંગ સમજીને કાળજીપૂર્વક ધ્યાન આપે તો દશ વર્ષમાં શારીરિક ખીલવણીમાં આપણે ખૂબ આગળ વધીએ એવી મારી માન્યતા છે.

શારીરિક ખીલવણીથી તૈયાર થયેલા મજબુત શરીરમાં હિંમતની પણ જરૂર છે. એક વ્યાયામવીર આફતમાં પડેલા અનેકને જાતના જોખમે બચાવી શકે છે, જ્યારે બીજો હિંમતના અભાવે બીકનો માર્યો મળશુદ્ધિ માટે ખુણાં ખાંચરા ખોળે છે, અને અંધારી રાતે બહાર જતાં પણ ગભરાય છે. આવી બીક દુર કરવા દરેક યુવાને અવારનવાર જંગલો, નદી, નાળાં, ને પર્વતોની મુસાફરીએ જવું જોઇએ. તેથી બીકનું ભૂત નાશુદ થાય ને નિર્ભયતા આવે. શાન્ત અને નિર્ભય રીતે જેઓ જીવન ગુજારવા ઇચ્છે છે તેમણે દુશ્મનના હુમલા સામે પોતાનો બચાવ કરવાની તાલીમ જરૂર મેળ-વવી જોઇએ. આપણે આપણા રક્ષણ માટે પોલીસ અને ચોકીદારો પર આધાર રાખી તેમના ઓશીયાળા રહેવાની ટેવ નાબુદ નહિ કરીએ તો આપણા માટે પરિણામ ભયંકર છે. એ પરિણામથી બચવું હોય તો આપણે આપણા બાલબચ્ચાનું અને આપણા ધર્મનું રક્ષણ કરવાની હીંમત પ્રાપ્ત કરવી જ જોઇએ. શાસકો બહોલ્લે બહોલ્લે અને શેરીએ શેરીએ પોલીસ નહિ રાખી શકે, તેમ ઘેર ઘેર ચોકીપાત પણ નહિ રાખી શકે. કદાચ એ અસંભવિત સંભવિત બન્યું, તો પણ પગારદાર માણસો ઉપર તમારી હયાતનો આધાર રાખી ઘરના ખુણે ભરાઇ બેસવું કે નાસી છુટવું એ નિર્માલ્યતા છે. એટલે હું તમને વીનવું છું કે તમે શાન્તિ અને નિર્ભય રીતે જીવવા માગતા હો તો રક્ષણ કરવાની તાલીમ લેવામાં જરા પણ પ્રમાદ કરશો નહિ. **અમીચંદ ખેમચંદ શાહ.**

દક્ષિણને છેડે (પૃષ્ટ ૧૭૯ થી ચાલુ)

હિંદુસ્તાનની એક જ્યોતિર્મયી વ્યાખ્યા મને સૂઝી છે. જો કન્યાકુમારીની દક્ષિણે આપણે ગયા તો ધ્રુવ દેખાતો બંધ થાય. અને જો કાશ્મીરની ઉત્તરે ગયા તો દક્ષિણે અગસ્તિ દેખાય જ નહિ. એટલે મેં વ્યાખ્યા બાંધી છે કે જ્યાંથી ધ્રુવ અને અગસ્તિ બંને દેખાઇ શકે તે જ આપણો ભારત દેશ છે.

પ્રાર્થના પછી બધાં પ્રાણીઓને કરવું પડતું યજ્ઞકર્મ ધરાઇને કર્યું અને નાહવા માટે તૈયાર કરેલા કુંડમાં અમે ઉતર્યા. આ નવી ઢબે બાંધેલા કુંડમાં સમુદ્રનું પાણી અખંડ આવ્યાં કરે છે. અર્ધો કુંડ ચાર ફૂટ ઊંડો છે. બાકીનો આઠ ફૂટ. કપડાં બદલવા માટે બે ઓરડીઓ પણ બાંધેલી છે. આવી સુઘડ વ્યવસ્થા ધાર્મિક પુણ્યને ઓછી કરનારી ન જ ગણાવી જોઇએ. નાહીને અમે કન્યાકુમારીના દર્શને ગયા. આ મંદિર ત્રાવણકોરના હિંદુ રાજ્યમાં આવેલું હોવાથી હરિજનો માટે કયારનું ખુલ્લું થયું છે. મંદિરને બારણે સરકારનું જાહેરનામું છે કે જેઓ જન્મે કે ધર્મે હિંદુ છે તેટલા જ બધાને આ મંદિરમાં પ્રવેશ છે.

મંદિરનું સ્થાપત્ય સાદું પણ પ્રશસ્ત છે. પથરાના થાંભલા ઉપર છત તરીકે આડા પથરા જ મૂકેલા હોવાથી અંદરથી આખું મંદિર ભોંયરાનો ખ્યાલ આપે છે. દેવીની મૂર્તિ ઉગમણી દિશા તરફ જુએ છે, પણ એ બાજુનો બહારનો દરવાજો બંધ હોવાથી દેવીને સમુદ્રનું દર્શન થતું નથી અને સમુદ્રને દેવીનું દર્શન થતું નથી. બિચારા બંગાળ સાગરે કોઇ કાળે દાવો કર્યો નથી કે તે પોતે જન્મે કે ધર્મે હિંદુ છે! અને સમુદ્ર હોય એનાથી માઝા મૂકી મંદિરપ્રવેશ કરાય નહિ.

કન્યાકુમારીની કથા કરુણ છે. અહીંના કિનારા પર વેરાયલી અક્ષત જેવી રેતી, માણેકના ચૂર જેવી લાલ રેતીનો ગુલાલ અને શાહીચૂસ તરીકે વપરાતી કાળી રેતી, એ બધી પ્રાકૃતિક વસ્તુઓ એ કરુણ કહાણીને વધારે કરુણ કરવામાં મદદ કરે છે. જો દુનિયામાં બધાં જ મહાકાવ્યો કરુણાન્ત હોય છે તો હિન્દી મહાસાગરની અધિષ્ઠાત્રી દેવી કન્યાકુમારીની કથા પણ કરુણાંત હોય એ જ ઉપપન્ન છે. કરુણરસમાં જે ઉંડાણ હોય છે તે દ્વારા જ જીવનની પ્રતીતિ થઇ શકે છે.

દુખં સત્યં સુખં માયા જન્તોઃ પરં ધનમ્ ।
દુખં જીવનહૃદ્‌ગતમ્ ॥

છીછરું જીવન માને છે કે સુખ એ જ જીવનની અનુભૂતિ છે, જીવનનું સારસર્વસ્વ છે. એ ભ્રમણા ભાંગવાનું કામ દુઃખને સોંપવામાં આવ્યું છે. દુઃખથી પરાસ્ત ન થતાં જે માણસ દુઃખને જીવનની સાધનારૂપ સ્વીકારે છે તે જ સુખદુઃખથી પર જઇ ને જીવનસમૃદ્ધિનો આનંદ માણી શકે છે. એ આનંદ સુખદુઃખાતીત હોઇ સાગર જેવો ગંભીર અને આકાશ જેવો અનંત હોય છે. એ આનંદના ભાગ્યમાં કોઇની સાથે વિવાદગ્રસ્ત થવાનું લખાયું જ નથી. **કાકા કાલેલકર.**

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No B. 4266

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૮
અંક : ૨૨

મુંબઈ: ૧૫ માર્ચ ૧૯૪૭ શનિવાર.

લવાજમ
રૂપિયા ૪

પાપની આત્મકથા

મારું નામ પાપ છે, અને હું જાણું છું કે તમે સૌ પૃથ્વીવાસીઓ સદીઓ થયાં મને ખૂબ નિંદો છો અને મને કાઢી મૂકવા અનેક જાતના પ્રયત્નો કરતા આવ્યા છો. પણ દરેક પ્રયત્નની સાથે મારા પગ વધુ ને વધુ મજબુત થતા જાય છે. હું પોતે પણ ઘણીવાર ભ્રમમાં પડી જાઉં છું કે ખરેખર તમે મને કાઢવા મથો છો કે રાખવા? કેમ કે આજ સુધી કોઈ મને કાઢી શકયું નથી કે કાઢવા કોઇએ સાચો પ્રયત્ન કર્યો નથી, પણ દરેક વિદાય થતી પેઢીએ મારું કાંડુ આવતી પેઢીને પ્રેમ અને સંભાળપૂર્વક સોંપ્યું છે.

મારા ઉગમસ્થાન અને મને ઉત્પન્ન કરનારા બળને તમે સંપૂર્ણપણે જાણતા નથી, કારણ કે હું તો તમારી પાસે તમારા પૂર્વજોના એક વારસા તરીકે આવું છું. એટલે તમે મારા જીવનના અમુક અંશને જાણી શકો, પણ હું તો, મારા અનેક પંપાળનારાઓ ગયા છતાં એકનું એક અનેક સ્વરૂપે અસ્તિત્વ ધરાવું છું તેથી હું મારી જીવન કથા જાણું છું કે જેમ શંકરપત્ની પાર્વતીદેવીએ પોતાના શરીરના મેલમાંથી ગણપતિની મૂર્તિ સરજી હતી તેમ માનવજાતે મને પોતાના જીવનના મેલમાંથી સરજ્યું છે અને વ્હાલથી પંપાળી પોષ્યું છે.

મારું સ્વતંત્ર અસ્તિત્વ તો નથી; પણ જ્યાં જ્યાં માનવીનું જીવન અકુદરતી અને પરશ્રમજીવી છે ત્યાં ત્યાં કાષ્ટમાં રહેલા ગર્ભિત અગ્નિની માફક ભિન્ન ભિન્ન સ્વરૂપે હું રહેલું છું.

મારી કથા એ એકલી મારી પોતાની જ કથા નથી, માનવજાતની પણ ભેગી છે, અને તેણે તે જાણવાની એટલા માટે જરૂર છે કે એથી તે મારા ખરા સ્વરૂપને સમજે અને મને દરેક વાતમાં દોષ દેતી અટકી પોતે પણ એક ભારે ભ્રમમાંથી બચે.

આજે તો જેમ નાના અજ્ઞાન બાળકને રડતું શાન્ત રાખવા બાવા કે બાવડાનો બાઉ બતાવી તેના આત્મબળને નિરર્થક રીતે ડારવામાં આવે છે તેમ માર્ગભૂલેલી માનવજાતને મારા ખોટા બાઉથી ડરાવીને કે ધર્મના ઝુલરાથી રાજી કરીને તેની ખરી શાન્તિ અને પ્રગતિ, ખરું સ્વરૂપ અને ખરો ધર્મ ખોવરાવી તેની માનવતાને મારી નાંખવામાં આવે છે.

જાદુગર જગતે પોતે માંડેલી ભૂલભૂલામણીની રમતમાં પાપ અને પુણ્યને પણ ઉતાર્યા છે અને તેના વેષપલટા કરાવ્યા છે. આથી ઘણી વખત હું પોતે પુણ્યના સ્વરૂપમાં અને પુણ્ય મારા સ્વરૂપમાં—એમ અમે બંને જગતના તખ્તે રજુ થઇએ છીએ. તમે અમારી આ રમત—આ ઇન્દ્રજાળ—જાણતા નથી, એટલે અમારા નાટકી સ્વરૂપથી કાં તો મલકાઓ છો કે કાં તો ખીજાઓ છો, અને ભ્રમમાં નવા ભ્રમ જન્માવી વિવેકશૂન્ય બનો છો. બાકી ખરી વાત તો એ છે કે હું પોતે ધર્મના નામથી ડરું છું અને જ્યાં તેના પગલાં દેખું છું કે સાંભળું છું ત્યાંથી, તેજ પાસેથી તિમિર ભાગે તેમ, ઉભી પૂંછડીયે ભાગું છું. તેની હાજરીમાં મારું અસ્તિત્વ સંભવતું જ નથી. તમે કદાપિ પૂછશો કે "હજારો વર્ષો થયાં ધર્મ આંહિ પડયો છે, છતાં પણ હું કેમ ન ભાગ્યો?" જવાબ ટુંકો છે કે "જેને તમે ધર્મ માનો છો તે વાસ્તવિક ધર્મ નથી, પણ મારી જ જાદુગરી છે, મારી નાટકના તખ્તા પરની રમત છે. એટલે એ પણ મારી જમાતનો જ નટ છે."

હું તમને કયાંના કયાં ફેંકી દઇશ કે તમારી દુર્ગતિ કરી નાંખીશ એવા કાલ્પનિક ડરથી તમે મારાથી બીતા છો, પણ ખરી રીતે તો હું માણસથી બીઉ છું; કેમકે મને તે બોટી રીતે સમજેલ છે અને ખુબ તેણે મને અન્યાય કર્યો છે. એટલે તો હું આ કથા કહેવા નીકળ્યો છું કે '**માનવીની નૈસર્ગિક શક્તિ અને પ્રગતિને રૂંધે તે પાપ**' એવા મારા ખરા સ્વરૂપને ઓળખો અને મને અન્યાય કરતાં અટકો.

મારી કથા તો તમારી મુખ્ય કથાની એક ઉપકથા છે અને તમારા જીવન સાથે એવી તો વણાઇ ગઇ છે કે તેને જુદી ગોતતાં તમને મુશ્કેલી પડે. એટલે મારી સળંગ કથા જાણવા માટે તમારે તમારી પોતાની ઉત્પત્તિ અને વિકાસકથા પહેલી જાણવી પડશે અને એ આ પ્રમાણે છે.

વૈજ્ઞાનિકો માને છે તેમ પૃથ્વી અંદરની ગરમીથી બહાર આવી હોય કે હિન્દુધર્મની માન્યતા પ્રમાણે વરાહની દાતરડીથી ખેંચાઇને બહાર આવી હોય તે વાતનું બહુ મહત્ત્વ નથી, પણ બન્ને એક વાતમાં તો સહમત છે કે પહેલાં તે પાણીમાં ડુબેલી હતી; પછી ઉપર આવી, અને વસવા યોગ્ય બની. તેમાં વિજ્ઞાનની શોધ પ્રમાણે કે હિન્દુના દશ અવતારની માન્યતા પ્રમાણે કેટલાએક ઉદ્ભિજ્જે ક્રમશઃ વિકાસ પામતા મત્સ્ય, કાચબો, વરાહ, નૃસિંહ (અર્ધનર અને અર્ધપશુ) અને છેવટે માનવસ્વરૂપ પામ્યા. આને આર્યો પુરૂષ અને પ્રકૃતિના નામે ઓળખાવે છે. આનો વિસ્તાર વધતા વધતા અત્યારની સ્થિતિ સુધી પહોંચ્યો છે. આ બધી વાતોની ચર્ચા કરવાની અંહિ એટલા માટે જરૂર છે કે ક્રમશઃ પશુતામાંથી વિકાસ પામતી માનવજાતીમાં ધીમે ધીમે વિકાસનો અતિરેક કેમ થયો, હળાહળ ઝેર કેમ નીકળ્યું અને તેની અસરથી મૂર્છામાં પડી ગયેલી માનવજાતમાં મારો જન્મ કેમ થયો તે સહજ જાણી શકાય.

જેમ જેમ જનસંખ્યા વધતી ગઇ તેમ તેમ તેઓ પોતાના આદિવતન ધ્રુવ-પ્રદેશમાંથી ખસતા ખસતા, ખોરાક, પાણી અને રક્ષણની દ્રષ્ટીએ અનુકુળ હોય તેવી જગ્યાએ પ્રસરતા ગયા. પહેલાં તો આ લોકો લગભગ નગ્નાવસ્થામાં ઝાડની છાયા કે પહાડોની કંદરામાં રહેતા અને આજુબાજુમાંથી હાથ લાગે ને ફળ કે પશુ મેળવી ઉદર ભરતા.

તેઓની દુનિયા નાની હતી, વ્યવહાર કે વળગણું તેથીય નાનાં હતાં. માત્ર પેટ માટે ખોરાકનો ખ્યાલ તેઓને રહેતો. તે મળતા આનંદ વડે અને તે ન મળતો ત્યારે આંસુ પાડી પોતાના દિલનો ભાવ વ્યકત કરતા. આ સિવાય બીજી લાગણી હોય તો તે વ્યકત કરવાનું તેઓ જાણતા નહિ. પછી સમય જતાં

બુદ્ધિના વિકાસ સાથે જ થોડીક જરૂરિયાત વધી, ત્યારે તેને માટે તેઓને પોતાના હાથે જ કામ કરવું પડતું. ઝુંપડું ય હાથે ઉભું કરતા અને વલ્કલ પણ હાથે જ તૈયાર કરી લેતા. કારણ કે તેઓને પરસ્પર મદદ લેવા કે દેવાનો ત્યાં સુધી કંઈ ખ્યાલ નહોતો. એક બીજાથી ડરતા અને ભાગતા, ત્યાં બીજું સંભવે પણ શું ? કાળની બાબતમાં જો કોઇ પણ જાતનો ખ્યાલ તેઓને હોય તો તે ભૂખની જાગ્રત સંજ્ઞાને કારણે વર્તમાનકાળનો હતો. ભૂત અને ભવિષ્ય માટે તેઓ લગભગ આંધળા હતા, પણ ભૂખની તૃપ્તિ માટેની મુશ્કેલી અને અનિશ્ચિતતાએ તેઓને ત્યાર પછી આવનારા કાળ માટે વિચાર કરતા કર્યા.

માનવી સ્વાભાવિક રીતે જ સામાજિક અને આર્થિક પ્રાણી છે એટલે જેમ તેમ શારીરિક પહેલી લાગણી ભૂખનું ભાન હતી તેમ પહેલી માનવોચિત કે જાતીય લાગણી કોઇ સ્ત્રી અને પહેલું આર્થિક તત્ત્વ ખોરાક હતા. તેથી તેઓ ખોરાકનો સંઘરો કરતા શીખ્યા. આ તેઓની ભાવી આર્થિક યોજનાનાં પ્રથમ પગરણ હતાં.

જ્યારે ઋતુના કારણે પડાવ ઉઠાવવો પડે ત્યારે તે સંઘરો લઇ ફરવું મુશ્કેલ લાગતાં તેઓએ જંગલમાં ભટકતા પ્રાણીઓ કે જેનો તેઓ આજ સુધી ખોરાક તરીકે જ ઉપયોગ કરતા હતા તેમને પાળીને તેમનો ભાર વહવાના કાર્યમાં ઉપયોગ કરવા માંડયો. એ પ્રમાણે માણસોના પ્રથમ ઉપયોગી મિત્રો પશુઓ હતા.

જ્યાં સુધી પરિવાર અને પરિગ્રહ અલ્પ હતો ત્યાં સુધી તો ભટકવું પરવડયું, પણ જ્યારે માણસો અને પશુનાં જૂથ વધ્યાં અને અમુક સ્થળની મમતા બંધાણી, ત્યારે તેઓ કોઇ એક સ્થળના સ્થિરવાસી, અંતેવાસી થયા. આમાંથી જાતે કાળે મકાન અને ગામની રચના જન્મી. આ વધતી જતી સ્થિતિમાં માનવીને એકાકીજીવન અગવડતાભર્યું લાગ્યું, ત્યારે તેને કોઇ બીજાની મદદની અપેક્ષા થવા લાગી. આ સમાન જરૂરિયાતે ભિન્ન ભિન્ન ટોળાંને એકમેકથી ડરતાં મટાડી, નજદિક આણ્યાં, અને એક બીજાને ઉપયોગી થતાં કર્યાં. આમ માનવીમાં સુપ્ત રહેલી કુદરતી લાગણી વધુ પ્રમાણમાં પ્રગટ થઇ. આ સંબંધ સૌને હિતવાહ લાગ્યો; અને અત્યારે આપણે સમાજ રચનાના નામથી ઓળખીએ છીએ. આ રચનાની સાથે માનવસુખને સરજનારી, વધારનારી અને જોડનારી સહકારની એક વધુ કડી મળી ગઇ, જેમાંથી શ્રમવિભાગ, સમુહશ્રમ અને સહકારી-શ્રમની રીતીઓ જાગી. (Division & Labour, Collective Labour and Co-operative Labour) અને માનવને વામનમાંથી વિરાટ કરી દીધો. પ્રથમ કામના (શ્રમના) વિનિમયની અને પછી ધીમે ધીમે વસ્તુની લેતીદેતી અને વ્યવહારની ભાવના જન્મી. (Barter System)

ઉપયોગીપણાની ભાવનામાંથી ઉત્પન્ન થયેલ આ સમાજ-રચનામાં તે વખતે જરાય ખોટાઇ નહોતી, સ્વાર્થવૃત્તિ નહોતી, છેતરપીંડી નહોતી અને પોતાનું કામ કરાવી લેવું અને બીજાના કામ વખતે બેદકારી કે દાંડાઈ દાખવવી એવું પણ કશું નહોતું.

જે જે વસ્તુ એ લોકોને ઉપકારક લાગતી તેની તેઓ પૂજા ને પ્રાર્થના કરી લાગણી બતાવતા. લાગણીના આવા સાદા ભજનિયા-માંથી સંગીતશાસ્ત્રો સહજ સરજાઇ ગયું.

દિવસે ગાતાં ગાતાં, કિલ્લોલ કરતાં કરતાં સૌ કામ કરતાં અને સાંજે ખુલ્લા મેદાનમાં બેસી ચંદ્રમા, તારા અને નક્ષત્રોની પૂજા અને પ્રાર્થના કરતા. આમાંથી તેઓએ ખગોળનું અને સૂર્ય, જળ, વનસ્પતિ અને ઉપયોગી પશુઓની પૂજામાંથી સૂર્યની ગતિ, વનસ્પતિના ગુણદોષ, જળની પ્રચંડશક્તિ અને માર્ગો અને પશુ શાસ્ત્રનું જ્ઞાન મેળવ્યું.

વૃદ્ધો પોતાના અનુભવની કહાણી નાનડિયાઓને કહેતા. તેમાંથી શિક્ષણ અને ઇતિહાસશાસ્ત્રો જન્મ્યા. આ રીતે જાણવા યોગ્ય અનેક બાબતો ઉપરથી ઉદ્ભવતો સાર ભાગ સહેલાઇથી યાદ રહે, જળવાઇ રહે અને બીજાને કહી સંભળાવાય તેટલા માટે તેને નાના નાના સૂત્રોમાં તૈયાર કરી કંઠસ્થ કરવાનું આ સમયથી શરૂ થયું. આ આપણા સાહિત્યની પ્રથમ શરૂઆત !

શરૂઆતમાં જ્ઞાન ઘણું પરિમિત હતું અને કલ્પના અણવિકસી હતી. તેથી માણસે કદિ પણ પોતાની જાતને અતિ મહત્ત્વ આપ્યું હોય અને કર્તાપણાનો ભાર વહ્યો હોય તેમ દેખાતું નથી. કુદરતમાં થતા ફેરફારોને અને અનેક ઉપયોગી, ઉપકારક કે આશ્ચર્યકારક તત્ત્વો કે બનાવોને કોઇ અદ્રશ્ય શક્તિની કૃતિ કે પ્રસાદી ગણી તેની પાસે નમ્રતાથી તેણે માથું નમાવ્યું છે અને તેની ગુણ ગાથા ગાઇ છે. એટલે જાણવા યોગ્ય આ અનુભવવાણી વેદને (વિદ્-જાણવું To Know) પોતાની કૃતિ ન ગણતાં કુદરતની, ઇશ્વરની કૃતિ ગણી પોતાની લઘુતા પ્રગટ કરી છે.

અહિં સુધી એકધારો માનવીનો કુદરતી વિકાસનો કાળ હતો, કે જેમાં માનવી સંપૂર્ણપણે કુદરતને તાબે હતો. પછી બેઠો પ્રગતિનો કાળ કે જેમાં માનવી કુદરતને તાબે કરવા અને તેનું ભિતર-ચીરી તેને નિહાળવા મથ્યો. આમાંથી નવીન સમજણ, જ્ઞાન, શક્તિ અને હરીફાઇ જાગ્યાં. એટલે માનવજાતિમાં જ્યાં પહેલાં શારીરિક બાબતમાં ન્યૂનાધિકતા દેખાતી હતી ત્યાં બુદ્ધિબળની ન્યૂનાધિકતા પણ દેખાવા માંડી. કુદરતના નિગૂઢ તત્ત્વો ખોલી, તેમાંથી સિદ્ધિ સરજવા માટે બુધ્ધિનો આ વિકાસ આવકારદાયક હતો, પણ કોઇ વધુ બુધ્ધિવાળાએ બુધ્ધિનો દુરઉપયોગ કરી, પોતાનું કામ કરાવી લઇ, બીજાના કામ વખતે જહાનાં કાઢી બેદરકારી બતાવી અને શારીરિક શ્રમને બદલે નરી બુદ્ધિ ઉપર જ તેને જીવવાનું સુઝયું. એટલે તેના કામનો બોજો બીજા ઉપર પડયો. આ વખતે મારા જન્મ માટે મને યોગ્ય વાતાવરણ મળી ગયું. એટલે માનવકુળમાં મારો જન્મ થયો થયો. કેમકે શ્રમવગર માત્ર બુદ્ધિ ઉપર જીવવું અને પોતાનો બોજો બીજા ઉપર નાંખવો એ અકુદરતી હતું. અને આવા વાતાવરણ વિના મારો જન્મ કે હૈયાતી સંભવે જ નહિ. ત્યારે તો લોકો નીતિ અનીતિને જાણતા નહોતા. તેથી તે વખતે હું તેવા કોઇ નામે ન ઓળખાયો, પણ કામચોરના કુડા નામે મને સૌ ઓળ-ખતા હતા એટલું મને યાદ છે. થોડા વખતે મારો મિત્ર ધર્મ નીતિનિયમ સ્વરૂપે જન્મ્યો. અને પ્રજાને શક્તિના દુરઉપયોગના દંડ તરીકે બંધનમાં જકડી–તેના માથા ઉપર શાસ્ત્ર અને શાસ્ત્રાજ્ઞાનો બોજો લાદી દીધો. ત્યારથી અમે સોનીકજીઓ (Sham Quarrel) કરતાં કરતાં સંતાકુકડી રમતા આવ્યા છીએ. કોઇ વખતે તે છુપાઇ જાય છે તો કોઇ વખતે હું છુપાઇ જાઉં છું.

શરૂઆતમાં કુદરતસરજ્યાં બધા મનુષ્યો એકસરખાં શ્રમજીવી હતા, એટલે તેનામાં વર્ણ, વર્ગ કે સ્થિતિભેદ ઉભો નહોતો થયો, પણ જ્યારે બુધ્ધિવાદે કામની મર્યાદા અને પ્રમાણ વધારી દીધાં ત્યારે તેમાંથી જેમ સંગ્રહવૃત્તિ ઉત્પન્ન થઇ, તેમ રસવૃત્તિ અને સૌંદર્યભાવના–કળાની ભાવના–પણ માનવજીવનમાં પ્રવેશી. એટલે ભિન્ન ભિન્ન કાર્યમાં રસ લાવવા અને જીવનનાં અન્ય ક્ષેત્રો જાળવવા બુધ્ધિવાદે માનવજાતને શક્તિ અને રૂચિના પ્રમાણમાં ચાર વર્ણમાં વહેંચી નાંખ્યા.

માણસના ગુણકર્મને બીલવવા માટે થયેલ ચાર આશ્રમની યોજ-નામાં જાતે કાળે ભયંકર વિકૃતિ પેઠી. તેમાંથી વાડા, પેટાવાડા, ન્યાતો અને ઉચ્ચ નીચના ભેદો જન્મ્યા. અને માનવસમાજના ટુકડા થઇ ગયા. આટલાથી આ વિકૃતિ ન અટકી, પણ તેણે સ્ત્રીપુરૂષના અંગત પ્રશ્નોને તેમાં સંડોવી દઇ માણસના દિલના પણ ટુકડા કરી તેને પોતાના દિલને બદલે બીજાના બાંધેલા નિયમ પ્રમાણે ફરજિયાત અનુસરતા કરવા લગ્નવ્યવસ્થાને સંકુચિત કરી નાંખી. પાપના વિકાસનું આ એક ભારે પગલું હતું. બુધ્ધિવાદે સરજેલ વિકૃતિઓ અટકાવવા કે દાબવા માટે બંધારણ બાંધવા માનવીઓની પ્રથમ પાર્લામેંટ (સભા) એક મોટા ઝાડની છાયામાં મળી અને ભેગા થયેલા

આગેવાનોએ ચર્ચાઓ કરી અને ધારાધોરણો ઘડયા. આ ધારણ-નિયમોએ પાછળથી ધર્મનું સ્વરૂપ લીધું. આ રીતે જગતના શાન્ત અને મુક્ત વાતાવરણમાં પહેલી વખતે કાયદા (Legislation) પેઠા.

કાયદાની સમજથી લોકો થોડો વખત શાન્ત રહ્યા, પણ થોડા માણસો કે જેણે સમાજની આમન્યાનું ઉલ્લંઘન કર્યું હતું તેણે આ કાયદાની મર્યાદા પણ તોડી. તેથી ફરી વખત કાયદા બાંધનારા તે ટોળાઓએ સત્તાથી કાયદાનું પાલન કરાવવાની વાત વિચારી કાઢી. આ રીતે વ્યક્તિગત પાશવતા અટકાવવા જતાં સમાજમાં સામુદાયિક, સામાજિક પાશવતા અને ભય દાખલ થઇ ગયાં. અને આની વ્યવસ્થા માટે એક લોકતંત્ર એ ટોળાઓએ યોજ્યું. આવી રીતે શાસન સત્તા–Penal code–અને શાસક મંડળ–Government–માનવ સમાજમાં દાખલ થયાં.

જ્યાં સુધી આ ટોળાની સંખ્યા સહેલાઇથી સંભાળી શકાય તેવડી હતી ત્યાં સુધી તો બધા આવીને બેસતા અને ન્યાય કરતા. પણ જ્યારે ટોળાની સંખ્યા સાથે જનસંખ્યા પણ વધી, ત્યારે સગવડતા ખાતર ટોળાનો એક મુખી તેમની વતી હાજરી આપે તેમ ઠરાવ્યું. આ પ્રતિનિધિઓ નિષ્પક્ષપણે કામ કરતા, પણ જ્યારે આ પંચમાં પણ અસહિષ્ણુતા અને અંગત તત્ત્વો પેસવા લાગ્યાં, ડાહ્યાના અનુભવને બદલે સ્વમાનની તાણાતાણ થવા લાગી અને પરિણામે પંચના અભિપ્રાયમાં મતભેદો પડવા લાગ્યા, ત્યારે તેનો તોડ કાઢનાર એક મધ્યસ્થ માણસની જરૂર જણાતાં પોતામાંથી કોઇ એકને પ્રમુખ નીમવામાં આવ્યો, જે રફતે રફતે ન્યાયાધિકારી–મધ્યસ્થ માનવી–મટી ધણીરાણી થઇ પડયો અને તેના જોડીદારો પણ ફાવતી સત્તા હાથમાં લઈ બેઠા. આમ પ્રજાતંત્રમાંથી સરમુખત્યારી Dictatorshipનો જન્મ થયો.

જમાનો આગળ જતો હતો. વિકાસની સાથોસાથ વિકૃતિ પ્રગતિ કરતી હતી. હું અને મારો ઓરમાન ભાઇ પુણ્ય પણ સાથો સાથ ચાલતા હતા. મારી અને તેની વચ્ચે આગળ જવાની તીવ્ર હરીફાઇ ચાલતી હતી. કોઇ વખતે તે આગળ થઇ જતો તો કોઇ વખતે હું તેને પાછળ રાખી દેતો. પણ અંતમાં તો હું અને વિકૃતિ આગળ નીકળી ગયાં અને પુણ્ય અને પ્રગતિ બહુ પાછળ રહ્યાં. એટલે અમે તદ્દન નિરંકુશ થયા. અને આખી માનવજાતને અમારી રીતે દોરવા લાગ્યા. આપણે આગળ જોયું તેમ શાન્ત વાતાવરણમાં પેઠેલા થોડા વિકારથી કાયદા પેઠા. કાયદામાં પણ વિકાર તથા શાસનસત્તાનાં પગલાં થયાં. તેમાંથી લોકતંત્ર જન્મ્યું અને રફતે રફતે સરમુખત્યારી સુધી પહોંચી ગયા. મારો વિકાસ આટલેથી જ અટકયો નહિ, કોઇએ અટકાવવા સાચો પ્રયાસ કર્યો નહિ. પુણ્યના શાગીર્દોએ મને કાઢવા મારા મૂળમાં ઘા કરવાને બદલે ભય, લાલચ અને ભેદ નીતિનો આશરો લીધો, પણ નગદ લાભાલાભમાં માનનારા મારા ભકતો એવી વાયદાની વાતોથી થોડા ડરે કે માને તેવા હતા? જેના હાથમાં શાસનસત્તા હતી. તેઓને સત્તા મીઠી લાગતી હતી અને જનતાની નબળાઇ ચાલુ રાખવામાં જ તેને લાભ હતો, જ્યારે શાસિત પ્રજામાં ભેદકારી, આન્તર કલહ. સુસ્તી અને નબળાઇ આવ્યાં હતાં. આવા કારણોએ મને સંસારમાં જકડી રાખ્યો.

બુદ્ધિવાદે સરજેલ સંગ્રહવૃત્તિએ અને સત્તાલોભે શરૂ કરેલ શોષણ અને લુંટમાંથી જાતે દહાડે આક્રમણની ભયંકર વૃતિ જાગી. અને ગુન્હાથી રીઢા થયેલા કે લુંટાંબને નિરાશ થયેલા થોડા કાળા માથાના માનવીઓ બીજાની નાનકડી મિલકત લુંટવી લેવા માટે તેના શાન્તિથી સુતેલા માલિકટોળાને મારવા, વેર લેવા કે લૂંટવા બહારવટે નીકળ્યા, ગરીબોને રંજાડવા લાગ્યા અને જ્યારે તે ટોળા-ઓને પોતાની સહિસલામતી ભયમાં લાગી ત્યારે તેઓએ રક્ષણ કરવા માટે સૈન્યની રચના કરવા માંડી. આ સેવાના સીપાઇઓ–મરજીવાઓ–જીવના જોખમે તોફાનીઓથી ટોળાનું રક્ષણ કરતા અને પ્રજા તેના નિભાવ માટે થોડું થોડું પોતાના શ્રમફળમાંથી આપતી. ધીમે ધીમે આ રીતે સ્થાયી સૈન્ય–Military Forecs–અને કર–Taxation–આ શાન્ત ગામડિયાઓની છાતી ઉપર ચડી બેઠા. આગળ જતાં ખુદ આ સૈન્યમાં પણ ભક્ષકવૃતિ આવી. એટલે તેના સરદારે તેને લઇને દૂર પડેલા ટોળા ઉપર આક્રમણ કર્યું, સંહાર મચાવ્યો લોહીની નીકો વહેવાડી અને આખરે તેઓની નાનકડી મિલકત, જમીનના ટુકડા, થોડા પશુઓ, પાંચ પચાસ ઝુંપડા અને થોડીક સ્ત્રીઓનો સ્વામી થઈ તેમાંથી થોડો હિસ્સો સીપાઇઓને આપી પોતે રાજા બની બેઠો. આવી રીતે રક્ષણ માટે નિમાયેલા રખેપિયો રાજા થયો અને રાજતંત્રના કાળપગલાં પૃથ્વી ઉપર પડયાં (Monarch and Monarchism).

અત્યારનું રાજ્યતંત્ર, મહાજનતંત્ર, ધારાસભા, કરવેરા, લશ્કરી રચના, અને નોકરશાહીનાં ઝુંડ ખૂદ મારા સ્વરૂપો છે. એણે "સબ જમીન રામકી, સબ રઘુવીરકા દાસ" મટાડી દઇ, રાજા અને પ્રજા, શાસક અને શાસિત, ઠાકર અને ચાકર, મુડી અને મજુર નામના ભયંકર વિભાગો પાડી નાંખી માનવજાતનું મોટું અહિત કર્યું છે, એટલું જ નહિ પણ માનવના સ્વતંત્ર ખવાસ અને તેના વ્યક્તિતત્વને કાયદા, ધર્મ, કે ધર્મશાસ્ત્રના બોજા નીચે કચરી નાંખ્યા છે. આજે માનવજાત બિચારી છે, છતાં પણ ખરી કરૂણા તો એ છે કે આ સ્થિતિને પણ આજની દુનિયા પ્રગતિ, વિકાસ, ધર્મ આદિ મોટા નામથી ઓળખી બલકાય છે. એટલે જ્યાં સુધી માનવજાત ધર્મના આ દંભને ન સમજે, ખરી પુણ્ય ભાવનાને ન સમજે અને કુદરતમય શ્રમજીવન પાછું આવી માનવધર્મ પુનઃ ન સ્થપાય, ત્યાં સુધી એ વિનાશ અટકવાનો નથી અને હું કે મારો દંભી ભાઇ–આજનો સગવડિયો ધર્મ–અહિંથી જવાના નથી.

માનવતાના ધોરણે નિર્માણ થતી સમાજની પુનઃ રચના ધારે તો મને કાઢી શકે. પણ એ આશા ફલિત થવાના કોઇ ચિહ્નો આજે તો દેખાતા નથી.

સ્વ. વ્રજલાલ ધરમચંદ મેઘાણી

નોંધ–આ ઉપરનો લેખ સદ્‌ગત ડો. વ્રજલાલ મેઘાણીએ પોતાના અવસાનથી વીશેક દિવસ પહેલાં મને આપેલો. તે લેખ વાંચી જતાં મને એમ લાગ્યું કે તેમાં રજુ કરવામાં આવેલાં કેટલાંક મન્તવ્યો પ્રગટ થાય એ પહેલાં તે વિષે લેખકની સાથે વિગતવાર ચર્ચા કરું તો સારું. આ કારણે એ સમય દરમિયાન એ લેખ પ્રગટ થઇ શકયો નહોતો. ત્યાર બાદ પ્રસ્તુત લેખમાંના મહત્વના મુદ્દાઓ ચર્ચવા જેટલો અવકાશ અમને બન્નેને મળ્યો જ નહિ અને ડો. મેઘાણી આપણ સર્વને છોડીને ચાલી ગયા! આ મારા હાથ ઉપર રહેલી તેમની છેલ્લી લેખપ્રસાદી પ્રબુદ્ધ જૈનના વાંચકો સમક્ષ ધરવામાં આવે છે. એ લેખમાં 'પાપની આત્મકથા' આલેખતાં ડો. મેઘાણીએ માનવ સંસ્કૃતિના પ્રારંભકાળથી આજ સુધીના ઇતિહાસની જે અતિ સંક્ષિપ્ત છતાં અત્યંત અર્થગંભીર સમીક્ષા કરી છે અને માનવસમાજના કલ્યાણ અર્થે ઉત્તરોત્તર કરવામાં આવેલી યોજનાઓએ આખરે માનવતાનો જ કેવો વિદ્રોહ કર્યો છે તે સમજાવવા પ્રયત્ન કર્યો છે, તે સંબંધમાં પંડિત સુખલાલજીએ પ્રસ્તુત લેખ વાંચીને પાઠવેલા કેટલાક ઉદ્‌ગારો માર્ગદર્શક તેમજ મનનીય લાગવાથી પ્રસ્તુત લેખ સાથે અહિં સંકલિત કરવા ઉચિત ધાર્યું છે તેઓ જણાવે છે કે :–

"આખા લેખનો ઉદ્દેશ વિવેક અને સમત્વબુધ્ધિ જાગૃત કરવાનો છે. દ્રષ્ટિબિન્દુ તદ્દન ચોખ્ખું અને પરિમાર્જિત છે. એ દ્રષ્ટિબિન્દુની પુષ્ટિ અને સિદ્ધિ અર્થે તેમણે પાપના મુખથી ભૂતકાળ વર્ણવ્યો છે. આ વર્ણનમાં ડો. મેઘાણીએ આધુનિક સમાજશાસ્ત્ર, પ્રાચીન–વૈદિક તેમજ જૈન આદિ પૌરાણિક–કલ્પનાઓ કે માન્યતાઓ, રાજ્યતંત્રશાસ્ત્ર અને શાસનપદ્ધતિનો વિકાસ, વર્ણવ્યવસ્થાનો ઇતિહાસ, વૈજ્ઞાનિક પ્રગતિ અને ધાર્મિક બંધારણોવાળું સાહિત્ય

વગેરે અનેક વિષયોનું કરાયેલ આકળન કળામય રીતે પૂર્વભૂમિકા-રૂપે ચિત્રિત કર્યું છે. એમાં અત્યુક્તિ જેવું કશું છે જ નહિ. બહુ ઉદ્ધારદાર અને લક્ષ્યસાધક જોમ એમના આ લખાણમાં દિસે છે. કોઇ અત્યારનો ઐતિહાસિક ઇચ્છે તો એમના બધાં વિધાનો અને વાક્યોને અવતરણો શોધી શોધીને ટેકવી શકે. આવું બહુવ્યાપી લખાણ લાંબા કાળના વિસ્તૃત વાંચન અને સૂક્ષ્મ મનનનું જ પરિણામ છે.

"પ્રસ્તુત લેખમાં માનવજીવનગત સરળતા, જટિલતા અને તેમાંથી ઉદ્ભવતી સમસ્યાઓના ઉકેલ તરફ તેમણે કળામય રીતે આંગળી ચીંધી છે. એટલું ખરું કે પુણ્ય, પાપ અને ધર્મની વ્યાખ્યાઓ સ્થૂળ ભૂમિકામાં અમુક હોય છે, જ્યારે સૂક્ષ્મ ભૂમિકામાં તાત્વિક વ્યાખ્યાઓ બીજી જ હોય છે. એટલે હંમેશા સ્થૂળ ભૂમિકા ઉપર ઉભા રહેલાઓ તાત્વિકદર્શી લેખકની સામે પડવાના જ.

"પુણ્ય પાપ વિષે બદલાતી ધારણાઓનો એક રસપ્રદ દાખલો ટાંકવાનો લોભ થઇ આવે છે. પૈસો અને સ્ત્રી પુણ્યના ફળ લેખાય છે. વધારે પૈસો હોય તે વધારે પુણ્યવાન–એ માન્યતા આજે પણ છે જ. એ પણ મનાતું કે વધારે સ્ત્રીવાળો મોટો ભાગ્યશાળી. આ માન્યતા માત્ર કથાઓમાં જ નહોતી, જીવનમાં પણ કામ કરતી. ચક્રવર્તી અને વાસુદેવની શહેર વસાવાય એટલી મોટી પત્નીસંખ્યા પુણ્યની દલીલના આધારે જ સમર્થન પામી છે, અને બીજી રીતે આજ લગી પોષાતી પણ આવી છે. પુણ્યના ફળ તરીકે નારી–પરિવાર પુરૂષને લાધે, તો એ જ દલીલથી એમ પણ કેમ ન કલ્પવું જોઇએ કે વધારે પુણ્યશાળી નારી તે જ હોઇ શકે કે જેણે ઇચ્છાથી વધારે પતિઓ ક્રમે કે એક સાથે વરાવ્યા હોય? સામાન્ય નારી કરતાં પાંચ પતિવાળી દ્રૌપદી ઉપરની દલીલ પ્રમાણે વધારે પુણ્યશાળી ગણાવી જોઇએ. પણ અહિં જ પુણ્યની વ્યાખ્યા લોકો જુદી કરે છે. એ એ વાતનું સૂચન છે કે જે કાળે જે સમાજમાં જે વસ્તુ પ્રતિષ્ઠા પામતી હોય તે કાળે તે સમાજમાં તે જ વસ્તુને સાધારણ લોકો પુણ્યનું ફળ માની લે છે. વ્યાવહારિક અને તાત્વિક ધર્મ–અધર્મનો ભેદ જેટલા અંશે વધારે સ્પષ્ટ સમજાય તેટલા અંશે લોકમાનસનો વિકાસ છે એમ સમજવું જોઇએ. ભાઇ મેઘાણીનું લખાણ આવો વિકાસ સાધવાની દૃષ્ટિએ લખાયું છે."

પરમાનંદ.

જૈન સંસ્કૃતિ સંશોધન મંડળ.

કાશીમાં કેટલાક સમયથી સ્થાપવામાં આવેલ જૈન સંસ્કૃતિ સંશોધન મંડળની મુંબઇમાં શાખા ખોલવા સંબંધે વિચાર કરવા માટે તા. ૮-૩-૪૬ ના રોજ જૈન એજ્યુકેશન સોસાયટીની વ્યાખ્યાનશાળામાં શ્રી મુંબઇ જૈન યુવક સંઘના આશ્રય નીચે જૈનોની એક જાહેર સભા બોલાવવામાં આવી હતી. સભાના પ્રમુખસ્થાનેથી શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહે સભા બોલાવવાનો હેતુ સમજાવ્યો હતો અને કાશીની ઉપર જણાવેલી સંસ્થાના મુખ્ય સંચાલક ડો. બૂલચંદજીનો પરિચય આપ્યો હતો. ત્યારબાદ ડો. બૂલચંદજીએ જૈન સંસ્કૃતિ સંશોધન મંડળના હેતુઓ તેમજ પ્રવૃત્તિઓ સંબંધે વિગતવાર વિવેચન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે આજ કાલ જૈન સાહિત્યનો અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓ બહુ વિરલ માલુમ પડે છે. આ વિદ્યાર્થીઓ પોતાનો કોલેજનો કે એમ. એ. અથવા પી. એચ્. ડી. નો અભ્યાસ પુરો કર્યા બાદ શું કરવું તેની ભારે મુંઝવણ અનુભવે છે. તેમને રોકી લેનારી કે પોતાનો અભ્યાસ આગળ ને આગળ વધારવાની સગવડ આપનારી કોઇ સંસ્થા આપણે ત્યાં અસ્તિત્વ ધરાવતી નથી. પરિણામે આવા વિદ્યાર્થીને બીજા ક્ષેત્રમાં જ આખરે નોકરી કે વ્યવસાય શોધવાની ફરજ પડે છે. આવા વિદ્યાર્થીઓને આગળ વધારવાની અને સંશોધન કાર્યમાં લગાડી દેવાની ખાસ જરૂર છે. આ માટે સાધનસંપન્ન સંસ્કૃતિ સંશોધન મંડળની ખાસ જરૂર છે. આવા મંડળમાં જૈન સાહિત્યનું એક સંપૂર્ણ પુસ્તકાલય જોઇએ, જેથી સંશોધન કાર્ય સારી રીતે થઇ શકે. તદુપરાન્ત આજે આપણા મૂળ આગમોની કોઇ પ્રમાણભૂત અને જોઇતી વિષયસૂચિ ધરાવતી આવૃત્તિ ઉપલબ્ધ નથી. વળી જૈનધર્મનો આજ સુધીનો સળંગ ઇતિહાસ પણ હજુ સુધી તૈયાર કરી શકાયો નથી. જુદા જુદા સમયની હકીકતે હકીકતે કેટલીક વિગતો આજે ઉપલબ્ધ છે, પણ સંકલનાબદ્ધ ઇતિહાસ તૈયાર કરવાની ખાસ આવશ્યકતા છે. વળી આપણો ધર્મ તો પ્રાચીન છે. એમ છતાં પણ તેના મૂળ સિધ્ધાન્તો આજે પણ એટલા જ ઉપયોગી અને મહત્વના છે એમ આપણે માનીએ છીએ, તો પણ આજની પરિસ્થિતિ ઉપર એ સિધ્ધાન્તો કેવી રીતે લાગુ પડી શકે તેમ છે અને આજના પ્રશ્નોનો ઉકેલ લાવવામાં તે કેટલે સુધી કામ લાગે તેવો તેનો વર્તમાનને અનુલક્ષીને તાત્વિક દૃષ્ટિએ વિચાર કરવામાં ન આવે ત્યાં સુધી આ માન્યતાનો કોઇ અર્થ નથી. આ નૂતન નિરૂપણનો પ્રશ્ન છે. જો જૈનધર્મ અને સંસ્કૃતિએ આજના સમયમાં ટકી રહેવું હોય તો આ નૂતનનિરૂપણનો માર્ગ સ્વીકાર્યા સિવાય બીજો કોઇ ઉપાય નથી. આજ ઘોરણે નાના મોટાં નિબંધો, તેમજ સંશોધન ગ્રંથો પ્રગટ કરવા માટે એક સુવ્યવસ્થિત પ્રકાશન ખાતું ખોલવાનું આવશ્યક બને છે. આ બધી બાબતો જૈન સંસ્કૃતિ સંશોધન મંડળના પ્રદેશમાં આવી જાય છે.

આવા મંડળ માટે જેમ કાશી તેમજ મુંબઇ બહુ અગત્યનું સ્થાન છે. કાશીમાં આગેવાન ગણાતા જૈનોની વસ્તી બહુ કમ છે પણ હિંદુ યુનિવર્સીટી હુંફમાં એ પ્રવૃત્તિ ચલતી હોવાથી સંશોધન કાર્ય માટે ઉત્તમ પ્રકારની સગવડ તેમજ વાતાવરણ ત્યાં મળી શકે છે. મુંબઇ શહેર જૈન સમાજનું એક બહુ મોટું કેન્દ્રસ્થાન છે. અહિં વિદ્વાનો તેમજ ધનિક લાગણી ધરાવતા અનેક શ્રીમાનોનો સહયોગ સુલભ છે. મુંબઇમાં સંસ્કૃતિ મંડળ બોલવામાં આવે તો અનેક દિશાએ બહુ ઉપયોગી કાર્ય કરી શકે. વળી કાશીની પ્રવૃત્તિના અનુસંધાનમાં અહિંની પ્રવૃત્તિ ચાલતી હોય તો એકમેકના કાર્યમાં સંગીન પુરવણી થઇ શકે. આ કારણે જૈન સંસ્કૃતિ સંશોધન મંડળની મુંબઇમાં શાખા બોલવાની બહુ જ જરૂર છે એમ તેમણે ભાર મૂકીને જણાવ્યું. ત્યાર બાદ શ્રી. મોતીચંદ ગિરધરલાલ કાપડીઆએ તેમજ અન્ય ગૃહસ્થોએ ડો. બૂલચંદજીના વિચારોનું સમર્થન કર્યું અને આવું મંડળ અહિં ઉભું કરવાની આવશ્યકતા સ્વીકારી. છેવટે આ સભા આવા સંસ્કૃતિ સંશોધન મંડળની મુંબઇમાં શરૂઆત કરવાના વિચારને આવકારે છે અને તેની રૂપરેખા નક્કી કરીને જૈન સમાજ સમક્ષ રજુ કરવા માટે ડો. બૂલચંદજી, શ્રી મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ, શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ તથા શ્રી. પરમાનંદ કુંવરજી કાપડીઆની સમિતિ નીમવામાં આવે છે એવો શ્રી પરમાનંદ કુંવરજી કાપડીઆએ મૂકેલો પ્રસ્તાવ સર્વાનુમતે સ્વીકારવામાં આવ્યો અને ડો. બૂલચંદજીનો આ બાબતની અગત્ય તરફ જૈન સમાજનું ધ્યાન ખેંચવા માટે ઉપકાર માની સભા વિસર્જન કરવામાં આવી.

સ્વ. ડો. વ્રજલાલ ધરમચંદ મેઘાણી સ્મારક ફંડ

૧૪૭૭)	તા. ૧૫-૨-૪૭ ના અંકમાં સ્વીકારેલા	
	૧૦૧)	શ્રી. નરોત્તમદાસ અમરચંદ
	૧૦૧)	,, તારાબહેન માણેકલાલ પ્રેમચંદ
	૫૧)	,, જગજીવનદાસ સુખલાલ આજમેરા
	૫૧)	,, લખમશી ધેરાભાઇ
	૫૧)	,, ચીમનલાલ પી. શાહ
	૩૨)	,, સયુકત જૈન વિદ્યાર્થીગૃહના વિદ્યાર્થીઓ તરફથી.
	૨૫)	,, પ્રતાપભાઇ હરિદાસની કું.
	૨૫)	,, નંદલાલ શાહ
	૨૫)	,, નથુભાઇ તેજીદાસ પારેખ
	૧૧)	,, ધીરજલાલ ધનજીભાઇ શાહ
	૫)	,, રતનજી પ્રેમચંદ (વેરાવળ)
૧૯૫૫)		

વેદનામૂર્તિનું વિસર્જન

હજુ ડૉ. વ્રજલાલ મેઘાણીની અવસાનનોંધની શાહી સુકાઈ નથી એવામાં શ્રી. ઝવેરચંદ મેઘાણીના અવસાન સમાચાર સાંભળતાં હૃદય બેહોશ બની જાય છે અને લેખિની સ્તબ્ધતા અનુભવે છે. હાથ ઉપરની હીરાની વીંટી કોઇ ઝુંટવી ગયું એની હાય પોકાર હજુ શમેલ નથી, એટલામાં તો નિષ્ઠુર વિધાતાએ માથાનો મુગુટ-મણિ ઝડપી લીધો અને આપણ સર્વને શુન્યતેજ બનાવી દીધા. આ ઘટનાએ ઉપજાવેલી મર્મદારક વેદના કયા શબ્દોમાં વ્યકત કરવી તેની કોઇ રીતે સુઝ પડતી નથી.

હજુ થોડા સમય પહેલાં જાન્યુઆરી માસની ૧૯ મી તારીખે સવારમાં મળેલી ડૉ. મેઘાણી વિષેની શોકસભામાં મિત્રોએ પ્રસંગાનુરૂપ કાંઇક ગીત સંભળાવવા ભાઇ મેઘાણીને વિનંતિ કરી અને એ વિનંતિને સહજ ભાવે માન્ય કરીને સંહારના સ્વામીને સંબોધીને રચેલું ભવ્ય પ્રાર્થનાગીત તેમણે સંભળાવેલું. તેમના એ બુલંદ અવાજના ભણકારા હજુ કાનમાં શમ્યા નથી, એટલામાં તો તેમણે પણ પોતાનાં બધાં ખાતાં ખતવીને જીવનભરનું સરવૈયું સંહારના સ્વામીના ચરણમાં ધરી દીધું! એ ગીત આપણે તેમની પાસેથી છેલ્લું છેલ્લું જ સાંભળી રહ્યા છીએ એવી સ્વપ્નેય કોઇને કલ્પના સંભવતી હતી ખરી? કાળના કુઠારપ્રહાર આવા જ હોય છે! કાળની નિષ્ઠુરતા આપણને અવાક્ બનાવી દે છે.

અલબત્ત છેલ્લાં છેલ્લાં બે વર્ષ દરમિયાન તેમનું શરીર ભાંગતું જતું હતું. હરસ, સંધિવા આદિ ઉપાધિઓ તેમના શરીરને ક્ષીણ બનાવી રહેલ હતી. આમ છતાં પણ પુત્રછાબના અતિવ્યવસાયી તંત્રીપણાથી તેઓ કેટલાક સમયથી નિવૃત્ત થયા હતા અને બોટાદમાં હરીહામ થઇને બેઠા હતા. પોતાની તબિયતની અનુકુળતા મુજબ તેઓ પોતાની સાહિત્યપ્રવૃત્તિ ચલાવતા હતા. મોટા દીકરો ચિ. મહેન્દ્ર પત્રકારિત્વના પ્રદેશમાં ઠીક ઠીક ગોઠવાઇ ગયો હતો. મોટી દીકરી ચિ. ઇન્દુનો પણ વિવાહસંબંધ નક્કી કરી લીધો હતો અને થોડા સમયમાં લગ્ન કરવાની વિચારણા ચાલતી હતી. એટલે એ બાજુની ચિન્તા પણ હળવી બની હતી. શ્રી. ચિત્રાદેવી ભરતગુંથણનો સ્વતંત્ર વ્યવસાય ચલાવી રહ્યાં હતાં અને મેઘાણીભાઇની કમાણીમાં ઠીક ઠીક પુરવણી કરી રહ્યાં હતાં. બે ઘરનાં ઘર બનાવ્યાં હતાં. ઘેર દુધાળાં ઢોર બાંધ્યાં હતાં. અનેક કારણોએ અવારનવાર અસ્વસ્થ બનતું રહેતું ગૃહજીવન સરળ સપાટી ઉપર વહેવા લાગ્યું હતું. આવી ઉત્તરોત્તર અનુકુળ બનતી જતી પરિસ્થિતિને અંગે મેઘાણી ખુબ પ્રસન્ન અને સંતુષ્ટ દેખાતા હતા. આજ સુધી તેમણે ઘણું કર્યું હતું, પણ હવે પછીનો કાલ તો કોઇ જુદાજ પ્રકારનો ઉતરશે એમ તેમના નિકટવર્તી મિત્રો અને શુભેચ્છકો આશા સેવી રહ્યા હતા. એવામાં કાળની કરડી નજર હજુ હમણાં જ નિરાંત વાળીને સુતેલા અને સુખભર્યા ભાવી જીવનનાં સ્વપ્નાં ચિન્તવતા ભાઇ મેઘાણી ઉપર પડી અને આંખના પલકારામાં તેઓ પરલોકવાસી બની બેઠા! આ તે આપણું કેવું હીનભાગ્ય?

સ્વ. ઝવેરચંદ મેઘાણી

મેઘાણી કોલેજમાં ભણતા હતા ત્યારનો મને તેમની સાથે સંબંધ હતો. અમે લગભગ સમવયસ્ક હતા. તેમની સાથે મને ગાઢ મૈત્રી હતી એમ હું કહી ન શકું, પણ તેમનો મને સારો એવો પરિચય હતો. તેમના લોકસાહિત્યમાં તો મને રસ હતો જ. પણ એ ઉપરાન્ત જ્યારે પણ પ્રસંગ મળે, ત્યારે દેશ અને સમાજમાં બનતી નાની મોટી ઘટનાઓ પરત્વે તેમની સાથે વિચાર વિનિમય કરવાનો મને હંમેશા ખૂબ લોભ રહેતો. ભાવનગર ગયો હોઉં તો અવકાશ મળ્યે એક આંટો હું બોટાદ ગયા વિના ન રહેતો. તેઓ મુંબઇ આવે ત્યારે પણ તેમનો સમાગમ હું હંમેશાં શોધ્યા કરતો. એક તો તેમની નિખાલસતા, બીજું ચોતરફ બનતા બનાવો વિષે તેમના ચિત્તની જાગૃતિ, ત્રીજું અનન્ય સંવેદનશીલતા. આ કારણોને લીધે તેમને મળવું અને તેમની સાથે કલાકના કલાક સુધી વાતો કરવી એ વહેતી જ્ઞાનગંગામાં સ્નાન કરવા બરોબર હતું. તેમનું લખેલું સર્વ સાહિત્ય મારા વાંચવામાં આવ્યું છે એમ હું કહી ન શકું, પણ જ્યારે જ્યારે કોઇ પણ તેમનું લખાણ મારું ધ્યાન ખેંચતું ત્યારે તે વિષે મારા મન ઉપરનો પ્રત્યાઘાત હું તેમને જણાવ્યા વિના ન રહેતો. આમાં તેમની કૃતિની પ્રશંસાએ હોય, અને સખ્ત ટીકા પણ હોય. આ રીતે તેમની સાથે અવારનવાર પત્રવ્યવહાર પણ ચાલ્યા કરતો. તેમની પ્રશંસાથી તેઓ ચરિતાર્થતા અનુભવતા. તેમની ટીકા તેઓ હંમેશા નોતરતા, આવકારતા. "મેઘાણીભાઇ! તમારું આ મને ન ગમ્યું. આવું તમે શું લખ્યું?" એમ જ્યારે કહીએ ત્યારે હંમેશા તેઓ પુરી શાન્તિ અને પ્રસન્નતાથી સાંભળતા, પોતાનું દૃષ્ટિબિન્દુ સમજાવવા પ્રયત્ન કરતા; વિશેષ ચર્ચાના પરિણામે પોતાની ભૂલ લાગે તો ત્યાં ને ત્યાં જ તેઓ કબુલ કરતા અને નહિ તો પણ "ભાઇ, તમે કહો છો એ હું જરૂર વિચારી જોઇશ" એવો તેઓ ઉત્તર વાળતા. 'આ બાબતમાં તમે ન સમજો' એવો ઉત્તર મેઘાણીના મોઢે કદિ ન સંભવે. આવો તેમની સાથેનો મારો સુદીર્ઘ પરિચય હતો. આજે તેમની સાથે કરેલી કલાકોના કલાકો સુધીની ચર્ચાઓનાં સ્મરણો ચિત્તમાં જાગૃત થાય છે. તેમને લખેલા પત્રો અને તેમના આવેલા પ્રત્યુત્તરો યાદ આવે છે. સાહિત્ય, સામાજિક પ્રશ્નો, રાજકારણ, ગાંધીજી,—આ અમારી ચર્ચાના ચાલુ વિષયો હતા. આવું નિરાંતે મળવાનું અને વિચારોની છુટથી આપલે કરવાનું મારી જેવા અનેકને માટે તેઓ એક મોટું અવલંબનસ્થાન હતા. તેમની પ્રજ્ઞા સર્વદેશીય હતા. દેશભરમાં ચોતરફ બનતી ઘટનાઓના તેઓ એક સતત જાગૃત ચોકીદાર હતા. આવો એક સાથી, સમાનધર્મી સહૃદય સન્મિત્ર ગુમાવતાં મારી જેવા તેમના અનેક મિત્રોને પડેલી ખોટ માપી મપાય તેમ નથી, પુરી કદિ પુરાય તેમ નથી.

આજના સાહિત્યકારોમાં તેમનું સ્થાન મોલવવાનો મારો કોઇ અધિકાર નથી. એવી કોઇ જરૂર પણ નથી. તેમનું વ્યક્તિત્વ સમગ્ર સાહિત્યકારોથી એટલું બધું નિરાળું હતું કે તેમને કોઇની ઉપર કે નીચે મૂકવાનો કોઇ અર્થ પણ નથી. એમ છતાં પણ માણસનું મન એવું છે કે તેને સરખામણી કર્યા સિવાય ચેન પડતું નથી. આ રીતે વિચારતાં તેઓ આખા સાહિત્યક વર્ગથી બે બાબતમાં એકદમ જુદા તરી આવતા હતા. મારા સદ્‌ભાગ્યે અનેક કવિઓ, લેખકો તેમજ સાહિત્યકારોના ઠીક ઠીક પરિચયમાં આવવાનું બન્યું છે. પોતપોતાના વિષયમાં તેમનાથી ચડી જાય એવી અનેક વ્યકિતઓ આજે સમાજમાં અસ્તિત્વ ધરાવે છે. કવિતા માત્રનું છેલ્લું સીમાચિહ્ન મેઘાણી હતા એમ પણ આપણે કહી ન શકીએ. પણ આવી અસાધારણ સાહિત્યપ્રતિભા ધરાવતાં છતાં નમ્રતાની-નિરભિમાનપણાની જે પરા કોટિ ભાઇ મેઘાણીમાં અનુભવગોચર થતી હતી તેની

અન્યત્ર કોઇ પણ આવું વિશિષ્ટ સ્થાન ધરાવતી વ્યક્તિમાં જાણી, સાંભળી કે નીહાળી નથી. બીલકુલ ધમંડ નહી એવો સાહિત્યકાર આપણે પહેલવહેલો જોયો હોય તો તે મેઘાણી હતા. કાર્લાઇલે એક સ્થળે કહ્યું છે કે આત્મમહત્તાના અભાનમાં માનવીવિશેષની સાચી મહત્તા રહેલી છે. આ કથન મેઘાણીને સર્વાંશે લાગુ પડતું હતું.

તેમને અન્ય સાહિત્યકો અને ખાસ કરીને કવિઓથી જુદા પાડતી બીજી બાબત એ હતી કે તેમનામાં કવિતા સાથે જે ડોલન હતું તેવું ડોલત–તન્મયતા–મસ્તી–પોતાના કાવ્ય વિષય સાથેની એકરૂપતા–મેં તો હજુ કોઇ અન્ય કવિમાં નિહાળી નથી. તેઓ બુલંદ અવાજે કોઇ પણ ગીત ગાવું શરૂ કરતા કે તેમના પગ તાલ આપવા માંડતા, હાથ ઝુલવા માંડતા, આંખોમાંથી નૃત્ય ઝરવા લાગતું અને મદોન્મત્ત હાથીની માફક તેમનો આખો પંડ ડોલવા લાગતો. વાસ્તવિક દુનિયા તેઓ એકાએક ભુલી જતા અને શ્રોતા વર્ગને પણ ભુલવાડી દેતા. આવું ડોલન ભાઇ મેઘાણી સાથે આજ તો ગયું તે ગયું જ છે. તેનો પ્રતિનિધિ કોણ જાણે પાછો કયારે જન્મશે!

ગાંધીજીએ લોકજીવનના વિશાળ ક્ષેત્રમાં જે કાર્ય કર્યું છે તેજ કાર્ય ભાઇ મેઘાણી સાહિત્યના સાંકડા ક્ષેત્રમાં સાધી ગયા છે. મેઘાણી નહોતા ત્યાં સુધી રાજકારણ માફક સાહિત્ય કેવળ શિષ્ટ-ભોગ્ય વસ્તુ હતી. એ સાહિત્યને ખરેખર લોકભોગ્ય બનાવવાનો સર્વ યશ ભાઇ મેઘાણીના ફાળે જાય છે. આ ઉપરાંત કહેવાતા લોકસાહિત્ય વિષે પ્રતિષ્ઠિત સાહિત્યકારોની કેવળ ઉદાસીનતા હતી, એટલું નહિ પણ લોકસાહિત્ય પ્રત્યે તેઓ એક પ્રકારની ઘૃણા સેવતા હતા. આ લોકસાહિત્યની વિશેષતાઓ બહાર લાવવાનું કાર્ય ભાઇ મેઘાણીએ કર્યું છે, એટલું જ નહિ પણ લોકસાહિત્ય અને શિષ્ટ સાહિત્ય વચ્ચેની અભેદ્ય દીવાલ પણ ભાઇ મેઘાણીએ જ ભાંગી છે. લોકસાહિત્યની હાકલ ભાઈ મેઘાણીએ ઘેર ઘેર સંભળાવી છે. 'લોકસાહિત્યમાં રહેલું અપૂર્વ નવનીત જાણો અને માણો' આવી ટેક ભાઇ મેઘાણીએ શેરીએ અને ચૌટે નાંખી છે. ભાઇ મેઘાણી એક વખત એકલા અટુલા હતા. આજે તો તેમને ઉભયપક્ષે–સાહિત્યકોએ તેમજ આમ જનતાએ–સ્વીકાર્યા છે, આવકાર્યા છે, અપનાવ્યા છે. આવી રીતે પોતાનું જીવિતકાર્ય ભાઇ મેઘાણીએ અનેક રીતે પાર પાડયું છે. આ કાંઇ જીવનની નાનીસુની ધન્યતા નથી.

સાહિત્યના ક્ષેત્રમાં તેમના પુરોગામીઓનો વિચાર કરીએ તો તેઓ મીરાં, નરસિંહ મહેતો તેમજ પ્રેમાનંદની પરિપાટીના હતા એમ આપણે જરૂર કહી શકીએ. અથવા તો એમ કહેવું વધારે યોગ્ય ગણાય કે ભાઇ મેઘાણીને જોઇને મીરાં, નરસિંહ મહેતો કે પ્રેમાનંદ કેવાં હશે તેની આપણે કલ્પના કરી શકીએ છીએ. કવિ નહાનાલાલે ભાઇ મેઘાણીને વોલ્ટર સ્કોટ સાથે સરખાવેલા. સામલદાસ કોલેજના પ્રીન્સીપાલ શહાણીએ મેઘાણીને એક વખત હોમર સાથે સરખાવ્યા હતા. સાહિત્યના ક્ષેત્રમાં આ મહામાનવોની ભાત જ કોઇ જુદા પ્રકારની હોય છે. નિરાંતે ખાવું પીવું અને સુવું, સ્વસ્થ વેતન ઉપર જીવનનિર્વાહ કરવો અને અવકાશ મળે તે મુજબ કાવ્યો કે લેખો લખવા અને સંગ્રહો પ્રગટ કરવા, જનતાના સન્માનના અધિકારી લેખાવું અને જનતાથી અતડા રહીને વિચરવું–આ ભાત તેમની નથી. તીવ્ર સંવેદનોથી સદા ક્ષુબ્ધ બનેલા રહેવું અને પોતાના દિલમાં જે સ્ફુર્યું તે આમજનતાને સંભળાવવું, એકતારો લઇને જગતને ખુણે ખુણે ભમવું અને પોતાનો જીવન-સંદેશ સૌ કોઇના કાને નાંખવો, સુતેલાને જગાડવા અને જાગેલાને કાર્યપ્રવૃત કરવા, લોકોને રડાવવા, હસાવવા, ઉત્તેજિત કરવા; તેને ન હોય ખાવા પીવાની નીરાંત કે સાધન સગવડની સ્વસ્થતા. એક જ ધુન, એક જ તાન. માનાપમાનથી કેવળ બેપરવા. જનતા સાથેનું અપૂર્વ તાદાત્મ્ય. તે જ્યાં જાય ત્યાં લોકો તેની પાછળ ગાંડા માફક ભમે અને તેના શબ્દોને અમૃત માફક ઝીલે. વ્યાસ વાલ્મીકીના કાળથી જનતાના કવિઓની આવી પરિપાટી ચાલી આવી છે. આપણું કેટલું મોટું સદ્‌ભાગ્ય કે એ પરિપાટીના વારસદાર મેઘાણીને આપણે નજરે નિહાળ્યા, સાંભળ્યા અને માણ્યા?

મેઘાણીના જીવનની અનેક બાજુઓ છે અને તેમની સાહિત્ય ચર્યાનાં પણ ભિન્ન ભિન્ન સ્વરૂપો છે. પણ કોઇ એક વિશિષ્ટ લક્ષણથી મેઘાણીને ઓળખાવવા હોય તો હું એટલું જ કહું કે મેઘાણી એટલે વેદનામૂર્તિ. મેઘાણી હસે, બોલે, વાતો કરે, આનંદ વિનોદમાં પુરો ભાગ લે–એ બધું છતાં અને એ બધાં પાછળ હતું એક ઉંડું વેદનાનું તત્ત્વ. તેમના સર્વ સાહિત્ય નિર્માણની જનની પણ આ વેદના જ હતી. આપણા ઉંચા સાહિત્યધન વિષે લોકોની ઉપેક્ષા, આપણી ગુલામી અને નિર્માલ્યતા, આપણી ગરીબી અને અજ્ઞાનતા, વિદેશી રાજ્યસત્તાનું દમન અને પ્રજાની આઝાદીની તમન્ના, દલિત તેમજ પતીત વર્ગોની પાર વિનાની દુર્દશા અને ધનવાનોના બેફામ ભોગવિલાસો, સ્ત્રીઓની પરાધીનતા અને જન સમાજની રૂઢિગ્રસ્તતા–આવી અનેક બાબતોનું દર્શન તેમજ ચિન્તન તેમની વેદનાનું મૂળ હતું અને એ વેદના એમના સર્વ વિકાસ અને ઘડતરનો પાયો હતો. ભાઇ મેઘાણી વિષેની મારા મન ઉપર પડેલી આ છાપ એટલી સચોટ હતી કે કેટલાંક વર્ષો પહેલાં બહાર પડેલો તેમના યુગવંદના નામના કાવ્ય સંગ્રહને મેં તો યુગવેદનાના નામથી જ ઓળખેલો અને જ્યારે ભાઇ મેઘાણીએ મારી ભુલ સુધારી ત્યારે પણ તે કાવ્ય સંગ્રહનું 'યુગવેદના' એ મુજબ નામ બદલવા મેં તેમને આગ્રહ કરેલો.

આ આવસાનનોંધમાં ભાઇ મેઘાણીના જીવનની એક ખાસ બાજુનો ઉલ્લેખ ન કરું તો આ નોંધ અધુરી લેખાય. જે મેઘાણીના આવી મહાન સાહિત્યસેવાની આપણે આટલા બધા ગૌરવપૂર્વક નોંધ લઇએ છીએ તેમનું અંગત ખાનગી જીવન કેવું અને કેટલી યાતનાઓથી ભરેલું હતું તેની કોઇને ખબર છે ખરી? તેમણે લગભગ આખું જીવન ગરીબી અને બેચમાં જ પુરું કર્યું હતું. પૈસા કમાવાના કેટકેટલાં પ્રલોભનો સરસ્વતીની એકલક્ષી ઉપાસનાની ખાતર તેમણે ઠેલ્યાં હતાં. દર અઠવાડીયે ઇચ્છા હોય કે ન હોય, પ્રેરણા હોય કે ન હોય, તબિયત દુરસ્ત હોય કે ન હોય–કોલમોના કોલમો માંગતું અતિ વ્યવસાયી વર્ષો સુધીનું પત્રકારિત્વ તેમણે ઉદર-નિર્વાહ અર્થે સ્વીકારેલું તેમાં પણ અમુક અંશે સરસ્વતીની આરાધના થઇ રહી છે એ સમાધાન જ તેમને ટકાવી રહ્યું હતું. તેમનાં આગળનાં પત્ની સૌ. દમયન્તીબહેન ચાર બાળકો મુકીને વિદાય થયેલાં. ત્યાર બાદ લગ્ન કરવું તો કોઇ વિધવા સાથે જ કરવું એ પ્રતિજ્ઞા ચિત્રાદેવીમાં પાર પડતી જાણી તેમનું પાણી ગ્રહણ કર્યું. તેમનાથી પણ તેમને ચાર કે પાંચ સન્તાનો પ્રાપ્ત થયાં. તીવ્ર સંવેદનશીલ કલ્પનાપરાયણ કવિ માનસ, અત્યન્ત લાગણીપ્રધાન અને કોમળ પ્રકૃતિ, નાનો સરખો આઘાત અપનાવી લેવાનું અસામર્થ્ય–એવા આપણા મેઘાણી અને દુનિયાની દૃષ્ટિએ કેવળ વાસ્તવિકતાને જ નજર સામે રાખતી પત્ની સાથેનો સંસાર અને ઉત્તરોત્તર વધતો જતો સંતાન પરિવાર, નાના મોટાં કારણોએ ઉભી થતી અથડામણો, વળી પાછળના સમયમાં શરૂ થયેલી શારીરિક અસ્વસ્થતા તથા કુટુંબમાં નાની મોટી માંદગીઓ–આવા વિષમ સંયોગો વચ્ચે અને પ્રાકૃતિક પ્રતિકુળતાઓ વચ્ચે ભાઇ મેઘાણીએ પોતાનું લગભગ આખું જીવન પસાર કર્યું છે. બહારની દુનિયા તો તેમની સુન્દર કૃતિઓ નિહાળે છે, તેમનાં કાવ્યો અને રોમાંચપ્રેરક ગીતો સાંભળી તેમની વાહવાહ બોલે છે, અને તેમને સન્માન સમારંભોથી નવાજે છે. પણ આ બધું કેવી ભીંસ, મથામણ, માણસને કદિ કદિ આપઘાતના વિચાર તરફ ધસડી જાય એવી ગુંગળામણો વચ્ચે, મોડી રાત સુધી જાગીને અને અડધી રાતે ઉઠીને, કૌટુંબિક જવાબદારીઓને અને સૌ કોઇ નજીકના માનવીઓની પાર વિનાની અપેક્ષાઓને માણ માણ પહોંચી વળતાં અયત રહેના સમય દરમિયાન નિર્માણ થયું છે તેની કોઇને પણ કલ્પના આવવી મુશ્કેલ

છે. તેમણે દુનિયાનું દુઃખ ખુબ ગાયું છે, પોતાનું દુઃખ પોતાની હાયવરાળ અત્યન્ત નિકટવર્તી મિત્રો સિવાય કોઇની આગળ વ્યકત કરેલ નથી. આંખનાં આંસુઓ ખાળીને તેમણે સદા હસતું મોહું રાખ્યું છે. પણ જેઓ તેમની બહુ નજીક હતા તેઓ જાણતા હતા કે 'મેઘાણી બે છેડે બળી રહ્યા છે. મેઘાણી અંદરથી ભાંગી રહ્યા છે. આમ ને આમ ચાલે તો મેઘાણી લાંબો વખત ટકી ન શકે.' અને બન્યું પણ એવું કે સુખનો અને સ્વસ્થતાનો દહાડો શરૂ થયો ન થયો, કૌટુંબિક સ્વાસ્થ્યનાં મંગળ પગલાં મંડાયાં ન મંડાયાં, મિત્રોની ચિંતા હળવી બની ન બની એવામાં તો કાળનું કહેણ આવ્યું અને મેઘાણી આપણ સર્વને છોડીને જ્યાં કોઇ વિષમતા નથી અને જ્યાં વાસ્તવિકતા અને કવિતા વચ્ચે કોઇ કુમેળ નથી એવી દુનિયા તરફ તેઓ ચાલી નીકળ્યા. શ્રી અમૃતલાલ દલપતભાઇ શેઠે મેઘાણી સંબંધે પોતાનાં સ્મરણો રજુ કરતાં મને જણાવ્યું કે અમારા સહવાસકાળ દરમિયાન કોઇએ મને પુછેલું કે આટલા બધા લાગણીપરાયણ માણસને તમે શી રીતે જાળવી શકો છો? ત્યારે મેં જવાબ આપેલો કે "મેઘાણીભાઇને તો અમારા ગુજરાત કાઠિયાવાડની એક વીણા સમાન લેખું છું. વીણા આંગળીથી પણ ન વાગે. તે માટે તો તારની નખલી જોઇએ. હું પણ મેઘાણીને આ રીતે આટલી કોમળતાથી સંભાળું છું." અમૃતલાલભાઇનું આ કથન તેમના વર્તનને અનુરૂપ હતું, પણ વિધાતાએ મેઘાણીભાઇ પ્રત્યે એવી કોમળતા કદિ દાખવી નથી. વિધાતાએ તેમને ઘણી વખત ઉંચેથી નીચે પછાડયા છે અને ભાગ્યે જ સુખચેનમાં સુવા દીધા છે. કદરદાન સમાજે પણ તેમનું ગૌરવ કરવામાં અને વધારવામાં જ સંતોષ ચિન્તવ્યો છે. તેમની કોઇ અગવડો મુંઝવણો દુર કરવાની ચિન્તા પોતાને હૈડે ધરી જ નથી. મેઘાણી આટલી નાની ઉમ્મરે આપણને છોડીને ચાલી ગયા એ પાછળ વિધાતાનું અને એકંદર સમાજનું કોઇ કાવતરું હતું એવો આક્ષેપ કરવાનું મન થઇ આવે છે. મેઘાણીના માર્ગે ચાલી રહેલા અનેક યુવી કાવ્યકારો, કળાકારો અને સરસ્વતીના અનન્ય ઉપાસકોની આવી જ જીવનકથા સાંભળવામાં આવે છે.

ભાઇ મેઘાણી કરતાં વધારે ઉંચી કક્ષાનો કવિ મળશે, નવલકથાકાર મળશે, વિવેચક મળશે, પત્રકાર મળશે, અનુવાદક મળશે, ગાયક મળશે, પણ જે માનવતાની ઉચ્ચ કક્ષા આપણે ભાઇ મેઘાણીમાં અનુભવગોચર કરી છે, જે દર્દ અને વેદનાના તીણા સૂરો મેઘાણીની વીણામાંથી ઉઠતા આપણે સાંભળ્યા છે, તે માનવતા, તે દર્દ, તે વેદના આપણને તો આપણા જીવનમાં અન્યત્ર લાધવાનાં છે જ નહિ. કેટલો શક્તિસંપન્ન આત્મા? અને એમ છતાં કેટલી બધી લાઘવતા? કેટલી અગાધ વિદ્વતા અને સાહિત્યસમૃધ્ધિ? અને એમ છતાં આજીવન વિદ્યાર્થી, 'મને ગીતો આપો, ગાયનો આપો, ભજનો આપો, નવા ઢાળો આપો' એવો સદાનો એ વાચક અને સંશોધક! કેટલી મોટી જીવનસાધના? અને એમ છતાં 'પણ હજુ તો મારે આ કરવું છે, તે કરવું છે, હજુ આ બાકી છે, તે જોવાનું છે.' એમ કંઇ કંઇ કરવાના તેમને કોડ અને હજુ તો પાશેરામાં પહેલી પુણી છે એવો ઉંડા દિલનો અસંતોષ! આવો માનવી—આવો નરપુંગવ—આપણને હવે કયાં જોવા મળશે? તેઓ કલાકના કલાક ગાતા અને લોક સાહિત્યનું એકધારું નિરૂપણ કરતા, સાંભળનાર થાકે પણ સંભળાવતા ન થાકે એટલો બધો તેમનો અદમ્ય ઉત્સાહ અને તમન્ના હતી, ભાવે તો આરોગો અને પેટ ભરીને ખાઓ—આવો ભરપુર ભોજન અને ભાતભાતનાં મિષ્ટાનોથી ભરેલો રસથાળ તેઓ પીરસતા. આવો અતૂટ કાવ્યપ્રવાહ હવે કોણ વહાવશે અને આપણને આમ ઉંડા કાવ્યરસમાંથી કોણ તરબોળ કરશે? મુંબઇ, ગુજરાત અને કાઠિયાવાડની એવી એક પણ વ્યાખ્યાનશાળા નહિ હોય કે જ્યાં મેઘાણી ગાજ્યા અને ગરજ્યા નહિ હોય. એ વ્યાખ્યાનશાળાઓ આજે હવે કોણ ભજવશે અને વીર, શૃંગાર, અને કરૂણ રસનાં આદોલનો હવે કોણ વહેતાં કરશે? આમ જેમ જેમ વિચારીએ છીએ તેમ તેમ મેઘાણીની ખોટ પાર વિનાની દેખાય છે. એટલું જ આશ્વાસન રહે છે કે મેઘાણી પણ કાળનો જ પરિપાક હતા. આપણે ત્યાં શરૂ થયેલ ઉત્થાનકાળનો તેઓ એક સીમાસ્તંભ હતા. જે કાળે મેઘાણી પેદા કર્યા અને જે રાષ્ટ્રવ્યાપી નવનિર્માણે મેઘાણીને આગળ ધર્યા તે કાળ અને નવનિર્માણ અનન્ત શકયતાઓથી ભરેલાં છે. તેમાંથી કાળાન્તરે બીજા ગાંધી પણ પાકશે અને બીજા મેઘાણી પણ જરૂર ઉભા થશે. આ સમાધાન સાથે ભાઇ મેઘાણીને આપણા હૃદયની અંજલિ અર્પીએ અને તેમના વેદનાગ્રસ્ત આત્માને પરમ શાન્તિ અને અખૂટ સ્વસ્થતા ઇચ્છીએ.

પરમાનંદ

નવું અંદાજ પત્ર

વચગાળાની સરકારનાં મુસ્લીમ લીગર નાણામંત્રી શ્રી. લીઆકત અલીખાનના અંદાજપત્રને મિશ્ર આવકાર મળ્યો છે. આ પ્રથમ 'રાષ્ટ્રીય અંદાજપત્રે' જેટલી ચર્ચા ઉભી કરી છે તેટલી ભાગ્યે જ બીજા કોઇ અંદાજપત્રે ઉભી કરી હશે. વડી ધારાસભાના કામદાર આગેવાનોએ આ અંદાજપત્રનું સ્વાગત કર્યું છે. એક બાજુએ કામદાર—આગેવાનોએ પોતાના ભાષણોમાં જણાવ્યું કે સારૂએ અંદાજ—પત્ર નીડરતાથી ઘડવામાં આવ્યું છે અને નાણામંત્રીએ ગરીબ આમજનતા પ્રતિ પક્ષપાત દર્શાવ્યો છે, જ્યારે બીજી બાજુએ રાષ્ટ્રની વેપારી કોમે આ અંદાજ—પત્રની વિરૂદ્ધ જેહાદ જગાવી છે. નાણામંત્રીએ પોતાના ભાષણમાં અંદાજ—પત્રને બે રીતે ન્યાયયુકત ઠરાવ્યું છે; એક તો રાષ્ટ્રના અર્થકારણની ખાધ પૂરી કરવાના સાધન તરીકે અને બીજું નફાની બને તેટલી ન્યાયી ધોરણે વહેંચણી થાય તે માટે. આ બે મુદ્દાઓના જવાબમાં કેટલાક લોકો એટલા જ જોરથી. જણાવે છે કે રાષ્ટ્રના અર્થકારણની ખાધ આપણને આટલા બધા મુંઝવી નાંખે તેવી છે જ નહિ અને સંપૂર્ણ આર્થિક આયોજન વડે અને કર ઉઘરાવનાર તંત્રની વિચારપૂર્વકની પુર્નવ્યવસ્થા દ્વારા એ ખાધ પૂરી કરી શકાત. સમાન વહેંચણીના જવાબમાં એમ દલીલ કરવામાં આવે છે કે સારીએ આર્થિક વ્યવસ્થાનું આયોજન કર્યા સિવાય, કોઇ ખાસ વર્ગ પ્રત્યે કડક વળણ અખ્તયાર કરવાથી સમાન ન્યાયનો જ હેતુ માર્યો જશે.

એ વાતનો કોઇ ઇનકાર નહિ કરે કે યુદ્ધ—કાળ દરમિયાન કર—વેરામાંથી છટકી જવા માટે અનેક લોકોએ જાત જાતના છળકપટ કર્યા હતા, યુદ્ધના વર્ષોનું આ લાક્ષણિક ચિહ્ન હતું. થોડાં વર્ષ પૂર્વે સર જેરેમી રેઇસમેને જણાવેલું કે યુધ્ધ દરમિયાન નવા ભારે કર—વેરા નાખ્યાં હોવાથી આવક વેરો એકઠો કરતું તંત્ર તદ્દન શિથિલ થઇ ગયું હતું. શ્રી. લીઆકતઅલીખાને પોતે જ એમનાં ભાષણમાં જણાવેલું કે જો કર—વેરા યોગ્ય રીતે ભરવામાં અને ભેગાં કરવામાં આવ્યાં હોત, તો પ્રત્યેક વર્ષની સરેરાશ આવક ત્રીસ લાખની કમાણીના હિસાબે, ઇ. સ. ૧૯૪૧—૪૨ થી ઇ. સ. ૧૯૪૫—૪૬ ના ગાળા દરમિયાન ૧૫૦ લાખ રૂપીઆ કમાનારના હાથમાં છેવટે માત્ર ૨૬ લાખ રૂપીઆ જ રહ્યા હોત. પણ વાસ્તવિક જીવનમાં આટલા ગંજાવર કરવેરા ભાગ્યે જ ભરવામાં આવ્યા છે. બીજી બાજુ, સરકારે કાળા બજારને માત્ર નભાવી લીધાં નથી, પરંતુ અનેક પ્રકારે તેને પ્રોત્સાહન આપ્યું છે. ઉપરની બે હકીકતો સરકારી—તંત્રની નિર્બળતા અને નાકામયાબી પર પૂરતો પ્રકાશ પાડે છે. આ સરકારી—તંત્રને સુવ્યવસ્થિત કરી નવચેતન દેવાની સુચના નાણામંત્રીએ પોતાના અંદાજ—પત્રમાં કરવી જોઇતી હતી. કારણ સ્પષ્ટ છે. નાણામંત્રી જેટલી આવક ધારે છે તેના કરતાં યે ઘણી

વધારે આવક, હાલનાં કર-વેરાના દર અનુસાર, પુનર્વ્યવસ્થિત તંત્રની મદદથી પ્રાપ્ત થઇ શકે તેમ હતું.

આમ કરવાને બદલે, નાણામંત્રીએ કુલ આવકની ઇચ્છાપૂર્વક ઓછી આંકણી કરી છે. આ આંકણી સામે દેશભરમાં શંકા સેવાઇ રહી છે. આ આંકણી તેમણે સામાજિક ન્યાય માટે સૂચવેલા અવિચારી પગલાંની ન્યાયયુકતતા સિદ્ધ કરવા કરી છે. તેમણે સૂચવેલા પગલાંમાંથી નીચેનાં મુખ્ય છે.

(૧) એક લાખ રૂપિયા ઉપરની કોઇ પણ કર લઇ શકાય તેવી આવક ઉપર ૨૫% નો નફા-વેરો નાખવો.

(૨) મુળ મુંડીની કીંમતમાં રૂ. ૫૦૦૦ ઉપર વધારો થયો હોય તે વધારા ઉપર કર નાંખવો.

(૩) કોરપોરેશન ટેકસ ના એક આનાના બે આના કરવા.

(૪) 'સુપર-ટેકસ' વધારેમાં વધારે લઇ શકાય એવી આવકનો આંક નીચો કર્યો. પરિશ્રમ કર્યા સિવાય થયેલી આવક (unearned income) ઉપરનો સુપર-ટેકસ ૩.૫ લાખ રૂપિયાને બદલે હવે ૧.૨ લાખની આવકથી ઉપર લેવાશે; જ્યારે પરિશ્રમથી પેદા કરેલી આવક ઉપરનો સુપર-ટેકસ ૫ લાખ રૂપિયાને બદલે ૧.૫ લાખની આવક ઉપર લેવાશે.

આ બધા પગલાં વ્યાપારી વર્ગ સામે લેવામાં આવ્યા છે એ સાબિત કરવા કોઇ દલીલની જરૂર નથી. મીઠાવેરો નાબુદ કરવામાં આવ્યો છે જે માટે ખરી રીતે નાણામંત્રી જવાબદાર નથી અને આવક-વેરામાંથી મુકિત મેળવવા માટેની વધુમાં વધુ આવક રૂા. ૨૦૦૦ ને બદલે રૂા. ૨૫૦૦ સૂચવવામાં આવી છે. નાણામંત્રીના અંદાજ-પત્રમાં આ બે તોંધપાત્ર હકીકતો છે.

એમ જણાવવામાં આવ્યું છે કે સામાજિક ન્યાય ઉપરાંત નાણાના પ્રવાહને અટકાવવાનો પણ અંદાજ-પત્રનો હેતુ છે. હમણાં થોડા દિવસ પહેલા જ શ્રી સી. એન. વકીલે 'કોમર્સ'માં એક ટુંકો લેખ લખેલો. શ્રી વકીલે તે લેખમાં જણાવેલું કે તેઓ મક્કમતાથી માને છે કે યુદ્ધોત્તર મંદીનો તકાળ ભય નથી, પરંતુ આપણા દેશની આર્થિક પરિસ્થિતિમાં એવા કેટલાંક ગૂઢ બળો છે કે જેને લીધે યુદ્ધોત્તર પ્રવાહને વિશેષ ઉત્તેજન મળે અને આ પ્રવાહ પછી મંદી આવે. આથી જ્યારે પ્રવાહો પુરબહારમાં હતો અને હિંદી સરકારે મંદી-વિરોધી પગલાં લીધા હતા જ્યારે તેમને ઘણી જ નવાઇ ઉપજી હતી. વ્યાપારી કોમે સ્વપ્નામાં પણ નહિ ધાર્યું હોય તેવા પગલાં સર આર્ચીબાલ્ડ રોલેન્ડ્સે માં ગયા વર્ષના અંદાજ-પત્રમાં સૂચવેલાં. તેમણે 'એકસેસ પ્રેફીટ ટેકસ' નાબુદ કર્યો અને કોરપોરેશન ટેકસ યુદ્ધ પહેલા હતો તેટલો નીચો કરી નાખ્યો. આ પગલું ઔદ્યોગિક યોજના દ્વારા, ખાનગી ઉદ્યોગોના વિકાસને વેગ આપવા ભરવામાં આવ્યું હતું. અને ઉદ્યોગોના વિકાસથી યુદ્ધ પુરું થતાં જે અનેક લોકો બેકાર બનશે તેમને કામ મળશે એવી પણ ધારણા હતી. પરંતુ ધાર્યા કરતાં અસર ઊંધી થઇ. ઉપરના પગલાંથી ઔદ્યોગિક સલ્તનતીઓના બજાર-ભાવ વધ્યા અને વ્યાપારી કોમને પરિશ્રમ વગરની આવક થઇ, જ્યારે બીજી બાજુ આ પગલાંને પરિણામે દેશના ઉત્પાદનમાં કાંઇ પણ ખાસ વધારો કર્યા સિવાય, બિલાડીના ટોપની જેમ અનેક કંપનીઓ ફાટી નીકળી.

નાણામંત્રી શ્રીમંતો પાસેથી કર ઉઘરાવે છે તેના સમર્થનમાં ઘણું કહેવાનું છે; પરંતુ જે રીતે તેઓ ઉઘરાવે છે તેની સામે ટીકા સિવાય બીજું કાંઇ હોઇ શકે જ નહિ. મીઠાવેરો નાબુદ કરવા, રીઝર્વ બેંકનું રાષ્ટ્રીયકરણ કરવા, સટ્ટા બજારનું નિયમન કરવા તથા ઇકોનોમી કમિટી સ્થાપવા વડી ધારાસભાએ સર્વાનુમતે સંમતિ આપી છે. પરંતુ બે સૂચનાઓનો સખત વિરોધ થયો છે—એક વ્યાપારી-નફા ઉપરના આવક-વેરાની સૂચના અને બીજી રોકાણોની વધેલી કીંમત ઉપરના મોટા કરની સૂચના. ઇન્કમ-ટેકસ ઇનવેસ્ટીગેશન કમિશન'ની સ્થાપના સામે પણ મોટો ઉહાપોહ થયો છે. આ કમિશનને સામાન્ય રીતે જનસમુહમાં સીધા કર-વેરાના પ્રત્યાઘાતોનો અહેવાલ રજુ કરવાનું કાર્ય સોંપાયું છે. આ ઉપરાંત વ્યક્તિગત કિસ્સાની અંદર પણ તપાસ કરવાની આ કમિશનને સત્તા આપવામાં આવી છે. આ તપાસ સામે કોઇ સૈધ્ધાંતિક વિરોધ કરવાને કારણ નથી, પરંતુ તેની અણઘડ અને આપખુદ પદ્ધતિ બહુ જ વાંધા પડીતી છે. કારણ કે આ તપાસનો ખરો હેતુ કર-વેરામાંથી છટકી જનાર લોકોને અટકાવવાનો હોય તેમ લાગતું નથી, પરંતુ સૌ કોઇની કે પછી સરકાર અને કમિશનની આંખે ચડેલ વ્યક્તિઓની ધનદોલતની પુરતી તપાસ કરવાનો સરકારનો આશય હોય એમ લાગે છે.

કર-વેરાની મુખ્ય દરખાસ્તો સામે મૂળથી જ વાંધો છે. બાકી દરખાસ્તો તદ્દન ગેરવ્યાજબી છે. બીજા આગેવાન દેશોમાં, યુદ્ધ પહેલાની સરખામણીમાં, કર-વેરાનો દર ૬૦% થી વધ્યો નથી, જ્યારે આપણા નાણામંત્રીની દરખાસ્તો અનુસાર કરનો દર ૭૦% થી એ વધુ ઉંચે જાય છે. આથી રાષ્ટ્રના અર્થકારણના મૂળ સુકાતાં જવાને પુરો ભય રહે છે. કાં તો આપણે ખાનગી મિલકતની સંસ્થાને દોષકારક સાબિત કરી નાબુદ કરવી જોઇએ અને અર્થકારણનો પાયો બદલવો જોઇએ. નહીં તો પછી, એ સંસ્થાને, કઠોર આઘાત આપ્યા સિવાય, સમતોલપણે કાર્ય કરવા દેવી જોઇએ. નાણામંત્રીની દરખાસ્તો પાંગળી છે, કેમકે ઉપરના બેમાંથી એકે કાર્ય તે સુચવતી નથી. શ્રી. લીઆકતઅલીખાનની દરખાસ્તો જો અમલમાં આવશે તો રાષ્ટ્રની આર્થિક સમતોલતા જોખમાશે અને સરવાળે, આમજનતાને સહન કરવું પડશે. જે માણસો સહન કરી શકે તેમના ઉપર કરનો બોજો લાદવો જોઇએ એ કર-વેરાનો સુંદર સિદ્ધાંત છે. પણ એ માણસોના બરડા એ ભાર કયાં સુધી ઉપાડી શકશે એ વિષે પણ કોઇ નાણામંત્રી બેદરકાર રહી શકે નહિ.

કર-વેરાની આવક એ સમગ્ર સામાજિક અર્થકારણનો એક મહત્વનો ભાગ છે. આ હકીકત હિંદી નાણામંત્રી વિસરી ગયા છે. કોઇ યોગ્ય સપાટી ઉપર ભાવોને સ્થિર કરવાની યોજના ઘડવાનું તેમણે મુનાસિબ માન્યું નથી. જીવનની જરૂરિયાતો માટેની સાધન-સામગ્રીનું વધુ ઉત્પાદન થાય તેવી યોજના ઘડવાનું તેમણે યોગ્ય ધાર્યું નથી. અને એ રીતે રાષ્ટ્રીય આયોજન, જે સામગ્રીના ઉત્પાદનનું મૂળ છે, તે પણ નાણામંત્રી વિસરી ગયા છે. ઉત્પાદક કે અનુત્પાદક રીતે, કોઇ વધારે ખર્ચ કરવાની દરખાસ્ત કર્યા સિવાય, નાણામંત્રી વ્યાપારી કોમ પાસેથી ગંજાવર રકમ મેળવવા ઇચ્છે છે. વળી મેળવવાની પદ્ધતિ એવી છે કે જેથી કોઇ પણ વેપારી મુડી રોકી વેપાર કરતાં અચકાશે. આ રીતે નાણામંત્રીએ પ્રવાહ-વિરોધી જે પગલાં સુચવ્યા છે તે તદ્દન્ત્ત ખોટા છે અને તેથી સમગ્ર અર્થકારણ માટે નુકસાનકારક છે.

મૂળ અંગ્રેજી લેખક :—ડો. મૂલચંદજી
અનુવાદક :—વાડીલાલ ડગલી.

જૈન-વિદ્યાર્થીઓને શુભાવસર

શ્રી પાર્શ્વનાથ વિદ્યાશ્રમનું નવું સત્ર આવતા જુલાઇ માસથી શરૂ થનાર છે. સંપૂર્ણ મધ્યમા તથા જૈન દર્શન શાસ્ત્રનાં અભ્યાસ કરનાર છાત્રોને પ્રથમ સ્થાન આપવામાં આવશે. જૈન દર્શન શાસ્ત્રનો અભ્યાસ કરવા માટે સંપૂર્ણ મધ્યમા અથવા તીર્થ-પરીક્ષામાંથી ઉત્તીર્ણ થવું અવશ્ય છે પ્રવિષ્ટ છાત્રોને વિદ્યાશ્રમ તરફથી નિવાસ-ભોજનાદિની દરેક સગવડ આપવામાં આવશે. M. A. માં જૈન વિષય લેનાર છાત્રોને પણ ઉપરની સગવડ આપવામાં આવશે. પ્રવેશાર્થી છાત્રોએ આવેદન-પત્ર-નિયમાવલી મંગાવી જલ્દી ભરી તા. ૨૫ એપ્રીલ '૪૭ સુધીમાં નીચેના સરનામે મોકલી આપવું જોઇએ—

અધિષ્ઠાતા
પાર્શ્વનાથ વિદ્યાશ્રમ
બનારસ હિન્દુ યુનિવર્સિટી

શ્રી મુનશી હીરક મહોત્સવ

મુનશીના સર્વતોમુખી પરિચય

તા. ૭-૧-૪૭ ના રોજ શ્રી કનૈયાલાલ માણેકલાલ મુનશીએ ૬૭ મા વર્ષમાં પ્રવેશ કર્યો. આ પ્રસંગે હીરક મહોત્સવના નામથી અથવા તો ષષ્ટીપૂર્તિ મહોત્સવના નામથી મુંબઇ તેમજ અન્ય સ્થળોએ એક યા બીજી રીતે ઉજવાઇ રહ્યો છે. આને લગતો એક ભવ્ય સમારંભ મુંબઇ ખાતે ભારતીય વિદ્યાભવનમાં શ્રી. પ્રાણલાલ દેવકરણ નાનજીના પ્રમુખપણા નીચે ઉજવાયો હતો, જે વખતે શ્રી. કનૈયાલાલ માણેકલાલ મુનશીને રૂ. ૧૩૭૦૦૦થી થેલી ભેટ આપવામાં આવી હતી અને એ થેલી શ્રી. મુનશીએ ભારતીય વિદ્યાભવનને અર્પણ કરી હતી. આ પ્રસંગે મુંબઇની અનેક સંસ્થાઓ તરફથી શ્રી. મુનશીને પુલહાર અર્પણ કરવામાં આવ્યા હતા અને અનેક આગેવાન પુરૂષોએ શ્રી. મુનશીને ભાવભરી પ્રશસ્તિઓથી નવાજ્યા હતા.

શ્રી. કનૈયાલાલ માણેકલાલ મુનશી પોતાની અનેકવિધ વિશિષ્ટતાઓ અને સિદ્ધિઓના કારણે જાહેર જીવનમાં આજે અસાધારણ મોભું સ્થાન ધરાવે છે. ધારાશાસ્ત્રી તરીકેની તેમની કુશળતા સુવિખ્યાત છે. ગુજરાતી સાહિત્યના ક્ષેત્રમાં તેમની અનેકવિધ સેવાઓ જાણીતી છે. તેઓ એક ઉચ્ચ કોટિના નવલકથાકાર, લેખક, વિવેચક તેમજ ઇતિહાસ-સંશોધક છે. ગુજરાતી સાહિત્ય પરિષદના તેઓ પ્રમુખ સૂત્રધાર છે. આવી જ રીતે ગુજરાતમાં અસ્મિતાનું પ્રબળ આન્દોલન ઉભું કરવાનો યશ પણ શ્રી. મુનશીના ફાળે જ જાય છે. બીજા વિશ્વયુદ્ધનો પ્રારંભ થયો ત્યારે પહેલાં મુંબઇ પ્રાન્તનો વહીવટ ચલાવતા પ્રધાન મંડળમાં તેઓ ગૃહસચિવ હતા. આ અધિકાર ઉપરની તેમની કીરકાર્દી ઉજ્જવળ અને લોકપ્રિય હતી. આજે સંસ્કૃતિ અને શિક્ષણનો પ્રચાર કરતી કેટલીયે સંસ્થાઓનો ઉદ્ભવ શ્રી મુનશીને આભારી છે. તેમના વહીવટ દરમિયાન તેમની લાગવગ અને પ્રયાસના પરિણામે ચિલ્ડ્રન્સ ઓઇડ સોસાયટી, હંસરાજ મોરારજી પબ્લીક સ્કુલ, આણંદનું કૃષિભવન અને ભારતીય વિદ્યાભવન અસ્તિત્વમાં આવી શકયાં છે. આ ઉપરાંત કમીશ્નર હાઇસ્કુલ, ફેલોશીપ સ્કુલ, પંચગની હિંદુ હાઇસ્કુલ, બીરલા પબ્લીક સ્કુલ તેમજ એવીજ બીજી કેટલીક સંસ્થાઓના નિર્માણ તેમજ સંચાલનમાં શ્રી મુનશીએ બહુ અગત્યનો ભાગ ભજવ્યો છે. હજુ ગયા વર્ષે જ મેઘજી મથુરાદાસ કોલેજ અને નારણદાસ મનોરદાસ ઇન્સ્ટીટયુટ ઓફ સાયન્સનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું તે પણ તેમની જ મહેનતનું પરિણામ છે. ગુજરાત યુનીવર્સીટી ઉભી કરવાની જે હીલચાલ આટલી જોસભેર ચાલી રહી છે તેની કલ્પનાને પણ શ્રી મુંનશીએ પ્રારંભથી અસાધારણ વેગ આપ્યો છે. 'સોશીયલ વેલફેર' નામનું એક સમર્થ સાપ્તાહિક પત્ર તેમના તંત્રીપણા નીચે ચાલે છે. અખંડ આઝાદ હિંદુસ્થાનનું સમર્થન અને આર્ય સંસ્કૃતિની વિવિધ બાજુઓનું નિરૂપણ આ સાપ્તાહિક પત્રનાં અતિ અગત્યનાં અંગો છે.

આમ શ્રી મુનશીની અનેકવિધ વિશેષતાઓ તેમજ પ્રવૃત્તિઓ ધ્યાનમાં લેતાં આટલું વૈવિધ્ય અને સામર્થ્યવાળું વ્યકિતત્વ આપણા ગુજરાતમાં તો ભાગ્યે જ અન્યત્ર નિહાળવા મળશે. રાષ્ટ્રની આઝાદીની તમન્ના તેમજ હિંદને અખંડ રાખવાની વ્યાકુળતા, ગુજરાતના ગૌરવની સતત ચિન્તા અને આપણી સંસ્કૃતિનાં મૂળ તત્વોને આગળ લાવવાની તાલાવેલી—આ મુનશીમાં રહેલાં અને તેમને સતત પ્રવૃત્ત રાખતાં મહાન પ્રેરક બળો છે. તેમની બુદ્ધિ જેટલી કુશળતાથી વાસ્તવિકતાનું વિતરણ કરી શકે છે તેટલું જ સતેજપણું અને ઉડ્ડયનશીલતા તેમની કલ્પનામાં રહેલાં છે. મુનશીમાં ઉલ્લાસ છે, રસિકતા છે, રોમાંચ છે, ઉંડું સંવેદન છે. તેમનામાં ચોકકસ પ્રકારનુ આદર્શ મન્થન છે, કેવળ ભૌતિક નહિ એવા ઉન્નત જીવનનું તેમને આંખું આંખું દર્શન પણ છે. એકવડીયું શરીર અને અતિ અલ્પ આહાર—આમ છતાં પણ આજે ૬૦ વર્ષની ઉમ્મરે તેઓ ૨૫ વર્ષના યુવાન કરતાં પણ વધારે કામ કરી શકે છે, કરે છે. તેમનામાં કાર્યશકિતનો અખૂટ ઘોધ વહે છે અને જેમ કોઇ પણ માણસ પોતાના ઘરના એક ખંડમાંથી નીકળી બીજા ખંડમા સહેલાઇથી પ્રવેશ કરે છે અને ત્યાંથી ત્રીજા ખંડ તરફ દૃષ્ટિ દોડાવી શકે છે, એટલી જ સહેલાઇથી શ્રી મુનશી 'બ્રીફ' પુરી કરીને અધુરી રહેલી નવલકથા આગળ ચલાવે અને તેમાંથી વળી કોઇ નાટકનો અધુરો રહેલો અંક પુરો કરે છે અને એવામાં કોઇ આવી ચઢે તો તેની સાથે કોઇ નવી સંસ્થાની યોજના નકકી કરવા બેસી જાય છે.

શ્રી મુનશીની આ સર્વ મહત્તા,—શ્રી, સંપત્તિ તેમજ ઐશ્વર્ય-કેવળ સ્વોપાર્જિત છે. તેઓ જણાવે છે તેમ તેમનું આખું જીવન સીધા ચઢાણ જેવું છે. બાળપણ માંદગી અને નબળાઇથી ભરેલું હતું; આજે ૬૦ વર્ષે પણ તેઓ ઠીક ઠીક સારી તંદુરસ્તી ધરાવે છે. માસિક પાંચ રૂપીઆની વીશી અથવા તો લોજથી તેમણે પોતાનું જીવન શરૂ કર્યું હતું; આજે તેઓ સારી એવી સગવડોથી ભરેલું જીવન ભોગવે છે. તેમને જીવનના પ્રારંભમાં કોઇ જાણતું નહોતું કે પીછાણતું નહોતું, તેમજ કોઇ મોટા માણસનું તેમને ખાસ અવલંબન નહોતું. આજે તેમની ખ્યાતિ ચોતરફ પસરેલી છે અને અનેકને તેઓ અવલંબનરૂપ બની રહ્યા છે. બે વાકયો લખતાં પણ જેમને એક વખત મુશ્કેલી લાગતી હતી તેમના હાથે આજે ગદ્ય સાહિત્યના પ્રદેશમાં પચ્ચાસેક નાનાં મોટાં પુસ્તકો લખાયાં છે. આ સર્વ ઉત્કર્ષ અને જીવનસાધના શ્રી મુનશીની જાતમહેનતનું અને ઉત્તરોત્તર વિધિએ દાખવેલી સાનુકુળતાનું ફળ છે. કોઇ મોટા કુળમાં જન્મ કે બહુ જાણીતા અને સમાજમાં અગ્રસ્થાન ભોગવતા માબાપના સન્તાન હોવાનું સદ્ભાગ્ય શ્રી મુનશીને સાંપડયું નથી, સિવાય કે ગરીબ છતાં ઉંચા એવા એક બ્રાહ્મણ કુળમાં થયેલા જન્મ અને ઉછેર દ્વારા તેમને મળેલ પરંપરાગત ધાર્મિક સંસ્કાર, કેળવણી તેમજ તાલીમ કે જેણે તેમના ઘડતર તેમજ વિકાસમાં ઘણો મહત્વનો ભાગ ભજવ્યો હોય એમ તેમની આત્મકથા ઉપરથી માલુમ પડે છે. આ રીતે કેવળ સ્વાશ્રયના બળે આટલા ઉચે ચઢેલા શ્રી મુનશી અનેક યુવાનોને પ્રેરણા અને પ્રોત્સાહનનું નિમિત્ત બને તે તદન સ્વાભાવિક છે.

સામાજિક પ્રશ્નો પરત્વે તેમનું વલણ હંમેશા એક ઉચ્ચ સુધારકનું રહ્યું છે. વ્યાખ્યાનો, લેખો, નવલકથાઓ તેમજ નાટકો, દ્વારા સામાજિક ક્રાન્તિને તેમણે પોષી છે, અને સાથે સાથે અધ્યાત્મ અને પરભવના શુષ્ક ચિન્તન અને સેંગીયાવેડા ઉપરથી ઐહિક જીવનના આનંદ, ઔશ્વર્ય અને ઉલ્લાસ તરફ ઉગતી પ્રજાની દૃષ્ટિને વાળી છે. પ્રણાલિકા ભંગમાં તેમણે પુરૂષાર્થ સિદ્ધિ માની છે. સામાજિક ક્ષેત્રમાં તેમની સેવાઓનો સંગીન ફાળો હોવા છતાં સાહિત્ય અને રાજકારણ તેમની પ્રવૃત્તિના મુખ્ય ક્ષેત્રો બન્યાં છે. રાજકારણના ક્ષેત્રમાં એ વખતના હોમરૂલ લીગર, લાર્જર વિઝીન વૃત્તિ ધારણ કરતા દેખાતા, આગળ જતાં મહાસભાવાદી, વળી પાછું કોંગ્રેસમાંથી રાજીનામું અને વળી પાછો કોંગ્રેસમાં પુનઃ પ્રવેશ-તેમના જાહેર જીવનના આવા એક પછી એક અનેક રંગો ઉઠતા ગયા છે.

તેમનું સમગ્ર વ્યકિતત્વ એક મોટો કોયડો છે. તેમનામાં પરસ્પરવિરોધી એવાં અનેક તત્વો એકી સાથે નજરે પડે છે. પરશુરામ તેમના ઇષ્ટ દેવતા છે અને ગાંધીજી તેમના આરાધ્ય

મહામાનવ છે. સિધ્ધરાજને તેઓ નમે છે અને હેમચંદ્રાચાર્યની પણ એક સર્વોત્તમ જ્યોતિર્ધર તરીકે તેઓ અર્ચના કરે છે. અહિંસા અને હિંસા વચ્ચે તેમનું ચિત્ત હંમેશાં ઝોલા ખાતું રહ્યું છે. તેઓ સૌન્દર્યના આશક છે, શ્રેયના સાધક છે પણ મુખ્યતાયે શક્તિના ઉપાસક છે. તેમના ધ્વજપ્રતીક ઉપર વચ્ચે પરશુરામની પરશુ ખીરાજે છે અને એક બાજુની ધજામાં સિદ્ધરાજ જયસિંહનો કુકડો અને બીજી બાજુની ધજામાં કૃષ્ણચંદ્રનો ગરુડ શોભે છે. પાતંજલ યોગદર્શન તેમનો આરાધ્ય ગ્રંથ છે અને પૃથ્વીવલ્લભને પોતાના એક આદર્શ તરીકે તેઓ આગળ ધરે છે. સ્તુતિ નિન્દા વિષે સમભાવનો તેઓ દાવો કરે છે. હીરક મહોત્સવના પ્રસંગે ઉત્તર આપતાં તેઓ જણાવે છે કે "હું વિચિત્ર પ્રકારે ઘડાયો છું. વખાણ કે નિન્દા વિષે હું કેવળ ઉદાસીન છું. જ્યારે લોકો મારી ટીકા કરે છે ત્યારે સ્કોટલેન્ડની એક કોલેજના સુદ્રાલેખમાં જણાવવામાં આવ્યું છે કે "તેઓ ટીકા કરે છે. તેમણે શું ટીકા કરી? તેમને ફાવે તેવી ટીકા કરવા દો!"-સાધારણ રીતે નિંદા સ્તુતિ પરત્વે મારા મનનો આવો જ કાંઇક પ્રત્યાઘાત હોય છે. શ્રી. કૃષ્ણે કહ્યું છે તેમ માનાપમાન પ્રત્યેની સમત્વ બુદ્ધિ દ્વારા જ મેં સૌથી વધારે બળ મેળવ્યું છે." અને પોતાના મન્તવ્યોને વળગી રહેતાં અથવા તો આગળ ધરતાં તેમણે જાહેર જનતાનો ઉગ્ર વિરોધ અનેક વાર નોતર્યો છે. આમ છતાં પણ પોતાની પ્રશંસા તેમને જેટલી ગમે છે અને આવા સન્માન સમારંભોમાં તેઓ જેટલા રાચે છે તેટલો તેમની કક્ષાના કોઇ પણ માનવીને રાચતો કે પોતાની પ્રશંસાને માણતો જાણવામાં આવ્યો નથી. સન્માનપ્રશંસામોહ તેમની નાનીસુની નબળાઇ નથી. વળી ગુજરાતને અસ્મિતાની ભેટ ધરતાં એ અસ્મિતા એમના જીવનમાં પટ્ટરાણીનું સ્થાન પ્રાપ્ત કરી ચુકી છે અને એ અસ્મિતા અથવા તો અહમહમિકાના પાશમાં તેઓ એટલા બધા જકડાઈ ચૂક્યા છે કે મહામાનવ બનવા માટેનાં અનેક તત્વો તેમનામાં કેન્દ્રીભૂત થયેલા હોવા છતાં મુનશી ઘણી વખત નાના માણસ લાગે છે.

તેમનામાં આવા વિચિત્રવિચિત્ર રંગોની ગુંથણી હોવાથી મુનશી વિષે પરસ્પર વિરોધી અભિપ્રાયો સાંભળવા મળે છે અને તેમના વિષે ભિન્ન ભિન્ન દિશાઓથી આદર અને અવમાનનાના સુરો શ્રવણગોચર થાય છે. તેમના વિષે-તેમના વેગવાન, કલ્પનાપ્રધાન, આયોજનકુશળ, સદા પ્રવૃત્તિશીલ વ્યકિતત્વ વિષે-આપણું દિલ આદર અને અભિમાન અનુભવે છે, પણ આપણું માથું તેમને નમવાની ચોખ્ખી ના કહે છે. માથું નમવા માટે તો જોઇએ વિચાર, વાણી અને વર્તનની સળંગ એકરૂપતા અને નિર્મળતા, નિન્દા અને સ્તુતિ પ્રત્યે સાચા દિલનો સમભાવ, પ્રમાણ બુદ્ધિનો લોપ કરાવતી અહંતાનું સર્વતોમુખી વિસર્જન. અનેક સિદ્ધિઓના સાધક શ્રી મુનશીએ આ બધું તો હજુ હવે સાધવાનું રહ્યું છે. આમ છતાં પણ શ્રી મુનશી જેવા છે તેવા આજે ગુજરાતમાં એક જ છે. ગાંધીજી તો જગતના મહાપુરુષ છે અને વલ્લભભાઇ પટેલની તો ભાત જ જુદી છે, પણ સંસ્કૃતિના આરાધકોમાં, શક્તિ, સામર્થ્ય અને પ્રવૃત્તિના વૈવિધ્યની દ્રષ્ટિએ આપણા ગુજરાતમાં શ્રી મુનશીનું સ્થાન અગ્રતમ અને અજોડ છે અને એટલા જ માટે તેઓ આપણ સર્વના સન્માન અને અભિનન્દનના અધિકારી છે.

આવી અનેક વિભુતિઓને વરેલા અને અનેક શુભ કાર્યોના પ્રેણેતા શ્રી મુનશીનો હીરક મહોત્સવ ઉજવાય એ તદ્દન યોગ્ય અને સમયોચિત છે. પોતાનાં આગેવાન પુરુષોની મહત્તાને યથાસ્વરૂપે ઓળખવી, તેમનો આદર કરવો અને તેમના મહાન કાર્યોની યોગ્ય કદર કરવી એ દરેક દેશવાસીની વિશિષ્ટ ફરજ છે. શ્રી કનૈયાલાલ મુનશીએ ગુજરાત ગૌરવ ખુબ વધાર્યું છે અને તેમના વિષે ગુજરાતીઓ જેટલું ગૌરવ ચિન્તવે તેટલું ઓછું છે.

૫૮ પછી ૫૯ અને ૫૯ પછી ૬૦ મું વર્ષ આવે છે એ રીતે વિચારતાં ૬૦ મા વર્ષની ૬૦ મા વર્ષ તરીકે કોઇ ખાસ મહત્તા નથી. આમ છતાં પણ પોતાના બાહ્ય તેમજ આન્તર જીવનની ખાસ સમીક્ષા કરવામાં નિમિત્તરૂપ બને એ હેતુથી તેમજ આસપાસનો સમાજ આવી કોઇ વિશિષ્ટ વ્યકિતના સમગ્ર જીવન ઉપર પોતાની દૃષ્ટિ કેન્દ્રિત કરે અને તેની વિશિષ્ટતાને સન્માને તેમજ ઉત્તેજે એ કારણથી માનવીના આયુષ્યના ૨૫, ૫૦, ૬૦, ૭૫, ૧૦૦ એવા ભાગલા પાડવામાં આવે છે. સરેરાશ અલ્પાયુષી પ્રજામાં ૬૦ વર્ષ સુધી પહોંચવું એ પરમ સૌભાગ્યનું સૂચક લેખાય છે. આ સીમાએ પહોંચનાં સ્વજન સંબંધીઓ તેનું સન્માન અને અભિનન્દન કરવા પ્રેરાય એ તદ્દન ઉચિત અને સ્વાભાવિક છે. પણ આ તો આપણે વિચાર્યો સ્વજન સંબંધી તેમજ પ્રશંસક વર્ગનો ધર્મ, પણ આ કક્ષા-૬૦ વર્ષની સીમા-પ્રસ્તુત માનવી માટે તો પોતાની જાતનું તેમજ પોતાના આજ સુધીના જીવનનું પુરું ગંભીરતા અને સૂક્ષ્મતાપૂર્વક નિરીક્ષણ કરવાનો એક શુભ અને કલ્યાણકારી અવસર લેખાવો જોઇએ. જૈનોમાં સાંવત્સરિક પ્રતિક્રમણનો એક ધર્મવિધિ છે. આ પર્વ વર્ષમાં એકવાર આવે છે અને તે દિવસે શ્રધ્ધાળુ જૈન વર્ષભરના જીવનની પર્યાલોચના કરે છે અને પોતાની ચાલુ જીવનચર્યાના હેય અંશોથી નિવૃત્ત થવાનો અને ઉપાદેય અંશોમાં સવિશેષ પ્રવૃત્ત બનવાનો નિશ્ચય કરે છે. આવીજ રીતે ષષ્ટીપૂર્તિ ૬૦ વર્ષ પુરાં કરનાર માટે ષષ્ટી-સંવત્સર-પ્રતિક્રમણનું નિમિત્ત બનવું જોઇએ. માનવીના આયુષ્યના પુરોગામી સીમાચિહ્નો કરતાં ૬૦ મી વર્ષના સીમાચિહ્નનું કોઇ જુદું જ મહત્વ છે. ૬૦ વર્ષ સુધી પણ જેને શરીર વાર્ધક્યનાં ચિહ્નો દેખાયાં ન હોય તેનું શરીર પણ ૬૦ વર્ષ બાદ વાર્ધક્ય અનુભવ્યા વિના રહેતું નથી. સાધારણ રીતે હરકોઇ માણસ ૬૦ વર્ષે વિકારો અને મન્થનોની ઉપશાન્તિ અનુભવે છે, ચંચળ પ્રકૃતિ સ્થિર બને છે, વિચારોમાં સ્થિરતા અને પાકટતા આવે છે, જીવનકલહ અને તેની મથામણ અને તેને અંગે સત્ય અને પ્રમાણીકતાના આદર્શ સાથે કરવી પડતી ચાલુ બાંધછોડ-આ બધાથી સાધારણ રીતે મુકત થઇ શકે છે અને આ રીતે આમૂળ જીવનપરિવર્તન સાધી શકે છે. ટેકરા-ટેકરી, વન ઉપવન, ઝાડ અને ઝાંખરામાંથી અથડાતી પછડાતી પસાર થતી સરિતા સમુદ્રમીલન પહેલાં જેમ વિશાળતા, સ્વસ્થતા તેમજ ગહનતા પ્રાપ્ત કરે તેવી જ રીતે માનવી ૬૦ વર્ષ બાદ ધારે તો સહેલાઇથી સમદર્શિતા, સ્થિરતા તેમજ ગંભીરતા પ્રાપ્ત કરી શકે છે. મુનશી મહાન છે, છતાં અપૂર્ણ છે; કારણ કે માનવીની મહત્તાની કદિ કોઇ કાળે સીમા બંધાઇ શકી જ નથી. ષષ્ટીપૂર્તિ મુનશીમાં ઉંડું આત્મનિરીક્ષણ પ્રેરે અને પોતે દ્વિજ હોઇને પણ વિશિષ્ટ દ્વિજત્વને પામે અને પોતાને અત્યંત પ્રિય એવા ગુજરાતને તેમજ સમસ્ત ભારતવર્ષને હજુ અનેકવિધ સેવાઓ આપીને પોતાના અવશિષ્ટ આયુષ્યને ચરિતાર્થ કરે એમ આપણે સૌ અંતરથી ઇચ્છીએ તેમજ આ વિશ્વનાં નિર્માણસૂત્રો જેના હાથમાં હોય એ પરમ શકિતને આપણે એવી પ્રાર્થના કરીએ. **પરમાનંદ.**

વૈદ્યકીય રાહત

મુંબઇ અને પરાંઓમાં વસતા જે જૈન ભાઇ યા બહેનને વૈદ્યકીય રાહતની, દવા કે ઇન્જેકશનોની તેમજ ડાકટરી ઉપચારની જરૂર હોય તેમણે ધનજી સ્ટ્રીટમાં આવેલ મુંબઇ જૈન યુવક સંઘના કાર્યાલયમાં તપાસ કરવી અથવા તો મને કે વૈદ્યકીય રાહત સમિતિના સભ્યો જેમના નામ તા. ૧૫-૨-૪૭ ના પ્રબુદ્ધ જૈનમાં પ્રગટ કરવામાં આવ્યા છે તેમનામાંથી કોઇને મળવું.

રતિલાલ ચીમનલાલ કોઠારી
મંત્રી, વૈદ્યકીય રાહત સમિતિ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૬, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૮
અંક : ૨૩

મુંબઈ: ૧ એપ્રીલ ૧૯૪૭ મંગળવાર.

લવાજમ
રૂપિયા ૪

ચોરાનો પોકાર

[સ્વ. ઝવેરચંદ મેઘાણીના જે લેખે તે વખતના 'સૌરાષ્ટ્ર'ના તંત્રી શ્રી અમૃતલાલ હલપતભાઇ શેઠને સૌથી પ્રથમ આકર્ષ્યા અને જે લેખે સ્વ. મેઘાણીને પત્રકારિત્વમાં પ્રવેશ કરાવ્યો તે આજથી પચ્ચીશ વર્ષ પહેલાં લખાયલો. લેખ આજે પણ એટલો જ જીવતો છે અને મોટા શહેરોના વિકાસે કરેલી ગામડાંઓની પ્રાણહાનિને આજે પણ એટલી જ વાસ્તવિકતાથી રજુ કરે છે એમ સમજીને અહિં ઉધ્ધૃત કરવામાં આવે છે. તંત્રી.]

એક નાના ગામડાની અંદર જતાં જોયું કે ત્યાંનો ચોરો પડી ગયો છે. દીવાલો ફસકી પડી છે. એ ચોરાની અંદરનો ખુદ ઠાકરદ્વારો ઉપડી ગયો છે. ઠાકર મહારાજની મૂર્તિ હવે એ ચોરામાં બિરાજતી નથી. લોકોએ પણ પોતાની બેઠક ફેરવીને ચોરાની પાસે જ દુકાનોના ઓટા ઉપર આસન લીધું છે. ચોરો ભાંગી ગયો છે. ઠાકર મહારાજ ઉપડી ગયા છે, સવાર સાંજની આરતીના દીવા ત્યાં પ્રગટતા નથી, ઝાલરનો નાદ બંધ પડયો છે. લોકોએ આસન ફેરવ્યું, પણ લોકો આઘા જઈ શકયા નથી. નિર્જન, નિસ્તબ્ધ અને ગંભીર એ દેવાલય–કહો કે લોકાલય–આજે કોઇ અમોલ આર્તવાણી વડે પોતાના પેલા ગામડીઆ દેવને, પોતાના જૂના–પુરાણા ઠાકર મહારાજને સાદ કરી રહ્યું છે. લોકો એ પોકાર સાંભળે છે કે નહિ?

લક્ષ્મીનાં રમકડાં

મુંબઇ જેવા શહેરની અંદર દેવમંદિરો તૂટે કે બંધાય, ઇતિહાસના ચોપડામાં એની કાંઇ યે ગણતરી નથી. એના પથ્થરો આરસના હોં કે સોનાના હો, એ દેવાલયો દેવોનાં નથી, ઐશ્વર્યનાં છે. શ્રીમંતોની એકાદ ઘડીની મોજમાંથી એ ખડાં થયેલાં હોય છે.

એ બધાં તો લક્ષ્મીનાં રમકડાં છે. પ્રજાનો પ્રાણ એના પથરા સાથે જડાયેલો નથી હોતો. શહેરોની ભૂમિ પોકાર કરીને કહે છે કે આ બધાં મારા ગર્ભમાંથી આપોઆપ નથી પ્રગટ થયાં; આ તો શ્રીમંતોએ મારી છાતી ઉપર ચાંપી દીધેલાં, લક્ષ્મીનાં સંતાનો છે.'

લોકજીવનનો ભીષ્મપિતામહ

અને એકાદ ગામડાંગામનો ચોરો ભાંગી પડે એ શું બતાવે છે? માટીની ચાર દીવાલો તો ગામડાંની અંદર ઠેર ઠેર ભાંગે છે. કોઇ નજર સરખી પણ એ ખંડેર સામે કરશે નહિ. પરંતુ ચોરો એ કાંઇ માટીની ચાર દીવાલોનું છાપરૂં નથી. એ દીવાલોના પરમાણુએ પરમાણુએ ગામનો પુરાણો ઇતિહાસ લખાયેલો પડયો છે. ચોરાની આસપાસ જમાનાઓનું જૂનું લોક–જીવન વીંટળાઇ રહ્યું છે.

શૂરવીરો આંહીં બેસીને કસૂંબો લેતા ને પોતાનાં વીતકોની ધીરી ધીરી વાતો કરતા. ચારણ ગેાઠણભર બનીને અને કોણી સુધી બાંયો ચડાવીને આંહીં શૌર્યનાં યશોગાન ગાતો ને દાતાઓનાં નાનાં મોટાં દાન મેળવતો. આંહીં લોકોની પંચાયત મળતી ને ઠાકર મા'રાજની સાખે નિર્મળ ન્યાય તોળાતો. સાધુસંતો આંહીં આવીને ઉતરતા. મુસાફરોની આ ધર્મશાળા અને અમલદારોનો પણ આજ ઉતારો. આજ ચોકીદારોની ચાવડી કે જ્યાં બેઠાં બેઠાં ગામમાં એક નવું કૂતરૂં દાખલ થાય તેની યે ખબર રાખી શકાતી. અને ભજનિકોના ભજનની ધૂનના તો હજુયે આંહીં પડઘા બેસે છે. નવરાશના દહાડામાં આંહીં બેસીને પરાણ ભાંગતા કણબીઓનાં ધીરાં ધીરાં પદો હજુ ગાજે છે.

સંધ્યાની આરતી

અને છેલ્લામાં છેલ્લી યાદ આવે છે પ્રત્યેક દિવસના સંધ્યાકાળની આરતીની. નાનાં નાનાં, નાગાં પૂગાં છોકરાઓ દોડતાં આવીને હાથમાં ઝાલર લઇ, બાવાજીની વાટ જોતાં બેસતાં. મોટેરાઓ માથેથી પાઘડી ઉતારીને હાથ જોડી ઊભા રહેતા. નિરક્ષરને નિરાડમ્બરી ભાવો, જૂનીપુરાણી એક આરતીમાં જ્યોત પ્રકટાવીને જેવો ટોકરીનો રણકાર કરતો, તેવી જ પેલી ઝાલરો ઝંકાર કરી ઊઠતી. ઠાકરમહારાજના વાઘાની સોનેરી કોર એ દીવાના ઝાંખા પ્રકાશમાં ઝળકવા લાગે, પ્રતિમા જાણે હસીને સામી આવે, લળીલળીને ભાવો એના મેલઘેલા પ્રભુની આરતી ઉતારે, ત્રિતાલી ઝાલરો. એક પછી એક બાળકોના હાથમાં બદલાય, અને ખૂણામાં એકાદ તોતીંગ નગારૂં કોઇ કણબીના ધીંગા હાથની દાંડી પડતાં ગાઉ ગાઉ ગાજી ઊઠે. એ તુલસીના પાણીનું ચરણામૃત, એ સાકરની એકકેક કટકીની પ્રસાદી અને એ હારબંધ બેઠેલા બાળકોએ ગોઠવી મૂકેલી આતુર અંજલિ.

અકસ્માત્ નથી

આજ ચોરો ભાંગી પડયો છે. પરંતુ ચોરો કાંઇ અકસ્માતથી નથી ભાંગેલો. એ ચોરાના પાયા તો લોકોના હૃદયની અંદર પડેલા હતા. આજ લોકોએ પોતાના હૈયામાંથી જ એ પાયા કાઢીને ફેંકી દીધા. પંચાયતો અદૃશ્ય થઇ. પરાક્રમોનાં યશોગાન બંધ પડયાં. લોક–જીવનના નિર્મળ કલ્લોલ અટકી ગયા. ઠાકર મહારાજનું આસન લોકોના હૃદયમાંથી જ ઊપડી ગયું. આ બધું યે બન્યું; ત્યાર પછી જ ચોરો ખળભળ્યો. ચોરાની દુર્દશા તો લોક–જીવનની દુર્દશાની માત્ર એક નિશાની જ છે.

પટેલીઆઓ બેઠેલા અને મેં કહ્યું કે, 'ભાઇઓ! ચોરો છેક એટલે સુધી ગયો કે ખુદ ઠાકરદ્વારો પણ રહેવા ન પામ્યો?'

મંડળીમાંથી એક જુવાને અદ્રહાસ્ય સાથે કટાક્ષમાં ટાર કરી કે 'હાં! તો ય તે મે' વરસે છે' આ કટાક્ષની અંદર શું હશે? હાંસી, ઉપેક્ષા કે કલ્પાંત? ગામના એક શેઠીઆને આ દુર્દશાનું કારણ પૂછ્યું, તો કહે કે 'આંહીંના કણબીઓ સ્વામીપંથ પાળે છે, એટલે ચોરા તરફ બહુ ભાવ ન રહે.' બીજા એક સજ્જન કહે કે: 'ફકત બસો રૂપિયાની જ જરૂર પડશે. મુંબઇ કોઇ જતું હોય તો રૂા. ૨૦૦ પળવારમાં મળી જાય.'

પ્રાણ કયાંથી મળે?

બરાબર છે! આપણાં દેવાલયો, ઉપાશ્રયો ને પશુશાળાઓ મુંબઇ કલકત્તાની સખાવત ઉપર નભે. પચીસ પચીસ રૂપિયા

(અનુસંધાન પૃષ્ઠ ૧૯૬ જુઓ)

— ત્યહિં આ શું અચાનક, માયા સમેટીને, મૃત્યુ તણી વીરા, વાટ ગ્રહી ! —

[સાહિત્યરસ્વામી મેઘાણીના અકાળ અવસાને અનેકનાં દિલમાં નીપજાવેલી મર્મઘાતક વેદનાને આબેહુબ મૂર્તિમંત કરતું શ્રી કરસન માણેકનું આ કાવ્ય જન્મભૂમિમાંથી સાભાર ઉધ્ધૃત કરવામાં આવે છે. તંત્રી.]

(૧)

તમ હૈયાની અમૃત-નિર્ઝરિણી–
મહીંથી ઉઠતા ગીત કેરા ધ્વનિ
ઘેરા ગુંજી રહ્યા અમ આતમમાં
કોઇ જૂદેરી ભોમની વાણી ધનીઃ
અને એ રસપાનની પ્યાસ હજૂ
ઉરમાં અણછિપી ઝુરન્તી રહી
ત્યહિં આ શું અચાનક, માયા સમેટીને,
મૃત્યુતણી વીરા, વાટ ગ્રહી !

(૨)

વીરા, આમ એકાએક કેમ રૂઠયાઃ
સુધા–ગાણું અધૂરું મેલીને ઉઠયા !
વીરા, કે રસ કેરા હિંડોલ ડોલન્તી
આ મ્હેફિલના પુણ્યપુંજ ખુટયા !
અરે રાત ને વાતની મસ્તી હજૂ
વધુ ને વધુ જામતી જાતી હતીઃ
અને પ્યાસી હૈયાઓની આંખો હજૂ વીરા,
આશના રંગથી રાતી હતી !

(૩)

હજુ તો તમ કંઠ થકી સુણવા
હતા સુર ને તાન કંઈક નવા–
હજુ બાકી હતા રસરૂપ વિરાટના
કૈં ક રૂપો ગીતમાં ગૂંથવા :
અરે એ સહુ ઓરતડા ઉરના
અણપુરલ ઉર મહીં જ રહ્યા :
અને છેવટ કેરા જુહાર કર્યા વણ
વીરા, તમે મૃત્યુપંથ વહ્યા !

(૪)

હતું જીવન ગાનતણી લગની :
રસ-યોગની જાણે અખંડ ધુણી :
શતઝાળ સદાય ભભૂકી રહ્યો
રસ–બ્રહ્મ આરાધનનો અગનિ :
અરે હૈયાના ધન્વણ હોમી હોમી તમે
ધૂણી એ ધીખતી રાખી હતી;
વીરા, વિશ્વને ફૂંક દેવા તમે રાત દિ'
જાતને જલતી રાખી હતી !

(૫)

વીરા, માનવતાના ખંડેર પડયાં :
માથે કૈંક થરો પશુતાના ચડયા :
અને સચ્ચિદ–આનંદ સૃષ્ટિના આ
અણુ યે અણુ શોક થકી પ્રજળ્યાં–
વીરા, આનંદ કેરી એ સૃષ્ટિને, શોકના
દાવાનળેથી ઉદ્ધારવી'તી;
વીરા, ગીતની ગંગા વહાવી તમારે તો
માનવતાને મ્હોરાવવી'તી !

(૬)

"ધરતીને પટે પગલે પગલે
જલતો દવ ઓલવું ગીત-જળે"–
તમે ધૂબ્યા બાંધી વણથાક વીરા,
એવી તાલાવેલી ડગલે ને ગળે !–
અરે, કાવ્ય ને ગીતની, માનવ-પ્રીતની,
યાત્રા તમારી અધૂરી રહી :
વીરા, ભોમકા તો જુઓ, ખૂમ પીધું તોય
પીવા કાજે હજૂ ઝૂરી રહી !

(૭)

સુની કુંજ પૂછે : મારો કોકિલ કયાં ?
દિલમાં રસ સીંચતું એ દિલ કયાં ?
વીરા, એજ વલોપાત હીબકતો
પુગ્યો સુણી માનવ–મ્હેફિલમાં–
અરે, સુખના સાગર રેલાવીને વીરા,
આમ અચાનક જાવું ન'તું :
અરે, ઓશિંગણ અમ ઉર તણી છેલ્લી
વંદના લેવા રોકાવું હતું !

(૮)

તમે જયાં હો ત્યહાં ઘડી થંભી વીરા,
જોઇ લેજો વિજોગી ઉરોના ચીરા–
ચીરે ચીરે લખાયલ યાદ અને
ફરીયાદની એક અબોલ ગિરા....
...તમે દેવોની મૃત્યુવિહીન જમાતની
જ્યોતિમાં જ્યોતિ બનીને ભળ્યા :
તમે જાતાં, તમારી ભાભોમ તણા અરે,
પાષાણ કાળમીંઢાયે રડયા !

કરસન માણેક

ધન્ય જીવન મેઘાણી તું જીવી ગયો !

સ્વ. ડૉ. મેઘાણીને સ્મરણાંજલિ

(રાગ–ઓધવજી સંદેશો કહેજો સ્યામને)

ગરિબ તણો બેલી મેઘાણી તું હતો,
કરતો સેવા જોયા વિણ દિન રાત જો !
ભેદ ગણ્યો નહિં તેં નાના મહોટા તણો,
નથી ગણી તેં ઉંચા નીચી જાત જો,
ધન્ય જીવન મેઘાણી તું જીવી ગયો ! (૧)
દિન દુઃખીયાનાં દુઃખ દેખી દુખીયો થતો,
લખ્યુ "ગરીબની દુનિયા" પુસ્તક માંહ્ય જો
"આળાં હૈયાં" વાંચ્યું હશે જેણે કદી,
તુજ દિલની કોમળતા ત્યાં દેખાય જો !
ધન્ય જીવન મેઘાણી તું જીવી ગયો ! (૨)
બાળક સાથે બાળક થઈને બેસતો,
બોલે ત્યારે પુષ્પ ઝરે જીભ્યાન જો !
સેવા ધર્મ ન મૂકયો તેં મરતાં સુધી,
જીવનમાં નહિં હતું જરી ગુમાન જો !
ધન્ય જીવન મેઘાણી તું જીવી ગયો ! (૩)
હતું અમોને ગૌરવ તારા નામનું,
ધા સાંભળતો લેતો દુઃખમાં ભાગ જો !
હવે નિરાશા વ્યાપી તુજ વિયોગથી,
નંદનવનનો નાશ થયો થઇ આગ જો !
ધન્ય જીવન મેઘાણીતું જીવી ગયો ! (૪)
દર્દીને દૂર કરતાં તેં ડોકટર કદી,
પરવા નવ કીધી પૈસાની લેશ જો !
માનવતાનો મેરામણ તુજમાં હતો,
ફરજ બજાવ્યા વિણ નહોતો ઉદ્દેશ જો !
ધન્ય જીવન મેઘાણી તું જીવી ગયો ! (૫)
"પ્રબુદ્ધ જૈન" પેપર જેણે વાંચ્યું હશે,
ભૂલે નહિં તે મેઘાણીનાં લેખ જો !
આડંબરનો અંશ નહિં એમાં કદી,
નગ્ન સત્ય કાજે લીધો'તો ભેખ જો !
ધન્ય જીવન મેઘાણી તું જીવી ગયો ! (૬)
દયા ભરી'તી ભરચક તારા દિલમાં,
લેતાં તેનો લાભ ઘરાઇ લોક જો,
ફળની આશા સ્વપ્ને તેં સેવી નથી,
તુજ સમ સાચો સેવક મળશે કોક જો.
ધન્ય જીવન મેઘાણી તું જીવી ગયો ! (૭)
જેવું જોયું તેવું લખવામાં કદી,
ડર્યો નથી દુનિયાથી તું તલ ભાર જો !
ઉત્તમ ગુણ એ મેઘાણી તુજમાં હતો,
ગંગાસમ નિર્મળ અંતર વ્યવહાર જો !
ધન્ય જીવન મેઘાણી તું જીવી ગયો ! (૮)
વાણીને વરતનમાં ભેદ હતો નહિં,
મુંગો સેવક દંભ તણું નહિં નામ જો !
ઘાટકુપર, નવ ભુલે તુજ સેવા કદી,
મેઘાણી તું કર્મવીર નિષ્કામ જો !
ધન્ય જીવન મેઘાણી તું જીવી ગયો ! (૯)
મૃત્યુ થયું તુજ સુણ્યું પડયો ત્યાં શ્વાસકો,
ચક્ષુમાંથી ચાલી અશ્રુ ધારજો !
ગરિબ તણું તગદિર ગરિબ જાણ્યું થયું,
સૂર્ય આથમ્યો થયું તિમિર તે વાર જો !
ધન્ય જીવન મેઘાણી તું જીવી ગયો ! (૧૦)
દયા વિના શું દર્દ દૂર થાશે કદિ ?
એ શું વાત અજાણી તમથી હોય જો ?
સ્મારક ભવ્ય ભલે કરશે મિત્રો મળી,
છાં તમારી ખોટ ન પૂરે કોય જો ?
ધન્ય જીવન મેઘાણી તું જીવી ગયો ! (૧૧)
આયડતાં અહીં મૂકી મિત્ર સંબંધીને,
રડતાં મુકયાં બાંધવ બચ્ચાં બાળ જો,
આહુતિ દઇ દેહ તણી વીરતા વર્યો '
અમર બન્યો તું વહાલા ઓ વ્રજલાલ જો !
ધન્ય જીવન મેઘાણી તું જીવી ગયો ! (૧૨)

ગોકુળદાસ મૂળજી.

એશીયાનું મંગળ પ્રભાત.

(उदार चरितानां वसुधैव कुटुंबकम् એ સૂત્રને મૂર્તિમન્ત કરતા પંડીત જવાહરલાલ નહેરૂએ તા. ૨૩–૩–૪૭ના રોજ શરૂ થયેલ એશીયાવાસીઓની પરિષદનું ઉદ્ઘાટન કરતાં કરેલું મંગળ પ્રવચન.)

મિત્રો અને સાથી એશિયાવાસીઓ!

દિલ્હીના પુરાતન શહેરમાં આજે આપણે એશિયાવાસીઓ દૂર દૂર દેશોમાંથી ભેગા થયા છીએ. અમારામાંના કેટલાકે આપને નિમંત્રણ આપવાનું બીડું ઝડપ્યું અને આપે તેનો સહૃદય સ્વીકાર કર્યો છે. આ સ્વીકાર પાછળનું પ્રેરક કારણ ફકત અમારું નિમંત્રણ જ નથી, પણ કંઈક વધારે ઉંડે વસેલી ભાવના છે.

ઇતિહાસમાં નવા યુગને ઉંબરે આજે આપણે સર્વ ઉભા છીએ. બે યુગના ઇતિહાસને જુદો કરતાં પાણીના પટ પર આપણે ઉભા છીએ. આપણાં ચક્ષુ ભૂંસાઇ ગયેલા ભૂતકાળ પર ફરી વળી નવા ઘડાતા ભવિષ્ય પર ઠરતાં જાય છે. એશીયા આજે ઘણા વર્ષે ફરી દુનિયાની નજરમાં નવી અગત્ય ધારણ કરી રહ્યું છે.

આજ ઇતિહાસનાં પૂર્વ પ્રકરણો તપાસતાં એશીયાએ અને તેની સાથે સંસ્કૃતિમાં સર્વ રીતે સામ્ય ધરાવતાં મીસર દેશે માનવવિકાસમાં અદ્ભુત ભાગ ભજવેલો જણાશે. સંસ્કૃતિ અહિં જન્મ પામી, માનવજીવનનું અનંત સાહસ અહીં જ પ્રથમ ખેડાયું, અહીંયા જ સત્ય શોધતો માનવી પ્રથમ જન્મ્યો અને જગતને ઉજાળતાં આકાશપ્રદીપના તેજ માફક માનવીનો આત્મા પહેલીવાર ઝળકી ઉઠ્યો.

આ જ્વલંત ખંડ, જેની જ્યોતિ ચારે દિશામાં ફેલાઈ હતી તે જ ખંડ આજે સ્થિર–પ્રગતિશૂન્ય–થઇ બેઠો છે. યાંત્રિક દિશામાં પ્રગતિ કરતી બીજી સંસ્કૃતિઓએ આ ખંડને એકાએક ઢાંકી દીધો. તે પછી બીજા ખંડના શાહીવાદ નીચે આ ખંડ કચડાઇ ગયો અને યુરોપખંડ સંસ્કૃતિ તથા પ્રગતિનું કેન્દ્ર બની રહ્યો.

પણ ફરી પાછું કાળચક્ર બદલાઇ રહ્યું છે.

ત્વરાથી બદલાતાં સમયના વહેણમાં ફરી પાછો આપણો ખંડ ઉપર આવી ઉભો છે. આપણે અજબ ક્રાન્તિકાળમાં જીવી રહ્યા છીએ અને જ્યારે એશીયા અન્ય દેશોની વચ્ચે પોતાનું યોગ્ય સ્થાન પ્રાપ્ત કરશે ત્યારે નવી કક્ષાનો ઘાટ નિર્માણ થવા માંડશે.

આવે વખતે દેશ પરદેશથી આવેલા આ ખંડના વતનીઓનું સ્વાગતં કરતાં અમને ગર્વ અને આનંદ થાય છે. આપણા દેશોની પ્રગતિ, કલ્યાણ અને મિત્રતાના પાયા ચણવા આપણે ભેગા થયાં છીએ.

એશીયાના બધાં જ દેશના પ્રતિનિધિઓને ભેગાં કરવાનો આ વિચાર તદ્દન નવો નથી. આપણે આજ કરતાં વધારે વહેલાં કેમ ન મળ્યાં એ બહુ આશ્ચર્યજનક છે. સૌ સાથે મળી સંગઠ્ઠન કરી સાથે સાથે પ્રગતિ કરવાનો ઘણા દેશોને વિચાર આવેલો, પણ સમયના અને સંજોગોના બળોનાં દબાણથી આ ઘડીએ આ સભા ભરાઇ શકી છે. અને તે બળો જ આ દિશામાં કામ કરવાની અને આગળ ચાલવાની આપણને પ્રેરણા આપી રહેલ છે. એ જ પ્રેરણાને અંગે અમારી હાકલ સૌએ સાંભળી છે. અમારા નિમંત્રણનો પડઘો સર્વના હૃદયમાં પડયો છે અને સૌએ ઉત્સાહભર્યો સાથ આપ્યો છે.

સર્વ દેશદેશાવરનાં પ્રતિનિધિઓને હું આવકાર આપું છું. ચીનના પ્રતિનિધિઓને અમારા અન્તરના આવકાર છે. એશીયાની સંસ્કૃતિ ઘડનાર આ મહાદેશ પાસેથી ભવિષ્યમાં ઘણી ઘણી આશાઓ રખાઇ રહી છે. મીસર દેશ અને આરબ લોકોને અમો સત્કારીએ છીએ. ગૌરવપૂર્ણ મહાન સંસ્કૃતિનાં વારસદાર એ દેશોએ હિન્દને પણ સંસ્કાર આપ્યા છે. ઇતિહાસના પ્રભાતીયાં ગવાયાં ત્યારથી ઇરાન અને હિન્દે મિત્રતા અનુભવી છે. મેડોનેશીયા અને ઇંડોચાઇનના હિન્દની સંસ્કૃતિના પારણે જ પોષાયા છે અને ઉછર્યાં છે. હિન્દની માફક જ તે દેશો સ્વતંત્રા માટે લડી, ઝઝુમી રહ્યા છે. લડત વગર સ્વતંત્રતા પ્રાપ્ત થતી નથી એ પાઠ હિન્દને આ ઘડીએ પણ તેઓ શીખવી રહ્યાં છે. મહાન નેતાની પ્રેરણાથી નવયૌવન પામેલાં ટર્કીને, કોરીયા, મંગોલીયા, સિયામ, ફીલીપાઇનને, સોવીયેટ રશીયાના એશીયાઇ પ્રજાસત્તાકોને–જેમણે આપણી નજર નીચે જોતજોતાંમાં આશ્ચર્યજનક પ્રગતિ સાધી છે–અમારા નજીકના પડોશી અફઘાનીસ્થાન, ટીબેટ, નેપાલ, ભૂતાન, બર્મા અને સીલોનને–જેમની સાથે ગાઢ સહકારની અમે અપેક્ષા રાખીએ છીએ–આ સર્વને અમારાં આવકાર અને અભિનન્દન છે.

એશીયાનો દરેક દેશ અહીં હાજર છે. કોઇ એકાદ બે દેશ ન આવી શકયા હોય તો તે દુષ્કર સંજોગોને અંગે. ન્યુઝીલેન્ડ અને ઑસ્ટ્રેલીયાથી અવલોકન કરનાર પ્રતિનિધિઓને પણ અમારા સ્વાગત છે. અમારી અને તેની વચ્ચે પેસીફીક તથા અમેરિકાખુના પ્રદેશોના ઘણા પ્રશ્નો સમાન છે. અને એમની મિત્રતાથી જ આપણે એ પ્રશ્નોનો ઉકેલ લાવવાની આશા રાખીએ છીએ.

આપ સર્વને દેખીને એશીયાનો ભૂતકાળ ચક્ષુ સામે ખડો થાય છે. હાલના વિકટ સંજોગો ઘડીભર વિસારે પડે છે. પણ હું ભૂતકાળની ગર્વગાથાઓ કે થોડા વખત પહેલાની ભૂતકાળની વિતકકથાઓ કે જેનો પડછાયો હજુ પણ આપણને ઘેરી રહ્યો છે તેની વાત નહિ કરું.

છેલ્લાં બે સૈકાએ પશ્ચિમના શાહીવાદની થયેલી ઉત્ક્રાંતિ થયેલી અને એશિયાનો ઘણો મોટો ભાગ સંસ્થાનીક અને અર્ધ સંસ્થાનિક બનેલો જોયો છે. એશીયા પરના પશ્ચિમના વર્ચસ્વનું એક મહત્વનું પરિણામ એ આવ્યું છે કે આપણે સર્વ દેશો એક બીજાથી વિખુટા પડયા છીએ. હિંદુસ્થાનને સર્વ દેશો સાથે સૈકાઓથી આંતરિક સંબંધ હતો, પણ આ પરદેશી રાજ્યસત્તાના દબાણ નીચે હિંદુસ્થાનના એશીયાઇ દેશો સાથેના જૂના અનુસંધાનો તૂટી પડયાં. જુના રાજમાર્ગો બંધ થઇ ગયા, અને ફકત વિલાયતનો જળમાર્ગ જ તેને માટે ખુલ્લો રહ્યો.

એશીયાના બીજા દેશોનું પ્રચુ આવું જ થયું. આર્થિક સંબંધો પાશ્ચાત્ય દેશો સાથે બંધાયા, એટલું જ નહી પણ એમના આદર્શો પણ પશ્ચિમમાંથી જ ઘડાવા માંડયાં અને આ નિકટવાસીઓ સર્વ વિસરાઇ ગયા.

આજે આપણી વચ્ચે ચણાયલી આ કૃત્રિમ દિવાલ તૂટતી જાય છે, ગોઝારો શાહીવાદ અસ્ત પામતો જાય છે, જમીન માર્ગો ફરી ખુલતાં જાય છે અને હવાઇ વિમાનોએ આપણી વચ્ચેનું અંતર દૂર કર્યું છે. પશ્ચિમના વર્ચસ્વ છતાં આપણા મન અને આત્માની એકતા અભિન્ન રહી છે. આ પરિષદ જ એની સાક્ષી પૂરી રહી છે.

આ પરિષદમાં કોઇ કોઇનો નેતા નથી. કોઇ કોઇનો અનુયાયી નથી. સર્વ સમાન છે અને એમનું ધ્યેય એક જ છે.

હિંદુસ્થાન પણ સ્વતંત્રતાનો પ્રકાશ દેખી રહ્યું છે. હિંદ એશીયાનું ભૌગોલિક મધ્યબિન્દુ છે. અને તેથી જ એશીયાની સર્વ ચળવળનું મધ્યબિન્દુ પણ હિંદ જ બની રહેશે. પશ્ચિમ, ઉત્તર, પૂર્વ અને અગ્નિ એશીયાનુ મિલન સ્થાન પણ એ જ બની રહેશે.

આજ કારણસર હિંદનો એશીયાના બીજા રાષ્ટ્રો સાથેના સંબંધનો લાંબો ઇતિહાસ છે. ઘણાં દેશની સંસ્કૃતિના પ્રવાહો હિન્દે ઝીલ્યા છે. માટે જ હિંદની સંસ્કૃતિમાં અપાર વૈવિધ્ય અને

અપૂર્વ ભવ્યતા નજરે પડે છે. અને હિંદુસ્થાનની સંસ્કૃતિનાં ઝરણાં પણ તેવી જ રીતે આખા એશીયામાં ફેલાઇ ગયાં છે. હિન્દની સંસ્કૃતિના પ્રભુત્વને બરોબર જાણવું હોય તો અફઘાનીસ્થાન જાઓ, પશ્ચિમ કે મધ્યએશીયામાં જાઓ, ચીન કે જાપાનમાં જાઓ, અગ્નિ એશીયામાં જાઓ. ત્યારે જ હિન્દની પ્રાણવાન સંસ્કૃતિની પ્રભુતા અને વ્યાપકતા આપ યથાસ્વરૂપે જાણી શકશો.

પ્રાચીન કાળમાં ઇરાન તરફથી એક મહાન સંસ્કૃતિનું પૂર હિન્દ પર ધસી આવ્યું. પછી હિન્દ અને ચીનની સંસ્કૃતિનું મિલન થયું. અને વર્ષો પછી અગ્નિએશીયામાં હિન્દની સંસ્કૃતિની અને કલાની એકાએક છોળ આવી. અરબસ્તાનમાંથી શરૂ થયેલું એક સંસ્કૃતિનું મોજું ઇરાનમાં રૂપાન્તર પામી હિન્દુસ્થાનમાં ઢલવાયું. આ સર્વની હિન્દ પર ભારે અસર થઇ, છતાં હિંદુસ્થાન પોતાનું સ્વત્વ જાળવી રહ્યું. સર્વ સંસ્કૃતિ સ્વીકારતાં છતાં હિન્દની પોતાની સંસ્કૃતિ એટલી પ્રબળ હતી કે પોતે પોતાની વિશિષ્ટતા ગુમાવી ન બેઠું. છતાંય આપણે આજે એકમેકના રંગે રંગાયા છીએ અને તેથી જ એશીયામાં હિન્દી ગમે ત્યાં જાય ત્યાં સામ્ય અને બંધુત્વ અનુભવે છે.

આજ આપણે નવાં બંધનોથી એકમેક સાથે બંધાઇશું. પણ સાથે સાથે હું અહિંથી જાહેર કરવા માગું છું કે આ પરિષદ ભેગી કરવા પાછળ આપણે કોઇ પણ આક્રમક હેતુ ધરાવતા નથી. આપણે કોઇ પણ ખંડ કે રાષ્ટ્ર સામે મોરચા માંડવા માટે એકઠા થયા નથી. જ્યારથી આ પરિષદના સમાચાર પરદેશ પહોંચ્યા ત્યારથી યુરોપ અને અમેરીકાનાં કેટલાંક લોકો એવો ડર સેવી રહ્યા છે કે આ તો યુરોપ તથા અમેરીકા સામે મંડાયેલી એશીયન મહાન ઝુંબેશ છે. કોઇની પણ વિરૂદ્ધમાં અમારી કોઈ ઝુંબેશ નથી. દુનિયાભરમાં, જગતમાં શાંતિ અને પ્રગતિ સ્થાપવા માટેનો જ અમારો આ મહા પ્રયાસ છે.

અત્યાર સુધી આપણે પશ્ચિમની દરબારોમાં ભિક્ષુક જેમ ઉભા રહેતાં હતાં. એ વાત હવે ભૂતકાળની બની જવી જોઇએ. બીજા દેશના હાથમાં રમતનું રમકડું બની આપણે પગભર થવું જોઇએ. યુરોપ અને અમેરીકાએ માનવ પ્રગતિમાં ઘણો ફાળો આપ્યો છે એને સહર્ષ આપણે ઋણસ્વીકાર કરીએ છીએ. એમની પાસેથી આપણે હજી ઘણું શીખવાનું બાકી રહ્યું છે. પણ એજ પશ્ચિમે આપણને વારંવાર સંગ્રામમાં ધસડયાં છે. એક ભંયકર યુદ્ધ હજુ સમાપ્ત થયું દેખાતું નથી, ત્યાં તો ફરી પાછા બીજા યુદ્ધનાં રણશીંગા ફુંકાતાં સંભળાય છે. આ અણુબોંબના યુગમાં આપણે શાંતિનો પયગામ ફેલાવવાનો છે. એશીયા જ્યાં સુધી આ શાંતિનો પયગામ ન ફેલાવે ત્યાંસુધી જગતમાં વિશ્વશાંતિ સ્થાપાવાની નથી. એશીયાનો આત્મા વિશ્વશાંતિ સ્થાપવા માટે જ કકળી રહ્યો છે.

પણ વિશ્વશાંતિ કયારે સ્થપાય ? તે તો ત્યારે સ્થપાય કે જ્યારે દરેક દેશ સ્વતંત્ર હોય, દરેક માનવી અનિશ્ચિતતામાંથી મુક્ત હોય, એને સંપૂર્ણ તક હોય. સ્વાતંત્ર્ય અને શાન્તિનો રાજકારણી તેમજ આર્થિક–ઉભય દૃષ્ટિકોણથી આપણે વિચાર કરવાનો રહે છે.

એશીયાના સર્વ રાષ્ટ્રો પછાત છે. એનું જીવનધોરણ ખૂબજ નીચું છે. આ આર્થિક કંગાળીયતમાંથી આપણે વખતસર મુક્તિ નહી પામીએ તો આપણી પર ભયંકર આફત ઉતરશે.

સામાન્ય માણસના દૃષ્ટિબિન્દુથી એશીયાને મુક્ત કરવા અને વિકાસની તક આપવાની દૃષ્ટિથી જ આપણાં બંધારણો ઘડાવાં જોઇશે.

આપણી સામે ઘણી મુશ્કેલીઓ પડી છે. છતાંય "એક દુનિયા" સર્જવાનો, દુનિયાના સમવાય–તંત્રનો પાયો નાંખવાનો સમય આવી પહોંચ્યો છે. એ આદર્શ પામવા માટે આપણે ભગીરથ પ્રયાસો કરવાં જોઇએ. એ આદર્શને અંતરાય રૂપ થાય એવું રાષ્ટ્રોનું કોઇ પણ રસંગઠ્ઠન આપણે નથી કરવું. તેથી જ આપણે નવી જન્મ પામેલી સંયુક્ત રાષ્ટ્રોની સંસ્થાને આવકારીએ છીએ. પણ જગતના સર્વ દેશો એકત્ર થાય તે પહેલાં એશિયાના સર્વ દેશો વચ્ચે પુરેપુરો સહકાર સ્થપાવો જોઇએ.

આ આજનો એક અદ્‌ભુત પ્રસંગ છે. આજે આપણે ભેગાં મળ્યાં છીએ અને આજ ને આજ કંઇક પણ સક્રિય ન કરી શકીએ તો પણ આ એક મહાન આરંભ છે. એશીયાનો ઇતિહાસ લખાશે ત્યારેજ એનું ખરૂં મૂલ્યાંકન થશે. આ પરિષદ એક યુગ પર પડદો પાડી બીજા યુગનાં પ્રવેશદ્વાર ખોલી રહી છે. ઇતિહાસના ઘડનર ઘડી રહેલા આપણને પણ આ મહત્તાના કંઇક દર્શન થાય છે.

આ પરિષદમાંથી નાની નાની સમિતિઓ નિમાશે. અને તે સર્વ સામાન્ય પ્રશ્નો ચર્ચશે. દરેક દેશને પોતાના આંતરિક પ્રશ્નો તો ઉભા જ છે. પણ એ પ્રશ્નોની ચર્ચાને અહીંઆ સ્થાન આપવામાં નહિ આવે. એની ચર્ચામાં ઉતરીએ તો આપણું મુખ્ય ધ્યેય ભૂલાઇ જાય અને આપણે વાદવિવાદમાં પડીએ એવો ભય રહે છે. હું આશા રાખું છું કે આ પરિષદમાંથી આપણે એક સ્થાયી સંસ્થા ઉભી કરીશું કે જે આપણી મિત્રતા વધારે અને આપણા સામાન્ય પ્રશ્નો ઉકેલવાના કાર્યમાં આપણને મદદ કરે. આપણે શિક્ષકો અને વિદ્યાર્થીઓનો અરસપરસ વિનિમય સાધીશું તેમ જ બીજું પણ ઘણું કરી શકીશું પણ શું કરવું કે શું નહી તે આખરે તો આપને નકકી કરવાનું છે.

રાષ્ટ્રીયતાને આપણે સાંકડા માનસ વડે નથી તોળતી. રાષ્ટ્રીયતાને આપણે જરૂર પ્રથમ સ્થાન આપીએ, પણ આંતરરાષ્ટ્રિય વિકાસને થાંભે નાંખે એવી સંકુચિત રાષ્ટ્રિયતા આપણે કેળવવાની નથી. આપણે અમેરીકા તથા યુરોપની મિત્રતા માંગી રહ્યા છીએ અને આફ્રીકાની પણ મિત્રતા જરૂર ચાહીએ છીએ. આફ્રીકા તરફ તો આપણી ખાસ ફરજ છે. ત્યાંનો પદદલિત માનવી આપણા બંધુત્વની ખાસ અપેક્ષા ધરાવે છે. વિશ્વકુટુંબમાં એમને આપણે યોગ્ય સ્થાન અપાવવાનું છે. આપણી સ્વતંત્રતા આપણા એકલાની, એક દેશ કે એક પ્રજાની નથી. જ્યાં સુધી એ સ્વતંત્રતામાંથી કોઇ પણ દેશ કે માનવી વંચિત રહે ત્યાં સુધી આપણી સ્વતંત્રતા અધૂરી રહેશે.

આજે આપણે એશિયાના મહાન સ્વાતંત્ર્યશિલ્પીઓને યાદ કરીએ. સુન–યાત–સેન, ઝગલુલ પાશા, કમાલ પાશા વિગેરે. એમના રોપેલાં બીજનાં ફળ આપણે લણી રહ્યા છીએ, અને સાથે સાથે જેમની પ્રેરણા અને પ્રયાસે હિન્દુસ્થાન સ્વાતંત્ર્યના આંગણે આવી ઉભું છે તે વિશ્વની મહાન વિભૂતિ મહાત્મા ગાંધીજીને પણ આપણે યાદ કરીએ. એમની ઉણપ આપણને અહીં સાલે છે. પણ એ તો આ ઘડીએ પણ સામાન્ય માણસની સેવા કરી રહ્યા છે અને આ પરિષદ પણ એમને આકર્ષી શકી નથી.

આખું એશીયા, વાવંટોળ અને ઝંઝાવાતમાંથી શાંતિ શોધી રહ્યું છે. હિંદુસ્થાન પણ એવા જ ઝંઝાવાતમાંથી પસાર થઇ રહ્યું છે અને જ્યાં ત્યાં આ ઝંઝાવાતે માનવીને ગુંગળાવી મૂકયો છે, પણ આથી હતાશ થવાય નહિ. નવી પ્રજાનું ઘડતર હજુ તો માટીપોચું થયું છે. હજુ તો કુંભારને ચાકડે ઘડાઇ તપશે ત્યારે સાચો અને સુરૂપ આકાર ધારણ કરશે. આપણામાં નવી સર્જન-શક્તિ જન્મી છે. આજે માનવજન એક મહાન તંદ્રામાંથી જાગી ઉઠી છે અને માનવી પોતાનો વારસો માંગી રહ્યો છે. પ્રજા પુનર્ભવમાં સરી રહી છે. સંક્રાતિના કાચા ઘડતરમાંથી પાકા ઘડતરમાં આવતાં કંઇક મુશ્કેલીઓ વટાવવી પડશે. અંતે આપણા સ્વપ્ન મુજબ એશીયા ઘડાશે. નવા મહાન બળોમાં અને નવ સર્જનતા દર્શનમાં આપણે શ્રદ્ધા રાખીએ અને સૌથી વધારે તો જે માનવતાને એશીયા અનેક સૈકાઓથી મૂર્તિમંત કરી રહેલ છે તે માનવતાના આત્મામાં આપણે શ્રદ્ધા ધરાવીએ અને આગળ ને આગળ વધીએ.

મૂળ અંગ્રેજી : **પંડિત જવાહરલાલ નહેરૂ**

અનુવાદક : **શ્રી કપિલાબહેન ઠાકોર.**

કેટલાક સમાચાર અને નોંધ

ભગવાન મહાવીરને આપણાં અનેક વન્દન હો!

આ ચૈત્ર શુદ ૧૩ ના રોજ ભગવાન મહાવીરનો જન્મ દિવસ છે. આ દિવસે ભગવાન મહાવીરના ગુણવિશેષનું આપણે સ્મરણ કરીએ, અને ભગવાન મહાવીર આપણી જ જેવા એક માનવી હતા અને તેમની સર્વ સિદ્ધિઓ કોઇ આકાશમાંથી ઉતરી આવી નહોતી કે કોઇ જગન્નિયન્તા ઈશ્વરની આપેલી અણમોલી બક્ષીસ નહોતી. પણ પોતાના પ્રબળ પુરૂષાર્થ અને સતત અપ્રમાદનું પરિણામ હતું એમ સમજીને તેમના પગલે ચાલવાનો વિશ્વાસ અને શ્રદ્ધાપૂર્વક પ્રયત્ન કરીએ. ભગવાન મહાવીરે તત્કાલીન સમાજની પરિસ્થિતિ નિહાળી અને તે વખતની વ્યાપક આચાર પરંપરા અને ધર્મના નામે ચાલતા કર્મકાંડો અને યજ્ઞયાગો પણ નીહાળ્યા. તેમને ચોતરફ અજ્ઞાન, વહેમ અને અધર્મ દેખાયો. તેઓ ચાલતા પુરની સામે થયા. સત્ય તે જ ધર્મ, શાસ્ત્ર તે ધર્મ નહિ—આ તેમના જીવનનો મુદ્રાલેખ હતો. તેમણે ચાલુ પરિસ્થિતિનાં અનિષ્ટ તત્વો સામે જેહાદ શરૂ કરી, રાજ્યમાન્ય તેમજ પ્રજામાન્ય બ્રહ્મણવર્ગ સાથે સીધેસીધા અથડાયા, યજ્ઞયાગ અને ક્રિયાકાંડના સ્થાને અહિંસા, તપ અને સંયમની પ્રતિષ્ઠા કરી, સ્ત્રી અને પુરૂષને સમાનતા અર્પી, વર્ણભેદોનો સામનો કરીને માનવી માત્રને ઐહિક તેમ જ પારમાર્થિક સમાનતા આપી, ભોગવૈભવને અપ્રતિષ્ઠિત બનાવી પરિગ્રહવિરમણ અને ત્યાગધર્મને પ્રાધાન્ય આપ્યું, મહાવ્રતોમાં બ્રહ્મચર્યને દાખલ કરીને આધ્યાત્મિક જીવનની સાધનામાં બ્રહ્મચર્ય કેટલું અગત્યનું સ્થાન ધરાવે છે તે તરફ ગ્રંથીધારી શ્રાવકોનું અને નિર્ગ્રંથ સાધુઓનું ખાસ ધ્યાન ખેંચ્યું, લોકાતીત તપ કરીને સ્વાદજય વિના સંયમ શક્ય નથી એવો તેમણે જગતને સંદેશ આપ્યો. આવા પરમ પુરુષ ભગવાન મહાવીરનું તેમના જન્મદિવસે ગુણગાન કરીએ, તેમની જન્મતી ઉજવીએ અને તેમના સતત સ્મરણ વડે આપણી દિનચર્યાને, જીવનવ્યવહારને, આચારવિચારને ઉજાળીએ, ઉત્તરોત્તર વિશદ બનાવીએ અને તેમણે જે પદ પ્રાપ્ત કર્યું છે તે પદના અભિજ્ઞાષી અને કાળક્રમે અધિકારી બનીએ!

કવિ લલિતજીનો સ્વર્ગવાસ

તા. ૨૫-૩-૪૭ ના રોજ નિપજેલ કવિ લલિતજીના સ્વર્ગવાસથી સાહિત્યપ્રેમી સૌ કોઇ ગુજરાતીઓ ઉંડા ખેદની લાગણી અનુભવી રહ્યા છે. એક વખત લલિતજીના મંજીરાનો રણકાર ઘેર ઘેર સંભળાતો હતે. અને સભાએ સભાએ શ્રવણગોચર થતો હતો. તેઓ પણ કવિ તેમજ ગાયક હતા અને પોતાનાં રચેલાં પદો ભક્તિપ્રણત કંઠે ગાઇને સંભળાવતા. તેઓ પોતે જેવા સૌમ્ય, સરળ અને સદા હતા તે મુજબ જ તેમનાં કાવ્યો નિર્મળ, સહજ સમજાય તેવાં અને ઉન્નત ભાવનાઓનું સુન્દર શબ્દોમાં નિરૂપણ કરે તેવાં હતાં. આપણે ત્યાં કવિ અને સાક્ષરોની આથમતી પેઢીમાંથી એક પછી એક વિશિષ્ટ વ્યક્તિઓ વિદાય લઇ રહી છે. સાક્ષરવર્ય આનંદશંકર બાપુભાઇ ધ્રુવ થોડાંક વર્ષો પહેલાં પરલોકવાસી થયાં. કવિસમ્રાટ નાનાલાલ હજુ ગયા વર્ષે જ સ્વર્ગસ્થ થયા. તેમની હરોળના લલિતજી ૭૧ વર્ષની વયે વિદાય થતાં હવે કોણ રહ્યા? શ્રી બ. ક. ઠાકોર અને શ્રી અરદેશર ફ. ખબરદાર. આમ એક બાજુએ આપણે દરિદ્ર બની રહ્યા છીએ. બીજી બાજુએ તેમનું સ્થાન પુરે એવી બહુ વિરલ વ્યક્તિઓ ક્ષિતિજ ઉપર આરૂઢ થતી નજરે પડે છે!

લલિતજી કેટલાંક વર્ષોથી મુંબઇ છોડીને લાઠી જઇને વસ્યા હતા. ત્યાંના ઠાકોરસાહેબ તેમને બહુ સન્માન અને આદરપૂર્વક રાખતા હતા. તેમણે સંપૂર્ણ અંશમાં જીવનનિવૃત્તિ સ્વીકારી હતી. હજુ થોડા સમય પહેલાં તેઓ રાજકોટની સાહિત્ય પરિષદના સંમેલનમાં મળ્યા હતા. તેમનામાં એની એ જ નમ્રતા અને સાધુતા નજરે પડતી હતી. કવી તરીકેની પ્રતિભા નાનાલાલ કે ખબરદાર જેટલી ઉંચી નહિ. પણ સૌજન્ય, સરળતા અને નમ્રતામાં તેઓ સૌથી ચઢી જાય. ભક્તિભાવ અને દેશદાઝ એ તેમની કવિતાના પ્રધાન સુર હતા. તેઓ આખા જીવનમાં ભાગ્યે જ કોઇ માણસ સાથે અથડાયા હશે—એવી તેમના જીવનની રજુતા હતી. તેમનું આખું જીવન નિર્દોષતા અને પાપભીરૂતાની પુણ્યકથા જેવું હતું. તેઓ પોતાની પાછળ બે સંતાનો મુકી ગયા છે. પુરાતન અને સનાતન. બંનેને પિતાની સાક્ષરતાનો વારસો મળ્યો છે. ભાઇ પુરાતનના ચિન્તનપ્રધાન લેખો અનેક સામયિકોમાં જોવામાં આવે છે. લલિતજીના પવિત્ર આત્માને શાશ્વત શાન્તિ મળો એવી આપણ—સર્વની ખરા દિલની પ્રાર્થના હો!

આમરણાન્ત અનશન!

કચ્છમાં આવેલ પત્રી નામના ગામના નિવાસી શ્રી લખમશી કેશવજીએ એક લાંબી, ઉજ્જવળ તથા સેવાપરાયણ કારકીર્દીથી ભરેલી ૭૧ વર્ષની જીવનલીલા સ્વેચ્છાએ આમરણાન્ત અનશન સ્વીકારીને સમેટી લીધી અને ૨૯ મા ઉપવાસના દિવસે તા. ૧૭-૨-૪૭ ના રોજ તેમણે સમાધિમરણ પ્રાપ્ત કર્યું.

તેમનું જીવન પ્રારંભથી જ ધર્મપરાયણ હતું. પરિણીત જીવનના પરિણામે પ્રાપ્ત થયેલ એક પુત્રથી સંતોષ માનીને ૩૦ વર્ષની ઉમરે તેમણે બ્રહ્મચર્યવ્રત સ્વીકારેલું. ૩૫ વર્ષની ઉમ્મર સુધીમાં જે કાંઇ દ્રવ્યોપાર્જન થયું તેથી સંતુષ્ટ બનીને તેમણે વ્યાપારનિવૃત્તિ અંગીકાર કરેલી. પછી તો પરદેશનાં પરિભ્રમણો સમેટી લઇને પત્રી ગામમાં જ તેઓ સ્થિર થયા અને ત્યાંની અનેક સામાજિક તેમ જ રાજકીય પ્રવૃત્તિઓનું તેમણે વર્ષો સુધી સંચાલાન કર્યું. કન્યાશાળા, જ્ઞાનરવિભંડાર, શ્રાવિકાશાળા, પાંગળાપોળ, જૈન ઉપાશ્રય, દેરાસર તેમજ ધર્મશાળા—આવી અનેક પ્રવૃત્તિઓનું તેમણે અનેક રીતે સીંચન કર્યું અને એક સરખું સેવાપરાયણ જીવન ગાળ્યું. છેલ્લાં પાંચેક વર્ષથી આ સેવાના મોહથી પણ તેઓ મુકત થયા હતા અને કેવળ આત્મપરાયણ જીવન ગાળી રહ્યા હતા. ધ્યાન, તપ, સાધનામાં જ તેમનો સર્વ સમય પસાર થતો. કેટલીકવાર રાત્રીના કાર્યોત્સર્ગમાં કલાકના કલાક તેઓ વ્યતીત કરતા. આમ કરતે કરતે તેમનામાંથી જીવવાનો મોહ પણ ઓસરી ગયો અને જેમ કોઇ માણસ ગામતરૂં કરે તેમ તેમણે આ દુનિયાનો સ્વેચ્છાએ ત્યાગ કરીને અન્ય દુનિયા તરફ પ્રયાણ કર્યું. આમરણાન્ત અનશન વિષે આપણા અંગત ખ્યાલો ગમે તે પ્રકારના હોય એમ છતાં પણ આવી ઉચ્ચકોટિની વ્યક્તિ વિષે આપણા દિલમાં આદર અને ભક્તિભાવ ઉપજ્યા વિના રહેતો નથી. યોગ્ય ઉમ્મરે, જાણે કે, પોતાનું જીવનકાર્ય પુરૂં થયું હોય એવી પ્રતીતિના પરિણામે, પુરી પ્રસન્નતાપૂર્વક આમરણાન્ત અનશન સ્વીકારીને યમરાજને આમંત્રણ મોકલવું અને તેના બોલાવ્યા નહિ પણ સામેથી કહેણ મોકલીને યમસદન તરફ સીધાવવું—આ પણ એક અસાધારણ કોટિની વીરતાનો પ્રકાર છે. આવા પવિત્ર આત્માને આપણા અનેક વન્દન હો!

જમાલભાઇનો જુદો ચોતરો !

'જૈન' જૈન સમાજનું એક બહુ જુનું અને જાણીતું સાપ્તાહિક પત્ર છે અને તેમાં રજુ કરવામાં આવતી વિચારસરણિ સાધારણ રીતે પ્રગતિશીલ હોય છે. જુનાનું સમર્થન કરવું એમ છતાં વર્તમાન પરિસ્થિતિ જે સામાજિક ફેરફારો માંગી રહેલ છે તે પણ યોગ્ય આકારમાં જૈન સમાજ સમક્ષ રજુ કરતા રહેવું,– આવી જૈન પત્રની નીતિ છે અને આ પત્રનો શ્વેતાંબર મૂર્તિપૂજક વિભાગમાં બહુ સારો ફેલાવો છે. એ પત્રના તા. ૯–૩–૪૭ ના અંકમાં 'રાષ્ટ્રીય સેવક સંઘ' એ મથાળા હેઠળ એક નોંધ પ્રગટ કરવામાં આવી છે. એ નોંધ જૈન પત્રની ઉપર જણાવેલી નીતિ સાથે બંધબેસતી નહિ લાગવાથી ખાસ ધ્યાન ખેંચે છે. એ નોંધ નીચે મુજબ છે:–

"રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘમાં દાખલ થયેલા જૈન યુવાનો માટે હાલમાં એક નવી સમસ્યા ઊભી થવા પામી છે. રાષ્ટ્રીય સ્વયંસેવકો–જેઓ મુખ્યત્વે વૈદિક સંપ્રદાયના હોય છે તેઓ–પ્રાર્થના વખતે ગાયત્રીમંત્ર, સૂર્યમંત્ર વિગેરે સમસ્વરે ઉચ્ચારે છે. ચુસ્ત જૈન યુવાન શિસ્તની ખાતર એ નિયમનું ભલે પાલન કરે, પણ એ પદ્ધતિ સ્વતંત્ર હિંદમાં વધુ વખત નીભાવી શકાશે કે કેમ એ એક સમસ્યા થઇ પડી છે. જૈન યુવાનો–જેમને કુળ–પરંપરા કે શ્રદ્ધાને અંગે જૂદા જ સંસ્કાર મળ્યા હોય છે તેઓ યજ્ઞ-સંસ્કૃતિને અનુસરવા તૈયાર નથી હોતા. આ સ્તુતિ ઉપરાંત રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની બીજી કેટલીક પ્રવૃત્તિઓ જૈન નિયમો સાથે અથડામણમાં આવે છે. મુખ્ય અથડામણ તો રાત્રિભોજનની છે. વૈદિકો અર્થાત્ હિંદુ ભાઇઓને રાત્રિભોજન વિષે કંઇ વાંધો નથી હોતો. તેઓ ગળ્યા વિનાનું અણગળ પાણી પણ છૂટથી વાપરી શકે છે. સ્વયંસેવકના ખાસ જલસાઓમાં જૈન યુવાનોને ન છૂટકે રાત્રિભોજન કરવું પડે છે. ગળ્યા વિનાનું પાણી પણ વાપરવું પડે છે. જૈન કાર્યકર્તાઓ માને છે કે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની સંસ્થાઓએ હવે પોતાના નિયમો ફરી તપાસી જવા જોઇએ. જે જૈન યુવાનો આ સંઘમાં જોડાયા હોય તેમણે હવે સ્પષ્ટ શબ્દોમાં સંઘના વ્યવસ્થાપકોને જણાવી દેવું જોઇએ કે જૈન કુળમાં ઉછરેલા અને શ્રમણ સંસ્કૃતિમાં શ્રદ્ધા ધરાવતા જૈન યુવાનો કંદમૂળનો આહાર કરવા તૈયાર નથી તેમ રાત્રિભોજન સામે પણ એમનો એટલો જ ઉગ્ર વિરોધ છે. સામાન્ય શિસ્તનો ભંગ ન થાય એટલા સારૂ આજ સુધી જૈન જુવાનો ભલે મૌન રહ્યા, પણ હવે હિંદ જ્યારે સ્વાતંત્ર્યના ઉંબરે આવી ઉભું છે અને બીજા ઘણા જૈન જુવાનો સંઘમાં પોતાની સેવા અર્પવા તૈયાર થયા છે, ત્યારે સંઘના સંચાલકોએ પહેલી તકે જૈનોને સંતોષ થાય તેવી રીતે પુનર્ઘટના કરી વાળવી જોઇએ."

એક વખત એવો હતો કે જ્યારે રાત્રીભોજનનો અને કંદમૂળનો સર્વથા ત્યાગ જૈનોની દૈનિક આચારની મુખ્ય ગણાતી બાબતો હતી અને એ બન્ને નિયમોનું જૈન સમાજનો ઘણો મોટો ભાગ પુરી શ્રદ્ધા અને આગ્રહપૂર્વક પાલન કરતો હતો. વળી એ સમયની બીજી વિશેષતા એ હતી કે વ્યાપાર કે દ્રવ્યોત્પાદક વ્યવસાય સિવાય જૈનો જૈનેતરો સાથે બહુજ ઓછું મળતા હળતા. જૈનોના સર્વ સામાજિક સંબંધો ઘણું ખરૂં પોતાના સમુદાયમાં જ બંધાતા અને તત્પુરતા જ મર્યાદિત રહેતા. આજે સમય બદલાતો ચાલ્યો છે અને ઉપર જણાવેલ બન્ને બાબતો જૈનોના દૈનિક આચારમાંથી ઓસરતી ચાલી છે. ગામડાં કરતાં શહેરોમાં અને આથમતી પેઢી કરતાં નવી પેઢીમાં આ બાબતનો આગ્રહ એકદમ કમી થઇ રહેલો નજરે પડે છે. મોટાં શહેરોમાં વસતા જૈનોમાં દશ ટકા પ્રમાણ પણ એવું નહિ મળે કે જેઓ રાત્રીના બીલકુલ ખાતા નહિ હોય કે કંદમૂળનો એક યા બીજી રીતે–એટલે કે ઘરમાં નહિ તો બહાર–ઉપયોગ કરતા નહિ હોય. ખાનપાનને લગતા બાતબાતના નિયમ–ઉપનિયમો પ્રત્યે ઉદાસીનતા અથવા તો સ્વેચ્છાપૂર્વકની ઉપેક્ષા આજના પવનમાં અને આજની કેળવણીમાં ભરેલી છે. આજની આ વાસ્તવિકતા જે જોઇ શકે છે તેણે સ્વીકાર્યે જ છુટકો છે.

આ સાથે એ પણ આપણને સહજ પ્રત્યક્ષ છે કે આજના વિશાળ જાહેર જીવનમાં તેમજ રાષ્ટ્રીય પ્રવૃત્તિઓમાં જૈનો સૌથી કદાચ અગ્રસ્થાને ન હોય તો પણ બીજા આગળ પડતા વર્ગોની બરોબર હરોળમાં રહીને ભાવના તેમજ ધગશપૂર્વક સારો એવો ભાગ લઇ રહેલ છે. આપણા દેશની એવી એક પણ સર્વસામાન્ય પ્રવૃત્તિ જોવામાં નહિ આવે કે જેમાં જૈનો સારા પ્રમાણમાં ભાગ લેતા ન હોય. અને આ બધી પ્રવૃત્તિમાં જૈનો ભાગ લે છે તે કાંઇ 'જમાલભાઇનો જુદો ચોતરો' કરીને નહિ પણ અન્ય સર્વ વર્ગો સાથે પુરેપુરા તદાકાર બનીને ભાગ લે છે. આવા વિશાળ સહજીવનમાં ખાનપાન વગેરેનું ધોરણ લગભગ સર્વસામાન્ય હોય તે તદ્દન સ્વાભાવિક છે એટલું જ નહિ પણ ઇષ્ટ પણ છે.

આ રીતે વિચારતાં ઉપરની નોંધ ભારે પ્રત્યાઘાતી અને ઉગતી પ્રજાને ખોટી દોરવણી આપનારી ભાસે છે. આજે આપણે ત્યાં મોટું વૈચિત્ર્ય તો એ જોવામાં આવે છે કે જ્યારે કોઇ પણ સંસ્થાનો પ્રશ્ન અને તેનો લાભ લેનારાઓના નિયમન અને શિસ્તને લગતી બાબત ઉભી થાય છે ત્યારે રાત્રીભોજન અને કંદમૂળભક્ષણનો કટ્ટર નિષેધ કરનારાઓમાં એવા પણ કેટલાક ગૃહસ્થો હોય છે કે જેઓ પોતે રીતસર હંમેશા રાત્રે વાળુ કરતા હોય છે અને ચાલુ અથવા તો વારે તહેવારે કંદમૂળનો પણ ઉપયોગ કરતા હોય છે અને આમ છતાં "આ તો અમારા ધર્મની મૌલિક બાબતો છે. બીજી બધી બાબતોમાં ફેરફાર થઇ શકશે, પણ આ બે બાબતો તો યાવચ્ચંદ્રદિવાકરૌ અચળ અને અટળ રહેશે. આવું ઝનુન તેઓ તરફથી આ ઓસરતા જતા આહાર-નિયમોને ટકાવી રાખવા માટે દાખવવામાં આવે છે. આવા અનુભવ ઉપરથી ઉપર આપેલી નોંધ લખનાર પણ પોતે રાત્રીભોજન કરે છે અને કંદમૂળ વાપરવા સામે વાંધો ધરાવતા નથી એમ માલુમ પડશે તો મને દુઃખ પણ નહિ થાય અને આશ્ચર્ય પણ નહિ થાય.

ઉપરની નોંધમાં જણાવેલ 'રાષ્ટ્ર સેવક સંઘ' એ કઇ સંસ્થા છે એ બાબતની સ્પષ્ટતા કરવામાં આવી નથી. સંભવ છે કે હિંદુ મહાસભાના આશ્રય નીચે ચાલતી આ નામની સ્વયંસેવકોની સંસ્થાને ઉદ્દેશીને ઉપરની નોંધ લખવામાં આવી હોય. કોણે કઇ અને કેવી પ્રવૃત્તિમાં જોડાવું એ બાબતનો વિવેક કરવાનો તો રહે જ છે અને કોમી ધોરણે ઉભી કરવામાં આવેલી અને કોમી વીખવાદ વધારવામાં નિમિત્તભૂત બનવાની જોખમાં સંભાવના હોય તેવી કોઇ પણ સંસ્થામાં જોડાવાની આપણે કોઇને પણ સલાહ આપી ન શકીએ. પણ આના સ્થાને રાષ્ટ્રીય મહાસભાના રાષ્ટ્રીય સેવાદળમાં અથવા તો એવા જ કોઇ બીનકોમી પાયા ઉપર રાષ્ટ્રકલ્યાણને પોષતી સંસ્થામાં સક્રિય ભાગ લેવાની આપણે આપણા યુવકોને જરૂર બળવાન પ્રેરણા આપવી જોઇએ, અને સર્વસામાન્ય પ્રવૃત્તિઓના સંચાલનમાં જૈનોનો અગ્રભાગ હોય એમ પણ આપણે જરૂર ઇચ્છવું જોઇએ. આને બદલે ઉપર આપેલી નોંધનું પરિણામ જો કાંઇ આવવાનું હોય તો પ્રત્યાઘાતી જ આવવાનું છે. જૈનોના ખાનપાનના અટપટા નિયમો પાળી શકાય એવી સગવડ કોઇ પણ સાર્વજનિક સંસ્થા આપી શકવાની નથી. આ તો રાષ્ટ્રીય સેવક સંઘ કે રાષ્ટ્રીય સેવાદલનો પ્રશ્ન છે. આવતી કાલે ભૂતળ સૈન્ય કે નૌકાદળમાં દાખલ થવાનો પ્રશ્ન આવશે, ત્યારે પણ ઉપરની નોંધ લખનાર આવી જ સલાહ આપશે કે ?

અલબત્ત જે કેવળ આત્મસાધનાના માર્ગે ચાલી રહેલ છે, અથવા તો જેને આવી સામુહિક પ્રવૃત્તિઓમાં રસ નથી અથવા તો ચોક્કસ નિયમઉપનિયમોના ભોગે કોઇ પણ વ્યાપક પ્રવૃત્તિમાં જે ભાગ લેવા માંગતા નથી તેઓ જરૂર પોતાના મન્તવ્યોને વળગી રહે અને પળાય તેટલા નિયમો પાળે અને એ રીતે કટ્ટર,

સંયમપ્રધાન જીવન અખત્યાર કરવા સાથે જેટલી શક્ય હોય તેટલી સમાજની સેવા કરે, પણ આજે જ્યારે વાસ્તવિક જીવનમાંથી આ બાબતોનો આગ્રહ સાધારણતઃ લુપ્ત થઈ રહ્યો છે ત્યારે જ્યાં ત્યાં આ બાબતો આગળ ધર્યા કરવી એ યોગ્ય નથી, તેથી કશો પણ લાભ થવાનો નથી. મને ભય છે કે આ નોંધ જૈન સમાજમાં ભારે ટીકાપાત્ર બનશે એમ છતાં આજે આ બાબતમાં કોઇએ સ્પષ્ટપણે કહેવાની જરૂર છે તેથી જ હું કહું છું કે આજના પરિવર્તિત સંયોગોમાં અને મહત્વના ફેરફારો પામી રહેલી ચાલુ જીવનની રહેણીકરણીમાં રાત્રીભોજનનિષેધ કે કંદમૂળનિષેધને બહુ જ ઓછું સ્થાન રહ્યું છે. સાથે સાથે એમ પણ કહેવાની જરૂર છે કે આ બન્ને બાબતો જૈનધર્મના મૂળમાં રહેલી છે અને તે જવા સાથે જૈન ધર્મ રસાતાળ જવાનો છે—આવી માન્યતા અસાધારણ અતિશયતાથી ભરેલી છે અને શ્રેણીક રાજા જેવા મૃગયાવિહારી અને અતઃએવ માંસાહારી રાજાને પણ પોતામાં સમાવનાર જૈન ધર્મના વિશાળ સ્વરૂપનો દ્રોહ કરનારી છે. અલબત્ત આજે આપણો ધર્મ જરૂર રસાતાળ જઈ રહ્યો છે, પણ તે આવી કોઇ શિથિલતાના કારણે નહિ પણ આપણા ચારિત્ર્યના આરપાર પોલાપણાને લીધે, ધર્મના આત્માનો ત્યાગ કરીને ધર્મના ખોખાને વળગી રહેવામાં અનુભવાતા મિથ્યા અભિમાન અને આત્મસંતોષને લીધે. માટે આજે પણ એ બહુ જરૂરી છે કે આપણે ડાળપાંખડાંને થડ માની લેવાની ભૂલમાં ન પડીએ, વાસ્તવિકતા સમજીએ, સ્વીકારીએ અને તત્પ્રતિકુળ બાબતોને અન્યને ઉપહસનીય બનીએ એ રીતે જ્યાં ત્યાં આગળ ધર્યા ન કરીએ.

ઉપરની નોંધમાં એક એ બાબત જણાવવામાં આવી છે કે આવી સંસ્થામાં જોડાનારને અળગણ પાણી પીવાની ફરજ પાડવામાં આવે છે. પાણી ગળીને પીવું એ કાંઇ જૈન આચારની જ કોઇ વિશેષતા નથી. એ તો આરોગ્ય અને સ્વચ્છતાનો સામાન્ય નિયમ છે અને પ્રસ્તુત સંઘના અધિકારીઓના ધ્યાન ઉપર આ બાબત લાવતાં જરૂર તેઓ સુધારો કરી આપશે એમ આશા રાખી શકાય. પણ ધારો કે ઉપરી અધિકારીઓએ આ બાબતમાં મન્દતા દાખવી તે પણ દરેક સ્વયંસેક પોતાનું પાણી પોતાના પ્યાલામાં ગળીને પી શકે છે. અળગણ પાણી પીવાનું ફરજિયાત કેમ બની શકે તે જરાદ્દિ કલ્પનામાં આવતું નથી.

અને ચોથી બાબત પ્રાર્થનાની. આવી સમુહપ્રાર્થના વૈદિક હો કે અવૈદિક–આખરે તો પરમાત્મતત્વનું ચિન્તન એ જ તેનો આશય હોય છે. એ પ્રાર્થના–યોજકો જૈનેતર હોઇને પ્રાર્થનાનું સ્વરૂપ વૈદિક ધોરણે યોજાયું હશે. જૈનો આગ્રહ કરશે તો જૈનોનાં પણ પદો કે ભજનો તેમાં જરૂર સામેલ કરવામાં આવશે. પણ આવી બાબતમાં પણ હઠ પકડીને ન બેસાય. આ હિસાબે તો પ્રસ્તુત લેખક ગાંધીજીની પ્રાર્થનાનો જૈનોને સર્વથા બહિષ્કાર કરવાનું કહેશે એવો ભય રહે છે.

દુઃખની વાત તો એ છે કે પ્રસ્તુત નોંધના લેખક જણાવે છે કે આ બધું આજ સુધી તો બીચારા જૈન જુવાનોએ શિસ્તની ખાતર સહી લીધું, પણ હિંદ હવે જ્યારે સ્વાતંત્ર્યના ઉંબરે આવીને ઉભું છે ત્યારે તો આ બધી બાબતો અસહ્ય લેખાવી જોઇએ. ભલા માણસ! જ્યાં સુધી સ્વાતંત્ર્ય સામે નહોતું દેખાતું ત્યાં સુધી સાંપ્રદાયિક મનસ્વીતાઓ આપણે નિરૂપાયે નીભાવી લીધી, પણ હવે તો આવી સાંપ્રદાયિક મનસ્વીતાઓને લેશમાત્ર સ્થાન મળવું ન જોઇએ. સ્વાતંત્ર્ય મળ્યું છે તે સંપ્રદાયભેદોને પુષ્ટ કરવા માટે નહિ, 'બાર ભૈયા અને તેર ચોકા' કરવા માટે નહિ, પણ સંપ્રદાયભેદોને ગૌણ કરવા માટે, પરસ્પર નિકટ આવવા માટે અને એકરૂપ બનવા માટે, એક, અખંડ અને અવિભાજ્ય હિંદની સ્થાપના કરવા માટે. આ આપણે બરોબર સમજીએ અને આવી વિચિત્ર વાતો કરીને આપણી ઉગતી પ્રજાને વિશાળ સામુદાયિક પ્રવૃત્તિઓથી કે સહકારી સંભાવનાઓથી વિમુખ બનાવે તેવાં સૂચનો કે માર્ગદર્શન આપતાં અટકીએ!

રાત્રીભોજન અને કંદમૂળ ભક્ષણ

ઉપરની ચર્ચાના અનુસંધાનમાં કોઇ ગેરસમજુતીને અવકાશ ન રહે તે માટે આ બન્ને બાબતો વિષે મારાં મન્તવ્યો પણ અહિં રજુ કરું એ વધારે યોગ્ય લાગે છે. દિવસ અને રાત્રીના ચક્રમાં કાળનું નિર્માણ ચાલ્યા કરે છે. દિવસ પ્રવૃતિ માટે છે અને રાત્રી નિવૃત્તિ માટે છે એ પણ આ નિર્માણ પાછળનો હેતુ હોય એમ લાગે છે. આ ઉપરથી દિવસે માણસ જરૂરી પ્રવૃતિઓ કરે, મનગમતાં આહારવિહાર કરે અને રાત્રે કેવળ આરામ લે એ માનવી જીવનના સ્વાસ્થ્ય તેમજ આરોગ્ય માટે યોગ્ય તેમજ સ્વભાવિક ક્રમ લાગે છે. આ ધોરણે રાત્રીભોજનનો નિયમ માત્ર અહિંસાની દૃષ્ટિએ જ નહિ, પણ જનતાના સ્વાસ્થ્ય અને કલ્યાણની દૃષ્ટિએ આદરયોગ્ય લાગે છે. પણ આજે આપણી રહેણી કરણી તેમજ વ્યવસાયો અને રોકાણોનું સ્વરૂપ એટલું બધું પલટાઇ ગયું છે કે આજે આ નિયમનું અનુપાલન ખાસ કરીને શહેરી જીવનમાં સામાન્ય જનતા માટે વ્યવહારૂ નથી રહ્યું, એટલું જ નહિ પણ, ઘણા ખરા લોકો માટે રાત્રીભોજન લગભગ અનિવાર્ય બની ગયું છે. આ જેટલું ગૃહસ્થાશ્રમીઓને લાગુ પડે છે તેટલું જ વિદ્યાર્થીઓને લાગુ પડે છે. સતત પાંચથી છ કલાકના શાળાજીવન પછી શારીરિક વિકાસ અને સ્ફુર્તિ અર્થે કસરત અને રમત ગમત દરેક વિદ્યાર્થી માટે અત્યંત જરૂરી છે અને આ બાબતનો અને રાત્રીભોજન–નિષેધનો કોઇ મેળ મળી શકે તેમ છે જ નહિ. શારીરિક આરોગ્ય, કસરત તથા રમતગમતમાં જૈનો બીજા વર્ગો કરતાં ઘણા વધારે પાછળ છે તેમું કારણ પણ દિવાભોજનને લગતો જૈન પરંપરાનો આગ્રહ અને તે કારણે રમત ગમત તેમજ શરીરખીલવણી વિષે જૈન સમાજમાં પ્રવર્તતી સર્વસામાન્ય ઉપેક્ષા છે. આ રીતે વિચારતાં જૈન છાત્રાલયોમાં આજે રાત્રીભોજનનો જે સખ્ત પ્રતિબંધ જોવામાં આવે છે અને અસાધારણ સંયોગોમાં પણ કશી છુટછાટ આપી ન શકાય એવો આગ્રહ દાખવવામાં આવે છે તે બદલવાની ખાસ જરૂર છે. આમાં પણ જ્યાં સંસ્થાના સંચાલકો આ નિયમ પાળી શકતા ન હોય ત્યાં આ નિયમનું ફરજીયાત પાલન એક ભારે કઢંગી પરિસ્થિતિ ઉભી કરે છે. વસ્તુસ્થિતિ એવી છે કે સંચાલકો ઘણાખરા રાત્રીભોજન કરે છે, કોલેજમાં ભણનાર જૈન વિદ્યાર્થીઓ પણ અગવડે સગવડે રાત્રે જમી લે છે, અને જૈન સમાજનો ખાસ કરીને મોટા શહેરોમાં વસતો મોટો ભાગ પણ રાત્રે ખાય છે અને એમ છતાં આ વાસ્તવિકતા સ્વીકારવાની અને તદનુસાર આવા નિયમો હળવા કરવાની કોઇ હીંમત ધરતું નથી. રાત્રીભોજનને લગતો આ દંભ અથવા તો કેવળ ઉપરનો દેખાવ જેટલો વહેલો દૂર થાય એટલું સૌ કોઇના લાભમાં છે.

કંદમૂળને લગતા ધાર્મિક પ્રતિબંધનું મહત્વ હું હજુ સુધી સમજી શક્યો નથી. તેમાંના અનંતકાયિત્વનો વિજ્ઞાનદ્વારા કોઇ પણ ખુલાશો શોધ્યો જડતો નથી. અનંતકાયપણું સ્વીકારીએ તો પણ જે દલીલથી આમિષાહારને બદલે વનસ્પતિનો આહાર વધારે સ્વીકારયોગ્ય ગણાય છે તેજ દલીલના આધારે પ્રત્યેક વનસ્પતિકાયને બદલે અનંતકાયનો આહાર વધારે સ્વીકાર્ય કેમ ન લેખાય એ પ્રશ્ન છે. આજે પ્રાણધારણ અને સ્વાસ્થ્ય–સંવર્ધનની દૃષ્ટિએ આપણા ભોજ્ય પદાર્થોનું ખુબ સંશોધન ચાલી રહ્યું છે. આ સંશોધન સુકા કરતાં લીલાના ઉપયોગ ઉપર ઘણો વધારે ભાર મૂકે છે અને આ ધોરણે કંદમૂળમાં લેખાતી કેટલીક ચીજો શરીરને બહુ લાભકારી છે એમ જણાવવામાં આવે છે. જેને આખા સમાજના સ્વાસ્થ્યસંવર્ધનની ચિંતા છે તે આ પ્રશ્નની ઉપેક્ષા કરી ન શકે. દાખલા તરીકે, ડુંગળી અને લસણ ગરીબ માણસોને કસ્તુરીની ગરજ સારે છે એમ કહેવામાં આવે છે. ગાજર પણ એટલી જ ઉપયોગી વસ્તુ લેખાય છે. અલબત્ત જૈનધર્મનો પાયો સંયમ છે અને

સંયમનો મોટો આધાર સ્વાદજય ઉપર છે અને સ્વાદજયનો સાધક સંયમ કેળવવા માટે પોતાના ખાનપાન ઉપર જેટલાં નિયંત્રણ મૂકે એટલાં ઓછાં છે અને એ રીતે રાત્રીભોજન–પરિત્યાગ કે કંદમૂળત્યાગ જરૂર આવકારદાયક છે અને એ રીતે બે વખતને બદલે માણસ એક વાર ખાય અને ખાવાની ચીજો ઓછી કરતો થાય તે સર્વનું પણ સંયમલક્ષી મૂલ્ય જેટલું આંકવામાં આવે તેટલું ઓછું છે. પણ સામાન્ય જનસમાજનું જીવન કેવળ આજ ધોરણે નકકી કરી શકાતું નથી. સામાજિક દૃષ્ટિએ વિચાર કરતાં સંયમ અને સ્વાદજય કરતાં વધારે અગત્યના નહિ તો તેના જેટલી જ અગત્યના–આરોગ્યસંવર્ધન અને શારીરિક તાકાતની વૃદ્ધિના–પ્રશ્નો ધ્યાનમાં લેવાના રહે છે. અને આ રીતે વિચારતાં કંદમૂળ વિષેનું સખ્ત વિરોધી વળણ પણ આપણે આજના સંયોગો અને ખાનપાનને લગતી લોકોની અભિરૂચિ ધ્યાનમાં લઈને હળવું કર્યા સિવાય ચાલે તેમ નથી.

અનેક પત્ની પ્રતિબંધક કાયદો

એક આધેડ ઉમરના જૈન ડોકટર એક પત્નીની હયાતીમાં બીજી પત્ની કરવાનો વિચાર કરી રહ્યા છે એવી ખબર મળતાં એ સંબંધી તપાસ કરવા માંડી અને આ બાબતમાં તાજેતરમાં જ મુંબઇની સરકારે સખ્ત કાયદો કર્યો છે એમ છતાં આ ભાઇ આવો વિચાર કેમ કરતા હશે એવો પ્રશ્ન મનમાં ઉભો થતાં અને ધારો કે પહેલાંની પત્નીની આ બાબતમાં સંમતિ હોય તો આવું લગ્ન ગુન્હાહિત ગણાય કે નહિ અથવા તો અહિં રહેતો માણસ મુંબઇ સરકારની હકુમત ન હોય એવા કોઇ સ્થળે જઇને લગ્ન કરી આવે તો લગ્ન કરનાર કશા ગુન્હામાં આવે કે નહિ એવા પ્રશ્નો ઉપસ્થિત થતાં આવાં લગ્નોની અટકાયત કરતા કાયદાની વિગતો જાણવાનું મન થયું અને આને લગતી પુછપરછ કરતાં આ સંબંધમાં પુરી માહિતી ધરાવતા હોવા જોઇએ એવા મિત્રો પણ આ કાયદા સંબંધે પુરા વાકેફગાર નથી એમ માલુમ પડયું. આખરે બોંબે ગવર્મેન્ટ ગેઝેટની ફાઇલમાંથી આ ધારો શોધી કાઢયો. આવા અગત્યના કાયદાની જાહેર જનતાને પુરેપુરી જાણ હોવી જોઇએ કે જેથી જ્યારે કોઇ પણ ઠેકાણે કાયદાના અજ્ઞાનને વશ થઇને આવો અનર્થ કરવા કોઇ પણ વ્યક્તિ તૈયારી કરી રહી હોય ત્યારે તેને પોતાનાં કાર્યના પરિણામોનો પુરો ખ્યાલ રહે અને આસપાસના લોકો પણ આવો અનર્થ ઉપજતો અટકાવી શકે અને આવો અનર્થ કરનારને પુરી નસિયત પહોંચાડીને એવા અન્ય અનર્થો નિપજતાં અટકાવી શકે–આ હેતુથી એ કાયદાનો ઉપયોગી ભાગ અહિં આપવો ઉચિત ધાર્યો છે. તાજેતરમાં મુંબઇ સરકારે લગ્નવિચ્છેદને લગતું બીલ મુંબઇની ધારાસભામાં રજુ કર્યું છે તેના અનુસંધાનમાં પણ આ કાયદાની માહીતી જરૂરી છે.

પ્રસ્તુત ધારાનો અમલ ૧૯૪૬ના નવેંબરની છઠ્ઠી તારીખથી શરૂ થયો છે અને ત્યાર પછી થયેલાં આવા લગ્નોને આ કાયદો લાગુ પડે છે. મુંબઇ પ્રેસીડેન્સીની સરકારી સરહદમાં વસતા હિંદુઓ માટે આ કાયદો કરવામાં આવ્યો છે અને હિંદુ શબ્દમાં હિંદુ ઉપરાંત શીખ, જૈન, બૌદ્ધધર્મી, આર્યસમાજી બ્રહ્મોસમાજી અને પોતાનો મૂળ ધર્મ છોડીને જેણે હિંદુ ધર્મ અંગીકાર કર્યો હોય તે સર્વનો સમાવેશ થાય છે, અને આ કાયદા મુજબ ૧૬ વર્ષની નીચે હોય એ સગીર (Minor) ગણાય છે. રીતસર લગ્ન સંબંધથી જોડાયલી એક પત્નીની હયાતી દરમિઆન અન્ય કોઇ સ્ત્રી સાથેના લગ્ન અટકાવવાના હેતુથી આ કાયદો કરવામાં આવ્યો છે. આ સંબંધમાં કોઇ પણ કોમ કે જાતિનો ગમે તે રીત રીવાજ, રસમ કે કાયદો હોય એમ છતાં પણ (૧) આ કાયદો અમલમાં આવ્યા પછી એકની હયાતીમાં બીજી સ્ત્રી સાથે મુંબઇ પ્રેસીડેન્સીની સરહદમાં લગ્ન કરવામાં આવ્યું હોય અથવા તો (૨) આ કાયદો, લાગુ પડયા પછી મુંબઇ પ્રાન્તની બહાર કોઇ પણ સ્થળે આવું લગ્ન કરવામાં આવ્યું હોય અને આવું લગ્ન કરનાર સ્ત્રી કે પુરૂષ કે બન્ને મુંબઇ પ્રાન્તના રહેવાસી (Domiciled) હોય તો આવું લગ્ન રદ ગણવામાં આવશે અને એવા લગ્ન કરનાર સગીર ન હોય તે સ્ત્રી તેમજ પુરૂષ વધારેમાં વધારે સાત વર્ષની સખ્ત મજુરીને પાત્ર ગણાશે. જે કોઇ જાણપૂર્વક આવા લગ્નની વિધિ કરશે અથવા તો આવા લગ્નમાં અગત્યનો ભાગ લેશે અથવા તો આવા લગ્નને ઉત્તેજન આપશે તે છ માસની શિક્ષા તેમજ દંડને પાત્ર થશે. સગીર ઉમ્મરમાં આવી રીતે પરણનાર વ્યક્તિના માબાપ કે રખેવાળ જે કોઇ આવા લગ્ન થવા દે અથવા તો તેમાં સાથ આપે, અથવા તો આવું લગ્ન થતું અટકાવવા માટે જરૂરી પગલા ન ભરે તો તે પણ છ મહીનાની કેદ અને દંડને પાત્ર થશે.

આ ઉપરથી માલુમ પડશે કે આગળની પત્નીની સંમતિ કે બીજું લગ્ન કરવા માટે લેવામાં આવતો મુંબઇ પ્રાંતની બહારના કોઇ પણ સ્થળનો આશ્રય એકની હયાતીમાં બીજી સ્ત્રી સાથે લગ્ન કરનારને કશી રાહત આપી શકતા નથી. આ નોંધના પ્રારંભમાં જે ડોકટરનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેમણે હાલતુરત તો એક યા બીજા કારણને લીધે નવું ક્ષેત્ર ખેડવાનો વિચાર માંડી વાળ્યો છે એમ વિશ્વાસપાત્ર સ્થળેથી જાણવા મળ્યું છે. આપણે ઇચ્છીએ કે આ તેમનો નિર્ણય કાયમનો રહે અને જેની સાથે વર્ષોથી પોતે જોડાયલા છે તેમની પ્રત્યે જીવનભર વફાદાર રહે.

દશ લાખની સન્માનથેલી!

વચનેષુ કિં દરિદ્રતા?

'શ્રી વિદ્યાવિજયજી–હીરક–મહોત્સવ' એ મથાળાનું એક નિવેદન બહાર પાડવામાં આવ્યું છે. અને તેની એક નકલ મારી ઉપર મોકલવામાં આવી છે. આ નિવેદનમાં શ્રી વિદ્યાવિજયજી મહારાજ ૬૦ વર્ષની ભવ્ય ઉમ્મરે પહોંચ્યા છે અને આજ સુધીમાં તેમણે અનેક સેવાઓ કરી છે તેની કદર રૂપે તેમનો ગ્વાલિયર રાજ્યમાં આવેલા શિવપુરી ખાતે આ વર્ષ દરમિયાન સન્માનસમારંભ ઉજવવાની ઇચ્છા જાહેર કરવામાં આવી છે તેમજ આ પ્રસંગે દશ લાખ રૂપીઆની થેલી એકઠી કરીને તેમના ચરણમાં અર્પણ કરવાની ભાવના રજુ કરવામાં આવી છે અને આ થેલીમાં યથાશક્તિ ફાળો ચોતરફથી એકઠો કરીને મોકલી આપવા વિનંતિ કરવામાં આવી છે. આ યોજના ઉપર જાણીતી તેમજ અજાણી એવી ૧૦૪ વ્યક્તિઓની સહી છે, જેમાં આપણી બાજુની કેટલીક વ્યકિતઓના નામ નીચે મુજબ છે. શ્રી કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી, કરાંચીવાળા જમસેદજી નસરવાનજી મહેતા, ડૉ. સી. ક્રોજે (સુભદ્રા દેવી), કુંવરશી ધરમસી સંપટ, ચંદ્રવદન ચીમનલાલ મહેતા, ચંદુલાલ એચરદાસ પટેલ, ગોકુળદાસ દ્વારકાદાસ રાયચુરા, શકરાભાઇ લલ્લુભાઇ મનોરદાસ, ટી. જી. શાહ, રતિલાલ પ્રેમચંદ મહેતા, બીનચંદ મગનલાલ વહોરા, ભગવાનદાસ જેઠાભાઇ, પંડિત માવજી દામજી. આ હીરકમહોત્સવ સમિતિ નીચેના ગૃહસ્થોની બનેલી છેઃ અધ્યક્ષ: શ્રી વામનરાવ સૂર્યવંશી, ઉપાધ્યક્ષઃ કર્નલ એમ. પી. દુબેસાહેબ તથા શેઠ ટોડરમલજી સા. ભાંડાવત, કોષાધ્યક્ષ શેઠ કાનમલજી સા. સાંકળા, મંત્રી: શ્રી. સત્યનારાયણ પંડયા, સભ્યો: શ્રી. સ્વરૂપસિંહજી સાહેબ, રામચંદ્રજી શેઠી સાહેબ, પં. રામગોપાલાચાર્યજી, પં. શ્રીરામજી ગૌડ સાહેબ, શેઠ કાલુરામજી રાહેબ, શેઠ વિજયચંદજી સાહેબ.

આજે કેટલાય સમયથી મુનિશ્રી વિદ્યાવિજયજી શિવપુરી ખાતે બીરાજે છે અને સ્વર્ગવાસી શ્રી વિજયધર્મસૂરિ મહારાજના સ્મરણમાં ઉભી કરવામાં આવેલી શિક્ષણસંસ્થાનો વહીવટ હાલ તેમની દેખરેખ નીચે ચાલે છે. પ્રસ્તુત હીરકમહોત્સવ સમિતિના સભ્યોથી આ બાજુના લોકો લગભગ અજાણ છે અને તેમાંના ઘણાખરા શિવપુરી બાજુના જ હોય એમ લાગે છે. આ ઉપરથી એમ માનવાને કારણ રહે છે કે આ આખી સન્માનયોજના મુનિ વિદ્યાવિજયજીની

પ્રેરણાથી ઊભી કરવામાં આવી છે અથવા તો આ યોજનાને તેમનું સંપૂર્ણ અનુમોદન છે,

જૈન સાધુસમાજમાં મુનિશ્રી વિદ્યાવિજયજીનું શું સ્થાન છે, તેમની સેવાઓ તેમ જ તેમના અરિત્યની પ્રતિભા કેવા પ્રકારની છે, આવા અસાધારણ સન્માન અને એથી પણ વધારે અસાધારણ થેલીના સમર્પણ માટે તેઓ કેટલી યોગ્યતા ધરાવે છે તે બધા પ્રશ્નો બાજુએ રાખીએ તો પણ એ નિવેદનમાં જે બે બાબતો ઉપર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે કે "મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી અપરિગ્રહધારી છે, અને કંચન તથા કામિનીના ત્યાગી છે" તેમાંનું જૈન સાધુનું પરિગ્રહવિરમણ વ્રત ધ્યાનમાં લેતાં આવી સન્માનથેલી જૈન સાધુ સ્વીકારી શકે કે નહિ તે એક શાસ્ત્રીય પ્રશ્ન વિચારવા જેવો લાગે છે, અલબત્ત એ થેલી સ્વીકારીને તો તેઓ પ્રસ્તુત નિવેદનમાં જણાવેલ બે ત્રણ મહાન કાર્યમાં એ રકમ આપી દેવાના છે એવો ઇરાદો જાહેર કરવામાં આવ્યો છે. એમ છતાં પણ એ તો સ્વીકારેલી વસ્તુનું દાન કરવા જેવું બને છે. આ બાબત શાસ્ત્રોક્ત સાધુધર્મ સાથે બંધ બેસતી છે કે નહિ એ આ સાધુજનનું સન્માન કરનારાઓ તથા તેમાં સાથ આપનારા ભાઇ બહેનોએ તેમજ મુનિશ્રી વિદ્યાવિજયજીએ વિચારી લેવું ઘટે છે. અને બીજું જે અનેક શાણા સમજુ ભદ્ર લોકોએ આ નિવેદનને પોતાની માનવંતી સહીઓથી શોભાવ્યું છે તેમણે શ્રી વિદ્યાવિજયજીનું આજે જૈન તેમજ જૈનેતર સમાજમાં જે સ્થાન છે તે તથા તેમની આજ સુધીની વિવિધરંગી કારકીર્દી લક્ષ્યમાં લેતાં તેમજ આજે વિપર્યાસ પામી રહેલા આર્થિક સંયોગો ધ્યાનમાં લેતાં આવી મોટી રકમ એકઠી થવી શકય છે કે નહિ તેનો પુરો વિચાર કરીને પોતાની સહીઓ આપી છે કે 'પ્રસ્તુત હીરક મહોત્સવના સંચાલકોનો પત્ર આવ્યો છે, મહારાજ સારા છે, કામ સારું છે– આવી બાબતમાં કોણ ના કહે? **वचनेषु किं दरिद्रता?**' આટલું જ માત્ર વિચારીને દરેક વ્યક્તિએ પોત પોતાની સહી આપી છે? આવો ધૃષ્ટતા ભર્યો છતાં કેવળ વ્યવહારૂ પ્રશ્ન સહી કરનાર મહાશયોને પૂછવાનું મન થઇ આવે છે. દશ લાખની માંગણી કરવામાં આવે અને લાખ રૂપીઆ પણ ભેગા કરતાં મુશ્કેલી પડે તો મુનિશ્રી વિદ્યાવિજયજી, હીરક મહોત્સવ સમિતના સભ્યો, અને પ્રસ્તુત નિવેદન ઉપર સહી કરનારા સર્વ કોઇને ભારે શરમાવા જેવું લેખાશે. મુનિ વિદ્યાવિજયજીનું સ્થાન અને આજના ઉત્તરોતર વિષમતર બનતા જતા સંયોગો જોતાં દશ લાખ રૂપીઆની રકમ એકઠી કરવાની વાત કેવળ ઉપહસનીય લાગે છે. સંભવ છે કે સમાજ પાસે માંગવું ત્યારે ઓછું શું માંગવું એમ સમજીને આવી ઉપહસનીય માંગણી કરવામાં આવી હશે. પણ આ બાબતમાં ઉભય દૃષ્ટિએ કાંઇક પ્રમાણબુદ્ધિ દાખવવામાં આવી હોત તો વધારે યોગ્ય લેખાત. બાકી ષષ્ટીપૂર્તિ સન્માન સમારંભો આજે અનેક નાની મોટી વ્યક્તિઓના ઉજવાઇ રહ્યા છે અને તેવા સમારંભો મોટા ભાગે નજીકના પ્રશંસકોના અને હિત ધરાવતાઓના મેળા જેવા હોય છે. આવા સમારંભોમાં એક વધારે સન્માનસમારંભની ઉમેરણી થાય તેમાં કોઇએ કશું કહેવાનું કે વિરોધ કરવાનું લેશમાત્ર કારણ હોઇ ન જ શકે. આપણે પણ મુનિશ્રી વિદ્યાવિજયજીને આ પ્રસંગે ચિરાયુષ ઇચ્છીએ અને તેમના હાથે હજુ પણ જૈન સમાજની અનેક સેવાઓ થાય એમ પ્રાર્થીએ!

તા. ક. પ્રસ્તુત નિવેદન ઉપર સહી કરનારામાંથી એક શ્રી. ટી. જી. શાહ સાથે આ સંબંધમાં ચર્ચા કરતાં જણાવે છે કે તેમની ઉપર હીરક મહોત્સવ સમિતિના મંત્રી શ્રી. સત્યનારાયણ પંડ્યાનો એવી મતલબનો એક પત્ર આવેલો કે તેઓ મુનિશ્રી વિદ્યાવિજયજીના હીરક મહોત્સવ સંબંધી એક નિવેદન બહાર પાડવા ઇચ્છે છે જેમાં તેમની (એટલે કે શ્રી. ટી. જી. શાહની) સહીની અપેક્ષા છે. આના જવાબમાં પોતાની સહી મૂકવાની શ્રી. ટી. જી. શાહે સંમતિ દર્શાવેલી. ઉપર જણાવેલ પત્રમાં દશ લાખની થેલીની બાબતનો ઇસારો સરખો પણ કરવામાં આવ્યો નહોતો તેમજ પ્રગટ કરવા ધારેલ નિવેદનની નકલ એ પત્ર સાથે મોકલવામાં આવી નહોતી. એમ તેઓ જણાવે છે. જ્યારે પ્રસ્તુત નિવેદન અને તેમાં અન્તર્ગત કરવામાં આવેલી દશ લાખ રૂપીઆની બાબત તેમનાં જોવામાં આવી ત્યારે તેમને બહુ દુઃખ થયું અને આવી રીતે સહી આપવા બદલ તેમને બહુ પસ્તાવો થયો એમ જાહેર કરવાની તેઓ રજા આપે છે. સંભવ છે કે આવી જ રીતે અન્ય સહીઓ પણ મેળવવામાં આવી હોય અને તેમના હાથ ઉપર પ્રસ્તુત નિવેદન આવતાં તેમના દિલ ઉપર પણ આજ પ્રકારનો પ્રત્યાઘાત થયો હોય. આખા હીરક મહોત્સવની યોજનામાં તેમજ દશ લાખનો ફાળો એકઠો કરવામાં મુનિશ્રી વિદ્યાવિજયજી બહુ રસપૂર્વક ભાગ લઇ રહ્યા છે એવા ખબર પણ વિશ્વાસપાત્ર સ્થળેથી મળ્યા છે. સાધુ હો કે શ્રીમાન, વિદ્વાન હો કે ધીમાન, આ જમાનો જ આત્મપ્રસિદ્ધિ અને આત્મપ્રશસ્તિનો છે!

જૈન સાધુઓની શિથિલતા

થોડા દિવસ પહેલાં દૈનિક પત્રોમાં એવા સમાચાર પ્રગટ થયેલા કે એક જૈન સાધુએ કોઇ ખ્રીસ્તી બાઇ સાથે લગ્ન કર્યું છે. આ સમાચારથી જૈન સમાજમાં થોડો ખળભળાટ થાય એ સ્વાભાવિક છે. એક વખત જૈન સાધુઓના ચારિત્ર્યની વિશાળ જનસમાજમાં બહુ મોટી પ્રતિષ્ઠા હતી. અન્ય સાધુ સંન્યાસીઓ કે ધર્માચાર્યોના ભ્રષ્ટાચારની વાતો સાંભળતાં આપણે જૈનો ગર્વપૂર્વક કહેતા કે એ બધો ગોટાળો બીજા સંપ્રદાયમાં ચાલે, પણ અમારા જૈન સાધુઓનું શીલ અને ચારિત્ર્યનું ધોરણ જ એટલી ઉંચી કક્ષાનું છે કે આવી શિથિલતા જૈન સાધુસંસ્થામાં સંભવે જ નહિ. કોઈ એવો અપવાદજનક દાખલો ઉભો થાય તો આખા જૈન સમાજને આ બાબતમાં એટલી બધી ચોંટ હોય છે કે આવા સાધુએ કાં તો બહુ મોટું પ્રાયશ્ચિત્ત કરવું પડે અથવા તો તેણે લોકોનું બહુમાન હંમેશાને માટે ગુમાવવું પડે. જૈન સાધુનો વેશ અંદર રહેલી પવિત્રતા, ત્યાગ અને વૈરાગ્યનું સર્વાંશે પ્રતિબિંબ હતું. આજે હવે આ સ્થિતિ રહી નથી. આજે જ્યાં ત્યાં જૈન સાધુઓની શિથિલતાના, અસદ્ આચારના, ભ્રષ્ટતાના, પાખંડના બનાવો અવારનવાર સંભળાયા કરે છે અને એમ છતાં પણ એના એજ સાધુઓ જૈન સમાજના માન સન્માન પામ્યા કરે છે. હજુ થોડા સમય પહેલાં ચંદ્રોદયસાગરનો બહુ જાણીતો કીસ્સો બની ગયો. તેમાના વિષે જે વિગતો બહાર આવી હતી તે તેમને જૈન સાધુ તરીકે નાલાયક લેખવા માટે પુરતી હતી. એમ છતાં પણ તેમની મુંબઇથી વિદાયગીરી બાદ અંધેરી મુકામે તેમનું શ્રાવકસમુદાય તરફથી ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આમ જૈનોની સાધુસંસ્થા ઉત્તરોત્તર વધારે ને વધારે શિથિલ અને હીનસત્વ બનતી જાય છે. આનું કારણ શું? આનાં અનેક કારણો છે, પણ મુખ્ય કારણ તો એ છે કે અપ્રમાણીકતા કે કુચારિત્ર્ય સામે આપણા દિલમાં ખરો ડંખ જ રહ્યો નથી. ખરી રીતે આપણા પોતાના જીવનનું જ સાધુસંસ્થામાં પ્રતિબિંબ પડે છે. આપણે એક યા બીજા કારણે ગમે તેવાં જુઠ્ઠાણાં કે કુશીલને નીભાવી લેવાને તૈયાર હોઇએ છીએ. આપણે સાધુસંસ્થાની આન્તરશુદ્ધિ નથી માંગતા, પણ બહારના દેખાવનું ઉજળાપણું કેમ જળવાય એ જ આપણી ચિંતાનો વિષય હોય છે. પરિણામે જ્યારે પણ કોઇ જૈન સાધુ સંબંધે અયોગ્ય હકીકત બહાર આવે છે ત્યારે આપણે તેની ચોખવટ અને સાફસુફી નથી ઇચ્છતા, પણ તે અંદર ને અંદર દબાઇ કેમ જાય તેવા જ પ્રયત્નો ગતિમાન થાય છે. આજ ધોરણે કેટલાક સમય પહેલા જાણીતા જૈનાચાર્ય વિજય રામચંદ્રસૂરિએ પોતાના એક ભ્રષ્ટાચારી માલુમ પડેલા શિષ્યને દૂર કરવાને બદલે ચેન કેન પ્રકારેણ વળગી રહેવાનો જ આગ્રહ દાખવેલો. આ બધાંના પરિણામે સાધુસંસ્થાનો સડો વધતો જ જાય છે અને

એક વખતની અત્યંત ઉજળી અને ભારતવર્ષના ગૌરવમાં વધારો કરનારી જૈન સાધુસંસ્થા તેજોહીન, સત્વહીન, પ્રતિષ્ઠાહીન થતી ચાલી છે.

સાધુસંસ્થાના અધઃપતનનું બીજું કારણ જે આવ્યું તેને મુંડવાની વૃત્તિ અને શાસ્ત્રસંમત પરંપરા છે. કેટલાક લોકો કેવળ બેદરકારીના માર્યા દીક્ષા લે છે. કેટલીક વિધવાઓનું નિરાધારપણું તેમને દીક્ષા તરફ હડસેલે છે. આજના દીક્ષાબેલા આચાર્યોને દીક્ષા માટેની યોગ્યતા કે પૂર્વ તૈયારીની કોઇ કલ્પના જ હોતી નથી. જેમ જૈન ગૃહસ્થ પોતાની ધનસંપત્તિ વધારવામાં જેમ આકુળ-વ્યાકુળ હોય છે તેમ જ જૈન ધર્મગુરૂ શિષ્યપરિવાર વધારવા પાછળ ગાંડોતુર માલુમ પડે છે. નવદીક્ષિતમાં ભાગ્યે જ સાચા દિલનો ત્યાગ અને તે પાછળ અન્તરમાંથી ઉભો થયેલો વૈરાગ્ય હોય છે. અપરિપક્વ માનસ અને એટલો જ અપરિપક્વ વૈરાગ્ય એ આજના નવદીક્ષિતોનું લગભગ સર્વસામાન્ય લક્ષણ જોવામાં આવે છે. જો સાધુસંસ્થાને મૂળમાંથી સુધારવી હોય અને આજના કાળને અનુરૂપ બનાવવી હોય તો સાધુધર્મના કેટલાક ખ્યાલો પણ બદલવાની જરૂર છે. અને સાથે સાથે જૈન સાધુ બનવું એ કેટલી મોટી જવાબદારી છે એ ધ્યાનમાં લઇને સાધુ બનવાની યોગ્યતાનું ઉંચું ધોરણ નિર્ણીત થવું ઘટે છે અને તેને લગતી પૂર્વતૈયારી અને જરૂરી તાલીમની પદ્ધતિસરની યોજના પણ વિચારવાની અત્યન્ત આવશ્યકતા છે. આ ધોરણે બાળદીક્ષાની સખ્તમાં સખ્ત બંધી થવી ઘટે છે. સાથે સાથે સાધારણ સ્ત્રી પુરૂષો માટે તો ઉંચો ગૃહસ્થાશ્રમ જ સ્વાભાવિક અને પરમ ઉપકારક વસ્તુ છે એ પણ સમજી લેવાની ખાસ જરૂર છે. ખરેખર ઉંડા દિલનો વૈરાગ્ય હોય, ત્યાગની ભાવના પ્રબળપણે જાગી હોય, ગૃહસ્થજીવનમાં પણ લગભગ સાધુ જેવું જ જીવન જેણે જીવી બતાવ્યું હોય અને સંયમધર્મ સ્વીકારવાની જેનામાં કોઇ પણ રીતે વારી, ટાળી કે ખાળી ન શકાય એવી-બેચેન બેચેન બનાવી મૂકે તેવી-તમન્ના જાગી હોય તે જ પરિપક્વ ઉમ્મરની સ્ત્રી કે પુરૂષ દીક્ષા લઇ શકે એવો સમાજમાં સખ્ત પ્રબંધ થવો જોઇએ. આથી જરૂર સાધુસંખ્યા ઘટશે, પણ થોડા પણ ઉજળા સાધુઓથી જ સમાજ દીપવાનો છે અને સમાજનો ઉધ્ધાર થવાનો છે. મેલા-ઉજળા સાધુઓનો શંભુમેળો નથી પોતાનો ઉધ્ધાર કરી શકવાનો કે નથી સમાજનો. ઉલટું આવો શંભુમેળો ઉભયને માટે મોટામાં મોટું ભયસ્થાન છે.

'અલ્પ મૂલ્યાંકન' માટે હાર્દિક અભિનન્દન !

સદ્‌ગત ઝવેરચંદ મેઘાણીના અવસાન બાદ તા. ૧૦-૩-૪૭ના રોજ શ્રી અમૃતલાલ દલપતભાઇ શેઠે નીચે મુજબની જાહેરાત કરી છે.

"અમારા સદ્‌ગત સાથી શ્રી ઝવેરચંદ મેઘાણીનું અવસાન થતાં તેમની સેવાના અલ્પ મૂલ્યાંકન તરીકે રૂ. ૨૫૦૦૦ તેમને ચરણે ધારવાનો જન્મભૂમિ કાર્યાલયે નિર્ણય કર્યો છે. તેમની સંતતિ સંપૂર્ણ શિક્ષણ પામે તેની વ્યવસ્થા તેમાંથી પ્રથમ થશે. શેષ રકમ એમને પ્રિય એવી સાહિત્ય પ્રવૃત્તિમાં ખર્ચાશે.

અમૃતલાલ દલપતભાઇ શેઠ"

આ 'અલ્પ' છતાં અપૂર્વ મૂલ્યાંકન માટે શ્રી. અમૃતલાલ દલપતભાઇ શેઠને ખુબ ધન્યવાદ ઘટે છે. પોતાના સાથીની આવી કદરદાની અનેકને દૃષ્ટાન્તરૂપ બનશે એવી આશા રાખવામાં આવે છે. અમૃતલાલભાઇને જે જાણે છે તેઓ જરૂર એમ કહેશે કે આ કાર્ય અમૃતલાલભાઇની ઉર્મિલ, સ્નેહવત્સલ પ્રકૃતિને સર્વથા અનુરૂપ છે. અમૃતલાલભાઇમાં ત્રુટિ-વિશેષતાઓ ગમે તે હો, પણ જેના પ્રત્યે તેમનું દિલ રીઝે તે વ્યક્તિને તેમજ જે પ્રવૃત્તિમાં તેમને રસ અને વિશ્વાસ પેદા થાય તે પ્રવૃત્તિને પોતાથી બને તેટલી નવાજે એ તેમની વિલક્ષણતા છે. દિલ તો પહેલાં હતું એનું એ જ આજે છે. પણ આજે દિલ અને દ્રવ્યનો સુયોગ થયો છે. પ્રસ્તુત મૂલ્યાંકન તે રાજીદિલની જ પ્રસાદી છે. **પરમાનંદ.**

'જીવવું કયમ' શીખવાડો !

ઉર સૂતા શત ભાવો જાગે,
પલક પલકતી પાંપણ માંગે,

મુજને 'જીવવું કયમ' શીખવાડો !
પ્રભુજી ! જીવવું કયમ શીખવાડો !

ભય, લાલચ ને શંકા કેરી પગ માંડું ત્યાં પાળો,
સાચે સાચું નહિ કે'વાની નિર્બળતા તમે ટાળો !-મુજને.

નેણે મસ્તી, ગાલ ગુલાબી, જીભે અમૃત રેડો !
તન-વીણાના તાર પગોમાં ચેતન રસને રેડો !-મુજને.

વન વા દ્યો-આ દર્શો કેરૂં કેડી એક ચિંધાડો !
ઝળાં ઝળાં તો ચહુદિશ બાળું, કિરણ એક પુગાડો !-મુજને.

વાડીલાલ ડગલી

મેઘાણીહોલ

ગુજરાત સાહિત્ય સભા તરફથી સ્મારક

ગુજરાતના એક અગ્રગણ્ય સાહિત્યકાર, આધુનિક ગુજરાતના ઘડતરમાં અમૂલ્ય ફાળો આપનાર, પ્રજાના મોટા વર્ગના હૈયામાં વસનાર, આપણા સ્વર્ગસ્થ કવિશ્રી ઝવેરચંદ મેઘાણીની સ્મૃતિને મૂર્તરૂપ આપવા ગુજરાત સાહિત્ય સભાએ નિર્ણય કર્યો છે. એને અંગે ગુજરાતના પાટનગરમાં, ગુજરાતી સાહિત્ય અને સંસ્કારની પ્રવૃત્તિઓના કેન્દ્ર સમાન 'મેઘાણી હૉલ—મેઘાણી સભાગૃહ'ની સ્થાપના કરવાનો સભાનો નિરધાર છે. આવા કાયમી સ્મારક દ્વારા જ સ્વર્ગસ્થ પ્રત્યેનું ઋણ યત્કિંચિત્ પણ અદા કરી શકાય એમ છે. ગુજરાત સાહિત્ય સભા ગુજરાત કાઠીયાવાડ અને બૃહદ્ ગુજરાતના સૌ કોઇ મેઘાણીપ્રેમીઓને આગ્રહપૂર્વક વિનંતિ કરે છે કે, આપ આ મહત્ત્વના કાર્યમાં પોતાનો બની શકે તેટલો ફાળો આપી છૂટશો, અને એ રીતે ગુજરાતી સાહિત્ય અને એના એક અગ્રણી પ્રત્યે પોતાનો પ્રેમ પ્રકટ કરશો !

ફાળાની રકમ મંત્રીઓ-ગુજરાત સાહિત્ય સભા, એલેન્ટાઇનની હવેલી, ત્રણ દરવાજા પાસે, અમદાવાદ, એ સરનામે મોકલવા વિનંતિ છે.

ચૈતન્યપ્રસાદ ઓ. દીવાન
કેશવરામ કા. શાસ્ત્રી
ધીરજલાલ ધ. શાહ
મંત્રીઓ
ગુજરાત સાહિત્ય સભા, અમદાવાદ.

આફ્રીકાના ગ્રાહકોને વિજ્ઞપ્તિ

આપ સર્વ ગ્રાહકોનું લવાજમ એપ્રીલ માસના બીજા અંક સાથે પુરું થાય છે. ગયા સપ્ટેમ્બર માસથી પ્રબુદ્ધ જૈનનું વાર્ષિક લવાજમ રૂા. ૩ થી વધારીને રૂા. ૪ કરવામાં આવ્યું છે અને એ ધોરણે આફ્રીકાના ગ્રાહકોનું વાર્ષિક લવાજમ રૂા. ૫ ઠરાવવામાં આવ્યું છે. આ પ્રમાણે આપમાંથી જે ગૃહસ્થો પ્રબુદ્ધ જૈનના ગ્રાહક તરીકે ચાલુ રહેવા ઇચ્છતા હો તેમને નવા વર્ષના લવાજમના રૂા. ૫ **મેસર્સ ડી. ડી. મેઘાણી (પોસ્ટ બોક્સ નં. ૧૬૩, મોંબાસા)** ને ત્યાં એપ્રીલની ૧૫ મી પહેલાં ભરી દેવા વિનંતિ કરવામાં આવે છે. અને એ રીતે લવાજમ ભરનાર માટે પ્રબુદ્ધ જૈન ચાલુ રાખવામાં આવશે. આ ઉપરાંત આફ્રીકામાં વસતા જે કોઇ બંધુને જ્યારે પણ પ્રબુદ્ધ જૈનના ગ્રાહક થવા ઇચ્છા હોય ત્યારે ઉપર જણાવેલ ઠેકાણે વાર્ષિક લવાજમના રૂ. ૫ ભરીને અમને લખી જણાવવું અને તે મુજબ પ્રબુદ્ધ જૈન મોકલવામાં આવશે.

તંત્રી, પ્રબુદ્ધ જૈન

લોકજીવનના આદર્શ ચારણ.

લોકમાનસ, લોકજીવન, અને લોકસાહિત્યની એકાગ્ર નિષ્ઠાથી ભક્તિ કરનાર શ્રી ઝવેરચંદ મેઘાણીનો જોટો ગૂજરાતમાં જ શું હિન્દુસ્થાનમાં મળવો મુશ્કેલ છે. આમ કહેતી વખતે પંજાબના સાહિત્ય-ફકીર શ્રી દેવેન્દ્ર સત્યાર્થીને હું ભૂલ્યો નથી. ઝવેરચંદભાઇની સેવાને તોલે આવે એવી સેવા લોકસાહિત્યને ફાળે હજી બીજે કયાંય આવી નથી. ખુલ્લંદ અવાજ, ખુલ્લંદ ભાવના અને ખુલ્લંદ પ્રવૃત્તિ તે ઝવેરચંદ મેઘાણી.

એ વધારે જીવ્યા હોત તો લોકસાહિત્યની ઘણી ઘણી સેવા કરત. ઘણું જીવવાનો એમનો અધિકાર હતો. એમના કેટલાય સંકલ્પો બર આવવાના બાકી હતા. છતાં એમનાં અવસાનનું શોક કરવાનું મન નથી થતું. એમનાં મૃત્યુથી સાહિત્યસેવાને ભારેમાં ભારે ખોટ ગઇ છે એનું દુઃખ તીવ્ર છે. પણ ઝવેરચંદ મેઘાણી જેવા જીવો ઇતિહાસના કે સમાજશાસ્ત્રના કોઇ નિયમ પ્રમાણે આવતા નથી. પછી આપણી અપેક્ષા પ્રમાણે જીવે એવી ઇચ્છા આપણે શી રીતે રાખી શકીએ? એમણે કરેલું કામ એમને કોઇએ સોંપ્યું ન હતું. એમની પાસેથી એ કામ છીનવી લેવાની કોઇની શક્તિ ન હતી. લોકસાહિત્યની સેવામાંથી એમને ચળાવવા પણ કોઇ સમર્થ નીવડયું નહિ. એમણે લોકસાહિત્ય, લોકગીત અને લોકસંગીતની સેવા કરવા પૂરતી જ જીવનસિદ્ધિ કેળવી હતી. શરીર ચાલ્યું ત્યાં સુધી એ સેવા એમણે અખંડ કરી. બાકી બધા સંકલ્પો અને મુરાદો એમણે ગૌણ કર્યાં. શરીર ટકયું ત્યા સુધી સેવા કરી અને ઉપવનમાંથી દ્વિજરાજ ઉડી જાય તેમ આપણી વચ્ચેથી તેઓ ઉડી ગયા.

હમણાં હમણાં જ મેં જાણ્યું કે તેઓ ધર્મસંપ્રદાયે જૈન હતા. જાણ્યું ખરું, પણ મેં માન્યું નહિ. સ્વભાવમાં અને જીવનમાં તેઓ આદર્શ ચારણ હતા. ચારણ એટલો બધો એકનિષ્ઠ હોય છે કે એને પોતાની દૃષ્ટિ અને પોતાનું જીવન એકાંગી થાય તો એની એને જરાય પડી નથી હોતી. એકાગ્રતા એ જ એનો કુળધર્મ. ચારણોને નિષ્ઠા ફેરવવાની છૂટ હોય છે, પણ ઉત્કટતામાં તેઓ યત્કિંચિત પણ મોળા નહિ પડે.

શ્રી મેઘાણીનો અને મારો સંબંધ બહુ ઉત્કટ થાત, પણ મારી ગફલતથી તેમ ન બની શકયું. એનું ય મને દુઃખ નથી, કેમકે એમની અપેક્ષા હું પૂરી પાડી ન શકત.

શ્રી રણજીતરામ વાવાભાઇએ લોકગીતોનો એક સંગ્રહ કરેલો. સુરતના ભાઇ શેલતે તે છાપી કાઢયો. કવિશ્રી નાનાલાલે એની પ્રસ્તાવના લખી આપવાની હા પાડી. લગભગ વરસ થયું હશે. પ્રસ્તાવના ન મળી. હું તે વખતનો નવજીવનનો ઉગતો લેખક હતો. 'દક્ષિણી હોવા છતાં ગૂજરાતી લખે છે" એ કૌતુકનો વિષય હતો. હૃદયથી ગૂજરાતી થઇને લખે છે એ એક આશ્ચર્ય મનાતું. શ્રી શેતલે મને પૂછયું. ભીડભંજન તરીકે મેં હા પાડી અને 'રેસાસ્વાદ" નામે એક પ્રસ્તાવના લખી આપી. ગૂજરાતે એની કદર કરી.

શ્રી ઝવેરચંદ મેઘાણીએ તે જ અરસામાં લોકસાહિત્યની સેવા આદરી હતી. તેઓ મને મળ્યા. અમે લોકસાહિત્ય વિષે વાતો કરી. પછી એમણે પોતાની એક ચોપડી મને વાંચવા આપી. હું શી રીતે જાણું કે એમને એને માટે પ્રસ્તાવના જોઇએ છે? ચોપડી લઇને હું મુસાફરીએ ગયો અને વાંચવાનું રહી જ ગયું. ઘણે દિવસે પ્રસ્તાવનાની ઉઘરાણી આવી. પ્રસ્તાવના હતી કે રિવ્યુ હતો એ યે હું ભૂલી ગયો છું. મારાથી એ ન બન્યું અને મેઘાણીભાઇને માઠું લાગ્યું. કસ્તૂરીના પરિમલને કોઇના સોગનની શી જરૂર? એમનું કામ ધમધોકાર ચાલ્યું. એમની કેટલીક ચોપડીઓ દા. ત. "સૌરાષ્ટ્રની રસધાર" "રઢીયાળી રાત" વગેરે મેં વાંચી. લોકસાહિત્યનો હું રસીયો ખરો, પણ મેં એને પોતાનું ક્ષેત્ર માનેલું નહિ. મારી નમ્રતાને કારણે હું કશું લખું નહિ. અને એમને થયું કે હું એમનો બહિષ્કાર કરું છું. કોઇ સજ્જન મિત્ર પાસેથી મેં આ વાત જાણી ત્યારે તેમને મળવાનો પહેલો મોકો મળતાવેંત મેં મારો ખુલાસો આપ્યો. લોકસાહિત્યને અંગે મેં કશી જ પ્રવૃત્તિ કરેલી નહિ. અમારા સંગીતશાસ્ત્રી નારાયણરાવ ખરે પાસેથી ગુજરાતના લોકસંગીત ઉપર notations સાથે એક ચોપડી મેં તૈયાર કરાવેલી, એને માટે પ્રસ્તાવના લખેલી. અને સ્વ. ગીજુભાઇ, મને હુકમ કરીને, મારી પાસેથી જે લખાવે તેટલો જ અપવાદ. મારો ખુલાસો મેઘાણીભાઇએ સ્વીકાર્યો એટલે કશી ગેરસમજ રહી નહિ.

ત્યાર પછી અવારનવાર જ્યારે તક મળે ત્યારે એમની પાસેથી એમનાં લોકગીતો સાંભળતો. કેટલાક મિત્રો પણ મને કહે "મેઘાણીભાઇ આવ્યા છે. ચાલો આપણે એમનાં ગીતો સાંભળીએ. તમે હશો તો પોતાની કૃતિઓ ઉમંગમાં આવીને ગાશે."

અને ખરેખર, જ્યારે જ્યારે મેં એમની પાસે માંગણી કરી છે, ત્યારે ત્યારે મેઘાણીએ વગર સંકોચે મેઘ વરસાવ્યો જ છે.

ગુજરાત વિદ્યાપીઠ ચલાવતો હતો ત્યારે મેં એક વ્યાખ્યાનમાળા માટે મુ. ઠક્કર બાપાને લખ્યું હતું. એમણે પોતાની અશક્તિની ઢાલ આગળ કરી મને ટાળ્યો. મેં મેઘાણીને વિનંતી કરી કે "લોકસાહિત્ય ઉપર વિદ્યાપીઠમાં એક વ્યાખ્યાનમાળા આપો! એ પુસ્તકાકારે છાપીશું." એમણે હા પાડી. એને અંગે એમનો મારો ઠીક ઠીક પત્રવ્યવહાર થયો. એ વ્યાખ્યાનમાળામાં શું શું આવવું જોઇએ એમ એમણે પૂછયું. મેં મારી કલ્પના લખી મોકલી, પણ મંદવાડને કે એવા જ કોઇ કારણે તેઓ ન આવી શકયા. પછી તો સરકારે વિદ્યાપીઠનો જ કબજો લઇ લીધો, અને એ વાત રહી ગઇ.

પછી તો હું ગુજરાત છોડીને વર્ધા રહેવા ગયો. પણ એક વાર વડોદરા રાજ્ય તરફથી કેટલાક સાહિત્યિકોને વ્યાખ્યાન આપવા માટે, દક્ષિણા સાથે, આમંત્રણ હતું. તે વખતે મેઘાણીભાઇ અને હું એકત્ર આવ્યા. અમે ડાભોઇનો કિલ્લો જોવા પણ ગયા હતા. ત્યાંની ઐતિહાસિક દંતકથાઓ અમે સાંભળી. મેઘાણીભાઇએ એક વ્યાખ્યાન આપ્યું. અર્થાત્ એ સંગીત સાથે હતું. લોકો તો મંત્રમુગ્ધ સાપની પેઠે ડોલતા હતા. વડોદરાની સભામાં પણ લોકોની એ જ હાલત થઇ હતી.

"વહુએ વગોવ્યા મોટા ખોરડા રે" વાળી લોકકથા જ્યારે પોતાની મેઘગંભીર વાણીથી તેઓ ગાતા, અને વચમાં વચમાં વિવેચનપૂર્વક સમજાવતા, ત્યારે તો મધ્યયુગનો જમાનો નજર આગળ જીવતો થતો.

હમણાં હમણાં ભાઇ ઇશ્વરલાલ દવેએ મને કહ્યું કે "મેઘાણીભાઇએ રવિશંકર મહારાજને મોઢે સાંભળેલી મહીકાંઠાની વાતો લખી કાઢી છે. એને માટે પ્રસ્તાવના આપશો?" મને હા કહેતા વાર ન લાગી, કેમ કે એમાંની કેટલીક મેં જેલમાં રસપૂર્વક વાંચી હતી. વિદ્યાપીઠ વ્યાખ્યાનમાળા વખતે જે અંજલિ હું આપવા માંગતો હતો તે આપવાની મને તક મળતાં મેં ઘણો જ સંતોષ અનુભવ્યો. મારી પ્રસ્તાવના મેઘાણીભાઇને ગમી. એમનો એક કાગળ આવ્યો. જવાબમાં એમને ઠપકો આપતાં મેં કહ્યું કે "વિદ્યાપીઠમાં વ્યાખ્યાન માળા આપવા આવ્યા હોત તો કયારનું એ બધું અને એથીય ઘણું વધારે હું વ્યક્ત કરી શકત, એટલું જ નહિ પણ એમની ઓથે લોકસાહિત્ય માટે વિદ્યાપીઠ મારફતે, ઘણું ઘણું કરી શકત.

ગૂજરાતમાં લોકગીતો માટે કે લોકસાહિત્ય માટે જે કોઇએ કાંઇ પણ કર્યું છે તેને મેઘાણીભાઇની મદદ અને આશીર્વાદ મળ્યા જ છે. ઉગતી પેઢીના ચિ. સતીશે પણ જ્યારે યુનિવર્સિટીના ઇનામ માટે એક નિબંધ લખ્યો ત્યારે એને જોઇતું દિશાદર્શન મેઘાણીભાઇ પાસેથી જ મળ્યું હતું.

શ્રી ઝવેરચંદભાઈ મેઘાણી જેવા એકનિષ્ઠ સેવક કોઈ પણ ભાષાને મળે એ તે ભાષાનું અને તે જમાનાનું અસાધારણ ભાગ્ય જ છે. મેઘાણીના અવસાનને કારણે હું શોક નથી કરતો. એનું કારણ એમને હું ભગવાનની ગુર્જરીગિરાને બક્ષિસ આપું છું. દેવના દીધેલા એવા વરદાનને કૃતજ્ઞતાપૂર્વક વધાવી લઈએ. વરદાન વધારે ન મળ્યું કે લાંબા વખત સુધી ન ચાલ્યું એવી ફરીયાદ કરાય નહિ. ઈશ્વરની ઇચ્છા આગળ માણસની ઇચ્છા સ્તબ્ધ થાય એ જ આસ્તિકતાની નિશાની છે.

મધ્યકાલીન લોકજીવન, એ જીવનના એકાંગી પણ ઉત્કટ આદર્શો જીવતા કરવાનું કામ જેટલું મેઘાણીએ કર્યું છે તેટલું, મને નથી લાગતું, બીજો કોઈ સાહિત્યિક ચારણ કરી શકયો છે. કેમકે કાલના ઉદરમાં જઈ સૂતેલા જમાના સાથે એકરૂપ થવા માટે જોઈતું હૃદયનું તાદાત્મ્ય અને કલ્પનાનું ઉડ્ડાણ કોઈ વિરલ વિભૂતિ પાસે જ હોય છે.

મેં જે કહ્યું છે કે મેઘાણીની અમુક કૃતિઓ વિશ્વસાહિત્યમાં સ્થાન પામશે, એમાં જરાય અતિશયોક્તિ નથી. કેમકે એમની એ પ્રવૃત્તિમાં ઉત્કટતા, એકાગ્રતા અને પારમાર્થિકતા ટીપી ટીપીને ભરેલાં છે.

કાકા કાલેલકર.

ચોરાના પોકાર

(મુખપૃષ્ઠથી ચાલુ)

મુંબઇના ધનવાનો આપણા મ્હોં સામે ફેંકી દે, આપણે એ દાતાઓની માયલી હાલતનો વિચાર ન કરીએ, અને મુંબઇમાંથી ઉપાડીને આપણે આપણાં ગામડાંના હૈયા ઉપર એકાદ ધર્મોલય ચાંપી દઇએ. એ પૈસાના પત્થરો તો મળશે, એ પત્થરોનો સુશોભિત ખડકલો પણ થઇ શકશે. લોકોને મન તો એ કોઇ પરદેશી ચીજ જેવું થઇ પડશે, પરંતુ એમાં લોકોનો પ્રાણ શી રીતે પ્રવેશ કરી શકશે? લોકોની મમતા એને પત્થરે પત્થરે નથી બંધાવાની. ભાંગી ગયેલા એ દેવાલયમાંથી જે ઠાકર મહારાજ ચાલ્યા ગયા છે, તેને પાછા લાવવા હોય, તો એકકેક આદમી જઇને ગારાનું એકકેક ગાંદણું લઇ આવે ને હાથોહાથ ચણતર ચણે. પરંતુ એટલું થાય તે પહેલાં તો લોકોના હૃદયના ઠાકરદુવારાની મરામત થવી જોઇએ. લોકોને જૂના જીવનની કડકડીને ભૂખ લાગવી જોઇએ. માટીનું એકકેક ગાંદણું લઇ આવવું સહેલ નથી.

જીવનનો નાશ

આજ તો ગામડાનું નિકંદન ચાલી રહ્યું છે. ચોરાઓ પડી ગયા હોય ત્યાંયે શું? અને મોજૂદ હોય ત્યાંયે શું? ચોરાનું જીવન તો ચાલ્યું ગયું છે. લોકોનું હૈયું ધબકતું બંધ પાડવા લાગ્યું છે. મોસમે મોસમના તહેવારો અગાઉ આવતા તેમજ હજુ આવે છે, અને લોકોને હાથે લગારે આહર પામ્યા વિના હતાશ થઇને ચાલ્યા જાય છે. દાયરો હવે ઉઠી ગયો છે, ચારણનો સાદ સંભળાતો નથી. હુતાશણી તો વરસો વરસ પ્રગટે છે. પણ દુહાઓનો અવાજ દુર્બળ બનતો જાય છે. પુનમની રાત તો માસે માસે પોતાનું સૌંદર્ય લઇને આવે છે, પણ પેલા ભજનિકો ક્યાં?

વેપારીનો છોકરો વયમાં આવે કે તુરત મુંબઇ કલકત્તા દોડે, લક્ષ્મીવાન બને, ગામમાં પાછો આવીને ચૂનાબંધ મેડીઓ ચણાવે. એ મેડીમાં એ પોતે નથી રહી શકતો; એની બિમારી જ રહે છે. ગામના જીવન ઉપર એની પ્રીતિ જામી શકે નહિ. એની પાસે પૈસા છે, ગામમાં આવીને બેઠો બેઠો એ શાક પાંદડાંના ને દૂધના દર ચડાવી મારે છે. એનાથી લોકો દૂર નાસે છે. એની વાણીમાં, એનાં વસ્ત્રોમાં અને એની રીતભાતમાં લોકોને કૃતિમતા જ ભાસે છે. જીવતા શરીરના લોહીમાંસમાં એક મરેલી માટીની કણી પડી પડી ખટકતી હોય, એમ આ શહેરી મનુષ્ય ગામની વચ્ચે નિરાળો રહ્યો રહ્યો ગામડાંનાં હૃદયમાં ખૂંચે છે.

સાદ સાંભળો છો?

આજથી સોળ વરસ પહેલાં બાપુ રવીન્દ્રનાથ ઠાકુરે અવાજ ઉઠાવેલો કે "રાજદ્વારી રમતો ને પ્રપંચો મૂકી દો, દેશનાયકો! ગામડાંને સજીવન કરો, ઠેર ઠેર મેળા ભરો, ઉજાણીઓ કરો, રામાયણ-મહાભારતનો રસ પ્રજાજનોને પાવા માંડો." ગામડાંને સજીવન કર્યે જ ઉગારો છે. જન્મભૂમિ આજે નાની નાની નદીઓને કિનારે ઊભી ઊભી, ગારાનાં ઝૂંપડાંનાં પેલાં જૂથની અંદરથી ડોકિયાં કરતી કરતી પોતાનાં નાસેલાં સંતાનોને બોલાવે છે. એ સાદ કોઇ સાંભળે છે કે?

સ્વ. મેઘાણી વિષે શોકપ્રસ્તાવ

તા. ૧૩-૩-૪૭ ગુરૂવારના રોજ શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, લેખકમીલન, કલમ મંડળ, સંસ્કાર મંડળ વગેરે સંખ્યાબંધ મંડળોના આશ્રય નીચે બોલાવવામાં આવેલી મુંબઇના શહેરીઓની જાહેર સભા શ્રી રામનારાયણ પાઠકના પ્રમુખપણા નીચે મળી હતી, જે વખતે નીચે મુજબનો શોકપ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો હતોઃ—

"ગુજરાતના જીવન અને સાહિત્યને ગૌરવ અને પ્રાણ આપનાર, ગુજરાતી લોકસાહિત્યના રત્નો દ્વારા ધરતીના ધાવણને ગુજરાતની જનતા સમક્ષ રજુ કરનાર આપણા રાષ્ટ્રીય શાયર શ્રી. મેઘાણીના અકસ્માત અવસાનથી સમસ્ત ગુજરાતના સાહિત્યરસિકો અને સંસ્કારપ્રેમીઓને પ્રચંડ આઘાત થયો છે. એ અવસાન ગુજરાતના જીવનમાં ન પુરાય એવી ખોટ મુકી ગયું છે.

"મુંબઇના નાગરિકોની આ સભા પોતાનું ઉંડું દુઃખ વ્યકત કરવાની સાથોસાથ સૌના લાડકવાયા એ કવિ લેખક અને વિવેચકની અવિસ્મરણીય અને બહુમુલ્ય પ્રતિભા-પ્રસાદી માટે પોતાના હૃદયની કૃતજ્ઞતા વ્યક્ત કરે છે."

* * *

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિની તા. ૨૪-૩-૪૭ના રોજ મળેલી ખાસ સભાએ નીચે મુજબ ઠરાવ પસાર કર્યો હતોઃ—

"સાહિત્યસ્વામી સદ્‌ગત ઝવેરચંદ મેઘાણીના અકાળ અવસાન વિષે આ સભા અત્યન્ત ખેદની લાગણી પ્રદર્શિત કરે છે. તેમના જવાથી ગુજરાતી સાહિત્યના વિશાળ ક્ષેત્રમાં પડેલી ખોટ કંઇ કાળ સુધી પુરાઈ શકે તેમ નથી. તેઓ કવિ હતા, નવલકથાકાર હતા, તેમજ સમર્થ વિવેચક હતા. લોકસાહિત્યના ઉપેક્ષિત પ્રદેશને અજવાળામાં લાવવાનો સર્વ યશ તેમના ફાળે જાય છે. તેમનો જન્મ અને ઉછેર જૈન કુટુંબમાં થયો હતો. એ જૈન સંસ્કારની ઘેરી છાયા તેમના વિલક્ષણ વ્યક્તિત્વમાં આરપાર નજરે પડતી હતી. તેમની સાધના અને તપશ્ચર્યાના પરિણામે ગુજરાતી સાહિત્યનો જનતા સાથે સંપર્ક સધાયો હતો. તેમની સર્વ સાહિત્યસેવા પાછળ પ્રખર રાષ્ટ્રવાદની બળવાન પ્રેરણા હતી અને તેથી 'રાષ્ટ્રીય શાયર'નું અદ્વિતીય બિરૂદ તેઓ ગાંધીજીના હાથે પામ્યા હતા. શ્રી મુંબઇ જૈન યુવક સંઘ સાથે તેમનો ગાઢ સંબંધ હતો અને જયારે જયારે તેમની સેવાની માંગણી કરવામાં આવતી ત્યારે ત્યારે વિના સંકોચે પુરા સદ્‌ભાવથી તેમણે સંઘની માગણીને અપનાવી હતી. આવી એક વિશિષ્ટ વ્યક્તિ માટે જૈન સમાજ જેટલું ગૌરવ ચિન્તવે તેટલું ઓછું છે. તેમના સંવેદનશીલ આત્માને સંઘની કાર્યવાહક સમિતિ પરમ શાન્તિ ઇચ્છે છે."

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન: સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266.

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૮
અંક : ૨૪

મુંબઈ: ૧૫ એપ્રીલ ૧૯૪૭ મંગળવાર.

લવાજમ
રૂપિયા ૪

કાલ સંજ્ઞા

['સંસ્કૃતિ'ના પહેલા અને ચોથા અંકમાં શ્રી રામનારાયણ વિશ્વનાથ પાઠકના 'માનવની વિશેષતા' અને 'મૃત્યુ વિષે કંઈક' એ મથાળા વાળા અનુક્રમે બે લેખો પ્રગટ થયા છે. આ બન્ને લેખો એકમેકથી અનુસંધિત છે અને કાળસંજ્ઞાએ માનવી જીવનને અન્ય જીવસૃષ્ટિથી કેટલું ભિન્ન અને વિશિષ્ટ બનાવ્યું છે એ પ્રશ્ન ઉપર શ્રી રામનારાયણ પાઠકે આ લેખો દ્વારા એક મૌલિક વિચારણા રજુ કરી છે; આમાંનો પહેલો લેખ અહિં 'સંસ્કૃતિ'માંથી સાભાર ઉદધૃત કરવામાં આવે છે. પરમાનંદ]

માણસો અને બીજાં પ્રાણીઓ વચ્ચેના તફાવત વિષે અનેક તર્કો, અભિપ્રાયો વર્તે છે. તેમાંનો એક એવો છે કે માણસમાં બુદ્ધિ છે, પ્રાણીઓમાં બુદ્ધિ નથી. વળી એક જગાએ એમ વાંચ્યું કે પ્રાણીઓમાં નહિ એવી માનવની સૌથી ઉત્તમ શક્તિ તે કલ્પના છે. આપણા ચિંતકોએ વરસો પહેલાં બહુ સાદી રીતે એક મહાન સત્ય કહ્યું છે,

आहारनिद्राभयमैथुनं च
सामान्य मेतत्पशुभिर्नराणाम् ।
धर्मो हि तेषामधिको विशेषः
धर्मेण हीनाः पशुभिः समानाः ॥

આહાર, નિદ્રા, ભય અને મૈથુન આ માણસો અને પશુઓમાં સામાન્ય છે. ધર્મ જ માણસનું વિશેષ છે. માટે કહે છે કે ધર્મ વિનાનો માણસ હોય તો તે પશુસમાન છે.

વળી એમ પણ કહ્યું કે માણસમાં Values છે–તારતમ્ય બુધ્ધિ છે–તે પશુઓમાં નથી. માણસ ખરું–ખોટું, સારું–નરસું, સુંદર–અસુંદરને ઓળખી શકે છે તે પ્રમાણે પશુઓ ઓળખી શકતાં નથી. આને જ બીજી રીતે એમ કહી શકાય કે પશુઓમાં વિવેકબુદ્ધિ નથી.

વળી કોઈ એમ પણ કહે છે કે માણસોને ભાષા છે, પશુઓને ભાષા નથી. આ દેખીતું સત્ય છે, પણ આને ઘણા, ઉપર કહી તે એક કે અનેક શક્તિઓમાંથી ફલિત કરીને, એને જુદી ન ગણાવે. પણ આપણે સ્થૂલ રીતે મનુષ્યો અને પશુઓનો તફાવત સમજવા ઇચ્છતા હોઇએ તો ભાષાને એક ઘણા જ મહત્ત્વનો તફાવત ગણવો જોઇએ. અલબત આ બધા ચિંતનમાં, પશુમાં અમુક અમુક નથી એ આપણી માન્યતા છે. આપણને આપણી રીતે વિચારતાં લાગ્યું કે પશુઓમાં અમુક નથી. અને એથી વિશેષ માણસ શું કરી શકે? માણસ જે રીતે બીજાં માણસોને સમજે છે, પોતામાં અને બીજામાં જે સમાન હોય તેને પારખે છે, એ રીતે સમજવાનો પ્રમાણિક પ્રયત્ન કરી જોતાં તેને જણાયું કે પશુમાં બુદ્ધિ કે કલ્પના કે ધર્મ કે વિવેકબુધ્ધિ નથી.

આ બધું સાચું છે. પણ આ સંબંધી વધારે વિચાર કરતાં મને એમ જણાય છે કે પશુઓમાં અને માણસોમાં જે એક મૂલભૂત મહાન તફાવત છે તે કાલબુધ્ધિ (Sense of Time) નો છે. આપણને જેવી કાલબુધ્ધિ છે, તેવી પશુઓને નથી. પશુઓને દિગ્–બુધ્ધિ, સ્થલભાન છે, પણ કાલભાન નથી. કદાચ સ્થલભાન પણ આપણા જેવું સ્પષ્ટ નહિ હોય. સ્થલબુધ્ધિ અને કાલબુધ્ધિ બંને એકબીજાને ઉપકારક છે જ, એ રીતે જોતાં કાલબુધ્ધિના અભાવ કે નિર્બળતાથી દિગ્બુધ્ધિ પણ નિર્બળ હોય એ મને માનવા જેવું લાગે છે. પણ કાલબુધ્ધિ તો માણસ જેવી પશુમાં નથી એ મને સ્વતઃસિધ્ધ જેવું જણાય છે.

આમ કહેતાં કેટલાંક પ્રાણીઓ લાંબા અંતરો વરસો સુધી ભૂલતાં નથી એ દાખલો મારા ધ્યાનમાં છે. કાસદિયાં કબુતરો તેનો પ્રસિધ્ધ દાખલો છે, અને કેટલાંક જીવડાં, ભમરીઓ વગેરે અદ્‌ભુત રીતે પોતાનાં સ્થાનો શોધી શકે છે. તેમજ કેટલાક જંતુઓ મધમાખી, મંકોડા કીડી, ઉધઇ, વગેરે બહુ જતનથી ભવિષ્યને માટે સંધરો કરે છે, પણ એ બધું કેવળ અંધપ્રેરણાથી કરે છે, બુદ્ધિપૂર્વક–જ્ઞાનપૂર્વક કરતાં જણાતાં નથી. જેમ પ્રાણીઓ પોતપોતાની ઋતુએ ઋતુનાં આકર્ષણોને આધીન થાય છે, તેમાં કાલબુધ્ધિ હોતી નથી, આ જંતુઓ સંધરો કરે છે, તેમાં કાલબુધ્ધિ હોતી નથી. ફરીથી કહું છું કે, અલબત, આ આપણું, મારું, એક માનવ તરીકેનું મંતવ્ય છે. કીડીઓ કે પશુઓ પોતે શું વિચારે છે તે પ્રત્યક્ષરૂપે જાણવાને મને કે કોઇને કશું જ સાધન નથી.

પણ એ રીતે વિચાર આગળ ચલાવતાં મારે એ કહેવાનું છે કે આ કાલબુધ્ધિમાં જ આ સર્વ શક્તિઓ વિકસી છે, એમ મને જણાય છે.

કાલબુધ્ધિ એ જ એક રીતે મને કલ્પનાશક્તિ જણાય છે. ગત અનુભવને કોઇ પણ રીતે વર્તમાનમાં સ્મરવાની, તેને ઓળખવા પૂરતો એ અનુભવ પ્રત્યક્ષ કરવાની શક્તિ ન હોય તો કાલબુધ્ધિ છે એમ જ ન કહેવાય. માત્ર કાલાનુક્રમે અનુભવ કરવામાં કાલબુધ્ધિ આવતી નથી, પણ ભૂત અને વર્તમાનને મનમાં એક સાથે જોવાથી જ કાલતત્વનું ભાન થાય છે. ત્યાં સ્મરણ અને કલ્પના બન્ને કામ કરે છે એમ કહેવું જોઇએ.

અને તારતમ્યબુધ્ધિ પણ ત્યાં જ, એ સંયોગમાં જ કામ કરે છે. ભિન્ન ભિન્ન કાલના અનુભવોના તોલન વિના તારતમ્ય અશક્ય છે. અને એ તોલનબુધ્ધિ એ જ અમૂર્ત (Abstract) વિચારો, તત્ત્વગ્રહણ, અને સામાન્ય કે જાતિગ્રહણની જનયિત્રી છે. એ જ ભાષાની ઉત્પત્તિનું નિમિત્ત છે, અને એ જ ખરુંખોટું, સત્યાસત્ય વિવેકનું નિમિત્ત છે.

હું માનું છું કે આ કાલબુધ્ધિ મનુષ્યજાતિમાં હજી જોઇએ તેવી પરિપકવ કે સિદ્ધ થઇ નથી. માણસ જેટલી સહેલાઇથી અને સ્પષ્ટ રીતે દિક્‌માં વિચાર કરે છે, તેટલી સહેલાઇથી અને સ્પષ્ટ રીતે કાલમાં વિચાર નથી કરી શકતો.

કાલમાં ભવ્યતાનો ભાવ રસજ્ઞોને સુપરિચિત છે. ભવ્યતાનો એક વિભાવ અનન્ત વિસ્તારનો છે. આકાશ, સમુદ્ર, પર્વત, અંધારી

કાળચોઘડીયા વાગી રહ્યાં છે!

આજે સોડ તાણીને સુવાનો સમય નથી!

('કાલપ્રહરી તમારાં બારણાં ઠોકી રહ્યા છે.' એ મથાળા નીચે તા. ૨૮-૩-૪૭ ના ફુલછાબમાં નીચેનો લેખ પ્રગટ થયો છે. નજદીકના ભવિષ્યમાં આપણા દેશની ઉત્તરોત્તર વિકસતી જતી વાસ્તવિકતા કેટલી ભયાનક છે એનો આ લેખમાં આબેહુબ ચિતાર આપવામાં આવ્યો છે. ખાસ કરીને કાઠિયાવાડની પરિસ્થિતિને અનુલક્ષીને આ લેખ લખાયલો છે. આગામી મે માસમાં મુંબઇ ખાતે કાઠીયાવાડ પ્રજા સંમેલન ભરાવાનું અને આગામી રાજકીય પરિસ્થિતિનો કેમ સામનો કરવો તે વિષે નિર્ણયો કરવાનું છે. આ પ્રસંગે દેશની રાજકીય ભૂમિકાનું કાલ્પનિક ચિત્ર રજુ કરતો આ લેખ અહિં સાભાર ઉધ્ધૃત કરવામાં આવે છે. **પરમાનંદ.**)

'શાંત થાઓ, શોરબકોર છોડો, યુદ્ધ નહિ પણ આઝાદી આવી રહી છે, એનાં સન્માન કરવા તત્પર થાઓ. તમારાં વાણીવર્તન ઉપર કાબૂ રાખો, રખે કવેણ કાઢીને અપશુકન કરાવતા!' પ્રજાના અધીર કાનો ઉપર વારંવાર આ શબ્દો અથડાયા કર્યા છે. યુધ્ધથી નહિ જેવી જ ટેવાયેલી પ્રજાને સજ્જ થવાના નહિ, પણ યુધ્ધના સ્વાંગ નહિ સજવાની વારંવાર સલાહ આપવામાં આવી છે.

એમાં ખોટું શું છે? બ્રિટને ૧૯૪૮ ના જૂનની કોઇ તારીખે આ દેશને સંપૂર્ણ સ્વાધીન બનાવી દેવાનો ઢંઢેરો કયાં નથી પીટયો? બ્રિટનના વડા પ્રધાન એટલીની એ જાહેરાતે સમગ્ર દેશ ઉપર ગુલાબી સ્વપ્નોની બિછાત બિછાવી દીધી. પણ સ્વપ્નોની એ ગુલાબીની મોજ માણવા પહેલાં જ દેશ અને દરિયાપારનાં અનિષ્ટ બળો ઉકળી ઉઠયાં. સ્વપ્ન સરતું ગયું ને ગુલાબી રંગે ઘેરી લાલાશ પકડી. આ દેશે વિગ્રહની વાતો જ સાંભળી છે, નજરે નથી જોયો. એટલીની જાહેરાત હિંદમાં આંતરવિગ્રહ પેદા કરશે એવા કાળબોલના પડઘા ય પૂરા નહોતા શમ્યા ત્યાં ઠેરઠેર તોફાનો ફાટી પડયાં. આ તો પાશેરામાં પહેલી પૂણી થઇ. કહે છે કે આંતરવિગ્રહ તો હજુ આવી રહ્યો છે. થઇ રહેલાં તોફાનોની ગણતરી તો હજી છમકલાંમાં થાય છે.

આઝાદીમાર્ગ અવરોધાતો જાય છે

એવાં અણધાર્યાં અને અણચીંતવ્યાં પરિણામો આવી રહ્યાં છે. મુત્સદ્દીઓ મુંઝાઇ પડે એવાં, મહારથીઓના માથાં ભમી જાય એવાં, રાજકારણના સાગર-વાવડાના અટંગ અનુભવી સુકાનીને પણ ગોથાં ખવરાવે એવાં. દેશના વહેવારમાં જેટલી અરાજકતા ઉભી થઇ છે એના કરતાં વધુ તો માનવીના મગજમાં કોલાહલ મચ્યો છે. પરાધીનતામાંથી સ્વાધીનતાના પ્રવેશમાર્ગનો એ સંક્રાન્તિકાળ જ હશે. કદાચ બેચાર વર્ષની જ એ વાત હશે. પણ એટલા સમયની ઉથલપાથલ તો પ્રલય મચાવી દે. વિશ્વયુધ્ધો કાંઇ દસકાઓ સુધી ચાલતાં નથી, પણ એનાં પરિણામો તો સૈકાઓ સુધી સહન કરવાં પડે છે.

એ બે ચાર વર્ષની વજ્ર દીવાલો પાછળ ભાવિએ આપણા માટે શું સંગોપી રાખ્યું છે એ જાણવાની આર્ષદૃષ્ટિ આપણી પાસે નથી. એ ભાવિ ઘનઘોર કાળાશ ઘૂંટેલું છે કે રકટિક શું દીપ્તિમાન છે એની કલ્પના કરવા જેટલી સ્વસ્થતા કોનામાં છે? આઝાદીનો રાજમાર્ગ સરળ થવાને બદલે અવરોધાતો જાય છે. સ્વચ્છ સમજણ ઉપર નહિ આવી શકતો માનવી આવની અંધાધુંધી ભાળીને મૂઢ બની બેઠો છે.

કોમી અસુરની બેફામ લીલા

અદૃષ્ટના લેખ તો ઊકલે ત્યારે ખરા. પણ આજ આવી રહેલી અંધાધુંધીને નહિ ઓળખી લઇએ તો ઘરઆંગણાની લીલી વાડીઓ નિમિષમાત્રમાં વેડાઇ જશે. ઘરઆંગણેથી પ્રજાને ઢંઢેળવાની, જાયન કરવાની, સાવધ કરવાની આખરી તકો વહી રહી છે. નોઆખલીના અમાનુષી અત્યાચારો સેંકડો માઇલ દૂર ભજવાયા. બિહારનું કૌભાંડ એટલું જ આછું હતું. સરહદ અને પંજાબની કત્લેઆમથી આપણે થથરી ગયા. પણ હજી આપણી હૈયાજડતાના મૂળમાં ભૂકંપો નથી નોંધાયા.

લીગ અને કોંગ્રેસ વચ્ચેની સમજૂતી અંગે હવે કોઇ બેખબર ન રહે. પંજાબદિન સામે ગાંધીજીએ ચિત્કાર કરીને થેભાવ્યો, પણ પાકીસ્તાનદિન તો લોહિઆળ રમખાણોની છાતી ઉપર હજી ગઇ કાલે જ ઉજવાયો. એકતા અને અનેકતા વચ્ચે સમાધાન નહિ સંભવે ત્યાં સુધી કોમી રમખાણો નહિ થંભે, નહિ થંભે જ્યાં સુધી કોમ કોમની નાડોમાં વહેતા લોહીમાં કૂંકેલ ઝેરનો નિતાર નહિ થાય ત્યાં સુધી. આ કોમી અસુરને કોઇ ધર્મનાં બંધનો નથી તેમ કોઇ પ્રાદેશિક બંધનો પણ નથી.

અંગ્રેજી સત્તાની લગામો ઢીલી પડતાં બ્રિટિશ સલ્તનતનાં મેલાં બળોએ પોતાના વિખવાદી ધોડલા છૂટાદોર મેલી દીધા છે. એની પાસેથી બીજી આશા રાખી શકાય નહિ. સરહદ, સિંધ ને પંજાબ એનાં સળગતાં ઉદાહરણ છે.

બ્રિટનની સરકારે હિંદ છોડતી વખતે દેશી રાજ્યોનું સાર્વભૌમત્વ હિંદની કોઇ કેન્દ્રીય સરકારને કે ખુદ દેશી રાજ્યોની પ્રજાને ન સોંપતાં રાજાઓને જ સોંપવાનું નક્કી કર્યું છે. બ્રિટિશ એયોનેટના બળે અમલચેન અને જુલમજહાંગીરી કરતો આ રાજવી વર્ગ આપખુદીને અખંડ જાળવવા પ્રજાવિરોધી મોરચો રચી રહેલ છે. આ રાજવી મંડળ પણ કોમવાદના રાહુમાંથી બચ્યું નથી.

રાજ્યો શાની તૈયારી કરે છે?

સલામતીનો ભય જેમ માણસને એક અને અતૂટ બનાવે તેમ એનામાં ભય અને અવિશ્વાસ પણ પેદા કરે. આપણા પ્રાંતમાં આજે બધાં જ મેલાં તત્ત્વો હુંકાર કરતા જાય છે. '૪૮ની અંધાધુંધીમાં મોટું રાજ્ય પડોશના નાના રાજ્યને નહિ ખાઇ જાય એની કોઇ ખાતરી નથી. આવા અવિશ્વાસ અને ભયના વાતાવરણ વચ્ચે

(અનુસંધાન પૃષ્ઠ ૨૦૧ જુઓ)

રાત, એ બધાંમાં દૈશિક અનંતતાથી ભવ્યતા નિષ્પન્ન થાય છે. પણ હજી આપણા સમર્થ મહાકવિઓ પણ એટલી સહેલાઇથી અનંત કાલના વર્ણનની ભવ્યતા નિષ્પન્ન કરી શકતા નથી. મને અનંત કાલનો એક દાખલો યાદ રહી ગયેલો છે.

यावत्स्थास्यन्ति गिरयः सरितश्च महीतले ।
तावद्रामायणकथा लोकेषु प्रचरिष्यति ॥

'જ્યાં સુધી ધરતીના તલ ઉપર પર્વતો છે ને નદીઓ છે ત્યાં સુધી રામાયણની કથાનો લોકોમાં પ્રચાર રહેશે.'

અનંત કાલનું આમાં સુંદર વર્ણન છે, પણ આનાથી ભિન્ન કોઇ રીતિથી કાલની અનંતતા કોઇ દર્શાવી શકયું હોય એવું મારી જાણમાં નથી. ગણિતના આંકડાથી વર્ષો કે પ્રકાશવર્ષો ગણાવવાં એ અનંતતાનું પ્રાકટય નથી એ કહેવાની જરૂર નથી.

હું માનું છું કે હજી માનવબુદ્ધિ કાલતત્ત્વને જોઇએ તેટલું સમજી નથી.

મને ઘણી વાર એમ લાગે છે કે જે માણસ કાર્યના સ્વરૂપથી વસ્તુને સમજે છે, તે વસ્તુને વધારે સારી રીતે સમજે છે. માત્ર દિક્માં સમજવું તે કરતાં દિક્-કાલ બન્નેમાં સમજવું તે વધારે ઉત્કૃષ્ટ સમજણ છે. સાહિત્ય વસ્તુને દિક્કાલમાં રજુ કરે છે અને તેથી એનામાં ઋતને પ્રગટ કરવાની શક્તિ વધારે છે. ચિત્ર, સ્થાપત્ય બન્ને માત્ર દિગ્વિસ્તૃત કલાઓ છે. સંગીત માત્ર સમયમાં સંતત રહેલ છે, માટે કદાચ સમજવામાં અત્યંત ગહન કલા છે.

માટે જ અભ્યાસમાં ઐતિહાસિક પદ્ધતિનું મહત્વ છે. તેમાં વસ્તુ દેશકાલ બંનેમાં પ્રગટ થાય છે.

હું માનું છું કે જ્યારે મનુષ્યજાતિ કાલને વધારે સારી રીતે સમજશે ત્યારે કદાચ પરમતત્ત્વને વધારે સારી રીતે સમજી શકશે. અપૂર્ણ. **રામનારાયણ વિ. પાઠક.**

સત્સંગનો સ્પર્શ

[સાબરમતી હરિજન આશ્રમમાં વસતા શ્રી. નંદલાલ ભોગીલાલ શાહે એક સાધુપુરૂષે લખેલા પત્રની નકલ પ્રબુદ્ધ જૈનમાં પ્રકાશન અર્થે કેટલાય સમય ઉપર મોકલેલી જે નીચે પ્રગટ કરવામાં આવે છે. તંત્રી.]

પૂજ્ય.....ભા.

તમારો તા.....નો પત્ર મળ્યો છે. આવાં અનુષ્ઠાનો કર્યા-કરવાથી માનવી જીવ કાંઇ એચિંતો શિવ નથી બની શકતો, માત્ર એ જીવની ગતિ ક્રિયાત્મક સ્વરૂપે થવાની શકયતાઓ એમાંથી સાંપડવાનો સંભવ હોય છે, એટલું જ.

કૃપા કરીને એટલું જાણી રાખજો કે જો મનમાં કોઇ વૃત્તિ ઉઠતાં તે સ્થગિત-Static-કે સ્થિતિસ્થાપક નથી રહી શકતી તો સદ્‌ભાવ કે સદ્‌વસ્તુ પરત્વેની વૃત્તિ કે ભાવના સ્થગિત કેમ રહી શકે ? કિંતુ બન્ને પ્રકારની વૃત્તિમાં ફરક રહે છે. એક છે પ્રકૃત્તિ-જન્ય વૃત્તિ ને બીજી વૃત્તિ પણ જો માત્ર પ્રકૃતિજન્ય ગુણાત્મક ભૂમિકા પરથી સેવાયા જશે એક માત્ર વૃત્તિની નજરે-તો એમાંથી જીવને તાત્કાલિક તત્વલાભ થવા વારો કદી પણ જન્મી શકશે નહિ. સત્સંગ આદિ ભાવનામાંથી ક્રિયાત્મક શક્તિનો પ્રવાહ ન જન્મી શકે તો માનવીજીવે વિચારવું રહ્યું. એના ચિન્તવનનો ધોધ સતત એકધારો ચાલુ વહ્યાં કરવો ઘટે. જે માર્ગે જવું છે એ માર્ગ ઉપર જીવનું દૃઢ નિશ્ચયાત્મક વલણ એકાગ્રપણે કેન્દ્રિત થયું નથી એ જ એનો અર્થ નાકળી શકે. તેથી જીવનું ધ્યેય જાણીતું હોય-પ્રભુભાવ પરત્વેનું તે ભલે,-પરંતુ એ ધ્યેય ઉપર જીવનનું મંડાણપૂર્વકનું સ્થિરતાપૂર્વકનું-વલણ હજુ થયું નથી. છેક ઉપરછલ્લી બુધ્ધિ વડે જ સત્સંગની પ્રવૃત્તિમાં બળાત્કારે રસ લેવાઇ રહ્યો છે. એનું કારણ તો અંતરનો સૂક્ષ્મ અનુરાગ એ પરત્વેનો રહેલો છે. એ સૂક્ષ્મ અનુરાગને જીવનમાં, જીવનના ક્ષેત્રમાં સર્વવ્યાપી-સર્વભક્ષી ચેતનાત્મક સ્વરૂપે બતાવવાની કળા હસ્તગત કરવાનું સદ્‌ભાગ્ય તો જેને ખરા જીવનની ધખ-ધખતી ભૂખ લાગે છે એવા જ પામી શકે છે. જીવનનું ચિંતવન કર્યા વિના-અથવા તો એનું એકધારાપણું કોઇને કોઇ રીતે ચલાવ્યાં કર્યા વિના માનવીનું મન પીગળી શકતું નથી. સદ્‌ભાવની ભૂમિકા હોવી એ એક વસ્તુ છે અને એને જીવનના પરિણામ કે પરિપાકમાં કામ કરાવતી-અનુભવાતી-જોવી એ બીજી વાત છે. એવી મળેલી ભૂમિકા હોવા છતાં જે જીવ પડી જ રહેવાનું કરતો હોય છે અને જેની શક્તિ હોવા છતાં જે જીવ સળવળવાનું કરતો નથી તે મળેલી મૂડી હોવા છતાં ભિખારીની દશામાં પડી રહેવા જેવું કરતો હોય છે. જો એવું વાસ્તવિકપણે હોય તો એવા જીવે કરવું શુ ? એવો પ્રશ્ન સહેજે ઊઠે છે.

એવા જીવે ભાવના-પ્રાબલ્ય કરી બુધ્ધિના જોરે જીવનના પ્રસંગોમાં-સંબંધોમાં-વર્તનમાં-પ્રભુભાવની ધારણા જીવતી રખાવવા કે રહ્યાં કરે તે રીતે વર્તવા માટે ભગીરથ પ્રયત્ન કરવો જોઇશે. કોઇ કોઇ ઠેકાણે પાણી નજીકમાં હોવા છતાં ઉપલું પડ એવું તો કઠણ પત્થરવાળું હોય છે કે સુરંગ ફોડતાં પણ તે તૂટતું નથી. અમારા એક આશ્રમમાં એવું બળું આવ્યું હતું. પાણી છેક નજીક છે એવાં સ્પષ્ટ લક્ષણો દેખાવા છતાં પત્થરનું ઉપલું બળું સુરંગ દેવા છતાં તૂટી શકતું ન હતું. બે ચાર ઠેકાણે તેવું કરવું પડયું ને ઘણી જ મહેનતે તે સરખું કરાવતાં પાણી નીકળ્યું. જેને સદ્‌વસ્તુ પરત્વેની ભાવનાયુક્ત સમજણ છે, જેણે સંત જીવાત્માનો સત્સંગ સેવ્યો છે તે જીવને પડી રહેલો જોતાં દિલમાં દુઃખની કંપારી વછૂટે છે. તો શું સત્સંગની ભાવના યુગયુગથી સમાજમાં ચાલી આવેલી છે અને આજે પણ એ ભાવના મરી પરવારી નથી-એ સાચી કે ખોટી ? જો એ સાચી ગણીએ તો ખામી આપણી કે સત્સંગની ? જો સત્સંગની ખામી ગણીએ તો એવા સંત જીવાત્માની હાલની દશા આપણને સ્પષ્ટ સૂચવશે કે તેઓ પોતાની દશામાં મસ્ત જેવા છે જ. અને આત્મદશાનાં શાસ્ત્રોક્ત લક્ષણો એમના જીવનમાં કે એમના પરિચયમાં આવેલાંને અપરોક્ષપણે અનુભવે સમજાય એવાં હોય છે. જો તેવું તેમના વિષે આપણને લાગે તો પછી આપણી સદ્‌ભાવના તેમના વિષે પૂરી હોવા છતાં તે આપણો ભાવ ક્રિયાત્મક શક્તિના પ્રવાહ રૂપે કેમ નથી બની શકયો એ પ્રશ્ન તો ઉઠે જ. રૂપા ઉપર સોનાનો ઢોળ ચઢે, પણ વપરાશમાં આવતાં તે ઢોળ ઉતરી જાય; એમ સત્સંગનો પાસ તો લાગે, પણ પાછાં માનવી જીવ સંસારમાં પડીને એનું સેવન, ચિન્તવન ભાવનાના સ્વરૂપમાં ચાલુ રાખી શકતાં ન હોવાથી આવેલો કે ચઢેલો ભાવનો સ્પર્શ તદ્દન મોળો પડી જાય છે અને તે માનવીજીવ પોતે ખાલીને ખાલી જેવો જ રહી ગયો હોય એમ તેને લાગે છે. તો શું સત્સંગનો સ્પર્શ પણ મોળો પડી જતો હોય છે ? શું એ પણ નકકર વસ્તુ નથી ? એવા સવાલ પણ ઉઠે. સત્સંગના સ્પર્શના અંતરમાં સંસ્કાર પડવા એક વાત છે અને તે સ્પર્શ હાલના જીવનમાં કામ કરતો કેવી રીતે બની રહે છે તે એક વળી જુદી વાત છે. સત્સંગનો સ્પર્શ એ કંઇ એક બાજુનો નથી. એનો મેળ આપણે આપણાથી કરવો પડશે. જીવ-નના સર્વ અન્ય ક્ષેત્ર કરતાં એનું મૂલ્યાંકન સહસ્ત્રગણું માનવીના મનથી અંકાયેલું હોવું જોઇશે. જીવનના સર્વ પ્રસંગ-વર્તન-સંબંધ-વ્યવહારમાં એનું મન જીવનના સદ્‌ભાવના મહત્વની રીતે પ્રવર્તતું થઇ ગયેલું હોવું જોઇશે. એને જ્યાં ત્યાં યુદ્ધ આપ્યાં જ કરવાનું બન્યા કરશે. જેમ જેમ ભાવનાનું સાતત્ય જળ-વાશે તેમ તેમ યુધ્ધની તેવી અનેક પરંપરાઓ અને હારમાળાઓ એના જીવનમાં અખંડ ધારાવત્ પ્રત્યક્ષ તે અનુભવશે; એટલું જ નહિ પણ તેમાં તે ઝંપલાવ્યા વિના રહી શકશે નહિ-એવું એ જીવનનું લક્ષણ બની ગયેલું માલુમ પડશે. એનું માનસ સંસારી ઘટનાઓને સાંસારિક રીતે વિચારતું જ અટકી જશે. જમીન ઉપર છે એવું લાગતું હોવા છતાં એના તે સત્સંગના સ્પર્શતા ભાવ અને પ્રકાર એવા કોઇ ઓર છે કે તેના મનોભાવના જમીન ઉપરથી ઉંચે ઉડતા વિમાન જેવી બની જશે. એટલે એ માનવીજીવ સંસારમાં હોવા છતાં સંસારના સંબંધોમાં, વર્તનમાં, વ્યવહારમાં, વિચારવૃત્તિમાં એ બધામાં કોઇ એક ચેતના-યુક્ત સાંકળ જોડાયલી તે અનુભવશે. આપણા સંબંધમાં આમ બને એમ ઇચ્છા હોવા છતાં બનતું કેમ નથી ? કારણ કે આપ-ણામાં એવી અદમ્ય ઇચ્છા પ્રગટી નથી. એવી ઇચ્છા પ્રકટતાં આપણાથી પછી બેસી રહી શકાતું જ નથી. ત્યારે એવી ઇચ્છા પ્રગટાવવા કરવું શું ? એ ઇચ્છા અન્તરમાં તો પડેલી છે જ; બહારનો દુર્ગ તોડી શકતી નથી. તો એને તોડવાને સદ્‌ભાવભર્યું ચિંતવન-પ્રાર્થના-સંસારના સર્વ સંબંધ, વર્તન, વ્યવહાર, વિચાર આદિમાં તે તે રીતે એટલે કે રાગદ્વેષાદિની ભૂમિકાથી વિચારવાનું વર્તવાનું ના રાખતાં ખરા જીવનનો ભાવ ટકે, વધે એ રીતે તેમાં આપણું સ્થિરપણું ટકે એવું જો થઇ શકે તો ઇચ્છાને પાંખો આવ્યા વિના રહે જ નહિ અને એમ થતાં જીવનની ઉચ્ચ ગતિ અને સ્થિતિ સહજ અને સ્વાભાવિક બની જાય. ત્યાં સર્વેને પ્રણામ અને સ્મરણ...

વૈદ્યકીય રાહત

મુંબઇ અને પરાંઓમાં વસતા જે જૈન ભાઇ યા બહેનને વૈદ્યકીય રાહતની, દવા કે ઇન્જેકશનોની તેમજ ડાકટરી ઉપચારની જરૂર હોય તેમણે ધનજી સ્ટ્રીટમાં આવેલ મુંબઇ જૈન યુવક સંઘના કાર્યાલયમાં તપાસ કરવી અથવા તો મને કે વૈદ્યકીય રાહત સમિતિના સભ્યો જેમના નામ તા. ૧૫-૨-૪૭ ના પ્રબુદ્ધ જૈનમાં પ્રગટ કર-વામાં આવ્યા છે તેમનામાંથી કોઇને મળવું.

રતિલાલ ચીમનલાલ કોઠારી
મંત્રી, વૈદ્યકીય રાહત સમિતિ.

ધર્મમાં રાજસત્તા અને જૈનો

'ધર્મમાં રાજસત્તા' એ મથાળાનો શ્રી. કિશોરલાલ ઘ. મશરૂવાળાનો લખેલો એક લેખ, તા. ૧૫-૧૨-૪૬ ના 'હરિજન બંધુ'માં અગ્રલેખ તરીકે પ્રગટ થયેલો. એ લેખનો કેન્દ્રસ્થ વિચાર નીચે મુજબ હતો.

"જ્યારે જ્યારે કોઇ ધર્મના ઉત્સાહી આચાર્યોના દિલમાં રાજકીય સત્તા પ્રાપ્ત કરી તેની મદદથી પોતાના સંપ્રદાયનો પ્રચાર કરવાનો લોભ જાગ્યો છે ત્યારે ખુનરેજી અને અમાનુષી અત્યાચારો તેની પાછળ આવ્યાં છે. જુના વખતમાં રાજ્યમાં બધી સત્તા રાજાના હાથમાં જ રહેતી, ત્યારે સહેલી રીત રાજાને પોતાનો ચેલો બનાવી, તેની મારફતે તે ધર્મને રાજ્યનો ધર્મ જાહેર કરવાની હતી. તેની સાથે ઘણું ખરૂં જેઓ તે ધર્મને સ્વીકારે તેમને કાંઇક લાભો અને જેઓ સ્વીકારવાનો ઇન્કાર કરે તેમને કાંઇ સજાઓ મળતી. સજાઓ એકાદ ખાસ કરથી માંડીને ઇન્કાર કરનારાઓનો બહિષ્કાર, કેદ, અંગચ્છેદ, રિબાવીને મોત, માલમીલકતની જપ્તી, દેશનિકાલ, સ્ત્રીઓ અને નિર્બળોની જબરદસ્તી વટાળ, તથા પિશાચવૃત્તિ શોધી શકે એવી બીજી અનેક રીતો સુધી પહોંચતી. બીજા દેશોમાંયે આગ અને તલવારના બળે પોતાના પંથનો પ્રચાર કરવા પ્રયત્ન થતો."

આ વિચારના સમર્થનમાં શ્રી કિશોરલાલભાઇએ આપણા દેશના તેમજ અન્ય દેશોના ઇતિહાસના કેટલાક દાખલાઓ ટાંકયા હતા અને ઉપર રજુ કરવામાં આવેલ વિધાન જેમ અન્ય સાંપ્રદાયિકોને તેમ જ જૈનોને પણ લાગુ પડે છે એમ તેમણે જણાવ્યું હતું અને આગળ આવતાં તેમણે નીચે મુજબનો નિષ્કર્ષ તારવ્યો હતો:—

"આમ જ્યારે કોઇ રાજ્યે સર્વ ધાર્મિક મતપંથોથી પર રહી, પોતાની પ્રજા કયા મતપંથોવાળી છે તેની રાજકારભારમાં ઉપેક્ષા કરી છે અને સર્વ રાજસેવકોને ધાર્મિક બાબતોમાં બિલકુલ નિષ્પક્ષ રહેવા ફરમાવ્યું છે, ત્યારે જ પ્રજાને પોતાના અન્તઃકરણને રૂચતો ધર્મ માનવાની સ્વતંત્રતા સાંપડી છે અને પ્રજા પણ વિવિધ પંથો પ્રત્યે સહિષ્ણુતા જાળવતાં શિખી છે.

"અનેક યાતનાઓ વેઠી અને કરૂણ અનુભવોમાંથી પસાર થઇ હિંદુસ્તાનના ધાર્મિક પંથોએ સામાન્યપણે પરમતસહિષ્ણુતાનો ગુણ કેળવ્યો. શૈવ, વૈષ્ણવ, જૈન, બૌધ્ધ, એકેશ્વર પૂજા, વિવિધ દેવપૂજા, ભૂતપૂજા અને નરી નાસ્તિકતા પર્યન્તના પરસ્પરવિરોધી જેવા લાગતા અનેક પંથો છતાં એ સમગ્રને જો હિંદુધર્મ નામ આપવું યોગ્ય હોય તો તે એટલા જ કારણસર કે, એ બધામાં જે એક સામાન્ય ગુણ તરી આવે છે તે ધાર્મિક સહિષ્ણુતાનો છે."

આ લેખ સંબંધમાં ઓલ ઇન્ડીઆ જૈન પોલીટીકલ રાઇટ્સ પ્રીઝર્વેશન કમીટી' નામની કોઇ એક સમિતિ જેનું મુખ્ય કાર્યાલય મધ્ય પ્રાન્તમાં આવેલ સીવની ખાતે છે તે સમિતિના મંત્રી શ્રી સુમેરચંદ્ર જૈન દિવાકરને શ્રી કિશોરલાલ ઘ. મશરૂવાળા સાથે થયેલો પત્રવ્યવહાર જૈન સમાજની જાણ માટે પ્રબુદ્ધ જૈન માં પ્રગટ કરવા માટે શ્રી. કિશોરલાલભાઇએ મોકલી આપ્યો છે, જે અહિં સાદર પ્રગટ કરવામાં આવે છે. **પરમાનંદ.**

શ્રી સુમેરચંદ્રજીએ તા. ૨૮-૨-૪૭ ના રોજ શ્રી કિશોરલાલ ભાઇ ઉપર નીચે મુજબ પત્ર લખ્યો હતો :—

"પ્રિય કિશોરીલાલજી

જયહિંદ! હિંદી હરિજનમાં પ્રગટ થયેલ 'ધર્મ મેં રાજસત્તા' એ મથાળાનો આપનો લેખ મારા વાંચવામાં આવ્યો. એ લેખમાં જૈન ધર્મ વિષે જે એવું વિધાન કરવામાં આવ્યું છે કે જેવી રીતે બીજા સંપ્રદાયના રાજાઓએ જૈનો, બૌદ્ધો વગેરે ઉપર અત્યાચારો કર્યા હતા તેવી જ રીતે જ્યારે જૈન રાજાઓ સત્તા ઉપર આવેલા ત્યારે જૈન ધર્મના અનુયાયીઓ પણ અન્ય સંપ્રદાયના અનુયાયીઓ પ્રત્યે એટલા જ ઘાતકી (equally merciless) બન્યા હતા—આવું અસત્ય વિધાન વાંચીને મને ભારે આશ્ચર્ય થયું છે. હિંદુ રાજાઓના હાથે જૈનોને અવર્ણનીય ત્રાસ ભોગવવો પડયો હતો એ વિષે કોઇ શક નથી. આ બાબત મદુરાના જાણીતા મીનાક્ષી મંદિરમાંના કેટલાંક ભીંતચિત્રો ઉપરથી સહેજે માલુમ પડે તેમ છે. મારો ભાઇ પખવાડીઆ પહેલાં મદુરા ગયેલો ત્યારે તેણે જાતે આ ચિત્રો જોયાં હતાં. જૈનોએ બીજી કોમના લોકો ઉપર આવો ત્રાસ ગુજાર્યો હોય એવા દાખલાઓ ઇતિહાસમાંથી તારવીને મને જણાવવા આપ કૃપા કરશો? અથવા તો એક સદ્‌ગૃહસ્થ તરીકે તેમજ સત્ય અને અહિંસાના મહાન ઉપાસક ગાંધીજીના સાથી તરીકે આપની ભુલ કબુલ કરવાની અને હિંદી હરિજનના વાંચકોને સાચી માહિતી પુરી પાડવાની ધૃષ્ટતા (audacity) આપ દાખવશો એમ હું આપને વિનંતિ કરી શકું? હું આશા રાખું છું કે આ બાબતની આપ ઉપેક્ષા નહિ કરો અને મને તુરત જવાબ પાઠવશો."

આ પત્રનો તા. ૬-૩-૪૭ ના રોજ શ્રી કિશોરલાલભાઇએ નીચે મુજબ જવાબ લખ્યો હતો:—

"શ્રીમાન પંડિત દિવાકરશાસ્ત્રીજી,

જય હિંદ! આપનો તા. ૨૮-૨-૪૭નો પત્ર મને તા. ૩-૩-૪૭ ના રોજ મળ્યો. હું, મારો લેખ ફરીથી જોઇ ગયો. equally merciless' (એટલા જ ઘાતકી) એવો શબ્દ પ્રયોગ તો મેં નથી કર્યો. મેં તો એટલું જ કહ્યું છે કે જ્યારે પણ કોઇ ધાર્મિક સંપ્રદાય રાજ્યસત્તાનાં બળ ઉપર આરૂઢ થયેલ છે ત્યારે અન્ય ધર્મના લોકો ઉપર કોઇને કોઇ પ્રકારનો જુલમ થયો છે. જૈન રાજાઓની હકુમત દરમિયાન જૈન-જૈનેતરોની સાથે સમાનતાપૂર્ણ વ્યવહાર ચાલતો હતો એમ કહેવું મુશ્કેલ છે. મારૂં ઇતિહાસનું જ્ઞાન તો બહુ અલ્પ છે, પરંતુ વૈદિકો અને જૈનો વચ્ચે રાજકારણને લગતી રપર્ધા તો કંઇ કાળથી ચાલતી જ હતી.

આમ છતાં પણ આપનો પત્ર હું.....ઉપર મોકલું છું જો તેઓ મને વિશ્વાસ આપશે કે જૈન રાજાઓના શાસન દરમિયાન સર્વ ધર્મના લોકો સાથે એકસરખો વર્તાવ હતો અને પોતાને મળેલી રાજ્યસત્તાનો પોતાના પંથના લોકોને ગેરવ્યાજબી ફાયદો પહોંચાડવામાં ઉપયોગ કરવામાં આવ્યો નહોતો તો હું બહુ ખુશીથી અને નમ્રતા સાથે એ ચર્ચાના અનુસંધાનમાં 'જૈન' શબ્દ પાછો ખેંચી લઇશ.

"આપના પત્રમાં 'audacity' ધૃષ્ટતા—આ શબ્દ મને જરા ખટકયો. પણ હું માની લઉં છું કે એ આપે ભુલથી લખી નાંખ્યો હશે. આપ કહેવા માંગતા હશો goodness, humility, courtesy, fairness, courage (ભલાઇ, નમ્રતા, સભ્યતા, ઔચિત્ય, હિંમત) બેર"

ત્યારબાદ શ્રી કિશોરલાલભાઇએ તા. ૩૧-૩-૪૭ ના રોજ શ્રી. સુમેરચંદ્ર જૈન દિવાકરને ઉપર જણાવેલ પત્રના અનુસંધાનમાં બીજો પત્ર નીચે મુજબ લખ્યો છે. (મૂળ લખાણ અંગ્રેજીમાં છે જેનો આ અનુવાદ છે.)

"પ્રિય ભાઇ

૧૫-૧૨-૪૬ ના હરિજનમાં પ્રગટ થયેલ 'ધર્મમાં રાજસત્તા' એ મથાળાના મારા લેખમાંના જે વિભાગમાં જૈનોને સામેલ કરવા બદલ આપે વાંધો ઉઠાવ્યો છે તે વિભાગ નીચે મુજબ છે :—

'દુનિયાભરમાં કોઇ પણ મહત્વના સંપ્રદાયનો ઇતિહાસ તપાસીશું, તો આવા જ પ્રકારના જુલમો થયેલા નજરે આવશે. જે જે સંપ્રદાયમાં સાંપ્રદાયિક ઝનૂન સાથે રાજસત્તા હાથમાં આવી

છે, તેને હાથે ઘણું ખરૂં બીજા સંપ્રદાયવાળાઓએ અત્યાચાર સહન કર્યા છે. અને જો પોતાના હાથમાં સત્તા આવી છે તો વળતા એવા જ અત્યાચારો બીજાઓ ઉપર ગુજર્યા છે. આ રીતે આપણા દેશમાં વૈદિકો, બૌધ્ધો, જૈનો લિંગાયતો, શૈવો, વૈષ્ણવો, શિખો અને તેમના ઉપપંથોએ પોતપોતાની કારકીર્દીમાં એક કાળે જુલમ સહન કર્યાના, તો બીજે કાળે (કદી તેમને રાજસત્તા મળી હોય તો) જુલમ ગુજર્યાના બનાવો બન્યા છે."

તા. ૬-૩ ૪૭ ના મારા કાગળમાં આપને મેં જણાવ્યું હતું તે મુજબ મેં એક મિત્ર મારફત તપાસ કરી છે. બે જાણીતા વિદ્વાન જૈન સંશોધકોની સાથે ચર્ચા કરીને તેમણે પોતાનો અભિપ્રાય મને જણાવ્યો છે જેનો સંક્ષેપમાં સાર નીચે મુજબ છેઃ–

"સૌથી પ્રથમ તો બહુ વિશાળ પ્રદેશો ઉપર અને તે પણ લાંબા સમય સુધી જૈન રાજાઓની અથવા તો સત્તાધીશોની પરંપરા ચાલી નથી અથવા તો જૈનોએ રાજસત્તા ભોગવી નથી. પણ જે કાંઇ રાજસત્તા તેમણે ભોગવી છે તેને લગતી તવારીખોમાંથી એવી કશી માહીતી મળતી નથી કે જેના આધારે એમ કહી શકાય કે જેવી રીતે અન્ય સંપ્રદાયોના રાજાઓએ કે સત્તાધીશોએ પોતાથી ભિન્ન સંપ્રદાયોના અનુયાયીઓ ઉપર અમાનુષી અત્યાચારો અને ખુનરેજી ચલાવી હતી, તેવા અમાનુષી અત્યાચારો તેમ જ ખુનરેજી જૈન સત્તાધીશોએ પણ ચલાવી હતી. ખરી રીતે જૈનો સામાન્ય રીતે જુલમગાર બનવાને બદલે જુલમના ભોગ જ બન્યા છે. આનો અર્થ એ નથી કે પોતાની કોમને આગળ વધારવા માટે રાજસત્તા મેળવવાના હેતુથી જૈનોએ રાજકીય ખટપટ અને કાવાદાવામાં કદિ કશો ભાગ જ લીધો નથી અથવા તો પોતાના ધર્મના અનુયાયીઓને ઠીક પ્રમાણમાં લાભ પહોંચાડવાના હેતુથી પોતાને મળેલી રાજ્યસત્તાનો જૈનોએ ઉપયોગ કર્યો નથી. વળી રાજકીય ક્ષેત્રની બહાર જૈન સમાજના પેટા સંપ્રદાયોએ અંદર અંદરના દ્વેષ મત્સરને લીધે એકમેકનાં કદિ પણ લોહી રેડયાં નથી એમ પણ માની લેવાને કશું કારણ નથી. તદુપરાંત જૈન રાજાઓએ પોતાના બચાવમાં હિંસાનો ઉપયોગ કર્યાના પણ અનેક દાખલાઓ બનેલા છે અને એમ કરવા જતાં યુધ્ધ સાથે જોડાયલા સર્વ પ્રકારના અત્યાચારો તેમના હાથે પણ નીપજ્યા હોવા જ જોઇએ. આમ છતાં પણ આજે લભ્ય એવી સર્વ માહીતી ઉપરથી એમ કહી શકાય કે સાધારણ રીતે જૈનોએ આક્રમક યુધ્ધો કર્યા નહોતાં અને તેમને જે કાંઇ યુધ્ધો કરવા પડયા હોય તે આત્મરક્ષા અથવા તો બચાવના હેતુથી કરવા પડયા હતા. જૈન શાસન સાધારણ રીતે માનવતાથી ભરેલું અને કેટલીક વખત તો યોગ્ય મર્યાદાને પણ વટાવી જતી માનવતાથી ભરેલું હતું."

આ સ્વીકારતાં મને આનંદ થાય છે. પણ આપને ખ્યાલ હશે કે કોઇ પણ ધર્મ કે ધર્મિક સંપ્રદાય ઉપર અત્યાચારનું આળ મૂકવું એ મારા લેખનો મૂળ મુદ્દો નથી પણ "માત્ર જ્યારે કોઇ રાજ્યે સર્વ ધાર્મિક મતપંથોથી પર રહી પોતાની પ્રજા કયા મતપંથવાળી છે તેની રાજકારભારમાં ઉપેક્ષા કરી છે અને સર્વે રાજસેવકોને ધાર્મિક બાબતોમાં બિલકુલ નિષ્પક્ષ રહેવા ફરમાવ્યું છે ત્યારે પ્રજાને પોતાના અંતઃકરણને રૂચતો ધર્મ માનવાની સ્વતંત્રતા સાંપડી છે અને પ્રજા પણ વિવિધ પંથો પ્રત્યે સહિષ્ણુતા જાળવતાં શિખી છે."–આ મારા લેખનો મૂળ મુદ્દો છે અને આ મૂળ મુદ્દો ઉપર જણાવેલી બાબતો કબુલ રાખવા છતાં કાયમ રહે છે. તેથી પ્રસ્તુત લેખના કોઇ વિભાગને સુધારવાની કોઇ ખાસ જરૂરિયાત ઉભી થતી નથી. આમ છતાં પણ આ પત્રનો આપને યોગ્ય લાગે તે રીતે ઉપયોગ કરી શકો છો."

કાળચોઘડીયાં વાગી રહ્યાં છે

(પૃષ્ટ ૧૯૮થી ચાલુ)

ઘણા રાજાઓ જામસાહેબના નેજા નીચે જઇ ઊભા છે. તેનાં બે કારણો ગણાવી શકાયઃ એક તો એકલા-ટકવાની આંતરિક તાકાતનો અભાવ અને બીજું પ્રજાના કુદરતી અધિકારો પાછા સોંપવાની અનિચ્છા. આજે તો ઉઘાડું દેખાય છે કે રાષ્ટ્રવાદવિરોધી બળો વધુ જોર કરતાં જાય છે. કોણ કહી શકે કે આ રાજ્યો '૪૮ના જૂન પછીની પરિસ્થિતિને પહોંચી વળવાને પોતાની મેલી મુરાદો બર લાવવા તૈયારી નહિ કરી રહ્યાં હોય ? એ તૈયારીમાં ગુલાબ-છાંટણાં તો નહિ જ હોય.

રાજકોટમાં છેલ્લી બોલાવેલી રાજવી સભામાં રાજવીઓની આપખુદીને રોજ પંપાળતા રેસિડેન્ટે જ્યારે આ રાજાઓને સલાહ આપી કે હવે અમે તો જઇએ છીએ, પણ તમે સંયુક્ત કાઠિયાવાડની રીતે કંઇક વિચારો અને તમારા રાજ્યમાં થોડું ઝાઝું લોકશાસન દાખલ કરો, નહિ તો વોકર સેટલમેન્ટ જેવા દિવસો આવશે. એના જવાબમાં જામસાહેબ જેવા બોલી ઉઠેલા કે આપની સલાહ યોગ્ય છે, પણ આ સલાહ બહાર પાડશો તો અમને નુકશાન થશે. અમે વોકર સેટલમેન્ટના દિવસો નહિ આવવા દઇએ-વગેરે. અવીજામ–ખાતરી ઉપર કોણે વિશ્વાસ રાખવાનો ? બિનસલામી રાજ્યોએ, તાલુકદારોએ કે પ્રજાએ ? એવો વિશ્વાસ રાખવા કરતાં અવિશ્વાસ રાખવાનાં કારણો દિનપ્રતિદિન એ વધુ આપતા જાય છે. એજન્સી કોઠી તો ઉચાળા ભરે છે પણ બાકીનાઓએ ઉંધવા જેવું નથી. અંધાધુંધીના દિવસો આવી પડે ને આ રાજવીઓ કેવું સ્વરૂપ ધારણ કરે એ કોણ કહી શકે ?

યાદ રાખો, કાઠીયાવાડના કબ્રેવર ઉપર અનેક રાજ્યો ખૂંટા નાખીને પડયાં છે. સલામી, બિનસલામી, ને નાના મોટા તાલુકદારો પણ તે દિવસે હૈદ્રાબાદના નિઝામ જેવા સાર્વભૌમ બનવાના કોડ સેવતા હશે. પ્રજાએ તો ભ્રમણામાં રહેવા જેવું નથીજ, પણ આ નાનાં મોટાં રાજ્યોએ ને તાલુકદારોએ તો ખાસ કરીને નહિ. કારણ કે તોળાઇ રહેલા થોડા દિવસો શાણપણના નહિ પણ ગાંડપણના આવી રહ્યા છે. યાદ રાખજો, પ્રજાને ભૂલશો તો તમે ભુલાઇ જશો, પ્રજાને તરછોડશો તો તમે ફેંકાઇ જશો. સાગરના તોફાનમાં તરણાંનું શરણ શોધશો માં.

એ ઓળાથી અસાવધ ન રહેતા !

ભયનો ખ્યાલ કરતાં આપણી દૃષ્ટિ સોરઠના સાગરકિનારે મંડાય છે. એ પુનિતપાવન કિનારા ઉપર આજે આભડછેટના ઓળા ઉતરી રહ્યા હોય એવા ચમકારનારા સમાચારો આવી રહ્યા છે. જૂનાગઢની નવાબી સ્વતંત્ર સિંધ સાથે ભળવાની વેતરણમાં છે એ જો સાચું પડે તો કૃષ્ણની આ લીલાભૂમિ ઉપર પાકીસ્તાનનાં કોમી દળો ખડકાય, કાઠિયાવાડનો જીવનવહેવાર જોખમાઇ જાય. કાઠિયાવાડ સામે એ લીગી ધાબાંના સંરક્ષક દળો ખડકાય તો એની સામે બાકીની પ્રજાનું શું ? જૂનાગઢની પંદર ટકાની એક લઘુમતી આ ભૂમિ ઉપર પાકીસ્તાન ઉતારે એની કલ્પના થીજાવી દે તેવી છે. પણ સાવધાન! તરંગો આજે વાસ્તવિકતાનું ઝડપી સ્વરૂપ પામે છે ને નજરે દેખાતી વાસ્તવિકતા અવાસ્તવિક બની જાય છે.

અંધાધુંધી આવી જ પડે તો કોમ, ધર્મ અને કાલ્પનિક ભયો ઉપરાંત પ્રાંત માંહે આળસુ પડેલાં ગુંડા તત્વોને ન વિસરતા. અરાજકતાનો લાભ લેવા આવાં તત્વો વિદ્યુત્ઝડપે ઊજળી આવે છે. તમારી માલમિલકત જ નહિ પણ કુટુંબપરિવાર પણ તે દિવસે કાળને ત્રાજવે તોળાશે. આજની તમારી આ ઘેરી નોંદ નહિ ઊડે, આજની તમારી આ દુરાવસ્થામાં કોઇ વ્યવસ્થા નહિ ઊભી થાય, આજની તમારી બેફામીને લીધે ગાજતા ભૂકંપના પાવા નહિ સંભળાય તો નાશ અનિવાર્ય છે. ઊઠો, જાગ્રત થાઓ, યુગદેવના વરદ હસ્તો તમને આશીર્વાદ આપી રહ્યા છે. એ ઝીલવા તત્પર બનો. કાળનાં પ્રહરીઓ તમારાં બારણાં ઠોકી રહ્યા છે. તમને સંભળાય છે ?

સ્વતંત્ર રૂપીયો

૧૯૨૭ ની સાલમાં પૌન્ડ અને રૂપીયાને હિંદુ વીધિ અનુસાર લગ્ન ગ્રંથીથી જોડવામાં આવ્યા હતા. ૧૯૩૧ માં ઇંગ્લંડે સોનાનું ચલણ છોડયું, તે પાછળ બીજા લગભગ બધા દેશોએ પણ સોનાનું ચલણ છોડયું, અને બીજા વિશ્વયુદ્ધના અસાધારણ સંજોગો આવ્યા છતાં આ લગ્નનો વિચ્છેદ થઈ શકયો નહોતો.

હિંદુ શાસ્ત્રની સ્ત્રીત્વની ભાવના અનુસાર જગતના અર્થ–સાગરમાં માતા હિંદના નાણાનું ડુબવું કે તરવું તે જોહન બુલના નાણાની પાછળ જ હતું.

૧૯૨૭ માં એક રૂપીયાની કિમત અઢાર પેન્સ નકકી કરવામાં આવી. તે વખતે ઇંગ્લંડની પાઉન્ડની ચલણી નોટ બદલીને ગમે ત્યારે પાઉન્ડની સોનાની મહોર મળી શકતી હતી. ૧૯૩૧ માં ઇંગ્લંડે સોનાનું ચલણ છોડયું છતાં રૂપીયા અને પાઉન્ડ વચ્ચેનું અઢાર પેન્સનું બાંધેલું, હુંડીઆમણ જરાયે ફરી શકયું નહિ. પરિણામે ૧૯૩૧ પછીના વર્ષોમાં હિંદમાંથી ત્રણ અબજ રૂપીયાની કિમતનું સોનું પરદેશ ગયું. આજની કિંમતે તે પરદેશ ગયેલું સોનું ઓછામાં ઓછી દશ અબજની કિમતનું થાય.

હવે હિંદુસ્થાનમાં હિંદુ વીધિથી થયેલા લગ્નોનો વિચ્છેદ થઇ શકશે તેવા કાયદા થઇ રહ્યા છે ત્યારે રૂપીયા અને પાઉન્ડ વચ્ચેના લગ્નનો વિચ્છેદ જાહેર કરવામાં આવ્યો છે. દીલ્હીની ધારાસભાએ તે માટે ગયા અઠવાડીયે ખાસ ધારો પસાર કર્યો છે.

દેશના આંતરીક તેમજ આંતરરાષ્ટ્રીય વેપાર અને આર્થિક વ્યવહારમાં હુંડીઆમણ બહુ મહત્વનો ભાગ ભજવે છે. હુંડીઆમણ કોઇ પણ દેશના અર્થતંત્રના પાયા સમાન છે.

વીશ વર્ષથી પાઉન્ડ પાછળ પરવશ થઇ પડેલું હિંદનું હુંડિઆમણ અને તેવું જ હિંદનું અર્થશાસ્ત્ર આજે સ્વતંત્ર થયું છે–તેનું આર્થિક અને રાજકિય મહત્વ અતિશય છે. છતાં કોમ-વાદના કલહમાં ગરક બનેલી હિંદી પ્રજાએ આ ફેરફારને બહુ જ ઠંડો આવકાર આપ્યો છે.

અત્યાર સુધી કોઇ પણ દેશ સાથે આપણે વેપાર કરીએ પણ તે દેશને આપણે સીધું નાણું નહોતા મોકલી શકતા. દાખલા તરીકે અમેરિકામાંથી વસ્તુ ખરીદીને આપણે ડોલર ત્યાં મોકલવા હોય તો પહેલા રૂપીયાને અઢાર પેન્સના ભાવે પાઉન્ડમાં વટાવવો પડતો હતો. પછી પાઉન્ડ અને ડોલર વચ્ચે જે કાંઇ હુંડીના ભાવ હોય તે ભાવે પાઉન્ડને ડોલરમાં વટાવાતા હતા.

પાઉન્ડ અને ડોલરના હુંડીઆમણનો ભાવ હિંદ અને અમેરિકા વચ્ચેના વ્યાપારી અને આર્થિક સંજોગો ઉપરથી નહોતો નકકી થતો અને ન જ થઇ શકે. પાઉન્ડ અને ડોલર વચ્ચેના હુંડીના ભાવ ઇંગ્લંડ અને અમેરિકા વચ્ચેના આર્થિક, વ્યાપારી, અને રાજકિય સંજોગો ઉપરથી નકકી થતા હતા અને હિંદુસ્થાનને તેની પાછળ ઘસડાવું પડતું હતું. જેવી અમેરિકા સાથેના આર્થિક સબંધમાં હિંદની સ્થીતિ હતી તેવી દુનિયાના બધા દેશો સાથે હતી. હવે હિંદુસ્થાન આંતરરાષ્ટ્રીય આર્થિક પરિષદનું સીધું સભ્ય બન્યું છે. તે પરિષદના દરેક સભ્યના હુંડીના ભાવ આખા જગતના સર્વ દેશો સાથે સીધા નકકી કરવાના હોય છે અને તે અત્યારથી નિયત કરવા પડે છે. તે રીતે હિંદુસ્થાનનો રૂપીયો હવેથી દુનિયાના કોઇ પણ દેશના નાણામાં સીધો વટાવી શકાય તેવો ધારો થયો છે.

પણ રૂપીયાની કિંમત અત્યારે જગતમાં છે તે કિંમત ચાલુ રાખવાનું હિંદી સરકારે આંતરરાષ્ટ્રીય આર્થિક પરિષદને જણાવી દીધું છે. છતાં જયારથી જગત સાથે રૂપીયાની હુંડીના છુટથા કામકાજ શરૂ થશે ત્યારે આર્થિક અને વ્યાપારીક સંજોગો અનુસાર કયા દેશ સાથેના હુંડીઆમણના ભાવમાં કેવો ફેરફાર થાય તે કહેવું અત્યારે મુશ્કેલ છે.

હાલ તુરત હિંદી સરકારે આટલું જ કર્યું છે:—

(૧) રૂપીયો અઢાર પેન્સના બાંધેલા ભાવે માત્ર પાઉન્ડમાં જ વટાવવાની રીઝર્વ બેંકને સત્તા હતી તેના બદલે દુનિયાના ગમે તે દેશના ચલણી નાણામાં રૂપીયાને વટાવી આપવાની રીઝર્વ બેન્કને સત્તા આપવામાં આવી છે. જો કે હાલ તુરત હિંદના અને ઇંગ્લંડમાં એકઠા થયેલા સ્ટર્લીંગ બ્લોકનો ફેંસલો થાય અને પર-દેશમાંની હિંદની નાણાશકિતનો સરકારને ખરો ખ્યાલ આવે ત્યાં સુધી રૂપીયો અઢાર પેન્સના બાંધેલા ભાવે માત્ર પાઉન્ડમાં જ વટા-વવાની અગાઉની રીત ટુંક સમય માટે ચાલુ રહેશે.

૨. અઢાર પેન્સના હુંડીના ભાવ રીઝર્વ બેન્કના ખાસ ધારા અનુ-સાર બાંધવામાં આવ્યા હતા. હવેથી જગતના જુદા જુદા દેશો સાથેના હુંડીના ભાવોનું નિયંત્રણ હિંદી સરકારે પોતાના હાથમાં રાખ્યું છે અને તેના કારણમાં એમ જણાવવામાં આવ્યું છે કે (ક) હુંડીના ભાવના ફેરફાર વધુમાં વધુ ઝડપથી અને ખાનગી રીતે કરવા પડે (ખ) આવા હુંડીના ફેરફાર કરનાર પાસે અમર્યાદીત સત્તાની જરૂર પડે (ગ) દુનિયાના અનેક દેશો સાથેના હુંડીના ભાવો નકકી કરવા પડશે, જે કામ રહેલું નથી.

ગ્રેટબ્રિટનની રાજકિય ગુલામીમાંથી હિંદુસ્થાન ૧૯૪૮ ના જુનમાં સ્વતંત્ર થાય ત્યારે ખરૂં. પણ પાઉન્ડની ગુલામીમાંથી રૂપિયો અત્યારથી જ સ્વતંત્ર થઇ ચુકયો છે. રાજકારણની સરખામણીમાં અર્થકારણ ઓછું મહત્વનું નથી. તેટલે અંશે આ બનાવ ઐતિહા-સિક અને મહત્વનો છે. **બાપાલાલ દોશી.**

લગ્નવિચ્છેદનો કાયદો

મુંબઇ સરકાર તરફથી મુંબઇની ધારાસભામાં રજુ કરવામાં આવેલ લગ્નવિચ્છેદના ખરડાની તા. ૧–૩–૪૭ના 'પ્રબુદ્ધ જૈન'માં વિસ્તારથી સમાલોચના કરવામાં આવી હતી. ત્યારબાદ તે ખરડો સીલેકટ કમીટીને સોંપાયો હતો અને તે કમીટીએ સૂચવેલા સુધારા વધારા સાથે એ ખરડો મુંબઇની ધારાસભાએ મંજુર કર્યો છે અને આ રીતે લગ્નવિચ્છેદના કાયદાનો મુંબઇ પ્રાન્તમાં અમલ શરૂ થયો છે. આ પ્રમાણે સુધારેલા ખરડા મુજબ લગ્નવિચ્છેદની યોગ્યતા માટે નીચે જણાવેલાં કારણો મંજુર રાખવામાં આવ્યા છે.

(૧) લગ્ન કરવામાં આવ્યું હોય ત્યારે તેમજ દાવો દાખલ કરવામાં આવે ત્યાં સુધી પ્રતિવાદી નપુંસક હોય.

(૨) દાવો માંડવા પહેલાં સાત વર્ષથી વધારે મુદત સુધી પ્રતિવાદી ગાંડો અથવા તો કેવળ જડ (idiot) હોય.

(૩) દાવો દાખલ કર્યા પહેલાં સાત વર્ષથી વધારે મુદત સુધી પ્રતિવાદી રકતપિત્તના રોગથી પીડાતો હોય અને એ રોગ વાદી સાથેના સંસર્ગનું પરિણામ ન હોય.

(૪) મૂળ ખરડામાં સાત વર્ષ હતા તેના બદલે સુધારેલા ખરડા મુજબ સતત ચાર વર્ષ સુધી પ્રતિવાદીએ વાદીનો ત્યાગ કર્યો હોય.

(૫) જો સગા વહાલાંને પ્રતિવાદી જીવતો હોય તો તેને લગતી સ્વભાવિક રીતે ખબર હોવી જોઇએ તે સગાવહાલાને કે નજીકના માણસોને પ્રતિવાદી જીવતો હોવાની કશી ખબર અન્તર ન હોય.

(૬) ૧૯૪૬ના અનેક પત્નીત્વ પ્રતિબંધક કાયદો પસાર થયો તે પૂર્વે જો કોઇ પુરૂષને એકથી વધારે પરિણીતા સ્ત્રીઓ હોય તો તેમાંની દરેક સ્ત્રીને છુટા છેડા મેળવવાનો અધિકાર મળશે (મૂળ ખરડામાં આમ પ્રથમ પરિણીતાને જ આ અધિકાર મળતો હતો)

(૭) જો કોઇ પુરૂષને રખાત હોય અથવા કોઇ પુરૂષની પત્ની બીજાની રખાત તરીકે રહેતી હોય અથવા તો નાયકાનું જીવન ગાળતી હોય તે સંયોગોમાં પ્રસ્તુત સ્ત્રી અથવા તો પુરૂષને અનુક્રમે છુટા છેડા મેળવવાનો અધિકાર મળશે.

અપવાદ: આ બધું હોવા છતાં ઉપર જણાવેલ સાતમા તેમજ ચોથા કારણ સિવાય વીશ વર્ષના સતત પરણેતરવાળા સ્ત્રી યા પુરૂષને અન્ય કોઇ પણ સંયોગમાં લગ્નવિચ્છેદનો હકક મળી શકશે નહિ.

આ ઉપરાંત મૂળ ખરડામાં તેમજ સીલેકટ કમીટીમાં જણાવવા મુજબ આ કાયદાનો અમલ ચાલુ થાય ત્યાર બાદ પણ જે જે જ્ઞાતિઓના રીવાજ પ્રમાણે છુટા છેડા મળી શકતા હતા એ પ્રથા ચાલુ રહેશે. **પરમાનંદ.**

વિવેકવિહીન પક્ષપાત અને શાસ્ત્રોની બિમારી

વર્તમાનકાળ જેમ જેમ ભૂતકાળ બનતો જાય છે તેમ તેમ સ્મૃતિ ચિત્તને આનંદ આપે છે. માનવ સ્વભાવમાં રહેલી આ વૃત્તિએ માનવને પ્રાચીનતાપ્રિય બનાવ્યો છે. જે પુરુષ, શાસ્ત્રો તથા આચારવિચાર પ્રત્યે એને આદર અને ભક્તિ હોય છે તે જેમ જેમ ભૂતકાળની વસ્તુ બનતી જાય છે તેમ તેમ એની ભક્તિ જો સત્યાભિમુખ–વિવેકપૂર્ણ–નથી ટકતી તો એ મમત્વનું રૂપ પકડતી જાય છે. મમત્વનો આગ્રહ પછી ભક્તિનો અતિરેક, અંધશ્રદ્ધા, પક્ષપાત અને રૂઢિજડતાને જન્મ આપે છે. પરિણામે ભક્ત સત્યનો પુજારી મટી વ્યક્તિનો પુજારી બની જાય છે. આથી એના પ્રણેતાઓનાં શાસ્ત્રો એ જ પરિપૂર્ણ સત્ય છે એમ માની તે પોતાની સ્વતંત્ર વિચારણા, અનુભવ અને વિવેકદૃષ્ટિને ગુંગળાવી શાસ્ત્રે બાંધેલી મર્યાદા બહાર જોવાની જ ના પાડે છે. ડગલે અને પગલે એને શાસ્ત્રાધાર જોઇએ છીએ. એના વિના એ આગળ ચાલી જ નથી શકતો. શાસ્ત્રની બિમારીનું આ પરિણામ છે 'સત્યને અર્થે શાસ્ત્રો છે,' 'બદલે શાસ્ત્રોને એ જ પરિપૂર્ણ સત્ય છે' એવું મમત્વ બંધાય છે ત્યાંથી જ આ બિમારી શરૂ થાય છે.

આ બિમારી એ કેવળ જૈન સંપ્રદાયનો જ વારસો નથી. દરેક સંપ્રદાયો એવી બિમારીમાં સપડાયેલા છે. જ્યારે જ્યારે આ બિમારીનું ગ્રહણ સર્વવ્યાપી બન્યું છે ત્યારે જ નવા ધર્મનું કહો કે સત્યનું પ્રાગટ્ય થયું છે અને ભવિષ્યમાં પણ થતું રહેવાનું છે. નવીન પ્રાગટ્ય સમયે જુનાઓનો વિલાપ, કકળાટ અને વિરોધ હોય એ સ્વાભાવિક જ છે.

બનારસ હિંદુ યુનીવર્સીટીના જૈન ચેરના જૈન ધર્મના અધ્યાપક અને વિદ્વાન વિચારક માલવણીયાજીના પ્રબુદ્ધ જૈનમાં આવેલા 'ભગવાન મહાવીર અને મહાત્મા ગાંધીજી'વાળા લેખે એવી બિમારી ભોગવતા સમાજને ઠીક ઠીક આંચકો આપ્યો છે. મુનિરાજ શ્રી ન્યાયવિજયજી (ત્રપુટી) એ તા. ૨૩–૨–૪૭ના 'જૈન' અંકમાં 'એક અસંગત તુલના'વાળા લેખથી કરેલો પ્રતિકાર એ એનો પુરાવો છે.

મુનિશ્રી ન્યાયવિજયજી માટે મને ભારે આદર અને પ્રેમ છે. વળી પરોપકારી વિશ્વવત્સલ ભગવાન મહાવીરે અહિંસા અને સ્યાદ્વાદ, ત્યાગ અને તપશ્ચર્યા; અને બ્રહ્મચર્ય તથા સમાનતાનો આદર્શ શીખવી જે જગકલ્યાણકારી પ્રવૃતિથી જગત પર ભારે ઉપકાર કર્યો છે અને જેનાં વાવેલાં બીજ એવા ઉંડા ઉતર્યા છે કે આજે જગત એનું મોહું મોહું પણ ભારે મૂલ્યાંકન કરતું થયું છે એની કોઈથી ના કહી શકાય તેમ નથી, પણ તેથી બીજો કોઇ એના જેવો પાકે જ નહિ યા તો થઇ શકે જ નહિ એ માન્યતા એ કેવળ શાસ્ત્રની બિમારી જ છે.

પોતાના પ્રિય માટે અત્યંત આદર અને ભક્તિ હોય એ સમજી શકાય છે, પણ તેથી તેના જેવો યા તો સહેજ ઉણો કે મોટો કોઇ આગળ આવે છે ત્યારે એનો વ્યક્તિમોહ એને સમજવાનો ધિક્કાર કરે છે. પોતાના પ્રિયનું આસન ડુંટવાઇ જશે એવી ભીતિથી એ બીજાને સામાન્ય માનવી મનાવવા લલચાય છે અને ભળતી દલીલો મેળવી જે દલીલો એની સામે જ મુકી શકાય તેમ છે તેનો ઉપયોગ તે સામેના સાથે કરી આત્મસંતોષ અનુભવે છે.

'હું આધુનિક બુદ્ધ નથી પણ સામાન્ય માનવી છું' એવા ગાંધીજીના શબ્દો–જે એમની કેવળ નમ્રતા સૂચવે છે–નો પુરાવો એને હાથ લાગે છે. પણ જનસમાજમાં આધુનિક બુદ્ધના સંભોધનની જાગેલી કલ્પના જ લોકહૃદયમાં એમણે કેવું ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કર્યું છે એ ભૂલી જાય છે. જગતના ડાહ્યા વિચારવંત પુરુષો એને 'વર્તમાન જગતનો ઇસુ' કહે, ધર્મઘેલી ભારતીય પ્રજામાં એના નામે મંદિરો ઉભા થાય, જ્યાં જ્યાં એ વિભૂતિનો પગ પડે ત્યાં ત્યાં લાખોની જનતા દર્શનઘેલી બની ચોમેરથી ઉલટે એવી આકર્ષણશક્તિ શાને આભારી હશે એ તે ભૂલી જાય છે.

સામાન્ય માનવી હોવા છતાં દરેક સમાજોદ્ધારક અસાધારણ વ્યક્તિને મનુષ્ય દેવકોટીએ સ્થાપી પછી તેની વેવલી ભક્તિ અને પુજામાં જ કૃતિકર્તવ્યતા માને છે. જે દેવ એકવાર આપણા જેવા સામાન્ય માનવી હતા તે પુરુષાર્થના જોરે જ આગળ આવી શકયા છે એ વાત એ ભૂલી જાય છે.

માનવસ્વભાવમાં રહેલી આ વૃત્તિને લક્ષમાં રાખીને જ "હું એક સામાન્ય માનવી છું" એ વસ્તુનું મહાત્માજીએ જગત સમક્ષ પુનરુચ્ચારણ કર્યું છે કે જેથી જનતા ગાંડીભક્તિમાં નહી પણ પોતાના કર્તવ્યમાં જાગૃત થાય, પણ એથી તેઓ બુદ્ધકોટીના મટી જતા નથી.

જેઓએ સત્ય કરતાં શાસ્ત્રનું મહત્વ વિશેષ માન્યું છે તેઓની સ્વતંત્ર વિચારશક્તિ અને તુલનાત્મક ન્યાયબુદ્ધિ દોષિત બની જાય છે. ડગલે અને પગલે એને શાસ્ત્રના પ્રમાણો જોઇએ છે. જેને શાસ્ત્રનો આધાર નથી તેને તે નકામું ગણી ફેંકી દે છે.

આશ્ચર્યની વાત તો એજ છે કે 'જેના શાસ્ત્રોને એ પ્રમાણભૂત માને છે તે પુરુષોએ કોનો આધાર લીધો હતો? જ્ઞાની પુરુષોના અનુભવ વચનો એ જ સમય જતાં શાસ્ત્રો બન્યા છે એનું સ્મરણ એને રહેતું નથી.

મહાવીર, બુદ્ધ, ગોશાલક વિ. નાં અનુભવવચનો એ જ મહાશાસ્ત્રો બન્યા છે. પણ સમય જતાં વ્યક્તિમોહે એ પુરુષોના જ્ઞાનને જ પૂર્ણ માની બીજાઓના અનુભવ જાણવાની દૃષ્ટિ બંધ કરી દે છે. આથી એકના ભગવાન બીજાના પાખંડી બને છે. એક નહિ પણ અનેક ભગવાનો એક સમયે વિહરવા છતાં દરેકના અનુયાયી એકને જ જ્ઞાની, સર્વજ્ઞ અને પૂર્ણ માને અને બીજાઓને ઉતારી પાડી પોતાનો જ ધર્મ અને ધર્મદાતા સાચા છે એવો મિથ્યા ગર્વ સેવે એ ભક્તિનું નહિ પણ કેવળ વ્યક્તિમોહનું જ પરિણામ છે.

મહાવીરે 'વ્યક્તિપૂજા'ને બદલે ગુણપુજા શીખવી. 'વ્યક્તિ'ને સ્થાને 'વીતરાગ'નું સ્થાપન કર્યું. સત્યના ભિન્ન ભિન્ન દૃષ્ટિકોણ રજુ કરતાં અનેક ભગવાનોના અનુભવોને અનુભવની કસોટીએ કસી ન્યાય આપવાનો ઉમદા માર્ગ બતાવ્યો. સહિષ્ણુતા, ઉદારતા અને ઉંડી ન્યાયબુદ્ધિથી શાસ્ત્રો વચ્ચેનો સમન્વય શીખવવા સ્યાદ્વાદનો તત્વભંડાર જગતને ભેટ આપ્યો. **'सर्वदर्शन संग्रहः इति जैनधर्मः'** બધા જ દર્શનોનો સંગ્રહ એનું નામ જૈન ધર્મ કહો કે 'સત્યધર્મ' એવો વ્યાપક ધર્મ શીખવ્યો. મસ્જીદ સહિત ગણપતિ, હનુમાન, શિવ, વિષ્ણુ આદિ ભિન્ન ભિન્ન સંપ્રદાયોની મૂર્તિઓ તથા વિવિધ પ્રાર્થનારીતો સમાવતું જ મિશ્રોડાતું એકલદોકલ જૈનમંદિર (હડર. સ્ટે.) ભગવાન મહાવીરનો વ્યાપક ધર્મ–વિશ્વ ધર્મ કેવો હતો તેની પ્રતિતિ કરાવતું આજ પણ ગૌરવભરી રીતે ટકી રહ્યું છે. વીરનો વ્યાપક ધર્મ નિત્યનવીન સાગરની જેમ વૃદ્ધિ પામતો રહેવા સર્જાયેલો, પણ માનવે એને વિકૃત, સંકુચિત અને સ્થિતિશીલ બનાવી એના મુલ્યાંકન ઘટાડી મૂકયાં છે.

ફરી જ્યારે એ કચરાયેલા સત્યને જગતમાં પ્રગટતું જોઇએ છીએ ત્યારે આપણને મહાવીરનું પદ ઝાંખુ પડતું દેખાય છે અને તેથી આપણે અકળાઇ ઉઠીએ છીએ. પણ જો આપણે ઉંડા ઉતરી વિચારીશું તો જણાશે કે મહાવીરનું પદ ઝાંખુ નથી પડતું, પણ આપણી સંકુચિતતા, મિથ્યાભિમાન અને મૂર્ખતાનું જ પદ ઝાંખું પડે છે.

જે પુરુષે ૨૫૦૦ વર્ષ પહેલાં જે તત્વના પાયા નાખ્યા હતા તે આજે વર્ષો પછી પણ કેવા સુંદર રૂપમાં ફાલી નીકળ્યા છે? એ વીરે આપેલા સત્યનો અમર સંદેશ જાગૃત કરનાર અને પ્રચારનાર મહાત્માજીને સાનુકુળ થઇ વીરનું ગૌરવ વધારવાને બદલે

પ્રતિકૂળ થઈ વીરની મહત્તાને આપણે ઝાંખી પાડીએ છીએ. એ ખરેખર આપણા દુર્ભાગ્યની વાત છે.

મહાત્માજી મહાવીરને આંબવા ધસી રહ્યા છે કે આંબી ગયા છે એ જુદો પ્રશ્ન છે. આપણે એવી માથાકૂટમાં કદાચ ન પડીએ પણ મહાત્માજી મહાવીરનું અધૂરું રહેલું કાર્ય કરવા આવ્યા છે એમ આપણે શા માટે ન કહી શકીએ?

બંને વચ્ચે કેવું અદ્‌ભુત સામ્ય છે તે જોઈએ તો જણાશે કે

૧. બંનેએ 'અહિંસા'ના પાયા પર જ પોતાની સમગ્ર ઇમારત ઉભી કરી છે.

૨. ઇન્દ્રિય-વિષયના સેવનમાત્રમાં બંને 'પાપ' જ જુએ છે.

૩. સાદાઈ અને ત્યાગ પર બંનેનો સરખો જ ઝોક છે.

૪. 'પરિગ્રહ'માં બંને હિંસા અને તેથી દોષ માને છે.

૫. બંનેએ તપને ઉપવાસને ખૂબ મહત્વ આપ્યું છે.

૬. ચાલુ વર્ણવ્યવસ્થા એકને માન્ય નથી. માનવ માત્રની સમાનતા બંને સરખી રીતે જ પ્રબોધે છે.

૭. બંનેએ લોકભાષાની પ્રતિષ્ઠા સ્થાપિત કરી છે.

૮. બંનેએ નારીજાતિને ઉંચે ચડાવી છે; અને સમાનહક્ક અર્પિત કર્યા છે.

૯. એક અનેકાન્તવાદના સ્થાપક છે, બીજા સર્વધર્મસમભાવના પુરસ્કર્તા છે.

૧૦. સ્યાદ્વાદ્‌ય ઉપર બંને એકસરખો ભાર મૂકે છે.

૧૧. એક નગ્ન રહેતા. બીજા અર્ધનગ્ન રહે છે.

૧૨. જરૂરિયાત ઉપરાંતની વસ્તુઓના ઉપભોગને બંને 'ચોરી' માને છે.

૧૩. 'समयं गोयम मा पमायए' ક્ષણમાત્રનો પ્રમાદ બંનેને સરખો જ કઠે છે.

૧૪. બંને એકસરખા પુરૂષાર્થવાદી છે.

૧૫. બંનેની તપોભૂમિ બંગાલ હોવામાં કોઈ ઇશ્વરી ઘટના જ હશે!

એક 'રાઢ' પ્રાંતમાં છ-છ માસની ઘોર તપશ્ચર્યામાં સફળ થઈ બહાર આવ્યા. બીજાએ 'નોઆખલી'માં અહિંસાની ચકાસણી કરી.

એમના જીવનમાં જે કંઈ પણ ભેદ દેખાય છે તે તાત્વિક નથી, પણ પરિસ્થિતિ અનુસાર વસ્તુ મુકવાની પદ્ધતિમાં છે. બંનેએ જીવનના ભિન્ન ભિન્ન ક્ષેત્રો અહિંસાના પાયા પર જ વિકસાવ્યા છે, છતાં એકે ચોકખા ધાર્મિક ક્ષેત્ર મારફત અને બીજાએ સામાજિક અને રાજ્યદ્વારી ક્ષેત્ર મારફત શરૂઆત કરેલી. જીવનની શુદ્ધિ એ હજારો વર્ષથી અંકિત થયેલો ધર્મમાર્ગ હોઈ ધાર્મિક ક્ષેત્ર મારફત કામ કરનારને જીવનશુદ્ધિ પ્રાપ્ત કરવાની પ્રથમ ફરજ હતી. એટલે મહાવીર કે એના જેવા બીજા ચિંતકોને પ્રથમ સાધનામાર્ગ હાથ કરવો પડયો અને જીવનશુધિ થયા બાદ પોતાના નિર્મલ ચારિત્ર્યથી એ જગકલ્યાણ કરી શકયા.

ગાંધીજીએ રાજદ્વારી ક્ષેત્ર મારફત પ્રવેશ કર્યો. એનો કોઇ ચોકકસ અંકિત થયેલો માર્ગ ન હોઇ શકે. પરિસ્થિતિ અનુસાર સમાજવ્યવસ્થા કે રાજ્યવ્યવસ્થા જુદી જુદી પદ્ધતિ માંગે એટલે એમને પ્રથમ સાધનામાર્ગની જરૂર ન હોય. પ્રાથમિક તૈયારી-પુરતી સાધનાથી એ પોતાનું કામ શરૂ કરી શકે. એનું કામ એ જ સાધના બનતી હોઈ સાધના અને સેવા પ્રથમથી જ સાથે જોડાઇ જાય છે. એક શુદ્ધ થઇ સેવા કરે છે, જ્યારે બીજો સેવાથી શુદ્ધ થાય છે. પરિસ્થિતિ મુજબ બંનેને આમ જુદી જુદી રીતે જીવનની શરૂઆત કરવી પડી છે. એટલે મહાવીરને સંસાર ત્યાગ કરવો પડયો અને ગાંધીજીને સંસાર કેવો હોવો જોઇએ તેનો આદર્શ પુરો પાડવો પડયો.

એકે વ્યકિતગત અહિંસા શીખવી, બીજાએ સામુદાયિક એકમાં ઉંડાણ ખૂબ છે, તો બીજામાં વ્યાપ ખૂબ છે. બંનેનું લક્ષણ આંતરશુદ્ધિ અને સમાજસેવા છે, છતાં એકનો ઝોક વિશેષ આંતરશુદ્ધિ તરફ અને બીજાનો સમાજસેવા તરફ છે, જેથી સમય જતાં એકના અનુયાયીઓ સમાજસેવામાં મોળા પડયા ત્યારે બીજાના અનુયાયીઓ આંતરશુદ્ધિમાં નબળા નીવડતા હોય એમ જણાય છે.

જે મહાવીર વિષે યા જૈન સંપ્રદાય વિષે બની શકે છે કોઈ સંપ્રદાય કે તેના આદ્ય સંસ્થાપક વિષે બની શકે છે, પણ અહિં મુખ્યતઃ મહાવીર અને ગાંધીજી વિષે કહેવાનું હોઇ મહાવીરના અનુયાયીઓને ગાંધીજી મહાવીરતુલ્ય છે એ લખાણ છે. એમને મન મહાવીર ભગવાનના ય ભગવાન છે અને ગાંધી તો એક સામાન્ય જાહેર વ્યક્તિથી વિશેષ નથી.

દરેક સંપ્રદાયે પોતાના ઇષ્ટદેવને એટલા બધા કલ્પ બ્રહ્મારના ઉચ્ચ સ્થાને મૂકી દીધા હોય છે કે પછી એ પુરૂષ પ્રેરક મૂર્તિ બનવાને બદલે કેવળ પૂજનયોગ્ય જ બની રહે છે. કે પરિણામ એ આવે છે કે ભિન્ન ભિન્ન મતપ્રવર્તકોની સરસાઇ હરીફાઇ એકબીજાને ગબડાવી પાડે છે, અને તેથી એકના પ બીજાના પાખંડી, તિરસ્કૃત અને હાસ્યરૂપ બની જાય છે. સંપ્રદાયના ચોપડા આના સાક્ષી છે.

પોતાના પ્રિયને પોતાના સ્થાને રાખી બીજા તરફ અ ભાવ કેળવવો એમાં જ પ્રિયની સાચી ભકિત છે. કાકા-મામા ભાઇજીનું મહત્વ ઘટાડવામાં પિતાની ભકિત નથી, ઉલટું એ અપમાનમાં-તિરસ્કારમાં પિતાની જ હાંસી અને ફજેતી સમાયેલી પિતા એ પિતા છે, પૂજય છે. તેથી કાકાને કાકા કહેવામાં આપવું પડે છે ખરૂં? પિતાની ગેરહાજરીમાં પિતાનો વારસો સંતાનો ભોગવે, પણ તેથી પ્રસંગે જીવતા કાકાની સલાહ લે કે તેને વડીલ માનવામાં છોકરા જો સમજુ હોય તો આનાકા ખરા? અડીયલ દીકરાઓની વાત જુદી. તે તો પ્રસંગે ય કચડે ને બાપનેય દબાડે. જૈનો મહાવીરને, બૌદ્ધો બુદ્ધને દરેક સંપ્રદાયના અનુયાયી પોતાના ધર્મસંસ્થાપકને જ શ્રેષ્ઠ માની પોતાનો જ સંપ્રદાય એક સત્ય છે એમ કહે ત્યાં સાચું અને કોણ ખોટું?

નિષ્પક્ષ અને શુદ્ધ ન્યાયબુદ્ધિ ધર્મનો કેફ ઉતર્યા પ્રાપ્ત થવી અશકય છે. દરેક સંપ્રદાયોએ ધર્મકેફ એવો પા અને ધર્મ જે સત્યનું પ્રવેશદ્વાર છે અને સુખશાંતિ આ મહાયધિ છે તેને બાતર એટલી બધી ડોહી ી નદીઓ વહાવી ધર્મ એ જ ભયંકર વસ્તુ છે એવી ઘણાની માન્યતા ગઇ છે.

ધર્મ એ અંતરની વસ્તુ છે. સંપ્રદાયો આ ધર્મને પ્રગ નારી ભિન્ન ભિન્ન પદ્ધતિઓ છે. સ્વાદરૂચિ મુજબ એકને ખોરાક ગમે; બીજાને બીજો ગમે. ક્ષુધાતૃપ્તિ એ જ જ્યાં એક માત્ર ધ્યેય છે ત્યાં આગ્રહ શો? સ્યાદ્વાદની વાતો આપણે સ્યાદ્વાદને જીવનમાં ઉતારી મહાવીરના જીવનધ્યેયને મૂર્તિમન્ત કરીશું?

રતિલાલ મફાભાઇ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન: સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266.

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૯
અંક : ૧

મુંબઈ: ૧ મે ૧૯૪૭ ગુરૂવાર.

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

કાલ સંજ્ઞા

(ગતાંકથી ચાલુ)

માનવની વિશેષતાના મારા લેખમાં મેં કહ્યું હતું કે માનવીની જે જે વિશેષતાઓ આપણે માનીએ છીએ તે સર્વ માનવની કાલબુદ્ધિમાંથી નિષ્પન્ન થઇ છે એમ હું માનું છું. ત્યાં કહેવી રહી ગયેલી એક વાત અહીં ઉમેરું છું. કોઇને એમ લાગે કે બહુ નાની વાતમાંથી બહુ મોટી વાતો હું નિષ્પન્ન કરવાનો પ્રયત્ન કરું છું, પણ જીવસૃષ્ટિમાં એવું બને છે એનો એક મહત્વનો દાખલો પ્રસ્તુત હોવાથી આપું છું. માણસની ઘણી ખરી જ્ઞાનેન્દ્રિયો બીજા પશુઓથી નિર્બળ અને મંદ છે, છતાં તેની કાર્યશક્તિ ઘણી વધારે છે. તેનું એક કારણ એ અપાય છે કે તેને હાથ છે. માનવના પૂર્વજ પ્રાણીઓ ચાર પગે ચાલતાં, તેમાંથી માનવ પ્રાણી બે પગે ઉભું થતાં શીખ્યું અને એના બે હાથ છૂટા થયા એટલી જ એક વાતમાંથી તેને ઘણી શક્તિઓ મળી ગઇ. વેલાથી ગંઠ વાળી શકાય, વસ્તુઓ ઢસરડીને ખેંચી લઇ જઇ શકાય, વસ્તુઓ બાંધીને ઉપર તાણી લઇ શકાય, તેનાથી માણસને અથવા પશુને બાંધી શકાય– આ બધું માત્ર છૂટા થયેલા હાથથી જ તેણે જાણ્યું. આમ તો ઘણું બતાવી શકાય. પણ મારે તો આ દાખલાથી એટલું જ કહેવું છે કે નાની જણાતી વાતમાંથી આવડાં મોટાં પરિણામો આવે એ જ જીવનની–ચૈતન્યની–ખૂબી છે.

હું આગળ ચાલું. મારૂં એ કહેવું છે કે માણસને કાલબુદ્ધિ થઇ એ માણસની ચડતીમાં ઘણી મહત્વની સિદ્ધિ છે. આ કાલબુદ્ધિથી જ માણસને સમજાયું કે માણસ મર્ત્ય છે. પ્રાણીમાત્ર મરે છે, મરવાથી ડરે છે, મરણથી બચવા પ્રયત્ન કરે છે. પણ મનુષ્યેતર પ્રાણી એ બધું માત્ર જિજીવિષાની વાસનાના અંધ ધક્કે-લાથી કરે છે. એ બધું કરવા છતાં તે જાણતું નથી હોતું કે પોતે મર્ત્ય છે. બીજાને મરતાં જુએ છે, તેથી તેને શોક થાય છે, ક્રોધ પણ થાય છે, પણ પોતે મર્ત્ય છે એમ એ કદી જાણતું નથી. માણસ જ કાલમાં વિચાર કરી શકે છે, અને તેથી જાણે છે કે ભવિષ્યમાં તેને મરવાનું છે. આ પણ એક ઘણી મહત્વની સમજ છે.

એક બાજુ માણસમાં યુગયુગાન્તરથી, જીવસૃષ્ટિ ઉત્પન્ન થઇ ત્યારથી, જિજીવિષાની વાસના ઉપચિત થતી થતી તેને વારસામાં ઉતરી છે. કદાચ જીવવાનો અર્થ જ જીવવાની ઇચ્છા છે. એ વાસના માણસે બુદ્ધિથી જોઇ તેને એક રીતે પોતાનું ઇષ્ટ માનેલું છે. બીજી તરફ એ સમજે છે કે આ આયુષ્યને અવધિ છે, આ ઇષ્ટતમ વસ્તુ પરિમિત છે, તેમાંથી તેને પહેલાં નહિ એવી પરિમિતતાની–ઇયત્તાની બુદ્ધિ ઉત્પન્ન થઇ. મૃત્યુ છે માટે આપણે સમયની ગણના કરીએ છીએ, નહિતર ન કરીએ. काळः कलयतामहम्। "હું ગણતરી કરનારાઓનો કાલ છું."

વેગબંધ ધસતી આવતી જિજીવિષા જાણે મૃત્યુના સ્થાણુ (સ્તંભ) સાગે ભટકાય છે, અને તેથી તેની આસપાસ ચારે બાજુ ફરી વળે છે. જેમ અજાણી વસ્તુને આપણે ચારે બાજુ ફરીને નિહાળવા પ્રયત્ન કરીએ, તેમ માણસની ઉત્તમ મેધાએ મૃત્યુની દશે દિશા ફરી વળી જોવાનો પ્રયત્ન કર્યો છે. તેથી મહાન પ્રશ્ન ઉત્પન્ન થયો છે કે મૃત્યુ પછી શું છે? માણસ કોઇ દિવસ આ પ્રશ્ન જતો કરી શકે જ નહિ. આ પ્રશ્નનો સંતોષકારક જવાબ ન મળતાં વિહ્વળ થવું એ બુધ્ધિની નિર્બળતા છે. એવો જવાબ ન મળતાં એટલી નકારાત્મક હકીકત ઉપર પણ બુદ્ધિને સ્થિર કરી સ્વસ્થતા ભોગવવી એમાં માણસાઇનો વિજય છે. પણ એ પ્રશ્ન તો છે જ, રહેવાનો.

બીજી તરફ આ મૃત્યુના દર્શનથી આયુષ્ય દરમિયાનનાં જીવ-નમાં કંઇ પાર વિનાનું વૈવિધ્ય આવ્યું અને તે જીવનમાં તારતમ્ય બુદ્ધિ, પ્રધાનગૌણ વ્યવસ્થા, વિવેકબુદ્ધિ આવી. જીવન આટલું બધું ઇષ્ટ છતાં અંતે તો અવધિવાળું! તે ઉપરથી વિચાર આવ્યો કે જો એમ હોય તો, જીવનની અનેક વાસનાઓમાંથી ઇષ્ટતમ કઇ? વિદ્યાર્થીને પ્રશ્નોના જવાબો અમુક સમયમાં જ આપી દેવાના છે તો તે જ્યાં સૌથી વધારે ગુણો મેળવી શકવાનો હોય તેવા પ્રશ્નોના જવાબો પહેલાં લખે. તેમ જો જીવિત પરિમિત જ છે, તો બધી વાસનાઓમાં સૌથી વધારે જીવનરહસ્ય હોય એવી કઇ? આટલા પરિમિત કાલમાં ધનતમ, ઇષ્ટતમ, ઉચ્ચતમ જીવનતત્ત્વ કઇ વાસનાઓમાં ભોગવી શકાય? એ ઉપરથી વાસનાઓનું તારતમ્ય, ઉચ્ચાવચતા, ઇષ્ટાનિષ્ટતા, પ્રેયસ્, અને શ્રેયસ્, એ આવ્યું. બીજી તરફથી આ વ્યવસ્થાની લગભગ ઉલટી દિશાએ ઘસડી જતાં વાસનાઓનાં વારસાપ્રાપ્ત અંધ બળો, વેગો, સ્થૂળતા વગેરે. આમ જીવન અનંત રંગવાળું થયું.

આ જીવનની પરિમિતતાના ભાનથી જ વળી હલકી વાસના સંતોષવાની અધીરાઇ થઇ. પશુઓમાં અને આપણામાં જે સમાન સ્થૂળ વાસનાઓ છે, તેમાં આ ભાનથી અધૈર્ય, વિહ્વળતા અને પશુની અપેક્ષાએ અસાધારણ રોગિષ્ઠ વેગ આવ્યો. કયાંક એવું ચિત્ર જોયું છે કે એક મહેફિલ બેઠી છે અને તેમાં એક દાસ મુખ્ય ફેરવી જાય છે, એમ બતાવવા કે અંતે મરવાનું છે, તો અત્યારે ભોગવાય તે ભોગવી લો. (રોમન સામ્રાજ્ય સમયનું એ ચિત્ર હતું એમ યાદ છે.) એમ માણસ પશુથી પણ પશુતર થયો. બીજી તરફ સત્કર્મ માટે પણ અધીરાઇ થાય છે–જો કે એવી સત્કર્મ-પરાયણ વ્યક્તિઓ જ કેટલી? અને તેથી રવીન્દ્રનાથ ટાગોરે Song of Leisure ગાયું છે. (વસ્તુ એ જ, નામની ખાતરી નથી) જે મેં 'પ્રસ્થાન'માં એક વાર ઉતારેલું.

પણ આથી પણ વિશેષ: ધારો કે માણસ અજર અને અમર હોત, અથવા તેનામાં કાલબુદ્ધિને લીધે મૃત્યુભાન આવ્યું ન હોત, તો બહાદુરીનો કશો અર્થ રહેત ખરો? જીવન પરિમિત છે, ઇષ્ટતમ છે, અને છતાં માણસ તેનો ત્યાગ કરવા તત્પર થાય છે, તેમાં જ ત્યાગનું રહસ્ય રહેલું છે. પશુ યુદ્ધમાં લડે છે અને મરે છે ત્યારે તેનામાં માત્ર ભય કે ક્રોધ જ હોય છે,

દેવદ્રવ્ય

આ પ્રજાજાગૃતિના યુગમાં આર્થિક, સામાજિક અને ધાર્મિક બધી રીતે જીવનના જે અનેક પ્રશ્નો નવી વિચારણા માગી લે છે તેમાં 'દેવદ્રવ્ય' એ આપણા સમાજનો એક વિકટ પ્રશ્ન બની શકે તેમ છે. દેવદ્રવ્યનો પ્રશ્ન ઉકેલવા તરફ હજુ આપણું ધ્યાન દોરાયું નથી, પણ જે પરિસ્થિતિ આપણી સમક્ષ આજે આવી રહી છે તે તરફ દુર્લક્ષ રાખવું આપણને પાલવે નહિ.

પ્રથમ દેવદ્રવ્ય એટલે શું અને તેને અંગેની રૂઢ માન્યતાઓ આજે જે રૂપમાં પ્રવર્તે છે તે પર વિચારણા કરી તેની યોગ્ય-યોગ્યતા તપાસીએ.

અર્થ—દેવદ્રવ્ય એટલે દેવનું દ્રવ્ય; દેવને નામે ચડેલું દ્રવ્ય; દેવને સમર્પિત કરેલું દ્રવ્ય કે દેવને નામે વાપરવા સંકલ્પ કરેલું દ્રવ્ય.

માન્યતાઓ

૧ દેવદ્રવ્ય મંદિર, મૂર્તિ, પ્રતિષ્ઠા, પૂજા, પૂજનનાં સાધનો, આંગી, મુગુટાદિ અલંકાર વિ. માટે જ ખર્ચ થઇ શકે.

૨ બીજા ક્ષેત્રો અવરાતા હોય છતાં તેમાંથી એક પાઇ પણ ન વાપરી શકાય.

૩ દેવદ્રવ્ય અત્યંત વધી જાય તો તેના સાચા મોતી ખરીદી તેને ભરડાવી સમુદ્રમાં નખાવી દેવા પણ તેનો બીજા કોઇ પણ શુભ માર્ગે ઉપયોગ ન થઇ શકે.

૪ દેવદ્રવ્યનો જાણે અજાણે પણ ઉપયોગ થઇ જાય તો અનંત કર્મ બંધન થાય

૫ શ્રાવકથી પગારદાર પૂજારી કે મંદિરના નોકર ન બની શકાય.

૬ સ્વપ્નાદિની બોલી વિ. ની ઉપજ પણ દેવદ્રવ્યખાતે જ જમા થઇ શકે.

૭ ધર્મપ્રચાર, પરોપકાર કે અહિંસાદિ ધર્મના પાલન માટે પણ દેવદ્રવ્યનો ઉપયોગ ન થાય.

આવી તેમજ આના જેવી બીજી નાની મોટી માન્યતાઓ દેવદ્રવ્ય અંગે સેવાય છે.

પ્રથમ આપણે 'દેવદ્રવ્ય'નો અર્થ તપાસીએ તો મુળે 'દેવદ્રવ્ય' ની કલ્પના જ નિર્મૂળ છે. જે દેવ વીતરાગ હતા, જે નિરંજન નિરાકાર છે, જેને એક પરમાણું માત્રની પણ સ્પૃહા કે સ્પર્શ નથી તેને વળી દ્રવ્ય કેવું ? તેના નામે ચાલતી પેઢી કેવી ?

એટલે દેવદ્રવ્યનો અર્થ દેવનું દ્રવ્ય નહિ. એ મુજબ દેવનો અધિકાર પણ નહી. અધિકાર ગણાય તો સમાજના સંકલ્પનો જ. કારણ કે સમાજે ઘણીવાર દેવના નિમિત્તે વાપરવાના સંકલ્પથી એવું દ્રવ્ય ઉભું કર્યું હોય છે. એવા દેવદ્રવ્યનો ઉપયોગ મંદિર, મૂર્તિ, પ્રતિષ્ઠા, પૂજા, પૂજનનાં સાધનો તથા મંદિર અંગેની નાની મોટી ચીજો માટે થતો હોઈ એ બધા સાધનોનો ભોક્તા કે માલિક દેવ નથી બનતો પણ ખુદ આપણે પોતેજ બનીએ છીએ. એ બધા સાધનો સમાજની ધાર્મિકતા અને ભક્તિને પોષવા માટે યોજાયાં હોઇ દેવદ્રવ્યનો હેતુ સમાજસેવા બની જાય છે. આમ દેવને નામે ચડેલું કે દેવને સમર્પિત કરેલું દ્રવ્ય એવો શબ્દપ્રયોગ આપણે કરીએ છીએ ત્યારે તેનો અર્થ સમાજના ઉપભોગને અર્થે સમાજને સમર્પિત કરેલું દ્રવ્ય એવો બની જાય છે. આ રીતે જોઇએ તો સમાજે સમર્પિત કરેલા દ્રવ્ય પર કેવળ સમાજના જ સંકલ્પનો અધિકાર રહે છે. અને તેથી એનો પોતાને ઠીક લાગે તે શુભ માર્ગે ઉપયોગ કરવા સમાજ સ્વતંત્ર રહી શકે છે.

ભૂતકાળમાં જે રીતે એની આવકના સાધનો અને મર્યાદામાં એનો ઉપયોગ થતો રહ્યો હશે તે તે યુગને માટે અનુરૂપ અને જરૂરી વસ્તુ હશે. તે કાળના ડાહ્યા પુરુષોએ જે કાર્યપ્રદેશ આંકી આપ્યો હશે તે તે કાળને માટે બહુ ડહાપણરૂપ હશે. પણ તેથી આપણે આ યુગમાં છતી આંખે આંખો બંધ કરીને ચાલવાની કશી જ જરૂર નથી. આથી દેવદ્રવ્યને અંગે સેવાની માન્યતાઓ પર જો આપણે જરા ધ્યાનપૂર્વક નિરીક્ષણ કરશું તો એ બધી માન્યતાઓ કેવા પોલા પાયા પર ઉભી છે તે જણાયા વિના રહેશે નહિ.

(૧) મંદિર, મૂર્તિ જેવી વસ્તુ માની શકાય છે, પણ આંગી કિમતી મુગટો, રાજશાહી વૈભવ અને દમદમાભર્યો વરઘોડા વીતરાગતાની સાથે કશો જ મેળ મળે તેમ નથી. એ દેવને રાગી ભોગી અને માયાવી બનાવે છે. એમાં વીતરાગતાની ઠેકડી છે. વૈષ્ણવ હાઇની હરિફાઇમાં વીતરાગની મહત્તા ઝાંખી થાય છે. મહત્તા વૈભવ નહિ પણ ત્યાગમાં, સાદાઇમાં હતી. પણ રાગમાં ખુંચેલા આ વીતરાગને આપણા ઉંધા ગજે માપ્યા. દેવદ્રવ્ય જે રીતે વાપરવ. શાસ્ત્રાજ્ઞા હશે તે આજ્ઞા પણ સચવાતી નથી. આપણો સંકલ્પ અવળે માર્ગે વળ્યો હોઇ એ સંકલ્પને ફેરવવામાં કશો જ અ. નથી, બલ્કે આપણો ધર્મ થઇ પડે છે.

(૨) 'જનમાર્ગ'નું હાર્દ સમજાયું હોત તો આવો કદાગ્રહ બંધાત જ નહિ, પણ (૧) મુજબ આપણે ભીંત જ ભૂલ્યા છીએ એટલે આપણને ધર્મનું 'હાર્દ' કયાંથી સમજાય ?

(૩) જો આવી માન્યતા સાચે જ સાચી હોય તો એ એવકુફ મગજનો જ પરિપાક ગણાય.

(૪) આને કોઇ શાસ્ત્રાધાર હશે કે કેમ તે શંકા છે. હશે તો પણ તે કેવળ વહેમ જ છે.

માણસ જ ત્યાગવૃત્તિથી લડી શકે છે. અને માણસો પણ જ્યારે યુધ્ધોમાં ભય કે ક્રોધથી લડે છે ત્યારે પશુતર થઇ લડે છે. બધા ત્યાગોને, બધાં દાનોને મૃત્યુના અવધિ-સાથેનું એ જ અનુસંધાન છે. એક પ્રશ્ન થશે કે જો મૃત્યુની અવધિને લીધે જ બહાદુરી વગેરેનો અર્થ રહેતો હોય તો દુનિયામાં પુરાણોમાં વજ્ર દેહવાળા અમર લડવૈયાઓ આવે છે તેનું શું ? હું માનું છું કે આ કલ્પનામાં રહસ્ય છે તે એ કે એક તો એમાં માણસ પોતાની અજરઅમર થવાની વાસનાની તૃપ્તિ જુએ છે. પણ વિશેષ એ છે કે ઇશ્વરનું અપરિમિત બળ એ પક્ષે રહેલું છે એવી શ્રધ્ધા એમાં મૂર્ત થાય છે. સતૂનો વિજય ચિરંતન છે, એ એનો વ્યંગ્યાર્થ છે. રાક્ષસો બળ માંગીને પણ પોતાનું મોત માગે છે, એમાં પણ સતત પોતાના સ્વરૂપે જ નાશવન્ત છે એ રહસ્ય છે. અને મેં કહ્યું તે મૃત્યુનું રહસ્ય એમાં છે કે, ઇશ્વર પણ અવતાર લે છે ત્યારે મર્ત્ય મનુષ્ય બને છે. માટે જ આપણામાં પશુ અને દેવ બન્ને માત્ર ભોગયોનિ કહી છે, માત્ર મનુષ્યાવતાર એને જ પુરુષાર્થવાળો માન્યો છે.

અને મને જીવનની સૌથી મોટી ખૂબી એ લાગે છે કે જીવન ઇષ્ટતમ હોવા છતાં, તેની અંદર જ કોઇ એવો અંશ છે, જેને સિદ્ધ કરવા માણસ આ આખા જીવનનો ત્યાગ કરે છે. મારે મન આ ચૈતન્યનો અદ્‌ભુત કોયડો છે. આગળ જઇને હું એમ પણ કહી શકું કે જીવસૃષ્ટિના આદિથી જે અંધ જિજીવિષાબળ અનિરુદ્ધ ઉતરતું આવ્યું છે તેનું રહસ્ય, તેમાં રહેલું આ **इष्टानाम् इष्टम्** ઇષ્ટોનું ઇષ્ટ, પરમ ઇષ્ટ છે. જિજીવિષા આખી અહીં સાર્થ, ચરિતાર્થ થાય છે.

અને આપણે એક અદ્‌ભુત વિરોધાભાસમાં ઊતરી પડીએ છીએ કે જીવનનું સાર્થકય જીવનના ત્યાગમાં રહેલું છે.

तेन त्यक्तेन भुंजीथा : 'તેનો ત્યાગ કરીને ભોગવ,' અથવા કહો કે તેનો ત્યાગ એ જ ભોગ છે ! ત્યાગ અને ભોગ એ એક બની રહે એ ઇષ્ટતમ ઉચ્ચતમ જીવન !

રામનારાયણ વિ. પાઠક.

(૫) 'દેવ'ને પણ બનાવી જનાર વાણીયાની મથરાવટી મેલી હશે યા તો તેના પર શાસ્ત્રકારને બીલકુલ વિશ્વાસ જ નહી હોય. અને તેથી 'દેવદ્રવ્ય' ન્યાયપૂર્વક ખાનારને પણ મહા અધર્મી બનાવ્યો હશે. જેમ જેમ કડક વિધિવિધાનો બનતાં ગયાં છે તેમ તેમ 'દેવદ્રવ્ય' ઠીક પ્રમાણમાં ચવાતું ગયું છે. અથવા તો એમ કહી શકાય કે જેમ જેમ એનો દુરૂપયોગ થતો ગયો હશે તેમ ભારે પાપ લાદવામાં આવ્યું હશે. એમાં આપણી જાંગ બતાવવાની વાત છે. બાકી 'પાપ'ના વહેમને કશો જ આધાર નથી. જો હોય તો અન્ય ક્ષેત્રના પુજારી શા માટે? શું આપણે બચી જવા ને અન્યોને પાપ ઓઢાડવાનું પાપ કરવા માંગીએ છીએ? દેવદ્રવ્ય ખાવાનું પાપ કરનાર નિર્દોષ પુજારીઓ કરતાં ઇરાદાપૂર્વક જાણી-બુજીને પાપ ઓઢાડવાનું પાપ કરનારા માટે કયું વિશેષણ યોગ્ય હોય જો આ માન્યતા સાચી હોય તો? પણ એ કેવળ વહેમ જ છે.

(૬) દ્રવ્ય દેવને સમર્પિત કર્યું નથી તે દ્રવ્યને પણ દેવદ્રવ્ય ખાતે જમા કરાવી બીનસમાજોપયોગી કાર્ય માટે પડી રહેવા દઇ, વ્યાજ-લેન વિ.ની લાલચે હિંસક કાર્ય કરવા જેવા કામોમાં રોકવું. એવી બેવકુફી માટે શું કહેવું?

(૭) આ પણ આવી જ ગાંડી માન્યતા છે.

આમ દરેક રીતે દેવદ્રવ્ય અંગેની જે માન્યતાઓ બંધાઇ છે તે બધી જ નિર્મૂલ, ધર્મવિમુખ અને કયારેક વહેમ અને જડતામાંથી ઉત્પન્ન થયેલી હોઇ એ બધી ત્યાજય છે.

જો આ વિચારસરણી સાચી હોય-તો 'દેવદ્રવ્ય' એ 'સમાજદ્રવ્ય' કરે છે. અને તેને શુભમાર્ગે વાપરવું એ સમાજની ફરજ થઇ પડે છે.

પણ એક બંધન નડે છે. સંકલ્પનું!

સંકલ્પનું બંધન એ પણ અનેક વહેમો માંહેનો એક મહોટો વહેમ છે. સંકલ્પની પાછળ વહેમ હોય, ફરજનો ત્યાગ હોય, ધર્મ પ્રત્યે આંખમીંચામણા હોય તો એ સંકલ્પને ફેરવવામાં અધર્મ નથી, પણ ધર્મ છે.

સંકલ્પની પાછળ હેતુ ધર્મનો હતો, સમાજસેવાનો હતો, સંઘભક્તિનો હતો. જો હેતુ સત્યનો-ધર્મનો-ભક્તિનો હોય તો એથી પ્રતિકુળ સંકલ્પને વળગી રહેવું એમાં નિર્બળતા છે, કાયરતા છે, રૂઢિની ગુલામી છે.

પણ આપણે તો જોઇ ગયા કે સંકલ્પ જ મોટે ભાગે વીતરાગના ધર્મથી વિમુખ જાય છે. તો પછી રાગના-ભોગના-બાદશાહી ઠાઠમાઠના-હઠારા કરતાં શુદ્ધ સેવાના-સમાજકલ્યાણના-માર્ગે એ દેવદ્રવ્યનો ઉપયોગ કરવામાં કશું જ અહિત નથી. ઉલટું દીર્ઘદર્શિતા ને સેવાના કારણે ધર્મકાર્ય છે.

છતાં એક બીજી વાત ખાસ યાદ રાખવાની તો એ છે કે જો હજુ આપણે સમયસર નહી ચેતીએ તો જે નવી સમાજરચના ઘડાઇ રહી છે જે નવો પ્રવાહ દેશમાં વહેતો થઇ રહ્યો છે તે બીનસમાજોપયોગી કામ માટે એને બળપૂર્વક ઉથલાવી પાડશે. હજુ યુવાન વર્ગ ઉપરાંત રૂઢિને વળગી રહેલા વડીલો તથા મુનિમહારાજો સવેળા ચેતે અને શત્રુંજયનો હક, ભાયખલ્લાની જમીન વિ.ની જેમ દેવદ્રવ્યનો કબજો ન છૂટી જાય એ માટે પ્રથમથી જ ઘટતું કરી લેશે; નહિ તો આજ નહિ તો કાલ સમય તો સર્વને સીધા કરશે જ. દેવદ્રવ્યની વપરાશ બાબતમાં અમારા માંડલે જે થોડી ઘણી શુભ શરૂઆત કરી અન્યને દાખલો બેસાડયો છે તે માટે ગૌરવાન્વિત બની બીજાઓને ચેતવવા ફરી નમ્રતાભરી અપીલ કરૂં છું.

'જૈન'માંથી સાભાર ઉધ્ધૃત,

રતિલાલ મફાભાઈ શાહ.

બુદ્ધ ચરિત્ર

(થોડાં વર્ષો પહેલાંની મુંબઇની પર્યુષણ વ્યાખ્યાનમાળામાં બૌધ્ધ ધર્મશાસ્ત્રોના કુશળ પરિચાયક અધ્યાપક શ્રી. ધર્માનંદ કોસાંબીએ આપેલ એક વ્યાખ્યાનની નોંધ.)

સર્વ શાસ્ત્રપુરાણોમાં એ વાત લખી છે કે કલિયુગના આરંભમાં બુદ્ધાવતાર થશે. વિષ્ણુપુરાણમાં માયામોહની કથા છે. કેટલાક પુરાણગ્રંથોમાં બુદ્ધ વિષે નિંદા કરવામાં આવી છે. પરંતુ ત્યાર પછી આપણા દેશમાં બુદ્ધ વિશે સત્ય માહિતી મળતાં તેનું રહસ્ય, તત્ત્વ અને સિધ્ધાંતો સમજાતાં ગયાં. "લાઇટ ઓફ એશિયા" અર્થાત્ "એશિયાનો જ્યોતિ"નો પ્રચાર પરદેશોમાં પણ થવા લાગ્યો. હિંદમાં પણ એ સંસ્કાર પડયા. બૌધ્ધ ધર્મનો પ્રચાર જાપાન, ચીન અને મોંગોલિયા સુધી છે. આ રીતે જગતના મોટા ભાગ ઉપર બૌધ્ધ મતનો પ્રભાવ પડેલો છે. માત્ર આપણે જ આપણા દેશમાં બુધ્ધનું નામનિશાન નથી રાખ્યું.

સનાતનીઓ એમ માને છે કે બુધ્ધ નાસ્તિક છે. વેદોની નિંદા કરવા અને પશુહિંસા બંધ કરવા માટે જ એનું આગમન હતું. પરંતુ એ માન્યતા તદ્દન ભૂલભરેલી છે.

બુદ્ધ એક રાજકુમાર હતો. જગતના જ વિચારો તે પ્રથમથી કરતો. આથી તેને પહેરા નીચે રાખ્યો અને તેને રાજાને લાયક બનાવવાના દરેક પ્રયત્નો કરવામાં આવ્યા. એક દિવસે તે બહાર ફરવા ગયો. તેણે એક વૃદ્ધ માણસને જોયો અને પૂછયું એ કોણ છે? જવાબ મળ્યો કે 'એ વૃદ્ધ છે. દરેક મનુષ્યને આ રીતે વૃદ્ધાવસ્થા આવે છે. સર્વ કોઇ એક દિવસ વૃદ્ધ થશે.' તે ગયો, અને વિચારમાં પડયો કે આ જગતમાં કંઇ નથી. બીજે દિવસે તેણે એક જર્જરિત દેહવાળા માંદા મણસને જોયો અને પૂછયું કે 'આ કોણ છે?' જવાબ મળ્યો કે, 'માનવશરીરની આવી સ્થિતિ થાય છે.' તેને વિચાર થયો કે 'શરીર બીમારીનું ઘર છે, તો પછી તેનો ભરોસો શું?' ત્યાર પછી એક શબને થોડા માણસો ઉંચકી લઇ જતા હતા તે જોઇને પૂછયું કે 'એ શું છે?' જવાબ મળ્યો કે, 'એ શબ છે. શરીર નાશવંત છે અને આખરે તેની આ ગતિ થાય છે. એ શબને હવે બાળી દેવામાં આવશે.' તેના અંતરમાં આ દૃશ્યો જોયા પછી તુમુલ યુધ્ધ મચ્યું. તે પછી તેણે છ વરસ સુધી ઘોર તપશ્ચર્યા કરી અને પરમ જ્ઞાન પ્રાપ્ત કર્યું. ઉપરનાં દૃશ્યોની અસર બૌધ્ધ ધર્મના કલાકૌશલ્ય ઉપર પણ પડી છે. છતાં આ દૃશ્યોની કીંમત એક કાવ્ય જેટલી છે, તે ઇતિહાસ નથી.

પાલી ભાષામાં સુત્તનિપાત નામનો એક જૂનો ગ્રંથ છે. તેમાં બુધ્ધને વૈરાગ્ય કેમ ઉત્પન્ન થયો તેનું ટૂકું વર્ણન આવે છે કે–

अत्तदंडा भयं जातं, जनं पस्सथ मेधकं।
संवेगं कित्तयिस्सामि यथा संविजतं मया॥
फन्दमानं पजं दिस्वा मच्छे अप्पोदके यथा।
अञ्ञमञ्ञेहि ब्यारुद्धे दिस्वायं भयमाविसि॥

"શસ્ત્રગ્રહણથી અને ઝઘડતી જનતાને જોઇને હું ભયભીત બન્યો. મને સંવેગ (વૈરાગ્ય) કેમ ઉત્પન્ન થયો તે કહું. અધૂરા પાણીમાં રહેલાં માછલાં જેમ તડફડે છે તેમ અંદર અંદર વિરોધ કરીને તડફડતી જનતાને જોઇ મારા અંતઃકરણમાં ભય પેદા થયો." આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે બુધ્ધનો વૈરાગ્ય ઉપરનાં દૃશ્યોમાંથી જન્મેલો નથી, પણ લોકો અંદર અંદર ઝઘડા કરતા હતા તેમાંથી એ જન્મેલો છે.

આજે પણ જગતમાં પરસ્પરના ઝઘડાઓ જ્યાં જુઓ ત્યાં નજરે પડે છે. જાતિ જાતિ વચ્ચેના ઝઘડા, હિંદુ-મુસ્લીમના ઝઘડા, રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચેના ઝઘડા–આમ આપસપસ ઐકયભાવ વચ્ચેની અથડામણ ચાલી રહેલી છે. દેશમાં નેતાગીરી માટે પણ ઝઘડાઓ ચાલે છે. હુબલીમાં યુથલીગમાં મેં એક યુવાનને પૂછયું કે "અહિં-

સાનો અર્થ શું ? તમે લડો છો શા માટે ?" તેણે જવાબ આપ્યો કે, 'મતભેદ અને ઝઘડા વગર તો મજા ન આવે.' એવો પણ એક વર્ગ છે કે જેને ઝઘડામાં જ આનંદ આવતો હોય છે. એક શરાબીની દુકાન પર બે માણસો વચ્ચે ઝઘડો થયો ત્યારે એક આયરિશે પૂછ્યું કે "આ ઝઘડો ખાનગી છે કે જાહેર ? જો જાહેર હોય તો હું પણ એમાં ભાગ લઉ.'"

જગતમાં વરસોથી હિંસા ચાલી આવે છે, પરંતુ એથી પણ સમાધાનનો–શાંતિનો કોઇ માર્ગ હજી હાથ લાગ્યો નથી. બુધ્ધને પણ એમ જ વિચાર થતો હતો કે, આ ઝઘડા શા માટે ? લડીને માણસો શા માટે મરે છે ? વિચારશીલ પુરૂષો તો એ ઝઘડાને મિટાવીને એમાંથી શાંતિ અને સમાધાનનો માર્ગ જ શોધે છે. પાર્શ્વનાથ હજારો વરસો પહેલાં થયા. એ સમયે જૈન એક જ મહાન સંઘ હતો. શ્વેતાંબર અને દિગંબર એવા પંથો નહોતા. ત્યારે બ્રાહ્મણ અને શ્રમણ એવા બે વર્ગો હતા. શ્રમણો તપશ્ચર્યાને પ્રાધાન્ય આપતા હતા. બ્રાહ્મણ યજ્ઞયાગાદિ કરતા અને સોમરસ પીતા. તથા બ્રહ્મર્ષિ કોણ એ પર ઝઘડો કરતા. જનક રાજાએ યજ્ઞ કર્યો ત્યારે બ્રહ્મર્ષિ કોણ કહેવાય એ પર વાદવિવાદ ચાલ્યો હતો. બૃહદારણ્યકઉપનિષદમાં એ વાત છે. બુધ્ધ ભગવાનનો એ જ આદેશ હતો કે બેહુનોનાં જનવરો જબરદસ્તીથી પકડી લાવી કાપીને યજ્ઞમાં હોમી દેવામાં આવે છે એ શરમની વાત છે. કૃષિને પ્રાધાન્ય આપનારા રાજાઓ પશુહિંસામાં માનતા નહોતા, એથી તેઓને શ્રમણો પ્રિય હતા. બુધ્ધે જે તપ કર્યું તે સ્વમોક્ષ માટે નહિ પણ જગતના કલ્યાણ અર્થે કર્યું હતું. ઝઘડાઓમાંથી જગતની મુક્તિ કરાવવા માટે જ તેમનું તપ હતું. એ તપને અંતે તેમણે મધ્યમ માર્ગ શોધી કાઢ્યો. આ મધ્યમ માર્ગનું રહસ્ય એ છે કે બંને અંત ઉપર ન જવું. એક વૈભવ–વિલાસનો અને બીજો નિષ્ક્રિય દેહદમનનો. કાંટાના બિછાના ઉપર સૂઇ રહેવું વગેરે બાજનો મિથ્યા દેહદમન છે, એમાં નથી પોતાનું કલ્યાણ કે નથી અન્યનું. આથી જ તેમણે જગતને મધ્યમપ્રતિપદા માર્ગનો બોધ કર્યો છે, કે જેથી જ્ઞાન પેદા થાય.

ભગવાન બુધ્ધે શોધી કાઢેલો નવો માર્ગ તે ચાર આર્યસત્યો છે. તેનો વિસ્તાર કરીને તેનું વિવેચન કરવું અત્યારે અશકય છે. છતાં ટૂંકમાં તેનો ઉલ્લેખ કરવાનું યોગ્ય જણાય છે. પ્રથમ આર્ય સત્ય એટલે દુઃખ. મનુષ્યજાતિનું દુઃખ એક છે. સંસર્ગજન્ય રોગો, દુકાળો કે ધરતીકંપ જેવી ભૌતિક આપત્તિઓ એકાદ દેશ ઉપર ઉતરી પડે તો તેની અસર બીજા દેશો ઉપર થાય છે જ. એટલે બધી મનુષ્યજાતિનું દુઃખ એક છે એ કહેવાની જરૂર જણાતી નથી.

બીજું આર્યસત્ય એ છે કે, મનુષ્યનું દુઃખ તૃષ્ણાઓમાંથી ઉત્પન્ન થાય છે અને વધે છે. બીજા માણસનો ગેરલાભ ઉઠાવીને આપણે સુખી થવું તેને તૃષ્ણા કહે છે. આમાંથી માણસ મારામારી તથા યુધ્ધ કરવા તત્પર થાય છે. યુધ્ધ કરીને બીજાને જીતી લીધા પછી તેના શ્રમ ઉપર નેતાઓ મોજ માણી શકે છે.

ત્રીજું આર્યસત્ય એ છે કે, તૃષ્ણાના નાશથી જ દુઃખોનો નાશ થશે, બીજા કોઇ ઉપાયોથી થશે નહિ. યજ્ઞયાગાદિ ઉપાયો તો અગ્નિમાં ઘી હોમવાથી જેમ અગ્નિ પ્રજ્વલિત થાય તેમ તૃષ્ણાને પ્રજ્વલિત કરનારા છે અને આ કાર્યમાં તપશ્ચર્યાનો માર્ગ જરાએ ઉપયોગી નથી. તેનાથી શારીરિક દુઃખમાં જ માત્ર વૃધ્ધિ થાય છે.

ચોથું આર્યસત્ય એ આર્યઅષ્ટાંગિક માર્ગ છે. સમ્યક દૃષ્ટિ, સમ્યક સંકલ્પ, સમ્યક વાચા, સમ્યક કર્માન્ત, સમ્યક આજીવ, સમ્યક વ્યાયામ, સમ્યક સ્મૃતિ, સમ્યક સમાધિ આ આર્યઅષ્ટાંગિક માર્ગનાં આઠ અંગો છે. આમાંથી અહિંસા, અવ્યભિચાર અને અસ્તેય એ ત્રણ ઉપાંગો સમ્યક કર્મનાં છે. અહિંસાના ઉપાંગોમાં મનુષ્યની કે બીજા કોઇ પ્રાણીની હિંસા ન કરવી એનો સમાવેશ થાય છે. અને બાકીનાં બધાં અંગ ઉપાંગો મનુષ્યે મનુષ્ય સાથે કાયા, વાચા અને મનથી શુદ્ધ પ્રેમથી કેમ વર્તવું એ જ શીખવે છે. પ્રાણીનો વધ માણસે શા માટે ન કરવો ? કારણ કે, તેમ કરવાથી માણસ અધોગતિ પામે છે અને માણસાઇ તેનામાંથી ચાલી જાય છે.

જગતમાં બે ધર્મ છે–જ્ઞાન અને કરૂણા. જો તેનો પ્રચાર ન કરવામાં આવે તો એ જેની પાસે છે ત્યાં જ રહી જશે. જ્ઞાન દયાના પ્રચાર માટે છે. માત્ર દયાના બાલી આડંબરથી મધ્યમ માર્ગ જાણી લીધો એમ કહી શકાય નહિ. બુદ્ધનો ઉપદેશ એ છે કે, સામાન્ય કોટિના લોકોને ઉપદેશ કરો, અનેકના હિત માટે ઉપદેશ કરો અને ચારે દિશાઓમાં જઇને ઉપદેશ કરો.

કેટલાકની એવી માન્યતા છે કે, રાજા અશોકને લીધે જ બૌદ્ધ-મતનો પ્રચાર થયો છે. પરંતુ એ હકીકતને આધાર મળતો નથી. ભગવાન બુધ્ધે અને તેના ભિક્ષુશિષ્યોએ સામાન્ય જનસમાજમાં આ ધર્મ ફેલાવવા માટે પુષ્કળ પ્રયત્નો કર્યા. તેમણે આ પ્રયત્નો કેવી રીતે કર્યા અને તે પ્રયત્નોનો વિકાસ કેમ થતો ગયો તેનો ઇતિહાસ આજે સંપૂર્ણ ઉપલબ્ધ નથી છતાં શસ્ત્રવિજયથી આસ-પાસના પ્રદેશોને જીતી લેનારા અશોક જેવા સાર્વભૌમ રાજાના મન ઉપર આ ધર્મનો આટલો બધો પ્રભાવ પડયો તેના મૂળમાં બુધ્ધના શિષ્યોએ પોતાનું પ્રચારકાર્ય સતત ચાલુ રાખ્યું એ જ હોવું જોઇએ. ખ્રિસ્તી ધર્મ ઉપર પણ બૌધ્ધ ધર્મની અસર જણાય છે. અશોકના સમય સુધી બુધ્ધ ધર્મ સિલોન અને પૂર્વમાં બ્રહ્મદેશ વગેરે પ્રદેશોમાં વિસ્તાર પામ્યો હતો.

કોઇ એમ કહે છે કે બૌધ્ધ ધર્મને શંકરાચાર્યે હઠાવ્યો. આ હકીકતને પણ આધાર મળતો નથી. કારણ કે બારમી સદીની આખર સુધી કાશી નજીક સારનાથમાં બૌધ્ધ ધર્મના કેટલાક મઠો હતા અને મહમ્મદ ઘોરીએ એ તોડાવ્યા હતા એવી હકીકત મળે છે.

પ્રથમ તો ગૃહસ્થાશ્રમ પછી જ બૌદ્ધ ધર્મમાં ભિક્ષુઓ થતા. ત્યાર પછી બૌદ્ધ ધર્મનો પ્રચાર કરવા માટે ભિક્ષુઓની જરૂર જણાવા લાગી એટલે નાની વયમાંથી પણ ભિક્ષુઓ બનાવવાની શરૂઆત થઇ. વળી એ સમયે બૌધ્ધ ભિક્ષુસંઘ શ્રીમંત થવા લાગ્યો હતો. દા. ત. માત્ર નાલંદાવિહારના નિભાવ માટે જ બસો ગામો દાનમાં મળેલાં હતાં. આ બંને કારણોને લીધે બૌદ્ધ ધર્મની અવનતિ થવા લાગી હતી.

આવા સંયોગોમાં હિંસાવાદી પાશુપત શૈવધર્મનો ઉદય થયો અને પાશુપત સંન્યાસીઓએ બૌધ્ધ ધર્મ અને જૈન ધર્મને ધક્કો માર્યો. છતાં પણ બૌદ્ધો અને જૈનોમાં આપસઆપસના ઝઘડા તો ચાલુ જ હતા. આ બંને ધર્મો અહિંસા પર રચાયેલા છે; છતાં બંને એકબીજાનાં માથાં ભાંગતા હતા. એક કહે મારો ધર્મ સારો અને બીજો કહે મારો વધારે સારો. આ ઝઘડાને નિર્મૂળ કરવાના આશ-યથી જ બુધ્ધે અહિંસાનો પ્રચાર કર્યો. એમાં માત્ર યજ્ઞમાં થતી પશુહિંસા અટકાવવાનો જ હેતુ નહોતો. એ અહિંસા જીવનના દરેક ક્ષેત્રોમાં સાંગોપાંગ ઉતારવી આવશ્યક છે.

બુદ્ધ ધર્મ એ અહિંસાવાદી ધર્મ છે. એ અહિંસા મન, વચન અને કર્મથી પણ પાળવાની છે. બૌધ્ધ ધર્મના સર્વ સિદ્ધાંતનો સાર એ છે કે, માત્ર અહિંસા જ જગતને ઉદ્ધારી તથા ઉગારી શકશે. કારણ કે હિંસાથી કોઇનું સમાધાન થઇ શકયું નથી અને કદી થવાનું પણ નથી. બુદ્ધનો બોધેલો એ મધ્યમ માર્ગ જગતમાં સાચી શાંતિ સ્થાપી શકશે. અને નિરર્થક ઝઘડાનો અંત લાવીને જગતને શાંતિ અને અહિંસાનો મંત્ર આપશે.

કેટલાક સમાચાર અને નોંધ

'પ્રબુદ્ધ જૈન'નો નવમા વર્ષમાં પ્રવેશ

પ્રબુદ્ધ જૈન આજે નવમાં વર્ષમાં પ્રવેશ કરે છે. જોતજોતામાં વર્ષો ચાલી જાય છે અને હજુ જાણે કે ગઇ કાલે શરૂ કરેલા પ્રબુદ્ધ જૈને આજે તો આઠ વર્ષ પુરાં પણ કર્યાં. પ્રબુધ્ધ જૈનની તાત્ત્વિક જવાબદારી પ્રબુધ્ધ જૈનના તંત્રી શ્રી. મણિલાલ મોકમચંદ શાહની છે, પણ પ્રબુધ્ધ જૈન જેવું ચાલે છે, તેમાં જે લેખસામગ્રી દર પખવાડીએ પ્રગટ થાય છે તે સર્વની વાસ્તવિક જવાબદારી મારી છે. આ કારણે આ નોંધ હું મારી સહીથી જ પ્રગટ કરું એ વધારે યોગ્ય લાગે છે.

પ્રબુધ્ધ જૈનના આજ સુધીના સંચાલન પાછળ કયો આદર્શ અને શી શી કલ્પનાઓ રહેલી છે તે વિષે આજ સુધીમાં જુદા જુદા પ્રસંગોએ કહેવામાં આવ્યું છે. પ્રબુધ્ધ જૈન માં પ્રગટ થતી વિવિધ વિષયોને સ્પર્શતી લેખવસ્તુઓ પણ પ્રબુધ્ધ જૈનના આત્માની ઝાંખી કરાવવા માટે પુરતી છે. આજે દેશની પરિસ્થિતિ એકદમ પલટાતી ચાલી છે. અંગ્રેજ સત્તાનું પ્રભુત્વ એકાએક ઓસરવા લાગ્યું છે. આવતા વર્ષના જુન માસમાં આ દેશમાંથી રીતસર વિદાય લેવાની અંગ્રેજ સરકાર ઉદ્ઘોષણા કરી ચુકી છે. એક બાજુ લોકપ્રતિનિધિ સભા દ્વારા આખા રાષ્ટ્રની નવી રાજ્ય-રચનાનો આકાર ઘડાઇ રહેલ છે; બીજી બાજુએ પાકીસ્તાની ચળવળ હિંદુસ્થાનને જર્જરિત માત્ર નહિ પણ છિન્ન ભિન્ન કરી રહેલ છે અને હિંદુસ્થાનના માત્ર બે નહિ પણ અનેક ટુકડાઓ થવાનું જોખમ હિંદના માથે ઝઝુમી રહેલ છે. આજે રાજકીય, આર્થિક તેમ જ સામાજિક અનેક સમસ્યાઓ કોઇ કાળે નહોતી એટલા ભીષણ સ્વરૂપે આપણી સમક્ષ ઉભી થઇ છે. દેશના કંઇ કંઇ ભાગોમાં કોમી દાવાનળ સળગી રહ્યો છે અને જાનમાલની પારાવાર ખુવારી કરી રહ્યો છે. જૈન સમાજનું ભાવી પણ અન્ય વર્ગો સાથે એટલા જ આવેગથી ઘડાઇ રહ્યું છે તેમ જ છુંદાઇ રહ્યું છે. આ સર્વ પ્રશ્નોનો–સમસ્યાઓનો–સાચો ખ્યાલ તેમ જ ઉકેલ આપતા રહેવું એ કલ્પનાથી પ્રબુદ્ધ જૈનનું આજ સુધી સંચાલન થઇ રહ્યું છે. આ કલ્પના અને ધ્યેયને પ્રબુદ્ધ જૈન કયાં સુધી પહોંચી શકયું છે એનો ન્યાય તો પ્રબુદ્ધ જૈનના વાંચકો જ આપી શકે. એટલું ખરૂં કે મનોરથ ગમે એટલો મોટો હોય છતાં આજે ઉપસ્થિત થતી અનેકવિધ સમસ્યાઓને પહોંચી વળવાનું મારી અને મને સાથ આપતા મિત્રોની અતિ અલ્પ માહીતી અને તાકાત જોતાં અત્યન્ત વિકટ–લગભગ અશકય જેવું–લાગે છે. માનવીની શક્તિને આખરે મર્યાદા તો છે જ. પગોએ તો સામે બનતી નાની મોટી ઘટનાઓની ધરતીને વળગીને જ તેમ જ પોતાની તાકાતના માપ મુજબ જ ચાલવાનું રહ્યું. પણ મસ્તકે અનંત આકાશ તરફ પોતાની નજર સદાકાળ ટેકવી રાખવાનો પ્રયત્ન અપ્રમત્તપણે સેવ્યો છે એટલું જ હું મારા પુરતું કહી શકું. સંભવ છે કે કોઇને આ ઉદ્ગારમાં આત્મશ્લાઘા લાગે અથવા તો માનસિક ભ્રમણા લાગે. આજના સામાયિકોમાં પ્રબુદ્ધ જૈન કાંઇ, પણ વિશેષના ધરાવતું હોય તો તે આટલી જ છે.

પ્રબુધ્ધ જૈન 'ગજુ નાનું અને મનોરથ મોટો' એ મુજબ પોતાનું કાર્ય આજ સુધી કરી રહ્યું છે. કમનસીબે સારા વિચારકો તેમ જ વિદ્વાનોનો, પ્રબુદ્ધ જૈનને અપેક્ષા છે તેના પ્રમાણમાં, બહુ જ ઓછો સહકાર મળે છે અને તેથી પ્રબુધ્ધ જૈનમાં લેખકો તેમ જ લેખોની ધારી વિવિધતા લાવી શકાતી નથી. આવી પરિ-સ્થિતિમાં પ્રબુદ્ધ જૈનને સદ્‌ગત વ્રજલાલ મેઘાણીની પડેલી ખોટ પારાવાર સાલે છે. તેમના વિના સમાજના ત્રસ્ત, પીડિત, દલિત વર્ગની હૃદયસ્પર્શી કથાઓ કોણ લખી આપે? એ સદા ધબકતું હૃદય અને કરૂણારસ ઝરતી લેખિની કયાંથી લાવવી? એક તો આપણે ગરીબ હતા અને તેમાં લુંટાયા! આમ છતાં પણ શકય તેટલી ઉંચી ભૂમિકા ઉપર અને બને તેટલી વિવિધતાપૂર્વક પ્રબુધ્ધ જૈનનું સંચાલન થઇ રહ્યું છે. આઠ પાનાં આપવાનો નિયમ ધરાવતું પ્રબુધ્ધ જૈન સાધારણ રીતે દશ પાનાંનું કાઢવામાં આવે છે અને કદિ કદિ બાર પાનાં પણ આપવામાં આવે છે.

આ પ્રબુધ્ધ જૈન આટલી તપશ્ચર્યા બાદ પણ હજુ 'સ્વાશ્રયી બની શકયું નથી એ દુઃખનો વિષય છે. પ્રબુધ્ધ જૈનમાં એવી કોઇ ત્રુટિઓ હોવા સંભવ છે કે જેથી તે જૈન સમાજનું જોઇએ તેટલું આકર્ષણ સાધવામાં સફળ બની શકયું નથી. કોઇ એમ કહે છે કે પ્રબુધ્ધ જૈન બહુ ઉંચે ઉડે છે એટલે તેથી ગ્રાહકો વધતા નથી. કોઇ એમ કહે છે કે પ્રબુધ્ધ જૈનનું સાંપ્રદાયિક નામ જ પ્રબુધ્ધ જૈનનો ફેલાવો કરવામાં મહાન અન્તરાય રૂપ બને છે. ગમે તેમ હોય! પ્રબુદ્ધ જૈનનો પ્રશંસક વર્ગ પણ ઠીક પ્રમાણમાં ઉભો થયો છે એમ અનેક મિત્રો તથા સ્નેહીઓ દ્વારા જાણવા મળે છે. આ પ્રશંસક વર્ગને પ્રબુધ્ધ જૈનની સત્ય તેમ જ શુભનિષ્ઠામાં પ્રતીતિ બંધાઇ હોય, પ્રબુધ્ધ જૈન આ સ્વરૂપે ચાલુ રહે તેમ જ વિકસતું રહે એવી તેમના અંતરની ઇચ્છા હોય તો ગ્રાહકસંખ્યા વિપુલ બનાવવામાં બને તેટલા મદદરૂપ થવા તેમને નમ્રભાવે વિનંતિ છે. આ વર્ષ આખરમાં પ્રબુધ્ધ જૈન સ્વાશ્રયી થવું જ જોઇએ એવો મારો અને મારા સાથીઓનો અભિગ્રહ છે. આવા પત્રો સમાજની આર્થિક મદદ ઉપર લાંબા સમય સુધી નભ્યા કરે એ ઇષ્ટ નથી. કાં તો પ્રબુદ્ધ જૈને જરૂરી ગ્રાહક સંખ્યા સિદ્ધ કરી લેવી જોઇએ. નહિ તો થઇ તેટલી સમાજની સેવા કરી એથી સંતોષ માનીને આત્મવિસર્જનનો માર્ગ સ્વીકારવો જોઇએ. આ વર્ષ પ્રબુધ્ધ જૈનના સંચાલકો અને પ્રશંસકો–ઉભયને માટે કસોટીરૂપ બને અને તેમાંથી ધારી રીતે પાર પડીએ એવા નિરધાર અને શુભ નિશ્ચયપૂર્વક આપણે નવમા વર્ષમાં પ્રવેશ કરીએ!

ગાંધીજી અને ઝીણાની સંયુકત જાહેરાત

તા. ૧૫–૪–૪૭ ના નામદાર વાઇસરોયના મહેલ ઉપરથી નીચે મુજબની જાહેરાત કરવામાં આવી છે:—

"નામદાર વાઇસરોયની પ્રેરણાથી અને તેમની ખાસ વિનંતિથી શ્રી. ગાંધીએ તેમ જ શ્રી. ઝીણાએ નીચેની જાહેરાત ઉપર પોતાની સહી કરી છે અને તે પ્રગટ કરવાની તેમણે સત્તા આપી છે:—

'તાજેતરમાં અરાજકતા અને હિંસાનાં જે કૃત્યો થયાં છે અને જેણે હિંદના શુભ નામને કલંકિત કર્યું છે અને જેણે અનેક નિર્દોષ લોકો ઉપર ભારે આફત ઉતારી છે–પછી ભલેને આક્રમણ કરનારા અને આક્રમણના ભોગ બનનારા ગમે તે હોય–આવાં કૃત્યો માટે અમને ઉંડો ખેદ થાય છે. રાજકીય હેતુઓ પાર પાડવા માટે બળજબરીના ઉપયોગને અમો સદાને માટે વખોડી કાઢીએ છીએ, અને હિંદની સર્વ કોમોને–પછી ભલે તે ગમે તે વિચારસરણી ધરાવતી હોય–સૌ કોઇને હિંસા અને અવ્યવસ્થાના સર્વ કૃત્યોથી જ માત્ર નહિ પરંતું આવા કૃત્યોને ઉત્તેજના આપે એવાં ભાષણો તેમ જ લખાણોથી દૂર રહેવા–અટકવા–અમો હાકલ કરીએ છીએ."

મહાત્મા ગાંધીજીની આજ સુધીની અહિંસા વૃત્તિને ઉપદેશતી, ઉત્તેજતી અને અનુમોદતી એક સરખી નીતિને આ જાહેરાત તદ્દન અનુરૂપ છે એ વિષે બે મત હોવા સંભવ છે જ નહિ. પણ જેણે આજ સુધીમાં અનેકવાર અહિંસાનો ઉપહાસ કીધો છે, પોતાની તેમ સિધ્ધ કરવા માટે હાલતાં ચાલતાં જેણે પશુબળ વાપરવાની ચાલુ ધમકીઓ આપ્યા કરી છે, જેમાં અહિંસાનો ઉલ્લેખ સરખો નથી એવા સીધ્ધા પગલાને મોસ્લેમ લીગ પાસે જેણે ઠરાવ કરાવ્યો છે, તેના કાર્યક્રમો રચ્યા છે અને પોતાના લાગવગના પ્રદેશોમાં તે કાર્ય-ક્રમોનો અમલ કરાવીને આખા દેશ ઉપર પાર વિનાની યાતનાઓનો પ્રવાહ વહેતો કર્યો છે, અહંકાર, અસભ્યતા અને ગુંડાગીરી જેની

નસેનસમાં અને શબ્દેશબ્દમાં ભરેલી છે તે જનાબ ઝીણાની ઉપરની જાહેરાત ઉપર નામદાર વાઇસરોયના કહેવાથી કરવામાં આવેલી સહીનો કશો અર્થ છે જ નહિ. સંભવ છે કે આજે પોતે જ સળગાવેલ કોમી દાવાનળની ભયંકર અનર્થ પરંપરા જોઇને જનાબ ઝીણાના હૃદયમાં કોઇ પલટો શરૂ થયો હોય, પણ એવું તો કાંઇ તેમના આગળ પાછળના કોઇ વર્તન ઉપરથી જોવામાં આવતું નથી. જો આ નિવેદન પાછળ તેમનું ખરેખર દિલ હોય તો તે દિલ્હીમાં બેસી રહી શકતા નથી. તેણે પણ ગાંધીજી માફક સળગતી આગો ઓલવવાના મહાભારત કાર્યમાં લાગી જવું જોઇતું હતું. મુસલમાનો ઉપર આ નિવેદનની કશી જ અસર થવાની નથી. તેઓ જનાબ ઝીણાની આજ સુધીની કેવળ હિંસક પ્રેરણાઓ અને એવાં જ પ્રવચનોનો વિચાર કરે કે આવી કેવળ ઔપચારિક જાહેરાતને ધ્યાનમાં લે? આ તો માનવોચિત સભ્યતાનો ઝીણા સાહેબે પાઠ ભજવી બતાવ્યો છે. નથી તેથી મુસલમાન માનસમાં કશો ફેર પડવાનો કે દેશની ભયાનક પરિસ્થિતિમાં કશું પરિવર્તન નિપજવાનું.

આ પ્રસંગે દૂર દૂરના ભૂતકાળમાં મહારાજા અશોકના જીવનની એક ઘટનાનું સ્મરણ થાય છે. અશોકે અનેક દેશો જીતીને ચક્રવર્તી-પદ પ્રાપ્ત કર્યું હતું. એક કલીંગ દેશ તેને આધીન થવાની ના કહેતો હતો. અશોકે તે દેશ ઉપર ચઢાઇ કરી અને લાખો માણસોનો સંહાર કરી એ દેશને સર કર્યો. પણ એ સંહારનું દૃશ્ય જોઇને મહારાજા અશોકનો આખો આત્મા હલી ઉઠયો. 'આ તે મેં શું કર્યું?' એવી કોઇ અસહ્ય અરેરાટીની આગ તેના દિલમાં સળગવા લાગી. પરિણામે તેણે પોતાનો અન્તસ્તાપ સ્પષ્ટ શબ્દોમાં પ્રગટ કર્યો; સ્થળે સ્થળે શિલાઓ ઉપર કોતરાવ્યો; યુધ્ધપ્રવૃત્તિનો સદાને માટે ત્યાગ કર્યો; અહિંસાવ્રત અંગીકાર કર્યું; આખા દેશમાં સુસ્નેહ-શાન્તિ, સુખ અને સલામતીનું સામ્રાજ્ય સ્થાપ્યું. માનવીના સ્વ-ભાવમાં રહેલી નૈસર્ગિક ઉચ્ચતાનાં આપણને શ્રધ્ધા હોય તો આપણે પણ વિશ્વાસ અને આશા રાખીએ કે એક દિવસ એવો આવશે કે જ્યારે જનાબ ઝીણાના દિલમાં પણ આવી જ અરેરાટી ઉભી થશે, દેશને લોહી, ખુન, જંગલીપણું, પાશવતાના માર્ગે ઘસડી જવા બદલ તેનું દિલ અસીમ અન્તસ્તાપથી સળગવા લાગશે અને પોતાના દિલનો એકરાર દુનિયા સમક્ષ જાહેર કરશે. જનાબ ઝીણાને અથવા તો ઝીણા-માનસને વરેલા મુસલમાન આગેવાનોને જ્યારે આ ભાન થશે અને હિંસા અને કોમી ઝેરવેરના માર્ગેથી પાછાં પગલાં ભરવાનું તેઓ જ્યારે શરૂ કરશે ત્યારે જ હિંદને સુખનો દહાડો જોવા મળશે. ત્યાં સુધી ઝીણા સાહેબ આવી ગમે તેટલી જાહેરાતો કરે તો પણ હિંદના નસીબે ભાંગફોડ, ભાગલા, દુર્દશા અને વિનાશ જ નિર્માયલાં છે.

આગામી ભારતીય જૈન સ્વયંસેવક પરિષદ

શ્રી ભારતીય જૈન સ્વયંસેવક પરિષદનું પહેલું અધિવેશન કેટ-લાંય વર્ષો પહેલાં મુંબઇ ખાતે શ્રી. અમૃતલાલ કાળીદાસના પ્રમુખ-પણા નીચે ભરવામાં આવ્યું હતું. એ પરિષદમાંથી કોઇ સળંગ કાર્યવાહી જન્મ પામી નહોતી. આજે એ પરિષદનું બીજું અધિ-વેશન ભરવાની શ્રી મુંબઇ જૈન સ્વયંસેવક મંડળના કાર્યવાહકો તરફથી પ્રવૃત્તિ શરૂ થઇ છે. આ અધિવેશન મે માસની આખર તારીખોમાં અથવા તો જેઠ માસની શરૂઆતમાં પાલીતાણા ખાતે ભરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે અને એ માટે જૈન સમાજની સેવા કરતી અનેક સંસ્થાઓ તેમ જ આગેવાન કાર્યકર્તાઓ ઉપર નિમંત્રણો મોકલવામાં આવ્યા છે. "જૈન ધર્મ અને સમાજની વિવિધ પ્રકારે સેવા કરવા અને આપણાં જૈન તીર્થો તેમ જ સિધ્ધા-ન્તોને માન્ય રાખનાર સેવકોનું સંગઠ્ઠન કરવા જરૂરી સાધનો અને સગવડો સાથે કાયમી સેવકો તૈયાર કરી ઘટતા ઉપાયો યોજવા અને તેને અમલમાં મૂકવા" એવો આ પરિષદનો ઉદ્દેશ છે એમ જાહેર કરવામાં આવ્યું છે. આ પરિષદને લગતી પ્રગટ કરવામાં આવેલ પત્રિકા નં. ૨ માં ભારતવર્ષના જુદા જુદા ભાગોમાં આવેલી જૈન સંસ્થાઓને અને મંડળોને-ઉપરનો ઉદ્દેશવાળા કિંવા એમાં પૂર્ણ શ્રદ્ધા ધરાવતા ખાતાઓને-સત્વર શ્રી મુંબઇ જૈન સ્વયંસેવક મંડળ, ૨૦ પાયધુની, ગોડીજીની ચાલ, મુંબઈ ૩ એ સરનામે પોતાનાં નામો તથા વિગતવાર સરનામાં અને જરૂરી વિગતો મોકલી આપવા વિનંતિ કરવામાં આવી છે. આ પરિષદની સ્વાગત સમિતિ રચવામાં આવી છે, જેના સભ્યોના રૂા. ૧૦ અને રૂા. ૫ એમ બે વર્ગો રાખવામાં આવ્યા છે. સ્વાગત પ્રમુખ તરીકે શ્રી. ધીરજલાલ જીવણલાલ કેશરીચંદની વરણી કરવામાં આવી છે. આ સ્વાગત સમિતિમાં સત્વર જોડાઇને તાજેતરમાં મેળવવા ધારેલી ભારતીય જૈન સ્વયંસેવક પરિષદના કાર્યને બને તેટલો ટેકો તેમ જ વેગ આપવા મુંબઇ જૈન સ્વયંસેવક મંડળના મંત્રીઓ તરફથી જૈન સમાજના સેવાપરાયણ ભાઇ બહેનોને આગ્રહપૂર્વક વિનંતિ કરવામાં આવી છે.

કવિ મેઘાણીમાં છુપાયેલું જૈનત્વ

શ્રી. ઝવેરચંદ મેઘાણીના અવસાનથી લગભગ બે એક માસ પહેલાં કાકાસાહેબ કાલેલકર મુંબઇમાં આવેલા અને મેઘાણીભાઇ વિષે તેમની સાથે વાત નીકળતાં મેં તેમને જણાવેલું કે "ભાઇ મેઘાણી સદ્‌ગત વ્રજલાલ મેઘાણીના અવસાનના કારણે પોતાનાં સ્વજનોને આશ્વાસન આપવા માટે અહિં આવ્યા છે." ત્યારે તેમણે કહ્યું કે "વ્રજલાલ મેઘાણી તો જૈન હતા ને?" મેં ઉત્તર વાળ્યો કે "વ્રજલાલ મેઘાણી તો જૈન હતા અને ઝવેરચંદ મેઘાણી પણ જૈન જ છે." ત્યારે તેમને ખબર પડી કે ઝવેરચંદભાઇ જૈન હતા. તેમણે કહ્યું કે 'તેઓ જૈન હોવા છતાં તેમના આટલા બધા વિપુલ લખાણમાં એમ કોઇ પણ ઠેકાણે ખબર પડતી નથી કે ખ્યાલ આવતો નથી કે ઝવેરચંદ મેઘાણી જૈન હશે." આ તેમના વિશાળ કાર્યપ્રદેશ સાથેની તદ્‌રૂપતા અને વિચારપ્રદેશની અપૂર્વ અસાંપ્ર-દાયિકતાનું પરિણામ હતું. આમ છતાં પણ ભાઇ મેઘાણીના જીવનમાં જીવતું અને જાગતું જૈનત્વ છુપાયેલું પડયું હતું એ દર્શાવવા માટે આ નોંધ હું લખી રહ્યો છું.

તેઓ કોલેજમાં ભણતા હતા તે દરમિયાનનાં કેટલાંક સ્મરણો નોંધતાં શ્રી. ચત્રભુજ દોશી જણાવે છે કે તેમને કોઇ ફૂલ તોડીને આપતું તો તેઓ ખિન્ન થઇ જતા, તેમની આંખમાં આંસુ આવી જતાં અને કહેતા કે 'આ ફુલ જ્યાં હતું ત્યાં જ સુન્દર શોભતું હતું. તેને આમ તોડવાનો આપણને શું અધિકાર છે?" શ્રીમદ્ રાજચંદ્રે એક સ્થળે ગાયું છે કે:—

"જ્યાં ફુલની પાંખડી દુભાય,
ત્યાં જીનવરની નહિ આજ્ઞાય."

વનસ્પતિના પ્રદેશ સુધી વિસ્તરતી અહિંસા વૃત્તિ જેના હાડમાં રહેલી છે તેવા જૈન માનસમાં જ આવી વિલક્ષણ કોમળતા-મૃદુતાની સંભાવના કરી શકાય. આ કોમળતાનું તત્વ ભાઇ મેઘા-ણીના જીવનના સર્વ અંશોમાં વણાયલું હતું અને તેમના પરિચયમાં આવનાર સર્વ કોઇને અનુભવગોચર થતું હતું.

તેમનું 'ગુજરાતનો જય' પ્રગટ થયું તે અરસામાં તેમને મળવાનું બનેલું. મેં મુંબઇ જૈન યુવક સંઘ તરફથી તેમના લોકસાહિત્યનો એક ભવ્ય સમારંભ ગોઠવવાની ઇચ્છા દર્શાવી તેના ઉત્તરમાં તેમણે જણાવેલું કે "મેં ચાલુ લોકસાહિત્ય તો અનેક ઠેકાણે સંભળાવ્યું છે પણ જૈનોને તો મારે બીજું જ સંભળાવવું છે. 'ગુજરાતના જય'ને અંગે વસ્તુપાળ તેજપાળના સમયનું પુષ્કળ સાહિત્ય મારા વાંચવામાં આવ્યું છે અને તે સમયના જૈનોનો ઇતિહાસ કેટલો બધો ઉજ્જવળ, વીરતા અને ગૌરવભર્યો છે તેનો મને ભારે સરસ ખ્યાલ આવ્યો છે અને વસ્તુપાળ અને તેજપાળની તો આખા જગતના ઇતિહાસમાં વીરતા, વિદ્વત્તા, સંસ્કારિતા, ઉદારતા અને રાજકારણી કુશળતાની બાબતમાં કોઇ

જોડી નહિ મળે એવો મારો અભિપ્રાય બંધાયો છે અને આ જાણીને એક જૈન તરીકે મારી છાતી ફુલે છે અને આ બધું મારે જૈન સમાજને વિગતવાર સંભળાવવું છે.” આ તેમની મનીષા હતી. પણ કમનસીબે એવો યોગ આપણને કદિ સાંપડયો નહિ. એક વખત બે કે ત્રણ વર્ષ પહેલાં આ હેતુથી જ મુંબઇની પર્યુષણ વ્યાખ્યાનમાળામાં વ્યાખ્યાન આપવા માટે બોટાદથી નીકળેલ પણ અમદાવાદ મુંબઇ વચ્ચે રેલ્વેનું ભંગાણ પડતાં તેઓ અમદાવાદમાં જ સલવાઇ પડયા હતા.

કોઇ પણ અતિ શ્રધ્ધાળુ, અને ધર્મપરાયણ જૈનને જોશો તો તેનામાં પારવિનાની નમ્રતા દેખાશે, રખેને તેના એક નાના સરખા બોલથી પણ તમને દુઃખ ન થાય આવી ચિંતા તેની બધી રીતભાતમાં તમને દૃષ્ટિગોચર થશે, કોઇને જરા પણ અગવડતું નિમિત્ત ન બનવું એવી વ્યાકુળતા તેનામાં તમને નજરે પડશે. આ નમ્રતા, આવી ચિંતા, વ્યાકુળતા મેઘાણીમાં આરપાર ભરેલી હતી અને તે તેના ઘડતરના પાયામાં ભરેલા જૈનત્વની જ પ્રતિચ્છાયા હતી. અલબત્ત કોઇ પણ ચોક્કસ પ્રશ્ન ઉપર પોતાનો વિચાર રજુ કરતાં તેઓ કોઇથી ડરતા નહિ તેમ જ કોઇને બોટું લાગશે કે કેમ તેની લેશમાત્ર પરવા કરતા નહિ, પણ સામાન્ય વ્યવહારમાં તેઓ અત્યન્ત નરમ અને મૃદુ હતા અને કોઇ અણગમતી વાત કહેવી હોય તો પણ સાકરનાં સાત પડ ચઢાવીને તેઓ કહેતા. આવી ઋજુતા અથવા તો માર્દવતા તેમની પ્રકૃતિ ઉપર નાનપણમાં સોંચાયલા જૈન સંસ્કારોનું જ પરિણામ હતું.

આના સમર્થનમાં મારા મિત્ર ભાઇ મસ્તરામ પંડયાએ સ્વ. મેઘાણી વિષેની સ્મરણનોંધમાં એક પ્રસંગ ટાંકયો છે તે અહિં અવતરિત કરવો ઉચિત લાગે છે.

“ ૧૯૩૬ માં ભાઇ મેઘાણી ‘ પ્રુલછાબ ’ના તંત્રી બન્યા ત્યારે ‘ પ્રુલછાબ ’માં આવેલી એક હકીકત સંબંધી મેં તેમની પાસે આકરી ફરિયાદ નોંધાવી. બીજે જ દિવસ બપોરે એમની ગાડી મારે ઘેર આવીને ઉભી રહી. ઘરમાં પેસતાં જ એમણે મને શરમાવ્યો. “ બોટી હકીકત છપાઇ તે માટે તમે કહો તે ભાઇની ક્ષમા યાચું. ગમે તેવો ખબરપત્ર તંત્રી હોય તો પણ તેને કેટલીએક રથૂળ મર્યાદાઓ છે એટલું તમે સમજશો તો મને દોષિત નહિ ગણો. બચાવ કરું છું એમ માનશો નહિ. કોઇનું મન દુભાય તો હું પણ દુભાઉં છું. નથી દુભાતો એક સત્ય હકીકત જાહેર કરતાં. ” જેઓ ઉચ્ચ કોટિના અને જૈન નામને સાર્થક કરે એવા જૈનોના સીધા પરિચયમાં આવ્યા હશે તેમને તેવા જૈનોમાં અને ઉપરના પ્રસંગ દ્વારા પ્રગટ થતા ભાઇ મેઘાણીના પ્રાકૃતિક વળણમાં જરૂર ઘણું સામ્ય દેખાશે.

વળી એક રીતે વિચારીએ તો જૈન ધર્મ શાસ્ત્રોના પાયામાં ખામીમાં રહેલો અનેકાન્તવાદ અસાંપ્રદાયિકતાની જ બીજી બાજુ છે. જૈનોનો આજનો આપણે કહેવાતો અનેકાન્તવાદ તો એક પ્રકારનો સંપ્રદાય જ બની બેઠો છે, પણ અનેકાન્તવાદનું શુધ્ધ સ્વરૂપ કોઇ પણ પ્રકારની સાંપ્રદાયિકતાનું વિરોધી છે. અને આ અસાંપ્રદાયિકતાનું તત્વ ભાઇ મેઘાણીમાં પૂર્ણપણે આવીર્ભૂત થયેલું જોઇને ભાઇ મેઘાણીનું ગૌરવ એ જૈન સંસ્કૃતિના હાર્દનું જ ગૌરવ છે એવું આત્મગૌરવ ચિન્તવવા બે ઘડિ મન લોભાય છે. જેણે જૈન તરીકે પોતાની જાતને કદિ આગળ ધરી નથી એવા ભાઇ મેઘાણીને જૈન સંસ્કૃતિના એક પ્રતિનિધિ તરીકે રજુ કરતાં મને બહુ આનંદ થાય છે. **પરમાનંદ.**

કવિ મેઘાણી અને પંડિત વીરવિજયજી

ભાઇ મેઘાણીએ લોકસાહિત્યનું કેવી રીતે ખેડાણ કર્યું હતું તેની અનેક વિગતો આપણે જાણીએ છીએ. પોતાના ચાલુ વ્યવસાયમાંથી તેમને જેટલો અવકાશ મળતો, જેટલી નવરાશ મળતી કે છુટા થઇને ભટકવાનો જેટલો યોગ સાંપડતો તે સર્વનો ઉપયોગ તેમણે લોકસાહિત્યની ઉપાસના પાછળ જ કર્યો છે. જે કોઇ ઠેકાણેથી લોકસાહિત્યની સામગ્રી મળવાની સંભાવના દેખાય ત્યાં ત્યાં ભટકવામાં તેમણે કદિ થાક અનુભવ્યો નહોતો. અનેક ચારણો અને ભાટોનાં તેમણે દિલ જીત્યાં હતાં. અનેક સંકોચશીલ બહેનોને તેમણે બોલતી કરી હતી, અને ટેકરાટેકરી અને અગોચર પ્રદેશોમાં તેઓ ભટકયા હતા. આ રીતે તેમણે લોકસાહિત્યનો અપાર સંગ્રહ કર્યો હતો. તે સંગ્રહને પોતાનાં લાક્ષણિક વિવેચન વડે સજીવ અને સાર્થ કર્યો હતો એટલું જ નહિ પણ એ ઢબના જ પણ વર્તમાનકાળની મુદ્રાવાળા લોકસાહિત્યના તેઓ પોતે નિર્માતા હતા.

આ ભાઇ મેઘાણી જન્મે જૈન હતા એ હકીકતના અનુસંધાનમાં તેમની આવી અપૂર્વ સાહિત્યસેવાનો હું વિચાર કરું છું ત્યારે આજથી લગભગ ૯૫ વર્ષ પહેલાં ૭૯ વર્ષની વયે વિદેહ થયેલા જૈન સાધુ વીરવિજયજી જેઓ પંડિત વીરવિજયજીના નામથી ઓળખાતા હતા તેમનું મને સ્મરણ થાય છે. તેઓ જાતે બ્રાહ્મણ હતા. તેમનો જન્મ ઇ. સ. ૧૭૭૩ માં થયેલો. સમયાન્તરે તેમણે ૧૯ વર્ષની ઉમ્મરે જૈન મુનિ શુભવિજયજી પાસે દીક્ષા લીધેલી. તેમના લાંબા દીક્ષિત જીવન દરમિયાન તેમણે જૈન ધર્મશાસ્ત્રોના અભ્યાસ સાથે લોકસાહિત્યનો પણ બહુ સારો અભ્યાસ કર્યો હતો, એટલું જ નહિ પણ લોકસાહિત્યનો સીધો પરિચય મેળવવા માટે તેમણે જૈન સાધુના પરંપરાગત આચારવિચારની પણ અમુક અંશે ઉપેક્ષા કરી હતી. આમ તો તેઓ ઉપાશ્રયમાં રહેતા પણ નવરાત્રના દિવસો દરમિયાન કહેવાય છે કે માથે ફેંટીયું બાંધીને ગરબીઓ સાંભળવા તેઓ નીકળી પડતા. લોકસાહિત્યના હાર્દને પામવા માટે તેમને ગમે ત્યાં જતાં કરતાં લેશમાત્ર સંકોચ નહોતો. તેમનામાં અપૂર્વ કાવ્યશક્તિ હતી. એટલું જ અપૂર્વ તેમનામાં ભાષાસ્વામિત્વ હતું. એ વખતે જે કાંઇ લખાતું, રચાતું તે મોટા ભાગે ધર્મસાહિત્ય જ હતું. કવિઓ પોતપોતાના ઇષ્ટ પુરૂષોના ચરિત્રને કાવ્યમાં ઉતારતા અને પોતપોતાના અનુયાયી વર્ગમાં પ્રચલિત કરતા. આ રીતે રાત્રીના જે કાંઇ નવા રાગ, નવા ઢાળ, સાંભળેલ હોય તે જ રાગ કે ઢાળમાં સવારે ઉઠીને તેઓ ભજનો, સ્તવનો, સઝાંયો, ગહુંળીઓ બનાવતા. તેમના પદ્યોમાં અપૂર્વ લાલિત્ય અને રસોલ્લાસ ભરેલાં છે. મીઠી, મધુર કલ્પનાઓ પણ તેમની રચનાઓમાં જ્યાં ત્યાં વેરાયલી નજરે પડે છે. જૈન ધર્મ ઉપની અપાર શ્રદ્ધા અને ઇષ્ટ પુરૂષો પ્રત્યેનો અમાપ ભક્તિભાવ તેમનાં મહાન પ્રેરક બળો હતાં; જૈન ગુજરાતી કવિઓમાં તેમનું સ્થાન સર્વોત્કૃષ્ટ લેખાય છે. જેમ તેમની સાહિત્યઉપાસના આડે ‘ ચારિત્ર ’નાં કોઇ બંધન તેમને બાંધી શકતા નહોતાં તેવી જ રીતે તેમની કાવ્યરચના દ્વારા કેવળ ભક્તિ, વૈરાગ્ય કે શાન્તરસનું જ તેઓ પાન કરાવતા હતા એમ નહોતું. તેઓ તો રસરસીયા હતા અને તેથી શૃંગારરસ પણ તેમની લેખિનીમાંથી અદ્‌ભુત રીતે ટપકતો હતો. આનું પરિણામ તો એ આવ્યું છે કે આજે પણ કેટલાક કેવળ એકાન્ત દૃષ્ટિને વરેલા જૈન સાધુઓ પંડિત વીરવિજયની સર્વ કૃતિઓને તો નહિ પણ અમુક અમુક કૃતિઓને અસ્પૃશ્ય કોટિમાં જ મૂકે છે. તેમણે રચેલું કાવ્ય સાહિત્ય અતિ વિપુલ છે અને અનેક પ્રદેશોને સ્પર્શે છે. તેમણે સુરસુંદરીનો, ધમ્મિલનો અને ચંદ્રશેખરનો એમ ત્રણ મોટા રાસ રચ્યા છે, છ પૂજાઓ એટલે અમુક અમુક વિષયને અનુલક્ષીને અમુક પ્રકારની રચનાવાળા પદસંગ્રહો રચ્યા છે. અને આ ઉપરાંત છુટી છવાઇ સંખ્યાબંધ પદ્યકૃતિઓ પણ તેમના હાથે નિર્માણ થઇ છે. તેમણે એક ગુજરાતી અને એક સંસ્કૃત એમ બે મોટા ગદ્યગ્રંથો પણ લખ્યા છે.

પંડિત વીરવિજયજીની આવી અનેકદેશીય સાહિત્ય સેવાઓ અને અનેક લોકભોગ્ય પદ્યકૃતિઓ ધ્યાનમાં લેતા તેમ જ તેને લગતી સાધનાનો વિશિષ્ટ પ્રકાર લક્ષ્યમાં લેતાં તેમની અને ભાઇ મેઘાણી વચ્ચે ઘણું સામ્ય નજરે પડે છે. બન્ને એક જ પ્રકારની મસ્તી, કલ્પનાઉડ્ડયન, જનતાને રસઓળ કરવાની કાવ્ય શક્તિ અને

ભાષાલાલિત્ય ભરેલાં હતાં. બન્નેમાં બ્રાહ્મણ વૃત્તિ અને જૈન વૃત્તિનો ઉત્કર્ષ મૂર્તિમન્ત થયો હતો. અલબત્ત વીરવિજયજીનું ખેડાણ અમુક અંશે એકદેશીય હતું; તેમનો કાળ એ જ તેમની મોટી મર્યાદા હતી. આજે તો પૂર્વ અને પશ્ચિમનાં મોટાં સંઘર્ષણ થયાં, અને નવા સાહિત્યનો ફાલ ઉતર્યો. આ નવું સાહિત્ય પ્રાંરંભમાં કેવળ શિષ્ટભોગ્ય જ હતું. લોકસાહિત્યની સાચી પરખ કરાવવી અને લોકસાહિત્ય અને શિષ્ટસાહિત્ય વચ્ચેની ભેદક દીવાલને જમીનદોસ્ત કરવી એ ભાઈ મેઘાણીનું જીવિત કાર્ય હતું. આ રીતે ભાઇ મેઘાણીની કેટલીક જીવન સિદ્ધિઓ પંડીત વીરવિજયજીથી જુદી પડવાની. અને તેઓને વધારે ઉંચું સ્થાન અપાવવાની. આમ છતાં પણ ઉભય વચ્ચેનું અનેકવિધી સામ્ય લક્ષ્યમાં લેતાં એમ કહેવાનું મને મન થઇ આવે છે કે ભાઈ મેઘાણી તેમના ૬૫ વર્ષો પહેલાંના પુરોગામી પંડિત વીરવિજયજીની જ એક બહુ મોટી આવૃત્તિ હતા.

શ્રી મેઘાણી સ્મારક સમિતિ

સદ્‌ગત ઝવેરચંદ મેઘાણીનું ચિરંજીવ સ્મારક ઉભું કરવાના હેતુથી મેઘાણીભાઇના નિકટ મિત્રોની એક સ્મારક સમિતિ ઉભી કરવામાં આવી છે. શ્રી. પોપટલાલ લવજી ચુડગર, શ્રી અમૃતલાલ દલપતભાઇ શેઠ તથા શ્રી મોહનલાલ મહેતા આ સમિતિના મંત્રીઓ છે અને શ્રી રામનારાયણ પાઠક, ઉમાશંકર જોષી, ઇન્દ્રવદન ઠાકોર, રવિશંકર રાવળ, નંદલાલ બોડીવાળા, ડો. ભાનુરાય શુકલ, ચત્રભુજ દોશી, દુર્લભજી ઉમેદચંદ પરીખ, સૌ. વિજયાબહેન પરીખ, લાભચંદ મેઘાણી, મહેન્દ્ર મેઘાણી, ભીમજીભાઇ સુશીલ, પરમાનંદ કુંવરજી કાપડીઆ, કકલભાઇ કોઠારી, દરબારશ્રી વાજસુરવાળા, વડીઆના દરબાર સાહેબ, દુર્લભજી ખેતાણી, નાથાલાલ શાહ, બળવંતરાય મહેતા આ સમિતિના સભ્યો છે. આ સમિતિ તરફથી મેઘાણીભાઇના મિત્રો, પ્રશંસકો તેમ જ હિંદ તેમ જ હિંદ બહાર સીલોન, બર્મા, આફ્રીકા વગેરે દેશોમાં વસતા ગુજરાતી ભાઇ બહેનોને મેઘાણી સ્મારકમાં ઓછામાં ઓછી રૂા. ૬૦૦ ની રકમ મોકલી આપવાની વિનંતિ કરવામાં આવી છે. આવી રીતે રૂા. ૬૦૦ ની રકમ ભરનાર દરેકને મેઘાણીભાઇનું પોતાના ઘરમાં નિરંતર સ્મરણ રહે તે હેતુથી પ્રસ્તુત સમિતિ તરફથી તૈયાર કરવામાં-આવનાર મેઘાણી સ્મારક ગ્રંથની એક એક નકલ આપવામાં આવશે. આ ગ્રંથનું સંપાદન કાર્ય શ્રી રામાનારાયણ વિશ્વનાથ પાઠક, ઉમાશંકર જોષી, રવિશંકર રાવળ, ભીમજીભાઇ સુશીલ તેમ જ લાભચંદ મેઘાણીને સોંપવામાં આવ્યું છે. આ ગ્રંથમાં શ્રી મેઘાણીભાઇની અનેક છબીઓ સાથે તેમનું સવિસ્તર જીવનચરિત્ર, પસંદ કરાયલું એમનું કેટલુંક કવિતા સાહિત્ય, એમની કેટલીક નાની નાની નવલિકાઓ, તેમની નવલકથાઓમાં આવતા કેટલાક વિશિષ્ટ પાત્રોનાં નિરૂપણો તેમ જ ચિત્રો, તેમનાં ભાષણો તેમ જ લેખો, તેમને અપાયલી અનેક અવસાન-અંજલિઓ તથા તેમની સમગ્ર સાહિત્ય-સેવાનું મૂલ્યાંકન-આવી અનેક બાબતોનો સમાવેશ કરવામાં આવશે. આ ગ્રંથ ૮૦૦ થી ૧૦૦૦ પાનાનો થશે અને કળાની દૃષ્ટિએ તેને શકય તેટલો સુંદર બનાવવામાં આવશે. ઉપર જણાવેલ પ્રસ્તુત સ્મારક ફાળામાં એકઠી થયેલી રકમમાંથી અડધી રકમ સદ્‌ગત મેઘાણીભાઇના કુટુંબને સુપ્રત કરવામાં આવશે અને અડધી રકમમાંથી અમદાવાદ ખાતે થોડા સમયમાં શરૂ થનારી ગુજરાત યુનીવર્સીટીમાં ગુજરાત-કાઠિયાવાડના લોકસાહિત્યના અભ્યાસને ઉત્તેજન અને વેગ મળે તેવી-જો પુરતી રકમ એકઠી થઇ હશે તો લોકસાહિત્યની 'ચેર' અને નહિ તો એવી કોઇ વ્યવસ્થા કરવામાં આવશે.

જેમની સાહિત્ય-તપશ્ચર્યા અજોડ અને અનુપમ છે અને જેમના અકાળ અવસાને ગુજરાત તેમ જ બૃહદ ગુજરાતને અત્યન્ત શોકસંક્ષુબ્ધ કરી નાંખ્યું છે તેવા ગુજરાતના આ પનોતા પુત્ર સદ્‌ગત ઝવેરચંદ મેઘાણીના પ્રસ્તુત સ્મારકને સાહિત્યરસિક નરનારીઓ પુરા ભાવ અને ઉત્સાહથી અપનાવશે એવી આશા રાખવામાં આવે છે. સ્મારક સમિતિએ ધાર્યું હત તો ગુજરાત-કાઠિયાવાડના અનેક ધનવાનો પાસેથી એક ઘણું મોટું સ્મારક ફંડ ઉભું કરી શકેલ હત, પણ એ રીતે એ ફંડ જનતાનું પ્રતિનિધિ બની શકયું ન હોત. શ્રી. ઝવેરચંદ મેઘાણી ગરીબ, મધ્યમ સ્થિતિના અને ધનવાન સૌ કોઇના હતા અને તેમણે સૌ કોઇનો એક સરખો ચાહ મેળવ્યો હતો. ભાઇ મેઘાણી સાચા લોકસેવક હતા. તેથી તેમના સ્મારકનાં સરોવરમાં પાંચ પચાસ મોટા જળપ્રવાહો ઠલવાય તેને બદલે સો સો રૂપીઆની સંખ્યાબંધ સરવાણીઓ ઠલવાય એ જ મેઘાણી-ભાઇના સ્મરણને વધારે અનુરૂપ છે. અલબત્ત તેમના શ્રીમાન પ્રશંસકોએ આ સ્મારકફાળામાં માત્ર સો રૂપીઆ ભરીને સંતોષ ચિન્તવવો ઘટતો નથી. તેમણે બને તેટલી સારી રકમ ભરવી જ જોઇએ અને તેના પરિણામે મળતી સ્મારક ગ્રંથની વધારાની નકલો પોતાના મિત્રોને તેમ જ જાહેર પુસ્તકાલયોને ભેટ આપીને આ સ્મારક કાર્યને ઉભય રીતે શકય તેટલું પ્રોત્સાહન આપવું જોઇએ. પણ સાધારણ સ્થિતિના ભાઇ બહેનોએ પણ આ સ્મારકમાં સો સોની રકમ ભરીને સદ્‌ગત મેઘાણીભાઇ પ્રત્યેના પોતાના દિલના ઉંડાણમાં ભરેલા આદરને મૂર્ત સ્વરૂપ આપવું જ જોઇએ. આપણ સર્વનો આ ધર્મ અને ફરજ છે.

વરસીતપ: ભાઇશ્રી હર્ષચંદ્રને અભિનંદન

જૈન પરંપરામાં 'વરસીતપ'ના નામની એક તપપ્રણાલિ પ્રચલિત છે. એક દિવસ ઉપવાસ અને બીજે દિવસે એકાસણું, બેસણું કે દૈનિક ક્રમ મુજબનો આહાર-આવો પ્રસ્તુત વરસીતપનો ક્રમ છે. જૈનોના પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવે અમુક સંયોગવશાત્ એક વર્ષના સતત ઉપવાસો કરેલા-એ ઘટનાના સ્મરણમાં ઉપર જણાવ્યા મુજબના વરસીતપની પ્રણાલિકા જૈન સમાજમાં લાંબા કાળથી રૂઢ થયેલી છે અને અનેક જૈનો અને મોટા ભાગે જૈન બહેનો આવું વરસીતપનું વ્રત લે છે અને વૈશાખ શુદ ૪ થી શરૂ કરીને પછીના વર્ષની વૈશાખ શુદ ૩-અક્ષય તૃતીયા-ના દિવસે એ વ્રતની સમાપ્તિ કરવામાં આવે છે અને શેરડીના રસના અનુપાનથી તે દિવસે પારણું કરવામાં આવે છે અને એ વ્રતની પૂર્ણાહુતિનું સૌ કોઇ પોતપોતાની શકિત મુજબ ઉદ્યાપન કરે છે.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના અગ્રગણ્ય સભ્ય શ્રી. હર્ષચંદ્ર કપુરચંદ જેમના મુદ્રણાલયમાં આપણું 'પ્રબુદ્ધ જૈન' વર્ષોથી છપાય છે તેમણે ઉપર જણાવેલું વરસીતપ ગયા વર્ષે શરૂ કરેલું અને ગઇ અક્ષયતૃતીયાને રોજ તેમણે તે વ્રતની પૂર્ણાહુતિ કરી. આવું વરસીતપ અનેક જૈન ભાઇઓ તેમ જ બહેનો કરે છે પણ ભાઇ હર્ષચંદ્રના વરસીતપની વિશેષતા એ છે કે છેલ્લા આઠ મહીનાથી તેમને વ્યાપારવૃદ્ધિ અર્થે પરદેશ-સીંગાપુર, મલાયા, સુમાત્રા વગેરે દૂર દેશોમાં ચાલુ પરિભ્રમણ કરવાનું બન્યું એમ છતાં પણ ગમે તેટલી અગવડો તથા મુશ્કેલીઓ વેઠીને પોતે શરૂ કરેલા વરસીતપને તેઓ વળગી રહ્યા અને તે પણ પૂરી પ્રસન્નતા અને ઉલ્લાસ પૂર્વક. આ તેમની અડક ટેક અને જૈન ધર્મ વિષેની અપૂર્વ શ્રધ્ધાનું દ્યોતક છે. આ માટે તેમને જૈન સમાજના હાર્દિક અભિનન્દન ઘટે છે. 'કર્મે શૂરા, ધર્મે શૂરા' એ કહેવત ભાઇ હર્ષચંદ્રે વર્ષપર્યન્તના તપશ્ચરણને પૂર્ણ કરીને ખરી પાડી છે. તેમનો વ્યવસાય તેમ જ ધર્મોપાસના ઉત્તરોત્તર વિકસતી રહે એમ આપણે સૌ અન્તરથી ઇચ્છીએ!

લગ્ન વિચ્છેદનો કાયદો-એક ભુલસુધાર

તા. ૧૫-૪-૪૭ ના પ્રબુદ્ધ જૈનમાં આ મથાળાની નોંધમાં કાયદાથી લગ્નવિચ્છેદ મળી શકે તેવાં કારણોની યાદીમાં પ્રતિવાદીના બબર અન્તર ન હોય એવું એક પાંચમું કારણ આપવામાં આવ્યું છે તેમાં કેટલા સમય સુધી બબર અન્તર ન હોય એને લગતી મુદતનો ઉલ્લેખ કરવો રહી ગયો છે. આ મુદત સાત વર્ષથી વધારે કાળની હોવી જોઇએ એમ આ બાબતને લગતો કાયદો જણાવે છે.

પરમાનંદ.

સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહ

જૈન સમાજને નમ્ર વિજ્ઞાપન

સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહ સદ્‌ગત સાક્ષર શ્રી વાડીલાલ મોતીલાલ શાહનો જૈન સમાજને એક ગૌરવપ્રદ વારસો છે. આજથી લગભગ ૩૦ વર્ષ પહેલાં જ્યારે જૈન સમાજની કેળવણીના પ્રશ્નો કેવળ ફીરકાલેહની દૃષ્ટિએ જ વિચારવામાં આવતા હતા ત્યારે સદ્‌ગત વાડીલાલ મોતીલાલ શાહે તેમ જ તેમના ભાગીદાર શ્રી. મણિલાલ મોકમચંદ શાહે ઉભયની મેસર્સ બી. મણિલાલ કંપનીમાંથી રૂા. ૩૧,૦૦૦ ની રકમ આપીને ત્રણે ફીરકાના ઉચ્ચ શિક્ષણ લેતા જૈન વિદ્યાર્થીઓને રહેવા વગેરેની સગવડ આપતી આ સંસ્થાની પ્રીન્સેસ સ્ટ્રીટમાં આવેલ પીરભાઇ બીલ્ડીંગ નં. ૨ માં શરૂઆત કરી હતી. એ સંસ્થા છેલ્લાં ૨૫ વર્ષથી મુંબઈ હાઇકોર્ટે નક્કી કરી આપેલ ધોરણ મુજબ ચાલી રહી છે અને આશરે ૪૦ વિદ્યાર્થીઓ તેનો લાભ લે છે. સંસ્થા પાસે રૂા. ૫૬,૦૦૦ ની લોન છે અને તેના વ્યાજમાંથી નિર્વાહ કરવાનો હોઇને વિદ્યાર્થીઓને માત્ર રહેવાની સગવડ આપવા ઉપરાંત વિશેષ કશું પણ થઇ શકતું નથી. આજે શ્રી મહાવીર જૈન વિદ્યાલય તેમજ જૈન એજ્યુકેશન સોસાયટી ભિન્ન ભિન્ન ફીરકાઓના વિદ્યાર્થીઓને સારા પ્રમાણમાં સંભાળી રહેલ છે તેમજ તેમને અનેક પ્રકારની સગવડો આપે છે. તથા ધાર્મિક શિક્ષણનો પણ પ્રત્યેક સ્થળે સારો પ્રબંધ કરવામાં આવ્યો છે. પણ કશા પણ ફીરકાભેદ સિવાય જૈન વિદ્યાર્થીઓને સગવડો આપવાની જવાબદારી મુંબઇ ખાતે માત્ર સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહ જ વહન કરે છે. આજે આવી મદદની અપેક્ષા ધરાવતા જૈન વિદ્યાર્થીઓની સંખ્યા બહુ મોટા પ્રમાણમાં વધતી ચાલી છે અને જગ્યા અને સગવડના અભાવે વિદ્યાર્થીઓની સંખ્યાબંધ અરજીઓ પાછી ઠેલવી પડે છે. સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહને અન્ય છાત્રાલયોની માફક બીજી પણ અનેક રીતે વિકસાવવાની ખાસ જરૂર છે. જૈન સમાજ ધારે તો આ સંસ્થાને આખા જૈન સમાજનું મુંબઇ ખાતેનું એક મહત્વનું શિક્ષણકેન્દ્ર બનાવી શકાય અને એ ભૂમિકા ઉપર જૈન સમાજની સાચી એકતાનો પાયો રચી શકાય. આ બધા મનોરથો સંસ્થાને પોતાનું મકાન ન હોય ત્યાં સુધી પાર પડવા અશકય છે અને તેથી સંસ્થા માટે આશરે ૧૦૦ વિદ્યાર્થીઓ રહી શકે તેવું એક સાધનસંપન્ન મકાન ઉભું કરવા માટે બે લાખ રૂપીઆ એકઠા કરવાની પ્રવૃત્તિ અમોએ કેટલાક સમયથી શરૂ કરી છે. આ ફાળાની શરૂઆત અમારામાંના એક બંધુ, સંસ્થાના ટ્રસ્ટી અને મુખ્ય સંચાલક શ્રી મણિલાલ મોકમચંદ શાહે રૂા. ૧૦૦૦૦ આપીને કરી છે અને તે ફાળામાં આજ સુધીમાં રૂા. ૮૬૦૦૭ ની રકમ ભરાઇ ચુકી છે જેની વિગતવાર યાદી નીચે આપવામાં આવી છે. સાધારણ રીતે અમોએ હજાર હજારની રકમની જ માંગણી કરી છે, જો કે જે કોઇ જૈન બંધુ કે બહેન જેટલું વધારે આપે તેટલું સવિશેષ આવકારદાયક છે અને આજે પણ અમારા રૂા. ૨૦૦૦૦ ના સીમાચિહ્નને અમો જલ્દીથી પહોંચી શકીએ અને મકાન બંધાવવાનું કાર્ય અમો સ્વસ્થ ચિત્તે સત્વર હાથ ધરી શકીએ તે માટે જૈન સમાજના સુસ્થિત ભાઇ બહેનોને સંયુક્ત જૈન વિદ્યાર્થી ગૃહના ઉદાત્ત અને વિશાળ ઉદ્દેશોને લક્ષ્યમાં લઇને હજાર હજારના જ ધોરણે પોતાનો ઉદાર હાથ બને તેટલો લંબાવવા અમો આગ્રહપૂર્વક વિનંતિ કરીએ છીએ. અલબત્ત આજે સમય બદલાતો ચાલ્યો છે; વ્યાપારમાં મંદીનું પુર આવી રહ્યું છે; આમ છતાં પણ લડાઇનું ધન હજુ ઢગલાબંધ સંગ્રહાયલું પડયું છે. જૈન સમાજનો શ્રીમાન વર્ગ ધારે તો આ અમારી માંગણી બહુ જ સહેલાઇથી અને તરતમાં જ પુરી કરી શકે તેમ છે. તો જેમાં જૈન સમાજની ઉછરતી પેઢીને અત્યન્ત જરૂરી અવલંબન પુરૂ પાડવાનો સવાલ છે અને જેમાં જૈન સમાજનો ઉત્કર્ષ સધાય એવી અનેક શકયતાઓ ભરેલી છે એવા સંયુક્ત જૈન વિદ્યાર્થી ગૃહને સંગીનપણે વિકસાવવાના અમારા આ પ્રયત્નને જૈન સમાજનો સુસ્થિત વર્ગ આવકારશે અને પુરેપુરો ટેકો આપશે એવી અમો આશા તેમજ વિશ્વાસ ધરાવીએ છીએ. સાથે સાથે આ સંસ્થાનો લાભ લઇને પસાર થયેલા એવા કેટલાય વિદ્યાર્થીઓ છે કે જેઓ આજે બહુ સારી સ્થિતિમાં ગોઠવાયા છે. આ ભાઇઓને પણ પોતાથી બને તેટલી મદદ કરવા તેમજ પોતાની લાગવગ પહોંચતી હોય ત્યાંથી મદદો મેળવી આપવા અને એ રીતે આ સંસ્થા પ્રત્યેનું ઋણ અદા કરવા અમો ખાસ વિજ્ઞપ્તિ કરીએ છીએ.

મદદ મોકલવાનું ઠેકાણું:-**શ્રી. મણિલાલ મોકમચંદ શાહ.** ૮૧, નાગદેવી ક્રોસ લેન નં. ૧, મુંબઇ ૩.

લી૰ આપના

માણેકલાલ અમુલખરાય મહેતા
મણિલાલ મોકમચંદ શાહ
ચીમનલાલ ચકુભાઇ શાહ

શાન્તિલાલ હરજીવન શાહ
શાન્તિલાલ વાડીલાલ શાહ

ટ્રસ્ટીઓ, સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહ.

૧૦૦૦૦]	શ્રી. મણિલાલ મોકમચંદ શાહ	૧૫૦૦]	,, માણેકલાલ અમુલખરાય મહેતા	૧૦૦૦]	,, હીરાલાલ અમૃતલાલ શાહ
૭૫૦૦]	,, ચીમનલાલ પી. શાહ ખંભાતવાળા	૧૦૦૦]	,, ટી. જી. શાહ	૧૦૦૦]	,, ભોગીલાલ લહેરચંદ
		૧૦૦૦]	,, મનુભાઇ ડી. શાહ અમદાવાદ	૧૦૦૧]	સર ચુનીલાલ ભાઇચંદ મહેતા
૫૦૦૦]	,, અમૃતલાલ દલપતભાઇ શેઠ જન્મભૂમિવાળા.	૧૦૦૦]	,, બાબરભાઇ અને ફકીરાભાઇ રાંદેરી.	૧૦૦૦]	શ્રી. કાંતિલાલ ભોગીલાલની કું.
				૧૦૦૦]	,, હેમચંદ મોહનલાલની કું.
૩૦૦૦]	,, લાલચંદ હીરાચંદ.	૧૦૦૦]	,, મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ	૧૦૦૧]	એક ગૃહસ્થ તરફથી હા. શ્રી. રમણીકલાલ એમ. શાહ
૨૦૦૦]	,, ધીરજલાલ એન. શ્રોફ	૧૦૦૦]	,, પ્રવીણચંદ્ર હેમચંદ અમરચંદ		
૨૦૦૦]	,, ધીરજલાલ જીવણલાલ કેશરીચંદ.	૧૦૦૦]	,, ચંદુલાલ વર્ધમાન શાહ	૧૦૦૦]	શ્રી. શાંતિલાલ મગનલાલ શાહ
		૧૦૦૦]	,, ચંદુલાલ સારાભાઇ મોદી	૧૦૦૦]	,, મણિલાલ બાલાભાઇ નાણાવટી

૧૦૦૭	,, સરૂપચંદ એન. શ્રોફ	
૧૦૦૭	,, અમૃતલાલ કાળીદાસ–શેરબજાર	
૧૦૦૭	,, શ્રેયાંસપ્રસાદ જૈન.	
૧૦૦૭	ડો. અમીચંદ છગનલાલ-સુરત	
૧૦૦૦	શ્રી. મંગળદાસ જેઠાભાઇ મીસ્ત્રી	અમદાવાદ.
૧૦૦૭	,, મણિલાલ વાડીલાલ અબ્બા	અમદાવાદ.
૧૦૦૭	,, સારાભાઇ ડાહ્યાભાઈ-અમદાવાદ	
૫૦૭	,, પ્રેમચંદ ચતુર્ભુજ ભાયાણી.	
૨૦૦૭	,, બી. દુર્લભજીની કું.	
૧૦૦૭	,, અમૃતલાલ જેસિંગભાઇ	
૧૦૦૧	,, કસ્તુરચંદ જુઠાભાઈ હા. ચંદુભાઇ.	
૧૦૦૭	,, રતીલાલ નથુભાઇ	
૧૦૦૭	,, છોટાલાલ ચીમનલાલ મુનસફ	સુરત.
૧૦૦૭	શ્રી. ભાઇચંદ રૂપચંદ દોશી	
૧૦૦૧	,, તાપીદાસ જેઠાભાઇ દલાલ	
૧૦૦૧	,, એચ. બી. શાહની કું.	
૧૦૦૧	,, આનંદીલાલ બેચરદાસની કું.	
૧૦૦૧	,, વીરચંદ પાનાચંદ શાહની કું.	
૧૦૦૭	,, મહાસુખરામ લલ્લુભાઇ ટ્રસ્ટ	અમદાવાદ
૧૦૦૧	,, વાલજી લધાની કું.	
૧૦૦૭	,, જયંતિલાલ લલ્લુભાઇ પરીખ	
૧૦૦૭	,, લીલાવતીબહેન દેવીદાસ	
૧૦૦૭	,, ચુનીબહેન. શ્રી. ચીમનલાલ માનચંદનાં માતુશ્રી	
૧૦૦૭	,, કામાણી બ્રધર્સ	
૧૦૦૭	,, મણિલાલ જેઠાલાલ શાહ–	અમદાવાદ
૧૦૦૭	ડો. ચીમનલાલ એન. શ્રોફ	
૧૦૦૭	,, કાંતાબહેન અંબાલાલ એલ.	પરીખ.
૧૦૦૭	,, ભગવાનલાલ હરખચંદ	
૧૦૦૭	,, રવજી સોજપાળ	
૧૦૦૭	,, શાંતિલાલ જીવણલાલ	
૧૦૦૭	,, અમુલખ અમીચંદની કું.	
૧૦૦૭	,, પ્રેમચંદ વેલજી મહેતા	
૧૦૦૭	,, હાથીભાઇ ગજાલચંદ મહેતા	
૧૦૦૭	,, હરજીવન નાગરદાસની કું.	હા. પ્રાગજીભાઇ
૧૦૦૭	,, અંબાલાલ એલ. પરીખ	
૪૫૦૭	,, કેટલાક ગૃહસ્થો તરફથી.	
૮૬૦૦૭		

ડાહ્યાભાઈ બાલાભાઈ કોરા નિબંધમાળા

ઇનામી હરીફાઇ

શ્રી. છોટાલાલ બાલાભાઇ કોરા તરફથી તેમના સદ્‌ગત પિતાશ્રી બાલાભાઇ ગુલાબચંદ કોરાની ઇચ્છા અનુસાર તેમના સદ્‌ગત વડિલ બંધુના સ્મરણાર્થે એક ઇનામી નિબંધમાળાની યોજના અને તેમાં જણાવ્યા મુજબ રૂા. ૪૦૦ ની રકમ અમારી ઉપર મોકલી આપવામાં આવી છે, અને આ નિબંધમાળા "ડાહ્યાભાઇ બાલાભાઇ કોરા નિબંધમાળા"ના નામથી ઓળખાય એવી ઇચ્છા તેમણે વ્યક્ત કરી છે. શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિએ આ યોજનાનો અમલ કરવાનો ઠરાવ કર્યો છે. આ રીતે જૈન સમાજના વિચારકોને આખા જૈન સમાજના ભાવી વિષે પોતાના વિચારો વ્યવસ્થિત આકારમાં રજુ કરવાની તક ઉભી કરવા માટે શ્રી છોટાલાલ બાલાભાઈ કોરાનો સંઘની કાર્યવાહક સમિતિ તરફથી આભાર માનવામાં આવે છે. આ યોજનાનો કેવો લાભ લેવામાં આવે છે તે ધ્યાનમાં લઇને આગળ ઉપર આવા જ કોઇ અન્ય વિષયો ઉપર ઇનામી નિબંધો લખાવવાની પ્રવૃત્તિ ચાલુ રાખવા પોતાની ઇચ્છા છે એમ શ્રી છોટાલાલ બાલાભાઇ કોરા તરફથી અમને જણાવવામાં આવ્યું છે. પ્રસ્તુત યોજનાની વિગતો નીચે મુજબ છે.

વિષય : "આધુનિક સમયને અનુલક્ષીને જૈન ધર્મ અને સમાજ (ચતુર્વિધ સંઘ) નો ઉત્કર્ષ કેમ થાય ?"

ઇનામ : આ વિષય ઉપર એકત્ર થયેલા નિબંધોમાંથી સૌથી સારો નિબંધ લખી મોકલનારને **રૂા. ૨૫૦** અને તેથી ઉતરતો નિબંધ લખી મોકલનારને **રૂા. ૧૫૦** નું ઇનામ આપવામાં આવશે.

હરીફાઇ કોણ કરી શકે ? આ હરીફાઇમાં માત્ર જૈનો જ ભાગ લઇ શકશે.

નિબંધનું કદ : ફુલ્સકેપ આઠ પેજના ૩૨ છાપેલાં પાનાં થાય એ આસપાસ.

ભાષા : નિબંધની ભાષા ગુજરાતી અથવા હિંદી હોવી જોઇએ.

સમય : ચાલુ વર્ષના ઓગસ્ટ માસની આખર તારીખ સુધીમાં જે નિબંધો મળ્યા હશે તેટલા નિબંધો જ હરીફાઇમાં સામેલ કરવામાં આવશે.

પરીક્ષક સમિતિ : આ નિબંધો તપાસવા તેમ જ પહેલા તથા બીજા ઇનામની યોગ્યતા નક્કી કરવા માટે નીચે મુજબ પરીક્ષક સમિતિ નીમવામાં આવે છે. પંડિત સુખલાલજી, શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ, શ્રી. પરમાનંદ કુંવરજી કાપડીઆ, શ્રી. શાન્તિલાલ હરજીવન શાહ શ્રી. છોટાલાલ બાલાભાઇ કોરા.

નિબંધોની માલેકી : આ હરીફાઇ માટે મોકલવામાં આવેલા સર્વ નિબંધો ઉપર પ્રકાશન વગેરેની સર્વ માલેકીના હક્કો શ્રી મુંબઇ જૈન યુવક સંઘને રહેશે. તેમજ જે નિબંધોને ઇનામો મળ્યા હશે તે નિબંધો પ્રગટ કરવાનો શ્રી છોટાલાલ બાલાભાઇ કોરાને પણ હક્ક રહેશે.

આ સરતો ધ્યાનમાં રાખીને ઉપર જણાવેલ વિષય ઉપર વિચારપૂર્ણ લેખો લખી મોકલવા જૈન સમાજના વિદ્વાન તેમ જ અનુભવી ભાઇ બહેનોને અમારી સવિનય પ્રાર્થના છે.

૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ,
મુંબઇ ૩.

મણિલાલ મોકમચંદ શાહ
દીપચંદ ત્રીભોવનદાસ શાહ
વેણીબહેન વિનયચંદ કાપડીઆ
મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ.

ધાર્મિક અધ્યાપકો થવા ઇચ્છતા વિદ્યાર્થીઓને મદદ

—:o:—

જુદા જુદા સ્થળે રહી જૈન તત્વજ્ઞાનનો અભ્યાસ કરી આવા વિદ્યાર્થીગ્રહોમાં ધાર્મિક અધ્યાપકો તરીકે કાર્ય કરી શકે તેવા વિદ્યાર્થીઓને મદદ અને સગવડ આપવા શ્રી મહાવીર જૈન વિદ્યાલયે (ગોવાળીઆ ટેંક રોડ, મુંબઇ ૨૬) યોજના કરેલ છે. આ યોજનાનો લાભ લેવા ઇચ્છતા વિદ્યાર્થીઓએ નક્કી કરેલ અરજીપત્રક ઉપર તા. ૧૫ મી જુન ૧૯૪૭ સુધીમાં અરજી કરવી.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266.

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૯
અંક : ૨

મુંબઈ: ૧૫ મે ૧૯૪૭ ગુરૂવાર.

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

ગાંધીજી અને જવાહરલાલ: વ્યક્તિત્વ અને નેતૃત્વની એક તુલના

મૂળ અંગ્રેજી લેખક શ્રી કૃષ્ણ કૃપાલાની

આત્યારે જેઓ વર્તમાન હિંદનો ઇતિહાસ સરજી રહ્યા છે તેમાં પંડિત જવાહરલાલ નહેરૂનું સ્થાન વિશિષ્ટ કોટિનું છે. એક ગણનાપાત્ર રાજકીય પરિબળ લેખે તેમજ એક આદરપાત્ર વ્યક્તિત્વ લેખે હિંદી પરિસ્થિતિ પરનું તેમનું પ્રભુત્વ માત્ર ગાંધીજીથી જ ઉતરતું છે. રાજકીય પરિબળ તરીકે એમનો તોલ બાંધવો ફાવે તેમ નથી; અને વ્યક્તિત્વનું પૃથક્કરણ કરવું એથી પણ મુશ્કેલ છે. એક માત્ર ગાંધીજીને અપવાદરૂપ ગણીએ તો બીજા કોઇ પણ નેતા કરતાં હિંદમાં એ વિશેષ પ્રીતિપાત્ર છે. અને હિંદ બહાર એમની પ્રતિષ્ઠા ગાંધીજીથી પણ ચડિયાતી છે એમ કહેવાય છે. બીજા ઘણા કોંગ્રેસ-નેતાઓની બાબતમાં બન્યું છે તેમ એમની લોકપ્રિયતા માત્ર એમના પોતાના પ્રાન્તપૂરતી મર્યાદિત નથી. એ સૌના લાડીલા છે અને જ્યાં જાય છે ત્યાં પ્રશંસાભરપૂર હૈયે લોકોના ટોકેટોક એમને જોવા સાંભળવા ઉલટે છે. જનતાના સઘળા વર્ગો એમના પર વારી જાય છે ગરીબો એમના પર વારી જાય છે કેમકે તેમને એ પોતાના ઉદ્ધારક ગણે છે; ધનવાનો વારી જાય છે કેમકે એ ગર્ભશ્રીમંત છે; વિદ્વાનો પર એ પોતાનાં લખાણોથી છાપ પાડે છે અને ટોળાંને એ વાગ્વૈભવથી મોહમૂર્ચ્છા પમાડે છે. ક્રાન્તિવાદીઓ એમની આગઝરતી વાણીના પ્રશંસકો છે; અને ફેશનેબલ સન્નારીઓ એમની મોહક મુખાકૃતિ અને સંસ્કારી વાર્તાલાપનાં વખાણ કરતાં ધરાતી નથી. રાજકીય દૃષ્ટિએ યુરોપને ભારતનું જે આહ્વાન છે તેના એ પ્રતીકરૂપ છે; બૌદ્ધિક દૃષ્ટિએ હિંદ પર પશ્ચિમનું જે ઋણ છે તેના એ સંકેતરૂપ છે; આધ્યાત્મિક દૃષ્ટિએ પૂર્વ અને પશ્ચિમ બંને વચ્ચે એ ઝોલાં ખાય છે. હિંદની જનતા એમને ભક્તિભાવે નમે છે; યુરોપના બુદ્ધિવાદીઓ એમને પ્રશંસે છે.

યુરોપવાસીઓને ગાંધીજી જેટલા અગમ્ય છે તેટલા પંડિતજી અગમ્ય નથી. પશ્ચિમને સદાય અકળ ગૂઢ એવા પૂર્વનો એ પર્યાય નથી. ગાંધીજીના સમાગમમાં આવીને યુરોપવાસી મુંઝાય છે. ગાંધીજીના વ્યક્તિત્વનો પ્રતાપ એને સ્પર્શે છે, એનો જાદુ પણ એ અનુભવે છે, ક્રાઇસ્ટની પ્રતિમાની જેમ એને એ અંતરથી સન્માને પણ છે, અને છતાં ગાંધીજી એને ગહન, અકળ લાગે છે. કયે વખતે એ શું કરશે એ સાવ અકલ્પ્ય હોય છે. એ એક એવી પ્રતિભા છે જેની ઘટનાનો પાર એ પામી શકતો નથી.

પરંતુ જવાહરલાલના સંસર્ગમાં આવ્યાથી યુરોપવાસીને આવી મુંઝવણ થતી નથી. એને એ ઘરના માણસ જેવા લાગે છે. એને લાગે છે કે આ કોઇ એવું માણસ છે જે પોતાની માફક વાત કરે છે અને પોતાના સમાજની શ્રેષ્ટ વ્યક્તિની જેમ વિચારે છે. વીરો જે માટીમાંથી ઘડાય છે તે માટીના નેહરૂ ઘડાયા છે. એમનો ભાવનાવાદ યુરોપવાસીને સુપરિચિત છે; એમની જીવનશ્રદ્ધા ઇહલોક સાથે જડાયેલી છે; એમનાં મૂલ્યો નૈતિક છે; એમની વિચારણાં બુદ્ધિગમ્ય છે; એમના માનસિક પ્રત્યાઘાતોની પૂર્વકલ્પના કરી શકાય તેમ છે. ટુંકમાં વીસમી સદીના સંસ્કારી મનુષ્ય પાસેથી જે વર્તાવની આશા રાખીએ તે રીતે એ વર્તે છે.

નેહરૂ પ્રકૃતિએ કરીને ભારતીય નથી એમ કહેવું એ તો વર્તમાન ભારતને ઘડી રહેલાં પરિબળોનો ઊંધો અર્થ બેસાડવા જેવું થશે. હજારો વર્ષોના જીવનમાં જે સ્વરૂપ ભારતે પ્રત્યક્ષ કર્યું છે તેટલું જ તે નથી; એનાં ગામડાંમાં વસતા લાખ્ખો ને કરોડો મનુષ્યોને જોઇને પણ એના સ્વરૂપનું સંપૂર્ણ આકલન થઈ શકે તેમ નથી; ભારત છે તે જ નથી, પણ જે થવા માગે છે તે પણ છે. એના જાગ્રત બુદ્ધિશાળી જનો એને જે ઘાટ આપવાની આકાંક્ષા સેવે છે તે પણ એ છે. વિદેશી સંસ્કૃતિએ આઘાત આપી આપીને એને એના કોચલામાંથી બહાર આવવાની, જૂનાં મૂલ્યોનો નવી પલટાતી દુનિયાના પ્રકાશમાં નવો તોલ બાંધવાની એને ફરજ પાડી હોય એવું કંઇ ભારતના ઇતિહાસમાં પહેલી જ વાર નથી બન્યું. નવો સંવાદ ઉપજાવવાને હજી આજે પણ મથી રહેલા, નવા ને જૂના વચ્ચેની હજી પણ અસિદ્ધ એવી સમસ્થિતિના નિર્માણનું પ્રસવકષ્ટ વેઠી રહેલા, જે તાત્ત્વિક ને વાસ્તવિક છે તેનો મિથ્યા ને અવાસ્તવિકથી ભેદ કરવાને હજી પણ અસમર્થ એવા હિંદના જવાહરલાલ પ્રતિનિધિ છે. આજ સુધી હતું તે હિંદ સાથે એમનો તાલ મળતો ન દેખાતો હોય તો તેનું કારણ એ છે કે હવે પછી હિંદ જેવું થવું જોઇએ એમ એ ધરાછે છે તેની સાથે એમનો તાલ મળી ચૂક્યો છે. આ પ્રકારનો અનુભવ કરનાર આ દેશમાં એ કંઇ એકલા નથી. હિંદના સમસ્ત બુદ્ધિજીવી વર્ગનો એમાં એમને સાથ છે. ફેર માત્ર એટલો છે કે નેહરૂના સારા ય ઉછેરને લીધે અને નાનપણમાં ઇંગ્લંડમાં રહીને લીધેલી કેળવણીને લીધે એમની બાબતમાં આ મનોભાવ વિશેષ સ્વાભાવિક બની રહ્યો છે. ભારતના આત્માની ખોજ કરતાં એ શીખ્યા તે પહેલાં કયારનાય પશ્ચિમનું હાર્દ એ પામી ચૂક્યા હતા. એ અભિજ્ઞાનની પ્રક્રિયા લાંબી, દુષ્કર, વેદનાભરી હતી, છતાં એને અંતે જે હરખચખકનો એમને અનુભવ થયો તે તો ચેપમેનનો હોમર વાંચીને કીટ્સે જે આનંદ એના સોનેટમાં ઠાલવ્યો છે તેની યાદ આપે છે. અજાણીને ધાવીને ઉછરેલા બાળકના જેવી એમની દશા છે. પોતાની સાચી માતાને ઓળખતાં એમને ઘણો વખત લાગ્યો અને હવે જ્યારે ઓળખી છે ત્યારે પણ એના ખોળામાં માથું મૂકીને ભવનો ભાર ભૂલી જવાને હજી એમને સભાન પ્રયાસ કરવો પડે છે.

આ સંક્રાન્તિસમયના ભારતના ગાંધીજી પણ એક પ્રતિનિધિ છે. પશ્ચિમથી એ પણ પ્રભાવિત થયા છે, પણ સાવ જુદી રીતે. નેહરૂ પશ્ચિમવાટે હિંદમાં આવ્યા; ગાંધીજી હિંદમાં રહીને પશ્ચિમને નિહાળે છે. એક બહાર રહીને હિંદને પ્રભાવિત કરે છે; બીજો અંદરથી એની સુરત પલટી રહ્યો છે, જ્યાં સુધી આ બંને પ્રક્રિયાઓ ને તેમનાં

પરિણામો એકમેકનો છેદ નથી ઉડાવતાં ત્યાં સુધી બંને આવશ્યક અને આરોગ્યપ્રદ છે. ગાંધીજી પોતાની રીતે અપૂર્વ હોવા છતાં રૂંવે રૂંવે એવા તો ભારતીય છે કે એ લગભગ ભારત પોતે જ છે. આપણે હિંદુઓ જેને અવતાર કહીએ છીએ તેવા એ ભારતના અવતાર છે, ભારતના આત્માનું વ્યકત રૂપ છે. હિંદની પાંચ હજાર વર્ષની તપસ્યા એમની નાડીઓમાં વહે છે. ભારતના આત્મા સાથે એ એવા તો ઓતપ્રોત બની ગયા છે કે એમની "મધ્યકાલીન મનોદશા" નહેરુની આધુનિક મનોદશા કરતાં યે વધુ આધુનિક બની શકે તેવી ખૂબીવાળી છે. ભારતીય આકાંક્ષાને વધારે સચોટપણે એ સિદ્ધ કરે છે અને ભારત પણ તરત એને અનુકૂળ બની જાય છે. પશ્ચિમ કનેથી એ જે કંઈ લે છે–અને બીજા કોઈ પણ હિંદીએ લીધું હશે તેટલું પોતાની રીતે એમણે પશ્ચિમ કનેથી લીધું છે જ–તેને ગાંધીજી તત્કાલ ભારતીય રૂપ આપી દે છે. જેમ કોઈ સર્જક કલાકાર પારકા સાહિત્યમાંથી કોઈ વાકય કે વિચાર લઈ આવે છે ત્યારે પ્રથમ એને આત્મસાત્ કરે છે તેમ વિદેશમાંથી ગાંધીજી જે કંઈ લઈ આવે છે તેનામાં આપણી સંસ્કૃતિને અનુરૂપ, એવા પ્રાણ, એવું વ્યક્તિત્વ પૂરે છે કે કોક દિવસ એ ને એ જ વસ્તુ પશ્ચિમને આપણે ત્યાંથી ઉછીની લેવા આવવું પડે. બીજી રીતે કહેવું હોય તો, શું ક્રાન્તિકાર તરીકે કે શું રાજનીતિજ્ઞ તરીકે ગાંધીજી સર્વોચ્ચ કક્ષાના કલાકાર છે. ગાંધીજી હિંદને ઘડે છે અને નેહરૂ હિંદને ખોજે છે તેનું કારણ પણ આ જ છે. અને ગાંધીજીની કાર્યલિપિ જેમને અવગત છે તેવા એમના દેશબાંધવોને એકલાને જ ગાંધીજી સુગમ્ય છે તેનું કારણ પણ આ જ. ગાંધીજીને સમજવાને માટે ગાંધીજીની કાર્ય–લિપિનું પોતાની લિપિમાં રૂપાન્તર કરવાની પરદેશીઓને ફરજ પડે છે; પણ મૂલગત સંસ્કૃતિભેદને લીધે આ પ્રકારનો મેળ બેસાડવાનું એમને ફાવતું જ નથી. ગાંધીજી એમને પ્રત્યાઘાતી, જૂનવાણી, પ્રગતિશત્રુ લાગે છેઃ બહુ કરે તો ચક્રમ્ સાધુ જેવા અને તેમ નહિ તો ગુલાંટબાજ મુત્સદ્દી જેવા લાગે છે!

પણ નેહરૂ એમને સીધા સાદા, સુગમ્ય અને આદરપાત્ર લાગે છે. પરદેશીને એ અકળાવી મૂકતા નથી અમેરિકાવાસી, યુરોપવાસી, ચીનવાસી બધા તેમને સમજી શકે છે. એ પોતે ગમે તે દેશના વતની થઈ શકયા હોત. નેહરૂ જે ગુણો પ્રગટ કરે છે તે અહિંદી નથી; પણ ત્યારે તે ખાસ હિંદના જ કહી શકાય તેવા પણ નથી. સઘળી સમર્થ સંસ્કૃતિઓમાં સર્વસામાન્ય એવા એ ગુણો છે. દુનિયાના કોઈ પણ મહાન સુસંસ્કૃત દેશમાં એ જન્મ્યા હોત ને જેવા છે તેવા જ હોત. ગમે ત્યાં એ સન્માનાયા વિના ન રહેત. રાજકીય ઝંઝાવાતના સમયમાં ઉદ્ધત પશુબળને પડકારનારા અને ન્યાય અને સ્વાતંત્ર્યને રક્ષનારા એ વીરને લોકોએ પોતાના નાયક કરીને સ્થાપ્યા હોત. શાન્તિ અને સમૃદ્ધિના સમયમાં આગળ પડતા ઉદ્ધાર મત ધરાવતા બુદ્ધિવાદી તરીકે પોતાનો પ્રભાવ એ સ્થાપી શકયા હોત અને લોભ અને જડતાને ધિક્કારી કાઢી જીવનનાં સૂક્ષ્મ મૂલ્યો એ આગ્રહથી સ્થાપતા હોત. કોઈ પણ પ્રજા જેને વિષે ખુશીથી ગર્વ ધરી શકે, જેના સ્મરણમાત્રથી સઘળા રાષ્ટ્રોનાં નરનારીઓમાં સન્માનવૃત્તિ ઉભરાઈ આવે એ પ્રકારની એમની માનવતા છે.

હિંદના રાજકારણમાં નેહરૂનું સ્થાન અપૂર્વ છે. નેતા તરીકે એમણે સત્તા કરતાં મહત્તા વિશેષ સંપડાવી છે. ભકિત કરતાં આદરના એ વિશેષ અધિકારી ઠર્યા છે. મુત્સદ્દી તરીકે એ સમર્થ છે પરંતુ હજી પરિણામદાયી નીવડયા નથી. એમની શેહ બધે પડે છે પરંતુ ધારે એ દિશામાં ઘટનાપ્રવાહને વાળવાને એ હજી અસમર્થ છે. પ્રજાના એ લાડીલા છે પણ તેના સ્વામી નથી. ભિન્ન ભિન્ન દિશામાં ગતિ કરતાં જે બળો પ્રવર્તી રહ્યાં છે તેમની મધ્યમાં બૃહદાત્મક અગત્યનું જે સ્થાન એ ધરાવે છે તેમાં જ તેમનું બળ સમાયલું છે. એ ગાંધીવાદી નથી તો પણ બીજો કોઈ ન હોય એટલા બધા એ ગાંધીજીના પ્રેમ અને વિશ્વાસના અધિકારી છે. પ્રૌઢ લોકનાયકોને એમની નિષ્ઠાનું મૂલ્ય વસે છે જ્યારે એ જ પ્રૌઢોના યુવાન પ્રતિસ્પર્ધીઓ જવાહરની નિર્ભયતા પર વારી જાય છે. મધ્યમમાર્ગી ગાંધીવાદીઓને એ સર્વથા અનિવાર્ય છે; જ્યારે ઉદ્ધામવાદીઓને એ અનુકૂળ પડે તેમ છે. રાષ્ટ્રવાદીઓને ધરપત વળે તેટલા એ આક્રમણશૂર છે; સામ્યવાદીઓ તરપાય તેટલા એ આંતરરાષ્ટ્રીય છે; મૂડીવાદીઓ નચિંત બને તેટલા એ સમજદાર છે; અને સમાજવાદીઓ ધારે છે એટલા એ ઉદ્ધામ છે. અખિલ હિંદ રાષ્ટ્રીય મહાસભાના છેલ્લા અધિવેશનના પ્રમુખ તરીકે એમની વરણી થઇ તેને પ્રજાના તમામ વર્ગોએ આવકારી હતી. કોંગ્રેસમાંના એક પણ પક્ષ કે જૂથ સાથે એમનું નામ જોડી શકાય તેમ નથી. એટલે તમામ પક્ષોને એમ લાગે છે કે નેહરૂ થોડેઘણે અંશે પોતાના પક્ષના છે. ક્રાન્તિકારને છાજે તેવી એમની ધગશનો કોઈ ઇનકાર કરી શકે તેમ નથી; અને એમની નિઃસ્પૃહીવૃત્તિમાં તેમજ સાહજિક મહાનુભાવતામાં સર્વને વિશ્વાસ છે. કોઈ એમનો દ્રોહ કરી બેસે પણ એ કોઇનો જ દ્રોહ નહિ કરે એવો એ વિશ્વાસ છે. એ સ્વતંત્ર રીતે વિચારે છે અને ગાંધીજીના ઉચ્ચતર શાણપણ કે સમૂહકાર્યની શિસ્તને એ માથે ચઢાવતા લાગે ત્યારે પણ એ પારકાની ભાષામાં વાત નથી કરતા. અન્યના દૃષ્ટિબિંદુને સમજવાને એ સદા તત્પર હોય છે જે ક્રાન્તિકારને માટે તો વિરલ ગુણ કહેવાય. મતાન્તરને એ સહી લે છે અને પ્રતિપક્ષી પર પણ ઉપકાર કરે છે. મુત્સદ્દીમાં આ ગુણો ભયંકર કહેવાય!

એટલે લક્ષ્યાવિધિ જનોની આ આરાધ્યમૂર્તિ એકલી અટૂલી હોય તો એમાં વિસ્મયને કારણ નથી. એમનામાંથી ઉભરાતાં વીર્યને ઓજસ્વી, એમના નિત્યપ્રફુલ્લ યૌવનની અને એમની દેખીતી આક્રમકતા ને આત્મવિશ્વાસની ભીતરમાં વિષાદ, સંશય અને અનિર્ણયનો એક ગુપ્ત પ્રવાહ વહ્યા કરે છે, જે એમનાં લખાણોના વેદનપટુ અભ્યાસીને પ્રતીત થયા વિના નહિ જ રહ્યો હોય. પ્રાચીનને અને નવીનને, મરી રહેલાને અને હજી નહિ અવતરેલાને, પ્રશાન્ત સાગરને અને પ્રદીપ્ત જ્વાળામુખીને સાંકળતા સેતુ પર એ ઊભા છે. એક પણ કાંઠે એમનો મુકામ નથી. એમને ચાહે છે સૌ, પણ અનુસરતું કોઇ નથી; એમને સન્માને છે સૌ, પણ આજ્ઞા કોઇ ઉઠાવતું નથી. એ એવા નેતા છે જેમનો કોઇ પણ પક્ષ પર કાબૂ નથી. એમને દલીલો કરવી પડે છે, દાખલા આપવા પડે છે. એ હુકમો છોડી શકે તેમ નથી. સૈન્ય વિનાના એ સેનાનાયક છે. પરદેશીઓ એમને હિંદના બેતાજ બાદશાહ કહે છે. વસ્તુતઃ તાજ તો એમને મસ્તકે છે, પરંતુ એમણે રાજ્યદંડ ધારણ કર્યો નથી. એમને જેઓ અનુસરે છે તેઓ પણ અનુયાયી કોક બીજાના જ હોય છે. એ એવા નેતા છે જે દોરે છે તે કરતાં દોરવાય છે વિશેષ. અને છતાં પારકાને નચાવ્યે નાચતી કઠપૂતળી જેવા એ નથી; કેમકે એ સ્વાયત્ત, સ્વયંપર્યાપ્ત છે. ગાંધીજીને બાદ કરતા અન્ય કોઇના કરતાં એમનો પ્રભાવ અને પ્રતાપ વિશેષ છે; પરંતુ ગાંધીજી કરતાં નેહરૂનાં પ્રભાવપ્રતાપ અસ્પષ્ટ, ધૂંધળાં અને સત્તામાં ઘનીભૂત ન થાય તેવાં છે. પરંતુ એ એટલા બધા અભિજાત છે કે પોતાને ખાતર કદી સત્તાનો લોભ ન કરે. એટલે સત્તા કરતાં કીર્તિને એમણે વહાલી ગણી છે. સાથે સાથે એમ પણ કહેવું જોઇએ કે ગાંધીજી પહોંચ્યા છે તેવી ઉચ્ચ અવસ્થાએ હજી એ નથી પહોંચ્યા કે જ્યાં સત્તા એમને શોધતી શોધતી આવે.

તત્ત્વતઃ એમનો પ્રભાવ નૈતિક કોટિનો છે. એમની નિર્ભયતા દૃષ્ટિવિશાળતા, ત્યાગભાવના અને સ્વભાવનું આભિજાત્ય એ સર્વનો એ પરિપાક છે. ઉપર ઉપરથી જોતાં પરસ્પરવિરોધી લાગે તેવા ગુણોના વિચિત્ર મિશ્રણને લીધે એમના વ્યક્તિત્વમાં હૃદયસ્પર્શિતાનો

(અનુસંધાન પૃષ્ટ ૧૭ મું જુઓ)

છપ્પન વરસની ભૂખ

સૌથી પહેલો હું કારવાર ગયો, ત્યારે ૧૮૯૩-૯૪ ની સાલ હશે, મારમ્ગોવા બંદર ઉપર સૌથી પહેલવહેલો ચળકતો સમુદ્ર જોઇ હું અવાક્ થઇ ગયો હતો. રાત્રે નવ વાગે અમે સ્ટીમરમાં બેઠાં. સ્ટીમરે કાંઠાને છોડી સમુદ્રમાં ચાલવા માંડયું ત્યારે મારું ભેજું પણ પોતાના હંમેશના કાંઠા છોડી, કલ્પના પર તરવા લાગ્યું. સવાર થઇ અને અમે કારવાર પહોંચ્યા. સ્ટીમરમાંથી હોડીમાં ઉતરવું સહેલું ન હતું. દરેક હોડી સાથે ઉલાંડીઓ (Outriggers) બાંધેલી હતી. આવી અગવડ હાથે કરીને શા માટે ઉભી કરી હશે? એમ મને લાગ્યા વગર રહ્યું નહિ. પાછળથી એ ઉલાંડીઓની ઉપયોગિતા સમજાઇ.

મુસાફરીનો થાક ઉતરતાંવેંત અમે સમુદ્રકિનારે ફરવા જવા લાગ્યા. કિનારા પરથી સમુદ્રમાં ત્રણ ડુંગર દેખાતા હતા. એક દેવગઢનો, બીજો મધલિંગગઢનો અને ત્રીજો કૂર્મગઢનો. દેવગઢ ઉપર દીપસ્તંભ હતો એ એની વિશેષતા. એ દીવાદાંડીની પડખે એક પાતળી ધજાદાંડી માંડ દેખાતી હતી. સમુદ્રકિનારે રમીને થાકયા હોઇએ, એટલે દીવાદાંડીનો દીવો સળગેલો, સૌથી પહેલો કોણ જુએ છે એની અમારી વચ્ચે હરિફાઇ ચાલતી. આ જ વિશાળ પાણીનાં પટ પર થઇને જ્યારે અમે કારવાર આવ્યા હતા. ત્યારે રાત્રે સ્ટીમરમાંથી દેવગઢ કેમ ન જોયો એવું પણ મનમાં થઇ આવતું.

કોઇ સ્ટીમર આવવાની હોય એટલે દેવગઢની ધજાદાંડી પર લાલ વાવટો ચઢાવાતો. એ જોઇને કારવાર બંદર પાસેના વાવટા-ના-કટ્ટા પર પણ ધજા ચઢાવાતી. અહિંનો માણસ દૂરબીન લઇને દેવગઢ તરફ તાકતો રહે. ત્યાં વાવટો દેખાય એટલે અહિં પણ ચઢાવે. કોઇક કોઇક વાર હું નરી આંખે દેવગઢ પર ચઢેલો વાવટો જોઇ શકતો. અને ભાઉ ગોંદુને આશ્ચર્યચકિત કરી મૂકતો.

મેં પિતાશ્રીને એકવાર પૂછ્યું "દેવગઢ ઉપર દીવો કોણ સળગાવે છે? વાવટો કોણ ચઢાવે છે?" એમણે કહ્યું કે "ત્યાં એક ખાસ રાખેલો હોય છે. સાંજ પડયે એ દીવો સળગાવે છે. દૂરથી માણસ આગબોટ આવતી જૂએ એટલે વાવટો ચઢાવે છે. વહાણો રાત્રે દેવગઢનો દીવો જૂએ એટલે જાણે, કે કારવારનું બંદર આવ્યું. દીવા તળે ખડક છે એ જાણના હોવાથી વહાણો દીવાની આસપાસ જતા નથી."

'દીવાદાંડી સાચવનાર માણસ ત્યાં ખાવાનું શું કરતો હશે? એને મીઠું પાણી કયાંથી મળતું હશે?' મેં પ્રશ્ન પૂછ્યો.

"હોડીમાં બેસી ખાવાપીવાનું બધું કારવારથી લઇ જાય છે. દેવગઢ ઉપર એકાદ ટાંકી કે કુવો પણ વખતે હશે જેમાં વરસાદનું પાણી સંધરી રાખતા હશે."

"આપણાથી ત્યાં ન જવાય? ચાલોને આપણે એક વાર ત્યાં જઇ આવીએ. મને ત્યાં હંમેશનું રહેવાનું મળે તો કેવું મજાનું! સાંજ પડયે દીવો સળગાવવાનો; અને આગબોટની ભૂંગળી વાગે ત્યારે વાવટો ચઢાવવાનો એટલું જ કામ ને? બાકીનો બધો વખત આપણો પોતાનો! ગમે તેમ વપરાય. કોઇ મળવા આવે નહિ જાય નહિ! ચાલોને, ત્યાં એકવાર આપણે જઇ આવીએ"

પિતાશ્રીએ અમારાં ઘરના માલિક રામજીશેઠ તેલીને પૂછ્યું. તેમણે પોતાની ફતેમારી * ના તાન્ડેલ× સાથે મસલત કરી. અને બીજે જ દિવસે દેવગઢ જવાનું નકકી થયું. અમે બધા ગાડીમાં બેસી બંદરના ધક્કા ઉપર ગયા. મોટી ફતેમારીમાં બેસવાની ખૂબ મજા પડી. સઢ ફેલાવ્યા અને અમે ડોલતાં ડોલતાં આગળ ચાલ્યા. ફતેમારી ડોલે મજાની, પણ ઝડપભેર આગળ વધવાનું નામ લે નહિ. ઘણો વખત ગયો. પિતાશ્રીએ રામજીશેઠને કારણ પૂછ્યું, રામજીશેઠે તાન્ડેલને પૂછ્યું. એણે કહ્યું, "પવન અનુકૂળ નથી. ત્રાંસો છે. ખૂમ્પીથી સઢ ગોઠવ્યા છે એટલે મછવો આગળ જાય છે ખરો, પણ એટલો મંદ કે દેવગઢ પહોંચતાં સાંજ થશે." મને પોતાને એમાં વાંધો ન હતો. ડોલવાનો આનંદ આખો દિવસ મળશે અને સાંજ પડયે દીવાદાંડીનો દીવો નજીકથી જોવાને મળશે. પણ આટલી મજાની વાત પિતાશ્રીના ધ્યાનમાં આવી નહિ. એમણે કહ્યું "એ તો નહિ ચાલે" તાન્ડેલ કહે, "પવન પ્રતિકૂળ છે એમાં અમારું શું ચાલે? આગળ જતાં આ જ પવન જો જોર પકડે તો આટલું પણ અંતર કપાય નહી." રામજીશેઠે પિતાશ્રીને પૂછ્યું, "ત્યારે શું કરીશું?" પિતાશ્રીએ કહ્યું "બીજો આરો જ કયાં છે? પાછા જઇશું."

હુકમ છૂટયો, "ચાલો પાછા." સઢની ગોઠવણ બદલાઇ. એ બધું કેમ ગોઠવાય છે એ જોવામાં હું મશગુલ હતો. એવામાં અમારી ફતેમારી પાછી ધક્કા સુધી આવી પણ પહોંચી! જતાં કલાકેક લાગ્યો હશે. પાછા વળતાં પાંચ મિનિટ પણ નહિ લાગી ગાડીના ઘોડા જ કાંઇ ઘેર પાછા વળતાં ઉતાવળ કરતા નથી.

અમે જોવા ગયા તેવા ખાલી હાથે પાછા આવ્યા. ફજેત થયા હોઇએ એવું વીલું મોઢું લઇને હું ઘેર આવ્યો. અમે દેવગઢ જવા ઉપડયા હતા એટલું પણ નિશાળના ગોઠીયાઓને મેં કહ્યું નહિ.

ત્યાર પછી પાંચેક વરસ કારવાર ઓછોવત્તો રહ્યો હઇશ, પણ અમે ફરી કોઇ વાર દેવગઢ જવાનો પ્રયત્ન જ કર્યો નહી. સૂર્યાસ્ત થાય, દેવગઢનો દીવો દેખાય અને એ ઘરીના મુલકમાં શું હશે? એવો પ્રશ્ન મનમાં આણી એ હું કાઢી નાખતો. ચાલીસ વર્ષ પછી, એટલે કે આજથી દસ વરસ પહેલાં ફરીવાર કારવાર ગયો હતો. ત્યારે પણ દેવગઢ જવાયું નહિ.

હમણાં ફરીવાર કારવાર ગયો ત્યારે નિશ્ચય કરીને જ ગયો હતો કે બની શકે તો દેવગઢ જોયા વગર રહું નહિ. ત્યાંના મિત્રોને મેં કહી જ રાખ્યું હતું કે એક દિવસ દેવગઢ માટે જરૂર રાખો.

દેવગઢમાં ખાસ જોવા લાયક કાંઇ છે એમ તો નથી જ. પણ પચાસ વરસનો મારો બાળપણનો સંકલ્પ દેવગઢ સાથે સંકળાયો છે, એને છૂટો કરવાની જરૂર હતી.

દેવગઢ એ કારવારના કિનારેથી લગભગ ત્રણ માઇલ સમુદ્રની અંદર આવેલો એક બેટ છે. કારવાર બંદરની એ ભારેમાં ભારે શોભા ગણાય. સમુદ્રસપાટીથી ડુંગરની ઉંચાઇ ૨૧૦ ફુટ છે અને એના પરની દીવાદાંડી ૭૨ ફુટ ઉંચી છે.

મદ્યપાન નિષેધને અંગે કસ્ટમ્સ-વાળાઓને સમુદ્રની ચોકી કરવી પડે છે. તે માટે એમની પાસે એક *વાફર હોય છે! એ વરાળ હોડીમાં અમને લઇ જવાની ગોઠવણ કરવામાં આવી હતી. અમારો આ લહેરનો કાર્યક્રમ કર્તવ્યરૂપ બીજા કાર્યક્રમ આડે ન આવે એટલા માટે અમે વહેલા ઉઠી, બંદર ઉપર ગયા. સવારની પ્રાર્થના અથવા નાસ્તો ઘેર કરવા જેટલા અરસિક અમે હતાં જ નહિ. ખલાસીઓ સહેજ મોડા આવ્યા એટલે ઘોડાની પેઠે દોડતા અમારા વાફરના તાલ સાથે ચાલતી અમારી પ્રાર્થના સાંભળવા માટે કારવારના ડુંગર પાછળથી સવિતાનારાયણ પણ આવી પહોંચી શકયા. નારાયણને જન્મ આપી કૃતાર્થ થયેલી પ્રાચી એટલી તો ખીલી હતી! સમુદ્રના પાણી પણ એ પ્રસન્નતાને કારણે ચળકતી લહેરમાં આવ્યા હતા. મેં જમીનબણી જોયું. જમણી બાજુ કારવારનું બંદર નાના મોટાં મછવાઓને જગાડતું હતું ને રમાડતું હતું. ત્યાર પછીની ખીણમાં નારિયેળીના ઝાડો પવનની રાહ જોતા ઉભા હતા. આજ કાલ જે ઝુટતી જ નથી એવી શનિવારની તોપ વાવટા-ના-કટ્ટાપરથી મોં વકાસીને નાહકની બીક બતાવતી હતી. ત્યાર પછીના સુરના ઝાડો કારવારની પહોળાઇ માપતા કાળીનદી સુધી ફેલાયા હતા. ભારતીય યુદ્ધના રાજાઓ વિશ્વરૂપનાં મોઢામાં દોડે તેવી રીતે ત્રણ ચાર વહાણો કાળીનદીના મુખમાં ધુસતાં હતાં અને સદાશિવગઢનો પહાડ સહેજ ભૂસકોય કરીને એ આખા પ્રદેશની ઉપર ચોકી કરતો હતો.

* સઢવાળી મોટી હોડી-મછવો. × કપ્તાન.

* વરાળના એન્જીનના જોરે ચાલતી હોડી-સ્ટીમ લોન્ચ.

અમારી પ્રાર્થના પૂરી થઇ એટલે વાફરે સમુદ્રના પીઠ ઉપર દોરેલો અમારો રસ્તો અને એના પરની ઝપાટાભેર અદૃશ્ય થતી ભાત તરફ મારું ધ્યાન ગયું. એ ભાતમાં મુક્તવેણીની દરેક ખૂબી પ્રગટ થતી હતી.

અમને, દેવગઢ બતાવ્યા વગર રહું જ નહિ, એવો નિશ્ચય કરી, વ્યવસ્થાની બધી વિગતો તરફ ચીવટથી ધ્યાન આપનાર ભાઇ પદ્મનાભ કામતે મને દક્ષિણ તરફના ડુંગરને તળીયે ફેલાયલો ચંદ્રભાગી કિનારો બતાવ્યો. એક કાળે યુરોપીઅન સ્ત્રીઓ ત્યાં નહાતી હશે. એટલે એનું નામ Ladies beach (યુવતી–તટ) પડયું છે.

ગોવાની સંસ્કૃતિમાં તરબોળ થયેલા કવિ બોરકર અમારી સાથે હતા અને ભાઇ કામતે પોતાના તરફથી ઉમેરો કરવા માટે ચિત્રકાર રમાનંદને સાથે લીધો હતો. રમાનંદે પિતાની તેમજ મોટા મહેમાનોની સન્નિધિમાં છાજે એવી નમ્રતા ધારણ કરી ઠીક ઠીક આત્મવિલોપન કર્યું હતું. પણ મધદરિયે આવતાંવેંત પહાડ, વાદળાં, સુરજ, પક્ષીઓ, વહાણના સઢો અને સમુદ્રની ઊર્મિઓ એ બધાની અસર તળે આવતાવેંત એનો કલાધર આત્મા અમારી હસ્તિનું ભાન ભૂલી ગયો. અને એ અનેક દિવસના ભૂખ્યા કોઇ ખાઉધરાની પેઠે આસપાસનું કાવ્ય મીટ માંડીને આરોગવા લાગ્યો. અમે આંગળી ચીંધીને એના તરફ એક બીજાનું ધ્યાન ખેંચ્યું પણ તેથી કાંઇ એનું ધ્યાન ટૂટયું નહિ. નાની કુંદાની આંખો ચંચળ પણે બધે ફરતી હતી.

અમારા કવિ તો અમારી પ્રાર્થના પૂરી થવાની શાસ્ત્રોક્ત ભક્તિથી રાહ જોતા હતા. એમણે તરત જ સાગરની લહરીનું એક ખલાસીગીત છેડયું. ગીતનો ઢાળ ભલે ખલાસી ઢંગનો હોય, પણ અંદરના ભાવ કાંઇ ખલાસી હૃદયના ન હતા. એ ગીત દ્વારા ભોળા ખલાસી બોલતા નહી પણ મસ્તીમાં આવેલા કવિ પોતાની અભિજ્ઞ[1] ભાવનાની સેરો એક પછી એક છોડતા હતા. એટલું ખરું કે તે દિવસે અમારી ટોળીમાં સ્વસ્થ (sober) એવું કોઇ ન હતું. હિંદુ સ્કૂલના આચાર્ય શ્રી કુલકર્ણી પણ લહેરમાં આવ્યા હતા. ચિ. સરોજે તો પોતાનું સ્થાન છોડી બોયલરની આગળની બાજૂએ ઉભા રહેવાનું પસંદ કર્યું હતું. પોતાનો સ્વભાવ વટાવી એણે સ્વીકારેલું એ અગ્રગામિત્વ જોઇને મને મજા પડી. મેં એને મંછર સરોવરમાં કાવ્ય પીધેલા નારાયણ મલકાનીનું સ્મરણ કરાવ્યું. એટલાથી જ અમે બન્ને આખી વસ્તુસ્થિતિ મૂલવી શકયા!

સમુદ્રના પાણી વટાવવાના જૂદા જૂદા પ્રકારમાં જૂદો જૂદો રસ હોય છે. મોજાઓની થપ્પડો ખાતાખાતા બાહુબળથી તરતા અંદર દૂર દૂર જવામાં એક જાતનો આનંદ છે. છાતી તળે મોજું ઉભરાતું હોય, અને આપણે એના ઉપર સવાર થતા હોઇએ એનો રસ જેણે ચાખ્યો છે તે એને કોઇ કાળે ભૂલી ન શકે. નદીના પાણી તમને ડૂબાડવાને જેમ ઇંતેજાર હોય છે તેવું સમુદ્રના પાણીનું નથી. સમુદ્રના પાણી ભોગ લે તો તે ન છૂટકે જ. નહિ તો એની દાનત હંમેશાં તારાઓને તારવાની જ હોય છે.

સાંકડી અને લાંબી હોડીમાં બેસી એક જ હલેસાથી દરેક મોજા સામે ચઢઉતર ચલાવવી એ વળી બીજો આનંદ. બે મોજાં વચ્ચેની ખીણમાં હોડી આડી થાય તો મુસીબત ખરી. એટલી એક વાત સાચવી હોય તો સમુદ્રના આનંદ સાથે એક રૂપ થવા માટે આના કરતાં વધારે સરસ સાધન મળવું મુશ્કેલ.

આના પછી મોટી હોડીમાં જોડી જોડીમાં બેસીને બન્ને બાજૂના હલેસાં તાલમાં ચલાવવાનો સાંધિક આનંદ તે વળી ત્રીજો. એ પ્રૌઢ આનંદ મૂક પણે સેવાય જ નહિ. તાલનો કેફ એટલો તો માદક હોય છે કે એમાંથી ગાયન અચૂક ફૂટી નિકળવાનું.

વાફરમાં બેસવાનો આનંદ આ ત્રણે કરતાં કંઇક ઉતરતો ગણાય. તે એટલા જ માટે, કે એમાં માણસનું બાહુબળ જરાયે વપરાતું નથી. નિયંત્રણચક્ર હાથમાં પકડનાર ના કાંડા ને જે કસરત થાય છે તેટલા જ પુરૂષાર્થ પુરતો અવકાશ વાફરમાં મળે છે. પણ વાફરદ્વારા પાણી ચીરતા જવાનો આનંદ તો આખા શરીરને મળે છે. વાફર જ્યારે સોસરું દોડતું જાય છે ત્યારે એની ગતિ આપણી રગેરગમાં પહોંચે છે. મોટર ચલાવવાના આનંદ કરતાં વાફર ચલાવવાનો આનંદ અનેકગણો વધારે હોય છે.

એ આનંદ માણતાં માણતાં અને સમુદ્રના પાણી અહિં, કેટલા ઉંડા હશે એનો વિચાર કરતાં કરતાં અમે દેવગઢ ભણી ચાલ્યા. મને વિચાર થયો "જે પાણી સૌથી નીચે છે, તે ઉપરના પાણીના ભારથી ચગદાઇ નહિ જતાં હોય? ઉપરના પાણી કરતાં નીચલા પાણી વધારે ગાઢા અને જાડા હોવા જ જોઇએ. અમુક માછલીઓ તો એ જાડા પાણીને વીંધીને નીચે ન જ ઉતરી શકતી હોય. પારાના સરોવરમાં જો આપણે પડીએ તો લાકડાના કકડાની પેઠે આપણે એના પર તરતાજ રહીશું, અમુક પ્રકારની માછલીઓનું નીચલા જાડા પાણીમાં એમ જ થતું હશે.

જેમ જેમ દેવગઢનું બેટ નજીક આવ્યું, તેમ તેમ આસપાસના નાના નાના બેટો અને ખડકો સ્પષ્ટ દેખાવા લાગ્યા, આકાશ અને સમુદ્ર જ્યાં મળે છે તે ક્ષિતિજની રેષા આજે ઘણી જ રેખીલ હતી. અહીં પૃથ્વી પૂરી થાય છે અને અહીં સ્વર્ગ શરૂ થાય છે, એમ કોઇ સોય વતી બરાબર ચીંધી આપતું હોય એમ લાગતું."

બે ફ્રેંચમારીઓ પોતાના સઢમાં પવન ભરીલઇને મુસાફરીએ ઉપડી હતી. એ સઢના પેટમાં પવન સાથે ઉગતા સૂર્યના કિરણો પણ ભરાયા હતા! એ ભારથી સઢ ફાટી જશે કે કેમ એમ લાગતું હતું. સઢો એટલા તો ચળકતા હતા કે એ રેશમના છે, કે હાથીદાંતના છે એ નકકી થતું ન હતું. સઢમાં જ્યારે પવન ભરાય છે. ત્યારે કેળના પાંદડાની ભાત એમાં ઘણી શોભે છે.

હવે અમે દેવગઢની સાવ નજીક આવ્યા. ટેકરી આખી નાનાં મોટાં ઝાડોથી ઢંકાયેલી છે. ઉપરની દીવાદાંડી પોતાનો મોભો સાચવી આકાશ તરફ આંગળી ચીંધતી હતી. હવે વાફર આગળ જાય એમ હતું નહિ. બાકીનું કુંકું છીછરું અંતર પૂરું કરવા માટે અમારા વાફરે એક નાનકડો કિંકર સાથે બાંધી લીધો હતો. એ નાની હોડીમાં અમે ઉતર્યા અને બેટ ને કિનારે પહોંચ્યા. ઉતરતાવેંત લાલ લાલ પાકા બોરનાં ફૂલોએ અમારૂ સ્વાગત કર્યું. અમે ઉપર ચઢતા ચઢતા મોટા મોટાં વૃક્ષની ડાળો અને વડની વડવાઇઓ નિહાળતાં નિહાળતાં દીવાદાંડીની તળેટી સુધી પહોંચ્યા. દીવાદાંડીના દીપકાર એક ભલા મુસલમાન હતા. એમણે અમારૂં સ્વાગત કર્યું. બેટ ઉપર દીવાદાંડીને કારણે થોડાક લોકો રહેતાં હતા. એમને કારણે થોડાક બકરા અને મરઘા પણ રહેતા હતાં (અને વખતોવખત મરતા હતાં) સમુદ્રકિનારેથી ઉડતા આવીને અહિંના ઝાડ ઉપર આરામ લેનારા અને પ્રાકૃતિક કાવ્યના પ્રચારા છોડનારા પક્ષીઓ તો ઋષિમુનીઓ જેટલા જ પવિત્ર ગણવા જોઇએ.

વાફરમાં બેસીને અમે પરોઢિયે આત્માની ઉપાસના કરી હતી. અહિં એક ખડક ઉપર બેસી સૌએ પેટની ઉપાસના કરી, આસપાસની શોભા ધરાઇને જોયા પછી દીવાદાંડીના પેટમાં થઇને અમે ઉપર ગયા.

દીવામાંથી 'વિશ્વતો' નિકળતા કિરણો ખૂણેથી વાળીને એમનો પાણીના પૃષ્ઠ ભાગને સમાંતર એવો ધોધ દોડાવવા માટે અનેક પ્રકારની બિલોરી કાંચની બનાવેલી બે ઢાલો અમે સૌથી પ્રથમ જોઇ. પેરાબોલા અને હાયપરબોલાના ગણીતનો એમાં પૂરતો ઉપયોગ કરેલો હોય છે. *શું કુછેદનું ગણીત જે જાણે તે જ આનું રહસ્ય સમજી શકે. ત્યાર પછી એ દીવાનો બુરખો એક બાજૂ ખસેડી દૂર સુધી સામુદ્રિય શોભા અમે નિહાળી અને એથી સંતોષ ન થતાં દીવાની આસપાસ ગોઠવેલી ગેલરીમાં જઇને મુક્તપણે દશે દિશા અમે જોવા લાગ્યા.

જે દૃશ્ય જોવાની ઝંખના છપ્પન વરસથી સેવતો આવ્યો હતો તે દૃશ્ય આજે જોયું! આંખોનું પારણું ફીટયું! આખો બેટ

* Conic Sections.

જાણે એક મોટું જહાજ છે. અને દીવાદાંડી એની સઢ-કાઠી (mast) છે, અને અમે એના ઉપર ચઢીને ચારે કોર ચોકી કરનાર ખલાસી છીએ. જહાજની સઢકાંઠી (mast) ની પેઠે આ દીવાદાંડી ડોલતી ન હતી એ ખરું, પણ તાજેતરમાં જ વાફરની મુસાફરી કરેલા અમારાં ભેજાં એ ઉણપ દૂર કરતા હતાં.

આટલી ઉંચાઇએથી ચારે કોર જોવામાં એક અનેરો આનંદ હોય છે. કુતુબ મિનાર પરથી હિંદુસ્તાનની અનેક રાજધાનીઓનાં સ્મશાન જોવાથી મનમાં જે વિષાદ પેદા થાય છે તે અહિં થતો નથી. અહિંથી દેખાતા સમુદ્રમાં પ્રાચીન કાળથી અત્યાર સુધી અનેક વહાણો ડુબ્યા હશે પણ તેની ગમગીની અહીંના વાતાવરણમાં જરાય દેખાતી નથી. સમુદ્રમાં ભૂત અને ભવિષ્યને સ્થાન જ હોતું નથી. કાં તો વર્તમાનકાળ; અને કાં તો સનાતન અનંતકાળ–બે નું જ સામ્રાજ્ય ત્યાં ચાલે છે. જ્યારે તોફાન હોય છે ત્યારે લાગે છે કે આ જ સમુદ્રનું સાચું અને સદાનું રૂપ છે. અને જ્યારે આજની પેઠે સર્વત્ર શાન્તિ હોય છે ત્યારે લાગે છે કે તોફાન એ તો માયા છે. સમુદ્રનું મોહું ખરેખર તો બુદ્ધ ભગવાનની શાન્તિ અને એમનો ઉપશમ વ્યકત કરવા માટે જ સરજાયેલું છે. આવડા મોટા સમુદ્રને આશીર્વાદ આપવાની શક્તિ પિતામહ આકાશની જ હોઇ શકે. આકાશ શાન્ત ચિત્તે બધે ફેલાઇને સમુદ્ર ઉપર રક્ષણનું ઢાંકણું બેસાડતું હતું અને એ ઢાંકણાં પર કશી જ ભાત નથી એ સહન ન કરનારા પક્ષીઓ એના ઉપર જાત જાતની લીટીઓ દોરવાના અસ્થાયી પ્રયત્નો કરતા હતા. કોઇ ભારેખમ માણસને હસાવવા માટે જેમ બાળકો એની આગળ બીતાં બીતાં થોડાક ચાળા કરી જુએ છે તેમ સમુદ્રનો નીળો રંગ આકાશની નીલિમાને હસાવવા માટે અનેક અખતરા કરી જોતો હતો.

ભગવાનનું આવું વિરાટ્ દર્શન થતાંવેંત ભગવદ્ગીતાનો અગીયારમો અધ્યાય યાદ આવવો જોઇતો હતો પણ આટલા પ્રાચીન કાળમાં જતાં પહેલાં ઉરકેરાયેલાં ચિત્તે વિસામા માટે એક નજીકનો પ્રસંગ પસંદ કર્યો. વીસેક વરસ પહેલા લંકાને છેક દક્ષિણે, દેવેન્દ્રથી યે આગળ જ્યારે માતારા ગયો હતો ત્યારે લાંની દીવાદાંડી પર ચઢીને બપોરના તડકામાં આવું જ પણ એથીય અનેકગણું વિશાળ દૃશ્ય જોયું હતું. ત્યાં તો નજરની ત્રિજ્યા કરી માણસથી જેવડું મોટું વર્તુળ ખેંચાય તેટલું ખેંચીને એનો દક્ષિણાર્ધ હિંદી મહાસાગરને આપ્યો હતો અને ઉત્તરાર્ધ નારીયેળના પાંદડાના મોજાં ઉછાળતા અને બપોરના તડકામાં ચળકતા વનસાગરને અર્પણ થયો હતો. અહિં, દેવગઢ પરથી, પૂર્વની બાજૂએ સૂર્યનારાયણના પાદપીઠ તરીકે શોભતો પર્વત દેખાતો હતો. એના તળે પાથરેલો કારવારનો સમુદ્ર શાન્તપણે ચળકતો હતો. એના પરની હોડીઓની ભાત સાવ આછી આછી હતી અને પશ્ચિમ તરફ તો અરબસ્તાનનું સ્મરણ કરાવતો એક અને અખંડ મહાસાગર જ હતો. એ આખું દૃશ્ય હૈયાને ગુંગળાવનારું હતું. મોઢામાંથી એટલા જ શબ્દો નીકળી શકયા **નમોડસ્તુ તે સર્વત શ્રેવ સર્વ!**

* * * *

અમે નીચે ઉતર્યા. જેમ ગયા તેમ વાફરમાં બેસીને પાછા આવ્યા. પાછા આવતા આસપાસનું દૃશ્ય બધું જોતા હતાં, માણતા હતાં, કવિના કાવ્યનો સ્વાદ ફરી આનંદથી ચાખતા હતા. પણ એ બધું પંચ પકવાન્નનું આકંઠ સેવન કર્યા પછીના મુખવાસ જેવું જ હતું, એ કહેવાની જરૂર છે?

અમારા શરમાળ ચિત્રકારે એટલો વખત એક ખૂણામાં બેસી પાસેના ખડકનું અને આસપાસના સમુદ્રનું ચિત્ર દોર્યું. ઘેર આવતાં એણે એ મને આપ્યું! એ સુંદર ભાવપૂર્ણ ચિત્ર છપ્પન વરસની ભૂખ ભાંગ્યાના શુભ પ્રસંગનું સ્મારક તરીકે દીવાદાંડીનું કાવ્ય આખરે પૂર્ણતાએ પોહોંચ્યું મેં પ્રસન્નતાથી સ્વીકાર્યું.

કાકા કાલેલકર.

ડાહ્યાભાઇ બાલાભાઈ કોરા નિબંધમાળા

ઇનામી હરીફાઇ

શ્રી. છોટાલાલ બાલાભાઇ કોરા તરફથી તેમના સદ્‌ગત પિતાશ્રી બાલાભાઈ ગુલાબચંદ કોરાની ઇચ્છા અનુસાર તેમના સદ્‌ગત વડિલ બંધુના સ્મરણાર્થે એક ઇનામી નિબંધમાળાની યોજના અને તેમાં જણાવ્યા મુજબ રૂા. ૪૦૦ ની રકમ અમારી ઉપર મોકલી આપવામાં આવી છે, અને આ નિબંધમાળા "ડાહ્યાભાઇ બાલાભાઇ કોરા નિબંધમાળા"ના નામથી ઓળખાય એવી ઇચ્છા તેમણે વ્યકત કરી છે. શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિએ આ યોજનાનો અમલ કરવાનો ઠરાવ કર્યો છે. આ રીતે જૈન સમાજના વિચારકોને આપ્યા જૈન સમાજના ભાવી વિષે પોતાના વિચારો વ્યવસ્થિત આકારમાં રજુ કરવાની તક ઉભી કરવા માટે શ્રી છોટાલાલ બાલાભાઈ કોરાનો સંઘની કાર્યવાહક સમિતિ તરફથી આભાર માનવામાં આવે છે. આ યોજનાનો કેવો લાભ લેવામાં આવે છે તે ધ્યાનમાં લઇને આગળ ઉપર આવા જ કોઇ અન્ય વિષયો ઉપર ઇનામી નિબંધો લખાવવાની પ્રવૃત્તિ ચાલુ રાખવા પોતાની ઇચ્છા છે એમ શ્રી છોટાલાલ બાલાભાઇ કોરા તરફથી અમને જણાવવામાં આવ્યું છે. પ્રસ્તુત યોજનાની વિગતો નીચે મુજબ છે.

વિષય: "આધુનિક સમયને અનુલક્ષીને જૈન ધર્મ અને સમાજ (ચતુર્વિધ સંઘ) નો ઉત્કર્ષ કેમ થાય?"

ઇનામ: આ વિષય ઉપર એકત્ર થયેલા નિબંધોમાંથી સૌથી સારો નિબંધ લખી મોકલનારને **રૂા. ૨૫૦** અને તેથી ઉતરતો નિબંધ લખી મોકલનારને **રૂા. ૧૫૦** નું ઇનામ આપવામાં આવશે.

હરીફાઇ કોણ કરી શકે? આ હરીફાઇમાં માત્ર જૈનો જ ભાગ લઇ શકશે.

નિબંધનું કદ: ફુલસ્કેપ આઠ પેજના ૬૨ છાપેલાં પાનાં થાય એ આસપાસ.

ભાષા: નિબંધની ભાષા ગુજરાતી અથવા હિંદી હોવી જોઇએ.

સમય: ચાલુ વર્ષના ઓગસ્ટ માસની આખર તારીખ સુધીમાં જે નિબંધો મળ્યા હશે તેટલા નિબંધો જ હરીફાઇમાં સામેલ કરવામાં આવશે.

પરીક્ષક સમિતિ: આ નિબંધો તપાસવા તેમ જ પહેલા તથા બીજા ઇનામની યોગ્યતા નકકી કરવા માટે નીચે મુજબ પરીક્ષક સમિતિ નીમવામાં આવે છે. પંડિત સુખલાલજી, શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ, શ્રી. પરમાનંદ કુંવરજી કાપડીઆ, શ્રી. શાન્તિલાલ હરજીવન શાહ શ્રી. છોટાલાલ બાલાભાઇ કોરા.

નિબંધોની માલેકી: આ હરીફાઇ માટે મોકલવામાં આવેલા સર્વ નિબંધો ઉપર પ્રકાશન વગેરેની સર્વ માલેકીના હકકો શ્રી મુંબઇ જૈન યુવક સંઘને રહેશે. તેમજ જે નિબંધોને ઇનામો મળ્યા હશે તે નિબંધો પ્રગટ કરવાનો શ્રી છોટાલાલ બાલાભાઇ કોરાને પણ હકક રહેશે.

આ સરતો ધ્યાનમાં રાખીને ઉપર જણાવેલ વિષય ઉપર વિચારપૂર્ણ લેખો લખી મોકલવા જૈન સમાજના વિદ્વાન તેમ જ અનુભવી ભાઇ બહેનોને અમારી સવિનય પ્રાર્થના છે.

૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ,
મુંબઇ ૩.

મણિલાલ મોકમચંદ શાહ
દીપચંદ ત્રીભોવનદાસ શાહ
વેણીબહેન વિનયચંદ કાપડીઆ
મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ.

જૈન સમાજનું સામાજિક નિરીક્ષણ

મુંબઇ યુનીવર્સીટીની 'યુનીવર્સીટી સ્કુલ ઓફ ઇકોનોમીકસ એન્ડ સોશીઓલોજી' (અર્થશાસ્ત્ર અને સમાજશાસ્ત્રની શાખા) તરફથી હિંદમાં વસતા જૈન સમાજનાં સામાજિક નિરીક્ષણ (Social Survey)નું કાર્ય હાથ ધરવામાં આવ્યું છે અને આવી તપાસ માટે કશી પણ આધારભૂત માહીતી ઉપલબ્ધ નહિ હોવાથી ઉપર જણાવેલ ખાતા તરફથી એક લાંબી પ્રશ્નાવલિ બહાર પાડવામાં આવી છે. આને લગતા પરિપત્રમાં પ્રસ્તુત પ્રશ્નાવલિ દ્વારા માંગવામાં આવેલી વિગતો પુરી પાડવા જૈન સમાજની અંગભૂત વ્યક્તિઓને વિનંતિ કરવામાં આવી છે અને આ રીતે પુરી પાડવામાં આવેલી વિગતો અત્યન્ત ગુપ્ત રાખવામાં આવશે એમ જણાવવામાં આવ્યું છે. આ તપાસકાર્યને શ્રી શ્રેયાંસપ્રસાદ જૈન, શ્રી. શાન્તિપ્રસાદ જૈન, માન્યવર કે. એસ. દીવેદીયા, શ્રી રતનચંદ હીરાચંદ, મુનિ શ્રી જીનવિજયજી, શ્રી. મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ, શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહ, ડો. બૂલચંદજી, ડો. એ. એન. ઉપાધ્યે, શ્રી. પોપટલાલ રાંમચંદ શાહ (પુના), શ્રી. નાથુરામ પ્રેમી તથા શ્રી. કે. બી. હેગડે (મેંગલોર)–જૈન સમાજના ભિન્ન ભિન્ન વિભાગના આ આગેવાનોએ બહુ ભાવપૂર્વક આવકાર્યું છે અને જૈન સમાજની સામાજીક પરિસ્થિતિના આવા વૈજ્ઞાનિક નિરીક્ષણની અત્યન્ત આવશ્યકતા છે એમ તેમણે જણાવ્યું છે અને જૈન બહેનો તથા બંધુઓને પ્રસ્તુત પ્રશ્નાવલિમાં માંગવામાં આવેલી વિગતો જેમ બને તેમ જલ્દિથી પુરી પાડવા અનુરોધ કર્યો છે:

પ્રસ્તુત પ્રશ્નાવલિ નીચે મુજબ છે.

જૈન સમાજનું સામાજિક નિરીક્ષણ

૧. અટકથી શરૂ થતું આખું નામ

૨. પુરૂં ઠેકાણું

૩. ધંધો કે વ્યવસાય

૪. પંથ (દિગંબર, શ્વેતાંબર, સ્થાનકવાસી કે તેરાપંથી)

૫. ગોત્ર અથવા તો એવો કોઈ વિભાગ કે જેનો વિવાહ સંબંધ યોજવામાં ખ્યાલ રાખવો પડતો હોય.

૬. સંઘ, ગણ, ગચ્છ અથવા શાખા

૭. જ્ઞાતિ અને પેટાજ્ઞાતિ (Caste and Sub-caste)

૮. (ક) આપની જ્ઞાતિજનોની લગભગ સંખ્યા કેટલી છે?

(ખ) આખા હિંદુસ્થાનમાં એ કેવી રીતે વહેંચાયલી છે?

૯. આપની પેટાજ્ઞાતિનો મૂળ જ્ઞાતિ સાથે તેમજ જૈનોની બીજી જ્ઞાતિઓ સાથે આન્તર ભોજન તથા આન્તર વિવાહ વગેરે લક્ષ્યમાં રાખીને કેવો સંબંધ છે?

૧૦. જૈન સમાજની અન્તર્ગત જ્ઞાતિઓમાં ઉચ્ચ નીચનો કોઇ ક્રમ છે એમ આપ માનો છો? જો માનતા હો તો આપે માનેલો ક્રમ કયા પ્રકારનો છે? (જો આ બાબતનો ચોક્કસ ખ્યાલ ન હોય તો અંદાજથી ખ્યાલ આપશો)

૧૧. (ક) આપની જ્ઞાતિમાં પંચાયત છે?

(ખ) તેનું બંધારણ કેવું છે?

(ગ) તેનું કર્તવ્ય (duties) શું છે

(ઘ) જ્ઞાતિના સભ્યો પાસેથી તે શું લવાજમ ઉઘરાવે છે?

(ઙ) જેઓ લવાજમ ન આપે તેમનો તેઓ કેવો દંડ કરે છે?

૧૨. પરિવર્તિત સામાજીક પરિસ્થિતિને ધ્યાનમાં લઇને આ જ્ઞાતિપંચાયતોને આપ નિર્મૂળ કરવા ઇચ્છો છો કે એ પંચાયતોનું પુનર્નિર્માણ કરવા ઇચ્છો છો? અને આપ પુનર્નિર્માણ ચાહતા હો તો આપના વિચાર અનુસાર તેને કેવો આવકાર આપવો જોઇએ?

૧૩. કોઇ વાર જ્ઞાતિભોજનો થાય છે ખરા? અને આવાં ભોજનો યોજાતાં હોય તો કયારે કયારે યોજાય છે?

૧૪. અન્ય સમાજોમાં આપની જ્ઞાતિના સદશ નામની જ્ઞાતિઓ છે? જો હોય તો તેની વિગત આપશો તથા તેમની સાથે તમારો સંબંધ કેવા પ્રકારનો છે તે જણાવશો.

૧૫. (ક) આપની જ્ઞાતિમાં અન્તર્ગત તેમ બાહ્યગત વિવાહના કયા નિયમો છે?

(ખ) એ નિયમો સખ્ત રીતે પાળવામાં આવે છે?

(ગ) આપ જૈન સમાજમાં આન્તરજ્ઞાતિય વિવાહના પક્ષમાં છો?

(ઘ) જો આપ આન્તરજ્ઞાતિય વિવાહના પક્ષમાં હો તો એ બાબતનો આપ કઇ હદ સુધી સ્વીકાર કરો છો?

૧૬. (ક) એવી કોઇ લોકોપયોગી સંસ્થાઓ (જેવી કે છાત્રાલય, છાત્રવૃત્તિ, ઔષધાલય, હૉસ્પીટલ વગેરે) અથવા અન્ય પ્રકારની સંસ્થાઓ (જેવી કે હાઉસીંગ સોસાયટી અથવા તો કોલોની, કો–ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી, બેંક, કન્ઝયુમર્સ સોસાયટી વગેરે) છે કે જેનું કાર્યક્ષેત્ર આપની જ્ઞાતિ અથવા તો પેટાજ્ઞાતિ પુરતું જ મર્યાદિત હોય? એવી સંસ્થાઓની યાદી આપશો.

(ખ) એ સંસ્થાઓનો ઉદ્દેશ સફળ થયો છે એમ આપ માનો છો?

(ગ) એવી સંસ્થાઓ સમાજમાં ભેદભાવ ઉત્પન્ન નથી કરતી?

(ઘ) એવી સંસ્થાઓ કોઇ પણ પંથ જ્ઞાતિ, પેટા જ્ઞાતિ, ભાષા અથવા તો સ્થાનનો વિચાર કર્યા સિવાય સર્વ જૈનો માટે ખુલ્લી રાખવાની આપ સલાહ આપો ખરા?

૧૭. (ક) આપની જ્ઞાતિનો ભૂતકાળમાં કોઇ વિશિષ્ટ ધંધો અથવા તો વ્યવસાય હતો ખરો?

(ખ) એ આજે પણ ચાલુ છે?

(ગ) જો એમ ન હોય તો આપની જ્ઞાતિના લોકો કયા ધંધાઓ અથવા તો વ્યવસાયમાં રોકાયલા છે?

૧૮. આપની જ્ઞાતિ અથવા તો પેટાજ્ઞાતિમાં પુરૂષો તેમજ સ્ત્રીઓનું દેશી તેમ જ વિદેશી શિક્ષણનું શું પરિમાણ છે?

૧૯. આ જ્ઞાતિઓને કોઇ ધાર્મિક પીઠબળ છે? જો હોય તો તેનું પ્રમાણ આપશો. એ સર્વ જ્ઞાતિઓ પ્રાચીન જૈન સમાજમાં પ્રચલિત હતી?

૨૦. (ક) આપની જ્ઞાતિમાં 'ભટ્ટારક'ની સંસ્થા પ્રચલિત છે?

(ખ) જો હોય તો તેમના નિવાસનું કેન્દ્રીભૂત સ્થાન શું છે?

(ગ) તેમનું કર્તવ્ય (dutis) શું છે?

(ઘ) તેમની કેવી રીતે નિમણુંક થાય છે અને તેમને કેવી રીતે દૂર કરી શકાય છે?

(ઙ) તેમની પાસે કેટલી મીલકત છે?

(ચ) તેમનું લોકો ઉપર કોઇ નિયંત્રણ છે ખરૂં? (જેવું કે ફાળો કે લવાજમ વસુલ કરવું, જ્ઞાતિના નિર્ણયો કે ચુકાદાઓનો અમલ કરાવવો.)

(છ) એમની વર્તમાન સ્થિતિ કેવી છે?

(જ) શું તેઓ પોતપોતાના સ્થાનમાં આવી જ્ઞાતિપંચાયતો માટે સર્વશ્રેષ્ટ સત્તા ધરાવે છે?

(ઝ) તેમની સુધારણા કરવા માટે આપ શું ઉપાયો સૂચવો છો?

૨૧. આપની જ્ઞાતિ તેમ જ પેટા જ્ઞાતિનો ક્રમ ઉદ્ભવ થયો તે આપ જાણો છો? જો શકય હોય તો તેના ઉદ્ભવનો ખ્યાલ આપશો.

૨૨. આજે આપની જ્ઞાતિમાં સાધુઓ તેમ જ સાધ્વીઓ (જેમાં મુનિ, આરજા, શ્રીપૂજ્ય, ગોરીજી વગેરેનો સમાવેશ થાય છે)ની સંખ્યા કેટલી છે?

૨૩. અમુક લોકો જ 'પૂજા' કરી શકે અથવા તો અમુક લોકો જ સાધુઓને આહાર વહોરાવી શકે અને અમુક લોકો પૂજા ન કરી શકે યા સાધુઓને આહાર વહોરાવી ન શકે–એવા કોઇ પ્રતિબંધો તમારી જ્ઞાતિમાં છે? જો હોય તો જણાવશો.

૨૪. આપણી જ્ઞાતિમાં વિધવા વિવાહ થઇ શકે છે અને એ મુજબ પ્રચલિત પણ છે? જો હોય તો કઇ હદ સુધી?

૨૫. આપની જ્ઞાતિમાં એકથી વધારે પત્ની થઈ શકે છે?

૨૬. આપની જ્ઞાતિમાં કોઈ સામાન્ય અથવા ટેવાયલા અપરાધીઓ (Ordinary or habitual criminals) છે ખરા?

૨૭. આપની જ્ઞાતિપંચાયતે બાલવિવાહ, પહેરામણી વગેરે સમાજવિરોધી રૂઢિઓ તેમ જ રીવાજો જ્ઞાતિમાંથી દૂર કરવા કોઈ પ્રયત્ન કર્યા છે?

૨૮. આપની જ્ઞાતિપંચાયતની માલીકીનાં કેટલાં મંદિરો છે? તે મંદિરોમાં એકઠું થયેલું દ્રવ્ય તથા મીલ્કતનો સામાજિક કાર્યમાં ઉપયોગ થઈ શકે છે?

૨૯. આપના કુળદેવતા કોણ છે?

૩૦. આપના કુળની જન્મભૂમિ શું છે? જો બની શકે તો આપના કુળના દેશપરિવર્તનનો સંક્ષિપ્ત ઇતિહાસ આપશો.

૩૧. આપના કુટુંબ પરિવારમાં કોઈ પ્રતિભાશાળી વ્યક્તિઓ થઇ ગયેલ છે? જો બને તો આવી પ્રતિભાશાળી વ્યક્તિઓની ટુંકી જીવની આપશો.

૩૨. આપનું કુટુંબ સંયુક્ત છે કે વિભક્ત છે? જો સંયુક્ત હોય તો કુટુંબીજનોની કુલ સંખ્યા કેટલી છે? શું એ બધા સાથે રહે છે? એમ ન હોય તો જુદા રહેવાવાળાઓના નિવાસસ્થાન જણાવશો.

૩૩. આપના કુટુંબપરિવારમાં આન્તર-સાંપ્રદાયિક, આન્તર-પેટાજ્ઞાતીય, આન્તર-જ્ઞાતિય, અને આન્તર-પ્રાન્તીય લગ્નની ઘટનાઓ બની છે?

૩૪. આપ કયા જૈન પર્વોમાં માનો છો? આપ હિંદુઓના સર્વ પર્વો ઉજવો છો? જો એમ ન હોય તો જે હિંદુ પર્વો આપ માનતા અને ઉજવતા હો તે પર્વોની યાદી આપશો.

૩૫. આપ હંમેશાં કઇ કઇ દૈનિક જૈન વિધિઓ કરો છો?

૩૬. આપ કયા જૈન સંસ્કારોનું પાલન કરો છો?

૩૭. આપનાં લગ્ન હિંદુ વિધિ પ્રમાણે થયા છે કે જૈન વિધિ પ્રમાણે?

૩૮. આપ કેટલી ભાષાઓ વાંચી, બોલી અથવા તો લખી શકો છો તે જણાવશો.

૩૯. આપ યજ્ઞોપવિત પહેરો છો? જો પહેરતા હો તો તેનું મહત્વ શું છે?

૪૦. વિવાહ તેમ જ અન્ય વિધિ તથા મંદિરોમાં દૈનિક પૂજા તેમ જ અભિષેક કરવા માટે આપ જૈન પૂજારીને બોલાવો છો કે બ્રાહ્મણને?

૪૧. આપ મહિનામાં કેટલા ઉપવાસ કરો છો? ચાતુર્માસ દરમિયાન આપ કોઈ ખાસ ઉપવાસો કરો છો?

૪૨. આપ કુટુંબમાં મૃત્યુ બાદ શું શું વિધિ કરો છો? શું તે હિંદુઓ જેવી જ છે?

૪૩. મૃત વ્યક્તિના સ્મરણમાં આપ કોઇ માસિક કે વાર્ષિક દિવસ પાળો છો?

૪૪. આપે કયા પ્રકારનું ધાર્મિક શિક્ષણ લીધું છે? ધાર્મિક શિક્ષણ જૈન બાળકો માટે ફરજીયાત કરવું જોઇએ એમ આપ માનો છો?

૪૫. આપ હિંદુ દેવતાઓને પૂજો છો? જેને પૂજતા હો તેનાં નામ આપશો.

૪૬. જૈન સમાજમાં વિધવાઓની સંખ્યા ઘણી મોટી છે એ આપ જાણતા હશો. એમના પ્રશ્નનો નીકાલ કરવા માટે આપ શું કરવાનું સૂચવો છો?

૪૭. જૈન, સંસ્કૃતિ હિંદુસ્થાનની બીજી સંસ્કૃતિઓથી ભિન્ન એવી એક અલગ સંસ્કૃતિ છે એમ આપ માનો છો?

૪૮. કોઇ પણ જ્ઞાતિ, પેટા જ્ઞાતિ કે પંથથી નિરપેક્ષ સર્વ જૈન સમાજના લાભાર્થે કંઇ કામ કરતો હોય એવા કોઇ જૈન સંઘ કે સંસ્થાના આપ સભ્ય છો? જો હો તો તેનાં નામ અને પ્રવૃત્તિક્ષેત્રોનો નિર્દેશ કરશો.

૪૯. શિક્ષણ તેમ જ અન્ય બાબતોમાં આપ શું વિશેષતા ધરાવો છો? શિક્ષણ, સાહિત્ય, કળા, સંસ્કૃતિ, રમતગમત વગેરે ક્ષેત્રોમાં આપે કે આપના કુટુંબીઓમાંથી કોઇએ પણ જો કાંઇ બહુમાન પ્રાપ્ત કર્યું હોય તો તે દર્શાવવા કૃપા કરશો.

૫૦. (ક) દેશના રાજકીય, સામાજીક, આર્થિક તેમ જ સાર્વજનિક કાર્યમાં આપ ભાગ લ્યો છો? જો લેતા હો તો આપના કાર્યનું સંક્ષિપ્ત વર્ણન આપશો તથા તે તે પ્રવૃત્તિઓ ચલાવતી સંસ્થામાં આપનું સ્થાન જણાવશો.

(ખ) જૈન સમાજે હિંદુસ્થાનની રાજકીય, સામાજિક, તેમ જ આર્થિક ઉન્નતિનાં ભિન્ન ભિન્ન રીતે મહત્વનો ફાળો આપ્યો છે એમ આપ માનો છો? જો આપ એમ માનતા હો તો તે ફાળાનો અંદાજ આપશો.

આ પ્રશ્નોના જવાબ દરેક પ્રશ્નની બાજુએ આપવાના છે. જવાબ આપવા માટે અંગ્રેજી, મરાઠી, હિંદી, ગુજરાતી તથા કેનડી—આમાંથી કોઇ પણ ભાષા ચાલશે. આ ઉપરાંત કોઇ વિશેષ નોંધ પણ સાથે જોડી શકશે. આ પ્રશ્નાવલિ નીચેના ઠેકાણે લખવાથી મેળવી શકાશે. જવાબ પણ એ ઠેકાણે જ મોકલવાના છે.

પ્રોફેસર વિલાસ આદિનાથ સંગવે એમ. એ.
વિજય કોલેજ
વિજાપુર, (એમ. એસ. એમ. રેલ્વે.)

જૈન સમાજની દૃષ્ટિએ આવી તપાસનું ઘણું મહત્વ છે અને તેથી જ તેને લગતી વિગતો પુરા વિસ્તારથી અહિં આપવામાં આવી છે. આ તપાસનું કાર્ય તો જ પાર પડે કે જો જૈન ભાઇઓ તેમ જ બહેનો ઘણી મોટી સંખ્યામાં આ કાર્યને પુરેપુરો સહકાર આપે અને પ્રમાદ સેવ્યા સિવાય માંગવામાં આવેલી માહીતીઓ સત્વર પુરી પાડે. જ્યાં સુધી જૈનોની વિપુલ સંખ્યા આ કાર્યમાં સાથ નહિ આપે ત્યાં સુધી આવી તપાસમાંથી કોઇ માર્ગદર્શક તારવણી કરવાનું શક્ય જ નથી. સ્થળ સ્થળના આગેવાન જૈનોએ તેમ જ જૈન સંસ્થાઓએ પોતપોતાના વિભાગમાં આ કાર્ય ઉપાડી લેવું જોઇએ. શ્રમ થાય તો જ આધારભૂત તારવણી થઇ શકે અને તો જ આજનો જૈન સમાજ સામાજિક, ધાર્મિક તેમ જ અન્ય બાબતોમાં આજે કયાં ઉભો છે અને તેને આગળ લઇ જવા માટે અપણે શું શું કરવું જોઇએ તે વિષે આપણને સાચી સુઝ પડવા સંભવ છે. **પરમાનંદ.**

શ્રી. ધીરજલાલ જીવણલાલ કેશરીચંદને ધન્યવાદ

શ્રી ધીરૂભાઇએ પોતાના લઘુબંધુના લગ્ન પ્રસંગે સમાજશ્રેયને લગતા કોઇ પણ કાર્યોમાં ઉપયોગ કરવા માટે રૂા. ૫૧૦૦૭ ની રકમ અલગ કર્યાની જાહેરાત કરી છે. આ રકમનો ઉપયોગ શિક્ષણ વિષયક કોઇ પણ પ્રવૃત્તિમાં કે વૈદ્યકીય રાહતને લગતા કોઇ પણ કાર્યમાં કરવામાં આવશે એમ જણાવવામાં આવે છે. આ માટે તેમને જૈન સમાજના ધન્યવાદ ઘટે છે.

સાભાર સ્વીકાર

શ્રી ધીરજલાલ જીવણલાલ કેશરીચંદ તરફથી શ્રી. મણિલાલ મોકમચંદ સાર્વજનિક વાંચનાલય—પુસ્તકાલયને ૩૫૧ સારાં પુસ્તકો પોતાના પુસ્તકસંગ્રહમાંથી કાઢીને ભેટ આપવામાં આવ્યા છે. આ માટે તેમનો અન્તઃકરણપૂર્વક આભાર માનવામાં આવે છે.

તારાચંદ લક્ષ્મીચંદ કોઠારી
મંત્રી, શ્ર. મો. સા. વાંચનાલય—પુસ્તકાલય

જૈન સાધુઓની વારસાગત નબળાઇ અને વણસતું જતું સામાજિક સ્વાસ્થ્ય

(તા. ૧–૪–૪૭ ના પ્રબુદ્ધ જૈનમાં મુનિશ્રી વિદ્યાવિજયજીના આગામી હીરક મહોત્સવ સંબંધમાં તથા રાત્રીભોજન તથા કંદમૂળભક્ષણ સંબંધમાં જે નોંધો પ્રગટ થઇ હતી તેને અનુલક્ષીને પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજીએ મારો ઉપર એક લાંબો પત્ર લખ્યો છે જેમાંનો ઉપયોગી ભાગ તેમની સંમતિથી નીચે અવતરિત કરવામાં આવે છે. પરમાનંદ)

જૈન સમાજના દરેક ફીરકાના સાધુવર્ગમાં એક વારસાગત નબળાઇ મોટે ભાગે જોવામાં આવે છે તે એ કે વ્યાજબી–ગેરવ્યાજબીપણાનો વિચાર કર્યા વિના જ મોટપમાં ખપે એવાં પ્રસંગોને અન્ય સમાજમાંથી સ્વીકારી લેવા. ગુરૂમંદિર બંધાવવાનો રોગ પૂરો શમ્યો નથી ત્યાં તો જયંતી ઉજવવાનો અગર રજતોત્સવ કે હીરકોત્સવ ઉજવવાનો નવો રોગ શરૂ થયો છે. યોગ્ય કે અયોગ્ય પોતાના સદ્‌ગત ગુરૂઓના તેવા પ્રસંગો ઉજવવાં શિષ્યોએ શરૂ કર્યા, અને એ શરૂઆતમાંથી જીવિત તેવા જ ગુરૂઓની જયંતીઓ ઉજવાવા લાગી છે અને છેવટે તેવા પ્રસંગો પોતાની જાતે જ પોતાને માટે ઉજવવાના કાવાદાવા પણ જ્યાં ત્યાં શરૂ થયાં છે. એકલા મુનિ વિદ્યાવિજયજી જ એના ભોગ નથી બન્યા. હમણાં જ થોડાં દિવસ પહેલાં મુનિ ચૌથમલજી જે સ્થાનકવાસી છે ને જે પૂજ્ય જવાહરલાલજીના પ્રતિસ્પર્ધી છે, તેમને માટે આવો જ પ્રસંગ ચિતોડમાં ઉજવાઇ ગયો. એની આમંત્રણ–પત્રિકાઓ ને બીજી તે વિષયની ખટપટો સમાજની નબળી નાડના ધબકારા માત્ર છે.

હમણા દિગંબર સમાજમાં ગણેશપ્રસાદ વર્ણીને સોને તોળવાની ચર્ચા ઉભી થઇ છે. પ્રતિષ્ઠાના, પધરામણીના અને સ્નાત્રપૂજા આદીના આડંબરોમાં આ નવા આડંબરે ધર્માભિવૃદ્ધિનું સ્થાન લેવા માંડયું છે. કોઇને એ વિચાર નથી આવતો કે સમાજને ઉભા રહેવાની અને ટકવાની ભૂમિ જ જ્યાં સરકતી જાય છે ત્યાં આવા નિષ્પ્રાણ મનમનામણાંનો મહેલ કયાં લગી ટકશે! શ્રીમાન વિજયવલ્લભસૂરી જેવા કેળવણીના હિમાયતી ગણાતા મુનિઓ પણ કશો જ વિવેક આવી બાબતમાં દાખવતા દેખાતા નથી, ત્યાં બીજા વિષે શું કહેવું? શ્રીમાન આત્મારામજી મહારાજની જન્મશતાબ્દિનો ઉત્સવ તો હજુ થોડા સમય પહેલાં ઉજવાયો જ હતો. હમણાં વળી નિર્વાણ અર્ધશતાબ્દિ કે એવા કંઇક નિમિત્તે જયંતી ઉજવવાનો ભારે સમારંભ પંજાબમાં ચાલી રહ્યો હતો. આજકાલમાં એ તિથિઓ આવવાની હતી. ખબર નથી કે શું થયું? પણ ગુજરાનવાલામાં અને પંજાબમાં લીગીઓએ તો જયંતી ઉજવી જ નાખી છે અને હજી ઉજવણી ચાલુ છે. જે ગૃહસ્થો આત્મરક્ષા માટે અસમર્થ છે તેના ઉપર નભતા સાધુવર્ગને પોતાના અને સમાજના જીવનબળની વૃદ્ધિનો વિચાર આવવાને બદલે જો આવા આડંબરોનો જ વિચાર આવતો હોય અને શ્રાવકો પણ તેને ઉત્તેજન આપતા હોય તો એમ જ કહેવું પડે કે હજુ લીગીઓ પોતાની કલ્પનાની જયંતી જેમ વધારે ઉજવે તેમ સારૂં. કારણ કે એમ થયા વિના આપમેળે તો સાધુ અને શ્રાવકની આંખો ઉઘડવાની જ નથી.

તમે હમણાં કંદમૂળ અને રાત્રીભોજન વિષે જે વિચારો સ્પષ્ટપણે વ્યકત કર્યા છે તે પણ મને સામયિક લાગે છે. જે ધર્મ માત્ર દંભને પોષીને પણ પોતાની ચરિતાર્થતા માને છે, તે પોતાના નાશની સાથે સમાજનો પણ નાશ કરે છે. આ દોષ જૈન-સમાજમાં જ માત્ર નથી પણ બધા ધર્મોમાં એક અથવા બીજી રીતે પ્રબળ રૂપમાં દેખાય છે. લાંબા વખત થયાં પોષાયેલો જાતીભેદ હવે બ્રાહ્મણ સમાજને જ નિર્મૂળ નથી કરી રહ્યો પણ તે બધી જાતીઓના અથવા આખા હિન્દુ સમાજમાં સ્વાસ્થ્ય ઉપર પ્રાણાંતિક પ્રહાર કરી રહ્યો છે. મુસલમાનોમાં ધર્માંધતા છે એમ આપણે જોઇએ છીએ અને કહીએ પણ છીએ, પરંતુ આખા હિન્દુ સમાજના જુદા જુદા વર્ગો અને પંથોમાં ધર્માંધતા ઉપરાંત જાતીઅંધતા પણ છે એ આપણે ભૂલવું ન જોઇએ. આ બેવડો દોષ એનો નાશ જ કરશે. મુસલમાનોમાં ધર્માંધતા ઉપરાંત ક્રૂરતા પણ વારસાગત છે. એવી ક્રૂરતા હિન્દુવર્ગમાં નથી એ પુણ્યચિહ્ન ગણાવું જોઇએ, પણ ક્રૂરતાનો પ્રતિકાર સંદિગ્ધ દશાથી ન જ થઇ શકે. કાંતો ક્રૂરતા સામે વધારે ક્રૂરતા એ જ તાત્કાલિક ત્રાણનો ઉપાય અને કાં તો ક્રૂરતા સામે નિષ્કામ સર્વાંગીણ શુદ્ધિપૂર્વક અક્રૂરતા યા પ્રેમવૃત્તિ એ જ ત્રાણોપાય. પરંતુ આજે સામુહિક દૃષ્ટિએ હિન્દુવર્ગ નથી વધારે ક્રૂર કે નથી શુદ્ધિપૂર્વક અક્રૂર. વારસાગત સંસ્કારોને કારણે એમાં અક્રૂરતા દેખાય છે, પણ તેણે નબળાઇનું રૂપ પૂરા અર્થમાં ધારણ કર્યું છે. એટલે તેને તો એકંદર માર ખાવાનું જ બાકી રહે છે. વધારામાં બ્રિટીશ નીતિને લીધે સમાજનાશનાં મૂળો ઉંડા નંખાયાં છે. આ રીતે સામાજીક અને રાષ્ટ્રીય સ્વાસ્થ્ય બિલકુલ વણસી ગયાં જેવું છે. તે વખતે જે આ પાકી શ્રદ્ધાથી કામ કરે છે તે જ ખરી રીતે જયંતીને પાત્ર છે.

જીવન સંઘર્ષ.

મ્હારા જીવનની એક પણ ક્ષણ મંથન વગર જતી નથી. વિચારોના વમળમાં જીવનનાવ પણ ચકરાવો લે છે. મારૂં જીવન બેધારી તલવાર જેવું છે. સંપૂર્ણ શક્તિને ખરચી નાખું છું તો પણ કોઇ રીતે યોગ્ય માર્ગે ચાલી શકાતું જ નથી.

હૃદય સંપૂર્ણ માનવતાભર્યું મળ્યું છે, જ્યારે જીવન એક મહાન કોયડો બની ગયું છે. બુદ્ધિમાં સંસ્કારિતાની છોળો ઉડે છે, જ્યારે વર્તનમાં સમતોલતા જાળવવાના કોઇ સંજોગ નથી. સામાજિક આદર્શ સામે વ્યક્તિગત આદર્શનું મહાન યુદ્ધ ચાલે છે. ન્યાયપ્રિય સ્વભાવ હોવા છતાં એને સાર્થક કરવાનો માર્ગ અતિ વિકટ લાગે છે. સત્યના ઉપાસક થવાની તીવ્ર ઝંખના હોવા છતાં, અસત્યનો સામનો કરવાની શક્તિ ખૂટી જાય છે.

હે દેવ! તેં એવું વિસંવાદી જીવન આપી મ્હારી માનવંતાની કેવી કસોટી કરવા ધારી છે? દેવ! તમ્હારી સમક્ષ આવું છું, ત્યારે કેટલાંએ મનોરથો ઉછળી પડે છે. તમ્હારે ચીલે ચાલવાની લાલચમાં ઘેલી બનું છું. ક્ષણભર એનો મદ ચઢે છે, પરંતુ મારૂં વાસ્તવિક જીવન મને હતાશ કરી દે છે.

મહાન પુરૂષોનું ચરિત્ર ઘડીભર ચમત્કાર જગાવે છે. જીવનની સફળતા એ જ માર્ગે દેખાય છે, એ માર્ગ મોહક છે, અને આકર્ષે છે. કાલ્પનિક આદર્શનાં મિનારા પર ચઢીને સંતોષ લેવાથી કદીયે તૃપ્તિ થઇ છે?

હે દેવ! અમ જેવા માનવોનાં જીવનનો કોયડો ઉકેલવાનું સામર્થ્ય માત્ર તમ્હારામાં જ છે.

શું ન્યાય કે અન્યાય? આ અમારી બુદ્ધિને બુઠ્ઠી કરનારો વિષય છે.

છતાંયે દેવ! તમ્હારા સહવાસમાં રહી યથાશક્તિ તમ્હારે માર્ગે ચાલવાનો પ્રયત્ન કરતાં શીખી છું. મારી જનતને નમ્ર બનાવી તમ્હારા ચરણોમાં અપર્ણ કરૂં એ જ ભાવનાને પોષું છું.

એક બહેનની નોંધપોથીમાંથી.

સ્વ. ડો. ત્રજલાલ ધરમચંદ મેધાણી સ્મારક.

૧૯૫૫) તા. ૧૫–૩–૪૭ નાં અંકમાં સ્વીકારેલા.
૨૫) શ્રી. વનમાળીદાસ ગુલાબચંદ
૨૫) ,, મનુભાઇ ગુલાબચંદ કાપડીઆ
૨૫) ,, જી. વિઠ્ઠલદાસની કું.
૨૫) શ્રી. સ્વરૂપચંદ એન. શ્રોફ
૨૫) ,, એમ. જે. થાણાવાળાની કું.
૧૫) ,, ચીમનલાલ વાડીલાલ
૧૫) ,, પોપટલાલ ભોગીલાલ
૧૧) ,, હડીસીંગ હરગોવિંદદાસ
૧૧) શ્રી. ખુબચંદ સ્વરૂપચંદ
૧૧) ,, વાડીલાલ મનસુખરામ
૧૧) ,, દુર્લભદાસ ઝવેરચંદ

૨૧૫૭)

ગાંધીજી અને જવાહરલાલ : (પૃષ્ટ ૧૨ થી ચાલુ)

અતિ વિરલ ગુણ આવી વર્યો છે. ભાષણો જુઓ તો લાવાનો ધગધગતો નિર્બન્ધ પ્રવાહ, પણ આચરણ સંયમપૂર્ણ; હાવભાવમાં આકળા અસ્વસ્થ, નિર્ણયો ત્યારે સુચિન્તિત સુનિશ્ચિત; નાનાં નાનાં કાર્યોમાં પોતાનું જ ધાર્યું કરાવનાર મમતીલા, તો મોટાં કાર્યોમાં આત્મવિલોપનની જાણે મૂર્તિ; ધ્યેય ક્રાન્તિકારનું, નિષ્ઠા સ્થિતિચુસ્તની; કોઇ હેતુનું સમર્થન કરવે અત્યંત આવેશયુક્ત, કોઇ હેતુને ઉતારી પાડવે અત્યંત ન્યાયયુક્ત; અંગત જોખમ વિશે સાવ લાપરવાહ, પણ રાષ્ટ્રના હિતને આંચ આવે એમ હોય ત્યાં અત્યંત સાવધ; આ સંસારની સઘળી સારી વસ્તુઓ વિશે ચાહના, છતાં અંગત મોજશોખ પ્રત્યે સર્વથા ઉદાસીન; બીજાઓને એ સત્તાસ્થાને ચઢાવે અને છતાં પોતાને માટે કશું પણ બથાવીને બેસવાની બાધા; રાગયુક્ત અને નિર્લેપ, માનવસહજ રીતે હળનાર ભળનાર અને માનવસમાજ સાથે કંઇ જ સંબંધ ન હોય એમ દૂર પણ સરકી જનાર–સ્વભાવનાં આવાં પરસ્પર વિરોધી લક્ષણો એમનામાં ભેગાં વસે છે. પરિણામે ઘડીમાં ઉષ્માભર્યા તો ઘડીમાં ટાઢા, ઘડીમાં ગર્વિષ્ઠ તો ઘડીમાં નમ્ર લાગે છે. સમુદાયના પ્રેમમાં પડેલો એ વૈભવી ધનપતિ છે; પરદેશીની સંસ્કૃતિ પોતાદ્વારા પ્રગટ કરતો એ રાષ્ટ્રવાદી છે; ઊર્મિઓના પ્રચંડ ઝંઝાવાતમાં સપડાયલો એ બુદ્ધિવાદી છે. વ્યક્તિત્વના આવા વિરોધાભાસોને લીધે જ અનેરું આકર્ષણ એમાંથી પ્રગટે છે.

આ માણસ જે મિજાજે મનસ્વી ફાંટાબાજ છે, માન્યતાએ જડવાદી છે, પથનિર્ણયે ભાવનાવાદી છે અને હૃદયે કરીને માનવ-પ્રેમી છે તે શું માને છે વારૂ? જેમાંથી એને આટલું બધું નૈતિક બળ મળી રહે છે ને એની જીવનશ્રદ્ધા કાંઇ છે? ધર્મની એને જરાય પડી નથી, જો કે Discovery of India નામના પોતાના પુસ્તકમાં ઉપનિષદો વિશે એણે મન મૂકીને લખ્યું છે. પણ એ ગુણદર્શન બૌદ્ધિક ભૂમિકાએ રહીને કર્યું છે અને બૌદ્ધિક પણ નથી કેમકે એ સીધું અંગત અનુભવમાંથી ઉતરી આવતું નથી. ગાંધીજીની જેમ એ નીતિવાદી, ગૂઢવાદી કે અધ્યાત્મવાદી નથી. મનુષ્યના સામાજિક નિર્માણની પાર જઇને જીવનના ગૂઢ ભેદો ઉકેલવા માટે ભીતરમાં વસતો કોઇ આત્મા એમને ઠેકાનો લાગતો નથી. 'સ્વર્ગનો શિકારી શ્વાન' એમનાં પગલાં સૂંઘતો પૂંઠે પળતો નથી. પોતાના માનવબંધુઓની એ સેવા કરે છે તે મનુષ્યમાં એમને ઇશ્વર વસતો જણાય છે એટલા માટે નહિ; પરંતુ પોતાનું ભાવી એ સર્વના ભાવી સાથે સંકળાયલું છે એટલું સમજવા જેટલા એ શાણા છે માટે. એમની દેશભક્તિનું કોઇ માનસિક ચાલકબળ હોય તો તે અભિમાન–અર્થાત્ આત્મગૌરવ છે. એ પર-દેશીઓ સાથે લડે છે કેમકે ગુલામી બિલકુલ સાંખી ન શકે એટલા બધા એ અભિમાની છે. એ લોકતંત્રવાદી છે કેમકે જેના પર પોતાનો નૈતિક અધિકાર ન હોય એવાં સત્તાસ્થાનો બથાવી બેસવાનું તુચ્છ ગણે એટલા બધા એ ઉચ્ચાશયી છે. આત્મગૌરવની સાથે સંકળાયલો બીજો આવેશ તે હૃદયની ઉદારતાનો ને ઉત્સાહનો છે. એ સમાજવાદી છે કેમકે વ્યક્તિનો લોભ અને ધનપતિનો દુર્વ્યય એમનાથી સંખાતો જ નથી, અને ઉદાર એટલા બધા છે કે આ દુનિયાની બધી સારી વસ્તુઓ સૌને ભાગે પડતી આવે એવું જ એ ઇચ્છે. ગાંધીજીમાં એમને આસ્થા છે તેનું કારણ થોડેક અંશે એ કે પોતાથી મહત્તર એવી શક્તિનો સ્વીકાર કરવા જેટલા એ સત્ય-ભક્ત અને નમ્ર છે; અને થોડેક અંશે એ પણ ખરૂં કે એમના સ્વ-ભાવમાં અનુસ્યૂત એવી જે વૃત્તિઓની નિર્મળતા છે તેણે કરીને કલ્યાણકર સાધ્ય માટે સાધન પણ કલ્યાણકર પસંદ કરવામાં રહેલું ડહાપણ એ પામી ગયા છે. બીજી રીતે કહીએ તો એમનો સંપ્ર-દાય, જો સંપ્રદાય એને કહી શકાય તો તે સુસંસ્કૃત માનવતાપૂર્ણ માનિકવાદનો છે.

એમના છેલ્લા ગ્રંથમાં એમણે કહ્યું છે તે પ્રમાણે એ પોતે "નાસ્તિક છે અને નાસ્તિકની જેમ એમને પ્રકૃતિ અને જીવનની નિરતિશય સમૃદ્ધિ ગમે છે; વળી જીવન જે સંઘર્ષો ઊભા કરે છે તે પ્રત્યે ઝાઝો અણગમો પણ નથી." જીવનનું આક્રાન એમને ઉત્તેજિત કરી મૂકે છે પણ અંધ બનીને એમાં રચ્યાપચ્યા રહેનારની ગ્રામ્યતા એમનામાં જુગુપ્સા પેદા કરે છે. એ વીર્યવંત અને વેદનશીલ છે અને એટલે આવેશ કે વેદનાની યાતનામાંથી એ ઉગરી શકે એમ નથી. રણભેરી સંભળાતાં એમનું લોહી ધમ-ધમવા લાગે છે, એમનામાં વસતા વીરનો હાથ તલવારની મૂઠ પર જાય છે અને યુદ્ધમાં ઝંપલાવવાને એ અધીર બની રહે છે. જ્યાં આંખ મીંચે છે ત્યાં વારેવારે બુધ્ધની પ્રતિમા બંધ નયનોના અવ-કાશમાં તર્યા કરે છે. "શતદલકમલ પર વિરાજીત, શાન્ત અને નિર્વિકલ્પ, આવેશો અને કામનાઓથી પર, જીવનના કલહો અને ઝંઝાવાતોથી દૂર, એટલા બધા દૂર કે દુર્ધર્ષ અને અપ્રાપ્ય." એ ચકિત થઈ રહે છે. આ બે વિરોધોનું–જીવનના અને આત્માના સાદનું–ઉપશમન થઇ શકે એવું શું નથી? બુદ્ધની પ્રતિમા ઉપર એ પુનઃ અંતઃચક્ષુને સ્થિર કરે છે ને એમને જ્ઞાન થાય છે કે "એ પ્રશાન્ત ને નિશ્ચલ દીસતી રેખાકૃતિઓની પાછળ પણ આવેશો અને ઊર્મિઓ નથી એમ નથી; પણ આપણને પરિચિત છે તેથી સાવ જુદા, અદ્‌ભુતતર પ્રબલતર એ આવેશો ને ઊર્મિઓ છે. બુદ્ધનાં નેત્રો મીંચેલાં છે, પરંતુ એ મીંચેલાં નેત્રોમાંથી યે કોઇ પરમ આત્મશક્તિ વસ્તુ માત્રને ભેદીને જુએ છે અને સમસ્ત દેહમાં પ્રાણશક્તિ ઉભરાઇ રહે છે. યુગો પછી યુગો વીતે છે પરંતુ બુદ્ધ કંઇ આંખે નીકળી ગયા લાગતા નથી; એ જ મૃદુવાણી હજી પણ આપણાં કાનમાં ગુંજે છે અને કહે છે કે "જીવનવિગ્રહથી કાયરની જેમ ભાગશો નહિ, કિન્તુ શાન્ત ચિત્તે એનો પ્રતિકાર કરજો; જીવ-નમાં જ વિકાસ અને પ્રગતિ માટે એક એકથી ચઢે એવી તકો પડેલી છે." વિરોધોના આવા સમાધાનની પ્રતીતિ મેળવવા વર્તમાન જગતમાં એ આસપાસ નજર ફેરવે છે અને ગાંધીજી પર જઇને એ નજર ઠરે છે. એ જ છે પ્રશાન્ત નેત્રોવાળા ક્રાન્તિ-કાર, જે ધિક્કાર્યા વિના લડી શકે છે, જે સદા પ્રવૃત્તિમય છતાં સદા નિવૃત છે, જેના લોહીમાં શિવાજીનું ઓજસ વહે છે, જેની આંખો-માંથી બુદ્ધની ક્ષમાનો પ્રકાશ નીતરે છે. અને એટલે નાસ્તિક નેહરૂ ગાંધીજીનો આશક બને છે એને લોહનું ખડ્ગ મ્યાન કરી સુવર્ણ-ખડ્ગના પ્રકાશને અનુસરે છે.

એ એવા જગતના સર્જન માટે મથે છે જેમાં સ્વાર્થલોલુ-પતાનું લોકકલ્યાણ સાથે, વ્યક્તિસ્વાતંત્ર્યનું સામુદાયિક પુરૂષાર્થ સાથે; અને રાષ્ટ્રીય હિતોનું આંતરરાષ્ટ્રીય શાન્તિ સાથે સમાધાન કરવામાં આવ્યું હોય. કેવી રીતે આ પ્રકારના જગતનું નિર્માણ સધાશે તેની એમને ચોકકસ ખબર નથી છતાં એમને શ્રદ્ધા છે કે મનુષ્યને બુદ્ધિયુક્ત દલીલોથી સમજાવી શકાય છે અને પારમાર્થિક સ્વાર્થ મનુષ્યનાં કાર્યોનું પ્રેરક ને નિયામક બળ બની શકે છે. એ અન્યમાં પોતાની જ પ્રતિકૃતિ જુએ છે. પરિણામે મનુષ્યના વ્યવહારમાં જે કંઇ બુદ્ધિસિદ્ધ નથી હોતું, પણ ગૂઢ કે અકલિત હોય છે તે એમને છીતા કરી મૂકે છે. એમની સમજમાં જ એ ઉતરતું નથી. એમાં રહેલી શક્તિની એમને ઝાંખી ખબર તો પડે છે, પણ એનું ચલનશાસ્ત્ર એ સમજ્યા નથી. એ જાણે છે કે ગાંધીજી એનું રહસ્ય જાણે છે અને એ અદ્‌ભુત શક્તિનો પ્રભાવ પ્રગટ કરી શકે એમ છે એટલે જ્યારે મહાત્માજીનાં કાર્યો કે નિર્ણય પાછળ રહેલી તર્કસરણી એમને સમજાય નહિ ત્યારે એમને મૂંગે મોઢે અનુસરવામાં એ સંતોષ માને છે. ગાંધીજી પ્રત્યેની એમની નિષ્ઠા સાચી અને કસાયેલી છે; ગાંધીજીનો એમને વિશેનો પ્રેમ પણ ઉંડો ને સ્થિર છે. બંને એકમેકના બળના પૂરક છે. ગાંધીવિનાના નેહરૂ નિષ્પરિ-ણામી બની રહે; નેહરૂ વિનાના ગાંધી અપૂર્ણ રહી જાય. જ્યારે ગાંધીજી સાથે એમને મતભેદ પડે છે ત્યારે એ પ્રમાણે તે કહી નાખે છે. તે વખતે રૂઢિચુસ્તો એમની સામે વકમાવે જોઇ રહે છે, અને રૂઢિમંજકો એમને બિરદાવે છે; પરંતુ ગાંધી અને નેહરૂ વચ્ચે કદી તૂર પડી દેખાતી નથી. બંને એકમેકને પિછાને છે. એ પિછા-નમાંથી જ ગાંધીજીની મહત્તાનું અને નેહરૂના ડહાપણનું માપ મળી રહે છે. બે અંતરોની આ પ્રકારની ઓળખ એ હિંદી રાષ્ટ્રીય મહાસ-ભાની મોટામાં મોટી સિદ્ધિ છે. 'પ્રજાબંધુ'માંથી સાભાર ઉધ્ધૃત.

તપસ્યા : દુઃખનો ચિન્મય પ્રકાશ

(પરમશ્રદ્ધેય બાબુ ક્ષિતિમોહન સેનનો બંગાળી ભાષામાં લખાયલો આ લેખ તા. ૨૨-૨-૪૭ ના 'દેશ' નામના સામયિકમાં પ્રગટ થયેલો, જેનો શ્રી. નગીનદાસ પારેખે કરેલો અનુવાદ સંસ્કૃતિના માર્ચ માસના અંકમાંથી અહિં સાભાર ઉધ્ધૃત કરવામાં આવે છે. જૈન ધર્મ તપપ્રધાન ધર્મ છે. એ તપની ભાવનાનું આ લેખમાં અન્ય દાર્શનિક ગ્રંથોના આધારે અત્યન્ત સુંદર અને વિચારપ્રેરક નિરૂપણ કરવામાં આવ્યું છે, એટલું જ નહિં પણ તપના પરંપરાગત ખ્યાલને કોઇ જુદા જ આકારમાં રજુ કરવામાં આવ્યો છે. આ રીતે વિચારતાં તપ એ જ આત્મોધ્ધારનું અને જીવ માત્રમાં રહેલ અનન્ત ચૈતન્યના આવીર્ભાવનું એક અને અમોઘ સાધન છે એમ આપણને પ્રતીત થઇ આવે છે. અહિંસા જેમ જેમ સમયે સમયે જુદી જુદી રીતે નિરૂપિત થઇ રહી છે અને તેના પરિણામે જ સદા વિકસિત થઇ રહી છે તેવી જ રીતે તપનો વિચાર પણ નવાં નવાં નિરૂપણોની અપેક્ષા ધરાવે છે. એમ થાય તો જ અહિંસા તેમ જ તપ માનવીના જીવનમાં જીવતી ભાવનાઓ અને ક્રાન્તિકારી શક્તિઓનું સ્થાન લઇ શકે. પરમાનંદ)

માણસમાં અનેક સંભાવનાઓ, શક્તિઓ સુપ્તાવસ્થામાં પડેલી હોય છે, જેમ કાષ્ટમાં અગ્નિ. દુઃખનું ઘર્ષણ થતાં એ બધી સંભાવનાઓ અને શક્તિઓ પ્રજ્વલિત થઇ ઉઠે છે, અને ત્યારે તેનો મહિમા જોઇને માણસ પોતે પણ આભો બની જાય છે.

આમ છતાં માણસની સામાન્ય પ્રવૃત્તિ દુઃખને નિવારવા અને સુખને વળગી રહેવા પ્રત્યે હોય છે. માણસ સમજતો નથી કે સુખ એ Static એટલે કે સ્થિતિશીલ છે અને દુઃખ Dynamic ગતિપ્રેરક છે. સાધનાના ક્ષેત્રમાં સ્થિતિશીલતા બંધનરૂપ છે. ગતિપ્રેરકતા મુક્તિરૂપ છે. એટલે, સાધકો સમજે છે કે દુઃખમાં ગમે તેટલો તાપ અને ગમે તેટલી જ્વાળા હોય તોયે તે તાપ વગર કંઇ જીવનમાં તેજ આવતું નથી. એ તાપની બીકે જો બળવાની હિંમત નહીં ચાલે તો સદા અંધકારમાં જ જીવન કાઢવું પડે છે. રવીન્દ્રનાથની એક કવિતામાં આ જ વસ્તુ સુંદર રૂપે રજૂ થયેલી છે :

ભિજ્ઞકાઠ અશ્રુજલે ભાવે રાત્રિ દિવા,
જ્વલંત કાંઠેર આહા દીપ્તિ તેજ કિવા.
અંધકાર ફોણે ચડે મરે ઇર્ષ્યા રોગે,
બોલે આમિ હેન જ્યોતિ પાલ કિ સુયોગે.
જ્વલંત અંગાર બોલે, કાંચા કાઠ ઓગો,
ચેષ્ટાહીન વાસનાય વૃથા તુમિ ભોગો.
આમરા પેયે છિ જાહા મરિયા પુડિયા,
તોમારિ કિ હાતે તાહા આ સિએ ઉડિયા?
ભિજ્ઞકાઠ બોલે-બાબા, કે મરે આગુને.
જ્વલંત અંગાર બોલે-તબે ખાક ધુણે.

(ભીનું લાકડું રાતદિવસ આંસુ સારીને નિસાસા નાખે છે કે 'બળતા લાકડાનું કેવું તેજ છે?' તે અંધારા ખૂણામાં પડયું પડયું ઇર્ષ્યાના રોગથી, પીડાય છે અને પૂછે છે કે 'મને આવું તેજ કયારે મળશે?' બળતો અંગારો કહે છે કે "હે લીલા લાકડા! તું પુરૂષાર્થ વગરની વાસનાથી નકામું દુઃખ ભોગવે છે. અમે જે બળીને-ને મરીને મેળવ્યું છે તે તારા હાથમાં શું એમ ને એમ ઊડીને આવવાનું છે?" ભીનું લાકડું કહે છે કે "બાપરે! દેવતામાં કોણ મરે?" બળતો અંગારો કહે "તો તને કીડા છો ખાતા."

બાઇબલમાં એ સુંદર કથા છે (St. John 15-2 Hebrews. 12-5-II) : એક માળીને એક ફળફૂલનો બગીચો હતો. જે ઝાડ ઉપરથી ફળફૂલ મળવાની આશા હતી તે ઝાડને માળી રોજ કાપતો, છાંટતો, અને જેના ઉપરથી ફળફૂલ મળવાની આશા નહોતી તેને હાથ પણ અડાડતો નહીં. એવાં ઝાડ કદાચ મનમાં મલકાતાં પણ હશે કે 'આપણે કેવાં ભાગ્યશાળી, અને પેલાં કેવાં કમભાગી કે રોજ રોજ દુઃખ વેઠવું પડે છે!' પણ જ્યારે ફળફુલની મોસમ આવી અને ફાલ બેઠો ત્યારે દુઃખ પામનારાં ઝાડ પોતાની સાર્થકતાથી ધન્ય થયાં અને દુઃખ ન પામનારાં ઝાડને માળીએ ઉખડીને ફેંકી દીધાં.

યજુર્વેદના બૃહદારણ્યક ઉપનિષદમાં આ રહસ્ય ઉત્તમરૂપે વર્ણવેલું છે. ઋષિ કહે છે કે પહેલાં જળ હતું, પછી ભૂમિ થઇ, તે શ્રાંત અને તપ્ત થવાથી જે તેજ-રસ નીસર્યો તે જ અગ્નિ-દુઃખમાંથી જ અગ્નિ અને તેના તેજની સૃષ્ટિ થઇ. **तस्य श्रांतस्य तेजो रसो निरवर्ततााग्निः ॥** (૧-૨-૨).

આ વિશ્વજગત તિમિરથી આચ્છન્ન હતું. બળીને ખાક થયા વગર પ્રકાશ મળતો નથી. કોણ એમાં પ્રકાશ આપે? "અગ્નિએ કહ્યું, હું બળવા તૈયાર છું."...**ज्वलिष्याम्येवाहम् इत्यग्निर्द्यौ** અને અગ્નિના પ્રકાશથી અંધકાર પ્રકાશમય બની ગયો.

તાપથી બળી જવા હું તૈયાર છું એમ બોલતાં જ આદિત્ય પ્રકાશમય બની ગયો. **तपस्याहमित्यादित्यः ।** ૧-૬-૨૨.

મૃત્યુને અને મૃત્યુની દુઃખજ્વાળાને અતિક્રમી જવાની હિંમત કરી માટે જ સૂર્ય આવો દેદીપ્યમાન છે. **असावादित्यः परेण मृत्युमतिक्रांतस्तपति ।** ૧-૩-૧૪

આદિત્યે પોતાને શ્રાંત અને તપ્ત કર્યો એટલે તરત જ તેમાંથી યશ અને વીર્ય ઉત્પન્ન થયાં–**स तपोऽतप्यत तस्य श्रान्तस्य तप्तस्य यशो वीर्यम् उदक्रामत् ।** ૧-૨-૬

તૈત્તિરીય ઉપનિષદની બ્રહ્માનંદવલ્લીમાં આ જ વાત વધુ જોરથી અને અત્યંત સહેલી રીતે કહેલી છે. પહેલાં સૃષ્ટિ નહોતી. ત્યારે કર્તાના મનમાં એવી ઇચ્છા થઇ કે હું વિચિત્ર વિશ્વરૂપે પ્રગટ થાઉં :—

सोऽकामयत । बहु स्याम् प्रजायेय इति । ૨-૬

ત્યારે તેમને સમજાયું કે ઇચ્છાની સાથે દુઃખમય તપસ્યા હોવી જોઇએ. એટલે તેમણે તપસ્યા કરી. તપસ્યાના દુઃખમાંથી આ સૃષ્ટિ જન્મી. સર્વ કાંઇ તે દુઃખમય તપાસ્યાનું જ ફળ છે. **स तपोऽतप्यत । स तपस्तप्त्वा इदं सर्वं असृजत । यदिंद किंच ।**

સામવેદમાંના છાંદોગ્ય ઉપનિષદમાં પણ આપણે જોઇએ છીએ કે પ્રજાપતિએ કઠિન તપસ્યા કરી, તેના ફળ રૂપે જે રસ ઊભરાયો તેનાથી જ પૃથ્વીમાં જ્યોતિર્મય અગ્નિ, અને અંતરિક્ષ લોકમાં પ્રકાશમય આદિત્ય દેદીપ્યમાન બની ગયા. **प्रजापतिर्लोकान-भ्यतपत् तेषां तप्यमानानां रसान् प्रावृहद्दग्निं पृथिव्या.....आदित्यं दिवः ।** ૪-૧૭-૧

બધી સૃષ્ટિના મૂળમાં દુઃખને વધાવી લેવાની જરૂર રહેલી હોય છે. સર્જનહારે પણ એ તપસ્યાના દુઃખને ટાળવા ઇચ્છયું નથી. એ દુઃખ તેમણે ન સ્વીકારી લીધું હોત તો તેમને તેમનું આ ઐશ્વર્ય કયાંથી મળવાનું હતું? કયાંથી મળવાની હતી આ અસીમ વ્યાપ્તિ? કયાંથી મળવાનું હતું આ મહત્ત્વ? સાધકને પણ બળતાં બળતાં તેમને માર્ગે ચાલવું પડશે, ત્યારે તેને પણ બળતાં બળતાં સહુથી મહાન વિભૂતિ મળશે. **एष एव ज्वलन् एष हि व्यास्ततमः । एष एव ज्वलन् एष ह्येवोत्कृष्टः । एतद् एव ज्वलद् एतद्धि महाविभूति । (नृसिंहोत्तरतापिन्युपनिषत् ६)**

બળતાં બળતાં વિધાતાનું જે સંગીત ઉચ્છ્વસિત થયું તે જ સૃષ્ટિ. **ज्वलति स उद्गीथः ।** છાંદોગ્ય ૨-૧૨-૧.

વિધાતાની પેઠે સાધક પણ દુઃખની જ્વાળામાં બળતો બળતો જ પૂર્ણ થાય છે, બળતાં બળતાં જ તેનામાંથી સૃષ્ટિની સંગીતધારા ઉચ્છ્વસિત થાય છે, તેના સમસ્ત પ્રાણ દુઃખે દુઃખે સંગીતમય બની જાય છે, તે દુઃખના પ્રકાશથી જ તે સંદીપ્ત બની જાય છે. ત્યારે તે એ દુઃખનાં ઐશ્વર્યથી વિભૂ બને છે, એ ઐશ્વર્યથી તે પ્રભુ બને છે, અને દુઃખની જ્યોતિથી જ્યોતિર્મય બને છે. ઋષિની ભાષામાં તે વખતે તેને સંબોધન કરીને આપણે કહી શકીએ : **ज्वलदसि पूर्णमसि, उद्गीथमसि, उद्गीथ-मानमसि, संदीप्तमसि, विभूरसि, प्रभुरसि, ज्योतिरसि ।** (पृ. आरण्यक ६-३-४,

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266

પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૯
અંક : ૩

મુંબઈ : ૧ જુન ૧૯૪૭ રવિવાર.

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪.

દરબાર ગોપાળદાસનું શકવર્તી પ્રવચન

"હું તમારો સ્વામી નથી, હું તમારો અદનો સેવક છું"

ભાઈઓ અને બહેનો !

પચીસ વર્ષના ગાળા બાદ તમને ફરી આ રીતે મળતાં મને આનંદ થાય છે. તમો જાણો છો કે આ શુભપ્રસંગ ઉજવવાની આપણને તક સાંપડી છે તે મારા તમારા પ્રયાસો કરતાં પૂ. ગાંધીજીના સત્ય અને અહિંસાનો વિજય છે અને પૂ. સરદારસાહેબની આપણા પ્રત્યેની ભાવનાનું પરિણામ છે.

ઢસા, રાય અને સાંકળીનો જે દિવસે સં. ૧૯૬૭ના ત્રિજ્યા-દશમીને દિવસે, મેં વહીવટ સંભાળ્યો તે દિવસથી આજ સુધીમાં મારી જાગ્રત અવસ્થામાં કોઈ દિવસ તે ત્રણ ગામના વતનીઓમાંથી એકે ય ગામના વતનીઓને મેં પરાયા ગણ્યા હોય એવું મને સ્મરણ નથી. તમે અને હું એક કુટુંબના માણસો છીએ. ઈશ્વરે મને તમારો અગ્રણી બનાવ્યો - એનો અર્થ માત્ર એટલોજ મેં ગણ્યો કે તમે તમારા સુખદુઃખની ચિંતા કરવાની અને તમારું રક્ષણ, પોષણ કરવાની જવાબદારી મારા ઉપર મૂકી છે.

એ જવાબદારીનો ભાર આજ પચીસ વરસના ગાળા પછી ઈશ્વર ફરી મારે માથે મૂકે છે અને તેની ઇચ્છાનો અમલ કરવાને માટે હું તમારી વચમાં આવ્યો છું.

પચીસ વરસ પહેલાંનો એ દિવસ મને યાદ આવે છે, જ્યારે આપણે સૌ ભારે હૈયે છુટા પડયા અને મેં અનિશ્ચિતતામાં ઝુકાવ્યું.

ઢસાના ઘણા પરિચિત ચહેરાઓ હું આજે જોતો નથી તેનું મને દુઃખ થાય છે, પરંતુ તમારામાંના ઘણાને પચીસ વર્ષ પહેલાંનાં એ દિવસો યાદ હશે કે આપણે ત્યારે કેટલીયે વસ્તુઓ છુટથી કરી શકતા નહોતા. દરેક પળે આપણને કોઈ એજન્સીના શિરસ્તેદાર, કોઈ પ્રાંતના પ્રાંતસાહેબ કે કોઈ બંગલાના લાટ તરફ જોઈને પગલાંઓ માંડવા પડતા હતાં. ઢસામાંથી કયાંય જવું હોય તો એજન્સી અધિકારીઓની અનુકુળતાનો વિચાર કરવો પડતો. આપણી ગેરહાજરીમાં તેમને કાંઇ જરૂર પડે તો તે જરૂરિયાત સંતોષવાને માટે પ્રબંધ કરીને પછી જ બહાર જવાતું. જેમને મળવા જવાતું હોય તેને પ્રાંતસાહેબના શિરસ્તેદાર સાથે બનાવ છે કે અણબનાવ છે એ નક્કી કર્યા પછી જ તે દિશામાં પગ મંડાતો.

નાના અમલદારની આટલી શેહ પડે તો મોટા અમલદારનું પૂછવું જ શું ? "દફ્તરદાર સાહેબ" "પ્રાંતસાહેબ" એ શબ્દો આપણા મગજ ઉપર અલગ પ્રકારની અસર નિપજાવતા. તેમના નામના ઉચ્ચાર સાથે આપણી સર્વ કલ્પનાઓ, સર્વ ગણત્રીઓ અને આશાઓ આપણાં જ બનાવી લેવાં પડતાં હતાં. અને જ્યાં માત્ર નામની જ આટલી અસર પડતી ત્યાં તેમના સંદેશા, તેમના પત્રો અને તેમની હાજરી શું અસર પાડતાં હશે એ તો કલ્પી જ લેવું રહ્યું. તેમનો ચપરાસી જે અદાથી અને ગર્વથી સંદેશો લાવતો તેનું સ્મરણ હજી મારા માનસપટ ઉપરથી ભૂંસાયું નથી. બ્રિટીશ સલ્તનતની પાશવી તાકાતનું દરેક પળે ભાન કરાવવાને માટે થાણદારો, શિરસ્તેદારો, પ્રાંતસાહેબો અને મોટા સાહેબો પ્રયત્ન કરતા રહેતા. બ્રિટીશ હકુમતની કડકાઈ અને તેની સખ્તાઈ આપણાં દિલની અંદર નિરંતર પ્રતિબિંબિત રહે તેની કાળજી તેઓ સૌ રાખતા. સેંકડો વર્ષની ગુલામીએ, અરસપરસના કુસંપોએ અને આપણાં સ્વાર્થી માનસે આપણને માણસ મટાડી દીધાં હતાં. પ્રજાજન હોય કે તાલુકદાર હોય કે રાજા હોય-બધા બ્રિટિશ હકુમતના સૂત્રધારોના બિનડોસી ચપરાસીઓ જ હતા.

આપણું અધઃપતન એટલેથી જ અટકયું ન હતું. આપણા માટે એ સ્થિતિ સ્વાભાવિક બની ગઇ હતી અને કેટલાક તો એ સ્થિતિમાં રાચતા પણ હતા. મોટા સાહેબની કોઠીનું આકર્ષણ એમને મન કાશી કે મક્કા કરતાં અધિકતર હતું. મોટા સાહેબનું વેણ તેઓ વેદવાકય સમજતા. હજી પણ એ બધું મારા દિલમાં આગ પ્રગટાવે છે અને સાથે સાથે આપણી કાઠિયાવાડની પ્રજાની અને રાજવીઓની લાચાર ને ગુલામી મનોદશાનાં કરુણ સ્મરણો જગાડે છે. દુનિયાની અંદર એક પણ રાજા-પ્રજા એવાં વસતાં નથી કે જેણે દેશી રાજ્યની પ્રજાની હદે આપખુદી અને સ્વાર્થની આટલી હદે કદમબોસી કરી હોય. મારા સંસ્કારદાતા સ્વ. મોતીભાઇ અમીન તરફથી મેં જે સંસ્કારો પ્રાપ્ત કર્યા હતા તેને લીધે મને આ બધું રૂચતું ન હતું, પણ તેના ઉકેલનો વ્યાપક માર્ગ મને જડતો ન હતો.

૧૯૧૫ની સાલ હતી. તે સાલમાં દક્ષિણ આફ્રિકાથી મુંબઇના બંદર ઉપર એક સૂકલકડી માણસ ઉતર્યો. કાઠિયાવાડી ફેંટો, કાઠિયાવાડી અંગરખું, કાઠિયાવાડી ઢબે પહેરેલું ધોતીયું, ઓખાઇ પગરખાં અને ગુજરાતી ભાષા બોલવાનો તેનો આગ્રહ, તેની સીધી અને સરળ જબાન તેના આફ્રિકાના પરાક્રમો કરતાં યે મને વધારે આકર્ષક લાગ્યાં. કાઠિયાવાડ અને સમસ્ત હિંદના સાદા અને સરળ માનવીઓનું તેમની સાદી અને સરળ રહેણીકરણીમાં, આચાર-વિચારમાં અને ભાષામાં મેં પ્રતિબિંબ જોયું, અને હું તેમને સમજવાની કોશીષ કરવા લાગ્યો. તેમના વચનોના પડઘા પ્રથમ વિચારોમાં અને પછી મારા હૃદયમાં પડવા લાગ્યા. ખેડા સત્યાગ્રહના અહેવાલ અને રોલેટ એક્ટ સામેના આંદોલને જે વસ્તુઓ મને ખટકતી હતી તેનો વ્યાપક ઉકેલ બતાવ્યો. તેમના સત્યાગ્રહના મંત્રમાં એક નવીન પ્રકારની શક્તિ મેં પ્રથમ માણી અને પછી અનુભવી.

તેઓ આવ્યા, રાજકારણમાં દાખલ થયા અને હિંદુસ્તાનની સિકલ બદલાવા લાગી. બ્રિટીશ હકુમતની ઇમારત આપણી નબળાઇઓ અને ગુલામી માનસ ઉપર રચાઈ હતી એનો આબાદ ખ્યાલ એમણે આપણને આપ્યો, એ નબળાઇ અને ગુલામી માનસને નાબુદ કરવાની કળા આપણને શીખવી, શુદ્ધ પ્રજાકિય સંગઠ્ઠનના સાચા નિયમો આપણને ભણાવ્યા, આપણું આત્મભાન જાગ્રત કરાવ્યું અને ત્યાગ, અને બલિદાનની દીક્ષા આપણને આપી. નવી

પ્રગટેલી આત્મશ્રદ્ધાથી–તેમણે વહેતા મૂકેલા વિચારોથી–તેમણે રેડેલી નવી હિમ્મતથી–તેમણે ઊભી કરેલી કર્તવ્યનિષ્ઠાની ભાવનાથી આખો દેશ રંગાયો. જગતમાં એક નવીન ચમત્કાર બન્યો. હિંદુસ્તાનનો આત્મા વર્ષોના ઘેન પછી સળવળી ઉઠ્યો, જાગૃત બન્યો, લોકોએ ભિરતા ખંખેરી નાખી, બલિદાનનો ચેપ ફેલાયો, પ્રાંતિય ભાવના, કોમી વિખવાદ અને સ્વાર્થસાધુતાનું સ્થાન રાષ્ટ્રિયતાએ લીધું. અને દરિદ્રનારાયણની સેવા એ લોકોનું જીવનધ્યેય બની ગયું. એક અદ્‌ભૂત ક્રાન્તિ તેમણે લાવી મૂકી. એ ક્રાન્તિના મોજાં આપણાં પ્રાંતમાં પણ અથડાવા લાગ્યાં. અપમાન, શોષણ અને મુસીબતોથી ત્રાસી ગયેલ પ્રજામાં કંઇક નવચેતન આવ્યું. બ્રિટિશ હકુમતની સત્તાની સામે લોકોએ મીટ માંડી.

બ્રિટિશ હકુમત માટે આ અસહ્ય હતું. પોતાની અબાધિત, અમર્યાદિત સત્તા સામે પડકાર કરનારને જમીનદોસ્ત કરવાને તે કટિબદ્ધ થઇ અને પોતાની શક્તિનો પરચો બતાવવા માટે તથા રાજા–પ્રજાના દિલમાં ધાક બેસાડવાને માટે તેણે દમનકારી પગલાં ભરવાની નીતિ ગ્રહણ કરી.

ખાદી અને ગવર્નરની મુલાકાત સંબંધમાં મારું વળણ, ઇત્યાદિ તો બધાં નિમિત્તો હતાં. ખરી વસ્તુ તો એ હતી કે પૂ. બાપુનું નિદાન અને પૂ. બાપુએ સૂચવેલ ઇલાજ એ બન્નેની ચોટ બ્રિટિશ હકુમતને પહોંચી ગઇ હતી. અને તેઓ તેમાં સામ્રાજ્યશાહીના અંત ભાળતા હતા. અને એ પ્રવાહમાં કાઠિયાવાડ અને ખાસ કરીને રાજાઓ ન તણાય તે જોવા આતુર હતા. હું જુદું જ માનતો હતો. હિંદુસ્તાનથી વિખુટો એવો કાઠિયાવાડ અને પ્રજાથી વિખુટો એવો રાજા હું કલ્પી શકતો જ નહોતો. જે રસ્તે હિંદુસ્તાન અને હિંદુસ્તાનની પ્રજા તેજ રસ્તે કાઠિયાવાડ અને કાઠિયાવાડનાં રાજવીઓનું કલ્યાણ સમાયેલું છે એમ હું માનતો હતો.

જે સ્થિતિ મને અકળાવી રહી હતી તે હવે અસહ્ય લાગવા માંડી. પૂ. બાપુના વિચારો અને સિદ્ધાન્તોનું બળ મને મળ્યું ન હોત, તેમનો અને પૂ. સરદાર સાહેબનો સાથ અને ટેકો મને મળ્યો ન હોત, શ્રી. ભક્તિબા મારી પડખે ન હોત અને કાઠિયાવાડ, ગુજરાતનાં અનેક કાર્યકર ભાઇ બહેનોનું આકર્ષણ મને ન હોત તો આ નિર્ણય જેટલો આસાનીથી હું લઇ શક્યો તેટલી આસાનીથી લઇ શકત કે નહિ એ કહેવું મુશ્કેલ છે.

આ નિર્ણયની પાછળ એક બીજું પણ કારણ હતું. સ્વદેશની ચળવળના વખતથી જ હું સ્વદેશીનો ઉપાસક હતો. ઢસાનો સુથાર બનાવે તેજ ફરનીચર, ઢસાનો મોચી બનાવે તેજ જોડા, ઢસાનો વણકર અને દરજી બનાવે તેજ કપડાં હું વાપરતો. પરંતુ પૂ. બાપુએ આખી રાજકીય અને આર્થિક પરિસ્થિતિનું પૃથક્કરણ કરી સમજાવ્યું કે ઢસા અને રાયસાંકળીનાં દર્દનાં મૂળ બ્રિટિશ શાહીવાદમાં પડેલા છે. જ્યારે આ વસ્તુ સમજાણી ત્યારે જ મારા વિરોધનું ચિત્ર સંપૂર્ણ બન્યું અને મારો નિર્ણય દૃઢ બન્યો. આજે એ નિર્ણયને પરિણામે જીવનમાં મેં જે કાંઇ મેળવ્યું છે તેને મુકાબલે છેલ્લા પચીસ વર્ષમાં મારે ભાગે જે સહન કરવાનું આવ્યું છે તેની કશી વિસાત નથી.

એટલા માટે એ નિર્ણય સૂચવનાર પરમ કૃપાળુ પરમેશ્વરનો જેમ હું ઋણી છું તેમ પૂ. ગાંધીજી જેમણે મને જીવનદર્શન આપ્યું, પૂ. સરદાર સાહેબ જેમણે મને હૂંફ અને ટેકો આપ્યાં, શ્રી. ભક્તિબા જેમણે મારા નિર્ણયના પરિણામે કુટુંબની સર્વ જવાબદારીઓ પચીસ પચીસ વર્ષ સુધી ઉપાડી એટલું જ નહિ પણ મારા નિર્ણયને અચળ રાખવામાં મન, બુદ્ધિ અને અન્તઃકરણથી મને સાથ આપ્યો અને ગુજરાત કાઠિયાવાડના સહકાર્યકર્તાઓ જેમણે અમારો રાહ સરળ બનાવવાને માટે, અમારો ભાર હળવો કરવાને માટે પચીસ વર્ષ સતત ચિંતા કરી તેમનો સર્વનો હું ઋણી છું. શ્રી. ભક્તિબાના વડિલ બંધુ સદ્‌ગત શ્રી. હરિભાઇ અમીન તથા ભત્રીજા સદ્‌ગત શ્રી. મહેશભાઇનો પણ તેમાં કેટલો હિસ્સો છે તે તેઓના આત્મા અને અમે બંને જણાં જ જાણીએ છીએ.

ઢસાના પ્રજાજનો! મેં ઉપર કહ્યું એ પ્રમાણે આ નિર્ણયમાં ઢસા અને રાયસાંકળીની આબાદીનો સવાલ પણ સંડોવાયેલો હતો. છેલ્લા પચીસ વર્ષથી હું તમારાથી દૂર રહ્યો છું, મારા વહીવટ દરમ્યાન જે કાંઇ અનુકૂળતાઓ, સગવડતાઓ, ઉતેજન કે મદદ તમને મળતા તે અત્યારે ચાલુ રહ્યાં છે કે નહિ તે હું જાણતો નથી. મારી ગેરહાજરીને પરિણામે તમારે અનેક દિશામાં સહન પણ કરવું પડ્યું છે; પરંતુ મેં ઉપર કહ્યું તેમ પૂ. ગાંધીજીની બ્રિટિશ હિન્દુસ્તાનની લડત એ તમારાં દુઃખ દર્દોનાં નિવારણની લડત હતી અને હું બહાર રહ્યો રહ્યો પણ તે રીતે તમારાં શોષણનાં મૂળ દૂર કરવાનાં કામમાં લાગેલો હતો.

આજે દેશનાં, મારાં અને તમારા સર્વનાં સદ્‌ભાગ્યે એ શોષણની જડ ઉખેડવામાં આપણે સફળ થયાં છીએ. હિંદુસ્તાનની નવરચના કરવાનો અધિકાર આપણા હાથમાં જ આવ્યો છે. હિંદુસ્તાનને સ્વરાજ મળ્યું છે અને જે શોષણવિહીન સમાજરચના ઉભી કરવા માટે આપણે સૌ સપથ લઇને બહાર પડયા હતા તેમને તેવો સમાજ ઉભો કરવાની અનુપમ તક પ્રાપ્ત થઇ છે. કુદરતની એ ઘટના હશે કે બલિદાનનો યુગ શરૂ થાય ત્યારે મારે તાલુકો છોડવો અને નવરચનાને યુગ શરૂ થાય ત્યારે એ તાલુકાની નવરચનાને માટે ફરી તમારી વચમાં હાજર થવું.

વિરોધ લડત, અસહકાર, જેલગમન એ બધાં જો મેં સરખી રીતે પચાવ્યા હશે તો જેમ આત્મબલિદાનનાં યુગમાં હું તમારી સેવા કરી શકયો તેમ આ નવરચનાનાં યુગમાં પણ હું તમને ઉપયોગી થઇ શકીશ. જ્યારે નવરચનાનો વિચાર કરું છું ત્યારે મારા મનમાં અનેક વિચારો ઉદ્‌ભવે છે. આજનો જમાનો રાજાશાહી કે કોઇ શાહીનો નથી. આજનો જમાનો સેવકોનો છે. હું તમારો સ્વામી નથી; હું તમારો અદનો સેવક છું. તમે મને તાલુકદાર કહેવાનું પસંદ કરો, દરબાર કહેવાનું પસંદ કરો કે મને બીજું કંઇ નામ કે હોદ્દો આપો એ તમારા પોતાના અખત્યારની વાત છે. પરંતુ તેથી મારી સેવક તરીકેની સ્થિતિમાં લેશ માત્ર ફરક પડતો નથી. સેવક તરીકે તમારે કેટલી સત્તા મને સોંપવી, કેટલી તમારી પાસે રાખવી એ પણ તમારા અખત્યારની વાત છે.

ત્યાર પછી આવે છે હકુમતની વાત. ઢસા એક નાનું ગામ છે. એની ઉપજ પણ જુજ છે. આધુનિક તંત્રનો ભાર એના ઉપર પડે તો એનો વિકાસ પણ કુંઠિત થઇ જાય, એટલે ઢસાને લાગે વળગે છે ત્યાં સુધી મારી દૃષ્ટિએ હકુમતનો પ્રશ્ન ઉભો થતો નથી. ઢસાના લોકોએ પોતાનું જોડાણ કોમ મોટી હકુમત સાથે કરવું જ રહ્યું. તમને અનુકૂળ હોય તો વડોદરા રાજ્ય સાથે તમારું જોડાણ ચાલુ રાખશો, અગર તમને કોઇ જાતનો ફેરફાર કરવાની જરૂરિયાત જણાય તો તેમ કરવા પણ તમે મુખત્યાર છો. તમારો નિર્ણય મને માન્ય રહેશે.

ત્રીજી વાત આવે છે આંતરિક વહીવટની. હિન્દુસ્તાનનું ગામડું એક રીતે જોઇએ તો એક સ્વતંત્ર એકમ થવાને સરજાયેલું છે. જેટલે અંશે આ એકમ આબાદ થશે એટલે અંશે આ એકમ નિરોગી બનશે, એટલે અંશે હિન્દુસ્તાન નિરોગી બનશે. જેટલે અંશે આ એકમ આઝાદ બનશે એટલે અંશે હિન્દુસ્તાન પણ આઝાદ બનશે. હું તમને આજને આજ આર્થિક આબાદી કે શારીરિક આરોગ્યની બક્ષીસ આપી શકું તેમ નથી. પણ જે આઝાદીનું મેં કોંગ્રેસના ધ્વજ હેઠળ પાન કર્યું છે તે આઝાદી તમને આપી શકું એમ છું. ઢસાનો આંતરિક વહીવટ ઢસાના લોકો સ્વતંત્ર ગ્રામપંચાયત મારફત વહેલામાં વહેલી તકે ચલાવે એમ હું જોવા ઇચ્છું

છું. આવી સ્વતંત્ર ગ્રામપંચાયતનું બંધારણ તમેજ ઘડી કાઢશો અને તેની રચના અને સંચાલન પણ તમારે જ કરવાનું રહેશે. આ કાર્યમાં તમે જેટલો મારો સાથ ઇચ્છશો એટલો અવશ્ય મળી રહેશે. છેલ્લા પાંત્રીસ વરસનો મારો અનુભવ પણ તમારે ચરણે મુકીશ, તેવું બંધારણ ઘડયા પછી તેના સંચાલનની અંદર મારું માર્ગદર્શન પણ તમને મળતું રહેશે, પરંતુ એ વહીવટની તમામ સત્તા તમારી રહેશે.

ચોથી વાત આવે છે આર્થિક વ્યવસ્થાની. પરાપૂર્વથી ગામધણી એ ગામની પેદાશનો માલિક ગણાતો આવે છે. નૂતન હિંદુસ્તાનમાં કોઈ પણ જાતની પેદાશનો સ્વામી જેના શ્રમથી એ પેદાશ થવા પામી હશે એ જ ગણાશે. ઢસાની ઉત્પન્નના સ્વામી તમે જ ગણાશો. મારા અને કુટુંબીઓના નિર્વાહને માટે શું જુદું રાખવું એ ઉપરોક્ત ગ્રામપંચાયત નક્કી કરશે અને હું ખાત્રી આપું છું કે તે રકમ નાની હશે કે મોટી, તમારા એક વફાદાર સેવક તરીકે મારી સર્વ શક્તિઓ તમારી સેવામાં નિરંતર ખરચાતી રહેશે.

આવું બંધારણ તમે ઘડો, એ બંધારણ પ્રમાણે તમે ઉપજ, ખર્ચ નક્કી કરો, તમારા વિકાસને માટે તમે કાર્યક્રમ ઘડી કાઢો. દરમ્યાનમાં પચીસ વર્ષ પહેલાં જ્યારે હું તાલુકાનો વહિવટ કરતો હતો ત્યારે કેટલાક સિધ્ધાંતો આપણે મુકરર કર્યા હતા તેનો અમલ થશે.

ઢસામાં વેઠ નહિ હોય, કોઇ પણ દરબાર જે પોતાનો મોભો ગામમાં સૌથી શ્રેષ્ટ ગણે છે તે નગર પૈસે કામ કરાવીને પોતાના મોભાને ઝાંખપ લગાડે છે. ઢસાનો એ નિયમ હતો કે કોઇ ખેડુત કોઈ પણ કારણસર દરબાર પાસેથી મહેનતાણું લેવાનું જતું કરે તો તેના મહેનતાણાની રકમ ઢસા સેવકમંડળમાં તે ખેડુતના નામથી જમા થતી, તે જ પ્રમાણે હવે પછી બનશે. પૈસાવડીએ છતાં અનિચ્છાએ લેવામાં આવેલી કામગીરી પણ વેઠ ગણાશે.

ઢસામાં જકાત નહિ હોય, હિંદુસ્તાનની અંદર એક જ જગાતી દિવાલ હશે અને તે હિંદુસ્તાનની સરહદ ઉપર. ભાત વેરો લોકોને માટે વપરાશે. તે સિવાય વિઘોટી ઉપરાંત ગામદાણના જમીન ઉપરના બીજા ખેડુતો પાસેથી લેવાતા વેરા સિવાય બીજા કશા કરવેરા પ્રજાની સંમતિ સિવાય ઢસામાં નહિ લેવાય. ઢસાની વિઘોટી સંબંધમાં દર વરસે છ ગ્રામજનોની બનેલી સમિતિ વિઘોટીની આનાવારી મુકરર કરશે, અને તે પ્રમાણે વિઘોટી લેવામાં આવશે. ઢસામાં હપ્તાની મુદત નહિ હોય. ખેડુત જ્યારે માલ વેચે ત્યારે વિઘોટીની રકમ ભરી શકશે. અને છેવટે ઢસામાં કોઇ પણ ખેડુત વિઘોટીની રકમ વ્યાજબી કારણસર પૂરેપૂરી ન આપી શકે તો તેને બાકીની રકમમાંથી મુક્તિ આપવામાં આવશે. બીજે વરસે તે ભરવાને બંધાયેલ નહિ હોય. ઢસાનો ચાલતો આવેલો આ ક્રમ છે, અને જ્યાં સુધી સ્વતંત્ર ગ્રામપંચાયતનું બંધારણ ન રચાય અને તેનો અમલ શરૂ ન થાય ત્યાં સુધી આ ક્રમ અમલમાં રહેશે.

સ્વતંત્રતાની સાથે આ બધા અધિકારો આવે છે તેમ એને અંગે કેટલીક જવાબદારીઓ ઉઠાવવાની પણ આવે છે. પહેલામાં પહેલી જવાબદારી તમારે શિરે તમારી અંદર અંદરની એકતા સ્થાપવાની રહે છે. ઢસામાંથી ઉંચ નીચના ભેદ સર્વ નાબુદ થશે. ઢસામાં અસ્પૃશ્યતા સદંતર નાબુદ થવી જ જોઇએ.

બીજી જવાબદારી તમારા ગામની આર્થિક પુનર્રચનાની રહે છે. ઢસાની લાખ રૂપિયાની પેદાશમાંથી ખાસ જરૂરિયાત સિવાય એક પૈસો પણ નિરર્થક ખરચાય નહિ એવો પ્રબંધ કરવો પડશે. ઢસા સ્વાવલંબી બને, ઢસાની જરૂરિયાતની વસ્તુઓ ઢસામાં ઉત્પન્ન થાય અને ઢસાનો દ્રવ્યપ્રવાહ આજે બહાર વહી રહ્યો છે તે અટકે નહિ ત્યાં સુધી ઢસા આબાદ બનશે જ નહિ. ઢસાની સ્વતંત્ર ગ્રામ્ય પંચાયતે આને માટે નિર્ણયો લેવા પડશે.

ઢસાને નિરક્ષરતા નાબુદ કરવી પડશે. એટલા માટે ખેતી અને ગામડાને અનુકૂળ કેળવણીનો પ્રબંધ કરવો પડશે. ઢસામાં એક પણ ભાઇ અગર બહેન અભણ ન હોય તેમજ નિરૂપયોગી ન હોય.

ઢસાએ સ્વચ્છતાના અને નિરોગી જીવનના પાઠ શીખવા પડશે. ઢસાનો જુવાન અને ઢસાની કન્યા કોઇ પણ ઠેકાણે જોવામાં આવે તો ભાત પાડે એવાં તેજસ્વી અને તંદુરસ્ત હોવા જોઇએ. ઢસાની શેરી, ઢસાના ઘરઆંગણાં અને ઢસાનાં ઝુંપડાં સ્વચ્છ અને આકર્ષક હોવાં જોઇએ. ઢસાની ખેતી, ઢસાના ઢોર, ઢસાનો કસબ, પણ અતેરાં હોવા જોઇએ. ઢસાનું એક પણ ઘર ઢોર વિનાનું કે રેંટિયા સિવાયનું હોય તે આપણે માટે શરમનો વિષય ગણાશે.

ઢસાની સ્વતંત્ર ગ્રામપંચાયત કાઠિયાવાડની અંદર આદર્શ ગ્રામપંચાયત બનવી જોઇએ. તમે એવી જાતની ગ્રામ પંચાયત રચવા માગતા હશો તો મારો આખો અનુભવ, મારી તમામ શક્તિ ઉપર તમારો પ્રથમ અધિકાર હું સ્વીકારીશ.

તમે અને હું આજે કસોટી ઉપર મૂકાયા છીએ. મને શંકા નથી કે કોંગ્રેસે અને પૂ. સરદાર સાહેબે પ્રયત્ન કરી આ અવસરને માટે આપણને લાયક ગણ્યાં છે તેને પાત્ર ઠરવા માટે આપણે પૂરે પૂરી કોશીષ કરીશું, અને જો આપણે તેમ કરીશું, તો ઢસાને આપણે જરૂર આદર્શ આબાદ અને સ્વતંત્ર ગામડું બનાવી શકીશું. આ કાર્યમાં પૂ. ગાંધીજીના, પૂ. સરદાર સાહેબના અને અનેક શુભેચ્છકોના આશીર્વાદ આપણી સાથે છે. તેમનો સક્રિય સાથ આપણને મળી રહેશે, માત્ર જાગૃતપણે આપણે કર્તવ્યશીલ બનીએ.

ઢસાના શ્રીમંતો અને વેપારીઓનો હું જુદો ઉલ્લેખ કરતો નથી. ઢસાનો શ્રીમંત પોતાની સંપત્તિને ઢસાની સંપત્તિ ગણવા લાગશે એમ હું આશા રાખું તો વધારે પડતી નહિ ગણાય.

અત્યાર સુધી હું માત્ર ભૂતકાળ અને ઢસા વિષે બોલ્યો પરંતુ આજની દુનિયામાં કોઇ પ્રદેશ બીજા પ્રદેશની અસરથી મુક્ત રહી શકતો નથી.

આઝાદ અને આબાદ કાઠિયાવાડ સિવાય આઝાદ અને આબાદ ઢસા સંભવી શકે નહિ. કાઠિયાવાડ રાજકીય પરિષદના પ્રમુખ દરજ્જે અત્યારને પ્રસંગે હું કંઇ કહું તેના કરતાં કાઠિયાવાડના રાજવીઓમાંના એક તરીકે હું કહું તો તે અસ્થાને નહિ ગણાય. પ્રગતિશીલ, સ્વતંત્ર અને પ્રજાસત્તાક હિંદુસ્તાનની ભૂમિકા ઉપર જ કાઠિયાવાડના રાજવીઓએ વિચાર કરવો રહ્યો. કારણ આઝાદ અને આબાદ હિંદુસ્તાન સિવાય આઝાદ અને આબાદ કાઠિયાવાડ કે તેનું એક પણ રાજ્ય સંભવી શકતું નથી. ગઇ કાલ રાજવીઓની હતી અને આજ તેમની નથી. એટલા ખાતર દિલગીર થવાની કે હીણપતભરેલો ખ્યાલ સંઘરવાની નથી. કુદરતના ક્રમમાં હિંદુસ્તાનની નવરચનાને ખાતર રાજવીઓએ અદૃશ્ય થવું પડતું હોય તો તેના જેવું મહાભાગ્ય બીજું હું કલ્પતો નથી. આપણે ઇતિહાસનું એક એક જ્વલંત પ્રકરણ લખી ચૂકયા છીએ. આપણું કાર્ય સમાપ્ત થયે આત્મવિલોપન કરવાથી હિંદુસ્તાનનો અર્થ સસ્તો હોય તો આપણે માટે તેવું આત્મવિલોપન ગૌરવનો વિષય ગણાવો જોઇએ. કયાંય પણ આમાં દિલગીરી કે હીણપતને સ્થાન નથી. ઉત્ક્રાન્તિના નિયમોને આખું જગત વશ છે. રાજાઓ પણ તે જ રીતે વિચારે, અને હિંદુસ્તાનમાં શુદ્ધ લોકશાસનની સ્થાપનાને અર્થે કોઇ પણ ભોગ મોટો નહિ ગણે, તો મને શંકા નથી કે હિંદુસ્તાનમાં તેનું સ્થાન અમર બની જશે. લોકશાસન માગી લે છે કે ગામડાથી માંડીને આખા દેશની બંધારણીય રચના લોકોની દૃષ્ટિએ અને લોકોના હિતની દૃષ્ટિએ થાય.

કાઠિયાવાડ રાજકીય પરિષદે ધ્રાંગધ્રા અધિવેશનમાં એક એકમનો ઠરાવ કર્યો છે અને તે ઠરાવમાં કાઠિયાવાડની બંધારણીય રચના કેવી જાતની હોઇ શકે તે પણ જણાવ્યું છે. હું તેની પુનરૂક્તિ કરવા અહીં માગતો નથી, અંગુલીનિર્દેશ કરવા માગું છું.

કાઠિયાવાડની સાર્વભૌમ સત્તા કાઠિયાવાડની પ્રજા જ હોઇ શકે. કાઠિયાવાડનું ભવિષ્યનું બંધારણ જેના શિરે એ બંધારણનો ભાર ઉંચકવાની જવાબદારી પડેલી છે તેઓ, એટલે પ્રજા જ, ઘડી શકે. ન્યાય અને વ્યવસ્થા, અર્થતંત્ર, વાહનવ્યવહાર, બંદરોનું આયોજન, વ્યાપાર ને ઉદ્યોગ, ખેતી સુધારણા, જળમાર્ગો, જળાશયો, નહેરો અને સહકારી મંડળીઓ, માધ્યમિક ને ઉચ્ચતર કેળવણી, પ્રાંતિય આરોગ્ય –આ સર્વ કાઠિયાવાડની મધ્યસ્થ સત્તાને સોંપાવા જોઇએ અને મધ્યસ્થ ધારાસભા, અને મધ્યસ્થ પ્રધાનમંડળ મારફત તેનો વહીવટ થવો જોઇએ. કાઠિયાવાડનાં કુદરતી સાધનો ઉપર તમામ કાઠિયાવાડની જનતાનો અધિકાર છે, અને કાઠિયાવાડના રાજવીઓને મારી નમ્ર અપીલ છે કે તેઓ આ મૂળભૂત સિદ્ધાંતોનો સ્વીકાર કરીને લોકશાસનને ધોરણે આ પ્રાંતને આગળ લાવવા માટે થતા પ્રયત્નોમાં ફાળો આપો.

ભાઇઓ અને બહેનો ! પ્રજાએ છેલ્લા પંદર દિવસમાં ચોતરફથી જે લાગણીનો વરસાદ અમારા બંને ઉપર વરસાવ્યો છે અને આપે આટલી તકલીફની વચ્ચે હાજરી આપી છે તેનો કયા શબ્દોમાં આભાર માની શકું? પચીસ પચીસ વર્ષથી તમે અમને નિભાવી લેતા આવ્યા છો અને તમારો સ્નેહ અને તમારી લાગણીની હજી પણ ભૂતકાળ કરતાં અનેકગણી વધારે અમને ગરજ રહેશે. જેટલી ઉદારતાથી અમને તમે ભૂતકાળમાં નીભાવી દીધાં છે એટલી જ ઉદારતાથી ભવિષ્યમાં પણ નિભાવી લેશો એવી અમારી પ્રાર્થના છે.

ફરી એક વખત આપણી વહાલી માતૃસંસ્થા રાષ્ટ્રીય મહાસભાને, આપણા પૂજ્ય રાષ્ટ્રપિતાને, અને આપણા વહાલા સરદારને હું વંદન પાઠવું છું. અને જનતા પ્રત્યે મારી વફાદારી જાહેર કરું છું. આ પ્રસંગને માટે ના. ગાયકવાડ સરકાર તેમ જ વડોદરના દિવાન સાહેબનો જેટલો આભાર માનું તેટલો ઓછો છે. પ્રભુ એમની સાથે આપણા સંબંધો દિનપ્રતિદિન ગાઢ બનાવે!

દરબાર ગોપાળદાસ

કેટલાક સમાચાર અને નોંધ

દરબારશ્રી ગોપાળદાસનું રાજ્યારોહણ

કાઠિયાવાડ રાજકીય પરિષદના પ્રમુખ દરબાર ગોપાળદાસને આજથી લગભગ ૨૫ વર્ષ પહેલાં તેમની પાસેથી છીનવી લેવામાં આવેલી ઢસા, રાય અને સાંકળીની રીયાસતો પાછી આપવામાં આવી અને ગયા મે માસની ૨૩ મી તારીખે દરબારશ્રી ગોપાળદાસે ઢસામાં વિધિપુરઃસર પુનઃ પ્રવેશ કર્યો અને સાંની પ્રજાએ તેમનું અત્યંત ભાવભર્યું સન્માન કર્યું તે પ્રસંગે દરબારશ્રી ગોપાળદાસે કરેલું ભવ્ય પ્રવચન આ અંકમાં અન્યત્ર આપવામાં આવ્યું છે. કોઇ રાજા મહારાજાને ગાદીએથી ઉઠાડી મૂકવામાં આવે અને એવી રીતે પદભ્રષ્ટ થયેલા કોઇ રાજાને ફરીથી પદારૂઢ કરવામાં આવે તેમાં આમ પ્રજાને કશો રસ નથી. પણ જેવી રીતે મર્યાદાપુરૂષોત્તમ રાજા રામચંદ્રજીનો ગાદીત્યાગ અને ચૌદ વર્ષના ગાળે તેમણે કરેલું રાજ્યારોહણ ઉભય પ્રસંગમાં લોકોત્તર તત્વ રહેલું હતું તેવી જ રીતે દરબારશ્રી ગોપાળદાસનો રાજ્યત્યાગ અને ૨૫ વર્ષના ગાળે થયું તેમનું રાજ્યારોહણ ઉભય વિશિષ્ટ તત્વોથી સુચાંકિત બન્યું છે. રાષ્ટ્રની આઝાદીની તમન્નાએ તેમની રાજ્યગાદી ઝુંટવી લીધી; તે જ તમન્નાથી પ્રેરિત અખંડ લોકસેવામાં તેમણે વચગાળાના ૨૫ વર્ષનો વનવાસ વીતાવ્યો. આજે દેશભરમાં આઝાદી પવનવેગે આવી રહી છે તેના સૂચક ચિહ્નરૂપે દરબાર સાહેબને ગાદી પાછી મળી રહી છે. આ કારણે પ્રસ્તુત રાજ્યારોહણનું મહત્વ કોઇ અનેરૂં છે. આ મંગળ અને અત્યંત ગૌરવપૂર્ણ પ્રસંગે દરબારશ્રી ગોપાળદાસને આપણુ સર્વના અંતરનાં અભિનન્દન છે. આ વિજય તેમનો નથી, પણ ભારતવર્ષની પ્રજાનો છે. આપણે આ પ્રસંગનું જેટલું ગૌરવ કરીએ તેટલું ઓછું છે. આજ કારણે મુંબઇના વડા પ્રધાને આ પ્રસંગ ઉપર હાજરી આપી હતી અને દરબાર સાહેબને મુકત કંઠે ભારે ભાવભરી અંજલિ આપી હતી.

રાજ્યારોહણ પ્રસંગે દરબારશ્રી ગોપાળદાસે કરેલું પ્રવચન લાંબુ હોવા છતાં આ અંકમાં સાધન્ત એટલા માટે અપવામાં આવ્યું છે કે એ પ્રવચનની પરિભાષા અને તે પાછળ રહેલું ઉદાત્ત માનસ અન્ય રાજવીઓની રીતરસમ કરતાં તદ્દન જુદા પ્રકારનાં છે. રાજા એટલે પ્રજાનો સ્વામી નહિ પણ અદનો સેવક એ આ પ્રવચનનો પ્રધાન સુર છે. નાની કે મોટી એક રીયાસતના દરબાર સાહેબ આજે રાજા બને છે. તેમણે પોતાના પ્રવચનમાં રજુ કરેલા વિચારો, ભાવનાઓ, આદર્શો અને તે પાછળ રહેલી આદરમુગ્ધ બનાવે તેવી નમ્રતા–આજના સ્વાર્થલોલુપ સત્તાલોભી અને કુડકપટપૂર્ણ માયાજાળથી ભરેલા રાજાઓ અને તેમના દિવાનો સમક્ષ પલટાતા યુગને સીધો પરિચય આપતું નવું દર્શન રજુ કરે છે અને રાજા તરીકે પોતાનું અસ્તિત્વ ટકાવવું હોય તો હવે આ જ રીતે એ અસ્તિત્વ ટકી શકે તેમ છે–અન્યથા હરગીજ નહિ–આવું સ્પષ્ટ અને સચોટ અંગુલિદર્શન કરે છે અને દેશી રાજ્યોની પ્રજા સમક્ષ પણ પોતાના માંધાતા રાજવીઓ પાસેથી કેવી અપેક્ષાઓ રાખવી જોઇએ તેનું માર્ગદર્શન કરાવે છે–આમ ઉભય રીતે આ પ્રવચનનું અત્યન્ત મહત્વ ભાસવાથી આ અંકમાં તે સાદ્યન્ત પ્રગટ કરવામાં આવ્યું છે.

અસ્પૃશ્યોદ્ધાર એટલે
હિંદુ ધર્મ અને હિંદુ દેવોનો ઉદ્ધાર

થોડા દિવસ પહેલાં મધ્યવર્તી સરકારના મજુર ખાતાના સભ્ય શ્રી. જગજીવનરામ મુંબઇ આવેલા ત્યારે પચાસથી વધારે સંસ્થાઓની બનેલી 'જગજીવનરામ સત્કાર' સમિતિ તરફથી સતારા જીલ્લાના જાણીતા કોંગ્રેસ–કાર્યકર્તા શ્રી. બાબુરાવ પાટીલના પ્રમુખપણા નીચે શ્રી જગજીવનરામને માનપત્ર આપવામાં આવ્યું હતું. તે માનપત્રનો ઉત્તર આપતાં શ્રી જગજીવનરામે કેટલાક મનનીય વિચારો રજુ કરેલા. વધારે માનભર્યું જીવન ગાંસલ કરવા માટે હરિજનોએ હિંદુ સમાજનો ત્યાગ કરવો જોઇએ એવો જે પ્રચાર કેટલીક સ્વાર્થી અને આપમતલબી વ્યક્તિઓ તરફથી કરવામાં આવે છે તે વિષે ઉલ્લેખ કરતાં તેમણે જણાવેલું કે "ધર્મની ફેરબદલીની વાતો કરવી એ કેવળ બાયલાપણાની નિશાની છે. કારણ કે બાયલો તો જ્યાં જશે ત્યાં લાત જ ખાવાનો છે અને આમ બાયલા બની બેસવું એ તો અમારા માટે છેલ્લામાં છેલ્લી વસ્તુ હોઇ શકે. અમારો હિંદુ ધર્મ છોડવાને લગતી વાતો હાસ્યાસ્પદ છે. હજારો વર્ષથી અમો સારામાં સારા હિંદુ તરીકે જીવતા આવ્યા છીએ. હિંદુધર્મનો ત્યાગ કર્યા સિવાય આટલી સદીઓથી અમો હરિજનો જે યાતનાઓ સહેતા આવ્યા છીએ એ યાતનાઓ ૨૪ કલાકથી વધારે સમય સહી બતાવવાનો કોઇ પણ ઉચામાં ઉંચા બ્રાહ્મણ અથવા તો કોઇ પણ અન્ય હિંદુને હું પડકાર કરું છું. ઉલટું હરિજનો આ બધું ઘાતકીપણું અને યાતનાઓ પુરી ધીરજપૂર્વક ખમતા આવ્યા છે અને એમ છતાં પણ પોતાના ધર્મને પુરી દૃઢતાપૂર્વક વળગી રહ્યા છે. એનું કારણ એ છે કે અમો હિંદુ છીએ અને હિંદુ જ રહેવાના છીએ."

હરિજનોને લગતી સામાજિક સુધારણા પરત્વે બોલતાં તેમણે જણાવ્યું કે "આ બધું જાણે કે અમારા હકોનો સ્વીકાર કરાવવા માટે અથવા તો હરિજનોના ઉદ્ધાર માટે ચાલી રહ્યું છે એમ હું સ્વીકારતો નથી. આ સુધારણાઓ ખરી રીતે હિંદુ ધર્મના ઉધ્ધાર માટે જ અત્યન્ત જરૂરી છે. હું હિંદુ મંદિરમાં દાખલ

થાઉં છું તે હિંદુ તરીકેનો મારો હક્ક સ્થાપિત કરવા માટે નહિ પણ અવિચારી અને નિષ્ઠુર બુદ્ધિના લોકોએ મંદિરોમાં પ્રતિષ્ઠિત થયેલા જે દેવોને તેમના ખરા ભક્તજનોથી કંઈ કાળથી વંચિત રાખ્યા છે તે દેવોનો ઉધ્ધાર કરવા માટે હું હિંદુ મંદિરમાં પ્રવેશ કરું છું."

હરિજનો સંબંધમાં ધર્મપરિવર્તન અને મંદિર પ્રવેશ આ બે આજના ઉકટ પ્રશ્નો છે. મોસ્લેમ લીગ હરિજનોને ધર્મપરિવર્તન કરાવવા માટે ભાતભાતનાં પ્રલોભનો આગળ ધરી રહેલ છે. અને હિંદુ કોમને છિન્નભિન્ન કરવાના તેના સંકલ્પિત કાર્યક્રમમાં તેમને મન આ એક બહુ મહત્ત્વનો મુદ્દો છે. બીજી બાજુએ હરિજનોના મંદિરપ્રવેશનો એક બાજુએ ઠીક ઠીક સ્વીકાર થઈ રહ્યો છે તો બીજી બાજુએ હિંદુ સમાજના સ્થિતિચુસ્ત વર્ગ તરફથી તેનો જોરશોરથી સામનો પણ થઇ રહ્યો છે અને તે માટે ગમે તેવા આંધળુકીયાં કરવાની તેઓ તૈયારી કરી રહેલ છે. આ બન્ને પ્રશ્નો સંબંધમાં શ્રી. જગજીવનરામે રજુ કરેલ દૃષ્ટિબિન્દુ તદ્દન સાચું અને વાસ્તવિકતાને યથાર્થ સ્વરૂપે રજુ કરતું છે. સમાજના કોઇ પણ પતિત વર્ગને ઉંચે લાવવાની જરૂર તે પતિત વર્ગના કલ્યાણ માટે જ છે એમ નથી, પણ જે વિશાળ સમાજનો તે પતિત વર્ગ એક અંગ છે તે વિશાળ સમાજનું જ તેમ કરવામાં ખરૂં શુધ્ધીકરણ અને ઉર્ધ્વગમન રહેલું છે. મંદિરપ્રવેશ પાછળ પણ આવી જ દૃષ્ટિ રહેવી જોઇએ. જ્યાં સુધી જે કોઇ મંદિરમાં હરિજન પ્રવેશને અવકાશ નથી ત્યાં સુધી તે મંદિરના અધિષ્ઠાતા દેવ સૌ કોઇના સાચા આરાધ્ય દેવતા બની શકતા નથી. જે દેવને સ્પૃશ્યાસ્પૃશ્ય એવો કોઇ ભેદ નથી તે દેવની મૂર્તિ સાથે સ્પૃશ્યાસ્પૃશ્યનો ભેદ સંલગ્ન કરીને આપણે આપણા ઇષ્ટદેવતાનું જ મોટામાં મોટું અપમાન કરીએ છીએ. એ અપમાનના પાપથી બચવા ખાતર, આપણે આપણાં મંદિરનાં દ્વાર સૌ કોઇ માટે ખુલ્લાં કરવાં જોઇએ. આ રીતે સદીઓથી ચાલી આવતી સામાજિક બેવકુફીથી આપણે જેમ બને તેમ જલ્દિથી મુક્ત થવું ઘટે છે.

ઠરાવોની હારમાળા!

અખિલ હિંદ જૈન શ્વેતાંબર કોન્ફરન્સ સમિતિની બેઠક તા. ૧૦ તથા ૧૧ મી મેના રોજ વડોદરા ખાતે શેઠ મેઘજીભાઇ સોજપાળના પ્રમુખપણા નીચે મળી હતી, જે બેઠકમાં કુલ ૧૪ ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા. આ ઠરાવમાં પહેલો ઠરાવ અવસાન નોંધને લગતો હતો. બીજો ઠરાવ મધ્યમ વર્ગને તાત્કાલિક રાહત કેમ આપવી તેના માર્ગો સૂચવતો અને એ સંબંધમાં શું કરવું જોઇએ તે સંબંધમાં જૈન સમાજને સૂચનાઓ આપવાને લગતો હતો. ત્રીજા ઠરાવમાં ઉચ્ચ ધાર્મિક કેળવણી વિષે કોન્ફરન્સની સ્થાયી સમિતિને સામાન્ય ભળામણો અન્તર્ગત કરવામાં આવી હતી. ચોથા ઠરાવમાં શિક્ષણ સંસ્થાઓનું સંગઠ્ઠન કરવા માટે યોગ્ય કરવા સ્થાયી સમિતિને ભલામણ કરવામાં આવી હતી. પાંચમા ઠરાવમાં કોન્ફરન્સનું મુખપત્ર શરૂ કરવાની આવશ્યકતા સ્વીકારવામાં આવી હતી અને તે માટે ઘટતી વ્યવસ્થા કરવાની સ્થાયી સમિતિને સૂચના કરવામાં આવી હતી, છઠ્ઠા ઠરાવમા જૈન સમાજનો દાનપ્રવાહ કઇ કઇ દિશામાં વહેવો જોઇએ એ વિષે દિશા સૂચન કરાવવામાં આવ્યું હતું. સાતમા ઠરાવમાં દેશના રાજકારણ અને જૈનો પરત્વે ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. નવમા ઠરાવમાં આજના કટોકટીના વખતમાં જૈન સમાજનું સંગઠ્ઠન અને સંરક્ષણ કેમ કરવું તે વિષે જૈન સમાજને કેટલીક ભળામણો કરવામાં આવી હતી. દશમા ઠરાવમાં મહાવીર જન્મ કલ્યાણકને તહેવારના દિવસ તરીકે વડોદરા રાજ્ય જાહેર કરે એવો વડોદરા સરકારને અનુરોધ કરવામાં આવ્યો હતો. અગીયારમાં ઠરાવમાં કોન્ફરન્સના પ્રચાર કાર્ય માટે એક વગદાર સમિતિ નીમવામાં આવી હતી અને પ્રચાર સંબંધે કેટલીક ભળામણો કરવામાં આવી હતી. બારમા ઠરાવમાં જૈન સમાજની એકતાની આવશ્યકતા ઉપર ભાર મૂકવામાં આવ્યો હતો. તેરમાં ઠરાવમાં શ્વેતાંબર મૂર્તિપૂજક વિભાગમાંથી કુસંપ દૂર થાય અને ઐકયની સ્થાપના થાય એ માટે એક સમિતિની જાહેરાત કરવામાં આવી હતી. ચૌદમો ઠરાવ આભાર નિવેદનને લગતો હતો.

આમ લગભગ બધા ઠરાવો કાં તો કોન્ફરન્સની સ્થાયી સમિતિને અથવા તો જૈનસમાજને સૂચનાઓ અથવા તો ભળામણો કરનારા હતા. આ બેઠકના પરિણામે કોઇ નવી કાર્યદિશા ઉઘડતી હોય એમ બેઠકની આખી કાર્યવાહી જોતાં દેખાતું નથી અને આ તદ્દન સ્વાભાવિક છે. કારણ કે આ બેઠક જૈન સમાજમાં ઉભી થયેલી કોઇ નવી પરિસ્થિતિનો ખાસ વિચાર કરવા માટે બોલાવવામાં આવીજ નહોતી. કોન્ફરન્સનું અધિવેશન મળ્યાને બે વર્ષ થઇ ગયાં; અધિવેશન તો તુરતમાં બોલાવી શકાય તેમ નથી તો અખિલ હિંદ સમિતિની બેઠક બોલાવીએ. એ રીતે વડોદરા ખાતે અખિલ હિંદ સમિતિની બેઠક ભરવામાં આવી હતી. હવે ભેગા થયા તો પછી આપણે કાંઇક ઠરાવો તો કરવા જ જોઇએ. આ વિચારધારામાંથી ઉપર જણાવેલા ઠરાવોની લાંબી હારમાળા જન્મ પામી હોય એમ લાગે છે. આમાંથી કશું મહત્વનું પરિણામ ન આવે તો કોઇએ ખેદ કરવાનું કે ખાસ નિરાશ થવાનું કારણ નથી. કારણ કે ઠરાવો રજુ થતી વખતે એવી કોઇ ખાસ અપેક્ષા રાખવામાં આવી હોય એમ માનવાને કારણ નથી.

આ વિવેચનમાં કોઇને કદાચ કટાળો જેવું લાગે તો તે તે કટાક્ષ જેટલો અન્યને લાગુ પડે છે તેટલો જ મને લાગુ પડે છે; કારણ કે કોન્ફરન્સનો હું પણ એક અંગભૂત સભ્ય છું. આટલા વર્ષોથી જીવતી જૈન શ્વે. મૂ. કોન્ફરન્સ આટલી બધી નિષ્ક્રિય કેમ લાગે છે? તેની કાર્યશક્તિમાં કેમે કરીને ભરતી કેમ આવતી નથી? આ સંબંધમાં એક રીતે આપણે એમ આશ્વાસન લઈ શકીએ તેમ છે કે આજે લગભગ બધી જ કોમી પ્રવૃત્તિઓ આંટલી જ શિથિલ-આટલી જ મૃતપ્રાય-દેખાય છે તો પછી કોન્ફરન્સની વર્તમાન મૃતપ્રાયતા વિષે નકામો અફસોસ શું કરવો? પણ આ આશ્વાસન એ કાંઇ બચાવ નથી. જેનું અખિલ હિંદને વ્યાપતું કાર્યક્ષેત્ર છે તેવી જૈન શ્વે. મૂ. કોન્ફરન્સ જેવી સંસ્થા તો જ પ્રગતિમાન રહી શકે કે જો તે સંસ્થાની આખા હિંદુસ્થાનમાં સ્થળે સ્થળે શાખાઓ અને કોન્ફરંસ વિષે ઉંડી લાગણી ધરાવતા કાર્યકર્તાઓ હોય. આજ સુધીમાં કોન્ફરન્સ આવી કોઇ જમાવટ કરી શકી નથી. ઉલટું એક યા બીજા કારણે જૈન સમાજના ઘણા મોટા ભાગમાં કોન્ફરન્સ સામે વિરોધ અથવા તો ઉદાસીનતા વર્તે છે. કોન્ફરન્સની કોઇ ખાસ જરૂર હોય એમ જાણે કે ઘણા મોટા ભાગને લાગતું જ ન હોય એવી ઉદાસીનતા નજરે પડે છે. આવા નિરૂત્સાહજનક સંયોગોમાં કોન્ફરન્સનું કાર્ય તો જ આગળ વધી શકે કે જો કોન્ફરન્સને ઉમદા કોટિના કાર્યકર્તાઓ સાંપડે અને એ કાર્યકર્તાઓ કોન્ફરન્સના કામને આગળ વધારવામાં સમય, શક્તિ તેમજ ધનનો પુષ્કળ પ્રમાણમાં ભોગ આપવાને તૈયાર હોય. આવા સાચા દિલના કાર્યકર્તાઓ જો કોન્ફરન્સને આગળ વેગ આપવા માટે અહોનિશ બને તેટલું કાર્ય કરવા માંડે અને તેના પ્રચાર માટે સ્થળે સ્થળે ઘુમવા માંડે તો જરૂર લોકમાનસમાં પલટો લાવી શકે, સમાજની ઉદાસીનતા ટાળી શકે, અને કોન્ફરન્સની કાર્યશક્તિને ખુબ વિકસાવી શકે. પણ વસ્તુતઃ આવા કાર્યકર્તાઓ આપણે ત્યાં છે જ નહિ. કોન્ફરન્સના આજના સર્વ કાર્યકર્તાઓ પોતપોતાના વ્યાપાર વ્યવસાયમાં ડુબેલા, કોઇ કુટુંબની ઉપાધિઓથી ગ્રસ્ત તો કોઇ પોતપોતાના આનંદવ્યાપારમાં નિમગ્ન છે. આવા કાર્યકર્તાઓથી કોન્ફરન્સનું નાવ આગળ કેમ ચાલી શકે? ઠરાવો-નિવેદનો-ભળામણો-તો જ

બધું આવીને અટકે. જો આવી ને આવી સ્થિતિ ચાલ્યા કરવાની હોય, આપણી કાર્યશક્તિનું આવું દારિદ્રય કોઇ પણ રીતે કમી થઇ શકે તેમ ન હોય તો કોન્ફરન્સની પ્રવૃત્તિ ચાલુ રાખવાનો કોઇ ખાસ અર્થ રહેતો નથી. સ્થિતિચુસ્ત વર્ગનો ચાલુ વિરોધ, સામાન્ય સમાજની ઉદાસીનતા અને જેમના હાથમાં કોન્ફરન્સનું સૂત્રસંચાલન છે તેમની અતિ અલ્પ મર્યાદિત કાર્યશક્તિ–આ સંયોગોમાં–તેમાંથી એક પણ સંયોગમાં પલટો ન આવે ત્યાં સુધી જૈન શ્વે. મૂ. કોન્ફરન્સે મૃતપ્રાય દશામાં જ જીવવાનું રહ્યું અને જ્યારે અધિવેશનો ભરાય ત્યારે જેની આગળ પાછળ કે ઇ મહત્વનું કાર્ય નિપજવાનું ન હોય એવા લાંબા લાંબા ઠરાવો કરીને જ સંતોષ માનવો રહ્યો. આજના તીવ્ર સંઘર્ષના કાળમાં પોતપોતાના વર્ગ પુરતી સંયોજિત પ્રવૃત્તિ હાથ ધરવા માટે-પોતપોતાના સમુદાયની જરૂરિયાતોને પહોંચી વળવા માટે તેમજ પાર વિનાની હાડમારીઓ દૂર કરવા માટે કોન્ફરન્સ જેવી સંસ્થાની ખુબ જરૂર છે એ વિષે બે મત હોઇ ન શકે. પણ એ કોન્ફરન્સને પુરો સાથ અને સહકાર આપવાની સમાજમાં વૃત્તિ જ જો ઉભી થઇ શકે તેમ ન હોય તો એવી કોન્ફરન્સનું હાલ તુરત માટે વિસર્જન કરવું એ જ વધારે યોગ્ય છે. સંભવિત છે કે એવા વિસર્જનમાંથી જ સમયાન્તરે સાચા અર્થવાળી નવી કોન્ફરન્સનો જન્મ થવા પામે.

પરમાનંદ

હિંદ–એક અને અખંડ કે?

હિંદુસ્તાનનું ભાવિ થોડા દિવસમાં નક્કી થશે. હિંદ એક અને અખંડ રહેશે કે તેના ટુકડા થશે તે નક્કી કરવાની પળ આવી પહોંચી છે. નવી દિલ્હીમાં ઐતિહાસિક નિર્ણયો માટે વાયસરોય અને હિંદી નેતાઓ આવતે અઠવાડીયે મળશે. આ ભાવિ નિર્ણયો સંબંધે જે અફવાઓ અને અહેવાલો મળે છે તે નિરાશાજનક છે. રાજદ્વારી વાતાવરણ અંધકારમય દેખાય છે. હિંદના ભાગલા અનિવાર્ય છે અને આ અનિવાર્ય પરિસ્થિતિ કોંગ્રેસ વર્કીંગ કમીટીએ સ્વીકારી છે એમ કહેવાય છે. આ ગાઢ અંધકારમાં એક જ રૂપેરી બાદળી છે–તે છે ગાંધીજીની અખંડ હિંદુસ્તાનની શ્રદ્ધા અને તેને વળગી રહેવાનો તેમનો મક્કમ નિરધાર. છેલ્લા કેટલાક દિવસથી ગાંધીજી પ્રાર્થના સમયે ભારપૂર્વક કહી રહ્યા છે કે કેબીનેટ મીશનની યોજના એ જ હિન્દુસ્તાનના ભાવિ બંધારણ માટેનો અંતિમ નિર્ણય છે અને તેમાં બધા પક્ષોની સંમતિ વિના કોઇ ફેરફાર કરવાનો બ્રીટનને અધિકાર નથી. મહિનાઓની ગંભીર વિચારણા પછી કેબીનેટ મીશન એ નિર્ણય પર આવ્યું કે કોઇ પણ દ્રષ્ટિએ હિન્દુસ્તાનના ભાગલા શક્ય કે હિતાવહ નથી અને હિન્દુસ્તાનને એક સબળ રાષ્ટ્ર બનાવવું હોય અને આંતરરાષ્ટ્રીય રાજકારણમાં તેને મહત્વનું સ્થાન પ્રાપ્ત કરવું હોય તો હિન્દ એક અને અવિભાજ્ય રહેવું જોઇએ. આ યોજના કોંગ્રેસ અને મુસ્લીમ લીગ બન્નેએ સ્વીકારી. બ્રીટન તો તેથી બંધાયેલું છે જ. ત્યાર પછી કાંઇક સાચા ખોટા બહાના કાઢી લીગ ફરી બેઠી અને છેવટ વિભાગીય રચના કેવી રીતે થવી જોઇએ તે સંબંધે મતભેદ થતાં લીગ અને કોંગ્રેસના નેતાઓ લંડન ગયા. બ્રીટીશ કેબીનેટે ૨૦ મી ડીસેમ્બરના નિવેદનથી લીગે કરેલ અર્થ મંજુર રાખ્યો અને કોંગ્રેસે તેનો સ્વીકાર કર્યો. છતાં ન તો લીગ લોકપ્રતિનિધિ સભામાં જોડાઇ, ન તો વચગાળાની સરકારમાંથી તેના સભ્યો છુટા થયા. લીગની આ ચાલ ખુલ્લી બેઇમાનદારી હતી. પણ લીગે પોતાના વચનની કીંમત જાણી નથી. બ્રીટને છેલ્લી ૬ઠ્ઠી ફેબ્રુઆરીના નિવેદનથી જુન ૧૯૪૮ સુધીમાં હિન્દ છોડી જવાનો પોતાનો ઐતિહાસીક નિર્ણય જાહેર કર્યો. તેમ કરતાં સત્તા કોને સોંપવી તે પ્રશ્ન રહ્યો અને ત્યાં નવી ચાલબાજી શરૂ થઇ. બ્રીટન માટે તો માર્ગ ખુલ્લો છે કે કેબીનેટ મીશનની યોજના મુજબ લોકપ્રતિનિધિ સભા જે બંધારણ ઘડે તે તેણે મંજુર રાખવું. કોઇ પક્ષ–લીગ કે રાજાઓ તેમાં ન જોડાય તો તેનાં પરિણામો તે પક્ષ ભોગવે, પણ તેમ કરવાને બદલે બ્રીટને એમ જાહેર કર્યું કે જે પ્રાંતો કે વિભાગો લોકપ્રતિનિધિ સભામાં જોડાયા નહિ હોય તેના ઉપર ફરજ પાડવામાં આવશે નહિ અને તેવા પ્રાંતો અને વિભાગોને સત્તા સોંપવામાં આવશે. આથી લીગ અને કેટલાક રાજ્યોને પોતાના રાષ્ટ્રવિરોધી વળણમાં ટેકો મળ્યો અને લીગે મોટા પાયા ઉપર ગુંડાગીરી શરૂ કરી. તેના પરિણામે ખાસ કરી પંજાબના શીખો અને બંગાળના હિન્દુઓએ તે તે પ્રાન્તોના ભાગલા પાડવાની માંગણી કરી, જેને કોંગ્રેસની વર્કીંગ કમીટીએ ટેકો આપ્યાનું કહેવાય છે. તેને પરિણામે હિન્દના ભાગલા કરવાનું નક્કી થઇ ગયું અને કેબીનેટ મીશનની યોજના જે એક અને અવિભક્ત હિન્દ માટે હતી તે ઉડી ગઇ. હવે આ ભાગલા કેવી રીતે કરવા તેજ જાણે નક્કી કરવાનું બાકી રહ્યું છે!

હિન્દ એક અને અખંડ રહે અને એક સબળ રાષ્ટ્ર બને તે કરોડોની ભાવના અને શ્રદ્ધા છે. હિન્દુસ્તાનના ભાગલા તેમને માટે અકલ્પ્ય છે. વર્કીંગ કમીટીએ શું કારણે આવો નિર્ણય કર્યો તે પ્રજા જાણતી નથી. સંભવ છે કે તેને માટે સબળ કારણો હશે જ. પણ આવા નિર્ણય માટે પ્રજાનો સાથ અને સંમતિ અનિવાર્ય હોવાં જોઇએ.

પણ સદ્‌ભાગ્યે ગાંધીજી આ નિર્ણયમાં પણ વિરૂદ્ધ છે. અને પ્રજાના કરોડો માણસોનો ગાંધીજીને સાથ છે. ૫૦ વર્ષની હિન્દની લડતનું પરિણામ આવવાના સમયે હિન્દના ભાગલા થાય એ મહાન દુર્ભાગ્ય લેખાય. પ્રજાને માટે અને કોંગ્રેસ માટે એક જ માર્ગ છે. બ્રીટનને સાફ કહી દેવું જોઇએ કે અમારી સંપતિ વિના કેબીનેટ મીશનની યોજનામાં કાંઇ ફેરફાર થઇ શકશે નહિં. પ્રજાની સંમતિ વિનાં તેમાં ફેરફાર કરવો તે વિશ્વાસઘાત છે. તે યોજના અમલમાં મૂકવાની બ્રીટનની તાકાત ન હોય તો તેણે તુરત હિન્દ છોડી જવું, પછી હિન્દનું ગમે તે થાય. પણ આપણી સંમતિથી હિન્દના ભાગલા થાય છે એમ ન જ બને. આવી રીતે પ્રજા પોતાનો મક્કમ નિરધાર જાહેર કરે તો બ્રીટનની તાકાત નથી કે પ્રજાની મરજી વિરૂદ્ધ હિન્દના ભાગલા તે કરી શકે. કેબીનેટ મીશનની યોજનાથી બ્રીટન બંધાયેલ છે. લીગની ગુંડાગીરીથી ડરી જઇ અથવા બ્રીટનને કોઇ ભોગે હિંદમાંથી કાઢવા માટે હિંદના ભાગલા કરવાનું આપણાથી કબુલ ન થવાય. તેમ કરતાં ગમે તે પરિણામ આવે–સ્વતંત્રતા–જો ભાગલા પાડેલ હિંદ સ્વતંત્ર કહેવાતું હોય તો એવી સ્વતંત્રતા–આવતી હોય તો ભલે મોડી આવે. પણ તેમ થવાનું જ નથી..

ગાંધીજીનો આનિર્ણય છે. આપણે આશા રાખીએ કે વર્કીંગ કમીટીનો તેજ નિર્ણય હશે, પ્રજા તેને વધાવી લેશે. લીગની ગુંડાગીરીને તાબે નહિ થાય. **ચીમનલાલ ચકુભાઈ શાહ**

શ્રી પાટણ જૈન મંડળ

પાટણી જૈન વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલની સગવડ

શ્રી પાટણ જૈન મંડળ તરફથી, મેટ્રિક અને તેથી ઉચ્ચ કેળવણી લેતા પાટણી જૈન વિદ્યાર્થીઓ અને તેમના અભાવે અન્ય જૈન વિદ્યાર્થીઓ માટે નીચે દર્શાવેલા સ્થળે એક હોસ્ટેલ શરૂ કરવામાં આવી છેઃ આ હોસ્ટેલમાં દાખલ થવા ઇચ્છતા વિદ્યાર્થીઓએ મંડળના કાર્યાલયમાંથી ફોર્મ મેળવી લઇ તાત્કાલીક અરજી કરવી.

હોસ્ટેલનું સ્થળ :—**નવનિધાન ભુવન,**
૩/૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.

કાર્યાલય:
૭૭, મરીન ડ્રાઇવ
મુંબઈ નં. ૧.
તા. ૨૪–૫–૪૭.

લી.
કુંવરજી લલ્લુભાઈ શાહ
ભગુભાઇ મણીલાલ શાહ
માનદ્ મંત્રીઓ.

ગુજરાતનો જૈનધર્મ

એક અપ્રસિદ્ધ લેખનો પુનરૂદ્ધાર

ગુજરાતી તેમજ મરાઠી સાહિત્યના પ્રસિદ્ધ ગ્રંથકારોને નિમંત્રીને તેમની પાસે જુદા જુદા વિષયો ઉપર તૈયાર કરેલાં વ્યાખ્યાનો અપાવવાની એક યોજના વડોદરા રાજ્ય તરફથી કેટલાંક વર્ષો પહેલાં અમલમાં મુકવામાં આવી હતી અને એ યોજના અનુસાર વડોદરા ખાતે ૧૯૩૪ તથા ૧૯૩૮ માં અનુક્રમે બે ગુજરાતી ગ્રંથકાર સંમેલનો ભરવામાં આવ્યાં હતાં અને ૧૯૩૪ માં એક મરાઠી ગ્રંથકાર સંમેલન ભરવામાં આવ્યું હતું. ૧૯૩૮ના ગુજરાતી ગ્રંથકાર સંમેલનમાં જે વ્યાખ્યાનમાળા યોજવામાં આવી હતી તેમાં એક વ્યાખ્યાતા મુનિ જીનવિજયજી હતા અને તેમણે 'ગુજરાતનો જૈન ધર્મ' એ વિષય ઉપર વિદ્વતાપૂર્ણ અને અનેક માહીતીઓથી ભરપુર અને ગુજરાતના સંસ્કૃતિનિર્માણમાં જૈનોએ આપેલ ગૌરવપૂર્ણ ફાળાને બહુ સુન્દર રીતે રજુ કરતું એક પ્રેરક વ્યાખ્યાન આપ્યું હતું. આ વ્યાખ્યાન વડોદરાના પ્રાચ્ય વિદ્યામંદિર તરફથી પ્રગટ કરવામાં આવેલ 'ગુજરાતી ગ્રંથકાર સંમેલન ૧૯૩૮, વ્યાખ્યાનમાળા'માં સંગ્રહિત કરવામાં આવ્યું છે. આવું ઉપયોગી વ્યાખ્યાન બહુ જ ઓછા લોકોના વાંચવામાં કે જાણવામાં આવેલું હોવાથી અહિં તેને ક્રમશઃ પ્રગટ કરવાનું યોગ્ય ધાર્યું છે. મુનિ જિનવિજયજી જૈન સમાજની એક વિશિષ્ટ વ્યક્તિ છે. મુંબઇના ભારતી વિદ્યાભુવનના તેઓ આજે મુખ્ય સંચાલક છે. ગુજરાતના ઇતિહાસના તેમની જેવા જાણકાર પરમશ્રુત વિદ્વાન અન્ય કોઇ મળવા લગભગ મુશ્કેલ છે. સાહિત્ય–સંશોધન એ તેમનો જીવનવ્યવસાય છે. જૈન ધર્મ અને જૈન ઇતિહાસ વિષે તેમના દિલમાં જે ઉંડો આદર ભરેલો છે તે પ્રસ્તુત લેખના વાક્યે વાક્યે આપણને પ્રતીત થાય છે. આ લેખ વાંચીને આજનો જૈન સમાજ ભૂતકાળના જૈન ઇતિહાસમાં રહેલી અનેક ગૌરવભરી ઘટનાઓ યથાસ્વરૂપે સમજશે અને આજના વખત માટે તદનુરૂપ પુરૂષાર્થ પ્રતિ પ્રેરાશે એવી આશા રાખવામાં આવે છે. **પરમાનંદ**

સજ્જનો !

મેં મારા આજના વ્યખ્યાનનો વિષય 'ગુજરાતનો જૈનધર્મ' એ રાખ્યો છે. જૈનધર્મના આધુનિક સ્વરૂપથી તો આપ બધા સારી પેઠે પરિચિત હશો જ. તેથી સ્વાભાવિક રીતે જ એવું મનમાં થાય કે જૈનધર્મ વિષે વળી ખાસ વ્યાખ્યાન આપવા જેવું શું હોઇ શકે ? પણ મારો ઉદ્દેશ અહીં જૈનધર્મના વર્તમાન જીવન વિષે કાંઇ ખાસ કહેવાનો નથી. પણ ઐતિહાસિક દૃષ્ટિએ એના ભૂતકાલીન વ્યક્તિત્વ વિષે કેટલીક મીમાંસા હું કરવા ઉચ્છું છું. જૈનધર્મે ગુજરાતમાંના સંસ્કૃતિજીવનમાં કેવો અને કેટલો ફાળો આપ્યો એ વિષે ખુદ જૈનોને પણ કશી વિશેષ કલ્પના નથી તો જૈનેતરોને તો તે કયાંથી જ હોય !

આપણને આપણા ધર્મ, સમાજ અને સંસ્કૃતિના ઇતિહાસનું બરાબર જ્ઞાન નથી હોતું અતે તેથી આપણે અપણા પ્રજાકીય જીવનની દૃષ્ટિએ અનેક ભ્રમણાઓમાં અટવાઇએ છીએ. ધર્મ અને સમાજના જે વિદ્યમાન વાતાવરણમાં આપણે જીવીએ છીએ તેને જ આપણે શુધ્ધ અને સનાતન ધર્મ સમજી લઇએ છીએ. દેશકાળની પરિસ્થિતિના બળે ધર્મ અને સમાજની નીતિ-રીતિમાં સતત મોટાં પરિવર્તનો થતાં આવ્યાં છે અને થયા જ કરે છે એ વિચારને હૃદયંગમ કરવા જેટલી આપણી પ્રજ્ઞની બુદ્ધિ-શક્તિ તત્પર નથી હોતી, અને તેથી આપણે આપણા પ્રજાકીય જીવનની સાચી સુધારણા અને ઉન્નતિના ઉપાયોને પણ શંકા અને ભયની દૃષ્ટિએ હંમેશાં જોયા કરીએ છીએ અને ધાર્મિક અને સામાજિક અધોગતિના ભોગ થઇએ છીએ. ધર્મ કે સમાજના કોઇ પણ સિદ્ધાંતો અને નિયમો અમુક ઐતિહાસિક પરિસ્થિતિના કારણે જ અસ્તિત્વમાં આવેલા હોય છે. પરિસ્થિતિ બદલાતાં સિદ્ધાન્તો અને નિયમો પણ બદલાય જ છે. અને એ રીતે બદલાતા સિદ્ધાન્તો કે નિયમોથી ધર્મ કે સમાજનો નાશ નહિ પણ વિકાસ-જ થાય છે. એ વસ્તુ આપણને ત્યારે જ બુદ્ધિગ્રાહ્ય થઇ શકે જ્યારે આપણને એ ઐતિહાસિક પરિસ્થિતિનું યથાર્થ જ્ઞાન હોય. આવા ઐતિહાસિક જ્ઞાનના અભાવે દરેક પ્રજ્ઞ પોતાના ધર્મના સિદ્ધાંતો અને સમાજના નિયમોને કોઇ ઇશ્વરપ્રેરિત દૈવી પુરૂષે સ્થાપિત કરેલા માને છે. અને તેમાં કોઇ પણ જાતના પરિવર્તનને અનિષ્ટ અને અક્ષમ્ય માને છે અને એ રીતે જે દવા રોગના નાશ માટે રામબાણ ઉપાય તરીકે ગણાતી હોય તેને જ રોગની પોષક માની તેનાથી દૂર નાસવા પ્રયત્ન કરે છે. અને પરિણામે પોતાનો જ નાશ વહોરી લે છે. આપણી જે ધાર્મિક અને સામાજિક અવનતિ થઇ છે અને તેના કારણે આપણે જે રીતે આજે કેટલાયે સૈકાઓથી પરાધીનતા અને પામરતાના ભોગ થઇ રહ્યા છીએ તેનું કારણ, બીજું કાંઇ જ નહિ પણ આપણી પ્રજ્ઞની એ અજ્ઞાનજન્ય ઉંડી અંધશ્રદ્ધા છે. ધર્મનો કોઇ સિદ્ધાંત કે સમાજનો કોઇ નિયમ ત્રિકાલાબાધિત હોઇ શકે જ નહિં. એ સિધ્ધાંતો અને નિયમો બનાવનાર કોઇ ઇશ્વર કે માનવેતર શક્તિ નહોતા, પણ આપણા જેવા જ શરીર અને સંસ્કાર ધારણ કરનારા માનવીઓ જ હતા. પોતાના દેશ–કાલની પરિસ્થિતિ પ્રમાણે પોતાન જનસમૂહોના કલ્યાણ અર્થે તે તે પ્રકારના સિધ્ધાંતો–નિયમો સ્થાપિત કરવાની તેમને આવશ્યકતા જણાઇ અને તેમણે તેમ કર્યું. જ્યાં સુધી એવી પરિસ્થિતિ ચાલુ રહી હોય અતે એ સિધ્ધાંતો અને નિયમો પ્રજ્ઞને લાભકર્તા બની રહ્યા હોય ત્યાં સુધી પ્રજ્ઞએ તેમનું પાલન કરવું એ આવશ્યક છે. પણ જો પરિસ્થિતિ બદલાઇ જતી હોય અને એ સિદ્ધાંતો અને નિયમો લાભના બદલે ઉલટા હાનિકર્તા થઇ પડતા હોય તો, આપણે તેમાં પરિવર્તન કરવું જ જોઇએ અને આપણી પરિસ્થિતિ પ્રમાણે આપણે નવા સિધ્ધાંતો કે નવા નિયમો ઘડી કાઢવા જોઇએ. પરિવર્તન એ તો પ્રકૃતિનો અબાધિત નિયમ છે. વસ્તુમાત્રમાં રૂપાન્તર ભાવ ઉત્પન્ન કરવો એ તો કાલનો મુખ્ય સ્વભાવ છે. સમગ્ર ચેતન–અચેતન સૃષ્ટિમાં પ્રકૃતિનો એ નિયમ, કાલનો એ સ્વભાવ–અબ્યાહતપણે પ્રવર્તે છે. જેની ઉત્પત્તિ છે તેનો નાશ પણ અવશ્ય છે જ. અખંડ બ્રહ્માંડ એ મહાનિયમને વશવર્તી છે. તો પછી આપણો આ ક્ષુદ્ર માનવસમાજ તેમાં અપવાદ શી રીતે હોઇ શકે ? પ્રકૃ-તિના એ નિયમથી આપણે વિરૂદ્ધ શી રીતે વર્તી શકીએ ? અને જો આપણી અજ્ઞાનતાને કારણે આપણે એ રીતે વર્તવા જઇએ, તો પ્રકૃતિ તે સહી પણ શી રીતે શકે ? અગ્નિનો સ્વભાવ દાહ ઉત્પન્ન કરવાનો છે. એના એ સ્વભાવને ન ગણકારી આપણે એની સાથે વિરૂદ્ધ વર્તન કરવા જઇએ તો એ પોતાના સ્વભાવનો પરચો બતાવ્યા વિના રહે ખરો ? અજ્ઞાનમાં અજ્ઞાન બાળકને અને વિદ્વાનમાં વિદ્વાન વૃદ્ધને પણ અગ્નિ પોતાનો સ્વભાવ સરખી જ રીતે બતાવશે. તેવી જ રીતે પ્રકૃતિ પણ તેના નિયમથી વિરૂદ્ધ વર્તનાર સમાજ કે ધર્મને પોતાના સ્વભાવનો પરચો આપ્યા વગર ન રહે. એના નિયમને ઓળખી લઇ આપણે એના અનુકૂળ ભાવે જીવનના સિદ્ધાંતો કે નિયમો બનાવીએ તો એ આપણા વિકાસને વૃદ્ધિ પામવા દેશે અને જો તેથી પ્રતિકૂળ ભાવે આપણે વર્તન કરશું તો તે આપણો નાશ કરશે.

ધર્મ અને સમાજની આધુનિક વિચારહીન પરિસ્થિતિના કારણે આપણી પ્રજ્ઞની નવી પેઢી અનેક રીતે અકળાવા લાગી છે. એ પેઢીનો પ્રતિભાશાળી અને પ્રગતિગામી વર્ગ, વિદ્યુદ્વેગે પરિ-

વર્તને પામતી જગતની પરિસ્થિતિ સાથે આપણી પ્રજાકીય ગતિ-સ્થિતિનો ક્યાં યે મેળ મળતો નથી એ જોઇ ખૂબ મુંઝાઇ રહ્યો છે; અને તેને આપણી આવી દશાના કારણમાં આપણું વિદ્યમાન ધાર્મિક વાતાવરણ જ મૂળરૂપે દેખાય છે અને તેથી એ વર્ગ ધર્મના નામથી જ ભડકવા લાગ્યો છે.

એ વર્ગને એમ લાગી રહ્યું છે કે આપણા સર્વ પ્રકારનાં સામાજિક અનિષ્ટોનું મૂળ ધર્મ છે. ધર્મે જ આપણને મનુષ્ય-મનુષ્ય વચ્ચે ઊંચનીચપણાનો ભયાનક ભેદભાવ બતાવ્યો છે. ધર્મે જ આપણને એક જાતિના માનવસમૂહને બીજી જાતિના માનવ-સમૂહ માટે સ્પૃશ્યાસ્પૃશ્યતાની અધમ બુદ્ધિ કેળવવાની શિખામણ આપી છે. ધર્મેજ એકબીજી માનવપ્રજાઓ વચ્ચે શત્રુભાવ પેદા કરવાની અને પોષવાની ભાવના જગાડી છે. ધર્મે જ સ્ત્રી-સ્વાતંત્ર્યના વિરોધનું વિધાન કરી, બાલ-લગ્ન, વૈધવ્યબંધન આદિ અનિષ્ટ રૂઢિઓદ્વારા સ્ત્રીજાતિની સર્વાંગીણી ઉન્નતિને અવરોધી છે. ધર્મની સંકુચિત ભાવનાને લીધે હિંદુ જાતિ સેંકડો-હજારો પેટાવિભાગોમાં વહેંચાઇ ગઇ છે, અને દુનિયાની દૃષ્ટિમાં તે સામર્થ્ય અને શક્તિ અને સંગઠનહીન માનવ-સમૂહ તરીકે ગણાય છે. ધર્મની સંકીર્ણ વૃત્તિને લીધે આપણે જાતિજાતિ વચ્ચે અને કુટુંબકુટુંબ વચ્ચે પણ એકરાગ ઉત્પન્ન કરી શકતા નથી અને સંઘશક્તિ કેળવી શકતા નથી : તો પછી આખી મહાપ્રજાની તો વાત જ શી કરાય ?

આ અને આવી જાતના બીજા અનેક વિચારો આજની વિચારશીલ અને ઉત્કર્ષાભિમુખ નવયુગીન પ્રજાને ધર્મની વિરુદ્ધમાં ઉશ્કેરી રહ્યા છે અને તેથી ધર્મના ક્ષેત્રમાં જે કાંઇ સારભૂત અને લાભદાયક તત્ત્વો છૂપાઇ રહેલાં છે તેનો પણ, સૂકા ભેગા લીલાના ન્યાયે, ઉચ્છેદ કરવા તેઓ ઉત્સુક થઇ રહ્યા છે. બીજી બાજુએ, એના પ્રત્યાઘાત રૂપે, ધર્મના રૂઢ અને મૂઢ ઉપાસકો, ધર્મનો જે સારહીન, માત્ર બાહ્ય આવરણરૂપ, ભાગ છે તેને જ ધર્મનો આત્મા માની, તેના જ રક્ષણમાં કૃતકૃત્યતા સમજી રહ્યા છે અને જે ફેંકી દેવાની જ વસ્તુ છે તેને જ સાચવી રાખવામાં અને જે સાચવવાની વસ્તુ છે તેની ઉપેક્ષામાં જ ધર્મની રક્ષા માની રહ્યા છે!

ધર્મની આ વિડંબના, ધર્મના યથાર્થ તત્ત્વની જે વ્યાપક અજ્ઞાનતા આપણી પ્રજામાં સૈકાઓથી બદ્ધમૂળ થઇ રહેલી છે તેને જ આભારી છે. જે વર્ગ ધર્મને પ્રજાકીય પ્રગતિનો વિરોધક માને છે, તે ખરી રીતે ધર્મનો કોઇ શુદ્ધ આત્મા નથી, પણ તેની અંદર ઉત્પન્ન થએલો વિકાર છે: અને જે વર્ગ પોતાને ધર્મિષ્ઠ તરીકે ઓળખાવી ધર્મના જે સ્વરૂપનું પોતે આચરણ કરી રહ્યો છે તે પણ ધર્મનું કોઇ સનાતન તત્ત્વ નથી; પરંતુ પ્રસંગ આવ્યે કાઢી નાખવાલાયક કેળાના છીલકા જેવું ધર્મનું એક નિઃસાર અંગ છે. પ્રકૃતિમાં વિકૃતિ ઉત્પન્ન કરવી એ કાળનો ધર્મ છે. અને તે વિકૃતિને દૂર કરી ફરી પ્રકૃતિને શુદ્ધ કરવી એ મનુષ્યના પુરુષાર્થનો ધર્મ છે. એ નિયમાનુસાર ધર્મમાત્રના સ્વરૂપમાં કાળે કરીને વિકારભાવ ઉત્પન્ન થવાનો જ અને એ વિકારભાવનો વિચારશીલ પુરુષાર્થીઓદ્વારા નાશ પણ થવાનો જ. ભગવદ્‌ગીતાના

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।
अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥

આ સુપ્રસિદ્ધ શ્લોકમાં ભગવાન શ્રીકૃષ્ણે જે ભાવ વ્યક્ત કર્યો છે તે આ જ નિયમને લક્ષીને છે.

ધર્મની શુદ્ધ પ્રકૃતિ કઇ અને તેની વિકૃતિ કઇ એની ચર્ચામાં ઉતરવાનો અહીં ઉદ્દેશ પણ નથી, તેમ જ અવકાશ પણ નથી. આપણને એનું યથાર્થ જ્ઞાન જગતના ધાર્મિક ઇતિહાસોનું નિરપેક્ષ અવલોકન કરવાથી થઇ શકે છે એટલું જ અહીં કહેવું ઉદ્દિષ્ટ છે.

જેમ આપણા દેશના બધાય ધર્મો અને સમાજોની સ્થિતિ છે તેવી જ જૈન ધર્મ અને સમાજની પણ છે. જૈનો પણ આજે પોતાના ધર્મના સિદ્ધાંતો અને સમાજના નિયમોમાં દેશકાલની પરિસ્થિતિને અનુકૂલ એવાં કશાય પરિવર્તનો થાય તો તેને શંકા અને ભયની લાગણીથી જુએ છે અને રૂઢિચુસ્ત સત્તાપ્રિય વર્ગ તેની સામે થાય છે. જૂનું એટલું બધું જ સારું અને સાચું એવી તેની માન્યતા હોય છે. જૂના ગ્રંથોમાં જે કાંઇ લખ્યું હોય તે બધું ખુદ તીર્થંકર મહાવીરે જ કહેલું છે અને તેમાં કશાય પરિવર્તન કે સંશોધનને અવકાશ નથી. જેમ દરેક ધર્મમાં છે તેમ જૈનધર્મમાં પણ અનેક સંપ્રદાયો પેદા થાય છે અને તે દરેક એકબીજાને વધતા ઓછા પ્રમાણમાં જૈનાભાસ માને-કહે છે અને તે પોતાને જ ખુદ મહાવીરના સાચા અને શુદ્ધ અનુયાયી સમજે છે. આ બધું ઐતિહાસિક જ્ઞાનના અભાવનું ફળ છે.

વળી, જૈનોના વિષયમાં ઇતર ધર્માનુયાયી વર્ગમાં કેટલીક જુદી જ જાતની ખોટી કલ્પના અને ભ્રમણા રહેલી હોય છે. કોઇ તેને નાસ્તિક મત ગણે છે, કોઇ તેને બૌદ્ધ મતની શાખા સમજે છે અને કોઈ વળી તેને વિદેશી પણ કહેવાની ધૃષ્ટતા બતાવે છે. કેટલાક વિદેશી લેખકોના અંધ અનુકરણ કરનારા વિદ્વાનો ઇસ્લામની જેમ જૈનધર્મને પણ એક તદ્દન જુદા જ આચારવિચારવાળો અને તેથી હિંદુ પ્રજા કે જાતિથી તેને તદ્દન સ્વતંત્ર ભાવના-વાળો ધર્મ માની તે રીતે તેની ચર્ચા કરે છે. કેટલાકોનો જૈન-ધર્મની સામે ભારે રોષ હોય છે. તેઓ એમ કહ્યા કરે છે કે એ અહિંસાની ભાવનાએ જ હિંદુસ્થાનમાં એક રીતે કાયરતા ઉત્પન્ન કરી છે અને તેના લીધે આર્યપ્રજા પૌરૂષને ગુમાવી બેઠી અને તેથી વિધર્મી શત્રુઓ સામે બાથ ભીડી ન શકવાથી તે આજે પરાધીન બની છે. જૈનધર્મ વિષે આવી આવી કેટલીક ખોટી ભ્રમણા જે જૈનેતર વર્ગમાં રહેલી દેખાય છે તેનું કારણ પણ પણ એ જ ઐતિહાસિક જ્ઞાનનો અભાવ છે.

આ બધી બાબતો વિષે વિગતવાર ચર્ચા કરવા જેટલો આ વ્યાખ્યાનમાં અવકાશ નથી, તેથી આટલું સૂચન માત્ર કરી, હું ગુજરાતના જૈનધર્મ વિષે કેટલુંક સિંહાવલોકન કરી જવા ઇચ્છું છું.

ગુજરાત એ જૈનધર્મનું આજે વિશિષ્ટ કેન્દ્રભૂત સ્થાન છે. જૈનોની સંખ્યા અને શક્તિ જેટલી ગુજરાતમાં દેખાય છે તેટલી હિંદુસ્થાનના બીજા પ્રદેશોમાં નથી દેખાતી. જૈનોની ધાર્મિક અને સામાજિક એવી બધીય પ્રવૃત્તિઓમાં જે જાગૃતિ ગુજરાતમાં દેખાય છે તે બીજા કોઇ પ્રદેશમાં નથી જણાતી. જૈન દૃષ્ટિએ ગુજરાતને આવું અગ્રેસરત્વ વર્તમાનકાળમાં જ પ્રાપ્ત થયું છે એમ નથી. એનો ઇતિહાસ ગુજરાતના પ્રજાકીય વિકાસના ઇતિહાસ જેટલો જ જૂનો છે. ગુજરાતના પ્રાચીન સાંસ્કૃતિક વિકાસનો અને જૈનધર્મના વિકાસનો પરસ્પર અગત્યનો ગાઢ સંબંધ રહેલો છે. ગુજરાતે જૈનધર્મના વિકાસમાં ઘણો મોટો ફાળો આપ્યો છે અને તેવી રીતે જૈનધર્મે પણ ગુજરાતના વિકાસમાં ઘણો અગત્યનો ભાગ ભજવ્યો છે. ગુજરાતે જો જૈનધર્મને વિશિષ્ટ રક્ષણ અને પોષણ ન આપ્યું હોત તો જૈનધર્મની આજે તેના કરતાં તદ્દન જુદી જ પરિસ્થિતિ હોત અને જો જૈનધર્મે પણ ગુજરાતના સંસ્કાર-વિકાસ માટે વિશિષ્ટ પ્રયત્નો ન કર્યા હોત તો ગુજરાતની સંસ્કૃતિ પણ જે આજે છે તેના કરતાં કોઇક જુદા જ પ્રકારની હોત.

જૈનધર્મે ગુર્જર પ્રજાને જે પ્રકારના અહિંસા, સંયમ, અને તપના આદર્શ સંસ્કારો આપ્યા છે તેવા સંસ્કારો બીજા પ્રદેશોને નથી મળ્યા અને તેથી ગુર્જર પ્રજામાં સંસ્કાર-સમૃદ્ધિની જે એક પ્રકારની વિશિષ્ટ પ્રભા આપણે જોઇ શકીએ છીએ તેવી બીજી પ્રજામાં નથી જોવાતી. મદ્ય, માંસ, મૃગયા, પ્રાણીહિંસા અને વ્યભિચાર જેવા મહા દુર્ગુણોથી ગુર્જર પ્રજા જે અનેક અંશે આજે મુક્ત દેખાય છે અને એ સુસંસ્કારિતાની જે સુંદર છાપ બીજા બધા દેશોની સરખામણીમાં, વધારે સારી રીતે પડેલી જોવાય છે તેમાં જૈનધર્મના જૂના વારસાનો ઘણો મોટો અંશ રહેલો છે એમ આપણે માનવું જોઇએ.

હું એક જૈન છું અને તેથી જૈનધર્મનાં આ વધારે પડતાં વખાણ કરું છું એવું તો આપ ન જ માનશો એવી હું આશા રાખું છું. હું તો અહિં આપની આગળ મને મારા ઐતિહાસિક અવલોકનમાં જે કાંઇ સત્ય જણાયું છે તે તટસ્થભાવે પ્રગટ કરવા ઇચ્છું છું. આ વિષયમાં તો મારા ઘણા એવા વિચારો અને મન્તવ્યો હશે, જે જૈનબંધુઓને પણ પસંદ નહિ પડે અને તેનો તેઓ વિરોધ કરે.

જૈનોએ ગુજરાતના વાણિજ્ય–વ્યાપારમાં, રાજ્યકારભારમાં, કળા–કૌશલ્યમાં, જ્ઞાન–સંવર્ધનમાં અને સદાચાર–પ્રચારમાં–આમ પ્રજાકીય સંસ્કૃતિનાં સર્વે અંગોમાં અનેક રીતે ઘણો મહત્ત્વનો ફાળો આપ્યો છે.

ગુજરાતની વાણિજ્ય શક્તિ અને વ્યાપારિક કુશળતા ઘણા પ્રાચીનકાળથી આખાય ભારતવર્ષમાં સુપ્રસિદ્ધ છે અને ગુજરાતના એ વ્યાપારી વર્ગનો ઘણો મોટો ભાગ જૈનધર્મ પાળનારો છે. ગુજરાતના ગામડે ગામડે જૈન વણિયા પોતાની સામાજિક અને વ્યાપારી પ્રતિષ્ઠા ઠેઠ પ્રાચીન કાળથી આદર્શ રીતે જમાવી બેઠેલા જોવામાં આવે છે. ગુજરાતનો જૈન વણિક એ 'રાષ્ટ્રનો મહાજન' છે; અને ખરેખર ભૂતકાળમાં એણે પોતાનું એ પદ અનેક રીતે સાર્થક કરી બતાવેલું છે. અણહિલપુરની સ્થાપનાના દિવસોથી લઇ આજ સુધીના ગુજરાતના સામાજિક અને રાજકીય ઇતિહાસનું જો સિંહાવલોકન આપણે કરીએ તો આપણને જણાશે કે આ બાર સૈકા જેટલા સમયમાં ગુજરાતની વણિક પ્રજામાંથી અગણિત મુત્સદ્દીઓ, મંત્રીઓ, કારભારીઓ, સેનાપતિઓ, યોદ્ધાઓ, વ્યાપારીઓ, દાનેશ્વરો, વિદ્વાનો, કળાપ્રેમીઓ, ત્યાગીઓ અને પ્રજાપ્રેમીઓ પેદા થયા છે. એમની નામાવલી આંગળીઓ વડે ગણાય તેવી નજીવી નથી. એ મહાજનોની સંખ્યા સેંકડોની નથી પણ હજારોની છે.

આ બારસો વર્ષ જેટલા મહાયુગમાં ગુજરાતની સાંવર્ભૌમ સત્તા ધરાવનારી રાજધાનીઓ બે થઇ: પ્રથમ અણહિલપુર અને બીજી અમદાવાદ. અણહિલપુરનો પ્રથમ નગરશેઠ વિમલ પોરવાડ જ્ઞાતિનો વણિક જૈન હતો; અને અમદાવાદનો વિદ્યમાન નગરશેઠ પણ ઓસવાલ જ્ઞાતિનો વણિક જૈન છે. ગુજરાતનાં આ બે પાટનગરોના આ આદ્યંત શેઠોની વચ્ચે બીજા સેંકડો શેઠો થઇ ગયા, જે ઘણા ભાગે જૈનધર્મ પાળનારા હતા. કાળના મહાપ્રવાહ સામે ગુજરાતના ચક્રવર્તી હિંદુ સમ્રાટો અને મુસલમાન બાદશાહોનાં સંતાનો નામપુરતી પણ પોતાની ગાદી સાચવી શકયા નથી; પણ આ વણિકપુત્રો પોતાની ગાદી આજ સુધી અખંડરૂપે સાચવી શકયા છે; અને એ જ એમની અદ્‌ભુત વ્યવહારકુશળતાની નિશાની છે.

અણહિલપુરના સ્વજાતીય સમ્રાટો ગયા અને દિલ્લીના વિધર્મી સુલતાનો આવ્યા. એ સુલતાનો અસ્ત પામ્યા અને ગુજરાતના સ્વતંત્ર બાદશાહો ઉદયમાં આવ્યા. એ બાદશાહો વિલીન થયા અને મુગલસમ્રાટો સત્તાધીશ બન્યા. મુગલો નિસ્તેજ થયા ને મરાઠાઓ ચમકવા લાગ્યા. મરાઠાઓ નિર્વીર્ય થયા અને છેવટે અંગ્રેજો આ ભૂમિના ભાગ્યવિધાતા બન્યા. ગુજરાતની ભૂમિ પર આ રીતે આટઆટલી રાજસત્તાઓ ઉભી થઇ, ભોંયભેગી થઇ, પણ ગુજરાતના વ્યાપારક્ષેત્રમાં અને પ્રજામંડળમાં તો એના એજ ગુજરાતનાં વૈશ્યસંતાનોની અબાધિત સત્તા અખંડપણે ચાલુ રહી; અને તેથી આજ સુધી ગુજરાતની ધનસમૃદ્ધિ પ્રમાણમાં યોગ્ય રીતે સચવાઇ રહી. એ સાચવણીમાં જૈનોનો હિસ્સો મોટો છે એ આપણે કબૂલ કરવું જોઇએ.

જેમ ગુજરાતના વ્યાપારક્ષેત્રમાં જૈનોએ આગળ પડતો ભાગ ભજવ્યો છે તેમ ગુજરાતના રાજકારભારમાં પણ જૈનોએ ઘણો મોટો ભાગ ભજવ્યો છે એ આપણને ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ સ્પષ્ટપણે બતાવે છે. મંત્રી જાંબ, સેનાનાયક નેઢ, મંત્રવીર દંડનાયક વિમલ, મહાઅમાત્ય મુંજાલ, સાંતૂ, આશુક, ઉદયન, આંબડ, બાહડ, સજ્જન, સોમ, ધવલ, પૃથ્વીપાલ, વસ્તુપાલ, તેજપાલ, પેથડ અને સમરાશાહ આદિ અનેકાનેક જૈન વણિક રાજકારભારીઓ થઇ ગયા, જેમણે ગુજરાતના રાજતંત્રને સુસંગઠિત, સુપ્રતિષ્ઠિત અને સુવ્યવસ્થિત કરવામાં અદ્‌ભુત બુદ્ધિકૌશલ અને રણશૌર્ય બતાવ્યાં છે. જૈનવણિકોએ પોતાના રાજનીતિપ્રવીણ પ્રતિભાકૌશલદ્વારા અણહિલપુરની એક નાનકડી જાગીરને મોટા મહારાજ્યની પ્રતિષ્ઠા અપાવી; અને ગુર્જર દેશ–જેની ભારતમાં કશીય વિશિષ્ટ ખ્યાતિ નહતી–તેને એક બળવાન અને સુવિશાળ રાષ્ટ્રનું અક્ષય ગૌરવ અપાવ્યું. લાટ, આનર્ત, સૌરાષ્ટ્ર, અર્બુદ અને કચ્છ એ બધા ઇતિહાસપ્રસિદ્ધ અને જગવિખ્યાત સમૃદ્ધિપૂર્ણ પ્રાચીન પ્રદેશોને અણહિલપુરના એક છત્ર નીચે સુસંબદ્ધ કરવામાં અને એક સંસ્કૃતિ અને એક ભાષાદ્વારા એ બધી પ્રજાઓને પરસ્પરના પ્રાંતભેદો ભૂલી જઇ એક ગુર્જર મહાપ્રજાના રૂપમાં સુસંગઠિત થવામાં જૈન વ્યાપારીઓ અને કારભારીઓએ જે ભાગ ભજવ્યો છે તે ઘણો મોટો છે, એમાં શંકા નથી.

જૈનધર્મનું પાલન કરનારા મોટા ભાગે વૈશ્યો છે. જૈનધર્મની અહિંસાની ભાવના જેટલે અંશે વૈશ્યોને માફક આવે છે તેટલે અંશે બીજા વર્ગોને નથી આવતી એમ સૂક્ષ્મ વિચાર કરતાં સ્પષ્ટ જણાય છે. જૈનધર્મની પ્રકૃતિનો જેટલો સુમેળ વૈશ્યોની પ્રકૃતિ સાથે થાય છે તેટલો બીજા વર્ણોની પ્રકૃતિ સાથે નથી થઇ શકતો. વૈશ્યોના જીવનવ્યવસાય સાથે શાંતિનો ગાઢ સંબંધ છે. શાંતિમય પરિસ્થતિમાં જ વ્યાપારની વૃદ્ધિ અને સ્થિરતા રહેલી છે. અશાંત વાતાવરણ વ્યાપારીની પ્રકૃતિ અને પ્રવૃત્તિને હંમેશાં પ્રતિકૂળ હોય છે. જૈનધર્મ એ બહુ જ શાન્તિપ્રિય ધર્મ છે. હિંસા અને વિદ્વેષ ઉત્પન્ન કરનારાં તત્ત્વો એની પ્રકૃતિનાં સર્વથા વિરોધી તત્ત્વો છે. તેથી જે વર્ગ શાંતિને ચાહનારો હોય છે તેના માટે તેનાં તત્ત્વો વધારે સુગ્રાહ્ય અને સમાદરણીય થઇ પડે છે. યુધ્ધ, વિજિગીષા, લૂંટફાટ ચાહનારા વર્ગોને એ તત્ત્વો પ્રિય નથી લાગતાં.

જૈન જ્ઞાતિઓનો ઇતિહાસ જોતાં જણાય છે કે કેટલાક જૈનાચાર્યોના વિશિષ્ટ પ્રભાવથી આકર્ષિત થઇ સેંકડોની સંખ્યામાં ક્ષત્રિયોએ અને કૃષિકારોએ જૈનધર્મનો સ્વીકાર કર્યો હતો; પણ તેની સાથે તેમને પોતાનો જીવનવ્યવસાય પણ બદલવો પડયો હતો અને ક્ષાત્રધર્મ કે કૃષિધર્મના બદલે તેમને મુખ્ય રીતે વૈશ્યવર્ણનો વ્યવસાય સ્વીકારવો પડયો હતો; અને આ રીતે વ્યવસાયાંતરના સંસ્કારના બળે જ તેઓ સ્થિરતાપૂર્વક જૈનધર્મનું પાલન કરવા સમર્થ થઇ શકયા છે. આથી હું એમ કહું કે જો જૈનધર્મની પ્રકૃતિને વાણીયા વધારે ફાવ્યા છે અને વાણિયાનો વ્યવસાયને જૈનધર્મ વધારે ફાવ્યો છે તો તે કેવળ હાસ્યપુરતું જ કથન નથી પણ પૂર્ણ વસ્તુસૂચક પણ છે.

જો કે એ કહેવામાં કાંઇ ઐતિહાસિક તથ્ય નથી કે પૂર્વકાળમાં ગુજરાતના બધા જ વૈશ્યો જૈનધર્મ પાલનારા હતા; પણ એટલું તો કહી શકાય કે, વલ્લભાચાર્યનો સંપ્રદાય ગુજરાતમાં પ્રચાર પામ્યો તે પહેલાં ગુજરાતના વૈશ્યોનો ઘણો મોટો ભાગ જૈનધર્મ પાળતો હતો. બાકી ધર્મ વિષે ગુજરાતની પ્રજામાં ઠેઠ પ્રાચીનકાળથી જ બહુ ઉદાર ભાવના ચાલી આવે છે; અને તેથી જૈન, શૈવ કે વૈષ્ણવ મતો વચ્ચે અહિં કયારેય એવી ઉગ્રતા ઉત્પન્ન થઇ નથી કે જેથી એક બીજા ધર્મો કે સંપ્રદાયો વચ્ચે વિરોધની તીવ્ર લાગણી પેદા થવા પામી હોય. ગુજરાતનાં વૈશ્ય કુટુંબોમાં જૈન, શૈવ અને વૈષ્ણવ મતો સરખી રીતે આદર પામતા આવ્યા છે; અને આજે પણ એ આદરભાવ વધતા ઓછા પ્રમાણમાં કયાંક કયાંક દૃષ્ટિગોચર થાય છે. ગુજરાતી પ્રજાનો આ એક વિશિષ્ટ પ્રકારનો સંસ્કારવારસો છે, જેમાં જૈન ધર્મે પણ કેટલોક અગત્યનો ફાળો આપ્યો છે.

આ રીતે આપણે જાણ્યું કે ગુજરાતમાં જૈન ધર્મ પાળનાર મુખ્ય વૈશ્યવર્ગ છે. એ વૈશ્યવર્ગનો પ્રધાન જીવનવ્યવસાય વાણિજ્ય–

વ્યાપાર છે. એ વ્યવસાયદ્વારા ગુજરાતના જૈનોએ આજ સુધીમાં અઢળક લક્ષ્મી પ્રાપ્ત કરી છે. વ્યાપાર ઉપરાંત જૈનોના એક વર્ગે, ઉપર જેમ આપણે જોયું તેમ, રાજકારભારમાં પણ જબરદસ્ત સત્તા ભોગવી છે; અને એ સત્તાના પ્રતાપે પણ એમની પાસે લક્ષ્મીના ભંડારો ઉભરાણા છે. જૈન ધર્મગુરૂઓએ, પ્રાપ્ત થયેલી એ લક્ષ્મીનો સદુપયોગ કરવા માટે, જૈન શ્રાવકોને ઘણા ભારપૂર્વક વિવિધ પ્રકારનો સતત બોધ આપ્યો છે; અને એ બોધના બળે શ્રાવકોએ પણ દાનપુણ્ય આદિ સુકૃત્યોમાં લક્ષ્મીનો યથેષ્ટ વ્યય કર્યો છે. જૈનગૃહસ્થોનાં જીવનકૃત્યમાં સૌથી મુખ્ય સ્થાન જૈનમંદિરને આપવામાં આવ્યું છે. અને તેથી દરેક લક્ષ્મીવાન જૈનગૃહસ્થની એ મહત્ત્વકાંક્ષા રહી છે કે જો શક્તિ અને સામગ્રી પ્રાપ્ત હોય તો પોતાનું મોટું પણ એકાદું નવું જૈન મંદિર બંધાવવું, અગર જૂનું મંદિર સમરાવવું. અને જો તેટલી શક્તિ ન હોય તો પછી સમુદાય સાથે મળીને પણ મંદિર, મૂર્તિ આદિ રચવામાં કે તેની પૂજા પ્રતિષ્ઠા આદિ કરવામાં યથાશક્તિ પોતાનો ફાળો આપવો અને એ રીતે લક્ષ્મીનો કાંઇક પણ ઉપયોગ એ કૃત્ય માટે અવશ્ય કરવો. મંદિરનિર્માણ પાછળ તે કાળના એ જૈનચાર્યોએ જે આટલો બધો વિશિષ્ટ ભાર આપ્યો અને આ કાર્યદ્વારા પુણ્યપ્રાપ્તિની મહત્ત્વાકાંક્ષા જાગ્રત કરવા માટે શ્રાવકોને તેમણે જે સતતરૂપે લક્ષ્મીની સાર્થકતા ઉપદેશી તેના લીધે જૈનોએ આજ સુધીમાં ગુજરાતમાં હજારો જૈનમંદિરો બંધાવ્યાં અને લાખો જૈનમૂર્તિઓ સ્થાપિત કરી કરાવી. ગુજરાતનાં ગામે-ગામ અને નગરેનગર નાનાંમોટાં અસંખ્ય જૈનમંદિરો બંધાયાં; અને એ રીતે ગુજરાતની સ્થાપત્ય કળાનો અદ્‌ભુત વિકાસ સધાયો. એ સુંદર અને સુરમ્ય મંદિરોના અસ્તિત્વથી ગુજરાતનાં કેટલાંય ક્ષુદ્ર ગ્રામોને પણ નગરની શોભા પ્રાપ્ત થઇ અને નગરોને પોતાની સુંદરતામાં સ્વર્ગપુરીની વિશિષ્ટ આકર્ષકતા મળી. દુર્ભાગ્યે ગુજરાતનાં એ દિવ્ય દેવમંદિર અને ભવ્ય કળાધામોનો વિધર્મીઓના હાથે વ્યાપક વિધ્વંસ થઇ ગયો છે, અને આજે તો તેનો હજારમો હિસ્સો પણ વિદ્યમાન નથી. છતાં જે કાંઇ થોડા ઘણા અવશેષો બાકી રહ્યા છે તેમનાં દર્શનથી ગુજરાતની સ્થાપત્ય કળાનો આજે આપણને જે કાંઇક યત્કિંચિત સ્મૃતિસંતોષ થાય તેવો આહ્લાદ થઈ શકે છે તે માટે આપણે જૈનોનો જ ઉપકાર માનવો જોઇએ.

શત્રુંજય, ગિરનાર, તારંગા, આબુ અને પાવાગઢ જેવાં ગુજરાતનાં પર્વતશિખરો જે આજે જગતના પ્રવાસીઓને આકર્ષી રહ્યાં છે, તે પર જો જૈનોએ બાંધેલાં એ દેવમંદિરો ન હોત તો તેમનું નામ પણ કોણ લેત? અમદાવાદમાં મુસલમાનોની મસીદો સિવાય, જો હઠીભાઇનું જૈનમંદિર ન હોત તો ત્યાં બીજું કયું એવું એક પણ હિંદુ સ્થાપત્યનું સુંદર કામ છે, જેને કોઇ પણ હિંદુ પોતાની જાતીય શિલ્પકળાના સુન્દર સ્થાન તરીકે ઓળખાવી શકે? અવનતિના આ છેલ્લા યુગમાં પણ જઘડીયા, કાવી, છાંણી, માતર, બારેજા, પેથાપુર, પાનસર, સેરીસા, સંખેશ્વર, ભોયણી, મેત્રાણા, ભિલડીયા આદિ ગુજરાતનાં અનેક નાનાં ગામડાંઓમાં અને દૂર જંગલોમાં જૈનોએ લાખો રૂપિયા ખર્ચી ભવ્ય મંદિરો બંધાવ્યાં છે અને તેમ કરી દેશની શોભામાં સુંદર અભિવૃદ્ધિ કરી છે. સેરીસા, સંખેશ્વર, પાનસર અને ભોયણી જેવાં અત્યંત ક્ષુદ્ર ગ્રામો પણ આજે ભવ્ય જૈનમંદિરોનાં શિખરોથી જાણે મુકુટધારી ગ્રામવરો બન્યાં છે; અને યાત્રાર્થીઓના આરામ માટે ઉભી કરાયેલી વિશાળ ધર્મશાળાઓથી એક નાનકડા સુંદર શહેરનો દેખાવ ધારણ કરી રહ્યાં છે.

એ દેવમંદિરોના દર્શનાર્થે હિંદુસ્થાનના સર્વ ભાગોમાંથી દર વર્ષે સેંકડો હજારો જૈનયાત્રીઓ આવે છે અને એ ગ્રામોની ભૂમિને પુણ્ય સ્થળ ગણી તેમની ધૂળને મસ્તકે ચઢાવે છે. ગુજરાતનાં એ ઉજ્જડ ગામડાંઓ જૈનમંદિરોના પ્રતાપે પુણ્યધામ બન્યાં છે; અને સેંકડો ભાવિક જૈનો, પ્રતિ પ્રાતઃકાળ **'સેરીસરો સંખેસરો પંચાસરો રે'** એવા નામોત્કીર્તનપૂર્વક, હિંદુઓ જેમ કાશી, કાંચી, જગન્નાથપુરી જેવાં મહાન ધામોની પ્રાતઃસ્તુતિ કરે છે તેમ, એમનો મંગલપાઠ કરે છે. જૈનોએ આ આધુનિક મંદિરોદ્વારા ગુજરાતની શિલ્પકળાને જીવતી રાખી છે. જૈનોની મંદિરરચનાની અદ્યાપિ ચાલુ રહેલી પ્રણાલીએ ગુજરાતના શિલ્પીને આજ સુધી પોતાના હુન્નરમાં જેમ તેમ પણ ટકાવી રાખ્યો છે, નહિ તો હિંદુ સ્થાપત્યના સિધ્ધાંત પ્રમાણે પત્થરનો એક સાધારણ થાંભલો ઘડી આપનાર સલાટ પણ આપણને ગુજરાતમાંથી મળવો દુર્લભ થઇ પડત.

દેવમંદિરોની રચના પાછળ જે ઉદાર અને ઉદાત્ત ભાવભરેલાં ધ્યેયો રહેલાં છે, જે સંસ્કાર અને સદાચારનાં પ્રેરક તત્ત્વો રહેલાં છે તે આપણે ભૂલી ગયા છીએ, અને તેથી આપણી આધુનિક મંદિર-સંસ્થા ઉપકારક થવાને બદલે અનેક અંશે અપકારક થઇ પડી છે. આજનાં મંદિરોને આપણે પુણ્યધામોને બદલે એક પ્રકારનાં પણ્યાગારો જેવાં બનાવી મૂકયાં છે. ધર્માર્જનના ઠેકાણે તેમને દ્રવ્યાર્જનની દુકાનો આપણે બનાવી દીધી છે. અને જૈનો આ બાબતમાં વધારે દોષપાત્ર છે, એ પણ મારે જૈન બંધુઓનો રોષ વહોરીને પણ, કટુ સત્ય કહેવું જોઇએ.

બાકી, વૈષ્ણવોનાં મંદિરો તો આજે એમના નામ પ્રમાણે જ માત્ર 'મહારાજોની હવેલીઓ' છે. એ મંદિરોમાં-હવેલીઓમાં-જતાં આપણને દેવમંદિરનો જરાય આભાસ આવતો નથી; પણ કોઇ વિલાસી ગૃહસ્થના બેડોળ મકાનમાં આપણે આવી પહોંચ્યા હોઇએ તેવું ભાન થાય છે. ગુજરાતના વૈષ્ણવ મંદિરોને આ પ્રમાણે વાણીઆઓનાં ઘરો જેવાં આકાર-પ્રકારમાં કોણે અને કયારે ફેરવી દીધાં તેની મને કશી માહિતી મળતી નથી. મારવાડ, મેવાડ, માળવા આદિ દેશોમાં સેંકડો વૈષ્ણવ મંદિરો છે, જે સ્થાપત્ય અને પાવિત્र્યની દૃષ્ટિએ જૈન મંદિરો જેવાં જ ભવ્ય અને પ્રશસ્ત છે. કદાચ દ્વારકા, ડાકોર કે ગિરનાર જેવાં સ્થળોએ આવાં બે ચાર વૈષ્ણવમંદિરો હશે; તે સિવાય, ગુજરાતમાં કયાંયે આવાં મંદિરો દેખાતાં નથી-જ્યારે ગુજરાતના વૈષ્ણવો, જૈનો કરતાં પણ વધારે ધનવાન અને ધર્મચુસ્ત દેખાય છે.

અને, ગુજરાતનો શૈવધર્મ તો આજે તદ્દન શિથિલ દશામાં આવી પડયો હોય તેમ લાગે છે. આવા સમૃદ્ધ અને સંસ્કારી દેશમાં એક માત્ર સોમનાથ સિવાય બીજું એક પણ કોઇ મોટું શૈવધામ કે ભવ્ય શિવાલય દૃષ્ટિગોચર થતું નથી કે જેની ખ્યાતિ દૂરના દેશોમાં ફેલાયેલી હોય. જે ચૌલુક્યોના સમયમાં ગુજરાતના ગામડે ગામડે અને સીમાડે સીમાડે સેંકડો સુંદર શિવાલયો શોભતાં હતાં અને સંધ્યાકાલના સમયે એ શિવાલયોમાં થતા શંખધ્વનિ અને ઘંટાનાદોથી ગુજરાતની ભૂમિનું સમસ્ત વાયુમંડળ શબ્દાયમાન થઇ રહેતું હતું તે ભક્તભૂમિને જાણે આજે ભગવાન શંકર છોડીને જતા રહ્યા છે, અને તેમની આ શ્રદ્ધાળુ ધરતીમાતા શોકગ્રસ્ત થઇ સંધ્યાવંદનના મંગલગાન-વાદનને સ્થગિત કરી, હતાશ ભાવે સ્તબ્ધ થઇ બેસી ગઇ હોય તેમ લાગે છે. **'હરહર મહાદેવ'**નો જયઘોષ આજે ગુજરાતમાં ક્વચિત જ સંભળાય છે. ભૂદેવો માત્ર બ્રહ્મભોજન કરતી વખતે જ, મોદક-દર્શનથી પ્રમુદિત થઇ, પોતાના ઇષ્ટદેવનું સ્મરણ અને નામોચ્ચારણ કરતા જોવા સાંભળવામાં આવે છે. તે સિવાય, શિવોપાસના આજે એ શૈવ સમાજમાં નામની જ રહી છે, અને દેશમાંના શિવ-દેવકુલોનો મોટો ભાગ ઉપેક્ષાનો પાત્ર થઇ અસ્તવ્યસ્તવત દશા ભોગવી રહ્યો છે.

(અપૂર્ણ)

મુનિ જિનવિજયજી.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાનઃ સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૯
અંક : ૪

મુંબઈ: ૧૫ જુન ૧૯૪૭ રવિવાર.

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

નૌખલીમાં ગાંધીજી સાથે એક સપ્તાહ

"અહિંસા રેડીયમની માફક કામ કરે છે"

ગાંધીજીનું જીવન એક મહાકાવ્ય છે. તે જીવનના ખંડ ખંડમાં અપાર કાવ્ય અને રોમાંચપ્રેરકતા અનુભવગોચર થાય છે. તે જીવનના પદે પદે સત્યની ઉપાસના અને વિરાટ જનતામાંના કોઇ પણ પીડિત, ત્રસ્ત કે સંકટગ્રસ્ત સમુદાય માટે અપાર કરૂણા અને અનુકંપા ભરેલાં હોય છે. નૌખલીમાંનો તેમનો પ્રવાસ આવું જ એક અનેક દૃષ્ટિએ મહત્વપૂર્ણ ખંડ કાવ્ય બન્યું છે. ગાંધીજી એ પ્રદેશોમાં વિચરતા હતા એ દરમિયાન શ્રી. ડી. જી. ટેન્ડુલકર એક અઠવાડીયું ગાંધીજી સાથે ફરેલા. તેને લગતાં સંસ્મરણો 'With Gandhi in Naokhali' એ મથાળા નીચે તા. ૨૩-૩-૪૭ ના બોંબે ક્રોનીકલ સાપ્તાહિકમાં પ્રગટ થયેલ લેખમાં તેમણે હૃદયસ્પર્શી ભાષામાં રજુ કર્યા છે. આ પુનિત યાત્રા ગાંધીજીના જીવનમાં અત્યંત મહત્વની ઘટના હોઈને પ્રસ્તુત લેખનો અનુવાદ અહિં નીચે પ્રગટ કરવામાં આવે છે.

આ અનુવાદ કરતાં કરતાં આજથી ૨૫૦૦ વર્ષ પહેલાં દીક્ષા જીવનના પ્રથમ છ વર્ષ દરમિયાન પોતાના સાધનાકાળમાં ભગવાન મહાવીરે બંગાળાના એ જ પ્રદેશોમાં પ્રવાસ કરેલો તેનું સ્મરણ થાય છે. જેમ ભગવાન મહાવીરે એ પ્રદેશોમાં પોતાની ચાલુ જીવન સાધનાની પરિપૂર્તિ અર્થે જ પ્રવાસ કરેલો અને તેઓ પાર વિનાના સંકટો ખમેલા તેવી જ રીતે ગાંધીજીએ પણ અહિંસાની ઉત્કટ સાધનાની દૃષ્ટિએ જ આ પ્રવાસનું જોખમ ખેડયું હતું. એ વખતે આજની જેવા નોંધ લેનારા કોઇ નહોતા; એવી કોઇ વિગતવાર નોંધ કોઇએ રાખી હોય તો તે આજે ઉપલબ્ધ નથી. બંગાળાના પ્રસ્તુત પ્રદેશો એ સમયે 'લાઢ દેશ'ના નામથી ઓળખાતા હતા. ભગવાન મહાવીરના એ દુર્ગમ પ્રવાસનો જે કાંઇ ઉલ્લેખ આચારાંગ સૂત્રમાં મળે છે તે તારવીને શ્રી. ગોપાળદાસ જીવાભાઇ પટેલે પોતાના 'મહાવીર કથા' નામના ગ્રંથમાં આપેલ છે. એ આખા ઉલ્લેખનું અવતરણ અહિં આ પ્રસંગે સ્થાને લેખાશે અને પ્રત્યેકના અમુક અંશે સદૃશ પુરૂષાર્થની તુલના કરવામાં ઉપયોગી નીવડશે એમ સમજીને અહિંઆ અવતરિત કરવામાં આવે છે. શ્રી ગોપાળદાસ જીવાભાઇ પટેલ તે કાળના સંધક શ્રી વર્ધમાન સ્વામીના લાઢ દેશના પ્રવાસને અનુલક્ષીને જણાવે છે કે:—

"આ બધા પ્રદેશો પોતાના પિતાનાં ઓળખીતા લોકોથી ભરેલા હોઇ, મહાવીરે હવે જ્યાં કોઇ ઓળખીતા ન હોય, તેવા પ્રદેશોમા જવાનો વિચાર કર્યો. તે મુજબ તેઓ દુર્ગમ એવા લાઢ પ્રદેશમાં પધાર્યા. આચારંગસૂત્રમાં તે પ્રદેશના પ્રવાસ દરમ્યાન તેમને પડેલી મુશ્કેલીઓ અને વેઠવા પડેલાં કષ્ટોનું નીચે મુજબ હૃદયદ્રાવક વર્ણન છે.

"ત્યાં તેમને તદ્દન હલકી જાતની શય્યા અને આસનોનો ઉપયોગ કરવો પડયો હતો. ત્યાંના લોકો પણ તેમને બહુ મારતા. ખાવાનું બહુ લૂખુ મળતું અને કુતરાં કરડતાં. કેટલાક લોકો તે કુતરાઓને રોકતા તો કેટલાક તે કુતરાઓને છુછકારી કરડાવતા. વજ્રભૂમિના લોકો બહુ કઠોર હતા. ત્યાં કુતરા કરડી ન જાય તે માટે બીજા શ્રમણો હાથમાં લાકડી કે નાળ લઇને ફરતા. કેટલીકવાર કુતરાઓ મહાવીરને કરડતા અને તેમના માંસની પેશીઓ ખેંચી કાઢતા; છતાં એવા દુર્ગમ લાઢ દેશમાં હિંસાનો ત્યાગ કરીને અને શરીરની મમતા છોડીને તે અનગાર ભગવાને આવી પડતાં સંકટોને સમભાવે સહ્યા; અને સંગ્રામને મોખરે રહેતા વિજયવંત હાથીની જેમ એ દુઃખો ઉપર જય મેળવ્યો.

" કેટલીકવાર લાઢ દેશમાં ઘણે દૂર ચાલ્યા છતાં ગામ જ ન આવતું. કોઇ જગાએ ગામની ભાગોળ પાસે આવતાં જ ગામના લોકો બહાર નીકળીને તેમને મારતાં અને હાંકી કાઢતા, કોઇ વાર તેઓ ભગવાનના શરીર ઉપર બેસી તેમનું માંસ કાપી લેતા, કોઇવાર તેમના ઉપર ધૂળ વરસાવવામાં આવતી, કોઇવાર તેમને ઉંચેથી નીચે પટકવામાં આવતા, તો કોઇવાર આસન ઉપરથી તેમને ગબડાવી નાંખવામાં આવતા."

એ પ્રમાણે લાઢ દેશનો યાતનાભર્યો વિહાર પૂરો કરી મહાવીર તે પ્રદેશમાંથી બહાર નીકળ્યા. પૂર્ણકળશ ગામની નજીક પહોંચતા જ લાઢ દેશમાં ચોરી કરવા જતા ચોરોને તે સામા મળ્યા. અપશુકન થયા માંની, તે ચોરો તેમની ઉપર ખડ્ગ લઇને તૂટી પડયા. પરંતુ છેવટે કોણ જાણે કેવી રીતે મહાવીર બચી ગયા, અને તે ખડ્ગપ્રહારથી તે બંને ચોરો પોતે જ હણાયા."

હવે આપણે એજ પ્રદેશમાં ગાંધીજીએ કરેલા પુણ્યપ્રવાસની નીચેના લેખમાં આપેલી કેટલીએક વિગતો તરફ નજર કરીએ.

પરમાનંદ

આજે હિંદમાં માણસજાતે ઉભી કરેલી અનેક દુર્ઘટનાઓ બની રહી છે. આઝાદીનો માર્ગ ગુલાબ ચંબેલીનાં ફુલોથી ભરેલો તો હોઇ ન શકે, પણ જે કાંટાળા માર્ગ ઉપર આપણે ચાલી રહ્યા છીએ તે રખેને પ્રાણઘાતક તો નહિ નીવડે ને એવી આશંકા ઉભી થઇ રહી છે. કોમીવાદનું હલાહલ ઝેર આજે સંખ્યાબંધ મહાસભાવાદીઓના હાડમાં પણ પસરી જવાનો ભય ઉભો થયો છે. ગાંધીજી અને બીજા કેટલાક દેશનેતાઓ સિવાય દેશના બીજા આગેવાનોને આમાંથી માર્ગ કેમ કાઢવો તેની કોઇ સુઝ પડતી નથી, અથવા તો જેમ પંચન વાય છે તેમ તેઓ આમથી તેમ ધસડાઈ રહ્યા છે. ગાંધીજીએ આપણને ચેતવણી આપી દીધી છે કે "હિંદની આઝાદી બંગાળા અને બીહારમાં જોખમાઇ રહી છે."

કલકત્તાના રમખાણોમાંથી નૌખલીની કરૂણ ઘટનાઓ બનવા પામી. બીહારે એનું વેર લીધું અને દશગણી હત્યાઓ નીપજાવી, જો કે એ વૈરનો પ્રકાર બંગાળા જેટલો જુગુપ્સાજનક નહોતો. આ જોઇને કેટલાયે હિંદુઓ અંદરથી ઠીક ઠીક મલકાયા અને કહેવા લાગ્યા કે ગાંધીજી ગમે તે ધારતા હોય પણ બીહારને લીધે જ નૌખલીની બીજી આવૃત્તિ ઉભી થતી અટકી. ગાંધીજીએ જણાવ્યું

કે "બીહારના લોકોએ પોતાને બહુ નીચું જોવડાવનાર કામ કર્યું છે. હિંદની આઝાદી તેનાથી પાંચ ડગલાં પાછી હઠી છે."

માનવતાનો ધર્મ

દેશમાં ચાલી રહેલું સંહારતાંડવ બીહારની દુર્ઘટના બાદ થોડો વખત થંભી ગયું હતું. ત્યાર પછી પાછો એ દાવાનળ પંજાબમાં સળગી રહ્યો છે. અને જ્યાં સુધી આ પ્રશ્નના મૂળમાં આપણે જઇએ નહિ અને ગાંધીજી જેની પ્રરૂપણા કરી રહેલ છે તે 'માનવતાના ધર્મ'માં દીલના ઉંડાણથી શ્રધ્ધા ધરાવતા આપણે થઇએ નહિ ત્યાં સુધી આ બાબત ઓટલેથી અટકી શકે જ નહિ. પશ્ચિમના રાજકારણી તત્વજ્ઞાનમાં પરસ્પર મદદ–mutual aid–નો જે ખ્યાલ છે તે ખ્યાલ 'માનવતાના ધર્મ'ની કલ્પનાની સૌથી વધારે સમીપ આવે છે. કલકત્તામાં જ્યારે કોમી દાવાનળ સળગી રહ્યો હતો ત્યારે ગાંધીજીએ સલાહ આપેલી કે " અહિંસાપરાયણ સ્ત્રી કે પુરૂષ પોતાનો બચાવ કરતો કરતો અથવા તો સ્ત્રીજાતના શીલની રક્ષા કરતો કરતો કશા પણ વેરઝેર, મત્સર કે ક્રોધ સિવાય મરશે, અને અહિંસકને મરવાનો આજ માર્ગ હોઇ શકે. વીરતાનો આ ઉંચામાં ઉંચો પ્રકાર છે. જો કોઇ પણ વ્યક્તિ કે માનવી સમુદાય આ મહાન જીવનમાર્ગ જેને ભૂતથી મારી દોરવણી તરીકે ઓળખવામાં આવે છે તેને અનુસરવા અશક્ત હોય અથવા તો અનુત્સુક હોય તો તેથી ઘણો જ ઉતરતો એવો બીજો માર્ગ વૈરનો અથવા તો આમરણાન્ત સામનાનો છે. ડરપોકપણું તો હિંસા કરતાં પણ વધારે નિન્દનીય નપુંસકતા છે. ભીરૂ માણસ વૈરવૃત્તિથી તો ભરેલો જ હોય છે પણ મરવાથી તે ડરતો હોઇને તેને બચાવવાનું કાર્ય કોઇ બીજાઓ કરે અને શકય હોય તો વર્તમાન સરકાર કરે એવી તે અપેક્ષા રાખે છે. બાયલો આદમી માનવી તરીકે ઓળખાવાને યોગ્ય નથી. સામાન્ય માણસથી પણ તેની કોટિ બહુ ઉતરતી છે. સ્ત્રી પુરૂષોના સમાજનો સભ્ય થવાની તે યોગ્યતા ધરાવતો નથી."

નૌખલીના અનુભવે ગાંધીજીએ જે કહેલું તે પુરવાર કરી આપ્યું. ત્યાં લુંટ, ધાડ, બળાત્કાર, કતલ–બધું કાંઇ થયું પણ રાજ્ય કશું કરી શકયું નહિ, અથવા ત્યાં રાજ્યે કશું કરવાની દરકાર જ ન કરી. બંગાળાના ધનાઢય જમીનદારોએ પોતાની બંદુકો શરણે કરી અને તેમનામાંના ઘણાએ ધર્મપરિવર્તન કરવાની અથવા તો મોસ્લેમ લીગના ફાળામાં નાણાં ભરવાની પડાપડી કરી. કારવારાના રાજન રોય ચૌધરીનો જ એક એવો દાખલો બન્યો કે જેણે પોતાના ધર્મનું રક્ષણ કરતાં કરતાં મરવાનું પસંદ કર્યું. ગામડાના લોકો ગુંડાઓની દયા યાચી રહ્યા હતા. ત્યાં સામુદાયિક લુંટ ચાલી અને, સામુદાયિક ધર્મપરિવર્તન થયાં અને કેટલાક સ્થળોએ સ્ત્રીઓ ઉપર સામુદાયિક બળાત્કારો થયા. નૌખલી તાલુકો અને ટીપરા તાલુકાના કેટલાક વિભાગો આ અરાજકતાના ભોગ બન્યા હતા. લગભગ ૪૫૦ ગામડાં સ્મશાનભૂમિ જેવાં બની ગયા હતાં–એથી પણ વધારે ભયાનક ધૃણાજનક દશામાં ફેરવાઇ ગયાં હતાં. ૪૦૦ ચોરસ માઇલના વિસ્તાર ઉપર મૃત આત્માઓ ખેરવિખેર ચોતરફ પડેલા હતા.

ગાંધીજી બંગાળા જવા ઉપડે છે.

કેટલાય લોકો હવે બોલવા લાગ્યા " મહાત્મા ગાંધી હવે બંગાળા જાય અને ત્યાં જઇને પોતાના અહિંસાશાસ્ત્રનો પ્રયોગ કરી જુએ." ગાંધીજી કઇ માટીના બનેલા છે તેનું આ લોકોને કશું ભાન જ નહોતું. નવી દીલ્હીમાં પોતાના માથા ઉપર રહેલું અંગત્યનું કામકાજ તેમણે પોતાના સાથીઓને સોંપ્યું અને કલકત્તા જવા તેઓ ઉપડયા. "લેખ લખીને કે ભાષણો આપીને હું કશું કરી શકું તેમ છે જ નહિ. મારી જાત સાથે મેં દલીલ કરી કે એ કર્મક્ષેત્ર ઉપર મારે જાતે જ હાજર થવું જોઇએ અને જે સિધ્ધાન્તના અવલંબને મને આજ સુધી ટકાવી રાખ્યો છે અને મારી જીંદગીને જીવવા જેવી બનાવી છે તે સિધ્ધાન્તના સંગીનપણાની મારે કસોટી કરવી જોઇએ." વડા પ્રધાન સુહરાવર્દીની વિનંતિને માન આપીને ગાંધીજી કલકત્તામાં ધાર્યા કરતાં વધારે રોકાયા. એ રમખાણગ્રસ્ત શહેરનું વાતાવરણ તેમની હાજરીથી હળવું બન્યું. બંગાળાના ગવર્નરે નૌખલીમાં ગાંધીજી જે કામ માટે જવાના હતા તેમાં બને તેટલી મદદ આપવા માટે પુરી તત્પરતા દેખાડી. ગાંધીજીએ તેમનો ઉપકાર માન્યો પણ જણાવ્યું કે " મદદ માટે આપના કરતાં લોકોએ ચુંટેલા બંગાળાના વડાં પ્રધાન પાસે જવાનું હું વધારે પસંદ કરીશ. "

ગયા નવેંબર માસમાં ગાંધીજી આ સંહારભૂમિ ઉપર આવી પહોંચ્યા. અનેક આગેવાનો અહિં આવ્યા હતા અને પાછા ગયા હતા અને લાંબા લાબાં નિવેદનો તેમણે બહાર પાડયાં હતાં. ભગ્નાશ નિરાશ્રિતોને સંબોધીને ગાંધીજીએ જણાવ્યું કે " એક સ્થળેથી બીજા સ્થળે ઉડતા જતા એવા કોઇ પ્રચારપ્રવાસના હેતુથી હું અહિં નથી આવ્યો. તમારામાંના એકનો માફક હું અહિં તમારી સાથે રહેવા આવ્યો છું...મેં પ્રતિજ્ઞા લીધી છે કે હું અહિં નિરાંતે રહીશ અને જરૂર હશે તો હું અહિં જ મરીશ. પણ જ્યાં સુધી અહિં ઉભાં થયેલાં વેરઝેર તદ્દન શમે નહિ, હિંસક વૃત્તિ મૂળમાંથી નાબુદ ન થાય, અને એકલદોકલ કોઇ હિંદુ છોકરી મુસલમાનો વચ્ચે છુટથી ફરતાં હરતાં જરા પણ ભય અનુભવે નહિ ત્યાં સુધી હું બંગાળા છોડીશ નહિ. તમારા હૃદયમાંથી ભયને તિલાંજલિ આપો એ જ મારે મન તમારા તરફથી મળતી મોટામાં મોટી મદદ છે. ભય કે જોખમનો સામનો કરવાને બદલે તેથી દૂર નાસી છુટવું એ માનવીમાં અને ઇશ્વરમાં અને પોતાની જાતમાં પણ શ્રદ્ધાનો ઇનકાર કરવા બરોબર છે. આવું શ્રધ્ધાનું દેવાળું જાહેર કરવા માટે જીવવું એ કરતાં ડુબી મરવું એ બહેતર છે." સ્ત્રીઓની દુર્દશાએ તેમને અત્યન્ત વ્યાકુળ બનાવી દીધા, પણ પણ તેમણે એક આંસુ સરખું પણ આંખોમાંથી સરવા દીધું નહિ. એમ કર્યું તેમને કેમ પાલવે? તેઓ તો બહેનોનાં આંસુઓ લુછવાને આવ્યા હતા. આ ભારે મુંઝવનારી અને અકળાવનારી પરિસ્થિતિ હતી. વાતાવરણમાં વૈર અને વહેમ ભરેલાં હતાં. ગાંધીજીએ પોતાના એક સાથીને લખ્યું કે " અહિં હું જે કામમાં રોકાયો છું તે કદાચ મારી જીંદગીનું છેલ્લું જ કામ હોય! જો હું અહિંથી જીવતો અને જરા પણ ઇજા પામ્યા સિવાય નીકળું તો મને બીજો જન્મ મળ્યા બરોબર લેખીશ. મારી અહિંસાની અહિં ભારે કસોટી થઇ રહી છે."

અપૂર્ણ

અનુવાદક **પરમાનંદ**

ઘાટકોપર ખાતે હોસ્પીટલનો શિલારોપણ વિધિ

તા. ૨૫–૫–૪૭ રવિવારના રોજ ઘાટકોપર ખાતે 'શેઠ વાડીલાલ ચત્રભુજ ગાંધી અને શેઠ મોનજી અમીદાસ વોરા મ્યુનીસીપલ હોસ્પીટલ'ની શિલારોપણ વિધિ મુંબઇના મુખ્ય પ્રધાન માન્યવર શ્રી બાળાસાહેબ ખેરના હાથે કરવામાં આવી હતી. આ હોસ્પીટલના મકાન ફંડમાં શ્રી વાડીલાલ ચત્રભુજ ગાંધી તથા શેઠ મોનજી અમીદાસ વોરા–દરેકે રૂા. ૧૦૧૧૦૧ આપ્યા છે, શેઠ દ્વારકાદાસ વખારીઆએ રૂા. ૫૧૦૦૦ અને શેઠ ચત્રભુજ મોતીલાલ ગાંધીએ રૂા. ૨૫૦૦૦ ની રકમ જાહેર કરી છે. આ ઉપરાંત બીજી પણ કેટલીક રકમો મળીને સાડાત્રણ લાખ ઉપરાંતની રકમ એકઠી થઇ છે અને હજુ બીજા બે લાખ લગભગ મકાન તથા સાધનસામગ્રી માટે ભરાવવાના રહે છે. આ હોસ્પીટલના ચાલુ નીભાવની જવાબદારી ઘાટકોપર મ્યુનીસીપાલીટીએ સ્વીકારી છે. આ રીતે મુંબઇના પશ્ચિમ વિભાગના પરાંઓ માટે જેમ વીલેપારલે ખાતે એક હોસ્પીટલ ઉભું કરવાની શરૂઆત થઇ ચુકી છે તેવી જ રીતે મુંબઇના પૂર્વ વિભાગના પરાંઓ માટે આ હોસ્પીટલનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. આ હોસ્પીટલને ઉભું કરવા માટે લાખ રૂપીઆ જેવડી મોટી મોટી રકમો આપનાર ઉદાર ગૃહસ્થોને ધન્યવાદ ઘટે છે, અને તેમ પણ આવી સાર્વજનિક પરોપકારી સંસ્થા ઉભી કરવા પાછળ જ્યારે કોઇ જૈન બંધુનો મહત્વનો ફાળો હોય છે ત્યારે આપણને સવિશેષ આનંદ થાય છે. આ ભાઇશ્રી વાડીલાલ કે જેમના હાથે બીજાં પણ કેટલાંક સાર્વજનિક કાર્યો સધાયાં છે અને જેમના નામ સાથે ઘાટકોપરની એક હાઇસ્કુલ જોડાયલી છે તેમને જૈન સમાજના વિશેષ ધન્યવાદ ઘટે છે.

કેટલાક સમાચાર અને નોંધ

શ્રી ભારતીય જૈન સ્વયંસેવક પરિષદનું અધિવેશન

પાલીતાણા ખાતે શ્રી ભારતીય જૈન સ્વયંસેવક પરિષદનું બીજું અધિવેશન તા. ૩૧-૫-૪૭ તથા તા. ૧-૬-૪૭ ના રોજ સફળતાપૂર્વક ભરાઇ ગયું. આ પરિષદનું પહેલું અધિવેશન આજથી ૨૧ વર્ષ પહેલા શેઠ અમૃતલાલ કાળીદાસના પ્રમુખપણા નીચે ઇ. સ. ૧૯૨૬ ના ઓગસ્ટ માસમાં ભરાયું હતું. તે અધિવેશનની કોઇ સંકલનાબધ્ધ કાર્યવાહી અસ્તિત્વમાં આવી ન હોતી. એ અધિવેશન બાદ્દક આ અધિવેશન પણ મુંબઇ જૈન સ્વયંસેવક મંડળની પ્રેરણા અને પ્રયાસના પરિણામે ઉપસ્થિત થયું હતું. શ્રી ધીરજલાલ જીવણલાલ પારેખે અનેક સદ્વિચારોથી ભરેલા પ્રવચનવડે સૌ કોઇનું સ્વાગત કર્યું હતું. પ્રમુખસ્થાને મહારાષ્ટ્રના જાણીતા કાર્યકર, મુંબઇની ધારાસભાના સભ્ય, જૈન સમાજના આગેવાન શ્રી પોપટલાલ રામચંદ શાહ હતા. તેમણે પ્રમુખસ્થાનેથી અમોઘ વાણીનો વરસાદ વરસાવીને આખી પરિષદને મંત્રમુગ્ધ બનાવી દીધી હતી અને મંદતા, શિથિલતા તેમજ ક્રિયાશુન્યતાના વાતાવરણમાં નવી ચેતના ઉત્પન્ન કરી હતી. આ અધિવેશનમાં સમાજના અનેક પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી હતી પણ કાંઇ કાર્યકારી પરિણામ આવવું જોઇએ એ હેતુને લક્ષ્યમાં રાખીને આ અધિવેશનમાં નીચેના પાંચ ઠરાવો સર્વાનુમતે પસાર કરવામાં આવ્યા હતા.

ઠરાવ પહેલો–રચનાત્મક કાર્યક્રમદ્વારા જૈન સમાજની સર્વાંગી ઉન્નતિ સાધવા નીચેની પ્રવૃત્તિઓ વેગપૂર્વક હાથ ધરવા આ પરિષદ મક્કમ નિરધાર કરે છે.

(અ) ગામોગામ સેવામંડળો અને સ્વયંસેવક-સેવિકાદળો સ્થાપવા

(બ) જૈન સમાજની ઊગતી પ્રજામાં નિર્ભયતા, શિસ્ત અને શારીરિક સમૃદ્ધિ કેળવવા તાલીમકેન્દ્રો ઊભાં કરવાં.

(ક) પરિષદના ઉદ્દેશ અનુસાર ઉપરોક્ત સંસ્થાઓનું ઐક્યીકરણ કરી સમાજના પુનર્વિધાન માટે પ્રચારકાર્યદ્વારા સક્રિય પ્રયત્નો કરવા.

ઠરાવ બીજો:—આ પરિષદ શ્રી મુંબઇ જૈન સ્વયંસેવક મંડળ સ્થાપિત "ભારતીય જૈન સેવાસદન"ની યોજનાને આવકારે છે અને દરેક સેવામંડળોને એ કાર્યમાં સક્રિય પૂર્ણ સહકાર આપવા આગ્રહભરી વિનંતી કરે છે.

ઠરાવ ત્રીજો :–હાલના કટોકટીના કાળમાં આપણાં જિનાલયો, અમુલ્ય જ્ઞાનભંડારો અને ધાર્મિક સ્થળોને સંપૂર્ણ રક્ષણ મળે તે માટે આવી સંસ્થાઓના વ્યવસ્થાપકોએ સાથે મળી સત્વર સંગીન યોજના તૈયાર કરવી બહુ જ અગત્યની છે એમ આ પરિષદ માને છે અને તેનો તુરત અમલ થાય તે માટે સ્થાનિક કેન્દ્રસ્થ સમિતિ ઉભી કરવાની આગ્રહભરી વિનંતિ કરે છે.

ઠરાવ ચોથો:—આ પરિષદ જૈનોના ચરમ તીર્થંકર પ્રભુ મહાવીરના જન્મકલ્યાણકનો દિવસ ચૈત્ર સુદ ૧૩ જાહેર તહેવાર તરીકે પાળવા હિંદની દરેક પ્રાંતિક સરકારો તથા દેશી રાજ્યોને આગ્રહપૂર્વક વિનંતિ કરે છે અને જે જે સ્થળોએ આ દિવસને તહેવાર તરીકે પાળવામાં આવે છે તેમને અભિનંદન આપે છે.

ઠરાવ પાંચમો :–આજની મળેલ પરિષદ હાલતુરત નીચેનું પ્રાથમિક બંધારણ સ્વીકારે છે.

૧ નામ–આ પરિષદનું નામ 'શ્રી ભારતીય જૈન સ્વયંસેવક પરિષદ' રહેશે.

૨ ઉદ્દેશ–જૈનધર્મ, સમાજ અને રાષ્ટ્રની વિવિધ પ્રકારે સેવા કરવી અને આપણા જૈન તીર્થો, સ્થાનકો તેમજ જૈન સિદ્ધાંતોને માન્ય રાખનાર સેવકોનું સંગઠન કરવા જરૂરી સાધનો અને સગવડો સાથે આજીવન સેવકો તૈયાર કરવા અને એ માટે આવશ્યક યોજના તૈયાર કરી તેને અમલમાં મૂકવી.

૩ લવાજમ:—સભ્ય થનાર સંસ્થાને વાર્ષિક રૂા. ૨) લવાજમ આપવું પડશે

૪ સ્થાયી સમિતિ:—પરિષદના ઉદ્દેશને માન્ય રાખી જોડાયેલી સંસ્થાઓમાંથી દરેકના એક એક ચુંટાયેલા પ્રતિનિધિની સ્થાયી સમિતિ બનશે.

૫ કાર્યવાહક સમિતિ:—પ્રમુખને યોગ્ય લાગશે તેવા વધુમાં વધુ ૧૧ સભ્યોની કાર્યવાહક સમિતિ એ પોતે નિયુક્ત કરશે. તેમાં નિયુક્ત થનાર સભ્યોને વાર્ષિક લવાજમ રૂા. ૩) ભરવું પડશે ને પરિષદનો ઉદ્દેશ માન્ય રાખવો પડશે. આ સમિતિ પ્રમુખ, ખજાનચી, બે મંત્રીઓ અને બાકીના સાત સભ્યોની બનશે. [મંત્રી ખજાનચી વગેરે હોદ્દેદારોની વરણી આ કાર્યવાહક સમિતિ કરશે.]

૬ કાર્યાલય:–પ્રમુખ અને મંત્રીઓની અનુકુળતા પ્રમાણે કાર્યાલય રહેશે.

૭ ફંડ:–નિભાવ ફંડ માટેની યોજના કાર્યવાહક સમિતિ ઘડી કાઢશે.

આ ઠરાવો વાંચતાં તેમ જ વિચારતાં માલુમ પડે છે કે પ્રસ્તુત ઠરાવો ઘડવામાં પરિષદના કાર્યકર્તાઓએ પોતાના સેવાના કાર્યક્ષેત્રની ઉચિત મર્યાદા યોગ્ય રીતે સ્વીકારી છે. તેમ જ બહુ લાંબા અને સંખ્યાબંધ ઠરાવોનો મોહ છોડીને સુશક્ય અને વ્યવહારૂ કાર્યક્રમ સૂચવી શકાય એવાજ ઠરાવો ઘડવા એ દૃષ્ટિબિન્દુને અપનાવ્યું છે. અલબત્ત આમાંથી કેટલું વાસ્તવિક કાર્ય પરિણમે છે એ જોવાનું રહે છે. એમ છતાં પણ આ પરિષદના સર્વ સૂત્રધારો ઓછાવધતા અંશે સેવાની સાચી ભાવનાથી રંગાયેલા છે અને આજ સુધીમાં જૈન સમાજના ચોપડે તેમણે અનેક સેવાઓ નોંધાવેલી છે. તેથી આ અધિવેશનમાંથી સંગીન કાર્યપરિણામની આપણે જરૂર આશા રાખી શકીએ. આ અધિવેશનમાંથી સફળ કાર્યવાહી જન્મે એ હેતુથી લોકસેવક પોપટલાલ રામચંદ શાહે રૂ. ૨૫૦૦ ની પોતાની નાની સરખી મુડી આ પરિષદને ચરણે ધરી છે, જે માટે તેમને જૈન સમાજના અનેકાનેક ધન્યવાદ ઘટે છે. આ દાનની કીંમત શ્રીમાનોના પાંચ પચ્ચીસ લાખની સખાવતો કરતાં ઘણી વધારે છે. પ્રસ્તુત અધિવેશનમાં હજારેક ભાઇ બહેનોએ હાજરી આપી હતી, અનેક જૈન સંસ્થાઓના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો, તેમ જ પરિષદના કાર્યને સફળતા ઇચ્છતા સંખ્યાબંધ સંદેશાઓએ પરિષદના કાર્યને પ્રોત્સાહિત બનાવ્યું હતું. આપણે આશા રાખીએ કે આ અધિવેશનની ઘટનાએ જે આશા અને અપેક્ષા જૈન સમાજના દિલમાં ઉભી કરી છે તે આશા અને અપેક્ષાને શ્રી પોપટલાલ રામચંદ શાહની દોરવણી નીચે ઉભી કરવામાં આવનાર પરિષદની કાર્યવાહક સમિતિ પાર પડે અને આજના વિકટ સમય અને કઠણ સંયોગોને વીંધીને પણ કાંઇક સંગીન કાર્ય કરી બતાવે.

કાઠિયાવાડ પ્રજા સંમેલન

મુંબઇમાં વસતા કાઠિયાવાડીઓનું એક ભવ્ય સંમેલન ચાલુ જુન માસની ૭ મી તથા ૮ મી તારીખે મુંબઇ ખાતે ભરાઇ ગયું. મુંબઇમાં કાઠિયાવાડ રાજકીય પરિષદની તેમજ દેશી રાજ્ય પરિષદની બેઠકો આગળના ૨૫ વર્ષ દરમિયાન એક એક વાર ભરાઇ ગઇ હતી, પણ આવું સંમેલન તો પહેલી જ વાર ભરાયું હતું. અને આ સંમેલને, લોકોનો ઉત્સાહ અને જનતાની ભરતી જોતાં તેમજ તેનો આખો કાર્યક્રમ તથા પસાર થયેલા ઠરાવોનું રહસ્ય વિચારતાં ધાર્યા કરતાં અનેકગણી વધારે સફળતા પ્રાપ્ત કરી હતી. સ્વાગત પ્રમુખ શ્રી. સામળદાસ ગાંધીએ પોતાની લાક્ષણિક શૈલિ વડે સંમીલિત સમાજ તથા નિમંત્રિત મહેમાનોનું સ્વાગત કર્યું હતું. તેમનું વ્યાખ્યાન ભાષાની ઝડઝમક, વાક્યોનો અસ્ખલિત પ્રવાહ, આવેશમયતા તેમજ પ્રેરકતા આવા વિશિષ્ટ ગુણો વડે અત્યન્ત રોચક બન્યું હતું. સમ્મેલનના પ્રમુખ ડો. પટ્ટાભિ સીતારા-

મૈયાએ પોતાના વિદ્વત્તાપૂર્ણ વ્યાખ્યાનમાં દેશી રાજ્યોની અતિશય જટિલ સમસ્યાની સુન્દર છણાવટ કરી હતી. આ સંમેલને દરબારશ્રી ગોપાળદાસનું ભારે ભાવભર્યું સન્માન કર્યું હતું અને એટલો જ મીઠો તેમનો જવાબ હતો. આવા રાજકારણી સંમેલનોનું સૌથી વધારે અગત્યનું અંગ છે તેમાં પસાર કરવામાં આવતા ઠરાવો. આ ઠરાવો આજે પ્રજા ક્યાં ઉભી છે અને આગળ ક્યાં જવા માંગે છે તેનું સ્પષ્ટ માર્ગદર્શન આપે છે. વળી આજ પ્રકારનું સંમેલન આગળ ઉપર ભરાયું હોય તો તે સંમેલન અને આજે ભરાતા સંમેલન વચ્ચે પ્રજાએ કેટલાં ડગલાં આગળ ભર્યાં છે તેનું માપ પણ તે સંમેલનોમાં પસાર કરવામાં આવેલા ઠરાવો ઉપરથી જ નીકળી શકે છે. આ બાબત ધ્યાનમાં રાખીને પ્રસ્તુત સંમેલનમાં પસાર કરવામાં આવેલા કેટલાક અગત્યના ઠરાવો નીચે આપવામાં આવે છે.

ઠરાવ ૧ (ક) કાઠિયાવાડની જનતાના સાંસ્કારિક, આર્થિક, રાજકીય અને સર્વદેશીય વિકાસ અર્થે, તથા સ્વાધીન હિંદના સમગ્ર અંગ તરીકે પોતાનું યોગ્ય સ્થાન પ્રાપ્ત કરી શકે તે માટે તત્કાળ પ્રજાની સર્વ અને સંપૂર્ણ સત્તાવાળા કાઠિયાવાડના રાજકીય અને વહીવટી એકમની સ્થાપના આજે અનિવાર્ય બની છે એમ આ સંમેલન જાહેર કરે છે. અને આ દિશામાં યોગ્ય પગલાં ભરવા કાઠિયાવાડ રાજકીય ધરિષદ અને કાઠિયાવાડની જનતાને અનુરોધ કરે છે.

(ખ) આ સંમેલન માને છે કે કાઠિયાવાડનું એક રાજકીય એકમ માટેનું બંધારણ તૈયાર કરવાનો સમય આવી પહોંચ્યો છે. આથી આ સંમેલન કાઠિયાવાડ રાજકીય પરિષદને સૂચના કરે છે કે લોકપ્રતિનિધિ સભા તરફથી પ્રાંતો માટે જે બંધારણ ઘડાય તેને અનુલક્ષીને સમગ્ર હિંદી સંઘના એક ભાગ તરીકે કાઠિયાવાડના એકમનું બંધારણ તૈયાર કરવા માટે એક બંધારણ-સમિતિની સત્વર રચના કરે.

ઠરાવ ૨-તાજેતરની બ્રીટીશ સરકારની જાહેરાતો મુજબ હિન્દમાંથી બ્રીટીશ સત્તાના અંતની સાથે દેશી રાજ્યો ઉપરનું સાર્વભૌમત્વ લુપ્ત થાય છે અને તેને પરિણામે સર્વ રાજસત્તા પ્રજાને પ્રાપ્ત થાય છે અને પ્રજાજનો જ તેનો ભોગવટો કરી શકે છે એમ આ સંમેલન જાહેર કરે છે.

ઠરાવ ૩-સમગ્ર હિંદનું એક સ્વતંત્ર સાર્વભૌમ પ્રજાસત્તાક હોવું જોઇએ, અને સમગ્ર કાઠિયાવાડ તથા કાઠિયાવાડની પ્રજા નવા રચાનારા આઝાદ હિંદ સંઘના અંગ બનવા જોઇએ એવો આ સંમેલન પોતાનો દૃઢ અભિપ્રાય જાહેર કરે છે.

તેથી આ સંમેલન કાઠિયાવાડના રાજ્યોને લોકપ્રતિનિધિ સભામાં તાત્કાલીક જોડાઇ જવા અનુરોધ કરે છે.

ઉપર મુજબ જે રાજ્યો લોકપ્રતિનિધિ સભામાં ન જોડાય તેની પ્રજા સ્વયં લોકપ્રતિનિધિ સભામાં જોડાઇ શકે તેવો પ્રબંધ કરવાની આ સંમેલન લોકપ્રતિનિધિ સભાની વાટાઘાટ સમિતિને વિનંતિ કરે છે.

બીનસલામી અને બીનહકુમતી રાજ્યોના પ્રતિનિધિઓ ચૂંટવા માટે તાજેતરમાં તાલુકદારોને વ્યવસ્થા કરવાનું સોંપવામાં આવ્યું છે, તેના પરિણામે તાલુકદારો પોતાના બે પ્રતિનિધિઓ પસંદ કરી શકશે, એટલું જ નહિ પણ પ્રજાના બે પ્રતિનિધિઓની પ્રસંદગીમાં પણ તેઓ પોતાનો પ્રભાવ પાડી શકશે, અને તેથી પ્રજાને સાચું પ્રતિનિધિત્વ નહિ મળી શકે એવી સ્થિતિ ઉભી થઇ છે. આ કારણે સંયુક્ત વાટાઘાટ સમિતિની પેટા-સમિતિએ અગાઉ ઠરાવ્યા પ્રમાણે તે સમિતિ પ્રજાકીય સંસ્થાઓ સાથે મંત્રણા કરીને પ્રજાકીય પ્રતિનિધિઓની પસંદગી કરે એવી વ્યવસ્થા ચાલુ રાખવા માટે યોગ્ય પ્રબંધ કરવાની આ સંમેલન લોકપ્રતિનિધિ સભાના માનનીય પ્રમુખશ્રીને વિનંતિ કરે છે.

ઠરાવ ૪-કાઠિયાવાડ, ગુજરાત, રાજપુતાના અને માળવાના કેટલાક રાજ્યોના સમૂહતંત્રની જે યોજના ના. જામસાહેબની આગેવાની નીચે જાહેર થઇ છે તે યોજનાનું સ્વરૂપ માત્ર કાઠિયાવાડના જ નહિ, પણ સમગ્ર રાષ્ટ્રના સર્વોચ્ચ હિતોથી વિરોધી હોઇ આ સંમેલન તેના પ્રત્યે પોતાનો ઉગ્ર વિરોધ પ્રદર્શિત કરે છે. એ યોજનાનું બહાર આવેલું સ્વરૂપ જોતાં, એના ઘડનારાઓ હાલની આપખુદ રાજશાહી પ્રથાને વધુ દૃઢ બનાવવાની, જનતાના અધિકારોની અવગણના કરવાની, સમગ્ર રાષ્ટ્રની સુયોગ્ય પુનર્રચનામાં વિઘ્ન રૂપ બનવાની તથા કાઠિયાવાડ જે કુદરતી રીતે જ એક એકમ છે તેની એકતા છીન્નભિન્ન કરવાની મુરાદ ધરાવતા હોવાનું જણાઇ આવે છે.

આથી આ યોજનાને કોઇ પણ રીતે અમલમાં આવતી અટકાવવાનો આ સંમેલન પોતાનો મક્કમ નિરધાર જાહેર કરે છે. અને દેશવિદેશ તેમજ કાઠિયાવાડમાં વસતી સમગ્ર કાઠિયાવાડી જનતાને આ યોજનાને અમલમાં આવતી અટકાવવા સઘળા પ્રયત્નો કરવા હાકલ કરે છે.

ઠરાવ ૫-સમગ્ર કાઠિયાવાડના એક રાજકીય એકમનું જનતાને સંપૂર્ણ જવાબદારતંત્રના ધોરણે, બંધારણ ઘડાઇને અમલમાં આવે ત્યાં સુધી, દરેક રાજ્યે પોતાના રાજ્યનો સઘળો કારભાર પ્રજામાન્ય પ્રતિનિધિઓના હાથમાં સોંપી દેવો જોઇએ એમ આ સંમેલન માંગણી કરે છે.

ઠરાવ ૬-સાર્વભૌમ સત્તાની વિદાય અને નવા રાજતંત્રની સ્થાપનાના સમયે, અરાજકતા ઉત્પન્ન ન થાય અથવા થાય તો તેને પહોંચી વળી શકાય તે રીતે જનતાએ ચેતી જઇ જાગૃત અને સંગઠીત થવાની ખાસ જરૂર છે. પ્રજાના પોતાના સંગઠ્ઠન સિવાય આવી અરાજકતા વખતે બીજી કોઇ તાકાત તેનું રક્ષણ કરી શકશે નહિ. આથી સમગ્ર કાઠિયાવાડની જનતાને અને દરેક રાજ્યની પ્રજાને પોતાના જાનમાલના રક્ષણ અર્થે સંગઠીત થવા આ સંમેલન આગ્રહપૂર્વક સૂચના કરે છે. કાઠિ. રાજ. પરિષદ, લોકસેવકો તેમજ જાહેર સંસ્થાઓને આવાં સંગઠનોને ઉત્તેજવા તથા આગળ વધારવા વિનંતિ કરે છે.

આ પ્રકારે જનતા બીનકોમી ધોરણે રચાયેલાં તેવાં સંગઠનો દ્વારા પોતાનું આત્મરક્ષણ યોગ્ય રીતે કરી શકે તે હેતુથી આ સંમેલન મધ્યસ્થ સરકારને, તેવાં સંગઠનો પુરતો હથીઆરબંધીનો કાયદો તત્કાળ રદ કરવા વિનંતિ કરે છે.

આવા પ્રકારનાં સંગઠનાત્મક કાર્ય માટે કાઠિયાવાડ રાજકીય પરિષદને સઘળા પ્રકારે મદદગાર થવાનાં યોગ્ય પગલાં લેવા આ સંમેલન એક સમિતિ નીમે છે:

ઠરાવ ૭ જુનાગઢના રાજતંત્રમાં વર્ષોથી પ્રવર્તતા અને પરપ્રાંતિય તત્વો દ્વારા દિનપ્રતિદિન ઉગ્ર બનતા જતા કોમીવાદને આ સંમેલન ગંભીર ચિંતાની નજરે જુએ છે. સમગ્ર કાઠિયાવાડની સુશ્લેષ્ટશાંતિને ભયરૂપ બનતા આ કોમીવાદનો સામનો કરવા જુનાગઢ રાજ્યની અને સમગ્ર કાઠિયાવાડની જનતાને આ સંમેલન અનુરોધ કરે છે.

આ ઠરાવોમાં કાઠિયાવાડના દરેક દેશી રાજ્યમાં જવાબદાર રાજ્યતંત્રની સ્થાપના, દરેક રાજ્ય ઉપર પ્રજાની સાર્વભૌમ સત્તાના સિદ્ધાન્તનું પ્રતિપાદન, કાઠિયાવાડના સુઘટિત એકમની પ્રરૂપણા, લોકપ્રતિનિધિ સભામાં જોડાઇ જવાનો દરેક રાજ્યને આગ્રહ, જામજૂથની યોજનાનો સખ્ત વિરોધ, આવતી અરાજકતાને પહોંચી વળવાની પ્રજાએ કરવી જોઇતી તૈયારી અને હથિયારબંધીના કાયદાને રદ કરવાની માંગણી તથા જુનાગઢના રાજ્યમાં પ્રવર્તી રહેલા અસહ્ય બનતા જતા કોમીવાદનો કરવો જોઇતો સામનો-આ બાબતોને આગળ ધરવામાં આવી છે અને કાઠિયાવાડની પ્રજાને આ બાબતો ઉપર પોતાનું ધ્યાન કેન્દ્રિત કરવાનું કહેવામાં આવ્યું છે. આ બધી જ બાબતો આજે સરજાઇ રહેલી નૂતન પરિસ્થિતિના મર્મને સ્પર્શે છે અને પ્રજાને સચેત અને સક્રિય બનવા આહ્વાહન કરે છે.

પ્રસ્તુત સંમેલનના અનુસંધાનમાં કાઠિયાવાડની કારીગીરીનો ખ્યાલ આપે એવું એક નાનું સરખું પ્રદર્શન ભરવામાં આવ્યું

હતું અને બન્ને દિવસ રાત્રીના લોકરંજક કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હતો. આ રંજક કાર્યક્રમમાં જાણીતા ચારણ કવિ હુલા કાગ અને મેરબાએ કાઠિયાવાડના લોકસાહિત્યને પ્રતિબિંબિત કરતાં કેટલાંક કાવ્યો સંભળાવીને પરિષદના મંડપમાં સમાવી ન સમાય એવી વિરાટ જનમેદનીને અત્યન્ત રંજિત કરી હતી.

सर्वनाशे समुत्पन्ने, अर्धं त्यजति पंडितः।

આજે દર પખવાડીએ અને મહીને એક એક એવી ઘટના બને છે કે જેને લીધે હિંદી રાજકારણનું આખું સ્વરૂપ નવો પલટો લે છે અને ગઇ કાલે કરેલાં વિધાનો આજે બદલવાની આપણને ફરજ પડે છે. આ જુન માસની ત્રીજી તારીખે બ્રિટિશ સરકારે હિંદની રાજકીય પુનર્ઘટનાને અંગે જે જાહેરાત બહાર પાડી છે. તેણે એકાએક તદ્દન નવી અને અનેક અસાધારણ શકયતાઓથી ભરેલી પરિસ્થિતિ ઉભી કરી છે. આજ સુધી અખંડ હિંદુસ્થાન એ જેમ આપણું ધ્યેય હતું તેમ જ કેબીનેટ મીશનની યોજના પણ એ ધ્યેયને સ્વીકારીને ઘડવામાં આવી હતી. તાજેતરની નવી યોજના કેબીનેટ મીશનની યોજનાને ધરમુળમાંથી ફેરવી નાંખે છે અને હિંદના પાકીસ્તાન અને હિંદુસ્તાન એવા બે ભાગલાને અનુમતિ આપે છે. આજ સુધી 'અખંડ હિંદુસ્થાનની આઝાદી' એ આપણું ચિરકાલસેવિત સ્વપ્ન હતું આપણી સર્વ મુરાદો, મહત્વાકાંક્ષાઓ એ સ્વપ્નની સાથે સંકળાયલી હતી. 'વંદે માતરમ્' કહેતાં કાશ્મીરથી કન્યાકુમારી-સુધી અને કલકત્તાથી કરાંચીસુધી એવા હિંદુસ્થાનનું આપણને દર્શન થતું અને એ હિંદુસ્થાન જ્યારે આઝાદ થશે ત્યારે જગતભરના રાષ્ટ્રોમાં આવું પ્રભુત્વભર્યું સ્થાન પ્રાપ્ત કરશે અને પોતાના સંગઠિત પ્રભાવ વડે દુનિયાના ભાવી ઘડતરમાં અને સુલેહ, શાન્તિ અને સ્વારથ્યની પુનસ્થાપનામાં આવો મહત્વનો ભાગ ભજવશે-આવી કંઇ કંઇ કલ્પનાઓ અખંડ હિંદુસ્થાનના આપણા સ્વપ્નને સદા ઉત્તેજિત અને પ્રોત્સાહિત કર્યા કરતી, આજે આ હિંદુસ્થાન બે ભાગમાં વહેંચાય છે. તેમાં એક ભાગની નવરચના કેવળ કોમી ધોરણ ઉપર જ કરવામાં આવે છે. આ જાણીને આપણને અકથ્ય વેદનાં થાય છે અને જાણે કે આજસુધીની આપણી કરી કમાણી ધુળ મળતી હોય એવી નિરાશા આપણે અનુભવીઓ છીએ. જે દેશનેતાઓએ—કોંગ્રેસના આગેવાનોએ—આ નવી દરખાસ્તો સ્વીકારી છે તેઓ પણ ગઇ કાલ સુધી અખંડ હિંદુસ્થાનના જ ઉપાસક હતા. આજે તે એવું તે શું બન્યું કે આ જ નેતાઓ આવો કડવો ઘુંટડો ગળવાને તૈયાર થયા છે આવું તેમના વિષે આપણે સરોષ વિસ્મય અનુભવીએ છીએ. પણ આજની વાસ્તવિક પરિસ્થિતની ભૂમિકા ઉપર આપણે જેમ જેમ નવી યોજનાનો વિચાર કરીએ છીએ તેમ તેમ જે થયું છે તે ઠીક થયું છે એમ સ્વીકારી લેવા સિવાય બીજો કોઇ માર્ગ દેખાતો નથી અને આપણને લાગે છે કે જો અંગ્રેજ સરકારને તેમની જાહેરાત મુજબ આવતા વર્ષના જુન માસમાં અહિંથી રવાના કરવા હોય અને સત્તાની ફેરબદલીના ગાળા દરમ્યાન આન્તર વિગ્રહના દાવાનળથી દેશને બચાવવો હોય તો હિંદુસ્થાનના ભાગલા સ્વીકાર્યે જ છુટકો છે.

અને હિંદુસ્થાનને અખંડિત રાખવાની આપણને સર્વની ઉંડી તમન્ના હોવા છતાં આપણે એ બાબત તો કંઇ કાળથી સ્વીકારતા આવ્યા છીએ કે દેશના કોઇ પણ વિભાગને હિંદના સમુહતંત્રમાં બળજબરીથી પકડી રાખવાનો અમે કદિ પણ આગ્રહ નહિ ધરાવીએ. શ્રી. રાજગોપાલાચાર્ય અને ગાંધીજીની દરખાસ્તો પણ આ કલ્પના ઉપર રચાયલી હતી અને તેમાં સૂચવવામાં આવ્યું હતું કે મુસલમાનોની વિપુલ બહુમતીવાળા પ્રદેશો જો ઇચ્છે તો હિંદના સમુહતંત્રમાંથી જરૂર છુટા રહી શકે છે. આ ધોરણને જો મોસ્લેમ લીગ સ્વીકારવાને તૈયાર હોય તો એવા વિભાગો ઉપર હિંદમાં તેમનો જોડાયલા રહેવાનું આપણાથી દબાણ કેમ લાવી શકાય? એક બાજુ આપણને અખંડ હિંદુસ્થાન જોઇતું હતું; બીજી બાજુએ મોસ્લેમ લીગને તેની કલ્પનાનું અખંડ પાકીસ્તાન જોઇતું હતું. સામેના પક્ષે અખંડ પાકીસ્તાનની ગાંઠ છોડી; આપણા માટે હિંદુસ્થાનને અમુક અંશે ખંડિત સ્વીકાર્યા સિવાય બીજો વિકલ્પ ન રહ્યો.

હિંદુસ્થાનની રાજકારણી સમસ્યાનો સાચો ઉકેલ અને સમગ્ર હિંદુસ્થાનને પરમ કલ્યાણકારી માર્ગ ત્રણ મુદ્દાઓના સ્વીકારમાં રહેલો હતો. ૧ રાષ્ટ્રની આઝાદી, ૨ હિંદની એકતા, ૩ મધ્યવર્તી સત્તાની મજબુતી (Strong centre). કેબીનેટ મીશનની યોજનામાં મધ્યવર્તી સરકારને બહુ જ ઓછી સત્તા આપવામાં આવી હતી. વચગાળાની સરકારના આજ સુધીના વહીવટે, સત્તાવિહીન મધ્યવર્તી સરકાર અને સર્વસત્તાધીશ પ્રાન્તોની સરકાર—આવી રચનામાંથી કેટલાં ભયંકર પરિણામો નીપજે છે તેનું આપણને સચોટ ભાન કરાવ્યું છે. અને તેથી આપણને પ્રતીતિ થઇ છે કે મધ્યવર્તી સરકારને સંગીન સત્તા અને અધિકાર મળવા જ જોઇએ કે જેથી તે ધારે ત્યારે કોઇ પણ પ્રાન્તના અંધેર કારભારને પોતાના અંકુશ નીચે લાવી શકે. હિંદુસ્થાનની આજની વાસ્તવિક પરિસ્થિતિમાં ઉપર જણાવેલ ત્રણે બાબતો એકી સાથે સિધ્ધ થવી તદ્દન અશકય બની હતી. આજે સરકારી તંત્ર નીચે હિંદુસ્થાન એક અને અખંડ છે. એ અખંડિતતા જાળવી રાખવી હોય તો આપણે બધા આ બાબત ઉપર એકમત ન થઇએ ત્યાં સુધી સરકારને અહિં ચાલુ રહેવાની જ આપણે વિનંતિ કરવી રહી. કારણ કે આજના સંયોગમાં સરકાર વિદાય થતાં આખા હિંદુસ્થાન ઉપર કોઇ એક તંત્રની હકુમત સ્થાપવાનું શકય જ નથી. ધારો કે મોસ્લેમ લીગ એકતાનો મુદ્દો સ્વીકારે અને આપણે આઝાદ થઇએ તો પણ મધ્યવર્તી સરકારને મોસ્લેમ લીગ કોઇ પણ રીતે મજબુત થવા દે તેમ છે જ નહિ. અને પરિણામે પ્રાન્તિક અરાજકતાનો કદિ છેડો આવે જ નહિ. આ બધું વિચારતાં કોઇ સમાધાની ભર્યો માર્ગ હિંદની એકતાના ભોગે પણ નજર સામે દેખાતો હોય અને આજ સુધી જે મર્યાદા આપણે સ્વીકારતા આવ્યા છીએ તે મર્યાદાના વર્તુળમાં સમાય તેટલા હિંદુસ્થાનની પણ એકતા પણ જળવાતી હોય તો તે માર્ગ સ્વીકારવામાં ડહાપણ છે એમ સમજીને આપણા આગેવાન કોંગ્રેસી નેતાઓએ હિંદની એકતાનો ભોગ આપવાનું ધાર્યું છે. કુટુંબમાં કપુત જાગે અને આખા કુટુંબ સામે ભયાનક આફત ઊભી કરે ત્યારે કુટુંબના બાકીના ભાગને બચાવવા માટે એ કપુતને તેનો ભાગ આપી અળગો કરવો એ સિવાય શાણા વડિલજનો માટે બીજો કોઇ માર્ગ રહેતો નથી. અલબત્ત તેથી આખા કુટુંબની એકરૂપતા, સંગઠિતતા, પ્રભુતા સર્વ કાંઇને ભારે ક્ષતિ પહોંચે છે. પણ એ બધું બચાવતાં આખાં કુટુંબને ડુબાડવાનું જોખમ કેમ સ્વીકારાય?

મોસ્લેમ લીગ પંજાબ અને બંગાળાના ભાગલા સ્વીકારે એ તેનાં પૂર્વવર્તી નિવેદનો જોતાં કોઇ કાળે શકય લાગતું નહોતું. આસામની માંગણી છોડી દે એ પણ એટલું જ અશકય લાગતું હતું. આમ આર્થિક દૃષ્ટિએ અત્યન્ત પાંગળા દેખાતા ખંડિત પાકીસ્તાનનો સ્વીકાર કરવાનું જનાબ ઝીણાને યોગ્ય લાગ્યું છે. પંજાબના ભાગલા થવા સાથે શિખ કોમના પણ ભાગલા થાય છે એમ છતાં પણ શિખ કોમને પંજાબના ભાગલા સ્વીકાર્ય છે. બંગાળાના હિંદુઓ પણ આખા બંગાળાને અત્યન્ત મમત્વથી ચાહતા હોવા છતાં બંગાળાના ભાગલા માંગી રહ્યા છે. આ બધા સંયોગો ધ્યાનમાં લેતાં નવી યોજના અપરિહાર્ય અનિષ્ટ તરીકે સ્વીકારવી ઘટે છે.

આ નવી યોજના નીચે જે હિંદુસ્તાન યુનીયન ઉભું થશે તે પોતાના મધ્યવર્તી તંત્રને ધારશે તેટલું મજબુત બનાવી શકશે. આ એક ઘણો મોટો લાભ છે. વળી મોસ્લેમ લીગનું પ્રત્યાઘાતી તત્વ સદાને માટે દૂર થતાં અનેક પ્રાગતિક અને ક્રાન્તિકારી પગલાં આ નવું યુનીયન ભરી શકશે, દેશ પરદેશમાં પોતાની પ્રતિષ્ઠા બહુ

ઉંચી કક્ષા ઉપર જમાવી શકશે; કેળવણી તેમજ ઉદ્યોગ વિકાસના ક્ષેત્રમાં છુટે હાથે કાર્ય કરી શકશે, સામાજિક તેમજ ધાર્મિક ક્ષેત્રમાં જરૂરી સુધારાઓનો અમલ કરી શકશે, ખેડુતો અને મજુરોના હિતને યથેચ્છપણે આગળ વધારી શકશે. મોસ્લેમ લીગનો જ્યાં સાથ હોય એવી લોકપ્રતિનિધિ સભા અને તે દ્વારા ઉભા થતા યુનીયનમાં–સમુહતંત્રમાં–આ બધું અશકય હતું.

પ્રશ્ન તો એ છે કે જનાબ ઝીણાના ગળે આવું ખંડીત પાકીસ્તાન કેમ ઉતરી શકયું? એને પણ આજની વાસ્તવિકતાનો વિચાર કર્યા સિવાય ચાલે તેમ ન હોતું. કોઇ પણ આકારનું પાકીસ્તાન કોંગ્રેસી નેતાઓ કે શિખો કોઇ કાળે પણ સ્વીકારશે એવી તેને આશા નહિ હોય. પાકીસ્તાનની સીમા કરતાં સ્વતંત્ર આઝાદ પાકીસ્તાન એ બાબતને તેણે વધારે મહત્વની લેખી હોય. તેના મનમાં એમ પણ હોય કે આજે જેવું મળે તેવા પાકીસ્તાનનો સ્વીકાર થવા દો. પછી આગળ વધવું એ તો બાવડાના બળની વાત છે ને?

આ જ આશંકા આપણામાંના ઘણાના દિલને પીડી રહી છે કે ઝીણાની મહત્વાકાંક્ષા આટલેથી જ તૃપ્ત થશે એમ આપણે તેની આજ સુધીની નીતિરીતિથી શી રીતે સ્વીકારી શકીએ? આટલું પાકું થયા પછી બાકીના પંજાબ ઉપર અને બાકીના બંગાળા ઉપર તે આક્રમણ કેમ નહિ કરે? આનો અર્થ તો એ થયો કે તે જેના ઉપર આક્રમણ કરશે તે તો તેને મળી જ જવાનું એમ માનીને આપણે ચાલીએ છીએ. જો આમ હોય તો તે ધીમે ધીમે આખું હિંદુસ્થાન પણ સર કેમ નહિ કરે એમ જ આપણે પૂછવું રહ્યું. ખરી વાત તો એમ છે કે આજના સંયોગમાં અનિવાર્ય સમજીને હિંદના જે ભાગલા વિચારવામાં આવ્યા છે તે આપણે સ્વીકારવા રહ્યા. ત્યાર બાદ ઉપસ્થિત થતા હિંદુસ્થાન યુનીયનને આપણે એવું મજબુત બનાવવું રહ્યું અને તેમાં વસતી પ્રજાની તાકાતને એવી રીતે આપણે સંગઠિત કરવાની રહી કે પાકીસ્તાન યુનીયન હિંદુસ્થાન યુનીઅન સામે નજર સરખી પણ કરી ન શકે એટલું જ નહિ પણ કોઇપણ ગડબડનું પરિણામ બાકીનું પંજાબ અને બાકીનું બંગાળા ખોઇ બેસવામાં જ આવશે એવો તેને ભય લાગે. એ તાકાત કેળવવામાં નહિ આવે તો આજે પણ જે કાંઇ આપણા હાથમાં છે તે પણ આપણે આવતી કાલે ગુમાવી બેસવાના છીએ એ આપણે બરોબર સમજી લઇએ.

નવી રચના નીચે ઉભા થતા બે યુનીયનના પરિણામે દેશી રાજ્યોનો પ્રશ્ન સમસ્ત હિંદુસ્થાનની દૃષ્ટિએ અત્યન્ત મુંઝવે એવો બન્યો છે. કેબીનેટ મીશનની યોજના પ્રમાણે અંગ્રેજોના હિંદ છોડી જવા સાથે દરેક દેશી રાજા સ્વતંત્ર બને છે. આ રાજાઓ હિંદમાં ઉભા થતા નવા મધ્યવર્તી તંત્રમાં જોડાઇ જશે એવી આશા એ યોજનામાં વ્યકત કરવામાં આવી હતી પણ એવા કોઇ દબાણને એ યોજનામાં સ્થાન નહોતું. આપણે પણ આ બાબત સ્વીકારી લીધી હતી એમ સમજીને કે હિંદુસ્થાન આખાનું જ્યારે એક સ્વાધીન પ્રજાસત્તાક રાજ્યતંત્ર ઉભું કરવામાં આવશે ત્યારે દરેક દેશી રાજ્યને આ તંત્રમાં જોડાવા સિવાય બીજો વિકલ્પ જ નહિ રહે. રાજ્યનું પોતાનું હિત, પોતાની પ્રજાનું હિત, તેમજ આસપાસના સર્વ ઘટકોનું દબાણ તેને આવી ફરજ પાડશે. એમ છતાં કોઇ માથાભારી રાજ્ય સ્વતંત્ર રહેવાનો આગ્રહ ચાલુ રાખશે તો તેને યોગ્ય સમયે જોઇ લેવાશે. આવા ખ્યાલોને વશ થઇને કેબીનેટ મીશનની યોજનાના આ મુદ્દાનો કોંગ્રેસે ખાસ વિરોધ કર્યો નહોતો.

હવે આપણા દેશમાં બે યુનીયન ઉભાં થવાની શકયતા સાથે દેશી રાજ્ય પુરતી આખી પરિસ્થિતિ બદલાઇ ગઇ છે. એક યુનીયનની કલ્પનાના આધારે દેશી રાજ્યો ઉપર આ યુનીયનમાં જોડાવાનું દબાણ લાવવાની જે શકયતા હતી તે શકયતા હવે બે યુનીયનના ઉદ્ભવ સાથે ઘણી ઘટી ગઇ છે. આ નવી યોજનાએ દેશી રાજાઓને પોતાને ફાવે તેમ વર્તવાની અને જેનામાં તાકાત હોય તેને સ્વતંત્રતા જાહેર કરવાની એક અણધારી અને અનેક અનર્થોની શકયતાથી ભરેલી તક આપી છે. મૂળ યોજના મુજબ હિંદી યુનીયનમાં આપણી સરતે દેશી રાજ્યોને જોડાવાની ફરજ પડે એવા સંયોગો ઉભા કરી શકાય તેમ હતું. નવી રચનામાં દેશી રાજ્ય કોઇ પણ યુનીયનમાં પોતાને જ્યાં વધારે અનુકુળતા લાગે, પોતાના અધિકારો જ્યાં વધારે સુરક્ષિત લાગે ત્યાં જોડાવાને સ્વતંત્ર બને છે, બન્ને બાજુએ સોદા કરી શકે છે અને ચાહે તો સ્વતંત્રતા જાહેર કરી શકે છે. આ બાબતમાં પાકીસ્તાન યુનીયન અત્યન્ત અનર્થકારી ભાગ ભજવી શકે તેમ છે. હિંદુસ્થાન યુનીયનની મુરાદ બને તેટલાં દેશી રાજ્યોને પોતામાં જોડાવાની અને એ રીતે તે તે રાજ્યના પ્રજાને મુક્ત કરવાની રહેવાની. પાકીસ્તાન યુનીયનની મુરાદ હિંદુસ્થાનના જેટલા બને તેટલા ભાગલા પાડવાની અને સ્વતંત્ર ઘટકો ઉભાં કરવાની રહેવાની. નવી યોજનામાં આ સૌથી મોટું ભયસ્થાન રહેલું છે. હૈદરાબાદ અને ત્રાવણકોરે આ રસ્તે પોતાની કુચ શરૂ કરી દીધી છે અને અંગ્રેજો જવા સાથે સ્વતંત્ર બનવાની જાહેરાત પણ વહેતી મુકી છે. જેમ મોસ્લેમ લીગમાં ઝીણા તેમ દેશી રાજ્યોના પ્રશ્નમાં સર સી. પી. રામસ્વામી આયરે દેશદ્રોહના ભયંકર પ્રકરણો નિર્માણ કરવા માંડયા છે. જે દેશમાં ઝીણા અને સી. પી. રામસ્વામી જેવા પાકે તે દેશની કમનસીબીનો કયારે અન્ત આવે તેનો નિર્ણય કરવાનું માનવીની કલ્પના માટે અશકય છે. નવી વસ્તુસ્થિતિ આવી હોવાથી દેશી રાજ્યની પ્રજાને પોતાના ઉદ્ધાર માટે પાર વિનાનાં યુદ્ધો ખેલવા પડશે. જો પ્રજા સુતી રહેશે તો આજના સતાલોલુપ રાજ્યો કશા પણ ધરમ કરમની બેવના સિવાય પોતાની આપખુદ સત્તાને બને તેટલી ચિરંજીવ બનાવવા માટે ફાવે તેવા સોદાઓ કરશે, જાતજાતનાં જોડાણ ઉભાં કરશે, અનેક હિંદુ રાજ્યો પાકીસ્તાનમાં જોડાવા સુધીની પણ દુષ્ટતા દાખવશે, જેનામાં તાકાત હશે તે સાર્વભૌમ સત્તા તરીકે પોતાને જાહેર કરશે અને આ રીતે અનેક અનર્થોની પરંપરા શરૂ થશે. નવી યોજનામાં રહેલું આ મોટામાં મોટું ભયસ્થાન છે. આ ભયંકર ભાવીને ટાળવાનું–વિદારવાનું–તો જ બને કે જો દરેક દેશી રાજ્યની પ્રજા જાગૃત બને, સક્રિય બને અને સંગઠિત તાકાતવડે જરૂર પડયે મોટા પાયા ઉપર બળવો કરીને પણ પોતપોતાના રાજા મહારાજા, નવાબ કે નિઝામની બુદ્ધિ ઠેકાણે લાવે અને પોતપોતાને લાગતાવળગતા યુનીયનમાં પ્રત્યેક મુગટધારીને જોડાવાની ફરજ પાડે. હિંદુસ્થાનના બે ભાગલે પણ હિંદુસ્થાન માટે આશા છે, અને આન્તરરાષ્ટ્રીય જગતમાં પોતાનું વર્ચસ્વ સ્થપાય એવી શકયતા છે પણ ભાગલાઓની પરંપરામાં તો હિંદુસ્થાનનો આખરે વિનાશ જ છે.

પરમાનંદ.

મુદ્રણ શુદ્ધિ

પ્રબુદ્ધ જૈનના તા. ૧૫–૫–૪૭ના અંકમાં કાકાસાહેબ કાલેલકરનો 'છપ્પન વરસની ભૂખ' એ મથાળાનો લેખ પ્રગટ થયે છે. તેમાં છેલ્લું વાકય નીચે મુજબ છપાયલું છે:—

"એ સુન્દર ભાવપૂર્ણ ચિત્ર છપ્પન વરસની ભૂખ ભાંગ્યાના શુભ પ્રસંગનું સ્મારક તરીકે દીવાદાંડીનું કાવ્ય આખરે પૂર્ણતાએ પહોંચ્યું. મેં પ્રસન્નતાથી સ્વીકાર્યું."

આ વાકય નીચે મુજબ સુધારીને વાંચવું:—

"એ સુન્દર ભાવપૂર્ણ ચિત્ર છપ્પન વરસની ભૂખ ભાંગ્યાના શુભ પ્રસંગના સ્મારક તરીકે મેં પ્રસન્નતાથી સ્વીકાર્યું અને એ રીતે એ દીવાદાંડીનું કાવ્ય આખરે પૂર્ણતાએ પહોંચ્યું."

તંત્રી પ્રબુધ્ધ જૈન.

અધ્યાપક ધર્માનંદ કોસંબીનું જુન માસની ચોથી તારીખે નીપજેલ અવસાન બદલ અમો અત્યન્ત શોકની લાગણી અનુભવીએ છીએ. જગ્યાના અભાવે આ અંકમાં પ્રગટ થઇ નહિ શકતી તેમની અવસાન નોંધ આવતા અંકમાં પ્રગટ કરવામાં આવશે.

તંત્રી પ્રબુધ્ધ જૈન.

ગુજરાતનો જૈનધર્મ

(ગતાંકથી ચાલુ)

મહારાજ મૂલરાજે સિદ્ધપુરમાં રુદ્ર-મહાલયની સ્થાપના કરી અને તેની પૂજા-અર્ચા માટે એક હજાર બ્રાહ્મણકુટુંબોને ઉત્તર ભારતમાંથી ઘણા દાન-માન સાથે તેડી લાવી ગુજરાતમાં તેમની બ્રહ્મપુરીઓ વસાવી. તેમના નિર્વાહ માટે તેણે અનેક ગામો દાનમાં આપી યાવચ્ચંદ્ર-દિવાકરૌનાં તેમને તામ્રપત્રો કરી આપ્યાં. મૂલરાજના વંશજો ઉત્તરોત્તર એ દાન અને માનમાં વૃદ્ધિ કરતા રહ્યા અને આખા ગુજરાતમાં એ બ્રહ્મણ વંશજોને સુખશાન્તિપૂર્વક જીવન-યાપન કરવાની તેમણે વ્યવસ્થા કરી આપી. પાટણના એ રાજવંશના પતન સાથે મ્લેચ્છોને હાથે આબુદિલપુર અને સિદ્ધપુરનાં એ વિભૂતિમાન શિવાલયોનો પણ વિધ્વંસ થયો. એમાં સિદ્ધપુરના રુદ્ર મહાલયનો તો પુનરુદ્ધાર તે તે વખતે શાહ સાલિગ દેશલહરાએ કરાવ્યો, જે શત્રુંજય જૈન તીર્થનો મહાન ઉદ્ધારક સમરાશાહનો બંધુ હતો અને જાતિએ ઓસવાલ અને ધર્મે જૈન હતો.

પરંતુ તે પછી કોઇ પણ શૈવ ભક્તજનોએ કે એ દેવના ઉપાસક એવા સહસ્ત્ર-સહસ્ત્ર બ્રહ્મબંધુઓએ એ મહાલયની રક્ષા કરવા કે યથાતથા જીર્ણોદ્ધાર કરવા પણ કશોય પ્રયત્ન કર્યો હોય તેમ જાણવામાં આવ્યું નથી. મોગલોના અધિકારનાશ પછી એ સ્થાન, સદ્‌ભાગ્યે શિવાજીના સૈનિક સરદાર મરાઠાઓના શાસન નીચે આવ્યું અને ભાગ્યબળે સિદ્ધરાજ જેવા જ સંસ્કારપ્રિય શ્રીમંત સરકાર સયાજીરાવ મહારાજ આજે એ શ્રીસ્થળના સ્વામી છે. ચક્રવર્તી સિદ્ધરાજનો સ્વર્ગવાસી આત્મા એવી આકાંક્ષા નહિ રાખતો હોય કે એની જીવન-સાધનાના મહાન કાર્યરૂપ એવા એ રુદ્રમહાલયનો એનો સમાનધર્મી અને એની પ્રિય ભૂમિનો સમર્થ સ્વામી પુનરુદ્ધાર કરે ?

કલોલ પાસે આવેલા સેરીસા ગામમાં પાર્શ્વનાથનું એક પ્રસિદ્ધ તીર્થ હતું, જ્યાં વસ્તુપાલ તેજપાલે ભવ્ય મંદિર બંધાવ્યું હતું. મ્લેચ્છોએ એ સ્થાનને એવી રીતે તોડી-ફોડી ઉખાડી ફેંકી દીધું કે જેથી એક પત્થર પણ ત્યાં જડી આવવો દુર્લભ થઇ પડયો. પણ અમદાવાદના એક ધર્મપ્રિય અને દિલેરદિલ શેઠ સારાભાઇ ડાહ્યાભાઇએ એ તીર્થનો પુનરુદ્ધાર કરવામાં પોતાની અસ્થિર લક્ષ્મીનો સદુપયોગ કરવા માંડયો. અને તેના ફળરૂપે આજે એ જગ્યાએ અષ્ટમંગલોપેત મહાધ્વજ અને સુવર્ણ કુંભોથી સમલંકૃત શિખરવાળું એક સુંદર અને સુવિશાલ જૈનમંદિર સોભી રહ્યું છે. પ્રતિવર્ષ સેંકડો હજારો યાત્રીઓ એ સ્થાનનાં દર્શન કરવા આવે છે અને સેંકડો વર્ષો સુધી નષ્ટપ્રાય થઇ રહેલા તીર્થનો પુનરુદ્ધાર થયેલો જોઇ આનંદ અને આલ્હાદ અનુભવે છે. જૈનો તરફથી આ રીતનું તીર્થોદ્ધારનું કાર્ય આખા દેશમાં થોડા ઘણા પ્રમાણમાં સતત ચાલુ છે. જૈનોની આ દેવભક્તિ અને તીર્થરક્ષાની ભવ્ય ભાવનાનું શૈવો અને વૈષ્ણવોએ પણ અનુકરણ કરવું જોઇએ અને નષ્ટ-ભ્રષ્ટ થયેલ દેશમાંનાં તીર્થસ્થાનોનો યોગ્ય રીતે પુનરુદ્ધાર કરી દેશની શિલ્પકળા અને રૂપશોભાની અભિવૃદ્ધિ કરવી જોઇએ.

સુંદર અને ભવ્ય દેવમંદિરો એ ગ્રામ અને નગરનાં વિભૂતિમાન અલંકારો છે, પવિત્રતાનાં પ્રેરક ધામો છે, ઉત્સવો અને ઉજાણીઓ માટે આનંદભવનો છે, અજાણ્યા અતિથિઓ માટે ઉન્મુક્ત આશ્રયસ્થાનો છે, શોક અને સંતાપના નિવારક રંગમંડપો છે, ગરીબ અને તવંગર સૌ કોઇ પ્રજાજનોને સમાન આસન આપનારાં વ્યાસપીઠો છે, ભક્તો અને મુમુક્ષુઓને આધ્યાત્મિક ભાવોમાં રમણ કરવાનાં મુક્ત ક્રીડાંગણો છે, સંગીત અને નૃત્યની સાત્ત્વિક શિક્ષા આપનારાં ઉત્તમ વિદ્યાલયો છે, સંતો અને પંડિતોની જ્ઞાન-વિજ્ઞાનપૂર્ણ વાણી સાંભળવા માટેનાં વિશદ વ્યાખ્યાનગૃહો છે, રાજા અને રંકને સરખી રીતે હૃદયના દુઃખભાર દૂર કરવાનાં અને આશ્વાસન પામવાનાં આશાનિકેતનો છે, અને આધિવ્યાધિ ઉપાધિથી જીવને મુક્તિ આપનારાં મોક્ષમંદિરો છે.

પ્રાચીન કાળમાં, આપણાં દેવમંદિરો એ જ આપણા સામાજિક કાર્યનાં સભામંડપો હતાં, દેવમંદિર જ આપણા વિદ્યાગૃહો હતાં. દેવમંદિરો જ અપણાં અતિથિભવનો હતાં. દેવસ્થાનો જ નાટયગૃહો, ન્યાયાલયો અને ધર્માધિષ્ઠાનો હતાં. આપણી સર્વ પ્રકારની રાષ્ટ્રીય, સામાજિક, સાંસ્કૃતિક, ધાર્મિક અને આધ્યાત્મિક પ્રવૃત્તિનાં કેન્દ્રો આપણાં આ દેવમંદિરો જ હતાં. અને તેથી આપણા પૂર્વપુરુષોએ દેવમંદિરોની રચના અને રક્ષા કરવામાં મનુષ્યજન્મની કૃતકૃત્યતા માની છે. સમ્રાટથી લઇ સાધારણમાં સાધારણ પ્રજાજનની જીવનની મહત્ત્વાકાંક્ષાનું એ એક લક્ષ્યસ્થાન માનવામાં આવ્યું છે. પરંતુ વર્ત્તમાનમાં, માત્ર જૈનો સિવાય ઇતર હિંદુઓમાં આ ભાવના ઘણી શિથિલ થઇ ગઇ છે, અને જેમ મેં ઉપર સૂચન કર્યું છે તેમ, પોતાના દેવસ્થાનોની રક્ષા કરવામાં જૈનો જેટલા જાગ્રત રહ્યા છે તેટલા જૈનેતરો નથી રહ્યા. દેવમંદિરોની પવિત્રતા સાચવવા જૈનોએ જે ઉદારતા બતાવી છે ને જે ભાવના કેળવી છે તેનો અન્યધર્મિઓમાં ઘણા ભાગે અભાવ દેખાય છે; અને તેથીજ જૈનોના મુકાબલામાં ઇતર હિંદુ દેવમંદિરો આજે આપણા આવા સમૃદ્ધ અને ધર્મશીલ દેશમાં પણ, અનેક રીતે મહત્ત્વહીન અને અસ્તવ્યસ્ત દશામાં પડેલાં હોય તેવાં દેખાય છે.

ઠેઠ વનરાજના રાજ્યાભિષેક સમયે સ્થપાયેલું પાટણમાંનું પંચાસર-પાર્શ્વનાથનું જૈનમંદિર આજે પણ જ્યારે દેશદેશાંતરોના હજારો યાત્રીઓને આકર્ષી રહ્યું છે, ત્યારે ચૌલુક્ય ચક્રવર્તીઓએ સ્થાપેલાં અને આખીય ગુર્જરપ્રજાનાં રાષ્ટ્રમંદિરો ગણાય તેવા 'સોમેશ્વરપ્રસાદ' અને 'ત્રિપુરુષપ્રસાદ' જેવાં મહાન શિવાલયોના અસ્તિત્વની પણ દેશવાસીઓને કશી ખબર રહી નથી. દેશમાં વસનારા લાખો શૈવધર્મીઓ-જેમાં અનેકાનેક રાજા મહારાજા-જાગીરદારો-સરદારો-ક્રોડાધિપતિઓ વગેરેનો પણ સમાવેશ થાય છે-તેઓ પોતાના રાષ્ટ્ર અને ધર્મના ઇષ્ટદેવની આવી ઉપેક્ષા કરે એ ખરેખર શોચનીય છે.

આપણામાંના કેટલાકે આબુની યાત્રા કરી હશે. આબુમાં અચલગઢ ઉપર અચલેશ્વર મહાદેવનું મોટું તીર્થધામ છે. એ અચલેશ્વર, લાખો ક્ષત્રિયોના ઇષ્ટ દેવ છે, શિરોહીના રાજાના તો એ કુલદેવતા જ છે અને તે સિવાય બાકીના પણ બધા રાજપુતાનાના રાજાઓના શિર પરમ ઉપાસ્ય દેવ છે. એ અચલેશ્વર દેવના મંદિરની કેવી કંગાલ હાલત છે તે જેણે જોયું હશે તેને તો ખબર હશે જ. એ અચલેશ્વરની પાસેની જ એક ટેકરી ઉપર જૈનોનું મંદિર છે. તે કેટલું સ્વચ્છ, ભવ્ય અને સુંદર છે તે બંનેને પરસ્પર સરખાવતાં આપણને 'કયાં રાજા ભોજ અને કયાં રાંક ગાંગો તેલી ?' એ કહેવત જ સીધી યાદ આવે તેમ છે. જૈનોએ એ આખા પર્વતશિખરના રસ્તાને સરસ રીતે બાંધી લીધો છે. ઉપર અનેક નાની મોટી ધર્મશાળાઓ બાંધી છે. યાત્રીઓને રહેવાકરવા માટે બધી સરસ સગવડ કરી છે. પાણીની વ્યવસ્થા કરી છે, ભોજનાલયની વ્યવસ્થા કરી છે, તાજાં શાકભાજી અને ફળફુલ મળી શકે તેની પણ થોડીક સગવડ કરી છે. દેવાલયમાં જાણે સાક્ષાત દેવતાઓ આવીને નાચતા હોય તેટલું સ્વચ્છ અને સુરમ્ય તેનું પ્રાંગણ છે. ધૂપ, દીપ અને પુષ્પોથી મંદિરના મંડપો મ્હેકી રહે છે. જાણે દૂધના પ્રક્ષાલનથી મંદિરોને ધોઇ નાખ્યા હોય તેવાં તે ઉજળા અને સુધાધૌત લાગે છે. ત્યારે એ અચલેશ્વરનું મંદિર મેલું, ગંદુ, કદરૂપું જ્યાં ત્યાં કચરાથી ભરેલું, મઢિને પણ પુરું ઝાડું ન દેવાતું હોય તેવું ધૂળઢાંકેલું દેખાય

છે. મંદિરના ચોકમાં જ ગંદા બાવાઓ પડેલા હોય, રાંધતા હોય, ઓંઘવાઈ નાખતા હોય, ત્યાં જ થુંકતા હોય–અરે પેશાબ પાણી પણ ત્યાં જ કરતા હોય. હું જ્યારે જ્યારે ત્યાં જઉં છું ત્યારે ત્યારે મને એ બધું જોઈને ભારેમાં ભારે દુઃખ થાય છે અને આપણી આટલી બધી ધાર્મિક અધોગતિ જોઈ મનમાં અતિશય ગ્લાનિ થાય છે. કયાં એ અચલેશ્વરના તે ઉપાસકો જેમણે લાખો મણ સુવર્ણનાં ત્યાં દાન આપ્યાં હતાં ?

કયાં તે અનેક ભાવિક નૃપતિઓ જેઓ રાજપાટના વૈભવો છોડી એ મહાયોગીના મહામંદિરમાં દિવસ અને રાત 'શિવ' 'શિવ'નો મહાધ્વનિ કરતા સમાધિની સાધનામાં તલ્લીન થઈને બેસી રહેતા હતા ? કયાં તે અનેક બ્રહ્મર્ષિઓ જેઓ એ પશુપતિના પુણ્ય સાન્નિધ્યમાં પરબ્રહ્મની પ્રાપ્તિ કરવા વર્ષોનાં વર્ષો બ્રહ્મચિંતન અને ગાયત્રીગાન કર્યા કરતા હતા ? કયાં તે અનેક યોગીઓ જેઓએ જ્યોતીશ્વરના ગર્ભાગારના સુવર્ણઘટિત ઘંટનાદોથી ગુંજાયમાન થતી ગિરિમેખલાની એકાંત કંદરાઓમાં યુગોના યુગો માત્ર કંદમૂળ અને ફલફૂલ ખાઈ, કઠોર તપ તપતા હતા અને યોગની દિવ્ય વિભૂતિઓ હસ્તગત કરતા હતા. તે કાળે ભારતના ખૂણે ખૂણેથી લાખો નર–નારીઓ અનેક પ્રકારનાં સંકટો અને કષ્ટો વેઠી એ ધામની યાત્રા કરવા આવતા હતા અને એ મહેશ્વરની શેષને માથે ચઢાવી, જીવનની કૃતકૃતયતા અનુભવતા હતા. મારા મને અચલેશ્વર એ અમુક–અંશે આખીય ગુર્જર સંસ્કૃતિ અને ગુર્જર પૌરૂષનું પ્રેરક ધામ છે. ગુર્જરેલોકોનો એ કૈલાસ છે અને ગુર્જર ક્ષાત્રધર્મની એ યજ્ઞવેદી છે.

એવા એ પુણ્ય ધામની, ઉપર જણાવી તેવી આજે દુઃખદાયક દુર્દશા છે. શિરોહી મહારાજ ને બીકાનેર મહારાજ, જયપુર દરબાર ને ઉદયપુર દરબાર, ને તેવા બીજા કેટકેટલા રાજાઓ, દરબારો આજેય એ અચલેશ્વરના દર્શને જાય છેઃ છતાં કોઈ પણ મહારાજ કે કોઈ પણ દરબારને એ નથી સૂઝતું કે જે દેવને તેમના પૂર્વજોએ પોતાના દેહ સુદ્ધાં અર્પણ કરી દીધા હતા તે દેવને યોગ્ય એવા પૂજાપ્રક્ષાલનની તો કંઈક ભાળ લે, તેના મંદિરને કળી-ચુનાથી ધોળવવાની તો કાંઈક વ્યવસ્થા કરે. શિરોહીના મહારાજાએ કોઈ ટ્રેવર નામના એક ગોરાંગદેવની સ્મૃતિને અમર કરવા માટે લાખેક રૂપીઆ ખર્ચી એ આબુ ઉપર એક 'ટ્રેવર ટાલર' નામે પાણીનો બંધ બાંધી આપ્યો અને તેમાં માત્ર ગોરી ચામડીવાળા સોલ્જરોને જ નાગા થઈ નાવા માટે અને તેમાં થતી માછલીઓને ખાવા માટે પુણ્યકારી વ્યવસ્થા કરી આપી ! પણ એ જ અચલેશ્વરના સેવક કહેવડાવતા એ રાજ્યનો આ જમાનાના કોઈ રાજાએ ત્યાંના પવિત્ર ગણાતા ગંદાકિની કુંડમાં શૌચ જતા લોકોને અટકાવવાની પણ કશી દરકાર લીધી નથી.

વળી, આવી જ દુર્વ્યવસ્થા મેં મેવાડના મહાધામ એકલિંગેશ્વરમાં પણ કેટલેક અંશે જોઈ છે, અને ઉજ્જયિનીના મહાકાલેશ્વરમાં પણ જોઈ છે. એના મુકાબલામાં જૈનોના શત્રુંજય, ગિરનાર, તારંગા, કેસરીઆજી વગેરે તીર્થો જુઓ અને તેમની વ્યવસ્થા જુઓ. એ બેમાં આપણને એટલો તફાવત દેખાશે, જેટલો મુંબઈમાં વાલકેશ્વરમાં આવેલા ધનિકોના મહાલયોમાં અને ભૂલેશ્વરમાં વહેતાઓના માળાઓમાં તફાવત જણાય છે. જૈન અને શૈવમંદિરોની વ્યવસ્થા વિષે કરેલી આ ટીકાનો આપ એવો ઉલટો અર્થ તો નહિ લેશો કે આ કથન કરવામાં મારો આશય જૈનોની બડાઈ હાંકવાનો છે કે જૈનોતરોની હલકાઈ બતાવવાનો છે. મારો આશય તો માત્ર એટલો જ છે કે જૈનો જે રીતે પોતાના દેવસ્થાનોની પવિત્રતા સાચવવા યથાશક્તિ પ્રયત્ન કરે છે તે રીતે જૈનેતર વર્ગ નથી કરતો અને તેથી જૈનેતર દેવસ્થાનોની આજે જોઈએ તેવી ભવ્યતા નથી દૃષ્ટિગોચર થતી. હું આ વસ્તુસ્થિતિને આપણી પ્રજાકીય અને ધાર્મિક ભાવનાની ભારે ક્ષતિ સૂચવનારી બાબત સમજું છું.

જૈન હોય, શૈવ હોય, વૈષ્ણવ હોય, બૌદ્ધ હોય કે પછી ખ્રિસ્તી હોય કે ઇસ્લામી હોય, કોઈ પણ પ્રજાનાં ધર્મસ્થાનોની અધોગતિ એ તે પ્રજાજીવનની જ અધોગતિ સૂચવનારી બાબત છે. આપણે જાણીએ છીએ કે ઇંગ્લાંડ, ફ્રાંસ કે જર્મની જેવા યુરોપીય જડવાદી દેશોમાં આજે ધર્મના બાહ્ય આચરણને કશું જ મહત્ત્વ મળતું નથી. ધર્મગુરુઓ કે ધર્મગ્રંથો ઉપર આજે ત્યાં કશીય ભક્તિ કે શ્રદ્ધા જેવી વસ્તુ રહી નથી. છતાં ત્યાંના ધર્મસ્થાનો–'ચર્ચો'ની પવિત્રતા અને પ્રતિષ્ઠા તેટલી ને તેટલી જ જાળવવામાં આવે છે. ત્યાંના લોકો દેવળોને–'ચર્ચો'ને આજે મોક્ષ પામવાનું દૈવી સ્થાન નથી માનતા, પણ તેમને પોતાની જાતીય સંસ્કૃતિ અને અસ્મિતાનાં પ્રેરક સ્થાનો તરીકે ઘણા જ આદરથી સ્વીકારે છે. રાષ્ટ્રીય કલા અને કૌશલ્યના અનન્ય સ્મારક તરીકે તેઓ તેમની ખૂબ મહત્તા ગાય છે અને ગમે તેટલા ધન અને જનના ભોગે પણ તેમની રક્ષા કરવા તેઓ સદા તત્પર રહે છે.

ભૌતિક વિજ્ઞાનના સર્વોચ્ચ શિખરે પહોંચેલી જર્મન પ્રજા આજે પણ જાતીય સંસ્કૃતિ અને સ્થાપત્યના ઉત્તમ નિદર્શક એવાં અનેક નવાં નવાં 'ચર્ચો' બાંધે છે, અને તેમાં લાખો કરોડો રૂપીઆ પ્રતિવર્ષ રાષ્ટ્રીય બચતનામાંથી ખર્ચે છે. ત્યાંની પ્રજા સમજે છે કે 'ચર્ચ' એ આખી જાતિની સર્વસાધારણ સંપત્તિ છે, આખાય રાષ્ટ્રની એ સંયુક્ત મિલ્કત છે, દરેક પ્રજાજનને તે પોતાની સ્વકીય વસ્તુ લાગે છે અને તેથી દરેક જન તેના પ્રતિ મમત્વભાવ રાખે છે. દુર્ભાગ્યે આપણા દેશમાં આવી પ્રજાકીય ભાવના જાગ્રત નથી અને તેથી આપણે આપણી રાષ્ટ્રીય અસ્મિતાને ખીલવી શકતા નથી. ધર્મ, કોમ અને સંપ્રદાયની સંકીર્ણ ભાવનાએ આપણા રાષ્ટ્રગૌરવને ગુંગળાવી, ગતપ્રાણ બનાવી દીધું છે.

જૈનોનાં ભવ્ય મંદિરને જોઈને કોઈ વૈષ્ણવને આનંદ નહિ ઉપજે અને કોઈ વૈષ્ણવ સુંદર ધામને જોઈ જૈનોને આલ્હાદ નહિ આવે. શૈવ, વૈષ્ણવ, બૌદ્ધ, જૈન બધાની આવી દશા છે એટલું જ નહિ પણ જૈનમાંયે શ્વેતાંબર મંદિર તરફ દિગંબરનો દ્વેષભાવ હોય છે અને દિગંબર મંદિર તરફ શ્વેતાંબરનો અભાવ હોય છે. એ પ્રકારની આપણી સંકીર્ણ ભાવના આપણી રાષ્ટ્રીય એકતા અને અસ્મિતાની મોટી બાધક છે અને તેથી આપણી પ્રજાકીય ઉન્નતિની તે મોટી વિઘાતક છે. ભલે આપણી ધાર્મિક માન્યતા જુદી હોય અને એ માન્યતા પ્રમાણે આપણે અન્ય ધર્મનાં દેવસ્થાનોને આપણા આધ્યાત્મિક કલ્યાણના સાધનભૂત સ્થાન તરીકે ન પૂજીએ, પણ એ સ્થાન પણ આપણા જ દેશની એક બહુમૂલ્ય સંપત્તિ છે, આપણા જ રાષ્ટ્રની એક ઉત્તમ વિભૂતિ છે, આપણા જ કારીગરોનું એક સુંદર કલાકર્મ છે, આપણા જ નિવાસસ્થાનનું એક મનોરમ આભૂષણ છે, અને આપણા જ પડોશી-બંધુઓનું એક પવિત્ર ધામ છે; એ દૃષ્ટિએ આપણે તે સ્થાન તરફ કેમ મમત્વભાવ ન રાખીએ ? અને તેને જોઈને કેમ આલ્હાદ ન પામીએ ?

આપણે ધનસંપાદન કરવામાં કોઈ કોમ, ધર્મ કે સંપ્રદાયનો વિચાર કરતા નથી. પૈસા મળતા હોય તો જૈન વૈષ્ણવ સાથે ભાગીદારી કરવા તૈયાર હોય છે, વૈષ્ણવ શૈવ સાથે ભાગીદારી કરવા તૈયાર હોય છે. પગાર સારો મળતો હોય તો હિંદુ–મુસલમાનને ત્યાં નોકરી કરવા તત્પર હોય છે. ને મુસલમાન ખ્રિસ્તીને ત્યાં રહેવા તૈયાર હોય છે. આવી રીતે જ્યારે દુનિયાદારીની મતલબની બાબતમાં આપણને કોઈ કોમ કે ધર્મના સંસ્કારો નડતા નથી તો પછી ધર્મ જેવી એક પારમાર્થિક બાબતમાં એ સંસ્કારો શા માટે આપણી આડા આવવા જોઈએ ? અને શા માટે પરસ્પર દ્વેષ અને દુશ્મનાવટ કેળવવા જોઈએ ? એવા દ્વેષ અને દુશ્મનાવટથી નથી આપણી ભૌતિક પ્રગતિ થવાની કે નથી આપણી આધ્યાત્મિક ઉન્નતિ થવાની. એથી, એકાન્ત અવનતિ અને અશાન્તિ જ પ્રાપ્ત થવાની છે. આપણી પ્રજાએ આ વસ્તુ સૌથી પહેલાં સમજવાની જરૂર છે.

૬

અસ્તુ. આ તો હું જરા વિષયાંતર કરી ગયો. હવે મૂળ વિષય ઉપર આગળ વધીએ.

જેમ સ્થાપત્યની કળાનો વિકાસ કરી જૈનોએ ગુજરાતને અપૂર્વ અને આકર્ષક શોભા આપી છે તેમ, સાહિત્યવિષયક વિવિધ રચનાદ્વારા જૈનોએ ગુજરાતને અનુપમ જ્ઞાન-સમૃદ્ધ બનાવ્યું છે. ગુજરાતની સાહિત્યસમ્પત્તિ ઘણી વિશાળ છે. અણહિલપુરના અભ્યુદયકાળથી માંડી આજ સુધીમાં જૈનોએ ગુજરાતમાં રહીને જે સાહિત્યરચના કરી છે તેની તુલનામાં બીજો કોઇ દેશ બેસી શકે તેમ નથી. પ્રાકૃત, સંસ્કૃત, અપભ્રંશ, પ્રાચીન ગુજરાતી અને નવીન ગુજરાતી એમ વિવિધ ભાષાઓના હજારો ગ્રંથોથી ગુજરાતના જ્ઞાનભંડારો ભરપૂર છે. પ્રાકૃત ભાષા, જે આપણા દેશની બધી આર્ય ભાષાઓની માતામહી છે તેનો વિપુલ ભંડાર એક માત્ર ગુજરાતની સંપત્તિ છે. વલ્લભી યુગના આરંભથી લઇ, છેક મોગલ શાસન અંત સમય સુધીમાં ગુજરાતના જૈન યતિઓ પ્રાકૃત ગ્રંથોની રચના કરતા રહ્યા છે, અને એ રીતે પ્રાકૃત ભાષાનો અખંડ પરિચય ગુર્જર પ્રજાને તેઓ આપતા રહ્યા છે. પ્રાકૃત ભાષાના એ પરિચયસાતત્યને લઇને, ગુજરાતી ભાષાના વિકાસક્રમનો ઇતિહાસ આપણને ખૂબ જ સુલભ અને સુસ્પષ્ટ રીતે પ્રાપ્ત થઇ શકે છે.

હિંદી, મરાઠી, બંગાલી અને ગુજરાતી ભાષાઓની સાક્ષાત્ જનની જે મધ્યકાળની અપભ્રંશ ભાષા ગણાય છે તેનું પણ જેટલું વિપુલ અને વિશિષ્ટ સાહિત્ય ગુજરાતના જૈનભંડારોમાં પ્રાપ્ત થાય છે તેટલું બીજે કયાંયે ઉપલબ્ધ નથી. વનરાજ ચાવડાના રાજ્યાભિષેકના યુગથી માંડી, કરણ વાઘેલાના પતન સુધીના સમય દરમ્યાનના દરેક સૈકાની, જૈન યતિએ રચેલી એવી કેટલીય અપભ્રંશ કૃતિઓ અણહિલપુરના ભંડારોમાંથી આપણને જડી આવે છે.

જૈન પંડિતો હમેશાં પ્રાચીન અને વર્તમાન બંને પ્રકારની ભાષાના ઉપાસકો રહ્યા છે; અને તેમણે બંને પ્રકારના ભાષા-સાહિત્યને પોતાની કૃતિઓથી અલંકૃત કર્યું છે. પ્રાકૃત અને સંસ્કૃત એ બે પુરાતન ભાષાઓ સાથે અપભ્રંશયુગમાં તેમણે અપભ્રંશ ભાષાને સમૃદ્ધ કરવા અર્થે તેમાં પણ તેટલી જ રચના કરી; અને એ યુગ વીત્યા પછી, જ્યારે ગુજરાતી ભાષાનો યુગ આરંભાયો ત્યારે તેમાં પણ તેટલી જ તત્પરતાથી તેવી રચના કરવા માંડી.

હેમચંદ્રના જીવનની સમાપ્તિ સાથે અપભ્રંશ ભાષાના જીવનની પણ સમાપ્તિ થઇ; અને ગુજરાતી ભાષાનો ઉદયકાળ-પ્રારંભ થયો. એ ઉદયકાળની આદિ ક્ષણથી લઈ આજ સુધી જૈન વિદ્વાનોએ ગુજરાતી ભાષાની અવિરત સેવા કરી છે અને જેની બરાબરી કોઇ પણ દેશભાષા ન કરી શકે એટલી બધી કૃતિઓથી એ ભાષાના ભંડારને એમણે ભર્યો છે. વિદ્યાવિલાસી અને સંસ્કૃતિ-પ્રતિમૂર્તિ મહારાજાધિરાજ સયાજીરાવના પ્રશંસનીય આદેશથી સદ્ગત સાક્ષરશ્રી સર ચિમનલાલ દલાલે પાટણના ભંડારોનું સવિસ્તર પર્યવેક્ષણ કર્યું હતું, અને તેના પરિણામે ગુજરાતી ભાષાના એ પુરાતન અમૂલ્ય ઝવેરાતને જગત્ આગળ મૂકવાનો અનન્ય ઉદ્યોગ કર્યો હતો. એ ઉદ્યોગના પરિણામે આપણને એ ઝવેરાતના મહાન ખજાનાઓ ખોળી કાઢવાની જિજ્ઞાસા પ્રાપ્ત થઇ છે. જૈન-સાક્ષર શ્રી મોહનલાલ દલીચંદ દેશાઇ છેલ્લાં વીશેક વર્ષથી ગુજરાતી ભાષામાં રચાયેલા જૈન સાહિત્યની શોધખોળ કરી રહ્યા છે અને તેના ફળરૂપે તેમણે અત્યાર સુધીમાં લગભગ હજાર-હજાર પાના જેટલા ફળદ્રુપ ત્રણ ગ્રંથો તૈયાર કર્યા છે. એ ગ્રંથો જોવાથી આપને કલ્પના આવશે કે જૈન વિદ્વાનોએ ગુજરાતી ભાષાની કેવી ઉત્કૃષ્ટ સેવા કરી છે.

અણહિલપુર, ભરૂચ, ખંભાત, કપડવંજ, ધોળકા, ધંધુકા, કર્ણાવતી, ડભોઇ, વડોદરા, સુરત, પાલણપુર, પાટડી, ચંદ્રાવતી, ઇડર, વડનગર, વગેરે વગેરે ગુજરાતનાં દરેક મધ્યકાલીન નગરોના ઉપાશ્રયોમાં વસી જૈન યતિઓએ અસંખ્ય સંસ્કૃત ગ્રંથોની રચના કરી છે; અને એ ગ્રંથોમાં વ્યાકરણ, કાવ્ય, કોષ, અલંકાર, સાહિત્ય, છંદ, નાટક, ન્યાય, વૈદક, જ્યોતિષ, ગણિત, આખ્યાન, પ્રબંધ આદિ જ્ઞાન-વિજ્ઞાનના સર્વ વિષયોનો સમાવેશ કર્યો છે. સેંકડો એવા માત્ર કથાગ્રંથો છે જેમાં ગુજરાતના સામાજિક અને લોકજીવન વિષેની વિવિધ માહિતિ આપણને મળી આવે છે. તે કાળમાં પ્રચલિત ગુજરાતની સેંકડો લોકકથાઓને લૌકિક સંસ્કૃત ભાષામાં પરિવર્તિત કરી, તેમના પણ અનેક સંગ્રહો તેમણે ગ્રંથિત કર્યા છે. ગુજરાતના મધ્યકાલીન ઇતિહાસની યથાશ્રુત ઘટનાઓને ગ્રંથસ્થ કરવા, અને એ રીતે ગુજરાતના ઇતિહાસને સુરક્ષિત કરવા તેમણે ઐતિહાસિક-અર્ધ-ઐતિહાસિક એવા સંખ્યાબંધ પ્રબંધોની રચના કરી છે. ગુજરાતના રાષ્ટ્રીય ઇતિહાસનું જેટલું સંરક્ષણ જૈનોએ કર્યું છે તેના સહસ્ત્રાંશ જેટલા ભાગનું પણ રક્ષણ જૈનેતરોએ કર્યું નથી. ધાર્મિક મનોવૃત્તિની સંકીર્ણ ભાવનાથી જો આપણે જૈનોના એ મહાન રાષ્ટ્રઋણની હલકી કિંમત આંકીએ કે નાકબુચ્ચાં કરીએ તો એક પ્રકારનો રાષ્ટ્રદ્રોહ જ કર્યો સમજાય.

ગુજરાત પાસે તેના પોતાના જ સંતાનોની જ્ઞાન-વિજ્ઞાનના સર્વ વિષયોની ઉત્તમોત્તમ કૃતિઓ વિદ્યમાન છે, અને એ રીતે જૈનોએ ગુજરાતને સાહિત્ય-સામ્રાજ્યની દૃષ્ટિએ સર્વતંત્ર-સ્વતંત્ર રાષ્ટ્ર બનાવ્યું છે,

અલબત્ત આ રીતે ગુજરાતની સાહિત્યિક સમૃધ્ધિના ભંડારોને ભરપૂર કરવાનો યશ જૈનોને ઘટે છે, પણ એ સાહિત્ય-સર્જન કરવામાં જૈનોને પ્રેરણા કયાંથી અને કેવી રીતે મળી, તે પણ જરા વિચારી જોઇએ, જો કે આ વિચાર ખૂબ લાંબું વિવેચન માંગી લે છે. એની પૂર્વભૂમિકા તપાસવા માટે આપણે ગુજરાતના જૂના ઇતિહાસનાં ઘણાં પાનાં ઉકેલવાં જોઇએ. એ માટે અહીં પૂરતો અવકાશ નથી; છતાં હું બહુ જ સંક્ષેપરૂપે એ વિષે થોડાંક વાકયો કહેવા ઇચ્છું છું.

ગુજરાતનો સુવર્ણકાલ રચનાર ચૌલુક્ય નૃપતિઓ ઉત્કટ સ્વદેશપ્રેમી હતા. તેમની મહત્ત્વાકાંક્ષા ગુજરાતને ભારતનું મુકુટમણિ બનાવવાની હતી. શક્તિ, સંસ્કૃતિ અને સમૃદ્ધિમાં ગુર્જરદેશ, અન્ય દેશો કરતાં જરા પણ પાછળ ન રહે એ તેમની સામ્રાજ્ય નીતિનો મહનીય મુદ્રાલેખ હતો. તેઓ જેટલા શૌર્યપૂજક હતા તેટલા જ સંસ્કારપ્રિય હતા. સાહિત્ય, સ્થાપત્ય અને સંગીત આદિ સત્કલાના તેઓ ખૂબ શોખીન હતાં. કળાકોવિદોના તેઓ શ્રદ્ધાવાન ભકત હતા. તેઓ પોતાના શૌર્યબળથી જેમ ગુજરાતના સામ્રાજ્યની સીમાઓ વધારવા ઇચ્છતા તેમ ઉત્તમોત્તમ સ્થાપત્યની રચનાઓ દ્વારા ગુજરાતના નગરોની શોભા વધારવા ઇચ્છતા. વિદ્વાનો અને વિશેષજ્ઞોનો સમૂહ-સંગ્રહ કરી તેમના દ્વારા સાહિત્ય સર્જન કરાવતા અને ગુર્જર પ્રજાની જ્ઞાનજ્યોતિ વિકસાવતા. ભારતના અન્ય રાજ્યોમાં જેવાં વિશિષ્ટ દેવસ્થાનો કે જલાશયો વગેરે સ્થાપત્યનાં સુંદર કામો થયાં હોય કે થતાં હોય તેવાં કામો ગુજરાતમાં પણ થવાં જોઇએ; બીજા પ્રાંતોમાં જેવા વિદ્યામઠો અને સારસ્વત ભંડારો વિદ્યમાન હોય તેવા મઠો અને ભંડારો ગુજરાતમાં પણ વિદ્યમાન હોવા જોઇએ; ભારતના અન્ય રાજદરબારોમાં જેવા સમર્થ વિદ્વાનો, પંડિતો, કવિઓ, મંત્રીઓ, રાજદૂતો, સૈનાનાયકો, નીતિવિશારદો, વ્યાપારપ્રવીણો અને અન્ય કળાનિપુણ પુરુષો વિદ્યમાન હોય તેવા ને તેથી પણ ચઢે એવા શ્રેષ્ઠ પુરુષરત્નો ગુજરાતની રાજસભા શોભાવનારા પણ સદા રહેવા જ જોઇએ : એ તેમની સામ્રાજ્ય જિગીષાનું મુખ્ય ધ્યેય હતું. ગુજરાતની શક્તિ અને સંસ્કૃતિની કોઇ પણ બાબત વિષે યત્કિંચિત્ પણ આક્ષેપ થાય કે લઘુતા બતાવાય તે તેમને સ્વપ્ને પણ સહ્ય થતું ન હતું. તેમના એવા ઉત્કટ દેશપ્રેમે અને સંસ્કાર-શોખે તેમને પોતાના દેશમાં રૂદ્રમહાલય, ત્રિપુરપ્રાસાદ, સોમેશ્વર અને તેવાં બીજાં સેંકડો ભવ્ય મહાલયો બાંધવા પ્રેર્યા, કર્ણસરોવર, સિદ્ધસર જેવાં અનેક મહાસરોવરો રચવા ઉત્સાહિત કર્યા, સ્થાને સ્થાને સુંદર તોરણો અને

કીર્તિસ્તંભો ઉભા કરવા ઉત્કંઠિત કર્યા; મોટા મોટા સારસ્વત ભંડારો સ્થાપન કરવા અને સત્રાગારો સાથે વિદ્યામઠો બાંધવા પ્રવૃત્ત કર્યા.

ધર્મ અને ઉપાસનાના વિષયમાં તેઓ બહુ સમદર્શી હતા. તેમના સમયમાં ગુજરાતમાં મુખ્યપણે બે જ પ્રજાધર્મો પ્રવર્તતા હતા–શૈવ અને જૈન. ચૌલુક્યોનો કુલધર્મ શૈવ હતો. છતાં તેઓ જૈનધર્મ તરફ પણ પૂરેપૂરો સદ્‌ભાવ રાખતા. જૈનમંદિરોને રાજ્ય તરફથી પૂજા–સેવા માટે મોટા પ્રમાણમાં ભૂમિદાનો વગેરે અપવામાં આવતાં. પર્વો અને ઉત્સવોના પ્રસંગે રાજાઓ જૈનમંદિરોમાં ધૂમ ઠાઠમાઠથી જતા અને શ્રદ્ધાપૂર્વક સ્તુતિ-પ્રાર્થના કરતા.

તેમની આવી ધાર્મિક સમદર્શિતા અને સંસ્કારપ્રિયતાના લીધે જૈન આચાર્યો એ રાજાઓ તરફ પ્રારંભથી જ વિશિષ્ટ અશાભાવ ધારણ કરતા હતા, અને એ રાજ્યની મહત્તા અને કીર્તિ વધે તેવું હૃદયથી ઇચ્છતા અને તદનુકૂળ પ્રવૃત્તિ કરતા રહેતા. ચૌલુક્યોના શાસન નીચે જૈનધર્મને ઉત્કૃષ્ટ પ્રકારનું સંરક્ષણ માત્ર જ મળ્યું હતું એમ નથી, પણ ઉત્તમ પ્રકારનું પોષણ પણ મળ્યું હતું અને તેથી જૈન વિદ્વાનો નિર્ભય, નિશ્ચિન્ત અને નિશ્ચલ મનવાળા થઈ અણહિલપુર અને તેની આસપાસના સુસ્થાનો અને સુગ્રામોના ઉપાશ્રયોમાં બેસી ઉક્ત પ્રકારની વિવિધ સાહિત્યિક રચનાઓ કરી કરી, ગુજરાતની પ્રજાને જ્ઞાનસમૃદ્ધ બનાવતા અને ગુજરાતનાં પ્રતિસ્પર્ધી રાજ્યોમાં ગુજરાતનું ગુણગૌરવ વધારતા રહેતા. ગુજરાતનો આવી જ્ઞાનગરિમાએ ગુજરાતને "વિવેક બૃહસ્પતિ" નું માનભરેલું બિરુદ અપાવ્યું હતું, અને તેમાં આ રીતે જૈન વિદ્વાનોએ અગ્રગણ્ય ભાગ ભજવ્યો હતો.

સદાચારના વિષયમાં પણ જૈનધર્મે ગુજરાતની પ્રજાને સમુન્નત કરવામાં સવિશેષ ભાગ ભજવ્યો છે. જૈનધર્મ એ આચારપ્રધાન ધર્મ છે. યમ–નિયમ તપ–ત્યાગ વગેરે ઉપર જૈનધર્મમાં ઘણો વિશિષ્ટ ભાર આપવામાં આવ્યો છે. અહિંસા એ જૈન આચાર–વિચારનું ધ્રુવબિંદુ છે. એને લક્ષીને જ જૈનધર્મની સર્વ પ્રવૃત્તિઓનું સંવિધાન કરવામાં આવેલું છે. અહિંસાની સંપૂર્ણ વ્યાખ્યા તો ઘણી ગહન છે. એની સ્થૂલ વ્યાખ્યા એ છે કે મનુષ્યે કોઇ પણ મનુષ્ય પશુ–પ્રાણી આદિ જીવની હિંસા ન કરવી–કોઇ પણ પ્રાણીનો નાશ ન કરવો. એ સ્થૂલ વ્યાખ્યાના પણ ઉત્સર્ગ–અપવાદ આદિ અનેક ભેદ–ઉપભેદ અને ગૌણ–મુખ્ય આદિ વિવિધ પ્રકારો છે. એની સૂક્ષ્મતામાં ઉતરવાની અહીં જરૂર નથી.

સામાન્ય રીતે એટલું જ જાણવું અગત્યનું છે કે જૈનધર્મની દીક્ષાનો સર્વ પ્રથમ અને સર્વપ્રધાન નિયમ એ જીવહિંસા–ત્યાગનો છે. જે મનુષ્ય જીવહિંસાનો ત્યાગ ન કરી શકે તે જૈનધર્મનો અનુયાયી ન થઇ શકે. મોટે ભાગે સ્થૂલ જીવહિંસા મનુષ્યો માંસાહાર નિમિત્તે જ કરે છે. માંસાહાર નિમિત્તે જ જગતમાં નિત્યપ્રતિ લાખો–કરોડો પશુઓ, પક્ષીઓ, માછલીઓ ઇત્યાદિ પ્રાણીઓનો સંહાર થાય છે. એ પ્રાણી–સંહાર ત્યારે જ ઓછો થઇ શકે જ્યારે મનુષ્યો માંસાહાર કરવો ઓછો કરે. એ દૃષ્ટિએ જૈનો માંસાહારના સૌથી વધારે વિરોધી રહ્યા છે; અને જ્યાં જ્યાં તેમનું ચાલે તેમ હોય ત્યાં ત્યાં તેઓ માંસાહારનો નિષેધ કરવા–કરાવવા સદા પ્રયત્નશીલ રહેતા આવ્યા છે, અને તેમ કરી તેઓ જીવહિંસા થતી ઓછી કરવા પોતાની શક્તિનો સંપૂર્ણ ઉપયોગ કરતા આવ્યા છે. અકબર બાદશાહ જેવા મુગલ સમ્રાટને પણ જૈન આચાર્યોએ પોતાના સદુપદેશ દ્વારા અહિંસાના નિષેધ તરફ સુરુચિવાળો બનાવ્યો હતો; અને તેથી તેણે પોતાના સામ્રાજ્યમાં સાલભરમાં કેટલાયે દિવસો સુધી જીવહિંસા ન થવા દેવાનાં ફરમાનો કાઢ્યાં હતાં તથા તેણે જાતે પણ વર્ષમાં અમુક અમુક મહિનાઓ અને દિવસો માંસાહાર સર્વથા ન કરવાનો નિયમ લીધો હતો.

ચૌલુક્યોના શાસનકાળમાં જૈનો ગુજરાતમાં ઘણો આગળ પડતો મોભો ભોગવતા હતા એ આપણે ઉપર જોયું છે. તે ઉપરાંત એ વંશનો સૌથી વધુ પ્રતાપી અને શૂરવીર રાજા કુમારપાળ જૈનધર્મમાં સંપૂર્ણ શ્રધ્ધાવાન બની એ ધર્મની તેણે, પાછલી અવસ્થામાં, ગૃહસ્થોચિત દૃઢ દીક્ષા પણ સ્વીકારી હતી. એ રાજાએ પોતાના આખા સામ્રાજ્યમાં જીવહિંસા થતી બંધ કરવા માટે આગ્રહપૂર્વકની રાજાજ્ઞાઓ જાહેર કરી હતી અને માંસાહાર ન કરવા માટે તેમજ દેવીદેવતાઓને પણ પશુ પક્ષીઓનું બલિદાન ન આપવા માટે રાજઘોષણાઓ કરાવી હતી. માંસાહાર તેમજ જીવહિંસાનિષેધક આવી સતત પ્રવૃત્તિઓને લીધે ગુજરાતની પ્રજામાંથી એ વસ્તુ ઘણી ઓછી થઇ ગઇ. આજે આખા હિંદુસ્થાનમાં સૌથી ઓછો માંસાહાર ગુજરાતમાં છે; અને સૌથી ઓછી પ્રાણીહિંસા ગુજરાતમાં થાય છે. માંસાહારની સાથે જૈનોએ મદ્ય-નિષેધ અને વ્યભિચાર નિષેધ ઉપર પણ તેટલો જ પરિશ્રમ ઉઠાવ્યો છે.

ગુજરાતના ઉચ્ચ ગણાતા પ્રજાવર્ગમાં એ દુર્વ્યસનોનો, સર્વથા નહિ તો, ઘણા મોટા પ્રમાણમાં પણ જે પ્રશંસનીય અભાવ જોવામાં આવે છે તેમાં, એ પૂર્વકાલીન જૈન ઉપદેશકોની ઘણી મોટી અસરનું પરિણામ રહેલું છે. ગુજરાતમાં મદ્યનો પ્રચાર માત્ર હલકી ગણાતી કોમોમાં દેખાય છે. અને તે પણ અંગ્રેજોના શાસનના પ્રતાપે એટલો વધ્યો છે. માંસ, મદ્ય અને વ્યભિચારની પ્રબળતાના અભાવે પ્રજામાં ખૂન અને સંત્રાસની પ્રવૃત્તિ પણ ઓછી હોય એ સ્વાભાવિક છે. આખાય ભારતમાં, આજે ગુજરાતી પ્રજા એકંદર શાન્તિપ્રિય, સૌમ્ય સ્વભાવવાળી, વિશિષ્ટ દયાભાવ ધરાવનારી અને દુખિતોને ઉદાર દિલથી મદદ કરનારી તરીકે વખણાય છે અને એ ગુણોમાં ઉન્નત થવા અનેક અંશે એને જૈન સંસ્કારોએ સતત પ્રેરણા અને પ્રોત્સાહક ભાવના આપી છે એવો મારો નમ્ર મત છે.

અપૂર્ણ.

મુનિ જિનવિજયજી.

ઓષ્ઠે રમી રે*.....

ઓષ્ઠે રમી રે' પ્રભુ પ્રાર્થના કે
કૃત્યો અધર્મી નવ થાવ કો' દિ
શ્રદ્ધા ઉરે આ નિજ સ્થાન પામે
ને યાદ તારી ન ભુલાય નાથ!
એવાં કૃત્યો નિશ દિન કરું નાથ હે! શુદ્ધ ભાવે
કે પસ્તાવો નવ કદિય રે કાર્ય મારા તણા કો.

આથમણે ડુબતો રવિ, ક્ષય રોગી, વાચાળ
બહુ બચ્ચાની માતનું પળ પળ હીર હણાય.

—o—

મદ્ય,+ દાયણ ને મિત્રતા, દિલનાં દીધાં દાન
જનકંઠે વખણાય જ્યમ જ્યમ જૂના થાય.

—×—

ગાંધીજીને

થોડાં માખણ કાજ ગોળી છાસ વલોવતાં
મુક્તિ માખણકાજ બાપુ! હાડ વલોવતાં.

વાઘીલાલ ડગલી.

---

* શ્રી. સાને ગુરૂજીના એક મરાઠી કાવ્ય પરથી.
+ દારૂ.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાનઃ સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4236.

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૯
અંક : ૫

મુંબઈ: ૧ જુલાઇ ૧૯૪૭ મંગળવાર.

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

નૌખલીમાં ગાંધીજી સાથે એક સપ્તાહ

"અહિંસા રેડીયમની માફક કામ કરે છે"

(ગતાંકથી ચાલુ)

અહિંસાની ખરી કસોટી

નવેંબરની ૧૦ મી તારીખે દુપારની એક પ્રાર્થનાસભામાં બોલતાં ગાંધીજીએ જણાવ્યું કે "મારા મુસલમાન ભાઇઓને હું જે કાંઇ કહેવા માંગું છું તે આ છે. તેઓ એક પ્રજા તરીકે રહે કે બે પ્રજા તરીકે રહે–તેમણે હિંદુઓ સાથે મિત્રો તરીકે રહેવું જોઇએ. જો એવી રીતે વર્તવાની તેમની ઇચ્છા ન હોય તો તેમણે એ મુજબ સફસાફ જણાવી દેવું જોઇએ. એમ બનશે તો હું હાર્યો એમ હું કબુલ કરીશ." તેમણે ઉમેર્યું કે "પૂર્વ બંગાળામાં વસતો દરેક હિંદુ ચાલ્યો જશે તો પણ હું તો પૂર્વ બંગાળાના મુસલમાનો વચ્ચે ચાલુ રહેવાનો, અને તેઓ મને જે કાંઇ આપશે અને તેમાંથી જે કાંઇ મારા માટે લેવા યોગ્ય હશે તે ખાઇશ. હું મારો ખોરાક બહારથી લાવીશ નહિ. મને માંસ કે મચ્છીની જરૂર નથી. મને તો માત્ર થોડાંક ફળો, શાકભાજી અને કોઇ પણ બકરીનું દુધ–આટલું જ જોઇએ છીએ."

પ્રારંભમાં મુસલમાન વસ્તી ઉદાસીન હતી. તેમની પ્રાર્થનાસભામાં બહુ થોડા મુસલમાનો આવતા હતા. ગાંધીજી નમન કરે તો સામેથી કેટલાક નમન સરખું પણ કરતા નહિ. નૌખલીના હિંદુઓ જાહેરમાં પોતાના ઇષ્ટદેવોનું નામ લેતાં પણ બીતા હતા. મંદિરના ઘંટો વાગતા બંધ થઇ ગયા હતા. હિંદુઓ પોતાના ધોતીયાઓને લુંગીના આકારમાં પહેર્યા પછી જ પોતાના ઘરની બહાર નીકળવાની હિંમત ધરતા હતા. ગાંધીજીએ આ ભયગ્રંથીથી મુકત બનવા તેમને વારંવાર કહ્યા કર્યું. નાનપણમાં રામનામના જપ વડે પોતે ભયને કેવી રીતે જીત્યો હતો તેનું ગાંધીજીએ વર્ણન કરી દેખાડયું. શ્રોતામંડળીને ગાંધીજીએ જણાવ્યું કે રામ અને રહીમ એક છે, અનન્ય છે. પણ આ બધું બહુજ ધીમે ધીમે ત્યાંના લોકોના ધ્યાનમાં ઉતરતું હતું.

પોતાના એક પ્રિય સાથીને ગાંધીજીએ લખેલું કે 'અહિંનું મારૂં કાર્ય આજ સુધીના કાર્યો સાથે સરખાવતાં સૌથી વધારે જટિલ, અટપટું અને વિકટ છે. પહેલાં કોઇ દિવસ મેં આટલું બધું અંધારૂં અનુભવ્યું નહોતું. રાત્રી ખુબ લાંબી લાગે છે. એકજ આશ્વાસન છે કે હું હીંમત હાર્યો નથી કે નિરાશ બની બેઠો નથી. હું કોઇ પણ સંયોગ કે ઘટના માટે તૈયાર છું. 'કરેંગે યા મરેંગે' એ સૂત્રની અહિં કસોટી કરવાની છે. 'કરેંગે'નો અહિં એ અર્થ છે કે હિંદુઓએ અને મુસલમાનોએ સુલેહશાન્તિ અને ભાઇચારાથી સાથે રહેતા શિખવું જોઇએ. એમ ન બને તો એ પ્રયત્ન કરતે કરતે મારે મરવું રહ્યું. એ ખરેખર બહુ જ કઠણ કામ છે. જેવી ઇશ્વરની ઇચ્છા!"

નવેંબરની ૨૦ મી તારીખે તેમના ટાઇપીસ્ટ પરશુરામ અને તેમના બંગાળી અનુવાદક અને નવા મંત્રી અધ્યાપક નિર્મળકુમાર બોઝ–માત્ર આ બે જણની સાથે ગાંધીજીએ કઝીરખીલમાં પડાવ નાંખ્યો. પોતાના અન્ય સાથીઓને આસપાસના પીડિત પ્રદેશોમાં અને ગામડાઓમાં પોતાને સુઝે તેવી રીતે કામ કરવા ગાંધીજીએ રવાના કર્યા. હવે તેમણે પોતાની સર્વ શક્તિઓ નૌખલીના પ્રશ્ન ઉપર જ કેન્દ્રિત કરી, અને હરિજન માટે લખવાનું પણ તેમણે બંધ કર્યું.

એકજ ધ્યેય

જાન્યુઆરીની બીજી તારીખે ૭૮ વર્ષનો આ વૃધ્ધ પુરૂષ સવારના સાડાસાત વાગે પોતાની 'યાત્રા'એ નીકળી પડયો. શ્રીરામપુરથી પોતાના બે સાથીઓ સાથે તેમણે પગપાળા પોતાના પ્રવાસની શરૂઆત કરી અને એક અઠવાડીયું તેઓ ચાંદીપુરમાં રોકાયા. એ વિનાશ અને વિધ્વંસનો ભોગ બનેલા પ્રદેશોમાં 'એક ગામડું એક દિવસ' એવા ક્રમ વાળો પ્રવાસ ખેડવાનો નિર્ણય તેમણે જાહેર કર્યો, અને લોકો પાસે યાચના કરી કે "હું ઇશ્વર પાસે પ્રાર્થના કરૂં છું અને તમને પણ એ પ્રાર્થનામાં જોડાવાની વિનંતિ કરૂં છું કે જે પ્રવાસની મેં ગઇ કાલથી શરૂઆત કરી છે તે છેવટ સુધી એક સરખો પરિપૂર્ણ થાઓ અને તેની પાછળ રહેલો હેતુ સિધ્ધ કરવામાં હું સફળ નીવડું!...મારી નજર સામે એક જ હેતુ છે, એક જ ધ્યેય છે અને તે તદ્દન સ્પષ્ટ છે. તે હેતુ એ છે કે ઇશ્વર હિંદુઓ અને મુસલમાનોનાં દિલ સાફ કરે, પવિત્ર કરે, અને બન્ને કોમો એકમેક વિષેનાં ભય અને આશંકાઓથી મુકત બને."

જાન્યુઆરીની ૨૬ મી તારીખે અહિંસા અને સત્યના ક્ષેત્રમાં ચાલી રહેલો આ વિશિષ્ટ પ્રયોગ જાતે નિહાળવા માટે બાંસા ખાતે નાંખવામાં આવેલી ગાંધીજીની છાવણીમાં હું પહોંચ્યો. સવારના ૧૧ લગભગનો સમય હતો અને ગાંધીજી તેલમર્દન અને સ્નાનથી પરવારીને બેઠા હતા. કેટલાંક ગામડાના લોકો–પુરૂષો, સ્ત્રીઓ અને બાળકો–ત્રિરંગી ધજા ફરકાવતી ગાંધીજીની ઝુંપડીને ધારી ધારીને નિરખતાં હતાં. તે દિવસ સ્વાતંત્ર્યદિન હોવાથી ઘણી ઝુંપડીઓ ઉપર ત્રિરંગી ધજાઓ ફરકી રહી હતી. આમ છતાં પણ ધ્વજવંદનની ક્રિયામાં ગાંધીજીએ ભાગ લીધો નહિ અને તે એમ જણાવીને કે એમ કરવાથી કેટલાક મુસલમાનોની લાગણી, સંભવ છે કે, દુખાય. ત્યાંના પ્રશ્ન સાથે સીધો સંબંધ ધરાવતી ન હોય એવી તેમજ જોનાથી લોકલાગણીને જરા પણ પ્રતિકુળ આંચકો લાગે તેવી દરેક બાબતથી તેઓ દૂર રહેવાનું પસંદ કરતાં.

પ્રાર્થના અને અંગત સંપર્ક

સાંજે સાડા ચાર વાગે તેઓ પ્રાર્થના સભામાં ગયા. લોકો તેમને અત્યન્ત અતુર નયનોવડે નિહાળી રહ્યા. તે સભામાં હિંદુઓ હતા તેમ જ તેમનામાં સેળભેળ થઇને બેઠેલા ઘણા મુસલમાનો પણ હતા અને સૌ કોઇ પ્રાર્થના અને પ્રવચન દરમિયાન પુરી શાન્તિ

ધારણ કરીને બેઠા હતા. ગાંધીજીનું હિંદી ભાષામાં કરવામાં આવેલું પ્રવચન ભાગ્યે જ સંભળાઈ શકે તેમ હતું. ત્યાંર બાદ અધ્યાપક નિર્મળ બાબુ ઉભા થયા અને તેમણે ગાંધીજીએ જે કહ્યું તે સાદી છતાં જોરદાર બંગાળી ભાષામાં સમજાવ્યું. લોકોની મુખાકૃતિઓ ઉપર આની અસર સ્પષ્ટપણે તરી આવતી હતી. પ્રાર્થનાસભા પુરી થતાં લોકો બેસી રહ્યા અને ગાંધીજી કોઈ મુસલમાનના ઘેર જવા ઉભા થયા. કેટલાક લોકો તેમની પાછળ પાછળ થોડા અન્તરે ચાલવા લાગ્યા તે હિંદુઓ અને મુસલમાનોનું મિશ્ર ટોળું હતું. છેલ્લી દારૂણ ઘટના બાદ કદાચ પહેલી વાર જ આમ તેઓ સાથે સાથે ચાલી રહ્યા હતા. હથિયારબંધ પોલીસ બધો સમય ત્યાં હાજર હતી, પણ તેની હાજરી બીલકુલ અર્થશૂન્યની દેખાતી હતી. ગામડાંના છોકરાઓ તેમની સાથે અથડાઇને આગળ જતા હતા અને ગાંધીજી પાછળ દોડતા હતા.

મુરલીમ યજમાનનાં ઘરની ઓશરીમાં ગાંધીજી એક શણગારેલી ખુરશી ઉપર બેઠા હતા. એ ખુરશી ખાદીથી ઢાંકવામાં આવી નહોતી અને એવી ખુરશી ઉપર બેઠેલા ગાંધીજી કાંઇક વિચિત્ર લાગતા હતા. તે કુટુંબના માણસો આ માનવન્તા મહેમાનનું હાથ જોડીને સન્માન કરતા હતા. કુટુંબના બાળકો ત્યાં એકઠા થઇ ગયા હતાં અને એક પછી એક ગાંધીજીના ચરણનો સ્પર્શ કરી રહ્યાં હતાં. ગાંધીજી તેમને ટાપલીઓ મારતા હતા અતે તેમની સાથે તરેહ તરેહનો વિનોદ કરતા હતા. ગાંધીજીએ પોતાના માટે યજમાન તરફથી લાવવામાં આવેલાં ફળો આ બાળકોને વહેંચી આપ્યાં. ગાંધીજી જ્યારે રસ્તા ઉતારથી પસાર થયેલા ત્યારે પોતપોતાની ઝુંપડીમાં બેઠેલી પરદાનશીન બહેનો ગાંધીજીને એકી ટશે જોઇ રહી હતી.

આગે કુચકદમ

બીજે દિવસે સવારે ગામડાંના લોકો પરોઢીયાથી ગાંધીજીની ઝુંપડી આસપાસ ટોળે મળી એકઠા થયા હતા. સાડા સાત વાગે ગાંધીજી બહાર નીકળ્યા. ગામડાંની બહેનોએ ગાંધીજીના કપાળમાં કંકુનો ચાંદલો કર્યો અને તેમનો ચરણસ્પર્શ કર્યો. તેમની ઉપર તેમણે ફુલ વરસાવ્યાં અને આનંદ દર્શાવવાની ત્યાંની રીત મુજબ 'ઉલુ' શબ્દનો પોકાર કર્યો. ગાંધીજી ધનુષ્યમાંથી બાણ છુટે તેવા રીતે તે ટોળામાંથી એકદમ છુટા પડીને આગળ ચાલવા લાગ્યા. તેમની સાથે ચાલવું એ પોલીસ માટે પછી આકરું કામ નીવડ્યું. આખું ગામ તેમની પાછળ પાછળ ચાલી રહ્યું હતું. હિંદુઓ અને મુસલમાનો તેમના દર્શનની રાહ જોતા રસ્તા ઉપર ઉભા હતા. આગલી રાતે જ ખેતરોમાંથી આ રસ્તો તૈયાર કરવામાં આવ્યો હતો. ગાંધીજી આગળ પગલાં ભરી રહ્યા હતા તે દરમિયાન જ આગળનો રસ્તો સાફ થયે જતો હતો અને તે ઉપર પુષ્પો વેરવામાં આવતાં હતાં. આ દૃષ્ય જોતાં રામના વનપ્રવેશનું સ્મરણ થતું હતું. સર્વત્ર શાન્તિ પસરી રહી હતી. રસ્તામાં તેઓ વાતો કરતા હતા, વિનોદ કરતા હતા અને આસપાસના લોકો જે કાંઇ કહે તે સાંભળતા હતા.

આ રીતે પ્રવાસ આગળ ને આગળ વધ્યે જતો હતો. હિંદુઓ અને મુસલમાનો નજીક આવતા જતા હતા. પ્રાર્થના સભાઓમાં ગાંધીજી લોકોને ભૂતકાળ ભુલી જવાની અને આખું જીવન નવેસરથી શરૂ કરવાની વિનંતિ કરતા હતા. તેમણે એકમેક સાથે પાડોશીઓ માફક વર્તવાનો અને રાજકારણની બાબતો દેશનેતાઓ ઉપર છોડી દેવાનો ઉપદેશ આપ્યો. હિંસામાંથી કશું જ પરિણામ નહિ આવે એમ તેમણે તેમને જણાવ્યું. ઘરને આગ લાગી હોય ત્યારે આગ ઓલવવી એજ સૌથી પહેલી ફરજ હોઇ શકે. આ માટે લીગરે મોસ્લેમ લીગને કે કોંગ્રેસીઓએ કોંગ્રેસ કમીટીને પુછવા જવાની કશી જરૂર છે જ નહિ.લાહો હો કે અમૃત બોંબ હો. બન્ને પાછળ એક જ હેતુ રહેલો છે. હિંસા તેના કોઇ પણ આકારમાં અનિષ્ટ છે અને સર્વ કોઇ માટે અનર્થકારી છે. આની આ જ વાતમાં થોડા ફેરફાર સાથે તેમણે જુદી જુદી પ્રાર્થનાસભામાં સંભળાવી હતી. લોકોમાં કોઇ પણ પ્રકારની ઉશ્કેરણી થાય કે લાગણીઓ ઉત્તેજિત થાય એવો કોઇ સંભવ જ નહોતો. એ કેવળ 'યાત્રા' જ હતી. પ્રસિદ્ધિને લગતી સર્વ પ્રવૃત્તિઓને તેમણે જરા પણ અવકાશ મળવા દીધો નહતો અને છાપાવાળાઓને મુલાકાતો આપી નહોતી અને સમાચાર–સાધન–સામગ્રીવાળાઓને ત્યાંથી વિદાય કરી દેવામાં આવ્યા હતા.

'ખુદાના માણસ'

ગાંધીજી પોતાનો દૈનિક કાર્યક્રમ ઘડિઆળના કાંટાની માફક અમલમાં મૂકતા હતા. પોતાના જ દાખલાથી તેમણે ગ્રામ્યજનોને સ્વચ્છ અને નિયમિત જીવનનો બોધપાઠ આપ્યો. પ્રાર્થનાસભાઓ તેમ જ વાર્તાલાપો દરમિયાન તેમણે શું ખાવું, કેમ ખાવું અને ચાલુ જીવનમાં એકમેકને કેમ મદદરૂપ થવું એ બધું ત્યાંના લોકોને શિખવ્યું. આખો દિવસ તેઓ કામ જ કર્યા કરતા હતા. કાર્યકર્તાઓ સાથેની બપોરના ગાળાની વાતચીત દરમિયાન ગાંધી ખાટલા ઉપર સૂતેલા નજરે પડતા હતા અને તેમના માથા અને પેટ ઉપર ભીની માટીની પોટલી પડેલી દેખાતી હતી. પોતાની શક્તિઓનો ખરે વખતે પુરો ઉપયોગ થઇ શકે એ માટે એ શક્તિઓને ગાંધીજી બને તેટલી સંગ્રહિત કરતા હતા. સાધારણ રીતે રાત્રે નવ વાગે તેઓ આરામ લેવા જતા હતા, પણ ઘણીયે વખત જ્યારે જરૂર જણાય ત્યારે સવારના અઢી વાગ્યા સુધી દીવાના ઝાંખા પ્રકાશમાં પોતાનો પત્રવ્યવહાર સંભાળતા તેઓ દૃષ્ટિગોચર થતા હતા. તેમણે ગ્રામ્યજનો ઉપર ખરેખર કેટલી અસર નીપજાવી છે તે હું જોઉં તો ખરો એમ મને વિચાર આવ્યો. ખેતરમાં કામ કરતા મુસલમાન ખેડુતો સાથે મેં ચર્ચા કરી. તેમણે જણાવ્યું કે 'ગાંધીજી તો ખુદાના માણસ છે.'' તેઓ હિંદુઓ જેટલી જ ગાંધીજીને જોવાને અને જાણવાને આતુર હતા. નૌખલી પોસ્ટ ઓફીસમાં કામ કરતા મુસલમાન કલાર્કોએ મને કહ્યું કે ગાંધીજી જ્યારે તેમના ગામડામાંથી પસાર થવાના હોય ત્યારે મારે તેમને ચોકકસ ખબર આપવા. ગાંધીજીના આ બાજુ આવવા બાદ તેમનું કામકાજ ખુબ વધી ગયું હતું એમ તેમણે મને જણાવ્યું. કોઇ પુરૂ સરનામું કરતું જ નહોતું. પણ માત્ર 'ગાંધીજી, બેંગોલ' એ સરનામે જ ઘણા બધા કાગળો આવતા હતા. તેમની હાજરીની સૌ કોઇના દિલ ઉપર બહુ ઉંડી છાપ પડી હતી.

અહિંસા અને રેડીયમનું સાદૃષ્ય

એક દિવસ હું મારી મેળે જ ગામડાંના લોકોનો પરિચય સાધવા નીકળી પડયો. કેટલીયે ઝુંપડીઓ જમીનદોસ્ત થયેલી અને કાટમાલના ઢગલામાં ફેરવાઇ ગયેલી નજરે પડતી હતી. એમ છતાં પણ ત્યાંથી નાસી છુટેલા કેટલાક ગરીબ હિંદુઓ આ પ્રસંગે અહિં આવી ચઢયા હતા, કારણ કે મહાત્માજી પોતાને ગામ જ્યારે પગે ચાલીને આવે ત્યારે પોતે ત્યાં હાજર ન હોય એ ખ્યાલ તેમના માટે અસહ્ય બન્યો હતો. મેં પાંચ માણસોનું એક કુટુંબ ગાંધીજીનું સ્વાગત કરવા માટે આવીને ઉભેલું જોયું. તેમને રહેવાને ઘર નહોતું; શરીરે તેઓ ચીંથરેહાલ હતા; બધાં વચ્ચે. સુવાને માત્ર એક બ્લેંકેટ હતું. તેમણે કહ્યું કે ''મહાત્માજી અમને અમારા ગામડામાં પાછા આવવાનું કહે છે. અમે પણ જાણીએ છીએ કે અમારી જમીનો છોડીને બીજાની દાનવૃત્તિ ઉપર નભવાનું અમારા માટે શક્ય નથી. ગાંધીના આગમનના આ મંગળ દિવસે અમે અમારા ગામમાં અમારું જીવન નવેસરથી શરૂ કરીશું.' પોતાની ઇજ્જત બચાવવા માટે પોતે નાસી છુટી અને એમ કરવા જતાં પોતાનું બાળક કેમ ગુમાવી બેઠી એની પોતાની કરૂણ કથા એ કુટુંબની માતાએ મને સંભળાવી. બાળક હાથમાંથી પડી ગયું અને ત્યાં ને ત્યાં જ મરણ

કેશરીઆજી તીર્થ અને ઉદેપુર રાજ્યની જાહેરાતો

શ્રી ઉદેપુર રાજ્ય તરફથી તા. ૨૩–૫–૪૭ ના રોજ મહારાણા પ્રતાપના જન્મ દિવસે મજબુર રાજ્યના બંધારણમાં મહત્વના ફેરફારો કરતું અને પાંચ વર્ષના ગાળામાં તે રાજ્યની પ્રજાને સંપૂર્ણ જવાબદાર રાજ્યતંત્રની સમીપ લઇ જતું એક ઉદ્ઘોષણાપત્ર બહાર પાડવામાં આવ્યું છે અને સાથે સાથે 'પ્રતાપ વિશ્વવિદ્યાલય' અને 'દેવસ્થાન નિધિ' એ નામની રાજ્ય તરફથી ઉભી કરવામાં આવનાર બે સંસ્થાઓની પણ જાહેરાત કરવામાં આવી છે. ત્યારબાદ કેશરીઆજી તીર્થના ધ્વજદંડ આરોહણને લગતી દિગંબર અને શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનો વચ્ચે કંઇ વર્ષોથી ચાલતી તકરારને અંગે ઉદેપુર રાજ્ય તરફથી તા. ૫–૬–૪૭ ના રોજ ચુકાદો બહાર પાડવામાં આવેલ છે. આ બન્ને જાહેરાતો કેશરીઆજી તીર્થની વર્તમાન તેમ જ ભાવી સ્થિતિ સાથે અત્યન્ત ગઢ સંબંધ ધરાવતી હોઈને તે સંબંધમાં જેટલી હકીકતો હાલ તુરત ઉપલબ્ધ છે તે અન્ય સામયિકોમાંથી અહિં અવતરિત કરવામાં આવે છે.

પ્રતાપ વિશ્વવિદ્યાલય અને દેવસ્થાન નિધિ

[નીચેનું લખાણ તા. ૨૦–૬–૪૭ ના વિરશાસનમાંથી સાભાર ઉધ્ધૃત કરવામાં આવે છે.]

તા. ૨૩ મી મે ૧૯૪૭ ના રોજ પ્રતાપજયંતીના અવસર પર મેવાડ રાજ્યમાં નવું વિધાન લાગુ કરવામાં આવ્યું છે. તા. ૨૬–૫–'૪૭ ના મેવાડ ગેઝેટમાં તે પ્રસિદ્ધ થયું છે. એ વિધાનના ફહરિસ્ત નં. ૧ માં દેવસ્થાન મંદિરો અને મિલ્કતોનું લીસ્ટ આપવામાં આવ્યું છે. રાજ્યના દેવસ્થાન મહકમેના આધિપત્યમાં જૈન અને હિંદુ મળીને કુલ ૮૫ મન્દિરો જણાવ્યાં છે. એ ૮૫ મન્દિરોમાં (૧) શ્રી કેશરીઆજી તીર્થના શ્રી ઋષભદેવજી ભગવાનનું મન્દિર તથા (૨) છોટી સાદડી (મેવાડ) ના શ્રી આદીશ્વરજી ભગવાનનું મંદિર–એમ બે શ્વેતાંબર જૈન મન્દિરોનો પણ ઉલ્લેખ છે. મજબુર લીસ્ટમાં સૂચવેલાં સઘળાં મન્દિરોની મીલ્કત, મેવાડમાં થનારા શ્રી પ્રતાપ વિશ્વવિદ્યાલયને અર્પણ કરી દેવામાં આવેલ છે. મેવાડના નવા વિધાનના આઠમા નિયમમાં તે સંબંધી સૂચન છે. એ આઠમા નિયમનો સારભાગ નીચે મુજબ છે:–

"મેવાડને પોતાની સમસ્યાઓ છે. મેવાડ, એ ધર્મસ્થાનો, મંદિરો અને સદાવ્રતોની ભૂમિ છે. એ ધર્મસ્થાનો, મંદિરો અને સદાવ્રતો અમારા પૂર્વજોની અનેક પેઢીઓએ તથા મેવાડ અને ભારતના અન્ય ભાગોના શ્રદ્ધાળુ દાતાઓએ સ્થાપિત કરેલ છે. તે ધર્મસ્થાનોદ્વિથી આકર્ષિત થઇને સારા ભારતવર્ષના યાત્રિકો અહીં આવે છે. આથી એક દૃષ્ટિએ મેવાડ એ ભારતનું તીર્થસ્થાન છે. મંદિર, ભૂમિ અને અન્ય પ્રકારનાં દાનો, કે જે અત્યાર સુધી રાજ્યના બજેટની બહાર એક અલગ ટ્રસ્ટના રૂપમાં દેવસ્થાન વિભાગોમાં રહેતાં આવ્યાં છે, તે શતાબ્દિઓ થયાં આર્યધર્મના પોષણના કેન્દ્ર તરીકે રહ્યાં છે. હવે તે સર્વ સ્થાનોને સરકારી ક્ષેત્રની બહાર એક દૃઢ અને અચલ આધાર ઉપર મૂકી દેવામાં આવ્યા છે. આ સર્વ મન્દિરો, સદાવ્રતો અને અન્ય પ્રકારનાં દાનોને એકત્ર કરીને "શ્રી દેવસ્થાન નિધિ" એ નામથી એક ટ્રસ્ટના રૂપમાં તેને કોર્પોરેશનનું સ્વરૂપ અપાયું છે, કે જેને પોતાની મુદ્રા (Seal) રહેશે. કોઇ એક સમયે મેવાડ રાજ્યની ભૂમિ બન્યું રહ્યું હતું અને તેનાં મન્દિરોનાં આંગણાંઓમાં પોતાની વિવિધ શાખાઓ સાથે હિન્દુ શાસ્ત્રોનું અધ્યયન તથા વિકાસ થતો જતો હતો. આ ઉદ્દેશને વર્તમાન પરિસ્થિતિઓને અનુકૂલ રીતિએ ફરી સ્થાપિત કરવાને માટે, વિધાનમાં એવું ઠરાવવામાં આવ્યું છે કે-શ્રી દેવસ્થાનનિધિ એક શિક્ષણકેન્દ્ર સાથે સમ્બધ્ધ રહે. એ શિક્ષણકેન્દ્રને મહારાણા પ્રતાપનું નામ જોડવું અને અમારા પૂર્વજોએ તથા અમારા વીર પ્રજાજનોએ જેની રક્ષા માટે પોતાનાં જીવનો દીધાં છે, તે હિન્દુ સંસ્કૃતિના પુનઃ પ્રકાશનનું કેન્દ્ર બને. આ વિશ્વવિદ્યાલય હિન્દી માધ્યમ દ્વારા કામ કરશે અને અન્યાન્ય ઉદ્દેશોની સાથે આનો એ પણ એક ઉદ્દેશ રહેશે કે સંસ્કૃત વાઙ્મયનું ઉચ્ચ અધ્યયન કરાવવું તથા આયુર્વેદના ઉચ્ચ અભ્યાસક્રમોની સ્થાપના કરવી, કે જેને અમે ભારતમાં શિક્ષણની આધારભૂત આવશ્યકતાઓ માનીએ છીએ. વિશ્વ વિદ્યાલયમાં જે શિક્ષણની વ્યવસ્થા થશે, તે આર્યધર્મના શિક્ષણનું એક અવિભાજ્ય અંગ હશે.

"આ વિધાન દ્વારા, 'શ્રી દેસ્વથાન નિધિ' અને 'પ્રતાપ વિશ્વવિદ્યાલય' બન્નેને સ્વાધીનતા (Autonomy) આપવામાં આવી છે. 'શ્રી દેવસ્થાન નિધિ'ના ટ્રસ્ટીઓ જ વિશ્વ વિદ્યાલયની પ્રથમ શાસનસમિતિ તરીકે રહેશે. આ વિશ્વ વિદ્યાલયને શિક્ષણનું અખિલ ભારતીય કેન્દ્ર બનાવવાની દૃષ્ટિથી, શ્રી દેવસ્થાન નિધિ અને પ્રતાપ વિશ્વ વિદ્યાલય–પરિષદના પ્રથમ વારના ટ્રસ્ટી બનવાને માટે અમે એવી વ્યક્તિઓને નિમંત્રણ કર્યું છે, કે જે વ્યક્તિઓએ જીવનનાં અનેક કાર્યક્ષેત્રોમાં પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે. અમને આનંદ થાય છે કે ટ્રસ્ટીઓ તરીકે આમંત્રિત વ્યક્તિઓ પૈકી શ્રીમાન્ મહેન્દ્ર મહારાજા સર યાદવેન્દ્રસિંહજી પન્ના નરેશ, ભારત સરકારના મંત્રી માનનીય ડો. શ્રી રાજેન્દ્રપ્રસાદ તથા શેઠ શ્રી જુગલકિશોર બીરલાએ દેવસ્થાનનિધિના ટ્રસ્ટી સભ્ય થવાના અમારા આમંત્રણનો સ્વીકાર કર્યો છે. એ વાત જાહેર કરતાં અમને પ્રસન્નતા થાય છે કે અમારા નિમંત્રણથી શ્રી કનૈયાલાલ મુનશીએ સદ્ભાવપૂર્વક શ્રી દેવસ્થાન નિધિના પ્રથમ અધ્યક્ષ અને પ્રતાપ વિશ્વવિદ્યાલયના પહેલા વાઇસ ચાન્સેલર થવાનું સ્વીકાર્યું છે

"મેવાડ, એ ધનવાન રાજ્ય નથી પણ વિશ્વ વિદ્યાલયના કાર્યને સારા આધાર પર શરૂ કરી દેવાને માટે અમે અને અમારી સરકારે ઉપલબ્ધ સઘળાંજ સાધનો એકત્ર કરીને પ્રસ્તુત કર્યાં છે.

પામ્યું. તેણે તે જગ્યા બતાવી અને તેનું હૈયું ભરાઇ આવતાં ત્યાં ને ત્યાંજ તે ઢળી પડી. હું પણ આકુળવ્યાકુળ બની ગયો. તેને મેં એટલું જ કહ્યું કે "બાપુ અહિં આવશે અને તમને મળશે. આજે સાંજે તેમની પ્રાર્થના સભામાં તમે જરૂર જજો." તે ઉભી થઇ અને પોતાના બાળકનું શીર્ણવિશીર્ણ પહેરણ બેસવા માટે મારી આગળ તેણે ધર્યું. 'ગાંધીજી જ આવો ચમત્કાર કરી શકે' મેં મારી જાતને કહ્યું અને ભારે હૈયે ત્યાંથી હું આગળ ચલ્યો.

ગાંધીજીના પ્રવાસનું આજે ચોખ્ખું સરવૈયું કાઢવું મુશ્કેલ છે. પણ એક બાબત ચોક્કસ છે કે આ ક્ષણે તેઓ હિંદુઓ અને મુસલમાનોને નજીક તો જરૂર લાવી શકયા છે. મૃત આત્માઓ પોતાની સ્મશાન શય્યામાંથી જાગૃત થયા છે. આ વાતાવરણ કયાં સુધી ટકી રહેશે તે કોઇ કહી શકે તેમ નથી; અલબત્ત તેનો આધાર તો ત્યાંની સ્થાનિક પ્રજા અને તેમની કાર્યક્ષમતા ઉપર રહે છે. પણ આજથી દશ વર્ષ પહેલાં ગાંધીજીએ જે ઉચ્ચારેલું તે તેમણે નોખલીમાં પુનરુચ્ચાર કરી આપ્યું છે:-

"અહિંસા જ્યારે ક્રિયમાણ થાય છે ત્યારે રેડીયમની માફક કામ કરે છે. કેન્સરનો જ્યાં ઉદ્ભવ થયો હોય ત્યાં રેડીયમનો એક નાનો સરખો પણ અણુ દાખલ થયા બાદ એ અણુ કશો પણ અવાજ કર્યા સિવાય સતત અને જરા પણ અટકયા સિવાય જ્યાં સુધી શરીરનો એ દુષિત ભાગ મૂળમાંથી તદ્દન સાફ અને શુદ્ધ અને નિરોગી ન થાય ત્યાં સુધી કામ કર્યે જ જાય છે. એવી જ રીતે સાચી અહિંસાનું નાનું સરખું પણ તત્વ શાન્ત, અકળ, અને અદૃષ્ટ રીતે પોતાનું કાર્ય કર્યે જ જાય છે અને આખા સમાજનું રૂપાન્તર કરી નાંખે છે.' અનુવાદક : પરમાનંદ

અમારા રાજ્યે વિશ્વ વિદ્યાલયને ક્રમથી ક્રમ ૬૮ લાખ રૂપીઆની કિંમતની સંસ્થાઓ, મકાનો તથા સંપત્તિ અને ચીતોડમાં એક હજાર એકર જમીન ઉપરાન્ત બે લાખ પચીસ હજાર રૂપીઆની આરંભિક વાર્ષિક સહાયતા આપવાનો નિશ્ચય કર્યો છે. શ્રી દેવસ્થાન નિધિની વધારાની આવક પણ પ્રતાપ વિશ્વવિદ્યાલયને પ્રાપ્ત થશે. ભવન નિર્માણને માટે દશ વર્ષના ગાળામાં વીસ લાખ રૂપીઆની વધુ સહાયતા આપવાનો પણ અમે નિશ્ચય કર્યો છે. અમે વિશ્વ વિદ્યાલય ટેક્ષ પણ લાગુ કરવાનો નિશ્ચય કર્યો છે અને તેથી પણ આગામી તા. ૧ ઓકટોબરથી પ્રતાપ વિશ્વ વિદ્યાલયને દર વર્ષે સારી આવક થયા કરશે. આ સંસ્થા કેવળ મેવાડની પણ નથી અને કેવળ રાજસ્થાનની પણ નથી, પણ અમે આ સંસ્થાને અખિલ ભારતીય વિશ્વ વિદ્યાલયની ભૂમિકાના સ્વરૂપમાં રચયિત કરી છે. અમને આશા છે કે-ટ્રસ્ટીઓના યોગ્ય માર્ગદર્શન દ્વારા આ વિશ્વ વિદ્યાલય જ્ઞાનનું એક એવું કેન્દ્ર બની જશે, કે જ્યાં આપણી સંસ્કૃતિનો ઉત્તમોત્તમ પ્રકાશ મેળવવાને માટે સમસ્ત દુનિયા આવી શકે.

"આ શબ્દોની સાથે અમે મેવાડ વિધાનની અન્તર્ગત નિર્મિત મેવાડ સરકાર એકટ સને ૧૯૪૭ નો લાગુ કરીએ છીએ તેમ જ આ સાથે અમે પ્રતાપ વિશ્વ વિદ્યાલયનું ઉદ્ઘાટન કરીએ છીએ."

[ઉપર જણાવેલ દેવસ્થાન નિધિમાં અજમેરના જાણીતા દિગંબર જૈન આગેવાન શ્રીમાન ભાગચંદ સોની પણ એક ટ્રસ્ટી તરીકે જોડાયા છે એમ સાંભળવામાં આવ્યું છે. તંત્રી]

કેશરિયાજી ધ્વજદંડ આરોહણ

(ઉદેપુર રાજ્યની આ બાબતને લગતી તા. ૫-૭-૧૯૪૭ ની અંગ્રેજી જાહેરાતનો અનુવાદ તા. ૨૨-૬-૪૭ ના જૈનમાંથી સાભાર ઉધ્ધૃત કરવામાં આવેલ છે.)

૧. સંવત : ૧૯૯૦ ના વૈશાખ વદિ ૧ ના રોજ, નેકનામદાર મહારાણા સાહેબ બહાદુરે નીચેના સભ્યોવાળી ધ્વજદંડ કમિટી નીમી હતી.

૧ વનેરાના રાજા અમરસિંહજી. ૩ મી: બી. એલ. ભટ્ટાચાર્ય.
૨ મી. સી. જી. શેન્વીક્ષ ટ્રેન્ચ. ૪ મી. આર. એમ. અન્તાણી.

આ કમિટીએ તા. ૧૦-૪-૧૯૩૫ ના રોજ પોતાનો અહેવાલ રજુ કર્યો હતો.

૨. આ અહેવાલમાં નીચેની હકીકતો ફલિત થઇ છે.

ક ઋષભદેવજીનું મંદિર મૂળ તો દિગમ્બરી મંદિર છે તો યે અનાદિ કાળથી જ હિંદુઓ-જેમાં ભીલોનો સમાવેશ થાય છે-અને બધા જ જૈન સંપ્રદાયો તેની પૂજા કરતા આવ્યા છે.

ખ તેની મિલકત અને ફંડો, દેવસ્થાનનો જ ભાગ છે, અને હાલના તબકકે આના પર ઉદેપુરના મહારાણાનો ટ્રસ્ટી તરીકે કાબુ છે. બે સૈકા થયા તેઓ વ્યવસ્થા તેમજ અંકુશ-જેમાં મંદિરમાં કોઇ પણ વિધિ કરવાની રજા આપવાના હકનો સમાવેશ થાય છે-તેને લગતી સત્તા ભોગવે છે.

ગ ધ્વજદંડ ચડાવવાની ક્રિયા, નીચે દર્શાવેલ વિધિઓ સાથે સંકળાયેલ એક મહત્વનો ભાગ છે.

(ક) મૂર્તિ કે વેદીની મંદિરમાં પ્રતિષ્ઠા કરવી.

(ખ) મંદિરના કોઈ પણ મહત્વના ભાગનો જીર્ણોદ્ધાર કરવો.

ઘ ધ્વજદંડ નીચેના સંજોગોમાં વિધિસર ચડાવવામાં આવે છે.

(ક) પેટાકલમ (ગ)માં દર્શાવેલ સંજોગોમાં.

(ખ) જ્યારે ધ્વજદંડ નીચે પડી જાય ત્યારે.

(ગ) જ્યારે ધ્વજ ફાટી જાય છે અને નવો લાવવામાં આવે છે ત્યારે. આવા પ્રસંગે બધી ક્રિયા મંડપમાં દંડના મૂળના ભાગમાં કરવામાં આવે છે અને જુનો ધ્વજદંડ તેમનો તેમ રહે છે છતાંયે ખરું જોતાં આ વિધિ ધ્વજદંડ ચડાવવાની જ છે.

ઙ ધ્વજદંડ ચડાવતી વખતે શ્વેતામ્બરી અગર દિગમ્બરી જૈનોને ક્રિયા કરવામાંથી અટકાવવામાં આવે છે એવો પુરાવો મળ્યો નથી.

૩. ઉપર દર્શાવેલ અહેવાલ-જેનો મહારાણા સાહેબ સ્વીકાર કરે છે-તે મુજબ, એ સ્પષ્ટ છે કે દેવસ્થાન ખાતું કે જે ખાતું મંદિરના પૂજા કરનારાઓની વતી ટ્રસ્ટી તરીકે રહેલ મહારાણા સાહેબની વતી મંદિર પર અંકુશ રાખે છે અને તેની વ્યવસ્થા કરે છે તે ખાતાએ બધા જ પૂજા કરનારાઓને પોતપોતાના ધાર્મિક સિવાજ મુજબ કોઇપણ જાતની દખલગીરી વિના પૂજા કરવાની સગવડ મળે તે જોવાનું છે. વળી નેક નામદાર મહારાણા સાહેબ બહાદુરે તા. ૨૩-૫-૪૭ ના રોજ મંજુર કરેલ રાજયધારણ અનુસાર, આખું દેવસ્થાન મંદિર અને સંસ્થાઓ, અને તેને લગતી મિલકતો-જેમાં ઋષભદેવજીના મંદિરનો સમાવેશ થાય છે તે સર્વ ટ્રસ્ટી તરીકે 'દેવસ્થાન નિધિ'ને સોંપવામાં આવેલ છે.

૪. આ અહેવાલ અને ભવિષ્ય માટે કરવામાં આવેલી ભલામણો મુજબ, નામદાર મહારાણા સાહેબે નીચે મુજબ ઠરાવેલ છે.

ક. કલમ ૨ ગ. (ક) અને ઘ. (ખ) માં સૂચવેલ કોઇપણ સંજોગ ઉભો થાય ત્યારે જીર્ણોદ્ધાર, પ્રતિષ્ઠા અગર તો ધ્વજદંડ ચડાવવાની ક્રિયા કરવા ઇચ્છનાર શખ્સે દેવસ્થાન નિધિની પરવાનગી મેળવવી,

ખ. દંડ સલામત હોય અને માત્ર ધ્વજને જ બદલવાનો હોય ત્યારે પણ ધ્વજદંડ ચડાવવાની ક્રિયા કરવી અને નવો ધ્વજ ચડાવવો.

ગ. ધ્વજદંડ ચડાવવાની ક્રિયા વખતે, દેવસ્થાન નિધિએ પોતાપોતાના ખર્ચે પોતાની ક્રિયા કરવા માટે દરેક સંપ્રદાયને આમંત્રણ આપવું. ક્રિયાનું ધ્યાન રાખવા માટે દેવસ્થાન નિધિ એક અમલદાર નીમશે.

ઘ. ક્રિયા શરૂ કરવાના હક માટે બે પક્ષો વચ્ચે હરીફાઇ થાય તો, આ હકનું લીલામ કરી, વધારે રકમ આપનારને રાખવો. તે જ પ્રમાણે બેથી વધારે પક્ષો હોય તો તે પછીના પક્ષોએ પણ પોતપોતાના વચ્ચે આ હક માટે ઉપર મુજબ લીલામ કરવું.

ઙ. આ લીલામની જે કાંઇ રકમ આવે તે ટ્રસ્ટ ફંડમાં લેવી.

ચ. જો કોઇપણ શખ્સ ક્રિયા કરવા માટે તૈયાર ન થાય તો દેવસ્થાન નિધિએ યોગ્ય વિધિ મુજબ ધ્વજદંડ ચડાવવો.

છ. આ બાબતને લગતી બીજી કોઇપણ બાબતનો નિર્ણય દેવસ્થાન નિધિએ કરવા.

૫. આ ફરમાન અનુસાર, દેવસ્થાન નિધિએ યોગ્ય દિવસે નવો ધ્વજદંડ ચડાવવો. (સહી) **મનોહરસિંહ.**

એકટીંગ મુખ્ય દિવાન, મેવાડ ગવર્નમેન્ટ

(આ વિષયની સવિસ્તર સમાલોચના આવતા અંકમાં કરવામાં આવશે.)

હિંદીસ્તાન અને પાકીસ્તાન

સમાધાનના રાજકીય અને આર્થિક પ્રત્યાઘાતો

આખરે હિંદની રાજકીય મડાગાંઠનો ઉકેલ કોઇ વચલા માર્ગે સમાધાનથી નથી થઇ શકયો; પણ લઘુમતી કોમની જે વધુમાં વધુ માંગણી હતી તે પાકીસ્તાનનો સિદ્ધાંત સ્વીકારવો પડયો છે. છેલ્લા થોડા મહિનાઓથી હિંદમાં જે ખુનરેજી ચાલી અને તેમાંથી રીતસર આંતરવિગ્રહ થવાનો ભય ઉભો થયો હતો તે સ્થિતિનો આના પરિણામે હાલ તુરત અંત આવ્યો દેખાય છે તેટલા પુરતું પ્રજાએ રાહતનો દમ ખેંચ્યો છે. બે કોમ વચ્ચેની અથડામણના પરિણામે પ્રાંતીય અને મધ્યસ્થ શાસન નીચે આર્થિક, સામાજીક અને રાજકીય પ્રગતિ સાવ અટકી પડી હતી. લડાઇમાં પરેશાન અને પાયમાલ બનેલી ગરીબ હિંદી પ્રજાની અધોગતી પરાકાષ્ટાએ પહોંચી રહી હતી. હવે ભલે ભાગલા પડે, પણ દરેક ભાગને પોતાની પ્રગતિનો

માર્ગ ખુલ્લો થશે તે ગણતરીએ પણ પ્રજાને હાલતુરત શાન્તિ થઇ દેખાય છે.

આર્થિક દૃષ્ટિએ પાકીસ્તાન નબળું છે અને હિંદીસ્તાન સબળ છે. રાજકીય દૃષ્ટિએ ખુરશી ખાતર ઝાવા નાખતા અજ્ઞાન અને ઝનુની મુસ્લીમ બીરાદરોને કાબુમાં રાખવાનું કામ લીગના આગેવાનો માટે મુશ્કેલ બનશે. પરિણામે સમયના વ્હેણ સાથે પાકીસ્તાને હિંદીસ્તાન સાથે મળી જવું પડશે. બુદ્ધિશાળી વર્ગમાંથી ઘણા આવી આશાએ પણ આ સમાધાનથી આત્મસંતોષ અનુભવે છે.

મહાસભાએ વર્ષો પહેલાં લઘુમતી કોમના આત્મનિર્ણયનો સ્વીકાર કર્યો હતો. તે સિધ્ધાન્ત અનુસાર આ સમાધાન થયું છે. અગાઉ ગાંધીજી અને રાજાજીની દરખાસ્ત અનુસાર મહાસભાએ જે આપવા ધાર્યું હતું તેથી વધુ આમાં અપાયું નથી. મુસ્લીમ લીગની અતિશયોક્તિ ભરેલી કેટલીક માંગણીઓ આ સમાધાનમાં નકારવામાં આવી છે. ઉલટું પંજાબ અને બંગાલાના ભાગલાનો સ્વીકાર કરીને લીગે ખંડિત પાકિસ્તાનનો સ્વીકાર કર્યો છે.

હિંદના રાજકીય સમાધાનની સંક્ષિપ્ત સમીક્ષા અને તેના તાત્કાલીક થયેલા પ્રત્યાઘાતો ઉપર મુજબ છે. પણ તેના લાંબા ગાળાનાં પરિણામો તેથી વધુ મહત્વના છે અને તે ભુલવા જેવા નથી. એશીયાના ઉદયકાળની શરૂઆત થતી જાય છે અને હવેના સમયમાં આંતરરાષ્ટ્રીય તખ્તા ઉપર એશીયાનું વર્ચસ્વ વધતું જાય તેવી આપણી આશા અને અભિલાષા છે. તે આશા અને અભિલાષનું મંડાણ હિંદ, ચીન અને બીજા એશીયાના મહાન દેશોની સ્વતંત્રતા અને સમૃધ્ધિ ઉપર છે. પણ સ્વતંત્ર થયા પહેલાં હિંદના બે ભાગલા પડી ચુકે છે. રાજસ્થાનોનો પ્રશ્ન હજુ ઉભો છે. ચીનના પણ અવિધિસર બે ભાગલા પડેલા છે અને તે બે ભાગો વચ્ચે આંતરવિગ્રહ ચાલે છે. પેલેસ્ટાઇનમાં તે જ સ્થિતિ છે. બીજા નાના દેશોના આંતરપ્રવાહો જોઇએ તો ત્યાં પણ આવા ભાવીનાં બીજ રોપાતાં દેખાય છે. જાપાન અમેરિકાના વર્ચસ્વ નીચે છે. એશીયાની બુમારી અને બર્મીર તોડવાની કોઇની આ મહાન આંતરરાષ્ટ્રીય ચાલબાજી તો નહિ હોય તે ?

યુરોપમાં અનેક નાનાં રાજ્યો વર્ષોથી હયાતીમાં છે. જીવન અશક્ય બને તેવી મુશ્કેલીઓ છતાં આ રાજ્યો પોતાની સ્વતંત્ર હયાતી ટકાવી રાખે છે, અંદરોઅંદર લડીને ખુવાર થાય છે. યુરોપના કારણે જ અને યુરોપનાં તખ્તા ઉપર જ છેલ્લા બે વિશ્વ-યુધ્ધ થયાં છે. છતાં યુરોપના દેશો એક સંયુકત રાષ્ટ્ર બની શકતા નથી, બનવા માંગતા નથી. તે જ રીતે એક વખત હિંદના ભાગલા પડયા પછી તે એક થઈ જશે તેવી આશા સાર્થક થશે જ તેમ માનવું વધુ પડતું છે.

તેથી ઉલટું હિંદીસ્તાન અને પાકીસ્તાન વચ્ચેના આર્થિક પ્રશ્નો એવા અટપટા અને એટલા મહાન છે કે દુનીયા આખીમાં બન્યું છે તેમ આ આર્થિક પ્રશ્નો ભવિષ્યમાં આ બંને વચ્ચે ઘર્ષણનું કારણ ન બને તો સારૂં. તેવા આર્થિક પ્રશ્નોની ટુંકી યાદી આ નીચે આપી છે.

૧. હિંદુસ્થાન અને પાકીસ્તાનનું ચલણી નાણું જુદું રહેશે કે એક જ ?

૨. ચલણી નાણું જુદું રહે તો બંને દેશની આર્થિક સહ્રતા ઉપર હુંડીના ભાવ પણ જુદા રહે.

૩. જો હુંડીના ભાવ જુદા રહે તો આંતરરાષ્ટ્રીય વેપારમાં બંને દેશો વચ્ચે હરિફાઇનો ભય ઉભો થાય.

૪. આંતરરાષ્ટ્રીય વેપારની હરિફાઇમાંથી જકાતની હરિફાઇ થવાનો ભય છે.

૫. જકાતની હરિફાઇમાંથી બંને પ્રદેશો વચ્ચે જકાત-ચોરીના ધંધા અને તેને અંગે સરહદી ઝગડા ઉભા થવાનો ભય ગણાય.

ઉપર જણાવ્યા તે બધાં કાયમનાં ઝગડાનાં કારણો છે. તેનો નિકાલ સહકારથી થાય છે કે નહિ તેના ઉપર હિંદીસ્તાન અને પાકીસ્તાન બંને દેશોના ભાવિનો મોટો આધાર છે. ઉપરાંત હાલ તુરત નિકાલ કરવો પડે તેવા મહત્વના આર્થિક પ્રશ્નો આ છે (૧) સ્ટર્લીંગ અનામતની વહેંચણી (૨) રાષ્ટ્રીય દેવું (લોન) (૩) મધ્યસ્થ સરકારની સ્થાવર મિલ્કત વિગેરે વિગેરે.

અને સૌથી મહત્વની વાત એ છે કે પાકીસ્તાન તદ્દન ખેતી-પ્રધાન દેશ છે. હિંદીસ્તાન ખેતીપ્રધાન હોવા છતાં તેને કાચી ચીજોની જરૂરીયાત રહેશે. ઉદ્યોગો અને ખાણો બધું હિંદીસ્તાનમાં છે. કાચી ચીજો માટે હિંદીસ્તાને પાકીસ્તાન ઉપર આધાર રાખવો પડશે, જ્યારે ઔદ્યોગીક વસ્તુઓ અને ધાતુ માટે પાકીસ્તાને હિંદીસ્તાને ઉપર આધાર રાખવો પડશે. બંનેમાંથી એકે દેશ આર્થિક દૃષ્ટિએ સ્વાશ્રયી નથી. છતાં અંદરોઅંદરના વેપારનો આ પ્રશ્ન-ખાસ કરીને અત્યારના કટોકટીના સમયે-સહકારથી ઉકેલાય છે કે નહિ તે ઓછા મહત્વની વાત નથી. **બાપાલાલ દોશી**

જૈનસંઘ અને હરિજનો

ઢેઢ ચમાર, ભંગી અને વણકર આ બધા માટે પૂ. ગાંધીજીએ હરિજન શબ્દ યોજેલો છે. એથી પ્રસ્તુતમાં પણ 'હરિજનો' કહેવાથી તે ઢેઢ વગેરે લોકોને સમજવાના છે. વૈદિકપરંપરાના સાહિત્યમાં ભલે પાછલા સમયમાં એ ઢેઢ વગેરે માનવજાતને પણ અસ્પૃશ્ય ગણવામાં આવેલ છે અને તેથી જ આજે એ સાહિત્યની અસરતળે આવેલા સનાતની લોકો હજુ સુધી અસ્પૃશ્યતાનું નાંહુ છોડતા નથી, પરંતુ જેઓ એ સાહિત્યની અસરતળે મુદ્દલ નથી એટલું જ નહીં પણ જેઓ એ સાહિત્યને પ્રમાણભૂત પણ માનતા નથી એવા જૈનોનું એ લોકો પ્રત્યે કેવું વળણ હોવું જોઇએ ? એ પ્રશ્ન-આ કાળે કે જ્યારે હરિજનોની અસ્પૃશ્યતાને નાબુદ કરવાના નાદો ચારો કોર વ્યાપી રહ્યા છે, મોટાં મોટાં હિંદુમંદિરો જેમને માટે ખુલ્લાં મુકાઈ રહ્યાં છે અને પૂ. ગાંધીજીએ એકવાર જેમને સારૂં યરોડા જેલમાં પોતાના પ્રાણ સુદ્ધાં પણ હોડમાં મૂકેલા હતા ત્યારે વિચારવો જોઇએ જ.

વર્તમાનમાં જૈન લોકોની-ગૃહસ્થોની કે તેમના ગુરૂઓની મુનિઓની-રૂઢિ જોતાં તો તેઓનું હરિજનો સાથેનું વર્તન અસ્પૃશ્યતામાં માનનાર સુસ્ત સનાતની બ્રહ્મણ જેવું લગભગ દેખાય છે. વળી વર્તમાન જૈનસંઘના કોઇ વિશિષ્ટ અધિકારીએ, ગૃહસ્થે કે આચાર્યે હરિજનો સાથેના વર્તન વિષે પોતાનો જાહેર મત પણ જણાવ્યો હોય એવું યાદ છે ત્યાંસુધી જાણ્યું નથી તેમ જૈનકોન્ફરન્સે યા એવીજ બીજી કોઇ જૈનસંસ્થાએ એ વિષે સ્પષ્ટ મત જાહેર કર્યો હોય એવું જાણમાં નથી. એટલા માટે હરિજનો સાથેના સ્પર્શ વિષે જૈન લોકોની શી માન્યતા છે એ બાબત જરૂર વિચારવા જેવી છે. "**अनिषिद्धम् अनुमतम्**" એ ન્યાયે કોઇ એમ કહેવા તૈયાર થાય કે હરિજનોને અડકવાનો જૈનો નિષેધ કરતા નથી એટલા માત્રથી તેઓ અસ્પૃશ્યતાને નથી માનતા એમ માનવાને બાધ નથી; પરંતુ આવા જરૂરી અને ધર્મના પ્રાણસમ વ્યવહારમાં **अनिषिद्धम् अनुमतम्** ન્યાયથી ચલાવી લેવા કરતાં એ માટે સ્પષ્ટ ખુલાસાવાર ઉહાપોહ થવો ઘટે અને એ વિષે જૈન પરંપરા શી વિચારસરણી ધરાવી શકે એ માટે જરૂર ચોખવટ થવી જ જોઇએ. ઉલટું કેટલેક સ્થળે હરિજનો જાણે અસ્પૃશ્ય હોય એમ માનીને જૈનસંઘે પોતાનાં મંદિરો વગેરે સ્થાનો ઉપર પાટિયાં મારેલાં હોય છે એ જોતાં પણ આવા મહત્વના પ્રશ્ન વિષે **अनिषिद्धम् अनुमतम्** ન્યાયથી કામ ચલાવી જ ન શકાય.

જૈનપરંપરામાં વૈદિક પરંપરાની પેઠે માનવસમૂહના ચાર ભાગ મૂળથી જ કલ્પાયા નથી. વૈદિકપરંપરા પ્રમાણે બ્રાહ્મણ બ્રહ્માનું માથું છે, ક્ષત્રિય બાહુ છે, વૈશ્ય જંઘ છે અને શૂદ્ર પગ છે. આવી કોઇ કલ્પના જૈનપરંપરામાં મૂળથી જ હયાત નથી. એટલે

જૈનપરંપરા પ્રમાણે માનવમાત્ર માનવ તરિકે એક સરખા છે અને તેમાં કોઇ ઊંચ કે નીચ નથી. જૈનપરંપરા માનવસમુદાયને બે ભાગમાં વહેંચે છે. એક આર્ય અને બીજા આર્ય નહીં તેવા. આર્યમાં પણ શિલ્પઆર્ય, ભાષાઆર્ય વગેરે ભેદો છે. શિલ્પઆર્યમાં જૈનપરંપરાએ વણકરોને સમાવેલા છે. આ જોતાં જૈનપરંપરા માનવની કોઇ જાતને કેવળ જાતને કારણે અસ્પૃશ્ય માની શકતી નથી. વળી, બીજું જૈન આગમો જોતાં એ સ્પષ્ટપણે માલુમ પડે છે કે કોઇ માનવમાં કેવળ જન્મથી ઊંચતા કે નીચતા હોઇ શકતી નથી તે તો માત્ર માનવના ગુણો ઉપર જ અવલંબે છે. એટલે જેનામાં ક્ષમા, દયા, મૈત્રી વગેરે સદ્‌ગુણો હોય તે, ગમે તે જાતનો માણસ પણ ઉંચો જ ગણાય છે અને જેનામાં ક્રૂરતા, લંપટતા, સ્વાર્થાંધતા વગેરે દુર્ગુણો હોય તે, ભલેને જૈન જાતનો હોય તો પણ નીચો જ ગણાય છે. આ જાતની જૈન–પ્રવચનની માન્યતા હોવાથી તેમાં કોઇ માનવ, માત્ર જાતને કારણે અસ્પૃશ્ય સંભવી શકે જ નહી. એટલે જૈનશાસ્ત્રો જોતાં અને તેની ગુણો ઉપરની પ્રતિષ્ઠાને લીધે કોઇ માનવ કેવળ તે ઢેઢ છે વા ચમાર છે એટલા માત્રથી અસ્પૃશ્ય સંભવી શકે જ નહીં.

ભગવાન મહાવીરે પોતાના સંઘમાં ચંડાળ કુળમાં જન્મેલા લોકોને પણ સ્થાન આપી તેમને નિર્ગ્રંથની દીક્ષા આપેલી હતી એવી સ્પષ્ટ નોંધો આગમોમાં મળે છે. એટલે પણ આજની જૈનપરંપરા અસ્પૃશ્યતાના નાડાને પકડી રાખતી હોય તો તે ભગવાન મહાવીરની પ્રવૃતિની અવહેલના કરે છે એમ જ કહેવાય.

ઇતિહાસ તો કહે છે કે જેમ આજે ગાંધીજી અસ્પૃશ્યતાને જડમૂળથી ઉખેડી મૂકવા પોતાના પ્રાણની પણ પરવા રાખ્યા સિવાય પ્રબળ પ્રયાસ કરી રહ્યા છે તેમ આજથી ૨૫૦૦ ચોમાસા પહેલાં ભગવાન મહાવીરે અને ભગવાન બુધ્ધે એ અસ્પૃશ્યતાના દાનવને દૂર કરવા ભારે પ્રયાસ કરેલો અને તે માટે તેમણે પ્રાણાંત કષ્ટો પણ ખમેલાં. ઉત્તરાધ્યયનસૂત્રમાં આવેલું હરિકેશી બળનું અને યજ્ઞીય નામનું અધ્યયન વાંચતાં એ હકીકત કોઇને પણ સ્પષ્ટપણે પ્રતીત થયા સિવાય રહે એવી નથી.

આ રીતે જૈનપરંપરાના તીર્થંકર શ્રી મહાવીર ખુદ પોતે જ અસ્પૃશ્યતાના કટ્ટર વિરોધી હતા અને તેમનું પ્રવચન પણ એજ હકીકતને બતાવી રહેલ છે તો પછી જૈનપરંપરામાં અસ્પૃશ્યતાને સ્થાન શી રીતે સંભવી જ શકે?

ઉત્તરાધ્યયનસૂત્રમાં 'કોઇ જાતિ વિશેષ નથી' એવા સ્પષ્ટ શબ્દો પણ છે. આમ છતાં જો જૈનસંઘ અસ્પૃશ્યતાનું નાડું પકડી રાખતો હોય વા એ વિશે પોતાના નકારનો ચોકખો એકરાર જાહેર ન કરતો હોય તો મારી સમજ પ્રમાણે એ, તીર્થંકરની અને તેના આગમની અવહેલના કરે છે અને તીર્થંકરની તથા આગમની અવહેલના કરનારને જે દંડ ઘટે તે જ દંડનો અધિકારી બને છે. આ પરિસ્થિતિ છે. માટે હું જૈનસંઘના આગેવાનોને, જૈનસભા સમિતિઓના આગેવાનોને અને જૈન મંદિરોના વહીવટ કરનારાઓને વા એવી પેઢીઓને નમ્ર પણે વિનંતિ કરૂં છું કે હવેથી તેઓએ તેમના સ્પષ્ટ શબ્દોમાં 'જૈનપરંપરામાં અસ્પૃશ્યતાને મુદ્દલ સ્થાન નથી' એવો ઢંઢેરો પ્રગટ કરી દેવા મહેરબાની કરવી અને એની ચોકખી નોંધ રહે માટે સભાઓમાં એવા સ્પષ્ટ ઠરાવો પણ કરી જૈનજનતાને જાગતી બનાવી દેવા જરૂર લક્ષ્ય આપવું.

હવે રહી મંદિરપ્રવેશની વાત. જ્યારે જૈન પરંપરામાં અસ્પૃશ્યતાને સ્થાન જ નથી તો તીર્થંકરોના મંદિરોમાં પણ દર્શન કરવા સારૂ વા મંદિરોની શોભાને જોવા સારૂ ગમે તે સ્વચ્છ માનવ આવી શકે છે. પછી ભલે તે ગમે તે જાતનો હોય વા ગમે તે ધંધો કરતો હોય.

કહેવાય છે કે જ્યારે ભગવાન મહાવીર પ્રવચન કરતા ત્યારે તેમના પ્રવચનમાં કુતરા, બિલાડાં, નોળિયા, સાપ, સિંહ, બકરી વગેરે તિર્યંચ પ્રાણીઓ પણ જઇ શકતા અને પોતાની શક્તિ પ્રમાણેનો બોધ મેળવતા તો પછી એમ કોઇ કહી શકશે કે તેમની એ પ્રવચન સભાઓમાં કોઇ ચમાર, ભંગી, ઢેઢ, વણકર, કૂણ કે બીજો કોઇ અનાર્ય નહીં ગયો હોય? વા ગયો હોય તો તેને પાછો કાઢવામાં આવેલ હશે?

જો જીવતા તીર્થંકરની પ્રવચનસભાઓમાં માનવમાત્ર ભેદ ભાવ વગર વા જાતિપાંતિની નડતર વિના જઇ શકતાં હોય તો હમણાં જ્યાં તેમની કેવળ મૂર્તિઓ છે તેવા મંદિરોમાં અને જ્યાં તેમના પ્રવચનની વાણી સંભળાવાય છે તેવા ઉપાશ્રયોમાં વર્તમાનમાં માનવમાત્ર કેમ ન જઇ શકે? વા જતા માનવમાત્રને રોકવાં એ અધર્મ છે એ કોણ નહીં માની શકે? એટલે હવે મંદિરોના વ્યવસ્થાપકોએ 'આ મંદિરો દર્શનમાટે વા મંદિરોની શોભાને જોવા સારૂ માનવમાત્ર માટે હંમેશા તેના સમય પ્રમાણે ઉઘાડાં જ છે' એવાં મોટા અક્ષરોમાં પાટિયાં મારી દેવાં જોઇએ.

પંડિત બેચરદાસ જીવરાજ દોશી.

હરિજન મંદિરપ્રવેશ ધારા

મુંબઇ પ્રાંતની સરકાર તરફથી મુંબઇની ધારાસભામાં હરિજન મંદિરપ્રવેશના અંગે જે કાયદાનો મુસદ્દો રજુ કરવામાં આવ્યો છે તેની અગત્યની કલમો નીચે મુજબ છે.

આ કાયદો આખા મુંબઇ પ્રાંતને લાગુ પડે છે. આ કાયદા મુજબ 'હરિજન' શબ્દનો અર્થ સન ૧૯૩૬ ની હિંદુસ્થાનની સરકારના (શિડ્યુલ્ડ જ્ઞાતિ બાબતના) ઓર્ડર મુજબ જેને શિડ્યુલ્ડ જ્ઞાતિ ગણી હોય તેવી કોઇ જ્ઞાતિ, જાત અથવા ટોળીની વ્યક્તિ તેવો થાય છે. 'હિંદુ કોમ એ સંજ્ઞામાં જૈનોનો સમાવેશ થાય છે.' 'મંદિર' એટલે જે જગ્યા સામાન્યતઃ હિંદુ કોમ જાહેર ધાર્મિક પૂજા અર્ચાની જગ્યા તરીકે વાપરતી હોય, તેને અર્પણ કરી હોય, અથવા તેના લાભાર્થે અર્પણ કરી હોય, અથવા હકથી તેનો ઉપયોગ કરતી હોય, તે જગ્યા સમજવી, પછી તે ગમે તે નામે ઓળખાતી હોય. 'પૂજા અર્ચા' એ સંજ્ઞામાં કોઇ પણ મંદિરની અંદર અથવા તેના ચોગાનમાં સ્થાપેલ દેવદેવી અથવા દેવદેવીઓની મૂર્તિઓનાં દર્શન કરવા માટે મંદિરમાં હાજર રહેવાનો સમાવેશ થાય છે.

કોઇ પણ ટ્રસ્ટખાતાની શરતોમાં, અર્પણની શરતોમાં, સનદની શરતોમાં, અથવા લાયકાત ઘરાવતા કોર્ટના હુકમનામામાં અથવા હુકમમાં ગમે તે કહ્યું હોય તે છતાં અથવા વિદ્યમાનકાળે અમલમાં હોય તેવો કોઇ પણ રીવાજ, રૂઢી અથવા કાયદો વિરૂદ્ધ મતલબનો હોય તે છતાં, સામાન્યતઃ બીજા હિંદુઓ જ્યાં જતા હોય તેવું દરેક મંદિર સામાન્યતઃ બીજા હિંદુઓ જેવી રીતે અને જેટલે સુધી પૂજા અર્ચા કરતા હોય તેવી રીતે અને તેટલે સુધી, પૂજા અર્ચા કરવા સારૂ હરિજનો માટે ખુલ્લું રહેશે અને મંદિરના ચોગાનમાં અથવા તેનો બહાર આવેલા મંદિરના કોઇ પણ પવિત્ર તળાવ, કુવા, ઝરણ અથવા જળમાર્ગમાં નાહવા અથવા તેનું પાણી વાપરવાનો સામાન્યતઃ બીજા હિંદુઓનો જેમ જ અને જેટલો જ હક હરિજનોને રહેશે.

જો કોઇ (ક) આ એક્ટ અન્વયે કોઇ પણ હક વાપરતાં હરિજનને અટકાવે અથવા (ખ) એવો કોઇ પણ હક વાપરવામાં હરિજનને હેરાન કરે અથવા હરકત કરે અથવા કરાવે અથવા હરકત થાય તેવું કરે, તો ગુનેગાર ઠરેથી તેને ૬ મહીના સુધી ની કેદની અથવા દંડની અથવા એ બન્ને સજા થઇ શકશે.

વૈદ્યકીય રાહત

મુંબઇ અથવા પરામાં વસતા જે જૈન કુટુંબોને વૈદ્યકીય રાહતની અપેક્ષા હોય તેમણે શ્રી મુંબઇ જૈન યુવક સંઘના કાર્યાલય (૪૫/૪૭ ધનજી સ્ટ્રીટ મુંબઇ ૩,) માં મળવું.

રાંતલાલ ચીમનલાલ કોઠારી
મંત્રી, વૈદ્યકીય રાહત સમિતિ

સ્વ. કૌશાંબીજીનાં પ્રેરણાદાયી સ્મરણો

(પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજી અધ્યાપક ધર્માનંદ કૌશાંબીના બહુકાળજુના નિકટવર્તી મિત્ર. શ્રી. ધર્માનંદજીના અવસાન-સમાચાર સાંભળતાં પંડિત સુખલાલજીને મેં કાંઇક લખવા વિનંતિ કરી. તેમણે મારી વિજ્ઞપ્તિને માન આપીને જે લાંબી રસપ્રદ સ્મરણનોંધ લખી મોકલી તે અહિં આખી રજુ થઇ જોઇતી હતી. પણ જગ્યાના અભાવે તેમાંનો અડધો ભાગ અહિં પ્રગટ કરવામાં આવે છે અને બાકીનો વિભાગ જેમાં ધર્માનંદજીના અનશન-વિચારની બોધક સમાલોચના કરવામાં આવી છે તે આવતા અંકમાં પ્રગટ કરવામાં આવશે. પ્રવાસ દરમિયાન તકલીફ વેઠીને પંડિતજીએ કલકત્તાથી આ નોંધ મોકલવા કૃપા કરી તે માટે તેમનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે. પરમાનંદ)

અધ્યાપક કૌશાંબીજીનું નામ ન જાણતો હોય એવો વિદ્વાન્ અને વિચારક ભાગ્યે જ હશે. જો કે એમણે પોતાનાં કેટલાંક જીવન-સ્મરણો આપવીતીમાં આલેખ્યાં છે પણ તે સ્મરણો આખા જીવનને લગતાં નથી. તેમણે અમુક સમય સુધીનાં જ પોતાના ખાસ ખાસ કેટલાક જીવન-પ્રસંગો આપવીતીમાં આલેખ્યા છે. તેમ છતાં જેણે એ ટૂંકી આપવીતી વાંચી હશે તેના ઉપર કૌશાંબીજીની બુદ્ધિ, પુરૂષાર્થ અને ચારિત્ર્યની ઉંડી છાપ પડયા વિના રહી જ નહિ હોય. હું પોતે તો કોઇ પણ જિજ્ઞાસુ ભાઇ કે બહેનને વાંચવા લાયક પુસ્તકો સૂચવવાં હોય ત્યારે તેમાં 'આપવીતી'ની પસંદગી પ્રથમ કરું છું. 'શું કરવું? રસ્તો કોઇ સૂઝતો નથી, સહાયકો નથી,' એવા એવા માયકાંગલા વિચાર સેવનારાઓની આજે કમી નથી. તેવાઓ માટે મારી દૃષ્ટિએ કૌશાંબીજીની 'આપવીતી' એ પ્રેરણાદાયી બાઇબલ બને તેવી છે. આમ હોવા છતાં જેણે કૌશાંબીજીનો ઠીક ઠીક પ્રત્યક્ષ પરિચય સાધ્યો હશે અને જે દૃષ્ટિસંપન્ન હશે તેજ કૌશાંબીજીને ખરી રીતે ઓળખી શકયો હશે એમ મને લાગે છે. તેમની સાથે મારો સાક્ષાત પરિચય લાંબા વખત લગી રહ્યો હતો અને છેલ્લે કેટલાંક વર્ષો કાશીમાં પણ અમે બન્ને સાવ નિકટ હતા. તેથી હું તેમનાં કેટલાંક સ્મરણો આલેખું તો તે અનુભવમૂલક છે એમ સમજી વાંચનાર વાંચે.

સૌથી પહેલાં હું કૌશાંબીજીને પુનામાં ૧૯૧૭ માં તેમને મકાને મળ્યો. તે વખતે તેઓ ફરગ્યુસન કોલેજમાં પાલીના અધ્યાપક હતા. મેં તેમનું 'બુદ્ધધર્મ આણિ સંઘ' એ પુસ્તક વાંચેલું એટલે તેમના પ્રત્યે મારો અનન્ય આદર તે પ્રથમથી જ ઉત્પન્ન થયેલ: પણ હું પ્રત્યક્ષ મળ્યો ત્યારથી તો તેમના પ્રત્યે મારી જુદી જ દૃષ્ટિ બંધાઇ. હું આ અગાઉ કેટલાક વખત થયાં બૌદ્ધ પાલી વાઙ્મય ગુરૂમુખથી શીખવા ઇચ્છતો હતો. જૈન કર્મશાસ્ત્ર અને બીજા એવા વિષયો વિષે વિચારતાં તેમજ લખતાં મને એમ થયેલું કે બૌદ્ધ વાઙ્મયના પૂરા અને યથાર્થ અભ્યાસ વિના મારું અભીષ્ટ કામ અધૂરૂંજ રહેવાનું છે. હું યોગ્ય અધ્યાપકની શોધમાં હતો. અને કૌશાંબીજીનો અચાનક ભેટો થયો. એટલે મારી જિજ્ઞાસા સતેજ બની તેમજ કૌશાંબીજી પ્રત્યે વિશેષ આકર્ષાયો. પણ તે વખતે મારી ઇચ્છા સિદ્ધ ન થઇ અને હું આગ્રા ચાલ્યો ગયો. બેએક વર્ષ પછી ફરી હું પુનામાં ગયો, પણ ઘણું કરી તે વખતે કૌશાંબીજી ત્યાં ન હતા. તેમના એક પ્રતિભાશાળી શિષ્ય પ્રો. રાજવાડે મળેલાં પણ એમની મુલાકાત મારા માટે તો કૌશાંબીજી પ્રત્યેના આકર્ષણમાં જ પરિણમી. જો કે હું મળે ત્યાંથી મરાઠીમાં પ્રસિદ્ધ થયેલ બૌદ્ધ વાઙ્મય મેળવી મારી જિજ્ઞાસા અલ્પાંશે સંતોષતો હતો, છતાં તક મળે ત્યારે કૌશાંબીજી પાસે જ બૌદ્ધ વાઙ્મય શીખવાની ઉત્કટ વૃત્તિનાં બીજો રોપાયે જતાં હતાં.

હું કાશી છોડી ૧૯૨૧ માં અમદાવાદ આવી ગયેલો અને ગૂજરાત પુરાતત્વમંદિરમાં રહેતો; પણ હજી લગી હું એ સંસ્થામાં સેવક તરીકે જોડાયો ન હતો. પુરાતત્વ મંદિરના બધા જ વિશિષ્ટ અધિકારીઓ મને એમાં જોડાવા કહેતા, પણ હજી લગી હું એ સંસ્થામાં તટસ્થ રહીને જ કામ કર્યે જતો. ૧૯૨૨ ના છેલ્લા ભાગમાં પુના જેવાં મને સમાચાર મળ્યા કે કૌશાંબીજી પુરાતત્વમંદિરમાં નીમાયા છે. આ સમાચારે વિજળીક અસર કરી અને હું પુરાતત્વમંદિરમાં જોડાવાના નિર્ણય ઉપર આવી ગયો ને જોડાયો. હવે હું કૌશાંબીજીનો સહવાસી બન્યો. મારું પુરાતત્વ મંદિરમાંનું કામ તો જુદું જ હતું, પણ આ સહવાસની તકે મને એમનો અંતેવાસી પણ બનાવ્યો. કૌશાંબીજી પાસે બૌદ્ધ પાલી ગ્રંથો શીખવાની શરૂઆત તો પુરાતત્વમંદિર અને મહાવિદ્યાલયના કેટલાય અધ્યાપકોએ કરેલી, પણ હું જાણું છું ત્યાં લગી તેમના પાસેથી સતત શીખવાનો યોગ મારા જ ભાગ્યમાં લખાયો હતો. એક બાજુ હું એમની પાસે બૌદ્ધ ગ્રન્થો શીખતો અને બીજી બાજુ અનેક વિષયોની એમની સાથે ચર્ચા કરતો. ફરવા જતી વખતે કૌશાંબીજી પોતે જ મારો હાથ પકડી લે અને મારા પૂછેલા કે અણપૂછેલા સવાલો વિષે અનેકવિધ ચર્ચા કરે. તેઓ જે બૌદ્ધ વિષયો વિષે મરાઠીમાં લખાવે કે ગ્રન્થ રચે તે મને પ્રથમ સંભળાવે. તેઓ મારી સૂચના ઉપર ધ્યાન આપતા, મારી શંકાનું સમાધાન પણ કરતા. મને આ નિમિત્તે ખૂબ જાણવાનું મળતું. આ ક્રમ ઘણું કરી પાંચેક વર્ષ ચાલ્યો હશે. ત્યાર બાદ તેઓ રશિયા ગયા ને થોડા વખત માટે એ ક્રમ તૂટી ગયો.

કૌશાંબીજી સાથે મારો સહવાસ માત્ર અધ્યયન-અધ્યાપન પૂરતો જ ન હતો. પણ તે લગભગ ચોવીસે કલાકનો રહેતો. તેઓ મને જીવન-વ્યવહારના અનેક પ્રસંગોમાં મિત્રની પેઠે મહત્ત્વની સૂચના આપતા. નાહવા કે ખાવામાં કે એવી બીજી બાબતોમાં કાંઇ પણ કહેવું હોય તો તેઓ નિઃસંકોચ કહેતા. કૌશાંબીજીના સ્વભાવમાં કડકાઇનું તત્ત્વ બહુ ઉગ્ય હતું. એને લીધે કેટલીક વાર ઘણા નિકટ મિત્રો સાથે પણ તેઓ અથડામણીમાં આવતા. હું પણ એ અથડામણીનો સાવ અપવાદ રહ્યો છું એમ તો ન જ કહી શકાય; પણ એવે પ્રસંગે હું સાવ મૌન રહી જતો. કારણ કે મેં એમની કડક પ્રકૃતિમાં નિખાલસપણાનું અને ક્ષણિકપણાનું તત્વ બરાબર જાણી લીધેલું. કૌશાંબીજી પણ થોડી વારમાં ઠેકાણે આવી જતા; ભોળા પડી જતા અને ઘણીવાર 'પંડિતજી' એવા મધુર આમંત્રણથી સંબોધી મારી પણ માંગતા.

કૌશાંબીજી મૂળે ગોવાના, અને મહારાષ્ટ્રમાં વિશેષ રહેલા. તેમના જીવન-વ્યવહારમાં પણ મહારાષ્ટ્રીય ઉપરાંત ભિક્ષુક ધર્મનું તત્ત્વ હતું. તેઓએ બૌદ્ધ ભિક્ષુ તરીકે સીલોન, બર્મા અને ભારતમાં જીવન ગાળેલું. બૌદ્ધ-પરંપરાના ક્ષણિકવાદની એમના જીવનમાં સબળ છાપ હતી. વિદેશમાં વિશેષે કરી અમેરિકામાં એમણે જીવન ગાળેલું એટલે પાશ્ચાત્ય રહેણી-કરણીના પણ એમનામાં સંસ્કારો હતાં. ક્ષણિકવાદના અને પશ્ચિમના સંસ્કારોએ તો તેમના આખા જીવનમાં કામ કર્યું છે એમ મને હેઠ સુધી લાગતું હતું. કોઇ પણ સ્થાન કે કોઇ પણ કામને સનાતનની પેઠે ચોંટી રહેવાની તેમની પ્રકૃતિ જ ન હતી. પ્રત્યેક ક્ષણે નવું નવું વાંચે અને વિચારે તેમજ લાંબા વખત લગી સેવેલા સંસ્કારોને એક ક્ષણમાત્રમાં ફેંકી દેવા સુધીનો પુરૂષાર્થ પણ કરે. એમને જાણનાર દરેક એ સમજતો કે કૌશાંબીજી પોતાની યોજના ગમે ત્યારે અણધારી રીતે બદલી નાંખશે. તેમ છતાં તેમનામાં એક અનન્ય વફાદારી હતી. જે કામ એમણે લીધું હોય, જેનું વચન આપ્યું હોય તે ગમે તે ભોગે પુરું જ કરે. અને પોતાના કામને અને તેટલું સર્વાંગીણ તેમજ વિચારપુરઃસર કરવાની કોશીષ પણ કરે. ગરીબીમાં આગળ વધેલા અને ભિક્ષુકપણામાં વર્ષો ગાળેલાં એટલે તેમનામાં શરૂઆતમાં મેં અતિથ્યવૃત્તિ કાંઇક ઓછી જોયેલી, પણ તેમણે ગૂજરાતમાં ઘણાં વર્ષો ગાળ્યાં અને ઘણા ગૂજરાતીઓના અસાધારણ આતિથ્યનો પગલે પગલે અનુભવ કર્યો. ત્યારબાદ મેં

તેમનામાં એ સંસ્કાર બદલાયલો જોયો. તેઓ પોતે ગૂજરાતના જૈન અને જૈનેતરોના આતિથ્ય વિષે જ્યારે પ્રશંસાના ઉદ્‌ગાર કાઢતા ત્યારે હું જોઇ શકતો કે તેમના ઉપર ગૂજરાતના આતિથ્યની જેવી છાપ છે તેવી બીજા એકેય પ્રાન્તની નથી.

કૌશાંબીજીને નોતરવા કે તેમની પાસે બેસવું એટલે ટૂચકાં, ઇતિહાસ, વિજ્ઞાન, તત્ત્વજ્ઞાન, રાજકારણ, સામાજિક જીવન વગેરે જ્ઞાનગંગાની અનેક ધારાઓ વચ્ચે સ્નાન કરવું; તેથી અનેક મિત્રો તેમને નોતરતા, અનેક તેમની પાસે ચર્ચા અર્થે જતા અને તેમનાથી સાવ જુદું દૃષ્ટિબિન્દુ ધરાવનાર પણ તેમની સાથેના વાર્તાલાપ માટે લલચાતો. કૌશાંબીજી જેટલા ઉગ્રપ્રકૃતિ તેટલા જ સ્પષ્ટભાષી. એમને કાંઇ છૂપાવવાનું ન હતું. ગમે તેવી વિરોધી અને સમર્થ વ્યક્તિને પણ પોતાની વાત ચોકખા શબ્દોમાં સંભળાવતા. લોકમાન્ય તિલકે ગીતા-રહસ્યમાં ધમ્મપદના એક પદ્યનો અર્થ અન્યથા કરેલો. તો કૌશાંબીજીએ તેમને પૂરી રીતે ઠીક ઠીક પકડ્યા અને ભૂલ કબુલ કરાવી. ત્રિપિટકાચાર્ય તરીકે પ્રસિદ્ધ શ્રી રાહૂલજીએ ધમ્મપદનો અનુવાદ કર્યો છે. જેમાં એમની મૌલિક ભૂલ રહી ગઇ છે. કૌશાંબીજીએ એમને એકવાર આડે હાથે લીધા અને રાહૂલજી તેમને નમી પડ્યા તથા પોતાની ભૂલ પણ કબુલ કરી. લખાણ, ઉચ્ચારણ, વાચન, પ્રુફ આદિ કોઇ પણ બાબતમાં પોતે સહેજ પણ ભૂલ ચલાવી ન લે. કોઇ એવી ભૂલ કરે તો તેને જરાય ન સાંખી લેનાં ચોકખે ચોકખું કહી દે એટલી એમની ચોક્કસાઇ. મર્હુમ ગાયકવાડ મહારાજ સયાજીરાવ કૌશાંબીજીના અનન્ય ભક્ત. પણ એવા ચકોર સમર્થ અને સહાયક રાજવી સુદ્ધાંને કૌશાંબીજી તેમની ભૂલો કે કુટેવો વિષે ખખડાવી નાંખતા. શ્રીમંત સયાજીરાવ અને તેમના પત્ની ચીમનાબાઇ સાથેના અનેક કટુક-મધુર સ્મરણો તેઓ મને ઠેઠ સુધી પ્રસંગે પ્રસંગે સંભળાવતા. તે ઉપરથી હું તેમની નિર્ભયતા, સત્યવાદિતા અને નિસ્પૃહતા પારખી જતો.

કાકા કાલેલકર તેમના અંગત મિત્ર અને સગ્ગતીય. કાકા પોતે જ કૌશાંબીજીને પુરાતત્ત્વમંદિરમાં લાવેલા અને સેવાગ્રામમાં તેમને જ હાથે કૌશાંબીજીનો અગ્નિસંસ્કાર થયો. કાકા બહારગામથી આવ્યા અને કૌશાંબીજીએ મૌનપણે જોયા કે તરત જ થોડી વારમાં પ્રાણ છોડ્યો. આટલી નિકટતા છતાં એક પ્રસંગે કૌશાંબીજી કાકા સુદ્ધાંને નારાજ કરતા ખચકાયા ન હતા. કૌશાંબીજી મને કહેતા કે "અમેરિકામાં યંગ ઇન્ડિયા વાંચતો ત્યારે મને ઘણીવાર આંસુ આવી જતાં. ગાંધીજીના અહિંસા તેમજ વિશ્વપ્રેમના વિચારો નવા રૂપમાં વાંચી મને થતું કે આ એક અર્હત્ છે. એ જ બુદ્ધિએ મને અમેરિકા છોડાવ્યું અને અમદાવાદમાં લાવી મૂક્યો." કૌશાંબીજીની ગાંધીજી પ્રત્યે કેવી અનન્ય શ્રધ્ધા હતી તે આપણે ટૂંકમાં આગળ ઉપવાસ પ્રસંગે જોઇશું. આમ છતાં ઘણી બાબતોમાં કૌશાંબીજી ગાંધીજીની ટીકા કરતા. કેટલીકવાર તેઓ એ ટીકા બહુ સખ્તપણે પણ કરતા. ગાંધીજી ઉપવાસ અને બીજા દેહદમનો ઉપર જે ભાર મૂકે છે તેને કૌશાંબીજી બુદ્ધિની દૃષ્ટિએ નિહાળી અયોગ્ય લેખતા. અને તેથી ઘણી વાર કહેતા કે, ગાંધીજીમાં જે ત્યાગ, જે અહિંસાવૃત્તિ છે તેની સાથે આવા તપનો કોઇ મેળ નથી. કૌશાંબીજી આ ટીકા સૌની સમક્ષ પણ કરતા. જેઓ ગાંધીજીના પ્રત્યેક વ્યવહાર અને વિચારને અક્ષરશઃ માનતા અને અનુસરતા તેઓ કેટલીકવાર ગાંધીજીની ટીકાથી કૌશાંબીજી પ્રત્યે અકળાતા પણ ખરાં; છતાં સૌમાં કૌશાંબીજીની નિષ્ઠા અને પ્રમાણિકતા વિષે એકસરખી શ્રધ્ધા જોઇ શકાતી. દરેક એમ સમજતો કે કૌશાંબીજી માને છે તેમ કહે છે અને કોઇની શેહમાં લેશ પણ આવે તેવા નથી. દરેક જણ એમ સમજતો કે કૌશાંબીજીને બુદ્ધિથી સમજાવી શકાય, પણ દમાણ કે લાલચથી નહિ. ગાંધીજીદ્વારા પ્રાર્થના ઉપર જે ભાર અપાતો અને ગીતાનું જે અનન્ય મહત્ત્વ અંકાતું તેની સામે કૌશાંબીજી અકને દલીલો સાથે મનોરંજક ટીકા કરતા. કોઇ બજારમાં ઉતર્યા કે એનું આવી બન્યું. તે વખતે કૌશાંબીજીની પ્રજ્ઞા અને દલીલશક્તિનો પ્રવાહ કેવો વહેતો એ તો ત્યાં હાજર હોય તે જ સમજી શકે. કૌશાંબીજી માત્ર અન્ય સંપ્રદાયો કે ધર્મોના જ ટીકાકાર ન હતા. તેઓ બૌધ્ધ હોવા છતાં બૌધ્ધ-પરંપરાની ત્રુટીઓની પૂર્ણપણે ટીકા કરતાં. જેણે તેમનું 'અહિંસા આણિ સંસ્કૃતિ' પુસ્તક વાંચ્યું છે તે જોઇ શકશે કે કૌશાંબીજી વહેમો અને ધાર્મિક દંભોના કેટલા વિરોધી હતા; આ પુસ્તક તેમણે કાશીમાં લખેલું અને મને આખું મરાઠીમાં જ સંભળાવેલું. કાશીવિદ્યાપીઠના પ્રાણ શ્રી શિવપ્રસાદ ગુપ્તા તેમને બહુ માનતા. ગુપ્તાજીએ કહેલું કે તમારું પુસ્તક હું હિન્દીમાં છપાવીશ, પણ કૌશાંબીજી મને હંમેશ કહેતા કે કંપોઝીટર કે અનુવાદક, વિક્રેતા કે બીજા કોઇ જે હિન્દુ હશે અને વેદ-પુરાણ-સંસ્કૃતિને માનતો હશે તે મારું ખૂન ન કરે તો હું પાડ માનીશ. અને બન્યું પણ તેમજ. લગભગ ૧૨ વર્ષ વીતી ગયાં, એનો ગુપ્તાજીએ કરાવેલ હિન્દી અનુવાદ પણ તૈયાર પડયો છે, છતાં હજી લગી એને છાપનાર કોઇ મળ્યું નથી. જે એમાં વેદ-પુરાણ તેમજ ગીતાની સ્પષ્ટ સમાલોચના વાંચે છે તે જ છાપવા કે પ્રકાશિત કરવાની હિંમત કરી શકતો નથી. છેલ્લે છેલ્લે ૧૯૪૬ના જુલાઇમાં તેઓ જ્યારે સરયૂતટે દોહરીઘાટ ઉપર અનશન લેવા ગયા ત્યારે મને એ હિન્દી અનુવાદ સોંપી શ્રી નાથુરામ પ્રેમીજીને મોકલવાનું કહી ગયા. એમને વિશ્વાસ હતો કે પ્રેમીજી નિર્ભય અને વક્રાદાર છે, તેથી તેઓ અવસર આવ્યે છાપતાં કે છપાવતાં પાછા નહિ પડે.

શ્રી શિવપ્રસાદ ગુપ્તાએ કાશી વિદ્યાપીઠમાં કૌશાંબીજી માટે તેમની જ સૂચના પ્રમાણે નાનકડું પણ સગવડિયું મકાન બાંધી આપેલું. તેમાં રહી કૌશાંબીજીએ 'અહિંસા આણિ સંસ્કૃતિ' એ પુસ્તક લખેલું. મેં તેમને પહેલેથી જ કહેલું કે આ પુસ્તક પૂરું થાય કે સ્થાનાંતર કરવું અને જોવું કે બહુ ચાહકો પણ એને પ્રગટ કરે છે કે નહિ ? તેમણે એમજ કર્યું. શેઠ જુગલકિશોર બિડલા જેવા પૈસાદાર છે તેવા જ દાની અને ઉદાર છે. હિન્દુ સંસ્કૃતિ પ્રત્યે તેમની અનન્ય નિષ્ઠા જાણીતી છે. બિડલાજી જ એક એવા છે કે જેમણે હિન્દુ પરંપરામાં બૌધ્ધોને સમ્મિલિત કરી લેવાનો સજીવ પ્રયત્ન કર્યો છે. બિડલાજી જેટલા ગીતાભક્ત તેટલા જ બૌધ્ધગ્રન્થોના ભક્ત છે. બૌધ્ધગ્રન્થોના હિન્દી અનુવાદો રસપૂર્વક વાંચે અને સારનાથ જેવા વિશ્વવિખ્યાત બૌધ્ધતીર્થમાં એકાન્તમાં બેસી તે ઉપર મનન પણ કરે છે એટલું જ નહિ પણ તેમણે કલકત્તા, દિલ્હી અને હિન્દુ યુનિવર્સીટીમાં બૌધ્ધશાસ્ત્રોના અધ્યયન માટે તેમજ બૌધ્ધ મંદિર અને ધર્મશાળા માટે અનેકવિધ એટલો મોટો ખર્ચ કર્યો છે અને હજી કરે છે કે તે જાણનાર જ બિડલાજીની હિન્દુસ્તાનમાં ફરી બૌધ્ધ-પરંપરા પ્રતિષ્ઠિત કરવાની ધગશ જાણી શકે. આવી વૃત્તિ ધરાવનાર શ્રીયુત જુગલકિશોર બિડલાએ મુંબઇ-પરેલમાં એક બૌધ્ધ-વિહાર બંધાવી આપ્યો ને તેમાં કૌશાંબીજીને રહેવા તેમજ કામ કરવાની સગવડ કરી આપી. કૌશાંબીજી ગરીબ અને દલિત જાતિઓની સેવા કરવા ઇચ્છતા, તેથી તેઓ એ વિહારમાં રહ્યા અને તેમણે તેનું 'બહુજન વિહાર' એવું નામકરણ કર્યું. 'બહુજન' શબ્દની પસંદગી તેમણે પાલી-ગ્રન્થોને આધારે કરેલી, જેનો આધુનિક ભાષામાં સાધારણ જનતા અથવા લોકસમાજ એવો અર્થ થઇ શકે. કૌશાંબીજી એ વિહારમાં રહી પરેલના લત્તામાં વસતા મજુરો અને હરિજનોમાં સંસ્કાર સિંચવાનું કામ કરતા. કૌશાંબીજીના એ કાર્યમાં અનેક જૈન ગૃહસ્થોનો આર્થિક તેમજ બીજા પ્રકારનો સક્રિય સહયોગ હતો. આવું સેવામય વાતાવરણ જામેલું, છતાં તેમાં પેલા 'अहिंसा आणि संस्कृति'-એ પુસ્તકે વિઘ્ન ઉપસ્થિત કર્યું. કૌશાંબીજીએ જ્યારે જાણ્યું કે ઉકત પુસ્તકમાં તેમણે કરેલ ગીતા આદિ વૈદિક ગ્રન્થોની નિર્દય સમાલોચનાથી બીડલા સહેજ નારાજ

થયા છે ત્યારે તેમણે એ વિહારને જ છોડી દેવાનું પસંદ કર્યું. જો કે બિડલાજીની એવી કોઇ વૃત્તિ ન હતી. અને પાછળથી કૌશાંબીજીને તેમણે કહેલું પણ ખરું કે "તમે બહુજન વિહાર શા માટે છોડયો ? તમે ત્યાં રહો એમ હું ઇચ્છું છું" પણ કૌશાંબીજી મને કહેતા કે, તેઓ ગમે તેટલા ભલા અને ઉદાર હોય છતાં જો મારા લખાણથી તેમની સાંપ્રદાયિક લાગણી દુભાતી હોય તો તેમની કોઈપણ સગવડ લઇ દબાણ તળે રહેવું તે કરતાં બીજે ગમે ત્યાં રહેવું એ જ હિતાવહ છે. ખુદ ગાંધીજીએ પણ તેમને કહેલું કે તમે 'બહુજન વિહાર' શા માટે છોડો છો ? પણ તેમણે એ વિહાર છોડયો તે છોડયો જ. તેમને પોતાનાં લખાણ વિષે એટલી જાગ્રત પ્રતીતિ હતી કે, તે ખાતર તેઓ ગમે તે સહવા તૈયાર રહેતાં. એજ પુસ્તકનું ગુજરાતી ભાષાંતર પ્રસિધ્ધ થવાનું હતું ત્યારે તેમણે મને પ્રસ્તાવના લખવા સૂચવ્યું. મારે માટે આ પ્રસંગ 'નદીવ્યાઘ્રન્યાય' જેવો હતો. એક તરફ કૌશાંબીજી સાથે મારો ગાઢ સંબધ અને બીજી તરફ એમનાં પ્રતિપાદનો વિષે કયાંક કયાંક મારું જુદું પડતું દૃષ્ટિબિંદુ. હું ગમે તેટલુ મૃદુભાવે લખું તોય કૌશાંબીજીના અમુક વિચારોનો વિરોધ થતો જ હતો. તેમ છતાં તેમના આગ્રહથી મેં આપ્યુ ઉપર કાંઇક પ્રસ્તાવિક લખી કાઢયું. જો કે મેં એમાં કૌશાંબીજીની અમુક એકાંગી ઉગ્ર વૃત્તિનો પ્રતિવાદ કર્યો જ હતો છતાં અમારા બે વચ્ચે કયારેય અંતર પડયું નહિ. ઉલટું હું મારા પ્રત્યે તેમનો ઉત્તરોત્તર વધતો જતો પ્રેમ જ નિહાળી શકતો. એક અથવા બીજે કારણે મારું એ પ્રાસ્તાવિક નથી છપાયું તે નોખી વાત છે, પણ અહીં તો પ્રશ્ન કૌશાંબીજીની મક્કમ વૃત્તિ અને નિખાલસતાનો છે.

કૌશાંબીજી 'બહુજન વિહાર' છોડી સારનાથ આવ્યા અને ત્યાં સીલોની તેમજ બીજા બૌધ્ધ ભિક્ષુકોના આગ્રહથી એક ઝુંપડી જેવા સ્થાનમાં રહ્યા. બધા જ ભિક્ષુકો તેમને ગુરુવત્ માનતા ને તેમની પાસે ભણતા. સૌ ઇચ્છતું કે તેઓ આજન્મ ત્યાં જ રહે. ૬૦ કરોડ જેટલા બૌદ્ધોના માન્ય એ પવિત્ર તીર્થમાં રહેવાની તેમની વૃત્તિ પણ હતી. છતાં બીજાને મન નજીવા ગણાતા વિચારભેદને કારણે તેમણે અગવડતું જોખમ વહોરી એ સ્થાન છોડી દીધું. વિચારભેદ મુખ્યપણે એટલો જ હતો કે કૌશાંબીજીને ત્યાંના બૌદ્ધમંદિરમાં એકત્ર થતો અર્થસંચય પસંદ ન હતો. ભકતો અને યાત્રીઓ જે આપી જાય કે ચડાવી જાય તે બધું જ પરમાર્થમાં તત્કાળ વાપરી નાંખવું ને મંદિર કે મૂર્ત્તિ નિમિત્તે કાંઇ પણ કીંમતી રાખી ન મૂકવું એ કૌશાંબીજીનો સિધ્ધાંત હતો. કૌશાંબીજી કહેતા કે, બુધ્ધના અનન્ય ત્યાગ સાથે આવા સંચયનો મેળ શો ? જો કે, બીજા બધા જ બૌધ્ધો નમ્રપણે એમની વાત માન્ય રાખતા પણ કોઇ ચાલુ પરંપરા વિરૂધ્ધ જઇ શકતું નહિ; તેથી કૌશાંબીજીએ સારનાથ રહેવું જ છોડી દીધું અને ફરી કાશી વિદ્યાપીઠમાં આવ્યા. ત્યાં તેમને લાવનાર અને તેમને માટે સગવડ કરી આપનાર ડો. ભગવાનદાસ ડો. સાહેબ એમને એમની વિદ્વત્તા, વિચારસમૃધ્ધ અને ત્યાગવૃત્તિને કારણે ગાંધીજીની પેઠે જ માનતા. આચાર્ય નરેન્દ્રદેવજી વગેરે બધા જ વિદ્યાપીઠના કાર્યકર્ત્તાઓ તેમને મેળવવામાં ગૌરવ લેખતા.

કૌશાંબીજી પુરાતત્ત્વમંદિરમાં હતા ત્યારે જ તેમની સામે જૈન પરંપરાનો પુણ્યપ્રકોપ પ્રગટેલો. પ્રાચીનકાળમાં જૈન ભિક્ષુઓ પણ બૌધ્ધભિક્ષુઓની પેઠે પ્રસંગે માંસ દિ લેતા એવું તેમણે બુદ્ધ વિષેની લેખમાળામાં લખેલું. આ વિધાનને લીધે માત્ર કૌશાંબીજી જ નહિ પણ તેમને આશ્રય આપનાર ગૂજરાત વિદ્યાપીઠ અને તેમના સહવાસમાં રહેનાર કે આવનાર બધા જ જૈન મિત્રો કે પંડિતો પણ જૈન પરંપરાના પુણ્યપ્રકોપના પાત્ર બન્યા હતા. આ વસ્તુ સંપૂર્ણપણે ભૂલાઈ ન હતી ત્યાં ફરી નવો ધડાકો થયો. કૌશાંબીજીએ મરાઠીમાં 'બુધ્ધચરિત્ર' લખ્યું તેમાં પણ એ વિધાન તેમણે કર્યું. પહેલાં તેમના લેખો ગુજરાતીમાં પ્રસિધ્ધ થયેલા અને ગૂજરાતમાં તો મુખ્યપણે શ્વેતામ્બર જૈનો જ એટલે તેમના પુણ્યપ્રકોપે બહુ ઊંડાં મૂળ ઘાલ્યાં ન હતાં; પણ મરાઠી બુધ્ધચરિત પ્રસિધ્ધ થયા પછી તો જુદી જ સ્થિતિ આવી. મહારાષ્ટ્ર અને સી. પી.-બીરારમાં મરાઠીનો પ્રચાર વિશેષ; ત્યાં દિગમ્બર જૈનોની પ્રધાનતા અને તેમાંય વિશેષ કટ્ટરપણું; એટલે દિગમ્બર સમાજે કૌશાંબીજી વિરૂધ્ધ હિટલરી આંદોલન શરૂ કર્યું. એ આંદોલનમાં ગૂજરાત પણ જોડાયો. યુ. પી. અને બંગાળમાં પણ એના પડઘા પડયા. એક રીતે ભારતવ્યાપી આખો જૈનસમાજ કૌશાંબીજી સામે ઉકળી ઉઠયો. કૌશાંબીજીનો પ્રતિવાદ કરવા અનેક સ્થળે મંડળો અને પરિષદો સ્થપાયાં. તેમને કોર્ટે ઘસડવાની ધમકી પણ આપવામાં આવી. તેઓ પોતાનું વિધાન પાછું ખેંચી લે તે માટે તેમને લાલચો પણ આપવામાં આવી. અનેક પરિચિત મિત્રો તેમને અંગત રીતે મળ્યા. પણ કૌશાંબીજી એટલું જ કહેતા કે આમ તમારે ઉકળી જવાની જરૂર નથી. હું કોર્ટે સુખેથી આદેશ અને મારા કથનનો ખુલાસો કરીશ. જયારે એમણે કટ્ટર દિગંબર પંડિતોને એમ લખી આપ્યું કે જે કાંઇ મેં લખ્યું છે તે તો પ્રાચીન આગમોને આધારે લખ્યું છે, દિગંબર ગ્રન્થોને આધારે નહિ, ત્યારે દિગંબર સમાજનો રોષ તો એક રીતે શમ્યો. એણે વિચારી લીધું કે નથી કૌશાંબીજી ધમકીથી ડરવાના કે નથી લાલચમાં આવવાના કે નથી પૈસાદારોની શેહમાં આવવાના અને તેઓ દિગંબર ગ્રન્થોને તો પોતાના આધારમાંથી બાતલ રાખે છે તો એમની સાથે બાખડવું નકામું છે. એટલે દિગંબર સમાજનું આંદોલન શમ્યું; પણ શ્વેતામ્બર સમાજમાં એ આંદોલન બેવડા વેગે શરૂ થયું. ગૂજરાતમાં તો પહેલાં પણ આંદોલાગેલું. હવે એનાં મોજાં રાજપુતાના, યુ. પી., પંજાબ અને બંગાળના શ્વેતામ્બર સમાજ સુધી ફરી વળ્યાં. આનાં છાંટાં મને મને પણ સ્પર્શવા લાગ્યાં. પહેલાં મહારાષ્ટ્ર અને સી. પી. માંથી અનેક દિગંબર ભાઇઓના મારા ઉપર પત્રો આવતાં કે 'તમે આનો જવાબ લખો. તમે કૌશાંબીજીના પરિચિત છો અને કદાચ તમે જ જૈનશાસ્ત્ર વિષે તેમને માહિતી આપી હશે.' મુનિશ્રી જિનવિજયજી ઉપર પણ એવી જ મતલબના પત્રો આવતા. કેટલીક વાર કેટલાક લેખકો અમને એવી પણ ધમકી આપતા કે તમે જવાબ નહિ લખો તો તમને પણ દોષપાત્ર ગણવામાં આવશે ઇત્યાદિ. હવે યુ. પી., રાજપુતાના અને ગૂજરાતમાંથી પણ અનેક પરિચત-અપરિચિત જૈન ગૃહસ્થોના અને ત્યાગીઓના પત્રો મારા ઉપર આવવા લાગ્યા. એમાં કાંઇક દબાણ, કાંઇક અનુરોધ અને કાંઇક ધમકી પણ રહેતાં. એકાદ એવા પત્રને બાદ કરી મેં કોઇને યદ્યપિ ઉત્તર વાળ્યો નથી. ઘણા મિત્રો આ મુદ્દા વિષે મને મેઢે પૂછતા અને ચર્ચા પણ કરતા. કૌશાંબીજી આ વખત દરમ્યાન કાશી વિદ્યાપીઠ અને સારનાથમાં રહેતાં. છેવટે તેઓ ૧૯૪૫ માં મુંબઇ મળ્યા. તેમણે પોતાની વિરૂદ્ધ જૈનોમાં ઉભા થયેલ વ્યાપક આંદોલન વિષે મને વાત કરી અને તેમને કાશીમાં કેવી રીતે લલચાવવામાં અને શરમાવવામાં આવ્યા કે કેવી રીતે ધમકીઓ આપવામાં આવી એ વિષે બધી વાત કરી. હવે તેઓ મુંબઇમાં જ હતા અને મુંબઇમાં તો સેંકડો જૈનો, તેમના ચાહકો તેમજ વિરોધીઓ પણ હતા. જે તેમના ચાહકો હતા તેઓ પણ તેમના વિધાનથી વિરૂદ્ધ હોવાને કારણે તેમની પાસે ખુલાસો મેળવવા ઇંતેજાર હતા. કેટલાય સાધુ-સાધ્વીઓ તેમને ઉતારે ચર્ચા અર્થે જતા, કેટલાય શિક્ષિત અને ધનિક જૈન મિત્રો પોતાને ત્યાં નિમંત્રી તેમની સાથે પ્રસ્તુત ચર્ચા કરતા. કૌશાંબીજી આ બધી વાત મને મળતા ત્યારે કહેતા અને એમ કહેતા કે મને જો કોઇ ઐતિહાસિક આધાર અને દલીલથી મારી ભૂલ સમજાવે તો હું આજને આજ મારું વિધાન બદલી નાંખું. પણ હું કશું વિશેષ બોલ્યા વિના બધું સાંભળી લેતો. હું જાણતો હતો કે જૈન-પરંપરા બચાવમાં જે વાત કરે છે તે પોતાના અહિંસક સિદ્ધાન્તની

ભૂમિકા પ્રમાણે અમુક દૃષ્ટિએ વાત કરે છે, જ્યારે કૌશાંબીજી અમુક ઐતિહાસિક ભૂમિકાના આધારે વાત કરે છે. બન્નેની પરસ્પર અથડાતી દૃષ્ટિઓનું અંતર સાંધવા કે સમજવાનો મને એક રસ્તો સૂઝી આવ્યો અને મેં તે કૌશાંબીજીને સૂચવ્યો. કૌશાંબીજીએ એમાં સહમત થયા અને પોતાના સુધારા સાથે તેમણે એક નિવેદન પ્રગટ કર્યું. તેનો આશય એ હતો કે તેમનું વિધાન નિષ્પક્ષ પંચ તપાસે. એ પંચમાં હાઇ કોર્ટના સંસ્કૃતજ્ઞ ન્યાયાધીશ હોય અને તે ગુજરાતી જ હોય. પંચ જે ફેંસલો આપે તે બંને પક્ષને માન્ય રહે. કૌશાંબીજીના આ નિવેદન પછી આગળ આંદોલન ચાલ્યું હોય તો તે હું નથી જાણતો. જ્યારે ચોમેર કૌશાંબીજીની વિરુદ્ધ આંદોલનનો દાવાગ્નિ સળગી રહ્યો હતો ત્યારે કૌશાંબીજી તેમના સ્વભાવ પ્રમાણે વિનોદમાં કયારેક કહેતા કે અહિંસક જૈનો મારી હિંસા તો નહિ કરે ને? આ સાથે જ કૌશાંબીજી કહેતા કે ગમે તેમ હોય છતાં હું જૈનોનો મારા પ્રત્યે પ્રેમ તો એવો જ જોઉં છું. મને આમંત્રણ–નિમંત્રણ આપનારાઓમાં મોટો ભાગ જૈનોનો જ છે, મને મદદ કરનાર પણ મોટે ભાગે જૈનો જ છે. અને મારી સામે વિરોધ કરનાર પણ જૈનો મને ખૂબ મળે છે, ચાહે છે અને સત્કારે છે. ત્યારે હું તેમને એટલું જ કહેતો કે જૈનોનું આંદોલન પણ અહિંસક જ હોય છે. કૌશાંબીજીએ શ્રી જુગલકિશોર બિડલાના આશ્રયનો ત્યાગ કર્યા પછી ફરી તેમની કોઇ પણ જાતની મદદ સ્વીકારી નહિ, જ્યારે જૈન સમાજનો ઠેઠ સુધી ઉગ્ર વિરોધ હોવા છતાં તેમણે જૈન મિત્રોની અનેકવિધ મદદ કૃતજ્ઞતાપૂર્વક સ્વીકારી છે તેનો હું સાક્ષી છું. એનું એકમાત્ર રહસ્ય એ જ છે કે કૌશાંબીજી બુદ્ધના ઉપદેશને અનુસરવા મથતા અને એમ માનતા કે બુદ્ધ એ અસાધારણ વિભૂતિ છે છતાં તેમને વારસો તો જૈન તીર્થંકર પાર્શ્વનાથના ધર્મનો જ મળ્યો છે. કૌશાંબીજી ઘણીવાર કહેતા કે 'હું શ્રમણ–સંસ્કૃતિમાં માનું છું. એને જીવનમાં ઉતારવા મથું છું. એ શ્રમણ–સંસ્કૃતિનો ઐતિહાસિક મૂળ આધાર ભગવાન પાર્શ્વનાથ છે.' પાર્શ્વનાથ પ્રત્યે એમની જે અનન્ય નિષ્ઠા મેં જોઇ છે તે પરંપરાગત જૈનો કરતાં જુદી જ હતી. જૈન પરંપરાના ઉગ્ર તપ આદિ કેટલાક મુદ્દાઓ વિષે તેમનું વલણ નોખું હતું એ ખરું, પણ જૈન પરંપરાના મૂળભૂત આચારો વિષે તેમની જીવંત શ્રધ્ધા હતી. એ શ્રધ્ધા તેઓ જૈનોની પરિભાષામાં અને જૈન રૂઢિઓદ્વારા પ્રગટ કરી ન શકતા એટલે રૂઢ અને સ્થૂલ સંસ્કારવાળા જૈનો તેમને જૈન વિરોધી લેખી કાઢતા. કૌશાંબીજીને સાચી સમજવાની દૃષ્ટિ, એમનો વિકાસ કઈ ભૂમિકા ઉપર થયો છે એ જાણવામાં જ રહેલી છે. છતાં મને નોંધ લેતાં એકંદર આનંદ થાય છે કે બીજી કોઇ પણ પરંપરા કરતાં જૈનપરંપરાએ તેમને વધારે અપનાવ્યા અને સત્કાર્યા છે. આ બાબત કૌશાંબીજીના ધ્યાન બહાર ન હતી. તેથી જ તેઓ હંમેશાં જૈન મિત્રોની ઉદાર વૃત્તિ વિષે અને પોતાને નભાવી લેવા વિષે પ્રશંસાના ઉદ્‌ગારો કાઢતા.

છેલ્લે છેલ્લે કૌશાંબીજીએ બે પુસ્તકો મરાઠીમાં લખી મને સોંપ્યાં ને કહ્યું કે આની ઘટે તે વ્યવસ્થા કરો. એક પુસ્તક "પાર્શ્વનાથનો ચતુર્યામ ધર્મ" ઉપર છે, જેમાં એમની પાર્શ્વનાથ પ્રત્યે ભારોભાર શ્રધ્ધા ઉભરાય છે અને બીજું પુસ્તક 'બોધિસત્ત્વ' વિષે છે. એ નાટક રૂપે લખેલું છે અને બૌદ્ધ વાઙ્મયના આખી જીંદગી સુધી કરેલા પરિશીલનનું ગંભીર દોહન છે. એમની સમ્મતિથી મેં એ લખાણો મુંબઇ શ્રી. નાથુરામ પ્રેમીજીને ઘટતી સૂચના સાથે ગયા વર્ષમાં કાશીથી મોકલાવી આપ્યાં છે.

અપૂર્ણ.

પંડિત સુખલાલજી

ગુજરાતનો જૈનધર્મ

આ લેખનો અવશિષ્ટ ભાગ બીજી તકાળ વધારે અગત્યની લેખ સામગ્રી ના કારણે તા. ૬–૮–૪૭ ના અંકમાં પ્રગટ કરવામાં આવશે.

તંત્રી, પ્રબુદ્ધ જૈન.

સત્યશીલ ધર્માનંદ કૌશાંબી

ગયા જુન માસની ચોથી તારીખે નીપજેલ અધ્યાપક ધર્માનન્દ કૌશાંબીના અવસાનથી ભારતવર્ષને બૌદ્ધ ધર્મશાસ્ત્રોના એક પ્રખર અભ્યાસી, સત્યશીલ, સાધુપુરૂષની મોટી ખોટ પડી છે. તેમની સાથે કંઇ વર્ષો પર્યન્તના પરિચયનાં સ્મરણો ચિત્તમાં જાગૃત થતાં આપણે એક કેવી અણમોલ વ્યક્તિ ગુમાવી બેઠા છીએ તેનો ખ્યાલ આવે છે અને હૃદય ઉપર ઉંડી ગમગીનીની છાયા પથરાઇ રહે છે. તેમનું સૌજન્ય, સરળતા, વાર્તાલાપની કુશળતા, પોતાના વિષયને લગતી મર્મગ્રાહી નિપુણતા અને આજે અને સર્વ કાળે દેખાતી વિરલ એવી સત્યનિષ્ઠા આપણને ભાગ્યે જ અન્ય વ્યક્તિઓમાં જોવા મળે તેમ છે. તેમનો જન્મ ૧૮૭૬ માં ગોવા બાજુ આવેલા કોઇ એક ગામડામાં થયેલો. ૨૩ વર્ષની ઉમ્મરે બૌદ્ધ શાસ્ત્રોનો અભ્યાસ કરવા માટે તેમણે ગૃહત્યાગ કરેલો. કાશીમાં તેમણે સંસ્કૃત ભાષાનો અભ્યાસ કર્યો. ત્યાર બાદ ભગવાન બુદ્ધના ચરિત્ર સાથે જોડાયલી પુણ્યભૂમિઓમાં તેઓ ફર્યા તેમ જ નેપાલ પણ જોઇ આવ્યા. લંકા જઇને પાલી ભાષાનું તેમણે જ્ઞાન મેળવ્યું. બર્મા જઇને ત્યાં બૌદ્ધ ધર્મીઓનો સીધો પરિચય સાધ્યો. બૌદ્ધધર્મના જાણકાર તરીકે તેમની ખ્યાતિ તેમનાં પુસ્તકો તેમજ પ્રવચનો દ્વારા વધતી ચાલી અને તેમાંથી અમેરિકાનું અધ્યાપનકાર્ય તેમને લાધ્યું. અમેરિકાથી તેઓ ૧૯૧૮/૧૯ આસપાસમાં પાછા ફર્યા. એ વખતના રાજકીય જુવાળમાંથી વિદ્યાપીઠનો તેમ જ પુરાતત્વ સંશોધન મંદિરનો ઉદ્‌ભવ થયો અને તેઓ તેમાં જોડાયા. ૧૯૩૦/૩૨ ની સામુદાયિક સવિનય ભંગની લડત દરમિયાન તેમણે કેટલોક સમય જેલવાસ ભોગવેલો. ત્યાર પછીના દશકામાં તેમણે મુંબઇમાં પરેલ બાજુએ એક બૌધ્ધવિહાર ઉભો કરેલો અને ત્યાં સ્થિર થઇને કેટલોક વખત મજુરોમાં કામ કરેલું. ૧૯૪૦ પછીના અરસામાં તેમણે સારનાથમાં વાસ કરેલો. છેલ્લા ૭ આઠ મહીનાથી વૃદ્ધાવસ્થાને અંગે જર્જરિત બનતી જતી પોતાની કાયાનો વિચાર કરતાં તેમના દિલમાં એક એવો ખ્યાલ ઉભો થવા લાગ્યો કે "આ જર્જરિત દેહ કે જેનો હવે કશો ઉપયોગ રહ્યો નથી અને જે દ્વારા કશી ધર્મની કે દેશની સેવા શક્ય નથી એને ટકાવી રાખવાનો શું અર્થ છે? શરીરની નબળાઇઓ વધતી જાય, ઇન્દ્રિયો શિથિલ બનતી જાય, બુધ્ધિ અને મન પણ ધીમે ધીમે ક્ષીણસત્વ બનતાં જાય અને જીવવા માટે દરેક બાબતમાં બીજા ઉપર જ આધાર રાખવો પડે એવી દશાવાળું જીવન જીવવાનો પણ શું અર્થ છે?" આ વિચારશ્રેણી ઉપરથી તેમનું મન આમરણાન્ત અનશન તરફ ઘસડાયે જતું હતું. આ વખતે તેઓ કાશીની નજીકમાં કોઇ એકાન્ત સ્થળે રહેતા હતા. ઉપરના ખ્યાલોથી પ્રેરાઇને તેઓ અન્નનું પ્રમાણ ઘટાડતા જતા હતા અને બહુ થોડા સમયમાં શુદ્ધ અનશન ઉપર જવાની તૈયારી ચિન્તવી રહ્યા હતા. એવામાં ગાંધીજીને આ બાબતની ખબર પડી; તેમણે તાર કરીને તેમજ ખાસ માણસ મોકલીને આ રસ્તે આગળ વધતાં અટકાવ્યા. અને શરીરમાં તાકાત આવે અને પ્રવાસ કરી શકે એવી સ્થિતિ પ્રાપ્ત થાય કે તુરત પોતાને મળે એમ ગાંધીજીએ કહેવરાવ્યું. પોતાના મનનું સમાધાન નહિ થવા છતાં ગાંધીજીના માનની ખાતર અનશનનો અભિગ્રહ તેમણે મુલતવી રાખ્યો. કમનસીબે દેશના વિષમ બનતા જતા સંયોગો ગાંધીજીને ગંગાળા અને ત્યાંથી બીહાર ઘસડી ગયા અને ધર્માનંદજી ગાંધીજીને નિરાંતે મળી શકે એવો કોઇ સુયોગ ઉપસ્થિત થયો જ નહિ. ધર્માનંદજી મુંબઇ આવ્યા અને કેટલોક સમય પોતાની પુત્રી સાથે રહ્યા. તે વખતે તેમને મળવાનું મને બન્યું હતું. ત્યારે પણ તેમનું મન આમરણાન્ત અનશન તરફ જ ખેંચાયલું માલુમ પડતું હતું. આ બાબતના સમર્થનમાં તેમણે મને જણાવેલું કે "આ આમરણાન્ત અનશનનો ખ્યાલ મને જૈન ધર્મશાસ્ત્રોમાંથી પ્રાપ્ત થયો છે. જૈન

કથાસાહિત્યમાં આવાં અનેક દૃષ્ટાન્તો છે. વૃદ્ધાવસ્થાના કારણે શરીર અશક્ત અને અસમર્થ બને ત્યારે કોઇને પણ ભારરૂપ ન બનવું એ ખ્યાલથી જૈન સાધુઓ કોઈ પણ ગિરિ–ગુફામાં, સરોવરતીરે કે ઉપાશ્રયમાં અનશનવ્રત લેતા અને સમાધિ મરણ સાધતા. ઉચિત સમયે અને યોગ્ય સંયોગોમાં પોતાના જીવનનું સમભાવપૂર્વક વિસર્જન કરવાનો સૌ કોઇને હક્ક છે. હું પણ એ જ માર્ગે જવા ઇચ્છું છું. માત્ર ગાંધીજીના કહેણથી તેમની રાહ જોઇને હું ઉભો છું." પછી તો ગાંધીજીની સૂચનાથી તેઓ વર્ધા ગયા. ગાંધીજી તુરતમાં વર્ધા પાછા ફરે એ અસંભવિત બનતું ગયું. એના એ જ વિચારની પકડ ધર્માનંદજીના ચિત્ત ઉપર વધારે ને વધારે મજબુત બનતી ગઇ. છેવટે ધર્માનંદજીના આવા નિર્ધારને ગાંધીજીએ પણ સંમતિ આપી. ધર્માનંદજીએ અન્ન છોડ્યું; દુધ છોડ્યું. ફળનો રસ લેવાનું પણ ક્રમે ક્રમે બંધ કર્યું. એક માસ સુધી તેઓ પાણી ઉપર રહ્યા. જેઠ શુદ પૂર્ણિમા તેમના માટે ભારે હતી. દેહવિસર્જનની તેમની પૂર્ણ તૈયારી હતી. આખરે વદ ૬ ના રોજ સવારના ભાગમાં તેમના પુરાણા મિત્ર કાકાસાહેબ કાલેલકર મુંબઇથી વર્ધા આવ્યા; તેમને મળ્યા ન મળ્યા; એક બે કલાકમાં પુરી ચિત્તશાન્તિ અને આત્મજાગૃતિ વચ્ચે તેમણે આ વિનશ્વર દેહનો અને ક્ષણભંગુર દુનિયાનો ત્યાગ કર્યો.

ધર્માનંદ કૌશાંબીના પત્ની હજુ હયાત છે. તેમનો એક પુત્ર બહુ મોટો ગણીતશાસ્ત્રી છે; તેમની બે પુત્રીઓ બેંગલોર અને એક પુત્રી મુંબઇમાં રહે છે. આ બધાં સગપણનાં બંધનો તેમણે કંઇ કાળથી વિસર્જિત કર્યાં હતાં અને તેથી જ તેમાંના કોઇ પણ વર્ધા આવીને તેમની ચિત્તશાન્તિનો વિક્ષોભ ન કરે એવી તેમની ઇચ્છા હતી. અન્તસમયે પણ પોતાના મૃતદેહની અન્તિમ ક્રિયા પાછળ કોઇએ એક પાઇ પણ ખર્ચવી નહિ એવી ઇચ્છા તેમણે વ્યકત કરી હતી. આવા એક પવિત્ર ધર્મશીલ પુરૂષે કાકાસાહેબ કાલેલકર, શ્રી. વિનોબા ભાવે તેમ જ અન્ય આશ્રમવાસીઓ વચ્ચે જે માર્ગે સામાન્ય માનવીઓ અસહાય બની અનિચ્છાએ જાય છે તેજ માર્ગે સ્વેચ્છાએ સભાન દશામાં પ્રયાણ કર્યું. આવા પવિત્ર, સત્યનિષ્ઠ, સૌમ્યદર્શન આત્માને આપણાં અનેક વન્દન હો!

સાધુ કૌશાંબીજી

બૌદ્ધ ધર્મશાસ્ત્રોના તેમજ પાલી ભાષાના પ્રખર વિદ્વાન અને આઝાદીની લડતના સાચા સત્યાગ્રહી અધ્યાપક ધર્માનંદ કૌશાંબીએ જુન માસની ચોથી તારીખે આપણસર્વેની વચ્ચેથી વીદાય લીધી છે.

ગુજરાત પુરાતત્વ મંદિરમાં આચાર્ય તરીકે જોડાઇને તેઓ ગુજરાતી થયા; પંડિત શ્રી સુખલાલજી, મુનિશ્રી જિનવિજયજી અને પંડિત બેચરદાસજીના સાથીદાર બન્યા. અર્ધમાગધી, પાલી અને સંસ્કૃત ભાષાનો સંગમ ત્યારે અમદાવાદમાં થયેલો. બૌદ્ધ અને શ્રમણ સાહિત્યના ઉંડા અભ્યાસ માટેનાં પગરણ ત્યારથી મંડાયેલાં. આ વિદ્વાનો પરંપરાને માન આપે તેવા હતા; સાચવે તેવા નહિ; રૂઢ થયેલી માન્યતાઓને વિચારે તેવા હતા; સ્વીકારે તેવા નહિ. અભ્યાસને અંતે સૌએ વાઙમયને સમૃદ્ધ કર્યું છે; વિકસાવ્યું છે. આપણે ત્યાં સાહિત્યકારોનાં સન્માન, રાજકારણનાં રસ લેતી વ્યક્તિઓ જેટલાં કે તેથી ઓછાં જવલ્લેજ થાય છે; નહિ તો આ વિદ્વાનો આગલી હરોલમાં હોત.

ઓછામાં ઓછા પરિગ્રહી કોસમ્બીજી મળતાવડા ખૂબ હતા– પરંતુ જેની સાથે દિલ મળ્યું તેની સાથે. અભ્યાસપરાયણ મનોવૃત્તિ, એટલે તેમાં જ તેમણે જીવન ખર્ચી નાંખ્યું. જીવનનાં છેલ્લા વર્ષોમાંય તેમણે કેટલીય વાર રસોઇ હાથે પકાવી છે; કપડાં હાથે ધોવાં છે; કોઇને બોજારૂપ થયા જ નહિ એમ કહીએ તો ચાલે. "પુત્રો સારી જગાએ છે–તેમની સાથે રહેવા જઉં, પણ જે માયાનો મેં ત્યાગ કર્યો છે, તેની સાથે પાછી વળગણી થાય ને!" એમ કહી તેમણે પુત્રની સેવાની અપેક્ષા ન રાખી; પરિગ્રહનાં બીજ શેષાય એ બીકે તેમની સેવા લેવાનો વિચાર પણ ન કર્યો; અને ખડતલ સત્યાગ્રહી તરીકે અપરિગ્રહી રહી દેહનું વિસર્જન કર્યું. જૈન સાધુ પણ ન આચરી શકે એવું એમનું સંયમપરાયણ, અપરિગ્રહી અને અભ્યાસી સાધુજીવન હતું.

જીવજંતુનો તેમને ડર નહોતો. ઝુંપડીમાંથી કંઇક મળી આવશે એ આશાએ ચોર લોકો કદીક તેમને હેરાન કરતા. તેઓ બંનેને કહેતા: "તમારી સાથે મારે વેર નથી; ફરો, ફરો, મઝા કરો." અને "નાહક શા માટે તરદી લો છો, ને મને હેરાન કરો છો? આહીંથી તમને કશું નહિ મળે." બંને તરફ તેમને સમભાવ હતો. એક વખત તેમણે કહેલું કે "પરિગ્રહ રાખીએ તો ઉપાધિ વધે ને? એ ઉપાધિમાંથી નીપજતી માનસિક ઉપાધિ વધુ ત્રાસ આપે." પર્યુષણ પર્વ વ્યાખ્યાનમાળા (અમદાવાદ) ને છેલ્લે દિવસે તેમને વર્ધા જવું હતું–મુંબઇ થઇને. ટિકિટ મળે નહિ, અમે કહ્યું 'આપ ફિકર ન કરો; સાંજે આપ તૈયાર રહેજો; આપની વ્યવસ્થા થઇ જશે.' તેમણે ના કહી. પોતાને માટે થઇ કોઇને પરેશાન કરવાનું તેમને ન રૂચ્યું. અમે ગાડીભાડું વિદ્યાપીઠમાં આગ્રહ કરી મોકલ્યું. આશ્ચર્ય સાથે ત્રીજે દિવસે ભાડું જતાં વધેલી ચાર આનાની રકમ અમને પાછી મળી. પરિગ્રહ નહિ વધારવાની મનોવૃત્તિવાળા કોસમ્બીજીએ ચાર આનાની વધારાની રકમ રાખી નજ શકાય એવો અમને બોધપાઠ આપ્યો. રકમ નજીવીહતી તેથી શું?

અને આ પરિગ્રહપરિમાણની મનોવૃત્તિ કેટલી હદ સુધીની હતી તેનો ખ્યાલ એક દિવસ આવ્યો. બનારસથી તેમણે પંડિતશ્રી બેચરદાસ પર કાગળ લખ્યો હતો કે ઉમર થઇ ગઇ છે; શરીર કામ કરી શકતું નથી; માટે હવે કોઇને ભારરૂપ ન થવું.' આથી પોતે અનશનવ્રત શરૂ કરે છે. પંડિતજીએ તેમને પત્ર લખ્યો; પણ અસર ગાંધીજીએ કરી. જૈન સાધુઓ શરીરને નિરૂપયોગી થયેલું જોઇ, સમાજને ઉપયોગી નહિ થઇ શકાય એવું સમજી, સમાજને ભારરૂપ ન થવાય તે માટે અનશનવ્રત લેતા, તેનું પ્રત્યક્ષ ઉદાહરણ કોસમ્બીજીએ આપ્યું.

સાહિત્યની દ્રષ્ટિએ તેમનું મૂલ્યાંકન પાલી ભાષાના અને બૌદ્ધ ધર્મના વિદ્વાનો કરી શકે; ગુજરાતી વાચકવર્ગ તેમને 'આપવીતી'થી ઓળખે છે, અને 'આપવીતી' છે ત્યાં સુધી તેમને કોઇ ભૂલશે પણ નહિ. તેમની અભ્યાસપરાયણ વૃત્તિ, સત્યાગ્રહીનો આદર્શ, અપરિગ્રહી સાધુપણું, સ્વાશ્રયી જીવન, કર્તવ્યપરાયણ નિષ્ઠા–વગેરે ગુણોને લીધે તેઓ આપણે માટે અમૂલ્ય માર્ગદર્શન મુકતા ગયા છે; સાધુઓનું ને શ્રાવકોનું, જીવન આવા પ્રકારનું હોઇ શકે તેમ નિર્દેશ કરતા ગયા છે. તેઓ ઉમરલાયક હતા; જીવનમાં થઇ શકે એટલું અવિરત શ્રમ લઇ કાર્ય કરી ચૂકયા હતા; એટલે તેમને ય આરામની જરૂર હતી; આથી તેમના દેહના ઉત્સર્ગથી શોક ન થાય એ સ્વાભાવિક છે.

પરંતુ તેમના અવસાનથી, પાલી ભાષાના એક પ્રખર અભ્યાસીની ક્ષતિને ખોટ પડી છે, એ સ્થાન પૂરી શકે એવો કોઇ વિદ્વાન આજે નજરે ચડે તેમ નથી.

સ્વર્ગસ્થના આત્માને, જ્યાં હો ત્યાં શાંતિ મળો!

ધીરજલાલ ધનજીભાઈ શાહ

સંઘની વિવિધ પ્રવૃત્તિઓને મળેલી આર્થિક મદદો

સ્વ. ડૉ. વ્રજલાલ ધરમચંદ મેઘાણી સ્મારક ફંડ

૨૧૫૦) તા. ૧૫–૫–૪૭ ના અંકમાં સ્વીકારેલા તેમાં ૧૫ એક ગૃહસ્થ તરફથી. ૧૧ શ્રી. વિનોદચંદ્ર જે. શાહ. ૧૧ સી. બંગડીવાળાની કું. ૧૦ શ્રી. રતીલાલ સારાભાઈ ૨।= એક ગૃહસ્થ તરફથી. મળીને કુલ રૂ. ૨૧૯૯।= થયા છે.

વૈદ્યકીય રાહતમાં રૂા. ૧૦) શ્રી. ચંદ્રકાંત નગીનદાસ શાહના અને **શ્રી. મ. મો. સાર્વજનિક વાંચનાલય પુસ્તકાલયને** શ્રી. રતિલાલ સારાભાઈ ઝવેરી તરફથી તેમના સદ્‌ગત પત્ની શ્રી. સુન્દરબાઈના સ્મરણમાં રૂા. ૧૦૦) ની રકમ અર્પણ કરવામાં આવી છે.

મંત્રી, મુંબઇ જૈન યુવક સંઘ

સંઘ સમાચાર

તા. ૨૫-૬-૪૭ ના રોજ મળેલી શ્રી. મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિએ નીચે મુજબના ઠરાવો પસાર કર્યા હતા.

સ્વ. અધ્યાપક ધર્માનંદ કૌશાંબી વિષે શોકપ્રસ્તાવ

અધ્યાપક ધર્માનંદ કૌશાંબીના અવસાન પ્રસંગે શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિ પોતાની અત્યન્ત ખેદની લાગણી પ્રગટ કરે છે. તેઓ બૌધ્ધ ધર્મના ઉંડા અભ્યાસી હતા. અને સાથે સાથે તેમણે અન્ય દર્શનોનો પણ ઉંડો પરિચય સાધ્યો હતો. તેમનું સૌજન્ય, સરળતા અને સાધુતા અનુપમ હતાં. તેમનું જીવન જેટલું વીરત્વથી ભરેલું હતું તેટલું જ વીરત્વ તેમના આમરણાન્ત અનશનમાં તેમણે દાખવ્યું હતું. તેમના જવાથી એક તત્વચિન્તક વિદ્વાનની અને સત્યનિષ્ઠ સાધુજનની આપણા દેશને જરૂરિયાત પુરાય એવી ખોટ પડી છે અને જગતે અણમોલ માનવરત્ન ગુમાવેલ છે. તેમના પવિત્ર આત્માને આ સભા શાશ્વત શાન્તિ ઇચ્છે છે.

હરિજન મંદિરપ્રવેશ ધારાને અનુમોદન

મુંબઇ પ્રાંતની સરકારે હરિજન મંદિરપ્રવેશનો જે ધારો મુંબઇની ધારાસભામાં મંજુરી માટે રજુ કર્યો છે તે ધારાને મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિ અંતઃકરણ પૂર્વક આવકારે છે અને આ પ્રમાણે આપણા ધાર્મિક જીવનમાં જડ ઘાલી બેઠેલી અસ્પૃશ્યતાને નાબુદ કરવાના આપણી કોંગ્રેસ સરકારના પ્રયાસને અભિનંદે છે. આ પ્રસંગે આ સભા જાહેર કરે છે કે જૈન ધર્મમાં અસ્પૃશ્યતાને કશું પણ સ્થાન હોઇ શકે જ નહિ અને જિન મંદિરમાં દર્શનાર્થે આવતા કોઇ પણ માનવીનો માત્ર નાત જાતના કારણે બહિષ્કાર થઇ શકે જ નહિ. આમ છતાં પણ આજના આપણા જીવનમાં અસ્પૃશ્યતાનો જે કાંઇ અંશ વિદ્યમાન છે તે નાબુદ કરવા માટે તેમજ વર્તમાન જિનમંદિરમાં કોઇ પણ માનવીના પ્રવેશની અસ્પૃશ્યતાના કારણે અટકાયત કરવામાં આવતી હોય તો તે રદ કરાવવા માટે આખા જૈન સમાજને આગ્રહપૂર્વક અનુરોધ કરે છે.

ઉદ્દેપુર રાજ્યના ચુકાદાનો વિરોધ

કેશરીઆજી તીર્થનો વહીવટ અને ધ્વજદંડ આરોહણને લગતા દિગંબર જૈનો અને શ્વેતાંબર જૈનો વચ્ચે વર્ષોથી ચાલતી તકરારનો નીકાલ લાવવા માટે આજથી તેર વર્ષ પહેલાં નીમાયેલ કમીશનના રીપોર્ટ ઉપરથી ઉદ્દેપુર રાજ્યે તા. ૫-૬-૪૭ ના રોજ જે ચુકાદો બહાર પાડયો છે તે અનેક દૃષ્ટિએ અન્યાયથી ભરેલો છે અને જૈન સમાજના કેશરીઆજી તીર્થ પરત્વેના મૌલિક હકો ઉપર અઘટિત રીતે તરાપ મારનારો છે. વિશેષમાં ધ્વજદંડ કમીશને પોતાને સોંપાયલા મુદ્દાઓની બહાર જઇને કેટલાક નિર્ણયો રજુ કર્યા છે જે નિર્ણયો બાર વર્ષના ગાળે એકાએક સ્વીકારીને ઉદ્દેપુર રાજ્યે કેવળ આપખુદી ભરેલું ફરમાન બહાર પાડયું છે અને સાથે સાથે ઉદ્દેપુર મહારાણાએ જૈન સમાજની વતી કેવળ ટ્રસ્ટી તરીકે પોતાને હસ્તક રહેલો કેશરીયાજીનો ભંડાર તેમજ આવક દેવસ્થાન નિધિ નામનું એક ટ્રસ્ટીમંડળ ઉભું કરીને તે ટ્રસ્ટીમંડળને 'પ્રતાપ વિશ્વ વિદ્યાલય' નામની ઉભી કરવામાં આવનાર સંસ્થાના ઉપયોગ માટે કેવળ મનસ્વી રીતે સુપ્રત કરેલ છે અને આ બાબતમાં જૈન સમાજની ઇચ્છા કે અભિપ્રાય મેળવવા કે જાણવાની દરકાર સરખી કરી નથી. આ કારણથી આખા જૈન સમાજને અત્યન્ત આઘાત થયો છે. શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિની આજ રોજ મળેલી સભા આ ચુકાદા સામે પોતાનો સખ્ત વિરોધ જાહેર કરે છે અને આ ચુકાદામાં રહેલી વાંધાપડતી બાબતો રદ કરાવવા માટે જરૂરી હીલચાલ હાથ ધરવા જૈન સમાજને અનુરોધ કરે છે.

ડાહ્યાભાઇ બાલાભાઈ કોરા નિબંધમાળા

ઇનામી હરીફાઇ

શ્રી. છોટાલાલ બાલાભાઇ કોરા તરફથી તેમના સદ્‌ગત પિતાશ્રી બાલાભાઈ ગુલાબચંદ કોરાની ઇચ્છા અનુસાર તેમના સદ્‌ગત વડિલ બંધુના સ્મરણાર્થે એક ઇનામી નિબંધમાળાની યોજના અને તેમાં જણાવ્યા મુજબ રૂા. ૪૦૦ ની રકમ અમારી ઉપર મોકલી આપવામાં આવી છે, અને આ નિબંધમાળા "ડાહ્યાભાઇ બાલાભાઇ કોરા નિબંધમાળા"ના નામથી ઓળખાય એવી ઇચ્છા તેમણે વ્યકત કરી છે. શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિએ આ યોજનાનો અમલ કરવાનો ઠરાવ કર્યો છે. આ રીતે જૈન સમાજના વિચારકોને આપણા જૈન સમાજના ભાવી વિષે પોતાના વિચારો વ્યવસ્થિત આકારમાં રજુ કરવાની તક ઉભી કરવા માટે શ્રી છોટાલાલ બાલાભાઇ કોરાનો સંઘની કાર્યવાહક સમિતિ તરફથી આભાર માનવામાં આવે છે. આ યોજનાનો કેવો લાભ લેવામાં આવે છે તે ધ્યાનમાં લઇને આગળ ઉપર આવા જ કોઇ અન્ય વિષયો ઉપર ઇનામી નિબંધો લખાવવાની પ્રવૃત્તિ ચાલુ રાખવા પોતાની ઇચ્છા છે એમ શ્રી છોટાલાલ બાલાભાઇ કોરા તરફથી અમને જણાવવામાં આવ્યું છે. પ્રસ્તુત યોજનાની વિગતો નીચે મુજબ છે.

વિષય : "આધુનિક સમયને અનુલક્ષીને જૈન ધર્મ અને સમાજ (ચતુર્વિધ સંઘ) નો ઉત્કર્ષ કેમ થાય ?"

ઇનામ : આ વિષય ઉપર એકત્ર થયેલા નિબંધોમાંથી સૌથી સારો નિબંધ લખી મોકલનારને **રૂા. ૨૫૦** અને તેથી ઉતરતો નિબંધ લખી મોકલનારને **રૂા. ૧૫૦** નું ઇનામ આપવામાં આવશે.

હરીફાઇ કોણ કરી શકે ? આ હરીફાઇમાં માત્ર જૈનો જ ભાગ લઇ શકશે.

નિબંધનું કદ : ફુલ્સકેપ આઠ પેજના ૩૨ છાપેલાં પાનાં થાય એ આસપાસ.

ભાષા : નિબંધની ભાષા ગુજરાતી અથવા હિંદી હોવી જોઇએ.

સમય : ચાલુ વર્ષના ઓગસ્ટ માસની આખર તારીખ સુધીમાં જે નિબંધો મળ્યા હશે તેટલા નિબંધો જ હરીફાઇમાં સામેલ કરવામાં આવશે.

પરીક્ષક સમિતિ : આ નિબંધો તપાસવા તેમ જ પહેલા તથા બીજા ઇનામની યોગ્યતા નક્કી કરવા માટે નીચે મુજબ પરીક્ષક સમિતિ નીમવામાં આવે છે. પંડિત સુખલાલજી, શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ. શ્રી પરમાનંદ કુંવરજી કાપડીઆ, શ્રી. શાન્તિલાલ હરજીવન શાહ શ્રી. છોટાલાલ બાલાભાઇ કોરા.

નિબંધોની માલેકી : આ હરીફાઇ માટે મોકલવામાં આવેલા સર્વ નિબંધો ઉપર પ્રકાશન વગેરેની સર્વ માલેકીના હક્કો શ્રી મુંબઇ જૈન યુવક સંઘને રહેશે. તેમજ જે નિબંધોને ઇનામો મળ્યા હશે તે નિબંધો પ્રગટ કરવાનો શ્રી છોટાલાલ બાલાભાઇ કોરાને પણ હક્ક રહેશે.

આ શરતો ધ્યાનમાં રાખીને ઉપર જણાવેલ વિષય ઉપર વિચારપૂર્ણ લેખો લખી મોકલવા જૈન સમાજના વિદ્વાન તેમ જ અનુભવી ભાઇ બહેનોને અમારી સવિનય પ્રાર્થના છે.

૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ,
મુંબઇ ૩.

મણિલાલ મોકમચંદ શાહ
દીપચંદ ત્રીભોવનદાસ શાહ
વેણીબહેન વિનયચંદ કાપડીઆ
મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૯
અંક : ૬

મુંબઈ: ૧૫ જુલાઇ ૧૯૪૭ મંગળવાર.

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

આર્થિક અથડામણના આરે ઉભેલું જગત્

લડાઇ દરમ્યાન સુલેહ, શાન્તિ, સહકાર અને સંપની ભવ્ય નીતિ જાહેર કરનારા જગતના મહાન દેશો અત્યારથી બે છાવણી-ઓમાં વહેંચાવા માંડયા છે. રાજકીય મતભેદો આંતરરાષ્ટ્રીય આર્થિક ક્ષેત્રમાં ઉતરવા માંડયા છે. લડાઇ પછી જગતમાં ડોલરનો દુકાળ પડશે તે તો રસ્તે ચાલતો માણસ કલ્પી શકે તેવું હતું. તે આવતા બનાવોની બીંસમાં જગતના લગભગ બધા દેશોએ અમેરિકન–પ્રેરિત બ્રેટન વુડ્ઝની આંતરરાષ્ટ્રીય આર્થિક યોજનાનો સ્વીકાર કર્યો હતો. તે યોજના મારફત આર્થિક સહકાર પાછળ રાજકીય સહકાર સધાવાની આશા ઉભી થઇ હતી. પણ તે પહેલાં અમેરિકન–પ્રેરિત બીજી માર્શલ યોજના અમલમાં મુકવાની તૈયારી ચાલે છે. આ યોજનાથી રાજકીય મતભેદો વધુ તીવ્ર અને સ્પષ્ટ બનવાનો ભય ઉભો થયો છે. માર્શલ યોજનાના નામે આર્થિક રાહત મેળવવા જતાં રાજકીય વિષમ સ્થીતિ જગત સામે આવી ઉભે છે. આવા સમયે જગતના અત્યારના આર્થિક આન્તર પ્રવાહોની આછી સમીક્ષા કરવાનો આ લેખનો આશય છે.

જુલાઇની પંદર તારીખ હિંદુસ્થાનના આર્થિક ઇતિહાસમાં એક યાદગાર દિવસ બની રહેશે. તે દિવસે રૂપીયા અને સ્ટર્લીંગ વચ્ચે થયેલા હિંદુ–લગ્નના છુટા છેડા થશે. હુંડીનો અઢાર પેન્સનો બાંધેલો ભાવ છુટો થશે. સ્ટર્લીંગ મારફત જ દુનિયાના દેશો સાથે રૂપીયાની લેવડદેવડ કરી શકાતી હતી તે હવે બંધ પડશે. લડાઇના સમયથી રૂપીયો સ્ટર્લીંગ બ્લોકમાં ગોંધાયેલો હતો તે હવે સ્વતંત્ર થશે. હવે દુનિયાના કોઇ પણ દેશનાં નાણાં સાથે રૂપીયો સીધો વટાવી શકાશે. તેવા વટાવ સામે હિંદી સરકાર સિવાય કોઇનો અંકુશ નહિ હોય. અને હુંડીના અત્યારના ભાવ ચાલુ રાખવા અગર તેમાં જુજ ફેરફાર કરી શકાય તે સંબંધી હિંદી સરકાર અને આંતર-રાષ્ટ્રીય બેંક વચ્ચે સીધા કરાર થયા છે તે મુજબ હુંડીના અત્યારના ભાવ ચાલુ રહેશે. તેમાં કોઇ પરાયી સરકાર દખલ નહિ કરી શકે.

રૂપીઆની સ્વતંત્રતાના સંજોગો

આ રીતે રૂપીઓ સ્વતંત્ર બને છે તેની અનેક સગવડો છે તેમ તેમાંથી કેટલીક મુંચ અને મુસ્કેલીઓ પણ ઉભી થાય છે. લડાઇ દરમ્યાન હિંદુસ્થાને લંડનની બેન્ક ઓફ ઇંગ્લંડમાં મોટી રકમની સ્ટર્લીંગ પુરાંત જમા કરી છે. જો આ સ્ટર્લીંગ પુરાંત અત્યારે જ કટકે કટકે હિંદના વપરાશમાં આવી શકે તેવા કોઇ કરાર બ્રિટીશ સરકાર સાથે થઇ જાય તો સારૂ, નહિતર જેટલો માલ હિંદમાંથી સ્ટર્લીંગ ઉપર ચાલતા દેશોમાં જાય તેટલી જ કિમતનો માલ સ્ટર્લીંગ ઉપર પરદેશોમાંથી મંગાવી શકાશે. સ્ટર્લીંગ પુરાંત-માંથી હિંદને દર વર્ષે થોડા ડોલરની સગવડ મળતી રહે તેવી સગવડ થાય તો સારૂ. નહિતર આપણે અમેરિકામાં જેટલો માલ મોકલી શકીએ તેટલો જ માલ આપણને અમેરિકામાંથી મળે તેવી સ્થિતિ ઉભી થશે.

અત્યારે હિંદુસ્થાનની સ્થીતિ એવી છે કે નિકાશ ઓછી થાય છે. અને આયાત વધુ થાય છે. વળી નિકાશ કરી શકાય તેવું વધારાનું રૂ અને શણ પાકીસ્તાનમાં જાય છે. એટલે પરદેશથી માલ મંગાવવા માટે સ્ટર્લીંગ કે ડોલરની આપણે સ્વતંત્ર વ્યવસ્થા કરવાની હશે તો હિંદુસ્થાનની સ્થિતિ વિષમ બનવાનો ભય છે. પણ આવી સ્થીતિ આખી દુનિયાની છે. આખી દુનિયાના અર્થતંત્રને ભયમાં મુકે તેવો આ ગંભીર પ્રશ્ન છે. એટલે આ બાબતમાં દુનિયાનું થશે તે હિંદનું થશે. તે ગણુત્રીએ હવે દુનિયાની આ જાતની સ્થિતિનો વધુ વિગતથી વિચાર કરીએ.

અમેરિકાનું રાક્ષસી ઉત્પાદન

આખી દુનિયાને અમેરિકામાંથી માલ ખરીદવો છે. અમેરિ-કામાં કાચી ચીજો અને ઔદ્યોગીક વસ્તુઓનું ઉત્પાદન અતિશય વધુ છે. ૧૯૩૯ માં અમેરિકામાં બધી વસ્તુઓનું ઉત્પાદન અઢાશી અબજ ડોલરનું હતુ. ૧૯૪૦માં સતાણું અબજ ડોલરનું હતું. તે વધીને ૧૯૪૪માં બસો આઠ અબજ ડોલર થયું હતું. ૧૯૪૬ ના સપ્ટેમ્બરમાં એકસો એંશી અબજ ડોલર હતું. એક બાજુ દુનિયાનું ઉત્પાદન અને બીજી બાજુ એકલા અમેરિકાનું ઔદ્યોગીક ઉત્પાદન બન્ને એક સરખાં છે. ૧૯૩૯માં અમેરિકાના લોકો સતાશી અબજ ડોલરનો માલ ખરીદવા હતા અને ૧૯૪૪માં એકસો બાર અબજનો માલ ખરીદતા હતા. ૧૯૪૪માં અમેરિકાના લોકોની આટલી મોટી ખરીદ નાણાના પુગાવને અંગે તેમજ લડાઇ દરમ્યાન ખાલી થયેલા સ્ટોક ભરપાઇ કરવા માટે હશે. હજુ સુધી અમેરિકાના લોકોની આવી જોરદાર ખરીદી ચાલુ હતી. હવે તેમાં કાંઇક ઓટ આવતો જાય છે. સંજોગો સામાન્ય થશે તેમ આ ખરીદી હજુ વ્હેજ ઘટશે તેવી ગણુત્રી છે. એટલે અમેરિકાને ઓછામાં ઓછો પંચોતેર અબજ ડોલરની કિંમતનો માલ દર વર્ષે દુનિયામાં વેચવો પડશે. નહિતર ત્યાંના ઉદ્યોગો અને લોકો બેકાર બનવાનો ભય ઉભો થશે. આ રીતે અમેરિકાને દુનિયામાં પોતાનો માલ વેચ્યા વિના છુટકો નથી.

પણ અત્યારે અમેરિકા સિવાયના જગતમાં વસ્તુઓનો દુકાળ હોય તેવી સ્થિતિ પ્રવર્તે છે. એટલે વસ્તુઓ ખરીદનારા ગરજવાન છે. ગરજવાનને અકકલ ન હોય તેમ આજ સુધી દરેક દેશે અમેરિકા-માંથી માલ ખરીદીને તે સામે ડોલર ચુકવવા માટે પોતાની ઘણી ખરી ઇસ્કયામત ખર્ચી નાખી છે. દુનિયાના ૧૩૭ દેશોમાંથી માત્ર ૧૧ દેશોને અમેરિકા સાથેના વેપારમાં સરવાળે જમા પાસુ રહે છે. પરિણામે અત્યારની ગણુત્રીએ અમેરિકામાંથી આયાત કરતા નિકાશ વાર્ષિક અગીઆર અબજ ડોલરની વધુ થાય છે. ઉપરાંત અમેરિકાને પરદેશમાંથી બીજી ત્રણેક અબજની આડકતરી આવકો છે. આ રીતે અત્યારની ગણુત્રીએ દર વર્ષે અમેરિકાને આજની દુનિયાના દેશોએ ચૌદ અબજ ડોલરનું ભરણું કરવું પડે તેવી સ્થિતિ છે. આટલા ભરણામાં અત્યારથી દુનિયા થાકી ગઇ છે.

ડોલરનો દુકાળ

આટલી મોટી રકમની વસ્તુઓની ખરીદી અમેરિકામાંથી કરવા માટે નાણાંનું ભરણું ત્રણ રીતે થઇ શકે (૧) અમેરિકાનો માલ ખરીદનાર દેશોમાંથી અમેરિકાએ વસ્તુઓ ખરીદવી (૨) અમેરિકામાંથી વસ્તુ ખરીદનારા દેશોએ સોનું અગર ડોલર ચુકવવા (૩) અમેરિકામાંથી વસ્તુ ખરીદનારા દેશોને અમેરિકાએ મોટી રકમના ડોલરની લોન આપવી. તે રકમ અમેરિકામાંથી વસ્તુ ખરીદવામાં વપરાય.

આમાંથી પહેલો ઉપાય અમેરિકાને પસંદ નથી; તેમજ આજના દુનિયાના સંજોગોમાં તેની મોટા પ્રમાણમાં શકયતા નથી. પરદેશી વસ્તુઓની આયાત સામે અમેરિકામાં મોટી જકાત છે. આંતરરાષ્ટ્રીય મુક્ત વ્યાપાર એકંદર અમેરિકાના હિતમાં છે અને અમેરિકા તેની હિમાયત કરે છે, છતાં અમેરિકાએ આયાત જકાત હજુ કાઢી નાંખી નથી, પણ ગરમ કાપડની આયાત ઉપર અમેરિકા નવી જકાત નાખવાનો ધારો તૈયાર કરે છે. એટલું જ નહિ પણ જાપાનમાં હિંદના ભોગે અમેરિકા પોતાનું રૂ વધુ પ્રમાણમાં ધુસાડવા મથે છે. આ રીતે અમેરિકા આયાત કરવા માંગતું નથી પણ નિકાશ વધારવા માંગે છે. પણ અમેરીકાના માલની કિંમત ચુકવવા માટે દુનિયાના દેશો પાસે સોનું કે ડોલર નથી રહ્યાં. દુનિયામાં ડોલરનો દુકાળ પડયો છે. પરિણામે એવી સ્થિતિ ઉભી થઇ છે કે કાંતો દુનિયાને અમેરિકા સાથેનો વેપાર બંધ કરવાની ફરજ પડશે અગર પોતાનો વેપાર ચાલુ રાખવા માટે અમેરિકાએ દુનિયાના દેશોને લોન આપવી પડશે.

વેપારમાં ઉધાર પાસુ

દુનિયાના દેશોમાં ડોલરનો દુકાળ પડવાનાં કારણે વધુ ઊંડાણથી વિચારીએ તો આ સ્થિતિના ઉકેલ વિષે કાંઇક કલ્પના આવી શકશે. એવી ગણત્રી છે કે લડાઇ દરમ્યાન દક્ષિણ અમેરિકાના દેશો અને કેનેડા સમૃધ્ધ થયા છે અને તેઓ પાસે ડોલર અને સોનાનો સારો સંગ્રહ એકઠો થયો છે. આમ છતાં કેનેડા અને આર્જેન્ટાઇન જેવા મુખ્ય સમૃધ્ધ દેશો ડોલરના દુકાળની બુમ મારે છે. પછી યુરોપ અને એશીયાની વાત જ કયાં કરવી ?

આયાત બાદ કરતાં અમેરિકાની નિકાશ (ફેવરેબલ બેલાન્સ) લડાઇ પહેલાં કેનેડામાં ૧૦૬૦ લાખ ડોલર હતી તે અત્યારે એક અબજ ડોલર છે; બ્રિટનમાં ૩૨૫૦ લાખ ડોલર હતી તે અત્યારે ૧૧૪૧૦ લાખ છે; પશ્ચિમ યુરોપમાં ૧૯૫૦ લાખ હતી તે ૨૯૫૧૦ લાખ છે. અને દક્ષિણ અમેરિકામાંથી લડાઇ પહેલાં અમેરિકા નિકાશ જતાં ૫૮૦ લાખ ડોલરનો માલ વધુ આયાત કરતું હતું તેના બદલે અત્યારે અમેરિકા આયાત જતાં તે દેશોમાં ૧૬૦૮૦ લાખ ડોલરનો વધુ માલ નિકાશ કરે છે.

ઇંગ્લંડે ઘર સાજું રાખીને પોતાનું કામ ચલાવ્યું છે. ચલણી નાણાં સામે સોનાના સત્તાવાર સંગ્રહનો જરાયે વધારો દેખાડયા વિના ઇંગ્લંડ બીનસત્તાવાર રીતે પોતાના સોનાના ખાનગી સંગ્રહમાં વધારો કર્યો જાય છે. એવી ગણત્રી છે કે ૧૯૪૬ માં દુનિયામાં સોનાનું ઉત્પાદન ૯૬ કરોડ ડોલરની કિંમતનું હતું. તેમાંથી જરા પણ સોનું દુનિયાના કોઇ પણ દેશના સત્તાવાર સરકારી સંગ્રહમાં ગયું નથી. એટલે અમેરિકાના માલ સામે નાણાં ચુકવવા જેમ ડોલરની સગવડ વધતી નથી તેમ સોનાની સગવડ પણ વધતી નથી. ૧૯૪૬ ના સોનાના ઉત્પાદનમાંથી લગભગ ત્રીસ કરોડ ડોલરનું સોનું ઇંગ્લંડના બીન સત્તાવાર ખાનગી સંગ્રહમાં ગયું છે અને બાકીનું એશીયાના દેશોમાં ગયું છે.

એટલું જ નહિ પણ લડાઇના અન્ત સાથે અમેરિકાએ ઇંગ્લંડને મોટી રકમની લોન આપી સાથીદાર લડવૈયાને આર્થિક મદદ કરી તે જાણીતી વાત છે. તે લોનમાંથી ૧૯૪૬ ના પાછલા છ મહિનામાં સાડ કરોડ ડોલર વપરાયા હતા; ૧૯૪૭ પહેલાં છ મહિનામાં બીજા એક અબજ પીસ્તાલીશ કરોડ ડોલર વપરાયા હતા. હવે ૧૯૪૭ના પાછલા છ મહિનામાં બીજા એક અબજ સીત્તેર કરોડ ડોલર વપરાય એટલે લોનની આખી રકમ ખલાસ થાય છે.

આર્થિક અથડામણ

આ રીતે અત્યારે દુનિયા ડોલરના દુકાળને લીધે આંતરરાષ્ટ્રીય વ્યાપારની કટોકટીના આરે આવીને ઉભી છે. આવી આર્થિક કટોકટી કોઇની કલ્પના બહાર નહોતી. બલ્કે સૌની અને ખાસ કરીને અમેરિકાની કલ્પનામાં હતી જ. એટલે લડાઇના અંતની સાથે આંતરરાષ્ટ્રીય આર્થિક સહકાર માટે અમેરિકાની પ્રેરણાથી બ્રેટનવુડ્સ યોજના અમલમાં આવી; અને તેના પરિણામે આંતરરાષ્ટ્રીય બેન્ક અને આંતરરાષ્ટ્રીય ફંડ નામની સંસ્થાઓ ઉભી થઇ. પણ આ સંસ્થાઓ પોતાના રચનાત્મક કાર્યનો અમલ કરે તે પહેલાં પહેલે જ કોળીયે માખી આવે તે રીતે ડોલરના દુકાળમાંથી ઉભી થયેલી આર્થિક કટોકટી સામે આવીને ઉભી છે. તે નિવારવાનું કામ આ સંસ્થાઓની શક્તિ બહારનું છે. અમેરિકા સમજે તો જ આ કટોકટી નિવારી શકાય.

બરેબર, આ ગંભીર કટોકટી કોઇ રીતે નિવારી શકાશે નહિ તો આખા જગતનું અર્થતંત્ર હચમચી જશે. અમેરિકા સાથેનો વેપાર અટકશે. અમેરિકામાં વસ્તુઓની છતનો લીલો દુકાળ ઉભો થશે અને બેકારી આવશે. બાકીના જગતમાં વસ્તુઓનો સુકો દુકાળ ઉભો થશે. ભુખ્યા દેશો અંદરોઅંદરનો વેપાર વધારવા માટે હાંડલા બખડાવશે. ઝુગાવો વધશે. ઝુગાએલા નાણાની કિંમત ઘટવાથી હુંડીયામણના ભાવ ઘટાડીને પરદેશ સાથેનો વેપાર વધારવાની જીવલેણ હરિફાઇઓ થશે. જગતની હરિફાઇઓ પણ થાય. લડાઇ પહેલાં આંતર રાષ્ટ્રીય વેપાર અને અર્થકારણની જે સ્થિતિ હતી તેવી સ્થિતિ સ્વાભાવિક રીતે જ ઉભી થવાનો ભય ગણાય. તેમ થાય તો હુંડીયામણના ભાવ સ્થિર રાખીને આંતરરાષ્ટ્રીય વેપાર સ્વતંત્ર અને સહકારના ધોરણ ઉપર લાવી મુકવાની બધી યોજનાઓ નિષ્ફળ જાય. આંતરરાષ્ટ્રીય રાજકારણ ઉગ્ર મતભેદનો વિષય બની રહ્યું છે તે બળતામાં આર્થિક ઘર્ષણનું ઘી હોમાય તો જગતની અત્યારની કરુણ સ્થીતિ હવે પછી કેટલાગણી કરુણ બને તેની કલ્પના પણ ભયંકર છે.

જીવવા માટે જીવાડો

પરંતુ અમેરિકાએ પોતે જીવવા માટે બીજાને જીવાડવા પડશે. જેમ લડાઇમાં પોતે બચવા માટે અમેરિકાએ બીજાને બચાવવા જવું પડયું હતું, તેમ બીજા દેશોને નાણાં ધીરીને પણ અમેરિકાએ આંતરરાષ્ટ્રીય વ્યાપારની જીવાદોરી જીવતી અને ધીખતી રાખ્યેજ છુટકો છે.

બાપાલાલ દોશી.

આચાર્ય કૌસાંબી વિષે એક અનુભવસ્મરણ

આચાર્ય ધર્માનંદ કૌસાંબીએ પોતાના "ભગવાન બુધ્ધ" નામે પુસ્તકમાં જૈન ધર્મ અને માંસાહાર બાબત જે લખાણ લખ્યું હતું તે સત્યથી વેગળું છે. એવું જૈનના ત્રણે ફીરકાના ઘણા મોટા ભાગનું માનવું હતું. આ બાબતમાં જૈનોએ ખુબ જ ઉહાપોહ મચાવ્યો હતો, મોટી મોટી સભાઓ ભરી, લેખો લખ્યા હતા અને કૌસાંબીજી સામે સારા નઠારા આક્ષેપો પણ ખૂબ કર્યા હતા.

આ ઉહાપોહ પુર જોસમાં ચાલતો હતો તે દરમિયાન મારા સાંભળવામાં આવ્યું કે શ્રી કૌસાંબીજી મુંબઇમાં આવેલ છે. તેથી જેના લખાણ સામે આટલો બધો જબરજસ્ત વિરોધ જાગ્યો છે તે લખાણ ન્યાયી કે અન્યાયી છે તેની ચોખવટ મૂળ ધણી સાથે જ શા માટે ન કરી લેવી એ હેતુથી હું શ્રી કૌશાંબીજી પાસે ગયો અને જૈનના ત્રણે ફીરકાના અધિકારીઓ સાથે એ વાતની ચર્ચા કરવા મારે ઘેર આવવા મેં આમંત્રણ આપ્યું.

આમંત્રણના દીવસે ભારે પ્રસન્નચિત્તે કૌશાંબીજી મારે ત્યાં

કેશરીઆજી તીર્થ અને ઉદેપુર રાજ્યની જાહેરાતો

કેશરીઆજી આખા જૈન સમાજનું અને ખાસ કરીને દિગંબર તેમ જ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનોનું એક બહુમાન્ય પ્રાચીન તીર્થ છે. તે મેવાડ રાજ્યમાં ઉદેપુરથી લગભગ ૪૦ માઇલ દૂર ધુલેવા નામના ગામમાં આવેલ છે. આ તીર્થ 'રીખદેવજી'ના નામથી પણ ઓળખાય છે. આ તીર્થની કયારે સ્થાપના થઇ તેની કોઇ પાસે ચોકકસ માહીતી નથી. મુખ્ય મૂર્તિ મૂળમાં શ્વેતાંબર સંપ્રદાયની છે કે દિગંબર સંપ્રદાયની તે વિષે પણ કોઇ પ્રમાણભૂત માહીતી કે ઉલ્લેખ નથી. એટલું જ કે મૂર્તિના કટિભાગમાં કંદોરાની રેખા છે એમ ત્યાં જઇ આવનારા યાત્રાળુઓ જણાવે છે અને મૂર્તિ ઉપર સર્વ શોભા શણગાર શ્વેતાંબર પધ્ધતિ મુજબ કંઇ વર્ષોથી કરવામાં આવે છે. આ તીર્થમાં આવતા યાત્રાળુઓ ઉપર વંશપરંપરાના કેટલાય હકકોનો દાવો કરતા અને પ્રક્ષાલન, પૂજા, વગેરેની આવક સીધેસીધી ઉચાપત કરતા પંડયાઓનો અહિં એક મોટો સમુદાય વસે છે. તેમના આ તીર્થ ઉપર જાત જાતના લાગાઓ વર્ષોથી ચાલતા આવે છે. આ તીર્થ કોનું? આ તીર્થનો વહીવટ કરવાનો અધિકાર કોનો? આ મંદિર ઉપર ધ્વજદંડ ચઢાવવાનો હકક કોનો? આવા કેટલાક પ્રશ્નો પરત્વે દિગંબરો અને શ્વેતાંબરો વચ્ચે કંઇ વર્ષોથી ઝગડા ચાલતા આવ્યા છે. બીજી બાજુએ પંડયાઓની જૈનો ઉપરની જોહાકી અને તીર્થની આવકની તેમના હાથે થયેલી ઉચાપતો અને હજુ પણ ચાલતા કેટલાક ગોટાળાને અંગે જૈન સમાજની ત્યાંના પંડયાઓ સાથે પણ વર્ષોથી અથડામણ ચાલતી આવે છે. આ બન્ને પ્રકારની અથડામણોને લીધે તીર્થના વહીવટનો કબજો ઉદેપુર રાજ્યે પોતાના હાથમાં કેટલાંક વર્ષોથી લઈ લીધો છે. આ તીર્થના તેમ જ એવા જ અન્ય જૈન-જૈનેતર તીર્થના વહીવટો ચલાવવા માટે રાજ્ય તરફથી એક દેવસ્થાન ખાતું કંઇક વર્ષોથી સ્થાપવામાં આવ્યું છે. આ ખાતા તરફથી નીમાયેલ ભંડારી કેશરીઆજી તીર્થનો વહીવટ ચલાવે છે. આ તીર્થનો ભંડાર ઉદેપુર રાજ્યના કબજામાં છે અને આ તીર્થમાં થતી આવક પણ ઉદેપુર રાજ્યમાં તીર્થખાતે જમે થાય છે. ઉદેપુરના મહારાણા આ મંદિરને માનનારાઓની વતી પોતાની જાતને એક 'ટ્રસ્ટી' તરીકે ઓળખાવે છે અને તીર્થના ભંડારને એક 'ટ્રસ્ટી' તરીકે જાળવે છે.

ઉપર જણાવ્યા મુજબ ધ્વજદંડ ચઢાવવાનો હકક કોનો? શ્વેતાંબરોનો કે દિગંબરોનો? એ ઝગડો કંઇ કાળથી આ બે વર્ગ વચ્ચે ચાલતો આવ્યો છે. આજથી ૧૯ વર્ષ પહેલાં આ હકક શ્વેતાંબરોનો છે એવો રાજ્યે ચુકાદો આપેલો અને પરિણામે ૧૯૨૮ ના એપ્રીલ માસની ૨૪ મી તારીખે વિ. સં. ૧૯૨૮ વૈશાખ શુદ ૫ ના રોજ પાટણનિવાસી સદ્‌ગત શેઠ પુંનમચંદ કરમચંદ કોટા-વાળા તરફથી કેશરીઆજીના મંદિર ઉપર ધ્વજદંડ ચઢાવવામાં આવેલો. આ ધ્વજદંડ-આરોપણ સાથે એક કમનસીબ હત્યાકાંડ જોડાયેલો છે. એ હત્યાકાંડની વિગત આજે પુરી સ્મરણમાં નથી. પણ એવો કાંઇક ખ્યાલ છે કે ધ્વજદંડ ચઢાવતી વખતે સુલેહ-શાંતિ જાળવવાના હેતુથી મંદિરના ચોગાનમાં રાજ્યની પોલીસ હાજર હતી. વિરૂધ્ધપક્ષ તરફથી કાંઇક ધમાલ કે ગરબડ થઇ; પોલીસે લાઠી ચાર્જ કર્યો કે ગોળીબહાર કરવાની ધમકી આપી, એકઠા થયેલા લોકોની ભાગનાસ થઇ, મંદિરની બહાર નીકળવાના દરવાજા બંધ હતા, બહાર નીકળવા માટે માંત્ર નાની ડેલી ઉઘાડી હતી, જેમાંથી લોકો માટે એક સાથે નીકળવાનું અશકય હતું. એક સાથે નીકળવાની ભીંસમાં કે બીજી રીતે આશરે દશેક માણસો મરી ગયા; બીજા કેટલાક ઘાયલ થયા. આ રીતે શ્વેતાંબર સમુદાય તરફથી કરવામાં આવેલ ધ્વજદંડનું આરોપણ રકતરંજીત અને પ્રાણહાનિથી કલંકિત થયું અને બંને પક્ષો વચ્ચેનો કલહ વધતો ચાલ્યો. ૧૯૩૨ ની સાલ આસપાસ વાવાઝોડાને લીધે ધ્વજ-દંડને નુકસાન થયું અને એ ધ્વજદંડ વિધિપુરઃસર ઉતારીને નવો ધ્વજદંડ ચઢાવવાની જરૂરિયાત ઉભી થઇ. આ ધ્વજદંડ ઉતારવાની ક્રિયા આગળ જણાવેલા ચુકાદા મુજબ શ્વેતાંબર જૈનો દ્વારા તેમના કોઇ સાધુ કે યતિના હાથે થવી જોઇતી હતી. તેના બદલે ઉદેપુર રાજ્યના અધિકારીઓએ, સંભવ છે કે શ્વેતાંબર દિગંબરોના આ પ્રશ્ન પરત્વેના ઝગડાને ધ્યાનમાં લઇને, બ્રાહ્મણો પાસે વૈદિક વિધિ મુજબ ઉપરોકત ધ્વજદંડ ઉતારવાની ક્રિયા કરાવી અને ધ્વજદંડના સ્થાને એક વાંસની વળી ગોઠવીને તે ઉપર એક ભગવા રંગની નાની સરખી ધજા ભરાવવામાં આવી. આ આખી પ્રક્રિયા જૈન સંપ્રદાયની વિધિથી કેવળ વિપરીત પ્રકારની હતી એ જણાવવાની જરૂર છે જ નહિ. આજે પણ ઉપર જણાવેલ દરિદ્ર ધ્વજદંડ કેશરીઆજીના શિખર ઉપર ફરકી રહ્યો છે. આગળ જણાવ્યું તેમ શ્વેતાંબર દિગંબરના ધ્વજદંડ અંગેનો પ્રશ્ન તીવ્ર સ્વરૂપ ધારણ કર્યે જતો હતો. બંને વચ્ચે હકકની મારામારી અને બંનેનો રાજ્યના આપખુદ વર્તન સામે વિરોધ-આવા આ આખા પ્રકરણનો યોગ્ય નિકાલ લાવવા માટે ૧૯૩૪માં ઉદેપુરના રાજ્યે વનેરાના રાજા શ્રી અમરસિંહજી, શ્રી. સી. જી. એન્ડીકસ ટ્રેન્સ, શ્રી. બી. એલ. ભટ્ટાચાર્ય અને શ્રી. આર. એમ. અન્તાણી-એ ચાર સભ્યોની એક ધ્વજદંડ કમીટી નીમી, આ કમીટીએ બન્ને પક્ષની રજુઆત સાંભળી અને સાક્ષીઓની ઉલટપાલટ તપાસ કરી. શ્વેતાંબર પક્ષે સર ચીમનલાલ સેતલવડ અને શ્રી. મકનજી જુઠાભાઇ મહેતા હતા. પાછળથી સર ચીમનલાલના ઠેકાણે શ્રી. મોતીલાલ સેતલવડ આવેલા. દિગંબર પક્ષે શ્રી. મહમદઅલી ઝીણા હતા. પાછળથી દિગંબર પક્ષે શ્રી. ઝીણાના સ્થાને શ્રી. કનૈયાલાલ માણેકલાલ મુનશી આવેલા. બન્ને પક્ષે લગભગ એક એક લાખનો ખર્ચ થયાનું જણાવવામાં આવે છે. તા. ૫-૬-૪ ના ઉદેપુર રાજ્યનો હુકમ જે ગયા

પધાર્યા. આ પ્રસંગે મુર્તિપૂજક ભાઇઓ તરફથી શ્રી. મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ અને શ્રી. ચીમનલાલ શ્રોફ બે જ જણા સિવાય અન્ય કોઇ પીરકાના કોઇ અધિકારીઓ આવ્યા નહોતા.

અમો ચારે જણાએ લગભગ એક કલાક ચર્ચા કર્યા બાદ કૌસાં-બીજીએ જણાવ્યું કે કોઇનો પણ પક્ષ ન કરે એવા એટલે જસ્ટીસ ભગવતી જેવાને આપણે પંચ નીમીએ અને તેમનો ફેંસલો આપણે સૌ કબુલ રાખીએ. બન્ને પક્ષની દલીલ સાંભળ્યા બાદ જો પંચ મારી વિરૂદ્ધ અભિપ્રાય આપશે તો તે ઘણી ખુશીની સાથે હું કબુલ કરી લઇશ. અને તમારી બધાની સાફ સાફ મારી માંગીશ. અમો બધાએ જવાબ આપ્યો કે જે અધિકારીઓ અહિં નથી આવ્યા તેમને અમારે પૂછવું જોઇએ. આમ વિચાર કરી અમો છુટા પડયા. ત્યાર બાદ અમોએ શું કર્યું તેની તપાસ કરવા કૌસાંબીજી બીજી વાર મારે ત્યાં આવી ગયા. હું શું જવાબ આપું? પંચ અમારી વિરૂદ્ધ ન્યાય આપે તે અમને મંજુર નહોતો. અમારે તો અમને ગમતો ન્યાય જોઇતો હતો.

કૌસાંબીજીના આ બે વખતના સહવાસથી મને તેમના વિષે ભારે માન પેદા થયું હતું. તેઓ જબરજસ્ત અહિંસક, નિડર સત્યાગ્રહી, અગાધ સાહિત્યપ્રેમી અને પ્રખર સેવાભાવી હતા. ત્યારથી તેમની પવિત્રતાની મારા હૃદયપટ પર ભારે ઘેરી છાપ પડી હતી. જ્યારે તેમને સુઝયું કે હવે જગતની સેવા કરવાની પોતાની શકિત રહી નથી ત્યારે તેમણે ગાંધીજીના વર્ધા આશ્રમમાં જઇને એક ચુસ્ત જૈનને છાજે તેવી રીતે અનશન વૃત્ત આદરી પોતાની જીવનલીલા પોતાની મેળે અતિ પ્રસન્ન ચિતે સંકેલી લીધી.

ધન્ય હો એવા મહાપુરૂષને! ધન્ય હો એની જણેતાને !!

ટી. જી. શાહ

અંકમાં પ્રગટ કરવામાં આવ્યો છે તેની શરૂઆતમાં આ કમીટીનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ઉપર મુજબની રજુઆત તેમ જ જુબાનીઓ લેવાયા બાદ ધ્વજદંડ કમીટીએ કયારે રીપોર્ટ કર્યો અને શું રીપોર્ટ કર્યો તે વિષે આજ સુધી ઉદેપુર રાજ્ય તરફથી કોઇ પણ પ્રકારની માહીતી બહાર પાડવામાં આવી નહોતી. માત્ર ઉપર જણાવેલ તા. ૫-૬-૪૭ ના હુકમમાં પહેલી જ ખબર આપવામાં આવે છે કે ૧૯૩૪ માં નીમાયેલ ધ્વજદંડ કમીટીએ ૧૯૩૫ ના એપ્રીલ માસની ૧૦ મી તારીખે પોતાનો રીપોર્ટ રજુ કર્યો હતો. અને ત્યાર બાદ એ રીપોર્ટમાં ફલિત થયેલી કેટલીક હકીકતોનો એ હુકમમાં નિર્દેશ કરવામાં આવ્યો છે, જેમાં એક હકીકત નીચે મુજબ છે;

"રીખવદેવજીનું મંદિર મૂળ તો દિગંબર મંદિર છે તો યે કંઈ કાળથી હિંદુઓ–જેમાં ભીલોનો સમાવેશ થાય છે–અને બધા જ જૈન સંપ્રદાયો તેની પૂજા કરતા આવ્યા છે,"

આ પ્રતિપાદિત હકીકતના અન્વયે ઉદેપુર રાજ્યે જે હુકમ કર્યો છે તેના પરિણામે આ મંદિરની પ્રતિષ્ઠા કરવાનો કે ધ્વજદંડ ચઢાવવાનો હક્ક માત્ર જૈનોને જ નહિ, પણ જૈન જૈનેતર સૌ કોઇ હિંદુઓને આપવામાં આવ્યો છે અને એ વિધિ સૌથી વધારે ઉછાણી જે કોઇ બોલશે તેને તેના પોતાના સંપ્રદાયની રીત મુજબ કરવાની રહેશે એમ એ હુકમમાં જણાવવામાં આવ્યું છે. આ એક ભારેમાં ભારે અન્યાય કરવામાં આવ્યો છે. કોઇ પણ તીર્થ અનેકમાન્ય હોવું એ એક બાબત છે; પણ તે તીર્થની પ્રતિષ્ઠા, ધ્વજદંડ–આરોપણ વિગેરે ક્રિયાઓ તે તીર્થ જે સંપ્રદાયનું હોય તે સંપ્રદાયની રીત રસમ મુજબ જ થવી જોઇએ અને એ ક્રિયા કરવાનો હક્ક પણ એ સંપ્રદાયના અનુયાયીઓ સિવાય અન્ય કોઇને હોઇ ન જ શકે. કેશરીઆજીને ભીલ, કણબી કે કોળી કોઇ પણ ભલે માનતા હોય, પણ એ તીર્થ જૈન સંપ્રદાયનું છે એ વિષે કોઇથી પણ ના કહી શકાય તેમ છે જ નહિ. આવા તીર્થની અગત્યની ધાર્મિક ક્રિયાઓ કરવાનો હક્ક સૌ કોઇ હિંદુઓને આપવો એ તીર્થના મૂળ સ્વરૂપને સદન્તર પલટાવી નાંખવા બરોબર છે. આ આખા પ્રકરણમાં આશ્ચર્યજનક ઘટના તો એ છે કે ધ્વજદંડ ચઢાવવાના હક્ક સંબંધી મૂળ ઝગડો માત્ર શ્વેતાંબર દિગંબરો વચ્ચેનો હતો. ૧૯૨૮ નો હત્યાકાંડ પણ આ બે વર્ગની અથડામણમાંથી ઉભે થયો હતો. પ્રસ્તુત ધ્વજદંડ કમીટી પણ આ બે વર્ગો વચ્ચેના ઝગડાનો નીકાલ લાવવા માટે ઉભી કરવામાં આવેલી. પોતપોતાનો હક્ક સાબીત કરવા માટે લગભગ લાખ લાખ રૂપીઆનો ખર્ચ પણ માત્ર આ બે સમુદાયે જ કરેલો. અને એ કમીટીના રીપોર્ટ ઉપરથી રાજ્યનો તા. ૫-૬-૪૭ ના રોજ જે હુકમ કરવામાં આવે છે તે હુકમ દિગંબર શ્વેતાંબર વચ્ચેના ઝગડા વિષે કશું પણ નહિ જણાવતાં પ્રસ્તુત તીર્થ સર્વ હિંદુ–માન્ય છે એવી એક હકીકતને આગળ કરીને ધ્વજદંડ ચઢાવવાના હક્કને સર્વ–હિંદુસુલભ બનાવી દે છે. કમીટીની આખી તપાસ શ્વેતાંબર દિગંબરના હક્કના મુદ્દા ઉપર ચાલતી હતી અને આજે એ હક્કનો લાભ જેણે કદિ માગ્યો પણ ઇચ્છ્યો કે વાંચ્છ્યો નહોતો એવા સર્વ હિંદુસમુદાયને આપવામાં આવે છે. આથી વધારે ન્યાયવિડંબના બીજી કંઇ હોઇ શકે? ઉદેપુર રાજ્યના પ્રસ્તુત હુકમમાં રહેલા અન્યાય પાછળ એક એવી દુર્બુદ્ધિની ગંધ આવે છે કે આ તીર્થ ઉપર જૈન સમાજનો કોઇ ખાસ હક્ક લાગતો નથી–આ તીર્થ આખા હિંદુ સમાજનું છે–એમ સ્થાપિત કરવું અને પછી એ રીતે પોતાને હસ્તક ચાલતા અન્ય હિંદુ તીર્થોની માલમીલ્કતનો ઉદેપુરનું રાજ્ય જેવો ઉપયોગ કરી શકે છે તેવો જ ઉપયોગ કેશરીઆજી તીર્થના ભંડાર તેમ જ માલ મીલ્કતનો કરી શકે છે એવો રાજ્યનો અધિકાર આગળ ધરવો. આ આખો હુકમ ભારે કઠંગો છે; કોઇ કોઇ કલમનો અર્થ કે આશય પણ સ્પષ્ટ સમજાતા નથી; વળી એક ઠેકાણે તો એવું અજ્ઞાન દર્શાવવામાં આવ્યું છે કે આ ઠરાવના ઘડનારા ધ્વજદંડ વિધિ શું તે જ બરોબર સમજતા ન હોય એમ આપણને લાગી આવે. આ ધ્વજદંડ ચઢાવવાના હક્ક સંબંધે જણાવવામાં આવ્યું છે કે "ક્રિયા શરૂ કરવાના હક્ક માટે બે પક્ષો વચ્ચે હરીફાઇ થાય તો, આ હક્કનું લીલામ કરી, વધારે રકમ આપનારને રાખવો. તે જ પ્રમાણે બેથી વધારે પક્ષો હોય તો તે પછીના પક્ષોએ પણ પોતપોતાના વચ્ચે આ હક્ક માટે ઉપર મુજબ લીલામ કરવું." આ કલમ ઘડનારાઓને કાંઇક એવો ખ્યાલ લાગે છે કે જેવી રીતે પૂજા કરનારાઓની હરીફાઇમાં પહેલી પૂજા, બીજી પૂજા એમ ઉછાણી બોલવામાં આવે છે એમ જ ધ્વજદંડ ચઢાવવાની ક્રિયા પણ ઉત્તરોત્તર એક પછી એક પક્ષ કરતો હશે. ધ્વજદંડ તો એક વાર ચઢયો તે ચઢયો. ચઢાવવાની ક્રિયા કાંઇ બે ત્રણ વાર કરવામાં આવતી નથી. આ તો સામાન્ય અનુભવની વાત છે. પણ આ હુકમ ઘડનારનું ધ્યાન તો લીલામની આવક કેમ વધે અને આગળ ઉપર જેનું આપણે વિવેચન કરવાના છીએ એ દેવસ્થાનનિધિમાં કેમ જાય તે ઉપર જ ચોંટેલું છે. તેથી 'અધિકસ્ય અધિકં ફલં' એમ ધ્વજદંડ ચઢાવવાની ક્રિયાએ ત્રણ વાર થતી હોય અને એ રીતે વધારે આવક થઇ શકતી હોય તો તેનો લાભ શું કામ ન લેવો? આવી વિપરીત દૃષ્ટિએ આ આખો ઠરાવ ઘડાયો છે અને આ જાહેરાત કરવામાં આવી છે. આમાં કેશરીઆજીની સાંપ્રદાયિકતાનો અને જૈન સમાજના આ તીર્થ અંગેના વિશિષ્ટ અધિકારોનો લોપ કરવામાં આવ્યો છે અને આ કારણે આ આખો હુકમ જૈન સમાજને અત્યંત અરવીકાર્ય બને છે.

દુઃખની વાત તો એ છે કે જે ધ્વજદંડ કમીટીના રીપોર્ટનો આ હુકમમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે રીપોર્ટ તો હજુ રાજ્ય તરફથી બહાર પાડવામાં આવ્યો નથી. એ કમીટીને કયા કયા મુદ્દાઓ નિર્ણયને માટે સોંપવામાં આવ્યા હતા અને એ સંબંધે કમીટીએ વિગતવાર શું ચર્ચા કરી છે તેની બહારના કોઇને કાંઇ ખબર નથી. તા. ૧૦-૪-૩૫ ના રોજ એ રીપોર્ટ રજુ કરવામાં આવ્યો હતો એમ જે જણાવવામાં આવ્યું છે એ ખરેખર બરોબર છે કે એ રીપોર્ટ પણ આજકાલમાં ઘડવામાં આવેલ છે અને તેની ઉપર ૧૦-૪-૩૫ ની તારીખ લગાડી દેવામાં આવી છે એ પણ એક પ્રશ્ન છે. આવી શંકા ઉઠાવવી સામન્યતઃ અનુચિત ગણાય, પણ દેશી રાજ્યોમાં આવું કંઇ કંઇ બનતું આવ્યું છે. કોઇ પણ હિસાબે આ રીપોર્ટની નકલો ઉદેપુર રાજ્યે જૈન સમાજને તુરતમાં પહોંચતી કરવી જ જોઇએ.

ઉદેપુર રાજ્યના પ્રસ્તુત હુકમમાં દેવસ્થાનનિધિનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ દેવસ્થાનનિધિ એટલે શું એ સમજવા માટે બીજી કેટલીક વિગતો અહિં રજુ કરવાની આવશ્યકતા છે. શ્રી. રાઘવાચાર્ય લગભગ છેલ્લા એપ્રીલ માસ સુધી ઉદેપુર રાજ્યના દીવાન હતા. આ દીવાન અને ઉદેપુરના મહારાણા વચ્ચે સખ્ત મતભેદ ઉભો થતાં દીવાને રાજીનામું આપ્યું અને રાજ્યથી છુટા થયા. આજના કટોકટીના વખતમાં કોની સલાહ લઇને આગળ વધવું એ બાબતની મહારાણાને મુંઝવણ થઇ. શ્રી. કનૈયાલાલ માણેકલાલ મુનશીને રાજ્યને સાથે આગળનો સારો સંબંધ હોઇને તેમને સલાહ માટે મુંબઇથી બોલાવવામાં આવ્યા અને કેટલીક મસલતના પરિણામે તેમને રાજ્યના બંધારણ વિષયક સલાહકાર નીમવામાં આવ્યા. શ્રી મુનશીએ રાજ્યની આગળ પાછળની સર્વ પરિસ્થિતિનો અભ્યાસ કરીને જવાબદાર રાજ્યતંત્રના કેટલાક તત્વોવાળું એક બંધારણ ઘડી આપ્યું, આ બંધારણ સાથે શ્રી. મુનશીએ 'પ્રતાપ વિશ્વ વિદ્યાલય' અને 'દેવસ્થાન નિધિ'ની એક સંયુકત યોજના પણ તૈયાર કરી આપી. રાણા પ્રતાપના પવિત્ર નામ સાથે જોડીને મેવાડમાં એક વિશ્વવિદ્યાલય ઉભું કરવું, આ વિદ્યાલયને હિંદુ સંસ્કૃતિના પ્રચારનું કેન્દ્ર બનાવવું અને હિંદીને સર્વ શિક્ષણનું માધ્યમ બનાવવું–આવી પ્રતાપ વિશ્વવિદ્યાલયની કલ્પના છે.

આ વિશ્વવિદ્યાલયને આર્થિક દૃષ્ટિએ પગભર કરવા માટે દેવસ્થાન નિધિ નામની એક સંસ્થા ઉભી કરવામાં આવી છે. આ દેવસ્થાન નિધિને ઉદેપુર રાજ્ય હસ્તક જે નાના મોટાં તીર્થો યા મંદિરોનો વહીવટ કરવામાં આવે છે તેવાં કુલ ૮૫ તીર્થો યા મંદિરોના ભંડાર, મીલ્કત તેમજ આવક સુપ્રત કરવામાં આવેલ છે. આની અંદર કેશરીયાજી અને છોટી સાદરી એમ બે જૈન તીર્થોનો સમાવેશ થાય છે અને એકલિંગજી નામનું સુપ્રસિધ્ધ જૈનેતર તીર્થ પણ આમાં આવી જાય છે. આ મંદિરોના ભંડારોનું ભંડોળ ૬૮૦૦૦૦૦ લગભગનું અડસટ્ટવામાં આવેલ છે. આ દેવસ્થાનોની રોકડ, ઘરેણાં, આભૂષણો, સીક્યોરીટીઓ, તેને લગતા સદાવ્રતોના ફંડો, તેને ભેટ અપાયલાં ગામોની આવક અને એવાં બીજાં નાના ફંડો,–આ સર્વ દેવસ્થાન નિધિને સોંપવામાં આવ્યાં છે. કેશરીઆજીના ભંડારમાં આશરે પંદર લાખ રોકડ છે એમ કહેવામાં આવે છે. એવી જ રીતે એકલીંગજીના ભંડારમાં પચ્ચીસ લાખ જમે હોવાનું મનાય છે. આ દેવસ્થાનનિધિએ પોતાને મળેલ ઉપર જણાવેલી મીલ્કતનો નીચે જણાવેલ ત્રણ હેતુઓ માટે ઉપયોગ કરવાનો છે.

(૧) શ્રી પરમેશ્વરજી એકલિંગજી મહારાજના મંદિરના પૂજા પાઠ, ક્રિયાકાંડ, વાર્ષિક ઉત્સવો વગેરે મંદિરનિમાવ પાછળ નિયમ મુજબનો ચાલુ ખર્ચ કરવો તેમજ તે મંદિરની મરામત પાછળ જરૂરી ખર્ચ કરવો.

(૨) એવી જ રીતે અન્ય મંદિરોને પરંપરાપ્રાપ્ત રીતરસમ મુજબ નીભાવવા અને ચલાવવા.

(૩) પ્રતાપ વિશ્વવિદ્યાલયને મદદ કરવી.

આ પ્રતાપ વિશ્વવિદ્યાલયને દેવસ્થાન નિધિ દ્વારા મોટી આર્થિક સહાય મળશે. :એ ઉપરાંત રાજ્યતરફથી વિશ્વવિદ્યાલયના મકાનો બાંધવા માટે દર વર્ષે બે લાખ એમ દશ વર્ષ સુધીમાં કુલ ૨૦૦૦૦૦૦ આપવામાં આવશે અને આ સંસ્થાના નિભાવ માટે દર વર્ષે રાજ્ય તરફથી રૂા. ૨૨૫૦૦૦ આપવામાં આવશે. આ ઉપરાંત ચીતોડમાં અથવા ચીતોડ પાસે જ્યારે જરૂર પડશે ત્યારે રાજ્ય પ્રતાપ મહા વિશ્વવિદ્યાલયને ૧૦૦૦ એકર જમીન ભેટ આપશે. તદુપરાન્ત વિશ્વવિદ્યાલયના નિભાવ તેમ જ વિકાસ માટે ઉદેપુર મહારાણા પોતાની સત્તાની રૂએ સિશ્વવિદ્યાલય ટેકસ નાંખી શકશે. આ ટેકસની વધારે કશી વિગતો હજુ બહાર પાડવામાં નથી આવી. પણ આ ટેકસ અન્ય રાજ્યોમાં કોઇ કોઇ ઠેકાણે જેમ યાત્રાળુઓ ઉપર કર કે મુંડકાવેરો નાંખવામાં આવે છે તેવો જ કોઇ ટેકસ હોવાનો એમ ઘણા લોકોનું માનવું છે.

ઉપર જણાવેલ દેવસ્થાનનિધિ જુદી જુદી રીતે નીમાયલા યા તો ચુંટાયલા ૨૬ સભ્યોનું બનશે. આ દેવસ્થાનનિધિ અને પ્રતાપ વિશ્વવિદ્યાલય ઉભય સ્વતંત્ર સંસ્થાઓ બનશે અને નવી ધારાસભાને તેના આન્તરવહીવટ ઉપર કશું પણ નિયંત્રણ કરવાનો અધિકાર નહિ રહે. દેવસ્થાન નિધિના સભ્યો એ જ પ્રતાપ વિશ્વવિદ્યાલયની સીનેટ અથવા તો પરિષદના સભ્યો ગણાશે. આ દેવસ્થાન નિધિના સભ્યો થવાનું જે કેટલીક વ્યક્તિઓએ સ્વીકાર્યું છે તેમાં પન્ના મહારાજા, ડો. રાજેન્દ્રપ્રસાદ, અને શ્રી જુગલકિશોર બીરલાનો સમાવેશ થાય છે. શ્રી. ક. મા. મુનશીએ દેવસ્થાનનિધિના ચેરમેન અને પ્રતાપ વિશ્વવિદ્યાલયના પ્રથમ વાઇસ ચેન્સેલર થવાનું સ્વીકાર્યું છે. આ મુજબની જાહેરાત તા. ૨૩–૫–૪૭ ના રોજ રાણા પ્રતાપના જન્મ દિવસે ઉદેપુર મહારાણા તરફથી કરવામાં આવી છે.

આ બધી વિગતો ઉદેપુરના મહારાણા તરફથી પ્રગટ થયેલ તા. ૨૩–૫–૪૭ ના ઉદ્‌ઘોષણા પત્રમાંથી તારવીને આપવામાં આવી છે. દેવસ્થાનનિધિ અને પ્રતાપ વિશ્વવિદ્યાલય વિષે સરખી અને પ્રમાણભૂત માહીતી પ્રબુદ્ધ જૈનના વાંચકોને ઉપલબ્ધ થાય અને તેના અનુસંધાનમાં દેવસ્થાનનિધિ અને કેશરીઆજીનો સંબંધ બરોબર ખ્યાલમાં આવે એ હેતુથી આટલી લંબાણ વિગતો આપવી જરૂરી ધારી છે.

ઉદેપુર રાજ્યની ઉદ્‌ઘોષણામાં જે રાજકારણી ફેરફારો સૂચવવામાં આવ્યા છે તેની આલોચના કે ટીકા કરવાની અહિં જરૂર નથી પણ તે સંબંધમાં એટલું જણાવવું જરૂરી છે કે ઉપરના જાહેરાતમાં સુચવાયલા રાજકીય સુધારાઓએ તે રાજ્યની પ્રજાના અગ્રગણ્ય કાર્યકર્તાઓને પુરો સંતોષ આપ્યો નથી. જવાબદાર રાજ્યતંત્રના દેખાવ સાથે મહારાણાની ઘણી સત્તાઓ અબાધિત રાખવાનો એ યોજનામાં પ્રયત્ન કરવામાં આવ્યો છે. વળી દેવસ્થાન નિધિ જેવી કરોડો રૂપીઆની મીલ્કત ધરાવતી સંસ્થાને નવી ઉભી કરવામાં આવનાર પ્રજાકીય ધારાસભાના પ્રદેશ અને હકુમતથી તદ્દન અલગ રાખવામાં આવી છે, અને તેને મહારાણાની સીધી હકુમત નીચે મૂકવામાં આવેલ છે.

આ દેવસ્થાનનિધિને કેશરીઆજીનો માત્ર ભંડાર જ નહિ પણ કુલ મીલ્કત ઉપર જણાવેલ હેતુઓ માટે સુપ્રત કરવામાં આવી છે– આ બાબતે આખા જૈન સમાજમાં અસાધારણ ક્ષોભ અને વિરોધ ઉત્પન્ન કર્યો છે. કેશરીઆજીનો ભંડાર તેમજ તેની સર્વ મીલ્કત માત્ર એક ટ્રસ્ટી તરીકે ઉદેપુર મહારાણાના તાબામાં હતી. આ મંદિર અથવા તો તીર્થ જૈન સંપ્રદાયનું છે અને આ આવક પણ કેવળ જૈનો દ્વારા થઇ છે. આવી રીતે એકઠાં થયેલ ભંડોળને જૈન સમાજની સંમતિ સિવાય કોઇ પણ અન્ય સંસ્થાને સોંપવાનો કે તેમાંથી એક પણ પાઇ કોઇ પણ અન્ય કાર્યમાં ખરચવાનો ઉદેપુર મહારાણાને હક્ક નથી. પ્રતાપ વિશ્વવિદ્યાલયનો હેતુ અને પ્રવૃત્તિ ઉભય પ્રશસ્ય છે. તેની સ્થાપના સામે કોઇને વાંધો કે વિરોધ નથી. તે માટે ઉદેપુરના મહારાણાને કે ક. મા. મુનશીને જેટલા ધન્યવાદ આપવામાં આવે તેટલા ઓછા છે. આવી જ રીતે કેશરીઆજીના ભંડારમાં જે કાંઇ દ્રવ્ય એકઠું થયું હોય તેનો આવા વિશ્વવિદ્યાલય જેવા કાર્ય માટે ઉપયોગ થાય તો તે કારણે પણ નવા વિચારવાળાની દૃષ્ટિએ ખિન્ન થવાનું કાંઇપણ કારણ નથી. પણ ઉદેપુર મહારાણાએ પોતાને એક ટ્રસ્ટી તરીકે પ્રાપ્ત થયેલા ભંડાર અને માલ મીલ્કતને જે રીતે દેવસ્થાન નિધિને મનસ્વી રીતે સોંપી દીધા છે અને તે પોતાને મનગમતા ઉપયોગ માટે—એ રીત સામે જુના અને નવા વિચાર ધરાવનાર– સર્વ કોઇ જૈનોનો સખ્ત વાંધો અને વિરોધ છે. આ એક પ્રકારનો વિશ્વાસદ્રોહ છે; પરમાર્થ–સાધનાના ઓઠા નીચે કરવામાં આવતી લુંટ છે. આમાં ન્યાય નથી, નીતિ નથી, સભ્યતા નથી. શ્રી. કનૈયાલાલ માણેકલાલ મુનશીએ ઉદેપુરના મહારાણાને આવી સલાહ કેમ આપી હશે એ એક ભારે આશ્ચર્યજનક બીના છે.

આ લાંબી સમાલોચનાના પરિણામે એક મૌલિક પ્રશ્ન આપણી નજર સામે આવીને ઉભો રહે છે. કેશરીઆજી તીર્થની આવી દુર્દશા કેમ થઇ રહી છે? તેના ઉપર આવા હસ્તક્ષેપો કેમ થવા પામ્યા છે? કેશરીઆજી જૈનોનું તીર્થ હોવા છતાં એ તીર્થના વહીવટ, ભંડાર, માલમીલ્કત ઉપર જૈનોનો કશો જ કાબુ ન મળે એનું શું કારણ? તીર્થની આવકનો મોટો ભાગ પંડયાઓ પચાવી પાડે; બાકી રહ્યું તે બધું રાજ્ય ગળી જાય અને એ દ્રવ્ય કે જેના ઉપર તેને કાયદાસરનો કશો અધિકાર નથી તે દ્રવ્યની મદદ વડે એક મહાન વિશ્વવિદ્યાલય ઉભું કર્યાનો લ્હાવો લે! આવું બધું કેમ બની રહ્યું છે? આના મૂળમાં શ્વેતાંબરો અને દિગંબરોના ઝગડા સિવાય બીજું કશું જ દૃષ્ટિગોચર થતું નથી. શ્વેતાંબરો અને દિગંબરો આ તીર્થ પરત્વેના પોતપોતાના હકકો માટે આજ સુધી લડતા જ આવ્યા; લાખો રૂપીઆ બરબાદ કરતા આવ્યા અને ઉત્તરોત્તર બધું ખોતા જ આવ્યા. સાધુઓએ અને આચાર્યોએ પરસ્પર લડવાની જ પ્રેરણા આપ્યા કરી. કદિ કોઇને પણ એ ન સુઝયું કે આ આપણે શેના માટે લડીએ છીએ? અને એવી તે કઇ ધુંચ છે કે જેનો આપણા પાંચ ડાહ્યા માણસો એકઠા મળીને નીકાલ ન જ કરી શકે? આપણે એક પિતાના સન્તાન, એક જ તીર્થના અને એક જ મૂર્તિના ઉપાસક અને એમ છતાં આપણે સમાધાનીનો

આ તે દ્રવ્યનો કેવો દુરૂપયોગ ?

એક જનાચાર્યના ઉપદેશથી જૈનોએ શત્રુંજય પહાડ ઉપર એક આગમમંદિર લાખોને ખર્ચે બંધાવ્યું છે. એ મંદિરમાં જૈનોના આગમ–સૂત્રોના પાઠ આરસપહાણ ઉપર કોતરાવીને તેને ચોડવામાં આવ્યા છે. જૈનોના પીસ્તાલીસ આગમોના લાખો શ્લોકો એ રીતે પત્થર પર ઉતારવામાં આવ્યા છે. આ કામ તેમણે શા માટે કર્યું ? જૈનાચાર્યને લાગ્યું કે જ્ઞાનના ભંડારરૂપ આગમો પુસ્તકોમાં લખવાથી વહેલા મોડા નાશ પામી જશે. પરંતુ શિલામાં કોતરાવીને રાખવામાં આવશે તો ચિરંજીવી રહેશે. જૂના વખતના શિલાલેખો આપણી સામે આજે મોજૂદ છે, તે જોઇને તેમને પત્થરના લેખોની ચિરંજીવિતામાં વધુ વિશ્વાસ બેઠો અને તેમણે તે કામ પાછળ શ્રાવકોના લાખો રૂપિયા ખર્ચાવ્યા. એક બાળક પણ સમજી શકે તેવી વાત છે કે આ વિમાન અને બોમ્બના જમાનામાં પત્થરનાં બાંધેલા મંદિરો અને પત્થરના કોતરેલા લેખો કેવાક ચિરંજીવી લેખાય ! અને આ વિશાળ દુનિયામાં એક પહાડ પર કોતરેલા શિલાલેખોનું મંદિર બાંધવાથી જ શું એમાંનું જ્ઞાન ચિરંજીવી રહે ખરું ?

એ આગમ મંદિરનું કામ પુરું થયું અને પછી એ જૈનાચાર્યને ખ્યાલ આવ્યો કે એ પત્થરોનો આગ–પાણીથી બચાવ થાય, પણ બોમ્બમારા આગળ તે ટકી શકે નહિ; એટલે હવે એજ આચાર્યે તામ્રપત્રમાં જૈન આગમો કોતરાવીને સુરતમાં તેનું તામ્રપત્ર–મંદિર બંધાવી ૧૦ લાખ રૂપિયા ખર્ચવાના કામનો પ્રારંભ કર્યો છે ! સુરતમાં એ કામનો પ્રારંભ કરવામાં આવ્યો ત્યારે એક અગ્રેસર શ્રાવકે ભાષણ કરતાં કહ્યું હતું કે " આગમ જ્ઞાન અંતે દુનિયાની ગૂંચવણોનો નિકાલ કરશે, તે વખતે અહિંસાના સંદેશો ધેર ધેર પહોંચશે અને તેમ થશે ત્યારે આપણા આગમનું જ્ઞાન કેટલું અમૂલ્ય છે તે દુનિયા સમજશે. પણ એ ઉજળો દિવસ આવે તેટલા વખતમાં આપણું આગમ સાહિત્ય જાળવી રાખવું જોઇએ. એની મહત્તા કે ઉપયોગિતા માટે બે મત નથી, પણ તેને જાળવી રાખવા માટે અનેકવિધ પ્રયત્નો કરવા જોઇએ. આગમના ખાસ અભ્યાસી શ્રીમાન સાગરાનંદ સૂરીશ્વરે આરસ પર એને પાકા કરી શ્રી પાલીતાણામાં આગમમંદિર સ્થાપી કાયમ કર્યા. એને લઇને આગ–પાણીના ભયથી આગમો મુકત થયા; પણ પત્થરને ધરતીકંપ વગેરેનો, આકાશમાંથી બોમ્બવર્ષાનો ભય પણ ગણી શકાય, તો પછી તેને તાંબાના પત્તરા પર કાયમ કર્યા હોય તો બે હજાર વર્ષ સુધી તો એનું કાયમીપણું જળવાઇ રહે. કદાચ રાજ્યવિપ્લવ, ક્રાન્તિ કે બીજા અવનવા પ્રસંગો આવે તો પણ એ વસ્તુ જળવાઇ રહેશે તો તેનો લાભ લેનાર જરૂર નિકળશે. આ દૃષ્ટિથી આગમના અદ્‌ભુત જ્ઞાનને તાંબાને પતરે કાયમ કરી તેને જાળવી રાખવાનો વિચાર એજ આગમોદ્ધારક સુરિપુંગવને થયો. આપણે અત્યારે અશોકના સમયનાં તામ્રપત્રો તો નજરે જોઇએ છીએ, અને બે હજાર વર્ષ માટે ગોઠવણ થાય તો ભવિષ્યમાં વળી કોઇ શૂરવીર નિકળી આવી તેનો ફરી ઉધ્ધાર કરશે."

આ કથનમાં સારાસારનો જરાયે વિવેક જોવામાં આવતો નથી. અઢી હજાર વર્ષ પર થઇ ગયેલા મહાવીર સ્વામીએ આપેલા ઉપદેશોનું જ્ઞાન આજ સુધી અખંડ રહ્યું અને હવે પછીના વિજ્ઞાનના, છાપખાનાના, ફિલ્મોના, રેકર્ડોના અને હવાઇ વિમાનના યુગમાં તે અખંડ નહિ રહે એમ માનવાનું કોઇ જ કારણ નથી. બોમ્બવર્ષાથી પત્થરનું મંદિર નાશ પામે. તો એટમબોમ્બથી તાંબુ અને સુવર્ણ પણ ભસ્મ થઇ જાય એનો વિચાર કેમ ન કરવામાં આવ્યો ? પત્થર અને તાંબું પુરાતન કાળથી વપરાતું આવ્યું, તો આજના વિમાનયુગમાં તે જ વાપરવું એવી પરંપરાભક્તિમાં નરી અણસમજ જ રહી છે.

જ્ઞાનના સાધનના સંરક્ષણ માટે ભલે લાખો ખર્ચવામાં આવે, પણ તે આવી રીતે ? પત્થર કે તાંબામાં ઉતારેલા લેખો નાશ પામતાં વાર નહિ લાગે, પણ ટકાઉ કાગળ ઉપર છાપેલા બે–પાંચ હજાર આગમ ગ્રંથો જો દુનિયાની બધી લાયબ્રેરીઓમાં મૂકવામાં આવ્યા હોય તો તે ગમે તેવા વૈજ્ઞાનિક વિનાશ છતાં તદ્દન નાબૂદ તો ન જ થાય. બે–પાંચ હજારમાંથી બસો પાંચસો લાયબ્રેરીઓમાં એ આગમો હશે તો તેને ફરી છપાવીને તેમાંનું જ્ઞાન સહેલાઇથી પ્રવાહિત રાખી શકાશે, તેનો વિચાર શું કોઇ જ જૈનને આવ્યો નહિ; કે જ્ઞાનને અખંડ રાખવા લાખોના ખર્ચે પત્થર અને ધાતુનો આશ્રય લેવાનું યોગ્ય માન્યું ?

જ્ઞાન તો પ્રવાહ દ્વારા જ ચિરંજીવી રહી શકે છે. મહાવીર ભગવાનના આગમો હજાર–બારસો વર્ષ સુધી તો સાધુ–શ્રમણોની સ્મૃતિમાં જડાયલા રહીને ઉત્તરોત્તર સજીવ રહ્યા. પછી તે ગ્રંથારૂઢ થયા. તેને પણ હજાર વર્ષ વીતી ગયાં. તાડપત્રો ઉપર એ જ્ઞાન સેંકડો વર્ષ રહ્યું, છૂટા કાગળો પર પણ સેંકડો વર્ષ ચાલ્યું અને હવે પુસ્તકોમાં પ્રવાહિત રહ્યું છે. એ પ્રવાહ વડે જ જ્ઞાન સજીવ રહ્યું છે. જો કોઇ ધનિકે આગમગ્રંથોને સોનાનાં પતરામાં કોતરાવીને રાખ્યા હોત, પરંતુ પરંપરા દ્વારા એમાંનું જ્ઞાન પ્રવહિત ન રહ્યું હોત તો આજે એ સોનાનાં પતરાંની શી દશા હોત તેની કલ્પના કરોને ! જેવી રીતે જ્ઞાન વિનાનો માણસ દેવ–દેવીની મૂર્તિને પગથિયાંના પત્થર તરીકે વાપરે છે, તેવી જ રીતે જ્ઞાન વિનાનો માણસ એ સોનાનાં પતરાંમાંના અક્ષરોને નિરૂપયોગી માનીને તેનાં ઘરેણાં કે વાસણો કરાવત, કિંવા કોઇ દાગીના હાથમાં એ પતરાં આવ્યાં હોત તો તે કયારનાય ગળાઇને ટંકશાળમાં સીક્કાનું રુપ પામ્યાં હોત. ક્રાન્તિકાળમાં રશિયાનાં દેવમંદિરો ત્યાં ઇસ્પીતાલો, સંગ્રહસ્થાનો કે મોટરોના તબેલાનું રૂપ પામ્યાં છે, તેવીજ કોઇ ક્રાન્તિ હિંદમાં આવશે તો આગમ–મંદિરના ઓરડામાં કોણ જાણે કોણ રહેવા જશે–અને તામ્રપત્રો ય અખંડ રહેશે તેની ખાત્રી આ પરિવર્તનશીલ જગતમાં મહાવીર ભગવાનનો સિધ્ધાંત પણ આપી શકે તેમ નથી. પરન્તુ એવા કાળમાંય આગમો એક સ્થળે જડ આકારે પુરાઇને રહેવાને બદલે હજારો પુસ્તકાલયોમાં પુસ્તક રૂપે રહ્યાં હોય, તેમાંનું જ્ઞાન એ રીતે પ્રવાહિત રહ્યું હોય તો કાળાંતરે પણ એ જ્ઞાન સજીવ રહેવા પામે, કે જેવી સજીવતા પત્થર કે તાંબામાં આંકેલા અક્ષરોની કલ્પી પણ શકાતી નથી.

આ રીતે લાખો રૂપિયા ખર્ચનારા જૈનાઓ એકાદ " અર્ધ માગધી કોલેજ " સ્થાપીને જૈનાગમોના અભ્યાસ માટે યુવાનોને અને વિદ્વાનોને ઉત્તેજન આપ્યું હોત, પરદેશના પંડિતોને પણ આકર્ષ્યા હોત, તો આગમજ્ઞાન કેવું પ્રવાહિત અને ચિરંજીવી રહ્યું હોત તેની કલ્પના પણ કોઇ જૈનને આવી નહિ, અને આવા મંદિરો બાંધવાનું જ સુઝયું ત્યારે તો કહેવું જોઇએ કે જૈનોમાં જ્ઞાનભૂખ નથી પણ ધનિકતાએ નીપજાવેલી કીર્તિભૂખ જ વહી રહી છે અને તેમના વિદ્વાનો તથા આચાર્યો અને સુરીશ્વરો પણ એ ભૂખને આ રીતે તૃપ્ત કરી રહ્યા છે. ('બહુરૂપી'માંથી સાભાર ઉધ્ધૃત) **પથિક**

કોઇ વચલો માર્ગ શોધી જ ન શકીએ ? આ આપણું સર્વ માટે ભારે શરમની વાત છે. આ અમારા એકલાનું જ તીર્થ છે એ ધમંડમાંથી આ સર્વ અનર્થો જન્મ્યા છે. આ આપણું સહીયારું તીર્થ છે એટલી વાત સ્વીકારવાની સાથે સમાધાનનાં દ્વારો સહજપણે ખુલ્લાં થશે. શ્વેતાંબરને મન દિગંબર અને દિગંબરને મન શ્વેતાંબર પોતાનો ધર્મબંધુ છે એ તથ્યના સ્વીકાર સાથે આપણા હકો ઉપર અઘટિત તરાપ મારવામાં આવી છે, આપણા કેશરીયાજીનો ભંડાર આપણને પુછયા સિવાય ઉચાપત કરવામાં આવ્યો છ–આવો ડંખ જેના વિષે આપણને સાલી રહ્યો છે તે રાજ્ય સામે આપણે જોસભેર લડત ચલાવી શકીશું અને આપણું ગુમાવેલું જરૂર પાછું મેળવી શકીશું. આજે થઇ રહેલી શિક્ષામાંથી આટલો બોધપાઠ આપણે લઇએ અને હવે શું કરવું તેનો સૌ સાથે મળીને વિચાર કરીએ. **પરમાનંદ**

સ્વ.કૌશાંબીજીનાં પ્રેરણાદાયી સ્મરણો

(ગતાંકથી ચાલુ)

છેલ્લા બે ત્રણ વર્ષ થયાં કૌશાંબીજી જ્યારે મળતા ત્યારે એક માત્ર જીવનાન્તની જ ચર્ચા કરતા. તેઓ કહેતા કે "મેં મારૂં કામ પુરૂં કર્યું છે. લખવાનું બને તેટલું લખ્યું છે. મળ્યા તે પાત્ર છાત્રોને શીખવવામાં પણ કચાશ રાખી નથી. છોકરા–છોકરીઓને પૂરતું શિક્ષણ આપ્યું છે અને સ્વાવલંબી બનાવ્યા છે. તો પછી હવે વધારે જીવી મોંઘવારીમાં ઉમેરો શા માટે કરવો? અને વધારે ઘડપણ ભોગવી, બિસ્તરે પડી અનેક લોકોની સેવા–શક્તિનો નકામો ઉપયોગ શા માટે કરવો? તેથી હવે જીવનનો અંત કરવો એ જ મારી ચિંતાનો વિષય છે." ઇત્યાદિ તેમના આ વિચારો સાંભળી અમે બધા પરિચિતો અકળાતા અને કહેતા કે "તમારા જીવનનો, તમારી વિચારણાઓનો રાષ્ટ્રને બહુ ખપ છે. અને ભલે તમને સીત્તેર જેટલાં વર્ષ થયાં હોય છતાં તમે અમારા કરતાં બહુ સશક્ત છો." કેટલાક મિત્રોએ ખાસ કરી જૈન મિત્રોએ તેમને જ્યાં રહે ત્યાં ખર્ચ આપવાનું શ્રધ્ધાપૂર્વક આશ્વાસન આપેલું. કૌશાંબીજીના એકના એક પુત્ર પ્રો૦ દામોદર કૌશાંબી પણ પિતૃ-ભક્ત છે. તેઓ પણ પોતાના પિતા માટે બનતું બધું કરી છૂટવા તૈયાર જ હતા. એમની જ્યેષ્ઠ પુત્રી માણેકબેન અને જમાઇ ડો. પ્રસાદ પણ કૌશાંબીજી માટે બધું જ કરી છૂટે તેવા હતા કૌશાંબીજીના વૃધ્ધપત્ની પણ સેવામૂર્તિ છે. એમના અંગત કુટુંબ ઉપરાંત દરેક પ્રાંતમાં એમને જાણનાર અનેક વિદ્વાનો અને ધનિકો એમના જીવનની સક્રિય કાળજી સેવતા તેનો પણ હું સાક્ષી છું અને છતાંય કૌશાંબીજીની જીવનાન્ત કરવાની વૃત્તિ કેમે કરી શમી નહિ. તેમનામાં આવી વૃત્તિ કેમ જન્મી તે તો પૂર્ણપણે કહી ન શકું છતાં તેઓ પોતાની વૃત્તિના સમર્થનમાં જે કેટલાક આધુનિક અને પુરાતન દાખલા ટાંકતા તે ઉપરથી હું એટલી જ કલ્પના કરી શકતો કે કૌશાંબીજી ઘડપણનો ભાર કોઇ પણ ઉપર નાંખવા માંગતા નથી અને પગ ઘસીને પરાણે જીવન પૂરૂં કરવા ઇચ્છતા નથી. તેઓ જેવી રીતે હસતે મોઢે જન્મ્યા, હસતે મોઢે આખી જીંદગી ગાળી, તેવી જ રીતે પ્રસન્ન ચિત્તે કોઇના ઉપર ભાર નાંખ્યા સિવાય મૃત્યુને ભેટવા માંગે છે. તેઓ મને કહેતા કે જુઓને શિવપ્રસાદ ગુપ્તા કેવી રીતે બેભાન દશામાં બિસ્તરે વર્ષો થયાં પડયા છે અને તેમની શરીરિક હાજતો માટે પણ અનેક નોકરોને કેવું રોકાવું પડે છે. તેઓ એમ પણ કહેતા કે, પંડિત માલવીયજી જેવા પણ અતિ લાંબા જીવનથી કેટલું દુઃખ અનુભવે છે? બૌદ્ધગ્રન્થો અને બીજાં શાસ્ત્રોમાંથી તેઓ અનેક ઉદાહરણો ટાંકી મને કહેતા કે, "જુઓ! પાકું પાન ખરી પડે તે રીતે પ્રાચીન સંતો અને તપસ્વીઓ વૃદ્ધાવસ્થામાં ખરી પડતા. જીવનનો અંત બહાદુરીથી કરતા, મૃત્યુથી ન ડરતાં અને કર્તવ્ય કર્યાનો સંતોષ મેળવ્યા પછી તેઓ જીવવા માટે તડફડિયાં ન મારતા. તેથી હું પણ વીરતા, સ્મૃતિ અને જાગૃતિપૂર્વક મૃત્યુને ભેટવા ઇચ્છું છું," હું બધું સાંભળી ચૂપ રહેતો. અને બચાવની દલીલોમાં ન ઉતરતો. કયારેક કયારેક મારા ધર્મભગિની મોતીબેન જીવરાજ-જેમના ઉપર કૌશાંબીજીની બહું શ્રદ્ધા હતી તે–પોતાની દલીલો કૌશાંબીજી સામે આદરપૂર્વક પણ ભારપૂર્વક વહેતી મૂકતા. છતાં હું જોઇ શકતો કે કૌશાંબીજીના વલણમાં કાંઇ ફેર ન પડતો.

જીવનનો અંત કરવાની ઉગ્ર વૃત્તિએ તેમને જૈનોના ચિરપ્રચલિત સંથારાવ્રત પ્રત્યે વાળ્યા. કૌશાંબીજી કાયરતાપૂર્વક મૃત્યુને ભેટવા ઇચ્છતા નહિ. તેથી તેમને તત્કાળ મરણને શરણ થવાનો સહેલો રસ્તો પસંદ ન હતો. તેમની નસેનસમાં પૈતૃક વીરતાનાં સંસ્કારો હતાં. એ જ વીરતાને લીધે તેઓ ૧૯૩૦ ની સત્યાગ્રહની લડાઇના અનુસંધાનમાં જેલવાસ પણ કરી આવેલા. એ જ વીરતાને લીધે તેમણે સારનાથની અસહ્ય લૂના દિવસોમાં એક કપડાની ઓથે બેસી ધ્યાનનો અભ્યાસ કરેલો. એ જ વીરતાને લીધે તેઓ બ્રહ્મ-દેશનાં જંગલોમાં ભયાનક ઝેરી જંતુઓ વચ્ચે એકલા રહી સમાધિમાર્ગનો અભ્યાસ કરવા ગયેલા. એમના પ્રત્યેક જીવનકાર્યમાં વીરતા ભારોભાર દેખાતી. ગમે તેવા મોભાદાર વિદ્વાનો કે શ્રીમંતો હોય અને તેઓ કાંઇ બોલવામાં ભૂલે તો કૌશાંબીજી નાની કે મોટી કોઇ પણ પરિષદમાં તેની ખબર લીધા વિના રહી જ ન શકતા. મેં એવા અનેક પ્રસંગો જોયા છે.

એમની વીરતાએ એમને સુઝાડયું કે તું મૃત્યુને ભેટ પણ મારણાન્તિક સંલેખના જેવી તપશ્ચર્યાના માર્ગે જ મૃત્યુને ભેટ. કૌશાંબીજીએ આવી સંલેખનાનો વિચાર તો મને બે એક વર્ષ પહેલાં જ કહેલો, પણ તેઓ તે માટે યોગ્ય સ્થાન શોધતા. અને મને પણ તેવા સ્થાન માટે પૂછતાં. એવા સ્થાનની પસંદગીમાં તેમની મુખ્ય શરત એ હતી કે જ્યાં તેઓ સંલેખના શરૂ કરે ત્યાં દર્શનાર્થીઓની ધમાલ ન રહે, કોઇ જાણે નહિ, અને એમની એવી પણ ઇચ્છા હતી કે મરણ પછી કોઇપણ જાતનો આડંબર કરી ધનશક્તિ કે જનશક્તિ ન વેડફવી. મને તો ત્યાં લગી કહેલું કે મૃતશરીર બાળવા માટે કરવો જોઇતો લાકડાંનો ખર્ચ ન કરતાં તમે બધા એને જમીનમાં જ દાટજો અગર જળપ્રવાહમાં વહેવડાવી દેજો. આ વિચારો પાછળ એમને હૈયે ગરીબો પ્રત્યેની લાગણી વસેલી હતી. તેઓ ઇચ્છતા કે તેટલો ખર્ચ ગરીબોને મદદ કરવામાં થાય. એમ લાગે છે કે બુદ્ધ પ્રત્યેની તેમની અનન્ય ભક્તિએ તેમને બુધ્ધના જીવનમાંથી જાતે દુઃખ વેઠી બીજાનું ભલું કરવાની કરૂણા-વૃત્તિનો સંસ્કાર આપ્યો હોય. ગમે તેમ હો છતાં તેમણે જીવન-વિલોપનનો નિશ્ચય તો કરી જ લીધો હતો અને તે પણ મારણાન્તિક સંલેખના દ્વારા.

વ્યક્તિગત દૃષ્ટિએ જીવનશુદ્ધિ માટે પ્રયત્ન કરી સંતોષ મેળવ્યો હોય અને સામુદાયિક દૃષ્ટિએ સંઘ પ્રત્યેના કર્તવ્યો બજાવી કૃતાર્થતા સિદ્ધ કરી હોય એવો સાધુ અમુક પરિસ્થિતિમાં સમાધિ-મરણની દૃષ્ટિએ આજીવન અનશન કરે એવું જે અતિ જૂનું જૈન વિધાન છે અને જે આજે પણ જૈનપરંપરામાં કયારેક કયારેક જીવતું જોવામાં આવે છે તે વિધાન કૌશાંબીજીને બહુ ગમી ગયું અને પોતાના નિશ્ચય માટે ઉપયોગી લાગ્યું. તેથી તેઓ જ્યારે જીવનાન્તના નિર્ણય વિષે વાત કરતા ત્યારે જૈન પરંપરાના મરણાન્તિક 'સંથારા'નું હૃદયથી સમર્થન કરતા. મેં અનેક વર્ષો લગી તેમને મોઢેથી જૈન ઉગ્ર તપસ્યાનો સખ્ત વિરોધ સાંભળેલો અને હવે જ્યારે તેઓ મરણાન્તિક સંથારા જેવી જૈન ઉગ્ર તપસ્યાનું સમર્થન કરતા ત્યારે પ્રથમ કરતાં તેમના વલણમાં પડેલો ફેરફાર હું સ્પષ્ટ જોઇ શકતો. છતાં હું એ વિષે કાંઇ બોલતો નહિ અને તેઓ કહે તે મૂંગે મોઢે સાંભળ્યા કરતો. મને કૌશાંબીજીએ છેલ્લા વર્ષોમાં અનેકવાર કહ્યું કે મહાવીરસ્વામીની તપસ્યા પણ ઘણીવાર ઉપયોગી છે. તેઓ અનશન કરવા તો ઇચ્છતા પણ સાથે જ કેટલાક સુધારા તેમાં દાખલ કરવા વિષે પણ કહેતા. સ્થાનકવાસી સાધ્વી રંભાકુમારીએ અનશનપૂર્વક દેહોત્સર્ગ કર્યાનો દાખલો તેમની સામે હતો. એવું અનશન કૌશાંબીજીને પસંદ હતું; પણ એવા અનશન-પ્રસંગે જે ધમાલ થાય છે, જે દર્શનાર્થીઓની ભીડ જામે છે, જે દૂર-દૂરના યાત્રીઓથી લદાયેલી ટ્રેનો આવ-જા કરે છે અને જે આગળપાછળ બેસુમાર પૈસા અવિવેકથી વેડફવામાં આવે છે તે કૌશાંબીજીને જરાય પસંદ ન હતું; તેથી તેઓ અનશનદ્વારા સમાધિ-મરણ સાધવાના નિશ્ચય ઉપર આવ્યા હતા પણ તેઓ એવા સ્થાન અને એવી પરિસ્થિતિની શોધમાં હતા કે જ્યાં અનશન લેવાથી સમાધિ-મરણ સધાય અને સાથે જ આડંબર કે વ્યર્થ વ્યયથી મુક્ત રહી

શકાય. આવા સ્થાનની શોધ ચાલતી જ હતી ત્યાં અનુકૂળ સંયોગ લાધ્યો.

ગયા જુલાઇ માસના અંતમાં જ્યારે મેં કૌશાંબીજીને દોહરીઘાટ વિષે વાત કરી અને કહ્યું કે હું ત્યાં જવાનો છું ત્યારે તેમણે પણ જો હું જાઉં તો એકવાર આવવાની ઇચ્છા દર્શાવી. દોહરીઘાટ એ કાશીથી ૫૦–૬૦ માઇલ દૂર આવેલ એક સરયૂનદીનો પ્રસિદ્ધ ઘાટ છે અને ત્યાં જવાનું મારું આકર્ષણ મુખ્યપણે સ્વામી સત્યાનંદજીને લીધે હતું. સ્વામીજી મૂળે એ પ્રદેશના બ્રાહ્મણ અને આર્યસમાજી પણ પાછળથી લાલા લજપતરાય દ્વારા સ્થાપિત લોક–સેવક–સમાજના આજીવન સભ્ય થએલા. તેઓ ગ્રેજ્યુએટ છે અને સ્વભાવથી જ સેવાની જીવિત મૂર્તિ છે. તેમણે તે ઘાટ ઉપર સ્થાપેલ 'હરિજન–ગુરુકુળ' એક પ્રાણવાન સંસ્થા છે જેમાં યુ. પી. જેવા કટ્ટર જાતિભેદવાળા પ્રદેશના કેટલાક બ્રાહ્મણો કોઇ પણ જાતના ભેદભાવ સિવાય હરિજનો સાથે રહે છે. સ્વામીજીની અનેકવિધ પ્રવૃત્તિમાં એક મુખ્ય પ્રવૃત્તિ ગામડાંઓમાં ચરખા ચલાવવાની અને સ્વાવલંબી ખાદીઉત્પાદનની છે. હું સ્વામીજીને પહેલેથી જ જાણતો. હમણાં તેઓ જેલમાંથી છૂટી ૧૯૪૨ માં પોલીસોએ બાળી તેમ જ નષ્ટભ્રષ્ટ કરી નાંખેલ ગુરુકુળના પુનરોદ્ધાર–કાર્યમાં પરોવાયા હતા. મને એ વિષે રસ હોઇ ત્યાં એકવાર જવું પસંદ હતું. સ્વામીજી પણ કાશી મારે ઉતારે આવેલ હતા. એમ તો કૌશાંબીજી પણ સ્વામીજી વિષે થોડુંક જાણતા; પણ જ્યારે મેં બન્ને વચ્ચે વિશેષ પરિચય કરાવ્યો ત્યારે કૌશાંબીજી તેમની સાથે જવા લલચાયા. હું કેટલાંક બીજા કારણસર તે વખતે સાથે જવા અશક્ત હતો તોપણ સ્વામીજીના આશ્વાસનથી કૌશાંબીજી તો તેમની સાથે દોહરીઘાટ ગયા જ. ત્યાં જઇ જોયા પછી ઠીકલાગે તો તેઓ અનશન લેશે એમ તો તેમની વાતચીત ઉપરથી હું જાણતો જ હતો. એવે પ્રસંગે પરિચર્યા અને સેવાનો પૂરતો પ્રબંધ કરવાની ચિંતા મને હતી જ. સ્વામીજીને તેમના સદ્કાર્યકર્તા અને ત્યાં રહેતા હરિજન વિદ્યાર્થીઓ ઉપર ભરોસો તો હતો જ, પણ કોઇ જાણીતો અંગત સેવાભાવી માણસ સાથે જાય અને રહે એ અમને બધાને ઇષ્ટ હતું. દૈવયોગે એ પણ સુયોગ સાંપડ્યો.

૧૯૩૬ ના એપ્રિલની ૨૦ મી તારીખે કલકત્તાથી પાછા ફરતાં કાશી ઉતરેલો ને ત્યાં જ રોકાયેલો. દરમ્યાન ચૈતન્યજી જે કયારેક ચુનીલાલજી નામે સ્થાનકવાસી મુનિ હતા અને જે લગભગ ૧૩–૧૪ વર્ષ થયાં મુનિવેષ છોડી સંતબાળની પેઠે રાતદિવસ સમાજ–સેવાનું કઠણ તપ આચરે છે તે હાપુડથી મારા બોલાવ્યા કાશી આવ્યા હતા. તેમની સેવાવૃત્તિ અને સરળતાથી હું તદ્દન પરિચિત હતો. તેઓ પ્રાકૃતિક ચિકિત્સાના અભ્યાસી અને તે વિષે ઊંડો રસ ધરાવનાર છે. ઉપવાસ, અનશન આદિ પ્રસંગે કેમ વર્તવું એ બધું તેઓ સહેજે જાણે છે. અને વધારામાં કૌશાંબીજીના પરિચિત પણ ખરા. મેં તેમને જ કાશાંબીજી સાથે જવાનું કહ્યું અને તેઓ ગયા પણ ખરા. દોહરીઘાટ જતાંવેંત કૌશાંબીજીએ પ્રથમ તો એકાશન શરૂ કર્યાં. પછી ધીરે ધીરે માત્ર દૂધ ઉપર આવ્યા. ક્રમે ક્રમે દૂધનું પ્રમાણ પણ ઘટાડતા ગયા અને છેવટે એનો પણ ત્યાગ કર્યો. માત્ર પાણી લેતા. અને પાછળથી ચૈતન્યજીએ તેમને પાણીમાં લીંબુનો રસ પણ આપવા માંડેલો. એકાશનની શરૂઆતથી અનશનના પ્રારંભ અને તેના ત્યાગ સુધીના રોજેરોજના પૂરા સમાચાર ચૈતન્યજી અમને પોસ્ટથી પાઠવતા અને કાંઇક સૂચના પણ માંગતા. સાથે સાથે તેઓ કૌશાંબીજીના શારીરિક અને માનસિક બધાં ફેરફારોની નોંધ રાખતા જેની ડાયરી હજી તેમની પાસે છે. ચૈતન્યજીએ પરિચર્યાનો એવો સુંદર અને સર્વાંગીણ પ્રબંધ કર્યો હતો કે કૌશાંબીજીની ઉગ્ર પ્રકૃતિ પણ તેથી પૂર્ણપણે સંતોષાઇ હતી. ચૈતન્યજી ડો. સુશીલા નાયર અને ગાંધીજી પાસેથી કેટલીક સૂચનાઓ મંગાવતા. કૌશાંબીજી ગમે તેટલું ગોપવવા ઇચ્છે છતાં એમના જેવો વિશ્વવિખ્યાત માણસ અનશન ઉપર ઉતરે અને એ વાત સાવ અછતી રહે એ અસંભવ હતું. સ્વામીજીને પોતાના કામે અલાહબાદ, દેહલી, લખનૌ વગેરે સ્થળે જવાનું બન્યા કરતું. પુરુષોત્તમદાસ ટંડને સ્વામીજીને કહ્યું કે, ગમે તે ભોગે કૌશાંબીજીનો પ્રાણ બચાવો. એવો માણસ ફરી નહિ મળે. ગાંધીજી દીલ્હીમાં હતા. તેમણે ચૈતન્યજીને તાર કર્યો કે, કૌશાંબીજી ઉપવાસ છોડી દે. કૌશાંબીજીએ જવાબ અપાવ્યો કે, બાપુજી અહીં આવી મારા મનનું સમાધાન કરે તો જ હું ઉપવાસ છોડવાનો વિચાર કરું. એક બાજુ કૌશાંબીજીનો અટલ નિર્ણય હતો અને બીજી બાજુ ચોમેરથી ઉપવાસ છોડાવવાના પ્રબળ પ્રયત્નો પણ થતા. સૌથી વધારે ધ્યાન ગાંધીજીનો કથન ઉપર અપાતું. કૌશાંબીજી સાવ ક્ષીણ થઇ ગએલા. પડખું પણ ફેરવી ન શકતા. બોલી પણ ન શકતા. બધી શારીરિક હાજતો સુતાં સુતાં જ ચૈતન્યજીના યોગકૌશલ્યથી પતાવવામાં આવતી. કૌશાંબીજીની સ્મૃતિ, જાગૃતિ અને પ્રસન્નતામાં કાંઇ ફેર પડયો ન હતો. છેવટે લાંબા ઉપવાસો પછી કૌશાંબીજી ગાંધીજીના દબાણને વશ થયા ને પારણું કર્યું. પારણા પછી ઉત્તરોત્તર માંદગી વધી. ચૈતન્યજી પણ મુંઝાયા. છેવટે એમને કાશી લાવવામાં આવ્યા. મને કૌશાંબીજી કહે, "પંડિતજી! હું ઘરનો કે ઘાટનો રહ્યો નથી. ઉપવાસ તો છોડયા પણ માંદગી વધી અને બીજા પાસેથી સેવા ન લેવાની જે વૃત્તિએ મને અનશન તરફ ધકેલ્યો હતો તે જ વૃત્તિને દબાવી આજે અનેક પાસેથી વિવિધ સેવા લેવી પડે છે." અમે એમને લેશ પણ ઓછું ન આવે તે જ રીતે બધો વ્યવહાર કરતા. એમના સદ્ભાગ્ય યજમાન પ્રો. પવાર અને બીજા અનેક ડોક્ટર–વૈદ્ય આદિ મિત્રો એમને માટે શ્રદ્ધાપૂર્વક ખડે પગે રહેતા. એમના પુત્ર અને પુત્રી તરફથી અમારા ઉપર ઉપરાઉપર અનેક પત્રો આવતા કે અમારા પિતાની કીંમતી જીંદગી ગમે તે રીતે બચાવો અને જોઇતો બધો ખર્ચ છૂટથી કરો. એમના પુત્ર ચેક મોકલ્યે જ જતા. અમે પાસેના મિત્રો પણ કશી ગણતરી કર્યા વિના જ તેમને આરામ આપવા બધું કરતા. છેવટે ત્રણેક માસ પછી તેઓ કાંઇક બેસતા–ઉઠતા થયા, બોટાં પડેલ અંગો કાંઇક ક્રિયાશીલ થયાં. મેં તેમને કહ્યું કે, એકવાર મુંબઇ જાઓ ને કુટુંબને મળો. એમનું મન પણ એવું હતું કે ગાંધીજીને મળવું અને શક્ય હોય તો સેવાગ્રામમાં જ જઇ વસવું. તેઓ મુંબઇ ગયા, ને પાછા વર્ધા આવ્યા. વર્ધા કયારે આવ્યા તે હું નથી જાણતો પણ તેમની માંદગીના ઉડતા સમાચાર મળેલા. જુનની ૧૦ મી તારીખે કાકા કાલેલકર અણધારી રીતે મને કલકત્તામાં મિંધીપાર્કમાં મળ્યા ત્યારે તેમણે કૌશાંબીજીના અનશન વિષે વાત કરતાં કહ્યું કે તેઓ ૨૭ દિવસ લગી માત્ર જળ ઉપર રહ્યા અને છેલ્લા ત્રણ દિવસોમાં તો જળનો પણ ત્યાગ કરેલો. કૌશાંબીજી કાકાને મળવા ઉત્તેજ્જર હતા. ને જેવા કાકા બહારગામથી આવ્યા ને મૌનપણે એકબીજાએ આંખ મેળવી કે થોડી જ વારમાં તેમનો પ્રાણપંખેરૂ ઉડી ગયો. કાકાએ કહ્યું કે, છેલ્લી ક્ષણ લગી કૌશાંબીજીની સ્મૃતિ, જાગૃતિ અને પ્રસન્નતા અખંડ જ હતાં. મને આ સાંભળી આનંદ થયો અને એમ થયું કે દોહરીઘાટવાળું અનશન એ છેલ્લા અને પૂર્ણ અનશનની તૈયારીરૂપ જ નીવડયું. એ અભ્યાસે તેમને છેલ્લા માસિક અનશન દ્વારા સમાધિ–મૃત્યુ સાધવામાં ભારે મદદ આપી.

કૌશાંબીજી આ લોક છોડી ગયા એમ હરકોઇને લાગે, પણ જ્યારે એમની જીવતી વિવિધ કૃતિઓ અને અખંડ પુરુષાર્થના સમાજપ્રાણમાં સંક્રાન્ત થએલા સંસ્કારોનો વિચાર કરું છું ત્યારે મને તેઓ અનેક રીતે જીવતા જ દેખાય છે. પુનર્જન્મનો વ્યવહાર અને સૌની બુધ્ધિમાં સહેલાઇથી ઉતરે એવો આ એક જ ખુલાસો છે. એમનું આટઆટલું લખાણ, એમના આટઆટલા સંસ્કારગ્રાહી શિષ્યો, એમની આટઆટલી સેવા અને ત્યાગવૃત્તિ, એમનો સંસ્કારી

સાધુ ધર્માનંદ કોસંબીની અંતિમ ક્ષણો

"હે રાહુલ! આ પ્રમાણે આનાપાન સ્મૃતિની ભાવના કરવાથી અને તે પ્રગુણિત કરવાથી, મૃત્યુમુખે પડેલા મનુષ્યના આશ્વાસ-પ્રશ્વાસ પણ તેની સાવધ અવસ્થામાં જ થંભી જાય છે. અસાવધ રહેતાં નિરોધ પમાતો નથી. અનાપાનસ્મૃતિ જેને સાધ્ય થઈ હોય તે મરણકાળ આવી પહોંચ્યા છતાં મૂર્ચ્છિત થતો નથી. તેના શ્વાસોચ્છ્વાસ તેની જાગ્રતાવસ્થામાં જ બંધ પડે છે."

બુદ્ધ ભગવાનનાં આ વચનો સાધુ ધર્માનંદ કોસંબીએ પોતાની અંતિમ ક્ષણોમાં સિદ્ધ કરી બતાવ્યાં. પહેલાં તેમણે યુકતપ્રાંતમાં દેહરીઘાટ ખાતેના આશ્રમમાં અનશન કરીને દેહત્યાગ કરવાનો સંકલ્પ કર્યો હતો. મહાત્માજીની વિનંતિ પરથી તેમણે તે સંકલ્પ છોડી દીધો. આહાર લેવાથી શક્તિ આવતાં જ તે મુંબઇ ખાતે પોતાની પુત્રીને ઘેર જઇને રહ્યા. પણ પરિવ્રાજકે કુટુંબમાં પણ રહેવું જોઇએ નહિ એમ લાગવાથી તે ગાંધીજીના આશ્રમમાં સેવાગ્રામ ખાતે જઇને રહ્યા. અનશન કરીને મરવાનો સંકલ્પ તેમણે છોડી દીધો હતો, તો પણ જીવવાનો સંકલ્પ પણ પુનઃ મજબૂત થતો નહોતો. જિજીવિષા (જીવવાની ઇચ્છા) જ જ્યાં ક્ષીણ થઇ હતી ત્યાં અન્નનું પાચન પણ વ્યવસ્થિત રીતે કયાંથી થાય? અને ઔષધો પણ શું કરી શકે? સેવાગ્રામના આશ્રમમાં રહેવા જવાની વ્યવસ્થા ઉત્તમ હતી. નામાંકિત ડોકટરો સેવામાં હતા. કેટલાક પરિચારકો ભક્તિપૂર્વક અને તત્પરતાથી પરિચર્યા કરતા હતા. શ્રી. જમનાલાલજીએ પોતા માટે બંધાવેલી પણ ગાંધીજીએ જ વાપરેલી ઝુંપડીમાં તેમને રહેવા માટેની વ્યવસ્થા કરી હતી. કુટુંબીજનો પાસે ન રહે એવો જો કે તેમનો આગ્રહ હતો, તો પણ આશ્રમ-વાસીઓએ કુટુંબીજનોની ઊણપ ભાસવા દીધી નહોતી.

જીવવાનો રસ જ કમી થયા પછી દૂધ પચવું બંધ થયું. પછી ફળોનો રસ પણ નહિ પચવાથી બંધ કરવામાં આવ્યો. બાજીનું પાણી માત્ર લઇ શકાતું હતું. છેવટે બરાબર એક મહિનો તે માત્ર પાણી પર રહ્યા. એનિમા-બસ્તીની મદદથી પેટ તદ્દન સાફ રાખવામાં આવતું હતું. છેલ્લા ત્રણ દિવસ તો તે પાણી પણ લઇ શકયા નહિ. પરિવ્રાજકનું મરણ તદ્દન સ્વચ્છ હોવું જોઇએ એવો તેમનો આગ્રહ હતો. પાણી છોડયા પછી તેમનું બોલવું પણ ક્ષીણ થઇ બંધ થયું. પણ કાન માત્ર તીક્ષ્ણ રહ્યા હતા. મગજ ઉત્તમ રીતે કામ કરતું હતું. હાથપગની નાડીઓ કામ કરતી થોભી ગઇ તોપણ શ્વાસોચ્છ્વાસ છાતી પૂરતો નિયમિત ચલતો હતો. પૂછેલા પ્રશ્નો તે ઇશારતથી જવાબ આપતા હતા. છેલ્લા પ્રયાણ માટે તેમણે જેઠ માસની પૂર્ણિમા ઠરાવી રાખી હતી. પૂર્ણિમાને દિને હું તેમને જઇ મળું એવી તેમની ઇચ્છા હતી. રાત્રે બાર વાગ્યા સુધી તેમણે મૃત્યુની રાહ જોઇ અને પછી તેમણે બધાંને સુઇ જવા કહ્યું. પરોઢમાં પાંચ વાગતાં તેમણે કહ્યું કે હવે ત્રણ-ચાર કલાક બાકી છે. તા. ૪ થીની સવારે દસ વાગતાં હું તેમની પાસે જઇ પહોંચ્યો અને મળ્યો.

હાથની ઇશારતથી તેમણે પોતાની પ્રસન્નતા વ્યકત કરી. "પુત્રને અને પુત્રીને છેવટની ઘડીએ આવીને આપને જોઇ જવાની અનુજ્ઞા છે?" એવું મેં પૂછ્યું. તેમણે સ્પષ્ટ રીતે 'ના' કહી. હું કલાકેક પાસે બેઠો. પછી તુરત જ તેમણે આંખો તારવી. શ્વાસ કઠિન થવા લાગ્યો. એક વાગતાંને સુમારે તેમણે ભીના કપડાથી શરીર લુછાવરાવ્યું. દોઢ વાગતાં તેમણે ઝુંપડીના ચારે દરવાજા ખુલ્લા કરવા કહ્યું. અંતિમ ક્ષણ અવતાં જ પરિચારક શંકરનો હાથ પોતાની છાતી પર ગાઢ રીતે ધરી રાખ્યો અને છેલ્લો શ્વાસ છોડયો. ડોકટરો માનતા હતા કે પાણી લેવાનું બંધ કર્યા પછી ૨૪ કલાકમાં તે મૂર્છિત થશે, પણ તેમની યોગસાધના તેમને ઉપયોગી થઇ પડી. શ્વાસોચ્છ્વાસ પર ધ્યાન કરવાથી અને તે સાથે દેહની સ્મૃતિ રાખીને કાયસંસ્કાર શાન્ત કરી, નિષ્કામ પ્રીતિસુખનો અનુભવ લઇને, ચિત્તસંસ્કાર જાણીને, તેને શાંત કરીને, પ્રમુદિત ચિત્તને સમાધાનપૂર્વક વિમુક્ત કરીને અનિત્યતા તથા વૈરાગ્યની સ્મૃતિ રાખવાથી નિર્વાણનો રસ્તો મોકળો થાય છે.

ધર્માનંદજીએ ઘણા દિવસો પૂર્વે પોતાનો ઔર્ધ્વદેહિક સંસ્કાર કેવી રીતે કરવો તે સંબંધે સવિસ્તર સૂચના આપી રાખી હતી. 'મૃત્યુ પછી મુખમાં ગંગાજળનાં ચાર ટીપાં નાંખજો. મારે માટે પ્રાર્થના કિંવા મંત્ર કાંઇ કરશો નહિ, પ્રેતવાસ માટે નવું કપડું પણ વાપરશો નહિ. આશ્રમમાં કામ કરનારાઓને ભોજનની અડચણ પડે નહિ એવી રીતે દાહસંસ્કાર કરજો. ખર્ચ બહુ થવો ન જોઇએ...' વગેરે કેટલીય સૂચના તેમણે આપી રાખી હતી.

મૃત્યુ પોતાને હરી જવા આવે ત્યારે જીવ બચાવવાને સારા-માઠા બધા પ્રકારો કરનારા લોકો જગતમાં અસંખ્ય છે. મૃત્યુ વિષે બેપરવા રહીને નિત્યનાં કામો કરનારા લોકો પણ મળે છે. પણ પોતાનું જીવનકાર્ય પૂરું થયું છે એમ જાણીને પોતે જ મૃત્યુને આમંત્રણ આપીને અને સર્વ પ્રકારની વ્યવસ્થા કરીને ઉત્કંઠાથી મૃત્યુની વાટ જોનારા સાધુપુરુષો જગતમાં વિરલ જ હોય છે. એ માટેજ ધર્માનંદજીના અંતિમ દિવસોનું વર્ણન ઉપર જરા વિસ્તારથી આપ્યું છે. અંતિમ અનશનને લીધે તેમનું શરીર એટલું બધું ક્ષીણ થયું હતું, સુકાઇ ગયું હતું કે તેમને ઊંચકવાનો ભાર પણ કોઇને જાણવા જેવો લાગ્યો નહિ. અંતિમ યાત્રાએ તેમને પહોંચાડવા માટે જે સ્ત્રીપુરુષો એકત્ર થયાં હતાં, તેમાંના કોઇના મુખ પર વિહ્વળતા કે ગ્લાનિ નહોતી. બધાયે આ ભવ્ય પ્રસંગનું ગંભીરતાથી મનન કરતાં હતાં. દુનિયાના ત્રણ ખંડમાં પ્રવાસ કરીને પોતાના પ્રકાંડ પાંડિત્યના બળથી બૌધ્ધ ધર્મશાસ્ત્રનો પ્રચાર કરનારા અને પોતાની પાછળ ઉજ્જવલ શિષ્ય-પરંપરા મૂકી જનારા વિદ્વાનના જીવનનો તે નિચાર કરતાં હતાં. મુંબઇની મીલોના કામદારોની સેવા કરવા માટે તેમની વચ્ચે જઇને રહી તેમનાં સુખદુઃખનું અધ્યયન કરનારા આ રાષ્ટ્રસેવક સાધુ-પુરુષ માટે લોકોના મનમાં આદરની માત્રા કાંઇ થોડી ન હોય.

મરાઠી 'હરિજન'માંથી **કાકા કાલેલકર.**

વિશાળ પુત્ર-પુત્રી-પરિવાર-આ બધું હોવા છતાં જો સ્થૂળ દેહનો અભાવ જ પૂર્ણ મૃત્યુ ગણાતું હોય તો એવું મૃત્યુ અનિવાર્ય હોઇ તેં લેશ પણ ચિંતાનો વિષય હોવો ન જોઇએ.

હું અને બીજા મિત્રો મુંબઇ પર્યુષણ વ્યાખ્યાનમાળામાં કૌશાંબીજીને આમંત્રણ આપતા ત્યારે તેઓ તેમાં વ્યાખ્યાન આપવા આવતા. જ્યારે જ્યારે મેં એમની પાસેથી કાંઇપણ વિદ્યાકૃત્ય સાધવા ઇચ્છેલું ત્યારે તેઓએ પ્રસન્નતાપૂર્વક મને મદદ આપેલી છે. તેમની સાથેના મારા નાનામોટા અનેકવિધ સ્મરણો અને તેમણે કહેલા પોતાનાં જીવન-પ્રસંગો જેમ તત્કાળ સ્મૃતિપથમાં નથી આવતાં તેમ તે આ મર્યાદિત લેખમાં સમાવેશ પણ પામી નથી શકતાં. કૌશાંબીજીના બધા જ પરિચિત મિત્રોએ પોતપોતાનાં સ્મરણો અને તેમની સાથેના પ્રસંગો લખી તે ઉપરથી પુનરુક્તિ વિનાની એક કૌશાંબીજી-સ્મૃતિ-પોથી તૈયાર કરી હોય તો જ તેમનું સમગ્ર ચિત્ર કાંઇક અંશે આલેખી શકાય.

સમ્મ. **પંડિત સુખલાલજી.**

ગુજરાતનો જૈન ધર્મ

આ લેખનો બાકી રહેલો વિભાગ આવતા અંકમાં પ્રગટ થશે.

સત્યશીલ ધર્માનંદ કૌશાંબી

આ મથાળાનો ગયા અંકમાં પ્રગટ થયેલો લેખ શ્રી. પરમાનંદ કુંવરજી કાપડીઆનો લખેલો હતો. **તંત્રી.**

કેસંબીજીનાં અંતિમ વચનો

(શ્રી. ધર્માનંદ કોસંબીએ પોતાની છેલ્લી માંદગી દરમ્યાન ડો. વાડદેકરને કેટલીક વાતો લખાવી હતી. મૂળ મરાઠીનું ગુજરાતી અહીં આપવામાં આવ્યું છે.)

૯ અને ૧૫ મે વચ્ચે

મહાત્મા ગાંધીજીએ (આમરણ ઉપવાસમાંથી) મને બચાવ્યો એ સારું કર્યું કેમ કે તે વખતે મારા શરીરને કશું કષ્ટ ન હતું. ફક્ત મનને જ કષ્ટ હતું અને તેને પહોંચી વળવું કઠણ જણાતું. હમણાં શરીરને કષ્ટ છે પણ મનને કશી અકળામણ નથી.

૧૭-૫-'૪૭

ગઇ કાલે એકાએક એક વિચાર મનમાં આવ્યો. મને પોતાને એ ઉપયોગી નથી, પણ ભવિષ્યના લોકોને બોધ મળે. એ હેતુથી નોંધી રાખવા જેવો લાગે છે.

ગયા (૧૯૪૬) જૂન દરમ્યાન હું માંદો હતો. જુલાઇમાં સાજો થયો, પણ મનમાં વિચાર આવ્યો કે જીવીને હવે મારે હાથે કશું કાર્ય થવાનું નથી. માટે જેમ જૂના કાળમાં આપણા જન-કાદ્દિ રાજાઓ અરણ્યમાં જઇ ને ત્યાં જ મરી ગયા તેમ હું પણ જાણી જોઇને મરણ સ્વીકારું.

આવા વિચારથી દેહરીઘાટના હરિજન ગુરુકુળમાં જઇને ૨૨ મી ઓગસ્ટ ૧૯૪૬ થી મેં ઉપવાસ શરૂ કર્યા. આશ્રમના પ્રમુખ સ્વામી સત્યાનંદનો એને ટેકો હતો અને 'ઉપવાસના ખબર કોઇને આપીશ નહીં,' એમ એમણે કબૂલ્યું હતું, પણ લખનૌમાં શ્રી ટંડન આગળ એ વાત કહેવાઇ ગઇ. એમણે સ્વામીજીને તરત બાપુજી પાસે મોકલ્યા. ગાંધીજીએ મને કાગળ મોકલ્યો. મેં ગાંધીજીને તાર દ્વારા જવાબ મોકલ્યો કે "હવે મને આગ્રહ (જીવવાનો) કરશો નહીં, મને સ્વસ્થપણે મરવા દેશો." મહાત્માજીએ મારી એ વાત ન સ્વીકારતાં બીજા બે તાર કર્યા. હું મૂંઝાયો અને આખરે નિર્ણય ઉપર આવ્યો કે હવે વધુ ન તાણતાં ઉપવાસ છોડી દેવો જોઇએ. મને બનારસ લઇ ગયા. ત્યાં સજા થતાં લગભગ બે મહિના થયા. ડિસેમ્બર ૧૯૪૭ ના પ્રારંભમાં હું મુંબઇ આવ્યો અને મારી દીકરીને ત્યાં રહ્યો. ત્યાં ડોકટરોએ મને તપાસીને કહ્યું કે 'રોગ કશો નથી. સ્નાયુ અશકત થયા છે. એને માટે વિટામિન બી લેવું.' એ દવા લેનાર્વેત-એક અઠવાડીયાની અંદર-શરીરે ખંજવાળ શરૂ થઇ જે હજી કાયમ છે. ઇન્જેકશનો લીધાં, પ્રવાળભસ્મ લીધી, સેવાગ્રામ આવીને નૈસર્ગિક ઉપચારના પ્રયોગ કર્યા, પણ ખંજવાળ મટતી નથી.

મુખ્ય વાત કહેવાની તે એ કે દેહરીઘાટ જઇ મેં જે ઉપવાસ શરૂ કર્યા તે મારી ભૂલ હતી. એમાં કાયરતા હતી. ડો. રામમનોહર લોહિયાએ ૧૬ જૂન, ૧૯૪૬માં જ ગોવામાં જે સત્યાગ્રહ કર્યો હતો તે બહુ સફળ થયો નહીં, તો પણ તેને પરિણામે અમુક જાગૃતિ તો થઇ જ. એ કામ હું કશી ધાંધલ વગર કરી શકત; અને ઘણું કરીને પોર્ટુગીઝ રાજ્યકર્તાના સકંજામાં ન આવત. પૂ. બાપુજી જેમ નોઆખલીમાં એક છેડાથી બીજા છેડા સુધી ફરતા રહ્યા છે, તે પ્રમાણે હું સહેજે કરી શકત. એમાં મને એક જ બીક લાગતી હતી કે ગોવાનો ખોરાક-ભાત-હું પચાવી ન શકત. મને ફરી ફરી સંગ્રહણી-ડિસન્ટ્રી-નો વિકાર થાત. પણ બૂબ સાચવીને રહેત તો વર્ષ બે વર્ષ જરૂર જેમ તેમ નભાવી શકત અને એ રોગથી મરી જાત તો એમાં કશું ખોટું ન થાત. પણ હું ગભરાયો અને એ રસ્તો મેં છોડી દીધો. આ સાચો કર્મયોગ ન કહેવાય. કર્મયોગીએ તો છેલ્લી ઘડી સુધી સત્કર્મ કરતા રહેવું જોઇએ. બુદ્ધ ભગવાને એ જ કર્યું. તેઓ ત્રણ કે ચાર મહિના ભયંકર રીતે બીમાર હતા. એ જ સંગ્રહણીના રોગથી તેઓ પીડાતા હતા. તેમાંથી સાજા થતાંવેંત તેમણે પોતાનું પ્રચારકાર્ય શરૂ કર્યું. રસ્તામાં સહેજ અપથ્ય થતાં એ જ રોગથી એકાએક પરિનિર્વાણ પામ્યા. એને જ હું સાચો સત્કર્મયોગ કહું છું. એ જ કામ આજ પૂ. બાપુજી કરી રહ્યા છે. હું બીકણ નીવડયો.

બીજી વાત એ કે મેં મારું ક્ષેત્ર ઘણું જ સંકુચિત કરી મૂકયું. કેવળ ચોપડીઓ જેટલું જ હું જોવા લાગ્યો. ચોપડીઓ લખવાનું સામર્થ્ય જો મારામાં નથી તો જીવવામાં સાર શો?- એવી દિશાભૂલ મેં કરી લીધી.

આ સંકુચિત ક્ષેત્રમાંથી નીકળી જઇ, ગોવા જઇને ત્યાંના લાખો લોકોને નહીં તોયે ઓછાવત્તા લોકોને હું જગાડી શકીશ- એટલું મને સુઝયું નહીં

આ ઉપરાંત તે વખતે મેં જૈન ધર્મનું અધ્યયન ચલાવ્યું હતું. એનું પણ મારા પર વિલક્ષણ પરિણામ થયું. પ્રાચીન કાળના જૈન સાધુ અને ગૃહસ્થી ઘડપણમાં ઉપવાસ કરીને પ્રાણત્યાગ કરતા હતા. આ વ્રતને એમના ગ્રંથમાં મરણાંતિકી સંલેખના કહે છે. એ જ ઢબે એવો જ કંઇક ઉપવાસ કરી મરી જવું એમ મને ઇષ્ટ લાગવા માંડયું. ખેર.

જૈનોનાં બધાં વ્રતો વગેરેને હું વખોડતો નથી. એમનાં વ્રત અને ઉપવાસનો કંઇ જ ઉપયોગ નથી એમ નથી. વિવેકપૂર્વક એ વ્રતો આચરવાથી આજે પણ એમાંથી લાભ થઇ શકે છે.

અને છતાં બુદ્ધનો કર્મયોગજ-અથવા આજે પૂ. બાપુજી આચરી રહ્યા છે એ જ કર્મયોગ મને અધિક પસંદ છે.

સત્કર્મયોગીએ એટલી એક વાત ધ્યાનમાં રાખવી જોઇએ કે એક ક્ષેત્રમાં પોતાની ગતિ ન ચાલે તો તે બદલીને બીજામાં પ્રવેશ કરવો. લોકો હસશે અથવા વખોડશે એનો વિચાર સરખો કરવો નહીં. સોક્રેટિસને બધા લોકોએ હેમલોકનું ઝેર પીવાની સજા કરી, ખ્રિસ્તને ક્રોસ પર ઠોકી દીધો, બુદ્ધોને જીવતો બાળી નાખવામાં આવ્યો. પણ આ કર્મયોગીઓએ દુનિયામાં કેટલી જબરદસ્ત ક્રાંતિ કરી દીધી!

કર્મયોગ અથવા સત્કર્મયોગ એટલે બાપદાદાએ ચલાવેલો ધંધો આગળ ચલાવવો એ નથી. જેથી કરીને બહુજનનું કલ્યાણ થાય તે જ સાચો કર્મયોગ-અને તે પણ અત્યંત અનાસક્ત બુધ્ધિથી કરવો જોઇએ.

હવે શકિત ક્ષીણ થતી ચાલી છે. બોલવાની તાકાત રહી નથી. એટલે ભર્તૃહરિનો નીચેનો શ્લોક યાદ કરી વિરમું છું:

मातर् मेदिनि, तात मारुत, सखे तेजः, सुबंधो जल,
भ्रातर् व्योम, निबद्ध एष भवतां अन्त्यः प्रणामांजलिः।
युष्मत् संगवशोपजात सुकृत स्फारस् स्फुरन् निर्मल-
ज्ञानापास्त समस्त मोहमहिमा लीये परे ब्रह्मणि॥

'હરિજનબંધુ'માંથી સાભાર ઉધ્ધૃત.

ડાહ્યાભાઇ ભાલાભાઇ કોરા નિબંધમાળા

સ્પષ્ટીકરણ

આ નિબંધલેખન સંબંધી બે બાબતોની ચોખવટ કરવાની જરૂર જણાઇ છે.

(૧) હિંદી ભાષામાં નિબંધ લખનારે હિંદી લિપિનો જ ઉપયોગ કરવાનો છે, ઉર્દુનો નહિ.

(૨) નિબંધ ફુલ્સકેપ કાગળની અથવા મોટી સાઇઝના લેટર પેપરની એક બાજુએ લખવાનો છે.

(૩) નિબંધનું કદ ફુલ્સકેપ આઠ પેજના ૩૨ છાપેલાં પાના આસપાસ હોવું જોઇએ એનો અર્થ ફુલ્સકેપ સાઇઝના લગભગ ૧૬ થી ૨૦ હાથનાં લખેલાં પાનાં થાય. **મંત્રી, મુંબઇ જૈન યુવક સંઘ.**

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન: સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૯
અંક : ૭

મુંબઈ: ૧ ૧૯૪૭ ઑગષ્ટ શુક્રવાર.

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

સંતવાણી

(કેટલાક દિવસ પહેલાં સવારના સમયે કંઈ કામકાજને અંગે મારા મિત્ર શ્રી. હીરાલાલ અમૃતલાલ શાહને ત્યાં જવાનું બન્યું. તેઓ પોતાના એક મિત્રને ગ્રામોફોનની અમુક રેકર્ડ સંભળાવતા હતા. પૂછતાં માલુમ પડયું કે તે રેકર્ડ જુથિકા રોયે ગાયેલા 'મત જા, મત જા, મત જા' એ ધ્રુવ પદવાળા મીરાના એક પદની હતી. હું પણ તે સાંભળવા બેઠો. ભાઇ હીરાલાલે મીરાના ભજન સંગ્રહમાંથી કાઢીને એ પદ મને વાંચવા આપ્યું, અને એ પદનો અર્થ સમજાવ્યો. પછી એ રેકર્ડ સંભળાવી અને તે ઉપર તેમણે ટૂંકસું વિવેચન કર્યું. જુથિકા રોયનું આ પદ પહેલાં કેટલીયે વાર સાંભળ્યું હશે. પણ આટલી સમજણપૂર્વક પહેલી જ વાર સાંભળ્યું. ભક્ત કવિ મીરાનું આ અર્થઘન પદ અને જાણે કે એ પદમાં પોતાનો આખો આત્મા ઠલવાઇ જતો હોય એવી ઊર્મિ, હલક અને નૈસર્ગિક કળાથી પોતાના કિન્નર કંઠવડે રજુ કરનાર જુથિકા રોય–આવી સુંદર મેળવણીનું હાર્દ હું આજે જ સમજ્યો અને એ સમજતાં સાંભળતાં મેં ક્રોડ પરમ આલ્હાદ અનુભવ્યો. મેં ભાઇ હીરાલાલને એ પદ ઉપરનું વિવેચન લખી આપવા વિનંતિ કરી. મારી માંગણીનો તેમણે સ્વીકાર કર્યો અને તેનું જે પરિણામ આવ્યું તે અહિં નીચે પ્રગટ કરવામાં આવે છે. કુમારી જુથિકા રોયની ઉપર જણાવેલ રેકર્ડ સાંભળવાનું જેના માટે શકય હોય તે એ રેકર્ડ આ ખ્યાલપૂર્વક સાંભળીને આ વિવેચન વાંચશે તો પ્રસ્તુત વિવેચનના મર્મને તે વધારે સારી રીતે ગ્રહણ કરી શકશે. આ પદ અનેક ગાયકોએ સામાન્યતઃ ભૈરવી રાગમાં ગાયું છે, પણ શબ્દાર્થને અને પદના આત્માને ઉંડાણથી પીછાણીને તો માત્ર જુથિકા રોયે જ ગાયું છે એમ પ્રસ્તુત રેકર્ડ સાંભળતાં આપણને સચોટ અનુભવ થાય છે. અહિં પણ આ પદનો રાગ ભૈરવી જ છે. પરમાનંદ)

જોગી મત જા.....મત જા.....મત જા.....

૧ જોગી, મત જા, મત જા, મત જા,
પાંવ પડું મૈં તોરી.....જોગી મત જા...

૨ પ્રેમ ભક્તિ કે પૈર † હે ન્યારે
હમકો ગૈલ * બતાજા.... . જોગી મત જા...

૩ અગરચંદનકી ચિતા રચાઊં
અપને હાથ જલાજા.....જોગી મત જા...

૪ જલબલ ‡ હુઈ ભસ્મકી ઢેરી *
અપને અંગ લગાજા.....જોગી મત જા...

૫ મીરાં કે પ્રભુ ગિરિધર નાગર
જ્યોતમેં જ્યોત મિલાજા.....જોગી મત જા...

— વિવેચન —

દેખીતી રીતે આ પદ બહુ અસ્પષ્ટ છે: એક કડીનો બીજી સાથે અને બધી કડીનો સમગ્રપણે કશો મેળ દેખાતો નથી, છતાં આખા પદમાં કાંઇક અવનવું લાગે છે પણ તે શું છે તે સહેજે વરતાતું નથી.

વસ્તુતઃ આ અસાધારણ સુંદર પદ છે, ભાવના, વેદના, વ્યાકુળતા અને અર્થવાહી ગંભીર ધ્વનિથી ભરપૂર છે, હૃદયની અપૂર્વ લાગણીઓ વ્યક્ત કરે છે અને સાથે સાથે યોગમાર્ગમાં કયારે ને કઇ રીતે ભક્તિમાર્ગ અન્તર્ગત થાય છે તેનું દર્શન કરાવે છે. મીરાં માટે–સ્ત્રીહૃદય માટે–ભક્તિમાર્ગ જ હતો અને તેનું સંપૂર્ણ ગાન મીરાંએ આ પદમાં કર્યું છે. યોગમાર્ગની પ્રતીક્ષા થતાં ભક્તિમાર્ગનું પૂર્ણ સ્વરૂપ દેખાડયું છે.

આ ગાન કરનાર સતી યોગીની છે. 'યોગી'ને ઉદ્દેશી ગાનનો પ્રવાહ છૂટવા માંડયો છે. સ્ત્રીપુરૂષનો (પુરૂષ અને પ્રકૃતિનો–આત્મા અને ચિત્તવૃત્તિનો) અનંતકાળથી સહચાર રહેલો છે અને પરસ્પર સહાયક રહીને આગળ વધતાં રહ્યાં છે. શરૂઆત માનવ–ભૂમિકામાં કદાચ દાંપત્યજીવનથી થઇ હશે. સંસારમાં પુરૂષરૂપે અને પ્રકૃતિરૂપે બન્નેએ વિકાસ મેળવી પોતપોતાનો યોગ સાધ્યો છે. સંતોષ–આનન્દ–પ્રસન્નતા બન્નેની અખંડિત રહી છે. એકબીજાને ઉપકારક અને શોભીતું અવલંબન થયું છે અને જીવનમાં ઘણું સિદ્ધ કર્યું છે. હજી સુધી કશી ભિન્નતા કે કશો વિસંવાદ થયો નથી. આ ક્રમ હવે બદલાવાની દશા આવી છે. સમાધિદશાએ પહોંચતાં યોગીને ચિત્તવૃત્તિનો લય કરવાનો રહે છે. સવિકલ્પ સમાધિ સુધી યોગી કે યોગીની એકલાં પડતાં નથી, પરંતુ તેથી આગળ નિર્વિકલ્પ સમાધિ પ્રાપ્ત કરવા જતાં ઇતર સર્વનો નિરાસ કરવો પડે છે–તે વખતે બધું ઓતપ્રોત થઇ એક જ તેજ સ્વરૂપ રહે છે અને સર્વ તેમાં સમાઇ ગયેલું હોય છે. યોગીનો અને યોગીનીનો પણ તેમાં લોપ થનાર છે, પરંતુ તે બંનેનો એક સાથે લોપ સંભવે ખરો? પદમાં એ ખુલાસો છે કે યોગીની પોતે પ્રથમ યોગીમાં લય પામે છે અને તે રીતે સહચાર અવિચ્છિન્ન રાખી પાછળથી યોગી સાથે તેજમાં લય પામે છે. અનંતકાળથી પુરૂષ સાથે રહેલી પ્રકૃતિ પોતાનું ગૌરવ સિધ્ધ કરે છે. આ કેવી રીતે થાય છે તેનો ખુલાસો પદના ગાનમાં છે–પદમાં છે–તે ગાનથી પ્રતીત થાય છે.

ચિરકાળની સ્નેહગ્રંથી સૂક્ષ્મસ્વરૂપ લેતી જાય તેમ તેમ અનુપમ થતી જાય છે અને તે પુરૂષહૃદય કરતાં સ્ત્રીહૃદયને વધુ બન્ધન કરનારી છે. ગ્રન્થી છૂટવા માંડે–કે તૂટવા માંડે–તે સ્ત્રીહૃદયને અસહ્ય હોય છે. કારણ કે પ્રેમ ને ભક્તિ જેના પ્રતિ છે તેનો વિરહ ઉભો થાય છે. સ્ત્રીહૃદયને તે વિરહ પોષાય તેમ નથી. 'જોગી' વિખૂટો પડે તેમાં પરમ વેદના છે. તે પ્રસંગની કલ્પનામાં જ ચીત્કાર છે. કદી છૂટા ન પડવાની આશાનો ભંગ છે તેવો પ્રસંગ ઉભો થયો તેનો આર્ત્તનાદ શરૂ થતાં પ્રથમ પંક્તિ ચાલુ થાય છે–'મતજા–મતજા મતજા'–આમ પુનઃ પુનઃ કહી પ્રાર્થના અભ્યર્થના રૂપે પ્રકટ થાય છે અને તેમ કરતાં કરતાં આ પરિસ્થિતિનો પોતાની રીતે પોતાને માટે ઉકેલ સૂઝતાં યોગીનીને થોડુંક બળ આવે છે–યોગીનીના સંકલ્પ દૃઢ થાય છે અને પદની પહેલી કડીનો આરંભ થાય છે.

નિરાશા ને વિષાદ–વિરહની આશંકા–પગલે પગલે રહે છે અને પ્રત્યેક કડીમાં દેખાવ દે છે. હૃદયની વ્યાકુળતા ને વેદના બહાર પડી જાણે વિશ્વભરમાં ફેલાય છે તે પાછી હૃદયમાં સમાવવા

† પગલાં * પગદંડી: રસ્તો * દગલી ‡ ભડભડ બળીને.

સ્ત્રીહૃદય પ્રયત્ન કરે છે. ગાનની પ્રત્યેક કડીમાં આ વ્યથા ઉભરાય છે.

આ પદમાં આર્જવતા છે તે ઉત્કૃષ્ટ નાયિકાનો વિષાદ છે. તેમાં વિનમ્રતા ભારોભાર છે. પગે પડીને પુનઃ પુનઃ રોકવાની ઇચ્છા છે, પણ રૂદન ને વિલાપ નથી.

પોતે એકલી પડી જશે તે ખ્યાલ પણ યોગીનીને અસહ્ય છે. યોગી કોઇ વખતે વિઘ્નરૂપ અંશથી પણ હતો નહિ અને તે રીતે યોગીની પણ યોગીના માર્ગમાં અંતરાયરૂપ હતી જ નહિ. આવો મેળ સિધ્ધ થયો તે માર્ગ હવે શું બંધ થાય છે? નિરર્થક છે?

યોગીનીની 'પ્રેમભક્તિ' માર્ગ સુઝાડે છે. તે પોતે જે જાણે છે તેથી ઇતર માર્ગ તેને અજાણ્યો છે એટલે યોગીને યાચના કરે છે કે તું હવે પરમકલ્યાણકારી માર્ગે જાય છે તે ગલી અમને બતાવ–તારી પગદંડી અમને પ્રતીત કરાવ. આમ કહેતાં કહેતાં પણ તે પગદંડી કદાચ ન સમજાય અને રખેને યોગી વિખૂટો પડી જાય તેની આશંકા કંપારી ઉપજાવે છે. અને તે અંગે પણ 'મતજા'ની યાચના ચાલુ રહે છે. માગણી કરતાં હૃદય જાણે તુટું તુટું થાય છે કારણ કે કદાચ પોતાની ને યોગી વચ્ચે આંતરો પડી ગયો તો આશાભંગ થવાનું–સદ્વિચાર ગુમાવવાનું–યોગીનીને પાલવે તેમ નથી. અને તેથી સાથે રહેવાનો સંકલ્પ નવા આકારમાં પ્રકટે છે. યોગીનીને સમજ થઇ છે કે કશી પણ અશુધ્ધિ યોગીના હવેના માર્ગમાં વિઘ્નરૂપ છે એટલે તેવું કશું જો પોતામાં હોય તો પવિત્રમાં પવિત્ર વસ્તુથી પણ તેને ભરમ કરી દેવું કે જેથી યોગીને છૂટા પડવાનું કારણ ન રહે. માયાનો લય થવો જોઇએ–પ્રકૃતિનો તમામ ખેલ સંકેલાઇ જવો જોઇએ–વૃત્તિ સંપૂર્ણપણે નિવૃત્ત થવી જોઇએ–તે જ રસ્તો પ્રેમભક્તિની રીતે પોતાના સ્વાપર્ણમાંથી ઉભો થાય છે–લક્ષ્ય અવિચળ રહે છે અને પોતાના બલિદાનથી યોગીની એ લક્ષ્ય સિદ્ધ કરે છે.–લક્ષ્ય જોગી સાથે કાળાન્તરે પણ અવિયોગ છે. આ રીતે પદનો મધ્યભાગ ઉપસ્થિત થાય છે. યોગીના શ્રેયમાં, યોગીના પરમ કલ્યાણમાં પોતાનું શ્રેય ને પ્રતિબિમ્બ જોનાર યોગીનીને નિર્ણય પર આવતાં વિલંબ થતો નથી. યોગીનો સંકલ્પ દૃઢ ને અવિચ્છિન્ન રહ્યો છે તેનાં સૂચક સ્વરૂપે યોગીને હાથે જ ચિતા સળગાવવાની પ્રાર્થના છૂટે છે. જૂનો યોગ પૂરો થયો ને નવો યોગ ચાલુ થાય તેની વચ્ચેના રૂપાન્તરનો આ યોગ્ય પ્રકાર છે: બલિદાન સાથે ભવિષ્યની આશાનો મેળ છે ને સાથે સાથે વિષાદ છોડવાના પ્રયત્ન સાથે પોતાનું કર્ત્તવ્ય કર્યાનો સંતોષ ઉભો થતો આવે છે. પણ સ્ત્રી હૃદયની વ્યાકુળતા જતી નથી. ચિતા બળી બળી રાખની ઢગલી રહે તે કલ્પના ધ્રુજાવનારી શીત ઉપજાવનારી છે જ, પરંતુ યોગીને ઇષ્ટ થયું તેમાંથી નવો રસ્તો જન્મે માટે ઉભો થયો છે. રોજ ભસ્મ લગાવનાર જોગીને આ ઢગલીની ભસ્મ લગાડવામાં કશું અંતરાય રૂપ નથી અને ભસ્મરૂપે પણ વિશુદ્ધ અને ચિરંજીવ થયેલી યોગીનીને યોગીનો મેળાપ રૂપાન્તરથી અનંતકાળ માટે થઇ જાય છે. સહચારીના સૌભાગ્યમાં સમભાગી થવાનો લહાવો નવેસરથી પ્રાપ્ત કર્યાનો "પ્રેમભક્તિ"નો આનંદ છે. હવે પગદંડી સમજવાની કે તે ભૂલાઇ જવાની ચિન્તા રહી જ નથી. માયાના નાશનું સ્વરૂપ સિધ્ધ થતાં હવે પછી રાગનું પણ બંધન બંનેમાંથી એકેયને નથી રહ્યું. ચિત્તવૃત્તિ આત્મસ્વરૂપમાં જ લય પામી ગઇ અને પ્રેમભક્તિનો માર્ગ યોગીને પણ સહાયક થયો. આ સઘળું પાર ઉતરે તે વિચક્ષણ ને સમર્થ પરમ શક્તિમાન ગિરિધરની કૃપાથી જ ઉતરે અને તેની કૃપાથી જ જ્યોતિમાં જ્યોતિ સંપૂર્ણપણે મળી જાય એમ મીરાં લલકારી લલકારીને કહે છે.

પ્રેમભક્તિએ આ યોજના યોગીને કહી બતાવી અને તેમ કહેતાં કહેતાં પણ પુનઃ પુનઃ પ્રાર્થના ચાલુ રહે છે કે આ મુજબ બને ત્યાં સુધી 'તું મત જા' અર્થાત્ વિખુટો ન પડ, વિખુટો ન પડ!

ઉપરના ગાનમાં સ્ત્રીહૃદયનો ભાવનાના–આશંકાના–વ્યથાના–વિરહવેદનાના–આકાંક્ષાના–વિષાદના મહેરામણ ઉછળે છે, હૃદયની ભાવનાઓના જોર ઉપર ધર્મનું જોર વધે છે તેનું નિરૂપણ છે. લય પામવા તત્પર થયેલા ભવ્ય યોગીની પ્રતિમા અખંડ રહે છે તેમ જ વધુ ઉજ્જવળ થતી આવે છે. વિવિધ સંકલ્પ ને સંજોગોમાં 'પ્રેમ ભક્તિ' યોગના માર્ગમાં કેવી રીતે જોડાઇ લય પામે છે તેનાં દર્શનો છે જેમાં સ્વાર્પણનું પ્રાધાન્ય છે. વિરહનો પ્રસંગ ઉભો થતાં યોગી માટેનો યોગીનીનો આદર હિમાલય રૂપ ધારણ કરે છે, સ્વર્ગ નજીક–મોક્ષ નજીક–પહોંચે છે.

આ પદમાં જે જે ભાવો રહેલા છે તે તે ભાવોને ગાનનાં સ્વરૂપમાં યોજી કોઇ સમર્થ ગુરૂએ જુથિકા રોયને ભળાવ્યાં લાગે છે અને પોતાને થયેલો ગુરૂપ્રસાદ જુથિકા રોયે કંઠથી સંતવાણીની સેવામાં ધર્યો છે. ગ્રામોફોન રેકર્ડે તે જાળવી રાખ્યો છે. આપણા સંતોના પદોમાં જે અર્થવાહી ભાવના છે તેને દ્યોતક વિભૂતિ કાળે કાળે મળી રહે છે એ આપણું સદ્ભાગ્ય છે.

સંગીતમાં પદની શબ્દરચના પરથી ભાવવાહી સૂર પર જવાના વિવિધ રસ્તા છે. શબ્દને વળગીને ભાવોના રણકારા આપવાનો પણ એક પ્રકાર છે અને તે જુથિકા રોયનો છે. શબ્દને છોડીને પણ ભાવોના પ્રતિબિંબો ખડા કરનારા બીજા સમર્થ સંગીતકારો પણ છે, કારણ કે ભાવ પ્રથમ ઉપજે છે–શબ્દ માત્ર ભાવનો વાહક છે ને પછી ઉપજે છે. પરન્તુ આ પદના ગાનની યોજનામા વિશિષ્ટતા એ છે કે પદના શબ્દ અને પદના ભાવની પરસ્પરની મર્યાદા પૂરેપૂરી સ્વીકારી તેની અંદર જ ગાનને ભાવવાહી કરવા માટે સુરનો ઉપયોગ કરવામાં જુથિકા રોય કુશળીભૂત થઇ છે અને ભાવનાને પદના શબ્દોના બન્ધનથી અંકિત કરીને સુર મારફત પદને વધુ સ્નિગ્ધ કરે છે.

કોઇ પણ ચિત્રકારનો પ્રયત્ન કે લેખનનો પ્રયત્ન કે સંગીતનો પ્રયત્ન ભાવવાહી થાય અને ધ્વનિ આપે તેથી સફળ થાય છે. તે રીતે આ પદનું ગાન સર્વ રીતે સફળ થયું છે.

હીરાલાલ અમૃતલાલ શાહ

* * *

મીરાંની અદ્ભુત સાધના

ભારતના સંતોમાં મીરાંની ભાત અનેરી જ પડી છે. પ્રલ્હાદ, નચિકેતા, શિખી અને હરિશ્ચંદ્રની પેઠે મીરાંએ પણ સત્યાગ્રહી જીવનની તેજસ્વિતા દાખવી છે. લોકરૂઢી અને લોકલાજને નહીં ગણકારવાનો પ્રારંભ એણે પોતાના મુસલમાની નામથી જ કર્યો હશે. ગિરિધરનાગર એના પ્રભુ હતા, પતિ હતા, ગુરૂ હતા–સર્વસ્વ હતા.

રાજસ્થાન, માળવા, ગુજરાત, કાઠીયાવાડ–એ એની સંચારભૂમિ હતી. પરિણામે એની કવિતામાં એ બધા જ પ્રદેશોની ભાષાના પ્રાદેશિક શબ્દો આવી ગયા છે. એ ઉપરાંત બીજા કોઇ પણ સંતની વાણી કરતાં મીરાંની વાણીમાં પાછળના લોકોએ ઘણા ફેરફાર કર્યા છે અને કેટલાક પદો તો બીજા જ નાના મોટા કવિઓએ મીરાંને નામે ચઢાવ્યા છે!

એનાં જીવનની વિગતો પણ આપણી પાસે વિશ્વાસપાત્ર રૂપમાં નથી. આવી સ્થિતિમાં મીરાંના પદોના ભાવાર્થ વિષે નિશ્ચયપૂર્વક કાંઇ પણ લખવું મુશ્કેલ છે. છતાં મીરાંની સાધના અને એની અનુભૂતિ એટલી ઉત્કટ છે કે એની પાછળ કલ્પના દોડાવ્યા વગર રહેવાતું નથી.

પ્રસ્તુત ભજનના "જોગી" કોણ છે–એ આપણે જાણતાં નથી. આ ભજનમાં જે પ્રસંગ વર્ણવ્યો છે તે મીરાંએ પોતે અનુભવ્યો છે કે પોતાની કાવ્યશક્તિથી ઉત્પન્ન કર્યો છે તે કહેવું પણ મુશ્કેલ છે.

હમણાંજ એક સ્નેહીએ આ ભજનની એક ગ્રામોફોન રેકર્ડ સંભળાવી અને સમજાવી. તેમાંનું જ્યૂતિકા રોયનું સંગીત આ ભજન ઉપર અસાધારણ પ્રકાશ પાડે છે.

આ ભજન પ્રમાણે, મીરાં પોતાના ગુરૂ જેવા કોઇ સ્થિતપ્રજ્ઞ યોગીને વિનવે છે કે એ એને છોડીને જાય નહિ. જોગી શા માટે છોડી જાય છે? મીરાંને જોગી પાસેથી શું જોઇએ છે? ગુરૂ યોગ-સાધનામાં માનતો હશે અને મીરાં પ્રેમલક્ષણા ભક્તિમાં રાચતી હશે. ગુરૂએ જોયું કે જ્યાં આટલો સાધનાભેદ છે, ત્યાં પોતે શી રીતે સહાયક બની શકે? એ જવા તૈયાર થયો.

મીરાંને પોતાના પ્રેમભક્તિના માર્ગ ઉપર અવિચળ શ્રધ્ધા છે. એને એમાં અનુભવનો ટેકો પણ મળ્યો છે. પણ સાથે સાથે યોગમાર્ગ પ્રત્યે એને અશ્રદ્ધા નથી એટલું જ નહિ, પણ યોગમાર્ગે એના જોગીએ સિદ્ધિ મેળવી છે એનોય તે સ્વીકાર કરે છે. યોગી પ્રત્યે એનામાં અવિચળ શિષ્યભાવ છે, તેથી સમસ્ત અભિ માન તજીને "પાંવ પડું મૈં તોરી" કહીને એ પોતાના ભક્તિમાર્ગને ગુરૂના યોગમાર્ગ આગળ ગૌણ કરવા પણ તૈયાર છે.

પહેલીજ લીટીમાં એની આર્ત વાણી યોગીને ન જવા માટે ઉતરોત્તર વેદનાથી વીનવે છે. છતાં જ્યારે એને શંકા જાય છે કે એ તો જવા જ નીકળ્યો છે, ત્યારે 'જોગી' શબ્દ ઉપર તે એટલી સફળતાથી ભાર મૂકે છે કે જાણે કહેતી હોય કે 'હે જોગી, તું કેમ ભૂલે છે કે તું યોગી છે? યોગી થઇને તરાથી જવાય ખરૂં? જે સાચો યોગી હોય એનાથી કર્તવ્યભ્રષ્ટ થયા વગર જવાય જ કેમ?' જ્યૂતિકા રોય પોતાનાં ગાયનમાં 'યોગી' શબ્દ પરનો એ આખો ભાર એક જ વાર મૂકે છે, પણ તે હૃદયને વીંધી નાંખે છે!

ત્યાર પછી મીરાં મનમાં જ યોગીનો જવાબ કલ્પે છે. જો યોગી કહે કે "હું હારીને નથી જતો, ઉપેક્ષાથી નથી જતો, પણ આપણા માર્ગ જુદા છે. ભક્તિમાર્ગી મીરાંને યોગમાર્ગી જોગી શી સાધના બતાવી શકે?" એના જવાબમાં મીરાં કહે છે કે "ભક્તિ-માર્ગ હું છોડી તો ન શકું, પણ યોગમાર્ગ આગળ એને ગૌણ કરતાં મને સંકોચ નથી. જો એ બન્ને પંથ ઇશ્વરનો સાક્ષાત્કાર કરાવનારા જ હોય તો એ બે વચ્ચે વિરોધ હોઇ જ ન શકે. એક જ ટેકરીને શિખરે ચઢનારા અનેક માર્ગો નીચલી ભૂમિકાએ ભલે ભિન્ન દેખાય, પણ ટોચ ઉપર તો એ બધા એક જ થઇ જાય છે—એક થવા જ જોઇએ. માટે જોગી પાસેથી પથપરિચય કરાવનારી સૂચનાઓ લેવામાં એને વાંધો નથી. ભક્તિનો પ્રારંભ ભજન અને ભગવાનનાં દ્વૈતમાંથી જ ઉત્પન્ન થાય છે. દ્વૈત વગર ભક્તિ સંભવતી જ નથી. ભક્તિનો રસ જ દ્વૈતમાંથી ઉત્પન્ન થતાં આકર્ષણનો છે. પણ ભક્તિની પરિણતિ અદ્વૈતમાં જ થાય છે. બે મટીને એક જ રહે, ત્યારે જ ભક્તિ કૃતાર્થ થાય છે. યોગમાર્ગ પણ અંતે એજ સાધના માંગે છે.

ભક્તિનો માર્ગ રસિક હોઇ સહેલો ગણાય છે. પણ એમાં એ રસ્તાનો નકશો કયાંય દોરેલો હોતો નથી. વચ્ચલાં મુકામો પણ ચોક્કસ ગોઠવેલાં હોતાં નથી. ભક્તિમાં ચકરાવો ઉત્પન્ન થઇ શકે છે. એમાં આગળ વધવાપણું પણ હોય છે અને પાછળ પડવાપણું પણ હોય છે. એનો સાધનાક્રમ વિચિત્ર હોય છે. માટે જ એમાં આશાનિરાશાનાં આંદોલનો સહન કરવા પડે છે.

યોગમાર્ગનો રસ્તો ભલે અઘરો હોય પણ એમાં ઘેરી રસ્તો અને એની ગલીકૂંચીઓ બધી નિશ્ચત છે. એના નકશાઓ દોરેલા છે. યોગી એ બધાનો ભોમીયો હોઇ એણે એ બધા સાથે પરિચય કરાવવો જ જોઇએ. એટલી સેવા કર્યા વગર એનાથી ન જ જવાય!

* * *

અહિં ગીતનો એક ખંડ પૂરો થાય છે. બીજા ખંડમાં ભક્તિની અને યોગની સાધના એક જ છે.

ભક્તિનું જીવન પ્રાકૃત જીવન તો ન જ હોય. સાધનામાં જે શરીરનો અન્તે લોપ કરવાનો હોય છે તે શરીર પણ ભક્તિના ક્રિમિ-યાથી ચંદન બની ગયું છે. હવે એ ચંદનની જ ચિતા રચવાપણું હોય છે. ભક્તિએ શરીરનું ચંદન કર્યું તે સંઘરવા માટે નહિ—પણ બળીને સુવાસ આપવા માટે. તેથી એ ચંદનની ચિતાને અગ્નિનો સ્પર્શ કરાવવાનું કામ યોગીનું છે. એ કર્યા વગર પણ યોગી જઇ જ ન શકે. (અનુસંધાન પૃષ્ઠ ૭૦ જુઓ)

હરિજનમંદિરપ્રવેશ ધારો અને જૈનો

થોડા દિવસ પહેલાં તા. ૧૧-૭-૪૭ ના રોજ મળેલી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક કોન્ફરન્સની સ્થાયી સમિતિની સભામાં હરિજન મંદિર પ્રવેશ ધારાનો પ્રશ્ન નિર્ણય માટે ઉપસ્થિત થયો હતો. હરિજન મંદિર પ્રવેશ ધારામાં 'હિંદુ' શબ્દના અર્થમાં જૈનોનો સમાવેશ કરવામાં આવ્યો છે અને એ કારણે આ ધારો જૈન મંદિરોને પણ અન્ય હિંદુ મંદિરો જેટલો જ લાગુ પડે છે. આ બાબતમાં આપણે શું કરવું એમ બે ત્રણ સ્થળોએથી કોન્ફરન્સના મંત્રીઓને પુછાવવામાં આવેલું અને એ રીતે આ નવા કાયદાની બાબત કોન્ફરન્સની સ્થાયી સમિતિ સમક્ષ રજુ થઇ હતી. આ પ્રશ્ન ઉપર એકત્ર થયેલા સભ્યો વચ્ચે ખુબ ચર્ચા થઇ હતી અને આખરે એક યા બીજી બાજુએ કશો પણ નિર્ણય ન લેવાતાં, આ બાબતમાં જૈન જનતાનો અભિપ્રાય એકત્ર કરવાનું અને ત્યાં સુધી પ્રસ્તુત પ્રશ્ન ઉપર નિર્ણય કરવાનું મુલતવી રાખવાનું ઠરાવવામાં આવ્યું હતું.

કોન્ફરન્સની સ્થાયી સમિતિનો આ નિર્ણય બે રીતે યોગ્ય નથી. એક તો આ ધારો આ ઓગસ્ટ માસમાં મળનાર મુંબઇની ધારાસભાની બેઠકમાં રજુ થવાનો છે. એ પહેલાં આ પ્રશ્ન સાથે સંબંધ ધરાવતા ભિન્ન ભિન્ન સંપ્રદાયોએ તેમ જ સંસ્થાઓએ આ નવા ધારા સંબંધે પોતપોતાના અભિપ્રાયો જાહેર કરવા જરૂરી છે. એમ કરવાથી જ એવા અભિપ્રાયોની અસર મુંબઇની ધારાસભાના સભ્યો ઉપર પ્રસ્તુત કાયદાને મંજુરી યા નામંજુરી આપતાં પહેલાં પહોંચી શકે, અને સામાન્ય પ્રજા તેમ જ જુદા જુદા વર્ગોનું આ બાબતમાં શું વલણ છે તેનો તેમને કંઇક અંદાજ ખ્યાલ આવી શકે. જૈન જનતાનો સર્વદેશીય અભિપ્રાય આ સમય પહેલાં મેળવી શકાય અને ત્યારબાદ ભિન્ન ભિન્ન અભિ-પ્રાયોની તુલના કરીને કોન્ફરન્સની સ્થાયી સમિતિ પોતાનો નિર્ણય જાહેર કરી શકે એ શકય જ નથી.

પ્રસ્તુત નિર્ણયના અનૌચિત્ય સંબંધમાં બીજી બાબત એ છે કે કોન્ફરન્સની સ્થાયી સમિતિ ભિન્ન ભિન્ન વિચારપક્ષો ધરાવતી અને છેલ્લા અધિવેશનમાં ચુંટાયલા પ્રતિનિધિઓની બનેલી છે. આવી સમિતિ પાસેથી હરિજન મંદિરપ્રવેશ સંબંધમાં ભિન્ન ભિન્ન સ્થળના મંદિરના વહીવટકર્તાઓ તેમજ આરાધકો માર્ગદર્શનની અપેક્ષા રાખે એ તદ્દન સ્વાભાવિક છે. અને આવી સ્થાયી સમિતિએ જૈન સમાજને આવા અગત્યના અને સામે આવીને ઉભેલા પ્રશ્ન ઉપર ચોક્કસ અને સ્પષ્ટ માર્ગ-દર્શન આપવું જોઇએ એ એટલું જ આવશ્યક છે. આમ કરવાને બદલે એટલે કે હરિજન મંદિરપ્રવેશ સંબંધે પોતાનો સ્પષ્ટ અભિપ્રાય રજુ કરવાને બદલે સ્થાયી સમિતિ પોતે જ જૈન સમાજનો—જૈન જનતાનો—અભિપ્રાય એકત્ર કરવાનો ઠરાવ કરે—પોતે માર્ગદર્શક બનવાને બદલે ઉલટું વિશાળ જૈનસમાજ પાસે માર્ગદર્શનની અપેક્ષા કરે—એ સ્થાયી સમિતિના ગૌરવને તેમજ ધર્મને અનુરૂપ નથી.

આ તો કોન્ફરન્સની સ્થાયી સમિતિના ઠરાવના સામાન્ય સ્વરૂપની આપણે આલોચના કરી. હવે એ પ્રશ્નને લગતી જે ચર્ચા થઇ હતી તે દરમિયાન પ્રસ્તુત ધારાના વિરોધમાં કેટલાક મુદ્દાઓ ઉપસ્થિત કરવામાં આવ્યા હતા, જેનો અહિં આપણે થોડો વિચાર કરીએ અને તે એ હેતુથી કે જ્યારે જૈન સમાજની અંગભૂત વ્યક્તિઓને તેમજ પ્રમુખ સંસ્થાઓને આ બાબતમાં સ્થાયી સમિતિ તરફથી પોતપોતાનો અભિપ્રાય વ્યક્ત કરવાનું કહેણ આવવાનું છે ત્યારે તે તે વ્યક્તિઓને અને સંસ્થાઓને પોતપોતાનો અભિપ્રાય ચોક્કસ કરવામાં આ ચર્ચા અમુક અંશે ઉપયોગી નીવડે.

પ્રસ્તુત ધારાના વિરોધમાં મુખ્યપણે ત્રણ મુદ્દાઓ રજુ કરવામાં આવ્યા હતા.

(૧) જૈન મંદિરમાં જૈન સિવાય બીજા કોઇને દાખલ થવાનો હક્ક છે જ નહિ.

(૨) જે હરિજન જૈન ન હોય તેને જૈન મંદિરમાં દાખલ થવાનો હક્ક હોઇ જ ન શકે.

(૩) હિંદુ શબ્દમાં જૈનોને દાખલ કર્યા છે તે અસ્વીકાર્ય છે.

પહેલાં મુદ્દાના અનુસંધાનમાં જણાવવાનું કે જ્યારથી હરિજન મંદિર પ્રવેશની બાબત કેવળ ચર્ચા અને વિચારવિનિમયનો પ્રશ્ન ન રહેતાં અમલમાં મૂકવાની બાબત બની રહી છે ત્યારથી કોઇ કોઇ જૈન મંદિરોના દરવાજા ઉપર 'આ મંદિરમાં જૈનો સિવાય બીજા કોઇને દાખલ થવાની રજા નથી' આવાં પાટીયાં ચોડેલાં નજરે પડવા માંડયાં છે. વિચારની વિશાળતા અને આચારની ઉદારતાનો દાવો કરનાર જૈન સમાજના દિલમાં આવી સંકીર્ણતાનું જ્યારે દર્શન થાય છે ત્યારે ભારે દુઃખ થાય છે અને જૈનસમાજ ઉન્નતિના માર્ગે છે કે અવનતિના માર્ગે એવો પ્રશ્ન ઉપસ્થિત થાય છે. જૈન મંદિર તેમ જ જૈન ઉપાશ્રય જૈન–જૈનેતર સૌ કોઇને માટે હંમેશા ખુલ્લાં રહ્યાં છે, એટલું જ નહિ પણ સૌ કોઇને આમંત્રણ આપતાં રહ્યાં છે. જૈન ધર્મનું દ્વાર પણ સમસ્ત જનતા માટે સદાને માટે ખુલ્લું છે. જન્મથી જૈન તે જ જૈન, જૈન હોય તે જ જિનમંદિરમાં આવી શકે, જૈન હોય તેને જ જૈન સાધુ ઉપદેશ આપે–આવું સાંકડાપણું જૈન સમાજના આજ સુધીના ઇતિહાસમાં અશ્રુતપૂર્વ છે. હિંદુધર્મની એક શાખા હોવાં છતાં જૈન ધર્મની આજ વિશિષ્ટતા છે. 'સર્વ જીવ કરું શાસનરસી' આ ભાવના ઉપર જ આખા જૈન ધર્મનું આજ સુધીનું ઘડતર થયેલું છે. આપણું જૈન મંદિર તેમ જ ઉપાશ્રય સૌ કોઇને માટે ખુલ્લાં છે. એટલું તો નહિ પણ જ્યારે જ્યારે જૈનેતરોને આપણા મંદિરમાં દર્શન કરવા આવતાં આપણે જોયા છે તેમ જ જ્યારે જ્યારે જૈનેતરોને આપણા ધર્માચાર્યોના ઉપદેશ સાંભળવા આવતા આપણે નિહાળ્યાં છે ત્યારે ત્યારે આપણા ધર્મની ભારે પ્રભાવના થઇ રહી છે એમ માનીને આપણે હરખાયા છીએ. આવી આપણી આજ સુધીની રીતરસમ અને પરંપરા હોવા છતાં 'જૈન મંદિરમાં જૈન સિવાય બીજા કોઇને દાખલ થવાની પરવાનગી નથી' એવાં પાટીયાં આજે આપણાં મંદિર ઉપર કેમ ચોડાવા લાગ્યાં છે? કારણ કે અસ્પૃશ્યતાના રાહુથી અન્ય હિંદુસમાજ જેટલા જ આપણે ગ્રસ્ત છીએ અને તેથી જો બીજાના માટે જૈન મંદિર ખુલ્લાં છે એમ કહીએ તો પછી હરિજનોને આપણે કેમ અટકાવી શકીએ? આ આપણી મુંઝવણ છે. ત્યારે શું આ પ્રકારના વ્યાપક પ્રતિબંધને જૈન ધર્મશાસ્ત્રોનું કોઇ સમર્થન છે ખરું? બીલકુલ નહિ. જૈન ધર્મની વિશાળતા, જૈન આચારની ઉદારતા, જૈન મંદિર તેમ જ ઉપાશ્રયને સર્વસુલભ બનાવતી પરંપરા, કોઇ પણ વ્યક્તિ જૈન ધર્મમાં દાખલ થઇ શકે છે એવી ધર્મપરિવર્તનની સરળતા–આ બધું વિચારતાં જૈન મંદિરમાં જૈનો સિવાય અન્ય કોઇ દાખલ થઇ શકે જ નહિ એ વિચારને ક્ષણભર પણ સ્થાન હોઇ શકે જ નહિ. હરિજન મંદિર પ્રવેશને આ રીતે જૈન સમાજે વિચારવો અને અપનાવવો ઘટે છે.

હરિજન મંદિર પ્રવેશનો વિરોધ કરતો બીજો મુદ્દો નીચે મુજબ છે. 'જૈન ન હોય તેવા હરિજનને જૈન મંદિરમાં દાખલ થવાનો હક્ક હોઇ જ ન શકે.' આ બીજા મુદ્દાનો એવો અર્થ નીકળી શકે છે કે જો હરિજન જૈન હોય તો તેના મંદિરપ્રવેશ સામે આપણે જરા પણ વાંધો લઇ ન શકીએ. શત્રુંજય તીર્થની બાજુએ આવેલા કદંબ- ગિરિ ઉપર શ્રીમદ્ વિજયનેમિ સૂરિની પ્રેરણા અને પ્રયાસથી ઉભા કરવામાં આવેલ ભવ્ય જિનાલયમાં એવા આશયનું એક પાટીયું મારવામાં આવ્યું છે કે આજે તો કોઇ અસ્પૃશ્ય જૈન નથી પણ કાળાન્તરે પણ કોઇ અસ્પૃશ્ય જૈન ધર્મ અંગીકાર કરશે તો પણ એવો અસ્પૃશ્ય આ મંદિરની અંદર દાખલ થઇ શકશે નહિ. સૂરિસમ્રાટના આ ફતવાની સરખામણીએ ઉપરના વળણમાં જરૂર ઉદારતા રહેલી છે, પણ દુઃખની વાત તો એ છે કે આવા દેખાતા ઉદાર વિચારની પાછળ પણ વૈશ્યબુદ્ધિ જ કામ કરતી હોય એવી ગંધ આવે છે. આજે તો કોઇ હરિજન જૈન નથી ને? એટલે પછી અત્યારે આટલી ઉદારતા દાખવવા છતાં કોઈ હરિજનને આપણા જૈન મંદિરમાં દાખલ કરવાનો પ્રશ્ન ઉભો થતો નથી અને દેવ અને દાનવ ઉભયને પ્રસન્ન રાખી શકાય છે. આગળ ઉપર જ્યારે કોઇ હરિજન જૈન થશે ત્યારે વળી જોયું જશે. પણ અહિં પ્રશ્ન તો એ જ છે કે જો અજૈન એવા અન્ય હિંદુઓ માત્ર જ નહિ પણ પારસી, મુસલમાન કે ખ્રીસ્તી સુદ્ધાંને આપણે જૈન મંદિરમાં દાખલ કરીએ છીએ અને આજ સુધી કરતા આવ્યા છીએ, તો અજૈન એવા હરિજનનો આપણે કયા હિસાબે ટાળો કરી શકીએ? એટલે આવી ઉદારતાનો દેખાવ કરવા છતાં હરિજનો પ્રત્યેની વંશપરંપરાગત ઘૃણા આપણા જૈન સમાજમાં આજે પણ એટલી જ કાયમ છે એ સ્પષ્ટ છે. 'મિત્તિ મે સવ્વ ભુએસુ'નો આપણે ગમે તેટલો પાઠ કરતા હોઇએ, એમ છતાં પણ ઉચ્ચ નીચ અને અસ્પૃશ્યની ભાવના આપણા દિલ ઉપર એટલી જ દૃઢપણે ચીટકી બેઠેલી હોય છે અને જ્યારે સ્થિતિચુસ્ત હિંદુઓની મંદિરોને લગતી કોલેબંધી તડાતડ તુટવા માંડી છે ત્યારે પણ એક યા બીજા કારણે આપણે અસ્પૃશ્ય ગણાતા વર્ગને બને ત્યાં સુધી અસ્પૃશ્ય જ રાખવા માંગીએ છીએ. જૈન ધર્મના સિદ્ધાન્તો અને ધાર્મિક વ્યવહાર પાછળ સહજપણે પ્રગટ થતી માનવી–સમાનતાની બુદ્ધિને અનુરૂપ આપણે આપણો સામાજિક વ્યવહાર ઘડયો હોત તો અસ્પૃશ્યતા સામેની જેહાદમાં જૈન સમાજ મોખરે ઉભો હોત. એ કાર્યને આપણે આપણું પોતાનું જ લેખ્યું હોત. આને બદલે આજે જૈનોના નસીબમાં વિશાળ હિંદુ સમુદાય પાછળ કેવળ ઘસડાવાનું જ લખ્યું છે. સામે આવી ઉભેલા અસ્પૃશ્યતાનિવારણના કાર્યને પણ આપણે આજે આવકારવાને અને અપનાવવાને તૈયાર નથી. કાયદો થાય અને વાંકા રહીને સ્વીકારી લેવો એટલું જ આપણને આવડે છે. આપણામાં નથી પુરૂષાર્થ, નથી સાહસ, નથી નેતાગીરી, નથી કોઇ પણ પ્રકારનું ક્રાન્તદર્શન. નવું જે કોઇ આવે તેની સામે થવું, જે ચાલુ હોય તેને વળગી રહેવું અને કાળબળ પરાણે જે કાંઇ છોડાવે તે અસહાય બનીને છોડવું–આવી નિર્માલ્યતા જૈન સમાજના પ્રત્યેક અંગમાં દૃષ્ટિગોચર થાય છે. કોઇ પણ કોમની આથી વધારે શોચનીય દશા બીજી શી હોય શકે?

હવે આપણે ત્રીજા મુદ્દાનો વિચાર કરીએ. જૈનોનો હિંદુઓમાં સમાવેશ કરવામાં આવ્યો છે તે બરોબર છે કે કેમ? આપણામાં એવો કેટલોક વર્ગ છે કે જેઓ જૈનો તરીકે પોતાને હિંદુઓથી અલગ ગણે છે, એમ ગણાવામાં તેઓ અભિમાન લે છે અને એવી ગણનાથી જૈન કોમને વધારે લાભ થવા સંભવ છે એવું પણ તેઓ સ્પષ્ટપણે કે અસ્પષ્ટપણે માનતા લાગે છે. આપણી અને અન્ય સર્વ હિંદુઓ વચ્ચે આધ્યાત્મિક, ધાર્મિક તેમજ સામાજિક દૃષ્ટિએ એટલું બધું સામ્ય છે અને એ સામ્યની અપેક્ષાએ જૈન ધર્મ અથવા સંપ્રદાયના બાહ્ય આકારનું જુદાપણું એટલું બધું નજીવું છે કે જૈનને હિંદુઓથી જુદા ગણવા એ ૯૦ થી ૯૫ ટકા સ્વત્વનો જ ઇનકાર કરવા બરોબર છે. જૈનના અને હિંદુઓનાં મુખ્ય મુખ્ય આધ્યાત્મિક વળણો એકસરખાં જ છે. પાપ, પુણ્ય, આત્મા, મોક્ષ–આ બધી બાબતોને લગતી કલ્પનાઓ ઉભયની એકસરખી છે. આચારની બાબતમાં જૈનોના પાંચ મહાવ્રતો એ જ અન્ય હિંદુઓના પાંચ યમ છે. સામાજિક બાબતોમાં જૈનોનું અન્ય હિંદુઓથી જુદું પડતું એવું અંશ માત્ર પણ સામાજિક જીવન તારવી શકાય તેમ છે જ નહિ. જાતિજ્ઞાતિની ઉચ્ચનીચતા, લગ્નની સંસ્થાનું બંધારણ, જન્મ

મરણને લગતી રૂઢિઓ—આ બધું બન્નેમાં એક સરખું જ નજરે પડે છે. બધા જૈનોને કેવળ હિંદુ કાયદો જ લાગુ પડે છે. સમાજ વ્યવહારમાં પણ જૈનો હિંદુઓ સાથે એટલા જ ઓતપ્રોત થયેલા છે. ગામડા ગામમાં જૈન જૈન તરીકે ઓળખાતો નથી પણ શાહુકાર વાણીયા તરીકે જ ઓળખાય છે અને વર્ષોથી ઓળખાતો આવ્યો છે. આ તો બધાં સાધક પ્રમાણે વિચાર્યાં, પણ અસ્પૃશ્યતાનું બાધક પ્રમાણ વિચારીએ તો તેની જડ આખી દુનિયામાં માત્ર હિંદુ સમાજમાં જ ઉંડી બેઠેલી છે અને જૈનો પણ હિંદુ સમાજના એક અંગ હોઇને જ અસ્પૃશ્યતાને કંઇ કાળથી સંપૂર્ણપણે અપનાવતા આવ્યા છે. જૈનો હિંદુઓ છે એનું આ જ એક મોટામાં મોટું અનુમાપક પ્રમાણ છે અને તે એટલે સુધી કે જૈન ધર્મની તાત્વિક વિશાળતા અસ્પૃશ્યતાની અત્યન્ત વિરોધી હોવા છતાં જૈન સમાજે કદિ પણ અસ્પૃશ્યતાનો વિરોધ કર્યો નથી. અને એ જ પુરવાર કરે છે કે આપણે પ્રથમ હિંદુ છીએ અને પછી જૈન છીએ. આ ઉપરાંત જૈન સમાજ હિંદુ સમાજમાં અન્તર્ગત હોઇને જ કેટલાક લાભો અને સગવડતાઓ અને સહીસલામતીઓ ભોગવે છે. ધારાસભા, મ્યુનીસીપાલીટી વગેરે લોકમતના આધારે ઉભી થતી સંસ્થાઓમાં જૈનો હિંદુ હોઇને જ પોતાની સંખ્યા કરતાં ઘણા વધારે પ્રમાણમાં પ્રતિનિધિત્વ ધરાવે છે. આમ વાસ્તવિકતા અને વ્યવહાર ડહાપણ—બન્ને જૈનોને હિંદુસમાજમાં અન્તર્ગત લેખવામાં રહેલા હોવા છતાં આપણામાં એવું કોઇ કોમી ધમંડ ઘર કરી બેઠેલું જણાય છે કે જેના પ્રેરાયા આપણાનાંના કેટલાક ભાઇઓ પોકાર ઉઠાવે છે કે "નહિ, અમે જૈન છીએ, અમે હિંદુ નથી, હિંદુઓને અને અમારે શી લેવા દેવા?" આ એક પ્રકારની ઘેલછા અને અજ્ઞાન છે. આપણું ઐહિક હિત અને પારમાર્થિક કલ્યાણ હિંદુઓ સાથે ઓતપ્રોત બની રહેવામાં છે એ આપણે બરોબર સમજી લેવું ઘટે છે.

કમનસીબે આપણી ગળથુથીમાં એકરૂપતાનાં તત્વોની ભારે ઉણપ હોય છે, જુદાઇનાં તત્વો ખીચોખીચ ભરેલાં હોય છે. વિશાળ મહાસાગરના બિંદુ લેખાવામાં આપણને જાણે કે નાનપ—હીણપત લાગે છે. ટબુડીનું ટીપું બનાવામાં જ જાણે સર્વ પુરૂષાર્થનો સાર આવી જતો હોય એવું આપણું વળણ અને વર્તન નજરે પડે છે. કોમી અને સાંપ્રદાયિક અહંકારે આપણા માનસને વિકૃત કરી નાંખ્યું છે. "હું હિંદુ છું, હિંદી છું કે નહિ તેની મને પરવા નથી. હું જૈન છું; હિંદુ કોમ સાથે મને શું લાગે વળગે? હુ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન છું, બીજા સંપ્રદાયના જૈનોને જૈન કહેવા કે નહિ એક સવાલ છે. હું તપગચ્છનો છું. લોંકાગચ્છ કે ખરતરગચ્છ કેવળ મિથ્યાત્વી છે." આમ ઉત્તરોત્તર નાના વાડાના મોટાં માનવી લેખાવામાં અહંપૂર્તિ અનુભવવાની આપણી મનોદશા છે. જેમ વાડો નાનો તેમ અહંકારનો હુંકાર મોટો. ખાબોચીયાના દેડકા બનવામાં જ આપણને આનંદ અને સંતોષ છે. આવી આપણી મનોદશા જ આપણી પ્રકૃતિ અને ધડતરમાં ઠાંસી ઠાંસીને ભરેલા હિંદુત્વનો ધિક્કાર કરવાને આપણામાંના કેટલાકને અવારનવાર પ્રેર્યા કરે છે. આ સાંકડાપણાથી આપણે છુટવું જોઇએ. અને કોઇ પણ વિશાળ વર્તુળના અંગભૂત લેખાવામાં આપણે આપણું ગૌરવ સમજવું જોઇએ.

આ રીતે હરિજન મંદિર પ્રવેશ ધારા સામે જૈન સમાજની દૃષ્ટિએ જે જે વાંધાઓ રજુ કરવામાં આવે છે તે તે વાંધાઓ પાયા વિનાના છે અને જૈન ધર્મનાં સ્વરૂપ, ભાવના અને આદર્શ સાથે જરાપણ બંધબેસતા નથી, એ પુરવાર કરવાનો અહિં પ્રયત્ન કર્યો છે. આ વિચારસરણિ જેને જેને સ્વીકાર્ય હોય તે દરેક જૈન બંધુએ અને બહેને હરિજન મંદિર પ્રવેશ ધારાને અન્તઃકરણથી આવકારવો જોઇએ અને જૈન ધર્મના પાયામાં રહેલ વિશ્વબંધુત્વની ભાવનાનો જ આ કાયદા દ્વારા વધારે વ્યાપક અમલ શક્ય બનવાનો છે એમ સમજીને આ કાયદાનો અમલ સરળ બને એવું વાતાવરણ સત્વરે પેદા કરવું જોઇએ. **પરમાનંદ.**

કેશરીઆજી તીર્થ
અને જૈન સમાજની વિચારબધીરતા

ઉદેપુરરાજ્યની આધુનિક જાહેરાતના અનુસંધાનમાં આપણે પ્રબુદ્ધ જૈનના ગયા અંકમાં કેશરીઆજીના તીર્થને લગતી કેટલીક ચર્ચા કરી હતી. તેની અંદર દિગંબર શ્વેતાંબરના આપસઆપસના ઝગડાઓએ કેશરીઆજી તીર્થની શી દશા કરી છે તેનો પણ કેટલોક ખ્યાલ આપવામાં આવ્યો હતો. આજે આપણે કેશરીઆજી તીર્થને લગતી બીજી કેટલીક બાજુઓનો વિચાર કરીએ.

ગામે ગામ અને શહેરે શહેર દરેક સંપ્રદાયનાં અનેક દેવાલયો હોય છે, પણ આ બધાં દેવાલયો તીર્થસ્થાન કહેવાતાં નથી. જ્યારે કોઇ અમુક દેવસ્થાન પછી તે શહેરની મધ્યમાં હોય, નદી કીનારે હોય, કે કોઇ પર્વતના અન્તર્ભાગ યા તો શિખર ઉપર હોય—આવા કોઇ દેવસ્થાનના દર્શને જ્યારે દૂર દૂરથી પણ સંખ્યાબંધ લોકો આવવા લાગે છે, તેના વિષે લોકોનો આદર અને આસ્થા ચોતરફ ફેલાવા લાગે છે, અને આવા કોઇ દેવસ્થાન ઉપર આવીને અનેક લોકો કૃતકૃત્યતા અનુભવે છે ત્યારે એ દેવસ્થાન તીર્થપદને પામે છે. આવા તીર્થસ્થળ વિષે લોકોના દિલમાં અસાધારણ ભક્તિભાવ ઉભો થવા માટે તે તે સંપ્રદાયના મહાપુરૂષોના ચરિત્ર સાથે પ્રસ્તુત તીર્થનો એક યા બીજા પ્રકારનો સંબંધ, સ્થળની, મંદિરની કે મુખ્ય મૂર્તિની કોઇ અસાધારણ ભવ્યતા, એ તીર્થ ઉપર જવાથી મનની કામનાઓ પાર પડે છે અને સામે આવી ઉભેલી આફતો નાશ પામે છે આવી પ્રચલિત લોકમાન્યતા, સ્થળ, મંદિર કે મુર્તિની કોઇ અતિ પ્રાચીનતા—આવાં એક યા અનેક કારણો હોય છે. આવા તીર્થોના, અહિં જે ચર્ચા કરવી છે તેના દૃષ્ટિબિન્દુથી, સામાન્યતઃ બે ભાગ કરી શકાય. એક મુખ્યત્વે કરીને પ્રભુભક્તિ અને ઇશ્વરની આરાધનાનાં કેંદ્રો અને બીજાં મુખ્યત્વે કરીને અંધશ્રદ્ધા અને વહેમનાં મથકો. આજનાં તીર્થોમાંથી કોઇ તીર્થને પ્રથમ કોટિમાં મુકી શકાય જેમ કે શત્રુંજય, શિખરજી કે ગીરનાર; કોઇને બીજી કોટિમાં મુકી શકાય જેમ કે કેશરીઆજી કે ભોયણીજી.

કેશરીઆજી તીર્થ આસપાસ જે અંધશ્રદ્ધા, પાયાવિનાની માનતાઓ અને વહેમોનાં જળાં બંધાયાં છે તેવાં જળાં જૈનોના બીજા કોઇ પણ જાણીતા તીર્થની આસપાસ વીંટળાયલાં જોવામાં આવતાં નથી. આ વહેમ અને અંધ માન્યતાના પરિણામે જૈનો ત્યાં દ્રવ્યનો જેટલો અપવ્યય કરે છે અને નિતાન્ત બેવકુફીનું ચાલુ પ્રદર્શન કરે છે તેવો અપવ્યય અને બેવકુફીનું પ્રદર્શન પણ અન્યત્ર ભાગ્યે જ જોવામાં આવે છે. કોઇ પણ ઘરમાં માંદું પડે, વ્યાપારમાં કે સટ્ટામાં કોઇ-મોટી ખોટનું જોખમ ઉભું થાય, બીજી કોઇ અણધારી અસાધારણ મુંઝવણ કે આફત આવીને ઉભી રહે કે એમાંથી પાર ઉતરાશે તો કેશરીઆજી જઇશું અને ભગવાનને આટલા રૂપીઆનું કેશર ચઢાવીશું—આવી માનતા માનવાની અનેક જૈન કુટુંબોમાં આજે પ્રથા ચાલે છે. આવી જ રીતે પુત્ર પ્રાપ્તિ, દ્રવ્ય પ્રાપ્તિ, પ્રભુત્વ પ્રાપ્તિ પણ કેશરીઆજી માટે ઢગલાબંધ કેસરના લાભમાં પરિણમે છે. જૈન સંપ્રદાયની મૂર્તિપૂજાની કલ્પના અને તે પાછળ રહેલી ભાવના ક્યાં અને કેશરીઆજી ઉપર કેસર ઢોળવાની આ બેવકુફી ભરેલી પ્રથા ક્યાં? આનો કોઇ એમ જવાબ આપે કે જે દેવને જે ગમે તે તેને અર્પણ કરવું જોઇએ. હનુમાન તેલથી રીઝે એમ કેશરીઆજી કેશરથી રીઝે અને આપણી મનોકામના પુરી કરે. આ જવાબમાં કેટલું અજ્ઞાન અને મિથ્યાત્વ ભરેલું છે એ સમ્યગ્ દૃષ્ટિ જૈનને સમજાવવાની જરૂર છે ખરી? ઉપરના જવાબનો જરૂર પ્રત્યુત્તર વાળી શકાય કે બેવકુફી એ કોઇ એક જ કોમ કે વર્ગનો ઇજારો ન જ હોઇ શકે. હનુમાનના પુજારીઓ તેલ ઢોળીને ભલે હરખાય. કેશરીઆજીના પુજારીઓ કેશર ઢોળીને ભલે હરખાય. પણ એ તો જરૂર સમજી

લેવું ઘટે છે કે તેલથી પ્રસન્ન થનારા કોઇ હનુમાન હશે કે નહિ તેની મને ખબર નથી, પણ કેશરથી ખુશી થનારા અને એવા ભક્તજનોની મનોકામના પુરી કરનારા કોઇ કેશરીઆજી તો નથી જ અને કદાચ એવા કોઇ કેશરીઆજી હોય તો તે કોઇ જૈન તીર્થંકર તો ન જ હોઇ શકે એ હું ખાત્રીપૂર્વક કહી શકું છું. આ વાત દીવા જેવી સ્પષ્ટ છે. એમ છતાં પણ કેશરીઆજી ઉપર કેશર ઢોળવાની અને એ રીતે હજારો રૂપીઆ બરબાદ કરવાની પરંપરા ચાલ્યા જ કરે છે. આનો વિરોધ નથી કોઇ સભજી શ્રાવક કરતો કે નથી કોઇ સુજ્ઞાત જૈન સાધુ કરતો. જાણે કે અંધોને દોરનારા પણ એટલા જ અંધ હોય એવી માનવીની બુદ્ધિને શરમાવનારી કેવળ મુર્ખાઇ અને અજ્ઞાનથી ભરેલી આ કેશર-પરંપરા કંઇ કાળથી ચાલ્યા જ કરે છે.

હવે અહિંથી આપણે આગળ ચાલીએ. કેશરીઆજીમાં પંડયાઓનો એક મોટો વર્ગ છે. તેઓ કેશરીઆજીની યાત્રાએ આવતા જૈન યાત્રાળુઓની વંશપરંપરાના ચોપડા રાખે છે અને પોતાને ચોપડે નોંધાયલા યાત્રાળુઓને કેશરીઆજીમાં કયાં રહેવું, શું કરવું વગેરેની બધી સગવડ કરી આપે છે, અથવા તો સુઝાડે છે. આવી સેવાના બદલામાં યાત્રાળુઓ જ્યારે વિદાય થાય છે ત્યારે પોતપોતાના પંડયાઓને પોતાની શક્તિ અને પંડયાઓના દાણા મુજબ કંઇને કંઇ દ્રવ્ય આપે છે અને આના ઉપર આ પંડયાઓના કુટુંબોનો સાધારણ રીતે નિર્વાહ ચાલે છે. આવો તીર્થોપજીવી વર્ગ સાધારણ રીતે ઘણા તીર્થોમાં હોય છે. પાલીતાણામાં ભાટ લોકો યાત્રાળુઓની આવી જ ગરજ સારે છે. મથુરાના ચોબાઓ જગવિખ્યાત છે. સેવાના બદલામાં આર્થિક મદદ આપવામાં આવે એ સામે કોઇને કશું કહેવાપણું ન જ હોય. પણ આ પંડયાઓ યાત્રાળુઓની નમ્રભાવે સેવા કરવા માત્રથી જ સંતોષ માનીને બેસી રહેતા નથી. તેમના કેશરીઆજીના તીર્થ ઉપર જાત જાતના લાગા હોય છે. પ્રક્ષાલન, પૂજા, આરતિ વગેરેની હજારો રૂપીઆની ઉછાણી જે કેશરીઆજીના ભંડારમાં જ જવી જોઇએ તેના બદલે તે સીધે સીધી પંડયાઓના ભંડારમાં જ ઠલવાય છે. આવા લાગા સામે કોઇ આંગળી ચીંધવાની હીંમત ધરી શકતું નથી. રાજ્યનો તેમને આ બાબતમાં પુરો સાથ છે. આ કારણે કેશરીઆજીના પંડયાઓ માતેલા સાંઢની જેમ વર્તે છે અને દેવદ્રવ્યની આ રીતે લુંટ ચલાવે છે. આ બાબત દરેક યાત્રાળુ જાણે છે. એમ છતાં આવી ઉછાણીઓમાં યાત્રાળુઓ હજારો રૂપીઆ વેરી નાંખે છે અને નિરૂદ્યમી પંડયાઓ આ આવક ઉપર તાગડધીન્ના કરે છે, તીર્થે જવું. ભગવાનનાં દર્શન કરવા, ભક્તિ કરવી, પૂજા કરવી, આરાધના કરવી એ એક વાત છે પણ ભક્તિના નામે ચાલતી આવી ઉછાણીઓમાં ભાગ લેવો અને પંડયાઓની ઝોળી ભરવી એ તદ્દન બીજી વાત છે. આની પાછળ ભક્તિની ઘેલછા અને બુદ્ધિનું દીવાળું જ રહેલું છે. પ્રક્ષાલન, પૂજા અને આરતિની ગાંડપણભરી હરીફાઇ ઉપર જ આ પ્રથા ચાલી રહી છે. શાણો ગણાતો જૈન સમાજ આવી એવકુરીનો ચાલુ ભોગ કેમ બની રહ્યો છે એ ખરેખર ભારે આશ્ચર્યજનક છે.

આથી પણ આગળ ચાલીએ. આ તીર્થની યાત્રાએ આવતા શ્રધ્ધાળુ યાત્રાળુઓ કેશરીઆજીના ભંડારમાં પણ પુષ્કળ દ્રવ્ય ભેટ ધરે છે. આ દ્રવ્યનો ભંડાર ઉદેપુર રાજ્યના કબજામાં રહે છે અને તીર્થની બધી આવક પણ ઉદેપુર રાજ્યમાં જમે થાય છે. આ તીર્થનો વહીવટ રાજ્ય કરે છે અને એ વહીવટ ઉપર જૈનોનો કશો કાબુ નથી કે જૈનોનો કશો અવાજ નથી. આ તીર્થના ભંડારમાં એકત્ર થયેલી અને થતી સર્વ રકમનો ઉદેપુરના મહારાણો પોતાને ઠીક લાગે તેવો ઉપયોગ કરી શકે છે એ આપણે હજુ હમણાં જ મહારાણાએ જાહેર કરેલ દેવસ્થાનનિધિ અને પ્રતાપ વિશ્વવિદ્યાલયની યોજનાઓ દ્વારા બરોબર જોઇ શકયા હોઇએ. આ બધું જાણવા છતાં પણ દર દીવાળીએ ચોપડા-પૂજન કરતી વખતે જૈનો પોતપોતાના ચોપડાના પહેલા પાને 'શ્રી કેશરીઆજીનો ભંડાર ભરપુર હોજો' એમ લખે છે અને એ ભંડારમાં હજારો રૂપીઆની રકમો ઠલવ્યે જાય છે. આ પણ એક પ્રકારની આપણી વિચારબધીરતા નહિ તો બીજું શું છે?

પરમાનંદ.

સંઘ સમાચાર

સંઘના સભ્યોને વિજ્ઞપ્તિ

સંઘના સભ્યોનાં લગભગ ત્રીજા ભાગના લવાજમો હજુ સુધી આવ્યાં નથી, તો જે સભ્યોનાં લવાજમો બાકી હોય તેમને સંઘના કાર્યાલયમાં પોતાના લવાજમો તુરત મોકલી આપવા વિનંતિ કરવામાં આવે છે.

નજીકના લવાજમો તો માણસ મારફત વસુલ કરવામાં આવે છે, પરંતુ દુર દરેક ઠેકાણે લવાજમ વસુલ કરવા પહોંચી શકાતું નથી અને એક આંટે લવાજમ ન આપવાની મોટા ભાગના સભ્યોની ટેવ હોય છે, આને લીધે વર્ષ દરમિઆન પુરેપુરા લવાજમો વસુલ કરતા બહુ જ મુશ્કેલી પડે છે. તો લવાજમ માણસ લેવા આવે ત્યારે પહેલે જ આંટે આપવા અને જે સભ્યો દુર રહે છે તેમને સંઘના કાર્યાલયમાં લવાજમો તુરત મોકલી આપવા ફરીને આગ્રહપૂર્વક વિનંતિ કરવામાં આવે છે. સંઘનું કામ થોડું બળવું બનાવવા માટે દરેક સભ્ય પાસે આટલા સહકારની જરૂર આશા રાખી શકીએ.

તા. ૧૬-૧૧-૪૬ ના રોજ મળેલી અસાધારણ સામાન્ય સભામાં થયેલો નીચેનો ઠરાવ પણ દરેક સભ્યોની સ્મૃત્તિ માટે નીચે આપેલ છે.

"જે કોઇ સભ્ય ચાલુ વર્ષનું લવાજમ એ વર્ષની આખર સુધીમાં ન ભરે તે સભ્ય આપોઆપ સભ્ય તરીકે રદ થયેલો ગણાશે."

મંત્રીઓ, શ્રી. મુંબઇ જૈન યુવક સંઘ.

જૈન કુટુંબો માટે રાહતની યોજના

શ્રી. માનવ રાહત સમિતિ અને શ્રી મુંબઇ જૈન સ્વયંસેવક મંડળ સંચાલિત શ્રી. વિશ્રામ મંદિર સમિતિ તરફથી મુંબઇ તથા પરામાં વસતા જૈન કુટુંબો માટે એક રાહત યોજના શરૂ કરવામાં આવી છે. તેમાં રેશનીંગના અનાજના બીલોનાં જે પૈસા ચુકવાયા હોય તેના પચ્ચાસ ટકા આપવામાં આવશે એમ નક્કી કરેલ છે. તો ઉપરની યોજનાનો લાભ લેવા ઇચ્છતા જૈન ભાઇ બહેનોએ પાયધુની ઉપર આવેલા ગોડીજીના દહેરાસરે લગાડેલા બોર્ડમાં જણાવેલા રાહતકેન્દ્રોએ મળવું.

વૈદ્યકીય રાહત

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી મુંબઇ અથવા પરામાં વસતાં જૈન કુટુંબોને વૈદ્યકીય રાહત એટલે કે ડોકટરી મદદ, દવા ઇંજેકશનો વિગેરે દરદીને જરૂરિઆત પુરતી શકય મદદ આપવામાં આવે છે. કોઇ પણ ભાઇબહેનને આવી રાહતની અપેક્ષા હોય તેમણે શ્રી મુંબઇ જૈન યુવક સંઘના કાર્યાલય (૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, પહેલે માળે, **મુંબઇ-૩**) માં મળવું.

રતીલાલ ચીમનલાલ કોઠારી
મંત્રી વૈદ્યકીય રાહત સમિતિ

સ્વ. ડો. વ્રજલાલ ધરમચંદ મેઘાણી સ્મારક.

૨૧૯૯।=) તા. ૧-૭-૪૭ ના અંકમાં સ્વીકારેલા.

૨૫)	શ્રી. હલીચંદ નાનચંદ	૨૫)	,, વનેચંદ કાળીદાસ
૧૫)	,, દેવચંદ કુંવરજી	૧૫)	,, ત્રીકમલાલ મગનલાલ
૫)	,, વેણીબહેન કાપડીઆ		

૨૨૮।=)

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી ગોઠવાતી પર્યુષણ વ્યાખ્યાનમાળા તા. ૧૧-૯-૪૭ થી તા. ૧૮-૯-૪૭ સુધી રાખવામાં આવેલ છે.

ગુજરાતનો જૈનધર્મ

(તા. ૧૫-૬-૪૭ ના અંકથી અનુસંધિત)

ગુજરાતમાં હલકામાં હલકો ગણાતો પ્રજાજન પણ સર્પ, વીંછી જેવા ભયકારક અને ક્રૂરી જીવોનો ય વિનાકારણ ઘાત કરવામાં પાપ માનશે, અને કારણ મળ્યે પણ તેની હત્યા કરતાં સંકોચ પામશે, ત્યારે કેટલાક અન્ય પ્રદેશોમાં વસતો ઉચ્ચમાં ઉચ્ચ બ્રાહ્મણજન પણ સર્પાદિક નામ સાંભળી તેની હત્યા કરવા ઉત્સાહિત થઇ જશે. ગુજરાતનો ખેડુત ઉનાળાના દિવસોમાં સુકાઇ જતા તલાવડામાંના માછલાઓને બચાવવા માટે અનેક પ્રયત્નો કરતો નજરે પડશે, ત્યારે બંગાળ, બિહાર આદિ પ્રદેશોમાંનો બ્રહ્મવાદી અને સર્વશાસ્ત્રપારગામી ભૂદેવ પણ માછલાં મારવા-મરાવવાની વ્યવસ્થિત પ્રવૃત્તિ કરતો જોવામાં આવશે.

અનાથ અને અપંગ પશુઓના પાલનપોષણ અને રક્ષણ કરનારી પાંજરાપોળ જેવી પ્રાણી-દયાની પુણ્ય સંસ્થા સ્થાપન કરવાનું સૌથી વધુ શ્રેય ગુજરાતી પ્રજાજનને મળે એમ છે. મારવાડ, મેવાડ અને માલવા આદિ પ્રાંતોમાં આ સંસ્થાનું જે અસ્તિત્વ દેખાય છે, તે ગુજરાતની જ અસરને લીધે છે. પાંજરાપોળ સંસ્થાના પ્રધાન પ્રચારક અને સંચાલક જૈનો છે એ સર્વવિદિત વાત છે. એ જુદી બાબત છે કે આજે એ પાંજરાપોળ સંસ્થા, એના અજ્ઞાન અને અસમયજ્ઞ સંચાલકોના હાથે ઘણી દયાજનક અને દુર્વ્યવસ્થિત દશા ભોગવી રહી છે અને તેથી વિચારશીલ વર્ગ દ્વારા તે નિંદાને પાત્ર થઇ રહી છે. પરંતુ એ દોષ વ્યવસ્થાનો છે, સંસ્થાનો નથી.

સંસ્થાનો મૂળ ઉદ્દેશ તો પ્રાણીઓની શુધ્ધ સેવા કરવાનો છે. અને તે દ્વારા માનવહૃદયની ભૂતદયા પ્રત્યેની ભવ્ય ભાવના ખીલવવાનો છે. જૈનો એ કાર્ય-અર્થે, દર વર્ષે આજે પણ લાખો રૂપિયા ખર્ચે છે; અને જેટલી કાળજી, અનાથ અને અસમર્થ એવા જૈન બાળકોના ય સંરક્ષણ અને પાલન-પોષણ માટે લેવામાં નથી આવતી તેટલી કાળજી મૂક પશુ-પ્રાણીઓના પાલન-પોષણના નિમિત્તે લેવાતી જોવામાં આવે છે. પણ વ્યવસ્થાના દોષને લઇને એ કાર્યમાં મોટે ભાગે પુણ્યના બદલે ઉલટું કેટલુંક પાપ પણ ઉપાર્જન કરવામાં આવતું હશે. સમયાનુકૂળ સુવ્યવસ્થાના પરિણામે આ સંસ્થા આજના આપણા દરિદ્ર દેશને અનેક રીતે વધુ ઉપકારક થઇ શકે તેમ છે.

જીવદયાની આવી પ્રવૃત્તિ અને તેના દ્વારા કરાતી અહિંસાની પુષ્ટિ વિષે કેટલીક વખતે એવી ટીકા થતી સાંભળવામાં આવે છે, કે જૈનોએ કરેલા આવા અહિંસાધર્મના પ્રચારને લીધે પ્રજામાંથી શૌર્યવૃત્તિ અને ક્ષાત્રધર્મ શિથિલ થયાં અને પરિણામે આર્ય પ્રજા પૌરૂષહીન થઇ પરાધીન બની વગેરે-વગેરે.

અહિંસાની ભાવના વિષેના આવા વિચારો સર્વથા ભ્રમાત્મક અને તત્ત્વશૂન્ય છે. મેં જેમ પ્રથમ સૂચન કર્યું છે તેમ, જૈનધર્મની અહિંસાની કલ્પના અને વ્યાખ્યા ઘણી વિશાળ અને ગંભીર છે, એ વ્યાખ્યા પ્રમાણે દેખાતી કે કહેવાતી અહિંસા, તાત્ત્વિક હિંસા હોઇ શકે છે, અને સ્થૂલ દૃષ્ટિએ લાગતી હિંસા, સૈદ્ધાન્તિક અહિંસા પણ હોઇ શકે છે. હિંસા-અહિંસાની સિદ્ધિ અને સાધનાનો આધાર માત્ર બાહ્યપ્રવૃત્તિ જ નથી, પણ તેની પાછળ રહેલા હેતુની શુદ્ધતા-અશુદ્ધતાપૂર્વકની આંતરિક વૃત્તિ છે. જૈનો કે બીજાઓ જેને અહિંસા સમજતા હોય અને પોતાની જે પ્રવૃત્તિને અહિંસાની પોષક માનતા હોય તે, આ તત્ત્વદૃષ્ટિએ વિચાર કરતાં, વાસ્તવિક અહિંસા હોયે ખરી અને નહિ પણ હોય. તત્ત્વદૃષ્ટિ અહિંસક અહિંસા ધર્મનું પાલન કરવા એક વખતે જ્યારે કીડી જેવા ક્ષુદ્રમાં ક્ષુદ્ર પ્રાણીના પ્રાણ બચાવવા ખાતર પણ પોતાના પ્રાણોનો નાશ કરી શકે ત્યારે અન્ય વખતે એ જ કારણસર ચક્રવર્તીઓના મહાસૈન્યોના પણ તે સંહાર કરી કરાવી શકે છે. આ રીતે અહિંસા ધર્મ **कुसुमादपि कोमल** અને **वज्रादपि कठोर** છે. તેનું શુધ્ધ આચરણ ખાંડાની ધાર પર ચાલવા બરાબર કઠિન કાર્ય છે. સર્વસ્વ ત્યાગની તૈયારી વગર એ અહિંસા ધર્મનું સંપૂર્ણ પાલન શક્ય નથી; અને રાગદ્વેષની વૃત્તિઓ ઉપર વિજય મેળવ્યા સિવાય અહિંસાની સિધ્ધિ થઇ શકે નહિ. આધુનિક જૈનસમાજ આવી અહિંસાની સાધના કરતો હોય તેમ ભાઇ મંતવ્ય કે વક્તવ્ય નથી, પણ જૈનધર્મની અહિંસાની વ્યાખ્યા તેવી છે; તેમાં શંકા નથી. દેશકાલની પરિસ્થિતિનો વિવેકપૂર્વક વિચાર કર્યા વિના, મૂઢભાવે જો કોઇ સમાજ અહિંસાનો આંધળી પ્રવૃત્તિ કરતો હોય તો તે વાસ્તવિક અહિંસા નથી; તે પ્રવૃત્તિનું પરિણામ જો બહુ જનસમાજને હાનિકર્તા થતું હોય તો તે નરી હિંસા જ છે. અને આવી આંધળી પ્રવૃત્તિ અવશ્ય દોષ અને તિરસ્કારને પાત્ર હોઇ શકે છે.

પરંતુ અહિંસાની આવી રૂઢ કે આંધળી પ્રવૃત્તિ સાથે પણ પ્રજાની પરાધીનતાનો જરાયે સંબંધ નથી. અહિંસાના નામનું પણ જેમને કદી ય સ્વપ્નુ આવ્યું નથી, એવા અનેક પ્રજાવર્ગો જગતના ઇતિહાસમાં પરાધીન બન્યા છે, અને બની રહ્યા છે. અહિંસાની આવી તાત્ત્વિક વિચારણા મૂકી દઇ આપણે વ્યાવહારિક દૃષ્ટિએ વિચાર કરીએ તો આપણને જણાશે કે જૈનોએ, અહિંસાનો આવો અનર્થ તો કયારે ય કર્યો નથી, જેથી પ્રજાની શૌર્યવૃત્તિ ક્ષીણ થઇ હોય. ઊલટું, જૈન સમાજનો અને ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ તો એ બતાવી રહ્યો છે કે પોતાના દેશનું રક્ષણ કરવા માટે, જૈનોએ મોટા મોટા ક્ષત્રિયવીરો કરતાંય વધારે ઉત્સાહ બતાવ્યો હતો. ગુજરાતના સામ્રાજ્યના ઉત્કર્ષ માટે જૈનધર્મી વીર યોધ્ધાઓએ અનેક રણસંગ્રામો ખેલ્યા છે અને અદ્‌ભૂત યુધ્ધકૌશલ્ય બતાવ્યાં છે. ગુજરાતની રણભૂમિ ઉપર, કેટલીક વખતે, જે દુર્ધર્ષ કાર્ય ક્ષત્રિયપુત્રો ન કરી શકયા તે આ કહેવાતા વણિકપુત્રોએ કરી દેખાડયાં છે.

આબુના જગપ્રસિધ્ધ કળાધામ જેવા આદિનાથ મંદિરનો નિર્માતા વિમલશાહ જૈન એવો પ્રચંડ સેનાનાયક થયો જેણે ગુજરાતનાં સૈન્યોને સિંધુ નદીનાં નીર તરી જતાં શીખવ્યાં અને ગજનીના સીમાડાઓ ખૂંદતાં કર્યા. મંત્રી ઉદયનના પુત્ર દંડનાયક આંબડે ગુર્જર સૈન્યોને સહ્યાદ્રિના ઘાટો કેમ પાદાક્રાંત કરવા તેના અનુભવપાઠો, સાથે ફરીફરી આપ્યા અને પોતાના સમ્રાટોની શત્રુવિજિગીષા કેમ પૂર્ણ કરવી તેની સોપપત્તિક શિક્ષા આપવા અર્થે મલ્લિકાર્જુન જેવા બળવાન કોંકણાધીશ નૃપતિનું સ્વહસ્તે કંઠકર્તન કરી તે મસ્તકરૂપ શ્રીફળ દ્વારા ગુર્જર નરેન્દ્રની ચરણપૂજા કરી બતાવી. ગુજરાતી યોદ્ધાઓને વિંધ્યાચલની અટવીઓ કેમ ખૂંદી વળવી અને તેમાં વિહારતા ગજયુથોને કેવી રીતે કેળવી અણહિલપુરની હસ્તિશાળાઓને અજેય બનાવવી તેની અપૂર્વ વિદ્યા મંત્રી લહરે શીખવી હતી. ધનુર્વિદ્યાપ્રવીણ એ જ દંડનાયકે અણહિલપુર પાસે વિંધ્યવાસિની દેવીનું મોટું પીઠ સ્થાપન કરી તેના પ્રાંગણમાં ગુર્જર સૈનિકો અને પ્રજાજનોને ધનુષ્યવિદ્યાના શૌર્યપૂર્ણ પાઠો ભણવા ભણાવવાની પાઠશાળા ઊભી કરી હતી.

ઉદયન મંત્રીએ સોરઠ ઉપર ચઢાઇ કરી રા'ખેંગારનું રાજ્ય નષ્ટ કર્યું અને સિદ્ધરાજને ચક્રવર્તીનું પદ અપાવ્યું. મંત્રી વસ્તુપાળે ગુજરાતના સ્વરાજ્યને નષ્ટ થતું અટકાવવા માટે પોતાની જિંદગીમાં ત્રેસઠ ત્રેસઠવાર, યુદ્ધભૂમિ ઉપર, ગુર્જરસેનાનું સંચાલન કર્યું હતું. તેના યુદ્ધકૌશલના પ્રતાપે દિલ્હીનાં ધરખમી સૈન્યોને પણ ગુજરાતની

સીમામાં શિકસ્ત ખાવી પડી હતી. ભીમદેવ બીજાની નાબાલિગ અવસ્થામાં એક સજ્જન કરીને જૈન સેનાનાયક હતો જેને સવાર-સાંજ પ્રતિક્રમણ કરવાનો દ્રઢ નિયમ હતો. યુદ્ધપ્રસંગ ઉપસ્થિત થતાં તે હાથીના હોદ્દા ઉપર બેઠો બેઠો જ ઘડીભર એકાગ્રચિત્ત થઇ પોતાના અહિંસા ધર્મના આધ્યાત્મિક નિયમનું પાલન કરી લેતો અને બાકીના વખતમાં શત્રુસંહારની રણહાકો કરી પોતાના પ્રજાકીય રાષ્ટ્રીય ધર્મનું પાલન કરતો. તેના સેનાનાયકત્વ નીચે આબુની તળેટીમાં શહાબુદ્દીન જેવા મહાન સુલતાનને લડાઇમાં મોટી હાર ખમવી પડી હતી, જેનો સ્વીકાર મુસલમાન તવારીખોમાં પણ કરવામાં આવ્યો છે.

ગુજરાતના ઇતિહાસમાં આવા આવા અનેક વૃત્તાંતો મળી આવે છે; જેમાં જૈનધર્મના સમર્થ ઉપાસક વણિકોએ ક્ષત્રિયોના જેટલાં જ રણશૌર્ય બતાવ્યાં છે, અને શત્રુઓના સંહાર દ્વારા પોતાના રાષ્ટ્રધર્મના પાલનની સંપૂર્ણ સાધના કરી દેખાડી છે. છેક મુગલોના જમાનામાંય દિલ્હી અને રજપૂતાનાનાં રાજ્યોમાં અનેક શૂરવીર જૈન વણિકો થઇ ગયા છે, જેમણે મોટા સેનાધિપતિઓનાં ઊંચાં પદો ભોગવ્યાં છે, અને જેમના નાયકત્વ નીચે હજારો રાજપૂતો, મુગલો, અરબો ને પઠાણ યોદ્ધાઓએ યાદગાર જંગો ખેલ્યા છે. જયપુર, જોધપુર, ઉદયપુર આદિ રાજપૂતાનાના વીર રાજ્યોના ઇતિહાસોમાં આનાં ઘણાં પ્રમાણો મળી આવશે. એ પરથી અહિંસાધર્મના ઉપાસકોએ ક્ષાત્રધર્મને શિથિલ કરી દીધો છે, કે પ્રજાના પૌરૂષને હતોત્સાહ બનાવી દીધું છે એ કથન સર્વથા અજ્ઞાનસૂચક અને ઇતિહાસ વિરૂદ્ધ છે.

પૂર્વકાળના જૈનો જેટલા ધર્મપ્રિય હતા, તેટલા જ રાષ્ટ્રભક્ત હતા; અને જેટલા રાષ્ટ્રભક્ત હતા તેટલા જ પ્રજાવત્સલ પણ હતા. તેમની લક્ષ્મીનો લાભ ધર્મ, રાષ્ટ્ર અને પ્રજાગણ સૌને સરખો મળતો. તેઓ સાધર્મિક વાત્સલ્ય પણ કરતા અને પ્રજાસંઘ પણ જમાડતા. તેઓ જૈનમંદિરો પણ બંધાવતા અને સાર્વજનિક સ્થાનો પણ કરાવતા. તેઓ જૈન યતિઓને સત્કારતા અને બ્રાહ્મણ-વર્ગને પણ સન્માનતા. શત્રુંજય અને ગિરનારની યાત્રાઓ સાથે તેઓ સોમનાથની પણ યાત્રા કરતા અને દ્વારકા પણ જતા.

વસ્તુપાળ-તેજપાળ ભાઇઓ આદર્શ જૈન હતા. જૈનધર્મનો પ્રભાવ વધારવા માટે જેટલો દ્રવ્યવ્યય તેમણે કર્યો છે તેટલો બીજા કોઇએ કર્યો હોય તેવું ઇતિહાસમાં નોંધાયું નથી. મધ્યયુગના ઇતિહાસકાળમાં જે કોઇ સમર્થ જૈનશ્રાવકો થઇ ગયા છે તેમાં વસ્તુ-પાળ સૌથી મહાન હતો, જૈનધર્મનો તે સૌથી શ્રેષ્ઠ પ્રતિનિધિ હતો. એક સાધારણ જૈનયતિના અપમાનના બદલામાં તેણે ગુર્જરેશ્વર મહા-રાજ વીસલદેવના સગા મામાને હસ્તછેદ કરાવી નાંખ્યો હતો. તેનું સ્વધર્માભિમાન આટલું બધું ઉગ્ર હતું. છતાં જૈન ધર્મસ્થાનો ઉપરાંત તેણે લાખો રૂપિયા જૈનેતર ધર્મસ્થાનો માટે પણ ખર્ચ્યા હતા. સોમેશ્વર, ભૃગુક્ષેત્ર, શુક્લતીર્થ, વૈદ્યનાથ, દ્વારિકા, કાશીવિશ્વ-નાથ, પ્રયાગ, ગોદાવરી આદિ અનેક હિંદુ તીર્થસ્થાનોની પૂજાઅર્ચા નિમિત્તે તેણે લાખોનાં દાન કર્યાં; સેંકડો બ્રહ્મશાળાઓ અને બ્રહ્મપુરીઓ બંધાવી આપી; પથિક જનોના આરામ માટે ઠેકઠેકાણે અગણિત કૂવા, વાવ બંધાવ્યા; અનેક સરોવરો રચાવ્યાં અનેક વિદ્યામઠો કરાવ્યા, સંખ્યાબંધ અરક્ષિત ગામોને ફરતા કોટ કરાવ્યા, સેંકડો શિવાલયો સમરાવ્યાં, સેંકડો વેદપાઠી બ્રાહ્મણોને વર્ષાસન બાંધી આપ્યાં અને એ બધાંય કરતાં અતિવિશેષ અને અનુપમ કાર્ય તેણે એ કર્યું કે મુસલમાનો માટે પણ નમાજ પઢવા અનેક મસ્જીદો બાંધી આપી છે.

હજારો રૂપીઆ ખર્ચ કરી ગુજરાતની શિલ્પકળાના સુંદરતમ નમૂનારૂપે એક ઉત્કૃષ્ટ કોતરકામવાળું આરસપહાણનું તોરણ કરાવી તેણે છેક ઇસ્લામના પાક ધામ મક્કાશરીફની ભેટે મોકલાવ્યું હતું. પોતાના ધર્મમાં અત્યંત ચુસ્ત હોવા છતાં અન્ય ધર્મ પ્રત્યે આવી ઉદારતા બતાવનાર અને અન્ય ધર્મસ્થાનો માટે આવી રીતે અઢળક લક્ષ્મી વાપરનાર તેના જેવો બીજો કોઇ પુરૂષ, ભારતવર્ષના ઇતિહાસમાં મને તો જ્ઞાત નથી જ. જૈનધર્મે ગુજરાતને વસ્તુપાળ જેવી અસાધારણ-સર્વધર્મ સમદર્શી અને મહાદાની મહામાત્યની અનુપમ બક્ષિસ આપી છે.

વસ્તુપાળ-તેજપાળ જેવા સર્વથા અદ્વિતીય ભાગ્યવાન તો નહિ પણ તેમના ગુણો સાથે અનેક રીતે સમાનતા ધરાવનાર તે પછી પાટણમાં સાહ સમરા અને સાલિગ ભાઇઓ થયા. જેમણે અલાઉદ્દીનના પ્રલયંકર આક્રમણકાળ વખતે, ગુર્જર પ્રજાની અનેક રીતે અદ્ભુત સેવા કરી હતી. તેમણે પોતાની અસાધારણ રાજકીય લાગવગ દ્વારા ગુજરાતના સેંકડો જૈન અને હિંદુ દેવસ્થાનોનો મુસલમાનોના હાથે સર્વનાશ થતો અટકાવ્યો હતો અને નષ્ટભ્રષ્ટ થએલાઓનો પુનરૂધ્ધાર કર્યો-કરાવ્યો હતો. હજારો પ્રજાજનોને તેમણે મુસલમાનોના જીવલેણ જુલ્મો અને કેદખાનાઓમાંથી મુક્તિ અપાવી હતી. પાટણનું સ્વરાજ્ય નષ્ટ થયું તે વખતે ગુર્જર પ્રજાને આપત-કાળમાં આશ્વાસન પ્રાપ્ત કરવામાં જે કોઇ મહાજનો સહાયક થયા તે સૌમાં આ સાહ સમરો અને તેના ભાઇઓ અગ્રણી હતા. વસ્તુપાળ તેજપાળની માફક એમના સત્કૃત્યોનો ઇતિહાસ પણ ઘણો સુવિસ્તૃત છે.

સંવત ૧૩૧૩-૧૪ અને ૧૫ માં ગુજરાત અને તેની આસ-પાસના પ્રદેશોમાં સર્વભક્ષી એવો મહાભયંકર દુષ્કાળ પડયો. તે વખતે ગરીબ પ્રજાજનોને તો શું પણ વીસલદેવ જેવા મહારાજાઓ અને સિંધના મોટા અમીરોને પણ પોતાના આશ્રિતોને ખાવા ધાન આપવું દુર્લભ થઇ પડયું. તે વખતે કચ્છ-ભદ્રેશ્વરનો રહેવાસી સાહ જગડુ પ્રાણિયો, જેણે પોતાના ગુરૂ પાસેથી ભાવી ભયંકર દુષ્કાળની આગાહી જાણી લઇ હજારો લાખો માણાં અનાજ આગ-ળથી સંગ્રહી રાખ્યું હતું; તે અનાજ દુષ્કાળપીડિત પ્રજાને મુક્ત હાથે વહેંચી આપી ગુજરાતના લાખો મનુષ્યના તે વખતે તેણે પ્રાણ બચાવ્યા હતા.

અકબરના રાજ્ય દરમ્યાન હીરવિજયસૂરિ અને તેમના શિષ્યોએ પોતાના ઉપદેશકૌશલ દ્વારા અકબરને રીઝવ્યો અને તેની પાસે ગુજરાતની આર્યીય પ્રજાનો લોકપીડક જજીયાવેરો માફ કરાવ્યો. અકબરના સૈન્યે સોરઠ જીત્યો ત્યારે ત્યાંનાં હજારો પ્રજાજનોને તેણે બંદી બનાવ્યાં; જેમને હીરવિજયસૂરિના શિષ્ય ભાનુચંદ્ર ઉપાધ્યાયે બાદશાહ પાસેથી મહામુસીબતે શાહી હુકમ મેળવી છોડાવ્યાં હતાં. બીજા પણ આવા કેટલાય જૈનોએ મુસલમાન બાદશાહો અને સુલતાનો પાસેથી ગાય-ભેંસ જેવા દેશના બહુમૂલ્ય પશુધનની હત્યા ન થવા દેવાના પરવાનાઓ મેળવ્યા હતા અને તેમ કરી દેશની સજીવ-સંપત્તિની સમયે સમયે સુરક્ષા કરી હતી. આ અને આવા બીજા ઘણા દાખલાઓ છે જેમાં જૈનોએ ધર્મ ઉપરાંત પોતાના દેશના હિત ખાતર પણ તેટલો જ પ્રયત્ન સેવ્યો છે અને દેશની યથાશક્ય ઉત્તમ સેવા કરી છે.

ગુજરાતના ઉત્કર્ષકાલીન ઇતિહાસની સ્મૃતિનું રક્ષણ પણ સૌથી વધારે જૈનોએ જ કર્યું છે એ તો હવે સુવિશ્રુત હકીકત છે. મૂળ-રાજથી લઇ કુમારપાળ સુધીના ચૌલુક્ય મહારાજાઓના વંશનું સુકીર્તન આચાર્ય હેમચંદ્ર જેવાએ કાવ્યબદ્ધ કર્યું. એ વંશના રાજર્ષિ કુમારપાળનું ધર્મજીવન સોમપ્રભ, યશઃપાળ, પ્રભાચંદ્ર, મેરૂતુંગ, જયસિંહસૂરિ અને જિનમંડન આદિ ઘણા જૈન વિદ્વાનોએ ગ્રંથબધ્ધ કર્યું. પ્રભાચંદ્ર, મેરૂતુંગ, રાજશેખર આદિ પ્રબંધકારોએ મૂળરાજ, ભીમદેવ, સિધ્ધરાજ, કુમારપાળ આદિ રાજાઓના યથાશ્રુત ઇતિવૃત્તોનાં કેટલાંક પ્રકરણો પુસ્તકબધ્ધ કર્યાં. વસ્તુપાલની કીર્તિકથા કથનારા ગ્રંથકારોએ વીરધવળ વાઘેલાના વંશને ઇતિહાસમાં અમર કર્યો. અને એ ઉપરાંત અનેક બીજા ગ્રંથકારો અને લેખકો પોત-પોતાના સમયના કેટલાક નૃપતિઓ અને અમાત્યો વગેરેના નાના

મોટા ઉલ્લેખો દ્વારા, તેમના અસ્તિત્વ અને સમય આદિની પ્રકીર્ણ પણ ઉપયોગી એવી માહિતી પાછળ મૂકતા ગયા છે, જે ઇતિહાસના અંકોડાઓ જોડવામાં ઘણી મદદગાર થઇ પડે તેવી છે. એક કાશ્મિર છોડી, હિંદુસ્થાનના બીજા બધા ય પ્રદેશો કરતાં ગુજરાતનો મધ્યકાલીન ઇતિહાસ વધારે વિસ્તૃત, વધારે વ્યવસ્થિત અને વધારે પ્રમાણભૂત મળે છે અને તેનો મુખ્ય યશ જૈન વિદ્વાનોને જ ઘટે છે.

કેટલાક અતિ-આલોચનાપ્રિય ઇતિહાસગવેષકો જૈનોની આ ઇતિહાસસેવાને સ્વમતરંજિત અતઃ એવ અતિશયોક્તિગ્રથિત માની–કથી એની વાસ્તવિકતાને અલ્પતાનું રૂપ આપવા યદાકદા પ્રયત્ન કરતા નજરે પડે છે. એ પ્રયત્નમાં મને ઇતિહાસનિષ્ઠા કરતાં કાંઇક સંપ્રદાય–અસહિષ્ણુતા વધારે ભાગ ભજવતી હોય તેમ લાગે છે અને તેથી મેરૂતુંગે જે કહ્યું છે કે **तद्द्वैषी नैव नन्दति** તે કથનને વધારે પુષ્ટિ મળતી સાબિત થાય છે. અલબત્ત એ બધી જૈન ઐતિહાસિક સાધનસામગ્રીનો આપણે પ્રામાણિકરૂપે ઊહાપોહ અવશ્ય કરવો જોઇએ, ઇતિહાસવિવેચનની પરિભાષા પ્રમાણે તેની વિવેચના પણ થવી જોઇએ, અને સાધકબાધક પ્રમાણોની કસોટી દ્વારા તેના સાચાખોટાપણાની પરીક્ષા પણ કરવી જ જોઇએ; પરંતુ તે સાથે માત્ર તે જૈનલેખકોની લખેલી છે અને જૈનધર્મને લગતી છે તેથી તે ઉક્તિ અથવા વાર્તાને સદા અને સર્વત્ર શંકાચિહ્નની સાથે તો ન જ મૂકવી જોઇએ. પ્રબંધકારોનાં એ કથનો સર્વથા ઇતિહાસસિદ્ધ જ છે એમ તો કોઇ પણ ઇતિહાસકાર માની શકે તેમ નથી. તેમજ ખુદ એ પ્રબંધકારોનું પણ તેવું કથન નથી. પરંતુ જ્યાં સુધી આપણી પાસે એનાથી વિરૂદ્ધ કોઇ વિશેષ સબળ પુરાવો ન હોય ત્યાં સુધી એ કથનને આપણે એક સામાન્ય ઇતિહાસગર્ભિત કથન તરીકે સ્વીકારી લઇએ તો તેમાં અનૈતિહાસિકતાનો દોષ ગણાય તેમ નથી. એ પ્રબંધકારોએ, જેમ જૈનધર્મને લગતી અનેક બાબતો લખી છે તેમ, ધર્મનિરપેક્ષ પણ અનેક હકીકતો નોંધી છે; અને તદુપરાંત જૈનેતર ધર્મની મહત્ત્વસૂચક પણ તેટલી જ કિંવદંતીઓ સમાનભાવે સંગ્રહી છે. તેથી તેમનો હેતુ માત્ર જૈનધર્મનો મહિમા ગાવા પૂરતો જ હતો એમ તો આપણે ન જ કહી શકીએ. ભલે એ હેતુ મુખ્ય રહ્યો હોય, છતાં ગુજરાતના ઇતિહાસની સર્વસાધારણ અને સાર્વજનિક ઘટનાઓને ગ્રંથસ્થ કરવાની પણ તેમની અભિરૂચિ અવશ્ય રહી છે જ. નહિ તો મીલનદેવી સોમનાથની મહાયાત્રા કરવા ગઇ અને તે તીર્થના દરેક યાત્રી પાસે લેવાતો મુંડકાવેરો જોઇને તે બહુ ખિન્ન થઇ, અને તેથી સિદ્ધરાજ પાસેથી તે વેરો બંધ કરાવી એ મહાતીર્થની યાત્રાનો લાભ સર્વજન માટે સુલભ કરાવ્યો. ઇત્યાદિ પ્રકારની જે અનેક સર્વસામાન્ય હકીકતો મેરૂતુંગે પોતાના પ્રબંધચિંતામણી ગ્રંથમાં તથા રાજશેખરે પ્રબંધકોષમાં નોંધી છે તેમનો જૈનધર્મ સાથે શો સંબંધ બતાવી શકાય તેમ છે? ખરી રીતે, એ પ્રબંધકારોને દેશની જૂની કથાવાર્તાઓ સંગ્રહીત કરવાનો શોખ હતો અને તેથી તેમણે જે કાંઇ વાંચ્યું સાંભળ્યું તેને પોતપોતાની પદ્ધતિ અને રૂચિ પ્રમાણે લેખબદ્ધ કરી પુસ્તકારૂઢ કર્યું. તે કાળના એ પ્રબંધકારોને આજની આપણી ઇતિહાસદૃષ્ટિ જ્ઞાત ન હતી અને ક્રમબદ્ધ ઇતિહાસ લખવાની પદ્ધતિ પરિચિત ન હતી. વ્યક્તિવિશેષના જીવનનો કયો બનાવ ઐતિહાસિક દૃષ્ટિએ વધુ મહત્ત્વનો છે અને કયો સામાન્ય છે તેની તુલના કરવાનો કે તે દૃષ્ટિએ તેનો નિર્દેશ કરવાનો તેમનો જરાય પ્રયત્ન ન હતો. તેમનો ઉદ્દેશ મોટે ભાગે ઉપદેશાત્મક અને કાંઇક અંશે મનોરંજનાત્મક હતો. તેઓ એ ઐતિહાસિક ઘટનાઓને પોતાના શ્રોતાઓ આગળ એ માટે વર્ણવતા કે જેથી તેઓ, ઉપદેશકને જે વસ્તુ પ્રતિપાદન કરવાની હોય તેની, સપ્રમાણતા સ્વીકારી શકે અને તેમાંથી યોગ્ય ઉપદેશ ગ્રહણ કરી શકે. ઉપદેશના હેતુ સિવાયની બીજી કેટલીક ઘટનાઓ તેઓ માત્ર પ્રસંગોચિત સમારંજન કરવા માટે જ દૃષ્ટાંતરૂપે કહી બતાવતા અને આ દૃષ્ટાંતકથનમાં કેટલીક વ્યક્તિઓનો કિંચિત વધુ પરિચય આપવા માટે તેના જીવન સાથે સંબંધ ધરાવતી કોઇક બીજી પણ નાની મોટી ઐતિહાસિક બાબતનો તેઓ ઉલ્લેખ કરી જતા. આવી રીતે તેઓ જે ઐતિહાસિક બનાવો વર્ણવતા અથવા લેખબદ્ધ કરતા તે સર્વથા ઇતિહાસસંગત જ છે કે કાંઇ ન્યૂનાધિક રૂપે છે, જે ઘટનાનો સંબંધ જે વ્યક્તિ સાથે નિર્દિષ્ટ કરવામાં આવે છે તે યથાભૂત છે કે અન્યથા છે, તેની વિચારણામાં ઊતરવાનું તેમને કશું વિશિષ્ટ પ્રયોજન ઉપસ્થિત થતું ન હતું. અને તેથી **यादृशं श्रुतं तादृशं लिखितं** એ સૂત્રનું જ સામાન્ય રૂપે તેમણે એ પ્રબંધાત્મક ગ્રંથોની રચના કરવામાં અનુસરણ કર્યું હતું. એ જૂના પ્રબંધ ગ્રંથોને આપણે આ જ દૃષ્ટિએ જોવા સમજવા પ્રયત્ન કરવો જોઇએ, અને તે રીતે જ તેમનો યોગ્ય ઉપયોગ કરવો જોઇએ. ગમે તે રૂપમાં પણ આપણા દેશની યત્કિંચિત પણ જૂની સ્મૃતિને એ પ્રબંધકારોએ જ જાળવી રાખી છે; નહિ તો બીજી રીતે આપણને આજે એ સર્વથા અપ્રાપ્ય જ થઇ હોત.

આ રીતે ગુજરાતના જૈન ધર્મે, પોતાની આશ્રયભૂમિને શો ફાળો આપ્યો છે તેનું કેટલુંક રેખાચિત્ર દોરી બતાવવા મેં પ્રયત્ન કર્યો છે. ગુજરાતને એ જૈનધર્મનો પરિચય ક્યારે અને કેવી રીતે પ્રાપ્ત થયો તેનું પણ જરા ટૂંકું સિંહાવલોકન કરવું અહીં પ્રાપ્ત થાય છે.

વાસ્તવિક રીતે ગુજરાત એ જૈનધર્મની જન્મભૂમિ નથી તેમજ જૈન ધર્મનો કોઇ મુખ્ય પ્રવર્તક પુરૂષ ગુજરાતની ભૂમિમાં અવતર્યો નથી; છતાં, જેમ આપણે પ્રથમ વિચારી ગયા તેમ, ગુજરાત એ જૈનધર્મનું સૌથી શ્રેષ્ટ અને સૌથી પ્રિય આશ્રયસ્થાન બન્યું છે, ઇતિહાસયુગમાં જૈનધર્મે પોતાના પ્રભાવનો જે કાંઇ ઉત્કર્ષ સાધ્યો હોય તે ગુજરાતમાં જ સાધ્યો છે અને ગુજરાતમાં જ તે સૌથી વધુ ફાલ્યો–ફુલ્યો છે. ગુજરાતની ભૂમિ એ એક રીતે જૈનધર્મની દૃષ્ટિએ દત્તક માતા જેવી છે છતાં તેના ખોળામાં જૈનધર્મે પોતાની જન્મદાત્રી ભૂમિ કરતાંય વધારે વાત્સલ્ય અને વધારે પ્રેમ પ્રાપ્ત કર્યાં છે. ગુજરાત અને જૈનધર્મના આવા પ્રકૃતિમેળમાં કયા ઐતિહાસિક કારણોએ અને સામાજિક તત્ત્વોએ ભાગ ભજવ્યો છે તેનો ઇતિહાસ બહુ રસપ્રદ અને ક્રાંતિસૂચક છે પણ એની વિશેષ વિવેચનામાં ઉતરવાનો અહીં અવકાશ નથી, એ માટે તો આપણે જરા વધારે વિગતમાં ઉતરવું પડે તેમ છે. જૈનધર્મની આચાર-વિચારાત્મક પ્રકૃતિના પરિચય સાથે, ગુજરાતના જે પ્રજાજનોએ જૈનધર્મનો સ્વીકાર કર્યો તેમના લાક્ષણિક જાતિ-પરિચયની તે માટે આપણે મીમાંસા કરવી જોઇએ. અને તે ઉપરાંત ગુજરાતના રાજકીય પરિવર્તનોની અને ભૌગોલિક પરિસ્થિતિઓની પણ વિસ્તૃત વિચારણા કરવી જોઇએ.

જેમ દરેક વ્યક્તિ કે જાતિની કોઇ ખાસ પ્રકૃતિ હોય છે, તેમ દરેક ધર્મની પણ ખાસ અમુક પ્રકારની પ્રકૃતિ હોય છે. બ્રાહ્મણ, બૌદ્ધ, શૈવ, વૈષ્ણવ, જૈન આદિ દરેક ધર્મની તેવી ખાસ ખાસ પ્રકૃતિઓ છે. જેમ અમુક પ્રકારની પ્રકૃતિવાળા મનુષ્યને અમુક પ્રદેશની આબોહવા વિશેષ અનુકૂળ કે પ્રતિકૂળ થઇ પડે છે તેમ ધર્મ માટે પણ કેટલુંક પ્રાદેશિક વાતાવરણ અનુકૂળ પ્રતિકૂળ થઇ જાય છે. જૈનધર્મની અહિંસાપ્રધાન પ્રકૃતિને ગુજરાત અને તેની આસપાસના પ્રદેશની સામાજિક, રાજકીય અને ભૌગોલિક બધી જાતની પરિસ્થિતિ વિશેષ અનુકૂળ થઇ પડી અને તેથી એ ધર્મ આ પ્રદેશમાં સારી પેઠે જામ્યો અને વિકાસ પામ્યો એટલું જ હું અહીં નિર્દેશરૂપે જણાવવા ઉચ્છું છું. ગુજરાતની ભૌગોલિક પરિસ્થિતિ-વિશેષતાને લીધે આ ભૂમિમાં ઠેઠ પ્રાચીનકાળથી અનેક જાતિના જનસમૂહો અહીં આવીને વસતા ગયા છે, અને અનેક જાતની બીજી પ્રજાઓ સાથે આ ભૂમિમાં વસનારાઓને સતત સમાગમ

રહ્યાં કર્યો છે. આર્ય અને અનાર્ય, વૈદિક અને અવૈદિક, ગ્રીક અને રોમન, ઇજિપ્શિયન અને પર્શિયન, સિથિયન અને પાર્થિયન, હૂણ અને અરબ, ઇરાનીઅન અને મંગોલીઅનઃ આમ વિવિધ જાતના લોકો અને વિદેશવાસીઓ, ભિન્ન ભિન્ન સમયે, નાની મોટી સંખ્યામાં, આ ભૂમિમાં આવીને વસ્યા છે અને તેઓમાંના ઘણાખરા ધીમે ધીમે પોતપોતાનું જાતિપાર્થક્ય છોડી દઇ એક મહાહિંદુજાતિના રૂપમાં મિશ્રિત થયા છે. ઇસ્લામના ઉદય પહેલાં, આ ભૂમિમાં આવી વસનારા એવા અનેક ભિન્નજાતીય જનોના અદ્‌ભૂત સંમિશ્રણવાળો ગુજરાતનો એ પ્રાચીન હિંદુસમાજ હતો. એ સમાજ ત્યારે કોઇ વિશિષ્ટ પ્રકારનાં રૂઢ ધાર્મિક સંસ્કારોથી જકડાયેલો ન હતો તેમજ જાતિ અને વર્ણના સંકીર્ણતાના વર્તુલમાં ઘેરાયેલો ન હતો. એવા સમયમાં જૈનધર્મે ગુજરાતની ભૂમિમાં પદાર્પણ કર્યું હતું. જૈનધર્મના નિષ્પરિગ્રહી, નિર્લોભી, નિર્ભય અને તપસ્વી ઉપદેશકોના દાન, શીલ, તપ અને ભાવનાપોષક સતત પ્રવચનોએ ગુજરાતનાં એ હજારો પ્રજાજનોમાં જૈનધર્મ પ્રત્યે વિશિષ્ટ શ્રધ્ધા ઉત્પન્ન કરી. ધીમે ધીમે ક્ષત્રિય, વૈશ્ય અને કૃષિકારોનાં અનેક કુટુંબો જૈનધર્મનો સ્વીકાર કરતાં ગયાં અને જે જાતિ કે વર્ણમાં માંસાહાર અને મદ્યપાનનો પ્રચાર હતો તેનો તેઓ ત્યાગ કરી સમાનધર્મી કુટુંબોની જુદી ગોષ્ઠીઓના રૂપમાં સંગઠિત થતા ગયા. દરેક ગામના આવા સંગઠિત થએલા જૈન ગોષ્ઠિકોએ પોતપોતાના સ્થાનમાં જૈનમંદિરો બંધાવા માંડયાં અને તેમાં તેઓ પોતાની સર્વ ધર્મક્રિયાઓ કરવા લાગ્યા. લાટ, આનર્ત, સૌરાષ્ટ્ર અને માળવાના પ્રદેશોમાં જ્યારે ક્ષત્રપોની સત્તા પ્રવર્તતી હતી ત્યારે જૈનધર્મનો આ રીતે એ પ્રદેશોમાં ધીમે પણ સ્થાયી પ્રચાર શરૂ થયો હતો.

એ પછી થોડા જ સમયમાં હૂણ અને ગુર્જર લોકોનો એક પરાક્રમશાલી જનસમૂહ પંજાબ તરફથી દક્ષિણ-પૂર્વ ભાગમાં આગળ ધસ્યો ને દિલ્લી-આગ્રા-અજમેરના પ્રદેશોમાં થતો તે અર્બુદાચલની પશ્ચિમે આવેલા મરૂ પ્રદેશમાં આવીને થોભ્યો. સિંધ, કચ્છ અને મરૂ ભૂમિના સીમાડા ઉપર આવેલા ભિલ્લમાળ નામના સ્થાનને તેમણે પોતાની રાજધાની બનાવી તેની આસપાસનો બધો પ્રદેશ હૂણ અને ગુર્જર લોકોથી આબાદ બન્યો. ગુર્જરોની સંખ્યાબહુલતાના લીધે એ પ્રદેશની ગુર્જર દેશ તરીકે અભિનવ ખ્યાતિ થઇ અને એ રીતે આપણા ગુજરાતનો નૂતન જન્મ થયો. અણહિલપુરના ઉદય પહેલાં ગુર્જર સંસ્કૃતિ અને સત્તાનું કેન્દ્ર ભિલ્લમાલ હતું. ગુર્જરોના પરાક્રમ અને પુરૂષાર્થના બળે એ સ્થાન શ્રી અને સમૃધ્ધિથી ઉભરાવા લાગ્યું અને તેથી એનું બીજું નામ શ્રીમાળ તરીકે પણ પ્રસિદ્ધિમાં આવ્યું. હૂણ અને ગૂર્જર લોકોને જૈનધર્મનો ઉપદેશ આપવા કેટલાક સમર્થ જૈનાચાર્યો એ ગુર્જર દેશમાં જઇ પહોંચ્યા. તેમના જ્ઞાન અને ચારિત્રના પ્રભાવથી ઘણા ગુર્જરો આકર્ષાવા લાગ્યા અને તેમના ઉપદેશ પ્રમાણે જૈનધર્મનો સ્વીકાર કરવા લાગ્યા. ભિલ્લમાળ ઊર્ફે શ્રીમાળમાં મોટાં મોટાં જૈનમંદિરો બંધાવા લાગ્યાં અને પ્રતિવર્ષ સેંકડો કુટુંબો જૈન ગોષ્ઠીકો તરીકે જાહેર થવા લાગ્યાં. પરમારો, પ્રતિહારો, ચાહમાનો અને ચાવડાઓ જેવા ક્ષાત્રધર્મી ગુર્જરોમાંનાં પણ સેંકડો કુટુંબો જૈન બનવા લાગ્યાં. જૈનાચાર્યોએ તેમને એક નવીન જૈન જાતિના સમૂહરૂપમાં સંગઠિત કર્યા અને શ્રીમાળ નગર એ નવા જૈનસમાજનું મુખ્ય ઉત્પત્તિસ્થાન હોવાથી એ જાતિનું શ્રીમાળવંશ એવું નવું નામાભિધાન સ્થાપિત કર્યું. એ શ્રીમાળવંશ પાછળથી વટવૃક્ષની માફક અસંખ્ય શાખાપ્રશાખાઓ દ્વારા આખા દેશમાં વ્યાપ્ત થયો. એ વંશની એક મહાશાખા પોરવાડ વંશના નામે પ્રસિદ્ધિમાં આવી જેમાં વિમળશાહ અને વસ્તુપાળ-તેજપાળ જેવાં પુરૂષરત્નો પેદા થયાં. ગુજરાતના વણિકોનો ઘણો મોટો ભાગ એજ શ્રીમાળ મહાવંશનાં સંતાનો છે.

ભિલ્લમાળની રાજલક્ષ્મીના અસ્તંગમન પછી અણહિલપુરનો ભાગ્યોદય થયો અને ગુર્જરોના જ એક રાજવંશમાં જન્મેલા વનરાજ ચાવડાના છત્ર નીચે એ પ્રાચીન ગુર્જર દેશની ધન-જનાત્મક સમગ્ર સંપત્તિ અણહિલપુરના સીમાડાઓમાં આવીને ગોઠવાઇ. શ્રીમાળના નામની સ્મૃતિ માટે તેમણે સરસ્વતીના તીરે શ્રીસ્થલની પણ નવીન સ્થાપના કરી. થોડા જ દાયકાઓમાં એ શ્રીસ્થળ અને અણહિલપુરની આસપાસનો સમગ્ર પ્રદેશ ભિલ્લમાળના જૂના પ્રદેશની જેમ ગુર્જરદેશના નવીન નામે ભારતવિશ્રુત થયો. શીલગુણસૂરિ નામના એક જૈનાચાર્યનો વરપ્રદ હસ્ત, બાળપણમાં જ વનરાજના મસ્તકે મુકાયો અને તેમના મંગલકારક આશીર્વાદથી તેનો વંશ અને તેનું પાટનગર અભ્યુદયના ભાગી થયાં. અણહિલપુરની સ્થાપનાના દિવસથી જ જૈનાચાર્યો એ ભૂમિનાં સુખ, સૌભાગ્ય, સામર્થ્ય અને સમૃદ્ધિની મંગળકામના કરવા લાગ્યા હતા. તેમની એ કામના ઉત્તરોત્તર સફલ થઇ અને અણહિલપુરના સૌરાજ્ય સાથે ગુર્જર પ્રજાનો અને તે દ્વારા જૈનધર્મનો પણ ઉત્કર્ષ થયો.

ગુજરાતના જૈનધર્મ વિષે અને તેણે આપેલા સંસ્કારવિષયક કાળા વિષે આ રીતે મેં મારા કેટલાક દિગ્દર્શનાત્મક વિચારો આપની આગળ પ્રગટ કર્યા છે. આ વિચારો માત્ર દિગ્દર્શન કરવા પૂરતા જ છે. આ વિચારનું સપ્રમાણ અને સવિસ્તર વર્ણન કરવા માટે તો આવાં ઘણાં વ્યાખ્યાનો કરવાં પડે વડોદરાના આ વિશાળ ન્યાયમંદિરમાં મને આજે આ રીતે જે જૈનધર્મ વિષે મારા વિચારો પ્રકટ કરવાનું માનપ્રદ અને આનંદદાયક આમંત્રણ આપવામાં આવ્યું છે તે માટે હું શ્રીમંત સરકાર સર સયાજીરાવ મહારાજના સુયોગ્ય મંત્રીમંડળપ્રતિ મારો હાર્દિક આભારભાવ પ્રકટ કરૂં છું અને આપ બધા શ્રોતાજનોએ મારા આ વિચાર સાંભળવા માટે જે રસ અને ઉત્સાહ બતાવ્યો છે તે માટે હું આપનો પણ હૃદયથી આભાર માની, મારૂં આ વક્તવ્ય પૂર્ણ કરૂં છું.

મુનિશ્રી જિનવિજયજી

સંતવાણી (પૃષ્ટ ૬૩ થી ચાલુ)

જે શરીર ચંદનરૂપ થયું, અને હવે ધીમે ધીમે બળીને ભસ્મનાં ઢગલાનાં રૂપમાં રહી ગયું તેનો પણ યોગી ત્યાગ ન કરી શકે. વૈરાગ્યનો પણ એક ધર્મ હોય છે. વૈરાગીએ સાધના દરમ્યાન જે ભસ્મ પેદા કર્યું તેનો અંગીકાર કરી એણે એ પોતાનાં શરીર ઉપર ચઢાવ્યે જ છૂટકો. **भस्मांतं शरीरम्।**

* * *

આમ શરીરની બાબતમાં યોગી સાથે બળીને એકરૂપ થયા પછી મીરાં ગિરિધરનાગર પ્રભુ યોગીને છેલ્લી વિનંતી કરે છે કે હવે એણે પોતાની જ્યોતિમાં મીરાંની જ્યોત સમાવી લેવી જોઇએ. એમ કહેતી વખતે જ્યૂતિકા રોપનાં ગીતમાં 'મીરાં' શબ્દ એવો તો હલક સાથે ગવાય છે કે શરીર ભસ્મ કર્યા પછી જેટલી શુભ વાસનાઓ અને સંસ્કારો બચી ગયા હોય તે બધા ભેગા કરી પોતાનું જીવન સર્વસ્વ એકજ પિંડમાં અર્પણ કરીને એ સર્વસ્વ દ્વારા-કેવળ શબ્દ દ્વારા નહિ-પણ પોતાની સમગ્ર વિભૂતિ દ્વારા મીરાં એક નવી જ પ્રાર્થના કરે છે કે "હે પ્રભુ! હવે મારી જ્યોતિમાં પોતાની જ્યોતિ ભેળવી દે." છેવટે પ્રભુએ જ આત્મર્પણ કરવાનું હોય છે. પ્રભુ-ગુરૂ તેમ ન કરે ત્યાં સુધી એનાથી જવાય જ નહિ. અને એટલું કર્યા પછી એ જાય ક્યાં? યોગીનો ધર્મ જ યોગ કરવાનો-જોડી દેવાનો-મીલન કરવાનો અને અખંડ એકાકાર એકૈકરસ થઇને રહેવાનો છે.

માટે એમ પણ કહી શકાય કે મીરાંએ સર્વસ્વ અર્પણ કરી અંતે જોગીનો જ ભોગ લીધો છે. એ પ્રભુમાં સમાઇ ગઇ તે પહેલાં એણે પ્રભુને જ પોતાનામાં સમાવી દીધો. આમ યોગ અને ભક્તિ બન્ને મીરાંમાં કૃતાર્થ થયાં. **ફાકા કાલેલકર.**

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સુર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૯
અંક : ૮

મુંબઈ: ૧૫ ઑગષ્ટ, ૧૯૪૭, શુક્રવાર.

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

૧૫ મી ઑગસ્ટ: આઝાદી દિન.

'જય મંગળ પ્રિય જન્મભૂમિનું ગજાવીએ!'

ખીસકોલીનો આત્મસંતોષ

શ્રી રામચંદ્રજીએ રાવણ ઉપર ચઢાઇ કરવાની તૈયારી કરી. શ્વેતબિંદુ રામેશ્વર પાસે સર્વ સૈન્ય એકઠું થયું. લંકા પહોંચવા માટે વચ્ચે આવતી સમુદ્રની નીક ઓળંગવાની હતી. વાનરોએ મોટી મોટી શિલાઓ ઉપાડી લાવીને એક મોટો સેતુ બાંધ્યો. એક ખીસકોલીને પણ ઇચ્છા થઇ આવી કે ભગવાન રામચંદ્રજીના આ મહાન કાર્યમાં હું પણ કાંઇક ફાળો આપું. તેણે પણ જમીન ઉપરથી કાંકરી કાંકરી લઇને સમુદ્રમાં ફેંકવા માંડી. ભગવાન રામચંદ્રજીનું સૈન્ય સેતુ ઉપર થઇને સમુદ્ર ઓળંગી ગયું, રામચંદ્રજીએ રાવણનો નાશ કર્યો, અને સીતા પુનઃ પ્રાપ્ત કરી. આ પ્રસંગે સૌ કોઇના આનંદનો પાર ન રહ્યો. ખીસકોલી પણ મેં મારાથી બનતું કાંઇક કર્યું છે એવો આત્મસંતોષ અનુભવવા લાગી.

આ દેશમાંથી અંગ્રેજ સત્તાનો નાશ કરવા અને ગુમાવેલી આઝાદી પુનઃ હસ્તગત કરવા ગાંધીજીએ પ્રજાને આવ્હાહન કર્યું; રાષ્ટ્રીય મહાસભાને દોરવણી આપી; અનેક લોકોએ પારવિનાનાં બલિદાન આપ્યાં; કેટલાંયે જાન ગુમાવ્યા; કેટલાયે પોતાની માલમીલ્કત ફના કરી. પરિણામે સરકારી સત્તા નાબુદ થઇ; પ્રજાને આઝાદી પુનઃ પ્રાપ્ત થઇ.

પ્રબુદ્ધ જૈન છેલ્લાં આઠ વર્ષથી જનસમાજની યથાશક્તિ સેવા કરી રહ્યું છે. તેના સંચાલન પાછળ રાષ્ટ્રની આઝાદી એ હંમેશા પ્રધાન અને પ્રેરક હેતુ રહ્યો છે. એ સંકલ્પ ઉપર જ પ્રબુદ્ધ જૈન આજસુધી ગતિમાન રહ્યું છે. જૈન સમાજ આગળ પણ તેણે બીજી અનેક બાબતો સાથે આ બાબત હંમેશા મુખ્યપણે આગળ ધરી છે. દેશનેતાઓ અને પ્રજાજનોનાં અપૂર્વ બલિદાન આગળ પ્રબુદ્ધ જૈનના નાના સરખા ફાળાનો શું હિસાબ? એમ છતાં પણ આજે જ્યારે અંગ્રેજ સરકાર વિદાય પામે છે, રાષ્ટ્ર સ્વાધીન અને સ્વતંત્ર બને છે, સરકાર સત્તાસ્થાનો ઉપર રાષ્ટ્રીય ધ્વજ ફરકવા માંડે છે, સમસ્ત પ્રજાજનોનાં દિલ આનંદ અને ગૌરવથી જ્યારે ઉછળી રહ્યાં છે ત્યારે પ્રબુદ્ધ જૈન પણ પોતાના આજ સુધીના જીવનની મુખ્ય મનીષા સફળતાને પામેલી જોઇને ચરિતાર્થતા અનુભવે છે પેલી ખીસકોલી માફક આ મહાન સિધ્ધિમાં પોતાથી બનતો કાંઇક ફાળો આપ્યો છે એવો આત્મસંતોષ અને ધન્યતા પ્રબુધ્ધ જૈન અનુભવે છે. જેમ પ્રજાજીવનમાં તેમ જ પ્રબુદ્ધ જૈનના જીવનમાં આજનો દિવસ એક અપૂર્વ પર્વ સમાન છે.

તંત્રી, પ્રબુધ્ધ જૈન.

આઝાદીપર્વની પર્યાલોચના

આ પંદરમી તારીખથી આપણો દેશ આઝાદ થાય છે; બસો વર્ષથી દેશભરમાં સ્થાપિત થયેલી બ્રીટીશ હકુમતનો આજથી અંત આવે છે. આપણા પ્રતિનિધિઓએ મંજુર કરેલા રાજ્યબંધારણ અનુસાર આપણા રાજ્યવહીવટનો આપણા જ હાથે આજથી અમલ શરૂ થાય છે. જે આઝાદીની લડત એક રીતે ૧૮૫૭ માં શરૂ થઇ હતી, જે લડતે ૧૯૦૫/૬માં બંગભંગના કારણે નાના સ્વરૂપમાં દર્શન દીધું હતું, અને જે લડત ૧૯૨૦/૨૨, ૧૯૩૦/૩૨ અને અને ૧૯૪૨/૪૫ દરમિયાન ઉત્તરોત્તર વધારે ને વધારે વ્યાપક આકારમાં રાષ્ટ્રવ્યાપી બની હતી તે લડતનો આજે અંત આવે છે અને જે નેમથી એ લડતનો પ્રારંભ કરવામાં આવ્યો હતો એ નેમ આજે પ્રજા સિધ્ધ કરે છે. ૧૯૨૦–૨૨ ની અસહકારની લડત, ૧૯૩૦–૩૨ ની સત્યાગ્રહ અને કાયદાભંગની લડત, અને ૧૯૪૨–૪૫ ની 'ક્વીટ ઇન્ડીયા'–'હિંદ છોડી જાઓ'ની લડત–ત્રણે લડતો રાષ્ટ્રીય મહાસભાની પ્રેરિત અને પ્રયોજિત હતી અને જો કે ત્રીજી લડતે અમુક અંશે ભાંગફોડનું હિંસક સ્વરૂપ પકડયું હતું એમ છતાં પણ મહાત્મા ગાંધીજીની દોરવણી નીચે રાષ્ટ્રીય મહાસભા પ્રત્યેક લડતના કાર્યક્રમમાં અહિંસાની નીતિને એકસરખી વળગી રહી હતી અને એ રીતે આજે આપણા હાથમાં આવતું સ્વરાજ્ય એકંદર રીતે અહિંસાની સાધના અને પ્રજાના અમાપ બલિદાનનું પરિણામ છે એમ કહેવામાં આપણે લેશ માત્ર અતિશયતા કરતા નથી. વર્ષોથી જે સ્વપ્ન આપણે સેવી રહ્યા હતા તે આજે સિદ્ધ થાય છે, જે કામના આપણાને અખૂટ ઉત્તેજના અને બળ આપી રહી હતી તે કામના ફલિતાર્થ બને છે, જે વસ્તુ આપણે ઝંખી રહ્યા હતા તે આપણા હાથમાં જાણે કે એકાએક અને અણધારી ઝડપે આવી પડે છે. ૧૯૪૨ ની લડતને અંગ્રેજ સરકારે અમાનુષી દમન અને જુલમ વડે દાબી દીધી હતી. પ્રજામાં નિરાશા અને અનુત્સાહ વ્યાપેલાં હતાં આ સરકારને આ દેશમાંથી કાઢવા માટે હજુ વર્ષો જોઇશે અને હજુ કેટલાંયે બલિદાન આપવા પડશે એમ સૌ કોઇને લાગતું હતું. બીજા વિશ્વયુદ્ધના અન્તે આપણા દેશની આવી કલાન્ત મ્લાન મનોદશા હતી. પણ આ વિશ્વયુધ્ધે દુનિયાની પરિસ્થિતિ ઉલટ પાલટ કરી નાંખી હતી, દુનિયા ઉપરનું બ્રીટીશ પ્રજાનું પ્રભુત્વ નષ્ટ કરી નાંખ્યું હતું. એક બાજુ અમેરિકા અને બીજી બાજુ રશીઆ એમ બે રાક્ષસી સત્તાઓનો ઉદય થયો હતો. એશીઆના સર્વ દેશો જાગૃત થયા હતા અને પરદેશી ધુંસરીને હવે કોઇ પણ રીતે સહી લેવાને તૈયાર નહોતા. હિંદી પ્રજાનો પણ આરપાર માનસપલટો થઇ ચૂકયો હતો. એ જ માનસપલટો હિંદી સૈન્યને પણ સ્પર્શી ચુકયો હતો. આઝાદ હિંદ ફોજના સેનાપતિઓની દીલ્હીના લાલકીલ્લામાં જે ઐતિહાસિક તપાસ ચાલી હતી અને તે વખતે દેશભરમાં જે વિદ્યુત્વેગી આંદોલન પ્રગટયું હતું તેણે અંગ્રેજસરકારની આંખ ઉઘાડી નાંખી.

ગયા વિશ્વયુદ્ધમાં તો હિંદને જેમ તેમ બ્રીટીશ સત્તા નીચે જાળવી શકાયું. પણ હવે તો હિંદને સારી રીતે શસ્ત્રસજ્જ કરવામાં ન આવે તો દુનિયાની નવી પરિસ્થિતિમાં હિંદમાં સ્થપાયલી બ્રીટીશ હકુમત ટકાવવાનું કાર્ય અશકય બની ગયું હતું. અને એ ઉપરાંત હિંદની-હિંદી સૈન્યની-સરકાર પ્રત્યેની વફાદારી હવે બીલકુલ વિશ્વાસનીય રહી નહોતી. હિંદ હવે લાભનો વિષય મટીને બહુ મોટી જવાબદારીનો વિષય બની ગયું હતું. અંગ્રેજ પ્રજાના દુરંદેશી રાજ્યકર્તાઓએ આ વસ્તુસ્થિતિ યથાસ્વરૂપે પરખી લીધી અને હિંદી પ્રશ્ન નવી લડતનો વિચાર કરવા માંડે તે પહેલાં હિંદને સર્વ રાજ્યઅધિકારો સુપ્રત કરવાનો તેમણે નિર્ણય કર્યો. બે વર્ષની લાંબી વાટાઘાટો, અનેક અશાન્તિજનક ઘટનાઓ અને કોમી કલહમાંથી પસાર થવા બાદ આજે આપણા નભોમંડળમાં આઝાદીનો સૂર્ય ઉગે છે અને તેનાં પ્રકાશકિરણો ચિરકાલીન રાત્રીના ગાઢ તિમિરનો નાશ કરી રહેલ છે. આવો અપૂર્વ દિવસ જોવા માટે જીવતા હોવું એ માનવીજીવનનો કોઇ નાનો સરખો લહાવો ન ગણાય.

આમ આજે આપણા દેશમાં અસાધારણ અપૂર્વ ઘટના બની રહી હોવા છતાં એ ઘટનાના મર્મને યથાસ્વરૂપે ઝીલતો એવો પ્રજાના દિલમાં ઉત્સાહ નથી દેખાતો એનું શું કારણ? શું આજે મળતી આઝાદી સાચી આઝાદી નથી? આજે શું આપણી કોઇ વંચના થઇ રહી છે અને અંગ્રેજ સત્તાની ધુંસરી એક નહિ અને બીજા આકારમાં આપણા માથા ઉપર હજુ ચાલુ રહેવાની છે? આજે જે કાંઇ આપણી આંખ સામે બની રહ્યું છે તે જોનાર હરગીજ કહી શકે તેમ નથી કે આપણને હસ્તગત થતી આઝાદી લેશ માત્ર શંકાસ્પદ છે. અંગ્રેજ સત્તા ચોતરફથી સંકેલાઇ રહી છે અને આપણા વર્તમાન અને ભાવીની સર્વ જવાબદારીઓ આપણા ઉપર આવી રહી છે. આજે આપણો ગવર્નર-જનરલ અંગ્રેજ છે, સૈન્યના કેટલાક હોદ્દેદારો અંગ્રેજ છે, રાજ્યવહીવટના કેટલાક સૂત્રધારો પણ અંગ્રેજ છે. આ બધું બરોબર છે, પણ તેમનું કાયમી રહેવું તે કાંઇ અંગ્રેજ સત્તાના બળને લીધે નથી પણ આપણી પોતાની સ્વેચ્છાજન્ય અનુમતિ અનુસાર અને તાત્કાલીન સગવડ ખાતર જ છે. તો પછી આજે આવો અનુત્સાહ, આવો વિષાદ કેમ? આનાં કેટલાંક કારણો છે.

એક તો એક અને અવિભાજ્ય હિંદની આઝાદી એ આપણું ચિરકાલસેવિત સ્વપ્ન હતું તે પાકીસ્તાનના ઉગમ સાથે ખંડિત થયું છે. આઝાદી તો આવે છે પણ હિંદના ભાગલા પડે છે, આ બાબતનું દર્દ પ્રજાના દિલને ઉંડાણમાંથી કોરી રહ્યું છે અને તે ગમે તેટલો વિચાર કરવા છતાં અને વર્તમાન સંયોગોમાં પાકીસ્તાન અનિવાર્ય બની ગયું હતું એમ બુદ્ધિથી સ્વીકારવા છતાં એ દર્દ કોઇ પણ રીતે શમતું નથી.

બીજું આ ભાગલાપ્રકરણ માત્ર પાકીસ્તાનના ઉદ્ભવથી જ સમાપ્ત થતું નથી. અંગ્રેજસરકારે હિંદના સર્વ દેશી રાજ્યોને ઓગસ્ટની ૧૫ મી તારીખથી સ્વતંત્ર જાહેર કરીને હિંદી પ્રજાનો ભારેમાં ભારે દ્રોહ કર્યો છે. આ વ્યવસ્થાએ ઘણા દેશી રજાઓનાં મગજ ભમાવી નાંખ્યાં છે અને હવે તો પોતે ફાવે તેમ વર્તી શકશે અને પોતાની પ્રજાને ફાવે તેમ દબાવી શકશે એવા તરંગોમાં તેઓ રાચી રહ્યા છે. અલબત્ત ઘણાખરા દેશી રાજ્યો હિંદી યુનીયનમાં જોડાઇ રહ્યા છે, પણ એ જોડાણખાતે પણ દેશી રાજ્યની પ્રજાની સ્થિતિ ભારે કફોડી કરી છે. દરેક રાજ્યનો પ્રજાએ પોતપોતાનું લોકશાસિત રાજ્યતંત્ર હાંસલ કરવા માટે પોતપોતના રાજા મહારાજા સાથે હજુ લડવાનું બાકી છે. આ કારણે હિંદી યુનીયનમાં જોડાયલા દેશી રાજ્યોની પ્રજામાં આનંદ અને ઉલ્લાસ કરતાં નિરાશા અને ચિંતા વધારે છે. અને હૈદ્રાબાદ, ભોપાળ જેવા જે દેશી રાજ્યો હજુ હિંદી યુનીયનમાં જોડાવા માંગતા નથી, ત્યાંની પ્રજાનો માર્ગ તો અત્યંત વિકટ છે એટલું જ નહિ પણ આવાં રાજ્યો હિંદની ભાંગીતુટી એકતાને પણ ભારે જોખમરૂપ બની રહ્યાં છે. આ રીતે હિંદી એકતાનું મીઠું મધુરું સ્વપ્ન જાણે કે આજે અનેક બાજુએથી છેદાઇ રહ્યું હોય એવો દુઃખદ મર્મઘાતક પ્રત્યાઘાત આજે આપણ સર્વે અનુભવી રહ્યા છીએ.

ત્રીજું, પાકીસ્તાન સ્વીકારાયા છતાં કોમી કલહનો અંત આવ્યો છે એમ માનવાને હજુ કશું પણ કારણ નથી. છેલ્લા બાર મહીનાથી આપણે જે જોઇ રહ્યા છીએ, સાંભળી રહ્યા છીએ, કોમી કંકાસને લીધે જે પારવિનાની યાતનાઓ; પાયમાલી ખમી રહ્યા છીએ, કલકત્તા, નોવાખલી, બીહાર, પંજાબ, વાયવ્ય પ્રાંતમાં જે કાંઇ આજ સુધીમાં બની ગયું અને આજે પણ બની રહ્યું છે તે સર્વ આપણા સ્મરણમાંથી ક્ષણભર પણ ખરી શકતું નથી. પાકીસ્તાનના અધિકારીઓ આજે લઘુમતીઓને સહીસલામતીઓની ખાત્રીઓ આપી રહ્યા છે. એમ છતાં પણ તેમના પ્રદેશમાં બનતી બીનાઓ આ ખાત્રીઓનો ઇનકાર કરી રહી છે. આ પ્રકારની બેચેનીએ આપણા દિલને ચારે તરફથી ઘેરી લીધું છે.

ચોથું, વર્તમાન અન્ન, વસ્ત્ર અને વસવાટની હાડમારીઓથી પ્રજા કાયર અને બેહાલ બની રહી છે. કોંગ્રેસ સત્તારૂઢ થયા છતાં આ હાડમારીઓ લેશ માત્ર ઘટવાને બદલે ઉતરોત્તર વધતી જ ચાલી છે. એવામાં આજે વરસાદની ભારે ખેંચ પડી છે અને દુષ્કાળના ઓળા ચોતરફ નજર પસરવા લાગ્યા છે. જો આમને આમ વરસાદ નહિ આવે તો આગામી દુષ્કાળ કેટલો ભયાનક હશે તેની કોઇ કલ્પના થઇ શકતી નથી. આજે પણ જનારો મરવા લાગ્યા છે, માનવીઓ અત્યન્ત અકળાવા લાગ્યા છે. કમનસીબે જનતાની આજની હાડમારીઓ દૂર કરવામાં પોતાની કમઆવડતને લીધે અથવા તો પોતાનો જેના ઉપર કાબુ નથી એવા આસપાસના અનિવાર્ય સંયોગોને લીધે આજની કોંગ્રેસ સરકાર એટલી બધી અલ્પસામર્થ્યવાળી માલુમ પડી છે કે સંપૂર્ણ સત્તા હાથમાં આવવા છતાં નવી આઝાદ સરકાર આપણી ધુંસો ઉકેલી શકશે કે કેમ તે બાબતમાં લોકોને હજુ વિશ્વાસ પડતો નથી. તેથી આજે બધી બાજુએથી નિરાશા, ગ્લાનિ, અને દૃષ્ટિબધિરતા નજરે પડે છે.

આખી રાત સખત વાવાઝોડું વીજળી, વરસાદનો ગડગડાટ અને તોફાન ચાલ્યા કર્યું હોય, આકાશમાં વાદળો ગાઢપણે છવાયલાં હોય, હજુ પણ વાવાઝોડું કે તોફાન શમવાના કોઇ ચિહ્નો દેખાતા ન હોય, પૂર્વાકાશમાં દૃષ્ટિગોચર થતો પ્રભાતનો ઉદય પણ સર્વત્ર વ્યાપેલા સુનકારપણાને ભયગ્રસ્તતાને, ઉદાસીનતાને વિદારવામાં અસમર્થ બનતો હોય, પસાર થવા આવેલી રાત્રી કરતાં પણ આગામી દિવસના ગર્ભમાં રહેને વધારે આફત, હોનારત અને યાતનાઓ ભરેલી નહિ હોયને? એવો કોઇ વિચિત્ર પ્રશ્ન સૌ કોઇના દિલમાં ઘુમ્યા કરતો હોય-આજે આઝાદીના આ મંગળ પ્રભાતે, સ્વરાજ્યના શુભ આગમન પ્રસંગે આપણી મનોદશા કાંઇક આવા પ્રકારની વર્તે છે. આજ કારણે આઝાદી આવ્યાનો ઉલ્લાસ આપણને આગળ ધકકેલે છે, વર્તમાન વિકરાળ પરિસ્થિતિનું દર્શન આપણા ઉલ્લાસને ભાંગી નાખે છે.

આમ હોવા છતાં પણ આપણે બરોબર સમજવું જોઇએ કે આજનું બીહામણું વર્તમાન અંગ્રેજ સહકારની સતત શોષક અને કોમ કોમ વચ્ચે અથડામણી ઉભી કરનારી બે સદીની રાજ્યનીતિ અને છેલ્લું કાલકરાળ વિશ્વયુદ્ધ-એ બે કારણોનું જ સહજ પરિણામ છે. એ યુધ્ધ પુરું થયાને બે વર્ષ થવા આવ્યાં છે; અંગ્રેજ સરકાર આજે વિદાય લઇ રહેલ છે. આજે જે છે તે આવતી કાલે નથી રહેવાનું. મૂળ છેદાતાં ઘાતક પરિણામોનો લય થવો જ જોઇએ. આવી શ્રદ્ધાપૂર્વક આપણે વર્તમાનનો વિચાર અને ભવિષ્યની કલ્પના કરવી જોઇએ. આજ દૃષ્ટિએ આજનો દિવસ હિંદુસ્થાનના ઇતિહાસમાં કેટલો અપૂર્વ છે તેની આપણે યથારૂપે

ગ્રહણ કરવું જોઇએ. હિંદુસ્થાનમાં હિંદવ્યાપી સામ્રાજ્યો જરૂર સ્થપાયા છે અને લય પામ્યાં છે. અંગ્રેજો પહેલાં મોગલ સામ્રાજ્યે આ દેશના ઘણા મોટા ભાગ ઉપર પોતાનું પ્રભુત્વ સ્થાપિત કર્યું હતું. ઉંડા ભૂતકાળમાં અશોકની અને ગુપ્તરાજ્યોની રાજ્યસીમા હિંદુસ્થાનના લગભગ સર્વ ખુણાઓને સ્પર્શી રહી હતી, પણ તે બન્ને સામ્રાજ્યો રાજશાહીના પાયા ઉપર રચાયલાં હતાં, તેમાં લોકશાસનનું તત્ત્વ નહિ જેવું હતું અથવા તો બીલકુલ હતું જ નહિ. હિંદના ઇતિહાસમાં આ પહેલો જ અવસર છે કે જ્યારે લોકશાસનના ધોરણ ઉપર હિંદની પ્રજાના પ્રતિનિધિઓ પોતાનું રાજ્યબંધારણ ઘડી રહ્યા છે અને હિંદુસ્થાનનો રાજ્યવહીવટ પ્રજાના નીમેલા પ્રતિનિધિઓ હસ્તક ચાલવો શરૂ થયો છે. દુનિયાના ઇતિહાસમાં આ પહેલો જ પ્રસંગ છે કે જ્યારે એક જબ્બરજસ્ત રાજ્યસત્તા આટલા મોટા દેશ ઉપર પથરાયલી પોતાની રાજ્યસત્તા સંકેલી લેવાનો પોતાનો નિર્ણય એકાએક જાહેર કરે છે અને તેનો અમલ સત્વર શરૂ કરે છે. આજથી શરૂ થતા યુગની ભવ્યતા અગાધ છે, અવર્ણનીય છે. હજુ સંપૂર્ણ સ્વાતંત્ર્યનો યુગ શરૂ થવાને ઉંબરે આપણે ઉભા હતા એવામાં ઇન્ડોનેશીયા ઉપર ડચ લોકોનું આક્રમણ શરૂ થયું અને સંયુક્ત રાજ્યોની સંસ્થા ઉપર દબાણ લાવીને આપણે ડચ લોકોના વધતા જતા આક્રમણને અટકાવી શકયા. હિંદમાં સ્વરાજ્ય સ્થપાવા સાથે કેટલાયે સત્તાસ્થાનો, કાર્યક્ષેત્રો આપણા માટે ખુલ્લાં થશે; દેશમાં રહેલી અમાપ બુદ્ધિશક્તિને દેશોપયોગી રોકાણનો અવકાશ મળશે; પ્રજાનો આત્મા પરદેશી પ્રજાની ગુલામીના રૂંધનમાંથી મુક્ત થતાં સ્વાતંત્ર્યની-સ્વત્વની-ઉષ્મા વડે સોળે કળાએ ખીલી ઉઠશે.

અને પાકીસ્તાનના શ્રાપની સવળી બાજુ પણ આપણે કાં ન વિચારવી? આજ સુધીનું હિંદી રાજકારણ, કોઇ પણ રીતે આપણી વચ્ચે એકતા ઉભી થાય તે તમન્નાના કારણે, મોસ્લેમ લીગની ઉત્તરોત્તર વધતી જતી અન્યાયભરી અને હિંદની બહુમતી કોમના હકકો અધિકારો ઉપર અઘટિત આક્રમણ કરતી માંગણીઓના ચાલુ સ્વીકાર ઉપર જ અવલંબિત હતું અને આ બધા સાથે કેબીનેટ મશીનની યોજનાના પરિણામે હિંદી એકતા નામની જળવાઇ રહે અને હિંદના પાંચ પ્રાન્તનું એક બળવાન પાકીસ્તાન જ ઉભું થાય-એવી પરિસ્થિતિ ઉભી થઇ હતી. વળી મોસ્લેમ લીગની ચાલુ પ્રત્યાઘાતી નીતિ અને જ્યાં ત્યાં આડખીલો જ ઉભી કરવાની પદ્ધતિ હિંદી રાજતંત્રને સુખરૂપ ચાલવા દે એવો કોઇ સંભવ દેખાતો નહોતો; આજના નવા નિર્માણમાં બ્રીટી શહિંદનો ઘણો મોટો ભાગ એક હિંદી યુનીયનના તંત્ર નીચે મુકાય છે. મધ્યવર્તિ તંત્ર હવે શિથિલ અને અલ્પ સત્તાવાળું નહિ રહે, પ્રાન્તો ફાવે તેમ વર્તી શકે એ અરાજકતા દૂર થશે, કોઇ પણ ક્રાન્તિકારી યોજના કે રચના હાથ ધરતાં મોસ્લેમ લીગની આડે આવતી ચાલુ આડખીલી દૂર થશે, પરદેશી રાજ્યનીતિ પણ દ્વિધા અને ઢંગી મટીને એકરૂપ અને આપણા આદર્શને અનુરૂપ કેળવી શકાશે, શિક્ષણ અને કેળવણીના પ્રદેશમાં પણ કોમી ખ્યાલોથી મુકત રહીને રાષ્ટ્રજીવનનો જે રીતે વિકાસ થાય અને ઉન્નતિ સધાય એ રીતેના રાષ્ટ્રવ્યાપી પ્રયોગોને આપણે અમલમાં મુકી શકીશું, કોમી મતાધિકાર દૂર કરીને સંયુક્ત મતાધિકારની સ્થાપના કરી શકીશું, મુસલમાનોને ધારા સભા, મ્યુનીસીપાલીટી, લોકલ બોર્ડ વગેરેમાં મળતું અણઘટતું પ્રતિનિધિત્વ-પ્રમાણ દૂર કરી શકાશે, અને સર્વાંગીણ પ્રગતિ સરળતાથી સુસાધ્ય બનશે.

અને દેશી રાજ્યોના લગભગ ૯૦ થી ૯૫ ટકા ભાગને હીંદી યુનીયનમાં જોડાવું જ પડશે. અમુક મોટા રાજ્યો બે ઘડી નાચવું હોય તેટલું નાચી લે, હૈદ્રાબાદ સાથે સંભવ છે કે ત્યાંની પ્રજાને અને કદાચ હિંદી યુનીયનને થોડો વખત ટકકર ઝીલવી પડે, પણ આખરે તેના માટે પણ બીજો માર્ગ રહેવાનો નથી.

સ્વાતંત્ર્ય દિન

૧૫મી ઓગસ્ટે હિંદ વિદેશીઓની પરાધીનતામાંથી મુક્તિ મેળવશે. 'વિદેશીઓની પરાધીનતા' શબ્દ હેતુપૂર્વક વાપર્યો છે કારણ કે સર્વપ્રકારની પરાધીનતામાંથી મુક્તિ મળે છે તેમ કહી શકાય તેવું નથી. અત્યારે પ્રાપ્ત થતી સ્વતંત્રતા, રાજકીય સ્વતંત્રતા છે. સર્વદેશીય સ્વતંત્રતા માટે આ પ્રથમ પગલું છે. પરદેશીઓનું શોષણ દૂર ન થાય ત્યાં સુધી બીજા કોઇ વિકાસનો અવકાશ રહે નહિ. આપણે જે સ્વરાજ્ય કલ્પ્યું છે તે તો હજી ઘણું દૂર છે. તેવું સ્વરાજ મેળવવા કેટલોય ભોગ આપવો પડશે. છતાં અત્યારે જે પ્રાપ્ત થાય છે તે ખરેખર, મહાન, ઐતિહાસિક અને અપૂર્વ છે. હિન્દુસ્તાનની પ્રજા માટે જ નહિ પણ જગતભરને માટે. ૪૦ કરોડની પ્રજાની મુક્તિ જે હવા ફેલાવે, જે આંદોલનો પેદા કરે તેમાં બીજા બધાય પરાધીન દેશોની સ્વાધીનતાનાં બીજ રોપાય છે. બ્રીટીશ પ્રજા માટે પણ આ બનાવ ગૌરવ લેવા જેવો છે. સ્વેચ્છાએ સામ્રાજ્ય જતું કરવાનો જગતના ઇતિહાસમાં આ પહેલો જ દાખલો છે. સામ્રાજ્યો તેમના સડાથી જ નષ્ટ થયા છે પણ સ્વેચ્છાએ એક પ્રજા કે રાજ્ય બીજી પ્રજા કે રાજ્ય ઉપરનું આધિપત્ય જતું કરે એવો આ પહેલો જ બનાવ છે. એ સાચું છે કે કાળબળ અને આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિએ આમાં મદદ કરી છે, છતાં કાળબળને પારખવું અને તે પ્રમાણે વર્તવું સહેલું નથી. જે વર્ગ નાશ થવાને સર્જાયો હોય તે કાળબળને ઓળખી શકતો નથી, તેનો દાખલો આપણા રાજાઓ. બ્રીટીશ પ્રજા આવું મહાન પરિવર્તન લોહી રેડયા વિના કરે છે તે બતાવે છે કે તેનો આત્મા હજી જાગૃત છે. હિંસાથી ઘેરાયેલા વાતાવરણમાં આજે આપણને ન સમજાય તો પણ એ નિર્વિવાદ હકીકત છે કે અહિંસક સાધનોને લક્ષને જ હિંદને આ વિજય ટુંકસમયમાં અને ઓછામાં ઓછે ભોગે મળ્યો છે. અહિંસાની મિમાંસા કરવાનું આ સ્થાન નથી પણ ભવિષ્યનો ઇતિહાસકાર તેનું સાચું મૂલ્ય અને સ્થાન નકી કરશે.

આવો મહાન અને અપૂર્વ પ્રસંગ છતાં પ્રજાહૃદયમાં ઉત્સાહ કેમ નથી? આઝાદીની મસ્તી કેમ નથી? તેનાં કારણો સમજી શકાય તેવાં છે. એક તો આ બનાવનું મહત્વ હજી

અને પાકીસ્તાન સાથે આપણે હંમેશાં અથડાયા જ કરીશું એમ માની લેવાને કશું જ કારણ નથી. આપણને તેની સાથે મીઠો સંબંધ રાખવાને જેટલાં કારણો છે તે કરતાં તેણે હિંદી યુનીયન સાથે સલુકાઇ જાળવવાનાં વધારે બળવાન કારણો છે. આજની તંગદીલી જરા ઢીલી પડે, વાસ્તવિકતા તરફ બધાંની નજર જરા વધારે કેન્દ્રિત થાય, પછી પરસ્પરના સ્વાર્થો જ પ્રત્યેકને એવી સદ્બુદ્ધિ અને સુઝ આપશે કે જેમાંથી બન્ને યુનીયનને સંલગ્ન કરે એવું અને એ રીતે હિંદી એકતાને મહદ્ અંશે પુનર્જીવિત કરે એવું પરસ્પર સહકારી યુનીયન ઉભું થયા વિના નહિ રહે.

આ રીતે ઘોર તિમિરમાંથી, લોખંડી જંજિરોમાંથી, સર્વવ્યાપી પ્રજાશોષણમાંથી આપણો ઉધ્ધાર કરતું, વિકાસ અને ઉન્નતિનાં નવાં દ્વારો ખોલતું, 'સત્ય, શિવ અને સુન્દર'ના નિત્ય-નવીન અને સદા ચેતનવન્તા પ્રદેશમાં પ્રવેશ કરાવતું આજનું આઝાદીપર્વ આપણે પુરા આનંદ અને ઉલ્લાસથી ઉજવીએ અને જેણે જેણે પોતાના બલિદાન અને ભોગ વડે, શક્તિ અને સામર્થ્ય વડે આ ઉજળો દિવસ આપણી સમક્ષ આટલો સમીપ લાવવામાં ફાળો આપ્યો છે તે સર્વ પ્રત્યે આપણા દિલની કૃતજ્ઞતા દાખવીએ અને જેમની દોરવણી વિના આજે આપણે કેટલાયે હત્યાકાંડો નિર્માણ કરી બેઠા હોત અને એમ છતાં પણ રાષ્ટ્રની આઝાદી હજુ દૂરની દૂર રહી હોત તેવા રાષ્ટ્રવિધાતા જગદ્વન્દ્ય મહાત્મા ગાંધીજી પ્રત્યે આજના મંગળપ્રભાતે આપણા અન્તરનો આદર અને ઋણસ્વીકાર નમ્રતાપૂર્વક પ્રગટ કરીએ. **પરમાનંદ.**

પ્રજા સમજી નથી કારણ કે તેનાં પરિણામો સમજવા જેટલી કલ્પના નથી. પરિણામો ભાવિના ગર્ભમાં છે અને તાત્કાલિક કોઇ ધ્યાન ખેંચે તેવો ફેરફાર પ્રજા જીવનમાં જણાતો નથી એટલે રોજીંદા જીવનમાંથી ઉંચે આવી ભવિષ્ય નિહાળવાની ઉત્કંઠા નથી. હિંસક લડાઇ પછી વિજય મળે તેમાં ઉન્માદ આવે એવો કોઇ આ પ્રસંગ નથી. રાત્રિમાંથી દિવસ થાય અને ઉષા તે પરિવર્તનને સરળ બનાવે તેવી સરળતાથી આ પરિવર્તન થાય છે, એટલે આઝાદીની ઉષા સ્ફુરે છે અને સ્વતંત્રતાનો સૂર્ય હવે તપશે તેની કલ્પના નથી. તાજેતરમાં બની ગએલ બનાવોએ આપણને ઘેરી લીધા છે. બંગાલ અને પંજાબના ઘોર કૃત્યોએ મનનો આનંદ હણી નાંખ્યો છે. સૌથી વિશેષ દેશનાં ભાગલા પાડયા તેના આઘાતે આપણને મૂઢ બનાવ્યા છે. આ આઘાત જેવો તેવો નથી. લોર્ડ માઉન્ટબેટનની નિમણુંક થઇ ત્યાં સુધી દેશના ભાગલા થાય એ સર્વથા અશક્ય મનાતું હતું. ભાગલા થવાના હોય એવી દરેક યોજનાને આપણે સર્વથા અસ્વીકાર્ય ગણી હતી. અચાનક આ વસ્તુ ઉભી રહી. તે સ્વીકારવા પ્રજાની તૈયારી બીલકુલ ન હતી. વિજળીવેગે બનાવો બની ગયા. અને પ્રજા વિચાર કરી નિર્ણય કરી શકે તે પહેલાં તો બધું નક્કી થઇ ગયું અને અમલમાં મૂકાતું ગયું. પ્રજાના મનમાં ભારે રોષ પેદા થયો અને એમ થયું કે કોંગ્રેસ હારી અને લીગ જીતી. આ ડંખ મનમાંથી જતો જ નથી. આનો એક જ જવાબ છે. આ વસ્તુ અનિવાર્ય હતી. ભાગલા સ્વીકાર્યા ન હોત તો આથી વધારે ભયંકર સ્થિતિ ઉત્પન્ન થાત, દેશ છિન્નભિન્ન થઇ જાત, આંતરવિગ્રહ જગત અને અકલ્પ્ય ખુવારી થાત. કોઇ એમ કહે કે આવી સ્થિતિ ઉત્પન્ન થવા જ શા માટે દીધી? આ હવે ચર્ચાનો વિષય નથી. પ્રજાના માનીતા, કસાયેલા, કુશળ નેતાઓને, આ વસ્તુ સ્વીકારવી પડી છે. તેમાંના કેટલાક એમ માને છે કે હિંદને કોઇ વખત પણ ભવિષ્યમાં એક થવાનો કોઇ માર્ગ હોય તો આ એક હતો. મુસલમાનો આથી જીતી ગયા છે એમ માનવું ભૂલભરેલું છે. રાજકીય ઝનૂન પીછેહઠ કરવા ન દે પણ અનુભવ બતાવશે કે તેમને આથી કોઇ લાભ થયો નથી.

પણ અત્યારે તો પ્રજામાં કોંગ્રેસ અને તેના નેતાઓની બીનજવાબદાર ટીકા કરવાની એક હરીફાઇ ચાલી છે. તેને માટે જોઇએ તેટલા દેખીતા કારણો મળી રહે છે. આર્થિક મુંગળામણ, અન્નવસ્ત્ર અને જીવનની જરૂરિયાતોનો અભાવ, વધતી જતી મોંઘવારી, વિગેરે કારણોએ પ્રજામાં અસંતોષની આંધી જગાવી છે.

પણ આ બધા સંજોગોમાં આ બનાવથી મહત્તા અને ગૌરવ આપણે ન ભૂલીએ. આપણું ભાવિ નક્કી કરવાની અને ઘડવાની આપણને તક મળે છે. આપણી જેટલી તાકાત હશે તેના પ્રમાણમાં આ તકનો આપણે લાભ લઇ શકીશું અને નહિ હોય તો તે તાકાત બીલવવી પડશે. હજારો ભૂલો થશે, પણ આપણાં ભાગ્યના વિધાતા આપણે થઇએ છીએ એ જ એનું ગૌરવ છે. સ્વાધીન હિન્દ જગતની પ્રજાઓમાં પોતાનું યોગ્ય સ્થાન પ્રાપ્ત કરે છે અને સમસ્ત એશિયાનું નેતૃત્વ લઇ પરાધીન પ્રજાઓની મુક્તિનું દ્વાર ખોલે છે. હજી કંઇક લડતો લડવી બાકી છે. પ્રજાવિરોધી, સમાજવિરોધી તત્ત્વો સામે સતત, અવિરત લડવું પડશે અને જે સ્વરાજ્યની આપણે કલ્પના કરી છે તેને સર્જવા તૈયાર થવું પડશે. તે માટે માર્ગ ખુલ્લો થાય છે. આજ એ મંગળ દિન છે. **ચીમનલાલ**

સ્વાતંત્ર્ય દિન–સ્નેહસંમેલન

તા. ૧૫–૮–૪૭ સવારના ૮॥ વાગે શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી મુંબઇ ધારાસભાના પ્રમુખ શ્રી. શીરાદિયાજીના પ્રમુખ સ્થાને શ્રી મહાવીર જૈન વિદ્યાલયની વ્યાખ્યાન શાળામાં સંઘના સભ્યોનું એક સ્નેહ–સંમેલન યોજવામાં આવ્યું છે.

કેટલા સમાચાર અને નોંધ

દેવદ્રવ્યનો સાર્વજનિક ઉપયોગ : હજુ પણ આપણે નહિ સમજીએ?

કેશરીઆજીનો ભંડાર અને માલ મીલકત તથા આવક–સર્વ કાંઇ દેવસ્થાનનિધિને સુપ્રત કર્યાની ઉદેપુર રાજ્યની જાહેરાત વિષે વિચાર કરવા માટે થોડા સમય પહેલાં શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિની સભા મળેલી, જ્યારે એ જાહેરાતનું અનુમોદન કરતાં એક સાથી મિત્રે જણાવેલું કે, 'અલબત્ત ઉદેપુરના મહારાણા એક જૈન તીર્થનો પોતાના કબ્જામાં રહેલો આવો વિપુલ ભંડાર જૈન સમાજને પુછયા ગાછયા વિના પ્રતાપ વિશ્વવિદ્યાલયને મદદ કરવા માટે દેવસ્થાનનિધિને સોંપી દે એ વ્યાજબી નથી. એમ છતાં પણ ઉદેપુર મહારાણાએ એક ઉદાત્ત હેતુ માટે 'આ ભંડાર સુપ્રત કરેલ છે એ ધ્યાનમાં લઇને મહારાણાના આ કાર્યનો આપણો વિરોધ કરવો ન જોઇએ. કારણ કે ધારો કે આ ભંડાર દેવસ્થાનનિધિ પાસેથી પાછો લઇ લેવામાં આવે એટલું જ નહિ પણ જૈન સમાજને સુપ્રત કરવામાં આવે તો દેવદ્રવ્ય તરીકે લેખાતા આ દ્રવ્યમાંથી પ્રસ્તુત મંદિરના ઉપયોગ માટે કરવા જોઇતા જરૂરી ખર્ચ સિવાય આ દ્રવ્ય વિષે સંગ્રહ અને વૃદ્ધિ સિવાય જૈન સમાજ આગળ બીજી કોઇ કલ્પના કે યોજના છે જ નહિ. અને તેથી જે દ્રવ્યનો આ રીતે સાર્વજનિક સદુપયોગ થવા સંભવ છે તે દ્રવ્ય પડયું પડયું સડવાનું જ છે. આ આપણી પરિસ્થિતિ ધ્યાનમાં લેતાં ઉદેપુર મહારાણાએ જે કાંઇ કર્યું છે તે વ્યાજબી જ કર્યું છે અને તેથી તે સામે વિરોધ કરવો ઉચિત નથી.'' આ કથનમાં બહુ મોટા તથ્યાંશ રહેલો છે, અને તે બાબતનો આપણુ સર્વેએ બહુ ઉંડો વિચાર કરવો ઘટે છે. ઉપરના કથનનો સાર તો એ થાય છે કે એક જરાજર્જરિત, સ્થિતિચુસ્ત અને લગભગ બીછાનાવશ જીવન જીવતો મહારાણા પોતાની હસ્તક રહેલા અનેક મંદિરોના ભંડારોનો (માત્ર જૈનોના જ નહિ) આવો સાર્વજનિક સદુપયોગ કરવાની તત્પરતા દાખવી શકે છે, પણ એટલી તત્પરતા અને વિશાળતા જીવતા જાગતા જૈન સમાજમાં આજે જોવામાં આવતી નથી. આ શું સત્ય છે! લાભાલાભનો વિચાર કરવામાં અપાર કુશળતા ધરાવતો આવો પ્રગતિશીલ સમુદાય આટલો બધો બુદ્ધિશૂન્ય સંભવે ખરો? સંભવે તો નહિ, એમ છતાં જૈન સમાજના મોટાભાગની મનોદશા આજે તો આવા જ પ્રકારની છે, એ વિષે બે મત નથી. આ બાબત કેવળ કેશરીઆજીના ભંડારને જ લાગુ પડે છે એમ નથી, પણ દિગંબર શ્વેતાંબર બન્ને સમુદાયના સર્વ મંદિરોને એજ પ્રમાણે લાગુ પડે છે. દેવદ્રવ્યનો સંગ્રહ અને વૃધ્ધિ એ બે હેતુપૂર્વક જ દરેક મંદિરના ટ્રસ્ટીઓ પોતપોતાનો વહીવટ ચલાવે છે. આ પરંપરા એટલી બધી દૃઢ છે કે મુંબઇના એક મુખ્ય જૈન મંદિરની આવકમાંથી મુંબઇના બીચ લત્તામાં એક વસવાટનું મકાન બાંધવામાં આવેલું. આ મકાનમાં જૈન કુટુંબોને સસ્તા ભાડે વસાવવા એવી અમુક ટ્રસ્ટીઓએ દરખાસ્ત કરેલી, બીજા ટ્રસ્ટીઓએ આ મકાનનું પુરેપુરું ભાડું ઉપજાવવું જોઇએ એવો વિચાર આગળ ધરેલો અને જૈન ગૃહસ્થ માટે પરિગ્રહ પરિમાણ, સમાજની જરૂરિયાત, નબળા ધર્મબંધુઓને રાહત–આવા બધા ખ્યાલો હોઇ શકે પણ જિન મંદિરને કોઇ પરિગ્રહ પરિણામ હોઇ શકે જ નહિ તેમ જ તેની મિલકતનો કોઇ કશો પણ સાર્વજનિક કે સામાજિક લાભ ઉઠાવી શકેજ નહિ એવી દૃઢ પરંપરા ધ્યાનમાં લઇને મુંબઇના એડવોકેટ જનરલે પ્રસ્તુત મકાનનું પુરેપુરું ભાડું જૈનકુટુંબો પાસેથી વસુલ કરવું એવો ચુકાદો આપેલો. આ પાછળ રહેલી વિચારજડિરતા અને શુષ્ક વૈશ્યદૃષ્ટિ ઉપર વધારે વિવરણ કરવાની જરૂર છે જ

નહિ. જેવી રીતે કેશરીઆજી તીર્થની બીજી કેટલીક બાબતોમાં તેવી જ રીતે દેવદ્રવ્યની આ વ્યાપક બાબતમાં જૈન સમાજ અખંડ વિચારશૂન્યતાનું જ પ્રદર્શન કરી રહેલ છે. શાસ્ત્રમાં લખ્યું છે, કંઈ કાળથી મનાતું આવ્યું છે કે દેવદ્રવ્યનો બીજો કશો જ સાર્વજનિક ઉપયોગ થઇ શકે જ નહિ! મંદિર મોટું કરો, મૂર્તિના શોભાશણગાર વસાવો અને વધારો, નવા નવા મંદિરો બંધાવો, બહુ બહુ તો જુનાં મંદિરોના જીર્ણોદ્ધાર કરાવો! અને આજે મંદિરોની ચાલતી મોટી મોટી પેઢીઓના વહીવટદારો નવાં મંદિરો બંધાવવાની કે જુનાં મંદિરોના જીર્ણોદ્ધાર કરવાની ટીપોમાં, જેવી રીતે ધનવાનો પોતાની ધનાઢ્યતાને લેશ માત્ર આંચ ન આવે એવી રીતે નાનાં મોટાં ફંડોમાં નાની મોટી રકમો ભરે છે તેવી રીતે, પોતપોતાના મંદિરના આર્થિક પ્રભુત્વને જરા પણ આંચ ન આવે એ રીતે નાની મોટી રકમો ભરી આપે છે. પણ મંદિરના ટ્રસ્ટીઓની સામાન્ય નીતિ મંદિરોની ધનવિપુલતાને બને તેટલી સુરક્ષિત રાખવાની જ હોય છે. આ નીતિ પાછળ કેવળ પરિગ્રહ વૃત્તિ જ કામ કરી રહી છે. તે પાછળ નથી કશું દુરદેશીપણું કે બદલાતા જતા કાળબળની કશી પરખ. ઉદેપુરના મહારાણા પરાણે ધર્મ કરાવશે તો આપણે કરીશું, આગામી ધારાસભાઓ કાયદાઓ કરીને મઠ અને મંદિરના ભંડારો સાર્વજનિક ઉપયોગ માટે ઝુંટવી લેશે તો આપણે મુંગે મોઢે સ્વીકારી લેશું. પણ આજે દેવદ્રવ્યના નામે આપણી પાસે આટલી મુંડી છે, આટલી ચાલુ આવક છે, જૈન કોમની આટલી તાત્કાલિક જરૂરિયાતો છે, સાર્વજનિક કાર્યમાં આટલો ફાળો તો આપણે આપવો જ જોઇએ, અસહાયતા, બીમારી, નિરક્ષરતા, આ બધાના નિવારણ પાછળ આટલું તો આપણે જરૂર કરી છુટીએ, દુષ્કાળ, અતિવૃષ્ટિ, કુદરતી કોપ, કોમી આફત–આ બધામાં પણ આપણે થોડી ઘણી રાહત આપવી જ જોઇએ–આવી કોઇ વિચારણા આપણે કરતા જ નથી. કોઇ અવર્ણનીય વિચારબધીરતા આપણા વર્તમાન જીવનને સર્વ બાજુએથી ઘેરી રહી છે. એમાંથી છુટવું અને જૈન સમાજને છોડાવવો એ જ આજના જૈન યુવકોનું પ્રમુખ કર્તવ્ય છે.

આજે જ્યારે મંદિરો અને મંદિરોની મીલકતો ચોતરફથી જોખમમાં આવી પડતાં લાગે છે, આ હેતુશૂન્ય પડેલાં દ્રવ્યભંડારો રખેને નવનિર્માણ પામતી રાજ્યરચના પોતાના ઉપયોગ માટે ઝડપી તો નહિ લે એવી દહેશત જૈન સમાજના આગેવાનોને જ્યારે ઘેરી રહી છે ત્યારે એ દ્રવ્યમાંથી જૈન મંદિરો આસપાસ, તેમને વધારે ને વધારે સુરક્ષિત બનાવવા ખાતર, મોટી મોટી દીવાલો બંધાવો, જુનાં મંદિરો સમરાવો, નવાં મંદિરો બંધાવો–આવી બુમો છાપા દ્વારા ઉઠતી સંભળાય છે પણ જેના માટે જૈન મંદિરો છે એ કેવળ મધ્યમ વર્ગની લેખાતી અને એકાએક ભાંગતી જતી જૈન સમાજને એ દ્રવ્ય બહે ટેકો આપવાનું, ચોતરફ અત્યાચાર, ઉપદ્રવ, દુર્ભિક્ષ અને લુંટફાટને લીધે ગુંગળાતી જતી વિશાળ જનતાને શકય હોય તેટલી રાહત પહોંચાડવાનું કોઇને સ્વીકાર્ય નથી. દેવદ્રવ્ય એ સામાજિક દ્રવ્ય છે. એ દ્રવ્યનો સામાજિક ઉપયોગ થઇ શકે જ નહિ આમ કહેવું એ નરી બુદ્ધિશૂન્યતા નહિ તો બીજું શું છે? સ્થળ સ્થળના સંઘોએ એકત્ર મળીને આ બાબતનો પુરી ગંભીરતાથી વિચાર કરવો ઘટે છે; એ સંઘના યુવાનોએ આ બાબતમાં ઘર કરી રહેલા રૂઢિગ્રસ્ત માનસમાં સત્વર પલટો લાવવા માટે જોસભેર હીલચાલ શરૂ કરવી ઘટે છે. આજે દેવદ્રવ્ય તમારું છે. તે અનેક સત્કાર્યોમાં તમે ઇચ્છા મુજબ ખરચી શકો છો અને અનેકવિધ કલ્યાણ સાધી શકો છો. કાળબળ પરખો અને શાસ્ત્રના ઉલ્લેખો અને રૂઢિના બંધનોની ગુલામી છોડો! આવતી કાલની આંધીમાં એ બધું દેવદ્રવ્ય ધસડાઇ જવાનું છે. દેશની જરૂરિયાતો એટલી બધી વધતી જવાની છે કે કોઇ પણ સ્થળમાં કે સ્થાનકમાં એકઠા થએલા દ્રવ્ય ભંડારો આજની સ્થગિત દશામાં રહી શકે એ સંભવિત છે જ નહિ. એ દશામાં આખરે કેવળ કપાળ જ કુટવાનું રહેવાનું છે. તો પછી દેવદ્રવ્યના પ્રવાહને જનસેવાના, અજ્ઞાનનિવારણના દારિદ્રયદૂરીકરણના કાર્યમાં વહેતું કરીને એ ઉપરનું આજનું આપણું સ્વામિત્વ શા માટે સાર્થક ન કરીએ અને એ રીતે સાચી અનુકંપામાં જ જૈન ધર્મ રહેલો છે એવી દુનિયાને પ્રતીતિ કાં ન કરાવીએ?

બીનજવાબદાર આગેવાની

રાધનપુરના મૂળ વતની અને મુંબઇમાં વર્ષોથી વસતા શ્રી જીવતલાલ પરતાપસી, કાન્તિલાલ ઇશ્વરલાલ, કકલભાઇ ભુદરદાસ વકીલ, ધીરજલાલ ગીરધરલાલ, માણેકલાલ નાથાલાલ વખારીઆ, તથા ચંપકલાલ જમનાદાસ–આ પાંચ ગૃહસ્થોની સંયુક્ત સહીથી તા. ૩૧–૭–૪૮ના નૂતન ગુજરાતમાં નીચે મુજબનું એક નિવેદન બહાર પાડવામાં આવ્યું હતું:–

"રાધનપુર રાજ્ય કયા ડોમીનિયનમાં જોડાશે, તે બાબતમાં છાપામાં હમણાં હમણાં ઘણી ખબરો પ્રગટ થઇ છે અને ૧૫મી ઓગસ્ટ પહેલાં રાજ્યે કોઇ પણ નિર્ણય ઉપર આવી જવું જોઇએ તેવી પ્રજાની માન્યતા હોઇ કુદરતી રીતે રાજ્યના નિર્ણય માટે પ્રજા ઉત્કંઠા સેવી રહી છે. આ બાબતમાં રાધનપુરના ના. નવાબસાહેબને રૂબરૂમાં મળી ખરી હકીકત મેળવી પ્રજાને જાણ કરવાની અમોને જરૂર લાગી. અમારા ના. નવાબસાહેબ વાઇસેરોયે તા. ૨૫–૭–૪૭ ના રોજ બોલાવેલ પરિષદમાં પધારવાના હોઇ અમોએ તે તકનો લાભ લીધો. અને અમો નીચે સહી કરનારાઓ તા. ૨૪–૭–૪૭ ના રોજ દીલ્હી મુકામે તેઓશ્રીને રૂબરૂમાં મળ્યા. સહેજ પણ સંકોચ વિના અમોએ લગભગ એક કલાક સુધી તેમની સાથે ખુલ્લા દીલથી વાતો કરી અને તે વાતચીતનો સારાંશ (લગભગ તેમના પોતાના શબ્દોમાં) નીચે મુજબ છે:–

"હિંદુસ્તાન અથવા પાકીસ્તાન એ બે ડોમીનિયનોમાંથી કોઇ પણ સાથે જોડાવાના નિર્ણય ઉપર હજુ સુધી હું આવેલ નથી. ડોમીનિયનમાં નહી જોડાયેલાં સ્ટેટો માટે બે વરસ સુધી એગ્રીમેન્ટ કરવાની ગોઠવણ છે અને તેથી ઉતાવળથી કોઇ પણ એકમાં જોડાઇ જવાની મને જરૂર જણાતી નથી. હું સૌથી પહેલો રાધનપુરી છું અને રાધનપુરી જ રહીશ. રાધનપુર રાજ્યનું હિત દરેક રીતે વધુ સચવાય તે દૃષ્ટિબિંદુ ધ્યાનમાં રાખીને જ હું યોગ્ય પગલું ભરીશ. કોઇ પણ જાતનું ઉતાવળીયું કે આંધળું પગલું નહી ભરું, તેની તમો જરૂર ખાત્રી રાખજો. કોન્સ્ટીટયુઅન્ટ એસેમ્બલીને બંધારણ તૈયાર કરતાં ઘણો વખત લાગશે. અને ત્યાં સુધીને માટે યુનીયન ઓફ ઇન્ડીઆનું સ્ટેટ ડીપાર્ટમેન્ટ, તટસ્થ રહેલા રાજ્યો સાથે સંબંધ રાખશે એટલે આપણને વિચાર કરી નિર્ણય કરવા માટે પુરતી તક મળે તેમ છે તે શા માટે જતી કરવી? છેવટે તો ઇશ્વરઇચ્છા પ્રમાણે બનવાનું છે. માટે હાલમાં કોઇ પણ ઉતાવળ કરવાની જરૂર નથી.

"પત્રોમાં જુદી જુદી અફવાઓ રાધનપુર સંબંધમાં આવે છે, પણ તેવી અફવાઓ ઉપરથી પ્રજાએ કોઇ પણ જાતની સાચી ખોટી કલ્પનાઓ કરીને ગભરાટમાં પડવાની જરૂર નથી. હું તમારી મારફતે મારી પ્રજાને ખાત્રી આપું છું કે, મારા રાજ્યમાં સુલેહશાંતિ જાળવવા માટે હું યોગ્ય કરીશ. રાજ્ય અને પ્રજા વચ્ચે જેવો સુમેળ છે તે તેવોજ ટકી રહે એવી મારી ભાવના અને ઇચ્છા છે. વધુમાં તમોને બોલાવીને યોગ્ય ચર્ચા કર્યા બાદ જ છેવટનો નિર્ણય કરીશ."

"આ ઉપરથી રાધનપુરની પ્રજા સમજી શકશે કે, રાધનપુરના નામદાર નવાબ સાહેબ હજુ સુધી કોઇ પણ ડોમીનીયનમાં ભળ્યા નથી, અને છેવટનો નિર્ણય કરતાં પહેલાં આપણને અપણું દૃષ્ટિબિંદુ રજુ કરવાની તક મળશે જ."

આ નિવેદન વાંચતાં કોઇને પણ એમ લાગે કે રાધનપુર રાજ્યની પ્રજા જેનો ઘણો મોટો ભાગ હિંદુ છે અને જે રાજ્યની આસપાસ ગાયકવાડ રાજ્યની ચોતરફ હકુમત પ્રવર્તે છે તે રાજ્યે હિંદી યુનીયનમાં જ જોડાવું જોઇએ એ બાબત રાધનપુરના નવાબ સાહેબના દિલમાં ઠસાવવા માટે ઉપરની જણાવેલ પાંચ ગૃહસ્થો રાંધનપુરની પ્રજાના જાણે કે એક પ્રતિનિધિ મંડળ તરીકે દીલ્હી ગયા હતા. અને રાંધનપુરની પ્રજાનું સમગ્ર હિત જેના હૈડે હોય એવા આગેવાનોનું ખરેખર આ કર્તવ્ય હતું એ વિષે બે મત હોવા સંભવ છે જ નહિ. પણ જો તેઓ આ આશયથી અને આવી ફરજના ખ્યાલથી રાધનપુરના નવાબ સાહેબને મળવા ગયા હોય તો તે મુલાકાતના પરિણામે તેમના તરફથી બહાર પાડવામાં આવેલું ઉપરનું નિવેદન ભારે શરમાવનારૂં અને દિલગીરી ઉપજાવે તેવું છે એમ કહ્યા સિવાય ચાલે તેમ નથી.

જૈનોના પૂર્વજો એક કાળે દેશના રાજકારણમાં ભારે મહત્વનો ભાગ ભજવતા હતા. ગુજરાતના ઇતિહાસમાં તેમના નામે પૂર્વકાળમાં અનેક યશસ્વી રાજકીય ઘટનાઓ નોંધાયલી છે. પણ કમનસીબે આ પરંપરા આજે નષ્ટ પામી છે અને આજનો જૈન સમુદાય અને ખાસ કરીને આજના જૈન શ્રીમાનો પોતાની શક્તિ અને વૃત્તિની મર્યાદા સમજીને પોતપોતાના વ્યાપારમાં જ મશગુલ રહે છે અને બહુ બહુ તો રાજકારણી ફંડફાળામાં નાની મોટી રકમો આપે છે. આની પોતાની મર્યાદા ભુલી જઇને જે બાબતની પોતાનામાં આવડત ન હોય એવા કાર્યમાં કોઇ પડે અને ખાસ કરીને આજના ગંભીર રાજકારણમાં માથું મારવા જાય તો તે કેવો કઢંગો દેખાવ કરી બેસે એ બાબતમાં આ નિવેદન બહુ સૂચક દૃષ્ટાન્ત પુરું પાડે છે. આ નિવેદનકારો વણપૂછ્યા વણબોલાવ્યા નવાબ સાહેબના ગેઝેટ બન્યા છે. નવાબસાહેબને શું કહેવું છે એ શું નવાબસાહેબ પોતે જણાવી શકતા નહોતા? વળી નવાબસાહેબ પોતાને કયા યુનીયનમાં જોડાવું તેનો બે વર્ષ સુધી નિર્ણય કરવા માંગતા નથી. આ વળણ આખા રાજ્ય તથા પ્રજા માટે કેવી કઢંગી પરિસ્થિતિ ઉભી કરે છે. આ સંયોગમાં પ્રજાએ શું કરવું, અને રાજ્યમાં વધતી જતી ગુંડાગીરીનો પ્રજાએ શી રીતે સામનો કરવો, નવાબસાહેબ જેમ બને તેમ જલ્દિથી હિંદી યુનીયનમાં જોડાઇ જાય તે માટે નવાબસાહેબ ઉપર જરૂરી દબાણ લાવવાને પ્રજાએ હવે શા શા ઉપાયો હાથ ધરવા–આ બાબતો વિષે આ નિવેદનકારોને કશું કહેવાનું નથી. નવાબસાહેબ, કયા યુનીયનમાં જોડાવું તેનો નિર્ણય કરશે ત્યારે પહેલાં આપણને જરૂર પૂછશે–આટલી ખાત્રી નવાબ સાહેબે આપી છે તે પુરતી છે અને આથી વધારેની અપેક્ષા રાખવાનો આપણને અધિકાર નથી એવો ભાવ આ નિવેદનકારો પ્રગટ કરે છે. "રાધનપુરના નામદાર નવાબસાહેબ હજુ સુધી કોઇ યુનીયનમાં ભળ્યા નથી અને છેવટનો નિર્ણય કરતાં પહેલાં આપણને આપણું દૃષ્ટિબિન્દુ રજુ કરવાની તક મળશે જ." આમ જણાવીને જાણે કે મોટા ઘડવૈયા ગઢ જીતી આવ્યા હોય એવા ભવ્ય આત્મસંતોષપૂર્વક તેઓ પોતાનું નિવેદન પુરું કરે છે. નવાબસાહેબને કોઇ પણ ઠેકાણે જરા પણ દુઃખ ન લાગે એવી સંભાળ અને ચીવટપૂર્વક આ આખું નિવેદન ઘડવામાં આવ્યું છે.

એક વખત જંગલમાં ભટકતા શિયાળને સિંહનું ચામડું મળી ગયું. એ ચામડાને શરીર ઉપર ધારણ કરીને વનના પશુ પ્રાણીઓને તેણે ડરાવવાનું શરૂ કર્યું. આ વળી કોઇ નવી જાતનો સિંહ આવ્યો છે એમ સમજીને સૌ કોઇ તેનાથી બીવા લાગ્યા. એક દિવસ તે કોઇ હાથીની હડફેટમાં આવ્યું અને હાથીને જોયો કે તે ભાગ્યું. કોઇએ પૂછ્યું કે "આ સિંહ આમ કેમ ભાગે છે?" નીતિશાસ્ત્રકાર જવાબ આપે છે કે તે ભલે સિંહનો વેશ કાઢે, પણ તે એ જાતિમાં જન્મેલ છે કે જેમાં હાથીની સામે થવાનું સામર્થ્ય કોઇ કાળે સંભવે નહિ.—**गजस्तत्र न हन्यते।**

મુંબઇમાં વ્યાપાર ધંધો કરવો, પોતાના વતનની સામાન્ય પ્રજાના સુખદુઃખ સામું કદિ જોવું નહિ, જોખમને વખતે વતનમાં જોખમ જેવું જે કાંઇ હોય તે મુંબઇ લઇ આવવું અને દીલ્હીમાં પ્રજાની વતી નવાબસાહેબ પાસે પ્રતિનિધિ મંડળ લઇ જવું–આ બે વાતનો કોઇ દિવસ મેળ મળે જ નહિ. આવા લોકોએ કોઇ આવી આડી તેડી બાબતમાં પડવું જ ન જોઇએ અને જો એવી હીંમત જ્યારે ખરેખરી દાઝ હોય તો માત્ર દીલ્હી ઉડી આવી પોતાને લેશ માત્ર આંચ ન આવે એવું ભીરૂતાભર્યું નિવેદન બહાર પાડવા માત્રથી ન ચાલે. અવા કટોકટીના સમયે આવા ગૃહસ્થોએ રાધનપુરમાં જઇને થાણું નાંખવું જોઇએ, ખભે ખંભા મેળવીને પ્રજાની પડખે ઉભા રહેવું જોઇએ, નવાબ સાહેબ પાસે નિડરપણે પ્રજાની ઇચ્છા વ્યકત કરવી જોઇએ, ગભરાતી ભયગ્રસ્ત પ્રજાને બને તેટલી રાહત અને રક્ષણ આપવું જોઇએ. આ બેથી અવા જવાબદાર ગૃહસ્થો માટે ત્રીજો કોઈ માર્ગ હોઇ ન જ શકે. "પડો તો બરોબર પડો, ઉંડા ઉતરો, અને જાનમાલની પરવા છોડી દો. નહિ તો દૂર રહો. પ્રજા પોતાનું ફોડી લેશે. નવાબનાં કાંધીયા બનીને પ્રજાનો કોઇ કાળે દ્રોહ ન કરશો!" આટલો ઘડો આ ઘટના ઉપરથી તેઓ લે અને કાં તો પ્રજાના આગેવાન થવાનું છોડી દે અથવા તો જો આગેવાની કરવી હોય તો આવું ભીનજવાબદારીભર્યું અને રાજકારણી અનર્થની શકયતાવાળું કામ તેઓ કદિ પણ ન કરે એમ આપણે જરૂર ઇચ્છીએ.

હરિજન મંદિર પ્રવેશ અને જૈન શ્વે. મૂ. કોન્ફરન્સની સ્થાયી સમિતિ

તા. ૮–૮–૪૭ ના રોજ મળેલી જૈન શ્વે. મૂ. કોન્ફરન્સની સ્થાયી સમિતિ સમક્ષ હરિજન મંદિર પ્રવેશ ધારાનો પ્રશ્ન નિર્ણય માટે ઉપસ્થિત થયો હતો. સભામાં હાજર સભ્યોની સંખ્યા ૧૧ ની હતી. આ પ્રશ્ન સંબંધે અભિપ્રાય માંગતા લગભગ ૪૦૦ પત્રો લખવામાં આવ્યા હતા તેમાં આશરે ૭૫ જવાબો આવ્યા હતા જેમાંના લભભગ ૭૦ જવાબો એક યા બીજા કારણે હરિજન મંદિર પ્રવેશ ધારાનો વિરોધ કરનારા હતા. આ સભામાં કેટલુંક વિવેચન થયા બાદ ૮ પક્ષમાં ૩ વિરૂદ્ધ મતે પ્રસ્તુત ધારામાં હિંદુઓમાં જૈનોનો સમાવેશ કરવામાં આવ્યો છે તે સમાવેશ રદ કરવા મુંબઇ સરકારને વિનંતિ કરવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો અને આ બાબતમાં મુંબઇ સરકાર ઉપર મોકલવા માટે. વિગતવાર નિવેદન તૈયાર કરવાને નિષ્ણાતોની એક સમિતિ નીમવામાં આવી હતી. ઉપર જણાવેલ સ્થાયી સમિતિનો નિર્ણય એક સાથે બે હેતુ સિધ્ધ કરે છે. (૧) જૈનો હિંદુઓથી અલગ કોમ છે. (૨) આમ હોવાથી હિંદુઓને લાગુ પડતો મંદિર પ્રવેશ ધારો જૈનોને લાગુ પડી ન શકે. પ્રસ્તુત નિર્ણય આ ધારાનો સીધી રીતે વિરોધ કરતો નથી, પણ આડકતરી રીતે વિરોધ કરે છે. જૈન મંદિરમાં હરિજન પ્રવેશના પ્રશ્નની ચર્ચાઓ આપણે ગયા અંકમાં કરી છે. સાથે સાથે હિંદુઓમાં જૈન સમાજના સમાવેશ વિષે પણ તે લેખમાં કેટલીક ચર્ચા કરવામાં આવી છે. અહિં તો સ્થાયી સમિતિની ચર્ચા દરમિયાન આ પ્રશ્ન પરત્વે એક નવો મુદ્દો કોન્ફરન્સના મંત્રી શ્રી ચંદુલાલ વર્ધમાન શાહ તરફથી રજુ કરવામાં આવ્યો હતો કે 'હિંદુ સમાજ અને હિંદુ ધર્મ' તદ્દન ભિન્ન વસ્તુઓ છે અને જૈન સમાજ હિંદુ સમાજમાં અન્તર્ગત થાય છે. એ આપણે સર્વને કબુલ છે. પણ તેનો અર્થ એમ કરવાનો છે જ નહિ કે જૈન ધર્મનો હિંદુ ધર્મમાં સમાવેશ થાય છે. હિંદુ ધર્મ જેટલો જ જૈન ધર્મ એક અલગ અને સ્વતંત્ર ધર્મ છે. અને મંદિર પ્રવેશ એ ધર્મને લગતી બાબત હોઇને તેને લગતા ધારામાં હિંદુઓમાં જૈનોને અન્તર્ગત કરવામાં આવે તો

તેનો આપણે સખ્ત વિરોધ કરવો જ રહ્યો.'' આ મુદ્દો કેટલુંક સ્પષ્ટીકરણ અને વિવેચન માંગે છે.

જેવી રીતે હિંદુ સમાજમાં અનેક જાતિઓ અને વર્ગોનો સમાવેશ કરવામાં આવે છે તેવી જ રીતે હિંદુ ધર્મમાં અનેક સંપ્રદાયોનો સમાવેશ થાય છે. હિંદુ સમાજનો આપણે જ્યારે વિચાર કરીએ છીએ ત્યારે ચોકકસ પ્રકારની વર્ણવ્યવસ્થા, નાતજાત, અસ્પૃશ્યત્વ–આદિ સમાજરચનાના કેટલાક સર્વસામાન્ય ખ્યાલો આપણા ધ્યાન ઉપર આવે છે. જ્યારે તેવી જ રીતે હિંદુ ધર્મનો આપણે ખ્યાલ કરીએ છીએ ત્યારે દેહથી અતિરિક્ત એવું આત્માનું અસ્તિત્વ, આત્માનું ભવભ્રમણ, કર્મબંધન અને આત્યન્તિક મોક્ષ, અવા સર્વસામાન્ય ખ્યાલો હિંદુ ધર્મ નીચે આવતા અનેક સંપ્રદાયોને એકત્ર કરી રહેલ છે એ સહજ રીતે આપણા ધ્યાન ઉપર આવે છે. આ હિંદુ ધર્મનું પૃથકકરણ કરતાં તેનો બે રીતે આપણે વિચાર કરી શકીએ છીએ. એક તો બ્રહ્મણ પરંપરા અને શ્રમણ પરંપરા એવા બે વિભાગ કરીને, આ બન્ને પરંપરાના ગર્ભમાં રહેલાં મુખ્ય મુખ્ય મન્તવ્યોનો સાર એટલે હિંદુ ધર્મ. હિંદુ ધર્મના બીજી રીતે આપણે વૈદિક અને અવૈદિક અને અવૈદિક નીચે જૈન અને બૌધ્ધ એવા વિભાગો કરીને પણ હિંદુ ધર્મનું સમગ્રપણું આપણે યથાસ્વરૂપે ગ્રહણ કરી શકીએ છીએ.

ઘણી વખત આવી બાબતમાં ધર્મ શબ્દ માનસિક ગોટાળો ઉભો કરે છે અને મૂળ, શાખા અને પ્રશાખાઓને સમાન કક્ષાએ નિહાળવાની ભુલભુલામણીમાં આપણે ગુંચાઈ જઈએ છીએ. જેવી રીતે યુનાટેડ સ્ટેટ્સને આપણે આખા અમેરિકાના નામથી ઓળખીએ છીએ, આજે હિંદી યુનીયન હિંદુસ્થાનનો એક વિભાગ હોવા છતાં સમસ્ત હિંદના નામે ઓળખાઈ રહ્યું છે તેવી જ રીતે જૈન સંપ્રદાયને સ્વતંત્ર જૈન ધર્મના નામે આપણે ઓળખીએ છીએ, ઓળખાવીએ છીએ. મૂળને ધર્મના નામે અને તેની શાખાઓને ભિન્ન ભિન્ન સંપ્રદાયના નામે જો આપણે ઓળખવા લાગીએ તો આવો ગોટાળો ન થાય. પણ ચાલુ બોલીમાં આવી ચોખવટ જળવાતી જ નથી.

હવે જો હિંદુ સમાજમાં આપણો જૈન સમાજ અંતર્ગત થાય છે એ વાત આપણે ખરેખર કબુલ રાખતા હોઈએ તો હિંદુ ધર્મથી જૈનધર્મ જુદો અને સ્વતંત્ર છે એવું આપણું મન્તવ્ય ટકી શકશે નહિ. આ બાબતનો આપણે ફોડ પાડીને કહ્યા કરીશું એમ છતાં પણ કાં તો હિંદુ સમાજ અને હિંદુ ધર્મ એક જ છે અને જૈન સમાજ અને જૈન ધર્મ તેની શાખા છે એમ સ્વીકારવું પડશે અથવા તો હિંદુ સમાજ અને હિંદુ ધર્મથી જૈન સમાજ અને જૈન ઉભય ધર્મ અલગ છે સ્વીકારવું પડશે. આ બેથી કોઇ ત્રીજો વિકલ્પ કોઇ શમજશે નહિ, એમ સ્વીકારશે નહિ. આપણી લાભાલાભ બુધ્ધિ અને નરી વાસ્તવિકતાનો ખ્યાલ હિંદુ સમાજથી જૈન સમાજ અલગ છે એ મન્તવ્ય સ્વીકારવા દે તેમ નથી અને તેથી તેનું સમાન્તર બીજું મન્તવ્ય પણ આપણે છોડવું જ ઘટે છે.

આપણા ધર્મ પ્રત્યેના મમત્વને લીધે આજે આપણે આપણી કોમને હિંદુઓથી અલગ ગણાવવાના નાદ ઉપર ચાલીશું તો આપણે આખા જૈન સમાજને, તેના વર્તમાન પ્રભુત્વને ઘણું ગંભીર નુકસાન કરીશું, જે લઘુમતીઓના પ્રશ્ને હિંદને પારાવાર નુકસાન કરીશું તે હિંદુની જટિલ સમસ્યામાં એક વિશેષ લઘુમતીના પ્રશ્નનો ઉમેરો કરીશું અને આજે જ્યારે હિંદની નવી રાજ્યરચનામાં લઘુમતીને વધારે પડતી રજી રાખવાની નીતિને જરા પણ અવકાશ રહ્યો નથી ત્યારે આપણા માટે કેટલુંએ કમાયલું ગુમાવવાનું જોખમ ઉભું થશે.

આ બાબત યથાસ્વરૂપે ધ્યાનમાં લઇને હિંદુઓમાં જૈનોને અન્તર્ગત ન કરવાની મુંબઇ સરકાર સમક્ષ માંગણી કરવા પહેલાં જૈન શ્વેતાંબર કોન્ફરન્સની સ્થાયી સમિતિને બહુ ઉંડો અને લાંબો વિચાર કરવા હું વિનંતિ કરું છું. આ રસ્તે જવામાં જોખમ છે, નુકસાન છે, વર્તમાન વાસ્તવિકતાનો ઇન્કાર છે. આટલા માટે અલગપણાના તાનમાં મુંબઇ સરકાર સુધી દોડી જવા પહેલાં જૈન શ્વે. મૂ. કોન્ફરન્સના અધિકારીઓએ આ બાબત ફરી ફરીને વિચાર કરવાની જરૂર છે.

સાધુચરિત છોટુભાઇ કોરાનું પરલોકપ્રસ્થાન

કોરા એન્ડ ભટ્ટ કંપનીના ભાગીદાર શ્રી. છોટુભાઇ બાલાભાઇ કોરાનાં તા. ૮–૮–૪૭ના રોજ નીપજેલ ૫૪ વર્ષની ઉમ્મરે અવસાનથી દેશને એક ઉચ્ચ કોટિના આત્માની અને મૂક લોકસેવકની ખોટ પડી છે. તેમને આમ તો હું ઘણાં વર્ષથી જાણતો હતો. પણ ૧૯૩૦/૩૨ ની લડત દરમિયાન બે વખતના જેલવાસે તેમનો મને નિકટ પરિચય કરાવ્યો હતો. તેમનો ધંધો એન્જિનિયર્સ અને કોન્ટ્રેક્ટર્સનો હતો. ૧૯૩૩ માં જેલમુક્ત થયા બાદ તેઓ દેશસેવાના એક યા બીજા પ્રકારના કાર્યમાં વધારે ને વધારે રોકાયલા રહેતા હતા. મૂળથી તેમને વાંચનનો ઘણો જ શોખ. તેમની જેટલા ઝડપી વાંચનાર ભાગ્યે જ અન્ય કોઇ મળશે. જેલવાસ દરમિયાન તેમના જેટલું કોઇ પણ સહકારાવાસીએ વાંચ્યું નહિ હોય. તેમનું જીવન સાદું અને પવિત્ર હતું. નમ્રતા એ તેમનો અપૂર્વ ગુણ હતો. કેવળ નિષ્કામ સેવા, જાહેરાતથી સદા દૂર ભાગવાની વૃત્તિ, કોઇ પણ સત્તાસ્થાન કે અધિકારપ્રાપ્તિની સ્વપ્ને પણ આકાંક્ષા નહિ–આ તેમના એકધારા વિશુદ્ધ સેવાપરાયણ જીવનનો મર્મ હતો. લક્ષ્મીનગરમાં–ખારમાં–તેઓ ખાદી ભંડાર સંભાળતા હતા. બાજુએ આવેલ હરિજનકેન્દ્ર ખેરવાડીની પણ તેમના માથે ઘણી મોટી જવાબદારી હતી. મહાર કો–ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી તેમની એક મુખ્ય પ્રવૃત્તિ હતી. ખેરીવલીમાં એક ગ્રામોદ્યોગ કેન્દ્ર તેઓ ખુબ પરિશ્રમ લઇને વિકસાવી રહ્યા હતા. હરિજનો, મહારસોકો, માછીમારો–આવા પદદલિત વર્ગો અને હલકી કોટિની લેખાતી જાતિઓની સેવા અને ખાદી અને ગ્રામોદ્યોગની પ્રવૃત્તિઓ–આજ માત્ર તેમના પ્રિય વ્યવસાયો હતા. ધંધા વિષે તેમણે છેલ્લાં છેલ્લાં તો લગભગ નિવૃત્તિ જ સ્વીકારી હતી. ૧૯૪૨ ની લડતમાં પણ તેમણે ખુબ કામ કર્યું હતું, પણ આ કામકાજ દરમિયાન પણ અહિંસા અને સત્ય વિષયક તેમનો આગ્રહ એકસરખો કાયમ હતો. તેમનું સેવાકાર્ય ચાલુ જ હોય અને એમાંથી બચતો વખત ધાર્મિક, આધ્યાત્મિક તેમ તાત્વિક સાહિત્યના વાંચન તેમ જ મનન પાછળ તેઓ ગાળતા. મન, વાણી અને કર્મની એકતા–એ તેમના સમગ્ર જીવનની વિશિષ્ટતા હતી, મારી અને તેમની ભિન્ન ભિન્ન પ્રવૃત્તિને લીધે તેમને મળવાનું બહુ ઓછું બનતું. એમ છતાં પણ જ્યારે મળતા ત્યારે ઠીક ઠીક સમય અમે જુદી જુદી બાબતોની ચર્ચામાં પસાર કરતા. એ ચર્ચા દરમિયાન તેમનામાં ઉંડું આત્મલક્ષીપણું અને સત્યપ્રાપ્તિની ઝંખના હું અનુભવતો. સદા પ્રસન્ન, મિતભાષી, સારગ્રાહી તેમનો સ્વભાવ હતો. સેવામાં જ જીવનની કૃતકૃત્યતા તેઓ સમજતા. નક્કી કરેલા જીવનસિદ્ધાન્તોને બરોબર વળગીને ચાલવું એવો આગ્રહ અને ટેકીલાપણું હંમેશા જોવામાં આવતું. તેઓ જન્મે જૈન હતા અને તેમના આચાર વિચાર ઉપર જૈન ધર્મના બહુ ઉંડા સંસ્કાર હતા. આવા એક વિનમ્ર, શાન્ત, અને મુંગા લોકસેવકને ગુમાવીને આપણે ખરેખર દરિદ્ર બન્યા છીએ. તેમના જીવનની ઉચ્ચ પ્રતિભા વિષે શ્રી. કિશોરલાલ મશરૂવાળા તેમના એક પત્રમાં જણાવે છે કે 'એમનું સાધુતા ભર્યું મધુર વ્યકિતત્વ ન ભુલાય એવું હતું અને રહેશે. એમના જેવાને લીધે માનવજાતિ ધન્ય અને શ્રધ્ધાપાત્ર બની શકે છે.'

આવું જેમનું પવિત્ર અને ઉદાત્ત જીવન હતું તેવું જ સુખમય કશી પણ ઉપાધિની પીડા કે યાતના વિનાનું તેમનું મૃત્યુ હતું.

હંમેશ માફક મુંબઇનું કામ પતાવીને કોરા ખાર આવે છે, સાંજનું વાળુ કરે છે, મિત્રો સાથે કલાકેક વાર્તાલાપમાં ગાળે છે, રાત્રીના દશ વાગ્યા, સુવાનો વખત સમજી આરામ કરે છે. તેમના પત્ની કાંતતાં કાંતતાં અધુરી રહેલી પુણીઓ કાંતવા બેસે છે. થોડા સમયમાં તેઓ ઉઠે છે, પોતાને અત્યન્ત પરસેવો થતાં પોતાની પત્નીને પ્રશ્ન કરે છે કે "આજે ખરેખર ગરમી બહુ છે કે મને જ આમ પરસેવો થાય છે?" કારણ તેઓ પરસેવે નીતરી જતા હતા. એવી કોઇ ગરમી તો હતી જ નહિ. ડાકટરને બોલાવ્યા; હૃદય ઉપરનો આ હુમલો છે એમ તેમને લાગ્યું. ઇન્જેકશન આપવાની જરૂર લાગી, ઘેર પડેલાં ઇન્જેકશન લઇ આવવા માટે ડાકટર ઘેર ગયા. પાછળ એ જ પરસેવે નીતરતા નીતરતા, કશા પણ દુખાવા, અકળામણ કે મુંઝવણ વિના કોરા બાજુએ બેઠેલાં પોતાનાં પત્ની ઉપર ઢળી પડયા અને આંખના પલકારામાં સૌ કોઈની વિદાય લેતા ચાલી નીકળ્યા. કેવું સુખપૂર્ણ મૃત્યુ! કેવી વિલક્ષણ વિદાય! સ્મશાનમાં તેમના અગ્નિ-સંસ્કાર પ્રસંગે હાજર રહેલા તેમના મિત્ર મુંબઇના મુખ્ય પ્રધાન શ્રી બાળાસાહેબ ખેરે શ્રી છોટુભાઇ કોરાને ભાવભરી અંજલિ આપતાં ગદ્‌ગદ્‌ કંઠે જણાવ્યું કે "જ્યારે મધરાતે ભાઇ કોરાના અવસાનના મને ટેલીફોનથી ખબર મળ્યા ત્યારે એ ઘડિ હું સ્તબ્ધ બની ગયો. પછી સ્વસ્થ થઇને ભગવાનને મેં પ્રાર્થના કરી કે જ્યારે પણ તારી ઇચ્છા થાય ત્યારે ઓ ભગવાન! મને કોરા જેવું જ મૃત્યુ આપજે અને સાથે એ પણ માગું છું કે જે પ્રકારનું નિરભિમાની, નમ્ર, ઉન્નત અને મૌન સેવામાં જ એકાન્ત પરિણત બનેલું જીવન કોરા ગાળી રહ્યા હતા એવું જ મારૂં હવે પછીનું અવશેષ જીવન બનાવજે." આવી જેને અંજલિ આપવામાં આવી છે એ મારા મિત્ર હતા એમ કહેતાં હું પણ કેટલો અહોભાગી છું એવું મન ગૌરવ ચિન્તવે છે અને સાથે સાથે એવા એક સ્વજનને ગુમાવવા બદલ દિલ અગાધ શોકમાં ડુબી જાય છે. જેણે આ ભવ સાધ્યો છે તેનો પરભવ સધાયેલો જ છે. તેના માટે શાશ્વત શાન્તિ સુનિશ્ચિત છે. એમના લોકોત્તર જીવનનું સ્મરણ આપણા જીવનને સદા અજવાળતું રહે. એજ આપણી પ્રાર્થના હો!

સ્વર્ગસ્થ જેઠાલાલ રામજી

તા. ૧૧-૮-૪૭ ના રોજ બાર કલાકની એકાએક માંદગીના પરિણામે શ્રી. જેઠાલાલ રામજી ૬૫ વર્ષની ઉમ્મરે પરલોકવાસી બન્યા છે—આ બનાવે જે અનેક લોકો જેઠાલાલભાઇના પરિચયમાં આવેલા તે સૌ કોઇના દિલમાં ઉંડા શોકની લાગણી પેદા કરી છે. શ્રી મુંબઇ જૈન યુવક સંઘે ઉંડી સહાનુભૂતિ ધરાવતો એક મિત્ર ગુમાવ્યો છે: શ્રી જેઠાલાલ ભાઇ કેટલાંક વર્ષોથી લગભગ નિવૃત જીવન ગાળતા હતા. તેમણે જૈન સમાજની, સ્થાનકવાસી સમુદાયની, મુંબઇ જૈન યુવક સંઘ જેવી અનેક સંસ્થાઓની અનેકવિધ સેવા કરી હતી અને રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં પણ સારો ભાગ લીધો હતો. તેઓ શ્રીમન્ત હોવા છતાં ખુબ સાદા હતા. તેમનું સૌજન્ય, નમ્રતા અને ગુણગ્રાહીપણું—એ તેમના ઉદાર વ્યકિતત્વના ખાસ આકર્ષક ગુણો હતા. જૈન ધર્મ વિષે તેમને અપૂર્વ શ્રદ્ધા હતી. ચાલુ ધર્મક્રિયામાં તેમને ખુબ રસ હતો. પોતાના સમાનધર્મીઓ સાથે ધર્મ, તત્વજ્ઞાન, અધ્યાત્મને લગતી ચર્ચા કરવી, સત્ય શોધવું, સમજવું અને બને તેટલું અમલમાં મૂકવું—આ તેમના જીવનની ખાસ કરીને પાછલા ભાગના જીવનની પ્રધાન વૃત્તિ અને વ્યવસાય હતો. તેમના જવાથી પ્રાગતિક વિચાર ધરાવતા જૈન સમાજને એક મોટી ખોટ પડી છે. તેમના આત્માને આપણે સૌ શાશ્વત શાન્તિ ઇચ્છીએ અને પ્રાર્થીએ! **પરમાનંદ.**

પર્યુષણ વ્યાખ્યાનમાળા

તા. ૧૧-૯-૪૭ ગુરૂવારથી શરૂ.

સમય: સવારનાં ૮॥ થી ૧૦॥; સ્થળ: આનંદ ભુવન, વીઠ્ઠલભાઇ પટેલ રોડ મુંબઇ.

કેમજોર સાત્ત્વિકતા

(મૂળ હિંદુસ્તાની ઉપરથી)

ભણેલા અને વિચાર કરનારા લોકોનો એક એવો વર્ગ આપણા દેશમાં મળી આવે છે કે જેઓ મનથી ભલા છે, ભલાઇ ઇચ્છે છે અને ભલાઇને રસ્તે ચાલીને પોતાનાં મન અને કર્મોને વધારે પવિત્ર કરતા રહેવા ચાહે છે, પણ સાથે જ તેઓ પોતામાં એક જાતની કમજોરી જુએ છે. તેઓ પોતાના નિશ્ચયો પર સ્થિર રહેવાની અને તેનો અમલ કરવાની પોતામાં શક્તિ જોતા નથી, અને જેને પકડીને પોતે સહેલાઇથી ઉન્નતિને રસ્તે ચાલ્યા કરે તેવો કોઇ સારો આધાર મળે એમ અપેક્ષા કરે છે. પોતાની આજુબાજુ કોઇ એવું વાતાવરણ તેઓ જોતા નથી કે જે તેમને સારાં કામો અને વિચારોની હંમેશાં પ્રેરણા આપે, તેમનાં જોશ અને ઉત્સાહ વધારે અને તેમની સદ્‌ભાવનાઓને અમલમાં મૂકવાની કોઇ તૈયાર તજવીજ કે યુક્તિ બતાવે. ઉલટું, તેઓ પોતાની આસપાસનું વાતાવરણ—ઘરમાં, જ્ઞાતિમાં, ગામમાં, મંદિરો અને મઠોમાં, સરકારી દફ્તરોમાં તથા સાર્વજનિક સંસ્થાઓમાં—સ્વાર્થ, તંગદિલી, દંભ, છળકપટ વગેરેથી ભરેલું જુએ છે. પરિણામે, કોઇ પણ જગાએ તેમનું મન શાંતિ પામતું નથી.

એવા પ્રતિકૂળ વાતાવરણથી ત્રાસીને કેટલાક તરૂણો એક દિવસ ઉત્સાહમાં આવીને ઘર છોડી દે છે અને કોઇ દૂર સ્થાનમાં આવેલા કોઇ પ્રસિદ્ધ પુરૂષ અને તેમના આશ્રમનો આશ્રય શોધે છે. ઉત્તરનો તરૂણ દક્ષિણમાં જાય છે, અને દક્ષિણનો ઉત્તરમાં. ઘણી વાર તો ત્યાંથી તે ફરીને નિરાશ થઇને પાછો ઘેર આવે છે. અને પછી ભલાઇ અને ઉન્નતિ પરની તેની શ્રદ્ધા જ ઊડી જાય છે. 'દુનિયામાં ભલાઇ કરવામાં કશો માલ નથી' એવો એના અનુભવનો સાર છે.

પરંતુ આ પ્રમાણે એકવાર પણ ઘરઆંગણું છોડી શકનારા લોકોયે ગણ્યા ગાંઠ્યા જ હોય છે. હજારો માણસોને માટે આ રસ્તોયે બંધ જેવો છે. નાનપણથી કૌટુંબિક બંધનોમાં તેઓ એવી રીતે ફસેલા હોય છે કે ઘરથી દૂર જવું અને પોતાના જીવનનો રસ્તો

૧૪ ઑગસ્ટની મધરાત

ગરબો

મીઠાં લાગ્યા તે મને રાતના ઉજાગરા!
જોતી'તી સ્વાધીનતાની વાટ જો....મધરાતે હોંશે ઉજાગરા!

અંધારી રાત તોયે ઉતર્યાં અજવાળીઆં,
ચૌદમી ઑગસ્ટની રાત રે...મધરાતે હોંશે ઉજાગરા!

ટકટકના ટકોરે તારા ભણકારા વાગતાં,
ગુલામીના વિસરૂં શ્વાસરે...મધરાતે હોંશે ઉજાગરા

ભારના ટકોરે પુરી આઝાદી આવતાં,
ભારતમાં પ્રસરે ઉલ્લાસરે...મધરાતે હોંશે ઉજાગરા!

દિલ્હીના તખ્તથી પરદેશી ઉતર્યા,
સત્તા સ્વીકારે જવાહીર રે....મધરાતે હોંશે ઉજાગરા!

લાખ લાખ દીવડા ભારતમાં પ્રગટ્યા,
ફરકયા ત્રિરંગી નિશાન રે...મધરાતે હોંશે ઉજાગરા!

ડંકા નિશાન વળી ધંટારવ ગાજ્યા,
આઝાદીની દેવા વધાઇ રે....મધરાતે હોંશે ઉજાગરા!

કાન્તિ દેવડા

બિલકુલ જુદો કરી લેવો એ તેમને માટે સંભવિત નથી. એક તરફથી તેમનામાં એટલો ઉત્સાહ અને કર્તૃત્વ નથી હોતું કે તેઓ પોતાની આજુબાજુની મુશ્કેલીઓ સામે લડીને ઉચ્ચ ધ્યેય તરફ સ્થિરતાથી જઈ શકે. બીજી તરફ એમની ઉચ્ચ જીવન અને વાતાવરણની ભૂખ કાયમ રહે છે. પરિણામે, 'ન સધાયો સ્વાર્થ કે ન સધાયો પરમાર્થ: ન અહીંના રહ્યા કે ન ત્યાંના' એ પ્રમાણે તેઓ નિરાશ, હંમેશાં અતૃપ્ત અને અપ્રસન્ન રહે છે, અને તેમનો સ્વભાવ પણ ધીરે ધીરે સાત્ત્વિકતા અને સત્પ્રવૃત્તિ તરફ વધવાને બદલે ક્રોધ, આળસ, કોરી તત્વચર્ચા, થોથા વેદાંત, અકર્મણ્યતા અને બીજાઓમાં દરેક પ્રકારની ઉણપો શોધવા તરફ વળતો જાય છે. મને સમજાય છે ત્યાં સુધી એમ લાગે છે કે, આ બધાના જીવનની મુખ્ય સમસ્યા આ છે:-એમની કર્તૃત્વશક્તિ, ત્યાગશક્તિ અને આત્મસંયમની શક્તિ મર્યાદિત છે, તો પણ એમની ઉન્નતિની અભિલાષા સાચી છે. તેઓ કેવી રીતે પોતાની આસપાસ જ ઉન્નતિ તરફ લઈ જનાર વાતાવરણને પેદા કરે?

વિચાર કરતાં માલૂમ પડશે કે, આ મનોદશાની પાછળ એક તરફથી સાત્વિકતાનું અને બીજી તરફથી કર્મજોરીનું મિશ્રણ છે. આપણા સમાજમાં આવી મેળ વગરની અવસ્થા પેદા થવાનાં કારણોની શોધ કરીએ તો મને લાગે છે કે લગભગ નીચે લખેલી પરિસ્થિતિઓમાંથી કોઈ એક કે વધારે છે એમ માલૂમ પડશે:

૧. નાનપણમાં અને જુવાનીની શરૂઆતના દિવસોમાં પ્રસન્નતા સાથે શારીરિક મહેનત કરવાની રુચિ અને ટેવનો અભાવ; ઘરનું કામ, રમતગમત, વ્યાયામ, હાથપગ ચલાવીને કોઈ વસ્તુ બનાવવાની અથવા સુધારવાની મહેનત અને કલા તરફ અરુચિ.

૨. દિવસનો ઘણો મોટો ભાગ વાંચવા લખવામાં ગાળવાનો શોખ: પછી તે વાંચવા લખવાનું શાળાના વિષયોનું હોય, નવલકથાઓનું હોય કે ધાર્મિક સાહિત્યનું હોય.

૩. અથવા તેમાં પણ અરુચિ, અને કેવળ આળસુ બેસી રહેવાની, ઘણો વખત સૂવાની અથવા નકામી ગપાટા મારવાની ટેવ.

૪. પોતાની જે કાંઈ શક્તિઓ કે સદ્‌ગુણો હોય તેને વધારવાના વિચારને બદલે પોતાની ઊણપોનું જ ચિન્તન કરવાની ટેવ.

૫. બધે અનાસ્થા, અશ્રદ્ધા અને ભાવનાઓની શુષ્કતા.

૬. નિરીક્ષણ, અભ્યાસ અને અનુભવ દ્વારા તત્ત્વજ્ઞાનના અંતિમ સિદ્ધાન્તોની પ્રતીતિ કરવાના પ્રયત્નને બદલે કલ્પના, તર્ક અને શાસ્ત્રાર્થ દ્વારા, તથા અધ્યાસ અને કેવળ રટણ કરીને નિશ્ચય કરવાનો પ્રયત્ન.

૭. ધાર્મિક ગ્રંથોની અત્યુક્તિવાળી અને એકાંગી કથાઓને વર્તનનો આદર્શ સમજવાનો ભૂલ-જેમ કે, અતિથિસત્કાર માટે કર્ણ યા ચેલૈયાનું આખ્યાન, નામસ્મરણ વિષે અજામિલની કથા, વિગેરે.

૮. કોઈ એક ગુણ, ધર્મ અથવા સાધન બધા ગુણો, ધર્મો અને સાધનોને પરિપૂર્ણ કરે છે એવું સમજવાની ભૂલ. ઉદાહરણ રૂપે 'અહિંસા પરમો ધર્મ:' એમ કહ્યું છે. પરંતુ એનો અર્થ એવો તો નથી જ કે, બીજા ગુણો, ધર્મો અને સાધનોની કોઈ જરૂર નથી અને એક અહિંસાની પરાકાષ્ઠા થઈ એટલે, જેમ શરીર સાથે છાયા આવે છે તેમ, બીજા ગુણો ધર્મો અને સાધનો પોતાની મેળે જ પૂર્ણ થઈ જાય છે.

૯. વ્રત-તપ-સંયમો વિષે એક તરફથી ઘણા જ ઉંચા અને અસાધ્ય આદર્શની કલ્પના અને બીજી તરફથી ભોગોમાં સામાન્ય નિયમોનું પાલન કરવાની પણ અશક્તિ અને માનસિક અસ્થિરતા.

૧૦. એવું સાધન અને યુક્તિ શોધવાની ઇચ્છા કે જેથી જીવન સુખમાં વીતે, ઘણો પુરુષાર્થ અને ત્યાગ કરવો ન પડે; સાધન-સંયમ વગેરેનાં કષ્ટો ઉઠાવવાં ન પડે અને છતાં જીવનનો પૂર્ણ ઉત્કર્ષ અને શાંતિ પ્રાપ્ત થાય.

૧૧. "છોડીને સઘળા ધર્મો, મારું જ શરણું ધર;
હું તને સર્વ પાપોથી છોડાવીશ, નચિંત થા."
ગીતાધ્વનિ. ૧૮-૬૬.

એમ કહીને એવી સાધના અને કર્તવ્યપાલનના પરિશ્રમમાંથી મુક્તિ આપનાર ગુરુની શોધ.

બીજાં પણ કેટલાંયે કારણો બતાવી શકાય-જેમ કે, અસંસ્કારી, કેવળ ધનલોલુપ અને જૂના વિચારોમાં મશગુલ પરિવારની વચ્ચે જીવન, બાળવિવાહ વગેરે.

કર્મજોર સાત્ત્વિકતાનું આ નિદાન જો સાચું હોય તો એ સ્પષ્ટ છે કે, માણસ આ કારણોને જેટલે અંશે દૂર કરી શકે તેટલે અંશે પોતાની ઉન્નતિ સાધી શકશે, જીવનમાં સહેતુકતા, પ્રસન્નતા અને શાંતિ અનુભવી શકશે, અને પોતાની આજુબાજુ પોતાને અને બીજાઓને માટે પણ સારું વાતાવરણ પેદા કરી શકશે.

આ કારણોને દૂર કરવા માટે ત્રણ વસ્તુઓની જરૂર છે: (૧) કેટલીક બાબતો વિષે ભ્રમ-નિરાસ, (૨) ધૃતિ એટલે સ્થિરતાપૂર્વક સતત પ્રયત્ન; અને (૩) અનુકુળ કર્મયોગ. દરેક વિષે થોડું લખું છું.

૧. ભ્રમનિરાસ—ધર્મ અને સાધનયોગ સાથે સંબંધ રાખનારી અનેક બાબતોમાં આપણા મન પર ખોટા તત્ત્વજ્ઞાનના અથવા સાચા તત્ત્વજ્ઞાનની ખોટી સમજણના અને ખોટા આદર્શ અથવા સાચા આદર્શની ખોટી કલ્પનાઓના સંસ્કારો પડેલા છે. મારી સમજ પ્રમાણે, મનુષ્યની કર્તૃત્વશક્તિના પ્રવાહને સૂકવી દેવામાં અથવા તેને રોકી દેવામાં શુદ્ધ અજ્ઞાનના કરતાં ભ્રમજનક જ્ઞાનનો હિસ્સો ઘણો મોટો છે. ઉદાહરણરૂપે કેટલાક ખોટા ખ્યાલો નીચે પ્રમાણે છે:

(ક) જ્ઞાન અને મોક્ષ. "ઋતે જ્ઞાનાન્ન મુક્તિ:। જ્ઞાન વિના મુક્તિ નથી," એવું ઉપનિષદ્‌નું સૂત્ર છે. પરંતુ જ્ઞાન શું અને મોક્ષ શું એ વિષે આપણા મન પર વિચિત્ર ખ્યાલોના સંસ્કાર પડેલા છે. જ્ઞાન પરથી સાક્ષાત્કાર અથવા કોઈ અનોખી-ગૂઢ વસ્તુનું દર્શન, ચોવીસ તત્ત્વોની સૂક્ષ્મ છણાવટ માયાવાદ, અલિપ્તતા વગેરેના ખ્યાલો આવેલા છે. મોક્ષનો અર્થ જન્મમરણથી છૂટકારો—એને આપણે જીવનનો સૌથી ઊંચો અને શ્રેષ્ઠ પુરુષાર્થ માનેલો છે. પછી જીવન સાથે સંબંધ રાખનારી સેંકડો બાબતો વિષે ઘોર અજ્ઞાન અને ભ્રમ હોવા છતાં, અને માનવી ઉત્કર્ષના અનેક આવશ્યક ગુણોનો અભાવ હોવા છતાં, પોતાની વાસનાઓનું પરીક્ષણ કર્યા વગર અને તે દૂર કરવા યોગ્ય પ્રયત્ન મેળવ્યા વગર જ આપણે એકદમ જ્ઞાન અને મોક્ષની પ્રાપ્તિને પોતાનું ધ્યેય સમજવાનો ખ્યાલ રાખીએ છીએ, અનેક કૃત્રિમ સાધનોની પાછળ લાગીએ છીએ.

આપણે અભિમાન લઈએ છીએ કે, આપણા દેશે અધ્યાત્મવિદ્યામાં પરાકાષ્ઠા કરેલી છે અને કેવળ અવિનાશિત્વ જ નહીં પણ એનું બ્રહ્મ-એટલે વિશ્વના મૂળ તત્વ—સાથે તાદાત્મ્ય સિદ્ધ કર્યું છે. તોપણ કેટલું આશ્ચર્ય છે કે, આપણને જન્મમૃત્યુનો જેટલો ડર છે તેટલો કોઈ બીજી અજ્ઞાની માનવ યા માનવેતર જાતિઓમાં પણ નથી. વસ્તુતઃ જોઈએ તો જન્મ તો થઈ ગયો છે અને ગર્ભવાસ તથા જન્મસમયના દુઃખસુખનું આપણને કશું સ્મરણ નથી. સાચું તો એ છે કે, એ પરિસ્થિતિમાં દસ માસનો ગર્ભવાસ જ જીવન માટે સુરક્ષિત સ્થાન હોય છે અને ત્યાર પછી યોગ્ય સમયે એનું બહાર નીકળવું હિતકર છે. પરંતુ કલ્પનાથી આપણે ભવિષ્ય કાળના જન્મોનું ચિત્ર ખડું કરીએ છીએ. અને કવિએ ગર્ભવાસની યાતનાઓનું જે કાલ્પનિક વર્ણન ધાર્મિક ગ્રંથોમાં કર્યું છે તેને સાચું માનીને તેમાંથી છૂટવાની ચિંતામાં પડીએ છીએ. આ વાત મૃત્યુનીયે છે. મૃત્યુનો ભય એક રીતે સ્વાભાવિક કહી શકાય. એને માટે આત્મ-અનાત્મ વિવેક ઠીક છે. જો એટલુંયે માણસ દૃઢ કરી શકે તો પૂરતું છે. એ ન કરી શકે તોયે.

"જન્મ્યાનું નિશ્ચયે મૃત્યુ, મૂઆનો જન્મ નિશ્ચયે;
માટે જે ન ટળે તેમાં તને શોક ઘટે નહીં."

(ગીતાધ્વનિ, ૨-૨૭)

એ વિચાર પાકો કરી લે તોયે બસ છે. પરંતુ આપણા મન પર તો આ દેહના મૃત્યુનો નહીં પણ અનેક જન્મોના ભાવી મૃત્યુનો ભય સવાર થયેલો છે, અને કલ્પનાથી બનેલા એ જન્મ મૃત્યુના ભયથી છુટકારો મેળવવો એ આપણા જીવનનું લક્ષ્ય બને છે.

(ખ) **નામસ્મરણ**—આપણા સાધનમાર્ગમાં પણ એવી ઘણી કૃત્રિમતાઓ અને વિલક્ષણતાઓ ઉત્પન્ન થઇ ગઇ છે. ચિત્તશુદ્ધિની સાધનામાં નામસ્મરણ એ એક સારી મદદરૂપ થાય છે અને તેમાં જપની સંખ્યા કરતાં સતત જાગૃતિનું મહત્ત્વ છે. પરંતુ કવિએ એનો મહિમા વર્ણવતાં અનેક ખોટાં દૃષ્ટાન્તો ઉભા કર્યાં છે. એથી કોઇ પણ રીતે માળા ફેરવતા રહેવું અને જપમેન્કમાં જપેલની રકમ જમા કરાવવી એને જ સાધના માનેલી છે!

(ગ) **સંયમ**—મન, જ્ઞાનેંદ્રિયોના સંયમ—નિયંત્રણ સિવાય કોઇ પુરૂષ યા સ્ત્રી પોતાનો શારીરિક, બૌધ્ધિક યા માનસિક વિકાસ અને ગુણોત્કર્ષ કરી શકતાં નથી. પણ એની એકેક બાબતનું વિગતવાર વર્ણન આપવામાં આવે છે ત્યારે દરેકનો એક મોટો વિલક્ષણ આદર્શ અને મહિમા ઉભો કરવામાં આવે છે. સ્વભાવની પ્રાકૃતિક-નૈસર્ગિક પ્રેરણાઓને સુસંસ્કૃત કરવા અને તેના પર પોતાનું સ્વામિત્વ જમાવવાનો ક્રમ-માર્ગ નિર્માણ કરવાને બદલે એ પ્રેરણાઓનો નાશ કરવાનો આદર્શ રાખવામાં આવે છે અને જુદી જુદી જાતનાં ઇન્દ્રિય-દમનનાં વ્રત-તપ અને કૃત્રિમ નિયમોનું આચરણ કરવામાં આવે છે. એનું પરિણામ એ આવે છે કે, સાત્વિક વૃત્તિના લોકોની ઘણી શક્તિ એ પ્રેરણાઓને દબાવવાના નિષ્ફળ પ્રયત્નમાં ખર્ચાઇ જાય છે. જીવનના અંત સુધી દમનની પૂર્ણ સિદ્ધિ તો મળતી પણ નથી. વચમાં વચમાં જોરથી પ્રકૃતિ પોતાનું બળ બતાવતી રહે છે અને તેને લઇને વ્યકિત એકાદી જબરદસ્ત અને શરમજનક ભૂલ કરે છે અને વર્ષોની તેની સાધના અને પ્રતિષ્ઠા પર પાણી ફરી જાય છે; અને કોઇ કોઇ વાર તો તે દંભના નરકમાં પડે છે. એના કરતાં તો જે લોકો સાધનાની પાછળ ન પડતાં આચરણની એક ધર્મ મર્યાદામાં રહીને નિયત જીવન ગાળે છે તેઓ વધારે તેજસ્વી, કર્તવ્યનિષ્ઠ, પ્રસન્નચિત્ત અને નિરોગી પણ જણાય છે.

"રોકી કર્મેન્દ્રિયો રાખે, ચિત્તમાં સ્મરતો રહે
વિષયોને મહામૂઢ-મિથ્યાચાર ગણાય તે.
મનથી ઇંદ્રિયો નીમી આસકિત વિણ આચરે,
કર્મેન્દ્રિયે કર્મયોગ, તે મનુષ્ય વિશેષ છે."

(ગીતાધ્વનિ ૩-૬, ૭)

આ પ્રમાણે અનેક જાતના આદર્શ, સાધના, પૂજાવિધિ, સદાચાર-દુરાચારના નિયમો, પૂર્ણતા-અપૂર્ણતાની કલ્પના વગેરે વિષે ખોટા ખ્યાલોના આપણા મન પર ઉંડા સંસ્કાર પડેલા છે. એ આપણી શક્તિઓનો નાશ કરે છે અને પ્રત્યક્ષ અજ્ઞાન, રોગ, દારિદ્રય, આપસનાં વેર, છળકપટ, ગુલામી વગેરે જે દુઃખોમાંથી મુક્ત થવા માટે આપણી સાત્ત્વિક બુદ્ધિનો ઉપયોગ થવો જોઇએ અને આપણી કર્તૃત્વશક્તિ લાગવી જોઇએ તે દુઃખોને દૂર કરવાનો પુરૂષાર્થ કરવામાંથી રોકે છે. ભ્રમોની શિલા નીચે આપણા પુરૂષાર્થનો ઝરો છુપાયેલો છે. એ શિલાને દૂર કર્યા વિના એ ઝરો બહાર ન નીકળી શકે.

(૨) **ધૃતિ**—આ બીજી મહત્ત્વની વસ્તુ છે. ગીતામાં બુદ્ધિ અને ધૃતિના ભેદોનું પાસે પાસે વર્ણન છે. તો પણ આપણા શાસ્ત્રીય ગ્રંથોમાં ધૃતિના મહત્ત્વ અને વિકાસ પર ઓછું ધ્યાન અપાયું છે. આપણા વિદ્વાનોમાં બુધ્ધિને નામે સૂક્ષ્મ તાર્કિકતાનો ઘણો વધારે વિકાસ થયો છે. પરંતુ તેમણે ધૃતિ વિષે ઘણો ઓછો ખ્યાલ કરેલો છે એમ જણાય છે. ધૃતિનો અર્થ ધારણશક્તિ. બુધ્ધિથી એક સિધ્ધાન્તનો નિર્ણય તો કર્યો, પણ નિષ્ઠાથી એ સિધ્ધાન્ત પર પોતાની જીવનવ્યવસ્થા કરવા માટે જે દૃઢતા જોઇએ તેમાં આપણે ઘણા ઢીલા છીએ. સિધ્ધાન્તમાં આપણે બધા વેદધર્મી, જૈનધર્મી, બૌદ્ધધર્મી પ્રાણીમાત્રની સમાનતાના સિદ્ધાન્તને એટલા વ્યાપક રૂપમાં પ્રતિપાદન કરીએ છીએ કે જે માટે કોઇ મુસલમાન કે ખ્રિસ્તીની હિમ્મતે ન થાય.

"વિદ્વાન વિનયી વિપ્રે, તેમ ચાંડાળને વિષે,
ગાયે, ગજેય, શ્વાનેયે જ્ઞાનીને સમદૃષ્ટિ છે."

(ગીતાધ્વનિ ૫-૧૮)

એટલા વિશાળ રૂપમાં સમતાનું પ્રતિપાદન કરવાની સાધારણ મુસલમાન કે ખ્રિસ્તીની હિમ્મત નહીં થાય. કમમાં કમ, મનુષ્ય અને ઇતર પ્રાણીઓની વચ્ચે ભેદદૃષ્ટિ રાખવાની કદાચ તે પોતાની ફરજ પણ બતાવશે. પણ આટલા મોટા સિધ્ધાન્તનું શિક્ષણ મળ્યા છતાંયે આપણા ધર્માત્મા યા બ્રહ્મનિષ્ઠ પંડિત અને આપણા અનેક સુધારક વિચારક-પરંતુ મોટા પરિવારમાં રહેનારા-કાર્યકર્તાઓની હિંમત થતી નથી કે તેઓ પોતાના ઘરના અંદરના ભાગમાં અછૂતને-હરિજનને લઇ જાય અને પોતાના આસન પર બેસાડે તથા તેની સાથે ભોજન કરે. આનું કારણ એ છે કે, આપણે બુદ્ધિને વધારી છે-ધૃતિને વધારી નથી. આચારને વખતે ડગલે ને પગલે વ્યાવહારિક મુશ્કેલીઓનો વિચાર કરીએ છીએ, પરિણામોથી અર્થાત્ પોતા પર આવનારી મુશ્કેલીઓથી ડરીએ છીએ, અને કાંઇક ને કાંઇક બહાનું કાઢીને સિદ્ધાન્ત પર ચાલવાનું ટાળીએ છીએ. ધૃતિશક્તિને વધારવી એ કેવળ પોતા માટે નહીં પરંતુ બુદ્ધિની શુદ્ધિ-વૃદ્ધિ માટે પણ ઘણું જરૂરી છે. કારણ કે, જ્યારે કોઇ સિદ્ધાન્ત પર આપણે કેટલી હદ સુધી ચાલી શકીએ છીએ એ નજરે તેની પરીક્ષા કરીએ ત્યારેજ સિદ્ધાન્તોના પ્રતિપાદનમાં કાંઇ સંશોધનની જરૂર છે કે કેમ તે આપણે શોધી શકીએ. અને એ યાદ રાખવું જોઇએ કે, જ્યાં સુધી પોતાના સિદ્ધાંત અને વર્તનમાં મેળ બેસતો નથી ત્યાં સુધી કોઇ પ્રામાણિક માણસને શાંતિ મળી શકતી નથી.

(૩) **અનુકૂળ કર્મયોગ**—જો આપણે ધૃતિનું મહત્ત્વ સમજી લઇએ તો એ માટે અનુકૂળ કર્મયોગની અનિવાર્યતા તરત જ માલૂમ પડશે. એક સિદ્ધાન્તને જો આપણે માનીએ અને એના પર દૃઢ રહેવાની જરૂરિયાત સ્વીકારીએ તો તેને—નાના પાયા પર જ કેમ ન હોય—શરૂ કરવાનું જરૂરી થઇ પડે. કોઇ બાહ્ય સાધનાની જરૂર પડે તો તેને પ્રાપ્ત કરવાની ચેષ્ટા કરવામાં આવે; કોઇના સાથની જરૂર લાગે તો સાથી શોધવામાં આવે; માહિતી પ્રાપ્ત કરવી હોય તો સાહિત્ય વાંચવામાં આવે. શારીરિક શક્તિઓની-સંયમની કમી જણાય તો એને વધારવાની કોશિષ કરવામાં આવે. ઉપાસનાની ઊણપ જણાય તો તેને તીવ્ર કરવામાં આવે. ટૂંકમાં, એ બેસી રહેતો નથી, ઉદ્યોગપરાયણ થાય છે, અને પોતાની નજીકમાં વાતાવરણ પેદા કરવામાં તે સફળ થાય છે.

હું આશા રાખું છું કે, આ થોડા વિચારો પોતાની સાત્ત્વિકતાની કમજોરી દૂર કરવાની ઇચ્છા રાખનારા મિત્રોને કાંઇક મદદગાર થશે.

કિશોરલાલ ઘ. મશરૂવાળા.

'શિક્ષણ અને સાહિત્ય'માંથી સાભાર ઉધ્ધત

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ; ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4236.

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૯
અંક : ૯

મુંબઈ: ૧ સપ્ટેમ્બર, ૧૯૪૭, સોમવાર.

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

એ યાદગાર દિવસ

રાષ્ટ્રમુક્તિના અમૃતપાનમાં ચકચુર બનેલી જનતાના હર્ષોન્માદને કોણ વર્ણવી શકે? ટોળે ટોળાં મળીને નીકળી પડેલાં એ માનવી વૃન્દો–તેઓ ગગનભેદી જયનાદો પોકારી રહ્યા હતા, એકમેક સાથે અથડાઇ રહ્યા હતા, પરસ્પરનું અભિનન્દન કરી રહ્યા હતા, આંખોમાંથી આનંદનાં અશ્રુઓ વહાવી રહ્યા હતા–આવાં ઉન્માદઘેલાં માનવીવૃન્દો નજરે પહેલાં કદિ નિહાળ્યા નહોતાં, કાને કદિ સાંભળ્યા નહોતાં.

તે દિવસે જે જોયું તે બધું શબ્દોમાં ઉતારવું–વર્ણવવું–અશક્ય છે. એ મધરાતની ઘડિ કે જ્યારે મુંબઇની વ્યાપારપરાયણ જનતા એક મર્મભેદી આનંદપૂર્ણ સંવેદનથી ક્ષુબ્ધ બનેલી માનવતામાં પલટાઇ ગઇ હતી–તે વખતે બની રહેલી ઘટના કોઇ પાર્થિવ ઘટના નહોતી; એ તો હતી કોઇ વિલક્ષણ દૈવી ઘટના. તે શુક્રવારની રાત્રે જે જોવામાં આવતું હતું તે માત્ર નરનારીઓનું ટોળું ન હોતું; એ તો હતું આજ સુધી જે શૃંખલાઓ તેમને ધૃણાપાત્ર ગુલામીમાં જકડી રહી હતી તે શૃંખલાઓની છેલ્લી કડીઓ તોડીને ઉત્થાન પામેલા રાષ્ટ્રના વિરાટ આત્માનું કોઇક અલૌકિક દર્શન.

જ્યારે ચિત્ત કોઇ ઉત્કટ આનંદથી ક્ષુબ્ધ બને છે, ત્યારે વાણી એ આનંદને વ્યકત કરવા માટે અસમર્થ નીવડે છે. જ્યારે આપણે લોકોને તત્કાળ બંધનમુક્ત બનેલા જોઇએ છીએ, એ અદ્‌ભુત વિજયની અણમોલ ઘડિએ તેમના દિલના ઉંડાણમાંથી નીકળી આવતા આનંદભર્યા ઉદ્‌ગારો અને હર્ષનાદો આપણે સાંભળીએ છીએ, અને તેમની સાથે આપણે પણ કોઇ રોમાંચકારક નવનિર્માણના ઉદ્‌ગમને સમાન સંવેદનપૂર્વક અનુભવીએ છીએ ત્યારે ચિત્ત સ્તબ્ધ બની જાય છે, મનના તર્કવિતર્કો શમી જાય છે, એ આલ્હાદપ્રમત્ત જનતા સાથે એકરૂપ બની જવાનું, એ સમીપસ્થ જીવનક્રાન્તિમાં તદ્‌રૂપ બનવાનું આપણને સહજપણે મન થઇ આવે છે અને તે વિષે કાંઇ પણ ચર્ચા કે આલોચના કરવી એ ઉદ્યમ પામેલી ક્રાન્તિની આશાતના–અવમાનના–કરવા બરોબર લાગે છે.

આજનાં ઉત્સવસમારંભ દરમિઆન આવો જ અનુભવ થઇ રહ્યો હતો. સભાઓ જ્યાં ત્યાં મળી રહી હતી; શહેરમાં કરવામાં આવેલી–કદિ કલ્પનામાં ન આવે એવી–રોશનીનો ઝળહળાટ આંખોને આંજી રહ્યો હતો; મુખ્ય પ્રધાન ખેરસાહેબ બોલી રહ્યા હતા અને ઉદ્‌ગારે ઉદ્‌ગારે આપણી આંખોમાંથી આનંદના, ઉલ્લાસના, ન કહી કે વર્ણવી શકાય એવા કોઇ દિવ્ય સંવેદનના આંસુઓ વહાવી રહ્યા હતા. આ બધી ધમાલ, ધોંધાટ અને કલબલાટ વચ્ચે જાણે કે આપણે ધુંટણીએ પડીએ અને આવું અપૂર્વ દૃશ્ય નજરે નિહાળવાનો લહાવો મળવા બદલ જેને લોકો ઇશ્વર કહે છે, ખુદા કહે છે, તે પરમ તત્વની નમ્રભાવે પ્રાર્થના કરીએ એવી કોઇ રહસ્યણા આપણે અન્તરમાં અનુભવી રહ્યા હતા.

આ જનતાજનાર્દનનાં દર્શન કરવાં, એક ગાઉ સુધી લંબાતું સરઘસ, 'હોમ ગાર્ડ્‌ઝ'ને અપાયલા રાષ્ટ્રધ્વજની અર્પણવિધિ, સત્કારી કચેરીમાં સ્વાતંત્र्यવૃક્ષનું આરોપણ, પ્રધાનોની સોગંદવિધિ, ઓવલના મેદાનમાં કરવામાં આવેલી ભવ્ય લશ્કરી વ્યુહરચના, નગરપતિનો શાનદાર ભોજનસમારંભ, ગોવાલિયા ટેંક ઉપરનું ધ્વજવન્દન, કામગાર મેદાનની વિરાટ સભા, અને એ સર્વની ઉપર સેંકડો જુદા જુદા સ્થળોએ ભરાયલી પારવિનાની નાની નાની સભાઓ કે જ્યાં લોકો મુકત મને પોતાનો સદાનો પ્યારો ત્રિરંગી વાવટો કશી પણ રૂકાવટ વિના ફરકાવવાનો આનંદ માણી રહ્યા હતા અને અપૂર્વ રોમાંચ અનુભવી રહ્યા હતા–આ સર્વ જોવું, નજરોનજર નિહાળવું, એ જીવનનો મોટામાં મોટો લહાવો હતો.

ઓગસ્ટની પંદરમી તારીખ આવી અને ગઇ! એ દિવસ સદાને માટે આપણા સ્મરણપટમાં સુવર્ણાક્ષરે કોતરાયલો રહેશે!

અનુવાદક : પરમાનંદ

૧૬-૮-૪૭ ના ફ્રી પ્રેસ જર્નલમાંથી ઉધ્ધૃત.

એ પ્રેરણાદાયી પ્રવચન

(ઓગસ્ટની ચૌદમી તારીખની મધરાતનો એ સમય, દીલ્હીમાં મળેલી લોકપ્રતિનિધિ સભાની ભવ્ય બેઠક, જગત્ આખું જેની પ્રતીક્ષા કરી રહેલ હતું તે અપૂર્વ ઘડિ, લોકપ્રતિનિધિ સભાના પ્રમુખ બાબુ રાજેન્દ્રપ્રસાદ એ અપૂર્વ અવસરનું સાંગોપાંગ દર્શન કરાવતું પ્રતિભાપૂર્ણ પ્રવચન કરે છે, પંડિત જવાહરલાલ નહેરૂ એકત્ર થયેલા સભ્યોએ લેવાની પ્રતિજ્ઞા રજુ કરતાં અદ્‌ભુત વાણીસંયમથી શોભતું પ્રસંગોચિત વ્યાખ્યાન કરે છે, મોસ્લેમ લીગના પ્રતિનિધિ ચૌધરી ખલીકાઝમન તેમજ વ્યાખ્યાનવાચસ્પતિ શ્રી સર્વપલ્લી રાધાકૃષ્ન તેમનું સમર્થન કરે છે, રાત્રીના બરોબર બાર વાગે છે, શંખો ફુંકાય છે, દુંદુભિ વાગે છે, તોપો ફુટે છે, સ્વરાજ્યસ્થાપનાની જાહેરાત થાય છે, અને પ્રતિનિધિસભ્યો આજીવન દેશસેવા કરવાની પ્રતિજ્ઞા લે છે. સુચેતા કિરપલાણી 'સારે જહાંસે અચ્છા હિંદોસ્તાન હમારા' 'જનમન ગણમન અધિનાયક જય હે' ગાય છે અને સમારંભ પુરો થાય છે. આ ભવ્ય પ્રસંગનું સવિસ્તર વર્ણન, એ પ્રસંગે અપાયલાં પ્રૌઢતાપૂર્ણ રોમાંચપ્રેરક વ્યાખ્યાનો એ સર્વ અહિં આપવાનું–આ નાના પત્રમાં સમાવવાનું–અમો ગમે તેટલું ઇચ્છીએ તો પણ શકય નથી. તેથી પ્રસ્તુત પ્રસંગે બાબુ રાજેન્દ્રપ્રસાદે જે સર્વગ્રાહી પ્રવચન કર્યું હતું તેનો જ માત્ર અહિં અનુવાદ આપીને અગારે સંતોષ ધરવો પડે છે. તંત્રી)

કૃતજ્ઞતા નિવેદન

આપણા ઇતિહાસની આ યાદગાર ઘડિ કે જ્યારે દેશના રાજ્યવહીવટ માટેની સર્વ સત્તા આપણે હસ્તગત કરી રહ્યા છીએ ત્યારે આપણને પ્રાપ્ત થતી આઝાદી માટે જેણે જેણે જહેમત ઉઠાવી છે, અને દુઃખો સહન કર્યાં છે તે સર્વની સેવાઓ અને બલિદાનોનું આપણે કૃતજ્ઞતાપૂર્વક સ્મરણ કરીએ! આકરી કસોટીઓ અને ભયંકર યાતનાઓથી ભરેલા આ લાંબા વર્ષો દરમિયાન જેમણે આપણને ચાલુ પ્રેરણા અને દોરવણી આપી છે અને વૃધ્ધાવસ્થાની અસર નીચે દબાયલા હોવા છતાં, જે હજુ કરવાનું બાકી છે તે કાર્ય જેઓ પોતાની રીતે પુરું કરી રહ્યા છે તે આપણા વર્તમાન ઇતિહાસના નિર્માતા મહાત્મા ગાંધીજીને આ ઐતિહાસિક મંગળ પ્રસંગે આપણે વન્દન કરીએ! સાથે સાથે આપણે એ પણ કૃતજ્ઞતાપૂર્વક જાહેર કરીએ કે જો કે આજની સિદ્ધિ આપણે ભોગવેલી યાતનાઓ અને આપેલાં બલિદાનોને કાંઇ ઓછી આભારી નથી, એમ છતાં પણ દુન્યવી બળોએ તેમ જ આસપાસ બની રહેલી ઐતિહાસિક ઘટનાઓએ આવું સુખદ પરિણામ લાવવામાં ઓછો ભાગ ભજવ્યો નથી, એટલું જ નહિ પણ દુરંદેશી બ્રીટીશ રાજ્યકર્તાઓએ અને આગેવાનોએ દીર્ઘદૃષ્ટિ વાપરીને આપણને જે વચનો આપ્યાં હતાં તે વચનો આજે વાસ્તવિક સ્વરૂપે અમલી બની રહ્યાં છે અને બ્રીટીશ પ્રજાની લોકશાસનની ઐતિહાસિક પ્રણાલિ આજની ઘટનામાં મૂર્ત સ્વરૂપે પ્રગટ થઇ રહી છે. એ પ્રજાના પ્રતિનિધિ તરીકે બર્માના વાઇકાઉન્ટ માઉન્ટબેટન અને તેમનાં પત્ની કે જેમણે એક મહાન નાટકની આવી સુન્દર પૂર્ણાહુતિ નીપજાવવામાં ઘણો અગત્યનો ભાગ ભજવ્યો છે અને છેલ્લા દિવસો દરમિયાન જેમણે ઘણી જહેમત ઉઠાવી છે તે દંપતી-યુગલનું આજે આપણી વચ્ચે હોવું અત્યન્ત સુખપ્રદ છે. હિંદ ઉપરની અંગ્રેજ હકુમતનો આજે અન્ત આવે છે અને બ્રીટન સાથેનો હવે પછીનો આપણો સંબંધ પરસ્પર સદ્‌ભાવ પોષાય અને લાભદાયી નીવડે એવી સમાનતાની ભૂમિકા ઉપર સ્થપાય છે.

હિંદની વાસ્તવિક એકતા

આજનો દિવસ નિઃશંકપણે અતિ આનંદનો છે. પણ માત્ર એક વિચાર આજની સુખદ ઘટનાને આઘાત પહોંચાડે છે અને તે ઘટના પાછળ રહેલી આનંદમયતામાં ઉણપનો અનુભવ કરાવે છે. હિંદ જેને ઇશ્વરે અને કુદરતે એક બનાવ્યું છે, અને હજારો વર્ષની સંસ્કૃતિ, પરંપરા અને ઇતિહાસે પણ જેની એકતાનું સદા સમર્થન કર્યું છે તે હિંદના આજે ભાગલા પડે છે. આજે એક સીમાની બીજી બાજુએ એવા ઘણાયે છે જેઓ આપણી સાથે આ બાજુ જોડાયેલા રહેવાનું જરૂર પસંદ કરતે. તેમની પ્રત્યે આપણે દિલસોજી વ્યકત કરીએ, તેમના ત્રત્યેના આપણા મમત્વની તેમને ખાત્રી આપીએ અને ગભરાટ કે નિરાશા નહિ સેવતાં પોતાના પાડોશીઓ સાથે સુસ્નેહપૂર્વક શ્રધ્ધા અને ધૈર્ય ધારણ કરીને તેઓ રહે અને વફાદાર નાગરિકોના ધર્મો યોગ્ય રીતે બજાવીને પોતાનું યોગ્ય સ્થાન પ્રાપ્ત કરે એવો આપણી તરફથી તેમને સંદેશો પાઠવીએ. તે બાજુ આજે સ્થપાઇ રહેલા નવા સંસ્થાનને પણ આપણી શુભેચ્છાઓ પાઠવીએ અને નવા રાજ્યવહીવટની મુસ્કેલીઓને પહોંચી વળવાના અને ત્યાં વસતા સર્વ નાગરિકોને સુખી અને સમૃદ્ધ બનાવવાના વિકટ કાર્યમાં તેને પુરી સફળતા મળે એમ આપણે અન્તરથી ઇચ્છીએ. જેઓ આ ભાગલા પાડવાનો આગ્રહ સેવી રહ્યા હતા અને ભાગલા ઉભા કરવામાં જેઓ નિમિત્તભૂત બન્યા છે, તેઓ પણ હિંદની મર્મભૂત એકતાનો સ્વીકાર કરતા થાય અને આપણે બધા ફરી પાછા એકત્ર થઇએ એવો દિવસ જલ્દિ ઉગે એવી આપણે આશા રાખીએ મે પ્રાર્થના કરીએ. સાથે સાથે આપણે એ પણ બરોબર સમજી લેવું જોઇએ કે આ એકતા બળજોરીથી આવી નહિ શકે, પણ આપણા દિલને પુરેપુરું ઉદાર બનાવવા વડે જ અને જેઓ આપણાથી છુટા પડયા છે તેમને સાચો ધડો મળે એવી રીતે આ બાજુનો વહીવટ ચલાવીને જ આપણે ગુમાવેલી એકતા પુનઃ પ્રાપ્ત કરી શકીશું. આવી કલ્પના કોઇને એક તરંગસમાન લાગશે, પણ જેમણે ભાગલાની માગણી કરી તેમની કલ્પનાથી આ કલ્પના કાંઇ વધારે વિચિત્ર કે કઠંગી નથી અને સંભવ છે કે આજે આપણે કલ્પી શકીએ છીએ તે કરતાં પણ વધારે જલ્દિથી ઉપરનું અખંડ એકતાનું આપણું સ્વપ્ન વાસ્તવિકતામાં પરિવર્તન પામે.

હિંદનું ધ્યેય

આજનો દિવસ આનંદનો છે એ કરતાં પણ વધારે તો જે ભાવી હિંદનું આપણે સ્વપ્ન સેવી રહ્યા હતા તે હિંદના નિર્માણઅર્થે આપણી જાતને અર્પણ કરવાનો આ અવસર છે એ આપણે બરોબર સમજી લઇએ. ભૂતકાળ ઉપર ચોટેલી આપણી નજર ઉખેડીએ અને ભવિષ્ય ઉપર આપણી દૃષ્ટિ સ્થિર કરીએ. અન્ય પ્રજાઓ અને રાષ્ટ્રો સાથે આપણને કોઇ પણ તકરાર નથી. અને આપણી સાથે કોઇ કદિ કશો ઝગડો ન કરે એવી અપણે પ્રાર્થના કરીએ છીએ. ઇતિહાસ અને પરંપરાથી આપણે શાન્તિપ્રિય પ્રજા છીએ અને હિંદ આખી દુનિયા સાથે સુસ્નેહ શાન્તિથી વર્તવા ચાહે છે.

હિંદનું અન્ય દેશો ઉપરનું સામ્રાજ્ય બીજા સામ્રાજ્યો કરતાં ભિન્ન પ્રકારનું હતું. હિંદે અન્ય દેશો ઉપર વિજય મેળવ્યો હતો તે વિજય પૌદ્‌ગલિક નહોતો; આધ્યાત્મિક હતો. એ દિગ્‌વિજયે અન્ય પ્રજાઓ ઉપર લોઢાની કે સોનાની બેડીઓ લાદી નહોતી પણ અન્ય પ્રજાઓને અને અન્ય દેશોને સોનેરી રેશમની–સંસ્કૃતિ, અને સભ્યતાના–ધર્મ અને વિજ્ઞાનના–બંધન વડે બાંધ્યા હતા.

એજ પરંપરાને આજે પણ આપણે અનુસરીશું અને જે ધ્વજ નીચે આજે આપણે વિજયને પ્રાપ્ત કર્યો છે તે ધ્વજને ઉંચો રાખીને આ યુદ્ધવ્યાકુળ દુનિયામાં શાન્તિ અને સ્વતંત્રતાની સ્થાપના કરીશું અને જેણે અત્યુ અપૂર્વ પરિણામ સિદ્ધ કરી આપ્યું છે તે અહિંસાના શસ્ત્રનો વ્યવહાર આકાર દુનિયાના દેશો સમક્ષ રજુ કરીશું. આવા ઉદાત્ત ધ્યેય પાછળ આપણી નાની સરખી શક્તિનો ફાળો આપવા સિવાય આપણને અન્ય કોઇ મહત્વાકાંક્ષા નથી. હિંદને ભાવી દુનિયામાં ઘણો મોટો ભાગ ભજવવાનો છે. તેના પ્રાણ અને સંસ્કૃતિમાં એવું કાંઇક છે, જેને લીધે કાળના અનેક હુમલાઓ સામે તે આજ સુધી ટકી રહ્યું છે અને જો આપણે આપણા આદર્શ અને ભાવનાઓને વફાદાર પુરવાર થઇશું તો આજે એક એવા યુગનો ઉદય આપણે નિહાળી રહ્યા છીએ કે જેમાંથી નિઃશંક વિશ્વકલ્યાણવાહી પરિણામો નિપજશે.

આપણું સ્વરાજ્ય કેવું હશે?

આ દેશમાં આપણે એવા સંયોગો અને એવી પરિસ્થિતિ પેદા કરીશું, આપણને મળેલા સ્વરાજ્યનું એવું ઘડતર ઘડીશું કે જેના પરિણામે દરેક દેશવાસી સ્વતંત્ર બનશે, આત્મીય વિકાસ સાધી શકશે, અને પોતામાં રહેલી શક્યતાઓ પ્રગટ કરવા માટે તેને પુરેપુરો અવકાશ અને સગવડ પ્રાપ્ત થશે, જ્યારે દારિદ્રય, બેકારી, અજ્ઞાન અને અનારોગ્ય અદૃષ્ય થયાં હશે, જ્યારે નીચા અને ઉંચા વચ્ચેનો, ગરીબી અને તવંગર વચ્ચેનો, ભેદ લય પામ્યો હશે, જ્યારે પોતપોતાની ધાર્મિક માન્યતા જાહેર કરવાની, તેનો પ્રચાર કરવાની અને તે મુજબ વર્તવાની દરેકને પુરી છુટ હશે, એટલું જ નહિ પણ દેશના ધર્મો એકમેકને જુદા પાડનારા વિભેદક બળો તરીકે નહિ, પણ માણસ માણસ વચ્ચેના ભેદો શમાવનારા અને એકમેકને નજીક લાવનારા–સાંધનારા–સાંસ્કૃતિક બળો તરીકે કામ કરતા હશે, જ્યારે અસ્પૃશ્યના કોઇ ગ્લાનિ ઉપજાવતા રાત્રીસ્વપ્ન માફક ભુલાઇ ગયેલી વસ્તુ બની ગઇ હશે,

જ્યારે માનવીનાં હાથે ચાલતું માનવીનું શોષણ બંધ થયું હશે, જ્યારે હિંદના આદિવાસીઓ અને બીજી પછાત જાતો માટે ઉપરના વર્ગોને તેઓ પહોંચી વળે એવી સગવડો અને ખાસ ગોઠવણો ઉભી કરવામાં આવી હશે, જ્યારે આ ભૂમિ તેના લાખો માણસોને પુરૂં પડે એટલું ધાન્ય પકાવતી હશે એટલું જ નહિ પણ જ્યારે આ ભૂમિ ઉપર દુધની નદીઓ વહેતી થશે, જ્યારે સ્ત્રીઓ અને પુરૂષો સૌ કોઇ ખેતરોમાં અને કારખાનાઓમાં કામે લાગી ગયા હશે અને સૌ કોઈના મોઢા ઉપર આનંદ અને સંતોષનું હાસ્ય ખીલી ઉઠયું હશે, જ્યારે દરેક ઘર અને ઝુંપડું ગ્રામોદ્યોગના સંગીતથી ગુંજી ઉઠયું હશે અને કુમળી કન્યાઓ પણ જાતજાતના ઉદ્યોગોમાં રોકાયલી હશે અને એ સંગીતના નાદમાં ડોલવા લાગી હશે, જ્યારે સૂર્ય અને ચંદ્ર સુખપૂર્ણ વસતિસ્થાનો ઉપર અને સ્મિતશાલી મુખમુદ્રાઓ ઉપર ઉષ્ણ તેમજ શીતળ કિરણો વરસાવી રહેલ હશે!

આજનું આપણું કર્તવ્ય

આ બધું નિર્માણ કરવા માટે આપણને ભાવનાબળની, આદર્શદર્શનની, આત્મભોગની, જેટલી બુધ્ધિશકિત અને ધૈર્ય, જેટલી નિશ્ચયશકિત અને વ્યવસ્થાશકિત આપણે એકત્ર કરી શકીએ તે સર્વની આપણને જરૂર છે. આપણે ત્યાં ઘણા પક્ષો છે અને તે પક્ષો ભિન્ન ભિન્ન આદર્શ અને સમાજરચનાની કલ્પનાઓ ધરાવે છે. તે દરેક પક્ષ પોતપોતાની કલ્પના મુજબ દેશનું ભાવી ઘડવાનો અને પોતપોતાના દ્રષ્ટિબિન્દુને અનુરૂપ બંધારણ અને વહીવટી તંત્ર ઉભું કરવાનો પ્રયત્ન કરી રહેલ છે. આ પક્ષોને પોતાના અનુયાયીઓ તરફથી વફાદારીની અપેક્ષા રાખવાનો જરૂર હકક છે. એમ છતાં પણ આપણે સર્વેએ બરોબર સમજી લેવું તેમજ સ્વીકારવું ઘટે છે કે આજે આપણને સૌથી વધારે જરૂર છે મહાન રચનાત્મક પ્રયત્નની, નહિ કે ઝગડાની; સખત સંગીન કાર્યની, નહિ કે દલીલબાજીની અને આ દિશાએ સૌ કોઇ પોતપોતાનો ફાળો જરૂર આપશે એવી આપણે આશા રાખીએ. ખેડુત વધારે ધાન્ય ઉગાડે એમ આપણે માંગીએ છીએ; મજુરો વધારે માલ પેદા કરે એમ આપણે ઇચ્છીએ છીએ; ઉદ્યોગપતિઓ તેમની બુધ્ધિશકિત અને સાધનસમૃધ્ધિનો જનતાના ભલા માટે ઉપયોગ કરે એવી આપણે અપેક્ષા ધરાવીએ છીએ. સૌ કોઇને યોગ્ય અને આરોગ્યપૂર્ણ જીવનના સંયોગો પ્રાપ્ત થાય અને આત્મસુધારણા અને આત્મભાન માટે પુરો અવકાશ મળે—આ બાબતની આપણે સૌને પુરી ખાત્રી આપવી જોઇએ.

જે મહાન કાર્ય આપણા માથા ઉપર ઉભું છે તેની સાધના પાછળ લોકોએ પોતાની સર્વ શકિતઓ અર્પણ કરવાની છે, એટલું જ નહિ પણ જેમના હાથમાં દેશનું વહીવટી તંત્ર મુકાયલું છે અને જેઓ પ્રજાજીવનના શાસક અને નિયામક છે તેમણે સત્તાધારીનો રૂઆબ છોડીને પ્રજાના સાચા સેવકો બનવાનું છે. આપણા લશ્કરે દૂર દૂરના પ્રદેશોમાં બહાદુરી અને લડાયક કુશળતા માટે અમર ખ્યાતિ પ્રાપ્ત કરી છે. આપણા સૈનિકો, નાવિકો, અને વૈમાનિકોએ હવે સમજવાનું છે કે જેના ઉપર આપણને મળેલી આઝાદીની રક્ષા કરવાની જવાબદારી રહેલી છે એટલું જ નહિ પણ નવજીવનના નિર્માણકાર્યમાં પણ જેણે અનેક રીતે મદદરૂપ થવાનું છે એવા એક રાષ્ટ્રીય સૈન્યમાં પોતાની જાતને હવે પલટવાની છે. આપણા સૈન્યમાં એવું એક પણ અધિકારસ્થાન નથી કે જે આપણા લોકોને સુલભ ન હોય, અને એથી પણ વિશેષ આવકારદાયક બીના તો એ છે કે આપણા આખા સૈન્ય ઉપર હિંદીઓનું સર્વવ્યાપી પ્રભુત્વ સ્થપાય એ માટે મહત્વનાં સર્વ અધિકારસ્થાનો ઉપર હિંદીઓ જેમ બને તેમ જલ્દિથી ગોઠવાઇ જાય એવી અપેક્ષા રાખવામાં આવે છે. જુદા જુદા સરકારી ખાતાઓમાં નોકરી કરતા અધિકારીઓએ શાસક અને સત્તાધારી મટીને, અન્ય આઝાદ દેશોમાં છે તેમ, પ્રજાના સાચા સેવક બનવાનું છે. પ્રજાએ અને સરકારે તેમને પોતાનો વિશ્વાસ આપવાનો છે અને જે પ્રજા વચ્ચે રહીને તેમણે કામ કરવાનું છે તે પ્રજાના જીવનને અનુરૂપ વળતર અને સગવડો તે અધિકારીઓને મળે એ તેમણે જોવાનું છે.

જે રાજ્યો હિંદી યુનીયનમાં જોડાયા છે તેમને અમો આવકાર આપીએ છીએ અને તે તે રાજ્યની પ્રજા તરફ અમારો મૈત્રીભાવ જાહેર કરીએ છીએ. રાજામહારાજાઓને અમો જણાવીએ છીએ કે તેમની વિરૂદ્ધ અમારા દિલમાં કશી પણ પ્રતિકુળ કલ્પના કે યોજના નથી. અમો આશા રાખીએ છીએ કે તેઓ ઇંગ્લાંડના રાજાના દાખલાને અનુસરશે અને બંધારણીય શાસક બનવાનું પસંદ કરશે. છેલ્લા બે વિશ્વવિગ્રહો દરમિયાન જ્યારે યુરોપની કેટલીયે રાજ્યસંસ્થાઓ વિસર્જિત થઇ ચુકી છે ત્યારે જે રાજ્યસંસ્થા અનેક આઘાતોનો સામનો કરીને આજ સુધી ટકી રહી છે તે બ્રીટીશ રાજ્યસંસ્થાને પોતાના આદર્શ તરીકે સ્વીકારવાનું તેઓ પસંદ કરે એમ આપણે ઇચ્છીએ છીએ.

બ્રીટીશ સંસ્થાનોમાં અને અન્યત્ર વસવાટ કરી રહેલા હિંદીઓને અમો અમારી શુભેચ્છાઓ મોકલીએ છીએ અને તેમના સુખકલ્યાણની અમારા દિલમાં સતત કાળજી હોવાની ખાત્રી આપીએ છીએ. અમારી લઘુમતી કોમોને પણ અમો ખાત્રી આપીએ છીએ કે તેમના પ્રત્યે વ્યાજબી અને ન્યાયી વર્તાવ રાખવામાં આવશે અને તેમના હકકોને બધી રીતે સન્માનવામાં અને રક્ષવામાં આવશે.

આપણા માથા ઉપર અત્યારે સૌથી મોટી જવાબદારી તો હાલ ઘડાઇ રહેલું બંધારણ પુરૂં કરવાની છે. એ બંધારણ એવું હોવું જોઇએ કે જે દ્વારા સૌ કોઇને સ્વતંત્રતા અને સ્વાધીનતાની પુરી પ્રતીતિ મળે, એટલું જ નહિ પણ એ સ્વતંત્રતાનાં મીઠાં ફળો આપણે સૌ જલ્દિ પ્રાપ્ત કરીએ અને ભોગવતા થઇએ. આ બંધારણ ઘડવાનું કામ આપણે જેમ બને તેમ જલ્દિથી પુરૂં કરવું જોઇએ કે જેથી જેના વિષે આપણે સૌ ગૌરવ ચિન્તવી શકીએ એવા આપણા પોતાના બનાવેલા બંધારણ નીચે જીવવાનું અને કાર્ય હાથ ધરવાનું આપણે શરૂ કરી શકીએ. એ બંધારણનું રક્ષણ કરવું અને આપણા ચિરસ્થાયી કલ્યાણ માટે અને જગતની સેવા અર્થે તેને ટકાવી રાખવું એ આપણા પરમ ગૌરવ અને ઉત્કૃષ્ટ અધિકારનો વિષય લેખાવો જોઇએ.

એ બંધારણ ઘડવામાં આપણે સ્વાભાવિક રીતે બીજા દેશોના અને પ્રજાઓના અનુભવનો તેમજ આપણી પરંપરા અને આસપાસના સંયોગોને લગતા જ્ઞાનનો પુરેપુરો લાભ ઉઠાવીશું અને સંભવ છે કે કોઇ કોઇ ઠેકાણે વર્તમાન ઇતિહાસે નકકી કરેલી રેખાઓની આપણને અવગણના કરવી પડે અને પ્રાંતોની જ માત્ર નહિ પણ અધિકાર અને સત્તાસ્થાનોની પણ આપણે નવી સીમાઓ નિર્માણ કરવી પડે. આપણું ધ્યેય એવું બંધારણ ઘડવાનું છે કે જે દ્વારા જનતાની ઇચ્છા વ્યકત થઇ શકે તેમજ તે ઇચ્છા મુજબ રાજકીય અમલની રચના થઇ શકે અને તે દ્વારા વ્યકિતસ્વાતંત્ર્ય સુરક્ષિત બને એટલું જ નહિ પણ બહુજનકલ્યાણ સાથે તે વ્યકિતસ્વાતંત્ર્યનો સુમેળ સાધવામાં આવે તેમજ તેને આધીન કરવામાં આવે.

આજ સુધી આપણને આઝાદી સર કરવાની અને તે ખાતર તરેહ તરેહના સંકટો વેઠવાની અને બલિદાનો આપવાની પ્રતિજ્ઞા લેવી પડતી હતી. હવે એવો વખત આવ્યો છે કે જ્યારે આપણે બીજા પ્રકારની પ્રતિજ્ઞા લેવાની રહે છે. કોઇ એમ કલ્પી ન લે કે કાર્ય કરવાનો અને આત્મભોગ આપવાનો સમય પુરો થયો છે અને આઝાદીનાં મીઠાં ફળો ભોગવવાનો સમય આવી પહોંચ્યો છે. આપણે એ બરોબર ધ્યાનમાં રાખીએ કે ભવિષ્યમાં ઉત્સાહની

અને નિસ્વાર્થ કાર્ય કરવાની તાકાતની આવશ્યકતા પહેલાં કોઇ કાળે હતી એથી વધારે કદાચ નહિ તો એટલી તો ઉભેલી છે જ. જે મહાન ધ્યેય આપણું આહ્વાહન કરી રહેલ છે તેના ચરણે આપણે ફરીથી આપણી જાતનું સમર્પણ કરવાનું છે. કાર્ય મહાન છે, સમય સર્વથા અનુકુળ છે. આપણે પ્રાર્થના કરીએ કે એ કાર્યને પહોંચી વળવા માટે આવશ્યક બળ, શાણપણ અને ધૈર્ય આપણામાં સદા પ્રગટતાં રહે.

અનુવાદક : પરમાનંદ.

એ અપૂર્વ ઘટના

ગાંધીજી પહેલા પણ નોવાખલી જઇ આવેલા અને કેટલોક સમય ત્યાંની જનતા વચ્ચે પસાર કરી આવેલા. ગાંધીજી ત્યાં હતા તે વખત દરમિયાન ત્યાં કાંઇક શાન્તિ, કાંઇક સ્વસ્થતા, કાંઇક રાહત જેવું દેખાતું હતું. પણ ત્યાંથી પાછા ફરવા બાદ એ પ્રદેશોના જે અહેવાલો આવતા હતા તે ઉપરથી ગાંધીજીના આ પ્રવાસનો કશો જ અર્થ નથી–ગુંડાગીરીને ધરાહારપૂર્વક વરેલા લોકોને કોઇ ઠેકાણે લાવવા સમર્થ નથી–એ પ્રદેશોમાં હિંદુ-મુસલમાનો વચ્ચે એકતા થવાની આશા રાખવી એ કેવળ આકાશકુસુમવત્ છે એમ આપણને લાગતું હતું. પણ આ નિરાશા અને અશ્રધ્ધા આપણી હતી. ગાંધીજી તો કાશ્મીરનો કાર્યક્રમ પુરો થયો કે નોવાખલી જવા માટે રીધા ચાલી નીકળ્યા. હિંદના લોકો ઓગસ્ટની ૧૫ મી તારીખની–આવતી આઝાદીના ભવ્ય ઉદ્યાપનની–તૈયારી કરી રહ્યા હતા. ગાંધીજી બંગાળા તરફ જતાં ન દીલ્હી રોકાયા–ન આગામી આનંદસમારંભમાં પોતાનું પ્રમુખસ્થાન સંભાળવાની તેમણે લેશ માત્ર પરવા કરી. ઓગસ્ટની દશમી તારીખે તેઓ કલકત્તા પહોંચ્યાં. કલકત્તા કોમી રમખાણોનાં વાદળોથી ઘેરાયેલું હતું. લુંટફાટ, મારામારી, આગ, બેબંબ-વૈર પ્રતિવૈરની સાઠમારીઓ કલકત્તાને આવરી રહી હતી. ગાંધીજી કલકત્તા પહોંચ્યા તે દિવસે અને પછીના દિવસે સેંકડોની સંખ્યામાં લોકો ધવાયા હતા અને કેટલાય માણસો મૃત્યુશરણ બન્યા હતા. ૧૩મી તારીખે કલકત્તા શહેરના રમખાણવિસ્તારોમાં ગાંધીજીએ લગભગ પચ્ચાસેક માઇલનો પ્રવાસ કર્યો. ૧૩મી તારીખે બપોરના ભાગમાં ગાંધીજીએ કલકત્તાના પરાન ખુણામાં આવેલા બેલીઆઘાટના તોફાનગ્રસ્ત વિસ્તારમાં એક મુસલમાનના મકાનમાં વસવાટ કર્યો. આ વખતના શાન્તિકાર્યમાં તેમને સહકાર આપતા શ્રી. સુહરાવર્દી પણ તેમની સાથે જ હતા. બેલીઆઘાટમાં હિંદુ-મુસલમાનની મિશ્ર વસ્તી છે. તાજેતરમાં આ વિસ્તારમાં સૌથી વધારે તોફાનો થયાં હતાં. ગાંધીજી ત્યાં પહોંચ્યા બાદ હિંદુ યુવાન છોકરાઓ બહુ મોટી સંખ્યામાં ત્યાં એકત્ર થયા અને 'મહાત્મા ગાંધી પાછા જાવ', 'સુહરાવર્દી પાછા જાવ' એવા પોકારો જોરશોરથી કરવા લાગ્યા. તેમના પ્રતિનિધિઓએ ગાંધીજીને પૂછ્યું કે "ગઇ સાલ ઓગસ્ટની ૧૬મી તારીખ પછી જ્યારે હિંદુઓનાં મકાનોમાં આગ ભભુકી રહી હતી ત્યારે તમે અમારી પાસે કેમ ન આવ્યા?" ગાંધીજીએ તેમને ઘણું સમજાવ્યા પણ તેમનો ઉકળાટ શમ્યો નહિ. બહાર ઉભેલા ટોળાએ બળપૂર્વક કોમ્પાઉન્ડના દરવાજા ખોલી નાંખી અંદર પ્રવેશ કર્યો અને પથ્થર-મારો શરૂ કર્યો. ગાંધીજીના ઓરડાની બાજુના બંડની બારીઓના કાચ તુટી ગયા. ગાંધીજીએ ટોળાને જણાવ્યું કે "મારી ભૂલની મને તમે જો ખાત્રી કરાવી આપશો તો હું અહિંથી જરૂર ખસી જઇશ, પણ જો તમે તોફાન કરશો તો હું તમને કહું છું કે તમે માત્ર મારા જીવ વિનાના બોળીઆને જ અહિંથી ખસેડી શકશો."

આ હતી ઓગસ્ટ માસની ૧૩મી તારીખની પરિસ્થિતિ. ગાંધીજીએ તો પોતાનું કાર્ય અણનમ ચાલુ રાખ્યું. જ્યાં ત્યાં અપમાન અને હડધુતીના પોકારો સંભળાયા કરતા હતા. એમ છતાં સામાન્ય જનતા ઉપર ગાંધીજીના પ્રવાસની કાંઇક અસર પડી રહી હોય એવાં ચિહ્નો દૃષ્ટિગોચર થઇ રહ્યા હતાં. લોકોના દિલમાં વહેમ, ભય, અવિશ્વાસ ભરેલાં હતાં. ૧૪મી તારીખની રાત્રે એ અરાજકતાગ્રસ્ત પ્રદેશમાં વસતા લોકો મારફાડથી થાકેલા, કિંકર્તવ્યમૂઢ બનેલા–આવતીકાલ કેવી પડશે તેની જાણે કશી પણ સુઝ પડતી ન હોય એવી સ્તબ્ધતા દાખવી રહ્યા હતા. આની પાછળ વળી પાછું બીજું કશું તોફાન આવવાનું હશે એવા તર્કવિતર્કો વડે સૌ કોઇને બેચેન બનાવતી નિરવ શાન્તિ ચોતરફ પથરાઇ રહી હતી. રાત્રીના પોણાબાર વાગ્યા બાર વાગ્યા, સવા બાર વાગ્યા અને એ નિરવ શાન્તિનો એકાએક અન્ત આવ્યો. જાણે કે કોઇ જાદુઇ અસર નિપજી ચુકી હોય તેમ હિંદુઓ અને મુસલમાનોનાં સંખ્યાબંધ ટોળાંઓ એક બીજાની નજીક આવવા લાગ્યાં; એકમેકને મળ્યાં, ભેટયાં અને કોઇ રીતે છુટા ન પાડી શકાય એવી રીતે એકમેકમાં ભળી ગયાં. સાધારણ રીતે આવા ટોળાંઓ બાટલીઓ, બોંબો અને છરાઓ વડે એકમેકનું સ્વાગત કરતા હતા તેને બદલે પુલહાર, અભિનન્દન, ધન્યવાદ, નમસ્કાર, સલામ અને આલિંગનોનાં જ્યાં ત્યાં દર્શન થવા લાગ્યાં. હિંદુઓ અને મુસલમાનો સાથે મળીને નાચવા લાગ્યા, કુદવા લાગ્યા. તેમણે ભેગા થઇને સરઘસો કાઢયા, 'જય હિંદ', 'હિંદુ મુસલમાન એક હો',ના ગગનભેદી પોકારો વડે આખા શહેરને ગજાવી મુક્યું. ગઇ કાલના તોફાનકેન્દ્રો ૧૫મી તારીખની સવારે આનંદસમારંભનાં મથકોમાં પલટાઇ ગયાં. તે દિવસથી આજ સુધીમાં કલકત્તામાં બન્ને કોમો વચ્ચે ભાઇચારો વધતો જ ચાલ્યો છે. કોઇ પણ સ્થળે એક પણ અઘટિત બનાવ બનવા પામ્યો નથી. મહોલ્લે મહોલ્લે ગાંધીજીની પ્રાર્થનાસભાઓ ગોઠવાય છે. એ પ્રાર્થનાસભા હિંદુ લતામાં હોય કે મુસલમાની લત્તામાં–હજરેની સંખ્યામાં હિંદુઓ અને મુસલમાનો એકઠા થાય છે, 'મહાત્મા ગાંધીજીની જય'. 'હિંદુ મુસલમાન એક હો' 'ઇનકીલાબ ઝીન્દાબાદ' આવા પોકારોથી ગગનને ગજવી મુકે છે. ગાંધીજીનું કલકત્તાની જનતા સર્વત્ર અણકલ્પ્યું બહુમાન કરે છે, તેમને પુરી શાન્તિ અને આદરથી તેઓ સાંભળે છે, અને ગઇ કાલનું જંગલીપણું તેમને શરમાવી રહ્યું હોય એવી નમ્રના દીનતાભર્યા વદને એકમેકને નિહાળે છે અને ગુમાવેલી મહોબ્બત પાછી એકાએક પ્રગટી ઉઠી હોય એમ પરસ્પર ઉમળકાથી ભેટે છે અને એકમેકનું અભિનન્દન કરે છે. ગઇ કાલનો કટ્ટર વિરોધી લેખાતો સુહરાવર્દી પણ આજે ગાંધીજી સાથે રહીને કોમી એકતાનું આન્દોલન ચોતરફ પુરા વેગમાં વહેતું કરે છે. આઝાદીના આનંદમાં અને કોમી એકતાના ઉલ્લાસમાં આખું કલકત્તા નિમગ્ન બની ગયું છે. આ રીતે અસૂંભવિત વાસ્તવિક બન્યું છે; અશકય લેખાતી ઘટના શકય બની છે. આઝાદીના ઔપચારિક ઉત્સવથી દૂર ભાગતા ગાંધીજીએ આ રીતે સાચી આઝાદીનું જગતને દર્શન કરાવ્યું છે. આવી અણધારી રીતે સંધાયલી એકતાના ભવ્ય દર્શનથી ગાંધીજી કૃતકૃત્યતા અનુભવી રહ્યા છે અને આ કમનસીબ દેશમાં છિન્નભિન્ન થયેલી કોમી એકતાને પુનર્જીવિત કરવાના ભગીરથ કાર્યમાં પોતે જરૂર સફળતાને પામશે એવી શ્રધ્ધા ગાંધીજી અનુભવી રહ્યા છે,

ઓગસ્ટની દશમીથી પંદરમી તારીખ–એ છ દિવસોમાં કલકત્તાનગરની કાયા તે કેવી કાયા-પલટ? ૧૧ મી તેમજ ૧૨ મી તારીખો દરમિયાન તો કલકત્તામાં કોમી દાવાનળ પુરજોસમાં સળગી રહ્યો છે. ૧૩મી તારીખે ગાંધીજીના નિવાસસ્થાન ઉપર લોકોનું ગાંડું ટોળું હુમલો કરી રહ્યું છે અને ગાંધીજીના જીવનને જોખમાવી રહ્યું છે. ૧૪મી તારીખે કોમી વીજવાદળમાં ઓટ આવતી લાગે છે. એ જ દિવસની મધરાતે આકાશને ઘેરી

રહેલાં અમંગળ વાદળો એકાએક ઓસરી જાય, વાવાઝોડું શમી જાય અને નિર્મળ સ્વચ્છ આકાશમાં તારાઓ ચમકવા લાગે અને ચંદ્રની ધવળ રોશની વસુંધરાને આનંદ-ઉલ્લસિત બનાવી મુકે તેવી રીતે લોકોના દિલ ઉપરથી ઘર કરી બેઠેલો વેરઝેરનો ભાર એકાએક ઉતરી જાય છે, પ્રેમ અને મહેબ્બતનાં ઝરણાં ફુટે છે અને ગઈ કાલના દુશ્મનો આજે ભાઇ ભાઇ માફક ભેટે છે! આ તે કેવો અજબ પલટો? શત્રુઓ મિત્ર બન્યા! અશાન્તિ હતી ત્યાં શાન્તિ સ્થપાણી! બોંબ ફેંકાતા હતાં ત્યાં પુષ્પોનો વરસાદ વરસ્યો! જ્યાં ગમગીની અને ગ્લાનિ હતી ત્યાં આનંદ અને ઉલ્લાસ વહેતો થયો! દેવોને પણ દુર્લભ એવું દૃશ્ય આપણે આજે કલકત્તામાં બનતું જોયું.

લોકમાનસમાં આવું અદ્‌ભુત પરિવર્તન આટલા અલ્પ સમયમાં શી રીતે નિપજવા પામ્યું? આ એક મોટો પ્રશ્ન છે. બંગાળાના ભાગલા પડવા, કલકત્તાનું પશ્ચિમ બંગાળામાં અન્તર્ગત થવું, પ્રધાનમંડળમાં પાયાનો પલટો આવવો, મુસલમાનોને બદલાયલી પરિસ્થિતિનું પુરું ભાન થવું અને તેમની સાન ઠેકાણે આવવી, ઓગસ્ટની ૧૫મી તારીખે દેશભરમાં આઝાદીની પ્રાણપ્રતિષ્ઠા થવી-આવાં અનેક કારણોએ ઉપર વર્ણવેલું પરિવર્તન પેદા કરવામાં મહત્વનો ભાગ ભજવ્યો હોય એ સંભવિત છે. પણ ગાંધીજી કલકત્તા આવ્યા ન હોત તો આવો ચમત્કારિક પલટો આટલી જલ્દિથી કોઇ કાળે આવ્યો ન હોત. આ સર્વ પ્રતાપ છે ગાંધીજીની ક્રિયમાણ, વીર્યવાન નિર્ભયતાયુકત, સાહસપૂર્ણ અહિંસાનો. ગાંધીજીના હાથે નિપજેલા અનેક ચમત્કારોમાં આ ચમત્કાર સૌથી મોટો છે, અદ્‌ભુત છે. આમ છતાં પણ આ અપૂર્વ ઘટનાનો ઉલ્લેખ કરતાં ગાંધીજી 'હરિજનબંધુ'માં પોતાની સ્વાભાવિક નમ્રતા મુજબ જણાવે છે કે "આને ચમત્કાર કહીએ કે અકરમાતું? આ ભાઇચારાને ગમે તે નામ આપીએ, એટલું સાફ છે કે મને જે યશ ચારેમેરથી આપવામાં આવે છે તે મુદ્દલ બરાબર નથી. ત્યારે શહીદ સાહેબને? એ પણ બરાબર નથી લાગતું. કોઇ એક બે માણસનું આ કામ નથી. ઇશ્વરના હાથમાં આપણે બધા રમકડાં છીએ; તે નચાવે તેમ નાચીએ છીએ. વધારેમાં વધારે આપણે એટલું જ કરી શકીએ કે તેના નાચમાં વિરોધ ન કરીએ, પણ તેને વશ રહીએ. આ પ્રમાણે તો એટલું જ કહેવાય કે આ ચમત્કારમાં તેણે અમને એહને વાપર્યા અને વાપરી રહેલ છે. ભારે સારૂં તો એટલું જ ઉમેરૂં કે બચપણથી જે ચીજનું સ્વપ્નું સેવ્યું છે તે શું હવે ઉતર અવસ્થામાં ખરૂં પડશે? જોશું શું થાય છે.

"જો ઇશ્વર ઉપર પુરી શ્રદ્ધા રાખીએ તો જે બની રહ્યું છે તે નથી ચમત્કાર, નથી અકરમાત. એવી જાતના બનાવો બન્યા છે કે જેથી હિંદુ-મુસલમાન ભેળા થવા તૈયાર થઇ ગયા હતા. તેવામાં અમે બે આવી ચડયા ને યશના ભાગી બન્યા.

"અત્યારે તો મને બીલકુલના આરંભના દિવસો યાદ આવે છે. તે વખતે તો નવું જ હતું. વળી બીલકુલ અને સ્વરાજ્યરૂપી આદર્શો હતા. આજે તો એવું કાંઇ નથી. ઝેરના પ્યાલા પીધા છે એટલે આ બાઇચારારૂપી અમૃતના પ્યાલા બહુ મીઠા લાગવા જોઇએ ને એ પીતાં કદી થાક જ ન લાગવો જોઇએ."

પાતંજલ યોગદર્શનનું સુવિખ્યાત સૂત્ર છે. अहिंसाप्रतिष्ठायाम्। वैरत्यागः અહિંસાની જ્યાં પ્રતિષ્ઠા થાય છે ત્યાં વૈરવૃત્તિ વિલય પામે છે. આ સૂત્રનું કલકત્તાની આ અપૂર્વ ઘટનાએ અનુપમ દૃષ્ટાન્ત પુરું પાડયું છે અને અહિંસા વિષે ઓસરતી જતી શ્રદ્ધાને નવું જીવન આપ્યું છે. ગાંધીજીનું જીવન એ અહિંસા અને સત્યનું એક મહાકાવ્ય છે. એ મહાકાવ્યનું આ પ્રકરણ જેટલું રોમાંચકારી છે તેટલું જ પેરણાદાયી છે. પદે પદે ગાંધીજી નૂતનયુગનું નિર્માણ કરી રહ્યા છે. શ્રી ક. મા. મુનશી કહે છે કે ગાંધીયુગ હવે ખતમ થયો છે. અને નહેરૂયુગ શરૂ થયો છે. સંભવ છે કે દેશ હવે સ્વાધીન બન્યો છે અને રાજ્યવહીવટનાં સર્વ સત્તાસ્થાનો હવે આપણે સંભાળવાના છે એ રીતે વિચારતાં પ્રમુખ અધિકારસ્થાનોની વહેંચણીની દૃષ્ટિએ ગાંધીયુગ કદાચ ખતમ થયો હોય અને નહેરૂયુગ શરૂ થયો. હોય પણ હિંદનું સાચું ઉન્નતિકરણ અને વિશ્વની કલ્યાણ સાધનાની દૃષ્ટિએ ગાંધીયુગ હજુ સંપૂર્ણાંશે જીવન્ત છે. આથમતા ગાંધીયુગમાં કલકત્તાની અદ્યતન ઘટના કોઇ કાળે સંભવે જ નહિ.

ધરમાનંદ

વડવાનળ અને શાન્ત સુધાકર

આધુનિક હિંદના બે શક્તિસ્વામીઓઃ એક કાયદે આઝમ ઝીણા અને બીજા મહાત્મા ગાંધીજી-તેમાંથી એકે પોતાની હિંસાત્મક અને અસત્યપ્રચૂર કાર્યનીતિ વડે હિંદના ભાગલા કરાવ્યા, પાકીસ્તાન ઉભું કર્યું, અને એ પાકીસ્તાનના સિંહાસન ઉપર પોતે આરૂઢ થયા. બીજાએ અહિંસા અને સત્યાગ્રહના માર્ગે પ્રજાને સ્વરાજ્ય સાધી આપ્યું અને એમ છતાં એ સ્વરાજ્યના સરનશીન થવાને બદલે નોવાખલીના અરણ્ય તરફ પોતાની કુચ શરૂ કરી દીધી. એક પાકીસ્તાન ઉપર સ્થપાયલા પ્રભુત્વમાં જીવનની કૃતકૃત્યતા અનુભવે છે; અન્ય આજે હિંદમાં નિર્માણ પામતા સ્વરાજ્યનું સ્વરૂપ નિહાળી ખિન્ન બને છે અને એ સ્વરાજ્યના નિર્માતાને લોકો સન્માનવાને અસાધારણ આતુરતા સેવી રહ્યા છે તેની સર્વથા ઉપેક્ષા કરીને નોવાખલીના હતાશ હિંદુઓને બળ આપવા, તેમનામાં આશા અને નિર્ભયતાનો સંચાર કરવા, તેમના દુઃખ અને કમનસીબીના સહભાગી બનવા, આપણાથી દૂર દૂર જઇ રહેલ છે. એક છે કેવળ સત્તામૂર્તિ; બીજો છે સેવામૂર્તિ. એક છે સર્વ આસુરી શક્તિઓનો કેન્દ્રીભૂત આત્મા; અન્ય છે દૈવી સંપત્તિનો અધિષ્ઠાતા. એક છે મને તેટલો મોટો પણ રાગદ્વેષથી ભરેલોઃ પામર માનવી; બીજો છે દેખાવે નાનો અને સ્વભાવે અતિ નમ્ર છતાં ઇશ્વરના અવતાર સમો, પયગંબરોની પરંપરાનો વારસદાર સાધુચરિત સંત. તેને માન અપમાનની કોઇ પરવા નથી; કોઇ સત્તાનો તેને લોભ નથી; જીંદગીભરના સાથી સહવાસીઓનો તેને કશો મોહ નથી. ત્રસ્ત, પિડિત, પદદલિત માનવીઓની અકલ્પ્ય યાતનાઓ કાને સાંભળીને, નજરે નિહાળીને, સામયિકોમાં વાંચીને તે બેચેન બેહાલ બનેલ છે. હિંદના પાટનગર દીલ્હીથી તે થાકે છે, ત્રાસે છે, ભાગે છે, ત્રસ્ત લોકોની વહારે જાય છે. તેમની વચ્ચે રહેવું, તેમની વચ્ચે ફરવું અને તેમની વચ્ચે મરવું-આજ તેમના દીલની આજની તમન્ના છે. પૂર્વ બંગાળની લઘુમતી કોમને કેમ સ્થિર કરૂં, તેમની મુંઝવણો કેમ ઓછી કરૂં, પશ્ચિમ પંજાબના હિંદુઓને કેમ સ્વસ્થ કરૂં, વાયવ્ય પ્રાન્તની લઘુમતીની અકળામણ કેમ દૂર કરૂં-આજ તેમના દિલની આજે લગની છે.

કેટલાક પ્રશ્ન પૂછે છે કે આવે વખતે ગાંધીજી આપણા આગેવાનોને દોરવણી આપવાનું છોડીને નોવાખલી તરફ કેમ ભાગે છે? આમ પૂછનારા ગાંધીજીને ઓળખતા નથી, ગાંધીજીની મર્મભેદી વ્યથાને સમજતા નથી. અપાર યાતનાઓ અને અત્યાચારોની કથાઓ સાંભળીને ઉકળી ઉઠેલા આત્માને એ ઉકળાટની ભૂમિમાં જઇને વસવા સિવાય બીજી કોઇ રીતે શાન્તિ મળે તેમ નથી એ તેઓ જાણતા નથી. "તમે ડાહ્યા માણસો તમને ઠીક પડે તેવું, બંધારણ ઘડો, યોગ્ય લાગે તેવા આકારનું સ્વરાજ્ય ઉભું કરો તેમાં આજે મને કાંઇ રસ નથી. મારૂં દિલ નોવાખલી, પંજાબ અને વાયવ્ય પ્રાન્તના પાયમાલ બનેલા પીડિત, ત્રસ્ત અને ઘરબાર વિનાના કુટુંબોમાં છે, મને ત્યાં જવા સિવાય બીજી કોઇ રીતે નિરાંત વળે તેમ નથી. તેમને આજની

નિર્માલ્ય દશામાંથી કેમ ઉંચે લાવું, તેમનામાં આત્મવિશ્વાસ શી રીતે ઉભો કરૂં, નિર્ભયતાનો શી રીતે સંચાર કરૂં એ જ મારા દિલની બળતરા છે." આવું જ કાંઇક ગાંધીજીનો આત્મા આજે પોકારી રહ્યો હોય એમ ભાસે છે.

આમ એક મહામાનવ પશ્ચિમ પ્રદેશોનો શહેનશાહ બને છે; અન્ય મહામાનવ પૂર્વ પ્રદેશની પ્રજાનો ચરણકિંકર બને છે. એકનું પ્રભુત્વ ઐહિક સત્તા અને પશુબળ ઉપર નિર્ભર બન્યું છે; અન્યનું પ્રભુત્વ આધ્યાત્મિક ભાવના અને અપાર અનુકંપા ઉપર નિર્માયલું છે. એકે એક હતા તેને બે કર્યા છે; અન્યે અનેકને એક બનાવ્યા છે અને આજે પણ તુટેલું સાંધવા પાછળ, ઘવાયલું રૂઝવવા પાછળ, ભેદાયલું સુયોજિત કરવા પાછળ પોતાની સર્વ શક્તિઓ અને પ્રાણને ખરચી રહેલ છે.

હિંદમાં આવીને ગાંધીજી સાબરમતીના સત્યાગ્રહ આશ્રમમાં સ્થિર થયા હતા; ૧૯૩૦–૩૨ ની લડતમાં ધાર્યું ધ્યેય સિદ્ધ ન થયું અને તેથી પોતાની પ્રતિજ્ઞા મુજબ એ આશ્રમને તેમણે વિખેરી નાંખ્યો અને વર્ધા ખાતે સેવાગ્રામમાં આવીને તેઓ વસ્યા. કોમી હત્યાકાંડોએ અને કલ્પનાતીત અત્યાચારોએ તેમને આકુળ-વ્યાકુળ બનાવી દીધા. સેવાગ્રામને ફેંકી દઇને આજે અગોચર પ્રદેશોમાં, પ્રતિકુળ વાતાવરણમાં, પરાયી બનેલી વસ્તીમાં તેઓ પગલાં માંડી રહ્યા છે. નિર્ભયત્વ અને કરૂણાનો આવો દાખલો ભાગ્યે જ અન્યત્ર જોવા કે સાંભળવા મળશે.

નામદાર ઝીણા મૂળ મુંબઇવાસી. કેટલાક સમયથી તેઓ લગભગ દીલ્હીવાસી બન્યા હતા અને ત્યાં બેઠા બેઠા દ્વેષ મત્સર અને વૈરઝેરનો વરસાદ વરસાવ્યે જતા હતા અને કોમ કોમ વચ્ચે કંકાસ, કલહ, મારામારી, કાપાકાપીનાં બીજો વાવ્યે જતા હતા. તેમાંથી પાકીસ્તાન મૂર્ત રૂપે ઉગી ઉઠ્યું. તે પાકીસ્તાનની લાણી કરવા તેઓ હવે કરાંચી સિધાવ્યા છે. મહત્ત્વાકાંક્ષા, સત્તાલોભ, સરમુખત્યારી તેમને જ્યાં લઇ ગઇ ત્યાં તેઓ ગયા છે. આમ તેમણે પણ ઉતરોત્તર સ્થળાન્તરો જ કર્યા છે. પણ એકના સ્થળા-ન્તરમાં અને બીજાના સ્થળાંતરમાં કેટલો બધો તફાવત છે? જેટલો ફરક રાત્રી અને દિવસમાં છે, અમાવસ્યા અને પૂર્ણિમામાં છે, ગ્રીષ્મ અને વર્ષામાં છે, હુતાશનિ અને દીવાળીમાં છે, એક બાજુએ અંધકાર અને સત્તા પ્રિયતામાં અને બીજી બાજુએ નમ્રતા અને વિશ્વબંધુત્વમાં છે તેટલો જ ફરક આ બન્ને મહામાનવોની પ્રકૃતિમાં અને તેમના વિચાર, વાણી અને વર્તનમાં છે.

આમાંથી એક ઇસ્લામી સંસ્કૃતિનો પ્રતિનિધિ છે અને અન્ય હિંદુ સંસ્કૃતિનો પ્રતિનિધિ છે એમ કહેવું યોગ્ય નથી. ઇસ્લામી સંસ્કૃતિમાં અહિંસા ઉપર જોઇએ તેટલો ભાર મૂકવામાં આવ્યો નહિ હોય, પણ શ્રી ઝીણાની પ્રચારનીતિ અને કાર્યપદ્ધતિ જે અસત્યના ચાલુ અવલંબન ઉપર રચાયલી છે તે અસત્યને ઇસ્લામી સંસ્કૃતિમાં કોઇ મહત્વનું સ્થાન આપવામાં આવ્યું છે એમ કહી નહિ શકાય. ઇસ્લામના પયગંબર મહમદ સાહેબ અહિંસાવાદી નહોતા એ ખરૂં, પણ તેમની સત્યનિષ્ઠા વિષે બે મત હોવા સંભવ નથી. વિશ્વબંધુત્વ એ તો ઇસ્લામનો પાયો છે. એવી જ રીતે અહિંસા અને સત્ય ઉપર ભાર મૂકતી હિંદુ સંસ્કૃતિ અસ્પૃશ્યતાના કલંકથી અને ઉચ્ચ નીચની ભાવનાથી આરપાર દુષિત થયેલી છે. વળી પૂરાણકાળથી માંડીને આજ સુધીના ઇતિહાસમાં ઝીણાની આસુરી સમા હિંદુ માનવપુંગવો નહિ જ મળે અથવા તો ગાંધીજીની આસુરી સમા મુસલમાન સન્તો નહિ જ મળે એમ નહિ કહેવાય. શ્રીમદ્ ભગવદ્ગીતામાં આસુરી સંપત્તિ અને દૈવી સંપત્તિનાં કેટલાંક લક્ષણો આપવામાં આવ્યા છે તે લક્ષ્યમાં લેતાં ઝીણા આસુરી સંપ-ત્તિના સ્વામી છે અને ગાંધીજી દૈવી સંપત્તિના સ્વામી છે એમ આપણે કહી શકીએ. આ રીતે એક આસુરી સંસ્કૃતિનો પ્રતિનિધિ બનેલ છે, અન્ય દૈવી સંસ્કૃતિનો પ્રતિનિધિ છે એમ કહેવામાં આપણે

જુનાગઢ

હિન્દની રાષ્ટ્રીય એકતાના વિરોધી બે મુખ્ય તત્વો હતા. એક મુસ્લીમ લીગ અને બીજું દેશી રાજાઓ. બન્નેનાં બીજ અંગ્રેજોએ વાવ્યા હતા અને બન્નેને અંગ્રેજોનું પોષણ હતું. મુસ્લીમ લીગની માગણી અંતે કબુલ કરવી પડી અને હિન્દના ભાગલા થયા. દેશી રાજાઓના જે કાંઇ કોલકરાર હતા તે હિન્દી સરકાર સાથે હતા. ઇસ્ટ ઇન્ડીયા કંપની કે બ્રીટીશ સરકાર સાથે તે હોય તો પણ હિન્દી સરકાર તરીકે હતા. પણ પોતાની શાહીવાદી નેમ પુરી પાડવા અને ફાટફુટ પાડી રાજ્ય કરવાની નીતિ અનુસાર ૧૯૨૦ માં બટલરકમીટી નીમી એક તુત અંગ્રેજ સરકારે ઉભું કર્યું કે દેશી રાજાઓના કોલકરાર હિન્દી સરકાર સાથે નહિ પણ બ્રીટીશ તાજ સાથે છે. આ તુતને ૧૯૩૫ ના ગવર્મેન્ટ ઓફ ઇન્ડીયા એકટમાં કાયમ કર્યું અને વાયસરોય અને તાજના પ્રતિનિધિ એવી બે પદવી સ્વકારી દેશી રાજાઓને તાજના પ્રતિનિધિ સાથે જોડયા. ૧૯૪૨માં ક્રીપ્સમીશન અને ૧૯૪૬માં કેબીનેટ મીશન સમયે આ નીતિ ચાલુ રહી. ૧૯૪૭ માં બ્રીટનમાં મજુરસરકાર આવતાં આ નીતિ કાંઇક બદલાઇ, પણ તેમને જે વારસો મળ્યો હતો તે ફેરવી ન શકયા અને હિન્દની એકતા રાખવી જરૂરી છે તે ભાન થયું તો પણ મુસ્લીમ લીગની માંગણી સ્વીકારવી પડી અને બ્રીટીશ સત્તા જતાં દેશી રાજાઓ સ્વતંત્ર છે એમ સ્વીકારવું પડયું. આમાનાં કોઇ રાજ સ્વતંત્ર હતા નહિ અને આજની દુનિયામાં સ્વતંત્ર રહી શકે તેમ નથી એ નિર્વિવાદ હકીકત છે. તેથી હિંદ સ્વતંત્ર થતાં, બ્રીટીશ સરકારે એમ જાહેર કર્યું કે દેશી રાજ્યો સ્વતંત્ર થાય છે પણ તેમણે એક અથવા બીજા ડોમીનીયનમાં જોડાવું પડશે. બ્રીટન સાથે સીધો સંબંધ રાખવા કેટલાક રાજાઓએ પ્રયત્નો કરી જોયાં પણ તેમાં નિષ્ફળ ગયાં. સ્વતંત્ર રહેવાનાં કેટલાકે પ્રયત્નો કરી જોયાં અને કેટલાકના પ્રયત્નો હજી પણ ચાલુ છે, પણ પરિસ્થિતિ વિચારતાં એક બે રાજ્યો સિવાય બીજાં બધાં એક અથવા બીજા ડોમીનીયનમાં જોડાવા તૈયાર થયા. કયા ડોમીનીયનમાં જોડાવું તેનો નિર્ણય કરવાનો અધિકાર જાણે રાજાને જ હોય અને તેમાં પ્રજાનો કાંઇ અવાજ ન હોય તેવી રીતે કેટલાક રાજાઓ વર્તી રહ્યા છે. કયા ડોમીનીયનમાં જોડાવું તેનો નિર્ણય મનસ્વી

લેશમાત્ર અત્યુક્તિ કરતા નથી. આ આસુરી સંસ્કૃતિ એટલે જેમાં સાધ્ય તેમ જ સાધનની વિશુદ્ધિનો કોઇ ખ્યાલ ન હોય, ચોક્કસ સાધ્ય નક્કી કર્યા બાદ કોઇ પણ સાધનો વડે એ સાધ્ય સિદ્ધ કરવું એ જ એકાન્ત નીતિનો જેના પાયામાં સ્વીકાર હોય, જેને સત્ય અહિંસાની કશી કીંમત ન હોય, ઐહિક મહત્તા અને સત્તા એ જ જેના આરાધ્ય દેવતા હોય. અને દૈવી સંસ્કૃતિ એટલે કે સાધ્ય અને સાધનની સંપૂર્ણ વિશુદ્ધિ, સત્ય અને અહિંસાનું નિરપવાદ અવલંબન, આત્મવિલોપન અને જનકલ્યાણની સાધના એ જ જેની મુખ્ય વૃત્તિઓ. ઇતિહાસમાં જે પરંપરા સીકંદર, અને સીઝરથી શરૂ થઇ છે અને આધુનિક કાળમાં નેપોલીયન, કૈસર, મુસોલીની, અને હીટલરમાં મૂર્તિમન્ત થઇ છે એ જ પરંપરાના કાયદેઆઝમ ઝીણા વારસદાર છે. બીજી બાજુએ રામ, બુધ્ધ, મહાવીર, સોક્રેટીસ અને ઇશુખ્રીસ્તની જગવિખ્યાત પરંપરાને શોભાવનાર મહાત્મા ગાંધી છે. હિંદ અનેક વૈચિત્ર્યોને નિર્માણ કરતો દેશ છે. આવી બે મહાન પરસ્પરવિરોધી માનવશક્તિઓ એક જ કાળે એક જ દેશમાં પાકે, પરસ્પરના સંઘર્ષણમાં આવે, એક સ્વોપાર્જિત પાકીસ્તાનમાં સિંહા-સનારૂઢ બને, અન્ય સ્વોપાર્જિત સ્વરાજ્યમાંથી સ્વેચ્છાએ નિર્વાસિત બની પૂર્વ બંગાળાના અરણ્યમાં જઇને વસે–આ કાંઇ ઓછું ગૂઢ વૈચિત્ર્યનિર્માણ નથી. આની પાછળ કોઇ ઇશ્વરી લીલા હોય તો તે ખરેખર અગાધ છે!

પરમાનંદ.

રીતે કોઇ રાજ્ય કરી શકતો નથી. ભૌગોલિક, આર્થિક, રાજકીય, સાંસ્કારિક સંબંધો અને પ્રજાનો અભિપ્રાય લક્ષમાં લઇને જ આ નિર્ણય થાય એ ખુલ્લી વાત છે. લોર્ડ માઉન્ટબેટને ખૂબ આગ્રહપૂર્વક રાજાઓને આવી સલાહ આપી અને એકંદરે રાજાઓનો મોટો ભાગ ડહાપણ વાપરી હિન્દી યુનીયનમાં જોડાયો. પણ બધા મુસલમાની રાજાઓનું વલણ જુદા જ પ્રકારનું માલુમ પડયું. હૈદ્રાબાદથી માંડીને નાના નાના બાંટવા કે માણાવદર સચીન કે ખંભાત જેવા રાજ્યના રાજવીઓ પણ ઉઘાડા સત્યને અવગણી કાંઇક રમતો રમવા માંડયાં બધા મુસલમાન રાજાઓનું આ વલણ કોઇ અકસ્માત ન હતું. એ કોઇ યોજનાનું પરિણામ હોય તેમ લાગ્યા વિના રહે નહિ. હિન્દી યુનીયનમાં જોડાવા માટે સબળ અને અનિવાર્ય કારણો જેને છે તેવા મુસલમાન રાજાઓ પણ રાહ જોઇ રહ્યા. કેટલાક છેવટ જોડાયા, બીજાઓ હજી પણ સંદેહભર્યું વલણ રાખી રહ્યા છે. તેમાં જુનાગઢના નવાબે પહેલ કરી. અને પાકીસ્તાનમાં જોડાવાનો પોતાનો નિર્ણય જાહેર કર્યો.

જુનાગઢના નવાબ મુસલમાન છે તે એક હકીકત સિવાય પાકીસ્તાનમાં જોડાવાનું જુનાગઢને કોઇ કારણ કે [illegible] નથી. વસ્તી ૮૨ ટકા હિન્દુ છે અને તેનો મત સુવિદિત છે. ભૌગોલિક આર્થિક રાજકીય સામાજીક અને સાંસ્કારીક દ્રષ્ટિએ જુનાગઢ રાજ્ય કાઠીયાવાડનું અવિભાજ્ય અંગ છે. આ રાજ્યનો પ્રદેશ હિન્દુ, જૈન અને બૌધ્ધ ત્રણે ધર્મોના મહાન અને પ્રાચીન તીર્થક્ષેત્રોની પવિત્ર ભૂમિ છે. ભગવાન કૃષ્ણચંદ્રની ભૂમિ છે, નેમ-રાજુલની ભૂમિ છે, અશોકના ધર્મસ્તંભોની ભૂમિ છે, ભગવાન સોમનાથનું ધામ છે, નરસિંહ મહેતાનું નિવાસસ્થાન છે.

ત્યારે જુનાગઢના નવાબે પાકીસ્તાનમાં જોડાવાનો નિર્ણય કેમ કર્યો? હૈદ્રાબાદ પણ જે નથી કરી શકયું તે જુનાગઢ જેવાં નાના રાજ્યે કરવાની હીંમત કેમ કરી? જુનાગઢનો આ નિર્ણય જુનાગઢની પ્રજાનો અને કાઠીયાવાડની પ્રજાનો દ્રોહ છે, વિશ્વાસઘાત છે. ૧૧ મી એપ્રીલે જુનાગઢે જાહેર કર્યું કે કાઠીયાવાડની એકતામાં જુનાગઢ માને છે અને કાઠીયાવાડને એક એકમ બનાવવાની યોજના તેની પાસે છે. આ જાહેરાતનું ૨૨મી એપ્રીલ અને ૬૫મી મે-એમ બે વખત ફરીથી જાહેર રીતે ગેઝેટમાં બહાર સમર્થન કર્યું અને જુનાગઢ તથા કાઠીયાવાડની પ્રજાને ખાત્રી આપી. આવી જાહેરાતોની અવગણના કરીને જુનાગઢે એકાએક પાકીસ્તાતમાં જોડાવાનો નિર્ણય જાહેર કર્યો. આ નિર્ણય જુનાગઢના નવાબનો નિર્ણય નથી. આ નિર્ણય મી૦ મહમદઅલી ઝીણાનો છે. આ નિર્ણયના ગંભીર અને હિંદવ્યાપી પરિણામો મી૦ ઝીણાના લક્ષ્ય બહાર ન હોય. હિંદુસ્તાનની ધરતી ઉપર પગપેસારો કરવાનો અને હિંદની સંરક્ષણ-હરોળ અને દરિયા કીનારો ભેદવાનો આ માર્ગ છે. જે ઘોરણે હિંદના ભાગલા મુસ્લીમ લીગે માગ્યા અને આપણે સ્વીકાર્યા તે ઘોરણની આમાં સંપૂર્ણ અવગણના છે. મુસલમાનની બહુમતીવાળો પ્રદેશ મુસલમાન રાજ્યમાં રહે, જેથી હિન્દુ મુસ્લીમ વચ્ચે શાન્તિ રહે એ સિદ્ધાંતે પાકીસ્તાનને જન્મ આપ્યો. પણ હીટલર પેઠે મી. ઝીણાની મહત્વકાંક્ષાને કોઇ મર્યાદા નથી. હિન્દુઓ અને હિન્દુસ્તાનની શકિત માપવાને તેમણે આ પગલું ભર્યું છે. જુનાગઢ પાકીસ્તાનમાં જોડાય તે પ્રશ્ન માત્ર જુનાગઢની પ્રજાનો નહિ, માત્ર કાઠિયાવાડનો નહિ પણ સમસ્ત હિન્દનો છે. બે રાજ્યો વચ્ચેનો એ પ્રશ્ન છે. મી૦ ઝીણાની દાનત સાફ હોત તો જુનાગઢના નવાબ એવકુરીથી પાકીસ્તાનમાં જોડાવા જાય તો પણ મી૦ ઝીણાએ સાફ કહેવું જોઇએ કે અમો જુનાગઢને પાકીસ્તાનમાં લઇ શકતા નથી.

હિન્દી સંઘે, આ સંબંધે જે કાંઇ પગલાં લેવા જોઇએ તે તો તે લેશે જ, પણ જુનાગઢ અને કાઠીયાવાડની પ્રજાનો તો એ ધર્મ થઇ પડે છે કે જુનાગઢના નવાબનો આ નિર્ણય કોઇ પાને અમલમાં આવવા દેવો નહિ. જુનાગઢના નવાબ અને પાકીસ્તાનની સરકાર કેટલી હદે જવા તૈયાર છે તે જોવાનું રહે છે. સંભવ છે કે પ્રજાશકિત અને સંગઠન મજબૂત હશે તો તેઓ પીછેહઠ કરશે. પણ જરાપણ નબળાઇ દેખશે તો પોતાનું બળ અજમાવશે. કાઠીયાવાડના બીજા રાજવીઓનો પણ પોતાની પ્રજા અને રાજ્યના રક્ષણ માટે જુનાગઢના નવાબના આ નિર્ણયનો પોતાની શકિત વાપરી વિરોધ કરવાનો ધર્મ છે. રાજવીઓ પોતાના આ ધર્મમાં ચૂકશે તો સંભવ કે જુનાગઢના નવાબ પ્રજાને એક નવો જ માર્ગ બતાવશે અને સમસ્ત રાજવીસંસ્થાનો નાશ નોતરશે, પ્રજા આ અધર્મ કોઇ વાતે સાંખી શકશે નહિ. હિન્દુસ્તાનમાં વસતા મુસલમાનો શાન્તિથી રહેવા ઇચ્છતા હોય અને હિન્દી સંઘને અનેક વફાદારીની જે ખાત્રીઓ હવે તેઓ આપે છે તે શુદ્ધ દાનતની હોય તો તેમણે અને જુનાગઢના મુસલમાનોએ જુનાગઢના નવાબને સ્પષ્ટ કહેવું જોઇએ કે જુનાગઢ કોઇ પણ સંજોગોમાં પાકીસ્તાનમાં જોડાઇ શકતું નથી.

ચીમનલાલ.

સંઘ સમાચાર

આઝાદી ઉદ્યાપન

તા. ૧૫-૮-૪૭ શુક્રવારના રોજ સવારે ૮॥ વાગે શ્રી મહાવીર જૈન વિદ્યાલયની વ્યાખ્યાનશાળામાં સ્વાતંત્ર્યદિન નિમિત્તે શ્રી મુંબઇ જૈન યુવક સંઘના સભ્યોનું એક સ્નેહસંમેલન ગોઠવવામાં આવ્યું હતું. મુંબઇની ધારાસભાના પ્રમુખ શ્રી કુંદનમલજી ફીરોદિયા પ્રમુખસ્થાને બીરાજ્યા હતા. પ્રારંભમાં બહેનોએ 'જનમનગણ આધિનાયક જય હે!' ગાઇ સંભળાવ્યું. ત્યાર બાદ શ્રી પરમાનંદ કુંવરજી કાપડીઆએ શ્રી કુંદનમલજી ફીરોદિયાને આજે સમસ્ત રાષ્ટ્રને પ્રાપ્ત થતી સ્વતંત્રતાનું રહસ્ય સમજાવવા અને તે અંગે આપણને પ્રાપ્ત થતા કર્તવ્યનો ખ્યાલ આપવા વિનંતિ કરતાં રાષ્ટ્રીયતાની દૃષ્ટિએ અન્ય જૈન સંસ્થાઓની અપેક્ષાએ શ્રી મુંબઇ જૈન યુવક સંઘની વિશિષ્ટતા રજુ કરી હતી અને સંઘના મુખપત્ર 'પ્રબુધ્ધ જૈન'ના પાને પાને આઝાદીની તમન્ના આલેખાયલી છે અને તેથી આજનો દિવસ શ્રી મુંબઇ જૈન યુવક સંઘની દૃષ્ટિએ અતિ મહત્વનો છે અને એ કારણે જ સંઘ તરફથી આજનું સંમેલન ગોઠવવામાં આવ્યું છે એમ જણાવ્યું હતું. ત્યાર બાદ શ્રી કુંદનમલજી ફીરોદીઆએ આજના દિવસની અપૂર્વતા, ૨૦૦ વર્ષની ગુલામી બાદ દેશમાં થતી સ્વાતંત્ર્યની પ્રતિષ્ટા, હિંદના ગ્લાનિજનક ભાગલા, બંગાળા અને પંજાબનું દુઃખદાયી વિભાગીકરણ, આઝાદીના જનક ગાંધીજીની મહત્તા, ગાંધીજી અને મહાવીરસ્વામી-ઉભયે મૂકેલો અહિંસા ઉપરનો ભાર, સ્વાતંત્ર્યસિધ્ધિ દ્વારા પ્રગટ થતો અહિંસાનો વિજય, વૈરભાવ વિરૂધ્ધ સંયમ, મન વાણી અને કર્મની નિગ્રહની આદરણીયતા, લાહોર અમૃતસરમાં પ્રજ્વલિત થયેલા કોમી દાવાનળની ભયાનકતા, આજની ક્ષણે સુલેહ શાંતિની પરમ આવશ્યકતા, રાજકીય આઝાદીના અનુષંગમાં આર્થિક તેમજ સામાજિક આઝાદીની અનિવાર્ય અગત્યતા,-આવી અનેક બાબતો પોતાના પ્રવચન દ્વારા ચર્ચી હતી. એ પ્રવચન પુરું થતાં શ્રી. કુંદનમલજી ફીરોદીયાનો શ્રી. વેણુબહેન કાપડીઆએ આભાર માન્યો હતો. ત્યારબાદ 'વન્દે માતરમ્' ગવાયું હતું અને ત્યારબાદ પ્રસંગોચિત અલ્પાહાર પીરસવામાં આવ્યો હતો. આ પ્રસંગે ભગિનીસમાજ તરફથી ચાલતા સેવામંદિરની હરિજન બહેનોએ કેટલાંક રાષ્ટ્રગીતો સંભળાવીને સભાનું મન રંજિત કર્યું હતું. આ સમારંભ હરિજન બહેનોના આગમનથી સવિશેષ સાર્થક બન્યો હતો.

* * *

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિની એક સભા તા. ૨૩-૮-૪૭ શનિવારના રોજ મળી હતી, જે પ્રસંગે સદ્‌ગત

શ્રી છોટુભાઇ કોરા અને શ્રી. જેઠાલાલ રામજી વિષે નીચે જણાવેલા શોકપ્રસ્તાવો સાદર પસાર કરવામાં આવ્યા હતા, અને આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન શ્રી. મુંબઇ જૈન યુવક સંઘ તરફથી ચાલતું શ્રી. મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાંચનાલય પુસ્તકાલય અને પ્રબુધ્ધ જૈનના ચાલુ ખર્ચમાં પુરવણી થાય તે હેતુથી રૂા. ૨૫, ૫૦, ૧૦૦ ની પહોંચપુકો તૈયાર કરાવવાનું અને તેમાં એકત્ર થાય તે રકમ એ બન્ને પ્રવૃત્તિઓને સરખા ઉપર ભાગે વહેંચી આપવાનું ઠરાવવામાં આવ્યું હતું. ઉપર નિર્દેશેલા શોકપ્રસ્તાવો નીચે મુજબ હતા:-

સદ્‌ગત છોટુભાઈ કોરા વિષે શોકપ્રસ્તાવ

શ્રી છોટુભાઇ કોરાના અકાળ અવસાન પરત્વે શ્રી મુંબઈ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિ અત્યન્ત ખેદની લાગણી પ્રદર્શિત કરે છે. તેઓ શ્રી મુંબઇ જૈન યુવક સંઘના સભ્ય હતા. તેમનું જીવન મોટા ભાગે સેવાપરાયણ હતું. રાષ્ટ્રની આઝાદી ખાતર તેમણે અવારનવાર જેલવાસ ભોગવ્યો હતો. ખાદી, ગ્રામોદ્યોગ, હરિજનસેવા, આદિવાસીઓનો ઉધ્ધાર, મજુરસંઘ-આ સર્વ તેમની પ્રિય પ્રવૃત્તિઓ હતી. તેમનું જીવન સાદું અને પવિત્ર હતું. તેમના અવસાનથી રાષ્ટ્રને એક સાચા મુંગા કાર્યકર્તાની મોટી ખોટ પડી છે. તેમના પવિત્ર આત્માને સંઘની કાર્યવાહક સમિતિ પરમ શાન્તિ ઇચ્છે છે.

સદ્‌ગત જેઠાલાલ રામજી વિષે શોકપ્રસ્તાવ

શ્રી જેઠાલાલ રામજીના અવસાનથી શ્રી મુંબઇ જૈન યુવક સંઘને જલ્દિ ન પુરાય એવી ખોટ પડી છે. શ્રી મુંબઇ જૈન યુવક સંઘની સર્વ પ્રવૃત્તિઓમાં તેમને ખુબ રસ હતો અને સંઘને તેઓ અનેક રીતે મદદ કરતા હતા. માંગરોળ શહેરની તેમજ મુંબઇમાં વસતા માંગરોળવાસીઓની તેમણે અનેકવિધ સેવાઓ કરી હતી. સ્થાનકવાસી જૈન સંઘને પણ તેમની અનેક સેવાઓનો લાભ મળ્યો હતો. સાથે સાથે તેઓ ચુસ્ત રાષ્ટ્રવાદી હતા; હરિજનકાર્યમાં તેઓ ખુબ રસ ધરાવતા હતા. તેઓ શ્રીમાન છતાં સાદા હતા અને જૈન ધર્મમાં ઉંડી શ્રદ્ધા ધરાવતા હતા. તેમનો સ્વભાવ સરળ હતો અને રપષ્ટવકતૃત્વ તેમની વિશેષતા હતી. પાછળનાં વર્ષોમાં તેઓ મોટા ભાગે આત્મલક્ષી જીવન જીવતા હતા. તેમના અવસાન પરત્વે સંઘની કાર્યવાહક સમિતિ ઉંડા શોકની લાગણી પ્રદર્શિત કરે છે અને તેમના આત્માને પરમ શાન્તિ ઇચ્છે છે.

સભ્યોનાં ચઢેલાં લવાજમો

સંઘના જે સભ્યોનાં લવાજમો હજુ વસુલ થયા નથી તેમને સૌને પુર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન પોતપોતાનાં લવાજમો ભરી દેવા ખાસ વિનંતિ કરવામાં આવે છે. ભાદરવા વદ ૦)) સુધીમાં જેમનાં લવાજમ વસુલ ન થયા હોય તેઓ આપોઆપ સભ્ય તરીકે રદ થાય છે એ ધ્યાનમાં રાખીને ચઢેલાં લવાજમો ભરી આપવામાં કોઇ સભ્ય પ્રમાદ ન દાખવે એટલી વિનંતિ છે.

પર્યુષણ વ્યાખ્યાનમાળા

આ જ અંકમાં અન્યત્ર જણાવવામાં આવ્યું છે તે મુજબ પર્યુષણ વ્યાખ્યાનમાળા તા. ૧૧-૯-૪૭ ગુરૂવારથી સવારના ૮॥ વાગે વીઠ્ઠલભાઇ પટેલ રોડ ઉપર આવેલ આનંદભુવનમાં ચાલુ ક્રમ અનુસાર શરૂ કરવામાં આવશે. આ વખતે પંડિત સુખલાલજી, કેદારનાથજી, કાકાસાહેબ કાલેલકર, ન્યાયમૂર્તિ હરસિધ્ધભાઇ દીવેટીઆ, શ્રી. વીઠ્ઠલદાસ જેરાજાણી, શ્રી ઇન્દુમતી બહેન ચીમનલાલ, ડો. હરિપ્રસાદ દેસાઇ, પંડિત બેચરદાસ, ડો. બુલચંદજી, શ્રી શીરીન ફ્રેજદાર, શ્રી મગનભાઇ દેસાઇ, શ્રી કાકુભાઇ, શ્રી મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ વગેરે વિદ્વાન વકતાઓ પોતાની વિદ્વત્તા અને અનુભવનો લાભ આપશે એવી અમને આશા છે. છેવટનો કાર્યક્રમ હજુ હવે નકકી થવાનો છે.

સંઘને મળેલી આર્થીક મદદો

સ્વાતંત્ર્યપ્રાપ્તિના આનંદમાં શ્રી. દીપચંદ લક્ષ્મીચંદ સંઘવીએ રૂા. ૧૫૧ નો ચેક સંઘને યોગ્ય લાગે તેવી સંઘની પ્રવૃત્તિઓમાં વાપરવા માટે મોકલી આપ્યો છે, જેમાંથી રૂા. ૫૦) પ્રબુદ્ધ જૈનને, રૂા. ૫૦ પર્યુષણ વ્યાખ્યાનમાળાને, અને રૂા. ૫૧) શ્રી. મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાંચનાલય પુસ્તકાલયને આપવાનું સંઘની કાર્યવાહક સમિતિએ ઠરાવ્યું છે. એ જ નિમિત્તે શ્રી. મુળચંદ હીરજી તરફથી રૂા. ૫ ની રકમ સંઘને ભેટ મળી છે.

શ્રી. વ્રજલાલ ધરમચંદ સ્મારક ફંડમાં રૂા. ૨૨૮૦-૧૦-૦ એકઠા થયા હતા. આ ફંડમાં શ્રી. વીરચંદ પાનાચંદની કંપની તરફથી રૂા. ૧૦૦ તથા શ્રી. શાન્તિલાલ મનસુખલાલ તરફથી રૂા. ૧૫ ભેટ મળ્યા છે. **મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ**

પ્રકીર્ણ નોંધ

વરસાદે નીપજાવેલી લીલાલહેર

વર્ષાઋતુના દિવસો ઉપર દિવસો વરસાદ વિનાના વહે જતા હતા. વૈશાખ જેઠની ગ્રીષ્મ અધિક શ્રાવણ સુધી લંબાઇ રહી હોય અથવા તો વચમાંથી વર્ષાઋતુ લુપ્ત થઇ ગઇ હોય અને ભાદ્રપદ આશ્વિનની શરદ ઋતુ શરૂ થઈ ગઇ હોય એવું નિરભ્ર આકાશ દેખાતું હતું અને ઉકળાટ દિવસ રાત સૌ કોઇને અકળાવી રહ્યો હતો અને સાયંકાળની સંધ્યા પણ ઓસરી ગયેલી વર્ષાને જાણે કે સૂચવતી હતી. સમુદ્રનું સ્વરૂપ પણ એટલું જ શાન્ત, સ્થિર, ઉર્મિવિહોણું દૃષ્ટિગોચર થતું હતું. આવી પરિસ્થિતિમાં આગામી ભયાનક દુષ્કાળ સિવાય બીજું કશું પણ નજરે પડતું. નહોતું. કલ્પના પણ એજ વિચારો વડે કંપતી હતી. ઓગસ્ટની ૧૫ મી તારીખ લોકોએ-જનતાએ-પુરા દમામથી ઉજવી, પણ ઉપરના આનંદ પાછળ સૌ કોઇના દિલને ઉંડે ઉંડેથી એક જ ચિન્તા બાળી રહી હતી કે આમને આમ વરસાદ નહિ આવે તો આપણું સર્વનું થશે શું ?

ઓગસ્ટની ૧૫મી ગઇ, ૧૬મી પસાર થઇ અને ૧૭ મીના રોજ આકાશનું સ્વરૂપ બદલાવા લાગ્યું, વાદળાઓ આકાશમાં ઉભરાવા લાગ્યાં અને વરસાદની શરૂઆત થઇ. મુંબઇ, ગુજરાત, કાઠિયાવાડની તરસી ધરતીને પાણી મળ્યું, ધરાઇ ધરાઇને પીએ એટલું પાણી મળ્યું, અને કરમાતા છોડોમાં, વનરાજી બીજોમાં નવા પ્રાણ આવ્યા. વિધાતાની એક પીંછી ફરી વળી અને આખું દૃષ્ય બદલાઇ ગયું. દુષ્કાળનો ભય દૂર થયો, ખાવા ધાતી ધરતી લીલીછમ બની ગઇ અને આખી સૃષ્ટિ ઉપર મનોહર હાસ્ય ફૂટી નીકળ્યું.

કાળની ગતિ અકળ છે! પંદર દિવસ પહેલાં કેવી નિરાશા અને મુંઝવણ હતી! આજે ચોતરફ કેવી પ્રફુલ્લતા વરસી રહી છે, અને કોઇ ભયંકર આફતમાંથી આપણે ઉગરી ગયા હોઇએ એવી નિરાંત આપણ સર્વને પ્રોત્સાહિત કરી રહી છે.

પંજાબમાં ફાટી નીકળેલા કોમી જવાળામુખી

વિધાતાના નિર્માણવૈચિત્ર્યનું આ છે એક ચિત્ર. હવે એથી તદ્દન ઉલટા પ્રકારનું નિર્માણ પામતા અન્ય ચિત્ર તરફ આપણે નજર દોડાવીએ. ઓગસ્ટની પંદરમીએ આખી પ્રજામાં એક અવનવી ચેતના પ્રગટાવી અને આપણા દિલમાં ભાત ભાતની આશાઓ ચેતાવી. આનંદ ઉન્માદના અભૂતપૂર્વ આંદોલનમાંથી આખું રાષ્ટ્ર પસાર થયું. કલકત્તામાં એકાએક અણધારી રીતે પસરેલી કોમી શાન્તિએ આ આનંદ, ઉલ્લાસ અને આશાઓમાં ઓર વધારો કર્યો. હવે સુખ, શાન્તિ અને સમૃદ્ધિના દિવસો નજીક આવે છે એવી પ્રતીતિએ આપણ સર્વને બે ઘડિ આનંદ-મૂર્છિત કર્યા. એવામાં પંજાબના કલ્પનાતીત હત્યાકાંડો શરૂ થયા અને આપણો સર્વ આનંદ, ઉલ્લાસ ઓસરી ગયો. પંજાબમાં બની રહેલી

દારૂણ ઘટનાઓ આપણાથી કહી જતી નથી, સહી જતી નથી, કલ્પના કરતાં પણ કંપારી છુટે છે, આપણાં રૂંવેરૂંવાં ખડાં થાય છે. એક બાજુ કલકત્તામાં ગાંધીજીની બળવાન પ્રેરણા નીચે કોમી એકતાની ભવ્ય ઈમારત ઉભી થઈ રહી હતી અને અહિં થયું છે એવું બધેય થશે, અને આપણે ભાઈઓ પાછા એક થઈશું, અને હિંદુસ્તાન પાકીસ્તાનના ભેદો બહુ જલ્દિથી ભુંસાઈ જશે એવી આશાઓનો અત્યન્ત સુખપ્રદ સંચાર આપણા દિલમાં અનુભવી રહ્યા હતા. બીજી બાજુએ ભૂતકાલનું કલકત્તા, નોવાખલી, બીહાર, વાયવ્ય પ્રાન્ત–બધાંને ભુલવાડી દે એવી વ્યાપક કતલબાજી, લુંટફાટ, અત્યાચારો, ધાર્મિક આક્રમણો પંજાબપ્રાન્તને ચોતરફથી ઘેરી વળેલ છે. આ આંધીના નિર્માતા કેવળ મુસલમાનો છે એમ નથી. આ તો વૈર પ્રતિવૈરનાં તાંડવો ખેલાઈ રહ્યાં છે. હિંદુઓ અને શિખો પણ આમાં સામેલ છે. કુટુંબોનાં કુટુંબો કપાઈ રહ્યાં છે; કરોડોની મીલકતો ફના થઈ લહી છે; રાજ્યવહીવટ અસ્ત પામ્યો છે; ગુંડાગીરી અને ખુની માનસે આખા પ્રાન્તનો કબજો લીધો છે. જ્યારે ગાંધીજીનાં અહિંસક બળો કલકત્તાના સ્મશાનમાં સ્વર્ગ સરજી રહ્યાં છે. ત્યારે અને તેજ ઘડિએ ઝીણા અને મોસ્લેમ લીગે વહેતા મૂકેલાં પીશાચી બળો પંજાબના સ્વર્ગને સ્મશાનમાં પલટાવી રહ્યા છે, એટલું જ નહિ પણ ઝીણાના પાકીસ્તાનને, નહેરૂના હિંદી યુનીયનને અને આખા રાષ્ટ્રની આઝાદીને જોખમાવી રહ્યા છે. આ બધું આપણે દૂર બેઠાં બેઠાં જોવાતું રહ્યું, સાંભળવાતું રહ્યું, બળવાતું રહ્યું. આવો ઉકળાટ, આવી વેદના, આવી માનસિક યાતના કદિ કોઇ કાળે અનુભવી નહોતી. આવા હત્યાકાંડો કદિ કોઇ કાળે સાંભળ્યા નહોતા, કલ્પ્યા નહોતા.

પશ્ચિમ પંજાબમાં શ્વે. મૂ. સમાજના જાણીતા આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિ શિષ્યસમુદાય સાથે ગુજરાંવાળામાં વસે છે. આવી જ રીતે બીજા પણ કેટલાક સ્થાનકવાસી સાધુઓ તેમ જ ઉભય સંપ્રદાયની સાધ્વીઓ પણ એ બાજુએ જ ચાતુર્માસ કરી રહેલ છે. આ સૌનું શું થયું હશે તે કોણ કહી શકે? સર્વવ્યાપી હત્યાકાંડે તેમને પણ ભરખી નહિ લીધા હોય એવી ચિન્તાથી આખો જૈન સમાજ આકુળવ્યાકુળ બની રહ્યો છે. કલેટા અને બીહારના ધરતીકંપથી પણ વધારે ભયંકર અને અનર્થજનક માનવસમાજનો આ પ્રકંપ છે. માનવતાનું આથી વધારે મોટું દીવાળું–વિધાતાને પણ એ ઘડિ રતબ્ધ બનાવી દે તેવું–બીજું કયું હોઇ શકે? માનવી ખરેખર હેવાન બન્યો છે!

સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહ

આ અંકમાં બાજુના પાના ઉપર જણાવ્યા મુજબ સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહના શરૂ કરેલા ફંડમાં આજ સુધીમાં રૂા. ૧૦૩૦૨૩ ભરાયા છે. આ સર્વ એ સંસ્થાના એક ટ્રસ્ટી શ્રી મણિલાલ મોકમચંદ શાહ અને તેમના મદદનીશોના પ્રયાસનું ફળ છે. તેમણે હજુ બીજા રૂા. ૯૭૦૦૦ એકઠા કરવાના રહ્યા. જે ધગશથી શ્રી. મણિભાઇ આ પ્રવૃત્તિ પાછળ પડેલા છે તે જોતાં બાકી રહેલી રકમ પણ ધીમે ધીમે જરૂર પુરી થઇ જશે એવી આશા આપણે અનુભવીએ છીએ. આજે જૈન સમાજમાં ઘણા ટ્રસ્ટો અને આવા કાર્યોમાં વાપરવા માટે જુદી કરી રાખેલી રકમો પડેલી છે. આવાં ટ્રસ્ટો કે આવી રકમો સાથે સંબંધ ધરાવતા ભાઈઓ જો ધ્યાનમાં લે તો આ કાર્ય બહુ સહેલાઈથી અને બહુ જલ્દિથી પુરૂં થઇ શકે તેમ છે.

સાથે સાથે આ સંસ્થાનું બંધારણ નવેસરથી ઘડવાની પણ હવે એટલી જ જરૂર છે. આજે તો આ સંસ્થાનો આખો વહીવટ માત્ર પાંચ ટ્રસ્ટીઓના હાથમાં છે. જો આ સંસ્થાને સારા પાયા ઉપર મૂકવી હોય અને જૈન સમાજ આ સંસ્થામાં સક્રિય રસ ધરાવતી થાય એ અપેક્ષિત હોય તો શ્રી. મહાવીર જૈન વિદ્યાલય અને જૈન એજ્યુકેશન સોસાયટી માફક આ સંસ્થા માટે પણ લોકપ્રતિનિધિત્વના તત્વોને અન્તર્ગત કરતું એક નવું બંધારણ ઘડવાની ખાસ જરૂર છે. આમ બને તો જ આ સંસ્થા જૈન સમાજનો પુરો વિશ્વાસ પ્રાપ્ત કરી શકે અને આ સંસ્થાને પણ ઉત્તરોત્તર નવા નવા શક્તિશાળી કાર્યકર્તાઓ મળી શકે. સંસ્થાના વર્તમાન સંચાલકોને આ બાબત ધ્યાનમાં લેવા અને જેમ બને તેમ જલ્દિથી હાથ ધરવા વિનંતિ કરવામાં આવે છે. **પરમાનંદ**

આઝાદી ગીતો

(૧૫મી ઓગસ્ટની બળવાન પ્રેરણા નીચે કંઇ કંઇ કાવ્યો સરજાયા અને ગીતો નિર્માણ પામ્યાં. અહિં એમાંનાં બે ગીતો રજુ કરવામાં આવે છે. **તંત્રી.**)

મુનિશ્રી સંતબાલજી કે જેઓ અમદાવાદ જિલ્લાના એક ભાગ રૂપ ભાલ-નળકાંઠાના પ્રદેશમાં ધર્મદૃષ્ટિએ સમાજરચનાનું–પાયાનું કામ કરી રહ્યાં છે. તેઓએ નીચેનાં બે ગીતો ખૂબ વ્યાપકદૃષ્ટિએ રચ્યાં છે. એમાંના પ્રથમમાં નૂતન આઝાદ હિંદનું હવે પછી કેવું સર્જન થશે, અને તેમાં યુવાનોની શી ફરજ હશે તે અંગેનું ચિત્ર દોરી યુવાનોને હાકલ કરી છે. બીજામાં સત્ય અને અહિંસાની સાધના કરતાં કરતાં વ્યક્તિએ વિકાસના માર્ગે જઇને સર્વનું કલ્યાણ કરવાનું સૂચન છે. બંને ગીતો ખૂબ ઉદાત્ત ભાવનામય અને ધ્યેયસ્પર્શી છે. અને પ્રભાતફેરી, સરઘસની સમૂહકૂચ વખતે અને સભાની શરૂઆતમાં કે અંતે સુંદર હલકથી ગાઇ શકાય તેમાં છે. **જયકાન્ત કામદાર**

ઊઠ જવાન

ઊઠ જવાન હો સભાન!
કર નવસમાજનાં નિર્માણ!

ના ઊંચાં કોઇ નીમાં જેનાં, ના હેઠળ કોઇ ઉપર તેમાં,
ગુણ વૈવિધ્યથી વર્ણ પીછાણ, પણ સૌ માનવ જાત સમાન.
એક તાન એક શાન.....કર૦

સંસ્કારી શ્રમજીવી પહેલાં, બુધ્ધિજીવી પણ શ્રમે વળેલાં,
સત્ય પ્રેમ ને ન્યાય નિશાન, ધર્મજીવીને હાથ સુકાન.
એક તાન એક શાન.....કર૦

ઝનૂનીઓનાં ધર્મઝનૂનો, ધનજીવીની ધનજય ધૂનો
તોડ સર્વનાં વ્યર્થ ગુમાન, જગાડ વીરા અંતર જ્ઞાન.
એક તાન એક શાન.....કર૦

પ્રજા પ્રજા સૌ પ્રીતે ભેટે, હિંસ્ર યુદ્ધથી રહીને છેટે,
વિશ્વશાંતિમાં સ્થાપે ધ્યાન, સૌનું સૌ ચાહે કલ્યાણ
એક તાન, એક શાન,
કર નવ સમાજનાં નિર્માણ!

ઊઠ જવાન.....

સંતબાલ

કૂચ ગીત

પગલે પગલે સાવધ રહીને, પ્રેમળતા પ્રગટાવ્યે જા!
અંતરને અજવાળે વીરા! પંથ તારો કાપ્યે જા!
પંથ તારો કાપ્યે જા!
કાંટા આવે, કંકર આવે, ધોમ ધખંતી રેતી આવે;
ખાંડાની ધારે ને ધારે, ધૈર્ય ધારી ચાલ્યો જા!
શૌર્ય ધારી ચાલ્યો જા!
પગલે.....
હિંમત તારી ખોતો ના, સ્વાર્થ સામે જોતો ના,
શિરત શાંતિ ને સુલેહનો, પાઠ સૌને આપ્યે જા!
દુર્ગમ પંથ કાપ્યે જા!
પગલે.....

સંતબાલ

સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહ

જૈન સમાજને નમ્ર વિજ્ઞાપન

એ સુવિદિત છે કે સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહને ૧૦૦ વિદ્યાર્થીઓનો પુરી સગવડતા પૂર્વક સમાવેશ થઇ શકે એવું પોતાનું એક મકાન પ્રાપ્ત થાય તે માટે રૂા ૨૦૦૦૦૦ ની રકમ એકઠી કરવાનો પ્રયત્ન અમારા તરફથી કેટલાક સમયથી ચાલી રહ્યો છે. આ ફાળામાં આજ સુધીમાં નીચે જણાવેલ યાદી મુજબ રૂા. ૧૦૩૦૨૩ ની રકમ એકઠી થઇ છે. સાધારણ રીતે અમોએ જૈન સમાજના શ્રીમાન બંધુઓ પાસે એક એક હજારની રકમની માંગણી કરી છે, જો કે જે કોઇ બંધુ જેટલી વધારે રકમ આપે તે આવકારદાયક છે. હજુ સુધી અમો અડધે રસ્તે પહોંચ્યા છીએ. દાદર સ્ટેશન પાસે અમોએ ૧૮૦૦ વારનો જમીનનો ટુકડો આ સંસ્થાના મકાન માટે ખરીદ્યો છે, જેના આશરે રૂા. ૭૦,૦૦૦ આપવા પડશે. હવે જ્યાં સુધી રૂા. ૨૦૦૦૦૦ પુરા ન થાય ત્યાં સુધી તે જગ્યા ઉપર મકાનની શરૂઆત થઇ ન શકે. આ સંસ્થા જૈન સમાજના ત્રણે ફીરકાના વિદ્યાર્થીઓ માટે છે અને આ ફાળામાં ત્રણે ફીરકાના શ્રીમાન બંધુઓએ નાની મોટી રકમો આપી છે. વખત વધતો જાય છે તેમ નવી રકમો ભરાવવાનું કામ મુશ્કેલ બનતું જાય છે. બીજી બાજુએ જમીનનો સોદો થઇ ગયા પછી મકાન બંધાવવાનું કાર્ય પણ જેટલું બને તેટલું જલ્દિથી હાથ ધરવું જરૂરી છે. હજુ જૈન સમાજમા એવા ઘણા સારી સ્થિતિનાં ભાઇ બહેનો છે જેઓ મનમાં લે તો આ ફાળો તુરતમાં પુરો ભરાઇ જાય. તેમને સર્વને આ અમારા કેળવણીપ્રચારના સેવાકાર્યમાં મદદરૂપ થવા અને મદદો મોકલી આપવા આગ્રહ ભરી વિનંતિ છે.

મદદ મોકલવાનું ઠેકાણું:–**શ્રી મણિલાલ મોકમચંદ શાહ, ૮૧, નાગદેવી ક્રોસ લેન, મુંબઈ ૩.**

લી. આપના

માણેકલાલ અમુલખરાય મહેતા — **શાન્તિલાલ હરજીવન શાહ**
મણિલાલ મોકમચંદ શાહ — **શાન્તિલાલ વાડીલાલ શાહ**
ચીમનલાલ ચકુભાઈ શાહ — **ટ્રસ્ટીઓ, સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહ.**

૧૦૦૦૦) શ્રી. મણિલાલ મોકમચંદ શાહ
૭૫૦૦) ,, ચીમનલાલ પોપટલાલ શાહ ખંભાતવાળા
૫૦૦૦) ,, અમૃતલાલ દલપતભાઇ શેઠ જન્મભૂમિવાળા
૩૦૦૦) ,, લાલચંદ હીરાચંદ
૨૦૦૦) ,, ધીરજલાલ એન. શ્રોફ
૨૦૦૦) ,, ધીરજલાલ જીવણલાલ કેસરીચંદ
૧૫૦૦) ,, માણેકલાલ અમૂલખરાય મહેતા
૨૦૦૦) મેસર્સ બી. દુર્લભજીની કંપની
૨૦૦૦) શ્રી. જેસંગભાઇ ઉજમશી–અમદાવાદ
૧૫૦૧) એક ગૃહસ્થ મારફત
૧૦૦૦) શ્રી. ટી. જી. શાહ
૧૦૦૦) ,, મનુભાઇ ડી. શાહ. અમદાવાદ
૧૦૦૦) ,, બાબરભાઇ અને કીકાભાઇ રાંદેરી
૧૦૦૦) ,, મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ
૧૦૦૦) ,, પ્રવીણચંદ્ર હેમચંદ અમરચંદ
૧૦૦૦) ,, ચંદુલાલ વર્ધમાન શાહ
૧૦૦૦) ,, ચંદુલાલ સારાભાઇ મોદી
૧૦૦૧) ,, હીરાલાલ અમૃતલાલ શાહ.
૧૦૦૧) ,, ભોગીલાલ લહેરચંદ ઝવેરી
૧૦૦૧) ,, સર ચુનીલાલ ભાઇચંદ મહેતા
૧૦૦૧) ,, કાંતિલાલ ભોગીલાલની કંપની
૧૦૦૦) ,, હેમચંદ મોહનલાલની કુંપની
૧૦૦૧) એક ગૃહસ્થ–હા. રમણિકલાલ એમ. શાહ
૧૦૦૦) શ્રી શાંતિલાલ મગનલાલ શાહ
૧૦૦૦) ,, મણિલાલ બાલાભાઇ નાણાવટી
૧૦૦૦) ,, સ્વરૂપચંદ એન. શ્રોફ
૧૦૦૧) ,, અમૃતલાલ કાળીદાસ. શેરબન્દરવાળા
૧૦૦૦) ,, શ્રેયાંસપ્રસાદજી જૈન
૧૦૦૦) ડો. અમીચંદ છગનલાલ સુરતવાળા.
૧૦૦૦) શ્રી. મંગળદાસ જેઠાભાઇ મીલ્સી અમદાવાદ.
૧૦૦૧) ,, મણિલાલ વાડીલાલ અબ્બા અમદાવાદ.
૧૦૦૦) ,, સારાભાઇ ડાહ્યાભાઇ, અમદાવાદ.
૫૦૧) ,, પ્રેમચંદ ચતુર્ભુજ ભાયાણી વૈષ્ણવ.
૧૦૦૦) ,, અમૃતલાલ જેસીંગભાઇ.
૧૦૦૧) ,, કસ્તુરચંદ જૂઠાભાઇ હા. ચંદુભાઇ
૧૦૦૦) ,, રતિલાલ નથુભાઇ
૧૦૦૦) ,, છોટાલાલ ચીમનલાલ મુનસફ સુરત.
૧૦૦૦) ,, ભાઇચંદ રૂપચંદ દોશી.
૧૦૦૧) ,, તાપીદાસ જેઠાલાલ દલાલ.
૧૦૦૦) ,, એચ. બી. શાહની કંપની.
૧૦૦૧) ,, આનંદલાલ ખેચરદાસની કુાં.
૧૦૦૧) શ્રી. વીરચંદ પાનાચંદ શાહની કુાં.
૧૦૦૦) ,, મહાસુખરામ લલ્લુભાઇ ટ્રસ્ટ અમદાવાદ.
૧૦૦૦) ,, વાલજી લધાની કંપની
૧૦૦૦) ,, જયંતિલાલ લલ્લુભાઇ પરીખ
૧૦૦૦) ,, લીલાવતીબેન દેવીદાસ
૧૦૦૧) ,, ચુનીબેન : શ્રી ચીમનલાલ માનચંદના માતુશ્રી
૧૦૦૦) મેસર્સ કામાણી બ્રધર્સ
૧૦૦૦) શ્રી મણિલાલ જેઠાલાલ શાહ અમદાવાદ
૧૦૦૦) ડો. ચીમનલાલ એન. શ્રોફ
૧૦૦૦) શ્રી. કાંતાબેન બાબાલાલ એલ. પરીખ
૧૦૦૦) ,, ભગવાનદાસ હરખચંદ
૧૦૦૦) ,, રવજી સોજપાળ
૧૦૦૦) ,, શાંતિલાલ જીવણલાલ
૧૦૦૦) ,, અમુલખ અમીચંદની કંપની
૧૦૦૦) ,, પ્રેમચંદ વેલજી મહેતા
૧૦૦૦) ,, હાથીભાઇ ગલાલચંદ મહેતા
૧૦૦૦) શ્રી. હરજીવન નાગરદાસની કુાં. હા. પ્રાગજીભાઇ
૧૦૦૬) શ્રી. કાન્તાબેન હીંમતલાલ એમ. શાહ
૧૦૦૦) શ્રી. બાબાલાલ એલ. પરીખ
૧૦૦૦) ,, છગનલાલ કસ્તુરચંદ. બંભાત
૧૦૦૧) ,, બાબુભાઇ કેશરચંદ. સુરત
૧૦૦૦) ,, શાંતિલાલ હરજીવન શાહ સોલીસીટર
૧૦૦૦) ,, છગનલાલ રાયચંદ પરીખા
૧૦૦૦) ,, માણેકલાલ પ્રેમચંદ. અમદાવાદ
૧૦૦૦) ,, નેમચંદ પોપટલાલ વોરા અમદાવાદ
૧૦૦૦) ,, ધનરાજ જે. પરમાર. સુરત
૧૦૦૦) ,, શાન્તિલાલ પોપટલાલ
૧૦૦૧) ,, જયંત મેટલ મેન્યુફેક્ચરીંગ કુંપની
૧૦૦૦) ,, મથાભાઇ મણિલાલ તેલી
૧૦૦૦) ,, કાંતિલાલ ઉદાણી
૫૦૦) ,, રામજી કરસનજી
૫૦૧) ,, લક્ષ્મીચંદ હજારીલાલ ચોરડીઆ
૫૦૧) ,, બંસી એન્ડ કંપની
૫૦૧) ,, તલકચંદ નરોતમદાસ
૫૦૦) ,, ચીમનલાલ દુર્લભજી મૂહા.
૫૦૧) ,, ધીરજલાલ ત્રીભોવનદાસ. સુરત.
૫૦૧) ,, ચંચળબેન છગનલાલદાસ.
૫૦૦) ,, જમનાદાસ એચ. મહેતા.
૫૦૦) ,, વલ્લભદાસ પુલચંદ મહેતા.
૫૦૧) ,, ચંદુલાલ જેસીંગભાઇ ટ્રસ્ટ અમદાવાદ
૫૦૦) ,, પોપટલાલ પ્રેમચંદ શાહ અમદાવાદ
૫૦૧) ,, કાન્તિલાલ નાનાલાલ મગનલાલ

રૂા. ૧૦૩૦૨૩ કુલ.

અંગ્રેજી હકુમત: આદ્દિ, મધ્ય અને અન્ત.

સ્વતંત્રતાનો અર્થ

હું અર્થશાસ્ત્ર, ઇતિહાસ, કે રાજકારણનો જ્ઞાતા અગર અભ્યાસી નથી. તેમ છતાં દેશની સ્થિતિના સામાન્ય પરિચયમાં રહેવાનું મને હંમેશા રૂચ્યું છે. માત્ર આટલા જ આધાર ઉપર મને આવતી સ્વતંત્રતા વિષે જે કાંઇ વિચારો આવે છે તેને હું કમાં આલેખવા ઇચ્છું છું.

વ્યવહારના અને દુન્યવી કોઇ પણ ક્ષેત્રમાં સ્વતંત્રતાનો નિરપેક્ષ અર્થ શોધવો શકય જ નથી. એટલે જ્યારે સ્વતંત્રતાના અર્થ વિષે વિચાર કરીએ ત્યારે સાપેક્ષ દૃષ્ટિએ જ વિચારવાનું પ્રાપ્ત થાય છે. દેશ સ્વતંત્ર થયો છે, આપણે સ્વતંત્રતા પ્રાપ્ત કરી છે. એવા એવા ઉદ્‌ગારો કાઢવા અને તેનો પ્રચલિત એવો સામાન્ય અર્થ લેવો એ બહુ અઘરૂં નથી તેમજ સ્વતંત્રતાપ્રાપ્તિ નિમિત્ત થનારા ઉપર ઉપરના ફેરફારો સમજવા અને તે નિમિત્તે થનારા ઉત્સવો ને ઉજવણીઓમાં રસ લેવો એ પણ સહેલું છે. પરંતુ આવી રહેલી સ્વતંત્રતા આપણા જીવનને કઇ રીતે સ્પર્શે છે તેમજ પ્રત્યેક વ્યકિતના જીવન પ્રદેશના કયા કયા બંધ દ્વારો ખુલ્લાં કરે છે તેમજ એ સ્વતંત્રતા–જનિત મુકિતમાંથી કયા પ્રકારની કર્તવ્યપરતંત્રતા અનિવાર્ય રીતે ફલિત થાય છે એ સમજવું વધારે અઘરૂં છે કે જે સ્વતંત્રતાનું ખરૂં હાર્દ છે.

સ્વતંત્રતા આવી એટલા ઉપરથી આટલી બાબત તો સૌના મનમાં વસેલી જ છે કે આપણે અંગ્રેજી હકુમતની પરતંત્રતાથી અગર વિદેશી શાસનની ગુલામીમાંથી મુકિત મેળવી. વિદેશી શાસનની ગુલામીનો વિચાર આતાં જ આપણે એ પણ વિચારવા પ્રેરાઇએ છીએ કે શું બ્રિટીશ હકુમત પહેલાં આપણે ગુલામ ન હતા? અને ન હતા તો તે કયા અર્થમાં તેમજ જો ગુલામ હતા તો તે કયા અર્થમાં? વળી એ પણ વિચાર આવે છે કે વિદેશી શાસનને આ દેશમાં ગુલામી લાદી અગર ગુલામી પોષી પરંતુ શું એણે માત્ર ગુલામી જ પોષી છે કે એણે સ્વતંત્રતાના બીજો પણ વાવ્યાં છે? આ અને આના જેવા પ્રશ્નો આપણને બહુ લાંબા નહિ તો ટૂંકા ભૂતકાળ ઉપર તટસ્થ દૃષ્ટિ નાંખવા પ્રેરે છે. યુરોપના જુદા જુદા દેશોમાંથી વિદેશીઓ આવ્યા તે વખતની અને અંગ્રેજી હકુમત સ્થપિત થઇ ત્યાર સુધીની જ દેશની સ્થિતિનો વિચાર કરીએ અને તેને અંગ્રેજી હકુમત સ્થાપાયા પછીની દેશની સ્થિતિ સાથે સરખાવીએ તો આપણને સમજવું વધારે સરળ થઇ પડે કે અંગ્રેજી હકુમત દરમ્યાન અને તે પહેલાંની દેશની સ્થિતિ વચ્ચે કેટલું અને કેવું અંતર હતું. વળી એ પણ સમજવું વધારે સહેલું થઇ પડે કે અંગ્રેજી શાસને કઇ કઇ બાબતમાં ગુલામી લાદી અગર પોષી અને કઇ બાબતમાં એણે જુની ગુલામીનાં મૂળો ઉખેડયાં કે ઢીલાં કર્યાં. એ પણ સમજવું વધારે સરળ થઇ પડે કે વિદેશી હકુમતે આપણે ઇચ્છીએ તેવા અર્થમાં સ્વતંત્રતાના નવાં બીજો આ દેશમાં ઇચ્છાએ કે અનિચ્છાએ, જાણ્યે કે અજાણ્યે કયાં કયાં અને કેટલા પ્રમાણમાં રોપ્યાં કે જેના પરિણામે આજે આપણે સ્વતંત્રતા પ્રાપ્ત થવાની કૃતાર્થતા એક અથવા બીજી રીતે અનુભવીએ છીએ.

અંગ્રેજી શાસન સ્થપાયા પહેલાં દેશનું આર્થિક જીવન સ્વતંત્ર હતું. એટલે દેશની ખેતીવાડીનું ઉત્પાદન, તેની વહેંચણી, ઉદ્યોગ ધંધા, કળા કારીગરી–એ બધાનું જીવનદાયી વહેણ માત્ર દેશાભિમુખ હતું. તેથી ગમે તેવા દુષ્કાળમાં પણ પેટનો ખાડો પૂરવાનું કામ બ્રિટીશ શાસનનાં સુકાળના દિવસો કરતાં અનેકગણું સહેલું હતું. માનવજીવનના મુખ્ય આધારરૂપ પશુજીવન અને વનસ્પતિ જીવન તદ્દન આબાદ અને લીલુંછમ સમૃદ્ધ હતું, જે બ્રિટીશ શાસનની સ્થાપના પછી ઉત્તરોત્તર હ્રાસ પામતાં પામતાં આજે ક્ષીણપ્રાયઃ થઇ ગયું છે અને સાવ સફાઇ કરમાઇને વણસી ગયું છે, જેને લીધે સંખ્યાની દૃષ્ટિએ માનવ સમાજની આબાદી હોવા છતાં જીવનની દૃષ્ટિએ દેશનો માનવ સમાજ કંકાલ જેવો રકતમાંસ અને વીર્યહીન બની ગયો છે. અંગ્રેજી શાસન પહેલાંની દેશમાં પ્રવર્તતી ધાર્મિક, સામાજીક અને કેળવણીની સ્થિતિ અંગ્રેજી શાસન સ્થપાયા પછીની તે વિષયની સ્થિતિની સરખામણીમાં એકંદર પામર અને એકદેશીય જ હતી. દેશમાં ધાર્મિક વાતાવરણ વ્યાપક અને ઘન હતું ખરૂં, પણ એ વાતાવરણમાં જેટલી પરલોકાભિમુખતાની અને વહેમી ક્રિયાકાંડની પ્રચૂરતા હતી તેટલી જ ઐહિક જીવનના સળગતા અને તત્કાળ ઉકેલ માગતા પ્રશ્નો પ્રત્યે ઉદાસીનતા તેમજ પુરૂષાર્થહીનતા હતી.

શ્રદ્ધાનું અતિ અને આંધળું દબાણ બુદ્ધિ તેમજ તર્કના પ્રકાશને બહુ સરળતાથી ગુંગળાવી નાખતું. સમાજમાં સ્ત્રીશકિત સાવ ઉપેક્ષિત અને સુષુપ્ત હતી. તેનું સ્વાતંત્ર્ય હતું તો તે માત્ર ઘરઆંગણાના જીવનને દીપાવવા કે ક્ષુબ્ધ કરવા પુરતું. વર્ણવ્યવસ્થાનું સમગ્ર બળ નાતજાતના અસંખ્ય વાડાઓ અને ચોકાવૃત્તિ તેમજ ઉચ્ચનીચપણાની ભાવનામાં, સમાઇ જતું. બ્રહ્મણ અને અન્ય ગુરૂવર્ગની તેમજ તેને સીધો ટેકો આપતા ઇતર સવર્ણોની જેટલી મહત્તા અને મહનીયતા હતી તેટલી જ દલિત અને અસ્પૃશ્ય ગણાતા વર્ગોની ક્ષુદ્રતા અને નિંદનીયતા રૂઢ થઇ ગઇ હતી. સમગ્ર જીવનમાં મહત્વનો ભાગ ભજવે એવા લગ્નના સંબંધો ઐચ્છિક કે ગુણાશ્રિત ભાગ્યે જ બચવા પામ્યા હતા. ઘરઆંગણે ન્યાય આપનારી અને સમાધાન કરાવનારી પંચ તેમજ મહાજનની જુની સંસ્થાઓમાં સેવા કરતાં સત્તાનો દોર સવિશેષ હતો.

આખા દેશમાં કેળવણીનું ધોરણ સરસ અને સુલભ હતું, પણ એ કેળવણી જેટલા પ્રમાણમાં ઉચ્ચ ગણાતા વર્ણ અને વર્ગને સ્પર્શતી હતી તેમજ તેને વારસાગત હતી તેટલા જ પ્રમાણમાં બલકે તેથીયે વધારે પ્રમાણમાં તે કેળવણીથી દેશનો મોટો વર્ગ સાવ વંચિત રહેતો. અને આખોયે સ્ત્રીસમાજ તો મોટે ભાગે વિદ્યા તેમજ સરસ્વતીની પૂજામાં જ શિક્ષણની ઇતિશ્રી સમજતો. કેળવણીના વિષયો હતા તો અનેક, પણ તે બધા વિષયોનું મુખ મોટે–ભાગે પરલોકગામી જ બની ગયું હતું, અને તેથી તેવા વિષયોની કેળવણી ઐહિક જીવનમાં જોઇતો રસ પુરો પાડી શકતી નહિ. એમાંથી સેવા કરવાને બદલે સેવા લેવાનો ભાવ જ પ્રધાનપણે પોષાતો. બ્રહ્મની અને અદ્વૈતની ગગનગામી ભાવનાઓ ચિંતનમાં અવશ્ય હતી, પણ વ્યવહારમાં તેની છાયા નામમાત્રની હતી. વૈજ્ઞાનિક કહી શકાય એવા શિક્ષણનો છેક અભાવ ન હતો. પણ એ શિક્ષણ, માત્ર કલ્પનાથી આગળ વધી પ્રાયોગિક ભૂમિકામાં ભાગ્યે જ જતું.

રાજકીય સ્થિતિ તો સાવ છિન્નભિન્ન થઇ નિર્નાયક સૈન્ય જેવી પ્રવર્તતી. પિતા–પુત્ર, ભાઇ–ભાઇ અને ઘણીવાર સ્વામી–સેવક વચ્ચે રાજ્યસત્તાની લાલચ મહાભારત તેમજ ગીતામાં વર્ણવાતા કૌરવ પાંડવના ગૃહકલહને સદાય સજીવ રાખતી. આખા દેશમાં તો શું પણ એક પ્રાંત સુધ્ધામાં સંવાદી કહી શકાય એવું માત્ર પ્રજાહિતૈષી શાસન ભાગ્યે જ ટકતું. તલવાર, ભાલો અને બંદુક પકડી શકે. અને ચલાવી શકે તેવી એક કે અનેક વ્યકિતઓ ગમે ત્યારે પ્રજા–જીવનને ખેસવ્યુ કરી નાંખતી. પરદેશી કે સ્વદેશી હુમલા સામે પુરેપુરૂં કામ આપે તેવી સામુદ્રિક ત્રણશકિત સાવ નિર્જીવ બની ગઇ હતી એજ કારણે અંગ્રેજો ભારતને જીતવા અને હસ્તગત કરવામાં સફળ થયા.

અંગ્રેજી શાસનના પ્રારંભથી જ દેશનું આર્થિક વહેણ પરદેશ તરફ વહેવું શરૂ થયું હતું. તે એ શાસનની સ્થિરતા અને એકરૂપતાની વૃદ્ધિની સાથે જ એટલે સુધી વધી ગયું કે આજે

જ્યારે અંગ્રેજી શાસન આપોઆપ વિદાય લે છે ત્યારે આખા દેશમાં સ્વતંત્રતાની પ્રાપ્તિનો ઉત્સવ માણવા જેટલી પણ ખરી આર્થિક સમૃધ્ધિ રહી નથી. અંગ્રેજી શાસનથી કોઇ પણ મોટામાં મોટો ફટકો પડયો હોય તો તે દેશના આર્થિક અને ઔદ્યોગિક જીવન પર પડેલો છે. અંગ્રેજી શાસને એક અથવા બીજે કારણે રૂઢ અને સંકીર્ણ ધર્મબળોને પોષ્યા છે અથવા તો તેને ટકાવ્યા છે એ સાચું, પણ સાથે સાથે એ શાસનની છાયામાં દેશના ધાર્મિક-બળોમાં ઘણો વાંછનીય વેગ પણ આવ્યો છે. અનેક અંશે વ્હેમોનું સ્થાન વિચારોએ, પરલોકાભિમુખ જડ ક્રિયાકાંડોનું સ્થાન સજીવ ઐહિક સેવાધર્મોએ, અને ભક્તિના વેવલાપણાનું સ્થાન જીવંત માનવભક્તિએ લીધું છે. અંગ્રેજી શાસન દરમ્યાન તર્કવાદને જે બળ મળ્યું છે તેણે જેટલે અંશે અનિષ્ટ કર્યું હોય તે કરતાં વધારે અંશે શ્રધ્ધા અને બુદ્ધિનું સંશોધન જ કર્યું છે. અંગ્રેજી શાસન આવ્યા પછી જે જાતની કેળવણી અપાવી શરૂ થઇ અને જે પ્રકારની નવી સંસ્થાઓ ઉભી થઇ તેને લીધે કેળવણીના જુના ધોરણ અને જુની સંસ્થાઓ ઉપર ફટકો પડયો છે એમ ઉપર ઉપરથી જોતાં લાગે છે, પણ બારીકાઇથી વિચાર કરીએ તો એ દેખાઇ આવશે કે નવી કેળવણી અને નવા-પ્રકારની સંસ્થાઓ દ્વારા જ ભારતના આખા જીવનમાં ક્રાન્તિકારી વાંછનીય ફેરફાર થયો છે. પરદેશી શાસનનો હેતુ પરોપકારી હતો કે પોતાનું સ્વાર્થી તંત્ર ચલાવવાનો હતો એ પ્રશ્ન અહીં અપ્રસ્તુત છે. પ્રશ્ન એટલો જ છે કે પરદેશી શાસને શરૂ કરેલ કેળવણી, તેના વિષયો અને તેની સંસ્થાઓ એ બધું એકંદર એ શાસન પહેલાંની દેશની કેળવણીવિષયક સ્થિતિ કરતાં પ્રગતિશીલ છે કે નહિ ? તટસ્થપણે વિચાર કરનાર ભાગ્યે જ એવો અભિપ્રાય આપશે કે નવું કેળવણીતંત્ર પ્રગતિકારક નથી. આ કેળવણીતંત્રને લીધે અને પરદેશીઓના સહવાસ તેમજ દેશાંતરના વધતા જતા પ્રવાસને લીધે અનેક સામાજીક બાબતોમાં અંગ્રેજી શાસન દરમ્યાન મૂળનો તફાવત પડી ગયો છે એની કોઇથી ના પાડી શકાય તેમ નથી. દલિતો અને અસ્પૃશ્યોને જીવનના દરેક ક્ષેત્રમાં પોતાના જેવા ગણવાની અને તેમને ઉંચા ઉઠાવવાની દિવસે દિવસે બળવત્તર થતી ભાવના દરેક સવર્ણના મનમાં મૂળ નાંખતી જાય છે. સુષુપ્ત સ્ત્રીશક્તિ જાગૃત બની દરેક ક્ષેત્રમાં પુરૂષને સાથ આપી રહી છે અને તેનો બોજો હળવો કરવા સાથે સાથે તેના અભિમાનને પણ હળવું કરી રહી છે. પંચ અને મહાજનોની સંસ્થા લોકતંત્રની ઢબે પુનર્જીવન પામતી જાય છે. અને તેની ગતિ સેવાની દિશામાં વધ્યે જાય છે. અંગ્રેજી શાસન સ્થપાયા પછી જ આપણે આખા દેશની અખંડતા અને એકરૂપતાની કલ્પના કરવા લાગ્યા. તે પહેલાં સાંસ્કૃતિક એકતા હતી એ ખરૂં, પણ રાજકીય એકતાનો માત્ર સૂત્રપાતજ વહિ, વહીવટી અનુભવ સુધ્ધાં બ્રિટીશ શાસને જેવો કરાવ્યો છે તેવો ભૂતકાળમાં કયારે પણ ન હતો. નાની મોટી રાજસત્તા માટે અંદરોઅંદર આખડતા સાંઢો જેવા જમીનદારો, ઠાકોરો અને રાજામહારાજાઓને અંગ્રેજી શાસને જ નાથ્યા અને પ્રજાજનને કાંઇક નિરાંત વળે એવી સ્થિતિ ઉભી કરી. બ્રીટીશ તંત્રે પોતાનું જ જીવન ટકાવવા ને વિકસાવવા આ દેશમાં જે જે કર્યું છે તેનાં અનિષ્ટ પરિણામો ઓછાં નથી, છતાં તેણે જે લોકતંત્રનો પદાર્થપાઠ આપ્યો છે અને જે કેળવણીનું દૃષ્ટિબિન્દુ પુરૂં પાડયું છે તેમજ શિક્ષણ, વ્યાપાર અને પ્રવાસ માટે જે મોટા પાયા ઉપર પરદેશનાં દ્વારો ખુલ્લાં કર્યાં છે અગર તો જે જળ અને સ્થળના બંધનો તોડી. ભારત અને ઇતર દેશોને વધારે ને વધારે નજીક આણ્યા છે તેની સરખામણીમાં બીજા અનિષ્ટો નગણ્ય જેવા લાગે છે, બ્રિટીશતંત્ર દરમ્યાન સાંપડેલ આ એક જ લાભ એવો છે કે જેમાં સ્વતંત્રતાનાં બધાં બીજોનો સમાવેશ થઇ જાય છે. અત્યારે ભારતને સ્વતંત્રતા પ્રાપ્ત થાય છે ત્યારે બ્રિટીશ શાસન દરમ્યાન પેદા થયેલ અનિષ્ટ તત્વો અને તે દરમ્યાન સાંપડેલ સિધ્ધિઓ એ બન્ને આપણને વારસામાં મળે છે. હવે ઓગસ્ટની ૧૫ મી પછી આપણે માટે સ્વતંત્રતાનો શો અર્થ હોઇ શકે એ વિચારવાનું કામ આપણું છે નહિ કે અંગ્રેજોનું.

ઉપરની દૃષ્ટિને અનુસરી સ્વરાજ્યપ્રાપ્તિના મંગલદિને સ્વતંત્રતાનો અર્થ સંક્ષેપમાં આ પ્રમાણે તારવી શકાય. (૧) ઇતિહાસને વફાદાર રહી વર્તમાન પરિસ્થિતિનું તટસ્થ અવલોકન કરી ભાવિ મંગલ-નિર્માણની દૃષ્ટિ રાખી જે અનેકવિધ ફેરફારો કરવા પડે તે કરવામાં પૂર્ણ ઉલ્લાસ ને રસ અનુભવવો (૨) જીવનના જુદાં જુદાં ક્ષેત્રોમાં જે દોષો અને ખામીઓ જડ ઘાલી બેઠેલ છે એમ દેખાય તેનું નિર્મૂળ નિવારણ કરવામાં હવે સ્વરાજ્ય મળ્યા પછી કોઇ બહારનું તત્વ અંતરાયરૂપ કે આડખીલરૂપ નથી એ વિશ્વાસે દરેક પ્રકારની ખોડો દૂર કરવા કટિબધ્ધ થવું (૩) કોઇ પણ વ્યક્તિ કે પ્રજા પોતાને પ્રાપ્ત થયેલ સિધ્ધિઓ સાચવવાનું કામ અને નવી સિધ્ધિઓ મેળવવાનું કામ પૂરેપૂરી જવાબદારી ઉઠાવવાની અને તે માટે બધી જવાની કર્તવ્યપરતંત્રતા પચાવ્યા સિવાય સાધી શકે નહિ, એવી સમજણ અંદરથી કેળવવી.

ઉપર સૂચવેલ છે તે અર્થો આપણને 'ઇશાવાસ્ય'ના મૂળ મંત્રને મુદ્રાલેખ બનાવવા પ્રેરે છે. તે મુદ્રાલેખ એ છે કે જો કોઇ વ્યક્તિ કે પ્રજા લાંબું અને સુખી સંવાદી જીવન જીવવા ઇચ્છે તો તેણે આવશ્યક બધાં જ કર્તવ્યો કરતાં રહેવું જોઇએ. અર્થાત્ પુરૂષાર્થહીનતામાં ધર્મ માનવો ન જોઇએ. વ્યક્તિ અને સમષ્ટિના મધુર સંબંધો ટકી રહે અને વધે તે માટે એ મંત્ર સૂચવે છે કે સ્વકર્તવ્યના ફળનો ઉપભોગ ત્યાગપૂર્વક જ કરવો ઘટે. અને બીજાના શ્રમફળની લાલચના પાશથી છુટવું ઘટે.

'ઇશાવાસ્ય'ના એ મંત્રનો ઉક્ત સાર ધર્મ, જાતિ, અધિકાર અને સંપત્તિના સ્વામીઓને સ્વરાજ્યપ્રાપ્તિને દિવસે એમ કહે છે કે તમે પોતપોતાની સત્તાના લોભે તરેહતરેહના દાવાઓ આગળ ન ધરો અને જનતાના હિતમાં જ પોતાનું હિત સમજો ! નહિ તો અંગ્રેજોના શાસન પહેલાં હતી તે કરતાં પણ વધારે ભૂંડી અરાજકતા ઉભી કરવાના કારણ બનશો અને વિદેશી આક્રમણને ફરી નોતરી પોતે જ પહેલાં ગુલામ બનશો.

પંડિત સુખલાલજી.

પર્યુષણ વ્યાખ્યાનમાળા

દર વર્ષ માફક આ વર્ષે પણ પર્યુષણ વ્યાખ્યાનમાળાની ગોઠવણ કરવામાં આવી છે. તા. ૧૨-૯-૪૭ ગુરૂવારથી આ વ્યાખ્યાનમાળાની શરૂઆત કરવામાં આવશે. પહેલાં સાત દિવસ સવારના સાડા આઠથી સાડા દશ સુધી વીઠ્ઠલભાઇપટેલ રોડ ઉપર આવેલ આનંદ ભુવનની વ્યાખ્યાનશાળામાં સભાઓ ભરવામાં આવશે. હંમેશા સારા જાણીતા વિદ્વાન વ્યાખ્યાતાઓ તરફથી બબ્બે વ્યાખ્યાનો થશે. વ્યાખ્યાતાઓ તેમજ વ્યાખ્યાન વિષયો પુરેપુરાં મુકરર થયેલ નહિ હોવાથી આખો કાર્યક્રમ આ અંકમાં આપી શકાતો નથી. આઠમા દિવસની વ્યાખ્યાન સભા વિષે હવે પછી જાહેરાત કરવામાં આવશે. સર્વે ભાઇ બહેનોને આ વ્યાખ્યાન સભાઓમાં વખતસર પધારવા અને વ્યાખ્યાનો દરમ્યાન પુરી શાન્તિ જાળવવા વિનંતિ કરવામાં આવે છે.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૩, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૯
અંક : ૧૦

મુંબઈ: ૧૫ સપ્ટેમ્બર, ૧૯૪૭, સોમવાર.

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

દુઃખનો વિનાશ કઈ રીતે?

સમસ્ત વિશ્વ ચારે તરફ ભયંકર દુઃખથી ઘેરાયેલું છે. આ સંસારમાં દુઃખ એ પ્રત્યક્ષ છે, અને તેમાંયે વળી વર્તમાનકાળમાં તો તેનું પ્રાબલ્ય સવિશેષ જોવામાં આવે છે. આ દુઃખનો વિનાશ કઈ રીતે થાય તે માટે અત્યાર સુધીમાં આપણા અનેક તત્વજ્ઞાનીઓએ અનેક વાદો વહેતા કર્યા છે. આપણે ત્યાં અનેક વાદો ચાલે છે જેમકે–આત્મવાદ, અનાત્મવાદ, ઈશ્વરવાદ, અનીશ્વરવાદ, દ્વૈતવાદ અદ્વૈતવાદ, એકેશ્વરવાદ, અનેકેશ્વરવાદ, આવા તો બીજા ઘણા વાદો છે. વળી આપણે કર્મકાંડોને પણ બેહું મહત્વ આપ્યું નથી. દા. ત. મૂર્તિપૂજા, શ્રાદ્ધ, સંધ્યા, તપ, સ્નાન, યાત્રા ઇત્યાદિ. પરંતુ આ સર્વ વાદો તથા કર્મકાંડોથી દુઃખો ઉપશમ પામ્યાં હોય એવો અનુભવ આપણે કર્યો નથી. અને ઉપર જણાવેલ વાદોની લાંબી-ટૂંકી ચર્ચાઓ ચલાવ્યા છતાં દુઃખથી આપણે મુક્ત થઈ શકયા નથી. ત્યારે દુનિયામાં પ્રવર્તમાન આ સર્વ દુઃખોના વિનાશનો માર્ગ શો હશે? એ દુઃખને આપણે દૂર શી રીતે કરી શકીએ? આ પ્રશ્નના ઉત્તરને માટે આપણે ભગવાન બુધ્ધે તેમના એક શિષ્યને આપેલો ઉપદેશ-સમજવા તથા વિચારવા જેવો છે. એ ઉપદેશ મેં 'માધુરી' નામના માસિકના ૧૯૪૭ માર્ચ માસના અંકમાં 'એક 'દૃષ્ટિ કોણ' કરીને લેખ હતો તેને આધારે આ નીચે આપેલ છે. દુઃખનો વિનાશ કઈ રીતે થઈ શકે તે સમજવા માટે તે ઉપયોગી નિવડશે એવી હું આશા રાખું છું.

માલુંકયપુત્ર નામના એક ભિક્ષુએ ગૌતમબુદ્ધને કેટલાક દાર્શનિક પ્રશ્નો પૂછ્યા હતા. તેના ઉત્તર બુદ્ધદેવે આપ્યા હતા. તેનો ટૂંક ભાવાર્થ અહીં આપેલ છે. વાંચકોને તે પ્રશ્નો તથા તેના ઉત્તરો ધ્યાનપૂર્વક વાંચી જવાની ભલામણ છે. પ્રશ્નો તથા ઉત્તરો બન્ને વિચારપૂર્ણ તથા જ્ઞાનવર્ધક છે. આ ઉત્તરોથી બુદ્ધદેવનો દાર્શનિક મત પણ વાંચકો જાણી શકશે. માલુંકયપુત્ર ભિક્ષુના મનમાં નીચે જણાવેલ પ્રશ્નો ઉપસ્થિત થયા હતા:—

"૧. આ સંસાર શાશ્વત છે કે અશાશ્વત?
આ લોકનો (સંસારનો) અંત છે કે તે અનન્ત છે?

૨. શું જીવ અને શરીર એક જ પદાર્થ છે?
અથવા જીવ અને શરીર જુદા જુદા છે?

૩. મૃત્યુ પછી તથાગત અર્થાત મુક્ત પુરૂષની શી દશા થાય છે?
શું મૃત્યુ પછી તથાગતનું અસ્તિત્વ રહે છે?
શું મૃત્યુ પછી તથાગત નથી રહેતા?
મૃત્યુ પછી તથાગત વર્તમાન (ચાલુ) રહે છે અથવા નથી પણ રહેતા, આ બંને વાતો શું સત્ય છે?
શું મૃત્યુની પછી તથાગત વર્તમાન નથી રહેતા અથવા વર્તમાન રહે છે? આ બન્ને વાતો શું સત્ય છે?

ઉપર જણાવેલા ભિક્ષુના મનમાં આ પ્રકારનો ભાવ ઉત્પન્ન થયો કે "ભગવાન બુદ્ધદેવ જો આ પ્રશ્નોના ઉત્તર આપે તો હું એમના મતને માનું અને બૌદ્ધ રહીને બ્રહ્મચર્યનું પાલન કરું. પરંતુ જો તેઓ આ પ્રશ્નોનો ઉત્તર નહીં આપે, અથવા નહીં આપી શકે તો હું ફરીથી ગૃહસ્થાશ્રમનો સ્વીકાર કરીશ એટલે કે મારે ઘેર પાછો ચાલ્યો જઈશ.

આ પ્રમાણે વિચાર કરીને ભિક્ષુ બુધ્ધદેવની સેવામાં ઉપસ્થિત થયો તથા તેમને પોતાનો વિચાર જણાવ્યો. ત્યારે બુધ્ધદેવે માલુંકયપુત્રને ઉદ્દેશીને કહ્યું; ભિક્ષુ, તું સમજી લે કે એક મનુષ્યના શરીરમાં એક બાણ વાગ્યું છે. તે બાણની અણી ઉપર વિષ લગાડેલું છે. ઘાયલ પુરૂષનાં આત્મીય સ્વજનો તથા બન્ધુ-બાંધવો તેની ચિકિત્સાને માટે કોઈ વૈદ્યને બોલાવી લાવ્યા. પરંતુ તે ઘાયલ પુરૂષે કહ્યું કે, હું કેટલાક પ્રશ્નો પૂછવા માંગુ છું. જો તેના ઉત્તર મને નહીં મળે તો હું મારા શરીરમાંથી બાણ કાઢવા નહીં દઉં. માની લો કે તેના પ્રશ્નો આ પ્રમાણે હતા.

૧. હું જાણવા માગું છું કે જેણે મને બાણ માર્યું છે તે બ્રાહ્મણ છે કે ક્ષત્રિય? વૈશ્ય છે કે શૂદ્ર?

૨. તે પુરૂષનું નામ તથા ગોત્ર શું છે?

૩. તે પુરૂષ લાંબો છે, ઠિંગણો છે કે મધ્યમ કદનો છે?

૪. તે પુરૂષનો રંગ કાળો છે, શામળો છે, ગોરો છે કે પીળો છે?

૫. તે કયા ગામમાં, કયા કસબામાં કે કયા નગરમાં રહે છે?

૬. તે ધનુષ્ય, જેનાથી તેણે બાણ માર્યું છે, તે કમાનવાળું છે કે મોટું ધનુષ્ય છે?

૭. તે ધનુષ્યની દોરી સાંઢાની છાલની, મુંજની રસ્સીથી કે સ્નાયુથી બનાવેલી છે?

૮. તે બાણ કયા પ્રકારના ઘાસમાંથી બનાવેલું છે?

૯. તે બાણની પાંખ ગીધની કે મોરની પીછાંથી બનાવેલ છે કે બીજા કોઈ પક્ષીના પીંછામાંથી બનાવેલ છે?

૧૦. તે બાણ કયા પ્રાણીના સ્નાયુના તાંતણાથી બાંધ્યું હતું? ગાયના, ભેંસના, હરણના કે વાંદરાના સ્નાયુના તાંતણાથી બાંધ્યું હતું?

૧૧. જે બાણથી મને મારવામાં આવ્યો તે કેવા આકાર-પ્રકારનું હતું? શું તે શલ્યના આકારનું હતું? ખુરપીના આકારનું હતું? કે કરેણના પાંદડાના આકારનું હતું?

હવે તે ઘાયલ પુરૂષ જો એમ કહે કે આ સર્વે વાતો જાણ્યા સિવાય શરીરમાં પેઠેલા બાણને હું કાઢવા નહીં દઉં તો શું પરિણામ આવશે? તે આદમી જરૂર મરણ પામશે.

હવે જુઓ. જો કોઈ કહે કે આ જગત, જીવ, દેહ, મુક્તપુરૂષ વગેરેનું તત્વ જાણ્યા સિવાય હું ધર્મનું આચરણ કે બ્રહ્મચર્યનું પાલન નહીં કરું અને ફરીથી બંધનમાં બાંધનાર ગૃહસ્થાશ્રમમાં આવ્યો જઈશ તો અવશ્ય તેનો વિનાશ જ થશે, અકલ્યાણ થશે.

ત્યાર પછી ગૌતમબુધ્ધે ફરીથી કહ્યું "જુઓ તમે જે પૂછવા માંગો છો, તે તત્વો પર ધર્મ-જીવન નિર્ભર નથી. આ સંસાર

શાશ્વત હોય કે અશાશ્વત, જીવ તથા દેહ અલગ અલગ હોય કે એક હોય, મૃત્યુ પછી તથાગત રહે અથવા તો કોઇ બીજી અવસ્થાને પ્રાપ્ત કરે–આમાંથી કોઇ મત સત્ય હોઇ શકે; કોઇ મત અસત્ય પણ હોઇ શકે; પરંતુ સંસારમાં જન્મ, મરણ, જરા અથવા વૃદ્ધત્વ, શોક, પરિવેદના અથવા ખેદ, દુઃખ, દૌર્મનસ્ય તથા ક્લેશ ઇત્યાદિ જે જણાય છે તે નિત્ય સત્ય છે. તેઓના અસ્તિત્વની બાબતમાં તો કોઇ શક છે જ નહીં. હું આ જ મત પર અનુશાસન કર્યા કરું છું કે, આ સર્વનો વિનાશ કેવી રીતે થઇ શકે, સંસાર શાશ્વત છે કે અશાશ્વત, જીવ તથા શરીર એક છે કે અલગ, તથાગત મૃત્યુ પછી રહે છે કે નહીં, કે કોઇ બીજી જ અવસ્થાને પામે છે–આ તત્વોની વ્યાખ્યા મેં કરી નથી. તે એ માટે નથી કરી કે એ સર્વ તત્વચર્ચા નિરર્થક છે, તેમને જાણવાથી કોઇ લાભ થતો નથી, બ્રહ્મચર્યનું પાલન કરવામાં તે કંઇ મદદ કરતા નથી, તેના જ્ઞાનથી નિર્વેદ, વૈરાગ્ય, નિરોધ, ઉપશમ, અભિજ્ઞા, સંબોધ કે નિર્વાણ મળતું નથી. દુઃખ શું છે, દુઃખની ઉત્પત્તિ શાથી થાય છે, દુઃખનો નિરોધ શું છે, અને દુઃખ–નિરોધનો માર્ગ શું છે, આ સર્વ વાતોની વ્યાખ્યા મેં કરી છે. આ સર્વ વાતોની વ્યાખ્યા મેં એટલા માટે કરી છે કે એ સર્વથી દુઃખના નાશનું પ્રયોજન સિધ્ધ થાય છે. તે જાણવાથી નિર્વેદ વૈરાગ્ય, નિરોધ, ઉપશમ, અભિજ્ઞા, સંબોધ અને નિર્વાણની પ્રાપ્તિ થઇ શકે છે. (મજ્ઝિમનિકાય, ૬૩ સૂત્ર.)

ગૌતમબુધ્ધે આ લોક (સંસાર) વગેરેના વિષયમાં તત્ત્વની વ્યાખ્યા કરી નથી અને આ વાત અહીંઆ સ્પષ્ટપણે તેમણે કરી છે. તેમણે આ વાતોની વ્યાખ્યા માત્ર એટલા જ માટે નથી કરી કે તે વડે ધર્મ–જીવનનું કોઇ કલ્યાણ થતું નથી. તેની વ્યાખ્યા ન કરવાના કારણે તેઓ એ સંબંધે કંઇ અજ્ઞાન હતા એમ ન હતું. આ બાબતમાં ગૌતમબુધ્ધે પોતાના શિષ્ય વચ્છગોત્રને જે કહ્યું હતું તે જુદા જ પ્રકારનું છે. તે ઉત્તરને દાર્શનિક ઉત્તર કહી શકાય. તે ઉત્તર આ પ્રમાણે છે:–"(૧) એવા અનેક પ્રશ્નો છે કે જેના ઉત્તર 'હા' અથવા 'ના'માં આપી શકાતા નથી. તથાગત મૃત્યુ પછી વર્તમાન રહે છે કે નહી એ પ્રશ્ન આ શ્રેણીનો છે. (૨) રૂપ, વેદના, સંજ્ઞા, સંસ્કાર, તથા વિજ્ઞાન આ પાંચ સ્કંધોથી માનવ-આત્મા જાણી શકાય છે. તેઓનો નાશ થયાથી આત્મા વિષે કંઇ પણ જાણી શકાતું નથી તથા તેના વિષે કંઇ પણ કહી શકાતું નથી. તથાગત આ પાંચે ઉપાધિઓથી અતીત થઇ જાય છે. તેથી કરીને તથાગતના વિષયમાં કંઇ પણ કહી શકાતું નથી (૩) સામાન્ય માનવીનું જ્ઞાન દેશ તથા કાળની (સમય) પરિધિમાં બંધાયેલું છે, અને તથાગત દેશ તથા કાળથી પર છે. તેથી કરીને આપણે તથાગતને જાણી શકતા નથી. દેશકાલ મૂલક ભાષા, ભાવ તથા જ્ઞાનથી દેશકાલાતીતને અમે કેવી રીતે જાણી શકીએ? ઉપનિષદ્માં પણ બ્રહ્મના સંબંધમાં 'નેતિ નેતિ' (આ નહીં, આ નહીં) કરીને નિર્દેશ કર્યો છે; 'આ છે' એમ કહ્યું નથી. એ પ્રમાણે મુક્ત આત્મા (તથાગત) ના વિષયમાં પણ કેવળ 'નેતિ નેતિ'નો જ નિર્દેશ કરી શકાય.

ગૌતમબુધ્ધે વચ્છગોત્રને જે યુક્તિથી ઉત્તર આપ્યો છે તે દાર્શનિક યુક્તિ છે અને માલુંક્યપુત્રને તેમણે જે ઉત્તર આપ્યો છે તે સાધનામૂલક છે. આ સર્વ તત્ત્વોનું જ્ઞાન જીવનસાધનામાં કોઇ પણ પ્રકારની મદદ (સહાયતા) કરી શકતું નથી. તેથી જ બુદ્ધદેવે તેની વ્યાખ્યા કરી નથી."

ઉપર્યુક્ત બુદ્ધદેવનો ઉપદેશ વાંચ્યા પછી આપણને એક વસ્તુ તો જરૂર સમજાય છે કે દુઃખનું શમન ઇશ્વર કેવો છે, તેનું સ્વરૂપ શું છે, આત્મા શું છે, પરમાત્મા શું છે, જીવ અને શરીર એક છે કે જુદા જુદા, બ્રહ્મ અને જગતનું સ્વરૂપ શું છે, એ બધી વસ્તુઓની ચર્ચાથી થતું નથી. વળી કર્મકાંડો પણ દુઃખનો નાશ કરી શકતા નથી. ત્યારે સાચી વસ્તુ તો એક છે અને તે એ કે મનુષ્યે દુઃખનું સ્વરૂપ અને દુઃખનું મૂળ કારણ તૃષ્ણા–તે બન્નેને બરાબર સમજી તૃષ્ણારહિતપણે સાદું સરળ જીવન જીવવું જોઇએ. અલબત્ત ઉપર જણાવેલી રીતે તો નહીં જ પણ સાચા અર્થમાં. પ્રવર્તમાન સમયને અનુકૂળ. સાદું સરળ જીવન જીવવા જો મનુષ્ય પ્રયત્ન કરશે તો જરૂર આ દુનિયાનાં દુઃખો તથા વિપત્તિઓ તેને જરા પણ દુઃખી કરી શકશે નહીં અને પરમ શાંતિને તે આ સમયે પણ મેળવી શકશે. અસ્તુ!

કમળાબહેન રતનચંદ ઝવેરી આ એમ. એ.

પ્રથમ પ્રભાતની પ્રાર્થના

પ્રાર્થું આજ આઝાદીના પ્રથમ પ્રભાતે
વિશ્વપિતા કને હસ્ત જોડી, નત માથે—
'સદીઓની શૃંખલાઓ જ્યારે જાય તૂટી,
દાસત્વ ને દૈન્યમાંથી જાઓ મન છૂટી.
ભૂલાવો વિધાતા! જૂના ખ્યાલ, જૂની સૃષ્ટિ,
આપો નવાં ક્ષેત્ર, નવા રસ, નવી દૃષ્ટિ.
જરા વધુ આત્મશ્રદ્ધા, જરા ઓછી ભીતિ,
જરા ઓછા રાગદ્વેષ, જરા વધુ પ્રીતિ,
હાથ ધર્યા તણી હામ જે હો અનિવાર્ય,
જરા થોડા સમારંભો, જરા વધુ કાર્ય.
નિત્ય રહો યાદ કે શું મુખ્ય ને શું ગૌણ,
જરા ઓછાં નિવેદનો, જરા વધુ મૌન.
પામી તુજ આશિષ ઘડીશું નવી મૂર્તિ,
રાષ્ટ્ર તણી; અંગે નવાં જોમ, નવી સ્ફૂર્તિ.
કરીએ પ્રયાણ મળી સહુ પંથ નવે,
શ્રદ્ધાથી ઉન્નત શિરે, ગંભીર ગૌરવે,
પ્રચંડ પૌરુષે, દૃઢ સંકલ્પના બળે,
જીવનજ્યોત જ્વલી છલકાઓ નવાં જગે!

('સ્વાતંત્ર્ય પ્રભાત'માંથી સાભાર ઉધ્ધૃત) **નાથાલાલ દવે.**

"ભારત મુક્તિનાં ગીત ગાયે!"

ભારતજનના હૈયે નાચે તરંગ કંઇ ઉલ્લાસ તણા,
આઝાદીના નૂતન પ્રભાતે ગીતો ગાજે આશતણા;
જંજીર માતાની તૂટતાં
આજે અપૂર્વ આનંદ થાયે!

"જય, જય" ના પુકારે આજે ધ્રુજી ધરતી, ધ્રૂજ્યું ગગન,
હિંદુ–મુસ્લીમ સહુના આજે હર્ષહિલોળે ડોલ્યાં મન;
ભારતમાતાના નયનોમાં
આજે હર્ષાશ્રુ છલકાયે!

મુક્ત રાષ્ટ્રના મુક્ત ગગનમાં મુક્ત ત્રિરંગી પ્રિય ઝંડો,
સ્વતંત્રતાના એક પ્રતીક શો, વિજયધ્વનિ રણકંતો;
ઝંડો અજર અમર ફરકંતો
આજે આકાશે લહેરાયે!

માતાની મુક્તિને કાજે, વીરોએ તન હોમ્યા'તા,
ભારતમાના કંઇક સુપુતે ઉરના શોણિત સિંચ્યા'તા;
એના બલિદાનોની સ્મૃતિએ
આજે હૈયે ગર્વ ન માયે!

ઘરઘર દિવડા પ્રગટ્યા આજે, આઝાદીના ઉન્માદે,
આંગણ રાષ્ટ્રધ્વજે શણગાર્યા, ઘંટારવ મંગલ આ ગાજે;
વિદેશી ભારતથી જાતા
આજે યુગ સદીઓ પલટાયે!

યુગ પલટ્યો ને પલટ્યું ભારત, પલટ્યાં અંગો અવનિ તણા,
ધન્ય ધન્ય હો મહાત્મા ગાંધી, પ્રેરક, દાતા મુક્તિ તણા;
જેના આત્મબળે આજે
ભારત મુક્તિનાં ગીત ગાયે!

ગીતાંજલિ.

ચાલો કરીએ પ્રતિક્રમણ!

વર્ષે વર્ષે સંવત્સરી આવે છે અને રિવાજ પ્રમાણે કાનો–માત્રા–મિંડી–આદિની ભૂલ વગર પ્રતિક્રમણ થાય છે. પરંતુ પ્રતિક્રમણ કર્યાનો સંતોષ મળ્યા છતાં પ્રતિક્રમણનું ફળ મળતું નથી. તેનું કારણ ખરી રીતે પ્રતિક્રમણમાંના "આવતી કાલના પ્રત્યાખ્યાન" એ અંશ ઉપર ભાર દેવાતો નથી એ તો મુખ્યરૂપે છે જ અને ગૌણરૂપે "ભૂતકાળનું પ્રતિક્રમણ" તેના ખરા અર્થમાં થતું નથી એ પણ છે. પ્રતિક્રમણ ખરી રીતે વ્યક્તિગત સ્ખલનોનું તો થવું જ જોઇએ પણ એ પર્યાપ્ત નથી. આજની વ્યક્તિનું જીવન સમાજ અને રાષ્ટ્રના જીવન ઉપર જેટલો આધાર રાખે છે તેટલો આધાર તેના વૈયક્તિક ગણાતા ધાર્મિક જીવન ઉપર નથી રાખતું. જૈન પ્રતિક્રમણવિધિ એક તો જૂની થઇ ગઇ છે. વળી તે એક વ્યક્તિના વર્તમાન જીવનને પણ તેના ખરા અર્થમાં સ્પર્શ કરતી નથી. ત્યાં એ વિધિમાં સામાજિક અને રાષ્ટ્રીય પ્રતિક્રમણની આશા તો કયાંથી રાખી શકાય? જૂના સમયના સમાજમાં વ્યકિત અધાર્મિક ગણાય તેવા જે દોષો આચરતી તેનું પ્રતિક્રમણ કદાચ એ કાળમાં તેમને લાભકર્તા થતું હશે, પરંતુ વર્તમાનમાં તો ગાય, ઘોડો કે ઘોડાગાડીને બદલે મોટર અને મોટરગેરેજ ધનિકોના બંગલામાં શોભી રહ્યાં છે. ત્યાં 'બંધે' 'વહે' ઇત્યાદિ અતિચારની ગણના માત્રથી વ્યક્તિગત પ્રતિક્રમણ પણ કેવી રીતે પૂર્ણ થાય? નવા જમાનાના નવા દોષો છે. એ દોષોનો સ્પષ્ટપણે નિર્દેશ આપણી પ્રતિક્રમણવિધિમાં ન હોય ત્યાં સુધી પ્રતિક્રમણ કેમ કરીને પૂરૂં થયું ગણાય? મોટર રાખનાર કાળાબજારનું પેટ્રોલ વાપરે છે તેમાં કેટલા જણાને ચોરી કરવા પ્રેરે છે? વળી ફ્રીઝરને ટાઇમ–બેટાઇમ બાંધી રાખ્યો હોય છે તેનો ખ્યાલ 'બંધે' એમ બોલવાથી આવે છે? વળી ગાય જેવા ઉપયોગી જાનવરને ઘરમાંથી કાઢી મૂકીને બજારૂ દૂધ લેવાની ટેવ પાડવાથી ગોવધનો ધીકતો ધંધો વધારવામાં આપણે નિમિત્ત થયા છીએ તેનું પ્રતિક્રમણ કયાં થાય છે? સરકારને અરજી ઉપર અરજી કરીએ છીએ કે કાયદેસર ગોવધ બંધ કરો, પણ આપણી ફરજ તે વિષયમાં શી હતી તેનો વિચાર જો પ્રતિક્રમણની ક્રિયામાં ન આવતો હોય તો પ્રતિક્રમણ પૂરૂં કેવી રીતે થયું ગણાય? આજના કાળાબજારને લઇને ગરીબોને આપઘાત કરવા પડયા છે. તો એ કાળાબજારમાં લેવા કે વેચવામાં આપણે શો હાથ છે? જો આ વિચાર આપણને પ્રતિક્રમણ કરતાં ન આવે તો પછી 'કૂડ તોલે' 'કૂડ માપે' કહી જવાથી શું વળવાનું છે? આજનો વ્યાપારી જો સટ્ટો કરતો હોય તો તેને કાંઇ તોળવાનું જ નથી અને દલાલ હશે તો પણ તેને માથે એ નથી. જે ચીજ બહારથી આવે છે તે જ તે આપે છે અને છતાં તેમાં આજની પરિભાષામાં ચોરી કહી શકાય તેવું ઘણું કરી શકે છે. આમ શાસ્ત્રની પરિભાષામાં એકે અતિચાર ન કરતો છતાં તે મહાન અતિચાર નહિ પણ અનાચારનું જ સેવન કરતો હોય છે. તેને જો એ વસ્તુ પ્રતિક્રમણમાં ન સૂઝે તો કયારે સૂઝે અને તે કયારે સુધરે? જ્યાં વ્યક્તિગત દોષો જેના સુધારનો ઘણો આધાર વ્યક્તિના જ માત્ર નિર્ણય ઉપર આધાર રાખે છે, તેનું ભાન જ નથી, ત્યાં તેના સુધારની આશા કયાંથી રાખી શકાય? તો પછી સમાજગત અગર રાષ્ટ્રગત દોષોનું નિવારણ કરવામાં તો આપણું પ્રતિક્રમણ કેવી રીતે કારગત થવાનું હતું? અને ખરી રીતે સમાજ કે રાષ્ટ્ર પણ છેવટે તો જ સુધરેને જો વ્યક્તિઓ પોતે અને સમૂહમાં મળીને સુધારની આકાંક્ષા સેવે અને પ્રયત્ન કરે? કારણ સમાજ અગર રાષ્ટ્ર ખરી રીતે વ્યક્તિઓના સમૂહનું જ એક નામકરણ છે.

પ્રતિક્રમણ પ્રસંગે વ્યક્તિગત જીવનમાંના પતનના પ્રસંગો ઉપરાંત જે સમૂહ યા સમાજમાં તે રહેતો હોય તે સમૂહ યા સમાજના અધઃપતનના પ્રસંગો અને તેનાં કારણોનો પણ પ્રતિક્રમણમાં વિચાર કરવો પ્રાપ્ત થાય જ છે. એક જૈન–વ્યક્તિનો સમાજની સાથે સંબંધ અનેક રીતે ઘટમાન હોય છે. વ્યાપારી સમાજ વચ્ચે તે વ્યાપારી છે, જૈન ધાર્મિક સમાજમાં તે જૈન છે, જ્ઞાતિસમાજમાં તે શ્રીમાલી અગર ઓસવાળ આદિ છે. આમ અનેક પ્રકારના સમૂહો–સમાજો સાથે તે જુદી જુદી રીતે સંકળાયેલો છે. તો પ્રતિક્રમણ સમયે એ પણ વિચારવું પ્રાપ્ત થાય છે જ કે વ્યાપારી સમાજની કે જૈન સમાજની કે જ્ઞાતિસંસ્થાની કઇ ત્રુટિઓ એવી છે, જેથી એ સમાજનું અધઃપતન થયું છે? વ્યાપારી તરીકે એની ફરજ છે કે લોકોને આવશ્યક ચીજો પૂરતા પ્રમાણમાં ન્યાયી ધોરણે નફો લઇને પૂરી પાડવી. આ ફરજનું ભાન વ્યાપારી સમાજમાંથી ચાલ્યું જવાથી આખી સમાજવ્યવસ્થામાં ગાબડું પડયું છે. પ્રથમ ખૂબ કમાવું અને પછી રાહતફંડમાં દાન અપવું તેના કરતાં વધારે સારૂં તો એ જ કહેવાય કે વ્યાપારીઓ એવી પરિસ્થિતિ ઉભી કરે કે કોઇને કોઇની પાસે લાંબો હાથ કરી ભિક્ષા માંગવી જ ન પડે. વ્યાપારીઓ ધારે તો આટલું સહજભાવે કરી શકે છે, પણ એ તો જ બને જો તેઓ આખાં કોળાં ગળી જવાની આદત છોડે.

જૈન સમાજના સભ્ય તરીકે એ વિચારે કે જે જૈન ધર્મ વિષે વિશ્વધર્મને યોગ્ય હોવાનો આપણે દાવો કરીએ છીએ તે આટલા માત્ર ૧૪–૧૫ લાખમાં જ કેમ અટવાઇ ગયો અને તેમાં પણ ધર્મનાં મૂળ તત્વોને બદલે તેના આત્માવિનાના બોળિઆનું જ પાલન લોકો કેમ કરતા થઇ ગયા? હરિજનને મંદિર પ્રવેશ ન મળે તેટલા ખાતર આપણે એ પણ કહેવા તૈયાર થઇ ગયા કે અમે હિન્દુઓ નથી. તો તમે શું છો? છુતાછુત તમે માનો છો કે નહિ? જો માનતા હો તો તમે હિન્દુ જ છો અને ન માનતા હો તે આટલો બધો કોલાહલ શાનો? હરિજન તમારા મંદિરના માલિક થઇ જશે એ ભય છે? ભલે થઇ જાય. મંદિરના માલિક થશે એટલે શું? તેઓ વધારે ભાવથી ભગવાનને પૂજશે એ કે બીજું કાંઇ? જો તેમ હોય તો પછી તમારે રાજી જ થવું જોઇએ. અને મંદિરની મિલ્કતના માલિક થશે એ ભય હોય તો તે બોટો ભય છે. તેઓ એ રસ્તે ચાલે છે છતાં તેના માલિક નથી થયા. તેઓ દવાખાનામાં દવા લેવા જાય છે છતાં તેના માલિક નથી થયા. તેઓ એ ગાડીમાં મુસાફરી કરે છે છતાં તેના માલિક નથી થયા. અને તમારા મંદિરમાં માત્ર દર્શન કરવા આવશે તેટલા માત્રથી માલિક થઇ જશે? હિન્દુઓએ પણ આ દલિલો તો નથી કરી કે હરિજનો મંદિરમાં આવશે તો માલિક થઇ જશે. આપણે તેમના દેવને પરિગ્રહી બતાવીએ છીએ કે તેઓ તો પડખે સ્ત્રી રાખીને બેસે છે ઇત્યાદિ. પરંતુ આપણે ભૂલો જઇએ છીએ કે આપણે પણ વીતરાગને હીરાથી મંડિત કરીને તેમને પરિગ્રહી જ બનાવીએ છીએ. જો આમ ન હોય તો પછી આપણે ડરવા જેવું શું છે. ત્યારે શું? એમ સમજવું કે હિન્દુઓને તો ધાર્મિક બાધા છે માટે તેઓ હરિજનોને મંદિરમાં નથી આવવા દેતા, પણ જૈનોનો મંદિરનો માલિકીહક્ક જાય છે માટે આવવા દેતા નથી? મંદિરનો માલિકીહક્ક જો કોઇનો માત્ર દર્શન કરવાથી થઇ જતો હોય તો તો સ્વયં જૈનોએ જ આબુના મંદિરમાં શિરોહી દરબારને ટેકસ કહી આપ્યો જ ન હોત અને જ્યાં કયાંઇ જૈન સ્વયં જૈનમંદિરમાં જાત ત્યાંનો વહીવટદાર સ્વયં પોતે જ બની ગયો હોત. પરંતુ સૌ કોઇ જાણે છે કે જૈનોનાં તીર્થો અને મંદિરોનો વહીવટ અનેક જુદા જુદા નામે ચાલતી પેઢીઓ કરે છે અને તેના વહીવટોમાં દર્શને જનાર કોઇ બહારના જૈનનું કાંઇ જ ચાલતું નથી. તો ખરી વાત એ છે કે જૈનોમાં પણ છુતાછુત માનવામાં આવે છે. અને એ એક આત્મવંચના જ છે કે જે આપણે એમ કહીએ કે અમારો ધર્મ તો બહુ જ ઉદાર છે, પરંતુ શું કરીએ કે તેઓ અમારા મંદિરના માલિક થઇ જાય એટલે અમે તેમને મંદિરમાં આવવા દેવા

ભાગતા નથી. સ્વયં ભગવાન-જીવિત ભગવાન-ની પાસે તો બધા મનુષ્યો વિના ભેદભાવે જઈ શકતા અને પવિત્ર થતા. પણ આપણે જે ભગવાનને પત્થરમાં પૂરી દીધા એ એટલો બધો પવિત્ર (?) થઇ ગયો કે તેના દર્શન માત્રથી સામાની અપવિત્રતા ગળી જવાને બદલે એ અપવિત્રતાથી સ્વયં ભગવાનની મૂર્તિ પણ અપવિત્ર થઇ જાય છે? પારસમણિ કોણ-પથ્થર કે અછૂત? ખરી રીતે આપણા મન જ મેલાં થઇ ગયાં છે, સંકુચિત થઇ ગયા છે એટલે આપણે ભગવાનની મૂર્તિ જે પારસમણિ છે, તેને માત્ર પથ્થરની તોલે આપણા આચરણથી જ સિદ્ધ કરીએ છીએ. અન્યથા એમ શા માટે ન માનીએ કે જે કોઇ અછૂત ભગવાનના દર્શન કરી પવિત્ર થાય તે અછૂત રહી શકે જ નહિ? તે તો પરમ પવિત્ર બની જાય. ખરી રીતે આપણને આપણા ભગવાનમાં કે તેમની મૂર્તિમાં સાચી શ્રધ્ધા જ નથી, પરંતુ આપણે ભગવાનને અને તેમની મૂર્તિને આપણી વામણી બુધ્ધિથી માપીને તેમને પણ આપણી જેવી તુચ્છ કોટિમાં મૂકી દઇએ છીએ. આ વસ્તુનો વિચાર જો પ્રતિક્રમણમાં ન આવે તે ધાર્મિકજીવનની શુધ્ધિ કેવી રીતે થવાની હતી?

ભારતવર્ષે આ જ વર્ષે જે સ્વાતંત્ર્ય પ્રાપ્ત કર્યું છે તે તેના જ નહિ પણ દુનિયાના ઇતિહાસમાં અપૂર્વ છે. છતાં આજે જેટલો જોઇએ તેટલો આનંદ પ્રજામાં શા માટે નથી? આ વસ્તુનો વિચાર પણ પ્રતિક્રમણમાં રાષ્ટ્રજીવનની દ્રષ્ટિએ કરવો આવશ્યક છે જ. હિન્દુસ્તાનના ટૂકડા થયા તેનાં મૂળ કારણોમાં માત્ર બ્રીટીશ રાજ્યને દોષ દઇ બેસી રહેવાથી જડમૂળ ઘાલીને બેસી રહેલા આપણા રાષ્ટ્રજીવનગત દોષનું નિવારણ નથી થવાનું.

ભારતવર્ષમાં અનેક જાતિઓ આવી અને તેમાં સમાઇ ગઇ. પણ જ્યારથી ભારતવર્ષમાં એવી જાતિઓના સમાવેશની પ્રક્રિયા બંધ થઇ ગઇ અને જુદી જુદી જાતિઓ પોતાના વાડા બાંધીને બેસી ગઇ કે તેમાંથી કોઇ નીકળી પણ ન શકે અને તેમાં કોઇ દાખલ પણ ન થઇ શકે, ત્યારથી જ આજના વિભાજનનાં મૂળ નંખાઇ ગયાં હતાં. એ આજે જેટલું દીવા જેવું દેખાય છે તે કદી પહેલાં દેખાયું ન હતું. અને તેથી જ આજે આપણાં પ્રત્યેક નેતા એક જ વાત પર ભાર આપે છે કે ભારતની પ્રજા એક અને અવિભાજ્ય છે. એ સ્થિતિ આપણે સ્વીકારીશું નહિ ત્યાં સુધી આ દેશની ઉન્નતિ કોઇ પણ પ્રકારે થવાની નથી. અને એ વાત સ્વીકારવી એટલે જાતિ-પાંતિ તો છોડવી જ જોશે પણ એ ઉપરાંત પણ મૂડીદાર અને મજૂર વચ્ચેના કૃત્રિમ ભેદોને પણ ભૂંસી નાખવા પડશે. રાષ્ટ્રમાં પ્રત્યેક વ્યક્તિને સમાન હકકો અને સમાન તકો એ આજનું સૂત્ર છે. એ જ્યાં સુધી નહિ સ્વીકારીએ ત્યાં સુધી રાષ્ટ્રજીવનનું પતન જ થવાનું. ઉત્થાનની આશા ન રાખી શકાય.

આમ ભૂતકાળનું પ્રતિક્રમણ કર્યાથી માત્ર આવી ભૂલો થઇ છે તેની યાદી કર્યા માત્રથી આપણો ઉદ્ધાર નથી. તે તો વારંવાર "મિચ્છામિ દુક્કડં" દેનાર સાધુના જેમ નિષ્ફળ થાય. ફરી એ ભૂલો ન કરવાનો દૃઢ નિર્ણય હોવો જોઇએ એટલું જ નહિ. પણ ઉન્નતિ-અર્થે જે જે બાધક હોય તે બધાથી દૂર રહી ઉન્નતિસાધક ઉપાયોમાં લાગી પડવું જોઇએ. આમ થાય ત્યારે જ સાંવત્સરિક પ્રતિક્રમણ સફળ થયું ગણાય. **દલસુખ માલવણિયા.**

વૈદ્યકીય રાહત

મુંબઇ અને પરાંઓમાં વસતા જે જૈન ભાઇ યા બહેનને વૈદ્યકીય રાહતની, દવા કે ઇન્જેકશનોની તેમજ ડાકટરી ઉપચારની જરૂર હોય તેમણે ધનજી સ્ટ્રીટમાં આવેલ મુંબઇ જૈન યુવક સંઘના કાર્યાલયમાં તપાસ કરવી અથવા તો મંત્રી કે વૈદ્યકીય રાહત સમિતિના સભ્યો જેમના નામ તા. ૧૫-૨-૪૭ ના પ્રબુદ્ધ જૈનમાં પ્રગટ કરવામાં આવ્યા છે તેમનામાંથી કોઇને મળવું.

રતિલાલ ચીમનલાલ કોઠારી
મંત્રી, વૈદ્યકીય રાહત સમિતિ

હરિજન મંદિર પ્રવેશ ધારો
અને
જૈન શ્વે. મૂ. કોન્ફરન્સનું પ્રત્યાઘાતી નિવેદન

હરિજન મંદિર પ્રવેશ ધારો જે કેટલાક સમયથી મુંબઇ પ્રાન્તની ધારાસભા સમક્ષ રજુ કરવામાં આવ્યો હતો તે તા. ૧૧-૯-૪૭ ના રોજ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો છે. આ રીતે સવર્ણ હિંદુઓ અને હરિજનો વચ્ચે આજ સુધી પરસ્પર વ્યવહારમાં જે કાંઇ ભેદભાવ દાખવવામાં આવતો હતો તે સર્વ ભેદભાવ કાયદાથી હવે નિષિધ્ધ બને છે. અને હવેથી હોટેલોમાં, ધર્મશાળાઓમાં, બાગબગીચા અને રમતગમતના મેદાનોમાં, નિશાળો, સીનેમા, અને ધર્મસ્થાનકોમાં તેમજ કુવા, હોજ, તળાવ કે નદી નાળાઓના સાર્વજનિક ઉપયોગમાં-જ્યાં જ્યાં અન્ય હિંદુઓ જઇ શકે છે, ખાઇ શકે છે, રહી શકે છે અને દર્શનઉપાસના કરી શકે છે તે સર્વ સ્થળોનો હરિજનો પણ એટલો જ ઉપયોગ અને ઉપભોગ કરી શકશે. મુંબઇ પ્રાન્તના પદદલિત વર્ગનો આ રીતે ઉધ્ધાર કરવા માટે અને સવર્ણ હિંદુઓની સમાન કક્ષાએ તેમને પહોંચાડવા માટે મુંબઇની કોંગ્રેસ સરકારને ધન્યવાદ ઘટે છે. આ બીલની સામે સ્થિતિચુસ્ત હિંદુ સમાજે ઠીક ઠીક ઝુંબેશ ઉપાડી હતી પણ મુંબઇની ધારાસભાના પ્રજાએ ચુંટેલા સભ્યોમાંથી એક પણ સભ્યે એ સ્થિતિચુસ્ત સમાજની તરફદારી કરી નહિ. ઉપર જણાવેલ વિરોધની ઝુંબેશમાં જૈન શ્વે. મૂ કોન્ફરન્સની સ્થાયી સમિતિએ મુંબઇ સરકાર ઉપર એક નિવેદન મોકલી પોતાનો સુર પુરાવ્યો હતો. પ્રગતિશીલ હોવાનો દાવો કરતા કોઇ પણ સમાજ માટે આ શરમજનક લેખાવું જોઇએ. એ નિવેદનથી જૈન સમાજ ખોટા માર્ગે ન દોરાય એ માટે એ નિવેદનની સવિસ્તર સમાલોચના અત્રે આવશ્યક છે. જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક કોન્ફરન્સ તરફથી તા. ૧-૯-૪૭ ના રોજ મુંબઇ સરકાર ઉપર જે નિવેદન મોકલી આપવામાં આવ્યું છે તેનો અનુવાદ નીચે મુજબ છે :-

મુંબઈ સરકારના મુખ્ય પ્રધાન જોગ, મુંબઇ.

હિંદની શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન કોમ તરફથી અમો હરિજન મંદિર પ્રવેશ ધારા સંબંધમાં નીચે મુજબ નિવેદન રજુ કરવા ઇચ્છીએ છીએ.

(૧) એ ધારાની કલમ ૨ ઉપકલમ 'બી'માં એમ જણાવવામાં આવ્યું છે કે હિંદુ કોમમાં જૈનોનો સમાવેશ થાય છે. અમો જણાવવા માંગીએ છીએ કે જૈનોનો હિંદુ કોમમાં સમાવેશ કરવો ન જોઇએ.

(૨) આ ધારાના હેતુઓ અને ઉદ્દેશોને લગતા નિરૂપણમાં એમ જણાવવામાં આવ્યું છે કે જે જાહેર પૂજાનાં સ્થાનકો (Places of public worship) સામાન્યતઃ અન્ય સર્વ હિંદુઓ માટે ખુલ્લા મૂકવામાં આવેલ હોય તે સ્થાનકોમાં હરિજનની અટકાયત ઉપર પ્રતિબંધ મૂકવાનો આ ધારાનો હેતુ છે. અમો જણાવવા માંગીએ છીએ કે અમારી કોમના મંદિરો અન્ય સામાન્ય હિંદુઓ માટે ખુલ્લાં મુકાયલા પૂજાના સ્થાનકોની કોટિમાં આવતાં નથી, અમારાં મંદિરોમાં અમારી કોમના જ લોકો હકકની રૂએ પ્રવેશ કરી શકે છે અને પૂજા કરી શકે છે. એ જાણીતી હકીકત છે કે બીજી કોઇ પણ કોમના લોકોને અમારા મંદિરોમાં દાખલ થવાનો કે પૂજા કરવાનો, હકકની રૂએ, કોઇ અધિકાર નથી. આના અનુસંધાનમાં પારસી અગિયારીઓનો દાખલો અમો આપના ધ્યાન ઉપર લાવવા માંગીએ છીએ. આ અગિયારીઓમાં પારસીઓ સિવાય બીજા કોઇને દાખલ થવા દેવામાં આવતા નથી. એવી જ રીતે અમારી કોમના મંદિરોમાં અમારી મંજુરી સિવાય હિંદુ અથવા તો અન્ય કોમની કોઇ પણ વ્યકિતને દાખલ થવાનો કે પૂજા કરવાનો હકક છે જ નહિ. આમ

હોવાથી હિંદુ કોમમાં કરવામાં આવેલ જૈનોનો સમાવેશ પ્રસ્તુત ધારાના હેતુઓના નિરૂપણના શબ્દોથી વિરૂદ્ધ જાય છે.

(૩) અમારી કોમનાં મંદિરો અમારી કોમના સભ્યોએ ઉભાં કરેલ છે અને તેમનો નિભાવ પણ જૈન કોમના પૈસામાંથી જ થાય છે. અમારી કોમના સભ્યો અમારા ધર્મના સિધ્ધાંતો મુજબ પૂજા કરે અને આધ્યાત્મિક ઉન્નતિ સાધે તે હેતુથી આ મંદિરો ઉભા કરવામાં આવ્યાં છે. બીજી કોમોના માણસો અમારાં મંદિરોમાં પૂજા કરવા માટે આવતા નથી. મંદિરો જોવા માટે પણ બહુ જ થોડા લોકો આવે છે અને તેમને અમારી મંજુરીથી દાખલ થવા દેવામાં આવે છે. અમારા મંદિરમાં દાખલ થવાનો તેમને કોઇ હક્ક નથી તેમજ એવા હકની તેમણે કદિ માંગણી કરી નથી. આ મંદિરો અમારી કોમની મીલ્કત છે અને તેના નિભાવ માટે અમારી કોમે જાહેર જનતા પાસેથી કે રાજ્યસંસ્થા પાસેથી એક પણ પાઇ કદિ લીધી નથી. આમ હોવાથી અન્ય કોમોના માણસોને આવા મંદિરમાં પ્રવેશ કરવાનો હક્ક આપવો તે ન્યાય અને નીતિના નિશ્ચિત્ત સિદ્ધાન્તોની વિરૂદ્ધ છે.

(૪) જૈન ધર્મ અને તત્વજ્ઞાન હિંદુ ધર્મ અને તત્વજ્ઞાનથી તદ્દન ભિન્ન પ્રકારનું છે, અને જૈન મંદિરમાં કરવામાં આવતી પૂજાવિધિ પણ અન્ય હિંદુ મંદિરોથી જુદા પ્રકારની છે. એ જાણીતું છે કે હિંદુ ધર્મ એટલે વૈદિક ધર્મ અને તે વૈદિક ધર્મની શૈવ, વૈષ્ણવ વગેરે કેટલીક શાખાઓ છે અને જૈન ધર્મ હિંદુ ધર્મની શાખા નથી. એ પણ જાણીતું છે કે 'શ્રમણ (જૈન) સંસ્કૃતિ' અને બ્રાહ્મણ સંસ્કૃતિ એકમેકથી જુદી હોવાનું સ્વીકારાયલું છે અને અનાદિકાળથી એક સાથે અસ્તિત્વ ધરાવતી આવેલ છે.

(૫) અનાદિ કાળથી હિંદુસ્થાનમાં વૈદિક હિંદુ ધર્મ, જૈન ધર્મ, બૌદ્ધ વગેરે અનેક ધર્મો અસ્તિત્વ ધરાવતા આવ્યા છે. આજે મુખ્યત્વે કરીને વૈદિક અને જૈન એમ બે ધર્મો હયાતી ધરાવે છે અને તે બે ધર્મોની અનેક શાખાઓ અને ઉપશાખાઓ છે. એ જાણીતું છે કે જૈન ધર્મને અનુસરતા હજારો લોકોએ જૈન ધર્મનો ત્યાગ કર્યો હતો અને હિંદુ ધર્મનો સ્વીકાર કર્યો હતો અને આવી રીતે હિંદુ ધર્મનો સ્વીકાર કરવાથી જૈન કોમના સભ્ય તરીકેના જે કાંઇ હકો હોય તે હકો તેમણે ગુમાવ્યા હતા. એવી જ રીતે ઉંચા વર્ણના હિંદુઓએ અને હિંદુ ધર્મને અનુસરતા ભાવસારો, કણબીઓ જેવા શુદ્રોએ જૈન ધર્મનો સ્વીકાર કર્યો છે અને આમ કરવાથી આવા માણસો જૈન મંદિરમાં દાખલ થવાના અને પૂજા કરવાના હકદાર બન્યા છે. જાહેર હિંદુ મંદિરોમાં પૂજાને લગતો ક્રિયાકાંડ પૂજારીઓ કરે છે અને અન્ય ઉપાસકોને મૂર્તિનો સ્પર્શ કરવા દેવામાં આવતો નથી અને મંદિરના ગર્ભાગારમાં દાખલ થવા દેવામાં આવતા નથી. બીજી બાજુએ જૈન મંદિરોમાં દરેક જૈન ઉપાસક મંદિરના ગર્ભાગારમાં દાખલ થઇ શકે છે અને મૂર્તિનો સ્પર્શ કરી શકે છે અને બધી પૂજનક્રિયાઓ પોતે કરી શકે છે. જૈનો નિરામિષાહારી છે અને તેમના ધર્મના કાનુનોથી મદ્ય માંસ લેવાની તેમને સખ્ત મના કરવામાં આવી છે. તેથી હરિજનો કે જેઓ મદ્યમાંસાહારી છે તેમને હક્કની રૂઇએ મંદિરમાં દાખલ થવા દેવા તે અયોગ્ય છે, અન્યાયી છે.

(૬) એ સુવિદિત છે કે હરિજનો જૈન ધર્મના અનુયાયી નથી, તેમ જ પૂજા કરવા માટે પ્રવેશહક્કની તેમણે કદિ માંગણી કરી નથી. બધા હરિજનો હિંદુ ધર્મના અનુયાયીઓ છે અને તેથી જૈન ધર્મને અનુસરતા લોકો જે હક્ક ભોગવે છે તેમાંના કોઇ પણ હકો તેમને આપવા એ યોગ્ય નથી. આમ હોવા છતાં પણ જો તેમને કાયદાથી અમારા મંદિરોમાં દાખલ થવાનો હક્ક આપવામાં આવે તો તેઓ પોતાને મળેલો પ્રવેશહક્ક પુરવાર કરવા માટે જ, અને નહિ કે પૂજા માટે, તેઓ જૈન મંદિરમાં દાખલ થશે અને બીનજરૂરી અશાન્તિ અને ઉપાધિ ઉભી કરશે.

(૭) છેવટે હિંદની બંધારણ સભાએ ન્યાયપૂર્ણ મૂળભૂત હકકોને લગતા જે ઠરાવો પસાર કર્યો છે તે તરફ અમો આપનું ધ્યાન ખેંચીએ છીએ. આ ઠરાવોથી હિંદી સંસ્થાનમાં વસતી જુદી જુદી સર્વ કોમોને સંપૂર્ણ અંશમાં ધાર્મિક સ્વાતંત્ર્ય આપવામાં આવ્યું છે. અમો તેથી નમ્રતાપૂર્વક રજુ કરીએ છીએ કે આ ધારો ઉપર જણાવેલ મૂળભૂત હકકોના શબ્દો અને ભાવનાથી વિરૂદ્ધ છે. અને તેથી આ ધારાને કાયદાનું સ્વરૂપ આપવું ન જોઇએ.

(૮) અમો માનીએ છીએ કે આ ધારો જાહેર જનતાના અભિપ્રાય અર્થે ચોતરફ ફેરવવામાં આવ્યો નથી. અનેક કોમોના ધાર્મિક સ્વાતંત્ર્યમાં દખલગીરી કરતા આ ધારા સબંધમાં જાહેર જનતાને પોતાનો અભિપ્રાય વ્યકત કરવાની પુરી તક આપ્યા સિવાય અને જુદી જુદી કોમોનો અભિપ્રાય મેળવ્યા પહેલાં આ ધારાને કાયદાનું સ્વરૂપ આપવામાં ન આવે એ અત્યન્ત જરૂરી છે.

આ સંયોગોમાં અમારી નમ્રતાપૂર્વક માંગણી છે કે જૈન કોમનો હિંદુ સમાજમાં સમાવેશ થવો ન જોઇએ અને કલમ ૨, ઉપકલમ 'બી' રદ કરવી જોઇએ; નમ્રસેવકો

મેઘજી સોજપાળ–પ્રમુખ
ચંદુલાલ વર્ધમાન શાહ
દામજી જેઠાભાઈ

મુખ્ય મંત્રીઓ, શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ

આ નિવેદન ત્રણ મુદ્દાઓ મુખ્યપણે આગળ ધરે છે.

(૧) હિંદુ કોમમાં જૈન કોમનો સમાવેશ કરી ન જ શકાય કારણ કે જૈન કોમ હિંદુ કોમથી એક અલગ કોમ છે.

(૨) જૈન મંદિરમાં જૈનો સિવાય અન્ય કોઇને હક્કની રૂઇએ દાખલ થવાનો અધિકાર નથી.

(૩) હરિજનોમાં કોઇ જૈન હોવાનું જાણવામાં નથી તેથી જૈન મંદિરમાં તેમના પ્રવેશનો કોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો જ નથી.

આમાંનો પહેલો મુદ્દો આપણે આગળના અંકોમાં વિગતવાર ચર્ચ્યો છે. આપણું સાંપ્રદાયિક અભિમાન આપણી કોમ અને ધર્મને હિંદુ કોમ અને હિંદુ ધર્મથી અલગ ગણાવવાને આપણને આજે પ્રેરી રહેલ છે. પણ આ અલગપણાની ભાવના આપણી સમાજરચના, આધ્યાત્મિક ભાવના તેમ જ સાંસ્કારિક ધડતર–એ સર્વથી વિરૂધ્ધ છે અને જૈન કોમના તેમ જ ધર્મના વાસ્તવિક સ્વાર્થ અને હિતમાં પણ ભારે અનર્થકારી છે. અત્યારે પુનરાવર્તનનો દોષ વહોરીને પણ એ બાબત સ્પષ્ટપણે અહિં રજુ કરવાની મને જરૂર લાગે છે કે સમાજ બંધારણ, રચના અને સામાજિક વિશેષતાઓ તેમજ ત્રુટિઓ–એ સર્વની દૃષ્ટિએ પારસી, મુસલમાન, યહુદી કે ખ્રીસ્તી માફક જૈન કોમ એક અલગ કોમ નથી, પણ હિંદુ કોમમાં અન્તર્ગત થયેલી અને પ્રમુખસ્થાન ધરાવતી એક શાખા કોમ છે. આ વાસ્તવિકતા છે અને આ વાસ્તવિકતાએ જ જૈન સમાજને આજ સુધી ટકાવી રાખ્યો છે, આપણે હિંદુ કોમથી અલગ થઇ શકીએ એમ નથી, તેમાં ડહાપણ પણ નથી. આ સંબંધમાં પ્રસ્તુત નિવેદન જણાવે છે કે "જૈન ધર્મ અને તત્વજ્ઞાન હિંદુ ધર્મ અને તત્વજ્ઞાનથી તદ્દન ભિન્ન પ્રકારનું છે અને જૈન મંદિરમાં કરવામાં આવતી પૂજાવિધિ પણ અન્ય હિંદુ મંદિરોથી જુદા પ્રકારની છે. એ જાણીતું છે કે હિંદુ ધર્મ એટલે વૈદિક ધર્મ અને તે વૈદિક ધર્મની શૈવ, વૈષ્ણવ વગેરે કેટલીક શાખાઓ છે અને જૈન ધર્મ હિંદુ ધર્મની શાખા નથી. એ પણ જાણીતું છે કે શ્રમણ (જૈન, સંસ્કૃતિ અને બ્રાહ્મણ સંસ્કૃતિ એકમેકથી જુદી હોવાનું સ્વીકારાયલું છે અને અનાદિ કાળથી એક સાથે અસ્તિત્વ ધરાવતી આવેલ છે" આ વિધાનો સત્ય હકીકતથી બહુ વેગળા છે, હિંદુ ધર્મ એટલે માત્ર વૈદિક ધર્મ નથી પણ એ ધર્મના બે વિભાગ છેઃ વૈદિક અને અવૈદિક. વેદને

સ્વાતંત્ર્ય પ્રવેશ

પ્રવર્તિની મહાસતીજી ઉજ્જવલકુમારીજીના પ્રવચનનો સાર

સં. નટવરલાલ કપુરચંદ શાહ

આજે પંદરમી ઓગસ્ટે આપણે આઝાદ થઇએ છીએ. આખું ભારત વર્ષ આજના આઝાદીના પર્વને ઘણા જ ઉત્સાહથી મનાવી રહ્યું છે. આઝાદી, સ્વતંત્રતા યા મુક્તિ એજ આપણો સામાજીક, રાજકીય, અને ધાર્મિક આદર્શ છે. અનેકવિધ મુક્તિમાંની એક મુક્તિ આજે આપણે હાંસલ કરી છે. તેનો અપાર આનંદ માનવીના હૈયે હૈયે ઉછળી રહ્યો છે.

સ્વાધીનતામાં જ જન્મસાફલ્ય છે; તેથી આવો હર્ષ થવો સ્વાભાવિક જ છે, પણ આટલાથી જ આપણે સંતોષ માની લેવાનો નથી.

જ્યાં સુધી માણસ કુવાસનાઓથી ઘેરાયેલો છે, પરિસ્થિતિથી જકડાયેલો છે ત્યાં સુધી તે પરાધીન જ છે અને પરાધીનતાથી મરણ કંઇ જુદું નથી. રાજકીય સ્વાતંત્ર્યની સાથે બીજી દરેક દિશાનું પૂર્ણ સ્વાતંત્ર્ય આપણે મેળવી લઇએ તો જ સાચા સ્વતંત્ર બની શકીએ. આપણા શરીરને સ્વસ્થ અને સશક્ત બનાવી રોગ અને દુર્બળતાથી મુક્ત કરવું જોઇએ; બુદ્ધિને અજ્ઞાન, ખોટા વિચારો અને વહેમોમાંથી મુક્ત કરવી જોઇએ; કઠોરતાની લોખંડી સાંકળોથી જકડાયેલા હૃદયને આઝાદી આપવી જોઇએ. ભય, લાલચ, લાચારી, કામ, ક્રોધ, લોભ, અને ક્ષુદ્ર સ્વાર્થની જંજીરોથી જકડાયેલ મનને સ્વતંત્ર કરવું જોઇએ; હાથ પગને કર્મયોગમાં જોડી, જડતા અને આલસ્યના બંધન તોડી નાંખવાં જોએ; કાન, આંખ અને જીહ્વાના દુરૂપયોગોને અટકાવવા જોઇએ. આટલું કર્યા પછી જ આપણે પૂર્ણ સ્વતંત્ર બની શકીએ.

પશ્ચિમની સંસ્કૃતિ માને છે કે સ્વતંત્રતા એ માણસનો જન્મસિદ્ધ હક્ક છે. દરેક માણસ જન્મથી સ્વતંત્ર છે. વિચાર સ્વાતંત્ર્ય, વાણી સ્વાતંત્ર્ય, મત સ્વાતંત્ર્ય, આચાર સ્વાતંત્ર્ય, ભ્રમણ સ્વાતંત્ર્ય, મુદ્રણ સ્વાતંત્ર્ય, ખાન પાન સ્વાતંત્ર્ય વગેરે આપણે પશ્ચિમની સંસ્કૃતિમાંથી શીખ્યા છીએ; પરંતુ આપણી પૂર્વની સંસ્કૃતિ એથી તદ્દન જુદું જ શીખવે છે. પૌર્વાત્ય તત્વચિંતકો કહે છે કે માણસ જન્મથી બદ્ધ છે. બદ્ધ અવસ્થામાં જ તેનો જન્મ થાય છે. અથવા તેથી જ જન્મ લે છે. સ્વતંત્ર તો એક ઇશ્વર છે અને જ્યાં સુધી આપણે ઇશ્વર થયા નથી ત્યાં સુધી બદ્ધ જ છીએ. આપણે બધાએ સ્વતંત્ર થવું રહ્યું છે. ઇશ્વરી ગુણ આપણામાં આવ્યા વિના આપણે સ્વતંત્ર થવાના નથી. ઇશ્વર પ્રેમસ્વરૂપ છે; તેનામાં વિશ્વવાત્સલ્ય છે. એ ગુણ જ્યારે આપણામાં આવશે ત્યારે આપણે સ્વતંત્ર થઇ શકીશું. એ ગુણ મહાત્માજીમાં આવવાથી જ તેઓ પૂર્ણ સ્વતંત્ર બની, ભારતને લોહીનું એક પણ બિંદુ વહેવરાવ્યા વગર આઝાદ બનાવી શક્યા છે. આ ઇતિહાસમાં અનોખી ઘટના છે.

જેનો પ્રેમ વિશ્વ સુધી નથી પહોંચ્યો તે બદ્ધ છે; જેને વાસના છે તે બદ્ધ છે; જેને સ્વાર્થ છે તે બદ્ધ છે. બદ્ધ છે. તે સ્વતંત્ર હોઇ શકતો જ નથી. તેનું નિયમન બીજાએ જ કરવું જોઇએ. આંધળાને ભ્રમણ સ્વાતંત્ર્ય ન અપાય; મૂર્ખને વિચાર સ્વાતંત્ર્ય ન અપાય; ઉન્મત્તને આચાર સ્વાતંત્ર્ય ન આપવું જોઇએ; બાળકને મત સ્વાતંત્ર્ય ઘટતું નથી; કજીયાખોરને વાક્ સ્વાતંત્ર્ય અપાય નહિ; ટુંકામાં અજ્ઞાની અને અનાચારીને કોઇ પણ જાતનો સ્વાતંત્ર્યનો અધિકાર નથી. સ્વાતંત્ર્ય એ દરેક જણનો હક્ક નથી પણ અત્યંત યોગ્ય મનુષ્યને મળતો અધિકાર છે. ટુંકામાં તૃષ્ણા એ બધ્યતા છે અને તૃપ્તિ એ સ્વતંત્રયતા છે. સંતોષી જ સાચો સ્વતંત્ર છે.

આજ કાલ સ્વતંત્રતા શબ્દનો ઘણો દુરૂપયોગ થઇ રહ્યો છે. સ્વતંત્રતાના નામે કેટલાક સ્વચ્છંદી બની રહ્યા છે. પણ ભુલવું ન જોઇએ કે સ્વતંત્ર શબ્દમાં સ્વ જેટલું જ મહત્વ તંત્ર એટલે નિયંત્રણનું છે. પોતાનું પોતાપર નિયંત્રણ તેનું નામ સ્વતંત્રતા છે. આવી સ્વતંત્રતાનો સ્વચ્છંદ સાથે કોઇ પણ જાતનો સંબંધ નથી; સાચી સ્વતંત્રતા સંયમ વગર ટકી જ ન શકે. સંયમથી સજજ થયેલી સ્વતંત્રતા જ સાચી સ્વતંત્રતા છે.

શસ્ત્રો પણ તે જ સાચાં કહેવાય જે માણસને આઝાદી યા મુક્તિ આપી શકે. સાધુઓ પણ તે જ શ્રેષ્ટ જે માનવ સમાજને સર્વ પ્રકારના દાસત્વમાંથી આઝાદ બનાવે. આજે મહાત્માજીને આપણે શ્રેષ્ટ કોટીમાં ગણી શકીએ છીએ. રાજકીય દાસત્વમાંથી આપણને મુકત કરવામાં તેમનો જ મોટો ફાળો છે અને કેટલાક સામાજીક અને ધાર્મીક દાસત્વમાંથી પણ હિન્દી જનતાને તેમણે મુક્તિ અપાવી છે. વળી આશ્ચર્યની વાત તો એ છે કે આવા ચાલીસ કરોડની આઝાદીના પ્રાપ્તિ સમયે તેઓ કયાંય આઘા જઇને બેસી ગયા છે!!

સેંકડો વર્ષોમાં નહી મનાઇ હોય એવી દીપમાલિકા આજે હિંદુસ્તાન મનાવશે મુખ્ય સ્થાનો પર ભારતનો આઝાદ ધ્વજ ફરકશે. એ ધ્વજ પણ કંઇક-અનોખા સંદેશાઓ આપી રહ્યો છેઃ એમાં રાજકીય આઝાદી અને ધાર્મીક મુક્તિનો સંદેશ ભરેલ છે. એના ત્રણ રંગો દર્શન, જ્ઞાન અને ચારિત્ર્ય એ ત્રણ મોક્ષમાર્ગના દ્યોતક છે. કેસરીઓ રંગ શ્રદ્ધા બતાવે છે, સફેદ રંગ જ્ઞાનસુચક છે. અજ્ઞાન અંધારાને દૂર કરી જ્ઞાન, ઉજ્વલ પ્રકાશ પાથરે છે. લીલો રંગ ચારિત્ર્ય બતાવે છે. ચારિત્ર્યથી આત્મગુણો હર્યા ભર્યા થાય છે. એનું વચ્ચેનું ચક્ર દર્શન, જ્ઞાન, ચારિત્રનાં પ્રતીકસમ છે. બીજો એનો અર્થ શૌર્ય, પ્રેમ અને શાંતિનો છે. અને ચક્ર શ્રી કૃષ્ણના સુદર્શનચક્રની જેમ અન્યાય અને જુલ્મોનો પ્રતિકાર કરવાનો સંદેશ આપી રહ્યું છે. ભારતના આઝાદ ધ્વજને કેવળ આકાશમાં ચડાવી જ સંતોષ ન માનતા તેના સંદેશને મસ્તકે ચડાવી હૃદયમાં ધારણ કરજો. અંતે ભારતનો આ આઝાદ ધ્વજ દરેક માનવીને સર્વદેશીય મુક્તિ આપે એ જ શુભ કામના!

'જૈન પ્રકાશ'માંથી સાભાર ઉધ્ધૃત.

અપૌરૂષેય માને અને સર્વોપરિ પ્રમાણ તરીકે સ્વીકારે તે વૈદિક ધર્મ. વેદની અપૌરૂષેયતા અને પ્રમાણ–સર્વોપરિતા ન માને તે અવૈદિક હિંદુ ધર્મ. અવૈદિક વિભાગમાં માત્ર જૈનો તેમ જ બૌદ્ધો જ નહિ પણ આજીવક સંપ્રદાય, શાકત સંપ્રદાય, કબીર પંથ, રામાનંદી પંથ, પાશુપત સંપ્રદાય જેવા બીજા પણ અનેક પંથો અને સંપ્રદાયોનો સમાવેશ થાય છે. હિંદુ ફીલોસોફીનું એવું એક પણ નિરૂપણ જોવામાં નહિ આવે કે જેમાં આ અવૈદિક સંપ્રદાયો અને પંથોનો સમાવેશ કરવામાં આવેલ ન હોય. આવી જ રીતે હિંદુ સંસ્કૃતિનો પણ બે વિભાગમાં જ વિચાર કરવામાં આવે છે. બ્રાહ્મણ સંસ્કૃતિ અને શ્રમણ સંસ્કૃતિ. અને આ શ્રમણ સંસ્કૃતિમાં માત્ર જૈન દર્શનનો જ સમાવેશ થતો નથી પણ બૌધ્ધ દર્શન, સાંખ્ય દર્શન, યોગ દર્શન તેમ જ કબીર, તુકારામ, નાનક, દાદુ આદિ મહાત્માઓ દ્વારા ઉપસ્થિત થયેલાં અર્વાચીન દર્શનોનો પણ સમાવેશ થાય છે. આ શ્રમણ સંસ્કૃતિએ બ્રાહ્મણશ્રેષ્ટત્વનો, વર્ણવ્યવસ્થાનો, અસ્પૃશ્યત્વનો, વેદનો, યજ્ઞનો વિરોધ કર્યો છે અને સર્વસમાનતા અને ક્રિયાકાંડની અપેક્ષાએ જીવનશુદ્ધિ ઉપર વધારે ભાર મૂક્યો છે. આ બન્ને પ્રવાહો એકમેકથી છુટા પડતા અને સંકળાતા અનાદિ કાળથી હિંદુસ્તાનમાં ચાલતા આવ્યા છે અને તે ઉભય પ્રવાહને સમગ્રપણે હિંદુ સંસ્કૃતિના સર્વસામાન્ય નામથી ઓળખવામાં આવે છે. આ રીતે વિચારતાં જૈનોનો હિંદુઓમાં સમાવેશ થતો નથી એમ કહેવું લેશ માત્ર ઉચિત નથી, ઇતિહાસસંમત નથી, વર્તમાન પરિસ્થિતિનું સમ્યક્ પ્રકારે નિરૂપક નથી. અપૂર્ણ.

પરમાનંદ.

અમે અકલોલીમાં આઝાદી શી રીતે ઉજવી?

મુંબઇ જેવા શહેરથી માત્ર પચાસ માઇલ દૂર આવેલા એક ગામડા પાસે આજે ૭ વર્ષ થયા હું ગ્રામસેવાની દૃષ્ટિએ જઇ બેઠો છું. આ સુદત દરમિયાન મને ખાટામીઠા અનુભવો થતા ચાલ્યા. આ ગામનું નામ "અકલોલી" છે, એ વજ્રેશ્વરીના વિખ્યાત મંદિરની બાજુમાં આવેલ છે. ગામની હદમાં કુદરતના ગરમ પાણીના ઝરા રાત દિવસ વહ્યા જ કરે છે, પાસે જ તાનસા અને રોતાની નામની નદીઓ છે. આજુબાજુમાં નાના પહાડ, ટેકરીઓ અને બાંબુ તથા લાકડાના મોટા જંગલો આવેલાં છે. ગામની વસ્તી ૬૨૫ માણસની, જેમાં ૧૭૫ (આશરે) આદીવાસીઓ છે. ગામના લોકોનો મુખ્ય આધાર ભાતની ખેતી ઉપર રહ્યો છે. આદીવાસીની પાસે જમીન નથી, એટલે તેઓ ગામના ખેડુતોની જમીન પર અથવા જંગલના કામમાંથી રોજી મેળવે છે. ખેડુત કોમમાં કેટલાક અક્ષરો લખી વાંચી જાણે છે ત્યારે આદીવાસીઓમાં એટલું ભણતર પણ નથી પહોંચ્યું.

આ ગામનો ખાસ અને આજુબાજુના ગામડાઓ સાથે પરિચય કરવા ગયા પાંચ વર્ષમાં મને સુઝે તેવા પ્રયત્નો કર્યા, પરંતુ કરેલા પ્રયત્નોના ફળનાં દર્શન દુર્લભ દેખાયાં. પાંચમે વર્ષે હું સખત બિમાર પડયો. આ પરિસ્થિતિમાં મારે હવે ગામડાને છોડવું એવો નિર્ણય થયો. આ નિર્ણયને અમલમાં મુકવા હું તજવીજ આદરી રહ્યો હતો તે દરમીયાન ઐતિહાસિક ૧૫ મી ઓગસ્ટ આવી પહોંચી.

૧૫ મી ઓગસ્ટ જેમ જેમ પાસે આવતી ગઇ તેમ તેમ અકલોલી ગામમા આઝાદીઉત્સવ કેમ ઉજવવો એની વાતો થતી ચાલી. ૧૩મી તારીખનો સાંજ સુધી હું નિરાશ હતો કારણ કે મારી વાતોનો અમલ થશે કે કેમ એની ખાત્રી ન હતી.

આપણી સરકારે કરેલ ગોઠવણ અનુસાર મામલતદાર-કચેરીએ આ ગામના પોલીસપટેલને બીજા ગામના પટેલો સાથે મોકલ્યા. આઝાદીઉત્સવ ઉજવવા સુચના મળી. શાળાના વિદ્યાર્થીઓ માટે ચાંદ અને મીઠાઇના પડીકાં આવ્યા. તેની જ સાથે રાષ્ટ્રીય ઝંડો પોલીસ પટેલને સોંપાયો. મળેલી સુચના પ્રમાણે ઉત્સવ કેમ ઉજવવો એ અર્થે પોલીસપટેલ અને ગામ લોકો મારી પાસે આવ્યા, ચર્ચા શરૂ થઇ. કેટલીક રૂપરેખા દોરાઇ અને આખા ગામને એકઠું કરી છેવટનું નક્કી કરવા વિચાર્યું.

પટેલના બોલાવ્યા ગામ લોકો એકત્ર થયા, પરંતુ આઝાદી અને એનો કાર્યક્રમ એમને કેમ સમજાવવો આ મુંઝવણ ચાલી, કારણકે કંગાલીયતના નિરાશામય જીવન વિતાવતાં આ ભાઇઓને હિન્દની ગુલામીની લગતનું ભાન કે કંઇ જ ખબર નહોતી એટલે આઝાદી ઉત્સવની સમજણ આપવા માટે વિતાવેલ ગુલામીની વાતો કરવી પડી. સામાન્ય રીતે બીજે બધે જે ઢબે ઉત્સવોનો કાર્યક્રમ હતો તેવો ગોઠવાયો, પરંતુ અમારા આદીવાસીઓનું શું? એમને સમજણ કેમ આપવી? આ મુંઝવણ મને થઇ, કારણ કે આ લોકો સાથે આપણે વાતો કરીએ તો પણ એ વાત તેઓ કેટલી સમજ્યા છે એ જાણવું મુશ્કેલ છે. એમનું જીવન જ ગુલામીમાં વીતે છે. પેટ ભરીને ખાવા ભાત નથી. વસ્ત્રમાં માત્ર લંગોટી. અને શિયાળે ઉનાળે કે ચોમાસે ખુલ્લે શરીરે રહે છે. એમની સ્ત્રીઓના માથાના વાળ બાવાની જટા જેવા ગુંચળાં વળી ગયેલ દેખાય, કારણ કે તેમને નથી કોઇ દિવસ માથું ધોવા સાબુ મળ્યો કે નથી તેલ અને કાંચકી મળી, જેથી તેએ પોતાના વાળ ઓળે. એમના નાનાં બાળકોને લંગોટી પણ નથી, એ અમુક ઉમર સુધી નાગા ઉઘાડા જ ફર્યા કરે. આ બધા આઝાદી ઉત્સવમાં ભાગ લઇ શકે એવી એમને સમજણ કેમ આપવી? એનો વિચાર કરતાં એમ ઠરાવ્યું કે આદીવાસી સ્ત્રી પુરૂષ બાળક બધાંને એક ટંક પેટ ભરી જમાડવા. અકલોલી ગામના ઇતિહાસમાં આવું જમણ હજી સુધી થયું નથી, એટલે આ કાર્યક્રમ જો ગોઠવાય તો શા માટે જમણ મળે છે તેની પુછપરછ પછી ગુલામી અને આઝાદીની વાતોનો કદાચ ખ્યાલ આપી શકાય. આ હેતુની સિધ્ધિ માટે જમણ આપવાનું નક્કી થયું. પરંતુ વરસાદના અભાવે દુકાળ ડોકીયું કરી રહેલ છે તેવે વખતે દાણા કેમ મેળવવા એ પ્રશ્ન થયો. આદીવાસી લોકો ગામના ખેડુતોની જે સેવા કરે છે તે નિમિતે ખેડુતો પાસેથી તેમના ગજા અનુસાર દાણા મેળવી લેવા નક્કી થયું. બીજી સવારે અમે અમારી ઝોળીઓ લઇને દાણા ઉઘરાવવા નીકળી પડયા અને જરૂરી ચોખા મેળવી લીધા. કોઇની પાસેથી દાળ, તેલી પાસેથી તેલ અને દુકાનદાર પાસેથી મીઠું મરચું મેળવ્યું. હવે શાકનું શું? ચાલ્યા જંગલમાં અને જંગલમાં અનેક જાતની ભાજી ખાવાલાયક ઉગે છે તે લાવ્યા. અમારા ગામ પાસે જંગલી કેળનું જંગલ આવેલ છે. તેમાંથી કેળના પાંદડાં મંગાવ્યાં. આટલી તૈયારી પછી આટલા બધા માણસની રસોઇ માટે ક્યાં વાસણ કયાંથી મેળવવાં? આ પ્રશ્ન ગામડીયાઓએ સુંદર રીતે ઉકેલ્યો. જેટલું અનાજ રાંધવું હતું તેના પાંચ સાત હિસ્સા કરીને તેટલા કુટુંબને તેમની પાસેના વાસણોમાં રાંધી આપવા ગોઠવણ થઇ. ગ્રામલોકોની સભામાં થયેલ આટલા નિર્ણયની વાતો તરત જ આદીવાસીઓએ જાણી અને તેમને જમણ મળશે એનો આનંદ થયો. બીજે દિવસે આદીવાસીઓને એકઠા કર્યા અને તેની સાથે ઉત્સવની વાત શરૂ કરી એમને ૧૫ મીએ શા અર્થે જમણ મળવાનું છે ત્યાંથી શરૂઆત કરી અને જેટલી વાતો એ સમજી શકે તેટલી થઇ. પરીણામમાં આદીવાસીઓ સુદ્ધાં આખા ગામે ઉત્સવ ઉજવવામાં ભાગ લીધો. ૧૪મીએ સાંજના ગામના બાળકોને નાના વાટકા અને પ્રસાદ આપ્યો. ખેડુતોના છોકરાઓએ વાવટો પોતે પહેરેલાં કપડાં પર ભોંસ્યો ત્યારે આદીવાસી બાળકો જે વગર કપડે આવ્યા હતા એ મુંઝાયા-પરંતુ ૧૫ મીની પ્રભાતફેરીમાં આદીવાસી બાળકો ગમે ત્યાંથી એક ચીંથરૂં મેળવી તેના ઉપર વાવટો લગાડી આવ્યા અને એમના ભેરૂઓ સાથે ધ્વજવંદનમાં ભળ્યા. આદીવાસી લોકોએ ઉત્સવમાં ભાગ લીધો અને ૧૫મી તારીખે એ બધા જમવા ભેળા થયા. આ ઐતિહાસિક જમણના દર્શને ગામ લોકો આવ્યા અને પતરાવળાં પીરસાઇ રહ્યાં ત્યારે 'ઓમ્ સહ નાવવતુ'નો શ્લોક ગવાયા બાદ જમણ શરૂ થયું. આ જમણ માટે અમે રોકડ રકમ ખરચી નથી, છતાં જે વસ્તુઓ વપરાઇ તેની કીંમત ગણતાં માણસ દીઠ જમવાનો ખર્ચ અઢી આના થયો. આમાં બધાએ મળીને કામ કરેલું હોવાથી મજુરીનું ખર્ચ ગણાય નહિ.

મુંબઇ શહેરમાં લાખોના ખર્ચે ઉત્સવ થયેલા લોકોએ કરેલ ઉજાણી અને રોશનીમાં જે ઉલ્લાસ હતો તે જ ઉલ્લાસનાં દર્શન આ ગામડામાં થયાં. જ્યારે પચાસ માઇલ દૂર થયેલ રોશનીનો પ્રકાશ રાત્રે અમે આકાશમાં જોતા હતા ત્યારે અમારી પાસે તો ખાવા માટે પણ તેલ નહોતું તો રોશની માટે તો હોય જ કયાંથી? એટલે રોશનીનાં દર્શન પચાસ માઇલ દુરથી કરી અમે સંતોષ અનુભવ્યો.

આઝાદીના આ કાર્યક્રમની અસર મારા ઉપર થતી ચાલી અને ૧૪ મી તારીખના રાત્રીના ૧૨ વાગ્યા સુધી હું જે નિરાશામાં ઘેરાયો હતો તે પલટાઇ ગઇ અને ૧૫ મીએ માણેલી સ્વતંત્રતાએ મારામાં નવી આશાનો સંચાર કર્યો અને આ ગામડું છોડી જવાને બદલે તેમાં વધારે ને વધારે ઓતપ્રોત બનવાની મને કોઇ બળવાન પ્રેરણા આપી.

ગામ : અકલોલી
પોસ્ટ : વજ્રેશ્વરી
જીલ્લો થાણા

વીઠ્ઠલદાસ વ. જેરાજાણી

નિરૂપણ કરવાની શક્તિ આપણામાં નથી તો પછી જેઓ હજારો વર્ષ પૂર્વે થઇ ગયેલા છે તેમના વિષે તદ્દન સાચેસાચું નિરૂપણ સર્વથા અશક્ય છે એમ મારી માન્યતા છે. તેમ છતાં 'વાણી માણસના મનને સમજવા માટે દીવા સમાન છે' એ ન્યાયે આપણે તે તે પુરુષોની વાણીને તપાસી જોઇએ અને તે દ્વારા તેમના સ્વભાવનો પરિચય કદાચ થોડો ઘણો પામી શકાય તો પામીએ. વર્તમાનમાં જે વાણી તે તે પુરુષોની કહેવાય છે તે વાણી પણ અક્ષરશઃ તે તે પુરુષોની છે કે કેમ એ એક મોટો પ્રશ્ન છે. હું આજે સવારે એક વાત એક માણસને કહું અને તે વાત તે માણસ દ્વારા ફેલાતાં ફેલાતાં આજે સાંજે એવી વિલક્ષણ બની જાય છે કે જાણે તે વાત મેં સવારે કહી હોય એમ મને પોતાને પણ લાગતું નથી, તો પછી તે તે પુરુષોએ જે વાણી ઉચ્ચારેલી છે તે વાણીને આજ હજારો વર્ષ વીતી ગયાં એટલે એ વાણી અક્ષરશઃ એવીને એવી જ રહી હોય એમ કહેવું એ અનુભવ વિરૂધ્ધ છે. આપણે એમ માની લઇએ કે તે તે પુરુષોના તે તે મુખ્ય અનુયાયીઓએ એ વાણીનું જતન પોતાના જીવની પેઠે કરેલું છે અને તેમાં લેશ પણ પરિવર્તન તેમના તરફથી કરવામાં નથી આવ્યું તો પણ વાણીનો લોકવાણીનો–જે પરિવર્તનશીલ સ્વભાવ છે તે કયાં જવાનો? એટલે એ વાણી બરાબર અક્ષરશઃ ઉતરી આવી છે એમ માનવું બરાબર જણાતું નથી. તેમ છતાં તે તે પુરુષોનાં આજે જે જે વચનો આપણને મળે છે તેનું તટસ્થભાવે સંશોધન કરતાં અને તે તે પુરુષોનું જીવન–આચરણ વિચારતાં જે કાંઇ ફલિત થાય છે તે આ પ્રમાણે છે. કપિલ, બુદ્ધ અને મહાવીર એ ત્રણે રાજપુત્રો હતા અને તેમની સામે અસાધારણ ભોગસામગ્રી હોવા છતાં તેનો તેમણે ત્યાગ કરીને ઐચ્છિક ગરીબી સ્વીકારી હતી અને પોતાનું દુઃખ તથા તેમની આસપાસના સમાજનું અને માનવમાત્રનું દુઃખ ટાળવા તેમણે ભારે જહેમત ઉઠાવી હતી. તે દુઃખને ટાળવાનાં ઉપાયો શોધવા તેમણે પોતાનાં જીવન હોડમાં મૂકયાં હતાં અને એ ઉપાય શોધતાં એમણે ઘોર કષ્ટો હસતે મોંએ ઉઠાવ્યાં હતાં. આ બધું જોતાં એમ તો સ્પષ્ટ માલુમ પડે છે કે એ ત્રણે મહાત્માઓ કોઇ રીતે આપણી જેવા સ્વાર્થપરાયણ વા ભોગપરાયણ વા વાસનાવશ નહોતા જ તેઓ ત્રણે સ્થિતપ્રજ્ઞ, જિતેંદ્રિય અને વાસનાઓ ઉપર ભારે નિગ્રહ રાખનારા હતા તથા એમણે દુઃખ ટાળવાના જે જે ઉપાયો જેવા કે સર્વભૂતમૈત્રી, સત્યાચરણ, અપરિગ્રહભાવનો સ્વીકાર અને વિલાસોનો સર્વથા ત્યાગ તથા વિવેક, સ્વભાનની જાગૃતિ વગેરે બતાવેલા છે તે પણ તેમના સ્વભાવનો સારો પરિચય આપે એવા છે. જો કે તે ત્રણેના જગત વિષેના વિચારો જુદા જુદા છે, છતાં જગતનાં દુઃખ ટાળવાની બાબતમાં તો તેમના એક સરખા જ વિચારો છે અને ટાળવાના ઉપાયો વિષે પણ તેમના વિચારસરણી એકસરખી છે. જગત વિષેના વિચારો જુદા જુદા હોવા એ કાંઇ અપૂર્ણતાની નિશાની નથી. એવી જુદાઇ સાધકના અનુભવદશા, લોકપરિસ્થિતિ અને મુમુક્ષુ શિષ્યોની અધિકારભૂમિ વગેરે ઉપર અવલંબે છે. જગતને જે દૃષ્ટિએ જોવા માગીએ તે જ દૃષ્ટિએ જગતવિષેના વિચારો બંધાય છે. એટલે કોઇએ દ્રવ્યપ્રધાન-દૃષ્ટિ એટલે નિત્યદૃષ્ટિ રાખીને જગતને વિચાર્યું, કોઇએ પરિવર્તન-પ્રધાનદૃષ્ટિ એટલે અનિત્યદૃષ્ટિ રાખીને જગતને શોધ્યું, ત્યારે વળી કોઇએ બન્ને દૃષ્ટિએ જગતનો વિચાર કર્યો એટલે કોઇને જગત નિત્ય જણાયું, કોઇને અનિત્ય જણાયું. અને કોઇને તે નિત્ય અને અનિત્ય એમ બન્ને પ્રકારે સમજાયું. આમ જગતવિષેનું તેમનું સંશોધન સાપેક્ષભાવે થયેલ છે અને ખરી રીતે એ સંશોધન કરતાં જગતનો દુઃખો ટાળવાના જે ઉપાયો શોધ્યા તે જ તેમને મન પ્રધાન હતા અને તે ઉપાયોના સંશોધનમાં તો તેમની એકમતતા છે એટલે આપણે હવે એમ માનવું રહ્યું કે એ ત્રણે પુરુષો સંસારના પ્રપંચાત્મક રોગને દૂર કરવા માટે ધન્વંતરીસમાન કુશળ વૈદ્ય હતા અને તેમના જગતવિષેના વિચારો પણ તેમની પોતપોતાની અનુભવદશા ઉપર અવલંબિત હતા અને ખરી રીતે તો તે વિચારો સર્વથા સાપેક્ષ હતા, એટલે એમાં કોઇ જાતના વિરોધનો અવકાશ જ નથી. તેમણે તો અન્ય અન્ય મુમુક્ષુ-સાધકોને તેમની જીવનશુદ્ધિ જે જે પ્રકારે થાય તે તે પ્રકારે જુદી જુદી દેશના આપેલી છે એટલે તેમનો મૂળ ઉદ્દેશ એક જ હોવા છતાં આપણી અધિકારભૂમિ પ્રમાણે તે આપણને વિચિત્ર જુદો જુદો ભાસે તેમાં નવાઇ ન ગણાય; એ પુરુષોએ માનવની યોગ્યતા પ્રમાણે પોતાની દેશના દ્વારા ઉપકાર કરેલ છે. માટે તેમની જુદી જુદી દેશનાનો મૂળ અભિપ્રાય સમજ્યા વિના તેમના ઉપર આક્ષેપ કરવો તે આપણે માટે મહાઅનર્થકારી છે. જેમ આંધળા લોકો ચંદ્ર ઉપર આક્ષેપ કરે તો તે અસંગત લેખાય, તેમ આપણો તે તે પુરુષોની ઉપરનો આક્ષેપ પણ અસંગત જ છે. સંતપુરુષો જે ભાષણ કરે છે તે નિશ્ચિત હોય છે, સારગર્ભિત હોય છે અને ઉપકાર-જનક પણ હોય છે. તે સંતો નહારી દૃષ્ટિવાળા માનવની પેઠે જેમ તેમ બરડતા નથી. માટે એ ત્રણે મહાપુરુષો સર્વજ્ઞ છે–કેવળી છે એમ આપણે માનવું જોઇએ અને એમ માનીને એ ત્રણે મહાપુરુષોનો અભિપ્રાય સમજવા પ્રયત્ન કરવો જોઇએ તથા તેમણે પ્રપંચક્ષય માટે દુઃખ ટાળવા માટે જે જે ઉપાયો બતાવેલા છે તે જીવનમાં આચરવા જોઇએ. સૌથી સરળ અને સીધો સત્ય સમજવાનો માર્ગ આચરણ જ છે. એટલે આપણે તેના ઉપર જ ભાર મૂકવો જોઇએ અને પ્રાચીન પંડિતોની પેઠે અમુક કેવળી છે અને અમુક કેવળી નથી એવા વિતંડાવાદમાં ન પડતાં દરેક મહાપુરુષ તરફ સમાનભાવ કેવળીને તેમણે કહેલું આચરવું એ જ આપણે માટે હિતકર માર્ગ છે.

ઉપર જે હકીકત કહેલી છે તેને મળતી આવતી હકીકત શ્રી હરિભદ્રસૂરિએ પોતાના યોગદૃષ્ટિસમુચ્ચયમાં આ પ્રમાણે આપેલી છે.

"चित्रा तु देशनैतेषां, स्यात् विनेयानुगुण्यतः ।
यस्मात् एते महात्मानो भवव्याधि भिषग्वहाः ॥" १३२
यस्य येन प्रकारेण बीजाधानादिसंभवः ।
सानुबंधो भवत्येते तथा तस्य जगुस्ततः ॥ १३३
एकाऽपि देशनैतेषां यद्वा श्रोतृविभेदतः ।
अचिन्त्यपुण्यसामर्थ्यात् तथा चित्राऽवभासते ॥ १३४

२ यथाभव्यं च सर्वेषामुपकारोऽपि तत्कृत : ।
जायतेऽवन्ध्यताऽप्येवमस्याः सर्वत्र सुस्थिता ॥ १३६ ॥
तदभिप्रायमज्ञात्वा न ततोऽवज्ञादिशां सताम् ।
युज्यते तत्प्रतिक्षेपो महानर्थकर : परः ॥ १३७ ॥
निशानाथप्रतिक्षेपो यथान्धानामसंगतः ।
तद्द्वेषपरिकल्पश्च तथैवार्वाग्दृशामयम्॥ १३८ ॥
न युज्यते प्रतिक्षेपः सामान्यस्यापि तत्सताम् ।
आर्षापवादस्तु पुनर्जिह्वाच्छेदादधिको मतः ॥ १३९ ॥
कुदृष्टयादिवन्नो ह्यन्तो भाषन्ते प्रायशः क्वचित् ।
निश्चितं सारवच्चैव किन्तु सत्त्वार्थकृत् सदा । ॥ १४० ॥

(આ શ્લોકોમાંના અમુક અમુક શબ્દોની નીચે મુજબ ટીકા આપવામાં આવી છે.)

३ "एतेषां सर्वज्ञानां कपिल–सुगतादीनाम्"
"यस्मादेते महात्मानः सर्वज्ञाः" (१३२)
"एते सर्वज्ञाः" (શ્લોકની ટીકા) (१३३)

"एतेषां सर्वज्ञानां यद्वा श्रोतृविभेदतः ॥ (१३४)
"तदभिप्रायम्–सर्वज्ञाभिप्रायम्" (१३७)
"सर्वज्ञप्रतिक्षेपः" (१३८)
"आर्षापवादः तु पुनः–सर्वज्ञयरिभवः इत्यर्थः" (१३९)

કેવળી કોણ?

આ પ્રશ્ન આપણે એક જિજ્ઞાસુ અને ઉપાધ્યાય વચ્ચે યોજાયલા કાલ્પનિક સંવાદ દ્વારા ચર્ચીએ.

જિજ્ઞાસુ–કેવળી શબ્દ કોઇ અખંડ શબ્દ છે કે તેમાં અમુક ભાગ મૂળ છે અને અમુક ભાગ પ્રત્યય છે? એ આખો શબ્દ કયા ભાવને બતાવે છે?

ઉપાધ્યાય–શબ્દશાસ્ત્રના નિયમ પ્રમાણે 'કેવળ' એ અખંડ શબ્દ નથી પરંતુ તેમાં મૂળ શબ્દ 'કેવળ' છે. 'ધન' શબ્દને 'તેનો સ્વામી' એવા અર્થને સૂચક 'ઇન્' પ્રત્યય લગાડયા પછી જેમ 'ધની' શબ્દ નીપજે છે તેમ 'કેવળ' શબ્દને તે જ અર્થનો સૂચક 'ઇન્' પ્રત્યય લગાડવાથી 'કેવળી' શબ્દ બનેલો છે.

અમરકોશકાર 'કેવળ' શબ્દના ત્રણ અર્થો બતાવે છે. કેવળ એટલે નિર્ણીત–નિશ્ચિત. કેવળ એટલે એક–એકલું–બીજા કોઇની સહાયતાની અપેક્ષા ન રાખતું. કેવળ એટલે કૃત્સ્ન–આખું–બધું પરિપૂર્ણ. આ રીતે જોતાં નિર્ણીત જ્ઞાનવાળો અથવા બીજા કોઇની સહાયતાની અપેક્ષા વગરનો અથવા પરિપૂર્ણતાવાળો હોય તે 'કેવળી' કહેવાય. એ જ કોશકાર 'કેવળી' શબ્દને જૈન તીર્થંકરોના પર્યાય તરીકે પણ નોંધે છે એટલે કેવળી એટલે 'જૈન તીર્થંકર' પણ કહેવાય.

જૈન આચાર્ય હેમચંદ્ર પોતાના અનેકાર્થ કોશમાં અને અભિધાન ચિંતામણિકોશમાં એ જ શબ્દના ઉપર જણાવેલા ત્રણ અર્થો ઉપરાંત બીજા પણ બે અર્થ બતાવે છે. કેવલ એટલે કુહન અને કુહન એટલે અક્ષમા, ઇર્ષ્યાવૃત્તિ. કેવળ એટલે જ્ઞાન તથા કેવળી એટલે તે નામનો એક ગ્રંથ અને કેવલી એટલે તીર્થંકર, "કેવળી" 'તીર્થંકર' શબ્દની વ્યાખ્યા આપતાં તે આચાર્ય કહે છે કે **"सर्वथा आवरणविलये चेतनस्वरूपाविर्भावः केवलम् तद् अस्य अस्ति केवली"** (**अभिधान० वृत्ति**) અર્થાત્ સર્વ પ્રકારે આવરણોનો વિલય થતાં ચેતનના સ્વરૂપનો આવિર્ભાવ એટલે પ્રગટભાવ એનું નામ 'કેવળ', એવું કેવળ જેને હોય તે 'કેવળી', જૈનપરિભાષા પ્રમાણે રાગ અને દ્વેષનો સમૂળગો નાશ થઇ જતાં જેના આત્મામાં સંપૂર્ણ ચેતનાશક્તિ–જ્ઞાનશક્તિનો ઉદય થયો હોય તે 'કેવળી' કહેવાય. સર્વજ્ઞ, સર્વદર્શી, ત્રિકાળવેત્તા, પારગામી તીર્થંકર વગેરે અનેક શબ્દો 'કેવળી' ના પર્યાયરૂપે અમરકોશમાં તેમ જ અભિધાન ચિંતામણિ, કોશમાં આપેલા છે. પ્રસ્તુતમાં જે આ છેલ્લો અર્થ 'કેવળી શબ્દનો બતાવેલ છે તે જ અભિપ્રેત છે અને 'એવો કેવળી કોણ છે?' એ પ્રશ્ન પણ એ અર્થને અનુલક્ષીને જ કરવામાં આવેલ છે.

જિજ્ઞાસુ હું જે જે તર્કશાસ્ત્રો વા દર્શનને લગતા પુસ્તકો ભણેલ છું તેમાં તો એવું કહેલું જણાય છે કે મહાવીર પણ કેવળી છે; બુદ્ધ પણ કેવળી છે અને કપિલ પણ કેવળી છે. અર્થાત્ જૈનદર્શનકારો મહાવીરને જ કેવળી કહે છે અને તે સિવાયના બુધ્ધ વા કપિલને કેવળી કહેતા નથી. બૌધ્ધદર્શનકારો બુધ્ધને જ કેવળી કહે છે અને તે સિવાયના ઋષભદેવને વા વર્ધમાનસ્વામીને એટલે મહાવીરને કે કપિલને કેવળી કહેતા નથી. એવીજ રીતે સાંખ્યદર્શનકારો કપિલને જ પૂર્ણપુરૂષ કેવળી કહે છે અને બુધ્ધને કે મહાવીરને કેવળી કહેતા નથી. આમ તે તે દર્શનકારો પોતપોતાના દર્શનના મુખ્ય પુરૂષને કેવળી કહે છે અને પોતાથી ભિન્ન દર્શનના પ્રધાન પુરૂષને કેવળી માનતા નથી. એથી મેં કહ્યું કે તે તે દર્શનકારો પોતપોતાની અપેક્ષાએ મહાવીર, બુધ્ધ અને કપિલને કેવળી કહે છે તો આમાં ખરો કેવળી કોણ? શું એ ત્રણેને કેવળી કહેવાય, પૂર્ણપુરૂષ કહેવાય વા તે ત્રણમાંના અમુક એકને જ માટે 'કેવળી' શબ્દ વાપરી શકાય? આનો ખુલાસો મારે સર્વપ્રથમ અપેક્ષિત છે.

મેં જોયેલું છે એટલું જ નહિં પણ અનુભવેલું છે કે તે તે દર્શનના તર્કગ્રંથોને રચનારાઓ ઉક્ત 'કેવળી'ની બાબત પર ભારે જંગ મચાવેલો છે, એટલું જ નહિ પણ બીજા પક્ષના પુરૂષ પર ભારે અનુચિત આક્ષેપો કરીને તેને અકેવળી ઠરાવવા ભારે પ્રયાસ કરેલો છે, બાપો પણ અશિષ્ટ વાપરેલી છે અને બીજી પણ ઘણી અસંગત બાબતો લખેલી છે.

એ જંગ પંડિતો પૂરતો હોત તો પણ સહી શકાત, પણ એમણે તો એ જંગ પ્રજામાં પેસાર્યો છે અને એમ કરીને ભોળી પ્રજામાં કુસંપનાં બી વાવેલાં છે. જુનાં શાસ્ત્રો વાંચીએ છીએ ત્યારે સાફ માલુમ પડે છે કે જ્યારે મહાવીર, પ્રવચન કરતા હતા ત્યારે તમામ જાતની માનવમેદની ભેગી થઇને તેમને ભક્તિ શ્રદ્ધા સાથે સાંભળતી હતી. એ જ રીતે જ્યારે બુધ્ધ પ્રવચન કરતા હતા ત્યારે પણ તેમના પ્રવચનને તમામ લોકો ભારે હોંશ અને રસ સાથે સાંભળતા હતા અને એ બધા શ્રોતાઓ પોતપોતાના ગજા પ્રમાણે એ પ્રવચનમાંથી સાર લઇ પોતપોતાનું જીવન ઘડતા હતા, અહિંસા સત્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ, અલોભ અદ્વેષ વગેરે સદ્વૃત્તિઓને જીવનમાં લાવવા પ્રયાસ કરતા હતા. પણ જ્યારે એ દર્શનકારોના તર્કગ્રંથોનો ફેલાવો થયો ત્યાર પછી કોઇ પણ જૈન બુદ્ધનું વચન વાંચે નહિ એટલે સમજે તો કયાંથી? કપિલનું વચન પણ સાંભળે નહિ તો વિચારે તો કયાંથી? જૈનને મન બુધ્ધનું અને કપિલનું વચન મિથ્યા છે–ખોટું છે એટલું જ નહીં પણ ધર્મનું વિઘાતક છે. એ જ રીતે કોઇ પણ બૌદ્ધ મહાવીરનું અને કપિલનું વચન વાંચે નહીં, સાંભળે નહીં અને સમજે તો કયાંથી? તેને મન મહાવીર અને કપિલ એ બન્ને મોઘ પુરૂષો છે–નકામા પુરૂષો છે. એ જ રીતે કપિલનો અનુયાયી પણ મહાવીર કે બુધ્ધના વચનને અડકે પણ નહીં તો પછી વાંચે, સાંભળે કે સમજે તો શાનો? એને મન તો મહાવીર કે બુધ્ધ બન્ને નાસ્તિક છે–પાખંડી છે. આ રીતે દેશની પ્રજામાં એક પ્રકારે પરસ્પર દ્વેષ ફેલાયેલ છે અને એ દ્વેષ એવો ભયંકર રીતે પસરેલો છે કે જેને લીધે માનવમાનવ વચ્ચેના કેવળ માનવતા ઉપર જ રચાયેલા સદ્ભાવસંબંધો પણ જતા રહ્યા છે. એટલે પરિણામે જૈન, બૌદ્ધ કે કપિલનો અનુયાયી તેમના મૂળપુરૂષના વચન ઉપર જ કુહાડા લગાવે છે, છતાં એ ધર્મજ કરે છે એવું ભ્રમિત જ્ઞાન ધરાવી રહ્યો છે. જો આ સ્થિતિ આમ જ ચાલ્યા કરે તો બૌધ્ધો, જૈનો અને બ્રહ્મણો વચ્ચે દિલનો સદ્ભાવ કદિ જ સ્થપાઇ ન શકે અને એવો સદ્ભાવ સ્થપાયા વિના અહિંસાની આરાધના પણ કેમ થઇ શકે? માટે જ 'કેવળી કોણ' એ પ્રશ્ન મારે આપની સામે ઉપસ્થિત કરવો પડયો છે.

ઉપાધ્યાય–તમારો પ્રશ્ન એકદમ વ્યાજબી છે. મધ્યયુગમાં તેમ જ વર્તમાનમાં ધર્મને નામે જે જંગો થયા છે તેને લીધે જ આ ભારતદેશ છિન્નભિન્ન થઇ ગયેલ છે અને પરિણામે તે પરતંત્ર બની ધર્મવિહીન દશાએ પહોંચેલ છે. તેનું છેલ્લું ઉદા હરણ હિંદુ અને મુસલમાનના પ્રશ્ને જે રૂપ લીધું છે તે આપણી સામે ભયંકર રીતે ખડું થયેલ છે. તમારા પ્રશ્નનો ઉત્તર હું મારા અનુભવજ્ઞાન દ્વારા તેમ જ મારી તર્કશક્તિદ્વારા બરાબર આપી શકું તેમ છું. છતાં તેમ ન કરતાં જૈન ધર્મના એક સુવિહિત અને અત્યંત પ્રામાણિક શ્રી હરિભદ્રસૂરિજીનાં વચનો દ્વારા જ આપું છું અને સમભાવી આનંદઘનાજી વચનો પણ એ બાબત ટાંકી બતાવવાનો છું અને છેક છેલ્લે વર્તમાનકાળના મહામાનવનાં પણ વચનો ટાંકી બતાવી તમારી જિજ્ઞાસાને સંતુષ્ટ કરવા પ્રયત્ન કરનાર છું. જુઓ સાંભળો:

વર્તમાનકાળે આપણી સામે નથી કપિલ, નથી બુદ્ધ કે નથી મહાવીર. એથી આપણે તેમના ખરેખરા સ્વભાવનું, તેમની સાચે-સાચી પરિસ્થિતિનું અને તેમના કોઇ પણ ગુણદોષ વિષેનું કથન કરી શકીએ એવી સ્થિતિમાં નથી. પ્રત્યક્ષ હોય તેવા માનવનું પણ ખરૂ

અર્થ

૧ વિનેયોના એટલે શિષ્યોના અધિકાર પ્રમાણે એ મહાપુરુષોની દેશના જુદી જુદી થયેલી છે. કારણ કે એ મહાત્માઓ સંસારરૂપ વ્યાધિને ટાળવા માટે ઉત્તમ વૈદ્ય સમાન છે. ૧૩૨.

જે મુમુક્ષુના મનમાં જે રીતે સત્સંસ્કારનાં બીજોનું આધાન થાય અને આધાન સ્થિરપણે પ્રગટે તે પ્રકારે તે પુરુષોએ કહેલું છે. ૧૩૩.

અથવા શ્રોતાઓના અધિકારભેદને લીધે તેઓની એક સરખી પણ દેશના તેમના અચિંત્યપુણ્યપ્રભાવને લીધે (આપણને) જુદી જુદી ભાસે છે. ૧૩૪.

યોગ્યતા પ્રમાણે એ દેશનાએ લોકો ઉપર ઉપકાર પણ કરેલ છે એમ એમની દેશના સફળ છે. ૧૩૫.

* * *

૨ તે સર્વજ્ઞોનો અભિપ્રાય જાણ્યા વિના આપણી જેવા તાજા આધુનિક પંડિતો તે દેશના ઉપર વા તે મહાપુરુષો ઉપર આક્ષેપ કરે તે મહાન અનર્થકર છે. ૧૩૭.

જેમ આંધળાઓનો ચંદ્ર તરફનો આક્ષેપ વા ચંદ્ર વિશેની તેમની જુદી જુદી કલ્પનાઓ અસંગત છે તેમ આપણી જેવાઓનો તે મહાપુરુષો પ્રત્યેનો આક્ષેપ વા તેમની વિશેની જુદી જુદી કલ્પનાઓ અસંગત છે. ૧૩૮.

સત્પુરુષોને સામાન્ય માણસ ઉપર પણ આક્ષેપ કરવાનું ઉચિત નથી તો પછી આર્યપુરુષો એટલે સર્વજ્ઞપુરુષો ઉપરનો આક્ષેપ તો જીભના છેદ કરતાં વધારે ઘાતક મનાવો જોઈએ. ૧૩૯.

સત્પુરુષો ઘણું કરીને કુદૃષ્ટિવાળા પુરુષોની પેઠે જેમ તેમ બોલતા નથી પણ તેઓ જે બોલે છે તે નિશ્ચિત બોલે છે, સારગર્ભિત બોલે છે અને ઉપકારક બોલે છે.

* * * *

(ઉપર જણાવેલા શ્લોકોમાંના અમુક અમુક શબ્દોની નીચે મુજબ સમજુતી આપવામાં આવી છે.)

૩ "કપિલ સુગત વગેરે એ સર્વજ્ઞ પુરુષોનું." (૧૩૨)
"કારણ કે એ મહાત્માઓ સર્વજ્ઞ છે" (૧૩૨)
"એ સર્વજ્ઞો" (૧૩૩)
"એ સર્વજ્ઞોની અથવા શ્રોતાઓના ભેદને લીધે" (૧૩૪)
"તેમના અભિપ્રાયને એટલે એ સર્વજ્ઞોના અભિપ્રાયને" (૧૩૭)
"સર્વજ્ઞનો પ્રતિક્ષેપ-આક્ષેપ" (૧૩૮)
"આર્યોનો અપવાદ એટલે સર્વજ્ઞોનો પરિભવ" (૧૩૯)

ઉપર જણાવેલાં ટીકાના અવતરણોમાં અનેક સ્થળે આચાર્ય હરિભદ્રે એ ત્રણે મહાપુરુષો માટે સ્પષ્ટપણે 'સર્વજ્ઞ' શબ્દનો ઉપયોગ કરેલો છે. એટલે હવે આપણે 'કેવળી કોણ?' એવી માથાકૂટમાં પડયા વગર જ સત્પુરુષોના આચરણને અનુસરીએ તો આપણું શ્રેય છે.

મહર્ષિ આનંદઘને પોતાના એક પદમાં આચાર્ય હરિભદ્રસૂરિ જેવો જ ભાવ બતાવેલ છે. તે પદ સુપ્રસિદ્ધ છે છતાં તેની એકાદ બે કડી અહીં ટાંકી બતાવું છું.

"राम कहो रहमान कहो कोउ, कान कहो महादेव री
परसनाथ कहो कोउ ब्रह्मा, सकल ब्रह्म स्वयमेव री ॥ राम० ॥१॥

વર્તમાન મહામાનવ આ જ બાબતમાં પોતાના અનુભવનાં જે વચનો લખે છે તે આ પ્રમાણે છે. "જગતના પ્રચલિત પ્રખ્યાત ધર્મો સત્યને વ્યક્ત કરનાર છે, પણ તે બધા અપૂર્ણ મનુષ્ય દ્વારા વ્યક્ત થયેલા હોઈ બધામાં અપૂર્ણતા અથવા અસત્યનું મિશ્રણ હોય છે. તેથી જેવું આપણને આપણા ધર્મ વિષે માન હોય, તેટલું જ માન આપણે બીજાના ધર્મ પ્રત્યે રાખવું ઘટે. આવી વૃત્તિ હોય ત્યાં એકબીજાના ધર્મનો વિરોધ નથી સંભવતો, નથી પરધર્મીને પોતાના ધર્મમાં લાવવાનો પ્રયત્ન સંભવતો; પણ બધા ધર્મમાં રહેલા દોષો દૂર થાય એવી જ પ્રાર્થના.....નિત્ય કરવી ઘટે છે.' (મંગળ પ્રભાત પૃષ્ઠ ૫૮)

આપણે અપૂર્ણ તો આપણે કલ્પેલો ધર્મ પણ અપૂર્ણ... બધા ધર્મ અપૂર્ણ માનીએ તો પછી કોઈને ઊંચનીચ માનવાપણું રહેતું નથી. બધા સાચા છે, પણ બધા અપૂર્ણ છે તેથી દોષને પાત્ર છે. સમભાવ છતાં આપણે તેમાં દોષ જોઈ શકતા હોઈએ, પોતાનામાં પણ દોષ જોઈએ એ દોષને લીધે તેનો ત્યાગ ન કરીએ પણ દોષ ટાળીએ, સમભાવ રાખીએ, બીજા ધર્મોમાં જે કાંઈ ગ્રાહ્ય લાગે તેને પોતાના ધર્મમાં સ્થાન આપતાં સંકોચ ન કરીએ.' (મંગળ પ્રભાત પૃષ્ઠ ૩૬)

શ્રી હરિભદ્ર કરતાં પણ ઘણા પ્રાચીન સમયમાં નિર્માણ પામેલો 'ઋષિભાષિત' નામનો એક જૈન ગ્રંથ મળે છે. આ ગ્રંથ લગભગ અશુદ્ધ છપાયેલ છે છતાં તેમાં જે સર્વધર્મસમભાવની દૃષ્ટિએ લગભગ ૪૫ અર્હતોનાં વચનો નોંધેલાં છે તે આ સમયે વિશેષ મનન કરવા લાયક છે. જૈનપરંપરામાં પ્રસિદ્ધિ પામેલા સ્થાનાંગ અને સમવાયાંગ નામના મૂળઅંગરૂપ આગમોમાં આ 'ઋષિભાષિત' ગ્રંથનું નામ નોંધેલ છે એટલે આ ગ્રંથનું પ્રામાણ્ય આગમગ્રંથ સમાન જ કહેવાય અને નંદીસૂત્રમાં તો આ 'ઋષિભાષિત' નામના ગ્રંથની જૈન કાલિકશ્રુતમાં ગણના કરેલી છે એટલે વળી આ ગ્રંથના પ્રામાણ્યમાં શંકાને અવકાશ જ નથી. તેમાં જે ૪૫ અરહંતોનાં નામ લખેલ છે તે બધા અહીં આપવા અસ્થાને છે. એ બાબત તો વળી બીજે પ્રસંગે યથાસમય લખી શકાય, પરંતુ તેમાંના કેટલાંક નામો આ પ્રમાણે છે.

૪ "सातिपुत्तेण बुध्धेण अरहता बुइतं" (પૃ૦ ૩૩)
दीवायणेण अरहता इसिणा बुइतं (,, ૩૬)
मातंगेण अरहता इसिणा बुइतं (,, ૨૩)
जण्णवक्केण अरहता इसिणा बुइतं (,, ૧૦)
मंखलिपुत्तेण अरहता इसिणा बुइतं (,, ૬)

૪ "શાકયપુત્ર બુદ્ધ અરહંતે કહ્યું છે." (૩૩)
"દ્વૈપાયન અરહંત ઋષિએ કહ્યું છે." (૩૫)
"માતંગ અરહંત ઋષિએ કહ્યું છે." (૨૩)
"યાજ્ઞવલ્કય અરહંત ઋષિએ કહ્યું છે." (૧૦)
"મંખલિપુત્ર ઋષિએ કહ્યું છે." (૬)

અર્થાત-ઋષિભાષિત સૂત્રમાં શાકયપુત્ર બુદ્ધ, દ્વૈપાયન મહર્ષિ, માતંગ ઋષિ, યાજ્ઞવલ્કય ઋષિ અને મંખલિપુત્ર ઋષિ આ બધાને 'અરહંત' શબ્દથી સંબોધેલા છે એટલું જ નહીં પણ તેઓ બધા માટે બુધ્ધ, વિરત, વિપાપ, દાન્ત, દ્રવ્ય અને ફરીથી જન્મ નહીં-લેનારા એવાં એવાં વિશેષણો આપેલાં છે. આવી જૈનવાણી જોતાં એમ લાગે છે કે ઘણા પ્રાચીન સમયમાં એ દરેક દ્રષ્ટાઓ પ્રત્યે કેટલો બધો સમભાવ હશે અને તેમના જુદા જુદા અભિપ્રાયો સમજવાની કેટલી બધી ધગશ આ સંગ્રહકારમાં હશે.

અનુભવ તો એમ જ કહે છે કે સર્વધર્મસમભાવની દૃષ્ટિએ ધર્મારાધન થવું જોઈએ અને તેમ થાય તો જ તે સફળ છે. છતાં જે લોકો હજુ પણ શબ્દપ્રમાણી છે તેમને ખાસ અહીં ઋષિભાષિત અને હરિભદ્ર વગેરેનાં વચનો ઉતારેલાં છે.

જુની પેઢી વિષે વિશેષ ન કહું, પણ યુવકોની નવી પેઢી આ વસ્તુ ધ્યાનમાં લેશે તો આપણામાં ધર્મને નામે ચાલતા અનેક વિખવાદો જરૂર ટળી જશે. શાંતિ!

પંડિત બેચરદાસ જીવરાજ દોશી

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન: સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266.

પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૯
અંક : ૧૧

મુંબઈ : ૧ ઑક્ટોબર, ૧૯૪૭, બુધવાર.

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

હિંદની આઝાદી અને દુનીયાનું ભાવી

[આ સ્વાતંત્ર્યપ્રાપ્તિ પર્વના રોજ શ્રી. મીરાં રીશાર જેમને અરવિંદ આશ્રમના સભ્યો 'માતાજી' તરીકે ઓળખે છે અને યોગનિષ્ટ શ્રી અરવિંદ ઘોષ-તે બંને તરફથી પૃથક પૃથક સંદેશાઓ બહાર પાડવામાં આવ્યા હતા. તે મૂળ અંગ્રેજીમાં હતા. તેનો અનુવાદ 'પ્રબુદ્ધ જૈન'ના વાંચકો માટે અહિં પ્રગટ કરવામાં આવે છે. તંત્રી]

પ્રાર્થના

ઓ અમારી માતા! હિંદની આત્મા! જ્યારે તારાં સન્તાનો તારા શબ્દની ઉપેક્ષા કરીને બીજે રસ્તે ચાલવા લાગ્યા, બીજા માલીકને આધીન બન્યા, અને તારો જ્યારે તેમણે ઇનકાર કર્યો ત્યારે પણ તારાં તે સન્તાનોનો જેણે કદિ ત્યાગ કર્યો નહોતો એવી ઓ સ્નેહવત્સલ માતા! જ્યારે તારાં સન્તાનો જાગૃત થયા છે અને જ્યારે આ મુક્તિકાળની ઉષાના ટાણે તારા મુખારવિંદ ઉપર ભવ્ય પ્રકાશ ઝળહળી રહ્યો છે ત્યારે આ મહાન ઘડિએ તને અમો નમન કરીએ છીએ! તું અમને એવું માર્ગદર્શન કરાવ કે જેથી આમારી આંખો સામે ઉઘડતું આ સ્વાતંત્ર્યક્ષિતિજ સાચી મહત્તાને રજુ કરનારૂં અને પ્રજાસંઘમાં તને યોગ્ય સ્થાન પ્રાપ્ત કરાવનારૂં ક્ષિતિજ પણ બને! તારાથી અમને એવી દોરવણી મળે કે જેથી અમો હંમેશાં મહાન આદર્શોના સમર્થક બનીએ અને અધ્યાત્મમાર્ગના સૂત્રધાર અને માનવજાતના મિત્ર તેમ જ મદદનીશ તરીકેના તારા સત્ય સ્વરૂપનો જગતને આક્ષાત્કાર કરાવીએ! માતાજી.

૧૯૪૭ના ઓગસ્ટની ૧૫મી તારીખ

ઓગસ્ટની પંદરમી તારીખ આઝાદ હિંદનો જન્મ દિવસ છે. એ દિવસે જુનો યુગ પુરો થાય છે અને નવો યુગ શરૂ થાય છે. આ ઘટનાનું મહત્વ માત્ર આપણા દેશ પુરતું જ નથી, પણ તેને એશીઆ તેમ જ આખી દુનિયા સાથે બહુ મહત્વનો સંબંધ છે. કારણ કે આ ઘટના દ્વારા પ્રજાસંઘમાં અનેક શકયતાઓથી ભરેલી એક એવી નવી રાષ્ટ્રશક્તિનો પ્રવેશ થાય છે કે જે રાષ્ટ્રશક્તિને માનવી જગતનું રાજકીય, સામાજિક, સાંસ્કારિક તેમ જ આધ્યાત્મિક ભાવી નિર્માણ કરવામાં બહુ મહત્વનો ભાગ ભજવવાનો છે. આ દિવસનું મારા અંગત જીવનમાં ખાસ મહત્વ છે, કારણ કે આ દિવસ મારો પણ જન્મદિવસ છે અને તે કારણે મારા ઉપદેશને સ્વીકારનારા અનુયાયીઓ દર વર્ષે આ દિવસને ઉજવે છે. આ જ દિવસને આજે આખા રાષ્ટ્રને મળતી આઝાદીના કારણે અત્યન્ત વિશિષ્ટ મહત્વ મળે છે એ હકીકત સ્વાભાવિક રીતે મને બહુ સંતોષ પમાડનારી નીવડે છે. એક અધ્યાત્મવાદી તરીકે આ એકીકરણને હું કેવળ અકસ્માત કે અર્થવિનાનો યોગ લેખતો નથી, પણ જે દૈવી શક્તિ હું જન્મ્યો ત્યારથી અમુક મહાન કાર્ય માટે મને દોરી રહેલ છે તે દૈવી શક્તિની આવા એકીકરણ પાછળ કોઇ ચોક્કસ યોજના અને પ્રેરણા હું અનુભવું છું. ખરેખર જગતની જે લગભગ સર્વ હીલચાલો મારા જીવનકાળ દરમિયાન પોતાના હેતુઓ સિધ્ધ કરશે એમ હું આશા સેવતો હતો-જો કે એ કાળે તો તે બધું કેવળ તરંગી સ્વપ્ન જેવું લાગતું હતું-તે સર્વ હીલચાલો આજે પોતાના ધ્યેયને સિદ્ધ કરી રહી છે અથવા એ સિદ્ધિની સમીપ જઇ રહી છે.

આ મહાન અવસર ઉપર મને સંદેશો આપવાનું કહેવામાં આવ્યું છે, પણ સંદેશો આપવાની સ્થિતિમાં હું ભાગ્યે જ હોઉં છું. આજે તો જે ધ્યેયો અને આદર્શો મેં બાલ્યાવસ્થા અને યુવાવસ્થા દરમિયાન ચિન્તવ્યા હતા અને જેની પરિપૂર્તિની શરૂઆત આજે આપણે જોઇ રહ્યા છીએ તે ધ્યેયો અને ઉદ્દેશો પુરતું માત્ર એક અંગત નિવેદન કરવાનું મારા માટે શકય છે અને તે પણ એટલા માટે કે આ ધ્યેયો અને આદર્શો હિંદની આઝાદી સાથે સીધો સંબંધ ધરાવે છે અને હિંદે ભવિષ્યમાં જે કાંઇ મહાન કાર્ય કરવાનું છે અને જેમાં તેણે આગેવાની ભરેલો ભાગ ભજવ્યા સિવાય છુટકો નથી તે મહાન કાર્યમાં આ ધ્યેયો અને આદર્શોનો સમાવેશ થાય છે. કારણ કે હું હંમેશા એવો અભિપ્રાય ધરાવતો અને જણાવતો આવ્યો છું કે હિંદ જાગૃત થઇ રહ્યું છે, ઉત્થાન અનુભવી રહ્યું છે તે માત્ર પોતાના ભૌતિક સ્વાર્થો સિધ્ધ કરવા માટે જ નથી અથવા તો માત્ર આત્મવિસ્તાર, મહત્તા, સત્તા અને દુન્યવી ઉત્કર્ષ સિધ્ધ કરવા માટે જ નથી-જો કે આ સર્વની તે ઉપેક્ષા તો કરી શકે જ નહિ-તેમ જ અન્ય રાષ્ટ્રો માફક બીજી પ્રજાઓ ઉપર હકુમત જમાવવા માટે પણ આ ઉત્થાન નથી જ, પણ પરમાર્થે તેમ જ સમગ્ર માનવજાતના સહાયક તેમ સૂત્રસંચાલક તરીકે લોકકલ્યાણ અર્થે જીવન જીવવા માટે જ હિંદનું અદ્યતન પુનરુત્થાન નિર્માણ પામી રહ્યું છે. આ ધ્યેયો અને આદર્શો તેના સ્વભાવિક ક્રમમાં નીચે મુજબ હતા:-

(૧) હિંદની મુક્તિ અને એકતા સધાય એવી હિંદવ્યાપી ક્રાન્તિ, (૨) એશીઆની પુર્નજાગૃત્તિ અને મુક્તિ અને માનવસંસ્કૃતિના ઘડતરમાં એશીઆએ જે અગત્યનો ભાગ ભજવ્યો છે તેવો જ ભાગ એશીઆ ફરીથી ભજવી શકે તેવા સામર્થ્ય અને અધિકારની પુનઃ પ્રાપ્તિ, (૩) માનવજાત માટે વધારે મહાન, વધારે ઉજ્જવળ અને વધારે ઉદાત્ત એવા નવજીવનનું નિર્માણ. આ નવજીવનની સમગ્ર સાધના એવી હશે કે જેમાં ભિન્ન ભિન્ન પ્રજાસમુહો પોતપોતાનું વ્યક્તિત્વ અને અસ્તિત્વ કાયમ રાખવા છતાં એક મેક સાથે સંકળાયલા રહેશે અને છુટાના છુટા છતાં ભેગાના ભેગા-એવી સુસંગત સુમેળવાળી વિશ્વરચના ઉભી કરવામાં આવશે, (૪) સમગ્ર જીવનનું આધ્યાત્મીકરણ થાય તે હેતુથી પોતાના આધ્યાત્મિક જ્ઞાન અને સાધન સામગ્રીનું હિંદ તરફથી આખી માનવજાતને સમર્પણ, (૫) અને સૌથી છેવટનું

તો દુનિયાના વિકાસમાં એક એવાં નવા રીમાંચિહ્નની પ્રાપ્તિ કે જેના પરિણામે માનવીની ચેતના ઉચ્ચતર ભૂમિકાને પ્રાપ્ત કરે અને જ્યારથી માણસ જાતે વ્યક્તિગત પૂર્ણતા અને પૂર્ણ સમાજનાં સ્વપ્નાં વિચારવા અને સેવવા માંડયાં છે ત્યારથી જે અનેક સમસ્યાઓ માનવી સમાજને ગુંચવતી અને મુંઝવતી રહી છે તે સમસ્યાઓનો ઉકેલ આવવા માંડે.

હિંદ સ્વતંત્ર છે, પણ એકતા પ્રાપ્ત કરી શકયું નથી અને તેથી તેને મળેલી આઝાદી જર્જરિત અને શીર્ણવિશીર્ણ સ્વરૂપવાળી છે. એક વખત એમ પણ લાગતું હતું કે અંગ્રેજો હિંદમાં આવ્યા તે પહેલાંની માફક જ હિંદનાં નાનાં નાનાં રાજ્યોના ટુકડાઓમાં વહેચાઈ જશે અને ચોતરફ અનવસ્થા પસરી જશે. સદ્‌ભાગ્યે હિંદ આ ભયાનક આપત્તિમાંથી ઉગરી જાય એવી શકયતા પાકા પાયે વિકસી રહી હોય એમ લાગે છે. બંધારણસભાની શાણપણભરી કડક રાજ્યનીતિને લીધે પછાત વર્ગોનો પ્રશ્ન કશા પણ ભાગલા કે ધર્માંતર સિવાય ઉકેલાઈ જાય એમ હવે લાગે છે. પણ હિંદુ મુસલમાન વચ્ચેના કોમી ભેદભાવની વૃત્તિમાંથી દેશના સ્થાયી રાજકારણી ભાગલા તો પડયા જ છે. એમ આપણે આશા રાખીએ કે રાષ્ટ્રીય મહાસભા અને સમસ્ત પ્રજા આ નિર્માણ પામેલી ઘટનાને એક અફર ઘટના તરીકે નહિ સ્વીકારે અને એક કામચલાઉ યોજના કરતાં આ ઘટનાને વધારે મહત્વ નહિ આપે. કારણ જો આ ભાગલા સ્થાયી બને અને હંમેશાને માટે ટકી રહે તો હિંદ અતિશય નબળું પડી જશે, પાંગળું બની જશે, કોમી અથડામણની શકયતા હંમેશાં ઉભી રહેશે, અને બહારના હુમલાઓ અને પરદેશીઓનાં આક્રમણોનું જોખમ પણ હિંદ માથે હંમેશનું ઉભું રહેશે. આપણે આશા રાખીએ કે આજની તંગદીલી ઓછી થતાં, સુલેહ શાન્તિ અને પરસ્પર સંપની અગત્ય અને ઉપયોગીતા વધારે ને વધારે ધ્યાન ઉપર આવતાં, એકત્રિત બનીને સર્વસામાન્ય પગલાંઓ ભરવાની બન્ને પક્ષને ચાલુ ફરજ પડતાં પડતાં, અને એમાંથી પરસ્પર માન્ય બને એવું કરારનામું ઉભું થતાં દેશના ભાગલા જરૂર નાશ પામશે. આ રીતે કોઈ પણ આકારમાં એકતા પાછી આવશે. કયા આકારમાં આ એકતા પાછી આવશે એ પ્રશ્નની તાત્ત્વિક દૃષ્ટિએ ગમે તેટલી ઉપયોગીતા હોય, પણ વ્યવહાર દૃષ્ટિએ એ પ્રશ્ન એટલો મહત્વનો નથી. પણ ગમે તે રીતે આ ભાગલા જવા જ જોઈએ, અને જશે જ. કારણ કે તે વિના હિંદના ભાવીને ઘણો ધક્કો લાગશે, અને આપણી સર્વ આશાઓને ઘણો મોટો ફટકો લાગશે. પણ એમ બની શકે જ નહિ.

એશીઆ જાગૃત થઈ રહ્યું છે અને તેમાંના મોટા મોટા દેશો સ્વતંત્ર થયા છે અથવા તો આ ઘડિએ સ્વતંત્ર થઈ રહ્યા છે તેમજ તેમાંના બીજા કેટલાક પરાધીન દેશો તરેહ તરેહની અથડામણોમાંથી પસાર થઈને આઝાદી તરફ ગતિ કરી રહ્યા છે. હવે માત્ર બહુ જ થોડું કરવાનું રહે છે અને તે આજે અથવા આવતી કાલે થઈ રહેશે. એ દિશાએ હિંદે પોતાનો ભાગ ભજવવાનો છે અને તે ભાગ આજે પણ એવી તાકાત અને કુશળતાપૂર્વક ભજવી રહેલ છે કે હિંદ જેથી હિંદમાં શું શું શકયતાઓ રહેલી છે અને પ્રજાસંઘમાં તે કેવું સ્થાન પ્રાપ્ત કરનાર છે તેની આપણને કાંઇક ઝાંખી થઈ શકે છે.

માનવજાતની એકતાનું ઘડતર જો કે અપૂર્ણ રીતે હોય છતાં પણ ભીષણ અન્તરાયોનો સામનો કરતું કરતું આગળ ને આગળ ગતિ કરી રહેલ છે. એ ઘડતરના ગર્ભમાં ભારે વેગ રહેલો છે અને માનવજાતના આજ સુધીના ઇતિહાસ ઉપરથી જો આપણે કાંઇ પ્રમાણભૂત અનુમાન તારવી શકતા હોઇએ તો આ માનવજાતની એકતા વિકસતી વિકસતી સંપૂર્ણાંશે સિધ્ધ થવી જ જોઇએ એમ આપણે જરૂર કહી શકીએ છીએ. અહિં પણ હિંદે આગેવાનીભર્યો ભાગ ભજવવાનું શરૂ કરી દીધું છે અને માત્ર વર્તમાન પરિસ્થિતિના અને તેની તત્કાલીન મુંઝવણોના ઉકેલ પુરતી મર્યાદિત ન બને પણ ભવિષ્ય તરફ મીટ માંડી શકે અને તેને સમીપ લાવવા પ્રયત્નશીલ બને એવી દૂરંદેશી રાજ્યનીતિ જો હિંદ વિકસાવી શકે તો એક આઝાદ રાષ્ટ્ર તરીકે તેનો વિશ્વસંઘમાં થનો પ્રવેશ આજે જે કાંઇ ધીરી અને ભીરુનાભરી પ્રગતિ થઇ રહી છે તેને જરૂર અત્યન્ત બળવાન વેગ આપી શકે. સંભવિત છે કે કોઇપણ અણધારી આફત આવી પડે અને તે આફત જે કાંઇ થઇ રહ્યું છે તેમાં મોટો અન્તરાય ઉભો કરે અથવા તો તેનો નાશ પણ કરી નાંખે, એમ છતાં પણ છેવટનું પરિણામ સુનિશ્ચિત છે. કારણ કે કુદરતના સ્વાભાવિક વિકાસક્રમમાં માનવજાતની એકતા અત્યન્ત આવશ્યક તેનું છે. અનિવાર્ય પરિણામ છે અને તેની સિદ્ધિની કોઇપણ શક વિના આગાહી કરી શકાય તેમ છે. ભિન્ન ભિન્ન રાષ્ટ્રો માટે એકતાની આવશ્યકતા પણ એટલી જ સ્પષ્ટ છે, કારણ કે તેની સિદ્ધિ થયા વિના નાનાં નાનાં રાષ્ટ્રોની આઝાદી કદિ સલામત બની શકે તેમ નથી અને મોટાં અને શકિતશાળી રાષ્ટ્રો પણ ખરી રીતે સલામતી અનુભવી શકે તેમ નથી. આમ હોવાથી માનવજાતની એકતા નિર્માણ થાય એ સૌ કોઇના લાભની બાબત છે. માનવજાતની જડતા અને બેવકુફીભરી સ્વાર્થાંધતા જ માત્ર આ એકતાનો અવરોધ કરી શકે તેમ છે. પણ આ માનવજાતની એકતાને, કહેવાય છે તે મુજબ, દેવો પણ રોકી શકે તેમ નથી. કુદરતની જરૂરિયાત અને દૈવી ઇચ્છાને અવરોધવાનું કોઇનામાં સામર્થ્ય નથી. રાષ્ટ્રવાદનું પ્રયોજન એ કાળે સમાપ્ત થયું હશે; આન્તરરાષ્ટ્રીય ભાવના અને દૃષ્ટિનો તેમજ આન્તર રાષ્ટ્રીય પરંપરાઓ તથા સંસ્થાઓનો વિકાસ કરવો જોઇશે. કોઇ પણ માનવી એક સાથે બે રાષ્ટ્રોનો કે તેથી પણ વધારે રાષ્ટ્રોનો નાગરીક હોઇ શકે, બની શકે, એવી પ્રથાનો પણ સંભવ છે કે, હવે પ્રારંભ થાય; અને રાષ્ટ્રવાદની ઉગ્રતા કમી થવા સાથે ભિન્ન ભિન્ન સંસ્કૃતિઓ પોતપોતાનું વ્યકિતગત સ્વરૂપ સુરક્ષિત રાખવા છતાં તે સર્વનું કોઇ અદ્‌ભુત સંમીશ્રણ જન્મ પામે એ પણ એટલું જ સંભવિત છે. એકતાની કોઇ અવનવી ભાવના માનવજાતિને જરૂર વ્યાપી વળશે.

હિંદે દુનિયાને પોતાની આધ્યાત્મિક વિશેષતાઓની ભેટ ધરવા માંડી છે. હિંદની આધ્યાત્મિકતા વધારે ને વધારે પ્રમાણમાં યુરોપ તેમજ અમેરિકામાં પ્રવેશ કરવા લાગી છે. એ હીલચાલે વેગ પકડવો જ જોઇએ. આજે જ્યારે અનેક આફતોના ઝંઝાવાતો દુનિયાને અકળાવી રહેલ છે ત્યારે દુનિયા હિંદ ઉપર વધારે ને વધારે આશાની મીટ માંડી રહી છે અને ભારતવર્ષના ધર્મશાસ્ત્રો જ માત્ર નહિ પણ તેની યોગસાધના તરફ પણ દુનિયા વધારે ને વધારે ઢળી રહી છે.

બાકી તો બધું મારી એક અંગત આશા, ધારણા અને ધ્યેય જેવું છે અને તે હિંદ તેમજ પશ્ચિમના આગળ પડતા વિચારો ધરાવનારા માનવીઓને આકર્ષી રહેલ છે. માનવીપ્રયત્નના બીજા કોઇ ક્ષેત્ર કરતાં આ ક્ષેત્રમાં મુશ્કેલીઓ પારવિનાની છે, પણ એ મુશ્કેલીઓ તો જીતવાને માટે જ ઉદ્‌ભવ પામી છે અને જો સર્વશ્રેષ્ટની ઇચ્છા હશે તો એ મુશ્કેલીઓ જરૂર જીતી શકાશે. આ દિશાએ પણ જો દુનિયા આગળ વધવાની હોય તો, આ બાબત તો આત્મતત્વના અને આન્તર ચેતનાના વિકાસમાંથી ઉદ્‌ભવ પામે તેવી હોઇને, હિંદે જ આ દિશાએ પહેલ કરવી જોઇશે અને જો કે તેનું કાર્યક્ષેત્ર વિશ્વવ્યાપી હોવું જોઇએ એમ છતાં પણ હિંદે જ એ આખી હીલચાલનું મધ્યવર્તી કેન્દ્ર બનવું પડશે.

હિંદના આ આઝાદીના દિવસે મારા સંદેશનો આ સાર છે. હિંદ અને દુનિયા વચ્ચેનો આવો સંબંધ ઉભો થશે કે નહિ, કેટલો મોડો કે કેટલો વહેલો ઉભો થશે એનો આધાર તો નવા અને આઝાદ હિંદ ઉપર જ રહેલો છે.

અંગ્રેજી મૂળ લેખક : **શ્રી અરવિન્દ.**

અનુવાદક : **પરમાનંદ**

હરિજન મંદિર પ્રવેશ ધારો અને જૈન શ્વે. મૂ. કોન્ફરન્સનું પ્રત્યાઘાતી નિવેદન

(ગતાંકથી ચાલુ)

આ બધી ચર્ચા કરવા છતાં હિંદુઓમાં જૈનોનો સમાવેશ કરવો તે યોગ્ય છે કે નહિ એ એક એવી બાબત છે કે જે ઉપર પ્રમાણિક મતભેદ હોઇ શકે એ સમજી શકાય તેવી વાત છે. અને તેથી જૈનો હિંદુઓથી એક અલગ કોમ છે એ પ્રતિપક્ષનો દાવો આપણે સ્વીકારીએ તો પણ પ્રશ્ન તો એ છે કે આ ભાઇઓ એમ કહેવાને તૈયાર છે ખરા કે "અમે હિંદુઓથી અલગ એવા જૈનો છીએ અને એમ હોવા છતાં અને ખરી રીતે તો એમ હોવાના જ કારણે અમારા સમાજમાં, ધર્મમાં અસ્પૃશ્યત્વને કોઇ પણ પ્રકારનું સ્થાન નથી. અમારાં મંદિરો અને અમારા ઉપાશ્રયો સૌ કોઇને માટે ખુલ્લાં છે ?" હરગીજ નહિ. ઉપર જણાવેલ નિવેદન જણાવે છે કે 'હકકની રૂએ જૈન મંદિરમાં માત્ર જૈનો જ આવી શકે છે. અમે જૈનેતરોને અમારા મંદિરમાં અમારી મરજી હોય તો આવવા દઇએ, પણ જૈન સિવાય બીજો કોઇ પણ માણસ જૈન મંદિરમાં આવવાનો હકક કદિ કરી શકે જ નહિ.' આના સમર્થનમાં પારસી અગિયારીનો દાખલો દેવામાં આવ્યો છે. અલબત્ત પારસી અગિયારીઓમાં પારસી સિવાય બીજા કોઇને દાખલ થવા દેવામાં આવતા નથી. પણ પારસી અગિયારીઓની સંકુચિતતા કયાં અને જૈન મંદિરની પરંપરાગત વિશાળતા કયાં? જૈન મંદિરને અભંગદ્વાર અને અખંડદ્વાર તરીકે હંમેશા વર્ણવવામાં આવ્યું છે. જૈન મંદિરમાં કોઇ પણ સમયે દર્શન કરવા જઇ શકાય છે. સગવડતાની ખાતર રાત્રે મંદિરો બંધ રાખવામાં આવે તે જુદી વાત છે, પણ દર્શન માટે નિમેલા ચોઢ્ઢસ સમયો–એવી કોઇ મર્યાદાને જૈન મંદિરની સંસ્થામાં સ્થાન નથી. એવી જ રીતે દર્શન કરવા આવનાર સૌ કોઇને માટે જૈન મંદિર ખુલ્લું છે. જૈન ધર્મના શાસ્ત્રગ્રંથોમાંથી કોઇ પણ સ્થળે એવો ઉલ્લેખ મળવો સંભવિત નથી કે જે ઉલ્લેખ મંદિરપ્રવેશને અમુક જ જાતિ, ધર્મ કે સંપ્રદાય પુરતો જ મર્યાદિત કરતો હોય. આજ સુધી આવી કોઇ મર્યાદા, આવો કોઇ પ્રતિબંધ જૈન મંદિર પુરતો જાણવા કે સાંભવામાં આવ્યો નથી. ઉલટું જૈન મંદિરમાં જૈનેતરોના થતા આગમનને જૈનોએ હંમેશાં આવકાર્યું છે, ઉત્તેજ્યું છે, અપનાવ્યું છે. અને જૈન સંપ્રદાયના સ્વરૂપ સાથે પણ આ હકીકત તદ્દન બંધ બેસતી છે. આ વિશાળ દેશમાં જૈનો હંમેશાં એક લઘુમતી વર્ગ તરીકે પોતાનું અસ્તિત્વ ટકાવતા આવ્યા છે, અને તેથી પોતાના સમાજને કેમ વિસ્તારતા રહેવું એ ચિન્તા જૈન સમાજના નિયામકોના દિલમાં હંમેશાં વસેલી હોય છે. જૈન ધર્મ તરફ અન્ય જનોને વાળવાની પ્રવૃત્તિઓને જૈન આચાર્યોએ હંમેશા ઉત્તેજન આપ્યું છે. જૈન સમાજે જાણે કે પોતાનાં દ્વાર સૌ કોઇના માટે ખુલ્લાં હોય એવો જ હંમેશા વર્તાવ દાખવ્યો છે. એટલા જ માટે અન્ય સંપ્રદાયોની અપેક્ષાએ જૈન સંપ્રદાય Converting Religion ધર્માન્તરનું હંમેશાં અનુમોદન કરતો ધર્મ રહ્યો છે. આને લીધે જ અન્ય હિંદુ દેવસ્થાનોમાં જાત જાતની પ્રવેશમર્યાદાઓ જોવામાં આવે છે, જ્યારે જૈન મંદિર માટે આવી કોઇ પ્રવેશમર્યાદા જૈન શાસ્ત્રકારોએ કદિ પ્રતિપાદિત કરી નથી. આથી જ્યારે પ્રસ્તુત નિવેદનમાં જોરશોરપૂર્વક કહેવામાં આવ્યું છે કે જૈન સિવાય અન્ય કોઇ માનવીને જૈન મંદિરમાં પ્રવેશકરવાનો હકક નથી, ત્યારે તે સામે એટલા જ ભારપૂર્વક જાહેર કરવાની આપણને જરૂર પડે છે કે જિનેશ્વર ભગવાનનાં દર્શન કરવા આવનાર હરકોઇ માનવીને જૈન મંદિરમાં દાખલ થવાનો હકક છે. આ હકક જૈન મંદિરની સર્વાંગી કલ્પનાના મૂળમાં રહેલો છે અને તેથી દર્શન કરવા આવનાર એવા કોઇ પણ માનવીને પાછો કાઢનાર જૈન જૈન ધર્મના મૂલભૂત મન્તવ્યોનો ઇન્કાર અને અવજ્ઞા કરે છે.

આજ સુધી એક પણ જિન મંદિરના દરવાજે આ મંદિરમાં કોણ દાખલ થઇ શકે તે વિષે મર્યાદાસૂચક લખાણ જોવામાં આવતું નહોતું. પણ જ્યારથી હરિજન મંદિરપ્રવેશનો પ્રશ્ન ઉપસ્થિત થયો છે ત્યારથી આ મંદિરમાં જૈનો સિવાય અન્ય કોઇને પ્રવેશ કરવાનો હકક નથી એવાં પાટીયાં નજરે પડવા લાગ્યાં છે. આ નિવેદનકારો પણ આજે આ જ વાત અગળ ધરી રહ્યા છે. આનું કારણ શું ? શું બીજા હિંદુઓ જૈન મંદિરમાં આવે એ આ ભાઇઓને ખરેખર નથી ગમતું ? એવું કશું જ નથી. આવા પાટીયાં હોવા છતાં પણ અનેક સવર્ણ હિંદુઓ જૈન મંદિરમાં આવે તેનો આ પાટીયાં ચડાવનારા અને આ નિવેદન ઘડનારા ભાઇઓને જરા પણ વાંધો નથી. પણ તે ઉભયના દિલમાં ભરી છે અસ્પૃશ્ય લેખાતા ભાઇઓ માટેની ઘૃણા. એ ઘૃણા તેમને આજે બોલાવી રહી છે કે અમારા મંદિરમાં જૈનો સિવાય બીજા કોઇને પ્રવેશ કરવાનો જરા પણ હકક નથી. અને આ ઘૃણા દિલમાં ભરેલી હોવા છતાં આજના જમાનામાં એ પ્રગટપણે જાહેર કરવાની એમનામાં હીંમત નથી અને તેથી જ આ બીલનો આવો આડકતરો વિરોધ કરતું નિવેદન-ઉપરથી નિર્દોષ દેખાતું એમ છતાં અંદરથી હિંદુત્વનો ઇનકાર કરવા સાથે અસ્પૃશ્યત્વનું સમર્થન કરતું નિવેદન તેમણે મુંબઇ સરકારને મોકલવાનું ઉચિત ધાર્યું છે. એમ ન હત તો આ નિવેદનમાં અસ્પૃશ્યત્વ નિવારણના મુંબઇ સરકારના આ મહાન પ્રયત્નનું કાંઇ ને કાંઇક સમર્થન આપણને જરૂર નજરે પડવું જોઇતું હતું. એમ ન હોત તો એ નિવેદન એમ જરૂર જણાવી શકતું હતું કે અમે અમારી જાતને હિંદુઓ ગણતા નથી તેથી એ ભાવ સૂચવતી કલમ આપ રદ કરો, પણ સાથે સાથે અમો જણાવીએ છીએ કે અમારાં મંદિર હરિજનો માટે હંમેશાને માટે ખુલ્લાં છે. આ તો દૂર રહ્યું પણ એટલું પણ સ્પષ્ટપણે આ નિવેદનકારો જણાવતા નથી કે જે કોઇ હરિજન જૈન હશે તેના માટે અમારાં મંદિરો તો હંમેશાને માટે ખુલ્લાં છે જ. ઉલટું હરિજનોમાંથી કોઇ જૈન નથી અને તેથી અમારા માટે હરિજન મંદિરપ્રવેશનો કોઇ પ્રશ્ન જ સંભવતો નથી એમ જણાવવામાં પ્રસ્તુત નિવેદનકારો ભારે સંતોષ અને આશ્વાસન અનુભવતા હોય અને નિરાંતનો ઘુંટડો પીતા હોય એવો ધ્વનિ આખું નિવેદન વાંચતા સંભળાય છે.

પ્રસ્તુત નિવેદન હિંદુઓમાં જૈનોનો સમાવેશ કરવા સામે વિરોધ દાખવીને જ માત્ર અટકતું નથી, પણ તેથી આગળ ચાલીને જણાવે છે કે "છેવટે હિંદની બંધારણ સભાએ ન્યાયપૂર્ણ મૂળભૂત હકકોને લગતા જે ઠરાવો પસાર કર્યા છે તે તરફ અમો આપનું ધ્યાન ખેંચીએ છીએ. આ ઠરાવોથી હિંદી સંસ્થાનમાં વસતી જુદી જુદી સર્વ કોમોને સંપૂર્ણ અંશમાં ધાર્મિક સ્વાતંત્ર્ય આપવામાં આવ્યું છે. અમો તેથી નમ્રતાપૂર્વક રજુ કરીએ છીએ કે આ ધારો ઉપર જણાવેલ મૂળભૂત હકકોના શબ્દો અને ભાવનાથી વિરૂદ્ધ છે, અને તેથી આવા ધારાને કાયદાનું સ્વરૂપ આપવું ન જોઇએ." આમ જણાવીને આ નિવેદનકારો જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક વિભાગના નામે જે સનાતનધર્મી હિંદુઓ આ બીલનો સખ્ત વિરોધ કરી રહ્યા છે તે સનાતનધર્મીઓની વહારે જાય છે અને મૂળભૂત હકકોના નામે આ બીલનો મૂળમાંથી વિરોધ કરે છે. નિવેદનકારોના મત મુજબ હરિજનો જૈન મંદિરમાં તો આવી શકતા નથી કારણ કે તેઓ ધર્મે જૈન નથી, પણ ચુસ્ત સનાતન ધર્મીઓના મંદિરમાં પણ તેઓ જઇ શકતા નથી, કારણ કે એમ કરવાથી સનાતનધર્મીઓનું ધાર્મિક સ્વાતંત્ર્ય છુંદાય છે. હરિજનોના ધાર્મિક સ્વાતંત્ર્યનું ચાલુ રૂઢિદ્વારા સીધેસીધું ખુન થઇ રહ્યું છે એ જોવા સમજવાની આ નિવેદનકારોને જરા પણ ચિન્તા નથી કારણ કે હરિજનોનો હાથ ઝાલવાથી તો તેઓ અભડાય છે.

શ્રી જૈન શ્વે. મૂ. કૉન્ફરન્સની મુંબઇની સ્થાયી સમિતિએ હરિજન મંદિર પ્રવેશ ધારા સંબંધમાં તો માત્ર એટલો જ ઠરાવ કર્યો હતો કે હિંદુઓમાં જૈનોને અન્તર્ગત નહિ કરવાની આપણે મુંબઇ સરકાર પાસે માંગણી કરવી. આ મર્યાદાને કૉન્ફરન્સના જવાબદાર અધિકારીઓ આ રીતે વટાવી ગયા છે અને હરિજનોને હિંદુ મંદિરના પ્રવેશ કરવા દેવાની એ મંદિરના વહીવટદારોને ફરજ પાડવામાં આવે એ સામે આખા શ્વે. મૂ. જૈન સમાજના નામે તેમણે વિરોધ નોંધાવ્યો છે. આ અત્યન્ત દુઃખદ તેમ જ શોચનીય છે.

આ નિવેદનમાં એક દલીલ ભારે વિચિત્ર કરવામાં આવી છે કે જૈનો મદ્ય માંસના ત્યાગી છે અને હરિજનો મદ્યમાંસના ભોગી છે તેથી હરિજનોને જૈન મંદિરમાં દાખલ થવા દેવા એ યોગ્ય નથી. જ્યારે જ્યારે આપણા મંદિરોમાં મોટા ઉત્સવસમારંભો ચાલતા હોય છે ત્યારે ત્યારે તે ગામ યા શહેરના ઉપરિઅધિકારીઓ, કલેકટરો અને દીવાનો, ઠાકોર સાહેબ, મહારાજા સાહેબ અને નવાબ સાહેબ– આવા અનેક સત્તાધીશોને પગે પડીને 'અમારા મંદિરમાં આપ પધારો અને અમને કૃતાર્થ કરો' એવી વિનંતિ આપણે કરતા આવ્યા છીએ અને તેમના આગમનથી આપણે ધર્મની ભારે પ્રભાવના અનુભવી છે. આવા લોકોને નિમંત્રણ આપતાં આપણે કદિ સ્વપ્ને પણ વિચાર કર્યો છે ખરો કે આ લોકો સાધારણ રીતે કેવા અઠંગ માંસાહારી અને મદ્યપિપાસુ હોય છે? પણ એ તો સત્તાધીશો છે. એમની મહેરબાનીનો આપણને ખુબ ખપ છે. માટે વસ્તુતઃ આપણને હરિજનનું માંસભક્ષણ કે મદ્યપાન નથી ખુંચતું પણ તેનું હરિજનપણું જ ખુંચે છે. આ ઘૃણા જ આપણા મોઢામાંથી આવી અર્થ વિનાની દલીલ કઢાવે છે. આ ઘૃણા જેટલી દુઃખદ તેટલી જ શરમાવનારી છે.

વસ્તુતઃ હરિજન મંદિર પ્રવેશ ધારાને જૈન મંદિર સાથે વાસ્તવિક રીતે જેટલી નિસબત છે તેથી તે ધારાના જૈન આગેવાન વિરોધીઓએ તે સંબંધમાં ઘણી વધારે ભડક પેદા કરી છે. આજે દિગંબર જૈનો અને શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનો પણ જ્યાં એક મેકના મંદિરમાં ભાગ્યે જ દર્શન કરવા જાય છે ત્યાં હરિજનો કે જેમને જૈન મંદિર સાથે કશી લેવા દેવા નથી તેઓ દર્શનાર્થે જૈન મંદિરમાં આવે એવું ભાગ્યે જ બનવા સંભવ છે. આમ છતાં પણ પાંચ હરિજન ભાઇઓ આપણા મંદિરમાં ધારો કે દર્શનાર્થે આવી ચઢયા તો એ ઘટનાને તો આપણે અન્તઃકરણથી વધાવી લેવી જોઇએ. આપણે એમ ચિન્તવવું જોઇએ કે આપણા નસીબ કયાંથી કે આપણા મંદિરમાં હરિજન આવે! 'सर्व ऊच करं शासन रसी' એનો તો માત્ર આ જ અર્થ હોઇ શકે.

હરિજન મંદિરપ્રવેશ ધારા વિષે એક કલ્પના એવી કરવામાં આવે છે કે આ કાયદો થયો એટલે ગમે તેવા ગંદા, ગંધાતા હરિજનોનાં ટોળેટોળાં માત્ર પોતાનો હક પુરવાર કરવા ખાતર આપણા મંદિરમાં દોડી આવશે. માથે મેલાના ડબા હશે તે બાજુએ મુકીને આપણા મંદિરમાં તેઓ સીધે સીધો દાખલ થઇ જશે. આ કલ્પના પાછળ વસ્તુસ્થિતિને કારણ વિના ઘૃણાજનક ચિતરવાનો કેવળ-પ્રયાસ રહેલો છે. દરેક મંદિરમાં દાખલ થનારે સર્વસામાન્ય સભ્યતાના નિયમો પાળવાના જ હોય છે. એ નિયમનો ભંગ કરનારને કોઇ પણ અટકાવી શકે છે. ધારો કે પચ્ચીસ જૈનો જેમનો તો હકથી પણ જૈન મંદિરમાં દાખલ થવાનો અધિકાર છે તેઓ અન્ય સમુદાયને ચીડવવા ખાતર નગ્ન બનીને આપણા મંદિરમાં દાખલ થવા આવ્યા. જ્યાં સ્ત્રી પુરુષોનો દર્શનાર્થે પ્રવાહ વહી રહ્યો હોય છે ત્યાં આવા જંગલી જૈનોને આપણે જરૂર અટકાવી શકીએ છીએ. આ જ પ્રમાણે જે સભ્યતા અને સ્વચ્છતા જાળવવાની અન્ય જનોને આપણે ફરજ પાડી શકીએ છીએ તે સભ્યતા અને સ્વચ્છતા આગન્તુક હરિજને જાળવવી જ રહી. એમ ન વર્તે તો ગમે તેવો મંદિર પ્રવેશનો કાયદો હોય–આપણે જંગલીપણે વર્તતા માણસોને મંદિરમાં દાખલ થતા અટકાવી શકીએ છીએ–દાખલ થયા હોય તો હાથ પકડીને બહાર કાઢી શકીએ છીએ.

એક એવી દલીલ કરવામાં આવે છે કે એક વખત હરિજનોને આપણે મંદિરમાં દાખલ થવા દઇશું પછી તો તે આપણું આખું મંદિર પચાવી પાડશે. આનાં જેવી વાહિયાત બીજી કોઇ કલ્પના હોઇ ન શકે. પ્રવેશહક એક વસ્તુ છે; સાંપ્રદાયિક વહીવટ, પુજાપાઠ, ક્રિયાકાંડ બીજી જ વસ્તુ છે. આપણને અનેક સ્થળોએ પ્રવેશનો હક હોય છે. તેના લીધે તે સ્થળ કે સંસ્થા ઉપર આપણને બીજો કોઇ હક મળતો જ નથી. આ આપણો સામાન્ય અનુભવ છે. આપણે વૈષ્ણવ મંદિરમાં, શૈવ મંદિરમાં, ખ્રીસ્તી મંદિરમાં જઇ શકીએ છીએ. આપણને કોઇ અટકાવતું નથી. પણ એ પ્રવેશ હકથી આપણી હકુમતમાં અન્ય કોઇ પ્રકારે લેશમાત્ર વધારો થતો જ નથી.

પણ હરિજનો આવવાથી આપણાં મંદિરો અભડાઇ જાય– અપવિત્ર થઇ જાય તેનું શું? જેઓ આવી આભડછેટમાં માનતા હોય તેમના મનનું જલ્દિથી સમાધાન કરવું મુશ્કેલ છે, પણ તેઓ જરા ઉંડાણથી વિચાર કરવા માંડે તો આ આભડછેટ કેવી કાલ્પનિક છે અને જૈન ધર્મનો મૂળ પાયો **'मित्ति मे सव्व भूएसु'** એની કેટલી વિરોધી છે તેનો તેમને સહજમાં ખ્યાલ આવે તેમ છે. આવી જ આભડછેટ અને સુગ દક્ષિણ આફ્રિકાઓના ગોરાઓ આપણા વિષે ધરાવે છે. આવી જ આભડછેટ અને સુગ અમેરીકા-વાસીઓ હબસીઓ વિષે ધરાવે છે. એ આભડછેટના ખ્યાલોએ કેટલા ઘોર અન્યાયો પેદા કર્યા છે અને અમાનુષી વર્તાવને ઉત્તેજન આપ્યું છે તે આપણે જાણીએ છીએ. માનવી માત્ર સરખા છે; માણસ માણસથી કદિ અભડાતો નથી. આવી આભડછેટ જેવો બીજો કોઇ અમાનુષી વહેમ નથી. દર્શનાર્થે આવતા કોઇ પણ માનવીથી કોઇ પણ દેવમંદિર અને ખાસ કરીને જિનમંદિર કદિ અભડાતું નથી, અપવિત્ર થતું નથી. જિન મંદિર એ તો ગંગાનદીનો વહેતો પ્રવાહ છે. તેમાં જે કોઇ પ્રવેશ કરે છે તેને તે પવિત્ર બનાવે છે. આમ છતાં પણ આવાં પવિત્ર સ્થાનો કદિ પણ અમુક માણસોના આવવાથી અપવિત્ર થતા હોય તો તે ઉપરથી મેલાં પણ સાધારણ રીતે અંદરથી ભોળા હરિજનોથી નહિ, પણ ઉપરથી ઉજળા પણ અંદરથી મેલા એવા ભદ્રલોકોથી થાય છે એ આપણે બરોબર સમજી લઇએ.

આ બધી બાબતો ધ્યાનમાં લઇને આપણે પ્રસ્તુત પ્રત્યાઘાતી નિવેદનની ઉપેક્ષા કરીએ, તાજેતરમાં પસાર થયેલ હરિજન મંદિર પ્રવેશ ધારાને આનંદપૂર્વક વધાવીએ, અપનાવીએ અને સામાજિક સર્વ બાબતોમાં હરિજનોને આપણે સમકક્ષાએ સ્થાપીએ!

પરમાનંદ

તા. ક. શ્રી. જૈન શ્વે. મૂ. કૉન્ફરન્સ તરફથી મુંબઇ સરકાર ઉપર હરિજન મંદિર પ્રવેશ ધારા સંબંધમાં મોકલવામાં આવેલ નિવેદન તા. ૮–૮–૪૭ ના રોજ મળેલી મંજકુર કૉન્ફરન્સની સ્થાયી સમિતિએ કરેલા ઠરાવની મર્યાદાને કેવી રીતે ઓળંગી જાય છે તે આપણે ઉપર જોયું, પણ એ ઉપરાંત સંસ્થાના મુખ્ય મંત્રી શ્રી ચંદુલાલ વર્ધમાન શાહે એને લગતીસભામાં સ્પષ્ટતાપૂર્વક જણાવેલું કે "હિંદુ સમાજ અને હિંદુ ધર્મ તદ્દન ભિન્ન વસ્તુઓ છે અને જૈન સમાજ હિંદુ સમાજમાં અન્તર્ગત થાય છે એ આપણ સર્વને જરૂર કબુલ છે. પણ તેનો અર્થ એમ કરવાનો છે જ નહિ કે જૈન ધર્મનો હિંદુ ધર્મમાં સમાવેશ થાય છે. હિંદુ ધર્મ જેટલો જ જૈન ધર્મ એક અલગ અને સ્વતંત્ર ધર્મ છે" અને આ રીતે રજુ કરાયેલો આખો મુદ્દો કૉન્ફરન્સ તરફથી મોકલવામાં આવનાર નિવેદનમાં બરોબર સ્પષ્ટ કરવામાં આવશે એમ પણ તેમણે તે

જુનાગઢની આરઝી સરકારને અભિનન્દન અને વન્દન

તા. ૨૫-૯-૪૭ ગુરૂવાર સાંજના ૬-૧૭ ના સમયે મુંબઇ ખાતે માધવબાગમાં શ્રી. ન્યાલચંદ મૂળચંદ શેઠના પ્રમુખપણા નીચે મળેલી કાઠિયાવાડના પ્રજાજનોની વિરાટ સભામાં જુનાગઢ રાજ્ય ઉપર જે નવાબી હકુમત ચાલે છે તેની સામે બળવો જાહેર કરતી નીચે મુજબના ૭ સભ્યોની આરઝી સરકારની જાહેરાત કરવામાં આવી છે.

શ્રી સામળદાસ લક્ષ્મીદાસ ગાંધી–પ્રમુખ
,, દુર્લભજી કેશવજી ખેતાણી
,, ભવાનીશંકર એ. ઓઝા
,, સુરગભાઈ કાળુભાઈ વરૂ
,, મણિલાલ સુન્દરજી દોશી
,, નરેન્દ્ર પ્રાગજી નથવાણી

આ સરકારના સભ્યોને આપણ સર્વનાં અભિનન્દન છે અને આવો પરમ કોટિનો પુરૂષાર્થ દાખવવા બદલ તે આરઝી સરકારને આપણ સર્વનાં વન્દન છે.

કોઇ પણ રાજ્યસત્તાને ઉથલાવી પાડવા માટે ઉભી કરવામાં આવતી આવી સમાન્તર આરઝી સરકારની સ્થાપના હિંદુસ્થાનના ઇતિહાસમાં એક, અજોડ અને અદ્વિતીય રાજકીય ઘટના છે. જે નવાબશાહીએ પ્રજાજનોની અસાધારણ બહુમતીની ઉપેક્ષા કરીને, ભૌગોલિક પરિસ્થિતિની અવગણના કરીને, તેમ જ ન્યાય, નિતિ, તેમ જ ઔચિત્યને લગતાં સર્વ કોઇ ધોરણોને ઠેબે મારીને કાઠીયાવાડની છાતીમાં જાણે કે ખંજર ભોંકતી હોય એવું પાકીસ્તાન સાથે જોડાણ કર્યું છે તે નવાબશાહીએ જુનાગઢ ઉપર રાજ્યશાસન ચલાવવાનો સર્વાધિકાર ગુમાવ્યો છે અને તેને ઉખેડીને ફેંકી દેવી એ માત્ર જુનાગઢની પ્રજાનો જ નહિ પણ કાઠીયાવાડની પ્રજાનો અનિવાર્ય ધર્મ બને છે. આ ધર્મનો અમલ કરવા માટે ઉભી કરવામાં આવેલી જુનાગઢની આરઝી સરકારને જેટલા ધન્યવાદ આપવામાં આવે તેટલા ઓછા છે. એ નવાબશાહીએ ખાસ કરીને છેલ્લાં વીશ વર્ષ દરમિયાન કેવળ કોમી રાજ્યનીતિ અખત્યાર કરીને પોતાની હિંદુ પ્રજા જે રાજ્યની કુલ વસ્તીનો ૮૨ ટકા ભાગ છે તે હિંદુપ્રજાની રંજાડ કરવામાં બાકી રાખી નથી. આ જાણે કે ઓછું ન હોય તેમ આજના નવાબ સાહેબ પોતે મુસલમાન છે છે એટલા જ કારણસર આખી પ્રજાને પાકીસ્તાન સાથે જોડી દેવાની ધૃષ્ટતા કરી રહ્યા છે, દુષ્ટતા દાખવી રહ્યા છે. એ નવાબને જુનાગઢની ગાદી ઉપર ચાલુ રહેવાનો લેશ માત્ર અધિકાર રહ્યો જ નથી.

મોસ્લેમ લીગના આગેવાનો, મુસલમાન નવાબો અને નિઝામો-આ સર્વનાં માનસ કોણ એવી તે કઇ પિશાચી માટીનાં બનેલાં છે કે જે સ્વાભાવિક રીતે સુઝવું જોઇએ તે તેમને સુઝતું જ નથી અને જે રીતે અંદર તેમ જ બહારનાં સુખ, શાન્તિ અને આબાદી જળવાય તે રીતે તેમને વર્તવું ગમતું જ નથી? એમ ન હોય તો ૮૨ ટકા હિંદુ વસ્તીના પાલણહાર નવાબને પાકીસ્તાનમાં દાખલ થવાનું સુઝે જ કેમ? અને એમ ન હોય તો આવા જુનાગઢ રાજ્યના જોડાણને પાકીસ્તાનના સરનશીન સંમત કરે જ કેમ? હૈદ્રાબાદના નિઝામ પણ પોતાની ૮૫ ટકા હિંદુ વસતી હોવા છતાં હિંદી સંઘ સામે પોતાને સ્વતંત્ર જાહેર કરવાની ધૃષ્ટતા દાખવી જ કેમ શકે? આમ બનવાનાં બે કારણો છે. એક તો તેમણે પેઢી દર પેઢી ચાલુ આપખુદીનો અમલ કર્યો છે અને બીજું હિંદુ પ્રજાએ આજ સુધી એકસરખી સત્વશુન્યતા દાખવી છે.

જુનાગઢની આરઝી હકુમતે જે કાર્ય સિધ્ધ કરવા ધાર્યું છે તે કાંઇ બાળકનો ખેલ નથી. એ માર્ગે કેટલી આફતો અને આડખીલો ઉભી છે તેનું આજે કોઇ માપ નીકળી શકે તેમ છે જ નહિ. સામા પક્ષે જુનાગઢનું કોમી રાજ્યતંત્ર અને તેને ટેકવનાર કોમી પોલીસ, કોમી લશ્કરી દળ તેમ જ શસ્ત્રસજ્જ મોટા ભાગની મુસ્લીમ પ્રજા અને તે બધાંની પાછળ ઉભેલ પાકીસ્તાનનું પિશાચી રાજ્યતંત્ર અને તેનું વિપુલ સૈન્ય છે. આ બધા કીલ્લાઓ તુટે ત્યારે જ નવાબની ભોગનિદ્રાનો છેડો આવે. આ હેતુ બર લાવવા માટે સમસ્ત પ્રજાએ પાર વિનાનાં બલિદાન આપવા પડશે, અને જાનમાલની બેહદ ખુવારી નોતરવી પડશે. સદ્‌ભાગ્યે આ બાજુએ કાઠિયાવાડના સર્વ હિંદુ રાજાઓ આપણી સાથે છે; હિંદી યુનીયનની પણ આ બાજુએ જ સાહાનુભૂતિ છે. સૌ કોઇના દિલમાં એ બરોબર વસી ગયું છે કે કાઠિયાવાડે પોતાનું સ્વત્વ ટકાવવું હોય તો, ખાસ કરી હિંદુ પ્રજાએ પોતાના જીવનને, પ્રાણને, આત્માને અનામત રાખવા હોય તો, કાઠિયાવાડમાંથી પાકીસ્તાનનો કાંટો ઉખેડયે જ છુટકો. એ કાંટો ઉખેડતાં નવાબને પણ ઉખેડી નાંખવો પડે તો તેને પણ તે જ રસ્તે વિદાય કર્યે જ છુટકો. આ સિવાય જાતે બચવાનો અને દેશને બચાવવાનો બીજો કોઇ માર્ગ જ હોઇ ન શકે. આખા દેશની અને ખાસ કરીને કાઠિયાવાડની હિંદુ પ્રજા જે નિર્માલ્યતા, ભીરૂતા અને સુંવાળાપણું પોતાની પ્રકૃતિમાં આજ સુધી વણતી આવી છે તે નિર્માલ્યતાનો, ભીરૂતાનો અને સુંવાળાપણાનો વળ હવે ઉખેડયે જ છુટકો છે. આખી હિંદુ કોમ સામે આજે પોતના અસ્તિત્વનો–જીવનમરણનો–પ્રશ્ન આવીને પડયો છે. હિંદના આજ સુધીના ઇતિહાસમાં આ પ્રશ્ન કોઇ કાળે પણ આજ જેટલો વિકટ નહોતો બન્યો. આપણે બેવકુફ અને ભોળા કે આપણે એ ઘડિ માની લીધું કે ઝીણા અને તેની મોસ્લેમ લીગે જે માગ્યું તે આપણે આપી દીધું છે. હવે તે તેનું પાકીસ્તાન સંભાળે; આપણે આપણા હિંદી યુનીયનમાં ખાઇશું, પીશું અને રાજ્ય કરશું. પણ બહુ જલ્દિથી આપણને ભાન આવી રહ્યું છે કે આ આપણી ભ્રમણા હતી. પંજાબના પ્રશ્ન ઉપર ઝીણા, લીયાકતઅલીખાન અને ગઝનફરઅલીખાનનાં જુઠાણાંથી ભરેલાં નિવેદનો તેમની હિંદી યુનીયન ઉપરની કુદૃષ્ટિ પુરવાર કરવા માટે પુરતાં છે. નીઝામનું હિંદી

વખતે ખાત્રી આપી હતી. આમ છતાં પણ કોન્ફરન્સ તરફથી મોકલવામાં આવેલ નિવેદનમાં આવી કશી ચોખવટ જોવામાં આવતી નથી. ઉલટું હિંદુઓમાં જૈનોનો એટલે કે હિંદુ કોમમાં જૈન કોમનો સમાવેશ થતો નથી એ બાબત ઉપર જ આ નિવેદનમાં ખુબ ભાર મૂકવામાં આવ્યો છે, એટલું જ નહિ પણ એ મતલબના મુંબઇ સરકાર ઉપર તારો મોકલવા કોન્ફરન્સ તરફથી સ્થળે સ્થળે સૂચનાઓ મોકલવામાં આવી છે.

પણ આ બાબતમાં કોન્ફરન્સના મુખ્ય મંત્રી ચંદુલાલ વર્ધમાન શાહને આપણે બહુ દોષ ન દઇએ. કારણ કે આ નિવેદન ઉપર તેમણે તો માત્ર સહી જ કરી છે. પણ આ નિવેદન ઘડનારા તો કુશળ જૈન બેરીસ્ટરો, સોલીસીટરો અને વકીલો છે. તેમને વિશેષ વિચાર કરતાં જરૂર માલુમ પડયું હશે કે હિંદુ કોમ અને હિંદુ ધર્મ એકમેકથી જુદા પાડી શકાય તેમ છે જ નહિ અને તેથી જૈન કોમ અને જૈન ધર્મ સંબંધમાં ભિન્ન ભિન્ન પ્રકારનું વળણ દલીલમાં ટકી શકે તેમ છે જ નહિ અને તેથી જ હિંદુ કોમથી જૈન કોમની એક અલગ કોમ તરીકે લેખવાનો પોતાના નિવેદનમાં તેમણે આગ્રહ કર્યો જણાય છે. જૈન સમાજનું એ સદ્‌ભાગ્ય છે કે જૈન સમાજને અત્યન્ત નુકસાન કરે તેવો પ્રસ્તુત નિવેદનકારોનો આ દાવો મુંબઇ સરકારે સ્વીકાર્યો નથી અને હરિજન મંદિર પ્રવેશ ધારાને મુંબઇ પ્રાન્તની ધારાસભાએ મૂળ સ્વરૂપમાં સર્વાનુમતે મંજુર રાખ્યો છે. પરમાનંદ

યુનીયનમાં નહિ જોડાવું પણ આપણને અનેક રીતે સાશંક બનાવી રહેલ છે. જુનાગઢનો સ્વીકાર એ પાકીસ્તાને હિંદી યુનીયન ઉપર પશ્ચિમ બાજુએથી લંબાવેલો પેલાદી પંજો જ છે એ સહજમાં સુઝ પડે તેવી વાત છે. આમ હોવાથી સમસ્ત હિંદુ કોમે જલ્દિથી સચેત બનવાની, અને સુખચેન અને આરામનો ત્યાગ કરવાની જરૂર છે. દ્રવ્યલાલસા અને સ્થુળ લાભાલાભની ગણતરીથી ભરેલો જીવનવ્યામોહ–આ બે કારણોએ હિંદુ જનતાને બાયલી, નિર્માલ્ય, ડરપોક અને સ્વાર્થ ખાતર સેતાનનું પણ પદપ્રક્ષાલન કરવાને હંમેશા તત્પર–આવી સ્વત્વહીન પ્રજા બનાવી દીધેલ છે. ધર્મ અને અહિંસાના નામે નિર્માલ્યતા અને ભયની જ ઉપાસના આપણા લોકોએ કરી છે. આ સર્વ ત્રુટિઓમાંથી હિંદુ પ્રજાએ મુકત બનવું જ રહ્યું. જુનાગઢનો પ્રશ્ન એ જુનાગઢની હિંદુ પ્રજાનો જ નથી, માત્ર કાઠિયાવાડની જ હિંદુ પ્રજાનો નથી; પણ આખા હિંદુસ્તાનની હિંદુ પ્રજાનો છે એમ સમજીને આજે જે લડત શરૂ કરવામાં આવી છે તે લડતને સમસ્ત હિંદુ જનતાએ ધન, માલ-મીલ્કત અને પ્રાણ–સર્વસ્વની આહુતિ વડે પાર પાડવી જ રહી. આમાં લેશ માત્ર પ્રમાદ, સ્વાર્થપરાયણતા કે ભીરૂતા દાખવવામાં આવશે તો તેમાંથી સર્વવિનાશ જ પરિણમશે એ સૌ કોઇ બરોબર સમજી લે.

જૈન સમાજ પણ આ લડતને શકય તેટલો ટેકો આપે. ગીરનાર જેવું તીર્થક્ષેત્ર જે રાજ્યની હદમાં આવેલું છે તે રાજ્યને પાકીસ્તાનનું ગુલામ બનતા અટકાવવું જ જોઉએ. આ પ્રશ્ન આ રીતે આખા જૈન સમાજને બહુ નિકટપણે સ્પર્શે છે. આજે પણ નવાબના રાજ્યતંત્રમાં ગીરનાર તીર્થ પરત્વે આપણી કેવી પરાધીનતા છે, લાચારી છે, આપણી જ જગ્યામાં તેની મંજુરી સિવાય આપણે એક ઇંટ પણ માંડી શકતા નથી–આ બધી હાલાકી, અને ગુલામીમાંથી જો જૈન સમાજ છુટવા ઇચ્છતો હોય, પોતાના તીર્થ-ક્ષેત્રને પોતાની ઇચ્છા મુજબ વિકસાવવા માંગતો હોય તો તે માટે આ જ ખરી તક છે. તેથી આરઝી સરકારને બને તે રીતે મદદ-રૂપ બનવા જૈન સમાજને આગ્રહપૂર્વક વિનંતિ છે.

અલબત્ત આજની લડતના પ્રમુખ સૂત્રધારોમાં કેટલાક જાણીતા જૈન કાર્યકરો છે. ગયા ગુરૂવાર તા. ૨૫-૯-૪૭ની સભાના પ્રમુખ શ્રી. ન્યાલચંદ મૂળચંદ શેઠ, શ્રી. ચીમનલાલ ચકુભાઈ શાહ, શ્રી. અમૃતલાલ દલપતભાઇ શેઠ, તથા મુંબઇના કાઠિયાવાડ પ્રજામંડળના નવા પ્રમુખ શ્રી. મોહનલાલ સોપાન–આ સર્વ બંધુઓ જૈન છે. આ ઉપરાંત આરઝી હકુમતના છ સભ્યોમાં બે સભ્યો શ્રી. દુર્લભજી ખેતાણી તથા શ્રી. મણિલાલ સુન્દરજી દોશી–ઉભય પણ જૈન છે. શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહ મુંબઇ જૈન યુવક સંઘના પ્રમુખ છે. શ્રી. દુર્લભજી ખેતાણી મુંબઇ જૈન યુવક સંઘના એક આગે-વાન સભ્ય છે. આ હકીકત જૈન સમાજને તેમ જ મુંબઇ જૈન યુવક સંઘને અત્યન્ત ગૌરવ આપનારી છે અને તે એટલા માટે નહિ કે તે તે ભાઇઓએ જૈન હોઇને અમુક અમુક સત્તાસ્થાનો પ્રાપ્ત કર્યા છે, પણ આ હકીકતનું ગૌરવ તો એટલા માટે છે કે પ્રજાએ આ સર્વ ભાઇઓને તેમની દરેકની યોગ્યતા સ્વીકારીને પ્રસ્તુત લડતના અગત્યના સ્થાનો ઉપર નિયુક્ત કર્યા છે અને આ ભાઇ-ઓએ જુનાગઢની પ્રજાના–કાઠિયાવાડની પ્રજાના–રાજકારણી ઉધ્ધાર અર્થે ઉભી કરવામાં આવેલી આ જીવસટોસટની લડતમાં પોતાનું સર્વસ્વ અર્પણ કરવાની અને પોતાની સર્વ શકિતઓને આ મહાન કાર્ય પાછળ ખરચી નાંખવાની અને જાતે ફના થઇ જવાની તમન્ના દાખવી છે.

આમ છતાં પણ સામાન્ય જૈન સમાજને ઢંઢોળવાની અને દ્રવ્યોપાર્જનની ઘેલછામાંથી મુકત બનાવવાની અને આજ સુધી સેવેલી ઉદાસીનતાને બાજુએ હડસેલીને આજે માથે આવી ઉભેલા નવા કર્તવ્યધર્મને જૈન સમાજ બરોબર સમજે અને પાલન કરે એ રીતે તેમને જાગૃત કરવાની ખાસ જરૂર છે. તેઓ આજની લડતને પોતાના તીર્થની લડત સમજે, પોતાના ધર્મની રક્ષાની લડત સમજે, પોતાની જાતને બચાવવાની લડત સમજે–એ જેટલું ઇષ્ટ છે તેટલું જ આવશ્યક છે.

અને મુસલમાન ભાઇઓને પણ જો આ લખાણ કોઇ રીતે પહોંચી શકતું હોય અને તેઓ મોસ્લેમ લીગે ઉભા કરેલા ભયંકર પૂર્વગ્રહોને બે ઘડિ બાજુએ રાખીને સમભાવથી બુદ્ધિ-પૂર્વક બે વાત સાંભળવા માંગતા હોય તો તેમને પણ સવિનય વિજ્ઞપ્તિ કે જુનાગઢના પાકીસ્તાન જોડાણનો વિરોધ કરવો એમ જેટલો હિંદુઓનો ધર્મ છે તેટલો જ તેમનો પણ ધર્મ છે. કારણ કે જે પાયા ઉપર પાકીસ્તાનની માંગણી કરવામાં આવી હતી અને જે પાયા ઉપર પાકીસ્તાનનો સ્વીકાર કરવામાં આવ્યો છે તે પાયા ઉપર જ જુનાગઢ રાજ્યે હિંદી સંઘમાં જોડાવું જોઇએ એવી આપણી માંગણી છે. આ ઉપરાંત તેઓ–એટલે કે જે મુસલમાન ભાઇઓ હિંદી સંઘના પ્રજાજનો છે તેઓ–પોતાનો સ્વાર્થ, સહીસલામતી અને સુખચેન ઇચ્છતા હોય તો તે માટે પણ તેમણે આ પ્રજાના બળવાને પુરેપુરો ટેકો આપવો જોઇએ અને અન્યાય અને અધર્મ ઉભર ઉભા રહેલા નવાબી રાજ્યતંત્રને રૂખસદ આપવાના આ કાર્યમાં પ્રગટ રીતે પુરા મદદરૂપ થવું જોઇએ.

પણ...પણ આ વાત તેમના ગળે ઉતરશે કે કેમ એક સવાલ છે અને તેથી હજુ ફરી ફરીને તેમને કહેવાનું મન થાય છે કે "તમો આજની વાસ્તવિક પરિસ્થિતિ બરોબર સમજો અને મનનાં વળણ બદલો! મોસ્લેલ લીગની પીશાચી નેતાગીરીએ અમારૂં, તમારૂં, આખા દેશનું સત્યાનાશ વાળ્યું છે. આ દેશ ગાંધીજીના નેતૃત્વ નીચે અહિંસાની લોકોત્તર ભૂમિકાનું અવલંબન લઇને એક વિશિષ્ટ સભ્યતાપૂર્વક અંગ્રેજ સરકાર સામે વર્ષોથી લડત ચલાવી રહેલ હતો. ઝીણા અને મોસ્લેમ લીગની અસત્ય અને હિંસાથી પ્રચુર દોરવણીએ તમારાં મગજ ભમાવ્યાં, અમારાં મગજ ભમાવ્યાં, તમારામાંના કેટલાયે ભાઇઓ હેવાન બન્યા, અમો પણ એ દિશાએ ખેંચાયા. કલકત્તા, નોવાખલી, બીહાર, ગઢમુકતેશ્વર, પંજાબ, વાયવ્ય પ્રાન્તનાં એક પછી એક હત્યાકાંડો નિપજ્યા. એથી ત્રાસીને કોંગ્રેસે ભાગલા સ્વીકાર્યા. એમ છતાં પણ પંજાબમાં પાછો કોમી જવાળા-મુખી ફાટી નીકળ્યો અને કાળો કેર વર્તી ગયો. આપણે બન્ને એક માના જણ્યા બે ભાઇઓ હતા અને છીએ. પણ તમારા સરનશીન ઝીણાએ કહ્યું કે 'તમો અને અમો ભિન્ન ભિન્ન પ્રજાઓ છીએ.' તમોએ ભોળાભાવે એ વાત માની લીધી, ગણ્યાગાંઠ્યા રાષ્ટ્રવાદી મુસલમાનો સિવાય તમારામાંના કોઇએ પણ એ વાતનો વિરોધ ન કર્યો. આપણી પેઢી દરપેઢીની મહો-બત મોસ્લીમ લોગના ભરમાવ્યા તમોએ જાણે કે ઉપરનું એક કપડું હોય એમ ઘડિના છઠ્ઠા ભાગમાં ફેંકી દીધી. આ બાબતનું અમારા દિલમાં બહુ ઉંડું દુઃખ છે. આમ છતાં આજે પણ આપણે બધા ભાઇઓ છીએ અને એક જ માતૃભૂમિના સંતાનો છીએ એમ અમો અન્તરથી માનીએ છીએ. પણ સાથે સાથે એ પણ અમારે તમને જણાવવું જોઇએ કે અમારા દિલના વિશ્વાસને તમોએ સખ્ત આઘાત લગાડયો છે અને તેથી આપણા સંબંધો બહુ જ અળા બન્યા છે. આવી પરિસ્થિતિમાં તમારે અમારી સાથે સુખરૂપ સ્થિતિમાં રહેવું હોય તો તમારા સરનશીન કાયદે આઝમ ઝીણાએ શિખવેલા ઘણા પાઠો તમારે ભુલવા પડશે, તેના પ્રત્યેની વફાદારીનો તમારે આમૂળ ત્યાગ કરવો પડશે, હિંદી સંઘ પ્રત્યે તમારે સંપૂર્ણ વફાદારી દાખવવી પડશે. હવે ગુંડાગીરીના દિવસો ગયા છે. આજનો હિંદુ એ ગઇ કાલનો હિંદુ નથી રહ્યો એ તમારે બરોબર સમજી લેવું પડશે. જુનાગઢ જેવા પ્રશ્નમાં તમારે હિંદુઓને પુરો સાથ આપવો પડશે. દેશમાં રહીને પાંચમી કતારનું તમારૂં કોઇ પણ કામ હવે અહિંનું રાજ્ય કે પ્રજા લેશ માત્ર સહી

નહિ શકે. આવા લોકો માટે પાકીસ્તાનનાં દરવાજા ઝીણા સાહેબે ખોલ્યા છે. કોઈ પણ સમજુ માણસ-હિંદુ કે મુસલમાન-જુનાગઢ રાજ્યના આ આપખુદ અત્યાચારને સહી ન જ શકે. આ લડતનું ઉપરનું સ્વરૂપ કોઇને કદાચ કોમી લાગે, પણ વસ્તુતઃ આ કોઇ કોમી લડત નથી. આ તો અત્યાચારની પરંપરાથી નિષ્ઠુર બનેલા અને ભોગવિલાસના નીશામાં જડ બનેલા નાલાયક નવાબ અને તેના દુષ્ટ કર્મચારીઓને સ્થાનભ્રષ્ટ કરવાનું-અધિકારભ્રષ્ટ કરવાનું-ધર્મયુધ્ધ છે. બીજા કેટલાયે રાજ્યો પાકીસ્તાનમાં જોડાયા છે તે સામે કોઇએ જરા પણ વાંધો ઉઠાવ્યો નથી. જુનાગઢના પાકીસ્તાનમાં જોડાવામાં નવાબની બેવકુફી અને તેના કર્મચારીઓની ગુંડાગીરી સિવાય બીજું કોઇ પણ કારણ નજરે પડતું નથી" આ આખી વસ્તુસ્થિતિનો સાર સમજીને કાઠિયાવાડના મુસલમાનભાઇઓ આ લડતમાં પુરો સાથ આપે એવી આશા કલ્પનાપ્રદેશમાં તો જરા પણ વધારે પડતી લાગતી નથી. બાકી હજુ પણ તેમનો કોમી નીશો ઉતર્યો ન હોય, હજુ પણ કાયદે આઝમી હિંદીસંઘ ઉપર લટકતી કુહાડીના હાથા બનવાનું જ તેમને સુઝતું હોય તો પછી જેવું તેમનું નસીબ! એનો અર્થ તો એટલો જ કે જેવી ગતિ તેવી મતિ! હજુ હમણાં જ આજના દૈનિક પત્રમાં વાંચવા મળે છે કે કાઠિયાવાડ મુસ્લીમ લીગના પ્રમુખ હાજી દાદા હાજી વલીમહમદે અને રાજકોટના અન્ય મોસ્લેમ પ્રતિનિધિઓએ આ લડત પ્રત્યે તટસ્થતાની નીતિ જાહેર કરી છે. તેમને અને તે દ્વારા સર્વ મુસલમાન ભાઇઓને આપણે સ્પષ્ટપણે જણાવવું રહ્યું કે આવી તટસ્થતાની ગોળ ગોળ વાતોથી હવે નહિ ચાલે. હવે ઉપર ઉપરનો સહકાર, મેઢાની વફાદારી અને ફાવે ત્યારે ફરી બેસવું-એ નીતિ નહિ ચાલે. અમારાં સૌજન્ય, સરળતા, સભ્યતાનો તથા ઐકયની ઝંખનાનોતમારી મોસ્લેમ લીગના આગેવાનોએ ખુબ લાભ ઉઠાવ્યો છે અને જ્યાંજ્યાં તેમનું વર્ચસ્વ હતું ત્યાં ત્યાં ન્યાય નીતિનાં સર્વ ધોરણો બાજુએ રાખીને હિંદુ પ્રજાનાં હાલહવાલ કરી નાંખ્યા છે. કતલ, સ્ત્રીઓનાં અપહરણ અને બળાત્કાર અને ફરજિયાત ધર્મ પરિવર્તન-એ નીતિનો તેમની પ્રેરણાદ્વારા ચોતરફ એકસરખો અમલ થયો છે. આના છાંટા હિંદુ અને શિખ કોમ ઉપર પણ પડયા છે અને એવી જ હેવાનિયત તેમના હાથે પણ કેટલાએક સ્થળોએ નીપજી છે એ આપણે શરમ સાથે કબુલ કરવું જોઇએ, પણ એ જંગલીપણાંના માર્ગે મુસલમાનો અને હિંદુઓને લઇ જવાની સર્વ જવાબદારી મોસ્લેમ લીગ અને તેના સરનશીન કાયદે આઝમ ઝીણાની છે. આ જ કારણે આજે કેવળ મીઠી વાણીનો કોઇને વિશ્વાસ પડે તેમ નથી. કેવળ તટસ્થતાની વાત જ સામાપક્ષને શંકાકુળા બનાવે તેવી છે. 'Caesar's wife must be above suspicion' 'સીઝરની પત્નીના શીલમાં કોઇ પણ શંકાને સ્થાન રહેવું ન જોઇએ' આ જાણીતી લોકોકિત મુજબ મુસલમાન ભાઇઓએ તેમના વળણ તેમ જ વૃત્તિમાં લેશ માત્ર શંકાને સ્થાન ન રહે એવું વર્તન દાખવવું જોઇએ અને એ પ્રકારનો સાથ આપણને આપવો જોઇએ. મુસલમાન ભાઇઓ જો આટલું સમજે અને તે મુજબ વર્તે તો પછી આપણી અને તેમની વચ્ચે કોઇ પણ પ્રકારનું અન્તર ચિન્તવવાને કારણ રહેતું નથી. આજની નવી પલટાયલી પરિસ્થિતિમાં મુસલમાન કોમ પાસેથી આ શું વધારે પડતી આશા અને અપેક્ષા છે?

પણ મુસલમાનભાઇઓ સાથ આપે કે ન આપે-આજે ઉપાડેલું કાર્ય-જુનાગઢની નવાબશાહીને ખતમ કરવાનું અને તેના સ્થાને પ્રજાતંત્રની સ્થાપના કરવાનું કાર્ય-આપણે પાર પાડવું એ આપણું સર્વથી પ્રથમ કર્તવ્ય બને છે. આ માટે નીમાયલી આરઝી સરકારને સૌ કોઇ પોતાથી બને તેટલો સાથ આપે, કરાય તેટલું કરી છુટે. કારણ કે આ લડતની સફળતા ઉપર માત્ર જુનાગઢની પ્રજાના ઉધ્ધારનો જ આધાર નથી, પણ દેશી રીયાસતોની પ્રજાનું ભાવી પણ આ પાછળ ઘડાઇ રહ્યું છે, પાકીસ્તાનના વિકરાળ આક્રમણોને ફેલાતાં અટકાવવાનો આધાર પણ આની ઉપર રહેલો છે, હિંદી સંઘ અને તેની સાથે જોડાયલાં સર્વ દેશી રાજ્યોની શાન્તિ, સહીસલામતી, અને આબાદીનો આધાર પણ આ ઉપર જ રહેલો છે. જુનાગઢ આરઝી સરકાર ઝીંદાબાદ! **પરમાનંદ.**

જુનાગઢની લડત: હિંસક કે અહિંસક?

જ્યારથી રાષ્ટ્રીય મહાસભાએ સ્વરાજ્યનું ધ્યેય સિદ્ધ કરવા માટે બંધારણ પુરઃસરની હીલચાચાલનો ત્યાગ કરીને ગાંધીજીના નેતૃત્વનીચે અંગ્રેજ સરકાર સામે સીધાં પગલાંની લડત શરૂ કરી ત્યારથી તે આજ સુધીની આપણી રાજકીય લડત સાથે અહિંસાનો ખ્યાલ એટલો બધો ગાઢપણે સંકળાયલો છે કે આજે જ્યારે જુનાગઢ રાજ્ય સામે કાઠિયાવાડની જનતા એવી જ એક રાજકીય લડતનાં મંડાણ માંડી રહેલ છે ત્યારે પ્રસ્તુત લડત પણ પુરોગામી લડત માફક અહિંસક રહેવાની છે કે હિંસક એ પ્રશ્ન આપણી સામે આવીને ઉભો રહે છે. આજે આ લડતનું સૂત્રસંચાલન જેના હાથમાં છે તેમનાં નિવેદનો વાંચતાં સાંભળતાં પ્રસ્તુત લડતને અહિંસક પદ્ધતિ સાથે કશો પણ સીધો સંબંધ હોય એમ માનવાને જરા પણ કારણ નથી. અને આમ છે તો આપણા જ કાર્યકરોના પ્રસ્તુત લડતના આગેવાનોમાં અહિંસામાંથી હિંસામાં આવો એકા એક પલટો કેમ આવ્યો એ પ્રશ્ન વિચારવા લાયક બને છે. આ પ્રશ્નની પાછળ મૂળભૂત પ્રશ્ન તો એ રહેલો છે કે આપણે જેને અહિંસક લડત કહેતા હતા તે ખરા અર્થમાં અહિંસક લડત હતી ખરી? અલબત્ત આપણી લડતના દ્રષ્ટા, નેતા તેમજ સૂત્રધાર ગાંધીજી હતા અને તેમની અહિંસક વૃત્તિ અને વર્તન શુધ્ધ અને સાંગોપાંગ હતાં. આ વિષે બે મત હોવા સંભવ નથી. આપણી લડતનું બાહ્ય સ્વરૂપ જે મુખ્યત્વે કરીને અસહકાર, સત્યાગ્રહ તથા સવિનયભંગ દ્વારા મૂર્તિમન્ત થયું હતું તે પણ સામાન્તઃ અહિંસક હતું એ પણ નિર્વિવાદ હકીકત છે. પણ આપણું દિલ, આપણી ચિત્તવૃત્તિ-જે આપણે એનું આજે પૃથક્કરણ કરીએ તો-ખરેખર અહિંસક હતું એમ આપણે નહિ જ કહી શકીએ. આપણા દિલમાં અંગ્રેજ સરકાર સામે પુરો રોષ ભરેલો હતો. આપણી વૃત્તિ અંગ્રેજોનો જરા પણ હૃદયપલટો કરવાની હતી જ નહિ. આવા હૃદયપલટામાં આપણને કદિ શ્રદ્ધા જ નહોતી. આપણી સમગ્ર વૃત્તિ અંગ્રેજ સરકાર ઉપર બને તેટલું દબાણ લાવવાની, તેને મુંઝવવાની, અકળાવવાની, તેને કોઇ પણ રીતે ફરજ પાડવાની હતી. આપણે નિઃશસ્ત્ર હતા, તેથી આવું દબાણ કેમ લવાય તેની આપણને સુઝ પડતી નહોતી. ગાંધીજીએ શુદ્ધ અહિંસાદૃષ્ટિ ધ્યાનમાં રાખીને આપણને કેટલાક ઉપાયો દેખાડયા. આ ઉપાયો સાથે અહિંસાના ધોરણે અન્તરંગ શુદ્ધિ અત્યન્ત અપેક્ષિત હતી, પણ એ અન્તરંગ શુદ્ધિનો આપણે કદિ વિચાર જ નહોતો કર્યો. ગાંધીજીએ સૂચવેલા બાહ્ય ઉપાયો આપણે અજમાવ્યા; અસહકાર અને સવિનયભંગના માર્ગે આપણે તેમની સાથે આજ સુધી પ્રવાસ કર્યો અને એ પ્રવાસનું ઓગસ્ટની ૧૫મી તારીખે થયેલા સ્વરાજ્યપ્રાપ્તિમાં શુભ પરિણામ આપણે નજરોનજર નિહાળ્યું. પણ આપણા દિલમાં કોઇ કાળે સાચી અહિંસાની પ્રતિષ્ઠા થઇ જ નહોતી. ગાંધીજીના સતત ઉપદેશ-માર્ગદર્શન-દ્વારા અહિંસાનું કાંઇક ઝાંખું દર્શન આપણને થઇ રહ્યું હતું. એ માર્ગે પ્રજા ટચુમચુ પગલાં માંડી રહી હતી. પણ પ્રજાનું માનસ સાચી અહિંસાના સાક્ષાત્કારથી અત્યન્ત દૂરનું દૂર જ હતું. આજ બાબત ગાંધીજીએ, અમેરિકાના એક અધ્યાપક સ્ટુઅર્ટ નેલસન જે ગાંધીજીને ગયા ઓગસ્ટ માસમાં કલકત્તા ખાતે મળેલા તેમની સાથેના વાર્તાલાપમાં, બરોબર સ્પષ્ટ કરી છે. "પ્રોફેસર નેલસને ગાંધીજીને પૂછ્યું કે શાન્તિનાં સાધનો વડે પોતાની સ્વતંત્રતા હાંસલ કરવામાં એકંદરે સફળ થનારા હિંદીઓ એ જ દલીલો વડે દેશની પ્રજાની માંહોમાંહેની લડાઇની

ભરતીને ખાળવામાં પાછળથી ન ફાવ્યા એ કેવું ? ગાંધીજીએ તેમને જવાબમાં જણાવ્યું કે આ એક મુદ્દાના મૂળમાં ઉતરનારો સવાલ છે ને તેથી મારે તેનો જવાબ આપવો જ જોઇએ. હું કબુલ કરું છું કે મેં જેને ભૂલમાં સત્યાગ્રહ માની લીધો હતો તે સત્યાગ્રહ ન હોતો, પણ કેવળ નિઃશસ્ત્ર પ્રતિકાર હતો જે નબળાનું હથિયાર છે. હિંદીઓ પોતાના ગઇ કાલ સુધીના શાસનકર્તાઓનો અહિંસક પ્રતિકાર કરવાનો દેખાવ કરતા હતા ને વખતે તેમની સામે દિલમાં કડવાશ અને રોષ સંધરી રહ્યા હતાં. એટલે સાચું જુઓ તો એમના પ્રતિકારની પ્રેરણા બ્રીટીશ પ્રજાનો હૃદયપલટો કરવાને ખાતર તેનામાં રહેલી માણસાઇ પર અસર પાડવાની વૃત્તિ નહોતી, પણ હિંસાની હતી. હવે બ્રીટીશ લોકો રાજીખુશીથી પોતાની હકુમત સંકેલી લઇને અહિંથી ચાલી નીકળવાને તૈયાર થયા એટલે પલકવારમાં હિંદીઓની દેખાવની અહિંસા ધૂળધાણી થઇ ગઇ. અમે લોકોએ અમારા દિલમાં ઉંડે ઉંડે ગુપ્તપણે જે હિંસાની વૃત્તિ રાષ્ટ્રીય મહાસભાએ મૂકેલા અંકુશ છતાં સંધરી રાખી હતી તે પાછી વળીને અમારા જ માથામાં વાગી અને સત્તાની વહેંચણીનો સવાલ આવીને ઉભો રહેતાંની સાથે અમે એકબીજાનાં ગળાં રહેંસવા લાગ્યા." (હરિજનબંધુ તા. ૩૧-૮-૪૭) આનો અર્થ એ થયો કે આપણી આજસુધીની અહિંસાની બડાઇ પાયાવિનાની હતી; બહારનું વર્તન સામાન્યતઃ અહિંસક અને દિલના ઉંડાણમાં આરપાર હિંસા ભરેલી–આવી આપણી સ્થિતિ હતી. આમ છતાં પણ હિંદના રાજકારણી ક્ષેત્રમાં ગાંધીજીને એકલાને જ દોરવણી આપવાનો અવકાશ ચાલુ રહ્યો હોત તો પ્રજાના દિલમાં રહેલી હિંસાવૃત્તિ જરૂર ધીમે ધીમે ઓસરી જાત અને આપણે જગતે કદિ નહિ જોયેલી અને જાણેલી એવી એક ઉત્કૃષ્ટ સંસ્કૃતિ અને સભ્યતાનું જગતને દર્શન કરાવત. પણ કમનસીબે પાછળના વર્ષોમાં શરૂ થયો ઝીણાયુગ અને તે લાવ્યો દ્વેષ મત્સર, હિંસા અને અસત્યનું વ્યવસ્થિત શાસ્ત્રીય નિરૂપણ અને નિષ્ઠુર નેતાગીરી. તેણે મુસલમાન કોમ ઉપર પોતાનું અબાધિત પ્રભુત્વ જમાવ્યું અને એ કોમના માનસને વધારે ને વધારે વિકૃત અને હિંસાપરાયણ બનાવવા માંડયું. તેનો ચેપ અન્ય કોમોને લાગ્યો અને આખા દેશનું એક સાથે માનસિક, નૈતિક, સામાજિક અધઃપતન થઇ બેઠું. આજે ગાંધીજી સુમાન્ય છે, પણ તેમની અહિંસા સામાન્ય પ્રજાને મન લગભગ અમાન્ય બની રહી છે. ઝીણા ની સફળતાભરી ગુંડાગીરીએ લોકોના દિલની અહિંસાપરક શ્રધ્ધા ડગમગાવી દીધી છે અને તેથી જ્યારે પણ પ્રજાને કોઇ પણ રાજકારણી હેતુ સક્રિય પગલાં વડે સિધ્ધ કરવાનો પ્રસંગ આવે છે ત્યારે પ્રજા સહેજે હિંસક પધ્ધતિ તરફ જ ઢળી પડે છે. આ ફેરફાર આપણે સૌથી પહેલો ૧૯૪૨ની લડત દરમિયાન અનુભવ્યો. ત્યાર પછી તો પ્રજાના બળવાઓ અને હડતાળો અનેક અત્યાચારો અને લુંટફાટ સાથે જોડાયલા આપણે સારી રીતે નિહાળ્યા છે. ગયા વર્ષના ઓગસ્ટ માસની ૧૬મી તારીખે કલકત્તામાં કોમી દાવાનળની શરૂઆત થઇ. ત્યાર પછી ઉત્તરોત્તર બનતી જતી ઘટનાઓએ પ્રજામાનસમાં ધુંટાતી જતી હિંસાનું આપણને આબેહુબ દર્શન કરાવ્યું છે.

પ્રજાની આજની આવી સર્વસામાન્ય હિંસાપ્રેરી મનોદશા વચ્ચે આખા કાઠિયાવાડને અને આખરે, આખા હિંદી સંઘને ગંભીરપણે અસર કરતું જુનાગઢ–પાકીસ્તાન પ્રકરણ આવીને ઉભું રહે છે. જુનાગઢ પાકીસ્તાનમાં જોડાય એ કોઇ પણ રીતે નીભાવી ન શકાય એવી એક ભયંકર ઘટના છે. એ ઘટનાનો ઉચ્છેદ થવો જ જોઇએ. આ વિષે ગાંધીજીથી માંડીને એક અદનામાં અદના માણસ વચ્ચે લેશમાત્ર મતભેદ નથી. પણ આ ઘટનાનો સામનો કેમ કરવો ? જુનાગઢના નવાબ સામે અનિવાર્ય બનેલી લડત ઉપાડવી શી રીતે ? અહિંસક પદ્ધતિએ કે હિંસક પધ્ધતિએ ? અહિંસક પધ્ધતિ અખ્તયાર કરવા માટે એ તત્વ તો જોઇએ જ જોઇએ. એક તો એ રસ્તે દોરનાર અહિંસા પધ્ધતિનો નિષ્ણાત નેતા તથા અહિંસા વિષે શ્રધ્ધા ધરાવતા તેના મુખ્ય સાથીઓ. બીજું અહિંસા વિષે અનુકુળ વળણ ધરાવતું પ્રજામાનસ. આજે કમનસીબે જુનાગઢ રાજ્ય સામેની લડતમાં આ બન્ને તત્વો વિદ્યમાન નથી. આ લડતની નેતાગીરી આજે જેમના હાથમાં સરી પડી છે, અને આ લડતનો દોરીસંચાર જેમના હાથમાં છે તે ઉભયને લડતની અહિંસક પધ્ધતિમાં જરા પણ શ્રધ્ધા રહી નથી. પ્રજામાનસમાં હિંસાવૃત્તિ ભરચક ભરી છે. આવી પરિસ્થિતિમાં આપણી સામે બે વિકલ્પ આવીને ઉભા રહે છે. કાં તો જુનાગઢના નવાબે પાકીસ્તાન સાથે જે જોડાણ કર્યું છે તે નીચું મોં રાખીને સ્વીકારી લેવું; અથવા તો સામાન્ય કોટિના આગેવાનો અને સામાન્ય કોટિના અનુયાયીઓ ઉભયે પોતાને જે રીતે સુઝે તે રીતે આ પાકીસ્તાન–જોડાણનો સામનો કરવો અને તેમ કરતાં અને તે કારણે હિંસાનો સાથ લેવા જતાં તેનાં સહયોગી જે માઠાં પરિણામો આવે તે ભોગવવાને ઉભયે તૈયાર રહેવું. પ્રથમ વિકલ્પનાં પરિણામો અત્યન્ત ભયાનક અને અનેક અનર્થોની અતૂટ પરંપરા જન્માવનારાં લાગે છે. તો પછી વર્તમાન પરિસ્થિતિ આપણને બીજા જ વિકલ્પનું અવલંબન લેવાની ફરજ પાડે છે. ઉત્કૃષ્ટ માર્ગ કે અહિંસક સાગનાનો; પણ તે માટે યોગ્ય નેતા ઉપલબ્ધ નથી, તે કેમ ગતિમાન કરાય તેનું આપણામાંના કોઇ આગેવાનને સાચું દર્શન નથી. તો પછી આજ સુધી માનવજાત જ્યારે જ્યારે જ્યાં જ્યાં અઘોર અન્યાય ઉભો થયો છે ત્યારે ત્યારે તે અન્યાયનું નિવારણ કરવા માટે હિંસાત્મક સામનો અખ્તયાર કરતી આવી છે તે જ માર્ગ આપણા માટે અવશિષ્ટ રહે છે. જુનાગઢનું પાકીસ્તાન સાથેનું જોડાણ સ્વીકારવું તેનાં જે માઠાં પરિણામો આપણે આજે કલ્પી રહ્યા છીએ તેના કરતાં હિંસાત્મક સામના સાથે સંકળાયેલા કેટલાંક અનિષ્ટ જોખમો પ્રમાણમાં ઓછા અનર્થવાહી હશે એમ સમજીને આજે આપણે જુનાગઢની લડતમાં સામેલ થઇ રહ્યા છીએ. અને સમસ્ત પ્રજાને એ દિશાએ આવ્હાહન કરી રહ્યા છીએ આજે આપણા પરિમિત સંયોગો અને સર્વસામાન્ય વિકૃત મનોદશા વચ્ચે અહિંસક લડત અવ્યવહાર લાગે છે અને તેથી આજનો વિકલ્પ અહિંસા–હિંસા વચ્ચે પસંદગી કરવાનો નથી, પણ જુનાગઢના નવાબે જે અત્યન્ત અઘટિત પગલું ભર્યું છે તેનો નીચે મોઢે સ્વીકાર અથવા તો તેનો બહાદુરીભર્યો ઇનકાર આ બેમાંથી એકની પસંદગી કરવાને લગતો જ રહે છે. ઉપરના પૃથક્કરણ ઉપરથી એ પણ સ્પષ્ટ થયું હશે કે આ ઇનકાર એ સ્થિરપ્રતિષ્ઠ અહિંસામાંથી હિંસા તરફનું કોઇ એકાએક પ્રયાણ કે પરિવર્તન નથી. જ્યારે જ્યારે કોઇ મોટો અન્યાય ઉભો થાય ત્યારે ત્યારે પ્રજાને સુઝે અને આવડે તેવો સામનો કરવાની પ્રજામાનસમાં રહેલી વૃત્તિનો જ આ એક સહજ આવિષ્કાર છે. આ આવિષ્કાર હિંસાત્મક છે તે આપણા દિલમાં કંઇ કાળથી ઘર કરી રહેલી પણ ગાંધીજીના પ્રચંડ વર્ચસ્વ અને નેતાગીરીને લીધે અંદર દબાઇ રહેલી હિંસાવૃત્તિનો જ નવી આવૃત્તિ છે. આ પાછળ એક પ્રકારનું માનસિક દ્વંદ્વ પણ રહેલું છે. આપણે ગાંધીજીને અન્તરથી પૂજીએ છીએ, પણ આપણે આપણા રસ્તે જ હવે પ્રવાસ કરવા માંગીએ છીએ આપણે સાત્વિકતાને આરાધ્ય ગણીએ છીએ, એમ છતાં પણ આપણામાં રહેલા રાજસી બળો આપણા સામે જુદી જ કાર્યદિશા રજુ કરે છે. **પ્રકૃતિં યાન્તિ ભૂતાનિ, નિગ્રહઃ કિં કરિષ્યતિ** । આ ગીતાવાક્ય આજની આપણી ઉપરથી દેખાતા દિશાપલટને યથાર્થ રીતે લાગુ પડે છે. આજની વસ્તુસ્થિતિ આ પ્રમાણે છે તે આપણે બરોબર સમજીએ. અહિંસા વિષે લેશ માત્ર અવજ્ઞા ચિન્તવ્યા સિવાય, આપણી તદ્વિષયક નબળાઇ કબુલ કરીને પ્રસ્તુત નવાબી અત્યાચાર સામે

પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજી

ગયા મે માસ દરમિયાન ગુજરાતમાં ઉવારસદ મુકામે મુનિશ્રી દેવેન્દ્રવિજયજીની પ્રેરણાથી સ્વ. જૈનાચાર્ય શ્રી. વિજયધર્મસૂરિની રજતજયન્તી ઉજવવામાં આવી હતી. તે પ્રસંગનું સ્મરણ કાયમ રાખવાના હેતુથી જૈન સાહિત્યને સમૃદ્ધ કરવામાં યોગ્ય ફાળો આપનાર જૈન કે જૈનેતર વિદ્વાનનું સન્માન કરવા "શ્રી વિજયધર્મસૂરિ જૈન સાહિત્યચંદ્રક"ની યોજના કરવામાં આવી હતી અને તેનો અમલ કરવાનું ભાવનગરની શ્રી યશોવિજયજી ગ્રંથમાળા નામની સંસ્થાને સોંપવામાં આવ્યું હતું. આ સંસ્થાએ આ વર્ષનો પ્રથમ ચંદ્રક કોને આપવો એ નક્કી કરવા માટે મુનિશ્રી પુણ્યવિજયજી, મુનિશ્રી જયંતવિજયજી, પંડિત બેચરદાસ અને શ્રી ભીમજીભાઇ સુશીલની એક સમિતિ નીમી હતી. આ સમિતિએ આવો પ્રથમ સુવર્ણચંદ્રક પંડિત સુખલાલજીને આપવાની ભલામણ કરી હતી. એ ભલામણ મુજબ પંડિત સુખલાલજીને સુવર્ણચંદ્રક આપવાનો એક સમારંભ શ્રી. છોટાલાલ ત્રીકમદાસ પારેખના પ્રમુખપણા નીચે ભાવનગરમાં યોજાયલી શ્રી. વિજયધર્મસૂરિ રજત જયંતી પ્રસંગે શ્રી. યશોવિજયજી જૈન ગ્રંથમાળા તરફથી તા. ૨૮-૯-૪૭ રવિવારના રોજ ગોઠવવામાં આવ્યો હતો. આ અવસર ઉપર જુલાઇ માસના 'મોડર્ન રીવ્યુ'માં શાન્તિનિકેતનના એક અધ્યાપક મહામહોપાધ્યાય શ્રી વિધુશેખર શાસ્ત્રીએ પંડિત સુખલાલજીનો એક લેખ દ્વારા પરિચય કરાવ્યો છે અને જે લેખનો અનુવાદ 'કેડી' નામના તાજેતરમાં શરૂ કરવામાં આવેલ પાક્ષિકમાં શ્રી. યશવન્ત દોશીએ પ્રકાશન કર્યો છે તેનું પ્રસંગોચિત ગણાશે અને તે દ્વારા પંડિત સુખલાલજી એક કેવી વિશિષ્ટ વિભૂતિ છે તેનો 'પ્રબુદ્ધ જૈન'ના વાંચકોને કાંઇક ખ્યાલ આવશે એ હેતુથી તે અનુવાદ અહિં સાભાર ઉધ્ધૃત કરવામાં આવે છે. **પરમાનંદ.**

પંડિત શ્રી. સુખલાલજી સંઘવી હિંદના સૌથી મહાન સંસ્કૃત પંડિતોમાંના એક છે. હિંદમાં જ નહિ પણ પરદેશમાં પણ એમના માટે દરેકે ગૌરવ લેવા જેવું છે. ઇ. ૧૮૮૦માં લીંબડીમાં એમનો જન્મ થયો હતો. પ્રણાલિકા પ્રમાણે શાળાનું ભણતર નિયત ઉંમરે શરૂ થયું અને સાત ગુજરાતી સુધી એમનો અભ્યાસ ચાલ્યો. દુર્ભાગ્યે શીતળાના જલદ વ્યાધિથી એમણે ચક્ષુ ખોયાં અને સોળ જ વર્ષની વયે સાવ ચક્ષુહીન થયા. પણ તે ક્ષણે કોઇને આછી પણ કલ્પના નહિ હોય કે આ જ બાળક આપણા દેશમાં સંસ્કૃતનો એક પ્રખર પંડિત બનવાનો છે. ભાંસચક્ષુથી વંચિત બનવા છતાં ઉત્કૃષ્ટ કક્ષાના પ્રજ્ઞાચક્ષુ બનવાનું એમને માટે નિર્માણ થયું હતું. ખરી રીતે આ દુર્ભાગી દૃષ્ટિરોધ પછી જ એમનું સાચું શિક્ષણ શરૂ થયું. હવે એમનો સંપૂર્ણ આધાર એમની પાસે વાંચનાર પંડિત ઉપર જ હતો. પ્રથમથી જ એમને સંસ્કૃત અને તત્ત્વજ્ઞાન ઉપર નૈસર્ગિક પ્રીતિ. કાઠિયાવાડથી એ કાશી આવ્યા. ત્યાં સ્વ. મહામહોપાધ્યાય પંડિત બાલાચરણ ભટ્ટાચાર્ય પાસે ન્યાયશાસ્ત્ર શીખ્યા. સ્વર્ગસ્થ મારા સતીર્થ હતા, કારણ કે અમે બન્ને સ્વર્ગસ્થ મહામહોપાધ્યાય પંડિત કૈલાસચંદ્ર ભટ્ટાચાર્યના શિષ્યો હતા. અભ્યાસ માટે સુખલાલજીને મિથિલાનો પ્રવાસ પણ કરવો પડ્યો. ત્યાં કેટલાક વિખ્યાત અધ્યાપકો પાસે એમણે શિક્ષણ લીધું. એ અધ્યાપકોમાં સૌથી જાણીતા મહા. પંડિત બાલકૃષ્ણ મિશ્ર હતા. અહીં સુખલાલજીના જીવનનો એક નાનકડો પ્રસંગ બન્યો. એ રસિક છે એટલે અહીં ટાંકવો જોઇએ. એમની આર્થિક સ્થિતિ સારી નહોતી અને સંસ્કૃતનો વિદ્યાર્થી ગુરૂને ઘેર રહે છે એ તો જાણીતી વાત છે. સુખલાલજીએ એક ગંજીફરાક પહેર્યું હતું. સંસ્કૃત શિક્ષકે એ જોયું ને એનાં વખાણ કર્યાં. બીજે જ દિવસે મિથિલાના સખત શિયાળામાં પોતાનું શું થશે એનો કશો જ વિચાર કર્યા વિના એ ગંજીફરાક ગુરૂને આપી દીધું. ને પછી પોતે શું કર્યું? રાતે શરીર ઉપર થોડાક ઘાસના પૂળા પાથરી એના ઉપર એક ફાટયોતૂટ્યો કામળો નાખી તેમણે એ કડકડતી ઠંડીની રાતો કાઢી. વિદ્યાર્થીજીવનમાં પોતાના ભોજન માટે માસિક બે કે ત્રણ રૂપિયાથી વધુ ખરચ એમણે કદી કર્યો નથી. એમનું એ વ્રત હતું. મિથિલાથી પાછા કાશી આવ્યા. અહીં થોડાં વરસો સુધી સંસ્કૃત સાહિત્ય અને તત્ત્વજ્ઞાનની વિવિધ શાખાઓનો અભ્યાસ કર્યો. આ અભ્યાસ પાછળ એ રાતદિવસ પરિશ્રમ કરતા અને એ રીતે એમણે સમગ્ર રીતે સંસ્કૃત સાહિત્યનું સર્વગ્રાહી જ્ઞાન પ્રાપ્ત કર્યું અને એ સાહિત્યની સૌથી વધુ મુશ્કેલીભરી કૃતિઓ ઉપર પ્રભુત્વ પ્રાપ્ત કર્યું.

ધર્મે એ જૈન છે એટલે સ્વાભાવિક રીતે એમણે સંસ્કૃત અને પ્રાકૃત ભાષાના જૈન સાહિત્યનો એની બધી શાખાઓને આવરી લેતો અભ્યાસ કર્યો. જૈન તત્વજ્ઞાન કે જૈન સિદ્ધાન્તના વિષયમાં એમના તોલે આવે એવો કોઇ નથી.

કાશીથી એ પાછા ગુજરાત આવ્યા. પણ અહીં આવતા પહેલાં એ થોડો વખત આગ્રામાં રોકાયા. ત્યાં રહી એમણે થોડાંક હિન્દી ભાષાંતરો અને ટીકાઓના ગ્રંથોનું કામ કર્યું. અને પંચપ્રતિક્રમણ, પહેલા ચાર કર્મગ્રંથ, યોગદર્શન અને યોગવિંશિકા જેવા ધાર્મિક અને તત્ત્વજ્ઞાનનાં રસિક પુસ્તકો તૈયાર કર્યાં. ગુજરાતમાં મહાત્મા ગાંધીજીએ સ્થાપેલી રાષ્ટ્રીય વિદ્યાપીઠમાં ગુજરાત વિદ્યાપીઠના પુરાતત્ત્વ મંદિરમાં ભારતીય તત્ત્વજ્ઞાનના પ્રાધ્યાપક તરીકે તેમની નિમણૂંક થઇ. અહીં રહ્યા તે દરમિયાન મહત્વનું નોંધપાત્ર કામ એમણે તર્કશાસ્ત્રના પ્રથમ જૈન લેખક સિદ્ધસેન દિવાકરના સંમતિતર્ક ઉપરની અભયદેવની ટીકાના વિવિધ ઉપયોગી મૂલ્યવાન સૂચિઓ અને પરિશિષ્ટો સાથે ૯૦૦ ઉપર પાનાંનો ગ્રંથ સંપાદિત કરવાનું કર્યું. અહીં એ

આ બળવો કરવા પ્રેરતી આપણી ધર્મબુદ્ધિ આપણને જે માર્ગ સુઝાડે તે માર્ગે બહાદુરીપૂર્વક નિડરતાપૂર્વક આગળ વધવું એ જ આપણી ફરજ બની રહે છે.

કમનસીબે આજે યુદ્ધના આવેગમાં એવી એક હિંસાપ્રચુર ભાષા પ્રચલિત થઈ રહી છે કે જે ઉપરથી 'આજ સુધીની અહિંસાની વાતો કેવળ બેવકુફીભરેલી હતી, હિંસા એ જ સામનાનું એક અમોઘ અને અદ્વિતીય સાધન છે, તોપ અને તરવાર જ સાચા ઉદ્ધારક છે.' આવી છાપ સામાન્ય જનતા ઉપર પડી રહી છે.– આ બાબત આપણા આગેવાનોએ બરોબર ધ્યાન ઉપર લેવી જોઇએ અને આવી કોઇ ખોટી છાપ લોકોના દિલ ઉપર ન ઉઠવા પામે એ બાબતની તેમણે પુરી સાવચેતી રાખવી જોઇએ અને એ રીતે પોતાનાં વાણી અને વર્તનને પુરેપુરાં સંયમપરાયણ બનાવવાં જોઇએ. ગાંધીજીની આટલાં વર્ષોની કામગીરી બાદ અહિંસા-વિષયક આપણી કમતાકાત કબુલ કરવાને બદલે જો આપણે અહિંસાની આ રીતે અવહેલના અને હિંસાની શેખી કરવા માંડીએ તો હવેથી આપણે ગાંધીજીનો ઇનકાર કરીને ઝીણુંતું અનુયાયીપણું સ્વીકાર્યું છે અને માનવપ્રકૃતિમાં રહેલ દિવ્ય અંશના સ્થાને હેવાનિયતની પ્રતિષ્ઠા કરવાની શરૂઆત કરી છે એમ જ આપણે કબુલ કરવું રહ્યું. આપણા આગેવાનો આ બાબત બરોબર ધ્યાનમાં લે. હિંસાની શેખીને પોતાના દિલમાં કે પોતાની વાણીમાં લેશ માત્ર સ્થાન ન આપે અને હિંસા તરફ ધસડી જતી પોતાની વંશપરંપરાગત પામરતાને બરોબર ઓળખતા રહે અને અહિંસક પદ્ધતિના સમ્યગ્ દર્શનના અભાવે એક ઘોર અન્યાયનો સામનો કરવા માટે હિંસક પદ્ધતિનો પોતાને આશ્રય લેવો પડ્યો છે એમ નમ્રભાવે નિખાલસપણે કબુલ કરે અને કોઇને પણ જરૂર કરતાં લેશ માત્ર પણ કે નુકસાન ન થાય એવી આ આખી લડત દરમિયાન તેઓ પુરી કાળજી રાખે–આટલી વિનંતિ કરવાની અને આટલી ચેતવણી આપવાની આ ધૃષ્ટતા જુનાગઢની લડતના આપણા આગેવાનો ક્ષમ્ય ગણશે એવી આપણે આશા રાખીએ! **પરમાનંદ.**

જણાવવું જોઇએ કે આ કામમાં પંડિત સુખલાલજીને ગુજરાતના સંસ્કૃત અને પ્રાકૃતના એક પ્રસિદ્ધ વિદ્વાન અને લેખક પંડિત બેચરદાસ દોશીની સહાય મળી હતી. આ ગ્રંથના પાંચ પુસ્તકો થયાં અને એના સંપાદનકાર્ય પાછળ ઓછામાં ઓછાં દસ વર્ષ લાગ્યાં. ઉપર કહ્યું છે તેમ એ પ્રજ્ઞાચક્ષુ છે અને છતાં એમણે આવું અસાધારણ કામ માથે લીધું ને પંડિતએ પંડિતએ ગહન અભ્યાસથી પૂર્ણ મૂલ્યવાન વિદ્વતાભરી નોંધોથી એને સંપૂર્ણ કર્યું એ જોતાં આશ્ચર્ય થાય છે. સામાન્ય રીતે સંપાદનની શાસ્ત્રીય પદ્ધતિથી માહીતગાર આધુનિક વિદ્વાન જ કરી શકે એવું સંપાદનકાર્ય આ દૃષ્ટિહીન માણસ શી રીતે કરી શકયા એ જાણવામાં ખરેખર રસ પડે એવું છે. એમના અભ્યાસખંડમાં બેસે છે ત્યારે એમની આસપાસ એમના શિષ્યો અથવા સહકારીઓ બેસે છે ને એ દરેકના હાથમાં એક એક હસ્તપ્રત હોય છે. દરેકને એ વારાફરતી પાઠાંતરો વાંચવાનું કહે છે. એ પોતે એમાંથી કયે પાઠ પોતાના ગ્રંથ માટે ઉત્તમ છે તેના ઉંડા ચિંતનમાં મગ્ન હોય છે. ને છેવટે અમુક પાઠ ગ્રંથના પ્રધાનભાગે રાખી બાકીના પાઠાંતરો નિમ્નનોંધ તરીકે મૂકવામાં આવે છે. આ ગ્રંથના ભાષાંતરમાં એમણે સૌથી વધુ મહત્ત્વનું ને મૂલ્યવાન ને સાથે સૌથી વધુ મુશ્કેલ કામ કર્યું છે.

નૈષ્ઠિક બ્રહ્મચારી તરીકે એમની જીવનની જરૂરિયાતો અલ્પ છે. ને એ ઝાઝું દ્રવ્યોપાર્જન કરવાની માથાકૂટ કે પરવા કરતા નથી. આદર્શ અભ્યાસી તરીકે જેટલું મળે તેટલાથી એ સંતોષ અનુભવે છે. એમને મળતા વેતનમાંથી પણ એ એકાદ બે શિષ્યો કે સહાયકોને નિભાવતા જ હોય છે.

૧૯૩૩માં એ ગુજરાત છોડીને કાશી આવ્યા. કાશી હિન્દુ વિદ્યાપીઠમાં જૈનદર્શનના પ્રાધ્યાપક તરીકે એમની નિમણુંક થઇ હતી. ૧૯૪૪માં એ નોકરીમાંથી એ સ્વેચ્છાએ નિવૃત થયા. આ ૧૧ વર્ષના ગાળામાં એમણે સંખ્યાબંધ કીંમતી સંસ્કૃત, હિન્દી અને ગુજરાતી પુસ્તકો લખ્યાં અથવા સંપાદિત કર્યાં.

જૈન ધર્મમાં પ્રથમ સંસ્કૃતલેખન તરીકે જાણીતા ઉમાસ્વાતિના 'તત્ત્વાર્થસૂત્ર'ની એમની ગુજરાતી અને હિન્દી ટીકા અને એ ભાષાઓમાં એ ગ્રંથનાં ભાષાન્તર એ ગ્રંથનું સાચું રહસ્ય સ્પષ્ટ અને સરળ ભાષામાં સમજવા ઇચ્છનાર માટે અત્યંત ઉપયોગી છે. એના પાઠમાં આવતા બધા જ ગુંચવણભર્યા મુદ્દાઓનો એમાં સરળ ઉકેલ છે. એમણે સંપાદિત કરેલ જ્ઞાનબિન્દુ અને પ્રમાણમીમાંસામાંની એમની પ્રસ્તાવનાઓ સંસ્કૃત પ્રમાણશાસ્ત્રમાં મહત્વનો ફાળો છે. ઉપર કહેલી સંમતિતર્ક ઉપરની વિસ્તૃત ગુજરાતી ટીકા તો એમની કક્ષાનો માણસ જ લખી શકે.

ગાયકવાડ ઓરીએન્ટલ સીરીઝમાં પ્રસિધ્ધ થયેલી તત્ત્વોપપ્લવસિંહની એમની આવૃતિ ખાસ ઉલ્લેખપાત્ર છે, કારણ કે ચાર્વાક દૃષ્ટિબિન્દુનું એમાં પધ્ધતિસર નિરૂપણ છે ને ચાર્વાક મતે બીજાં બધાં દર્શનોનું એમાં ખંડન કર્યું છે. હેતુબિન્દુ એ ધર્મકીર્તિનો બૌધ્ધ પ્રમાણશાસ્ત્રનો એક સૌથી વધુ મહત્વનો ગ્રંથ છે ને અર્ચટની એ ગ્રંથ ઉપર ટીકા પણ છે. આ બે ગ્રંથોનાં તીબેટની ભાષામાં ભાષાંતરો છે. આ ટીકાના સંસ્કૃત પાઠનું પંડિતજી ગાયકવાડ ઓ. સીરીઝ માટે સંપાદન કરે છે. ને એ આવૃત્તિમાં એની ઉપસ્ત્રીદુર્વેક મિશ્રની ઉપ-ટીકા પણ હશે. આ ઉપ-ટીકા મહાપંડિત રાહુલ સાંકૃત્યાયને તીબેટમાં લીધેલી થોડી તસ્વીરો ઉપરથી ઉપલબ્ધ થઇ છે. બિહાર અને ઓરિસ્સાની સંશોધન સંસ્થામાં એ તસ્વીરો ચાચવી રાખવામાં આવી છે.

વિદ્વત્સમાજમાં પંડિત સુખલાલજીનું સંસ્કૃતના ઉંડા અભ્યાસી તરીકે ને સાથે, એક ઉત્કૃષ્ટ ચરિત્રશીલ માણસ તરીકે પણ બહુમાન થાય છે. એ સર્વ પ્રકારની સાંપ્રદાયિકતા કે રૂઢ માન્યતાઓથી પર છે. એમની વિચારસરણી કોઇ સંકુચિતતાથી બંધાઇ ગઇ નથી, કારણ કે પ્રત્યેક વસ્તુને એ ઐતિહાસિક વિકાસની દૃષ્ટિએ નિહાળે છે. અને શુધ્ધ વિવેક અને બુદ્ધિપૂર્વક એ વિષે નિર્ણયો કરે છે. આથી જ એમના રૂઢિચુસ્ત સહધર્મીઓ કરતાં જૈનેતરોમાં એ વધારે પ્રતિષ્ઠા પામ્યા છે. એમના ઉદાર વિચારોને કારણે જૈનો ઘણી વ ર તો સાવ હલકી ભાષામાં એમને નાસ્તિક કહે છે. પણ સાચા સરસ્વતીભક્ત તરીકે એ કશાની એમની ઉપર અસર થતી નથી ઉદાહરણ તરીકે નિર્ગ્રંથ-સંપ્રદાય નામની એમની તાજેતરની જ હિન્દી કૃતિની વાત કરું. એમાં જૈન સાધુઓના રિવાજ અને વ્યવહારનું નિરૂપણ છે અને પ્રાચીન બૌધ્ધ અને બ્રાહ્મણ ગ્રંથોમાંથી એ વિષેના તુલનાદર્શક અભિપ્રાયો આપ્યા છે. અનેક વિષયો સાથે જૈન સાધુઓમાં માંસભક્ષણની પ્રણાલિકાની પણ એમાં એમણે ચર્ચા કરી છે. જાતે જૈન હોઇ જૈન સાધુઓ એક કાળે અપવાદરૂપે માંસભક્ષણ કરતા એમ કહેવું એ જેવી તેવી હિંમત નથી. અહીં સાથે એટલું કહું કે આ બાબતમાં પંડિતજી સાથે મૂકી શકાય એવી એક જ વ્યક્તિ છે અને તે મુનિ જિનવિજયજી. મુનિજી શિક્ષણ સંસ્થાઓની વ્યવસ્થાના વિષયમાં મુંબઇ અને ગુજરાતમાં જાણીતી વ્યક્તિ છે..... ..

સુખલાલજીના ચારિત્રનું હું જેને સૌથી વધુ મહત્વનું અંગ માનું છું તેનો ઉલ્લેખ કર્યા સિવાય આ નાના પરિચયલેખને પૂરો ન કરી શકું. પોતાના અભ્યાસ કરતાં પણ પોતાના શિષ્યોની મુશ્કેલીઓ, ને એમનાં હિત અને સગવડનો એ વધારે વિચાર કરે છે. શિષ્યોના છીછરા જ્ઞાનથી એમને સંતોષ નથી થતો. કોઇ પણ વિષયના સંપૂર્ણ જ્ઞાનનો એ આગ્રહ સેવે છે અને એ માટે જાતે એમને બધી રીતની-પૈસાની-સુધ્ધાં-મદદ કરે છે.

વિધિપૂર્વક સંસાર ત્યાગીને પંડિત સુખલાલજી સાધુ નથી થયા, પણ એ સાચા અર્થમાં સાધુ છે. એમને રહેવાનું ઘર નથી છતાં એમને એથી કશી અગવડ નથી થતી, કેમકે એ જ્યાં જાય છે ત્યાં એમનો સાચા દિલથી સત્કાર થાય છે ને આદરમાન મહેમાન તરીકે એમને આવકાર મળે છે.

પંડિતજી સુખલાલજીના મુખ્ય મુખ્ય ગ્રંથો

૧ પંચપ્રતિક્રમણ સૂત્ર
૨ ચાર કર્મગ્રંથ
૩ દંડક
૪ યોગદર્શન (યોગવિંશિકા)
૫ ન્યાયાવતાર
૬ તત્ત્વાર્થાધિગમ સૂત્ર
૭ સન્મતિતર્કપ્રકરણ-છ ભાગ (પં. બેચરદાસજી સાથે)
૮ તત્ત્વોપપ્લવસિંહ (જયરાશિકૃત)
૯ હેતુબિંદુ (બૌદ્ધ ધર્મકીર્તિકૃત)
૧૦ જૈનદૃષ્ટિએ બ્રહ્મચર્યવિચાર
૧૧ જ્ઞાનબિંદુ
૧૨ પ્રમાણમીમાંસા
૧૩ જૈન તર્કભાષા
૧૪ વેદવાદદ્વાત્રિંશિકા
૧૫ આધ્યાત્મિક વિકાસક્રમ
૧૬ દીર્ઘતપસ્વી મહાવીર
૧૭ ધર્મવીર મહાવીર અને કર્મવીર કૃષ્ણ
૧૮ भ. महावीरका जीवन : एक ऐतिहासिक दृष्टिपात
૧૯ નિર્ગ્રંથ સમ્પ્રદાય
૨૦ જૈન સંસ્કૃતિકા હૃદય

પાકીસ્તાનમાંથી આવતા સ્થાનકવાસી ભાઇઓને સગવડ

શ્રી મુંબઇ સ્થાનકવાસી જૈન સંઘના મંત્રી જણાવે છે.

"ચાલુ પરિસ્થિતિને અંગે પાકીસ્તાનમાંથી જે સ્થાનકવાસી જૈન બંધુઓ મુંબઇ આવવા ઇચ્છતા હોય અથવા આવેલ હોય અથવા આવતા હોય તેમના માટે શ્રી દામજીભાઇ લક્ષ્મીચંદ જૈન ધર્મ સ્થાનક (કાલાચોકી પોસ્ટ સામે પરેલ રોડ, ચીંચપોકલી, મુંબઇ નં. ૧૨ ટે. નં. ૪૩૫૦૬.) મધ્યે શ્રી મુંબઇ સ્થાનકવાસી જૈન સંઘ તરફથી રહેવા તેમ જ જમવાં વિગેરેની સગવડ આપવાનું નક્કી કરેલ છે.

સંઘ સમાચાર

પર્યુષણ વ્યાખ્યાનમાળા

આ વર્ષની વ્યાખ્યાનમાળા શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી તા. ૧૧-૯-૪૭ ગુરૂવારથી તા. ૧૮-૯-૪૭ ગુરૂવાર સુધી મુંબઇ ખાતે યોજવામાં આવી હતી. આગળના સાંત દિવસની સભાઓ વીઠ્ઠલભાઇ પટેલ રોડ ઉપર આવેલ આનંદ ભુવનમાં સવારના ૮॥ થી ૧૦॥ સુધી અને છેલ્લા દિવસની સભા કાલબાદેવી રોડ ઉપર આવેલ ભાંગવાડી થીએટરમાં સવારના ૯ થી ૧૧॥ સુધી રાખવામાં આવી હતી. હમેશા બબ્બે વ્યાખ્યાનનો ક્રમ ગોઠવવામાં આવ્યો હતો અને આગળથી બહાર પાડવામાં આવેલો કાર્યક્રમ એક અપવાદ સિવાય સાંગોપાંગ પાર પડયો હતો. શ્રી કેદારનાથજીનું 'ઇશ્વર જ્ઞાન અને ઇશ્વરનિષ્ઠા' એ વિષય ઉપરનું વ્યાખ્યાન-તેઓ અનિવાર્ય કારણસર બહારગામ રોકાઇ ગયેલા હોવાથી-રદ કરવું પડયું હતું. પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજીએ પહેલાં બે દિવસ બાદ કરતાં બાકીના છયે દિવસ વ્યાખ્યાનસભાનું પ્રમુખસ્થાન શોભાવ્યું હતું. પ્રસ્તુત વ્યાખ્યાનમાળામાં હમેશનાં બે વ્યાખ્યાનો એ મુજબ ગોઠવાયેલા-વ્યાખ્યાતાઓ તેમ જ વ્યાખ્યાનોનો-ક્રમ નીચે મુજબ હતો:

વ્યાખ્યાતા	વ્યાખ્યાનવિષય
શ્રી પુરૂષોતમદાસ કાનજી (કાકુભાઇ) જગતના શ્રેષ્ઠ પુરૂષોમાં	ગાંધીજીનું સ્થાન
,, કાકાસાહેબ કાલેલકર... ...	સત્યમ્ શિવમ્ સુન્દરમ્
શ્રી વેણીબહેન કાપડીઆ... ...	પૂર્ણયોગની આછી રૂપરેખા
,, વિઠ્ઠલદાસ જેરાજાણી... ...	અકલેાલીયાં આઝ દીની ઉજવણી
,, મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ ...	શ્રી ગૌતમસ્વામી
ન્યાયમૂર્તિ હરસિદ્ધભાઇ દીવેટીઆ	માનવ ધર્મ
શ્રી ઇન્દુમતીબહેન ચીમનલાલ ...	શિક્ષણમાં ધર્મને સ્થાન
ડૉ. હરિપ્રસાદ દેસાઇ... ...	સૌન્દર્યોપાસના
શ્રી પરમાનંદ કુંવરજી કાપડીઆ ...	મહાત્મા ગાંધી અને ભગવાન મહાવીર
,, મગનભાઇ દેસાઇ	સમાજ અને ધર્મ
પંડિત બેચરદાસ જીવરાજ દોશી...	પ્રત્યક્ષ પરિસ્થિતિ અને ધર્મ
ડૉ. બૂલચંદજી...	જૈન સંસ્કૃતિનું અન્વેષણ
શ્રી શિરીન ફેાજદાર....	બહાઇ ધર્મ
,, શાન્તિલાલ હરજીવન શાહ ...	રાષ્ટ્રીય ચારિત્ર્યનું ઘડતર
પંડિત સુખલાલજી...	ભગવાન મહાવીર
શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ...	ભગવાન બુદ્ધ

આ ઉપરાંત છેલ્લા દિવસે વયોવૃધ્ધ પંડિત લાલન છેલ્લા દિવસની સભામાં અણધાર્યા આવી ચઢયા હતા અને પોતાની પવિત્ર વાણીનો સભાજનોને લાભ આપ્યો હતો.

આ વ્યાખ્યાનમાળા નિમિત્તે મુંબઇ બહારથી ખાસ નિમંત્રિત વકતાઓ નીચે મુજબ હતા: પંડિત સુખલાલજી, કાકાસાહેબ કાલેલકર, શ્રી ઇન્દુમતીબહેન ચીમનલાલ, ડૉ. હરિપ્રસાદ દેસાઇ, શ્રી મગનભાઇ દેસાઇ, પંડિત બેચરદાસ જીવરાજ દોશી, તથા શ્રી. શિરીન ફેાજદાર. આ વ્યાખ્યાનમાળામાં વ્યાખ્યાતા તરીકે શ્રી વીઠ્ઠલદાસ જેરાજાણી, ડૉ. હરિપ્રસાદ દેસાઇ, તથા શ્રી. શિરીન ફેાજદાર સૌથી પહેલીવાર આવ્યા હતા. શ્રી. પરમાનંદભાઇએ ઘણાં લાંબા વર્ષના ગાળે આ વખતે એક વ્યાખ્યાન આપ્યું હતું. વ્યાખ્યાનમાળાનો પ્રારંભ જાણીતા મુરલીમ ભગિની શ્રી રહીનાબહેનના ભક્તિપૂર્ણ ભજનથી થયો હતો અને તેની સમાપ્તિ શ્રી માધુભાઇ માસ્તરે સંભળાવેલા અત્યન્ત ભાવવાહી પદથી થઇ હતી. આ વ્યાખ્યાનમાળાનો લાભ દર વર્ષ માફક સંખ્યાબંધ ભાઇ-બહેનોએ લીધો હતો એમ છતાં પણ આ વખતે સ્થાનકવાસી વિભાગ તેમ જ બીજા પણ કેટલાક સમુદાયનાં પર્યુષણ એક મહીના પહેલાં પસાર થવાના કારણે શ્રોતાવૃન્દનો આગળ માફક ધસારો નહોતો. આ વ્યાખ્યાનમાળાને સફળતાપૂર્વક પાર પાડવા માટે અમારા નિમંત્રણને માન આપીને જે વ્યાખ્યાતાઓ અનેક પ્રકારની અગવડો વેઠીને તેમ જ પોતાનાં અનેકવિધ રોકાણોમાંથી વખત કાઢીને આવ્યા તેમનો અમારે સૌથી પ્રથમ આભાર માનવો ઘટે છે. શ્રોતાઓ ભાઇઓ તેમ જ બહેનો જિજ્ઞાસુ વૃત્તિથી આવે છે અને શાન્તિથી પ્રત્યેક વકતાને સાંભળે છે અને અમો જે જે પ્રકારના શિસ્તની અપેક્ષા રાખીએ છીએ તે શિસ્ત સૌ કોઇ બરોબર પાળે છે: તેમનો આવો સહકાર પણ આપ્યો કાર્યક્રમ પાર પાડવામાં બહુ જ મદદ રૂપ થાય છે. છેલ્લા દિવસ માટે ભાંગવાડી થીએટરના માલીક બહેન ઉત્તમલક્ષ્મી તથા દેશી નાટક સમાજના મેનેજર શ્રી મણિલાલભાઇએ અમને એમનું થીએટર વાપરવા આપ્યું અને માંગી તે બધી સગવડ આપી તે માટે અમો તેમના ખુબ ઋણી છીએ. દર વર્ષે તેમની આ કૃપાનો લાભ અમને મળતો રહ્યો છે અને તેથી સંવત્સરિ જેવા મહત્વના દિવસે સૌ કોઇને ખુબ અનુકુળ પડે એવું વ્યાખ્યાનસ્થળ અમો મેળવી શકીએ છીએ. છેવટે ભકતકવિ મીરાંબાઇનું સ્મરણ કરવે તેવા શ્રી રહીના બહેન તથા સંગીતકાર શ્રી માધુભાઇ માસ્તરનો આ વ્યાખ્યાનમાળાના આદિ અને અન્તને મંગળમય બનાવવા માટે અમો અન્તઃકરણથી ઉપકાર માનીએ છીએ.

ડાહ્યાભાઇ બાલાભાઇ કોરા નિબંધમાળા

આ નિબંધમાળાની હરીફાઇની મુદત ઓગસ્ટ માસની આખર તારીખ સુધીમાં પુરી થઇ છે. આ હરીફાઇમાં અમોને કુલ ૨૪ નિબંધો મળ્યા છે. આજ કાલ ટપાલની અનિયમિતતા ધ્યાનમાં લઇને સપ્ટેમ્બર માસની ચોથી પાંચમી તારીખ સુધીમાં આવેલા નિબંધોને પણ આ હરીફાઇમાં દાખલ કર્યા છે. આ નિબંધની પરીક્ષક સમિતિના એક સભ્ય શ્રી. છોટુભાઇ બાલાભાઇ કોરાનું અવસાન થયું છે. પંડિત સુખલાલજી હાલ અમદાવાદ રહે છે. અન્ય સભ્યો પણ અતિ વ્યવસાયી છે. તેથી આ હરીફાઇનું પરિણામ નવેમ્બર માસની પંદરમી તારીખ લગભગમાં બહાર પાડી શકાશે એમ અમો ધારીએ છીએ.

સભ્યોને લવાજમ પહોંચાડવા વિજ્ઞપ્તિ

આ વર્ષ પુરૂં થવા આવ્યું છે. ચાલુ વર્ષના આસો વદ ૦)) સુધીમાં જે જે સભ્યોનાં લવાજમ વસુલ ન થયા હોય એ સભ્યોને સભ્યપદેથી કમી કરવા એવો બંધારણનો નિયમ છે, આ વર્ષ હજુ સુધી લવાજમ વસુલ થયું નથી એવા સભ્યોની સંખ્યા ઘણી મોટી છે. તે સર્વ સભ્યોને અવાર નવાર પોસ્ટકાર્ડ દ્વારા આ બાબતની યાદ આપવામાં આવી છે. આ બાબતની એક વધુ યાદી પાછી મોકલવામાં આવી છે. તે ધ્યાનમાં લઇને સર્વ સભ્યોને પોતપોતાનાં બાકી રહેલ લવાજમો સંઘના કાર્યાલયમાં મોકલી આપવા વિનંતિ કરવામાં આવે છે. સભ્યોના લવાજમની હુંડી સંઘની સર્વ પ્રવૃત્તિઓ ચલાવવામાં આવે છે. સંઘના સભ્ય હોવાના કારણે તેમની ઉપર પ્રબુદ્ધ જૈન નિયમિત મોકલવામાં આવે છે. જેઓ સંઘના સભ્ય તરીકે ચાલુ ન રહેવા માંગતા હોય તેમની ઉપર કશું પણ દબાણ કરવાનો અમારો કોઇ અધિકાર નથી. તેઓ પોતાનાં રાજીનામાં મોકલી શકે છે, પણ પોતા ઉપર ચઢેલું લવાજમ તો તેમણે જરૂર મોકલી આપવું જોઇએ. કોઇ પણ સભ્યને ઉપર જણાવેલ કારણે અમારે સંઘથી છુટા કરવો ન પડે એ અમારા અંતરની આકાંક્ષા છે.

સાભાર સ્વીકાર

શ્રી ભારતીય જ્ઞાનપીઠ કાશી તરફથી નીચે જણાવેલાં પુસ્તકો 'પ્રબુદ્ધ જૈન' ઉપર અવલોકનાર્થે ભેટ મળેલ છે જે માટે તે

સંસ્થાના કાર્યવાહકોનો અને ખાસ કરીને શ્રી શ્રેયાંસપ્રસાદ જૈનનો ઉપકાર માનવામાં આવે છે.

(૧) મહાબંધ (૨) દો હજાર વર્ષ પુરાની કહાનિયાં (૩) હિન્દી જૈન સાહિત્ય (૪) આધુનિક જૈન-કવિ (૫) મુક્તિદૂત (૬) જૈનશાસન (૭) પથ-ચિન્હ.

આ પુસ્તકોનો સાર્વજનિક ઉપયોગ થઇ શકે તે માટે શ્રી. મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાંચનાયલ-પુસ્તકાલયને આપવામાં આવશે. **મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ.**

ભીમપોર સ્વયંસેવક મંડળ

ભીમપોર સચીન રાજ્યનું નાનું પણ રમણીય ગામ છે. તે સૂરતની નજીક સુપ્રસિદ્ધ હવાખાવાનાં સ્થળ હુમસ ગામની નજીક એકાદ માઇલના અંતરે મીઢોળા નદીને કાંઠે આવેલું છે. તેની વાસ્તીનો મોટો ભાગ કોળી, માછીમાર (ખારવા) અને બીજી જાતની વસ્તીથી વસાયેલો છે. કુલ વસ્તી આશરે ચાર સાડાચાર હજારની છે.

માછીમારો સ્વભાવે નિખાલસ, પ્રમાણિક અને સાહસિક હોય છે. એમનાં ઘરો લીંપેલાંગૂંપેલાં અને ઘણાં સ્વચ્છ હોય છે જે દેખાવે સાદાં, પણ દેશી કારીગરીથી શણગારેલ હોય છે. તેમનાં આખા મહોલ્લામાં ફરીએ તો આપણને જુદી જુદી જાતની જાળો અને એમનાં સાધનોનું જાણે કે પ્રદર્શન ભરાયું હોય એવો દેખાવ ભાસે. ઘરો પણ સ્વચ્છ અને ગંદકીવિનાનાં હોય છે. એ કોમનો મુખ્ય ઉદ્યમ માછલાં પકડવાનો તેમ જ વહાણો, સ્ટીમરોમાં દૂર દૂર ખારવા તરીકે પગારદાર નોકરી કરવાનો છે. યુદ્ધ દરમિયાન પણ એ લોકો બહાદુરીપૂર્વક આખા સમુદ્રમાં નિડરપણે ઘૂમતા. વર્ષના આઠ મહિના પુરુષોનો મોટો ભાગ બહારગામ જ હોય છે. એ કોમમાં છૂટાછેડાનો રિવાજ નહિવત્ છે. તેમાં ખાસ કરીને તો પુરુષનો, સ્ત્રી ગમે તેવી હોય તો પણ જીવનભર નિભાવી લેવી પડે છે. કોઇ અસાધારણ સંજોગો ઉભા થાય તો પંચ બોલાવવામાં આવે અને પંચ જે નિર્ણય કરે એ બન્ને પક્ષને માન્ય રાખવો પડે.

બીજી વસ્તી કોળીની છે. એની સંખ્યા વધારે પ્રમાણમાં છે. તેઓ પણ સ્વભાવે નિખાલસ, અને પ્રમાણિક હોય છે. એ કોમ શિક્ષિત અને વધુ સુધરી છે. દરિઆઇ બાંધકામો તથા રેલ્વેનાં પૂલો, સડકો, મોટાં ગરનાળાંઓ, મોટાં મકાનો, હવાઇ ઘરો તેમજ મોટાં કારખાનાંઓ તેઓ કોન્ટ્રેક્ટથી બાંધી આપે છે. એ લોકો કલકત્તા, કરાંચી, રંગુન વિગેરે દૂર દૂરનાં શહેરોનાં કોન્ટ્રાકટરો અને મોટી મોટી કંપનીઓ સાથે સંબંધ ધરાવે છે, અને તેથી તેઓ પણ વર્ષનો મોટો ભાગ બહારગામ જ રહેતા હોય છે. તેઓનાં ઘરો પણ સ્વચ્છ, સગવડભર્યા અને દેખાવડાં હોય છે. તેમની સ્ત્રીઓનો પહેરવેશ પુરાણો છે. તેઓ મજબૂત બાંધાવાળી હોય છે.

આ જ્ઞાતમાં પુનર્લગ્ન કરવાનો રિવાજ છે. છુટાછેડાની પ્રથા હવે લગભગ લુપ્ત થઇ ગઇ છે. પુરૂષવર્ગે ખૂબ પ્રવાસ કરેલો હોવાથી અને શિક્ષિત હોવાથી ગાંધીજીનો રચનાત્મક કાર્યક્રમ તેમણે ભીમપોરમાં શરૂ કર્યો છે. ત્યાં તેમણે 'ભીમપોર સ્વયંસેવક મંડળ'ની સ્થાપના કરી છે. અસ્પૃશ્યતાનિવારણ, વ્યાયામ, ખાદી પ્રચાર, સ્ત્રી કેળવણી, નિરક્ષરતાનિવારણ, ગ્રામ-સફાઇ અને ગૃહઉદ્યોગ એ તેની મુખ્ય પ્રવૃત્તિઓ છે. મંડળ ગરીબ છોકરાઓને પુસ્તકો અને દવાની પણ મદદ કરે છે. હુમસ હવા ખાવા જનારાઓને આ ગામની સાથે વધુ નિકટમાં આવવું પડે છે. ચોખ્ખું અને સ્વચ્છ દૂધ, તાજાં શાકભાજી, તથા રોજની જરૂરિયાતમાં ખૂટતી ચીજો અહીંથી મેળવી લેવાની હોય છે. હું હવાફેર માટે ગયા એપ્રીલની અધવચ્ચમાં હુમસ ગયેલો, તે વખતે ભીમપોર સ્વયંસેવક મંડળનાં મંત્રી શ્રી ધીરૂભાઇ ઇજારદારના સમાગમમાં આવ્યો. તેઓએ ત્યાં એક નાની જેવી ભજનમંડળી તૈયાર કરી છે. હુમસમાં હવા ખાવા આવનારને ત્યાં જઇ તેઓ ભજનો સંભળાવે છે અને તે બદલ પચીસ રૂપિયા લે છે. એ પૈસાનો ઉપયોગ મંડળને વધુ કાર્યદક્ષ બનાવવામાં કરે છે. એ મંડળના સભ્યો જ્યારે ભીમપોર હોય છે ત્યારે મહિનામાં બે વાર સફાઇ કરી ગામની ગંદકી દૂર કરે છે. અને આજે તો મહોલ્લાનો કચરો મહોલ્લાના યુવકો જ સાફ કરી લે છે. ગામના જુવાનો બાળકોને રેંટિયા ચલાવવાનું, કાંતવાનું પણ શીખવે છે.

ત્યાંના મારા વસવાટ દરમિયાન મેં સાંભળેલું કે, અષાઢ માસના દર શનિવારે, સુરતના સહેલાણીઓ મોટી સંખ્યામાં આવી ગામને અવળે પંથે દોરે છે. જુગાર, દારૂ વગેરે અનિષ્ટોના છાંટા ગામમાં ઉડાડી, ગામને રંજાડી જાય છે. આ અનિષ્ટ પ્રથા ભીમપોર યુવક મંડળને ખૂબ સાલવા લાગી, આથી તેમણે એ બદીને દૂર કરવા કમર કસી. મુંબઇ આવ્યા પછી મને સમાચાર મળ્યા કે, મંડળે આ અનિષ્ટ દૂર કરવા માટે ઉપાડેલી જેહાદને સફળતા મળી છે. આ વર્ષે એક પણ ગાડીવાળા કે સહેલાણીને ગામમાંથી કોઇએ ઉતારો આપ્યો નથી અને એ રીતે આ બદીને ડાંભી દેવામાં આવી છે.

ભીમપોર સ્વયંસેવક મંડળ જેવી અનેક સંસ્થાઓ હિંદભરમાં હશે, પરંતુ આપણે તેવી સંસ્થાઓથી પૂરેપૂરા વાકેફ નથી. મને લાગે છે કે, ભીમપોર સ્વયંસેવક મંડળની જેમ, દરેક ગામ પોતપોતાને માટે આવું સ્વયંસેવક મંડળ સ્થાપી, ગ્રામસુધારણાનું કામ અપનાવી, રચનાત્મક કાર્ય તરફ ખૂબ જ ધ્યાન આપે તો, આપણે જે આઝાદી મેળવી છે તેને ટૂંક સમયમાં આપણે યોગ્ય નીવડીશું, અને આપણી સરકારને પણ પોતાનું કાર્ય કરવામાં વધુ મદદરૂપ બની શકીશું.

મ. મો. શાહ

મને લાગ્યો આઝાદીનો રંગ

લાગ્યો આઝાદીનો રંગ!
આજ મને લાગ્યો આઝાદીનો રંગ!
સાગરના ઉરના ઉછાળે ઉછાળે
જોયો આઝાદીનો રંગ,
નદીઓના વ્હેણોના વ્હેતાં પાણીડાએ
ઝીલ્યો આઝાદીનો રંગ....આજ મને.
ટકરાતાં ટકરાતાં મેઘોના ગર્જનમાં
ત્રાડ્યો આઝાદીનો રંગ,
પીડિતોની ચઢતીની સૃષ્ટિના સર્જનમાં
પૂર્યો આઝાદીનો રંગ...આજ મને.
તરૂણોના હૈયામાં, કવિઓએ કવનોમાં,
ગાયો આઝાદીનો રંગ
પર્વતની ટોચો પર ટકરાતા પવનોમાં
હેલ્યો આઝાદીનો રંગ....આજ મને.
ભારતની ભૂમિના કણ કણોથી
ફૂટ્યો આઝાદીનો રંગ.
સદીઓથી સળડતા ગુલામી માનસમાં
આવ્યો આઝાદીનો રંગ...આજ મને.
નભમંડળ આવરતી વિજળીના ઝબકારે
ઝબક્યો આઝાદીનો રંગ,
સૂરજકિરણોની પ્રતિભાના પયગામે
ઉજવ્યો આઝાદીનો રંગ...આજ મને.
ધરતીથી નીકળતાં અંકુરે અંકુરે
ફૂટ્યો આઝાદીનો રંગ,
શહીદોએ અર્પેલા રકતોના સિંચનથી
ફાલ્યો આઝાદીનો રંગ...આજ મને.
આંબાલિયા ડાળેથી કોકિલના કંઠોમાં
ટહુક્યો આઝાદીનો રંગ,
ભારતના ગુલશનના પુષ્પોનાં વૃંદોમાં
મ્હેકયો આઝાદીનો રંગ...આજ મને.
ધનિકોને ગરીબોના ભેદોને ટાળીને
પીળો આઝાદીનો રંગ,
વિખરેલા બાંધવના મિલનની આશાથી
સિંચ્યો આઝાદીનો રંગ...આજ મને.

ચીનુભાઇ ગીરધરલાલ શાહ

'નૂતન-ગુજરાત'માંથી સાભાર ઉધ્ધૃત

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન: સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૯
અંક : ૧૨

મુંબઈ: ૧૫ ઑક્ટોબર, ૧૯૪૭, બુધવાર.

વાર્ષિક લવાજમ
રૂ ૫ના ૪

'શ્રી વિજયધર્મસૂરિ જૈન સાહિત્ય સુવર્ણચંદ્રક'

સમર્પણ સમારંભ

તા. ૨૮-૯-૪૭ રવિવારના રોજ ભાવનગર મુકામે શ્રી. યશોવિજયજી જૈન ગ્રંથમાળા તરફથી અમદાવાદવાળા શ્રી. છોટાલાલ ત્રીભમદાસ પરિખના પ્રમુખપણા નીચે પંડિત સુખલાલજીને 'શ્રી વિજયધર્મસૂરિ જૈન સાહિત્ય સુવર્ણચંદ્રક' સમર્પણ કરવાનો સમારંભ યોજવામાં આવ્યો હતો. પ્રસ્તુત સાહિત્ય ચંદ્રકની યોજના કેવી રીતે ઉપસ્થિત થવા પામી તે સંબંધમાં શ્રી. યશોવિજયજી ગ્રંથમાળાના મંત્રી શ્રી ભાઈચંદ અમરચંદ શાહે માહીતી આપતાં જણાવ્યું કે ગયા મે માસ દરમિયાન ઉવારસદ મુકામે ઉજવવામાં આવેલ સ્વર્ગ-રથ શ્રી. વિજયધર્મસૂરિની રજત જયંતી પ્રસંગે આ સાહિત્ય-ચંદ્રકની યોજના ઉદ્‌ભવ પામી હતી, અને આ માટે ભાવનગર મહાલક્ષ્મી મીલ્સવાળા શ્રી. રમણીકલાલ ભોગીલાલ તરફથી રૂા. ૧૦૦૧ તથા ઉવારસદ સંઘ તરફથી રૂા. ૫૦૧ એમ રૂા. ૧૫૦૧ એકઠા થયા હતા અને આ અને આવી રીતે બીજી એકઠી થાય તે રકમના વ્યાજમાંથી દર વર્ષે કે દર ત્રણ વર્ષે જૈન સાહિત્યના વિકાસમાં મહત્વનો ફાળો આપનાર કોઇ પણ જૈન કે જૈનેતર વ્યક્તિને એક સુવર્ણચંદ્રક આપવો એમ નક્કી કરવામાં આવ્યું હતું. આ ચંદ્રક આપવાનું આ વર્ષથી જ શરૂ કરવામાં આવે એ હેતુથી પહેલા વર્ષના સુવર્ણચંદ્રકનો ખર્ચ શેઠ હરગોવિંદદાસ રામજીએ પોતાની ઇચ્છા દર્શાવી હતી. આ પ્રથમ ચંદ્રકની યોગ્યતાનું માન પંડિત સુખલાલજીને આપવું એવો નિર્ણય તેને લગતી નીમાયેલ વિદ્વાન પંડિતોની સમિતિએ જાહેર કર્યું હતું અને એ કારણે પ્રસ્તુત સમારંભ યોજવામાં આવ્યો હતો.

આ પ્રસંગે શ્રી. યશોવિજયજી ગ્રંથમાળાના પ્રમુખ શ્રી. ભીનજીભાઈ હરજીવન સુશીલે પોતાના વિવેચન દરમિયાન જણાવ્યું હતું કે :—

"કોઇ પણ સાહિત્યની ઉત્તમ કૃતિને અવલોકવાની અમારી પાસે આંખ નથી તેમ એવી કૃતિઓ સંગ્રહવાની શક્તિ પણ નથી. પં. સુખલાલજીને પણ અમે કહીએ છીએ કે આને તમે કદરદાની ન સમજતા. અમે તમારા પરીક્ષક છીએ અને તમે પરીક્ષામાં પાસ થયા છો એમ પણ કૃપા કરીને ન માનતા. ઇતર ભાઇઓને હું કહું છું કે પંડિતજીને અમે સન્માન્યા છે, સન્માનવાની ઉદારતા બતાવી છે એ વાત મનમાંથી કાઢી નાંખજો. આ ઉત્સવ તો એટલા માટે જ છે કે પંડિતજીને અમે કહીએ છીએ કે તમે જે ઉત્તમ સાહિત્ય રચી રહ્યા છો, તેની અમે આથી પહોંચ આપીએ છીએ. કોઇ આળસુ માણસ પોતાના આત્મીય જનના સો કાગળ મેળવ્યા પછી એક કાગળનો જવાબ લખે એના જેવું આ છે. આપ તો ખરું જોતાં અમારા કાફલાના મુસાફર જ નથી. આપની મુસાફરી તો શ્રી સિદ્ધસેન દિવાકર, ઉમાસ્વાતિ, અકલંક, પ્રભાચંદ્ર જેવા ધુરંધર વિદ્વાનો અને સંતોની સાથે શેલે. પણ વચ્ચે કાળનો એક મોટો દરિયો આવી પડયો. આપના જ્ઞાન-બિંદુમાં આપે પ્રાચીન આચાર્યોના દાર્શનિક સિદ્ધાંતોની જે સરખામણી કરી છે તે જોતાં તો આપ અકસ્માતથી જ અમારી વચ્ચે આવી પડયા હો એમ લાગે છે.

"જૈન સંઘમાં કળા અને સાહિત્યનો આટલો ભક્તિભાવ ક્યાંથી આવ્યો? ક્ષત્રિય અને વૈશ્યના આ સમાજમાં કળાભક્તિ, સૌંદર્યપ્રીતિ, શિલ્પપ્રેમના ઝરા ક્યાંથી ફુટી નીકળ્યા? રૂપિયા, આના, પાઇમાં રાચનારો વર્ગ વળી મહાકાવ્યો રચતો, શિલ્પસમૃદ્ધિ રચતો શી રીતે બન્યો? ઘણું કરીને આપણામાં થઇ ગયેલા સમર્થ બ્રાહ્મણ આચાર્યોનો એ વારસો હશે અને એથી આગળ જઇએ તો કાકા કાલેલકરે કહ્યું છે તેમ સંપ્રદાયના મુળ પુરૂષમાં જે કળા અને સૌંદર્યપૂજા હોય છે તે એના અનુયાયીઓમાં ઊતર્યા વિના રહેતી નથી. એટલે ભ. મહાવીરના હૃદયમાં સંતાયેલો એ વારસો આ રીતે પ્રગટ થયો છે અને વિકસી રહ્યો છે."

('જૈન' પત્રમાંથી ઉધ્ધૃત.)

ત્યાર બાદ પં. બેચરદાસ જીવરાજ દોશી, અધ્યાપક પ્રતાપ-રાય મોદી, શ્રી પદ્મનાભજી, શ્રી જીવરાજ ઓધવજી દોશી, શ્રી શિવજી દેવશી, તથા શ્રી રતિલાલ દીપચંદ દેસાઇ વગેરે કેટલાએક વિદ્વાન વક્તાઓએ પંડિતજીના જીવનના પ્રસંગો તેમ જ સામાજિક, ધાર્મિક, રાજનૈતિક તેમ જ આધ્યાત્મિક પ્રશ્નો વિષેની તેમની ઉંડી સમજણ તથા અન્યને યથાસ્વરૂપે સમજાવવાની તેમની અદ્‌ભુત કળા, વિશદ વિચારસરણી, માનવ પ્રેમ, તેમ જ રાષ્ટ્રવાદી તમન્ના વગેરે અનેક બાબતો વિષે બહુ સુન્દર વિવેચનો કર્યા હતા. છેવટે સભાના પ્રમુખ શ્રી છોટાલાલ ત્રીકમદાસ પારેખે પંડિત સુખલાલજીને અંગત સ્નેહ અને આદરને વ્યકત કરતી અંજલિ આપતાં નીચે મુજબ પ્રવચન કર્યું હતું :—

"પંડિતજી સાથેનો મારો પરિચય અને સંબંધ બનારસ યશોવિજયજી જૈન પાઠશાળાના સ્થાપનકાળથી છે. હું તે વખતે એક સેક્રેટરી હતો. બીજા સેક્રેટરી મારા વડિલ સ્વ. માસ્તર રતનચંદ મૂળચંદ મહેતા હતા. પાઠશાળામાં ભણવા માટે બનારસ જતા પહેલાં, નિયમ મુજબ પંડિતજી અમોને વીરમગામ મળેલા, અને તેમને વીરમગામથી બનારસ મોકલેલા તેનું મને ઝાંખું સ્મરણ છે. કેટલાંક વર્ષો બાદ મારો પાઠશાળા સાથેનો સંબંધ પૂરો થયો. પરન્તુ પંડિતજી સાથેનો મારો સંબંધ અને સ્નેહ આજ સુધી જરી રહેલ છે.

પંડિતજીના જીવનનો ટુંકો પરિચય હું મારી સમજ અને સ્મૃતિ મુજબ આપવા ઇચ્છું છું. વઢવાણ કેમ્પ પાસે આવેલા લીમડી ગામના વીશાશ્રીમાળી વણિક જ્ઞાતિના, ખાનદાન અને મોટા સંઘની કુટુંબના તેઓ એક સજ્જન છે. તેમને સે.ળ વર્ષની વયે શીતળા માતા નીકળવાથી કમભાગ્યે તેમણે આંખો ગુમાવી, અને

સંવત ૧૯૬૦ ની સાલમાં ૨૨ વર્ષની ઉંમરે તેઓ શ્રી. યશોવિજયજી જૈન બનારસ પાઠશાળા કે જે તે વખતે વિજયધર્મસૂરીશ્વરજીની પ્રેરણાથી અને દેખરેખથી શરૂ થયેલી હતી, તેમાં તેઓ ભણવા માટે ગયા હતા. ત્યાં તેમણે ખૂબ ખંતથી અને અવિરત પરિશ્રમથી સુંદર જ્ઞાન સંપાદન કર્યું. સંવત ૧૯૬૩ ની સાલના અરસામાં તેઓ પાઠશાળા છોડી ગયા. ત્યારબાદ મિથિલા જઈને બાલકૃષ્ણ મિશ્ર પાસે તેમણે વિશેષ અધ્યયન કર્યું. આગ્રા શહેરથી તેમના સાહિત્યસર્જનનો પ્રારંભ થયો. ગુજરાત વિદ્યાપીઠમાં પુરાતત્ત્વ વિભાગમાં ભારતીય દર્શનશાસ્ત્રી તરીકે તેમની નિમણુંક થઈ. ત્યાં ૧૦ વર્ષ પરિશ્રમ કરી સિદ્ધસેન દિવાકર કૃત "સંમતિ તર્ક" ગ્રંથનું તેમણે સંપાદન કર્યું. આ ગ્રંથ એક મહાન્ ગ્રંથ છે. સને ૧૯૩૩માં બનારસ હિંદુ યુનીવર્સિટિમાં તેઓ જૈન ફિલોસોફીના અધ્યાપક તરીકે તેઓ જોડાયા, તે જગ્યાએ તથા બીજી જગ્યાઓએ આજ સુધી ભણવાનો તથા ભણાવવાનો અવિરત વ્યવસાય તેમણે જારી રાખ્યો છે. બનારસ હિંદુ યુનિવર્સિટીમાં તેઓ રહ્યા તે દરમિયાન શ્રી ઉમાસ્વાતિ વાચક કૃત 'તત્વાર્થ' સૂત્રનું' તેમણે સંપાદન કર્યું અને તેના ગુજરાતી તથા હિંદી અનુવાદનું કાર્ય કર્યું. ત્યાર પછી યશોવિજયજી ઉપાધ્યાય કૃત "જ્ઞાનબિંદુ તથા જૈન તર્કભાષા"નું તેમણે સંપાદન કર્યું. અને કલિકાળસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય કૃત "પ્રમાણ મીમાંસા"નું તેમ જ બૌદ્ધ ન્યાયશાસ્ત્રના સુપ્રસિદ્ધ ગ્રંથ "હેતુબિંદુ"નું તેમણે સંપાદન કર્યું. પંડિતજીએ બધાં દર્શનોનું યોગ્ય જ્ઞાન મેળવ્યું છે અને એક સબળ ચિંતક તરીકે મધ્યસ્થભાવે રહી સત્ય જાણવા તથા સમજવા તેમનાથી બનતુ તેઓ કરી રહ્યા છે, અને તુલનાત્મક દૃષ્ટિથી તેમણે દર્શનોનો ખૂબ ઊંડો અભ્યાસ કર્યો છે. પંડિતજીનાં લખાણ સૌ કોઇને સચોટ અને ચોકસાઇપૂર્ણ, સરળ અને સુંદર, જ્ઞાન આપનારા વાંચતાં માલુમ પડયાં છે.

હું પોતે સાહિત્યકાર નથી. પણ સાહિત્યકારનો માત્ર પ્રશંસક છું. સાહિત્યની લાક્ષણિકતા, ખુબીઓ અને વિશેષતા સમજવા તથા તેની કદર કરવા અને તે સંબંધી યોગ્ય વિવેચન કરવા હું શક્તિમાન નથી. આમ છતાં પણ પંડિતજીની વિશેષતા અને લાક્ષણિકતા જે મને સુઝે છે તે મને કહેવાનું મન થાય છે.

પંડિતજીમાં વ્યુત્પન્ન દૃષ્ટિ છે અને તે પણ ખૂબ વિશાળ છે, સંકુચિત નહીં. જીવનમાં સત્ય જાણવાની દૃષ્ટિ પ્રાપ્ત થવી ઘણી કઠિન છે, જ્યારે તેવી દૃષ્ટિ પંડિતજીને પ્રાપ્ત થયેલ છે. વળી પંડિતજીની વિચારસરણી સ્વતંત્ર છે. શાસ્ત્રોના હેતુ તથા તેના રહસ્યને મૂળ ઉંડાણમાંથી સમજવાને તેઓ સદા પ્રયત્નશીલ હોય છે, અને કેવળ એક દર્શન કે પક્ષ પ્રત્યે તેઓ કદિ ઢળી જતા નથી. જુદાં જુદાં દર્શનોના જુદા જુદા અભિપ્રાયોને સાપેક્ષભાવે વિચારી તેની સુંદર તુલના તેઓ કરી શકે છે, અને તેમ કરવામાં મધ્યસ્થ ભાવ રાખી શકે છે. આવી સુંદર દૃષ્ટિ અને શક્તિ ઉપરાંત તેમનામાં સમન્વય કરવાની શક્તિ પણ અજોડ છે. સામાન્ય રીતે જોતાં ઘટનાત્મક અને મંડનાત્મક શક્તિ કેટલાકમાં જોવામાં આવે છે, પણ સમન્વય શક્તિ વિરલ જોવામાં આવે છે. તે દૃષ્ટિ આપણને પોતાને તેમ જ બીજાને ઉપકારી અને લાભદાયી નીવડે છે.

પૂજ્ય શ્રીમદ્ યશોવિજયજી મહારાજના ગ્રંથો જોતાં એમની અદ્‌ભુત અને અસાધારણ સત્યદૃષ્ટિ અને સમન્વયશક્તિ તરી આવે છે. તેમના જ નામની શ્રી. યશોવિજયજી જૈન બનારસ પાઠશાળામાં પંડિતજીએ અભ્યાસ કરેલો છે. અને તેમના જ નામની શ્રી. યશોવિજયજી જૈન ગ્રંથમાળા કમિટિ આ સુવર્ણચંદ્રક પંડિતજીને અર્પણ કરે છે. આ સુયોગ બહુ આનંદદાયક છે.

પંડિતજીના જીવનમાં રાષ્ટ્રીયતાની સુંદર છાપ દેખાય છે. તે તેમના જીવનની ભારે વિલક્ષણતા છે. સામાન્ય રીતે પંડિતો જે જે દર્શનોના હોય છે તે તે દર્શનોના અભ્યાસી રહે છે. અને જેમ વ્યાપારમાં પડેલો લોકો સામાન્ય રીતે રાષ્ટ્રીયતાની બહુ દરકાર કરતા નથી તેમ પંડિતો પણ સાધારણ રીતે રાષ્ટ્રીયતાની દરકાર કરતા નથી અને તેમાં રસ લેતા નથી. પંડિતજીએ ગૂજરાત વિદ્યાપીઠમાં કામ કરેલ છે અને રાષ્ટ્રીય બાબતોમાં પણ તેઓ ઉંડું લક્ષ આપે છે. અને પોતાનું જ્ઞાન જે રીતે માનવજાતને વધારે ઉપયોગી થાય તેવી દૃષ્ટિથી બીજાઓને આપે છે. નીતિ અને ધર્મને મનુષ્યે પોતાના જીવનમાં ક્રમશઃ ઉતારવાની જરૂરિયાત ઉપર અને અસંગત જીવન નહીં જીવતાં સુસંગત જીવન જીવવા ઉપર પંડિતજી હંમેશા ખુબ ભાર મૂકે છે.

મહાત્માજીની છાપ ઘણાના જીવનમાં ઓછીવધતી પડેલી જોવામાં આવે છે. પંડિતજીના જીવનમાં પણ ગાંધીજીની છાપ ખૂબ સુંદર રીતે પડેલી છે. જેણે સત્યજ્ઞાનની ઉપાસના કરી તે જ જ્ઞાની છે. આવા જ્ઞાનીમાં સહજપણે સ્વતંત્ર વિચારશક્તિ અને વિશાળ દૃષ્ટિ પ્રગટે છે. કારણ કે તેનું જીવનધ્યેય સત્ય શોધવાનું હોય છે. શ્રીમદ્ યશોવિજયજીનું જીવન આના પ્રતીક સમાન હતું. તેમની જે મૌલિકતા અને વિશાળતા હતી તે તેમની જ્ઞાનની આરાધનાનું પરિણામ હતું. પંડિતજીમાં પણ જે સ્વતંત્ર અને વિશાળ દૃષ્ટિ રહેલી છે તેનું સન્માન કરવું તે જ આ સુવર્ણચંદ્રક પાછળ રહેલી ભાવના છે.

સાહિત્યકારની પાછળ એક જ દૃષ્ટિ હોવી જોઇએ કે જનતાનું ચિત્ત જેનાથી શુધ્ધ થાય તેવા સાહિત્યનું તે સર્જન કરે. તેને જ ઉત્તમ સાહિત્ય કહેવાય અને તે જ ઉત્તમ તથા સાચો સાહિત્યકાર કહેવાય. પંડિતજી આવા એક સાહિત્યકાર છે અને તેથીજ તેમને આપણે ચંદ્રક આપીને સન્માનીએ છીએ.

માનવજાતિ તથા સમાજની ઉન્નતિ માટે જ્ઞાન એક અગત્યનું પ્રેરક બળ છે, પણ તે જ્ઞાન સામાન્ય તથા આખાયે જનસમુહથી સમજી શકાય તેવી ભાષા માંગી લે છે. જીવનના અંતિમ ધ્યેય જેવા આધ્યાત્મિક વિકાસ તથા મુક્તિમાર્ગ માટે પણ આવું જ્ઞાન જ એક પ્રકાશ આપનાર દીપક છે. એટલા માટે જ આપણા **સમર્થ શાસ્ત્રકારો** કહી ગયા છે કે **'પઢમં નાણં તઓ દયા' 'પ્રથમ જ્ઞાન પછી દયા'** આ કથન જ જ્ઞાનની સાચી મહત્તા તથા ઉત્કૃષ્ટતા બતાવે છે. આજે પંડિતજી પણ એક જ આદર્શ સેવી રહ્યા છે અને તે એ જ કે જૈન ધર્મના અને સાહિત્યના સાચા તથા મૂળભૂત સિદ્ધાંતો જનતાને સમજાવવા. કમભાગ્યે જૈન સમાજમાં આવા પંડિતો વિરલ છે. એનું એક કારણ એ છે કે જૈન સમાજ વ્યાપારી હોઇ વ્યાપારમય જ બની ગયો છે. અને તેથી જ જીવનમાં જ્ઞાનને તથા સાહિત્યને જે ઉંચ તથા અગત્યનું સ્થાન આપવું જોઇએ તે આપી શક્યો નથી. આપણે આધ્યાત્મિક તથા ધાર્મિક સાહિત્યની વાત બાજુએ મૂકીએ તો પણ સામાન્ય સમાજના સળગતા પ્રશ્નોને ચર્ચતું, લૌકિક જીવનવ્યવહાર સમજાવતું સાહિત્ય પણ આધુનિક જૈન સમાજે બહુ ઓછું આપ્યું છે. આપણા ઉગતા સાહિત્યકારો પણ પ્રેરણા તથા યોગ્ય ઉત્સાહને અભાવે જૈન સંસ્કૃતિ તરફ વળવા કરતાં અનોખા જ સાહિત્યક્ષેત્રને અપનાવે છે. આ સ્થિતિમાં પણ આપણી પાસે પંડિતજી જેવા સમર્થ વિદ્વાન, તટસ્થ વિવેચક તથા સત્યનિષ્ઠ સાધુપુરૂષ છે, તે જૈન સમાજનું એક બહુ મોટું સદ્‌ભાગ્ય છે. આંખનો અભાવ હોવા છતાં અને તબીયત બહુ નાજુક તથા પ્રતિકુળ હોવા છતાં અવિરત પરિશ્રમ વડે તેઓ જૈન સંસ્કૃતિનું સંશોધન કરી રહ્યા છે અને આટલી વૃદ્ધાવસ્થા હોવા છતાં આજે પણ તેઓ ભણવા તથા ભણાવવાનું કામ કરી રહ્યા છે એ જ તેમની સાચી એકનિષ્ઠ જ્ઞાનોપાસના દર્શાવે છે.

આજે અપાતો ચંદ્રક આજે બાલ્યાવસ્થામાં છે. પણ તે ભવિષ્યમાં જરૂર રણજીતરામ સુવર્ણચંદ્રકની માફક સાહિત્યવિશ્વમાં

એક અગત્યનું પ્રેરક બળ બને અને મહત્વનું સ્થાન પ્રાપ્ત કરે તે જ પ્રાર્થના છે. સમાજના આગેવાનો આવા સત્કાર્યમાં મદદ તથા પ્રોત્સાહન આપશે એવી હું આશા રાખું છું. ભાવનગરના ઉત્સાહી યુવાનોને આ માટે હું હાર્દિક અભિનંદન આપું છું.

શ્રી વિજયધર્મસૂરિજીના સ્મરણમાં આ સુવર્ણચંદ્રકની યોજના ઘણી યોગ્ય છે. સમાજને આજે એમની પીછાણ કરાવવાની જરૂર નથી. તેઓશ્રી વિદ્વાન અને સાહિત્યના પરમ પ્રેમી હતા. તેમનો યુરોપીય વિદ્વાનો સાથેનો સંપર્ક પણ સુવિદિત છે. તેમનું સ્મરણ જ માત્ર આપણને એક વિદ્યાપ્રેમની અજબની પ્રેરણા આપે છે.

સત્યભક્તિ અને જ્ઞાનની પરમ ઉપાસના એ જ જીવનનો એક મહાન આદર્શ સેવીને આજે પંડિતજી તેને પોતાના કાર્યોમાં મૂર્તિમંત કરી રહ્યા છે. તેમાં જ તેમના જીવનની કૃતાર્થતા છે. આપણે એમને શું ધન્યવાદ આપી શકીએ? ગમે તેટલો ધન્યવાદ આપીએ તે ઓછો જ છે. જૈન સમાજને પરમ ગૌરવરૂપ તત્વદૃષ્ટા પૂજ્ય પંડિતજીનું શરીરસ્વાસ્થ્ય એકસરખું જળવાઈ રહે અને તેમને દીર્ઘાયુષ્ય પ્રાપ્ત થાય એવી મારી અન્તરની પ્રાર્થના છે."

પ્રમુખશ્રીએ ઉપર મુજબ પોતાનું વક્તવ્ય પુરું કર્યા બાદ પંડિતજીને સુવર્ણચંદ્રક અર્પણ કર્યો અને સભાજનોએ આ કાર્યને હર્ષનાદ વચ્ચે વધાવી લીધું. ત્યાર બાદ પંડિતજી આ સર્વ સન્માન-વિધિ અને વક્તાઓનો ઉત્તર આપવા ઉભા થયા. પણ તેમનું દિલ લાગણીઓથી ભરાઈ ગયું હતું અને બોલતાં ગળગળા થઈ ગયા હતા. ચાર પાંચ મીનીટમાં સ્વસ્થ થઈને પંડિતજીએ તત્કાળ મૌખિક પ્રવચન કર્યું તે નીચે મુજબ હતું:—

પ્રશસ્તિ! પ્રશસ્તિ!!

"અહીં મારા સંબંધમાં જે કંઈ કહેવામાં આવ્યું છે તે બધું સાંભળ્યા પછી મને લાગે છે કે આ પ્રસંગનો સ્વીકાર કરવામાં મેં ભૂલ કરી છે. ગયા પર્યુષણ વખતે હું મુંબઈ ગયો ત્યારે મારા એક મિત્રે મને કહેલું કે "આ વળી શું?" આજે મને લાગે છે કે મેં ભૂલ કરી છે. સૌથી પહેલાં—જ્યારે આ વાત મને કહેવામાં આવી અને મેં એનો સ્વીકાર કર્યો ત્યારે—મારું મન ભારે હતું. હું અમદાવાદથી અહીં આવવા નીકળ્યો ત્યારેય મારું મન ભારે હતું. અને આજે આ બધી પ્રશસ્તિઓ સાંભળ્યા પછી તો મારું મન વિશેષ ભારે થયું છે. મારા મરી ગયા પછી કે કમથી કમ મારી ગેરહાજરીમાં આવો પ્રસંગ યોજાયો હોત તો મારે કશું કહેવાપણું ન રહેત. પણ આજે તો આ બધું મારી હાજરીમાં જ કહેવાયું છે. એથી મારો ભાર બહુ વધી ગયો છે. મેં હમેશાં માનપત્રો ટાળવાનો જ પ્રયત્ન કર્યો છે. કેટલીય વાર ઉત્તમ પહેરામણી મળવા જેવા પ્રસંગો આવી પડયા ત્યારે મેં એ પહેરામણીઓનો ઉપયોગ મારી શરતે કરવાનું કહ્યું અને એ પહેરામણીઓ જતી રહ્યાનું મને બરાબર સ્મરણ છે. કુલીન માણસને પોતાની પ્રશંસા સાંભળીને શરમ આવે જ આવે. હું કુલીન છું કે નહીં તે હું ન કહી શકું. પણ અહીં જે કંઈ મારા સંબંધમાં કહેવામાં આવ્યું છે તેથી મને હજારગણી શરમ આવે છે. કહેનાર માણસ ભલે ભક્તિથી કહે પણ જેના વિષે કહેવામાં આવતું હોય એ પોતે તો પોતાના ગુણને કે પોતાની ખામીઓને સમજતો જ હોય છે. અલબત્ત ભાવના કે ઉર્મિના આવેશમાં જે કાંઈ કહેવામાં આવ્યું હોય અને અધ્યાપક મોદી સાહેબ જેવા, જેઓ તોળેલા શબ્દો બોલતા હોય તેમનું કથન—એ બે વચ્ચે જરૂર ભેદ કરવો ઘટે. પણ ગમે તેમ હોય તોય પ્રશસ્તિ તો ટાળવી જ જોઈએ. જૈન ધર્મ વિવેકપ્રધાન ધર્મ છે. એટલે એ દૃષ્ટિએ પ્રશસ્તિમાં પણ વિવેક જળવવો ઘટે. શાસ્ત્રની કે ભૂતકાળની માત્ર પ્રતિષ્ઠા કે પ્રશસ્તિ ગાવાથી કામ ન ચાલે. સંસ્કૃતિમાં તો ગુણ અને દોષ, બંનેય આવી જાય. બન્નેમાંથી દોષને દુર કરવા માટે પણ કેવળ પ્રશસ્તિ બીનઉપયોગી બની પડે છે. વળી જે કાંઇ ગુણરૂપ હોય તેનું બહું ગાન કર્યા કરવું એ પણ બરાબર નથી. કારણ કે ગુણગાન સાંભળવાથી માણસ ફુલાઈ જાય છે, અને તેમાંથી એનું પતન થાય છે. જૈન અને જૈનેતરોનું પતન આ જ કારણે સાથે સાથે જ થયું છે. મારો તો એવો સામાન્ય નિયમ છે કે કોઇના ગુણ તેની આગળ ગાયા ન કરવા, પણ તેની ક્ષતિઓ તરફ તેનું ધ્યાન દોર્યા કરવું, જેથી તેને સુધરવાની ભૂમિકા મળી શકે અને એમ ન થઇ શકે તો છેવટે મૌન રહેવું.

ભાવનગરનું વૈશિષ્ટ્ય

છેક ૧૯૧૯ની સાલથી મારો એવો અનુભવ છે કે ભાવનગરની ભૂમિ એ બીજી કાઠિયાવાડની ભૂમિ કરતાં કંઇક વિશેષતાવાળી છે. ભાવનગરના યુવાનો અને બીજા સ્થાનોના યુવાનોમાં પણ કંઇક ફેર છે અને તે એ કે ભાવનગરના યુવાનો આગળ ચાલે છે. થોડા સમય પહેલાં હું મારા કાર્ય માટે કાઠિયાવાડના કોઇ વિશિષ્ટ સ્થળે સ્થિર થવાનું વિચારતો હતો ત્યારે મારી નજર સામે ભાવનગર, કદાચ તળ ભાવનગર શહેર નહીં, તો તેની આસપાસનો પ્રદેશ રમતો હતો અને તેથી જ ૧૯૪૪ ના ઓકટોબરની બીજી તારીખે ગાંધી-જયંતીના દિવસે આંબલામાં શ્રી નાનાભાઇ ભટ્ટની સાક્ષીએ મેં કહેલું કે કાર્યક્ષેત્રને માટે ભાવનગર પસંદ કરવાયોગ્ય ક્ષેત્ર છે. આજે પણ હું એ વાતને વળગી રહું છું. "એમ ન સમજશો કે એમાં ફેરફાર થયો છે. જો કે પહેલાં હતું એ ભાવનગર તો અત્યારે નથી—આજે ભાવનગરમાં શ્રી નાનાભાઇ ભટ્ટ નથી, આજે ભાવનગરમાં એ ધર્મ-વૃદ્ધ પુરૂષ કુંવરજીભાઇ નથી—ત્યારના ભાવનગરમાં અને અત્યારના ભાવનગરમાં આમ કેટલોય ફેર પડી ગયો છે—આમ છતાં કાર્યક્ષેત્રની દૃષ્ટિએ ભાવનગરનું વૈશિષ્ટ્ય છે જ એ તો હું સ્વીકારું જ છું.

આપણી સંસ્થાઓ

ભાવનગરમાં અનેક સંસ્થાઓ છે. સમાજમાં બીજે બીજે સ્થળે પણ અનેક સંસ્થાઓ છે. એ-સંસ્થાઓને સુધારવા માટે, એ સંસ્થાઓ યુગાનુરૂપ સમાજઉદ્ધારનું કામ કરવામાં પોતાનો યોગ્ય ફાળો આપી શકે એ માટે એમને ફટકા મારવા પડે એમ છે. જે સંસ્થાઓ માત્ર મૂડીનો સંગ્રહ કર્યા કરતી હોય તેની જડતાને નિવારવા માટે પણ ફટકા મારવા જરૂરી છે અને જે ધન સ્થિર થઇ જઇને ગંધાઇ જવા જેવું થવા લાગ્યું છે તેને ગતિશીલ બનાવીને સમાજમાં ચેતના પ્રસરાવે એવું કરવું જરૂરી છે. આ માટે હું બધાને વિનવું છું કે કેવળ પૈસા જમે કરી ન રાખશો. નહીં તો મૂવા સુમજજો. શરીરમાં જેમ જેમ ચરબી-દ્રવ્ય વધતું જાય છે તેમ તેમ શક્તિભાવ સાચી શક્તિ ઘટતી જાય છે. તેમ સંસ્થાઓનું પણ સમજવું. ખરી વાત તો એ છે કે પૈસાની વધુ પડતી ફિકર કે ચાહના કરવી નિરર્થક છે. જો કામ સાચું હશે તો પૈસા મળશે જ. પૈસો જ્યાં જ્યાં હોય ત્યાં તેનો શુભ હેતુ માટે સંગ્રહ નહીં પણ ખૂબ ખર્ચ જ કરવો ઘટે છે. સંગ્રહ એ જૈન ધર્મનો વિરોધી છે. જ્યાં સંગ્રહ ત્યાં જૈન ધર્મ ન ટકી શકે. એટલે આપણી બધી સંસ્થાઓને મારી ભલામણ છે કે તેઓ પૈસો વધારવાની જંજાળમાં ન ફસાય અને પૈસાનો છૂટે હાથે સદ્વ્યય કર્યા કરે, નાણું આપનાર દાતા જો ખર્ચ માટે જ નાણું આપતો હોય, અને નાણું મેળવનાર સંસ્થાઓ જો ખર્ચ કરવાના બહાને જ નાણું મેળવતી હોય તો પછી વહીવટ કરવા

માટે કે વ્યાજ ઉપજાવી બમણું ત્રણગણું વધારવા માટે નાણાંનો સંગ્રહ કરી રાખવાને અવકાશ જ કયાંથી હોઇ શકે? અને છતાંય એમ થાય તો મહાન પાતક થયું ગણાય અને એને માટે એમ કહી શકાય કે દાન આપનારા પાપી નથી, પણ એને સંધરનારા મહાન્ પાપી છે. આ દોષમાંથી આપણે બચવું છે કે નહીં એનો નિર્ણય આપણી સંસ્થાઓએ કરવાની ઘડી આવી લાગી છે. નાણાંનો સંગ્રહ કરવાની વૃત્તિમાંથી જે ગરીબાઇ અને દુઃખ સર્જાયાં છે એનાં પરિણામરૂપે જ આજે કોમ્યુનિઝમ અને સોશિયાલિઝમના પડછંદા સંભળાઇ રહ્યા છે. એ પડછંદાને પણ આપણી સંસ્થાઓ કાન દઇને સાંભળે અને પોતાની દ્રવ્યસંગ્રહની વૃત્તિને વેગળી મૂકે.

મારો સંદેશો

સાચું સંભળાવવાની ટેવના કારણે કે કોઇની પણ શેહમાં ન તણાવાની કે કોઇની ખુશામતમાં ન પડવાની મારી વૃત્તિના કારણે કેટલીક વાર મારી મુશ્કેલી વધતી લાગી છે, પણ એ મુશ્કેલીની સામે ઝઝુમવામાં સાચે જ મને એક પ્રકારનો આનંદ આવ્યો છે. કુન્તીમાતાની એ પ્રાર્થનામાં મેં હંમેશાં મારો સુર પૂરાવ્યો છે કે **विपदः सन्तु नः शश्वत्** (ભલે હમેશાં મારો મુશીબતો આવ્યા કરો) આવે અવસરે મેં વધુમાં એટલું જ વાંછ્યું છે કે એવી આફતોના અવસરે મને માનસિક સમતા મળો! માઇ મન સ્વસ્થ રહો!

મારો તો અનુભવ છે કે પ્રગતિ માટે આપત્તિ અને સંપત્તિ બંને સમાન રીતે ઉપયોગી છે. વાત ફકત આપણી તૈયારીની છે. પંડિત જવાહરલાલ જેવાએ સંપત્તિમાંથી પ્રગતિ સાધી; મહાત્મા ગાંધી જેવાએ આપત્તિમાંથી પ્રગતિ સાધી. એટલે મારો આપ સૌને એક જ સંદેશો છે કે આફત કે ગરીબીથી કદી ગભરાશો નહીં અને કદી પણ દીન વદન દાખવશો નહીં. આજે આપણે નબળા થયા છીએ એટલે મારી આ વાત કદાચ ગળે નહીં ઉતરતી હોય. આપણી મૂર્તિઓ તૂટે છે, ત્યારે આપણે સરકાર પાસે જઇએ છીએ, ખૂબ ખૂબ પૈસા પણ વેરીએ છીએ, પણ નીડરતા વગર એ બધું નકામું છે. એટલે જ હું ફરી ફરીને કહું છું કે દીનતાને દૂર કરજો અને નીડરતા કેળવજો!"



ત્યારબાદ આભાર નિવેદન તેમ જ પ્રમુખશ્રીનો સત્કારવિધિ થયા બાદ સભા વિસર્જન કરવામાં આવી હતી. પ્રસ્તુત પ્રસંગને અંગે પંડિતજીએ એક સવિસ્તર લેખિત નિવેદન તૈયાર કર્યું હતું, જે બીજા દિવસની સ્વર્ગસ્થ વિજયધર્મસૂરિની રજત જયન્તીને લગતી સભાના પ્રારંભમાં વાંચવામાં આવ્યું હતું. આ પ્રસ્તુત આત્મનિવેદન નીચે મુજબ હતું :–

પંડિતજીનું આત્મનિવેદન

ચંદ્રકઅર્પણ પાછળ રહેલી ભાવના

આ ચંદ્રક–અર્પણનો વિધિ વૈયક્તિક છે એમ હું નથી સમજતો. અમુક વ્યક્તિ બીજી કોઇ ખાસ વ્યક્તિને જ્યારે આવું કંઇ અર્પણ કરે ત્યારે તે વિધિ વૈયક્તિક બને છે. પણ હું તો આવા વિધિને માત્ર શાસ્ત્રીય જ્ઞાન તેમ જ સત્યસંશોધક વૃત્તિની મૂલવણીની વિધિ સમજું છું. તેથી આવા વિધિપ્રસંગે મારે કોઇનો આભાર માનવાપણું રહેતું જ નથી. આવી અર્પણવિધિમાં એક અથવા બીજી રીતે ભાગ લેનાર બધા જ શાસ્ત્રજ્ઞાન તેમજ સત્યસંશોધક વૃત્તિના એક સરખા પૂજારી છે. જ્યાં પૂજા એક જ હોય અને તે એક જ ગુણની ત્યાં એમાં ભાગ લેનાર ગમે તેટલા હોય છતાં કોણ કોનો આભાર માને?

સત્યસંશોધનના માર્ગે હું કેવી રીતે વળ્યો?

સ્વભાવિક રીતે જ અહીં ઉપસ્થિત હોય એવા બધાને કુતૂહળ થયા વિના ન રહે કે મારા જેવો લાચાર સ્થિતિમાં પડેલ માણસ છેવટે સત્યસંશોધનને માર્ગે કેવી રીતે વળ્યો. તેથી હું મારા જીવનને લગતા એટલા જ ભાગની ટૂંકમાં કથા કહું તો તે કેટલેક અંશે ઘણા બધાને પોતાની જીવનકથા સાથે મળતી દેખાશે. અને એમાંથી અચરજ કે અદ્‌ભુતતાનું તત્ત્વ આપોઆપ ઓછું થઇ જશે, જેથી જીવનની સહજ સપાટીના વિચાર પણ કરી શકાય.

મારી જિજ્ઞિષા

જે કુળ કે વંશમાં શાસ્ત્રીય જ્ઞાનનો ભાગ્યે જ વારસો ચાલ્યો આવતો હોય તેવા માત્ર વ્યાપારજીવી કુળમાં જન્મવા અને ઉછેર પામવા છતાં હું કુલમાર્ગથી જુદે રસ્તે ગયો તેનું મુખ્યત્વે એક માત્ર કારણ જિજ્ઞિષા છે. જીવનની ઇચ્છા બળવતી હોય ત્યારે તે પોતાની સિદ્ધિ માટે કોઇ ને કોઇ રસ્તે ફાંફાં મારે છે. એમાંથી કયારેક સામાન્ય રીતે કલ્પ્યું ન હોય તેવું પરિણામ પણ આવે છે. સોળેક વર્ષની ઉમ્મરે મારું નેત્રદ્વૈતનું વિશ્વ અલોપ થયું અને અંધકારાદ્વૈતનું વિશ્વ આવી ભીંત પામ્યું. શ્રવણેન્દ્રિય કુંઠિત થાય ત્યારે અગર નાસિકેન્દ્રિય કામ કરતી બંધ પડે ત્યારે મુશ્કેલી અવશ્ય અનુભવાય છે. છતાં બીજી કોઇ પણ ઇન્દ્રિયના વધ કરતા નેત્રનો વધ વધારે મુશ્કેલી ઉભી કરે છે. એ વખતે જીવન વધારેમાં વધારે ગૂંગળામણ અનુભવે છે. મૃત્યુને કિનારે લઇ જાય એવી જીવનગૂંગળામણ અને સળવળતી જિજ્ઞિષા એ બન્ને વચ્ચે અકથ્ય દ્વન્દ્વ ઉભું થાય છે. મારે માટે દ્વન્દ્વ એક કાળે મહાજલપ્રલયમાં સપડાયેલ પણ ક્ષેમપૂર્વક નીકળવા મથતી નૌકાના દ્વન્દ્વ જેવું હતું. એમ લાગે છે કે ગૂંગળામણના બળ કરતાં જિજ્ઞિષાનું બળ વધારે હોવું જોઇએ, તેથી જ એણે પોતાની સિદ્ધિ અર્થે અનેકવિધ ફાંફાં મારવા શરૂ કર્યાં. એમાંથી

એને એક ત્રાણ-માર્ગ લાગ્યો. જે વસ્તુ સામાન્ય અને સહજ હતી તેમ જ જે ઘરઆંગણે હતી તે અત્યાર લગી નકામી ભાસતી, પણ હવે તે ઉપયોગી સિધ્ધ થઇ.

કુળપરંપરાગત ધર્મસંસ્થા

આ વસ્તુ એટલે કુળપરંપરાગત ધર્મસંસ્થાનો આશ્રય. અત્યારે હું આવી ધર્મસંસ્થામાં સામાન્ય રીતે ત્રણ બાબતનો સમાવેશ કરું છું: ગુરૂવર્ગ, શાસ્ત્રજ્ઞાન અને સાંપ્રદાયિક આચાર. કુળધર્મ સ્થાનકવાસી હોવાથી મને સહેજે આ ત્રણ બાબતો પ્રાપ્ત હતી. જિજ્ઞાસાએ જિજ્ઞાસાને સતેજ કરી, અને તેણે સંકલ્પ તેમ જ પ્રયત્ન બળ અપ્યું. મારી જિજ્ઞાસા કુળધર્મનાં ઉપર સૂચવેલ ત્રણ અંગોની આસપાસ સંતોષાતી. એ ત્રણ અંગેનું વર્તુલ જેટલું સાંકડું તેથીય પણ વધુ સાંકડું મારી સમજણનું વર્તુલ. એટલે સ્વાભાવિક રીતે જ હું જે કોઇ ગુરૂને મળતો કે તેની પાસેથી જે કાંઇ શ્રવણ કરતો, અગર જે કાંઇ કુળાચાર આચરતો તે જ મારે માટે તે વખતે અન્તિમ સત્ય હતું. અલબત્ત.. ઉત્તરોત્તર આગળ વધવાની અને ઉંડા ઉતરવાની ઇચ્છા જાગ્રત રહેતી. પણ એને પૂર્ણપણે સંતોષવાનાં કોઇ પણ સાધનો સામે ન હોવાથી તેને વેગ મળતો નહીં. આને લીધે મારા મન ઉપર છાપ એક જ પડેલી કે ધર્મ સાચો હોય તો તે જૈન ધર્મ. મારી જૈન ધર્મની તે વખતની પરિભાષા ઉપર સૂચવેલ સ્થાનકવાસી પરમપરાનાં ત્રણ અંગોમાં જ સીમિત હતી. આ બહારનો બીજો કોઇ ધર્મ અગર જૈન ધર્મનો બીજો કોઇ ફાંટો એ મારે મન મિથ્યા ધર્મ જેવો હતો.

જીવનમાં ઉઘડેલી નવી ભૂમિકા

પણ આ સ્થિતિ કાયમ ન તે પહેલાં જિજ્ઞાસાએ પલટો ખાધો. જે કાંઇ સાધનહીન ગામડામાં સાધુસાધ્વીના મુખથી કે તેમના સંસર્ગથી શીખેલો તે સાવ અપૂર્ણ જણાવા લાગ્યું. અહીંથી પહેલી સીમા પૂરી થઇ અને નવી સીમા શરૂ થઇ. સંસ્કૃત જ્ઞાન વિના જૈનશાસ્ત્રનું જ્ઞાન સાવ અધૂરું અને પાંગળું જ હોઇ શકે એવી પ્રતીતિ થતાં સંસ્કૃત શીખવાની ઉત્કટ તમન્ના જાગી. જે બે-ચાર સચ્ચરિત સ્થાનકવાસી સંસ્કૃતજ્ઞ સાધુઓ પરિચયમાં આવ્યા તેમની પરિચર્યા અને સહાનુભૂતિથી હું સંસ્કૃત શીખવાના પંથે તો પડયો, પણ મને એ પંથ પૂરતો ન લાગ્યો. વધારે શુધ્ધ અને વધારે સમર્થ એવા સંસ્કૃત જ્ઞાનની ભૂખે મને વ્યાકુળ કરી મૂક્યો, એણે ઉંઘ ઉડાડી, સ્વપ્નો સર્જ્યાં-સ્વપ્નો એવાં કે જાણે હું અવારનવાર આકાશમાં ઉડતો હોઉં. મને એમ લાગેલું કે આકાશમાં ઉડવાના આ સ્વપ્નો માત્ર માનસિક અસ્વસ્થતામાંથી પેદા થયેલ વાતવ્યાધિનું પરિણામ હોવાં જોઇએ. છેવટે મને સંસ્કૃતજ્ઞાન મેળવવાની સમર્થ ભૂમિકા મળી ગઇ.

વિજયધર્મસૂરિનો યોગ

આવી સમર્થ ભૂમિકા પૂરી પાડનાર સ્વર્ગવાસી શાસ્ત્રવિશારદ વિજયધર્મસૂરીશ્વર. અહીં અત્યારે જે હાજર છે તે શ્રીયુત છોટાલાલભાઇ વકીલ તે વખતે કાશી યશોવિજય પાઠશાળાના બે પૈકી એક મંત્રી. બીજા મંત્રી તેમના જ શિક્ષક શ્રીયુત રત્નચંદ્ર ભારતર હતા. શ્રીયુત છોટાલાલભાઇ તો તે વખતે હજી વકીલાતનો અભ્યાસ જ કરતા. તેમને પ્રમાણિકપણે એમ લાગેલું કે સુખલાલ કાશી જશે તો તેને વધારે મુશ્કેલી પડશે. તેથી તે બન્ને મંત્રીઓ શરૂઆતમાં મને કાશી મોકલતાં ખંચકાયા. પણ જ્યારે વિજયધર્મસૂરીશ્વરનો તેમના ઉપર મને તત્કાળ રવાના કરવાનો તાર આવ્યો ત્યારે તેઓ મને મોકલવામાં સમ્મત થયા અને મને પણ નિરાંત વળી. એ કહેવાની ભાગ્યે જ જરૂર હોય કે હજી લગી હું પત્રવ્યવહાર, ઉપરાંત વિજયધર્મસૂરીશ્વરને કોઇ પણ રીતે જાણતો નહીં. મેં મારી અંધકારાદ્વૈત-વિશ્વની સ્થિતિ તો તેમને જણાવેલી જ. ક્યાં ઝાલાવાડ અને ક્યાં સ્વતંત્રતાનાં સાધ્ય સંસ્કૃતનું શિક્ષણ. તેમ છતાં વિજયધર્મસૂરીશ્વરને મને કાશી બોલાવવા માટે નિર્ણય કરવામાં એક પણ ક્ષણની વાર ન લાગી. એને દૈવયોગ કહો કે ઉત્કટ જિજ્ઞાસાનું પરિણામ કહો, પણ મારે માટે અહીંથી અભ્યાસની નવી સીમાનો પ્રારંભ થયો.

માનસિક મંથન-સંસ્કાર પરિવર્તન

અભ્યાસ તો કરવો હતો સંસ્કૃત ભાષા અને તેમાં લખાયેલ વિવિધ શાસ્ત્રોનો, જેનું મને કોઇ વિશેષ ભાન ન હતું. પણ આ ભાષા અને એમાં લખાયેલ શાસ્ત્રો એ બધું સમ્પ્રદાયાધીન હોવાથી એનું શિક્ષણ લેવા અને આપવામાં અનેક ભયસ્થાનો રહેલાં છે, તેમ જ અનેક વિરોધી બળો મનને મૂંઝવી પણ નાંખે છે. આ



પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન પંડિત સુખલાલજી મારે ત્યાં ઉતર્યા હતા. મારી નીચે મારા મિત્ર શ્રી. કે. કે. હેબર રહે છે, જેઓ એક જાણીતા ચિત્રકાર અને કળાકાર છે. પંડિતજીના નિવાસ દરમિયાન શ્રી હેબરે પંડિતજીના પાંચ જુદા જુદા રેખાચિત્રો દોરી આપ્યા છે. જે તેમની અનુમતિથી આ અંકમાં છુટા છુટા પ્રગટ કરવામાં આવે છે. પ્રસ્તુત રેખાચિત્રો માટે શ્રી હેબરનું "પ્રબુદ્ધ જૈન" ઋણી બને છે. પરમાનંદ

સ્થિતિનું ભાન હવે સવિશેષપણે થવા લાગ્યું, ને ધૃષ્ટ શિક્ષણ લેવા છતાં, અનેક જાતનાં હૃદયને હચમચાવી નાખે એવાં મંથનો પણ શરૂ થયાં.

મારા પ્રાથમિક શિક્ષણની વેલ જે સ્થાનકવાસી પંથની વાડને અવલંબી થોડીક વિસ્તરેલી તેણે ધાર્મિકમાન્યતા વિષયક કેટલાક સચોટ સંસ્કારો મન ઉપર નાંખેલા, જેમાંથી ત્રણેકનો નિર્દેશ કરવો અનિવાર્ય બને છે. મૂર્તિની માન્યતા બિલકુલ ધર્મવિરુદ્ધ છે અને તે જીવનને પાડનાર છે એ એક સંસ્કાર; મોઢે મુહપત્તિ બાંધ્યા વિના ધર્મની પુર્ણાહુતિ નથી થતી એ બીજો સંસ્કાર; અને બત્રીસ આગમ બહાર બીજું કાંઇ શાસ્ત્રીય જ્ઞાન રહેતું જ નથી, ભગવાન મહાવીર આદિ સર્વજ્ઞ પુરુષોએ જે કાંઇ કહ્યું છે તે બધું બત્રીસ આગમમાં જ આવી જાય છે અને તે આગમોનો અક્ષરે અક્ષર તેમણે જ ઉચ્ચારેલા છે એ ત્રીજો સંસ્કાર. કાશીમાં સંસ્કૃત શિક્ષણ તો યથાસાધક ચાલતું જ હતું, પણ હવે આ નવશિક્ષણની વેલીને બીજા પંથની વાડને અવલંબી વિસ્તરવા અને વિકસવાનું હતું. એ બીજો પંથ એટલે શ્વેતાંબર મૂર્તિપૂજક પરંપરા. આ પરંપરાની ધાર્મિક માન્યતાઓ ઉપરના ત્રણે સંસ્કારોથી સાવ જુદી અને વિરુદ્ધ, તેથી કાશીના વાતાવરણમાં મારા મને ભારે મંથન અનુભવ્યું અને તે એટલે સુધી કે પહેલાંના જન્મસિધ્ધ બળવાન સંસ્કારો અને આ નવસંસ્કારો વચ્ચે શું સત્ય છે અને શું અસત્ય છે એનો નિર્ણય ન થવાથી હું તદ્દન અસ્વસ્થ થઇ જતો અને મારી વેદના કોઇની સમક્ષ કહેતો પણ નહીં. બહારથી હું પૂર્ણપણે કાશી યશોવિજય પાઠશાળાના શ્વેતાંબર મૂર્તિપૂજક વાતાવરણને અનુસરતો, છતાં મનમાં એ વિષે પૂરી બુદ્ધિપુરઃસર ખાતરી થઇ ન હતી પણ મન તો સત્યશોધનની દિશામાં જ ગતિ કરતું. તે માટે વાંચવું જોઇએ તે વાંચતો, વિચારવું જોઇએ તે વિચારતો અને કયારેક કયારેક વિશ્વસ્ત મિત્રો સાથે ભીરુ મનથી, અપ્રકટ ચર્ચા પણ કરતો. પરંતુ પરસ્પર વિરોધી એવા ઉપર સૂચિત ત્રણે સંસ્કારોમાંથી સત્ય તારવવા જેટલો શાસ્ત્રીય જ્ઞાનનો પરિપાક પણ નહીં થયેલો અને સ્વતંત્રપણે નિર્ણય બાંધવા જેટલો માનસિક વિકાસ પણ નહીં થયેલો. કદાચ એમ પણ કહી શકાય કે એવો માનસિક વિકાસ થયેલ, પણ જન્મથી પડેલ અને બીજા દ્વારા સચેટપણે પોષાયેલ 'પરપ્રત્યયનેય બુદ્ધિ'ના સંસ્કારો જ એ વિકાસને યોગ્ય દિશામાં જતા રોકતા. ગમે તેમ હો, પણ આવો મંથનકાળ બે ત્રણ વર્ષથી વધારે ન ચાલ્યો. મને એટલી તો પ્રતીતિ થઇ ગઇ કે જે ત્રણ સંસ્કારો જન્મથી પડેલા છે તે બહુ ભ્રાન્ત છે, નિરાધાર છે અને એક અથવા બીજી ભૂલમાંથી જ પોષણ પામતા જાય છે. મને ધીરે ધીરે કોઇની બાહ્ય પ્રેરણા વિના સ્વક્રિય ચિંતન અને શાસ્ત્રીય વાચનથી સાધારણપણે એમ સમજાતું ગયું કે મૂર્તિની માન્યતાને જીવનના ઉત્ક્રાન્તિક્રમમાં અમુક સ્થાન છે જ. અને એ પણ સમજાયું કે મોઢે મુહપતિના બંધનની માન્યતા એ માત્ર ઐકાન્તિક અને હઠધર્મ છે. એ પણ દીવા જેવું ભાસ્યું કે જૈન શાસ્ત્ર માત્ર બત્રીસ આગમમાં જ સમાઇ જાય છે તે વસ્તુ તદ્દન અજ્ઞાન અને ભ્રમનું પરિણામ છે.

મૂર્તિમાન્યતા

એક વાર કયારેક મંદિરમાં નવપદની પૂજા ભણાવાતી. શરૂઆતમાં તો હું પણ દેખાદેખીથી ગતાનુગતિકતાને અનુસરી ત્યાં બેઠેલો. પણ એ ભણાવાતી પૂજાના અર્થચિંતન અને તેમાં થયેલ ચિત્તનિમજ્જનને પરિણામે મારા મન ઉપર એક નવો ચમકારો થયો. અને મારું કઠિન હૃદય પણ ભક્તિજન્ય અશ્રુપ્રવાહને ખાળી ન શકયું. આ વખતે મને ઉપાસ્યસ્થૂલ આલંબનની અમુક ભૂમિકામાં સાર્થકતા અનુભવસિધ્ધ થઇ. થોડાં ઘણાં શાસ્ત્રો તો સાંભળ્યા અને વાંચ્યા જ, પણ અચાનક બનેલી બીજી એક ઘટનાએ ઉપાધ્યાય યશોવિજયજીના પ્રતિમાશતક નામના ગ્રંથને અવલોકવા મને પ્રેર્યો. એનાં શાસ્ત્રીય સચોટ પુરાવાઓને બાજુએ મૂકું તોય તેમાંની એક પ્રબળ યુક્તિએ મૂર્તિમાન્યતા વિરુદ્ધના મારા જન્મસિદ્ધ પુષ્ટ સંસ્કારનો ભાંગી ભૂકો કરી નાખ્યો. પણ મારી સંસ્કારપરિવર્તન પ્રક્રિયા હજી ચાલુ જ હતી.

નવાં વિચારક્ષેત્રો

એક ઘટના એવી બની કે મને દિગંબર સંસ્થા નજીક રહેવાનો અવસર પ્રાપ્ત થયો. દિગંબર સંસ્થાના ત્યાગીવર્ગ પંડિતગણ અને વિશિષ્ટ શાસ્ત્રરાશિનો સવિશેષ પરિચય સાધવાની એ તક મેં આદરપૂર્વક વધાવી લીધી. એને લીધે મારા અમુક સંસ્કારોમાં કાંઇક પરિવર્તન થયું અને વિચારવા યોગ્ય એક નવું ક્ષેત્ર પણ મળ્યું. ત્યાર બાદ અનેક પ્રસંગે તેરાપંથ અને બીજા એવા જૈન ફાંટાઓ વિષે પણ વિચારવાનું પ્રાપ્ત થયું. છેવટે હમણાં હમણાં કાનજીમુનિના વલણ વિષે વિચારવાનો પ્રસંગ આવ્યો. જૈનપરંપરાના જુના અને નવા વિવિધ નાના મોટા ફાંટાઓ વિષે પણ તાત્ત્વિક દૃષ્ટિએ, ઐતિહાસિક દૃષ્ટિએ, સાહિત્યક કે શાસ્ત્રીય દૃષ્ટિએ મુક્ત મને નિર્બન્ધપણે વિચારવા અને અભ્યાસ કરવાની પ્રક્રિયાનો લગભગ ૫૦ વર્ષ જેટલો ભાગ આજલગીમાં વીત્યો છે. દરમ્યાન બીજા અનેક દાર્શનિક પ્રવાહો અને ધર્મપંથો વિષે પણ જાણવાનું પ્રાપ્ત થયું છે.

પૂર્વસંસ્કારોના નવાં રૂપાન્તરો

હું કાશીમાં તો મુખ્યપણે ન્યાય, વૈશેષિક, સાંખ્યયોગ અને પૂર્વઉત્તરમીમાંસાના પ્રામાણિક અને પ્રાચીન શાસ્ત્રો જ ગુરુમુખથી પરંપરાગત રીતે શીખેલો. પણ એ અધ્યયન દરમ્યાન મારું જન્મપ્રાપ્ત જૈનસંસ્કાર ધરાવતું માનસ જૈનતત્ત્વજ્ઞાન અને ધર્મ વિષે પણ કાંઇ ને કાંઇ જાણવા, વિશેષ ઉહાપોહ કરવા ચૂકતું નહિ. પણ હજી લગી ભારતીય સંપ્રદાયોમાંના એક પ્રમુખ સંપ્રદાય-બૌધ્ધધર્મ વિષે કાંઇ વિશેષ જાણેલું નહિ, જેનો અવસર આગળ જતા આવ્યો અને તે વખતે મેં બૌધ્ધ પરંપરાની સ્થવિરમાર્ગ અને મહાયાન બન્ને શાખાઓના શાસ્ત્રોને સમજવા અને તેના મર્મને પકડવા ઠીક ઠીક મહેનત કરી. મારી ઇતિહાસ અને તુલનાની દૃષ્ટિ અમુક અંશે વિકસતી જતી હતી, પણ તેને વધારે વેગ તો ત્યારે જ મળ્યો, કે જયારે હું માત્ર અધ્યાપન અને વાચનના મારા પ્રિય કામ સાથે સાથે લેખનનું કામ કરવા લાગ્યો. લખવું તો પ્રમાણભૂત જ લખવું, અને બને ત્યાં લગી પ્રાચીન વારસામાં કાંઇક નવો ફાળો આપવો એવી ઉગ્ર વૃત્તિમાંથી ઇતિહાસ અને તુલનાદૃષ્ટિને વધારે વેગ મળ્યો. એ વેગમાંથી વધારે ને વધારે નિર્ભયતા અને તટસ્થતા પણ આવતી ગઇ. હવે જૈનપરંપરા અને તેની શાસ્ત્રીય કે વ્યાવહારિક દરેક બાજુ વિષે હું યથાશક્તિ નવેસર વિચારતો થયો અને દરેક ફાંટા વિષેના મારા પહેલાંનાં સંસ્કારો નવું રૂપાંતર પામવા લાગ્યા, તેમ જ વધારે સચોટ અને સ્પષ્ટ પણ થતા ગયા. આવા રૂપાંતરની પ્રક્રિયામાં માનસિક મર્યાદાઓ ઉપરાંત સામાજિક અને સાંપ્રદાયિક ઘણી મર્યાદાઓ આડે આવતી. જે વસ્તુ આગળ જતા સાવ સહેલી લાગી, તે જ સામાજિક અને સાંપ્રદાયિક દબાણો કે ભયસ્થાનોને લીધે શરૂઆતમાં બહુ અઘરી લાગેલી. મને છેવટે અનુભવ થયો કે મૃતક જેવો, કેવી દેવાને લાયક સંસ્કાર પણ છુટતાં કેટલી શક્તિનો ભોગ લે છે? હું ઘણીવાર પાછો પડયો છું, પણ વિચાર કરતાં છેવટે જે સત્ય દેખાય તેને સ્વીકારવામાં ખુલ્લો એકરાર કરવામાં કદિ હાર્યો હોઉં એમ યાદ નથી. એનું કારણ વિચારતાં મને એમ લાગે છે કે અણીને પ્રસંગે ગમે તેવી લાગવગ, ગમે તેવી પ્રતિષ્ઠા કે ગમે તેવો લાભ જતો કરવાનું જે માનસિક સાહસ પ્રગટયું તેણે જ ભારે મદદ કરી. મેં કેટલાય પહેલાંનાં શિષ્યો અને મિત્રો ગુમાવ્યા છે, કેટલાક ધનિકોની સહાનુભૂતિ ગુમાવી છે, એટલું જ નહિ પણ કેટલાયની ખફામરજી અને કેટલાયનો વિરોધ પણ વહોર્યો છે, પણ તે હસતે મોઢે-મને એમાં ક્લેશ

પણ દુઃખ થયું નથી. આવે વખતે મારો પોતાનો જ એ અનુભવ મદદગાર થયો કે માણસ નવા નવા પ્રકાશમાં ન વિચરે અને નવી નવી પ્રાપ્તસામગ્રીને આધારે નિર્ભયપણે વિચાર ન કરે તો એનું માનસ કેવું જડ થઈ જાય છે, કેવું દુરાગ્રહી થઈ જાય છે અને તે સત્યની વાત કરવા છતાં સત્યથી કેવું પરાઙ્મુખ બની ગતિ કરે છે. ઉંડી મમતા ધરાવનાર કેટલાય સાધુઓ, સાધ્વીઓ અને આચાર્યો સુધ્ધાંની હું ફ મેં એ જ કારણે જંતી કરી છે. પણ એમાં મેં કશું ગુમાવ્યું હોય એમ આજે પણ નથી લાગતું. ઉલટું ધન્યતા અનુભવું છું; એમ ધારીને કે હું જાણી જોઇને લોભ, લાલચ, દબાણ કે અનુસરણને વશ થઈ અવિદ્યા કે અસત્યને રસ્તે ન ગયો એ કાંઇ નાનોસૂનો લાભ છે?

ઘડતરનિર્માણમાં બીજાં બળોનો ફાળો

મારી જીવનદૃષ્ટિ ઘડવામાં અને સત્યશોધનની રુચિ તીવ્ર બનવામાં શાસ્ત્રીય વ્યાસંગ ઉપરાંત બીજા પણ કેટલાંક બળોએ ફાળો કર્યું છે. એ બળો એટલે સંતમહાત્માનો સીધો સમાગમ. જ્યારથી ગાંધીજી હિન્દુસ્તાનમાં આવી સ્થિર થયા ત્યારથી જ તેમને મળવામાં, તેમની સાથે ચર્ચા કરવામાં અને બને ત્યારે થોડો પણ તેમનો સહવાસ કરવામાં મને પુરો રસ હતો. તેને લીધે ઘણા પુર્વગ્રહો બદલાયા અને ઘણા પુર્વગ્રહો વધારે સંશોધિત થયા. શ્રધ્ધેય મશરૂવાળાના જ્ઞાતસમાગમ અને પ્રત્યક્ષ ચર્ચા તેમ જ તેમનાં લખાણોના વાંચને પણ વિચારનું નવું પ્રસ્થાન પુરું પાડયું. પૂજ્ય નાથજી જેવાં સમર્થ યોગાભ્યાસી સાથેની પ્રત્યક્ષ વાતચીતો અને ચર્ચાઓએ પણ ભ્રમનાં ઘણાં જાળાં તોડયાં. આ રીતે શાસ્ત્રીય વાંચન, ચિંતન, સત્યજિજ્ઞાસાની નિષ્ઠામાં પરિણમ્યુ. અલબત્ત મારે કબુલ કરવું જોઇએ કે મારી આ નિષ્ઠા હજી અનુભવમાં ઉતરી નથી. માત્ર વિચાર અને નિર્ણય પૂરતી જ છે અને તેથી તે પરોક્ષ છે એમ જ કહી શકાય. પણ જ્યારે હું જોઉં છું કે સત્યસંશોધનની પરોક્ષ નિષ્ઠા પણ માણસના મનને કેટલું અજવાળે છે અને તેને કેટલું બળ અર્પે છે; ત્યારે અંધકારાદ્વૈતનું માર વિશ્વ જુદું રૂપ ધારણ કરે છે.

મારું સંશોધનકાર્ય જૈન શાસ્ત્રો પુરતું મર્યાદિત કેમ?

ઘણાં વર્ષો પહેલેથી મારાં નિકટનાં ગંભીર વિદ્વાન મિત્રો મને હંમેશાં એમ જ કહેતા આવ્યા છે કે તમે જૈન શાસ્ત્રોના અનુવાદ, વિવેચન અને સંપાદનો પાછળ શાને પડયા છો? છેવટે તો જૈન સમાજ ખાખોચિયા જેટલો, તેમાંય સમજનાર અને કદરદાન કેટલો? વળી તેઓ એમ પણ કહેતા રહ્યા છે કે જો તમે વૈદિક પરંપરાના વિવિધ દર્શનોનો અને બૌદ્ધ દર્શનનો જિજ્ઞાસુભાવે પ્રમાણિક અભ્યાસ કર્યો છે તો એ દર્શનો વિષે મુખ્યપણે કામ કેમ નથી કરતાં? એક તો એનું ક્ષેત્ર વિશાળ અને બીજું તમારો શ્રમ પણ વધારે સાર્થક બને. મિત્રોની એ વાત તદ્દન સાચી છે એમ હું પહેલેથી જ જાણું છું. વૈદિક દર્શનો અને બૌદ્ધ દર્શન વિષે હું શાસ્ત્રીય કામ કરું તો કાર્યપ્રદેશ વિસ્તરવા ઉપરાંત યશકીર્તિ અને અર્થલાભ પણ વધવાનો એ વિષે મને કદિ સંદેહ ન હતો અને હજી પણ નથી. છતાં મને હંમેશાં એમ જ થયા કર્યું છે કે હું પરંપરામાં જન્મ્યો છું તેમાં કામ કરવાની મારી શક્તિ હોય અને તેવો અવકાશ પણ હોય તો મારે બીજા દેખીતા લાભોને ભોગે પણ એ જ પરંપરાનું કામ મુખ્યપણે કરવું જોઇએ. છેવટે માનવસમાજ તો એક જ છે. જૈન સમાજ એ મોટા સમાજનું નાનું પણ અગત્યનું અંગ છે. તેની સાહિત્ય અને સંસ્કાર સમૃધ્ધિ પ્રાચીન હોવા ઉપરાંત ઉપયોગી અને મુલ્યવતી પણ છે, તો પછી એનું સંશોધન કાં ન કરવું? છેવટે તો જો એ સંશોધન સાચું અને વ્યાપક હશે તો બીજી દાર્શનિક પરંપરાઓના સંશોધનમાં પણ ઉપયોગી થશે. આવી શ્રધ્ધાથી હું છેલ્લાં ત્રીશ વર્ષ થયાં અવિચ્છિન્નપણે જૈન પરંપરાના શાસ્ત્રીય અને વ્યાવહારિક ક્ષેત્રને અલ્પાંશે પણ ખેડી રહ્યો છું. એ ખેડાણની અસર જૈન સમાજના રૂઢ વર્ગમાં ગમે તેટલી ઉલટી થઇ હોય છતાં વાસ્તવિક રીતે એણે જૈન પરંપરાના વિચારપ્રદેશને પણ ઉન્નત કરવામાં કે પરિમાર્જિત કરવામાં અલ્પાંશે પણ ફાળો આપ્યો છે એમ હું અનુભવથી કહું તો કોઇ અત્યુક્તિ કે ગર્વોક્તિન સમજે; કેમકે છેવટે તો મારી પામરતા અને અલ્પતાનું મને જેટલું ભાન છે તેટલું બીજાને ભાગ્યે જ હશે. આટલું કથન પણ એટલા માટે કરું છું કે તટસ્થ અને નિર્ભય વૃત્તિનું પરિણામ એકંદર કેવું ઇષ્ટ આવે છે તે સમજી શકાય.

આજે અપાતું ધાર્મિક શિક્ષણ

મેં સામાજિક અને રાષ્ટ્રીય દૃષ્ટિએ જે વિચારો કર્યા છે તે કરતાં ધર્મ અને તત્વજ્ઞાનની વ્યાપક દૃષ્ટિએ કાંઇક વધારે વિચારો કર્યા છે. અથવા એમ કહો કે એવા વિચારો મારે કરવા પડયા છે. એને લીધે મેં જૈન-જૈનેતર સમાજમાં ચાલતી અનેક સંસ્થાઓમાં અપાતા ધર્મ-તત્વજ્ઞાનવિષયક શિક્ષણ અને તેના પાઠયક્રમનું થોડું પરિશીલન પણ કર્યું છે. મને અનુભવે લાગ્યું છે કે આપણે ત્યાં અપાતું ધર્મ અને તત્વજ્ઞાનનું શિક્ષણ બહુ જ સંકુચિત દૃષ્ટિથી તેમ જ અયોગ્ય હાથે અયોગ્ય રીતે અપાય છે. પરિણામે એવું શિક્ષણ લેનાર, આગળ જતાં જો તેજસ્વી હોય તો ધર્મ અને તત્વજ્ઞાનના શિક્ષણ પ્રત્યે અશ્રધ્ધાળુ બની જાય છે, અને જો તે મધ્યમશક્તિનો અગર પ્રથમાધિકારી હોય તો સાવ જડ બની જાય છે. તે પોતાનું સત્ય બીજાને બુધ્ધિપૂર્વક સમજાવી નથી શકતો અને બીજાનું ગમે તેટલું સારું તેમ જ સચોટ વક્તવ્ય હોય તો પણ તેને કાં તો સમજી જ નથી શકતો અગર તે સમજવાની પરવા નથી કરતો. તેથી જ્યાં જોઇએ ત્યાં ધર્મ અને તત્વજ્ઞાનના શિક્ષણને પરિણામે નિરસતેજ મારતરોતું જ યુથ નજરે પડે છે. અધ્યયન, વિચાર અને વિવેકની વધારેમાં વધારે સામગ્રીના આ જમાનામાં પણ જૈન સમાજના ધર્મ કે તત્વજ્ઞાનના શિક્ષકો સાવ તેજોહીન જ દેખાય છે, અને પૈસાદાર કે સત્તાધારી કે મદારી-વૃત્તિના ગુરૂવર્ગના રમકડાં માત્ર બની જાય છે. તેમનું ધર્મ અને તત્વજ્ઞાનનું શિક્ષણ તેમને જ કેદમાં પૂરે છે અને સમાજ તો જ્યાં હતો ત્યાં જ રહે છે. જૂની ઢબની જે પાઠશાળાઓ ધર્મશિક્ષકને તૈયાર કરે છે અગર જે પાઠશાળાઓ એવા ધર્મશિક્ષકોને આશ્રય આપે છે, તેમ જ જે નવી ઢબનાં ગુરૂકુળો, બ્રહ્મચર્યાશ્રમો અને છાત્રાલયો કે કોલેજો આ દિશામાં કામ કરે છે તે બધાંની એકંદર ઓછે વધતે અંશે આજ સ્થિતિ છે. તેમાં શીખનાર વિદ્યાર્થી હોય કે શીખવનાર પંડિત, માસ્તર કે અધ્યાપક હોય તે બધા જાણે પરવશપણે અને અરૂચિથી જ એ શીખે-શિખવે છે એમ ગમે તે જોનાર જોઇ શકશે.

એક તરફ ધર્મ અને તત્વજ્ઞાનના શિક્ષણ પ્રત્યેનો અનુરાગ આપણને હાડોહાડ વ્યાપેલ છે. અને બીજી બાજુ તેવું શિક્ષણ લેનાર કે દેનાર પ્રત્યે આપણી જોઇએ તેવી બહુમાનવૃત્તિ નથી એટલું જ નહીં પણ મોટે ભાગે તો આવું શિક્ષણ લેનાર કે દેનારને આપણે તુચ્છ દૃષ્ટિથી જોઇએ છીએ. આનો પડઘો ધર્મ અને તત્વજ્ઞાનનું શિક્ષણ લેનાર વિદ્યાર્થી અને દેનાર શિક્ષકો ઉપર પડે છે. તેઓ એક અથવા બીજી લાચારીને લીધે તેમાં પડેલ હોય છે, પણ તેઓ પોતાના મનને ચોવીસે કલાક કલ્યા કરે છે કે તું આ ચક્રમાંથી મુકત થા! ધર્મ-તત્વજ્ઞાનના શિક્ષણમાં જેમણે અનેક વર્ષો ગાળ્યાં હોય એવા અનેક તેજસ્વીઓને મેં જોયા છે કે જેઓ હંમેશને માટે તે ક્ષેત્ર છોડી દે છે, એટલું જ નહી પણ પોતાની સંતતિ કે પોતાના લાગતા-વળગતા કોઇને એ રસ્તે જતાં તદ્દન રોકે છે. આનું મૂળ ધર્મ અને તત્વજ્ઞાનનું શિક્ષણ લેનાર-દેનાર પ્રત્યેની આપણી તુચ્છ દૃષ્ટિમાં રહેલું છે.

મેં એક વાર સમર્થ સંસ્થા ચલાવનાર એક બહેનને કહેલું કે તમે

ધર્મશિક્ષણનો જેટલો આગ્રહ રાખો છો, ઓછામાં ઓછું તેટલું બહુમાન તો ધર્મશિક્ષક પ્રત્યે તમારે રાખવું જ ઘટે. જો તમે ધર્મશિક્ષકને હાર્દિક આદરથી નહીં જોતાં હો અગર ન જોઈ શકો તો ખરી રીતે એમાં ધર્મશિક્ષણની જ હત્યા છે. જૂની પ્રણાલીમાં દોષ જોનાર નવા શિક્ષિત ગણાતા વર્ગે પોતાને આશ્રયે ચાલતાં વિદ્યાલયો કે છાત્રાલયોમાં પણ ધર્મ કે તત્ત્વજ્ઞાનના શિક્ષણ વિષે કોઈ ધ્યાન ખેંચે એવો સુધારો કર્યો નથી એ એક દુર્દૈવ છે. ઘણીવાર એમ જ લાગે છે કે નવશિક્ષણ પામેલ વકીલ, સોલીસીટર, બેરીસ્ટર, ડોકટર, કે વ્યાપારી-એ બધા નવી સંસ્થાઓમાં ધર્મ અને તત્ત્વજ્ઞાનનું શિક્ષણ આપે-અપાવે છે તે માત્ર તીર્થપુરોહિતની વૃત્તિ જેવું છે. એવા પુરોહિતો જે તીર્થમાં રહે તેની પવિત્રતા અને મહત્તાનાં ગુણગાન કરે છે તે ફકત યાત્રાળુઓની શ્રદ્ધા સતેજ કરી તે દ્વારા ધન મેળવવા. કેમકે પુરોહિતો પોતે જ એ તીર્થોની પવિત્રતા ભાગ્યે જ સાચવતા હોય છે. એ જ રીતે ઘણીવાર કહેવાતી નવી સંસ્થાના સુત્રધારો પણ ભલે ધર્મ અને તત્ત્વજ્ઞાનના શિક્ષણના નામે ધર્મ પ્રત્યે શ્રદ્ધા ધરાવનાર ધનવાનોની શ્રદ્ધાને સંસ્થાના હિતમાં દોરવાની સદ્‌વૃત્તિથી પ્રેરાયા હોય, છતાંય તેઓ છેવટે ધર્મ અને તત્ત્વજ્ઞાનના શિક્ષણમાં મહત્ત્વનો કોઈ ફેર-ફાર કરી શકતા નથી. અને જૂની પાઠશાળાઓની નવી આવૃત્તિ ઊભી કરતા દેખાય છે. વિશેષતા એ હોય છે કે જુની પાઠશાળાના ગામડિયા કે સ્કુલી વિદ્યાર્થીઓ બંડખોર નથી હોતા, જ્યારે કોલેજ અને યુનીવર્સીટીના છાત્રો પૂરા બંડખોર હોવાથી વિદ્યાલયો કે છાત્રાલયોના સંચાલકોની પૂરેપુરી ઠેકડી કરે છે. અને એ રીતે ધર્મ તેમ જ તત્ત્વજ્ઞાનની વગોવણી થાય છે તેથી આ પ્રશ્ન નવેસરથી તત્કાળ વિચારવા માગે છે.

પ્રાચીન પુસ્તકોના આજના સંપાદકો

પ્રાચીન પુસ્તકોનાં પ્રકાશન અને સંપાદનનો નાદ લાગ્યો છે તે એક રીતે સારી જ વસ્તુ છે. પણ દુર્ભાગ્યે એમ બન્યું છે કે આ ક્ષેત્રમાં કામ કરનાર મોટો ગુરૂવર્ગ કે પંડિતવર્ગ એ દ્વારા સમાજ કે જ્ઞાનની કોઈ ઉન્નત ભૂમિકા સાધવાને બદલે પોતપોતાની નામનો, પોતપોતાની જુદી પેઢી અને પોતપોતાના જુદા ચોકાને પોષવા ખાતર જ કચરાપટ્ટી જેવાં પ્રકાશન કે સમ્પાદનકાર્યમાં સમાજની અને પોતાની સમગ્ર શકિતનો અપવ્યય કરે છે. જ્ઞાનમાં કે વિચારમાં નવો ફાળો આપવાની વાત તો બાજુએ રહી, પણ ઘણી વાર એવાં ભાષાન્તરો અને નવી ટીકાઓ રચાતાં છપાતાં દેખાય છે કે જ્યાં મૂળને સમજવા માટે એક ગુરૂની જરૂર હોય ત્યાં તેની સંસ્કૃત ટીકા સમજવા અનેક ગુરૂની જરૂર પડે. જુદા જુદા ચોકાની સ્પર્ધા પણ એવી કે એક સાધુ અણસમજુ શ્રદ્ધાળુ શ્રાવકને અમુક ગ્રંથનું મહત્વ ઠસાવી તેની મદદ લે તો બીજો તેથીય ઉતરતા ગ્રંથનુ તેથીય વધારે મહત્વ પોતાના અણસમજુ શ્રાવકને સમજાવી તેની પાસેથી વધારે મદદ લે. આમ જ્યાં દેખો ત્યાં પ્રકાશન સંસ્થાની અવિવેકી હરિફાઈને લીધે નથી યોગ્ય સાહિત્યનું યોગ્ય રીતે સમ્પાદન થતું, નથી જરૂરી નવું તત્વ દાખલ થતું કે નથી પિષ્ટપેષણ અટકતું.

મતભેદો અને પક્ષાપક્ષીનાં તુમુલ યુદ્ધો

ભારતીય દર્શન સાહિત્યની એક વિશેષતા જૈન સાહિત્યમાં પણ આવી છે. પરંતુ તે વિશેષતા ગુણરૂપે પરિણમવા કરતાં દોષરૂપે જ વધારે પરિણમી છે. એ વિશેષતા એટલે નાના કે મોટા ગમે તે મુદ્દા પરત્વે મતભેદ હોય ત્યાં બીજાનું ખંડન અને પોતાનું મંડન કરવાની શૈલી આ શૈલી. માત્ર વાદરૂપ ન રહેતા વિવાદમાં પરિણામ પામી છે. એક તો જૈન સમાજ નાનો, તેમાં ત્યાગી કે પંડિત વર્ગ તેથી યે નાનો, તેમાં અનેક ફિરકા અને ગચ્છભેદો વચ્ચે અરસપરસ નજીવા મતભેદમાંથી મોટી તકરારો અને વિવાદો ઉભા થાય એટલે એવા પ્રસંગે શિક્ષણ વખતે વારસામાં મળેલ ખંડન-મંડનની શૈલી ઉગ્ર વિવાદરૂપે અને ઘણીવાર મૂર્ખામીસૂચક ચર્ચારૂપે બહાર આવે છે. જૈન પંડિતો અને જૈન ત્યાગીઓને બહુધા અંદરોઅંદર જ વાદવિવાદમાં ઉતરવું પડે છે. બીજા બળવાન સંપ્રદાય કે દર્શનોના વિદ્વાનો સમક્ષ તેઓ ભલે ચૂપકીદી પકડે, છતાં ઘણીવાર તેઓ અંદરોઅંદર આખડે છે. એવા વખતે વારસામાં મળેલ અનેકાન્તનો પ્રાણભૂત સમન્વયસિદ્ધાંત બાજુએ રહી જાય છે અને સામસામી છાવણીઓ રચાય છે. સ્થાનકવાસી અને મૂર્તિપૂજક, દિગંબર અને શ્વેતાંબર, તેરાપંથી અને સ્થાનકવાસી એ જ પક્ષો અંદરો અંદર આખડતા હોત તોય બહુ ન હતું. પણ હવે તો આ રોગ એટલે સુધી વધ્યો છે કે એકજ ફિરકાના અને એકજ ગચ્છના બે જુદા જુદા ગુરૂ ધરાવનાર પક્ષો પણ તિર્થભેદ જેવી નજીવી બાબતમાં મહાયુધ્ધના મોરચા માંડે છે. અને સમાજમાં અલ્પાંશે જીવતું રહેલ સૌમનસ્ય અને ઐકય ધર્મરક્ષાને બહાને વેડફી નાંખે છે. માત્ર પંડિતો કે માત્ર સાધુઓ અંદરોઅંદર લડી મરતા હોત તો બહુ કહેવાપણું પણ ન રહેત. અહીં બન્ને પક્ષકારો શ્રાવકગણને પણ સંડોવે છે. શ્રાવકો પણ એટલા બધા શાણા અને ઉદાર છે કે પોતાનું સમગ્ર શાણપણ અને ઔદાર્ય હીટલર તેમ જ સ્ટેલીનને ચરણે ધરી દે છે. મને તો એ જ નથી સમજાતું કે જેઓ મહાવ્રતી અને મહાશાસ્ત્રધર કે મહાવકતા હોય તેઓને તેમનો અહિંસા અને સ્યાદ્‌વાદ સિધ્ધાંત આવા વિષમ પ્રસંગે સૂઝતો કેમ નહિ હોય અગર તેમને સદ્ધાયક થતો કેમ નહિ હોય ? જો ભગવાનના અહિંસા-અનેકાન્તના સિધ્ધાંતનું સામાજિક જીવનમાં આવું દેવાળું જ કાઢવાનું હોય તો આપણે બીજા સમક્ષ કયે મોઢે તેનું મહત્વ બતાવી શકીશું ? એ જરા વિચારો અને જો આપણે આ રીતે વૈમનસ્ય અને તકરારનું વિષપાન કરતા રહ્યા તેમ જ એવી તકરારના મોવડીઓને માન આપતા રહ્યા તો શું આપણે એવી આશા રાખી શકીએ કે કયારેક પણ જૈન સમાજના જુદા જુદા ફિરકાઓ સર્વમાન્ય સામાન્ય સિધ્ધાંત ઉપર ખરા દિલથી એક તખ્તા ઊપર એકત્ર થવાના ? આજ લગી ગમે તેમ ચાલ્યું અને નભ્યું હોય પણ હવે આ સ્થિતિ એક ક્ષણ પણ નભાવી લેવા જેવી નથી. મને આવા ક્ષુદ્ર મતભેદની મહા તકરારનું મૂળ કારણ વિચારતાં એ લાગ્યું છે કે ધર્મક્ષેત્રને કુરૂક્ષેત્ર બનાવનાર પંડિતો અને ત્યાગીઓની સામે કોઈ મહાન રચનાત્મક આદર્શ નથી. એટલે તેમની ફાજલ પડેલી શકિતઓ વારસામાં મળેલ ખંડનશૈલીનો આશ્રય લઈ બીજા સામે બાથ ભીડવાની અશકિતને લીધે અંદરોઅંદર અફળાય છે. અને સમાજને છિન્નભિન્ન કરી નાખે છે. નિવારણનો ઉપાય એ જ છે કે તેવા વિદ્વાન ગણાતા પંડિતો અને ત્યાગીઓ; સાહિત્ય, સમાજ કે રાષ્ટ્રના કોઈ પણ નવપ્રદેશમાં પોતાનો રચનાત્મક ફાળો આપે. જ્યારે તેઓ કાંઈ પણ નવસર્જન કરવા પ્રેરાયા હશે ત્યારે તેમને નકામા બોલવા, લખવા કે તકરાર કરવા જેટલી ફુરસદ જ નહિ રહે. જો સમયસર કોઈ નહિ ચેતે તો થોડા જ વખતમાં તેવા વર્ગનો અને તે વર્ગના આશ્રયભૂત શાસ્ત્રનો કોઈ સમજદાર ભાવ પણ નહિ પૂછે.

ઉપરની ચર્ચા સાંભળનાર એક પ્રશ્ન જરૂર કરી શકે કે સમાજને નવસર્જનને નવો ફાળો આપ્યાની સર્વમાન્ય કસોટી શી ?

મારો ઉત્તર એ છે કે શાસ્ત્ર, શિક્ષણ, સમાજ કે રાષ્ટ્ર વગેરે કોઈ પણ ક્ષેત્રમાં કરાયેલ સર્જક પ્રયત્નનું મુલ્ય જો જૈનેતર સમાજમાં આંકાય અને જૈનેતર લોકો માટે પણ અનુકરણીય બને તો જરૂર સમજવું કે જૈનોનું એ નવસર્જન સમાજને યુગાનુરૂપ ફાળો છે.

જૈન સંસ્કૃતિ સંશોધન મંડળ

મેં પ્રારંભમાં જ કહ્યું છે કે આ ચંદ્રકઅર્પણ વૈયકિતક નથી. જો એનો પ્રેરક હેતુ શાસ્ત્રઉપાસના અને સત્ય સંશોધનવૃત્તિ હોય તો તે ચંદ્રક પણ છેવટે તેને જ ફાળે જવો જોઈએ. હું અત્યારે વ્યકિતગત રીતે સ્વીકારું તોય તે પચે તો એવા પ્રેરક હેતુને જ. તેથી આ ચંદ્રક હું જૈન સંસ્કૃતિ સંશોધન મંડળને ભેટ આપું છું, કેમકે એ મંડળ પહેલેથી જ તેવા સત્ય સંશોધન-

વૃત્તિના આધાર ઉપર રચાયું છે અને તે જ દિશામાં નિષ્કામપણે કામ કરી રહ્યું છે જેનો હું સાક્ષી છું. એ મંડળ કરતાં વધારે નિર્ભયપણે અને વધારે નિષ્ઠા સાથે કોઇ બીજી સંસ્થા જૈન સમાજમાં કયાંય કામ કરી રહી હોય તો તે હું નથી જાણતો. વળી ઉકત મંડળનો હું એક વિનમ્ર સભ્ય છું અને તેનો સક્રિય કાર્યકર્તા પણ છું, તેથી જે નિષ્ઠાને લીધે આ ચંદ્રક અર્પવામાં આવે છે તે જ નિષ્ઠા સેવનાર જૈન મંડળીને આ ચંદ્રક એની ઇચ્છા પ્રમાણે ઉપયોગ કરવા માટે સોંપી દઉં તો હું ધારું છું કે તમે બધા પ્રસન્ન જ થશો.

હું છેવટે જેઓ જૈન સંસ્કૃતિ સંશોધન મંડળ વિષે અને તેની અત્યાર લગીની પ્રવૃત્તિ વિષે ન જાણતા હોય તેમનું ધ્યાન એ તરફ ખેચું છું અને માગી લઉં છું કે જેઓ જૈન સંસ્કૃતિના પુનઃસંશોધનમાં થોડો પણ રસ ધરાવતા હોય તેઓ એ મંડળના સભ્ય બને અને તેના સાહિત્યને વાંચે-વિચારે તેમ જ તેનું ધોરણ સાચવી તેમાં પોતાનો ફાળો આપે.

અન્તિમ વિજ્ઞપ્તિ અને ઉપસંહાર

અહીં જે ભાઈ-બહેનોની ઉપસ્થિતિ છે તેમને મારી એક વિનંતી છે. તે એ કે જેઓની શકિત અને રૂચિ હોય તેઓ મારાં ગુજરાતી કે હિંદી લખણો વાંચે. હું એ નથી ઇચ્છતો કે કોઇ તેને અંધ અનુગામી બનીને જ વાંચે. મારી આકાંક્ષા તો હંમેશાં એ રહી છે કે વાંચનાર વાંચે તે સમાલોચક દૃષ્ટિએ વાંચે. એવા વાંચનમાંથી જ વાચક અને લેખકની ભૂમિકા ઉન્નત થાય છે અને સમાજનું ધોરણ પણ ઊંચું આવે છે. અલબત્ત સમાલોચનામાં પણ વિવેક અને સભ્યતાની તો જરૂર હોય જ છે, છતાં સમાલોચનાનો મુખ્ય સુર સાંભળેલ-વાંચેલમાંથી અસંગત કે ખોટી વસ્તુઓને તારવી દૂર કરવા-કરાવવાનો હોય છે. મારા લખાણનો મોટો ભાગ જૈનપરંપરાને જ સ્પર્શે છે, તેથી જૈનો માટે એ જેટલે અંશે અનુકૂળ આવે તેટલે અંશે જૈનેતરોને કદાચ અનુકુળ ન આવે, અગર સમજવામાં સરળ ન પડે. છતાં હું પોતે એમ માનનારો છું કે જ્ઞાન અને વિચારની ભૂમિકામાં આ કે તે પંથનો ચોકો ન જ રહેવો જોઇએ. જૈનો જો એમ માનીને વર્તે કે, જૈનેતર સાહિત્ય કે શાસ્ત્ર વાંચવા-ચિંતવવાથી શો ફાયદો તો તેઓ પોતે પોતાની જૈનપરંપરાને પણ કદી પૂરો ન્યાય આપી નહીં શકે. એ જ રીતે જૈનેતરો પણ પોતાની આસપાસની જૈનપરંપરા વિષે વાસ્તવિકપણે ન જાણે તો તેઓની જ્ઞાનસીમા પણ એકદેશીય અને ભ્રાંત રહેવાની. વળી તેમ જ વ્યવહારના દરેક ક્ષેત્રમાં જૈન કે જૈનેતર એવો ભેદ નથી ચાલતો, તેમ જ તત્વજ્ઞાન અને ધર્મના વિચારક્ષેત્રમાં પણ એવો ભેદ અસ્થાને છે. મેં પોતે તો આખા અભ્યાસકાળ દરમિયાન વૈદિક, જરથુસ્ત, ઇસ્લામ અને ખ્રીસ્તી આદિ પરમ્પરાઓના અભ્યાસ પ્રત્યે એટલા જ હાર્દિક આદરથી ધ્યાન આપ્યું છે, જેટલા આદરથી જૈન પરમ્પરાના અભ્યાસ પ્રત્યે. પરિણામે મને બધામાં પરિભાષાભેદ અને બીજા એવા સ્થૂળભેદ સિવાય વાસ્તવિક જીવનસ્પર્શી ભેદ જેવું કાંઇ દેખાયું નથી. એથી તો અભ્યાસમાં રસ પોષાયો છે અને જ્ઞાનની પિપાસા સતેજ બની છે. હું ધારું છું કે આ ન્યાય સૌને લાગુ પડી શકે છે. મેં માત્ર જૈન પરમ્પરાને લક્ષીને લખ્યું છે તે તો એ દૃષ્ટિથી કે તેનું સાહિત્ય અને તેની વિચારપ્રણાલિકા એકદેશીય મટી યુગાનુરૂપ વ્યાપક બને. એટલે એમાંથી જૈનેતરોને પણ બહુ નહીં તો થોડું પણ વિચારવા જેવું મળશે જ. મેં જ્યારે જ્યારે સમાજની બાબતમાં લખ્યું છે ત્યારે મુખ્યપણે જૈન સમાજને જ લક્ષમાં રાખ્યો છે, તેનું કારણ એ નથી કે બીજા સમાજ કરતાં જૈન સમાજને હું ચડિયાતો માનું છું પણ તેનું કારણ માત્ર એટલું જ છે કે હું મારું વકતવ્ય જૈન સમાજને સમજાવી શકું ને કેટલીક ત્રુટીઓ તરફ તેનું ધ્યાન ખેંચી શકું તો તે દ્વારા મારી અલ્પશકિતનો ઉપયોગ બીજા સમાજે માટે પણ સુકર બને. આ જ કારણથી હું જૈન-જૈનેતર બધાને સમાનભાવે વાંચવા-વિચારવા વિનવું છું.

પંડિત સુખલાલજી

સંઘની પ્રવૃત્તિઓને આર્થિક સીંચન

શ્રી. મુંબઇ જૈન યુવક સંઘ મારફત ચાલતી વિવિધ પ્રવૃત્તિઓને પર્યુષણ દરમિયાન મળેલી આર્થિક મદદની યાદી નીચે આપવામાં આવે છે અને આ રીતે મદદરૂપ બનેલા ભાઇ બહેનોનો આભાર માનવામાં આવે છે.

શ્રી. મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાંચનાલય-પુસ્તકાલય તથા 'પ્રબુદ્ધ જૈન'ને સંયુકત ભેટ.

૧૦૦) શ્રી. તારાબહેન ચંદુલાલ ઝવેરી
૧૦૦) ,, ટી. જી. શાહ
૧૨૫) ,, નથુભાઇ નેમીદાસ પારેખ
૧૦૦) ,, ચીમનલાલ પ્રાણજીવનદાસ (ખંભાતવાળા)
૧૦૦) ,, એસ. સી. શેઠ
૧૦૦) ,, ચંદનબહેન ડાહ્યાભાઇ શાહ
૧૦૦) ,, કાંતિલાલ ભોગીલાલની કું.
૫૦) ,, મેનાબહેન નરોત્તમદાસ શેઠ
૫૦) ,, વલ્લભદાસ પ્રુલચંદ મહેતા
૫૦) ,, કાંતાબહેન હીરાલાલ એમ. શાહ
૫૦) ,, ખુશાલદાસ જગજીવનદાસ
૫૦) શ્રી જયસિંહ છોટાલાલ સંઘવી.

૧૦૦) શ્રી. ભોળાભાઇ જેસિંગલાલ
૧૦૦) ,, પોપટલાલ ગીરધરલાલ (વી. એસ. બ્રધર્સ વાળા)
૧૦૦) ,, મણિલાલ મોહનલાલ ઝવેરી
૧૦૦) ,, ચંદુલાલ મોહનલાલ ઝવેરી
૧૦૦) ,, ચીમનલાલ પ્રાણજીવનદાસ (ખંભાતવાળા)
૫૧) ,, પ્રવીણચંદ્ર હેમચંદ અમરચંદ
૫૧) ,, રસિકલાલ મોહનલાલ ઝવેરી
૫૦) ,, સારાભાઇ (ધી એ.એ ટુલ્સ એ. વાળા)
૫૦) ,, સુશીલાબહેન (શ્રી નવીનચંદ્ર-હેમચંદના સ્મરણાર્થે)
૫૦) ,, પી. રતીલાલની કું.
૫૦) ,, મોંઘીબહેન હીરાલાલ
૨૫) ,, હીરાચંદ ધરમસી (માંડળવાળા)
૨૫) ,, હરગોવિંદદાસ હરજીવનદાસ ભાણેરા
૨૫) ,, હીરાબહેન પોપટલાલ
૨૫) ,, નાનચંદભાઇ શામજી
૨૫) ,, કાંતિલાલ શાન્તિલાલ

પર્યુષણ વ્યાખ્યાનમાળા

૫૧) ,, રમણલાલ લાલભાઇ શેઠ
૫૦) ,, સુશીલાબહેન (શ્રી નવીનચંદ્ર હેમચંદના સ્મરણમાં)
૫૦) ,, મનુભાઇ ગુલાબચંદ કાપડીયા
૨૫) ,, માનબાઇ પદમશી
૧૫) ,, પાસુભાઇ બીધરસી કુરીયા
૧૦) ,, ગંગાબહેન
૫) શ્રી મુળચંદ હીરજી

૮૦૮)

૨૫) ,, વિજયાબહેન દુર્લભજી પરીખ
૨૫) ,, બીનજી માંડણ ભૂજપરીયા
૨૫) ,, મેઘજી વિજપાળ ગાલા
૨૫) ,, ગુલાબબહેન છોટાલાલ
૨૫) ,, જસુમતીબહેન મનુભાઇ કાપડીઆ
૨૫) ,, માનબાઇ પદમશી શાહ
૨૫) ,, મોહનલાલ કુંવરજી શાહ
૨૫) ,, તારાબહેન ચીમનલાલ શ્રોફ
૨૫) ,, પાસુભાઇ બીધરસી કુરીઆ
૨૫) ,, કાંતાબહેન કસ્તુરચંદ ઝવેરી
૧૪૮।।૦) પરચુરણ

૧૬૯૮।।૦

સંઘના નિભાવખર્ચમાં

૧૧) શ્રી ગીરધરલાલ પી. કાપડીયા
૨૫) ,, રમણલાલ સી. શાહ

૩૬)

વૈદકીય સહાય

૬) શ્રી કેશવલાલ નગીનદાસ

મંત્રીઓ, શ્રી મુંબઇ જૈન યુવક સંઘ

સદ્‌ગત શ્રીમાન મોહનલાલ હેમચંદ ઝવેરી

તા. ૩–૧૦–૪૭ શુક્રવારની રાત્રે મુંબઇના જૈન શ્વે. મૂ વિભાગના એક આગેવાન વયોવૃદ્ધ ગૃહસ્થ શ્રી. મોહનલાલ હેમચંદ ઝવેરી ૮૩ વર્ષની ઉમ્મરે આ ફાની દુનિયાનો ત્યાગ કરીને પરલોકવાસી બન્યા. તેમણે ગરીબ સ્થિતિમાં પોતાના જીવનની શરૂઆત કરેલી. આજે સમૃધ્ધ બહોળો પરિવાર મુકીને તેઓ વિદાય થયા છે. એકસરખું અબાધિત શરીરસ્વાસ્થ્ય, ૮૩ વર્ષ જેટલું દીર્ઘ આયુષ્ય, વિશાળ સન્તાન પરિવાર, આર્થિક જાહોજલાલી અને હૃદયનું એકાએક અચાનક બંધ પડવા સાથે કશી પણ વ્યથા વિનાનો દેહત્યાગ–આને લૌકિક પરિભાષામાં અત્યન્ત ભાગ્યશાળી મૃત્યુ કહેવામાં આવે છે. મુંબઇના જૈન સમાજને આવા એક અજોડ વયોવૃધ્ધ પુરૂષની ખોટ પડી છે. તેમની મુખમુદ્રા ઉપર હંમેશાં એક પ્રકારની પ્રસન્નતા લહેરાતી દેખાતી. તેમની આકૃતિમાં સુવિશદ ચારિત્ર્યને પ્રતિબિંબિત કરતી તેજસ્વીતા દૃષ્ટિગોચર થતા. પાસેથી

તેઓ પસાર થાય અને કોઇ પણ ઓળખીતાને જુએ તો બોલાવ્યા વિના ન રહે. જેને જે કહેવું હોય તેને તેઓ એકાએક મોઢામોઢ કહી દે, પણ મનમાં કદિ કોઇના માટે ઇર્ષ્યા કે દ્વેષ ન રાખે–આવો તેમનો સ્વભાવ હતો. તેમની વાણીમાં અમુક પ્રકારનું વાત્સલ્ય હતું. આજે લગભગ અસ્ત પામેલી જુની પેઢીના તેઓ જાણે કે છેલ્લા પ્રતિનિધિ હતા. પરંપરાગત ધાર્મિક માન્યતામાં ઉંડી શ્રધ્ધા, ઘડિયાળના કાંટા જેવી રહેણીકરણીની નિયમિતતા, ખાનપાનમાં અપૂર્વ સંયમ, આડે રસ્તે જવું નહિ કે અન્ય દિશાએ જોવું નહિ, સ્વભાવગત સ્થિતિસ્થિરતા, પોતાની કોમમાં એકતા કેમ જળવાય અને પોતાની કોમનું બહાર કેમ સારું દેખાય એ જ તેમની અનેક ચિન્તાઓમાંની એક ચિન્તા અને એમાં જ તેમને આનંદ, નાના સાથે નાના એન મોટા સાથે મોટા, સરળ સ્વભાવ, સાદું જીવન, કોઇ ઉપર રોષ આવે તો પણ રોષ ઠાલવવા જતાં એકદમ ફેરવી તોળે અને હસી હસાવીને છુટા પડે–આવું તેમનું વિશિષ્ટ વ્યક્તિત્વ હતું. મારા પિતા ઉપર તેમને ખુબ જ ભાવ હતો અને એ કારણે મારી ઉપર પણ તેઓ ખુબ વાત્સલ્ય ધરાવતા અને એ જ કારણે તેમની દૃષ્ટિએ મારા ધર્મવિરોધી લેખાતા વિચારો અને વર્તન તેમને ખુબ ખુંચતાં, અને એમને મળવાનું તો અંગત સંબંધને આંગે અનેકવાર થયા જ કરતું એમ છતાં કોઇ દિવસ મારી સામે અકળાઇને કે આવેશમાં આવીને તેઓ કાંઇ બોલ્યા હોય એમ મને યાદ નથી. મને જુએ અને સંયોગવશાત્ મનમાં બહુ આવેગ આવે તો એક બે વાક્ય કહી નાંખે અને પછી મારા પિતાની આબરૂનો પ્રતિષ્ઠાનો મારે ખ્યાલ રાખવો જોઇએ એમ મને ટોકીને તેમનું કહેવાનું પુરું કરે. અલબત્ત આમ બને ત્યારે તેમને હું શાન્તિથી હસતા મોઢે સાંભળતો અને કદિ પણ સામો જવાબ ન આપતો. તેમને મારા નિકટવર્તી વડિલ જન તરીકે હું લેખતો અને આમ વર્તવું તે મારી ફરજ સમજતો.

આપણી કોમમાં એકતાના અભાવનું–પક્ષાપક્ષીના ચાલુ ઝગડાઓનું તેમને મન હંમેશાનું દુઃખ હતું અને આ પક્ષાપક્ષી અને કુસંપ હું ધરું તો એટલે કે એમની કલ્પના મુજબ હું સરખો ચાલુ તો સહેજમાં દૂર થાય એવી કાંઇક માન્યતા તેઓ ધરાવાતા. તેથી જ્યારે જ્યારે આ બાબતને લગતો કોઇ પ્રશ્ન જૈન સમાજમાં ઉત્કટતા ધારણ કરતો ત્યારે મને ખાસ બોલાવીને આ વખતે સંભાળી લેવા તેઓ મને આગ્રહ કરતા. હું આવા પ્રસંગે શું થઇ શકે અને શું ન થઇ શકે એની વિગતો તેમની સાથે ચર્ચવા પ્રયત્ન કરતો, પણ તેઓ વધારે સાંભળવાની કે સમજવાની દરકાર ન કરતા અને મારે આ વખતે બહુ ખેંચવું નહિ એમ મને ફરી ફરીને વિનવતા. તેમના જીવનના છેલ્લા કેટલા મહીનાઓમાં પણ જ્યારે જ્યારે હું તેમને મળતો ત્યારે આ એકતાની વાત મને યાદ આપવાનું તેઓ કદિ ન ચુકતા અને લાચે સાથે તેમના પ્રેમાળ હાસ્યથી જાણે કે મને નવરાવતા.

તેમનું શરીરસ્વાસ્થ્ય આટલી મોટી ઉમ્મરે પણ અદ્‌ભુત હતું. આંખ, કાન, દાંત–બધું એક સરખું સાબુત હતું. બેઠા બાંધાનું તન્દુરસ્તી સૌષ્ટવભર્યું તેમનું શરીર હતું. નવરા બેસી રહેવું એ તેમના સ્વભાવમાં નહોતું. તેઓ જાણે કે સદા ગતિમાન સદા પ્રવૃત્તિશીલ હતા. ઘડિ પહેલાં કોટમાં શેર બજાર પાસે તેમને તમે જોયા હોય; ઘડિ પછી બજાર-કોટમાં તેમની પેઢી ઉપર તેમને તમે જુઓ. છેલ્લા થોડા મહીનાથી તેમનું હૃદય નબળું પડવાને લીધે ડાક્ટરોએ તેમની હીલચાલ ઉપર કેટલાક સખ્ત પ્રતિબંધો મુકેલા, પણ તે સિવાય તમે સવારના બરોબર સડાઆઠ વાગે તેમને શાન્તિનાથજીના દેરાસરમાં જુઓ, બપોરના બારવાગે શેર બજારની તેમની ઓફીસમાં જુઓ, સાંજના ચાર વાગે બહારકોટની તેમની પેઢીમાં જુઓ, સાડાપાંચ વાગે ઘેર, રાત્રે નવ વાગ્યે તેઓ સુઇ ગયા જ હોય. ન કોઇ શોખ મળે, ન કોઇ દિવસ હવાફેર માટે તેઓ બહારગામ ગયા હોય. તીર્થયાત્રા સિવાય અન્ય કોઇ પ્રવાસની તેમને કદિ કલ્પના જ નહોતી. આવી એક વિશિષ્ટ વ્યકિત લાંબુ જીવક ખેડીને આજે આપણી વચ્ચેથી વિદાય થયેલ છે. જૈન સમાજને એકત્ર થયેલ જોવાની તેમની ભાવનાને તેમની પાછળની પેઢી જ્યારે સફળ કરશે ત્યારે જ તેમના આત્માને સાચી શાન્તિ પ્રાપ્ત થશે એમ હું માનું છું, અને તેથી આ બાબત ધ્યાનમાં લઇને આપણે બધા એકમેકના મતભેદોને ગૌણ બનાવીને એક બનીએ અને તેમની પ્રત્યેનું આપણું ઋણ એ રીતે ચુકવવા શક્તિમાન થઇએ એ જ પ્રાર્થના!

પરમાનંદ.

અભિનન્દન :—તા. ૧૪–૧૦–૪૭ના રોજ મળેલી શ્રી. મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિની સભાએ શ્રી. દુર્લભજી ખેતાણી જેઓ શ્રી મુંબઇ જૈન યુવક સંઘના અગ્રગણ્ય સભ્ય છે તથા શ્રી. મણિલાલ સુન્દરજી દોશી એ બે જૈન બંધુઓની જુનાગઢની આરઝી સરકારમાં નીમણુંક થવા બદલ તેમનું હાર્દિક અભિનન્દન કરતો અને તેમના વીરોચિત યુદ્ધકાર્યમાં સફળતા ઇચ્છતો ઠરાવ કર્યો હતો.

ગાંધીજીની સત્યનિષ્ઠા

[ગયા પખવાડીઆ દરમિયાન હિંદભરમાં સ્થળે સ્થળે ગાંધીજીની જન્મજયન્તી ઉજવાઇ ગઇ. ગાંધીજી હિંદનું–હિંદુઓ અને મુસલમાનનું–અને વાસ્તવિક રીતે આજના આખા જગતનું એક અને અનન્ય આધ્યાત્મિક અવલંબન છે. તેમને આપણા આકેશઃ વન્દન હો! તેઓ દીર્ઘાયુ પ્રાપ્ત કરે અને ખાડાખડીઆમાં અથડાતા પછડાતા આપણને સતત માર્ગદર્શન કરાવતા રહે એ શુભેચ્છા અને અન્તરની પ્રાર્થના સાથે બીજી ઓક્ટોબરે વડોદરા રેડીઓ ખાતે શ્રી. કિરાનસિંહ ચાવડાએ આપેલું અને સંસ્કૃતિના ઓક્ટોબર માસના અંકમાં 'શ્રધ્ધાની દીવા દાંડી' એ મથાળા નીચે પ્રગટ થયેલું વ્યાખ્યાન અમો અહિં સાદર ઉધ્ધૃત કરીએ છીએ.—તંત્રી]

સત્યનાં તાત્ત્વિક વિવેચન અને તર્કશીલ વિવાદ કરનારા પંડિતો અને તત્ત્વજ્ઞો આપણા દેશમાં અને જગતમાં જાણીતા છે. સત્યનો સિદ્ધાંત સમજનારાઓ પણ ઘણા છે. એ સિધ્ધાંતને જીવનમાં સ્વીકારનારા પ્રમાણમાં ઘણા ઓછા હોય છે. અને એથી ઓછા માણસો સત્યના સત્ત્વને જિંદગીમાં માણી જનારા હોય છે. પરંતુ સત્યને જીવનના મૂળભૂત વ્યાપક સિધ્ધાંત તરીકે જ્ઞાનપૂર્વક સ્વીકારી એને જિંદગીના પ્રત્યેક કાર્યમાં ચરિતાર્થ કરીને એને વિષે ઊંડી શ્રધ્ધા અનુભવનાર સત્યસાધકોની એક વિરલ કેડી છે. એની ઉપર બુધ્ધ અને જિસસના સમાનધર્મી તરીકે આજે ગાંધીજી પોતાની આત્મશ્રધ્ધાના અજવાળામાં પોતાના જ શીલને ટેકે ટેકે વિકટ જીવનમાર્ગ કાપીને ભવ્યતા સરજી રહ્યા છે.

ગાંધીજીની સત્યની આરાધનાને આપણા દેશે ઘણા વિવિધ સ્વરૂપે જોઇ છે અને જીરવી છે. ભારતની સ્વતંત્રતાની આખી લડતના સૂત્રધાર તરીકે એમણે સત્યનો જે પ્રયોગ અને પુરૂષાર્થ કર્યો છે એણે આપણા દેશનો ઇતિહાસ ઘડયો છે. ગાંધીજીની આ સત્યશીલતા એ જ એમના સમસ્ત જીવનનું નિયામક બળ છે. આ જ રૂ કિત એમના નાના કે મોટા બધા જ નિર્ણયો અને કાર્યોમાં પ્રેરણારૂપે રૂાય છે. ગાંધીજીની આ સત્યસાધના મોટા અને મહત્ત્વના કાર્યમાં તથા નાના એવા જીવનના રોજબરોજના કાર્યમાં કેવી રીતે કામ કરે છે એનો સીધો અનુભવ મને હું ગાંધીજીને ગયા જુન માસના છેલ્લા અઠવાડિયામાં દિલ્હીમાં મળ્યો ત્યારે થયો. મેં અમારી મુલાકાતનો એક બિનંગત હેવાલ તૈયાર કર્યો હતો તે પોતે જોઇ જાય એ હેતુથી એમની પાસે લઇ ગયો.

એ લેખમાં શરૂઆતમાં મેં એમ લખ્યું હતું કે "ગાંધીજી સાથેની મારી વાતચીત પાસે બેઠેલાં રાજકુમારી અમૃતકોર પણ ભાગ્યે જ સાંભળી શકતાં હતાં." ગાંધીજીએ તરત જ પેન્સિલ ઉપાડીને એ વાકય સુધાર્યું અને 'ભાગ્યે જ'ની આગળ 'સ્પષ્ટ' શબ્દ ઉમેર્યો. અને હસીને મને કહ્યું, 'રાજકુમારી આપણી વાતચીત સાંભળી તો શકતાં હતાં પરંતુ 'સ્પષ્ટ' સાંભળી શકતાં નહોતાં. આપણાથી પરિસ્થિતિનું જરા ય અચોકકસ વર્ણન ના થઇ શકે."

આની સાથે જ લોર્ડ ઇરવિન સાથેનો ગાંધીજીનો મશહૂર પ્રસંગ યાદ આવે છે. એ પ્રસંગે લોર્ડ ઇરવિને ચર્ચાને અંતે જ્યારે બન્ને પક્ષો એક નિર્ણય ઉપર ના આવી શકયા અને એક જ હકીકતની સચ્ચાઇ ઉપર આપો નિર્ણય આવીને અવલંબ્યો એટલે લોર્ડ ઇરવિને કહ્યું કે, "ગાંધીજી જે કહેશે તે હું સ્વીકારી લઇશ." ઇરવિનને ખબર હતી કે એ પ્રસંગે એ ઘણી મોટી જોખમદારી લઇને બ્રિટિશ સામ્રાજ્યને ગાંધીજીની સત્યશીલતાની આંટ ઉપર મુકે છે. પણ એ કાબેલ અંગ્રેજને ગાંધીજીના સત્યાગ્રહમાં ઉંડી શ્રધ્ધા હતી. અંતે ગાંધીજીએ સત્ય હકીકત જ આગળ કરી અને એમાં ઇરવિનનું મંતવ્ય સાચું ઠર્યું. એ પ્રસંગે ગાંધીજીએ હકીકતના સત્ય વિષે 'નરો વા કુંજરો વા' કર્યું હોત તો હિંદુસ્થાનના નેતાઓનું દૃષ્ટિબિંદુ સાચું ઠરત ન પણ ગાંધીજીનું સત્ય સહન કરત. આ પ્રસંગ પછી લોર્ડ ઇરવિને ગાંધીજીને અંજલિ આપતાં કહ્યું કે, "ગાંધીજી જે ઉંડા આત્મબળથી પ્રેરાઇને જીવનમાં વર્તે છે, અને જે આત્મબળે તેમને પોતાને પ્રિય એવી હિલચાલો માટે ગમે તેટલા આપભોગ આપવાની શકિત આપી છે, તે આત્મબળનું તેમનામાં દર્શન કરવાનું હું કદી ચૂકયો નથી."

ગાંધીજી હિંદુસ્થાનના રાજકારણના ક્ષિતિજ ઉપર દેખાયા ત્યાં સુધી વિચારણા અને આચરણના ભેદ ઉપર જ રાજકારણનું નાવડું ચાલતું હતું. રાજકારણોનો રંગ મેંદી જેવો હતો. ઉપરથી લીલો પણ જરાક કસીને જુઓ તો લાલ દેખાય. ગાંધીજીના ઉદય પછી આ દૃષ્ટિ અને હકીકત બન્નેમાં સમૂળું પરિવર્તન થયું. વિચાર અને આચારની એકતાનું મહત્ત્વ સ્વીકારાયું અને રાજકારણમાં ચારિત્ર્યની આવશ્યકતા અનિવાર્ય બની. સત્ય અને અહિંસાની બુનિયાદ ઉપર એક નવા જ જીવનદર્શનનું બંધારણ થયું. આ જ દર્શનને આધારે ગાંધીજીએ સ્વરાજની વ્યાખ્યા કરી. રાજદ્વારી આઝાદી એ જ માત્ર લડતનું ધ્યેય નહીં પરંતુ જીવનવ્યાપક સ્વરાજ એ આપણું નિશાન નકકી થયું. સત્ય અને અહિંસાને પોતાના દરેકે દરેક વિચાર અને આચારમાં જીવવાનો ગાંધીજીનો ભવ્ય પુરૂષાર્થ પ્રજાએ જોયો. સત્યના આ આગ્રહની અને પાલનની ટેવ ગાંધીજીને નાનપણથી જ હતી એનો પુરાવો એમણે પોતે જ આપ્યો છે. ૧૯૧૯ ની સાલમાં ગાંધીજીની પચ્ચાસમી જયંતી ઉજવાતી હતી. લોકો એને સુવર્ણ મહોત્સવ કહીને પ્રેમ ભકિત–પૂર્વક એ જયંતી ઊજવતા હતા. આશ્રમમાં પણ આ ઉત્સવ ઉજવાતો હતો. એ વખતે આશ્રમવાસીઓએ બાપુને બે બોલ બોલવાનો આગ્રહ કર્યો. ગાંધીજીએ કહ્યું. "હું ઘણું કહી શકું એમ છું, પણ આ પ્રસંગ મારા નિમત્તે છે એટલે મારે મારા વિષે જ કાંઇ કહેવું જોઇએ. લોકો મને મોટો માને છે, શા માટે? તમે કહેશો વિદ્વત્તા માટે. ખોટી વાત છે. હું વિદ્વાન નથી. મારા કરતાં ઘણા ય મોટા વિદ્વાનો હિંદમાં પડયા છે. હવે તમે કહેશો હું બેરિસ્ટર છું તેથી. પણ એ ય ખોટી વાત છે. મારા કરતાં કયાંયે વધુ પ્રતિભાશાળી બેરિસ્ટરો આપણા દેશમાં પડયા છે. તમે બાહ્ય આકર્ષણની વસ્તુ પણ મારી મોટાઇ માટે નહીં બતાવી શકો, કારણ કે રૂપ, વાણી, વકતૃત્વ કે એવું કંઇ મારી પાસે નથી. હવે તમે કહેશો કે આત્મસંયમને લીધે. એ પણ એટલું જ ખોટું છે. મેં સંસારના વિષયોને તો માણસ જેમ રસ ચૂસીને ગોટલો ફેંકી દે તેમ તેનો પૂર્ણ ઉપભોગ કર્યા પછી ફેંકી દીધા છે. એ કંઇ સંયમ ગણાય? ચાલો હવે હું જ તમને ખરો જવાબ આપું. ખરી વાત એ છે કે કુદરતી કહો, સંસ્કારના બળે કહો કે ગમે તે રીતે કહો પણ નાનપણથી મારામાં બને ત્યાં લગી સત્યનું પાલન કરવાની ટેવ હતી. અને હું જેમ જેમ મોટો થતો ગયો તેમ તેમ તેની ચીવટ અને તે માટેના પ્રયત્નો વધતા ગયા. મારી મહત્તાનું આ જ રહસ્ય છે. સત્ય માટેનો આગ્રહ."

આજ રીતે બાપુએ સત્યની સાથે અહિંસાની પણ સમાંતરે આરાધના કરી છે. અહિંસાનો ગાંધીજીએ પ્રેમ એ પર્યાય માન્યો છે. અને એને વિશેની પોતાની શ્રધ્ધા દેખાડતાં કહ્યું છે કે 'પ્રેમ, ઇનામ, માન કે પ્રતિષ્ઠાની ઝંખના રાખતો નથી. તેની એક માત્ર ઇચ્છા પોતાનો પ્રચાર કરવાની, ને સર્વત્ર હર્ષ અને સુખ ફેલાવવાની હોય છે. એટલે ક્રોધ, ખૂરાશ, દ્વેષ અને વિરોધની સામે થતાં તેના મનમાં એક જ ઇચ્છા હોય છે–તેની ઉપર આશીર્વાદ વરસાવી તેને જીતી લેવાની.'

આ પ્રેમનો એક અપૂર્વ દાખલો સ્મરણમાં ઉગે છે. સાબરમતીના સત્યાગ્રહઆશ્રમમાં રહેલાં એક વિધવા બહેનને પુત્ર આવ્યો. ગાંધીજીને આ ઘટનાથી બહુ જ દુઃખ થયું.

પેલાં બહેન પોતાના બાળકને લઇને બાપુની પાસે હાજર થયાં. ગાંધીજીએ બાળકને પોતાના ખોળામાં સુવાડયું. એને પંપાળતા જાય, પોતાના વાત્સલ્યની વર્ષા વરસાવતા જાય અને અતિશય વીંધાયલે હૃદયે પેલાં બહેનને પોતાનું દુઃખદર્દ કહેતા જાય. કોઇએ પાછળથી પૂછ્યું, બાપુ, પેલું બાળક તો વ્યભિચારનું પરિણામ. તમે એને કેમ પ્રેમ કર્યો? 'બાપુએ જે જવાબ આપ્યો તે ગાંધીજી જ આપી શકે તેવો હતો.' ''ભાઇ, એમાં બાળકનો શું દોષ? એ તો નિષ્કલંક છે. પોતાની માતાના વ્યભિચારનો પણ એ તો સત્ય અવતાર છે. મારા જેવો સત્યાગ્રહી એને પ્રેમ જ કરે. બીજું કશું જ એનાથી થાય નહીં.''

ગાંધીજીનો આ પ્રેમ માત્ર માણસોની બાબતમાં જ આમ પ્રગટ થાય છે એમ નથી. એની વ્યાપકતા એટલી બધી છે કે એ છેક પશુ સુધી પહોંચે છે. એક વખત બાપુ વર્ધાથી મોટરમાં નીકળ્યા હતા. આઠેક માઇલ દૂર જવાનું હતું. એમાં રસ્તામાં મોટર બોટકાઇ પડી. આસપાસથી કશી મદદ મળે એવું નહોતું. છેવટે બાજુના ગામમાંથી ગાડું મંગાવ્યું. ગાંધીજી થાકયાપાકયા ગાડામાં લાંબા થઇને સૂતા. ગાડું ચાલ્યું. બળદ ધોડાવેગે જતા હતા. ગાંધીજીને મનમાં થયું કે આ બાજુના બળદ બહુ સારા લાગે છે, કુંગરાળ મુલક રહ્યો ને? આગ વિચાર કરતા એ તો ઘસઘસાટ ઊંઘી ગયા. પણ જાગીને જુએ તો હાંકનારના હાથમાં તીણી આરવાળો પરોણો! વારે ઘડીએ એ બળદને આર ભોંકયા કરતો હતો ને બળદ દોડયે જતા હતા. થાક અને ત્રાસથી બળદ રેબઝેબ થઇ રહ્યા હતા. જોતાંવેંત ગાંધીજીને કાળજે ઘા પડયો. એકદમ ગાડું ઊભું રખાવ્યું. ગાડાવાળાના હાથમાંથી પરોણો લઇ લીધો ને પોતે નીચે ઊતરી ગયા. બીચારો ગાડીવાળો તો ગભરાઇ ગયો. તેણે પાઘડી ઉતારી, 'બાપુ સા'બ માફ કરો. હવે બળદને કોઇ દી' આર નહીં મારું. તમે ભલા થઇને બેસો.' પાછળ ગાડાં દૂર પડી ગયાં હતાં. ગાંધીજીને બેડૂતની પણ દયા આવી. આરને પોતે પથ્થરથી ટોચી નાંખી અને ફરી ગાડામાં બેઠા.

આ જ સત્ય અને પ્રેમના પ્રતિષ્ઠાનથી ગાંધીજીની ઇશ્વરમાં શ્રદ્ધા થઇ છે. અને આ ભરોસો પોતે જ પોતાની પ્રતીતિ છે. આનું એક રૂડું ઉદાહરણ બાપુના એક ઉપવાસપ્રસંગમાંથી મળે છે. હિંદુ-મુસ્લિમ તોફાનને કારણે બાપુએ એકવીસ દિવસના ઉપવાસ આદર્યા હતા. એનો બારમો કે તેરમો દિવસ ચાલતો હતો. ડાકટરોએ ગાંધીજીનો પેશાબ તપાસ્યો. તેમાં એસીટોન નામનું ઝેર વધેલું હોય તેમ જણાયું. ડાકટરો ગભરાયા. ગાંધીજીને સમજાવવા લાગ્યા કે 'આપ ફળનો રસ નહીં લ્યો તો જીવનું જોખમ છે.' ગાંધીજીએ ધીરજથી કહ્યું, "ઇશ્વરકૃપાથી કાલે એ નહિ દેખાય." એ એક રાત પુરતું જોખમ ખેડવા ડાકટરો તૈયાર નહોતા. એમણે ગાંધીજીને આગ્રહ કર્યો કે ફળ નહિ તો દવા લ્યો. મોઢેથી નહિ તો અમે ઇન્જેકશનથી આપીએ. ડાકટરોમાં હકીમ અજમલખાન, ડાકટર અણસારી વગેરે મિત્રો હતા. એમને ખુબ ચિંતા થતી હતી. ઘણી રકઝક ચાલી. ગાંધીજીએ કહ્યું, "તમે મારી ઉપર આટલી દયા કરો. સાંજ સુધી હીંમત રાખો." ડાકટરમિત્રોની જીભ બંધ થઇ. ગાંધીજીને દુઃખી કરી કંઇ જીવાડી શકાય? ડાકટરો રાતે ગાંધીજી પાસે સુવાનું નકકી કરીને બિસ્તરા લઇ આવ્યા. તેમને પુરો ભય હતો. ગાંધીજી નિર્ભય હતા. એમને ભગવાન ઉપર ભરોંસો હતો. સૌના જીવ ઉંચા હતા. આખા દેશમાં સમાચાર ફરી વળ્યા હતા. કલાકે કલાકે તાર છુટતા હતા. સાંજ પડી. ફરી પેશાબ તપાસ્યો. જુએ તો અંદર ઝેરી પદાર્થ ન મળે. ડાકટરો હરખાતા ગાંધીજી પાસે આવ્યા અને બોલ્યા "ગાંધીજી! તમારું કામ અદ્‌ભુત છે." જવાબમાં બાપુ માત્ર હસ્યા. એ હાસ્યમાં ગાંધીજીની ઇશ્વર ઉપરની શ્રધ્ધા બોલતી હતી.

ગાંધીજીનું કાર્ય જોવું હોય તો આપણે આપણી સમગ્ર રાષ્ટ્રીય ચેતનાને સ્પર્શ કરવો જોઇએ. ત્યાં આપણે જો સંપર્ક સાધીએ તો આપણને તરત સમજાશે કે આ ત્રિરાટ પુરૂષનું ભગીરથ જીવન-કાર્ય કેટલું વ્યાપક અને કેટલું ચિરંજીવ છે. આપણી રાષ્ટ્રીય ચેતનાના ક્રમવિકાસમાં ગાંધીજીનું અસ્તિત્વ એક મહત્ત્વનું સીમા-ચિહ્ન છે. આજે આપણી વચ્ચે કોઇ નૈતિક કે આધ્યાત્મિક બળ હોય કે જેને આધારે આપણે આપણું દુર્ભાગ્ય જીરવી લઇએ તો તે ગાંધીજી છે.

આજની અસ્થિર અને અંધારી પરિસ્થિતિમાં આત્મશ્રદ્ધાની દીવાદાંડી ઉપરથી આ સત્યાગ્રહી સત્ય અને અહિંસાનાં અજવાળાં ફેંકી રહ્યો છે અને અંધારામાં અથડાંતી પ્રજાને માર્ગદર્શન કરાવે છે કે ન્યાય અને સત્યને ખાતર યુધ્ધ પોકારવું પડે તોય અસત્ય અને અન્યાયની સામે યુધ્ધ પોકારજો.

જીવનમાં પળે પળે જાણી જોતાં આ તપસ્વીનું તપ કેટલું આકરું છે, કેટલું દારૂણ છે એનો ખ્યાલ તો દેશને હવે જ આવે છે. આજે જો આપણે એમને સાચી અંજલિ આપવી હોય તો એમના જેવું જ આત્મબળ અને આત્મશ્રધ્ધા ખીલવીને આપણે આપણી જ દીવાદાંડી બનવું જોઇએ. **કીશનસિંહ ચાવડા.**

"એને માનવતાને મ્હોરાવવી'તી, દેવવાડી ધરા પે લ્હેરાવવી'તી" લે.–કરસનદાસ માણેક (જન્મભૂમિમાંથી ઉધ્ધૃત)

કોટિ કંઠ જેના સ્તુતિગાન રટે,
જેને દર્શન વિશ્વ બધું ઉમટે,
મૃત માનવતાને જિવાડવામાં
જેની જોડી નથી ધરતીને પટે.
એવા અદ્‌ભુત આ અવધૂતનું અંતર
આંખ ખોલી એક વાર જુવો:
અને ભીતરમાં ભડકા સળગે,
એનું દુઃખ દેખી એક વાર રૂવો!
વર્ષગાંઠ તણો એને હર્ષ નથી,
એને જન્મજયંતીમાં રસ નથી,
લાખ વાજાં વાગે, છતાં ઉર એને આજ
આ નંદનો ઉત્કર્ષ ન થી:
એનો આતમ તો લખધારથી લોહીના
આંસુઓએ આજ રોઇ રહ્યો:
ચિરસેવેલ સ્વપ્નની સૃષ્ટિને તૂટતી
આંખ સામે આજ જોઇ રહ્યો!
એને એકજ હૈયે હતી રટણા:
'ટાળું આસમની અવળી ભ્રમણા!'
એને દાનવ-દાણી ધરા પર રોપવા
રામનું રાજ્ય હતાં શમણાં–
એને આજ આંયુને અઠોતેરમે
દૃઢમૂલ થતી દેખી દાનવતા–
એના અંતરના તારેતાર પારાવાર
યાતનારૂપ બની ઊઠતાં!
એણે માનવપ્રેમનું ગાણું કર્યું:
ઝેર જીરવીને સુધાલ્હાણું કર્યું;
અને જૂઠને હિંસાની સામે સદા એણે
એક અખંડ ધીંગાણું કર્યું;
અને આજે એની તપસિદ્ધિકેરે ટાણે
જૂઠ ને ઝેર રેલાઇ રહ્યાં:
જેને નાથવા આયખું ગાળ્યું, તે નાગના
તાંડવ આજ ખેલાઇ રહ્યાં!
એને માનવતાને મ્હોરાવવી'તી,
દેવવાડી ધરા પે લ્હેરાવવી'તી.
હૃદયે હૃદયે પ્રભુના કમલો કેરી,
ફોરમ દિવ્ય ફોરાવવી'તી.
અને ઉકરડા આજ ડુંગર ડુંગર
જેવડા એની ભાલોમ પરે
બદ્‌બો થકી રૂંધતા આતમને–દેખી
ઉર એનું કલ્પાન્ત કરે!
ઓ રે, જન્મજયંતી કેરા રસિયા,
બેલો લોચન અન્ધકારે ગ્રસિયાં:
જરી તો નીરખો ધન વેદનાનાં
વન અન્તર જે એમને વસિયાં–
એની આતમ સૃષ્ટિને ઉચ્છેદીને...
એના દેહની આરતી શીદ કરો...
ડગલે ડગલે એનું ખૂત કરી,
એને પૂજવા પુષ્પથી કાં નીસરો!
ગમતાં એને કુંકુમ ચંદનના
ઉરહોણા વપુ કેરા વન્દન ના,
એક એક શ્વાસે ઉપહાસ કરે એવા
દંભ ભર્યા અભિનન્દન ના–
જેની સચ્ચિદ્–આનંદ સાધના આજ
સંહારને શોણિત ડૂબી દીસે,
એનું ચીરાતું અન્તર ઉત્સવના
રંગરાગ મહિં પછી શેણે હીસે!
એવી જન્મજયંતી તો ત્યારે થશે–
જ્યારે પ્રેમની બીન જગે બજશે–
જ્યારે બ્રહ્મના અંકશા મુકત આકાશ ને
મુકત ધરા દિવ્યના સજશે;
અને મુકત સમીર ને નીરના નૃત્યની
સંગ મિલાવીને તાલ સદા
અરે, મુકત પ્રકાશમાં મુકત માનવનું
નાચી રહેશે મન મુકત તદા!

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન: સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૯
અંક : ૧૩

મુંબઈ: ૧ નવેમ્બર, ૧૯૪૭, શનિવાર.

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

હરિજન મંદિર પ્રવેશ બીલ: હિંદુઓ અને જૈનો

હરિજન મંદિર પ્રવેશ બીલને અંગે કેટલીક ચર્ચા જૈન સમાજમાં ચાલે છે તેને અંગે નીચેની બાબત વિચારણા માટે રજુ કરવાની આ તક હાથ ધરવામાં આવે છે.

પ્રથમ હરિજનને જૈન વિકાસમાર્ગમાં શું સ્થાન છે તે તપાસીએ. કોઇ પણ વ્યકિત અમુક કુળમાં જન્મે તેને આત્મસાધન કરવાનો તેના જન્મને કારણે અધિકાર જતો નથી, એ પ્રથમ મુદ્દાની હકીકત છે.

ઉત્તરાધ્યયન સૂત્રના પચીસમાં અધ્યયનમાં ૩૬મી ગાથા જાણીતી છે, તેનો ભાવાર્થ એ છે કે 'કર્મથી પ્રાણી બ્રાહ્મણ થાય છે, કર્મથી ક્ષત્રિય થાય છે, વૈશ્ય કર્મથી થાય છે અને કર્મથી ક્ષુદ્ર થાય છે.'

કર્મના સિદ્ધાન્તને સમજનાર જૈન, અછુત કે અસ્પૃશ્ય કોઇ પણ પ્રાણી હોય તેમ માની શકે નહિ.

કોઇ જીવને અડવાથી સ્નાન કરવું પડે કે અભડાઇ જવાય એ વાત જૈન ધર્મ જીવનું જે સ્વરૂપ સમજાવે છે, જીવનો જે વિકાસમાર્ગ બતાવે છે, વિકાસમાર્ગના જે સાધનો બતાવે છે તેને અનુરૂપ સંભવતી નથી.

અને ભગવાનના સમવસરણમાં કોઇ પણ જીવ જઇ શકે, ગમે તે જાતિનો જીવ જઇ શકે, ખુદ તિર્યંચોને પણ વાંધો ન હોય અને જંગલમાં આવેલા દેરાસરો મંદિરના દ્વાર અભંગ હોય ત્યાં અમુક કુળમાં જન્મેલ પ્રાણી મંદિરમાં પ્રવેશ ન કરી શકે એ આખી શ્રમણસંસ્કૃતિને લજ્જાવનારી બીના જણાય છે.

મંદિર પ્રાણીને પવિત્ર બનાવે છે. મંદિર અભડાય નહિ. મંદિર પ્રાણીને ઉન્નત બનાવે છે, કોઇ ગમે તેવો પ્રાણી મંદિરમાં જાય તેથી મંદિર નંચું ન બને. ગંગામાં મડદાં પડવાથી મડદું પવિત્ર બને છે, ગંગા અપવિત્ર થતી નથી. મંદિરમાં જવાથી પ્રાણી પવિત્ર બને છે. એનો આત્મા વિશુધ્ધ વાતાવરણની અંદર વિકાસ સાધે છે, એ વિકાસ માર્ગે ચઢે ત્યારે એના મા કે બાપ કોણ હતા તે જોવાનું રહે નહિ, હોય જ નહિ. અને વિશુધ્ધ વાતાવરણ કામ કરે ત્યારે આત્મા અનેરી દશાનુ અનુભવે તે વખતે એ આ ભવમાં કયા કુળમાં જન્મેલ છે તે તપાસવાનું કે વિચારવાનું હોય જ નહિ. આ વાત જો બરાબર હોય, મંદિરને અઢાર સ્નાત્રથી વિશુધ્ધ કરવાની વાતનો આવા પ્રસંગ માટે વિધિ બતાવેલ પણ ન હોય અને પ્રચલિત પણ ન હોય, તો પછી ઢેઢ ભંગીને ત્યાં જન્મનારને મંદિરમાં પ્રવેશ કરતાં અટકાવવાનો પ્રયાસ કરી શકાય નહિ. જૈન શાસ્ત્રકાર તો કહે છે કે 'એવી કોઇ જાતિ નથી, એવી કોઇ યોનિ નથી, એવું કોઇ સ્થાન નથી, એવું કોઇ કુલ નથી, જ્યાં આ જીવ અનંતવાર જન્મ્યો ન હોય કે, જ્યાં અનંતવાર મરણ પામ્યો ન હોય' અને આ ભવમાં પ્રાણી ઢેઢ કે ભંગીને ત્યાં જન્મ્યો તો તેની આબડછેટ કેટલા ભવ સુધી પહોંચે? કે બીજે ભવે એ વાણીઓ બ્રાહ્મણ થાય તો પછી એનું અછૂતપણું નાશ પામી જાય? અને આ ભવમાં પણ એ જો સાહેબનો બાબરચી થાય, એ ક્રીશ્ચીયન થઇ જાય, તો મંદિરમાં આવે તો વાંધો નહિ, પણ એ જ્યાં સુધી ઢેઢ કે ભંગી ગણાય ત્યાં સુધી જ એના પ્રવેશ સામે વાંધો એ વાત કોઇ રીતે સાદી સમજમાં ઉતરે તેવી નથી.

માંસ ખાનાર, મચ્છી ખાનાર, દારૂ પીનાર મુસલમાન, ક્રીશ્ચીયન કે શીખ મંદિરમાં આવે તેનો વાંધો લેવાતો જાણવામાં નથી, તો પછી સાફસુફ થઇ ભંગી કે ઢેઢ મંદિરમાં આવે તેનો વાંધો કેમ હોઇ શકે? અને મંદિરમાં આવી એ આત્મસાધન કરે, જિજ્ઞાસા તૃપ્ત કરે અને કદાચ એની સ્થિતિ પરિપકવ થઇ હોય તો એ ધર્મપ્રાપ્તિ પણ કરે. આવી ધર્મપ્રાપ્તિના માર્ગમાં આડે આવવાનો આપણો અધિકાર ખરો? કયો પ્રાણી કયા સાધનથી ધર્મ પામશે તે જ્ઞાની કહી શકે, પણ એની શકયતા તો ખરીને? આવી શકયતા હોય તો તેને વંચિત રાખવાનું જોખમ ખેડવાનું સાહસ કોઇ કરે તો તેને દોષ લાગે કે નહિ?

અને એક વધારે મહત્ત્વની વાત તો શાસ્ત્રના દાખલાઓની છે. હરિકેશિ મુનિરાજ ઓ ઉપજ્યા કુળ ચંડાળ–એ તો જાણીતી વાત છે. ત્યારે એ હરિકેશિ મુનિ મંદિરમાં જતાં હશે કે એને માટે ઉપાશ્રયમાં અલગ જગ્યા રાખવામાં આવી હશે! એ શ્રાવકને ઘેર વહોરવા જતા હશે ત્યારે રસોડા સુધી આવતા હશે કે ઘરની બહાર એનાં પાતરામાં રોટલી ફેંકવામાં આવતી હશે? એ સાધુમંડળીમાં સાથે પ્રતિક્રમણ કરતા હશે કે એનો ચોતરો જુદો જમાવતા હશે?

અને મેતાર્ય મુનિનું શું? એને તો વાઘરીયે વીંટાળ્યા ત્યારે તો કદાચ સોનીના ઘરમાં એ એકલા હશે, પણ અંતકૃત્કેવળી થઇ મોક્ષ ગયા ત્યારે તેના મૃતકને કોઇ અડયું હશે કે એને કોઇ પાસે ઢસડાવી તેનો દુર પ્રદેશમાં અગ્નિસંસ્કાર કર્યો હશે?

અને માછલા મારનાર હરિબળ મચ્છીનો આખો પ્રસંગ શું બતાવે છે? આવા તો અનેક દાખલા છે એટલે જૈન ધર્મ આત્માનું જે સ્વરૂપ બતાવે છે, ક્રમસાધ્ય મુકિતમાર્ગ બતાવે છે, સર્વ જીવોને માટે યોગ્ય સામગ્રીને સદ્‌ભાવે યોગ્ય તૈયારી કરવાની લાયકાત બતાવે છે તે જોતાં અમુક કુળમાં જન્મ થવાને કારણે એની દીક્ષા લેવાની કે આત્મસાધન કરવાની લાયકાત જતી હોય એમ લાગતું નથી.

અને આગમનો એક પણ પાઠ ઢેઢ ભંગીને ધર્મ કરતો અટકાવે કે નાલાયક ગણે એવો જાણવામાં નથી. અને જો ઐતિહાસિક દૃષ્ટિએ વિચાર કરવામાં આવે તો દીવા જેવું દેખાય તેમ છે કે બ્રાહ્મણોનો જ્ઞાનનો આખો ઇજારો તોડી પાડવાની જે મહાન હીલચાલ તે યુગમાં થઇ તેમાં જૈન અને બૌધ્ધ સંસ્કૃતિએ મોટો ફાળો આપ્યો. બ્રાહ્મણોની માન્યતા હતી કે વેદનો અભ્યાસ બ્રાહ્મણ જ કરી શકે, અમુક વર્ણને માથે અમુક કાર્ય હોય, ધર્મ-સંસ્કાર બ્રાહ્મણો જ કરાવી શકે, એ આખી બાબત સામે બુલંદરો કરનાર તે કાળમાં ઘણા મતો ચાલતા હતા, તેમાં જૈન, બૌધ્ધ,

આજિવક મતોને અગ્રસ્થાન હતું. એ મતોએ બ્રહ્મણોનો મદ તોડયો, એ મતોએ બ્રાહ્મણની એકહથ્થું સત્તા પર આક્રમણ કર્યું અને ખુદ કલ્પસૂત્રમાં પાઠ મુકાવ્યો કે " અરિહંત, ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ તુચ્છ કુળમાં દારિદ્ર કુળમાં, બ્રાહ્મણ કુળમાં ન આવે; અરિહંત, ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ રાજકુળમાં, ભોગકુળમાં, હરિવંશકુળમાં, ક્ષત્રિયકુળમાં થાય." આ મહાન સુત્રની પાછળ તો મોટો ગંભીર ઇતિહાસ છે. મહાવીરસ્વામી, સિધ્ધાર્થ બુધ્ધ મહારાજા અને બીજા મહાન ધર્મધુરંધર ક્ષત્રિયકુળમાં થયા અને બ્રાહ્મણોનું સામ્રાજ્ય તોડી નાખ્યું.

મતલબ, વર્ણનો નાશ કરવો એ જૈન ધર્મનું તો બિરૂદ હતું, એમ ઇતિહાસ કહે છે, પ્રાચીન ગ્રંથો સાક્ષી પુરે છે અને વિક્રમ સંવત એક હજાર સુધી જૈન ધર્મની એ સ્થિતિ કાયમ હતી તેના પાકકા પુરાવા છે. જૈન ધર્મ પામે તે જૈન, શુધ્ધ દેવ, શુધ્ધ ગુરૂ, શુધ્ધ ધર્મનો પરિચય કરી તેને સ્વીકારે તે જૈન. એમાં જૈનનો દીકરો જૈન એવી વાત નહોતી, એમાં ઓશવાળ, શ્રીમાળ કે પોરવાડ અગ્રવાળ હોય તે જ જૈન, એવી સ્થિતિ નહોતી અને જે પ્રકારનો જૈન ધર્મ ગુણસ્થાનકમારોહની નજરે શ્રી વીરપરમાત્માએ બતાવ્યો છે એ દૃષ્ટિ હોઇ પણ શકે નહિ. જૈન એ કોમ નથી, જૈન એ વાદ નથી, જૈન તો આત્માની દશા છે, એમાં જ્ઞાતિને, વાડાને, મંડળીને સ્થાન ન હોય. આત્માનું અનંત તેજ સમજે, સાચા માર્ગની સદ્દહણા કરે, આત્માનો વિકાસ કરવા ઇચ્છે તે જૈન. મહાન ઉપાધ્યાયશ્રી યશોવિજયજી જૈન, કહો કયુ હોવે'ના સ્વાધ્યાયમાં જૈન ને બરાબર વ્યાખ્યા આપે છે, એમાં વાણીઆ જ જૈન હોય એમ કહેતા નથી, પણ એમની વ્યાખ્યામાં આવનાર કોઇ પણ આત્મા જૈન હોય છે એમ કહે છે. ત્યાં ઢેઢ કે ચંડાળના કુળમાં જન્મનારનો અધિકાર જૈન થવાને અંગે જરા પણ કમી કરવામાં આવ્યો નથી.

અને અનંત સંસારમાં રખડનારને ધર્મપ્રાપ્તિ કયારે થશે, કેમ થશે એ જો અપણે ન જાણતા હોઇએ તો તેના માર્ગમાં વચ્ચે આવવાનું અથવા એને મંદિરમાં પ્રવેશ થવા માટે ના પાડનાર આપણે કોણ ? એ તો જૈન ધર્મના મૂળ પાયાને ઉથલાવી નાખવા જેવી ભયંકર દશા છે અને જૈન વિકાસ માર્ગનું નર્યું અજ્ઞાન દર્શાવનાર વાડાભૂમિ છે. વિશાળ જૈન ધર્મને વાડા ન હોય, વિશાળ જૈન ધર્મને મર્યાદા ન હોય, વિશાળ જૈન ધર્મને અનાર્ય દેશ કે ભૂમિ ન હોય. જ્યાં હોય ત્યાં, જેવો હોય તેવો, ગમે તે દશામાં ભગવાનના માર્ગને સ્વીકારે, આદરે, આચરે, તે જૈન, અને તે માટેના પ્રસંગ પ્રાપ્ત કરીઆપવાની ગોઠવણ કરવાની આપણી ફરજ રહે એ તો ઠીક, પણ કાંઇ નહિ તો તેમાં આપણે પ્રત્યવાય ઉભા તો ન જ કરીએ. ઇતિહાસ કહે છે કે વર્ણ અને આશ્રમ સામે મોટામાં મોટો વિરોધ ઉભો કરનાર જૈન ધર્મ છે. એના મુખ્ય અધિષ્ઠાતામાં શ્રી પાર્શ્વનાથ અને મહાવીરસ્વામીને વગર આકાંક્ષાએ ઇતિહાસે સ્થાન આપેલ છે. સંવત એક હજાર પછી જે વાડાધર્મ થઇ ગયો તેના ભોગ બનવા પહેલાં આપણે વીર પરમાત્માએ બતાવેલ અને શ્રી સુધર્માસ્વામીએ સુત્રસિધ્ધાંતરૂપે ગુંથેલ આગમો જોઇ જઇએ. જો એક પણ સુત્ર એવું નીકળે કે અમુક કુળમાં જન્મ થવાને કારણે પ્રાણીની મોક્ષમાં જવાની યોગ્યતા ઘટી જાય છે કે ગુમ થઇ જાય છે તો ઉપરની હકીકત રદબાતલ ગણવી; પણ ઘણી ચર્ચા અને અવગાહનને અંતે હું જણાવવાની રજા લઉં છું કે આ વાત જૈન ધર્મમાં હોય નહિ, છે નહિ, હોઇ શકે નહિ. જો આત્મવાદ, સ્વપરસ્વરૂપ, કર્મનો સિધ્ધાંત, ગુણસ્થાનકમારોહ અને પરભવ ભવાંતરનું જે સ્વરૂપ ભગવાને બતાવ્યું છે તેમાં 'અછૂત' વર્ણનો અધિકાર કાપી નાખવામાં આવ્યો છે એવી વાત આગમ ગ્રંથોમાં નીકળે તો જૈન ધર્મનું જે સ્વરૂપ અત્યાર સુધી દુનિયાએ જાણ્યું છે તેમાં મોટો વિચારફેરફાર થઇ પડે તેવું છે. આપને આધારભૂત રીતે જણાવવાની રજા લઉં છું કે આવી કોઇ પણ બાબત વિશાળ જૈન ધર્મમાં નથી. મેં વિશિષ્ટ અભ્યાસીઓ સાથે આ વિષય પર અનેકવાર લાંબા વખત સુધી ચર્ચા કરી છે અને તેમણે સ્વીકાર કર્યો છે કે વર્ણ કે આશ્રમ જેવી કોઇ ચીજ જૈન ધર્મમાં નથી અને આવા વિશાળ ધર્મમાં વર્ણભાવના હોઇ પણ શકે ખરી ?

અને શાસ્ત્રના દાખલાઓને કેમ વિસારી મુકાય ? ઉતરાધ્યયન સુત્રમાં તો આ વિષય પર એક આખું અધ્યયન છે. સ્પષ્ટતા ખાતર જણાવવું પડશે કે વર્ણ ચાર જણાવામાં છે, તેવા જ ચાર આશ્રમ છે. બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સંન્યસ્તાશ્રમ. જૈન મતે એ આશ્રમભેદ સ્વીકાર્યો નથી. એ તો હેમચંદ્રાચાર્યનો યોગ જાણે તો બ્રહ્મચર્યાશ્રમ દરમ્યાન ચોથા આશ્રમમાં મુકી આપે. આ વર્ણ અને આશ્રમને તોડનાર જૈન ધર્મ હરિજનને મંદિરમાં પ્રવેશ કરવાની ના પાડે એ આખા જૈન ધર્મના સ્વરૂપનું અજ્ઞાન અથવા પાછળના વિકૃત સ્વરૂપનો સ્વીકાર બતાવે છે, મૂળ માર્ગમાં એ વાત નહોતી, હોઇ શકે નહિ, એની વિરૂદ્ધના દાખલા કાયમ થઇ ગયેલા છે અને જૈનનો પ્રથમના પંદરસો વર્ષનો ઇતિહાસ તેની સાક્ષી પુરી રહ્યો છે.

અને બ્રાહ્મણકુળને અધમ તુચ્છ કુળ શા માટે કહ્યું ? બ્રાહ્મણ કુળમાં અવતાર એ નીચ ગોત્રનો ઉદય શા માટે ? આ આવી વાત ખૂબ વિચારણા માગે છે. એની પાછળ જૈન તત્ત્વજ્ઞાન અને જૈન વિચારસરણી મહત્તા રહેલી છે. એમાં મનુષ્યના ધર્મસામ્રાજ્યના સ્વાતંત્ર્યની પરાકાષ્ઠા છે. એમાં મનુષ્ય ઇશ્વર થઇ શકે એ મહાન વિભૂતિના જવલંત ચમકારા છે, એમાં મનુષ્યસમાનતાના વિશિષ્ટ પાઠો છે, એમાં આદર્શ જીવનના અવશેષો છે, અને એમાં જીવ-આત્માની અનંત શક્તિનો પરચો છે.

આ રીતે હરિજન મંદિર પ્રવેશમાં આપણે આડા આવવા જેવું મને કાંઇ દેખાતું નથી. માત્ર છેલ્લાં બસો પાંચસો વર્ષથી જે સંકુચિત મનોદશા ધર્મક્ષેત્રમાં થઇ પડી છે અને ધર્મને વડામાં બાંધી લીધો છે તેથી આપણને કોઇ મંદિરમાં પ્રવેસશે તો મંદિર અપવિત્ર થઇ જશે એવી ભ્રમણા બેસી ગઇ છે. પણ એ મૂળ વાતથી દૂર છે. જૈન ધર્મના સાચા સ્વરૂપને અનનુરૂપ છે. મુદ્દામ રીતે એ કઢંગી વાત છે અને ન સમજાય તેવી મનોદશાનું હાસ્યાસ્પદ પ્રદર્શન છે. આવા ખાડા-ખાબોચિયાથી જેમ જલ્દી દુર થશું તેમ વિશ્વધર્મ તરીકે જૈન તત્ત્વજ્ઞાન અને ક્રિયામાર્ગની મહત્તા આપણે જગતને આપી શકશું. બાકી જૈન ધર્મ જે વિશાળ પાયા પર રચાયલો છે, એમાં આત્માનું જે જે સ્વરૂપ બતાવવામાં આવ્યું છે, એમાં જે ધોરણે આત્મા પરમાત્મા થઇ શકે છે એવું ધોરણ સ્વયંસિદ્ધ સ્વીકારાયું છે, અને એના મહત્તા જે રીતે ભગવાનના યુગમાં બતાવવામાં આવી છે. તેમાં આભડછેટ કે અસ્પૃશ્યતાને સ્થાન હોઇ શકે એવી કલ્પના પણ દુઃખ ઉપજાવે છે. ત્યાં તો દરરોજ પાંચસો પાડાને મારનાર તે ભવમાં મોક્ષ જઇ શકે છે. ત્યાં તો ભગવાનનું એક વચન કાને પડી જતાં રોહિણેય જેવા ચોરનો એ જ ભવમાં ઉદ્ધાર થાય છે, ત્યાં તો હાથમાં મનુષ્યની ખોપરી લીધેલ નીગળતાં લોહીથી હાથ ખરડનાર તદ્દભવમોક્ષગામી થયેલ છે. ભગવાનનું વચન સાંભળનાર કોઇના કાનમાં જૈનોએ સીસું રેડાવ્યું નથી કે ઉકળતાં ગરમ તેલ નાંખ્યા નથી. અહીં આવો, વિચારો, સમજો અને તમારી નિર્મળ બુધ્ધિમાં ઉતરે તો આ તત્ત્વજ્ઞાનનો સ્વીકાર કરો. અને સાધન ધર્મોમાં તો જેટલી છુટ અને સ્વતંત્રતા જૈન ધર્મે આપી છે તેટલી બીજા કોઇ દર્શને, મતે કે માન્યતાએ દુનિયાને આપી નથી. આ વિશાળ દૃષ્ટિ જૈનની હોય. હું જૈન ધર્મને આવો સમજ્યો છું. મારી નજરે હરિકેશિ મુનિનો આખો પ્રબંધ, મેતાર્ય મુનિનો આખો પ્રસંગ અને એવા અનેક

પ્રસંગો પણ એ જ વાત બતાવતા હોય એમ લાગે છે અને શ્રી મહાવીર ભગવાનનો આખો ઇતિહાસ, એ જ વાત બતાવે છે. આવા વિશાળ ધર્મમાં ભગવાનના મંદિરમાં અમુક પ્રાણી પ્રવેશે કે નહિ એવો પ્રશ્ન મને ધર્મની નજરે, ઇતિહાસની નજરે, પ્રચારને અંગે, અને મૂર્તિપૂજાની આખી ભવ્યતાને અંગે ભારે દુઃખ કરાવનાર અને મૂળગત બાબતને સ્પર્શતા લાગે છે.

છતાં એમાં આગ્રહને કાંઇ કારણ નથી. મેં આ સવાલને અનેક દૃષ્ટિબિંદુથી અતિ વિદ્વાન મુનિરાજો અને નિષ્ણાત જૈન પંડિતો સાથે ચર્ચ્યો છે અને એક પણ સૂત્ર એવું લાધ્યું નથી કે જેની રૂએ ઢેઢ બંગીને મંદિરમાં પ્રવેશ કરવાની ધર્મદૃષ્ટિએ ના કહી શકાય. શારીરિક સ્વચ્છતાની વાત જુદી છે અને તે તો સર્વ પ્રાણીને લાગુ પડતી છે, પણ અમુક કુળમાં ઉત્પન્ન થયો તે ખાતર તે મંદિરમાં આવી શકે નહિ એ વાત મને સમજાણી નથી. કોઇ વિદ્વાન શાસ્ત્રના પાઠો કે દાખલાઓ સાથે સમજાવે તો મને વિચાર કરવાનો વાંધો નથી. પણ હું અમુક સંસ્થામાં જઉ આવું છું તેથી મારો પૂર્વ-ગ્રહ બંધાઇ ગયો છે એ આક્ષેપ અનુચિત છે. મેં વરસો પહેલાંથી જિજ્ઞાસારૂપે મહાન આચાર્યો સાથે આ જ પદ્ધતિએ વાત કરી છે અને હજુ સુધી આ અભિપ્રાય ફેરવવાનું એક પણ કારણ મને મળ્યું નથી.

બીજો સવાલ હાલમાં ચર્ચાય છે તે 'જૈન'નો હિંદુ શબ્દમાં સમાવેશ કરવો કે નહિ તેને અંગેનો છે. આ સવાલ બહુ સાદો છે અને વિચાર કરીને સમજવા જેવો છે.

'હિંદુ' શબ્દ આધુનિક છે. તમને જુના સાહિત્યમાં એ શબ્દ મળશે જ નહિ. 'સિન્ધુ' શબ્દ પરથી એ શબ્દ આવ્યો છે. હિંદુસ્તાન માટે અસલ શબ્દ ભારતવર્ષ છે. ભારત-વર્ષના લોકો માટે એક શબ્દ નહોતો. તેમાં હિંદુસ્તાન શબ્દથી મેળ જામ્યો અને ત્યાંના અસલ રહેનાર અને ત્યાં સંસ્કાર મેળવ-નાર માટે એ શબ્દનો ઉપયોગ થયો. એને માટે કારિકા નીચે પ્રમાણે જાણીતી છે.

आसिंधु सिंधुपर्यंता यस्य भारतभूमिका,
जन्मभू: पुण्यभूश्चैव स एव हिंदुरिति स्मृत:

એટલે સમુદ્રથી માંડીને સિન્ધુ નદી સુધીની ભારતભૂમિકા જેની જન્મભૂમિ અને ધર્મોત્પત્તિભૂમિ હોય તે હિંદુ કહેવાય.

જન્મભૂમિ અને ધર્મના ઉદ્‌ભવની ભૂમિ હિંદી કે બંગાળી મહાસાગરથી માંડીને સિંધુ નદીની વચ્ચેના પ્રદેશમાં ભારતભૂમિમાં હોવી જોઇએ. તે જેની હોય તે હિંદુ કહેવાય. એમાં મુદ્દો એવો છે કે તેની પોતાની ઉત્પત્તિનું સ્થાન અને ધર્મના મૂળનું ઉદ્‌ભવ-સ્થાન એ બન્ને ભારતભૂમિમાં હોય તે હિંદુ. એ રીતે સિલોનીઝ કે જાપાનીઝના મીનો બુધીઝમ વગેરે ઉદ્‌ભવનું સ્થાન ભારતભૂમિ ખરી પણ એમની પોતાની જન્મભૂમિ ભારતવર્ષ ન હોવાથી તે હિંદુ નહિ. તે જ પ્રમાણે પારસીઓની જન્મભૂમિ ભારતવર્ષ ખરી પણ ધર્મોદ્‌ભવ (ઝોરો ઓરટીઆનીઝમ) તો ઉદ્‌ભવ ઇરાનમાં એટલે એ હિંદુની વ્યાખ્યામાં ન આવે. એ જ ધોરણે મુસલમાન (ખોજા, મેમણ પઠાણ, વોરા, શિયા) વગેરેનો જન્મ ભારતભૂમિમાં ખરો પણ એના ધર્મનો ઉદ્‌ભવ અરબસ્તાનમાં માટે–એ હિંદુ નહિ.

આ વ્યાખ્યા પ્રમાણે જૈનને હિંદુ ગણવામાં આવે તો વાંધો દેખાતો નથી. હિન્દુ એટલે વેદને અનુસરનારા વેદાનુયાયી કે વેદને અપૌરૂષેય ગણનારા એવો અર્થ થતો નથી અને એ વાત સ્વીકા-રાયલી છે. હિન્દુ મહાસભા એ ધોરણે જ ચાલે છે.

જો હિન્દુ શબ્દથી વેદને માનનારા એવો અર્થ થતો હોય તો જૈન હિન્દુ ન ગણાય, પણ ભારતવર્ષમાં ઉત્પત્તિ અને ધર્મભૂમિ જેની હોય તેને હિંદુ ગણવા એ વ્યાખ્યા માન્ય હોય તો જૈનને સાથે ગણવામાં વાંધો નથી. હિંદુ શબ્દની આ સ્વીકારાયલી વ્યાખ્યા છે. બાકી મોટી સંખ્યામાં હિંદુ વેદના અનુયાયી હોવાથી હિંદુ શબ્દમાં ગણાવા જતાં જૈનો પણ વેદના અનુયાયી થઇ જશે એ ભય અસ્થાને છે. અત્યારે આવા ભેદને સ્થાન નથી અને જરૂર પણ નથી. નૈયાયિક સાંખ્ય વૈદાંત યોગ પૂર્વ મિમાંસા ઉત્તર મિમાંસા એ વેદવિહિત સંપ્રદાયો છે. એ ભારતવર્ષિય મતો છે. તે જ માત્ર હિંદુ છે એવું નથી. આ દૃષ્ટિએ વિચારતાં અને જૈનોનો વેદાનુયાયી સાથે થયેલો સંપર્ક સંબંધ અને નાની સંખ્યાને અંગે ઉપજતી પરિસ્થિતિને અંગે જૈનોને જુદા ગણાવું પાલવે કે પરવડે તેવું પણ નથી. રીતરિવાજ, કાયદો અને જીવન, અરસપરસ એટલા બધા ઓતપ્રોત થઇ ગયા છે કે જુદા પાડવામાં અનેક વિચારક તત્ત્વો વ્યવહારની દૃષ્ટિએ પણ વિચારવા જેવા છે. અને કન્યા વ્યવહાર, ભોજન વ્યવહાર અને નવયુગની સ્વતંત્ર વિચારસરણી તથા ગામડાંના જૈનોની એકલ અટુલી સ્થિતિ પર વિચાર કરતાં ભારતવર્ષથી છુટા પડવું એ ઇચ્છનીય પણ નથી. આ વાત ગંભીર વિચારણા માગે છે એમાં તાત્કાલીક આવેશમાં આવી જવા જેવું નથી, છતાં એક વાત ચોકખી છે કે વેદને આધારભૂત માનનાર એ જ જો હિંદુ ગણવામાં આવે અને ઉપરની વ્યાખ્યા સ્વીકારાય નહિ તો જૈનો હિંદુ નથી. એટલે હિંદુ શબ્દની વ્યાખ્યાની ચોખવટ કરવા જેવું છે. બાકી જૈનોએ ગભરાવાની કે ઉતાવળું પગલું ભરી નાખવાની જરૂર નથી.

ઉપરના વિષયો પર મૂળ પાઠો, દાખલાઓ અને વિદ્વાનોના અભિપ્રાયો રજૂ કરવા જેટલો સમય રહ્યો નથી, તેથી બહુ મુદ્દાઓ અગત્યના લાગ્યા તે અત્રે રજૂ કર્યા છે. આવકાદે એ વિષય પર વિસ્તારથી લેખ લખવાની ઇચ્છા છે. આવા વિચારો જાહેર કરવામાં રહેલું જોખમ અને જવાબદારીનો પૂરતો ખ્યાલ રાખી ઘણા સમયથી મનમાં ઘડાયલા વિચારોને મૂર્તસ્વરૂપ આપ્યું છે તેને અંગે કોઇ પર આક્ષેપ કરવાનો ઇરાદો નથી. હું જૈન ધર્મ જેવો સમજ્યો છું તેના આકારમાં તેને ભાવી વિકાસની દૃષ્ટિએ અત્રે રજુ કર્યો છે.

મોતીચંદ ગીરધરલાલ કાપડીયા.

(જૈન પત્રમાંથી સાભાર ઉધ્ધૃત)

ઇનામી નિબંધ

શ્રી આત્માનંદ જૈન સભાના મંત્રીઓ જણાવે છે કે 'સામાજીક રાજકીય અને ધાર્મિક દૃષ્ટિએ જૈન સમાજનું ભાવિ' એ વિષયપર ગુજરાતી અથવા હિંદીમાં નિબંધ લખી મોકલવા માટે તમામ જૈન બંધુઓ અને બહેનો તથા સાધુયતિવર્ગને વિનંતિ કરવામાં આવે છે. આ નિબંધમાં શ્રમણ-સંસ્થા, શ્રાવકસંસ્થા, આદિત્ય મંદિર, તીર્થો, વ્યાપાર ઉદ્યોગ, રાજકીય સમસ્યા વગેરેનો નુતન યુગની દૃષ્ટિએ સંપૂર્ણ રીતે વીચાર થવો જોઇએ.

૧ નિબંધ ૪૦૦ લીટી જેટલો હોવો જોઇએ.

૨ ફુલસ્કેપ કાગળની એક બાજુ લખેલો હોવો જોઇએ.

૩ તા. ૩૧–૧૨–૪૭ પહેલાં નીચેના સ્થળે પહોંચતો કરવો જોઇએ.

આ નિબંધની પરીક્ષા નીચેના બંધુઓની બનેલી સમીતી કરશે.

(૧) શ્રી મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ,

(૨) શ્રી કુતેચંદ ઝવેરભાઇ શાહ,

(૩) ધીરજલાલ ટોકરસી શાહ.

નિબંધો પૈકી પ્રથમ આવનારને રૂા. ૧૦૧, તથા બીજા આવનારને રૂા. ૫૧ નું ઇનામ આપવામાં આશે.

આ નિબંધ પ્રગટ કરવાનો સર્વ હક્ક સંસ્થાને હસ્તક રહેશે.

ચેતન ગ્રંથો

[શ્રી વિજયધર્મસૂરિ-સુવર્ણચંદ્રક સમર્પણ સમારંભ પ્રસંગે શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળામાં પંડિત સુખલાલજી સાથે એક વાર્તાલાપ ગોઠવવામાં આવ્યો હતો. એ વાર્તાલાપ દરમિયાન આજે કેવા સાહિત્ય-પ્રકાશનની જરૂર છે એ પ્રશ્ન અને એ વિષયને લગતા અન્ય પ્રશ્નોના ઉત્તર રૂપે પંડિત સુખલાલજીએ જે ઉદ્બોધક અને પ્રેરક વિવેચન કર્યું હતું તે સંકલિત કરીને નીચે આપવામાં આવે છે. તંત્રી]

સાહિત્યનું પ્રકાશન એટલે પ્રાચીન સાહિત્ય જેવા રૂપમાં મળી આવે તેવા જ રૂપમાં પુસ્તકો પ્રગટ કરવા એમ ન સમજવું. જે કંઈ પ્રાચીન કે અર્વાચીન પણ સાહિત્ય પ્રગટ કરવામાં આવે તે નવા વિચારપ્રવાહોથી યુક્ત હોવું ઘટે અને એમ થાય તો જ તેની ઉપયોગિતા કહી શકાય. નવા વિચારપ્રવાહોથી યુક્ત એટલે ઇતિહાસને બરાબર ન્યાય આપીને તૈયાર કરવામાં આવેલું અને વર્તમાન જીવનને ઉપયોગી થઇ શકે એવી દૃષ્ટિવાળું પ્રમાણભૂત પ્રકાશન.

અને ગ્રંથમાળા એટલે માત્ર જડ પુસ્તકો જ નહીં, માત્ર પુસ્તકો છપાવીને પ્રગટ કર્યે જવા એટલું જ એનું કાર્ય ક્ષેત્ર ન હોઇ શકે. ખરી જરૂર તો ચેતન ગ્રંથો તૈયાર કરવાની છે. અને અત્યારે તો એ કાર્ય જ સૌથી પ્રથમ કરવા જેવું છે. ચેતન ગ્રંથો એટલે ગ્રંથો નહીં, ગ્રંથકારો-વિદ્વાનો સમજવા. અત્યાર લગી આવા ચેતન ગ્રંથો તૈયાર કરવા માટે આપણે શું કર્યું છે એ વિચારો, અને એ તરફની ઉપેક્ષાનું પરિણામ કેવું અનિષ્ટ આવ્યું છે એ પણ વિચારો. આપણે-આપણો આખો સમાજ-અંધશ્રદ્ધાના રૂપમાં જઇ પડયો છે. નવીન યુગના પ્રવાહોએ આપણી સમજણને કંઇક સતેજ કરી છે અને આપણી દર્શનશક્તિમાં વધારો કર્યો છે. તેથી આ અંધ-શ્રદ્ધા આપણને વધુ સમજવા લાગી છે ખરી, છતાં એ સમજણને અનુરૂપ આપણી પ્રવૃત્તિ નથી એ દુઃખની વાત છે. માણસો-ચેતન ગ્રંથો-તૈયાર કરવા માટે શું કરવું ઘટે એનો હજીય આપણને જોઇએ તેવો વિચાર આવતો નથી. અત્યારની આપણી સંસ્થાઓ એવી જડતંત્ર જેવી બની ગઇ છે કે તેમાં મારા જેવાનું ઇન્જેક્શન કારગત નથી નીવડતું. ભાવનગર અને બીજા સ્થાનોમાંની પણ સંસ્થાઓ છુટી છુટી રહે તો કોઇ કાર્યસાધક પરિણામ ન નિપજાવી શકે. નામથી સંસ્થાઓ ભલે જુદી જુદી હોય પણ કાર્યની દૃષ્ટિએ તો બધી સંસ્થાઓમાં એકરસતા અને એકબીજાના પૂરક થવાની સંપૂર્ણ સહકારની ભાવના હોવી જોઇએ.

ચેતનગ્રંથો-માણસો તૈયાર કરવા હોય તો સૌથી પ્રથમ તેની આર્થિક ભૂમિકા સારી હોવી ઘટે. જો આર્થિક ભૂમિકા નબળી રહી તો આ વિજ્ઞાનપ્રધાન યુગમાં સાયન્સ છોડી તત્ત્વજ્ઞાન કોણ લે? અને આપણા ક્ષેત્રમાં તો આર્ટ્સ કોલેજનો જ ભાગ આવે છે, જે અત્યારે આર્થિક દૃષ્ટિએ નબળો છે. હજુ પણ એને આપણે નબળો જ રહેવા દઇએ તો તત્ત્વજ્ઞાન કે ઇન્ડોલોજીનો અભ્યાસ, જે તરફ સમાજકલ્યાણની દૃષ્ટિએ આપણી ચાહના છે તેને કોણ અપનાવે? માણસ છેવટે ભણે છે તે તો ગુલામ થવા માટે નહીં પણ પોતે પોતાની મેળે ઉભા રહી શકે તે માટે જ, એટલે જો તત્ત્વજ્ઞાનના કે ઇન્ડોલોજીના અભ્યાસીઓની આર્થિક ભૂમિકા સારી ન થાય તો એ ક્ષેત્રમાં પ્રથમ પંક્તિના માણસો નહીં પડવાના અને જો થર્ડ ક્લાસ (નીચી કોટીના) માણસો જ મળવાના હોય તો એવા હજારો માણસો કે એવી હજારો સંસ્થાઓથી પણ કશું ન થઇ શકે?

આ આર્થિક ભૂમિકા સારી થવાની સાથે સાથે તત્ત્વજ્ઞાન જેવા શુષ્ક લાગતા ક્ષેત્રને ખેડનારના કામનું મૂલ્યાંકન અને તેની વિદ્વાની પ્રતિષ્ઠા પણ થવી ઘટે. અત્યારે તો સ્થિતિ કેવળ અર્થપ્રધાન દૃષ્ટિવાળી જ પ્રવર્તે છે. એમાં મૂલ્યાંકન કે પ્રતિષ્ઠાને ક્યાંય અવકાશ જ નથી રહ્યો. એક સાદો દાખલો લઇએ. તમારે કે મારે એક બહેન કે દીકરી હોય, તેની યોગ્ય ઉમર થતાં એ કન્યા પોતે વર પસંદ કરી શકે એવી ન હોય, અને આપણે એના માટે વરની પસંદગી કરવાની હોય. વિજ્ઞાનશાસ્ત્રી અને તત્ત્વજ્ઞાનના અભ્યાસી વચ્ચે વરની પસંદગી કરવાની હોય તો પ્રતિષ્ઠા અને અર્થ બન્ને દૃષ્ટિએ વિજ્ઞાનશાસ્ત્રની જ પસંદગી થવાની એ નિઃશંક છે. આનો અર્થ એ નથી કે તત્ત્વજ્ઞાનને આપણે નકામું ગણીએ છીએ. તત્ત્વજ્ઞાનની પણ પુરેપૂરી જરૂરિઆત આપણે સ્વીકારીએ જ છીએ. ફેર માત્ર એટલો જ કે વ્યવહારમાં તત્ત્વજ્ઞાનને જે પ્રતિષ્ઠા અને આર્થિક ભૂમિકા મળવી ઘટે તે મળી નથી. પણ હવે આ સ્થિતિ વધુ વખત નભાવવા જેવી નથી. નહીં તો પ્રથમ પંક્તિના તત્ત્વજ્ઞાનના અભ્યાસીના ક્ષેત્રમાં આપણું દેવાળું જ નીકળી જવાનું.

આ માટે આપણે આપણી વિભક્ત શક્તિઓને એકત્રિત કરવી ઘટે અને અત્યાર સુધી દ્રવ્ય (એટલે બાહ્ય વસ્તુ) ઉપર જે વજન મૂકયું છે તેના બદલે ભાવ ઉપર વજન આપવું ઘટે, જો તાત્ત્વિક કામ ન થતું હોય તો કેવળ દ્રવ્ય (નાણું) ભેગું કરવાનો શો અર્થ છે? મને તો લાગે છે કે દરેક સંસ્થાએ દ્રવ્યની મર્યાદા રાખવી ઘટે. જો યોગ્ય માણસો નહીં હોય તો એ નાણાં શું કરી શકશે? એટલે જેટલું બને તેટલું બધું નાણું માણસોએ-ચેતન ગ્રંથો તૈયાર કરવા પાછળ ખર્ચવું ઘટે અને તેથી માણસોને ચેતનગ્રંથોને તૈયાર કરવા તરફ આપણી દૃષ્ટિ નથી તે સ્થિતિ હવે તો શિઘ્ર દૂર થવી જ ઘટે.

જો આમ નહીં થાય અને જેવું સત્ત્વહીન, દૃષ્ટિહીન અને બિનઉપયોગી સાહિત્ય અત્યારલગી આપણે પ્રગટ કરતા રહ્યા છીએ એ જ પ્રવૃત્તિ જો ચાલુ રહી તો સાચે જ માનજો કે હવે વખત એવો આવ્યો છે કે સામે પૈસો આપવા છતાં એવું સાહિત્ય કોઇ વાંચશે નહિ. ખરી વાત તો એ હતી કે સંશોધનની પાશ્ચાત્ય પ્રગતિની સાથે સાથે જ લાંબા સમય પહેલાં જ ઉંચા પ્રકારે સંશોધિત સાહિત્યને પ્રગટ કરવાની જરૂર હતી. તે તો ન થયું પણ હવે મોડા મોડા પણ આપણે જાગીએ અને જુના સાથે વર્તમાન પરિસ્થિતિનો સમન્વય સાધીએ.

જૈન સમાજમાં જેનો અભાવ છે તે જ્ઞાન અને જ્ઞાની પ્રત્યેની આદર અને બહુમાન કે પ્રતિષ્ઠાની વૃત્તિ બ્રાહ્મણ સમાજમાં આજે પણ જોવા મળે છે. જગદ્‌ગુરૂ શંકરાચાર્ય કરતાં વિશિષ્ટ પંડિતનું આસન પહેલા મૂકવામાં આવે છે એ શું સુચવે છે? તમે કલકત્તા યુનિવર્સિટિમાં જાઓ અને વિદ્વાની પ્રતિષ્ઠા શું એ તરત જ તમને સમજાશે. આપણે ત્યાં પ્રતિષ્ઠા શુષ્ક ક્રિયાકાંડની છે, જ્ઞાનની નથી એ કમનસીબી છે. જાણે એમ જ લાગે છે કે આપણે ત્યાં જીવતા માણસોનો જ તોટો પડી ગયો છે. આ સ્થિતિ ટાળવી જ રહી. અને એ ટાળવાનો એક માત્ર ઉપાય માણસો-ચેતન ગ્રંથો તૈયાર કરવા એ જ છે.

ઇતિહાસનો અર્થ આપણે માત્ર પ્રશસ્તિ જ કરીએ છીએ એ આપણી ભૂલ છે. એમ માનવાથી કશું કામ નહીં થાય. એમાં તો સારા-ખોટા-પૂર્ણતા-અપૂર્ણતા એ બધાનો સમાવેશ થવો જોઇએ. એમ કરીએ તો જ નવી ભૂલો કરતાં આપણે અટકી શકીએ, અને નવસર્જનમાં જરૂરી ફાળો આપી શકીએ.

વળી મોટામાં મોટું દુઃખ તો એ છે કે આપણી પાસે જે છે એને નભાવવાની આપણી વૃત્તિ, દૃષ્ટિ કે તૈયારી નથી. ત્યાં સૌને પોતપોતાનો જુદો ચોકો જોઇએ છે અને એ માટે સૌ પોત-પોતાને ગમતી રીતે નાની મોટી સંસ્થાઓ રચવાની માયાજાળમાં ફસાયા છે. પણ ખરી રીતે તો હવે નવાં નવાં મંદિરો કરાવવાની મનોવૃત્તિના બદલે સંસ્કારોપયોગી સાધનો પાછળ નાણાં ખર્ચવા

પર્યુષણ વ્યાખ્યાનમાળા પર ઉડતી નજર

પ્રાણાલિકા મુજબ આ વર્ષે પણ વર્તમાનપત્રોમાં શ્રી. મુંબઇ જૈન યુવક સંઘના આશ્રયે થનારા વ્યાખ્યાનોનો કાર્યક્રમ પ્રગટ થયો. દર વર્ષે હું એ ખબર વાંચતો, પણ બે વર્ષ પર એક મુનિમહારાજે વ્યાખ્યાનમાં કહ્યું હતું કે 'પર્યુષણમાં જુદી વ્યાખ્યાનમાળા ગોઠવાય જ નહીં. એ ગોઠવનાર એક પાપયુક્ત પ્રવૃત્તિ આદરી રહ્યા છે અને પર્યુષણમાં સાધુ મહારાજનાં વ્યાખ્યાન સિવાય બીજે ગોઠવાતા આવા વ્યાખ્યાનો સાંભળવા જવું એ પણ એવી પાપભરી પ્રવૃત્તિને વેગ આપવા બરાબર છે.' આવું સાંભળીને ધર્મ વિષે કાંઇક સમજવા મથતા મારા મગજ પર આછી છાપ પડી કે 'આનંદ ભુવનમાં થતા પ્રવચનોમાં તો ન જવાય.' છતાંય હું કોઇ કોઇ વાર ત્યાં જઇ ચઢતો અને એ સ્વાદ મને યાદ રહી ગયો હોવાથી અને મહારાજ સાહેબની વાત બે વર્ષ જેટલી જુની થઇ જવાથી આ વર્ષે મેં વિચાર કર્યો કે 'ગમે તેમ હોય પણ આનંદ ભુવનમાં તો જવું જ છે.' મને ખાસ આકર્ષણ તો કાકાસાહેબ કાલેલકર, ન્યાયમૂર્તિ હરસિદ્ધભાઇ દીવેટીઆ, ડૉ. બુલચંદજી, પંડિત સુખલાલજી તથા શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહ વગેરેના પ્રવચન સાંભળવા માટે હતું.

પ્રથમ દિવસનો કાર્યક્રમ જ એવો હતો, હોલ ભરાઇ જાય એ સ્વાભાવિક હતું. ગુરૂવાર તા. ૧૧મીએ પહેલું વ્યાખ્યાન શ્રી. પુરૂષોતમ કાનજી (કાકુભાઇ) નું 'જગતનાં શ્રેષ્ઠ પુરૂષોમાં ગાંધીજીનું સ્થાન' એ વિષય પર હતું. શ્રી. કાકુભાઇએ સેક્રેટીસના તથા બીજા મહાન પુરૂષોના જીવનના કેટલાય પ્રસંગો ટાંકી મહાત્મા ગાંધીજીનું ઉચ્ચ સ્થાન સમજાવ્યું. બીજા વ્યાખ્યાનના વક્તાના નામથી ગરદી વધી હતી. શ્રી. કાકાસાહેબ એક આકર્ષક વિષય, 'सत्यम् शिवम् सुन्दरम्' પર પ્રવચન કરવાનાં હતા. શ્રોતાઓએ તેમને ખૂબજ પ્રફુલ્લિતપણે સાંભળ્યા. એ વ્યાખ્યાન વિષે તો પ્રબુદ્ધ જૈનમાં જરૂર લખાશે પણ એ તો જેમણે સાંભળ્યું હોય તેઓ જ તેનો આનંદ માણી શકે; એટલે બધા પ્રવચનો પર નોંધ લખવાનો મારો આશય નથી પણ આવા પ્રવચનો વિષે મારે થોડુંક જણાવવાનું છે.

પહેલે દિવસે એક ભાઇ આવ્યા અને વ્યાખ્યાન તો ચાલુ હતું એટલે કાર્યક્રમ જોવા ગજવામાંથી કેટલાય દિવસોથી સંગ્રહીત એવું વર્તમાનપત્રનું કટીંગ બહાર કાઢયું ત્યારે મને સહેજે થયું કે કેટલાય ભાઇબહેનો આ પ્રવચનો સાંભળવા રાહ જોઇ બેસતા હશે બીજા એક ભાઇ પ્રવચનોની નોંધ કરતા હતા. તેમની પેન એટલી ઉતાવળી ચાલતી હતી કે મને થયું કે આ ભાઇ કદાચ શબ્દે શબ્દને પોતાની નોટબુકમાં ઝડપી લેવાનો ભગીરથ પ્રયત્ન કરી રહ્યા છે. પ્રથમ દિવસે અરધા હોલમાં ખુરસી મુકવામાં આવી હતી. તેમાં પ્રથમ હરોળમાં મેં સફેદ કફની અને ખાદીની ટોપીમાં આનંદથી અને એકચિત્તે સાંભળતા એક ભાઇ–શ્રી. ગીરધરલાલ કાપડીઆ અને તેમના પુત્ર લલીતભાઇને જોયા. બીજે દિવસે વધુ જગ્યા કરવા માટે ખુરસીઓ કાઢી નાખવામાં આવી ત્યારે સ્ટેજની એકદમ નજદીકમાં બેસી તેઓને મેં શાંતીથી સાંભળતા જોયા. આ ઉપરાંત મેં કેટલાય ભાઇબહેનોને નિયમીતપણે પ્રવચનોમાં જોયા ત્યારે આવા વ્યાખ્યાનોની ઉપયોગીતા, જરૂરીઆત અને ભાઇબહેનોની રસવૃત્તિ સમજાઇ.

આ બધા નાના પ્રસંગો બતાવે છે કે જૈનો તેમ જ ઘણા અન્ય ધર્મીઓ આવા વ્યાખ્યાનોમાં રસ ધરાવે છે અને તેનો લાભ ઉઠાવે છે.

સૌથી મહત્વની વાત તો મને વ્યાખ્યાનોની ભાષા વિષે લાગી. ઉપાશ્રયમાં સાધુ મહારાજ વ્યાખ્યાન આપે છે અને પર્યુષણના તહેવારો દરમિયાન ખાસ ગ્રંથ; જેવાકે કલ્પસૂત્ર કે બારસાસૂત્ર વાંચે છે. મેં સવારે તથા બપોરે વંચાતા એ સૂત્રો સાંભળ્યા છે. મને એક શંકા થઇ હતી કે આ ભાઇઓ અને તેથીય વધુ સંખ્યામાં બેઠેલી બહેનોમાંથી કેટલા શ્રોતાઓ એ મહારાજ સાહેબની અને સંસ્કૃત યા માગધી ભાષાના ગ્રંથોની, ઉચ્ચ ભાષાને સમજી શકતા હશે? કદાચ એક પણ નહીં. આ મારા એકલાનો મત નથી પણ બીજા ઘણાનો મત છે. અને તો પણ ત્યાં પારાવાર ગીરદી થાય છે. બેસવાની જગ્યા માંડમાંડ મળે તો સંભળાય નહીં, અને સંભળાય તો સમજાય નહીં. હા, સમજાય કદાચ ચાલુ વ્યાખ્યાન સાથે ઉદાહરણ તરીકે કહેવાતી નાની નાની વાર્તાઓ.

આ શંકા નિવારવા મેં એક મુનિમહારાજને પૂછયું કે, 'સાહેબ, આપણા મોટા અને પવિત્ર ગ્રંથોનું સાદી અને સરળ ગુજરાતી ભાષામાં ભાષાંતર કરવામાં આવે તો જૈન સમાજને તથા અન્ય ધર્મીઓને જૈન–ધર્મ સમજવામાં કેટલો બધો ફાયદો થાય?' પંણ તેઓશ્રીએ તદ્દન ઠુંકો પ્રત્યુતર વાળ્યો. 'ધર્મના પવિત્ર પુસ્તકોનો અનુવાદ કરવો એ પાપ છે. વડીલ આચાર્યો જે કરી ગયા છે તે જ ઉત્તમ છે' એટલે બસ! પાપની વાત આવી કે પ્રશ્ન પૂછનારે શાંત થઇ જવું પડે.

આથી જ્યારે મેં આનંદ ભુવન તથા ભાંગવાડી થીએટરમાં યોજાએલાં વ્યાખ્યાનો સાંભળ્યાં ત્યારે પ્રથમ અસર તેની ભાષાશૈલીની થઇ. દરેક વર્ગ વ્યાખ્યાનોની સરળ ભાષા સમજી શકતા એ જ તેની એક સિદ્ધિ છે.

પંડિત બેચરદાસે 'પ્રત્યક્ષ પરિસ્થિતિ અને ધર્મ' પર પ્રવચન આપ્યું હતું અને તેમણે અંતમાં જે શ્રોતાઓને પોતાના કટાક્ષોથી આઘાત લાગ્યો હોય તેમની માફી માગી. તે પ્રસંગના અનુસંધાનમાં શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહે આ વ્યાખ્યાનમાળાનો ઉદ્દેશ સમજાવ્યો કે 'જીવનમાં જે જડતા ફેલાયલી છે તે ઉખેડતાની છે અને જીવન અને ધર્મનો સંબંધ સમજાવવો એ જ આનો ઉદ્દેશ છે, અને એથી કરીને જે કોઇને આઘાત પહોંચે તેમની માફી માગવાની કોઇ જરૂર નથી. જો આઘાત થશે તો તેઓ વિચાર કરતા થશે અને ધર્મ, તેના ખરા સ્વરૂપમાં સમજશે અને ત્યારે જ

ઘટે. એમાંથી જ નવસર્જનને અનુકુળ એવા માણસો–ચેતન ગ્રંથો તૈયાર થઇ શકશે.

આજે એવો ચેતન ગ્રંથ સમો એટલે કે દક્ષિણામૂર્તિવાળા શ્રી. નાનાભાઇ ભટ્ટ જેવો એક માણસ તો આપણા સમાજમાં બતાવો જેનાં નામથી ખેંચાઇને વિદ્યાર્થીઓ ચાલ્યા આવે? પોતાની આસપાસનો જ વિચાર કર્યા કરવો અને બીજે બીજે સ્થળે જે વિદ્યાધામો આદર્શ રીતે ચાલતાં હોય તે તરફ ધ્યાન ન આપવું અને આપણી જુની દ્રષ્ટિ મુજબ જ નવી નવી સંસ્થાઓ ઉભી કર્યા કરવી એ બરાબર નથી. ખરી રીતે જ્યાં જ્યાં આદર્શ વિદ્યાધામ હોય ત્યાં જઇ કામ કરી બતાવવું અને ત્યાંથી સાચી પ્રેરણા લઇ આવવી એ વડે જ આપણી જ્ઞાનની ભૂમિકા ઉંચી થઇ શકે. આપણે ત્યાં સૂરિઓ ઘણાય છે. પણ મારે મન તો એ જ સાચા સૂરિ છે કે જેઓ સાર્વજનિક સંસ્થામાં જઇ કામ કરી શકે.

અંતમાં મારે એટલું જ કહેવું છે કે તમે તમારા પુત્રના સમગ્ર ભવિષ્યનો જેમ વિચાર કરો છો તેમ જે વિદ્યાર્થી હોય–વિદ્યાનો અર્થી હોય–તેના ભવિષ્યનો પણ તમારા ભાઇ તરીકે જ વિચાર કરજો અને આપણા ત્યાગી ગણાતા વર્ગની ભૂમિકા ઉંચી કરવી હોય અને હવે પછીના યુગમાં તેમની પ્રતિષ્ઠા સાચવી રાખવી હોય તો મારો તમને સૌને એક જ સંદેશો છે કે–માણસો–ચેતના ગ્રંથો તૈયાર કરો. એ ચેતન ગ્રંથોથી જ આપણા ત્યાગી વર્ગને સ્વતઃ પ્રેરણા મળશે, અને એ રસ્તે આપોઆપ તૈયાર થવાની ફરજ પડશે.

અમારો આશય સફળ થયો ગણાશે.' આ જ વાત પંડિત સુખલાલજી, તથા ડો. ભૂલચંદજીએ જણાવી હતી.

વ્યાખ્યાનમાળાનો આવો નૂતન ઉદ્દેશ મેં જાણ્યો ત્યારે મને વિચાર આવ્યો કે આઠ દિવસ વ્યાખ્યાનો અપાય છે અને સોળ વક્તાઓ આવે છે તેને બદલે ચાર વ્યાખ્યાનોનો વધારો થઇ શકે ખરો? બે વ્યાખ્યાનનો પર્યુષણના આગલા દિવસે પર્યુષણ મહાપર્વનું મહાત્મ્ય સમજાવે તેવા અને બે વ્યાખ્યાનો પર્યુષણ પછીના દિવસે (પાંચમને દિવસે) યોજાય અને તેમાં, ધર્મ ફક્ત પર્યુષણોમાં જ ન પાળતા; જીવનની દરેક ક્ષણે જાળવવો એ વિષે કાંઇક કહી શકાય. વળી વક્તાઓ દરેક વ્યાખ્યાનમાળામાં દરેક વર્ષે લગભગ એક સરખા જ આવે તે કરતાં દર વખતે નવી નવી વ્યક્તિઓ આવે તો વધુ લાભ થાય.

આ વ્યાખ્યાનો વિષે કોઇ વ્યક્તિ અથવા સાધુમહારાજ એમ ટીકા કરે છે કે 'પર્યુષણમાં તો ધર્મનો જ પ્રચાર થવો જોઇએ.' તો મારું તો એમ માનવું છે કે આ પ્રવચનો ધર્મ સિવાય બીજું બહુ ઓછું શીખવે છે. પ્રવચનોના જુદા જુદા વિષયો પર સહેજ નજર નાખશું તો તરત આ વાત સ્પષ્ટ થશે. જેમ કે 'જગતનાં શ્રેષ્ઠ પુરૂષોમાં ગાંધીજીનું સ્થાન,' આ વિષય ધર્મ જ સમજાવે છે, કારણ કે દરેક વ્યક્તિ એ કબુલ કરશે કે ગાંધીજીનું જીવન એટલે ધર્મ સિવાય બીજું કંઇ જ નથી. અને જગતના એવા શ્રેષ્ઠ પુરૂષ વિષે કંઇ પણ કહેવામાં આવે તો એ ધર્મ જ હોય. 'સત્યમ્ શિવમ્ સુન્દરમ્' આ ત્રણ માનવમાત્રના જીવનના અંગ હોવા જોઇએ અને એનો ઉપદેશ એ ધર્મ નહી તો બીજું શું હોય?

આ ઉપરાંત બીજા વિષયો જેવા કે 'સમાજ અને ધર્મ' 'શ્રી ગૌત્તમ સ્વામી' 'માનવ ધર્મ' 'શિક્ષણમાં ધર્મને સ્થાન' 'મહાત્મા ગાંધી અને ભગવાન મહાવીર' 'ભગવાન બુદ્ધ' પ્રત્યક્ષ પરિસ્થિતિ અને ધર્મ' 'જૈન સંસ્કૃતિનું અન્વેષણ' 'બહાઇ ધર્મ' 'ભગવાન મહાવીર' આ બધા વિષયો એક યા બીજા સ્વરૂપે ધર્મ જ સમજાવે છે. વળી 'અકલોલીમાં આઝાદીની ઉજવણી' એ પણ શ્રી વિઠ્ઠલદાસ જેરાજાણી નામની એક વ્યક્તિએ અકલોલી જેવા નાના ગામમાં કેટલું કાર્ય કર્યું' તે સમજાવે છે અને દરેકને એવી જાતનું કર્તવ્ય કરી, માનવ ધર્મ જાળવવા કહે છે.

એક અગત્યની વાત મને આ પ્રવચનો દરમ્યાન સમજાઇ. સાધુ મહારાજના વ્યાખ્યાનો જ્યારે મેં સાંભળ્યા ત્યારે મને સાધુ ધર્મ પ્રત્યે ખૂબ માન ઉત્પન્ન થયું. સાધુ ધર્મ મહાન છે એમ પણ લાગ્યું. પણ સાથે સાથે વિચાર આવ્યો કે આ સંસારમાં રહીને એવો જ ધર્મપ્રચાર કરતી વ્યક્તિઓ પણ હોવી જોઇએ. ગાંધીજીનો દાખલો તો નજર સમક્ષ જ હતો. પણ બીજી વ્યક્તિઓ વિષે મને કઇંક જાણવા મળ્યું. જે વ્યક્તિઓ વિષે હું લખું છું તેઓ તો મને ઓળખતા ય નહીં હોય, પણ તેમને વિષે હું લખું તો બીજાઓ પણ ઓળખે.

એમાંના એક છે શ્રી. પરમાનંદભાઇ. તેમના વિષે એક વાકયમાં કહું તો 'વ્યાખ્યાનમાળા એટલે પરમાનંદભાઇ અને પરમાનંદભાઇ એટલે વ્યાખ્યાનમાળા' લગભગ દરેક વક્તા પોતાના વ્યાખ્યાનની શરૂઆતમાં કહેતા કે 'જ્યારે પરમાનંદભાઇએ મને કહ્યું કે તમારે બોલવાનું છે અને મને મારો વિષય પસંદ કરવાને કહ્યું ત્યારે...' આથી વ્યાખ્યાનમાળા ગોઠવવામાં શ્રી. પરમાનંદભાઇનો કેટલો હિસ્સો હશે તે સમજાશે. શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહે પણ કહ્યું કે 'આ વ્યાખ્યાનમાળાનો જશ યા અપજશ તો પરમાનંદભાઇને જ માથે છે...' કોઇ પણ વક્તા પોતાનું પ્રવચન પૂરું કરતાં અને પરમાનંદભાઇ તે વિષે કહેતા 'શ્રી...નું' વ્યાખ્યાન આપણે સાંભળ્યું. તે વિષે કાંઇ પણ કહેવાનો અથવા ટીકા કરવાનો મને અધિકાર નથી.' કેટલી નિખાલસતા! કહે છે, પરમાનંદભાઇ ખૂબ આનંદી અને રમુજી છે. મને અનુભવ નથી પણ એક નાનો બનાવ તમને જણાવું. તારીખ ૧૫મીએ સોમવારને દિવસે શ્રી. પરમાનંદભાઇનું જ પ્રથમ વ્યાખ્યાન હતું. પણ નસીબ સંજોગે સવારે સાડાઆઠ વાગે જ વરસાદ પડયો અને વધુ શ્રોતાજનો આવી ન શકયા. આ પ્રસંગે પરમાનંદભાઇના એક સંબંધીએ હસતા હસતા કહ્યું 'આજે પરમાનંદભાઇ બોલવાના છે એટલે કોઇ આવ્યું નથી.' તરત જ જવાબ મળ્યો 'એ તો જેવા વકતા તેવું ઓડિઅન્સ.' આ જવાબ વાળનાર પરમાનંદભાઇ હતા. ત્યાં બીજા કોઇ ગૃહસ્થ (કદાચ તેઓ પરમનંદભાઇને ઓળખતા નહીં હોય) બોલી ઉઠયા, 'ના રે, પરમનંદભાઇ તો સરસ બોલે છે.' બીજો એક પ્રસંગ જ્યારે મંગળવાર તારીખ ૧૬મીએ શ્રી. પરમાનંદભાઇ આવી ન શકયા ત્યારે સાંભળવા મળ્યો. હોલની બહાર ટેબલ ઉપર બેસતા ભાઇને કોઇએ પૂછયું, 'આજે પરમાનંદભાઇ નથી આવવાના?' જવાબ મળ્યો, 'ના, આજે તેમને સહેજ સુસ્તી અને બ્લડપ્રેસર જેવું છે માટે નહીં આવે' પેલા ભાઇ કહે 'એવું તો મને રોજ થાય છે' 'એમનામાં ને તમારામાં ઘણો ફેર છે' તરત જ સણસણતો જવાબ સંભળાયો.

આવી જ બીજી વ્યક્તિ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ છે. તેમની વૃદ્ધાવસ્થા અને અસ્વસ્થ તબિયત છતાં સેવાભાવી સ્વભાવના અને કર્તવ્યપરાયણતાના દર્શન વ્યાખ્યાનમાળાના દિવસોમાં થયા.

બીજી ઘણી વ્યક્તિઓ આ રીતે માનવધર્મને સાચા સ્વરૂપમાં સમજી, બીજાને તેનો લાભ આપે છે.

બધા ય પ્રવચનોમાંથી કેટલાક તો ખૂબ સમજવા લાયક અને ઉત્તમ હતા. કોના વખાણ કરૂં અને કોના ન કરૂં એ જ પ્રશ્ન છે. પ્રવચનોની નોંધ પ્રબુદ્ધ જૈનમાં તો જરૂર લખાશે એમ માનું છું. આવતે વર્ષે વધુ સુંદર વ્યાખ્યાનમાળાની રાહ જોઇએ.

—અરવિંદ મોહનલાલ પારેખ.

ઓસરતી જતી માનવતા

એક મિત્ર જણાવે છે કે:—

"લગભગ પંદર દિવસથી સતત વરસાદ અવારનવાર ચાલુ રહેતો હોવાથી હું મારા હંમેશના નિયમ મુજબ સવારના ચોપાટી ફરવા માટે જઇ શકતો નહોતો. આજે સવારના વરસાદ આવવાનો સંભવ ઓછો જણાવાથી ફરવા નીકળ્યો હતો. ચોપાટી ઉપર પુરંદર હોસ્પીટલની જરા સામે ફુટપાથ ઉપર એક તંદુરસ્ત દેખાતો માણસ આખું શરીર અકડાઇ જવાની સ્થિતિમાં ઉંધો પડયો હતો. તપાસ કરતાં માલુમ પડયું કે એ જ સ્થિતિમાં તે માણસ ત્રણ દિવસથી પડી રહ્યો હતો. કોઇ રાહદારી કે પોલીસે આજ સુધી તપાસ કરવાની કે સંભાળ લેવાની કાળજી રાખી હોય તેમ જણાતું નહોતું. કેટલાક ગરીબ રાહદારીઓ, પાટીવાળાઓ ત્યાં ભેગા થઇ એને હોસ્પીટલમાં લઇ જવા માટેની વિચારણા કરતા હતા. બે ત્રણ ઘોડા ગાડીવાળાને બોલાવતાં તેઓ હોસ્પીટલની અને પોલીસવાળાની રંજાડના લીધે હોસ્પીટલમાં લઇ જવા તૈયાર નહોતા. છેવટે એક ઘોડાગાડીવાળાના મનમાં માનવતા વસી અને તે લઇ જવા તૈયાર થયો. મેં તેણે માગ્યું તે ભાડું આપ્યું. તે માણસ સાથે બે ગરીબ રાહદારીઓ હોસ્પીટલમાં જવા તૈયાર થયા, અને એ અકડાઇ ગએલા ભાઇને ગોકલદાસ મોરારજી હોસ્પીટલમાં સારવાર માટે લઇ ગયા. મને વિચાર થયો કે ખરી માનવતા મોટા ગણાતા માણસોમાં નહિ, શ્રીમંતોમાં નહિ, પણ ગરીબ વર્ગમાં જ વસેલી છે."

આજનો આપણો સ્ત્રીસમાજ

[ભાવનગરના કુમારિકા સેવાદળના એક સંમેલનમાં શ્રી નર્મદાબહેન રાવળે એક વ્યાખ્યાન આપેલું, તેમાં આજના આપણા નવયુગની બહેનો માટે કેટલીક ઉપયોગી સૂચનાઓ કરવામાં આવી છે. એ ભાષણની તેમણે તૈયાર કરીને મોકલી આપેલી નોંધ અહિં પ્રગટ કરવામાં આવે છે. તંત્રી]

સ્ત્રીઓનું સંગઠ્ઠન

સ્ત્રીઓનું સંગઠ્ઠન એ વાત આજે આપણને બહુ મોટી લાગે છે, અને સ્ત્રીઓનું સંગઠ્ઠન કરવું જોઇએ તેનો આપણે વિચાર કરવો પડે છે, તેને માટે પ્રયત્ન કરવો પડે છે એ જ દુઃખની વાત છે. સ્ત્રીઓએ સ્ત્રીઓને સુખદુઃખમાં મદદ કરવી જ જોઇએ, તેના વિકાસમાં સાથ આપવો જ જોઇએ એ આપણી જુની સ્ત્રીઓ સહેજે જ સમજતી હતી, અને તે પ્રમાણે વર્તતી હતી. ત્યારે આજે આપણે સ્ત્રી સંગઠ્ઠનનો વિચાર કેમ કરવો પડે છે? આજે કુટુંબો તૂટી ગયા છે. કોઇને વડીલો જોઇતા નથી. કુટુંબની જંજાળ કોઇને જોઇતી નથી. છતાં કહેવાતી ભણેલી બહેનોની વાત સાંભળું છું ત્યારે અંદરથી એવો ધ્વનિ તો આવે છે કે તેમને કુટુંબની વડીલ સ્ત્રીઓની જરૂર છે જ. છતાં તે સાથે તે લોકોનો થોડો અંકુશ આવે તે તેમને પસંદ નથી. અને અંકુશના હાઉથી કુટુંબથી નાસતી ફરે છે, અને સાથે સાથે તેના લાભો ગુમાવે છે.

કુટુંબ પછી આવે છે પાડોશી. પહેલાં પાડોશની સ્ત્રીઓ સારા માઠા પ્રસંગે અડધી રાત્રે માથું આપવા તૈયાર રહેતી અને બનતી બધી જ મદદ કરતી, તેથી ઘણી હુંફ રહેતી. તે જો તમે તમારાં મોટીબા, કાકી કે મામીને પૂછશો તો ખબર પડશે કે તેમનામાં કેવી ભાવના હતી?

ત્યાંથી આગળ ગામની સ્ત્રીઓનું સંગઠ્ઠન; વારતહેવારે, દેવદર્શને, કથામાં અને અણગો (ઉજાણી) માં થતું. એ રીતે આપણી જુની સ્ત્રીઓમાં સંગઠ્ઠન હતું જ. આજે એ જમાનો વહી ગયો છે. આપણે પશ્ચિમની નકલ કરતાં થયાં છીએ, કારણ કે આપણને કેળવણી જ આપણા દેશને અનુકુળ મળતી નથી. પશ્ચિમમાં વ્યક્તિવાદ વધારે વિકસ્યો છે, ત્યાંના લોકોને તે અનુકુળ હશે. પરંતુ આપણા દેશને તે અનુકુળ છે કે નહિ તેનો કોઇ વિચાર જ કરતું નથી. કદાચ વિચાર કરતાં હશે તો પણ હવે તેમાંથી છુટા થવું બહુ મુશ્કેલ છે. તમે જોશો તો આપણી ભણેલી અને નહિ ભણેલી સ્ત્રીઓ વચ્ચે મોટું અંતર પડી ગયું છે. તે અંતર પહેલાં તો સાંધવું પડશે. જૂની અને નવી સ્ત્રીઓ વચ્ચે ખાસ વાતો થઇ શકતી નથી. કદાચ થાય તો નવી સ્ત્રીઓ જૂની સ્ત્રીઓનો ઉપહાસ કરતી દેખાશે. ટ્રેનમાં મુસાફરી કરતાં મારો અનુભવ છે કે નવા યુગની સ્ત્રી ડબ્બામાં એકલી અટુલી થઇને બેસી રહે છે, ત્યારે જૂની અભણ સ્ત્રીઓ વચ્ચે તરત જ તાર સંધાઇ જાય છે, અને એવી એક થઇને બેસે છે કે જાણે વર્ષોનો સંબંધ ન હોય? ત્યાં નથી ભેદ રહેતો નાતનો કે જાતનો, નાનાનો કે મોટાનો. સા સુખદુઃખની વાતોએ વળગે છે. કોઇક જાતની સામાજીક વાતો ચાલે છે, કોઇક જાતની ધાર્મિક જ્ઞાનવાર્તા ચાલે છે, અને થોડા વખત માટે એકબીજાને મદદ કરવાની ઉત્સુકતા સૌ કોઇ બતાવે છે. ત્યારે આજની સ્ત્રી એકલી અટુલી થઇને બેસી રહે છે. કારણ કે તેને એમ છે કે હું કંઇક આ બધાથી શ્રેષ્ઠ છું. આજે આપણને આપણા ઘરની સ્ત્રીઓ સાથે જ સંગઠ્ઠન કરતાં આવડતું નથી. એટલે જો આપણે સાચું સંગઠ્ઠન કરવું હોય તો કુટુંબ, પાડોશી અને શેરીથી શરૂઆત કરીએ, અને ધીરે ધીરે ગામ અને દેશની સ્ત્રીઓ સુધી પહોંચીએ. આપણી પાસે જ રહેતી સ્ત્રીઓથી શરૂ કરીશું તો ઝડપથી આગળ જઇ શકીશું. બાકી અત્યારે વખત એવો આવ્યો છે કે, એકબીજા સહકાર સાધીને ચાલીશું નહિ તો ટકી શકશું નહિ. કુટુંબો તૂટયાં છે; ન્યાતો તૂટી છે, આવા વખતે આપણે આવા મંડળ દ્વારા નવી "ન્યાત" ઉભી કરવી જ જોઇએ. છૂટા છૂટા ચાલવાથી આપણે ટકી શકીશું નહિ. જો સાથે મળીને ચાલીશું તો આપણે બહેનો માટે ઘણું કરી શકીશું. આમાં નથી જરૂર ઘણા પૈસાની કે નથી જરૂર ઘણા ભણતરની; જરૂર છે સાચી ભાવનાની, અને પ્રેમની. આજે દરેક દેશની સ્ત્રીઓ જાગૃત થઇ છે. અને સાથે મળી ઘણાં કામો કરી રહી છે. ત્યારે તમે જે કામ કરી રહ્યાં છો તે ઘણું જ જરૂરનું છે. તેમાં આ બે બહેનોએ જે ધગશથી અને ભાવનાથી કામ ઉપાડયું છે તે પ્રસંસનીય છે.

આ મંડળ દ્વારા તમે જે શારિરીક તાલીમ આપવાનો પ્રબંધ કર્યો છે તે યોગ્ય જ છે. આજે આપણાં શરીર જોશો તો કેવા માઇકાંગલા છે! જાણે કાયના ન હોય? આપણાં શરીરો કેળવવાની પહેલી જરૂર છે. આજે આપણને શારિરીક શ્રમ કરવાનો ખૂબ જ કંટાળો છે. આપણું પોતાનું કામ કરવાયા નાનપ લાગે છે. પરિણામે આપણી સ્ત્રીઓનાં શરીર જુઓ! ફીક્કા, પીળાં, થેંથરાઇ ગયેલાં. નથી સરખું ચાલી શકાતું, કે ચાલે તો પગ ઢસરડાય, કે કેડ લચકાય, ડોક મરડાય. બરડામાંથી વાંકા વળી ગયેલાં, અને શરીરને સંકોચીનાંખવાની તો જાણે ફેશન પડી ગઈ હોય નહિ એમ લાગે. આપણે શારીરિક શ્રમ છોડીને બેઠાડું કેળવણીને મહત્વ આપ્યું તેનું આ પરિણામ છે. મેટ્રીક કે કોલેજમાં ભણતી બહેનોનો ખોરાક જુઓ તો સાવ ઓછો, તેનું કારણ ચા છે. રાત્રે વાંચવા માટે ખોરાકને બદલે એક કપ ચા પીને વાંચતી બહેનો મેં ઘણી જોઇ છે. આવી બહેનોના ચહેરા ફીક્કા પડી જાય, વજન ઘટી જાય તો નવાઇ ન લાગે.

આવી બહેનો શરીરશ્રમ કેવી રીતે કરી શકે? આવી બહેનો માટે કસરતની ખોરાક જેટલી જ જરૂરીયાત છે. ભણતી બહેનોને ઘરકામ કરવાની તો ફુરસદ જ હોતી નથી. ફરવા જવું હોય તો જાય; કારણ કે ફરવાની પણ ફેશન થઇ પડી છે. પણ એકલા ફરવાથી જ શરીરને બધી જાતનો કસરત મળતી નથી. ફરવાનું ઘરડા અને અશકત માણસો માટે ઠીક છે. પણ યુવાન ઉછરતી બહેનોએ તો નિયમિત વ્યાયામ કરવો જ જોઇએ.

તંદુરસ્ત રહેવા માટે વ્યાયામની જરૂર છે, તેટલી જ સ્વરક્ષણ માટે પણ કસરતની તાલીમની આજે જરૂર છે. આજે આપણી સ્ત્રીઓ માયકાંગલી રહેશે તે નહિ ચાલે. આજે આપણે એકલા મુસાફરી કરવાની જરૂરીયાત ઉભી થતી જાય છે; એટલે ટ્રેનમાં ગાડીમાં કે પગે ચાલતાં ચોર, લુંટારા, બદમાશો પણ એટલા જ નજરે પડે છે. અકસ્માત આવા માણસોની સાથે પ્રસંગ પડે તો આપણું શરીર સંભાળતાં આપણને આવડવું જ જોઇએ. એવે વખતે તાલીમબંધ શરીર હોય તો કેટલું ઉપયોગી થાય!

આપણને ઘરેણાનો શોખ છે. શરીરને સુંદર બનાવવાનો શોખ છે. પણ આપણી પાસે સુંદરતાની દૃષ્ટિ નથી. ફીક્કાફચ્ચ શરીર ઉપર પાઉડર પફ લગાડવાથી સૌંદર્ય વધતું નથી. શરીરમાં લાલચોળ લોહી હોય અને કસરતથી કસાયેલું હોય તો જ શરીર સુંદર દેખાય છે. આપણે સૌંદર્યની દૃષ્ટિ ફેરવવાની જરૂર છે. પોષાકમાં સાદાઇ અને શરીર સુદૃઢ હોય તે જ શરીર સુંદર લાગે છે. આ વાત એકલી ઉગતી બાળાઓને જ માટે નથી. કસરત તો છોકરીઓ જ કરે એમ માનવાની જરૂર નથી. મોટી ઉમ્મરની પ્રૌઢ સ્ત્રીઓને તો કસરતની ખાસ જરૂર છે. તેઓ કહેશે કે અમે ઘરના કામમાં કસરત જ કરીએ છીએ. કબુલ છે કે તમારે ઘરકામનો બોજો ઘણો હોય છે, છોકરાંઓની જંજાળ હોય છે; પરન્તુ જેને આપણે શરીરની કસરત કહીએ છીએ તે બહુ જ ઓછાને મળે છે. અલબત જે લોકો ઘંટી ફેરવે છે, પાણી ભરે છે, કપડાં ધુવે છે, તેને પૂરી કસરત મળે છે, બાકી તો આપણાં ઘણાંખરાં કામ સાચી કસરત આપે તેવાં હોતાં નથી, તેને માટે અમુક નિયમિત કસરતની જરૂર રહે જ છે. આપણે માંદા પડીએ ત્યારે ડોકટરની દવા ફરજીયાત લઇએ છીએ. પરંતુ માંદા જ ન પડાય તેનો વિચાર કરતા નથી. ઘણી મોટી ઉમ્મરની બહેનોને પેટનો દુખાવો થાય છે, ગેસ વગેરે પેટના રોગો થાય છે. આવી બહેનો અમુક કસરત અથવા આસનો કરે તો શરીરનું આરોગ્ય જળવાઇ રહે અને ઘણાં દર્દો થતાં અટકે. **નર્મદાબહેન રાવળ.**

શ્રી. મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ
સન્માન યોજના

(શ્રી. મોતીચંદ ગીરધરલાલ કાપડીઆની આજ સુધીની અનેકવિધ સેવાઓની કદર કરવાના હેતુથી તા. ૭-૯-૪૭ રવિવારના રોજ શ્રી. મોતીચંદભાઇના પ્રશંસકો તરફથી નીચેના સભ્યોની એક સન્માન સમિતિ નીમવામાં આવી હતી.

શ્રી. કકલભાઇ ભુદરદાસ વકીલ શ્રી. સાકરચંદ મોતીલાલ મુળજી
,, રણછોડભાઇ રાયચંદ ઝવેરી ,, બબલચંદ કેશવલાલ મોદી
,, પ્રવીણચંદ્ર હેમચંદ અમરચંદ ,, મણિલાલ મોકમચંદ શાહ
,, ચંદુલાલ સારાભાઇ મોદી ,, શાન્તિલાલ પુંજાભાઇ શાહ
,, માધવલાલ હીરાલાલ શાહ ,, હરિલાલ રવચંદ શાહ
,, સોભાગચંદ ભોળાભાઇ શાહ ,, કાન્તિલાલ ડાહ્યાભાઇ ઝવેરા
,, મગનલાલ ભગવાનજી શાહ ,, ચંદુલાલ વર્ધમાન શાહ–મંત્રી
,, વિનાયક કુંવરજી શાહ–કોષાધ્યક્ષ

આ સમિતિ તરફથી મોકલવામાં આવેલ નિવેદન અમારા સંપૂર્ણ અનુમોદન સાથે અમો અહિં પ્રગટ કરીએ છીએ. **તંત્રી.**

સુજ્ઞશ્રી,

વીસમી સદીના જૈન ઇતિહાસના પાનાઓ ઉઘાડતાં સમાજમાં કેળવણી પ્રચાર માટેના વિરાટ આંદોલનોના દર્શન થાય છે. અઢળક ધનસંપત્તિથી સમૃદ્ધ છતાં વિદ્યાપ્રચારના સાધનોથી વંચિત જૈન સમાજને પ્રગતિનાં માર્ગે પ્રયાણ કરાવનાર શ્રીયુત **મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ,** સોલિસિટરે સામાજિક, ધાર્મિક, રાજકીય અને જાહેર સેવાના ક્ષેત્રમાં વિશાળ અને દીર્ઘદ્રષ્ટિભરી અનેકવિધ બહુમૂલ્ય સેવાઓ અર્પી છે. તેઓશ્રી ઉચ્ચ કોટિના વિદ્વાન, વિચારક અને તત્વચિંતક હોવા ઉપરાંત લેખિની ઉપર પ્રભુત્વ ધરાવે છે. મર્મગ્રાહી છતાં સાદી ભાષામાં એમના ભાષણો સાંભળનારને તેઓશ્રીના અંતરમાં નિવાસ કરી રહેલ પ્રગતિપોષક વિચારોનો ઝરો વહેતો જણાઇ આવે છે. સામાજિક સુધારણાને વેગ આપી નૂતન યુગને અનુરૂપ જૈન સમાજને ઓપ આપવા માટેના એમના અનેક પુસ્તકો ખૂબ જ આદર પામ્યા છે. એમનું જીવન સીધું-સાદું, સુસંસ્કાર, સચ્ચારિત્ર અને ધર્મભાવનાથી મ્હેકતું છે. મધુર વાણીથી કોઇ પણ માણસના હૃદયને જીતી લેવાની તેમનામાં અજબ કળા છે. શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ અને શ્રી મહાવીર જૈન વિદ્યાલયથી માંડીને જૈનોની અનેક સંસ્થાઓના તેઓ સુકાની બની; રચનાત્મક કાર્યોમાં નેતૃત્વ ધરાવતા રહ્યા છે. સોલિસિટરના અતિ વ્યવસાયી જીવનમાં પણ તેઓ એક પણ પળ નિરર્થક વ્યય ન કરતાં સાહિત્યોપાસના વિસર્યા નથી. તેમણે અનેક મહાન ધર્મગ્રંથોનું અધ્યયન કરેલું છે. ઉપમિતિભવપ્રપંચકથા, આધ્યાત્મકલ્પદ્રુમ, શાંતસુધારસ, જૈનદ્રષ્ટિએ યોગ, સાધ્યને માર્ગે અને શ્રી આનંદઘનજીના આદિ આશરે બે ડઝન પુસ્તકો અને અનુવાદો વિદ્વદ્ જૈન સમાજમાં આદરપાત્ર બન્યા છે. ગુજરાતી સાહિત્ય પરિષદમાં વર્ષોથી રસપૂર્વક અગ્રભાગ લેવાનું તેઓ ચૂકયા નથી. મુંબઇ મ્યુનિસિપલ કોરપોરેશનના સભ્ય હોવા ઉપરાંત કોંગ્રેસના દેશસેવાના કાર્યક્રમોને તેઓએ અર્પનાવી જેલયાત્રા પણ કરી છે. સમાજ અને જાહેર જીવનમાં ટ્રસ્ટી, પ્રમુખ, મંત્રી આદિના પ્રતિષ્ઠાસંપન્ન અધિકારો તેઓ ભોગવી રહ્યા છે અને શ્રી અંતરીક્ષજી આદિ તીર્થોના રક્ષણાર્થે તેમણે ખૂબ જ હેમત ઉઠવી છે.



શ્રી મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ

આ ઉપરાંત 'શ્રી મહાવીર જૈન વિદ્યાલય'ની સ્થાપના ૩૨ વર્ષોથી એમની અસ્ખલિત સર્વશ્રેષ્ટ કિંમતી સેવાઓ તો ભલભલાને આશ્ચર્યચકિત કરનારી છે. નામ માત્રની પુંજીથી છાત્રાલય તરીકે આ સંસ્થાની શરૂઆત કરી આજે દર વર્ષે આશરે ૨૫૦ જેટલા કોલેજના વિદ્યાર્થીઓના જીવન અભ્યુદય માટેની આ સંસ્થા જૈનોના વિદ્યાધામ–વિદ્યાલયના નામને સાચે જ સાર્થક કરી રહી છે. આશરે અઢી લાખ જેટલા વાર્ષિક ખર્ચને તે વહી રહી છે, અને મુંબઇ, અમદાવાદ તથા પુના જેવા કેન્દ્રસ્થ શહેરોમાં શાખાઓ સ્થાપવા સમર્થ બની છે. આટલી મહાન જવાબદારી છતાં કાર્યવ્યવસ્થા અને વહિવટસંચાલન કુશળતાપૂર્વક ચાલે છે, અને દર વર્ષે સમાજને ચરણે સંખ્યાબંધ ઉચ્ચકક્ષાના ગ્રેજ્યુએટો ધરવામાં આવે છે. ધર્મમય જીવનની ભાવના સતેજ રાખવા જીનાલય, વાંચનાલય, ક્રિડાંગણ, પુસ્તક પ્રકાશન વિભાગ, ધર્મ શિક્ષણ વિભાગ, કન્યા છાત્રાલય, છાત્રવૃત્તિ સહાય વિભાગ આદીથી વિદ્યાલય જૈનોની કેળવણી માટે નૂતન ઇતિહાસ સરજી રહેલ છે. આ સર્વ પાછળ શ્રીયુત મોતીચંદભાઇની કુશળ દોરવણી છે. વિદ્યાલયને તન, મન, અને ધનથી પોષણ આપી વિકસાવવામાં એમણે જીવનની દરેક ઘડી ધન્ય બનાવી છે, અને એ રીતે વિદ્યાલય રૂપી દેહના તો તેઓ આત્મા બની રહ્યા છે. સેવાના ક્ષેત્રમાં અહર્નિશ રચી પચી રહેલી આ અસાધારણ વ્યક્તિના અનેક પ્રકારના ચિરસ્મરણીય ફાળો જૈન સમાજ આજે ચાખી રહેલ છે. તે સેવાઓની યત્કિંચિત કદર રૂપે જૈન સમાજ તરફથી એક 'પર્સ' એનાયત કરવા અમોએ એક સન્માન સમિતિ નિયુક્ત કરી જન સમાજને 'પર્સ' માટે વિનંતિ કરવાનું નકકી કર્યું છે. તેમાં સદ્‌ગુણાનુરાગ અને સત્કાર્યની અનુમોદના જ રહેલી છે. શ્રીયુત મોતીચંદભાઇ સમાજના રત્ન છે, જેમણે ધર્મ અને સમાજની દીપશિખા અખંડ રાખી છે. એની વિશિષ્ટ વ્યકિતની કદર કરવાના આ કાર્યમાં અમો સૌ પાસેથી ઉદારતાભર્યા આર્થિક સિંચનની અપેક્ષા રાખીએ છીએ.

વિદ્યાલયના ભૂતપુર્વ અને વિદ્યમાન વિદ્યાર્થીઓએ તો આ સન્માન સમારંભની તક જીવનની સોનેરી ઘડી તરીકે લેખવી જોઇએ. નિઃસ્વાર્થપણે રાતદિવસ અનેક કષ્ટો વેઠી જેમણે તમારા જીવનને અભ્યુદય માર્ગે ચઢાવવા સતત સફળ પ્રયત્નો કર્યા છે તેમનો આદર એ પ્રથમ કર્તવ્ય ગણાય. એમાં નાણાની ગણત્રી ન હોય. 'અવસર બેર બેર નહિં આવે' એમ સમજી પોતાની શકિત જરા પણ ગોપવ્યા વગર સારામાં સારી રકમ આ પર્સ માટે મોકલી આપો. એમાં આપણાં આદર્શો અને સ્વાર્થી ઉન્નતિની અભિલાષાઓની સિદ્ધિ છે અને નૈતિક ઋણ અદા કરવાની કામના છે.

શ્રીયુત મોતીચંદભાઇના સન્માનાર્થે પ્રાપ્ત થયેલ આ અવસર સમાજને શોભે એ પ્રકારે દીપાવવા માટે નીચે જણાવેલ ઠેકાણે પોતપોતાનો ફાળો મોકલી આપવા તેમ જ એ સંબંધી જરૂરી પત્રવ્યવહાર કરવા સર્વ સુજ્ઞ બંધુઓને, બહેનોને તથા પ્રશંસકોને વિનંતિ છે:—

તા ક:–અમને જણાવતાં આનંદ થાય છે, આ સન્માન–થેલીમાં આજ સુધીમાં જુદા જુદા ગૃહસ્થો તરફથી આશરે કુલ રૂા. ૨૫૦૦૦ ની રકમ એકઠી થઇ છે. **તંત્રી**

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન: સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ., ૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર Regd No. B. 4266.

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૯
અંક : ૧૪

મુંબઈ: ૧૫ નવેમ્બર, ૧૯૪૭, શનિવાર.

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

આત્મદૃષ્ટિનું આન્તર નિરીક્ષણ

[કેટલાએક સમય પહેલાં શ્રી. ઝોટાલાલ વીકમદાસ પારેખ જેઓ શ્રી જૈન શ્વે. મૂ. કોન્ફરન્સની નીંગાળા ખાતે ભરાયલા અધિવેશનના પ્રમુખ હતા તેઓ પોતાના ધંધાદારી કામસર મુંબઇ આવેલા. તેઓ મારા એક માન્યવર મુરબ્બી હોઇને હું તેમને મળવા ગયો. કેટલીક વાતચીત દરમિયાન તેમણે જાણીતા જૈન પદ્યકાર શ્રી. દેવચંદ્રજીનું એક સ્તવન મને સંભળાવ્યું અને તેનો ભાવાર્થ સમજાવ્યો. તે સ્તવનમાં અધ્યાત્મિક દૃષ્ટિએ આપણુ સર્વની ચાલુ જીવનચર્યાનો સંક્ષેપમાં છતાં સુંન્દર અને સચોટ રીતે સર્વ સાર આવી જાય છે. એથી મારા મન ઉપર છાપ પડી. એ સ્તવનની મેં નકલ મંગાવી એટલે તેમણે અગાસના શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમવાળા શ્રી. ગોવર્ધનદાસજી તરફથી પ્રગટ થયેલ ચૈત્યવંદન ચોવીશીની એક નકલ મને મોકલી આપી. પછી તો એ સ્તવન મેં ફરી ફરીને લ્યેયું અને મને એમ થયું કે આવા રહસ્યપૂર્ણ સ્તવન ઉપર કોઈ વિદ્વાન તત્વદર્શી પુરૂષ વિવરણ લખી આપે તો 'પ્રબુદ્ધ જૈન' દ્વારા એ સ્તવનનો મુમુક્ષુ જનતાને સહજ પરિચય કરાવી શકાય. આ માટે મેં પ્રજ્ઞાચક્ષુ પં. સુખલાલજીને વિનંતિ કરી. તેમના ચિત્તને પણ આ સ્તવન એટલું જ આકર્ષક અને ભાવવાહી લાગ્યું. તેમણે અંધકારા લઈને એવું જ સુન્દર માર્ગદર્શક અને મર્મગ્રાહી વિવેચન લખી આપ્યું. એ સ્તવન અને એ વિવેચન નીચે પ્રગટ કરવામાં આવે છે.

પરમાનંદ]

શ્રી વજ્રંધર જિન સ્તવન

('નદી યયુના કે તીર એ દેશી')

વિહરમાન ભગવાન, સુણો મુજ વિનતિ,
જગતારક જગનાથ, અકો ત્રિભુવન પતિ;
ભાસક લોકાલોક, તિણે જાણો છતિ,
તો પણ વીતક વાત, કહું છું તુજ પ્રતિ. ૧.

હું સ્વરૂપ નિજ છોડિ, રમ્યો પર પુદ્ગલે,
ઝીલ્યો ઉલટ આણી, વિષય તૃષ્ણાજલે;
આસ્રવ બંધ વિભાવ, કરૂં રૂચિ આપણી,
ભૂલ્યો મિથ્યાવાસ, દોષ દઉં પરમણી. ૨.

અવગુણ ઢાંકણ કાજ, કરૂં જિનમત ક્રિયા,
ન તજું અવગુણ ચાલ, અનાદિની જે પ્રિયા;
દૃષ્ટિરાગનો પોષ, તેહ સમકિત ગણું,
સ્યાદ્વાદની રીત, ન દેખું નિજપણું. ૩.

મન તનુ ચપલ સ્વભાવ, વચન એકાંતતા,
વસ્તુ અનંત સ્વભાવ, ન ભાસે જે છતાં;
જે લોકોત્તર દેવ, નમું લૌકિકથી,
દુર્લભ સિદ્ધ સ્વભાવ, પ્રભો તદ્ભક્તિથી. ૪.

મહાવિદેહ મઝાર કે, તારક જિનવર,
શ્રી વજ્રંધર અરિહંત, અનંત ગુણાકર;
તે નિર્યામક શ્રેષ્ટ, સહી મુજ તારશે,
મહાવૈદ્ય ગુણયોગ, ભવરોગ વારશે. ૫.

પ્રભુમુખ ભવ્ય સ્વભાવ, સુણું જો માહરો,
તો પામે પ્રમોદ એહ ચેતન ખરો;
થાયે શિવ પદ આશ, રાશિ સુખ વૃંદની,
સહજ સ્વતંત્ર સ્વરૂપ ખાણ આણંદની. ૬.

વળગ્યા જે પ્રભુનામ, ધાગ તે ગુણતણા,
ધારો ચેતનરામ, એહ થિરવાસના;
દેવચંદ્ર જિનચંદ્ર, હૃદય સ્થિર સ્થાપજો!
જિન આણાયુકત ભક્તિ, શક્તિ મુજ આપજો! ૭.

શ્રીમાન દેવચંદ્રજી

પ્રસ્તુત સ્તવનના કર્તા જૈન સમાજમાં-ખાસ કરી શ્વેતામ્બર સમાજમાં-જાણીતા એવા શ્રીમાન્ દેવચંદ્રજી મહારાજ છે. તેમનું વિસ્તૃત જીવનચરિત્ર શ્રીયુત મણિલાલ પાદરાકરે લખ્યું છે અને તે શ્રી અધ્યાત્મ-જ્ઞાન-પ્રચારક મંડળ તરફથી પ્રસિદ્ધ થયું છે. જેઓ વિશેષ વિગત જાણવા ઇચ્છતા હોય તેઓ એ પુસ્તક જોઇ લે. અહીં તો હું દેવચંદ્રજી મહારાજ વિષે બહુ ટૂંકમાં જ પતાવીશ. તેઓનો જન્મ વિ. સં. ૧૭૪૬ માં અર્થાત્ ઉપાધ્યાય યશોવિજયજીના સ્વર્ગવાસ પછી તરત જ થયેલો અને તેમનો સ્વર્ગવાસ વિ. સં. ૧૮૧૨માં થયેલો. એટલે તેમનો જીવનકાળ લગભગ ૬૬ વર્ષનો હતો. દશ વર્ષ જેટલી નાની ઉમ્મરમાં દીક્ષા લીધેલી. અને આખું જીવન શાસ્ત્રાધ્યયન, ચિંતન અને સાધુસુલભ એવા ભિન્ન ભિન્ન પ્રદેશોના પરિભ્રમણમાં વ્યતીત કર્યું, તેમ જ તેમણે આખી જિંદગી સુધી નવી નવી રચનાઓ કરવામાં ધ્યાન આપ્યું. તેઓ જન્મે મારવાડી ઓસવાળ હતા, પણ એમણે ગુજરાત, કાઠિયાવાડ આદિ અનેક પ્રદેશોમાં વિહાર કર્યો. સંસ્કૃત અને પ્રાકૃત જેવી શાસ્ત્રીય ભાષાઓ ઉપરાંત ગુજરાતી, મારવાડી અને હિન્દી ભાષામાં તેમણે જુદી જુદી કૃતિઓ રચી છે. એ બધી કૃતિઓનો વિષય મુખ્યપણે એક માત્ર જૈન પરંપરાના કહેવાય એવા જ મુદ્દા રહ્યા છે. તત્ત્વજ્ઞાન અને આચાર સાથે સંબંધ ધરાવતી અનેક બાબતો એમણે ચર્ચી છે. એ ચર્ચામાં અનેક સ્થળે કથાનુયોગનો ઉપયોગ કર્યો છે, અને આજે પૌરાણિક કહી શકાય એવી બાબતોને તેમણે વાસ્તવિક માની એટલે કે જેમ પ્રાચીન કાળમાં સામાન્ય રીતે બધા જ લેખકો માનતા રહ્યા છે તેમ સર્વજ્ઞપ્રણીત લેખી-તેની ભૂમિકા ઉપર જૈન તત્ત્વજ્ઞાનને લગતા પોતાના નિરૂપણની માંડણી કરી છે. પ્રસ્તુત સ્તવન એમની એ યોજનાનો એક નમૂનો પૂરો પાડે છે. કર્તા આ સ્તવનમાં મહાવિદેહ ક્ષેત્રમાં અત્યારે વર્તમાન મનાતા વીશ તીર્થંકર પૈકી અગિયારમાં શ્રી વજ્રંધર સ્વામીને ઉદ્દેશી પોતાની આરજુ-વિનંતિ-ગુજારે છે.

મહાવિદેહ ક્ષેત્ર અને વિહરમાણ જિન

છેલ્લાં ૭૫ કે ૧૦૦ વર્ષના નવયુગ પહેલાંના જમાનામાં આજે જોવામાં આવે છે તેવી વિચારની ચાળણી અગર સંશોધનવૃત્તિ કોઇ પણ ધર્મપંથમાં ભાગ્યે જ ઉદય પામેલી. દરેક સંપ્રદાય પોતપોતાની પરંપરાગત માન્યતાને મોટે ભાગે શંકા ઉઠાવ્યા સિવાય જ માની લેતો, અને એની ઐતિહાસિક શોધમાં ન પડતો. શ્રીમાન દેવચંદ્રજી જન્મે અને કાર્યે જૈન હતા, તેથી દરેક સાંપ્રદાયિક

માન્યતા તેમને હાડોહાડ વ્યાપી હોય તો ને સ્વાભાવિક છે. જૈન પરંપરાની ભૂગોળમાં મહાવિદેહ નામના ક્ષેત્રનું ખાસું સ્થાન છે. જંબુદ્વીપ ઉપરાંત બીજા બંડોમાં પણ મહાવિદેહ નામનાં ક્ષેત્રો છે. અને તે બધાં મળી પાંચ છે. મહાવિદેહ ક્ષેત્રમાં અત્યારે વિચરતા હોય એવા વીશ જિનોનું અસ્તિત્વ જૈન પરંપરા સ્વીકારે છે. એ વિદ્યમાન તીર્થંકરો વિહરમાણ જિન કહેવાય છે. જેને ઉદ્દેશી પ્રસ્તુત સ્તવન રચ્યું છે તે વીશ પૈકી અગીયારમા છે અને તેમનું નામ વજ્રધર સ્વામી છે. વીશ વિહરમાણમાં પહેલાં જિન તરીકે 'સીમંધર' સ્વામીનું નામ આવે છે. અને આ નામ બાકીના વિહરમાણો કરતાં એટલું બધું પ્રસિદ્ધ છે કે એવો ભાગ્યે જ કોઇ જૈન હશે કે જેણે સીમંધર સ્વામીનું નામ સાંભળ્યું ન હોય. એમનું પદ્મવિજયજીકૃત 'સુણો ચંદાજી'થી શરૂ થતું સ્તવન જેટલું ભાવવાહી છે તેટલું જ જાણીતું છે. સીમંધર સ્વામીનું નામ લેતાં જ મહાવિદેહ ક્ષેત્ર અને તેમાં વિચરતા બીજા જિનોનું કલ્પના-ચિત્ર મન સમક્ષ ખડું થાય છે.

સીમંધર સ્વામી અત્યંત પ્રસિદ્ધ હોઇ તેમના નામની આસપાસ અનેક ચમત્કારી વાતો તેમજ માત્ર શ્રધ્ધાથી જ માની શકાય એવી ગૂંથણીઓ ગૂંથાયેલી છે. અને તે જૈન પરંપરાના કોઇ આ કે તે એક ફિરકા માત્રમાં નહિ પણ તેના દરેક દરેક ફિરકામાં અસ્તિત્વ ધરાવે છે, અને તેવી ગૂંથણીઓના પુરાવા લગભગ પંદરસો વર્ષ જેટલા તો જૂના છે જ.

જેવી રીતે દિગંબર પરંપરામાં આચાર્યશ્રી કુંદકુંદના શ્રુતની પ્રતિષ્ઠાનો આધાર તેમના પોતાના મહાવિદેહ ક્ષેત્રમાં જવા ઉપર તેમ જ ત્યાંથી સીમંધર સ્વામી પાસેથી તે શ્રુત લાવવા ઉપર છે તેવી જ રીતે આચારાંગ અને દશવૈકાલિકની બબ્બે ચૂલિકાઓની પ્રતિષ્ઠાનો આધાર પણ સ્થૂલિભદ્રની બહેનોએ જાતે જઇને સીમંધર સ્વામી પાસેથી તે ચૂલિકાઓ લાવવા ઉપર છે. આગમશ્રુતથી આગળ વધી તર્કશ્રુતના સમયમાં પણ આવી જ એક ઘટના નોંધાયેલી છે. જૈન ન્યાયમાં પ્રસિધ્ધ એવો એક શ્લોક મહાવિદેહ ક્ષેત્રમાંથી લાવ્યાની નોંધ પણ જૂની છે. આટલી હકીકત જૈન પરંપરાનું શ્રદ્ધાળુ માનસ સમજવા માટે પૂરતી છે. આવું શ્રધ્ધાળુ માનસ જો અત્યારના વૈજ્ઞાનિક અને પરીક્ષાપ્રધાન યુગમાં પણ પોતાનું કાર્ય કર્યે જતું હોય અને શ્રી કાનજીમુનિ જેવાની મહાવિદેહ ક્ષેત્રમાં સીમંધર સ્વામીને જઈ મળી આવ્યાની વાતો વિષે કશી જ શંકા ઉઠાવતું ન હોય તો આજથી અઢીસો વર્ષ જેટલા જુના સમયમાં વર્તમાન શ્રી દેવચંદ્રજી મહારાજ પોતાની કૃતિઓમાં એ મહાવિદેહની જૂની પરંપરાને લક્ષને કાંઇ વર્ણન કરે તો તેમાં અચરજ કે શંકાને સ્થાન જ કેવી રીતે હોઇ શકે?

જળ, સ્થળ અને આકાશના માપલેમાપલની નોંધ રાખવા મથતા અને ચંદ્રલોક તેમ જ મંગળગ્રહના પ્રદેશ સુધી પહોંચવા પ્રયત્ન કરતાં એવા વર્તમાન યુગની ભૌગોલિક તેમ જ ઐતિહાસિક દૃષ્ટિને આપણે સંતોષી ન શકીએ તો પણ આપણા માટે એટલું પૂરતું છે કે મહાવિદેહ અને તેમાં વિચરતા વિહરમાણ તીર્થંકરોને કવિનું એક રૂપક માની તેના કલ્પનાચિત્રમાંથી ફલિત થતા ભાવોને જ સમજીએ, અને પ્રસ્તુત સ્તવનનો અર્થ એ દૃષ્ટિએ તારવીએ, મહાવિદેહ એ બ્રાહ્મણ, બૌધ્ધ અને જૈન શાસ્ત્રોમાં આવતો વિદેહ દેશજ છે કે બીજો કોઇ જૈનમાન્યતા મુજબનો દૂરવર્તી સ્વતંત્ર પ્રદેશ છે અને તેમાં વિચરતા કહેવાતા કોઈ તીર્થંકર છે કે નહિ એ તપાસી તે વિષે નિર્ણય આપવાનું કામ અત્યારે અપ્રસ્તુત છે. તેમ છતાં પ્રસ્તુત વિવેચન તો એટલા આધારે પણ કરી શકાય તેમ છે કે આધ્યાત્મિક દૃષ્ટિએ દેહ ઉપરની મમતાથી મુકત હોવું એ મહાવિદેહ ક્ષેત્ર અને એવી સ્થિતિમાં જીવન જીવનાર હોય તે હરકોઇ વિહરમાણ જિન. દેવચંદ્રજી મહારાજની દૃષ્ટિમાં આવા મહાવિદેહ અને આવા વિહરમાણની કલ્પના ભલે ન હોય, પણ એમના સ્તવનનો ભાવ પૂરેપૂરો સમજવા માટે રૂઢશ્રદ્ધાળુ અને પરીક્ષક શ્રધ્ધાળુ બન્ને માટે ઉપર સૂચવેલ મહાવિદેહ તેમજ વિહરમાણ જિનની આધ્યાત્મિક કલ્પના એક સરખી ઉપયોગી છે, તેમ જ નિશ્ચયદૃષ્ટિએ વિચાર કરતાં એ જ કલ્પના છેવટે ધાર્મિક પુરૂષને આધ્યાત્મિક જીવન જીવવામાં સહાયક બની શકે તેમ છે. એ પણ સંભવ છે કે પ્રાચીન કાળના ચિંતકોએ મૂળમાં એવી જ કોઇ આધ્યાત્મિક કલ્પનાને સાધારણ જનતાને ગ્રાહ્ય બને એ દૃષ્ટિએ રૂપકનું સ્થૂલ રૂપ આપ્યું હોય અને સાધારણ જનતા તે જ રૂપને વાસ્તવિક માનતી થઈ ગઇ હોય, અને જતે દિવસે તે રૂપકે કથાસાહિત્યમાં અને બીજા પ્રસંગોમાં વાસ્તવિકતાના ઊંડા મૂળ નાંખ્યાં હોય. શ્રધ્ધાળુ કે પરીક્ષક બન્ને પ્રકારના ધાર્મિક તત્વજ્ઞોને એક સરખી રીતે સમજાય એવો ભાવ પ્રસ્તુત સ્તવનમાંથી તારવવો એ અહિં મુખ્ય ઉદ્દેશ છે.

સ્તવનનું સામાન્ય સ્વરૂપ

પ્રસ્તુત સ્તવનમાં ચાર પાદની એક એવી સાત કડીઓ છે. સ્તવન પ્રધાનપણે વિનંતિરૂપ હોવાથી એ વાટે મુખ્યપણે કવિનો ભક્તિયોગ યા શ્રધ્ધાતત્ત્વ જ વહેતું દેખાય છે. તેમ છતાં એ ભક્તિ જ્ઞાનયોગથી યા વિવેકજ્ઞાનથી શૂન્ય નથી. એકંદર રીતે આખું સ્તવન જ્ઞાનયોગ અને ભક્તિયોગનો સુમેળ પૂરો પાડે છે, જેને જૈન પરિભાષામાં સમ્યગ્દર્શન કહેવાય. ભક્તિતત્ત્વ પ્રધાન હોવાથી કવિના ભક્તિપ્રવણ ઉદ્‌ગારો ભક્તિને જ અનુરૂપ એવા લહેકાદાર કોમળવર્ણી છંદમાં પ્રગટ થયા છે. ભક્તિતત્ત્વમાં ભકત તેમ જ ભક્તિપાત્રનું દ્વૈત હોય તે અનિવાર્ય છે. એટલું જ નહિ પણ તેમાં ભક્તિપાત્ર પ્રત્યે ભકત અતિ નમ્રભાવે-અતિ દીનભાવે-જાણે પોતાની જાતને તદ્દન ગણી ન દેતો હોય તેવા લાઘવથી ઉભો રહી પોતાની વીતક કથા અનુતાપયુકત વાણીમાં કથે છે. તેથી એ કથનમાં શૌર્ય કે પરાક્રમને વ્યકત કરે એવા ઉદ્દીપક શબ્દો અગર છંદને સ્થાન નથી હોતું. પણ એવા આંતરિક અનુતાપવાળા ઉદ્‌ગારોમાં નમ્રપણું અને દીનપણું વ્યકત કરે એવો જ છંદ સાહજિક બને છે. કવિએ જૈન અને વૈષ્ણવ પૂર્વાચાર્યોએ વાપરેલ એવા જ છંદની પસંદગી કરી છે. એની હલક એવી છે કે જો ગાનાર યોગ્ય રીતે ગાય તો એમાંથી કવિના હૃદયમાં પ્રગટ થયેલ અનુતાપયુકત ભક્તિભાવ અને વિવેક એ બન્ને, અર્થના ઉંડા વિચાર સિવાય પણ, શ્રોતાનાં મન ઉપર અંકિત થાય છે. દરેક પાદને અંતે આવતો અનુપ્રાસ ગેય તત્ત્વની મધુરતામાં ઉમેરો કરે છે અને શ્રોતાના મન ઉપર એવો રણકારો પાડે છે કે તે ફરી ફરીને સાંભળવાની કે ગાવાની લાલચ સેવ્યા જ કરે અને એ સેવનના પુનરાવર્તનમાંથી અર્થના ઉંડાણમાં આપોઆપ સરતો જાય.

પહેલી કડી

વિહરમાન ભગવાન, સુણો મુજ વિનતિ,
જગતારક જગનાથ, અહો ત્રિભુવનપતિ;
ભાસક લોકા લોક, તિણે જાણો છતી,
તો પણ વિતક વાત, કહું છું તુજ પ્રતિ. ૧.

કવિ જાણે છે કે સ્તુત્યદેવ સર્વજ્ઞ હોવાથી પોતાનું વકતવ્ય પણ જાણે છે, અને તેથી તેમના પ્રત્યે કાંઇ પણ કહેવું એ તો માત્ર પુનરૂક્તિ છે-પિષ્ટપેષણ છે. આમ જાણવા છતાં કવિ પુનરૂક્તિ અને પિષ્ટપેષણનો દોષ વહોરી લે છે તે એના હૃદયગત સાચા અનુતાપનું સૂચન છે. જ્યારે હૃદયમાં ખરેખરો અનુતાપ એટલે કે ભૂલનો હુબહુ ચિતાર ખડો થાય છે ત્યારે માણસ પુનરૂક્તિ કે પિષ્ટપેષણદોષ વહોરીને પણ પોતાનું દિલ પોતાના ભક્તિપાત્ર પ્રત્યે ખાલી કર્યા વિના રહી શકતો નથી. એ જ વસ્તુ પહેલી કડીમાં સૂચિત થાય છે.

બીજી કડી

હું સરૂપ નિજ છોડી, રમ્યો પર પુદ્ગલે,
ઝીલ્યો ઉલટ આણી, વિષયતૃષ્ણા જળે;
આસ્રવબંધ નિભાવ, કરૂં રૂચિ આપણી;
ભૂલ્યો મિથ્યા વાસ, દોષ દઉં પરભણી.

જીવનતત્ત્વના આધ્યાત્મિક વિકાસક્રમમાં જે તત્ત્વ પર-છાયાનો મેલ છોડી છેવટે તદ્દન નિર્મળ રૂપે બાકી રહે છે તે જ તત્ત્વ પારમાર્થિક સત્ય લેખાય છે અને તે જ સાધ્ય મનાયેલું છે. જે તત્ત્વ આધ્યાત્મિક સાધના દ્વારા જીવનમાંથી હંમેશને માટે સરી પડે છે તે જ પર-છાયા અથવા વૈભાવિક કહેવાય છે. કવિ આધ્યાત્મિક માર્ગનો પથિક છે, અને તેથી તે પોતાના જૈનપરંપરાનુસારી સંસ્કાર પ્રમાણે વિવેકથી પારમાર્થિક અને વૈભાવિક એ બે તત્વોનો ભેદ જાણી પોતાની સ્વરૂપચ્યુતિનું વર્ણન બીજી કડીમાં કરે છે. કવિ એમ જાણે છે અને માને છે કે તે મૂળે તદ્દન શુધ્ધસ્વરૂપી છે, પણ અકળ કળાથી અને અકળ કાળથી તે પોતાના એ સચ્ચિદાનંદ સાહજિક સ્વરૂપથી ચ્યુત થઈ પરતત્વમાં રત થયો છે અને પરને જ સ્વ માની પોતાનું સહજ ભાન ભૂલી ગયો છે. કવિ આટલા કથનથી જૈન પરંપરાના જીવ, અજીવ, આસ્રવ અને બંધ એ ચાર તત્વોનું સૂચન કરે છે. ભારતનાં બધાં જ આત્મવાદી દર્શનો આ ચાર તત્વો ઉપર જ પોતપોતાનાં દર્શનોની માંડણી કરે છે. સાંખ્ય દર્શનમાં જે પ્રકૃતિ-પુરૂષનો વિવેક છે તેમ જ વેદાંતમાં જે નિત્યાનિત્ય છે તે જ જૈન દર્શનમાં જીવ-અજીવનો વિવેક છે. આવા વિવેકનો ઉદય તે જ સમ્યગ્દર્શન કહેવાય છે. આવા દર્શનથી જ આધ્યાત્મિક વિકાસક્રમમાં ચોથા ગુણસ્થાન કે ચોથી ભૂમિકામાં પ્રવેશ થાય છે.

કવિ કથન કરે છે તે કઇ ભૂમિકાએથી એ સમજીએ તો જ એના કથનનો ભાવ સમજાય. અત્રે કવિની ભૂમિકા આનંદઘન કે શ્રીમદ્ રાજચંદ્રની પેઠે સમ્યગ્દર્શનની જ છે એમ માની લેવું જોઇએ. સમ્યગ્દર્શન એટલે આધ્યાત્મિક વિવેક. આ વિવેકમાં સાધક મુખ્યપણે શ્રદ્ધાની ભૂમિકા ઉપર ઉભો હોય છે, છતાં એમાં એને પોતાના સમ્પ્રદાયમાં થઇ ગયેલા અનુભવી ઋષિઓના જ્ઞાનનો વારસો પ્રતીતિકરરૂપે હોય જ છે. સમ્પ્રદાય ભેદને લઇને આધ્યાત્મિક સાધકની ભાષા બદલાય, પણ ભાવ બદલાતો નથી. આની સાબીતી આપણને દરેક સમ્પ્રદાયના સંતોની વાણીમાંથી મળી રહે છે. દેવચંદ્રજીએ બીજી કડીમાં સૂચિત કરેલ ઉપર્યુક્ત ચાર તત્વો પૈકી જીવ અને અજીવ એ બે તત્વો સતૂતત્વના અર્થાત્ વિશ્વસ્વરૂપના નિદર્શક છે, જ્યારે આસ્રવ અને બંધ એ બે તત્વ જીવનલક્ષી છે. અનુભવાતું જીવન નથી એકલું ચૈતન્યરૂપ કે નથી એકલું જડરૂપ. એ તો બન્નેનું અકળ મિશ્રણ છે. તેના પ્રવાહની કોઇ આદિ લક્ષમાં આવે તેવી નથી. તેમ છતાં આધ્યાત્મિક દ્રષ્ટાઓએ વિવેકથી એ જીવનનાં બે તત્વો એકમેકથી જુદાં અને સાવ સ્વતંત્ર તારવ્યાં છે. એક તત્વમાં છે જ્ઞાનશક્તિ અગર ચેતના તો બીજામાં છે જડતા. ચેતનસ્વભાવ જેમાં છે તે જીવ અને જેમાં એ સ્વભાવ નથી તે કર્મ અજીવ. એ જ બે તત્વોને અનુક્રમે સાંખ્ય પુરૂષ અને પ્રકૃતિ કહે છે, જ્યારે વેદાંત બ્રહ્મ અને માયા અગર આત્મા-અનાત્મા કહે છે. દેવચંદ્રજી જીવ અને જડનો જેવી રીતે વિવેક દર્શાવે છે તેવી જ રીતે સાંખ્ય અને વેદાંત આદિ દર્શનોમાં પણ છે અને એ દર્શનોમાં પણ આધ્યાત્મિક પ્રગતિ માટે એવા વિવેકનો ઉદય અનિવાર્ય રીતે સ્વીકારાયેલો છે, અને તે જ સમ્યગ્દર્શન તરીકે પણ લેખાયો છે.

અપૂર્ણ

પંડિત સુખલાલજી.

ગયા અંકમાં પ્રગટ થએલ ધનાર્મિ નિબંધ વિષે પત્રવ્યવહારનું ઠેકાણું નીચે મુજબ છે.

ધનાર્મી નિબંધ સમિતિ

C/o આત્માનંદ જૈન સભા. ૧૭, ધનજી સ્ટ્રીટ મુંબઈ ૩.

સદ્‌ગત જયંતિલાલ ચીમનલાલ શાહ.

'અનેકરત્ના વસુંધરા' એ કહેવત મુજબ આજે જેને વિશાળ જનસમાજ બહુ જાણતો નથી તેવા અનેક સમાજસેવકો નાના મોટા ખુણે કોમના નામે, ગામના નામે, ધર્મના નામે જનતાના નાના મોટા વિભાગની સેવા કરી રહ્યા છે અને એ સેવા જનતાને એક યા બીજા પ્રકારની રાહત આપીને આજના વિષમ કાળમાં ટકી રહેવાનું, બે ડગલાં આગળ વધવાનું બળ આપે છે અને તેવા એકાદ કાર્યકર્તાને જ્યારે કાળ પોતાના મોઢામાં ઝડપી લે છે ત્યારે દુનિયા તો ચાલતી હતી એમ જ ચાલતી દેખાય છે, પણ જે ક્ષેત્રમાં તે વ્યક્તિ કામ કરતી હોય છે તે ક્ષેત્રમાં તેની ભારે મોટી ખોટ પડી જાય છે અને પાછળથી તેનું કાર્ય ઉપાડી લેનારના અભાવે તેનું આદર્યું અધરું રહી જાય છે. આવા એક અલ્પ પ્રસિદ્ધિને પામેલ ભાઈ જયંતીલાલ ચીમનલાલ શાહના તા. ૧-૧૧-૪૭ ના રોજ નિપજેલ અવસાનની નોંધ લેતાં બહુ દિલગીરી થાય છે. તેઓ અમદાવાદના વતની હતા અને ત્યાંની જૈન વીશા શ્રીમાળી જ્ઞાતિ એ તેમનું મુખ્ય કાર્યક્ષેત્ર હતું. તેઓ પોતાની જ્ઞાતિ માટે ઉભું કરવામાં આવેલ એક દવાખાનું બહુ જ વ્યવસ્થિત રીતે ચલાવતા હતા અને તેનો લાભ સંખ્યાબંધ ભાઇ બહેનો લેતા હતા. તે દવાખાનાને સાધારણ સ્થિતિમાંથી બહુ મોટા પાયા ઉપર તેઓ લઇ ગયા હતા. આજે તે સંસ્થા અમદાવાદની વીશા શ્રીમાળી જ્ઞાતિને એક મહાન આશીર્વાદરૂપ બની રહી છે. આ ઉપરાંત પોતાની જ્ઞાતિના પ્રાથમિક તેમ જ આધ્યાત્મિક શિક્ષણ લેતા વિદ્યાર્થીઓને પાઠયપુસ્તકો, શિષ્યવૃત્તિઓ તેમ જ કલાસ ફી વગેરેની મદદ મળે તે માટે આજથી ત્રણ વર્ષ પહેલાં તેમણે એક ફાળો ઉભો કર્યો હતો અને તે કાર્ય પાછળ અત્યન્ત પરિશ્રમ લઇને અન્ય સાથીઓના સહકારથી આજસુધીમાં તેમણે સાડાચાર લાખ રૂપીઆ એકઠા કર્યા હતા અને પોતાની કોમના વિદ્યાર્થીઓ માટે એક મોટી સગવડ ઉભી કરી હતી. આ યોજનાનો લાભ લેતાં કોઇ પણ વિદ્યાર્થીના માબાપો જરા પણ સંકોચ ન કરે તે માટે જ્ઞાતિ તરફથી એવો પ્રબંધ કરવામાં આવ્યો છે કે જ્ઞાતિના શ્રીમંત, મધ્યમ કે ગરીબ સ્થિતિના સૌ કોઇ વિદ્યાર્થીઓએ પોતાને ભણવાનાં પાઠય પુસ્તકો આ સંસ્થા પાસેથી જ મફત લેવા. આ સેવાના બદલામાં પાછળથી તે વિદ્યાર્થીના મા-બાપ એ સંસ્થામાં દાન તરીકે નાણાં ભરે એ જુદી વાત છે. આ કાર્ય પાછળ તેમણે સમય તેમ જ શક્તિનો ઘણો ભોગ આપ્યો હતો. તેમનો સ્વભાવ અત્યન્ત માયાળુ, નમ્ર અને નિરભિમાની હતો. તેમના અકાળ અવસાનથી અમદાવાદની વીશા શ્રીમાળી કોમને એક સાચા દિલના સેવાભાવી કાર્યકર્તાની મોટી ખોટ પડી છે.

મુંબઇમાં જૈન હાઉસીંગ સોસાયટીઓ ઉભી કરવાની ખાસ જરૂર

શ્રી. કાન્તિલાલ જગજીવન ચોકશી આ સંબંધમાં જણાવે છે કે:-

"અત્યારના સંયોગોમાં હાઉસીંગ સોસાયટીની સ્થાપના કરી મકાનો જો તૈયાર કરવામાં આવે તો મકાનોની હાડમારી દૂર કરી શકાય. વધુ ફાયદો તો એ છે કે મધ્યમ વર્ગના કુટુંબોને જીંદગી સુધી ભાડુઆત તરીકે ભરવું પડતું ભાડું બચાવી તેઓ પોતાનું મકાન નિપજાવી શકે, અને સહકારની પધ્ધતિએ જીવન જીવવાનો અને વિકસાવવાનો તેમને રસ્તો મળે. આવી સહકારી મંડળીઓની સ્થાપના અમદાવાદ પુના વગેરે સ્થળોમાં જોવામાં આવે છે. જ્ઞાતિવાર પણ આવી મંડળીઓ રચી એક એકમ તરીકે પોતાના જ્ઞાતિવ્યક્તિત્વને દરેક દૃષ્ટિએ ખીલવી શકાય. આવી જૈન સહકારી મંડળીઓ અમદાવાદમાં જોવામાં આવે છે, જ્યારે મુંબઈ જેવા વગદાર શહેરમાં આવી એક પણ મંડળીની હયાતીની જાણ નથી. મુંબઇની આગેવાન જૈન સંસ્થાઓ મુંબઇમાં આવી સહકારી મંડળી સ્થાપવામાં સક્રિય રસ લે તો જૈન સમાજને તે અતિ ઉપયોગી ભેટ તે સંસ્થાઓ તરફથી મળે, એટલું જ નહિ પણ તે સંસ્થાઓ પોતાની વગ વાપરીને આવી વધુ મંડળીઓ જુદાં જુદાં પરાંઓમાં જૈન સમાજ માટે સ્થાપી શકે. મુંબઇની આગેવાન જૈન સંસ્થાઓ આ પ્રવૃત્તિ હાથમાં લે તો જૈન સમાજનાં વિવિધ તત્વો સાથ આપવામાં પાછી પાની નહિ કરે એમ હું ચોક્કસ માનું છું."

સામાયિક અથવા શુદ્ધ સંકલ્પોનું સેવન

(આચાર્યશ્રી સન્મતિ જ્ઞાનપીઠ પ્રકાશન સમિતિ તરફથી પ્રગટ થયેલ મુનિશ્રી અભયચંદ્ર રચિત 'સામાયિક સૂત્ર'ની પંડિત બેચરદાસે હિંદી ભાષામાં વિચારપ્રેરક પ્રસ્તાવના લખી છે તેનો શ્રી. કમળાબહેન સૂતરીયાએ 'પ્રબુદ્ધ જૈન'ના વાંચકો માટે ગુજરાતી અનુવાદ કરીને મોકલ્યો છે જે અહિં સાભાર પ્રગટ કરવામાં આવે છે. તંત્રી)

સ્વરક્ષણ વૃત્તિ પ્રત્યેક પ્રાણીમાં જન્મથી જ હોય છે. આ સ્વરક્ષણ વૃત્તિને સર્વરક્ષણ વૃત્તિમાં ફેરવવાનો સામાયિકનો પ્રધાન ઉદ્દેશ છે. પ્રત્યેક માનવ સૌથી પ્રથમ તો પોતાનાં જ દેહ, ઇંદ્રિયો તથા ભોગવિલાસોનો વિચાર કરે છે. અને પરિણામે આ બધાના રક્ષણ માટે સારૂં અથવા ખરાબ કાર્ય કરવા પણ તૈયાર થઇ જાય છે. જ્યારે તે માત્ર પોતાનો જ વિચાર છોડી પોતાના કુટુંબનો પણ વિચાર કરવા લાગે છે ત્યારે તેની આ સ્વરક્ષણ વૃત્તિ વિશાળ થઇ પરિવારની સીમા સુધી પહોંચે છે. પરંતુ સામાયિક આપણને એ સમજાવે છે કે સ્વરક્ષણ વૃત્તિના વિકાસનું મહત્વ માત્ર પોતાના દેહ કે પરિવાર સુધીનું જ નથી. બલ્કે તે વૃત્તિને વિશ્વવ્યાપી બનાવવામાં જ છે. અને તે પણ શાંતિ પરિષદ (Peace Conference)ની માફક માત્ર વિચારમાં જ નહીં, પરંતુ વ્યવહારમાં પણ પ્રાણીમાત્રની રક્ષાવૃત્તિમાં જ છે. જે માનવ વિશ્વ-રક્ષણનો ભાવ હૃદયમાં રાખે છે અને તે જ પ્રમાણે કાર્ય પણ કરે છે તે જ માનવ સાચું સામાયિક કરે છે. પછી ભલે તે શ્રાવક હોય અથવા કોઇ અન્ય ગૃહસ્થ હોય, સન્યાસી સાધુ હોય કે કોઇ પણ સંપ્રદાય કે મતમાં માનનાર હોય, તે ભલેને ગમે તે દેશનો હોય અથવા ગમે તે વિધિપરંપરામાં માનનાર હોય; વિભિન્ન જાતિઓએ, વિભિન્ન ભાષાઓએ, વિભિન્ન વિધિઓએ સામાયિકમાં કોઇ પણ પ્રકારની બાધા-અડચણ-કરી શકતી નથી, તેને રોકી શકતી નથી. જ્યાં સમભાવ છે, વિશ્વરક્ષણ વૃત્તિ છે તથા તેનું આચરણ છે ત્યાં સાચી સામાયિક છે. બાહ્યભેદ તો ગૌણ છે, મુખ્ય નહીં.

પ્રાણીમાત્રને આત્મવત્ સમજીને સર્વ પ્રકારનો વ્યવહાર ચલાવવો તેનું નામ સામાયિક. समकआयकइक-સામાયિક સમ-સમભાવ, સર્વત્ર આત્મવત્ પ્રવૃત્તિ; આય-લાભ, જે પ્રવૃત્તિથી સમતાની, સમભાવની અભિવૃદ્ધિ થાય તે સામાયિક.

જૈન શાસ્ત્રમાં સામાયિકના બે પ્રકાર બતાવ્યા છે. એક દ્રવ્ય સામાયિક, બીજું ભાવસામાયિક. સમભાવની પ્રાપ્તિ, સમભાવનો અનુભવ અને સમભાવનું જ પ્રત્યક્ષ આચરણ-એ ભાવસામાયિક છે. આવું ભાવસામાયિક કરવાને માટે-તેવું સામાયિક થઇ શકે માટે-જે બાહ્ય સાધનો તથા અંતરંગ સાધનો યોજવામાં આવે છે, તેને દ્રવ્યસામાયિક કહે છે. જો દ્રવ્યસામાયિક ભાવસામાયિક સુધી આપણને ન પહોંચાડી શકે તો તે દ્રવ્યસામાયિક નહિં પરંતુ અન્ધ-સામાયિક છે, મિથ્યા-સામાયિક છે અને જો વધુ ઉગ્ર મત દર્શાવીએ તો તે માત્ર છલ-સામાયિક છે.

દ્રવ્ય સામાયિકનો પ્રધાન ઉદ્દેશ એ છે કે આપણે આપણા નિત્ય જીવનમાં હરહંમેશ ભાવસામાયિકનો પ્રયોગ કરતાં શીખીએ. પરિણામે આપણે ઘરમાં હોઇએ, દુકાનમાં હોઇએ, કોર્ટ કચેરીમાં હોઇએ અથવા કોઇ પણ વ્યવહારિક કાર્યમાં કે કોઇ પણ સ્થળે હોઇએ તો પણ તે દરેક સ્થળે દરેક સમયે સામાયિકની મૌલિક ભાવના અનુસાર આપણો બધો જ લૌકિક વ્યવહાર ચાલી શકે છે. ઉપાશ્રયમાં કે સ્થાનકમાં; **'सावज्जं जोगं पच्चक्खामि'**-'પાપયુક્ત પ્રવૃત્તિઓનો હું ત્યાગ કરૂં છું'-ની લીધેલી પ્રતિજ્ઞાની સાર્થકતા તો વસ્તુતઃ આર્થિક, રાજનૈતિક તથા ઘરવ્યવહારમાં પણ આપણી સામે જ હોય છે. આપણા સમગ્ર જીવનમાં સામાયિક પ્રયોગની ભાવના અપનાવવાને માટે જ દૃઢ નિશ્ચય કરીને આપણે પ્રતિદિન ઉપાશ્રય વગેરે પવિત્ર સ્થાનોમાં દેવગુરૂ સમક્ષ **सावज्जं जोगं पच्चक्खामि'**ની ઉદ્‌ઘોષણા કરીએ છીએ, અને સામાયિકનો પણ વારંવાર અભ્યાસ કરીએ છીએ. અભ્યાસ કરતાં કરતાં જ્યારે આપણે જીવનના સર્વ વ્યવહારમાં સામાયિકનો પ્રયોગ કરવાનું શીખી લઇએ તથા તે ક્રિયાઓમાં સારી રીતે સમર્થ થઇ જઇએ, ત્યારે જ આપણો દ્રવ્ય સામાયિકના રૂપમાં કરેલો નિત્ય અભ્યાસ સફળ થઇ શકે છે, તથા ત્યારે જ આપણે સાચા સામાયિકનું પ્રત્યક્ષ પરિણામ જોઇ શકીએ છીએ-અનુભવી શકીએ છીએ.

જે મનુષ્ય એમ કહે કે ઉપાશ્રય તથા સ્થાનકમાં તો સામાયિક કરવું શક્ય છે, પણ સર્વત્ર તથા દરેક સમયે સામાયિક કેવી રીતે નભી શકે ? તો તેઓને હું કહીશ કે જ્યારે આપ દુકાનપર હો ત્યારે ગ્રાહકને આપના સગા ભાઇ જેવો સમજો. પરિણામે તેની તરફ કોઇ પણ પ્રકારનો છળવ્યવહાર ન કરો. તોલ-માપમાં ઠગાઇ ન કરો, તે જેવો સોદો ઇચ્છે તેવો જ સોદો જો દુકાનમાં હોય તો ઉચિત ભાવથી કરો. કદાચ જો સોદો બરોબર યોગ્ય ન હોય તો અથવા અનિષ્ટ હોય તો સ્પષ્ટ ઇન્કાર કરો. આ જાતની સત્ય વ્યવહારમય દુકાનદારીનું નામ પણ સામાયિક જ છે. અલબત્ત તે સમયે તમારી પાસે મુહપત્તી, ચરવળો કે રજોહરણ, કટાસણું કે માળા કંઇ પણ હશે નહીં; તો પણ સમભાવમાં રહી સંયતવાણી બોલતો મનુષ્ય ખરેખર ભગવાન મહાવીરે બતાવેલ સાચી સામાયિક વિધિનું અવશ્ય પાલન કરે જ છે.

આજ પ્રમાણે આપણા ઘરના વ્યવહારમાં પણ સમજી શકાય: ઘરમાં માતા, પિતા, ભાઇ, બ્હેન, વહુ, પુત્ર, પુત્રી વગેરે સ્વજનોની સાથે આત્મવત્ વ્યવહાર કરવામાં સાવધાન રહે તે છતાં કદાચ અજ્ઞાનથી, મોહથી કે લોભથી ઉત્પાત થાય અથવા થવાની સંભાવના હોય તો તે પોતે પોતાનું કર્તવ્ય સમભાવપૂર્વક વિચારે. ગમે તે પ્રકારનું ક્ષુબ્ધ વાતાવરણ હોય તો પણ પોતાની વિવેકવૃત્તિ જાગૃત રાખે, તે પણ એક સાચું સામાયિક જ છે. આ પ્રમાણે લેવડ-દેવડમાં, ખેતીના કામોમાં, મજુરો આદિના કોયડાઓમાં પણ બધું સરળ થઇ જાય છે. શાહુકાર, ખેડૂત અથવા કોઇપણ શ્રમજીવીનો ઝઘડો સમભાવરૂપ સામાયિકના સતત અભ્યાસ તથા વિવેક દ્વારા પ્રેમપૂર્વક પતાવી શકશે.

એક બીજી વાત એ યાદ રાખવાની છે કે સાચા સામાયિકનું ફળ વૈભવપ્રાપ્તિ નથી, ભોગ પ્રાપ્તિ પણ નથી, અને પુત્ર તથા રાજ્યપ્રાપ્તિ પણ નથી. સામાયિકનું સાચું ફળ તો સર્વ પ્રત્યે સમભાવની પ્રાપ્તિ, સર્વ પ્રત્યે સમભાવનો અનુભવ, પ્રાણીમાત્રમાં સમભાવની પ્રવૃત્તિ, માનવસમાજમાં સુખશાંતિનો વિસ્તાર, અશાંતિનો નાશ તથા કલહ અને પ્રપંચનો ત્યાગ છે. આજ સામાયિકનું ધ્યેય કે લક્ષ છે. આજ સામાયિકનો ઉદ્દેશ છે. સામાયિક સમભાવની અપેક્ષા રાખે છે. સામાયિક મુહપત્તી, રજોહરણ, ચરવળો, કટાસણું વગેરે તથા મંદિર વગેરેની અપેક્ષા રાખતું નથી. ઉક્ત સર્વે ચીજોને સમભાવના અભ્યાસ માટેનાં સાધન કહી શકાય. પરંતુ જો એ ચીજો સમભાવના અભ્યાસમાં ઉપયોગી ન થઇ શકે તો તે પણ માત્ર પરિગ્રહ જ છે એમ કહેવું જોઇએ. અથવા તો તે માત્ર આડંબર જ છે. સામાયિક કરનારે લોભ, ક્રોધ, મોહ અજ્ઞાન, દુરાગ્રહ, અન્ધશ્રધ્ધા, સંપ્રદાયાન્તર દ્વેષ વગેરેનો ત્યાગ કરવાનો અભ્યાસ કરવો જોઇએ. અન્ય સંપ્રદાયોની સાથે સમભાવથી વર્તવું, તથા તેના વિચારોને સરલભાવથી સમજવા એ સામાયિકના સાધકનું અતીવ આવશ્યક કર્તવ્ય છે.

કોઇ કોઇ સમયે તો વળી આપણે ધાર્મિક ક્રિયા-કાંડોને તથા ધાર્મિક વિધિઓને આપણી પ્રપંચસિદ્ધિનું નિમિત્ત પણ બનાવી લઇએ છીએ, અને ધર્મના નામ પર જ ખુલ્લે ખુલ્લી રીતે

ધર્મનું આચરણ કરવા માંડીએ છીએ. આમ કેમ થાય છે? આમ થવાનું કારણ એ છે કે ખરી રીતે આપણે એ વિધાનોનું સાચું રહસ્ય જ સમજ્યા નથી, અને તેનો ભાવ પણ સમજતા નથી. અર્વાચીન ધર્મો તથા સંપ્રદાયો તથા વિશેષે કરીને તેના અનુયાયીઓનું પ્રત્યક્ષ આચરણ તથા તેમનાં ધર્મ વિધાનો આ બાબતની સાક્ષી આપી રહ્યાં છે.

બીજું કારણ આપણી ફૂટ કે કુસંપની મનોવૃત્તિ છે–ધાર્મિક કલેશ–મતમતાંતરના કલેશ–ને આપણે લઇએ. આપણા પૂર્વજો તથા સુધારકોએ સમયે સમયે યુગાનુકૂળ તથા ઉચિત એવાં સામાજિક સંશોધન તથા ક્રાંતિની ભાવનાથી પ્રેરાઇને જીર્ણશીર્ણ ધાર્મિક ક્રિયાકાંડોમાં થોડા ઘણા નવા ફેરફાર કર્યા. પરંતુ આપણે તો તે ફેરફારોને જ કલેશનું કારણ બનાવી દીધા. અને ભેદભાવને જ આદર્શ સિદ્ધાંત માની લીધો. જૈન સમાજના શ્વેતાંબર તથા દિગંબર સંપ્રદાય, તથા શ્વેતાંબર સંપ્રદાયમાં પણ મૂર્તિપૂજક, સ્થાનકવાસી વગેરે ભેદ, દિગંબર સંપ્રદાયમાં પણ તારણ પંથ ને તેરા પંથની વિભિન્નતા–આ બધું ઉપર જણાવેલી મનોવૃત્તિનું જ પ્રતીક છે. ધાર્મિક મતમતાંતરો કુસંપને ફેલાવી રહ્યા છે. ધર્મના નામ પર નિંદનીય પ્રવૃત્તિઓ ચાલી રહી છે. અને પ્રાચીન–શાસ્ત્રોના શબ્દો પર ઝઘડા મચી રહ્યા છે. આમ ધર્મની બાબતમાં એક ભયંકર અરાજકતા ફેલાઇ ગઇ છે.

સમાજમાં બે પ્રકારના મનુષ્યો હોય છે. એક તો પંડિત વર્ગ જેમની આજીવિકા તથા પ્રતિષ્ઠા શાસ્ત્રો પર નિર્ભર છે. પંડિત વર્ગમાં અમુક તો વસ્તુતઃ નિઃસ્પૃહ, ત્યાગી, સ્વ તથા પરનું શ્રેય જ સાધવાવાળા સમભાવી હોય છે અને બીજા આથી વિપરીત એટલે કે સર્વથા સ્વાર્થથી જ જીવનારા દુરાગ્રહી અને પ્રતિષ્ઠાપ્રિય હોય છે. બીજી શ્રેણીવાળા પંડિતો ગતાનુગતિક, પરંપરાપ્રિય, રૂઢિવાદી અજ્ઞાનીઓ જ હોય છે. અત્રે એ કહેવાની કંઇ જરૂર નથી કે પંડિત–વર્ગમાં મોટે ભાગે પ્રાયઃ એવા લોકો જ હોય છે કે જેઓ સ્વાર્થજીવી તથા દુરાગ્રહી અને પ્રતિષ્ઠાપ્રિય હોય છે. સમાજ પર એમનો જ પ્રભાવ રહે છે. પરિણામે જનતાને વાસ્તવિક સત્યની પ્રેરણા જ મળતી નથી. ઉલટું એ લોકો એકબીજાને જૂઠા તથા નાસ્તિક, નિહ્નવ, આદિ કઠોર શબ્દોથી સંબોધી ઘોર હિંસાની, પારસ્પરિક દ્વેષની પ્રેરણા જ ફેલાવે છે. આવા વાતાવરણમાં શુદ્ધ ધર્માચરણનું પ્રતિબિંબ તો આપણા વ્યવહારમાં આવી જ શી રીતે શકે? આપણે તો પાખંડી આચરણ, સાંપ્રદાયિક દોષના જ ભોગ બની જઇએ છીએ. અને વ્યવહારના આચરણને તથા ધર્મના આચરણને તદ્દન અલગ જ માની લઇએ છીએ. આપણી સાંપ્રદાયકિ હઠ પ્રત્યેની મમતા જ આપણને દબાવી દે છે. સંપ્રદાયના સૂત્રધાર આપણને સત્ય પ્રતિ દોરી જતા નથી પરંતુ ભ્રાંતિમાં જ પાડી દે છે. ધર્મના નામ પર આજે જે ચાલી રહ્યું છે તે સત્યની એક મહાન વિડંબના નહીં તો બીજું શું છે?

ધાર્મિક મનુષ્યનું ધર્માચરણ માત્ર અમુક પ્રચલિત ક્રિયાકાંડોમાં જ પરિસમાપ્ત થતું નથી, પરંતુ પ્રત્યેક ધર્માચરણનું પ્રતિબિંબ આપણા નિત્ય વ્યવહારમાં પણ પડવું જોઇએ. સંક્ષેપમાં કહીએ તો શુદ્ધ તથા સત્ય વ્યવહારનું નામ જ સામાયિક ધર્મ છે. જ્યારે વ્યવહાર તથા ધર્મને આપણે સર્વથા અલગ જ સમજીએ છીએ ત્યારે જ ગરબડ ઉત્પન્ન થાય છે અને સર્વ સાંપ્રદાયિક કર્મ–કાંડ પાખંડ બની જાય છે. પરંતુ જો આપણે શુદ્ધ વ્યવહારને જ ધર્માચરણ સમજીએ તો પછી અનેક મતમતાંતરો હોવા છતાં પણ કોઇ પણ જાતની હાનિ થવા સંભવ નથી. ધર્મ તથા મત–પંથ ગમે તેટલા ન હોય, પણ જો તેઓ સત્યના ઉપાસક હોય, પારસ્પારિક અખંડ સૌહાર્દના સ્થાપક હોય, આધ્યાત્મિક જીવનને જ સ્પર્શનારા હોય તો તે સમાજનું કલ્યાણ જ કરે છે. પરંતુ જ્યારે મુમુક્ષા ઓછી થઇ જાય છે, સાધનાવૃત્તિ શિથિલ થઇ જાય છે, અને કેવળ પૂર્વજો પરનો અનુરાગ અથવા પોતાનો હઠાગ્રહ બળવાન બને છે, ત્યારે સંપ્રદાયના સંચાલકો પુરાણા વિધિ વિધાનોની અમુક અમુક વ્યાખ્યા કરવા લાગે છે અને જનતાને ભ્રાંતિમાં પાડી દે છે. આવી દશામાં ગતાનુગતિક સાધારણ જનતા સત્યના કિનારે ન પહોંચતા માત્ર શુષ્ક ક્રિયાકાંડોના વિકટ અને ભયંકર વમળમાં ફસાઇ પડે છે.

જ્યાં લગી સાધારણ જનતામાં અજ્ઞાન જ પ્રચલિત છે, વિવેકશક્તિનો અભાવ છે, ત્યાં સુધી કોઇ પણ અશુદ્ધ કર્મ–કાંડથી લાભને બદલે હાનિ જ થવાની. ધાર્મિક કર્મ–કાંડથી હાનિ નથી, પરંતુ જનતાનું અજ્ઞાન તથા ઉપદેશકો દ્વારા આપવામાં આવેલો મિથ્યા ઉપદેશ જ હાનિનું કારણ છે. સંક્ષેપમાં કહેવાનો ભાવાર્થ એટલો જ છે કે જો ધાર્મિક ક્રિયા–કાંડ દ્વારા જનતાને ખરો લાભ પહોંચાડવાની ઇચ્છા હોય તો ધાર્મિક કર્મકાંડમાં પરિવર્તન કરવાની ઘણી જ અપેક્ષા છે, અને તદ્‌ગત અજ્ઞાનને પણ દૂર કરવાનો પ્રયત્ન કરવો જોઇએ. હું આજના જનહિતૈષી આચાર્યોને પ્રાર્થના કરું છું કે તેઓ મુમુક્ષુ જનતાને ધાર્મિક કર્મકાંડોની ભીતરમાં જે સત્ય છૂપાયેલ છે તેને પ્રકાશિત કરે અને નિષ્પ્રાણ ક્રિયાકાંડોમાં પ્રાણ પુરવાનો પ્રયત્ન કરે.

આપણા પ્રાચીન ધર્મગ્રંથોમાં એટલા જ માટે કહ્યું છે કે:– "જે વર્ગ ધર્મગુરૂ યા ધર્મપ્રજ્ઞાપકનું પદ ધારણ કરે છે, તેઓએ ગંભીરતાથી અંતર્મુખ બની શાસ્ત્રોનું અધ્યયન તથા મનન અને પરિશીલન કરવું જોઇએ. માત્ર શાસ્ત્રીય સિદ્ધાંતો પર રાગદૃષ્ટિ રાખવાથી જ તેનું યથાયોગ્ય જ્ઞાન થઇ જાય તો પણ એવું જ્ઞાન શાસ્ત્રોના પ્રજ્ઞાપનમાં નિશ્ચિત તથા પ્રમાણિક બની શકતું નથી."

"જે ધર્મગુરૂ બહુશ્રુત તરીકે જનતામાં પ્રસિદ્ધ થાય છે, જેનો લોક–સમાજ–આદર કરે છે, જેમની શિષ્ય પરંપરા વિસ્તૃત હોય છે, તેમની જો શાસ્ત્રીય જ્ઞાનની પ્રરૂપણા નિશ્ચિત ન હોય તો તે જે ધર્મના આચાર્ય છે તે જ ધર્મના શત્રુ બને છે. અર્થાત્ એવા ધર્મગુરૂ ધર્મશત્રુનું કામ કરે છે."

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, પર્યાય, દેશ, સંયોગ તથા ભેદ ઇત્યાદિને લક્ષમાં રાખીને શાસ્ત્રોનું વિવેચન કરવું જોઇએ. અધિકારી જિજ્ઞાસુની ભૂમિકાનું ધ્યાન રાખ્યા સિવાય વિવેચન કરવું તે વક્તા તથા શ્રોતા બંનેનું અહિત કરે છે.

ધર્મસાધનાને માટે બાહ્ય સાધનોનો ત્યાગ કરી દેવો એ કોઇ સાધના નથી. સાધનના ત્યાગ માત્રથી જ વિકારી મનોવૃત્તિનો અંત આવી નથી જતો. કલ્પના કરો કે એક મનુષ્ય પોતાની કલમથી અશ્લીલ શબ્દ લખે છે. તેને કોઇ ધર્મોપદેશક કહે કે કલમથી અશ્લીલ શબ્દો લખાય છે, માટે, કલમને ફેંકી દો તો શું થશે? તે કલમ ફેંકી દેશે. તથા કલમથી અશ્લીલ શબ્દો લખવાનું પણ બંધ થઇ જશે. પરંતુ હવે તે પેન્સીલથી લખવાનું શરૂ કરશે. જો તે પણ છોડાવી દેવામાં આવશે તો ખડી તથા કોયલાથી લખવા માંડશે. જો તેને પણ આ અધર્મ થાય છે કહીને ફેંકાવી દેવામાં આવશે તો નખથી રેખાઓ વડે અશ્લીલતા અંકિત કરવાની ભાવના તેનામાં જાગૃત થશે. આ પ્રમાણે સાધનને ફેંકવા અથવા બદલવાથી મનુષ્ય કદી પણ અશ્લીલ પ્રવૃત્તિઓનો પરિત્યાગ નહીં કરી શકે. તે માત્ર સાધનો બદલતો રહેશે પણ ભાવનાઓ તો કદી નહીં બદલે. આથી ધર્મોપદેશક ગુરૂએ વિચાર કરવો જોઇએ કે જનતાની અશ્લીલ પ્રવૃત્તિનું મૂળ કયાં છે? અશુભ સંકલ્પ એ જ અજ્ઞાનનું મૂળ છે.

આવી પરિસ્થિતિમાં અશ્લીલ પ્રવૃત્તિઓને રોકવાને માટે આપણા હૃદયમાં જે અશુદ્ધ સંકલ્પ છે તેનો જ પરિહાર કરવો એ આવશ્યક છે. ઉદાહરણ તરીકે અશ્લીલ લેખન લઇએ. અશ્લીલ લેખનને રોકવા માટે કલમ ફેંકાવી દેવી આવશ્યક નથી. આવશ્યક તો એ છે કે મનુષ્યે પોતાના હૃદયમાં વસનારા અશુધ્ધ સંકલ્પો તથા બુરા ભાવોનો ત્યાગ કરવો તે. અસ્તુ. અશુધ્ધ સંકલ્પોના

વિક્રમ સંવત ૨૦૦૪ ના મંગળ પ્રભાતે

એક વિહંગાવલોકન

આજે વિક્રમ સંવત્ ૨૦૦૩ નું વર્ષ પૂર્ણાહુતિ પામે છે અને વિક્રમ સંવત્ ૨૦૦૪ નું વર્ષ શરૂ થાય છે. વિદાય થતા વર્ષમાં આપણે પ્રવેશ કર્યો ત્યારે આપણા દેશમાં ચોતરફ ઘોર અંધકાર હતો. અલબત્ત ક્ષિતિજની કોર ઉપર આઝાદીની ઉષા એ સમયે ઝાંખી ઝાંખી પ્રગટી રહી હતી; રાષ્ટ્રના વહીવટનો કારભાર એ સમયની આરઝી સરકારને સોંપવામાં આવ્યો હતો; અને આગલા વર્ષ દરમિઆન ઉભી કરવામાં આવેલી લોકપ્રતિનિધિ સભા રાષ્ટ્રનું ભાવી રાજ્યબંધારણ ઘડી રહી હતી. પણ એ વખતે અંગ્રેજોની શુભનિષ્ટામાં આપણને પુરો વિશ્વાસ પડતો નહોતો. એક યા બીજા આકારમાં આપણી ગુલામી હજુ કંઇક મુદત સુધી ચાલુ રહેશે એવી આશંકા આપણા દિલમાં સળવળ્યા જ કરતી હતી. અને સૌથી વધારે ચિન્તાગ્રસ્ત બનાવે તેવી તે વખતની કોમી પરિસ્થિતિ હતી. કોમી દાવાનળ એક પ્રાન્તમાંથી બીજા પ્રાન્તમાં પ્રસરી રહ્યો હતો. બંગાળા બીહારમાં કોમી હુતાશ પ્રગટી ચુક્યો હતો. પંજાબ વાયવ્યપ્રાન્ત હજુ શાન્ત હતા. મુંબઇમાં તો કોમી પરિસ્થિતિ એક સરખી તંગ ચાલ્યાજ કરતી હતી. પછી તો કોમી પાગલપણાએ પંજાબ અને વાયવ્ય પ્રાન્તને ઝડપી લીધા અને હિંદુ શિખોના જાનમાલની પારાવાર ખુવારીનાં નવાં નવાં કાંડો રચાવા લાગ્યાં. લોકપ્રતિનિધિ સભામાં મોસ્લેમ લીગ ભાગ લે જ નહિ એટલે ગમે તેટલું સારૂં બંધારણ ઘડયાનો પણ આખરે અર્થ શું? એટલામાં હિંદના તે વખતના વાયસરાય લોર્ડ વેવલ ગયા અને લોર્ડ માઉન્ટબેટન તેમની જગ્યાએ આવ્યા. આ નવા વાઇસરાયે વીજળીના વેગે કાગ લેવું શરૂ કર્યું. આપણને આઝાદી મેળવવાની અધીરાઇ હતી તે કરતાં પણ અંગ્રેજ સરકારને અથવા તો તેમના પ્રતિનિધિ આ વાઇસરોયને આઝાદી આપવાની જાણે કે વધારે અધીરાઇ હોય એમ એમણે એક પછી એક ગુંચોનો તડાતડ નીકાલ લાવવા માંડયો. એ વખતે પંજાબ સળગી રહ્યું હતું અને હિંદુઓ અને શિખો ઉપર અત્યાચારની ઝડી વરસી રહી હતી. શિખોએ તત્કાળ પંજાબના વહીવટી ભાગલા કરવાની માંગણી કરી. બીજી બાજુએ મુસલમાનોની પાકીસ્તાનની માંગણી એક યા બીજા આકારમાં સ્વીકાર્યા સિવાય રાજકારણી મડાગાંઠનો કોઇ પણ નીકાલ અશકય-અસંભવિત- દેખાવા લાગ્યો. આમ છતાં પણ હિંદના ભાગલા માગનાર મુસલમાનો બંગાળા કે પંજાબના ભાગલા સ્વીકારે એ કોઇ પણ રીતે શકય નહોતું લાગતું. પંજાબના શિખોના દબાણથી પંજાબના ભાગલા મોસ્લેમ લીગ સ્વીકારે તો હિંદના ભાગલા સ્વીકારવા અને એ રીતે તત્કાલીન મડાગાંઠનો છેડો લાવવા કોંગ્રેસ અથવા તો કોંગ્રેસની કારોબારીના આગેવાનોએ પોતાની મરજી દેખાડી. જે કારણે પંજાબના ભાગલા પડે તે જ કારણે બંગાળાના ભાગલા તો પાડવાજ રહ્યા. મોસ્લેમ લીગના સરનશીન કાયદે આઝમ ઝીણાએ આવું ખંડિત પાકીસ્તાન સ્વીકારી લેવા તૈયારી બતાવી. આ રીતે વિભાજિત હિંદને અંગ્રેજ સરકારે ઓગસ્ટની પંદરમી તારીખે એકાએક આઝાદ બનાવ્યું. હિંદી સંઘના વાઇસરોય તરીકે આપણે લોર્ડ માઉન્ટબેટનને સ્વીકર્યા; નામદાર ઝીણા પાકીસ્તાનના વાઇસરોય બન્યા, પંજાબ અને બંગાળાની સરહદો વિષે સરકારી કમીશનનો નિર્ણય બહાર પડયો અને પંજાબમાં લોહીની નદીઓ વહેવી પાછી શરૂ થઇ. આ કતલ ઉભયપક્ષી હતી. શિખોએ અને હિંદુઓએ પંજાબના પૂર્વ વિભાગમાં હાહાકાર શરૂ કર્યો; પશ્ચિમ પંજાબના મુસલમાનોએ નાદીરશાહ, તૈમુરલિંગ અને ચંગીસખાનને ભુલવાડી દે એવી ખુનામરકી ચલાવી. સીંધ ઉપર પણ આ હત્યાકાંડના છાંટા ઉડવા માંડયા. લાખો માણસોની હિજરત એક બાજુથી બીજી બાજુએ શરૂ થઇ. વાયવ્ય પ્રાંતના મુસલમાનોએ શરૂ થયેલા હત્યાકાંડનાં ઠીક ઠીક પુરવણી કરી. આજે પૂર્વ પંજાબમાં બહુ જ ઓછા મુસલમાનો ટકી રહ્યા છે. પાકીસ્તાનમાં પણ હિંદુ તેમ જ શિખોની એથી પણ વધારે કપરી દશા થઇ બેઠી છે. નિર્વાસિતોનાં પુરનાં પુર હિંદુસ્થાનમાં જ્યાં ત્યાં વહી રહ્યાં છે. ગઇ કાલે સુખશાન્તિથી સુતેલાં હજારો કુટુંબો આજે પોતાની ધરતી ઉપરથી ઉખડી ગયાં છે અને અન્ય દેશબંધુઓની કરૂણાને પાત્ર બની રહ્યાં છે. આમ આઝાદીના આગમન સાથે કોઇની કલ્પનામાં પણ ન આવે એવા દુર્દૈવની પરંપરા શરૂ થઇ છે અને તેણે આવેલી આઝાદીના ઉત્સાહને-ઉલ્લાસને-આજે તો લગભગ નષ્ટપ્રાય બનાવી દીધો છે. હિંદની એક આંખમાં હર્ષના અને બીજી આંખમાં ઉંડી ગમગીનીનાં આંસુઓ વહી રહ્યા છે. આવા સંયોગોમાં આવી ઉભેલી દીવાળીને માણવાની અને મનાવવાની પ્રજાના દિલમાં કોઇ હોંશ દેખાતી નથી. જ્યારે એક બાજુ આપણા જ દેશબાંધવો નિર્વાસિત તરીકે જ્યાં ત્યાં હાલ બેહાલ કિંકર્તવ્યમૂઢ જેવાં પડેલા છે ત્યાં આપણે રોશની શું પ્રગટાવીએ અને એકમેકને વધામણી પણ શું આપીએ?

આમ છતાં પણ આખા દેશની સમગ્ર પરિસ્થિતિનો અને ઉત્તરોત્તર નવાં નવાં રૂપ ધારણ કરતા દેશના ઇતિહાસનો આપણે જ્યારે વિચાર કરવા બેઠા છીએ અને ગયે વર્ષે આ જ દિવસે આપણે ક્યાં હતા અને આ વર્ષના પ્રારંભપ્રભાતે આપણે ક્યાં ઉભા છીએ તેની આપણે જ્યારે તુલના કરી રહ્યા છીએ ત્યારે કેવળ નજીકના ઇતિહાસનો ખ્યાલ ધારીને હતાશ બની બેસવું આપણને ન પાલવે. વ્યાપક દૃષ્ટિએ વિચારતાં વિ. સં. ૨૦૦૩ ના વર્ષે-ગત વર્ષની ઓગસ્ટની પંદરમીએ-ઐતિહાસિક અમરતા પ્રાપ્ત કરી છે. પ્રજાએ અને તે આવડા મોટા દેશની પ્રજાએ પોતાના પુરૂષાર્થ વડે સ્વાધીનતા પ્રાપ્ત કર્યાનો આ બનાવ હિંદના ઇતિહાસમાં અજોડ અને અદ્વિતીય છે. ગયે વર્ષે આપણે પરાધીન ગુલામ પ્રજા હતા; આજે આપણે સ્વાધીન સ્વતંત્ર પ્રજા તરીકેનું સ્વત્વ અનુભવી રહ્યા છીએ. નવી રાજ્ય રચનામાં જેમ પાકીસ્તાન એક જ દેશી રાજ્યોની સમસ્યા એટલી જ જટિલ હતી અને દેશના પાકીસ્તાન અને હિંદુસ્તાન જ માત્ર નહિ પણ જેટલાં દેશી રાજ્યો એવાં નવાં 'સ્તાનો' તો ઉભાં નહિ થાય ને? એવી ભીતિ આપણા દિલને સદા સતાવ્યા કરતી હતી. પાકીસ્તાનના આગેવાનોની નીતિ પણ દેશી રાજવીઓને આ જ પ્રકારની ઉત્તેજના આપી રહી હતી. ત્રાવણકોરના રાજ્યે સર સી. પી. રામસ્વામી આયરની દોરવણી નીચે આવી જ રમત શરૂ કરી હતી. પણ હિંદ કાંઇ પોતાનું ભાગ્ય ગુમાવી બેઠું ન હોતું. મોસ્લેમ લીગની મૂળ પાકીસ્તાનની યોજનામાં

ત્યાગ પર જ ભાર આપવો જોઇએ તથા જણાવવું જોઇએ કે અશુધ્ધ સંકલ્પ જ અધર્મ છે, પાપ છે, હિંસા છે. જ્યાં સુધી મનમાંથી આ અશુદ્ધ સંકલ્પોરૂપ વિષ નહીં નિકળી જાય ત્યાં સુધી માત્ર સાધનોને છોડી દેવાથી કે સાધનોમાં પરિવર્તન કર્યા કરવાથી કે માત્ર સાધનોને પકડી રાખવાથી પણ કોઇ પ્રકારની પણ શુદ્ધિ થવાની સંભાવના જરા પણ નથી. જે સમાજ કેવળ બાહ્ય સાધનો પર જ ધર્મભાવના પ્રતિષ્ઠિત કરે છે, અંતર્મુખ થઇ અશુધ્ધ સંકલ્પોનો બહિષ્કાર કરતો નથી તે ક્રિયાજડ બની જાય છે. અશુધ્ધ સંકલ્પના ત્યાગમાં જ શુદ્ધ વ્યવહાર, શુદ્ધ આચરણ, તથા શુદ્ધ ધર્મ-પ્રવૃત્તિની સંભાવના છે અને શુદ્ધ સામાયિક પણ તેમાં જ છે, અન્યથા કદી નહીં.

ઉપર્યુકત રીતે સામાયિક આચરણ કરવામાં આવે તો જૈન સમાજમાં સર્વધર્મસમભાવની અભિવૃદ્ધિ થાય તથા ભાઇ-ભાઇ સમાન જૈન સંપ્રદાયોમાં ઉચિત પ્રેમ તથા સદ્‌ભાવ પ્રવર્તે. પરિણામે સમગ્ર દેશનું પણ કલ્યાણ થાય. અસ્તુ.

મૂળ હિંદીઃ પંડિત બેચરદાસ
અનુવાદકઃ કમળાબહેન સૂતરીયા

પાંચ પ્રાન્તોનો સમાવેશ થતો હતો. તેમાંથી આસામ તેમ જ અરધું બંગાળ અને અરધું પંજાબ હિંદી સંઘમાં આવી ગયું. આમ ખંડિત પાકીસ્તાન પણ હવે તો વિશેષ અને વિશેષ ખંડિત જ થવાનું છે અને આખરે હિંદી સંઘની શરણાગતી સ્વીકારે જ તેના છુટકો છે એમ આજે બની રહેલી ઘટનાઓ સ્પષ્ટપણે અંગુલિનિર્દેશ કરી રહી છે. ત્રાવણકોરને અવળે માર્ગે દોરનાર સી. પી. રામસ્વામી આયર આજે ક્યાં વસે છે તેની કોઇને ખબર નથી. દેશી રાજ્યોના જોડાણ અંગે મોટી દહેશત મુસ્લીમ રિઆસતોની હતી. પાકીસ્તાન સાથે ભૌગોલિક સંપર્ક ધરાવતા અને મુસ્લીમ બહુમતીવાળા અમુક રાજ્યો પાકીસ્તાનમાં જોડાઇ ગયા છે. પણ હિંદી બહુમતીવાળા નવાબોને મોટી મુંઝવણ હતી. તેમની નિષ્ઠા પાકીસ્તાન તરફ હતી અને ભોગોલિક અને વસ્તીવિષયક સ્વાભાવિક પરિસ્થિતિ હિંદી સંઘ તરફ ખેંચી જનારી હતી. પાલણપૂર નવાબ તો પ્રારંભથી જ હિંદી સંઘમાં જોડાઈ ગયેલા. ભોપાળના નવાબ હતા તો કટ્ટર લીગવાદી, પણ બધા સંયોગોનો તેમણે વિચાર કરી લીધો અને જે માર્ગે જવાની તેમને ફરજ પડે તેમ હતું તે માર્ગ શાણપણથી તેમણે સ્વીકારી લીધો. રાંધણપુરે થોડું નાચી લીધું પણ આખરે તેની સાન ઠેકાણે આવી ગઇ. નવાબોમાં સૌથી બેવકુફ જુનાગઢનો નવાબ. એને સુઝયું પાકીસ્તાન સાથે મહેબત કરવાનું. પરિણામે પોતાનું રાજ્યતંત્ર તો તેણે ગુમાવી દીધું છે અને તેની કહેવાતી નવાબી પણ આજે તો કાળના મોઢામાં તોળાઇ રહી છે. પાકીસ્તાને જરા ધીરજ રાખી હત તો સંભવ છે કે કાશ્મીર જેવડું મોટું રાજ્ય પ્રજામતના ધોરણે અને દેહલીદીપક ન્યાય જેવા તેના ભૌગોલિક સંયોગોના કારણે સહેલાઇથી પાકીસ્તાન સાથે જોડાઇ જાત. પણ ખાઉં ખાઉં કરતા ખવીશને ધીરજ કેવી અને શાણપણ કેવું? ખંજરબાજીથી ખનનો મેળવનાર હક્ક, અને ન્યાયના ધોરણે ચાલવાનો લાંબો અને કંટાળાભર્યો માર્ગ કેમ પસંદ કરે? પરિણામે આજે કાશ્મીર તેના પોલાદી પંજામાંથી છટકી ગયું છે-ઉગરી ગયું છે. હવે અવશેષ રહ્યું છે હૈદ્રાબાદ. એણે આજે ઝીણાની નીતિ અખ્તયાર કરી છે અને ૮૫ ટકા હિંદુ વસ્તીની સ્વાભાવિક ઇચ્છા અને ભોગોલિકની પરિસ્થિતિની વિશિષ્ટતાને અવગણીને આઝાદ રહેવાની અને એ રીતે પાકીસ્તાનના મદદગીશ બનવાની આ નિઝામને હોંશ થઇ છે. આ માટે શસ્ત્રસરંજામ પણ તેણે બહુ મોટા પ્રમાણમાં તૈયાર કર્યો છે; હિંદુ પ્રજાને તેણે નિઃશસ્ત્ર બનાવી છે; મુસલમાનોને સશસ્ત્ર બનાવ્યા છે. ભલે ચાર દિવસ આઝાદીની રમત તે પણ માણી લે અને આજ સુધીમાં બની ગયેલાં અનેક રક્તપાતનાં કાંડોમાં ભલે એક બે વધારે કાંડોનો ઉમેરો કરે. કારણ કે જે પિશાચી વૃત્તિ તેને આજે દોરી રહી છે તે થોડો ઘણો પણ ભોગ લીધા વિના તો નહિ જ રહે, પણ આખરે સમજણ, ડહાપણ, ન્યાય અને નીતિનો માર્ગ સ્વીકાર્યે જ તેનો છુટકો છે અને એમ નહિ કરે તો જે હાલ જુનાગઢ નવાબના થઇ રહ્યા છે તે જ હાલ તેના થવાના છે.

આમ વિચારતાં ઘનઘોર વાદળોથી ઘેરાયલું અને ગાજવીજથી જનતાને ભયગ્રસ્ત બનાવતું હિંદનું આકાશ ધીમે ધીમે નિર્મળ-નિરભ્ર બનવા લાગ્યું છે; ક્ષિતિજને છેડે નિર્મળ લાગતા આકાશમાં આઝાદીનો સૂર્ય ધીમે ધીમે ઉંચે ચઢવા લાગ્યો છે; હિંદના પ્રાણમાં નવી ઉષ્મા, નવું ચેતના, નવી રોશની પ્રગટી રહી છે. ગયું વર્ષ પ્રધાનતઃ યાતનાઓથી ભરેલું હતું. આ વર્ષ દરમિયાન એ યાતનાઓનો ભાર હળવો બની જશે અને શાન્તિ, સહીસલામતી અને આબાદીના માર્ગે આપણે ઝડપભેર આગળ વધીશું એવી આશા બંધાવા લાગી છે. મોસ્લેમ લીગની પીશાચી ચુડમાંથી ધીમે ધીમે મુક્ત બનતી જતી મુસલમાન પ્રજાની સાન ઠેકાણે આવશે અને એ અલગ પ્રજાનો અસત્ય-મૂલક સિદ્ધાંત કેટલો ખોટો અને કેવા ભયંકર અનર્થોથી ભરેલો છે તે એ પ્રજા બરોબર સમજી

જય સોમનાથ! જય સૌરાષ્ટ્ર!!

તા. ૯-૧૧-૪૭ના રોજ જુનાગઢ રાજ્યે હિંદી સંઘની શરણાગતી સ્વીકારી અને જુનાગઢ નવાબના પાકીસ્તાન સાથેના જોડાણ સામે જુનાગઢ તેમ જ સમસ્ત કઠિયાવાડની પ્રજાએ જાહેર કરેલ યુદ્ધનો દોઢ માસની મુદતમાં એકાએક અન્ત આવ્યો. આ સુખદ ઘટનાએ પાત્ર જુનાગઢના કે કાઠિયાવાડના જ નહિ પણ આખા હિંદુસ્તાનના પ્રજાજનોને આનંદમુગ્ધ બનાવી દીધાં છે. તા. ૨૫-૯-૪૭ ના રોજ મુંબઇ ખાતે જુનાગઢની પ્રજાની આરઝી સરકારની સ્થાપના કરવામાં આવી હતી એ હિસાબે આ લોકયુદ્ધ દોઢ માસનું ગણાય, પણ આ આરઝી સરકારે જુનાગઢ રાજ્યના મુલક ઉપર ખરી ચઢાઇ તો ગઇ વિજ્યાદશમીના રોજથી શરૂ કરી હતી. આ હિસાબે વાસ્તવિક રીતે પખવાડીઆની મુદતમાં જ પ્રસ્તુત યુદ્ધે સફળતા પ્રાપ્ત કરી છે. આ માટે જુનાગઢની આરઝી હકુમતના સભ્યો અને ખાસ કરીને તે હકુમતના સરનશીન શ્રી. સામળદાસ ગાંધીને કાઠિયાવાડની પ્રજા અનેકાનેક ધન્યવાદ ઘટે છે.

જુનાગઢની નવાબીનાં મૂળ કાઠિયાવાડની ધરતી ઉપર એટલાં બધાં ઉંડાં હતાં તે કોઇ કાળે પણ ઉખડે નહિ આવી માન્યતા કાઠિયાવાડના સામાન્ય પ્રજાજનોમાં પ્રવર્તતી હતી. હિંદભરમાં કેટલાંયે રાજકીય આન્દોલનો ઉઠયાં અને આથમ્યાં, દેશી રાજ્યોમાં કંઇ કંઇ ઠેકાણે રાજાઓની આપખુદી સામે પ્રજાએ માથું ઉંચકયું અને રૂઢ રાજ્યસત્તા સાથે ઘણા તીવ્ર ઘર્ષણમાં આવી, અથડાઇ અને પછડાઇ. રાજકોટ અને લીંબડીનાં રાજકારણી ઉત્થાનો તો હજુ જાણે કે ગઇ કાલે જ બની ગયાં હોય એમ લાગે છે. પણ જુનાગઢમાં કદિ કોઇ કાળે પણ કશોયે સળવળાટ જાણવા કે સાંભળવામાં આવ્યો નહોતો. મૂળથી જ નવાબી રાજ્યતંત્રની પ્રજા ઉપર ભારે ધાક બેસી ગઇ હતી અને તેમાં પણ છેલ્લાં વીશ વર્ષ દરમિયાન જુનાગઢ રાજ્યે અખ્તયાર કરેલી હાડોહાડ કોમી રાજ્યનીતિએ હિંદુ પ્રજા જે રાજ્યની કુલ પ્રજાનો ૮૨ થી ૮૫ ટકા ભાગ છે તેનું એવું સખ્ત દમન કર્યું હતું કે તે પ્રજામાં રાજ્યના કોઇ પણ અન્યાય સામે માથું ઉંચકવાની હીંમત જ દેખાતી નહોતી. ગુપ્તપ્રયાગ અને વેરાવળની આવી જ દુર્દૈવભરી દમનપૂર્ણ ઘટનાઓ હતી. જુનાગઢમાં ગીરનાર એક મોટું યાત્રાસ્થાન છે. એ તીર્થ માત્ર જૈનોનું જ છે એમ નથી, પણ આખી હિંદુ જનતાનું છે. ગીરનાર પ્રત્યે મને નાનપણથી ખુબ આકર્ષણ છે, તેથી જુનાગઢ

જશે અને અન્ય વર્ગો પ્રત્યે શુદ્ધ ભાઇચારાની નીતિ અખ્તયાર કરશે એવા ચિહ્નો પ્રગટ થઇ રહ્યાં છે. આર્થિક દૃષ્ટિએ અત્યન્ત જર્જરિત બની રહેલું પાકીસ્તાન બહુ જ થોડા સમયમાં નામશેષ બની જાય અને ખંડિત હિંદુસ્થાન અખંડ હિંદુસ્થાનમાં પાછું પરિવર્તન પામે એ સદ્ભાવના આજે માત્ર કલ્પનાનો કે ધ્યેય છે માટે એમ બનવું જ જોઇએ એમ કેવળ શુભ ચિન્તનનો વિષય નથી રહી. એ સંભાવના આજે તો વાસ્તવિકતાના ક્ષિતિજ ઉપર ડોકીયું કરી રહેલ છે. વળી આ વર્ષે આપણા દેશમાં સરસાદ પણ બહુ સારો પડયો છે અને પાક બહુ સારો ઉગ્યો છે. અન્ન વસ્ત્રની મુસ્કેલીઓ હજુ ચાલુ જ છે, પણ વર્ષ આખર દરમિયાન એ સંકટ પણ બહુ હળવું બની જશે એવી આશા રહે છે. આગ નવા વર્ષના ઉગમ સાથે નવી આશા, નવો ઉત્સાહ અને નવો ઉલ્લાસ આપણે અનુભવી રહ્યા છીએ. એ આશા ઉત્સાહ અને ઉલ્લાસને આપણે ઉગ્ર પુરૂષાર્થ વડે સાર્થક કરીએ અને પરસ્પર પ્રેમ, સહકાર અને ઉદારતા વડે સાચી કોમી એકતાને જન્માવીએ અને ભારતમાતાના દેહમાં પડેલી ચીરાડને કોઇથી કળાય પણ નહિ એવી રીતે આપણે સાંધી દઇએ. આજના મંગળ પ્રભાતે આ જ આપણી પ્રાર્થના હો, આ જ આપણું સતત ચિન્તન હો, આ જ આપણી તમન્ના હો!

પરમાનંદ.

જવાનું તો આજ સુધીમાં અનેકવાર બન્યું હશે. આ રીતે જ્યારે જ્યારે જુનાગઢ જવાનું બન્યું છે ત્યારે ત્યારે ત્યાંના વાતાવરણમાં એક પ્રકારની ગુંગળામણ મેં અનુભવી છે. નવાબના પાશવી વિલાસો, રાજ્યતંત્રની જડાંગીરી અને રૂશ્વતખોરી, મુસલમાન સીપાઇઓનો ત્રાસ અને ગુંડાગીરી, ત્યાંનો દીવાન એટલે જાણે કે બીજો જ નવાબ અને એમ છતાં ઘડિના છઠ્ઠા ભાગમાં એકનું સત્તાભ્રષ્ટ થવું અને અન્યનું સત્તારૂઢ થવું આવી ત્યાંની રોજ્યરોજની ઘટના, દીવાનગીરી એટલે ચાર દિવસનું ચાંદરણું અને લુંટાય તેટલું લુંટવાની તક–આવી જ વાતો જુનાગઢ જઇએ એટલે ત્યાંના લોકો પાસેથી આપણે સાંભળીએ અને ચોતરફ ભય તથા ભડકનું જ વાતાવરણ અનુભવીએ. આપણને એમ થાય કે કયાં આપણાં આવાં ભવ્ય તીર્થસ્થાનો અને કયાં આવા નાલાયક સત્તાધીશો? કયાં હિંદુ પ્રજાની આવડી મોટી વસ્તી અને કયાં કેવળ મુસલમાની આપખુદી અને કોમી શિરજોરી? કયાં ભૂતકાળના રા'માંડલિક અને રા'ખેંગાર અને કયાં અનંત ભોગનિદ્રામાં ડુબેલા અને નવા નવા કુતરાઓ અને નવી નવી બેગમો સાથે ગેલ કરતા બાબીવંશના નબીરાઓ? જુનાગઢ રાજ્યની આ અસ્વાભાવિકતા જ્યારે જ્યારે જુનાગઢ જવાનું બનતું ત્યારે ત્યારે મને અત્યંત ખુંચતી, ડંખતી અને એમ છતાં અંગ્રેજ સરકાર માફક આ નવાબશાહી કંઇ કાળ માટે આ ધરતી ઉપર જડાયલી છે એમ લાગતું. આ જુનાગઢની આણ કાઠિયાવાડના અન્ય દેશી રાજાઓ ઉપર પણ વર્તતી હતી અને દરેક મોટા રાજ્યને દર વર્ષે અમુક રકમ જુનાગઢ રાજ્યને આપવી પડતી જે જોરતલબીના નામથી ઓળખાતી.

આવી સ્થિરપ્રતિષ્ટ રાજ્યસત્તા પંદર દિવસના આક્રમણમાં ગંજીપાના મહેલની માફક જોતજોતામાં ઉથલી પડે એ આજના કાળમાં બનેલી એક અણકલ્પી આશ્ચર્યજનક ઘટના છે. આ ઘટના નિપજાવવામાં અનેક તત્વો એ ભાતભાતનો ફાળો આપ્યો છે. આ ઘટનાનો સૌથી મોટો યશ આરઝી હકુમતને અને તેણે ચિન્તવેલા પરમ પુરૂષાર્થને જાય છે. કશી પણ પૂર્વ તૈયારી સિવાય, આવી ઉંડા મૂળ ઘાલી બેઠેલી નવાબશાહીને ઉથલાવી નાંખવાનો મનોરથ રામના નામે નાવ ચલાવવા જેવો હતો. પ્રસ્તુત પુરૂષાર્થની સિદ્ધિ કરતાં પણ તેની મૂળ કલ્પના વધારે ધન્યવાદને પાત્ર હતી. આ પુરૂષાર્થને હિંદી યુનીયનનો સહકાર મળ્યો; આસપાસના દેશી રાજ્યોએ પણ સહાનુભૂતિ દર્શાવી તેમ જ સાથ આપ્યો. આમ છતાં પણ પાંચ પચ્ચાસ હજાર માણસોની ખુવારી સિવાય જુનાગઢ કેમ પડે? તેની મદદે તો આખું પાકીસ્તાન હતું અને પાકીસ્તાન માટે તો આ એક વટનો સવાલ હતો. જુનાગઢે આ રાજ્યવિરોધી આંદોલનનો સામનો કરવા માટે તરેહ તરેહની તૈયારી કરી છે, પુષ્કળ શસ્ત્રસામગ્રી એકઠી કરી છે, રાજ્યના બધાં મુસલમાનોને શસ્ત્રસજ્જ બનાવ્યા છે, પાકીસ્તાને બહુ મોટું લશ્કર જુનાગઢ ખાતે ઉતાર્યું છે, આસપાસના મુસલમાનોનો અનેકવિધ સાથ અને સહકાર છે–આવી જાતજાતની વાતો સંભળાતી હતી અને આ રૈવતાચળ કેમ જીતાશે એ પ્રશ્ન જવાબદાર માણસોને ઠીક ઠીક અકળાવતો હતો. પણ જેને કાળ ભુલાવે તેને કોણ બચાવે? જુનાગઢના નવાબની પહેલી ભૂલ તો પાકીસ્તાન સાથે જોડાવામાં હતી. આવું અનૈસર્ગિક જોડાણ કુદરત કેમ સાંખે? બીજી ભૂલ નવાબે કરાંચી ચાલી જવામાં કરી. પાકીસ્તાનને જુનાગઢ જરૂર જોઇતું હતું, પણ તેની નજર તો કાશ્મીર ઉપરજ ઠરી હતી. પાકીસ્તાને જુનાગઢને કશી પણ મદદ કરી નહિ. આરઝી હકુમતે જુનાગઢ રજ્યની સીમા બહારના અન્ય રાજ્યોમાં આવેલાં જુનાગઢ રાજ્યનાં નાનાં મોટાં થાણાંઓ સર કરવા માંડયાં અને જુનાગઢના અધિકારી મંડળ અને મુસલમાન પ્રજાનાં પગ ભાંગવા લાગ્યા. દબાયલી રૂંધાયલી હોવા છતાં પણ આજની હિંદુ પ્રજા ઉપર હવે કશો પણ વિશ્વાસ રાખી શકાય તેમ હતું નહિ. હિંદી સંઘનાં લશ્કરી દળો કાઠિયાવાડની ધરતી ઉપર ઉતરવા લાગ્યા અને જુનાગઢ રાજ્યની આસપાસ જમાવટ કરવા લાગ્યા. તેણે આબરિયા વાડ લીધું, માંગરોળ લીધું. આરઝી હકુમતના સૈન્યે કુતિયાણા ઉપર હુમલો કર્યો અને હવે તો સર્વવિનાશ સામે આવીને ઉભો છે એમ લાગતાં જુનાગઢી રાજ્યતંત્રનાં ગાત્ર ગળી ગયાં અને હિંદી સંઘને પોતાનો અને પોતાની પ્રજાનો બચાવ કરવા માટે તે રાજ્યના પ્રધાન સર શાહનવાઝ ભૂતોએ પ્રાર્થના કરી. જુનાગઢનું નવાબી રાજ્યતંત્ર ભાંગી પડયું. જુનાગઢની પ્રજા બંધનમુકત બની. કાઠિયાવાડની સમસ્ત પ્રજાનાં ઉદ્ધારદ્વાર ખુલ્લાં થયાં.

આ ઘટના જેટલી અપૂર્વ છે તેટલાં જ તેનાં સમીપ દૂરનાં પરિણામો અદ્ભુત અને ભારે આવકારદાયક છે. આ ઘટનાથી જુનાગઢ પાકીસ્તાનથી તો છુટયું જ છે, પણ સાથે સાથે નાલાયક નવાબોની આપખુદીમાંથી પણ ત્યાંની પ્રજા મુકત થઇ છે. હાલના નવાબસાહેબ કરાંચીમાં જ રહેવાનું પસંદ કરે છે કે જુનાગઢ પાછા આવવાનો વિચાર કરે છે અને જુનાગઢ પાછા આવે છે તો તેમને જુનાગઢની પ્રજા તેમ જ હિંદી સંઘ નવાબ તરીકે સ્વીકારે છે કે કેમ તે જોવાનું રહે છે. પણ કોઇ પણ સંયોગમાં નવાબની નવાબીનું તો હંમેશાને માટે અવસાન નિપજ્યું જ છે. આ રીતે જે અત્યન્ત અસ્વાભાવિક રાજકીય પરિસ્થિતિ આજ છેલ્લાં ૩૦૦ વર્ષથી જુનાગઢમાં ચાલ્યા કરતી હતી તેનો સદાને માટે અન્ત આવ્યો છે.

જુનાગઢની પ્રજાનો ઉધ્ધાર થવા સાથે રાજકોટના ઠાકોર સાહેબે પણ આજથી નવ વર્ષ પહેલાં તેમના પિતાએ સરદાર વલ્લભભાઇ પટેલ સાથે જે સમજુતી કરી હતી અને પોતાની પ્રજાને સંપૂર્ણ જવાબદાર રાજ્યતંત્ર આપવાની જે કબુલાત આપી હતી અને જે સમજુતી અને કબુલાતને પરલોકવાસી વીરાવાળાની કુટિલ રાજનીતિદ્વારા ફેરવી તોળવામાં આવી હતી તે સમજુતી અને કબુલાતનો પુનઃસ્વીકાર કરવામાં આવ્યો છે. ભાવનગર જવાબદાર રાજ્યતંત્રના માર્ગે દોડી રહ્યું છે અને આજ કાલમાં ભાવનગર રાજ્ય તરફથી પ્રજાને જવાબદાર રાજ્યતંત્ર આપવાને લગતી જાહેરાત થવી જ જોઇએ એવી આશા સેવાઇ રહી છે. જામસાહેબ વિષે પ્રજાના દિલમાં હજુ મોટા અંદેશો છે. પણ અમરાપુરથી માંડીને કુતિયાણાની જીત સુધીમાં આરઝી હકુમતના સૈન્યે જે બહાદુરી અને જનમેપરવાહ બતાવી છે તે તેમણે નજરે નીહાળી છે. આટલાથી પણ તેમનામાં શાણપણ નહિ આવ્યું હોય તો ત્યાંની પ્રજા હવે તો જરૂર પોતાનો પરચો બતાવશે જુનાગઢના બનાવે અનેક ગાન્ધાતાઓની આંખ ઉઘાડી નાંખી છે. પાકીસ્તાન ઉપર આ સૌથી પહેલો અને અતિ મહત્વનો ફટકો છે. કાશ્મીરની પીછેહઠ એ બીજો ફટકો છે. હિંદી સંઘના પેટાળમાં કરમીયા માફક બેઠેલું હૈદ્રાબાદ આમ તેમ સળવળ્યા કરે છે, અને ઝીણાની મોરલીએ નાચે છે. જુનાગઢ ઉપરથી હૈદ્રાબાદ બોધપાઠ નહિ લે? સંભવ છે કે હૈદ્રાબાદનો હિંદી સંઘને બહુ જબરો સામનો કરવો પડે, પણ કાળ વિરૂદ્ધ ઉંધી ચાલે ચાલતા નિઝામે તેનો પુરો બદલો આપવો પડશે અને પોતાના સાધર્મીબંધુ જુનાગઢના મહોબતખાનજીના માર્ગે ચાલી નીકળવાની તેમને કાળ જરૂર ફરજ પાડશે

કાળની ગતિ ગહન છે અને વિધિનિર્માણ અજબ છે! અણધારેલું બને છે અને કરેલી બધી ગણતરીઓ ખોટી પડે છે! જે નવાબ કોઇ કાળે ઉખડે નહિ એમ માનવામાં આવતું હતું તે જોતજોતામાં ઉખડી ગયા અને જે પ્રજાનો સ્વાધીનતાની પ્રાપ્તિમાં છેલ્લો વારો આવશે એમ લાગતું હતું તેનું નસીબ સૌથી પહેલું ઉઘડી ગયું. ઝીણાએ ઘણીયે આશાઓ બાંધી હશે કે કેબીનેટ મીશનની યોજના મુજબ પોતાના પાકીસ્તાન સાથે સર્વ મુસલમાની રિયાસતોને અને મુસલમાનોની બહુ મોટી બહુમતીવાળા

કાશ્મીરને બહુ સહેલાઈથી પાકીસ્તાન સાથે સંલગ્ન કરી શકશે, અને એ રીતે હિંદી સંઘ સામે એક સમોવડીયું પાકીસ્તાન તે ઉભું કરી શકશે. એ તેની સર્વ મુરાદો ધુળ મળી ગઇ છે. આજથી છ મહીના પહેલાં જુનાગઢ ઉપર હુમણું થઈ ગયું તેવું આરઝી હકુમતનું આક્રમણ થયું હોત તો મુસલમાનોએ આખા કાઠિયાવાડને બેદાનમેદાન કરી નાંખ્યું હત અને આખા હિંદુસ્થાનમાં કોમી દાવાનળ ભભુકી ઉઠયો હત. પણ તેમ થવાને બદલે આજે આ આખી જુનાગઢની સલતનત બેદાનમેદાન થઇ ગઇ છે, એમ છતાં એક પણ મુસલમાન ચૂં કે ચાં કરવાની હીમત ધરતો નથી. કયાં છ મહીના પહેલાંની મુસ્લીમ લીગની ગુંડાગીરી અને કયાં આજની હતવીર્યતા? આરઝી હકુમતની રચનાએ અહિંસક પ્રતિકારને જાહેર રીતે તિલાંજલિ આપી હતી અને સશસ્ત્ર આક્રમણપૂર્વક જુનાગઢ સર કરવાનો પોતાનો ઇરાદો જાહેર કર્યો હતો. આમ છતાં પણ ગાંધીજીની અહિંસાનો ઉંડો સંસ્કાર તેના તેમ જ અન્ય સહકાર્યકર્તાના મન ઉપરથી કેમે કરીને ખસતો નહોતો. તત્કાલીન સંયોગો કોઇ એવા કઠંગા છે કે તુરતાતુરત સશસ્ત્ર પ્રતિકાર કરવામાં ન આવે તો જુનાગઢના નવાબે ઉભો કરેલો અનર્થ જડબેસલાટ થઇ બેસે અને કાઠિયાવાડ આખું ભાંગીને ભુક્કો થઈ જાય–આમ સમજીને અહિંસાની ચાહનારી અનેક જવાબદાર વ્યકિતઓ પ્રસ્તુત હિંસક યુદ્ધ તરફ ખેંચાઇ રહી હતી. આ હિંસક યુદ્ધ ભારે કટોકટીનું હશે અને જાનમાલની પારાવાર ખુવારીમાં પરિણમશે એમ સૌ કોઇ માનતું હતું અને એ માટે પણ સૌ તૈયાર હતું. પણ વિધિને આપણી એવી અગ્નિપરીક્ષા કરવી જ નહોતી. જયાં જાઓ ત્યાં શસ્ત્ર ઉગામો અને દુશ્મન શરણે આવે એવો જ સર્વત્ર અનુભવ થવા લાગ્યો. આમ જનમાલની કશી પણ મહત્વની ખુવારી સિવાય જુનાગઢ સર કરી શકાયું એ ઇશ્વરની જ કોઇ મહાન કૃપા ગણાય. આટલી નજીવી હિંસા અને આવડો મોટો વિજય–જગતના ઇતિહાસમાં આ એક બેસ્ટ અજોડ બનાવ છે. ભગવાને આપણી અને ગાંધીજી–ઉભયની લાજ રાખી છે!

સૌરાષ્ટ્ર સ્વાધીનતંત્ર થવા સાથે કાઠિયાવાડના અન્ય રાજ્યોની પ્રજાના પુરૂષાર્થની દિશા ઉઘડી ચુકી છે, એટલું જ નહિ પણ કાઠિયાવાડના એકમનું એ દ્વારા બીજ રોપાયું છે. જુનાગઢને માત્ર કોઇ જુનાગઢીઓએ સ્વાધીન બનાવ્યું નથી. તેમાં તો આખા કાઠિયાવાડના રાજકારણી આગેવાનો અને નવલોહીયા યુવાનોનો બહુ મોટો ફાળો છે. આ જ આગેવાનો અને યુવાન સૈનિકો દરેક રાજ્યની પ્રજાને સ્વાધીન બનાવવામાં જરૂર મદદરૂપ થશે એટલું જ નહિ પણ રાજ્ય રાજ્ય વચ્ચેની દિવાલોને પણ બહુ જલ્દિથી જમીનદોસ્ત કરી દેશે અને એક અને અખંડ કાઠિયાવાડનું બહુ અલ્પ સમયમાં નિર્માણ કરશે. આ આશા હવે જરાપણ વધારે પડતી ન ગણાય. કાઠિયાવાડ નરેશોનાં આગેવાન જામસાહેબ–પ્રત્યાઘાતી તત્વોના પ્રતિનિધિ બની બેઠેલા આ નામદાર–આ સરજાઇ રહેલું સમીપરથ ભાવી બરોબર સમજી લે અને સત્તાજુથ ઉભું કરવાના ફાંફા મારવા છોડી દઇને સમગ્ર કાઠિયાવાડની પ્રજાને આઝાદ, સ્વાધીન, એકત્ર બનાવવાના મહાન કાર્યમાં બને તો પોતાની શકિતઓનો ફાળો આપે અને નહિ તો પોતાના મહેલના ખુણે બેસી રહે, પણ કાઠિયાવાડના રાજવીઓને ઉંધી સલાહ આપીને તેમને અવળા માર્ગે ન દોરે. આટલી જામસાહેબને વિજ્ઞપ્તિ આ પ્રસંગે અસ્થાને નહિ લેખાય.

જુનાગઢની રાજ્યક્રાન્તિએ ગીરનાર તીર્થનો પણ ઉદ્ધાર કર્યો છે. એ ધ્યાનમાં લઇને આખા જૈન સમાજે પણ આ ઘટનાને પુરા આનંદ અને ઉલ્લાસપૂર્વક વધાવવી ઘટે છે. નવાબીનો જૈનોને પણ કાંઇ ઓછો ત્રાસ ન હોતો. એ હકુમત દરમિયાન ગીરનાર ઉપર જૈનોથી કશું થઇ શકતું નહોતું. ન મંદિરો કે મકાનો સમરાવવા દે, ન નવાં બાંધકામ કરવા દે. અનુકુળ રાજ્યતંત્ર નીચે ગીરનારનો સર્વતોમુખી ઉધ્ધાર થઇ શકશે અને ત્યાં એક જીવતું જાગતું નન્દનવન ઉભું કરી શકાશે. નવા રાજ્યતંત્રનાં મંડાણ હજુ શરૂ થયા નથી એટલામાં તો સોમનાથના મંદિરનો મોટા પાયા ઉપર જીર્ણોધ્ધાર કરવાની હિંદી સંઘ તરફથી જાહેરાત કરવામાં આવી છે. પચ્ચાસ પચ્ચાવ વર્ષથી કશા પણ કારણ સિવાય સીલ મારી બંધ કરવામાં આવેલાં પ્રભાસ પાટણનાં પ્રાચીન મંદિરો આજે ખોલવામાં આવ્યા છે અને એ મંદિરો ઘંટનાદથી ગાજવા લાગ્યા છે. જૈન જનતા માટે તેમ જ હિંદુ જનતા માટે આ એક મહાન ગૌરવનો અવસર છે. આ અવસરનું જેટલું મહત્વ ગાઇએ તેટલું ઓછું છે. એવો કયો સ્વાતંત્र्यप्रेमी હિંદુ હશે કે જેણે આ બધું નજરે નિહાળતાં, કાને સાંભળતાં અથવા તો છાપાઓમાં વાંચતાં ઉત્કટ રોમાંચ નહિ અનુભવ્યો હોય? જય સોમનાથ! જય સૌરાષ્ટ્ર!!

પરમાનંદ

શ્રી મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ સન્માન યોજના

આ સંબંધમાં શ્રી મુંબઇ જૈન યુવક સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ જણાવે છે કે:

"શ્રી. મોતીચંદ ગીરધર કાપડીઆનું સન્માન કરવા જે યોજના થઇ છે તેને અમે અવકારીએ છીએ. તે માટે નીમાયેલ સમિતિ તરફથી જે નિવેદન બહાર પાડવામાં આવ્યું છે તેનેય મારો હાર્દિક ટેકો છે. શ્રી. મોતીચંદભાઇએ જીવનભર જૈન સમાજ અને ખાસ કરી શ્વેતામ્બર મૂર્તિપૂજક વિભાગની એકનિષ્ઠાથી સેવા બજાવી છે. શ્રી. મહાવીર જૈન વિદ્યાલય મુખ્યત્વે તેમનાં અવિરત પરિશ્રમનું પરિણામ છે. જૈન સમાજની કેળવણીની તે એક મહાન સંસ્થા છે અને છેલ્લાં બે ત્રણ વર્ષમાં અમદાવાદ, પુના તથા મુંબઇમાં તેની બીજી શાખા ખોલી પોતાનું કાર્યક્ષેત્ર વિશાળ બનાવ્યું છે. આ સંસ્થા શ્રી. મોતીચંદભાઇનું ચિરંજીવ સ્મારક છે. તેઓ પોતે સમર્થ વિચારક અને લોકપ્રિય લેખક છે. જૈનશાસ્ત્રો અને સાહિત્યના ઉંડા અભ્યાસી છે. જીવનનાં બીજા ક્ષેત્રોમાં તેમણે પોતાનો ફાળો આપ્યો છે. એવા સમાજ સેવકનું સન્માન કરી સમાજ પોતાનું જ ગૌરવ વધારે છે."

આ યોજનાને લગતા ફાળામાં નાણાં ભરવાનું ઠેકાણું નીચે મુજબ છે.

મંત્રી, શ્રી. મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ સન્માન સમિતિ
ડે. શ્રી. મહાવીર જૈન વિદ્યાલય
ગોવાળીયા ટેંક રોડ, મુંબઈ ૨૬.

ડાહ્યાભાઈ બાલાભાઈ કોરા નિબંધમાળા

આ નિબંધમાળાની હરીફાઇનું પરિણામ આગળ ઉપર જણાવ્યા પ્રમાણે આ અંકમાં પ્રગટ થવું જોઇતું હતું, પણ અમો દિલગીર છીએ કે અનિવાર્ય કારણોને લઇને આ બાબતને લગતો પોતાનો નિર્ણય તેને લગતા પરીક્ષકો હજુ સુધી અમોને જણાવી શકયા નથી અને તેથી આ અંકમાં એ પરિણામ જાહેર કરવાનું શકય નથી. આવતા અંકમાં આ પરિણામ અમો જાહેર કરી શકીશું એવી અમને આશા છે. **મંત્રીઓ, મુંબઇ જન યુવક સંઘ.**

સાભાર સ્વીકાર

શ્રી. આત્માનંદ જૈન સભા તરફથી નીચેના ત્રણ પુસ્તકો ભેટ મળ્યાં છે.

પ્રભાવિક પુરૂષો–ભાગ બીજો.
યુગાવતાર આચાર્ય.
જૈન દર્શન.

શ્રી. શિવાજીભાઇ ગઢડાવાળા તરફથી અભિપ્રાયાર્થે નીચેનું પુસ્તક મળેલ છે.

વિવેક વાટિકા.

તંત્રી : પ્રબુદ્ધ જૈન.

જૈન ધનિકની કર્તવ્ય બુદ્ધિ

[તા. ૧૨-૧૦-૪૭ ના 'હરિજનબંધુ'માંથી ઉધ્ધૃત કરવામાં આવેલા નીચેના લેખમાં સર્વાનન્દસૂરી રચિત 'જગડૂ ચરિત'માંથી ચુંટી કાઢેલા કેટલાક શ્લોકોનો અનુવાદ અને સાથે અનુવાદિત મૂળ શ્લોકો આપવામાં આવ્યા છે. આ લેખમાં વિશ્વવાત્સલ્યની મૂર્તિસમા જગડૂશાની અપ્રતિમ ઉદારતા અને મહાનુભાવતાનો સુન્દર આલેખ આપવામાં આવ્યો છે અને ખરું જૈનત્વ કેવું હોય તેનો આદર્શ તેમાં આબેહુબ રજુ કરવામાં આવેલ છે. આજના શ્રીમાન જૈનો જગડૂશાને પગલે ચાલે અને બહુજન સમાજના સર્વતોમુખી કલ્યાણ પાછળ પોતાની સંપત્તિના સર્વ પ્રવાહો વહેતા કરે છે એજ પ્રાર્થના ! પરમાનંદ]

કચ્છ દેશમાં ભદ્રેશ્વર નામે સુંદર નગર હતું.

अस्तीह भद्रेश्वरनामधेयं पुरं वरं कच्छकृतैकशोभम् ॥

सर्वानन्दसूरि–जगडूचरित ॥ २–१ ॥

એનાં દેવાલયોમાં રાત ને દિવસ ઘંટાનાદ થયા કરતો તે કલિના કાનને કઠોર લાગતો.

नक्तं दिवं दैवतमन्दिरेषु घंटारवादर्तिरमुष्य चासीत् ॥ २–३ ॥

એના જુવાનિયા એવા કૃષ્ટપુષ્ટ તથા રૂપાળા હતા કે જાણે ભગવાન્ ચંદ્રશેખરને પરાજિત કરવા સારૂં થઈને રતિપતિએ સહસ્રાવધિ રૂપ ધર્યાં ન હોય એમ લાગતું હતું.

महेश्वरस्यैकजयाय कामश्चकार रूपाणि सहस्रशोऽपि ।

यन्नाद्भुताकारविशेषभाजां दम्भेन रंगत्तरुणव्रजानाम् २–६ ॥

એની તરૂણીઓ અજવાળી રાત્રિએ ગગનચુંબી પ્રાસાદોની અગાશીએ ચડીને એવા મીઠા રાસડા લેતી કે ચંદ્રમાનો મૃગલો ત્યાં મુગ્ધ થઈને ઉભો રહી જાય ને કેમેય કરતાં હાલે નહીં.

निशासु सौधोपरिसंस्थितानां मृगीदृशां यत्र च चारुगानम् ।

आकर्णयन्तं स्वमृगं सुधांशुर्याताय कृच्छ्रात्वरयांबभूव ॥–२ ८ ॥

એવા આ ભદ્રેશ્વરમાં શ્રીમાળી વણિક વસતા હતા, જે કહેતા કે અમે તો જગદંબા રુમાદેવીએ પોતાને શ્રીભરતકે ધારણ કરેલી કુસુમમાળા ઉપરથી અવતર્યા છીએ. એ શ્રીમાળીમાં અગ્રેસર જગડૂ (=જગતદેવ ?) શેઠ હતા, જેણે વેપારવણજ કરીને બહોળું ધન મેળવ્યું હતું. સંઘપતિ બનીને એણે શત્રુંજયરૈવતક આદિ તીર્થોની યાત્રા કરી હતી.

असङ्ख्यसंघलोकेन समं यात्रां विधाय सः ।

शत्रुञ्जयं रैवतकं प्राप चात्मपुरं वरम् । ॥ ६–४१ ॥

સંઘપતિના હાથાઘોડા તથા રથચક્રના વેગને લીધે આકાશમાં ઉડેલી ધૂળથી મન્દાકિનીને તીરે એવો તો કાદવ થાય કે તેમાં ખૂંતેલા સવિતાનારાયણના રથને જોડેલા સાત સાત ઘોડા રથને માંડ માંડ ખેંચી શકે.

तथा च द्युनदीतीरे ससंघजं पङ्कतां रजः ।

यथात्र मग्नमर्काश्वा रथमूहुः कथञ्चन ॥ ६–३८ ॥

જગડૂએ કંચુક મંદિર ચણાવ્યાં, અને એના ધનમાં સૌનો ભાગ છે એમ તે માનતો એટલે પોતાના ગામમાં મસીદ પણ ચણાવી.

मसीतिं कारयामास धीमलीसंज्ञितामसौ ।

भद्रेश्वरपुरे म्लेच्छलक्ष्मीकारणतः खलु ॥ ६–६४ ॥

ગામે ગામે તથા નગરે નગરે જગડૂએ સુધામધુરાં પાણીની વાવ ચણાવી.

शतशः कारयामास ग्रामे ग्रामे पुरे पुरे ।

सुधास्वादुजला वापीर्जगडूः क्षितिभूषणम् ॥ ६–६९ ॥

સંવત ૧૩૧૨માં પરમદેવસૂરિ નામે જૈન સાધુએ જગડૂને કહ્યું, દેવાનાં પ્રિય, માણસને ભગવાન પૈસો આપે છે તેને અંગે એને માથે કાર્યભાર આવી પડે છે, અને હવે વસમી વેળા આવવાની થઈ છે, એટલે ધનાઢ્યનો ધર્મ પાળવાનો, અને જેની મિત્રતાને કારણે મહાવીરસ્વામીએ સંસારનો ત્યાગ કર્યો તે પ્રાણિમાત્રની સેવા કરવાનો અપૂર્વ અવસર તને આવશે. ૧૩૧૨નું વર્ષ વીતે એટલે ત્રણ વર્ષના અવધિ લગી દુષ્કાળ પડશે.

૨ ૧ ૩ ૧

द्वीन्द्राग्निचन्द्रवर्षेषु व्यतीतेष्वथ विक्रमात् ।

दुर्भिक्षं सर्वदेशेषु भावि वर्षत्रयावधि ॥ ६–६८ ॥

'એટલે તું તારા ચતુર માણસોને એક એક દેશમાં મોકલ, અને કણપીઠમાત્રમાં ધાન વેચાવા આવે તે બધું રાખી લઇ ને કોઠારમાં ભરી રાખ.

प्रेष्याखिलेषु देशेषु विदग्धानात्मपूरुषान् ।

सर्वेषामपि धान्यानां त्वं तैः कारय संग्रहम् ॥ ६–६९ ॥

'અને દુકાળ પડે એટલે તારા કોઠાર તું જનતાને ચરણે ધરી દેજે, તથા ક્ષીરસાગરના તરંગના જેવી નિર્મળ કીર્તિ કમાજે.'

क्षीरोदवीचिविमलं त्वमर्जय यशोभरम् ।

समग्रजगतीलोकसंजीवननिदानतः ॥ ६–७० ॥

આ પ્રમાણે જગડૂએ ધાન્યસંગ્રહ કર્યો અને દુકાળમાં ભૂખ્યાંને અન્ન આપ્યું.

प्रचक्रमे कणान्दातुमयं सोलतनूभवः ।

दुर्भिक्षपीड्यमानायै जनतायै कृपानिधिः ॥६–७४ ॥

દુષ્કાળનાં બે વર્ષ પછી ગુજરાતના રાજા વીસલદેવને પણ ધાનની તાણ પડી, એટલે એણે જગડૂને પોતાની સભામાં બોલાવ્યો તથા તેની આગળ ધાન માગ્યું, કેમ કે એણે સાંભળ્યું હતું કે જગડૂ પાસે હજી ૭૦૦ અન્નપૂર્ણ કોઠાર છે.

सप्तात्र कणकोष्ठौकः शतानि तव निश्चितम् ।

श्रुत्वा मया त्वमाहूतः साम्प्रतं कणकाङ्क्षिणा ॥ ६ ८४ ॥

જગડૂ કહે, 'હે રાજન, ધાનની એક કણી પણ કયાંય ભારી છે નહીં.'

ऊचे नाथ न सन्त्यत्र मम क्वापि कणाः खलु ॥ ६–८५ ॥

'અને મારી વાત તારા માન્યામાં ન આવે કોઠારમાં તામ્રપત્ર ઉપર લેખ કોતરેલા છે તે જોઇ લે.'

मद्वाक्ये यदि सन्देहः कणकोष्ठेषु तेष्वपि ।

अिष्टकान्तःस्थ सत्ताम्रपत्रवर्णान् विलोकय ॥ ६-८६ ॥

વીસલદેવે જોયું તો તામ્રપત્ર ઉપર આમ લખેલું હતું :

जगडूः कल्पयामास रङ्कार्थं हि कणानमून् ॥ ६–८८ ॥

'રાંકને અર્થે જગડૂએ આ ધાન સંકલ્પેલું છે.'

'એટલે,' જગડૂ હવે બોલ્યો, 'એક પણ માણસ જો ભૂખે મરી જાય તો એની હત્યા મને લાગે.

तन्मे पापं भ्रियन्ते चेज्जनाः दुर्भिक्षपीडिताः ॥ ६–८९ ॥

પછી એણે વીસલદેવને ૮,૦૦૦ મોટલા ભરીને ધાન દ્રવિડ-નારાયણને દેવા આપ્યું.

ददावष्टसहस्राणि स तस्मै कणमूटकान् ।

श्रीमाल्यान्वयकोटीरस्त्रिधा वीरत्वमाश्रितः ।। ६–९० ॥

એવી જ રીતે એણે સિન્ધ, ઉજ્જૈન, દિલ્લી, બનારસ ને કર્ણાટક (=?)ના રાજાઓને પણ સહાયતા કરી, અને ૧૧૨ દાનશાલા (સદાવ્રત) ઉઘાડી.

द्वादशाभ्याधिकं दानशालाशतमुदारधीः ।

जगडूः सुकृताधारो जगज्जीवातुमातनोत् ॥ ६–१३० ॥

વળી એ લાડવામાં સોનૈયા મૂકતો અને એ લાડવા સંભાવિત લોકોને ઘેર છાનામાના રાતવખત પહોંચાડતો.

स्वर्णदीनारसंयुक्तान् लड्डुकापिण्डान् स कोटिशः ।

निशायामर्पयामास कुलीनाय जनाय च ॥ ६–१३१ ॥

આમ એણે દુકાળમાં ૬,૬૬,૦૦૦ મોટલા ભરીને અન્નદાન કર્યું, તથા ૧૮ કોટિ રૂપૈયા વાવર્યા.

नवनवति सहस्रयुतान्नव लक्षान् धान्यमूटकानां सः ।

अष्टादशरैकोटीरर्थिभ्योऽदत्त दुःसमये ॥ ६–१३२ ॥

દેસાઈ વાલજી ગોવિંદજી

કદરદાનીની કદર

[અમને જણાવતાં આનંદ થાય છે કે અમારા સ્વર્ગરથ સાથી ભાઇ વ્રજલાલ ધરમચંદ મેઘાણીએ 'આળાં હૈયાં' પ્રગટ થયા બાદ પોતાની કેટલીક પ્રગટ થયેલી અને કેટલીક નહિ પ્રગટ થયેલી વાર્તાઓનો સંગ્રહ કરીને એક બંડલમાં બાંધી રાખેલો જે હાથ લાગતાં તેમના કુટુંબીજનો તરફથી અમને હમણાં જ સુપ્રત કરવામાં આવ્યો છે. આ સંગ્રહ 'આળાં હૈયાં' જેટલો જ મોટો છે. આમાંની એક વાર્તા અહિં પ્રગટ કરવામાં આવે છે અને બીજી વાર્તાઓ અનુક્રમે પ્રગટ કરવામાં આવશે. તંત્રી]

શક્તિ, સાધન અને સંજોગની ત્રીપુટિનો જ્યાં સુધી સુયોગ ન થાય ત્યાં સુધી સાચી શક્તિ પણ દબાઇ જાય છે અને પછી ધીમે ધીમે વિકસ્યા વગર જ કરમાઇ જાય છે. જો યોગ્ય સાધન અને સાનુકુળ સંજોગો મળી જાય તો આજની મામુલી લાગતી વ્યક્તિ પણ આવતી કાલે ઉપયોગી વિભૂતિ બની શકે. આવું તો અનેક સ્થળે જોઇ શકાય છે.

મુળજી જેઠા મારફેટમાં કાકાનું બિરૂદ પામેલા ધનાશાળી શેઠ પહેલા તો ઘણા ગરીબ હતા. તેની સ્થિતિ એક ભીખારી કરતાં કાંઇ વધુ સારી નહોતી. પણ તેની ઇશ્વરદત્ત શક્તિ અને બુધ્ધિ દબાઇને મરી જાય તે પહેલાં એક શક્તિપારખું સજ્જને તેનો હાથ પકડયો અને ધનાની શક્તિ ચમકી ઉઠી. રફતે રફતે એક કાળે કણુ જેટલા સાધને કળશી જેટલી શક્તિ જન્માવી દીધી. એટલે કાઠીયાવાડનો એ ભીખારી જેવો ધનકો મુંબઇનગરીમાં ધનાશાળી શેઠ બની ગયો અને આખી બજારમાં કાકાનું માનભર્યું બિરૂદ પામ્યો. બજારમાં તેની શાખ અને પ્રભાવ એટલા હતા કે તેના બોલ ઉપર બજારો થંભતી અને લાખોની હોડ મંડાતી. વ્યાપારની આવતી કાલ તેના વળણ ઉપર નિર્ભરતી. બીજાઓ જ્યારે તેની શક્તિની વાતો કરતા ત્યારે એ કાકા તો એટલું જ કહેતા કે, "આજે હું તમે કહો છો તેવો ધનાશાળી કદાચ હોઇશ, પણ એક કાળે તો હું ધનાશાળી યે નો'તો, ધનજી પણ નહિ પરન્તુ ધનકો હતો. તે પણ થોડા જ માણસો જાણતા કે હું પણ પૃથ્વી ઉપર વસું છું. ત્યારે હું સસ્તો હતો. રોટલો બહુ મોંઘો હતો. અને અમને તો શું પણ અમારા ભાવિત્રે ને પણ અમારો જન્મ ગમતો નહોતો. અવશ્ય આજે તો લાગે છે કે ત્યારે મારા કરમમાં બધું હતું, પણ આડે કોઇ પાંદડુ પડેલું હશે એટલે દેખાતું નહોતું. એક શક્તિપૂજક મુરબ્બીએ તે દેખ્યું અને ખસેડયું એટલે ચમત્કાર થાય તેમ ધનકો બની ગયો ધનાશાળી. એ ઉદાત્ત મદદગાર ન હોત, મારા જેવા દુખંતાને દોરડું નાંખી બહાર કાઢનાર નહોત તો મારી શક્તિ સુષુપ્તાવસ્થામાં જ રહેત અને બીજા જાણે તે પહેલાં મરી જાત. કાષ્ટમાં અગ્નિ અને દીપકમાં તેજ હોય છે પણ જ્યાં સુધી પેટાવનાર ન હોય ત્યાં સુધી તે અદિપ્ત જ રહે છે તેમ માણસમાં હોય તો પણ કાંઇ નથી. શક્તિ, સાધન અને સંજોગની ત્રીપુટીનો જ્યારે એક જ સ્થળે ભેટો થાય છે ત્યારે જ અષ્ટ સિદ્ધિ અને નવમ્ સિદ્ધિ સાંપડે છે."

કાકા પાસે ઠીકઠીક પ્રમાણમાં દ્રવ્ય હતું. દિલ ઉદાર હતું પણ ચાલુ અર્થહીન દાન કે છાશવારે શરૂ થતાં ફાળાઓમાં કાંઇ ન આપતાં પોતાના ભૂતકાળ ઉપરથી તેણે એક સિધ્ધાંત નકકી કર્યો હતો કે કોઇની દટાયેલી શક્તિને બહાર કાઢવી, અણવિકસી શક્તિને વિકસાવવી અને સહાયક બનીને નવાં બળો ઉત્પન્ન કરવાં એ જ દ્રવ્યનો કે દાનનો સાચો ઉપયોગ છે. ઘણી વખત પોતાનો ભૂતકાળ યાદ આવતા તે કહેતા કે "થોડાક ટેકાને અભાવે જ તેની શાકત મરતી હતી, કોઇએ અણીને વખતે હાથ આપ્યો તો તે જીવી ગઇ. સાધારણ દોરડાને અભાવે ઘણી વખત ડુબતો માણસ મરે છે. દોરડું ફેંકવામાં આવે તો તે ઉગરી જાય છે. તેના બચપણમાં તેણે જોયેલું કે બરાબર તેના ઘરની સામે જ કાયમ સદાવ્રત ચાલતું હતું, તેની બાજુની ધર્મશાળામાંથી વારંવાર કપડાંલતા કે મીઠાઇનાં દાનો દેવાતાં હતાં. અનેક વખતે તેણે પોતે પણ તેનો લાભ લીધો હતો. પણ તેની પાછળ મોક્ષની કે પુણ્યની પારલૌકિક દૃષ્ટિ સીવાય આલોકની કોઇ દૃષ્ટિ ન હોવાથી તેમાંથી જરાય શક્તિ જન્મી ન હતી, પણ નિત્ય તેવાં દાન લેવાની લોલુપતા રહેતી. ધાર્મિક જલસાઓ, ઉજવણાંઓ અને મોટા મોટા ધાર્મિક સમારંભો યોજાતા હતા. તેમાંથી પણ કોઇ ખાસ શક્તિ કે નવું જીવન આવ્યું હોય તેમ દેખાતું નહોતું. એટલે જુદા જુદા પ્રકારના દાનોમાંથી ન તો તેણે જોયો કોઇ શક્તિનો ઉદ્‌ભવ કે ન તો જોયાં તેવા દાન લેનારાઓને ભીખના વ્યવસાયમાંથી છૂટતા. તે ઉપરથી તેણે પોતાની કીર્તિની પાછળ કંઇ ન ખર્ચતા પડેલાને ઉઠાડવા, સાધનના વાંકે અટકી જતી કુચકદમ આગળ લંબાવવા અને સાધન આપીને નવી શક્તિ સરજાવવાની બાબતમાં પોતાના દ્રવ્યનો ઉપયોગ કરવા માંડયો. જુનવાણી રૂઢિચુસ્તોની ટીકાનો જવાબ આપતાં તે કહેતા કે ' ભાઇ આ ધન મારું નથી. હું તો હજુ તેનો તે ધનકો જ છું. તે તો કોઇ શક્તિપૂજકે શોધીને મને તેની સુચના મુજબ નવી શક્તિ જન્માવવાના કાર્યમાં વાપરવા માટે સોંપ્યું છે. અર્થહીન કીર્તિના કોટડા બાંધવાનો મને મોહ પણ નથી અને મારો તેવો અધિકાર પણ નથી."

તેણે અનેક અણખીલી શક્તિઓ ખીલવી. ઘણાને હાથ આપીને ઉંચા આણ્યા. ઘણાના ઉગતા ધંધામાં ટેકો આપીને તેમને પગભર કર્યા. અને ઘણા સાધન વાંકે ટીંગાઇ રહેલાને ટેકો આપ્યો. આવી ચોક્કસ દૃષ્ટિથી તેની શક્તિવાળી ચકોર આંખ માનવજીવનમાં પડેલી ગુપ્ત શક્તિને પારખી કાઢવામાં નિપુણ થઇ ગઇ હતી. એક વખતે 'મોલુ' નામના તેના એક મુસલમાન રંગરેજમાં તેણે એ શક્તિ જોઇ. તેનામાં છૂપાઇ રહેલી કળા, કુશળતા અને દક્ષતાનાં કાકાને દર્શન થયાં. જો તેને યોગ્ય સાથ આપવામાં આવે તો વિદેશી કારીગરની હરિફાઇ કરી શકે તેવો અચ્છો કારીગર બની શકે તેવાં બધાં લક્ષણો તેણે તેનામાં જોયાં, પણ તે વિકસવાને બદલે તેના શેઠની બેદરકારીથી મરતા હતા અને બિચારો જુની ઘરેડમાં ધણીના બળદની માફક પ્રગતિનું માપ જાણ્યા વિના જ્યાંનો ત્યાં જ ફરતો હતો. તેથી તેણે એક દિવસ તેને પૂછયું કે—

"મોલુ–આ શેઠમાં કેટલાં વરસ થયાં કામ કરે છે?"

"શેઠ, બાર વરસ થયાં. અઢારીસ વર્ષે આવ્યો હતો. આજે ચાળીસ થયાં."

"પગાર કેટલો આપે છે?"

"પંચોતર રૂપિયા. કારખાનું જ્યારે શરૂ થયું ત્યારે પંદર રૂપિયાથી નોકરીમાં રહ્યો હતો. અમે કારીગરો કાળી મહેનત કરીને શેઠને લાખો રૂપિયા રળી આપ્યા, પણ શેઠને તેનો હિસાબ નથી. કારખાનાનું કામ વિકસાવવા તેની રંગાઇ, છપાઇ અને ધોલાઇના અખતરાઓ પાછળ અંખડ ઉજાગરા કર્યા છે. ડ્રોઇંગ અને બીજાં બનાવવાનું કામ શીખ્યો. શેઠને તો બીજા ઘણાં ધંધા ચાલે છે એટલે તેને તો ખબર પણ નથી કે કારખાનું કેમ ચાલે છે. આજે અઢમદ ખત્રીનું કારખાનું મુંબઇમાં પહેલે નંબરે આવે છે તે આ મોલુએ લોહીનું પાણી કરીને કામ કર્યું તેનું ફળ છે. આજે બાર વરસે મારો પગાર વધી વધીને પંચોતેર થયો ત્યારે શેઠને ત્યાં સોનાની નદીઓ વહી ગઇ છે. મનમાં બધું સમજું છું. પણ બચરવાળ માણસ, કોઇનો ઓથ નહિ એટલે જાઉં કયાં? પડયો છું સાહેબ! અમને ન આપ્યું તે તો ઠીક પણ તેને કારખાનું વિકસાવવું પણ સુઝતું નથી. ઘણા જુદા જુદા અખતરા કરવાનું અને મશીનથી ન બની શકે તેવું કામ હાથથી કરવાનું મન થાય છે, પણ તે માટે પૈસા ખર્ચવાની શેઠની મુદ્દલ તૈયારી નથી....એટલે હું તો મરી રહ્યો છું. પણ એક સારી કારીગરી પણ મરી રહેલી છે. મનમાં નિત નવા ઘોડા ઉઠે છે. પણ આજે તે સૌને મનમાં સમાવીને બેઠો છું. સાધન મળે તો જરૂર દેખાડી આપું કે હિન્દુસ્તાનના કારીગરો પોતાના મુલકમશહુર રંગવા, છાપવાની કળા ભૂલ્યા નથી. પણ જવા દો એ બધી વાત.

આપે શું કામે મને બોલાવ્યો હતો? કારખાનું રેઢું પડયું છે અને કામના ઓધ વળ્યા છે. પણ ત્યાં કોઇને સળસુઝ નથી."

"મોલુ, સહજ વાત કરવા. પણ, જો નવું કારખાનું કરવું હોય તો તેમાં કેટલું નાણું જોઇએ?"

"કાકા! ઓછામાં ઓછા પંદરથી વીસ હજાર રૂપિયા. જો કોઇ આટલી સગવડ કરી આપે તો વરસ દહાડામાં રોકેલી મુડી તો ઉભી કરી દઉ; અને અરધો અરધ ભાગ આપું. પણ જેને કહીએ તે બધા જમીનગીરી માગે અને મારી પાસેથી પણ મુડીની આશા રાખે એટલે શું થાય? મારી પાસે મુડી હોય તો બીજાને શું કામ વિનવવા જાઉં.? મારી પાસે છે મુડીમાં કળા અને શકિત. અને જમીનગીરીમાં મારી શુમનિષ્ઠા અને પાકદાનત! આ બે વાનાં ઉપર વિશ્વાસ સહ જો કોઇ ધીરનાર હોય તો મારૂં કામ થાય."

"બસ પંદરથી વીસ હજાર રૂપિયાને! જા મારી પાસેથી લઇ જજે. જ્યારે વિચાર વધે ત્યારે આવજે."

"વારૂ શેઠ!"

.....મોલુ કચ્છનો રંગરેજ. પણ જ્યારે કુટુંબમાં કોઇ કમાનાર ન રહ્યું અને દેશમાં ઉપરા છાપરી ત્રણ ચાર વર્ષ દુષ્કાળના આવ્યા. તેથી ત્યાં રોટલો મેળવવો મૂસ્કેલ થઇ ગયો. ઉપરાંત દેશી કારીગરીને પરદેશી હરિફાઇએ ટકવા ન દીધી એટલે કે કામકાજ પણ બંધ થયું. વળી એક જ ધંધામાં વર્ષો સુધી પલોટાયેલો માણસ બીજા કોઇ પણ કામ માટે બંધબેસતો ન થાય તેવા કારણે. કચ્છી કારીગરીના જન્મગત સંસ્કારો લઇને તે આવી કારીગરીના ધામ સમા જયપુરમાં ચાલ્યો ગયો. ત્યાં તેમ જ લખનૌમાં પાંચ વર્ષ ગાળી તેણે કળાનું સારૂં જ્ઞાન મેળવ્યું. તેના સંસ્કારો કેળવાયા. પણ પૈસો ન મળ્યો. એટલો છેવટે નિરાશાના આશાધામ મુંબઇમાં આવ્યો. ત્યાં તેને તેના પંડનો ઘરાક મળ્યો. તેની કળાનો સોદાગર મળ્યો પણ ખરો, કળાવાંચ્છુ કદરદાન ન મળ્યો. મોલુની કળાએ તેને રોટલો આપી કામમાં ટકાવી રાખ્યો, પરન્તુ તેના શ્રેઠે તો કળાથી સોનાની નદી પોતાના ઘર તરફ વાળી અને શાખ મેળવી. મોલુ ધીમે ધીમે બાર વર્ષે માત્ર પંચોતરના વેતન સુધી પહોંચ્યો. તે જાણતો હતો તેને મળતો બદલો અને શેઠને થતો નફો. પરન્તુ બીજો કોઇ કદરદાન ન મળ્યો એટલે મુંગા મોંયે પોતાના જીવનની આ લૂટ તેણે સહી હતી. આ રીતે એક સાચા કળાવાન કારીગરના જીંદગીના અણમૂલાં બાર વર્ષ નિરર્થક વહી ગયાં હતાં. આ આખી ઘટના કાકાના જાણવામાં આવી. તેથી તેને મદદ કરવાનું તેણે નક્કી કર્યું. કાકાની મદદથી મોલુએ કારખાનું ખોલ્યું. કાગ અને આમદાની બન્ને આવી મળ્યાં. એક વર્ષમાં મુડી ઉભી થઇ ગઇ–અને આઠ વર્ષ પછી તો મોલુ પાસે બે ત્રણ લાખ રૂપિયાનો કસ પણ થઇ ગયો.

આ તો બધું એક સામાન્ય ઘટના પ્રમાણે બની ગયું. એકે ટેકો આપ્યો અને બીજો તરી ગયો. તેવી રોજીંદી ઘટના સાથે જનતાને બહુ નિસબત નથી હોતી, પણ આવા પ્રસંગો પાછળ રહેલું હાર્દ અને નિષ્ઠા અને તેમાંથી જાગતી ઉદાત્ત ભાવના અને અહેશાનમંદી અને એ દ્વારા ડોકાતી માનવતા જ માનવજાત માટે બહુમુલો વારસો છે અને તેણે જ માનવતાની પુનિત પરંપરાને આજ દિન સુધી ટકાવી છે અને ટકાવશે.

.....આ પરિવર્તનશીલ કુદરતમાં ચડતી પડતીનું ચક્ર નિરંતર ચાલ્યા જ કરે છે એટલે કોઇ પણ સ્થિતિ એકસરખી કાયમ ટકતી નથી તેમ અત્યાર સુધી ફાવતા જ આવેલા ધનાશાળી શેઠનો પાસો અવળો પડયો; ચાલતી લડાઇ એકદમ અચાનક બંધ થતાં બજારો ગગડી ગઇ એટલે વ્યાપારની હોડમાં મુકાયેલું નાણું તે હારી ગયા અને ફરી વખત સંજોગો સાનુકુળ બને તે પહેલાં જ કુદરતે કાળે કાકાને ઝડપી લીધા. જન્મ્યા ત્યારે ધનકા તરીકે અને અંતકાળે પણ એજ સ્થિતિમાં કાકા અંતિમ આરામગાહમાં પોઢયા.

કાકાએ મુકેલું દેવું આભરૂબૂણી કાકીએ મિલકતો વેચીવેચીને, ઘરની કિંમતી ચીજો ફગાવી દઇને આપવા માંડયું. મોલુની અરધા લાભ જેટલી રકમ કાકાને ત્યાં જમા પડી હતી તેવી જ રીતે એક બીજા મિત્ર કે જેણે કાકાની સારી સ્થિતિનો છેવટ સુધી લાભ ઉઠાવ્યો હતો તેની પણ તેટલી રકમ ખાતામાં નીકળતી હતી. આની સામે કાકી પાસે એક મકાન, થોડો વિમો અને મોટી કિંમતનો એક હીરામોતીહાર બાકી રહ્યા હતા. આ વેચીને બન્ને લેણિયાતોને સંતોષવાની કાકીની ભાવના હતી.

કાકાના મિત્ર ભૂખણદાસે કળ, બળ અને ભેદથી લેણા પેટે મકાન ગીરો લખાવી લેણું કાયદાસર કરી લીધું ત્યારે તેને દાયકાનો મીઠો સબંધ જરાય યાદ ન આવ્યો. ગીરોખતમાં સહી સિક્કા થતા હતા તે વખતે જ મોલુ પણ કાકી પાસે આવી ચઢયો. તે જોઇને કાકીએ કહ્યું કે "મોલુ, તારી રકમ પણ મારા ધ્યાનમાં છે. અહિનું મકાન વેચાઇ જાય એટલે તારૂં અને આ ભૂખણકાકાનું પતાવી દેવું છે. મકાન માટે વાતચિત ચાલે છે, પંદરેક દિવસમાં નકકી થઇ જશે."

"હા કાકી! મારી જે નાનકડી રકમ છે તેની કાંઇ ફિકર નથી. સગવડતાએ તમે તેને યાદ કરજો. તુરત ઉતાવળ નથી, બીજા બધાનું પતાવી દો! પછી મારી વાત, મારે ત્યાં કાકાના અને તમારા પ્રતાપ છે."

"તે તારી ખાનદાની. એક હીરામોતીનોહાર અને વીંટી કાઢી નાખવા જેવા છે. તારા કાકાએ તો તેની કિંમત ખરચવામાં કાંઇ બાકી નથી રાખી. અત્યારે બજારમાં વીસેક હજારની આંકણી થઇ છે. મન પધે તો લઇ જા, અમારે તો એટલું ઓછું. કાકાનું મન બાકીની વહુને એ આપવાનું હતું, પણ તેનું કાંઇ નહિ; તારે ત્યાં હમદુની વહુ વાપરે તોય અમને સંતોષ." આટલું કહેતાં કાકીની આંખમાં ઝળઝળીયાં આવી ગયાં. કાકીની વસાવેલી શોખની વસ્તુઓ આમ વેચવી પડશે અને નિષ્ઠુર દુનિયા તે પ્રાણીના મૂલ્યે માંગશે એવી કલ્પના પણ તેને કદિ નહોતી–એટલે કાકીને સહજ દુઃખ થયું. જેમ કાકીને દુઃખ થયું તેમ તેવું જ દુઃખ જ્યારે તેણે તેજુરીમાંથી તે હાર કાઢવા માંડયો ત્યારે મોલુને થયું. તે ગળગળો થઇ ગયો. માતા જેવાં કાકી આજે કાકાની ગેરહાજરીમાં તેણે બાડામાંથી ઉભા કરેલા એક છોકરા જેવા કારીગર માટે પોતાનો શૃંગાર કાકાનું સ્મૃતિચિહ્ન ઉતારી આપી દે એ દ્રશ્ય તેનાથી ન જોવાયું. આંખે અંધારા આવવા માંડયાં, પોતાનો આખો ભૂતકાળ તેની દ્રષ્ટિ સામે ખડો થયો. કાકાનો પ્રેમાળ હાથ અને અજાણ્યા મુસલમાનને ઉંચે લાવવાની તેની ઉદારતા–એ બધું તાજું થયું. પોતે લેણા રૂપિયાની યાદ આપવા આવ્યો છે એ વિચારથી તેના અંતરમાં પશ્ચાત્તાપ અને દુઃખ થયું.

"મા રહેવા દે, એ હાર કાઢવો રહેવા દે. અત્યારસુધી એ હાર વિના મા, તને મેં દેખી નથી. હવે કેમ જોવાય? મને મારા પૈસા પહોંચ્યા. મને એક પાઇ પણ ખપે નહિ. એ હાર પાછો મૂકી દે. નાના શેઠાણી પહેરશે. મોલુ પાસે જે છે તે બધું કાકાનું જ છે. ખપ પડયે દીકરો માનીને મા આજ્ઞા કરજે. ભકિતમાં અને મોલુમાં ભેદ પાડીશમાં. મોલુનાં દેહમાં લોહી હશે ત્યાં સુધી કાકાના નામ ઉપર મોલુ દેહ કુરબાન કરતાં પણ અચકાશે નહિ."

'મોલુ, એમ લાગણીવશ થઇ જવાની જરૂર નથી. ખપ પડશે ત્યારે તું કયાં દુર છે.?"

"કાકા, મોલુ મુસલમાન છે. હજ નથી કરી. આજે કરૂં છું. કાકાએ જ્યારે મદદ કરી ત્યારે અરધો ભાગ આપવા મેં કહ્યું હતું, પણ એ અમીર દિલના કાકાએ ગરીબ મોલુમાંથી ભાગ ન પડાવ્યો તે આજે આપું છું. મોલુના બેહાં કાકાના ફરજંદ આજે ભુખ્યા ન રહે, અને રહે તો મોલુને લ્યાનત છે.

.....ભુખણદાસ અને મોલુ બન્ને સાથે જ કાકાના ઘરનાં પગથિયાં ઉતર્યા ત્યારે બંનેના દિલમાં હર્ષ માતો નહોતો. ભુખણદાસના દિલમાં કાકાના ઘરનું ગીરોખત કરાવી લેણું પાકું કર્યું તેનો અને મોલુના દિલમાં કદરદાનીની કરેલી કદરનો.

સ્વ. વ્રજલાલ ધ. મેઘાણી.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન: સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર Regd No. B. 4266

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૯
અંક : ૧૫

મુંબઈ: ૧ ડીસેમ્બર, ૧૯૪૭, સોમવાર.

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

આત્મદૃષ્ટિનું આન્તર નિરીક્ષણ

(ગતાંકથી ચાલુ)

"હું સ્વરૂપ નિજ છોડી, રમ્યો પર પુદ્ગલે,
ઝીલ્યો ઉલટ આણી, વિષમ તૃષ્ણા જગે."

કવિનું આ કથન મેથ્યુ આર્નોલ્ડના સુવિખ્યાત કાવ્ય "Lead kindly light, amid the encircling gloom! Lead thou me on!"–"પ્રેમળ જ્યોતિ તારો દાખવી, મુજ જીવનપંથ, ઉજાળ" (અનુવાદક. સ્વ. કવિ નરસિંહરાવ) માં આવતી "The night is dark and I am far from home"–"દૂર પડયો નિજ ધામથી હું ને ઘેરે ઘન અંધાર" એ પંક્તિની યાદ આપે છે. એ પ્રકારનાં કથનો જરા ઉંડાણથી સમજવા જોઇએ. કવિ જ્યારે એમ કહે છે કે મેં મારૂ સ્વરૂપ છોડયું છે અને પર રૂપમાં રત થયો છું, ત્યારે શું એમ સમજવું કે કોઇ કાળે આત્મા સાવ શુદ્ધ હતો અને પછી તે જડ પાશમાં બંધાયો? જો આમ માનીએ તો મોક્ષ પુરૂષાર્થની માન્યતા જ નકામી ઠરે; કેમકે પ્રયત્નદ્વારા કયારેક મોક્ષ સિધ્ધ થાય અને શુધ્ધસ્વરૂપ આવિર્ભાવ પામે તો પણ ત્યાર બાદ કોઇ વખતે ફરી કર્મપાશ કેમ ન વળગે? જે ન્યાયથી ભૂતકાળમાં શુધ્ધ સ્વરૂપ વિકૃત થયું તે જ ન્યાયથી મોક્ષપ્રાપ્તિ પછીના ભવિષ્યત્ કાળમાં પણ વિકૃત થવાનું જ. અને જો એમ બને તો મોક્ષ પ્રાપ્ત કર્યો તોય શું અને ન કર્યો તોય શું? બીજી રીતે એમ કહી શકાય કે મોક્ષ પ્રાપ્તિ એટલે દેવપદની પ્રાપ્તિ. દેવો ગમે તેટલો વખત સુખ સમૃદ્ધિ ભોગવે છતાં તેઓ તેથી ચ્યુત થવાના. એ જ રીતે મોક્ષ-સ્થિતિ પણ ગમે તેટલે લાંબે ગાળે પણ છેવટે ચ્યુત થવાની. ત્યારે "હું સ્વરૂપ નિજ છોડી રમ્યો પર પુદ્ગલે" એનો શો અર્થ એ સમજવું રહ્યું. એ માટે નિશ્ચય અને વ્યવહારદૃષ્ટિ બન્નેનો ઉપયોગ છે. આધ્યાત્મિક તત્ત્વજ્ઞાનના પ્રદેશમાં મોક્ષ નામના પુરૂષાર્થને જે સ્થાન મળ્યું છે તે વિચાર-વિકાસના ઇતિહાસમાં અમુક કાળે જ મળ્યું છે, નહીં કે પહેલેથી તે સનાતન જ રહ્યું હોય. જ્યારે મોક્ષની કલ્પના આવી અગર એવો કોઇને અનુભવ થયો ત્યારે મુકત આત્માનું અમુક સ્વરૂપ કલ્પાયું અગર અનુભવાયું અને એ જ સ્વરૂપ એનું અસલી છે અને એ સિવાયનું જે કાંઇ તેમાં ભાસે તે બધું જ આગન્તુક અને પર છે એમ મનાયું. કોઇ પણ અનુભવીએ આત્માના કલ્પાયેલ શુધ્ધ સ્વરૂપમાં વિજાતીય તત્વ કયારે ઉમેરાયું અને શા માટે ઉમેરાયું એ જાણ્યું નથી, જાણવું શકય પણ નથી. છતાં મોક્ષ પુરૂષાર્થની કલ્પના ઉપરથી કલ્પાયેલ આત્માના શુધ્ધ સ્વરૂપને દરેક અનુભવીએ મૌલિક, વાસ્તવિક અને સ્વાભાવિક માનીને જ પોતાનું આધ્યાત્મિક પ્રસ્થાન શરૂ કર્યું અને જીવનમાં અનુભવાતા વિકારવાસનાના તત્વને વિજાતીય કે વૈભાવિક માની તેને ફેંકી દેવા પુરૂષાર્થ સેવ્યો છે. મોક્ષ એ જીવનનું સાધ્ય લેખાયું અને તે સ્થિતિ આદર્શ લેખાઈ. એ જ આદર્શ સ્થિતિનું સ્વરૂપ નિહાળતી દૃષ્ટિ તે નિશ્ચય. અને સાધક દશામાં પર ભાવ કે વિજાતીય સ્વરૂપથી મિશ્રિત એવી ચેતન સ્થિતિને નિરૂપતી દૃષ્ટિ તે વ્યવહાર. દેવચંદ્રજી આ બન્ને દૃષ્ટિઓનો આશ્રય લઇને કહે છે કે "હું સ્વરૂપ નિજ છોડી રમ્યો પર પુદ્ગલે." ખરી રીતે પહેલાં કયારે પણ આત્મા સંપૂર્ણ પણે શુદ્ધસ્વરૂપની વ્યકત દશામાં હતો જ નહીં. એમાંથી ચ્યુત થવાપણું પણ હતું જ નહીં. ખરી રીતે તો તે અનાદિ કાળથી અશુદ્ધ રૂપમાં જ રમી રહ્યો હતો. પણ એ અશુદ્ધ રૂપમાંથી જે શુદ્ધ રૂપ કયારેક નિખરવાનું છે તેને જ નિશ્ચયદૃષ્ટિએ ભૂતકાળમાં પણ તેવું જ હતું એમ માની કવિ લૌકિક ભાષામાં વ્યવહાર દૃષ્ટિનો આશ્રય લઇ "હું સ્વરૂપ નિજ છોડી રમ્યો પર પુદ્ગલે" એમ કહે છે. સાંખ્ય અને વેદાંત આદિ દર્શનોમાં પણ ચેતન-અચેતનના સંબંધને અનાદિ જ માન્યો છે અને છતાં નિશ્ચયદૃષ્ટિએ ચેતન કે બ્રહ્મનું સ્વરૂપ અનાદિ કાળ થયાં એવું જ મનાયું છે જેવું કે ભવિષ્યત્માં મોક્ષપ્રાપ્તિ પછી આવિર્ભૂત થવાનું હોય. ખરી રીતે એક કોયડો અત્યારલગી અણઉકેલાયેલો જ રહ્યો છે કે જો બન્ને તત્વો મૂળે એકબીજાથી સાવ વિરૂધ્ધ સ્વભાવના હોય અને બન્નેનો એકબીજા ઉપર પ્રભાવ પડયો હોય તો તે શા કારણે અને કયારે? વળી જો ભવિષ્યત્માં કદી પણ એકનો પ્રભાવ બીજા ઉપરથી નાબુદ થવાનો હોય તો ફરી એવો પ્રભાવ એના ઉપર નહીં પડે એની શી ખાત્રી? તેમ છતાં એ અણઉકેલાયેલ કોયડા ઉપર જ આધ્યાત્મિક માર્ગનું મંડાણ છે અને તે દ્વારા જ અનેક ચારિત્રમાર્ગના ગુણો મનુષ્યજાતિમાં વિકાસ પામ્યા છે. જૈનપરંપરાની નિશ્ચયદૃષ્ટિ તે બૌદ્ધો અને વેદાંતીઓની પરમાર્થદૃષ્ટિ અને જૈનપરંપરાની વ્યવહારદૃષ્ટિ તે બૌદ્ધોની સંવૃત્તિ અને વેદાન્તીઓની માયા અગર અવિદ્યા.

દેવચંદ્રજીએ જે તત્વ આ બીજી કડીમાં અનગાર પરંપરાની લૂખી વાણીમાં ગાયું છે તે જ તત્વ સાંખ્ય અને વેદાન્ત પરંપરાના ગૃહસ્થાશ્રમાનુભવી ઋષિઓએ સ્નિગ્ધ કે રસિક વાણીમાં ગાયું છે. કપિલ એ વસ્તુને એક રીતે વર્ણવે છે તો ઉપનિષદના ઋષિઓ એ જ વસ્તુને જરાક બીજી રીતે વર્ણવે છે. દામ્પત્યજીવનની પેઠે સંસારજીવન એક નાટક છે. ગૃહસ્થાશ્રમના બે જ પાત્રો સ્ત્રી અને પુરૂષ બ્રહ્માંડના તખ્તા ઉપર ખેલાતા સાંસારિક જીવનનાં પણ બે જ પાત્રો કપિલે કલ્પ્યાં છે. એ બન્નેને સ્ત્રી-પુરૂષના અગર પત્ની-પતિના રૂપકનો આશ્રય લઇ કપિલે અનુક્રમે પ્રકૃતિ અને પુરૂષ નામે ઓળખાવ્યાં છે. કપિલના રૂપક પ્રમાણે પ્રકૃતિ કુળવધૂ જેવી ને તે પુરૂષ સમક્ષ આપમેળે જ બધું નાટક ભજવે છે. તેને ખાત્રી થાય છે કે પુરૂષે મારું રૂપ જોઇ લીધું ત્યારે કૃતાર્થતાની સાથે શરમાઈ પોતાનો ખેલ સમેટે છે. પ્રકૃતિની લીલાની શરૂઆતથી એની સમાપ્તિ સુધીમાં પુરૂષ કશું પણ નથી કરતો કે કરાવતો. એ તો લીલાના પ્રેક્ષક તરીકે તદ્દન તટસ્થ રહે છે. પ્રકૃતિ પોતે જ લીલાની કર્તાધર્તા છે અને પોતે જ એ લીલાને સમેટનાર છે. તેમ છતાં પુરૂષ બધ્ધ કે મુકત મનાય

છે. વાસ્તવમાં તે નથી બ્રહ્મ કે નથી પ્રકૃત. કપિલની આ કલ્પનાને બીજા એક ઋષિએ એક નવા જ રૂપકમાં વ્યકત કરી છે. તે કહે છે કે અજા એટલે કે બકરી એક છે અને તે લાલ, સફેદ, કાળા વર્ણની કાબરચીતરી છે અને પોતાના જેવી જ સંતતિ સરજી રહી છે. આ સર્જનક્રિયામાં અજ એટલે બકરો અજાને સેવ્યાં છતાં પણ સદા અવિકારી રહે છે અને ભુકતભોગ અજાને તટસ્થપણે જ નિહાળે છે. સાંખ્યના આ મતમાં બધું કર્તૃત્વ બધી જ લેપની જવાબદારી માત્ર પ્રકૃતિતત્વો ઉપર છે; પુરૂષ કોઇ પણ જાતના કર્તૃત્વ વિનાનો માત્ર તટસ્થ પ્રેક્ષક છે. ઉપનિષદના અનેક ઋષિઓએ જે વર્ણવ્યું છે તેમાં સ્પષ્ટપણે પુરૂષનું જ કર્તૃત્વ ભાસે છે. એ ઋષિઓ કહે છે કે આત્મા (બ્રહ્મ કે સત્ તત્વ) પહેલાં એકલો હતો. એને એકલપણામાં રસ ન પડયો અને અનેકરૂપ થવાની ઇચ્છા થઇ. એ ઇચ્છામાંથી અજ્ઞાત માયાશકિતદ્વારા જ તે અનેકરૂપ થયો. આ અનેકરૂપતા એ જ સંસાર. આ વર્ણનમાં બધું જ કર્તૃત્વ આત્માનું છે–પુરૂષનું છે. માયા કે શકિતએ સર્જનમાં મદદ આપી હોય તો તે પણ આત્માની કામના અને તપસ્યાને લીધે. ઉપનિષદની માયામાં સ્વતંત્રપણે કર્તૃત્વ જેવું કાંઇ નથી, જ્યારે કપિલની પ્રકૃતિમાં બધું કર્તૃત્વ સ્વતંત્રપણે છે. ઉપનિષદના મતમાં રામના પૌરૂષ અને સીતાના અનુગમન માત્રના સંબંધનું પ્રતિબિંબ દેખાય છે જ્યારે કપિલના મતમાં કૃષ્ણ અને ગોપીકૃત રાસલીલા અને કૃષ્ણના માત્ર પ્રેક્ષકપણાનું પ્રતિબિંબ નજરે પડે છે. સંસારનાટકના ખેલની પૂરી જવાબદારી એકને મતે પ્રકૃતિમાં છે તો બીજાને મતે પુરૂષમાં છે. આ બન્ને દૃષ્ટીતા પરસ્પર વિરૂદ્ધ મતો છે. અને તેથી તે એકાન્ત જેવા લાગે છે. દેવચંદ્રજી બીજી કડીમાં જૈનદૃષ્ટિ રજુ કરે છે. પણ તેમનો "હું સ્વરૂપ નિજ છોડી રમ્યો પર પુદ્ગલે "એ શબ્દથી વ્યકત થતો ઝોક ઉપનિષદના ઝોક જેવો છે. દેવચંદ્રજીનો "હું" પોતે જ વિમાસણમાં પડે છે કે મેં મારૂં સ્વરૂપ આપ મેળે જ છોડયું અને હું પૌદ્ગલિક લીલામાં રસ લેતો થયો. દેવચંદ્રજીનો "હું" પુદ્ગલ કે કર્મને દોષ ન દેતાં બધો જ દોષ પોતાને માથે વહોરી લે છે. આટલી ચર્ચા ઉપરથી વાંચકો એ વિચારી શકશે કે જુદા જુદા આધ્યાત્મિક ચિન્તકોએ એક જ વસ્તુ અનેકરૂપે વર્ણવી છે. કોઇ પ્રકૃતિ, પુદ્ગલ યા માયા ઉપર દોષનો પોટલો ઠાલવે છે તો બીજો કોઇ પુરૂષ, આત્મા કે જીવ ઉપર. કહેવાની ભંગી કે શૈલી ગમે તેવી હોય. તેને અંતિમ સિદ્ધાંત માની એ વાદમાં પડી જવું એ આધ્યાત્મિકતા નથી. મૂળ વસ્તુ એટલી જ છે કે વાસના કે અજ્ઞાનને ઘટાડવાં કે નિર્મૂળ કરવાં.

જૈન દૃષ્ટિ માને છે કે જે નાટક, જે પરિણામ કે જે ખેલ કોઇ એક પાત્રથી ભજવાતો નથી એનું કર્તૃત્વ બન્નેને ફાળે જાય છે. અલબત, એમાં એકનો હિસ્સો અમુક રીતે હોય તે બીજાનો બીજી રીતે. પણ અજા સંતતિ પેદા કર્યા કરે એમાં અજાનો કશો રસ નથી એમ કહેવાનો કશો અર્થ નથી. એ જ રીતે આત્મા એકલો મટી એકલો થાય છે ત્યારે પણ એને બીજા કોઇ અજ્ઞાનતત્વની મદદ હોય છે.

માત્ર તત્વજ્ઞાનના પ્રદેશમાં જ આવા સામસામે ટકરાતા વાદો નથી, પણ એ વાદોનું મૂળ માનવીસ્વભાવની સામાન્ય ભૂમિકામાં છે. આજે પણ કેટલાય દુન્યવી દૃષ્ટિએ એમ જ માને છે અને કહે છે કે સ્ત્રીએ જ પુરૂષને પાશમાં બાંધ્યો–ફસાવ્યો. એનું આકર્ષણ એ જ પુરૂષનું બંધન. બીજા ઘણાય એમ કહે છે કે પુરૂષ જ એવો ધૂર્ત છે કે તે ભોળી અને ગભરૂ નિર્દોષ સ્ત્રીજાતિને પોતાની જાળમાં ફસાવે છે. આપણે આ બે કથનમાં જોઇ શકીએ છીએ કે કહેવાની રીતમાં જ ફેર છે. એકનું આકર્ષણ ગમે તેટલું હોય છતાં બીજામાં અમુક પ્રકારનું આકર્ષણ કરવાની અને આકર્ષિત થવાની શકિત ન હોય તો બંનેનો યોગ સિદ્ધ જ ન થાય. તેથી જૈન દૃષ્ટિ સંસારમાં જીવ–અજીવ બંને તત્વનું અપેક્ષાભેદથી કર્તૃત્વ સ્વીકારે છે.

બાઇબલનો ઇશ્વરરચિત આદમ ઓડનન બાગમાં એકલો હતો અને પછી તે પોતાની જ પાંસળીમાંથી એકલોઃ થયો. જ્યારે ઇવ સામે આવી ત્યારે જ વાસનાના સર્પે તેને લલચાવી. અને ઇવે જ આદમને છેવટે લલચાવ્યો. આ રૂપક ઉપનિષદના એક આત્મમાંથી બહુ થવાના રૂપકને મળતું છે, જ્યારે બર્નાર્ડ શૉના "Man and Superman" નાટકમાંનો પુરૂષ સ્ત્રીદ્વારા જ સ્ત્રીની પોતાની રતિ અને સગવડ ખાતર સર્જાયેલો છે. ભલે પછી તે આગળ જતાં પોતાની સર્જનહારીનો સ્વામી બની ગયો હોય. શૉના આ કથનની પાછળ કપિલનું રૂપક ભૂમિકારૂપે હોય તો ના નહીં. તત્વજ્ઞ આવા રૂપકો વાંચે, સાંભળે અને વિચારે; પણ તેમાંથી એકે રૂપકને અંતિમ માની તેના ઉપરથી સિધ્ધાંત ન તારવે એટલું જ અહીં વકતવ્ય છે.

રાગદ્વેષ અને અજ્ઞાનનો દોષ એ જ કડીના ઉત્તરાર્ધમાંનો આસ્રવ છે અને એ દોષથી થનાર લેપ તે બંધ છે. આ જૈન પરિભાષાના આસ્રવ અને બંધ બધાં જ આસ્તિક દર્શનોએ જુદે જુદે નામે વર્ણવ્યા છે. દેવચંદ્રજીનો "હું" આત્મનિરીક્ષણ પૂર્વક પશ્ચાતાપની ઉંડી વેદના સાથે પોકારી ઉઠે છે કે 'હું' પોતેજ દૂષિત થયું, હું પોતેજ લેપ માટે જવાબદાર છું અને છતાં બીજા ઉપર દોષ મૂકું છું. ખરી રીતે પુદ્ગળ કે બીજા જગતના જીવજંતુઓ મારા પતન માટે જવાબદાર નથી. મારા પોતાના પતનની પૂરી જવાબદારી મારી જ છે. દેવચંદ્રજીના "હું"ના આ ઉદ્ગારો પુરૂષાર્થ ભણી પ્રેરનારા છે. જે બીજા કોઇનો દોષ ન હોય, પોતાના પતનમાં બીજા કોઇની જવાબદારી કે નિયતિ અથવા યદૃચ્છા કામ કરી રહી ન હોય તો એ દોષથી બચવાનો આધાર પણ બીજા ઉપર રાખી ન શકાય. આ ભાવના મૂળે આત્મોધ્ધાર માટે મહાવીરે ઉપદેશેલ પરાક્રમ કે વીર્ય–પ્રયોગવાદને જ આભારી છે. જૈન દર્શન સ્પષ્ટપણે પોતાનો ઉધ્ધાર પોતેજ કરવામાં માને છે, ભલે તે ઇશ્વર કે ગુરૂના આલંબનની દ્વૈતવાણી ઉચ્ચારે.

ત્રીજી કડી

અવગુણ ઢાંકણ કાજ, કરૂં જિનમત ક્રિયા,
ન તજું અવગુણ ચાલ, અનાદિની જે પ્રિયા
દૃષ્ટિરાગનો પોષ, તેહ સમકિત ગણું;
સ્યાદ્વાદની રીત, ન દેખું નિજપણું. ૩.

આ ત્રીજી કડીમાં દેવચંદ્રજીએ માત્ર પોતાના જીવનનોજ નહિ, પણ પોતાની આસપાસના આખા જૈન સમાજનો દૂભહુ ચિતાર કોઇ પણ જાતના સંકોચ વિના કે કોઇની શરમ રાખ્યા વિના એક સાચા આધ્યાત્મિકને છાજે એ રીતર્યો છે. દેવચંદ્રજીએ "રત્નાકર–પચ્ચીશી"નો અનુવાદ કરેલો છે. રત્નાકર પચ્ચીશીનો કર્ત્તા પણ પોતાના અવગુણનું નગ્ન સત્ય સ્પષ્ટપણે વર્ણવે છે. દેવચંદ્રજી જાણે કે એને જ અનુસરતા હોય તેમ પોતાની રહેણી કરણીનો વિવેક કરી કહે છે હું સાધુ તરીકે જે જીવન જીવું છું તે માત્ર દેખાવનું જ છે. હું પોતે જે સંપ્રદાયમાન્ય ક્રિયાકાંડની ઘાણીની આસપાસ ફરૂં છું તે લોકોને દેખાડવા કાજે. સ્થૂલદર્શી લોકો સામાન્ય રીતે ઉપર ઉપરના જ ધાર્મિક ગણાતા વ્યવહારોને ધર્મનું રૂપ માની એ એ વ્યવહારોને આચરતા પુરૂષને સાચો ધાર્મિક માની લે છે. દેવચંદ્રજી કોઇની આંખમાં ધૂળ નાખવા નથી માગતા. કેમકે તે પોતાની જાતને નીરખી રહ્યા છે. બીજાઓ ન જુએ–ન જાણી શકે–એવું અવગુણનું પોતામાં રહેલું તત્વ પોતે નિહાળતો હોય અને તે નિહાળનાર ખરેખર નિર્ભય અને સત્યવાદી હોય તો બીજાઓ તેને ગુણી માને તોય તે પોતાની જાતને નીરખવાની અને પોતાના દોષ–અવગુણને નિર્ભેળપણે કહી દેવાની શકિતમાં જ આધ્યાત્મિક વિકાસનું

પહેલું પગથિયું આવી જાય છે. જો કે દેવચંદ્રજીએ માત્ર પોતાનો જાત પૂરતું જ કથન ત્રીજી કડીમાં કર્યું છે, પણ લગભગ આખા સમાજમાં એ જ વસ્તુ પ્રવર્તી રહી છે એ સૂક્ષ્મ નિરીક્ષક તેમજ વિચારકને સમજાયા સિવાય રહે તેમ નથી.

દેવચંદ્રજી પોતે આધ્યાત્મિક વિકાસનું પ્રથમ સોપાન-સમ્યગ્દર્શન સુધી પણ પહોંચેલા હોવાની સાફ સાફ ના પાડે છે. સમાજમાં તેઓ સાધુ તરીકે છઠ્ઠા ગુણસ્થાનના અધિકારી લેખાતા હોય તે વખતે સૌની સમક્ષ ખુલ્લે દિલે એકરાર કરવો કે હું તો ચોથા ગુણસ્થાનમાં પણ નથી એ કાંઈ જેવું તેવું પ્રતિક્રમણ છે? હૃદયમાં આ ભાવ ખરેખર જાગ્યો હોય તો ત્યાંથી જ પ્રતિક્રમણ શરૂ થાય છે. માત્ર પ્રતિક્રમણના સૂત્રોની કે તેની વિધિઓની માળા ફેરવવા માત્રથી પ્રતિક્રમણનો કોઈ અર્થ સરતો નથી એમ દેવચંદ્રજી સૂચવે છે. દેવચંદ્રજીએ દૃષ્ટિરાગના પોષણમાં સમ્યગ્દર્શન માની લેવાની ભ્રાન્તિનો જે ઘટસ્ફોટ કર્યો કે તે જૈન સમાજમાં પ્રવર્તતી અને લાંબા કાળથી ઉંડા મૂળ નાખી પડેલી સમકિત ધરાવવાની અને તે દ્વારા પોતાના વાડામાં ચેલા-ચેલીઓનાં ધેટાં પૂરવાની પ્રથાના જાતઅનુભવનું સૂચનમાત્ર છે. 'હું તારો ગુરૂ ને તું મારો ચેલો કે ચેલી' એ જ રીતે 'અમે તમારાં ચેલા-ચેલી અને તમે જ અમારા ભારવાહી ગુરૂ ઉદ્ધારક' આવી દૃષ્ટિરાગની પુષ્ટિમાંથી જ અખંડ જૈનત્વ ખંડિત થયું છે અને તેનાં ટુકડેટુકડા થઇ તે નિર્જીવ બન્યું છે. સમાજ અને ચતુર્વિધ સંઘની દૃષ્ટિએ જે તત્ત્વ સર્વપ્રથમ હોય છે તેનો સખ્ત વિરોધ દાખવવા સાથે દેવચંદ્રજીએ પોતાની જાતં જેવી હોય તેવી વર્ણવીને ખરેખર નિર્ભયપણું દાખવ્યું છે. આધ્યાત્મિક દૃષ્ટિએ વ્યકિતનો તેમ જ સામાજિક દૃષ્ટિએ સમષ્ટિનો ઉધ્ધાર કરવો હોય અને વ્યવહાર દૃષ્ટિએ જીવનનાં બધાં જ ક્ષેત્રમાં પ્રતિષ્ટા પ્રાપ્ત કરવી હોય તો તેનો દેવચંદ્રજીએ સ્વીકારેલો એ એક જ માર્ગ છે અને તે એ કે પોતાની જાતને હોય તેવી દેખાડવી, બે.ટો કે સાચો કોઇ પણ જાતનો દંભ-ડોળ ન કરવો.

ચોથી કડી

મન તનુ ચપલ-સ્વભાવ, વચન એકાંતતા,
વસ્તુ અનંત સ્વભાવ, ન ભાસે જે છતા;
જે લોકોત્તર દેવ, નમું લૌકિકથી;
દુર્લભ સિદ્ધ સ્વભાવ, પ્રભો તહકીકથી. ૪

આ ચોથી કડીના પૂર્વાર્ધમાં દેવચંદ્રજી સ્થિરતાનું મૂલ્ય આંકે છે. માત્ર આધ્યાત્મિક જીવનના વિકાસમાં જ નહીં પણ વ્યાવહારિક જીવનના એકેએક પ્રદેશ સુધ્ધાંમાં સ્થિરતાનું મહત્ત્વ છે. અસ્થિર મને કરેલું કોઇ કાર્ય સફળ થતું નથી કે સંતોષ આપી શકતું નથી. વચનની અસ્થિરતા એટલે ક્ષણમાં એક બોલવું અને ક્ષણમાં બીજું બોલવું. આગળ પાછળના બોલ્યામાં કશો જ મેળ કે ઢંગધડો ન હોય તો એનાથી દુન્યવી લાભ અને પ્રતિષ્ઠા સુધ્ધાં થતાં નથી. એટલે આધ્યાત્મિક વિકાસની તો વાત જ શી કરવી? જે કામ કરીએ તેમાં એના સાધ્યની સિદ્ધિની દૃષ્ટિએ શરીરની પણ સ્થિરતા આવશ્યક બને છે. આ રીતે ગમે તે ક્ષેત્રમાં બુધ્ધિ સાથેની સ્થિરતા જ સિધ્ધિનો પાયો છે. તેથી જ તો 'યોગશાસ્ત્ર'માં સ્થિરતા કેળવવા ઉપર ભાર આપવામાં આવ્યો છે. ઉપાધ્યાય યશોવિજયજી જ્યારે સ્થિરતા-અષ્ટકમાં એનું મહત્ત્વ ગાય છે ત્યારે ચારિત્ર્યની વ્યાખ્યામાં સ્થિરતાનો જ મુખ્યપણે સમાવેશ કરે છે. દેવચંદ્રજીએ ઉપાધ્યાયજીનાં અષ્ટકો ઉપર ટીકા લખી છે તેથી સ્થિરતાનું મહત્ત્વ તેમના ધ્યાન બહાર રહી શકે નહીં. એટલે જ તો તેમણે પૂર્વાર્ધમાં બીજી રીતે કહી દીધું કે મારા જીવનમાં જે મન, વચન અને શરીરની અસ્થિરતા છે, અને તેના પરિણામે જે એકાંતદૃષ્ટિ તરફ ઢળી જવાય છે તે સતત વિદ્યમાન એવા વસ્તુસ્વભાવનું દર્શન થવા દેતી નથી. દેવચંદ્રજીને અસહ્ય વેદના એ બાબતની છે કે વસ્તુસ્થિતિનું સાચું જ્ઞાન થવામાં અસ્થિરતા આડી આવે છે. તેરમા અને ચૌદમા ગુણસ્થાનની આપણને અગોચર એવી ભૂમિકાની વાત બાજુએ રાખીએ તોય દેવચંદ્રજીના કથનનું રહસ્ય આપણે સમજવા જેવું છે. અને તે એટલું જ કે જો જૈનપણું કે ધાર્મિકપણું કેળવવું હોય તો મન, વચન અને કાયાની એકરૂપતા સાધવવી. વિચારવું એક, બોલવું બીજું અને કરવું ત્રીજું એ સ્થિતિ કદી સત્ય તરફ લઇ જઇ શકે નહીં.

આ જ કડીના ઉત્તરાર્ધમાં દેવચંદ્રજી બીજું એક સામાજિક નબળાઇનું તત્ત્વ પ્રગટ કરી પોતાની અંતરની વેદના ઠાલવે છે. સામાન્ય રીતે જૈન સમાજ જ્યારે દેવ વિષે વાતો કરે છે ત્યારે હમેશાં એમ જ કહ્યાં કરે છે કે જૈનો તો વીતરાગના પૂજક છે, સરાગના નહીં. જૈનોની દેવ વિષેની માન્યતા ગુણમૂલક છે, વૈભવ લાલચ કે ભયમૂલક નથી. પણ આજે આપણે સમાજમાં જે જોઇ રહ્યા છીએ તે જ દેવચંદ્રજીએ પોતાની આસપાસ સમાજમાં પ્રવર્તતું જોયું, અને તેમાં પોતાની જાતને પણ લિપ્ત થયેલી જોઇ. પણ એમણે એ ખામીનો આરોપ સમાજ ઉપર ન કરતાં પોતાની જાત ઉપર કર્યો છે. તેમણે કહ્યું કે હું વાતો તો લોકોત્તર દેવની-વીતરાગની-કરું છું, જેને રાગદ્વેષની વૃત્તિઓનો લેશ પણ લેપ નથી એવી જ વ્યકિત મારા જીવનનો આદર્શ છે એમ સૌની સમક્ષ કહ્યાં કરું છું અને છતાંય નબળાઇ એવી કે તેવા આદર્શગત દેવને જ્યારે નમું છું કે જ્યારે તેની પ્રાર્થના, સ્તુતિ કે સેવા કરું છું ત્યારે તે પણ ઐહિક લાલચો અને ભયથી જ પ્રેરાઇને. મોઢેથી વીતરાગ-સેવાની વાત અને અંતરમાં ભય કે લાલચથી કામના-સિધ્ધિની અગર ધાર્મિક ગણાવાની ઝંખના. ખરી રીતે વીતરાગ-સેવામાં આવી કોઇ દુન્યવી વાસનાને સ્થાન જ હોઇ ન શકે, અને હોય તો તે લોકોત્તર દેવની ભકિત ન કહેવાય. પરપરંપરાનાં દેવલું-દેવીઓને લૌકિક કહી તેમની સેવા-પૂજનને તુચ્છકારવી અને સ્વપરંપરામાં જ માત્ર લોકોત્તર દેવનો આદર્શ છે એમ કહ્યાં છતાં એ લોકોત્તર દેવની આસપાસ પરપરંપરાનાં દેવ-દેવીઓની પૂજા-સેવા પાછળ હોય છે તેવું જ માનસ પોષ્યા કરવું એ નર્યો સાંપ્રદાયિક દંભ છે. એ જ સામુહિક દંભને દેવચંદ્રજીએ પોતાની જાત દ્વારા ખુલ્લો કર્યો છે, જે સૌને માટે પદાર્થપાઠ બને તેવું છે.

પાંચમી કડી

મહાવિદેહ મજાર કે તારક જિનવર,
શ્રી વજ્રંધર અરિહંત, અનંત ગુણાકર;
તે નિર્યામક શ્રેષ્ઠ, સહી મુજ તારશે,
મહાવૈદ્ય ગુણયોગ, રોગ ભવ વારશે. ૫

આ પાંચમી કડીમાં દેવચંદ્રજી પોતાના સ્તુત્ય દેવ વજ્રંધર પ્રત્યે પૂર્ણ વિશ્વાસ પ્રગટ કરે છે અને એ વિશ્વાસને બળે એમ માનતા દેખાય છે કે આ ભગવાન મને અવશ્ય તારશે અને મારો સંસારરોગ નિવારશે.

છઠ્ઠી કડી

પ્રભુમુખ ભવ્યસ્વભાવ, સુણું જો માહરો,
તો પામે પ્રમોદ, એહ ચેતન ખરો;
થાયે શિવપદ આશ, રાશિ સુખવૃંદની,
સહજ સ્વતંત્ર સ્વરૂપ, ખાણ આણંદની. ૬

આ છઠ્ઠી કડીમાં જૈન પરંપરામાં પ્રચલિત એવી એક માન્યતાનો ઉલ્લેખ છે. માન્યતા એવી છે કે જો સાધકને 'હું ભવ્ય છું' એવી ખાતરી થાય તો તેનો પુરૂષાર્થ ગતિ પામે છે, અને તે સિદ્ધિ માટે પૂર્ણ આશાવંત બને છે. આ કડી વાંચે પ્રથમ દૃષ્ટિએ એમ પ્રગટ થાય છે કે જાણે દેવચંદ્રજીને પોતાની ભવ્યતા વિષે

સંદેહ હોય અને તેથી સિદ્ધિની આશા જ બંધાતી ન હોય. આ સંદેહની ભૂમિકા ઉપર દેવચંદ્રજી ભગવાન પાસે માગણી કરે છે કે તમારા મુખથી હું મારા ભવ્ય સ્વભાવની ખાત્રી મેળવું તો મારો સંદેહ દૂર થાય અને પછી તો મારી સિદ્ધિ વિષેની આશા પાકી થાય. પણ કવિ ભગવાનના મુખથી ભવ્ય સ્વભાવ સાંભળવાની વાત કરે છે ત્યારે શું એ ભક્તિની ઘેલછામાં કે કાવ્યની ઉર્મિમાં સાવ ઘેલો થઇ ગયો છે કે જે એટલુંય ન જાણતો હોય કે કાંઇ ભગવાન મોઢામોઢ આવીને મને કહેવાના નથી? કવિતાની શબ્દ-ગૂંથણી એક પ્રકારની હોય છે જ્યારે તેનું તાત્પર્ય તદ્દન જુદું હોય છે. એટલે અહીં એમ સમજવું જોઇએ કે દેવચંદ્રજી ભગવાનની સ્તુતિ કરે છે ત્યારે એવી માગણી દ્વારા ખરી રીતે એમ વાંછે છે કે મારા અંતરપટ ઉપર જે સંદેહનું આવરણ છે તે અંતરતમ આત્મપ્રદેશના ઉંડાણમાંથી પ્રગટેલ નિશ્ચયદ્વારા દૂર થાઓ! દેવચંદ્રજી પોતાના જ આધ્યાત્મિક નિર્ણયની ઝંખના ચાલુ જૈન પરમ્પરાની શૈલીનો ઉપયોગ કરી વ્યક્ત કરે છે.

સાતમી કડી

વળગ્યા જે પ્રભુ નામ, ધામ તે ગુણતણાં,
ધારો ચેતનરામ, એહ થિર વાસના;
દેવચંદ્ર જિનચંદ્ર, હૃદય સ્થિર થાય જો,
જિન આણાયુત ભક્તિ, શક્તિ મુજ આપજો. ૭

આ સાતમી કડીમાં ઉપસંહાર કરતાં દેવચંદ્રજી માત્ર બે બાબતો કહે છે. એક તો એ કે પ્રભુનાં જે જે નામ છે તે બધાં જ ગુણનાં ધામ છે. પ્રભુ પોતે તો નિશ્ચયદૃષ્ટિએ વચનાગોચર છે, પણ એમને માટે વપરાતાં વિશેષણો કે નામો તે તેમના એક એક ગુણને પ્રગટ કરે છે. તેથી દેવચંદ્રજી એવાં નામો ચિત્તમાં ધારણ કરવાની સ્થિર વાસના સેવે છે. બીજી અને છેવટની બાબત એક માગણીમાં જ સમાઇ જાય છે. દેવચંદ્રજીની પ્રાર્થના કે વિનંતી એ છે કે પ્રભુ મને ભક્તિની શક્તિ આપે, પણ તેઓ એ ભક્તિતત્વમાં વેવલાપણું કે ગાંડપણ દાખલ ન થાય તેટલા માટે જિનઆજ્ઞાયુક્ત ભક્તિતત્વની માગણી કરે છે. જિનઆજ્ઞાનો આપણે સ્થુળ દૃષ્ટિએ ધારતા હોઇએ તેવો અર્થ અહીં લેવાનો નથી. એમાં તો વેવલાપણું આવી પણ જાય. પણ જિનઆજ્ઞા એટલે નિશ્ચયદૃષ્ટિએ જીવનશુદ્ધિના માર્ગમાં આગળ વધતા સાધકના અંતરમાંથી ઊઠેલો શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગનો અથવા તાત્ત્વિક ધર્મસન્યાસના કે ક્ષપક શ્રેણીના આરોહરણનો નાદ. શ્રીમદ્ રાજચંદ્ર જ્યારે:—

એહ પરમપદપ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં;
ગજા વગરનો હાલ મનોરથ રૂપ જો;
તો પણ નિશ્ચય રાજચન્દ્ર મનને રહ્યો,
પ્રભુ આજ્ઞાએ થાશું તે જ સ્વરૂપ જો. ૧૫

એમ કહે છે ત્યારે તેમને પણ અંતરનો એ જ નાદ પ્રેરી રહ્યો છે એમ ચોકકસપણે દેખાય છે. અને આનન્દઘનના એક પદની છેલ્લી કડીમાંને તેમનો અંતરનાદ તેમની જ વાણીમાં સાંભળીએ.

મર્યા અનંત બાર બિન સમજ્યો,
અબ સુખ દુઃખ બિસરેંગે!
આનન્દઘન નિપટ નિકટ અક્ષર દો,
નહીં સુમરે સો મરેંગે!
અબ હમ અમર ભયે, ન મરેંગે!

(સમાપ્ત) પંડિત સુખલાલજી

હિંસા–અહિંસા

પૂર્વાર્ધ

છેલ્લું વિશ્વયુદ્ધ ચાલતું હતું તે દરમિયાન મને એક વખત દીલ્હી જવાનું બનેલું. તે વખતે ટ્રેનમાં ત્રણ ચાર અંગ્રેજ સૈનિકો સાથે પ્રવાસ કરતા હતા. તેમાંના એક સૈનિક સાથે પરિચય કેળવાતાં તેણે ખ્રીસ્તીધર્મની ચર્ચા કરવા માંડી અને જગતના સર્વ ધર્મોમાં ખ્રીસ્તીધર્મ જ સૌથી શ્રેષ્ઠ છે અને ઇશુ ખ્રીસ્ત જ જગતનો સર્વોત્કૃષ્ટ તારણહાર છે એમ કહીને ખ્રીસ્તી ધર્મ વિષેની પોતાની અપૂર્વ શ્રદ્ધા વ્યક્ત કરી. તેની ખોલી ચાલી તેમ જ સર્વ રીતભાત અત્યન્ત ધર્મશ્રધ્ધાળુ માનવીને શોભે તેવી નમ્ર અને ઇશ્વરભક્તિથી ભરપુર હતી. આવી તેની શ્રધ્ધા અને ભક્તિ જોઇને મેં સહજ પ્રશ્ન કર્યો કે "ખ્રીસ્તી ધર્મમાં તમને આટલી ઉંડી શ્રધ્ધા છે તો પછી તમે માણસ માણસની કતલ કરે એવા આ હિંસક યુધ્ધમાં કેમ ભાગ લઇ શકો છો? વિશ્વબંધુત્વના પાયા ઉપર રચાયલો અને 'Resist not the evil 'અસત્યનો (હિંસા પડે) સામનો ન કરો' એ સિધ્ધાન્ત જેના હાર્દમાં રહેલો છે એવો ખ્રીસ્તી ધર્મ આવી લડાઇને કોઇ કાળે સંમત કરી શકે નહિ.' આ સૈનિક ૨૩–૨૪ વર્ષની ઉમ્મરનો હતો. તેણે ઉપરના મારા આ પ્રશ્નનો જવાબ આપતાં જણાવ્યું કે 'અમારા ખ્રીસ્તી ધર્મ વિષે તમે કહો છો તે બરોબર છે. પણ મારા માટે ધર્મસંકટ ઉભું થયું હતું. હું કોલેજમાં ભણતો હતો અને અભ્યાસ પૂરો થવા આવ્યો હતો. એવામાં આ લડાઇ આવી અને સૈન્યમાં ફરજિયાત જોડાવું પડે એવી પરિસ્થિતિ ઉભી થઇ. મારા દેશની આવી કટોકટીના પ્રસંગે મારાથી અલગ પણ રહી શકાય નહિ. મારે મારાથી બનતો ફાળો આપવો જ જોઇએ. આમ છતાં પણ આ યુધ્ધનું સ્વરૂપ કેવળ હિંસક હતું અને તે સામે મારી ધર્મબુધ્ધિ અંદરથી વિરોધ તો કર્યા જ કરતી હતી. હું દેશ પ્રત્યેની ફરજ સમજીને યુધ્ધમાં જોડાયો તો ખરો, પણ મેં ઇશ્વરને પ્રાર્થના કરી કે 'હે ભગવાન! મારી ફરજ સમજીને આ યુધ્ધમાં તો હું જોડાઉં છું, પણ એક પણ માનવીનું લોહી રેડવું પડે એવી સ્થિતિમાં તું મને ન મૂકતો' અને ઇશ્વરે મારી પ્રાર્થના આજ સુધી તો બરોબર સાંભળી છે અને સીધ્ધી લડાઇ કરવાનું અને ખુનરેજી ચલાવવાનું કામ મળવાને બદલે મને સીધી લડતનું નહિ એવું આડકતરું જ યુધ્ધકાર્ય મળ્યું છે અને યુધ્ધના અંત સુધી ઇશ્વર મને આ રીતે સંભાળી લેશે એવી મારી શ્રધ્ધા છે." ધર્મનિષ્ઠા અને દેશ પ્રત્યેની વફાદારી ઉભય સાચેનું આ સૈનિકે કરેલું મનનું સમાધાન સાંભળીને મને ભારે આશ્ચર્ય થયું તેમ જ આનંદ થયો.

સંયોગવશાત્ જુનાગઢના યુદ્ધ સાથે એક યા બીજા પ્રકારે જોડાયલા અને એમ છતાં અહિંસા વૃત્તિને વરેલા કાઠિયાવાડના કેટલાક રાજકારણી આગેવાનોની આવી જ કોઇ કઢંગી સ્થિતિ હતી. જુનાગઢનો પ્રશ્ન જ કોઇ એવો વિચિત્ર દેખાતો હતો કે જુનાગઢના પાકીસ્તાન સાથેના જોડાણને કોઇ પણ ઉપાયે જેમ બને તેમ જલ્દિથી અને એટલા માટે જ તરવારથી રદબાતલ કર્યા સિવાય છુટકો જ નહોતો. બીજી બાજુએ જે કાર્યકર્તા અહિંસાપરાયણ હોય તે આ કાર્યમાં બે ડગલાં પણ આગળ કેમ ચાલી શકે? આવા કાર્યકર્તાઓએ એવું સમાધાન ચિન્તવ્યું હતું કે આવા અનિવાર્ય યુદ્ધમાં આપણે સીધા યુદ્ધસંચાલનમાં ન પડવું પણ વાટાઘાટ, રાહત કાર્ય, જીતાયલા પ્રદેશોની વ્યવસ્થા અને પ્રજાનું રક્ષણ, આવાં કાર્યો પુરતો આપણી શક્તિનો બને તેટલો લાભ આપવો. આમ છતાં પણ યુધ્ધનું તત્કાલીન વિકસતુ જતું હિંસક સ્વરૂપ અહિંસાપ્રિય માનસને ખુંચ્યા વિના તો ન જ રહે. પણ ઇશ્વરની–વિધાતાની–એવી કોઇ કૃપા કે ઉગામેલાં શસ્ત્રો કોઇની સામે લગભગ વપરાયા જ નહિ એવી સ્થિતિમાં જુનાગઢ શરણે આવ્યું, અને આ

મુંઝવણ ગડમથલ, માનસિક અથડામણનો અણધારી ટુંક મુદ્દતમાં અન્ત આવ્યો. આમ અહિંસાવાદીઓની આકરી કસોટી થાય એવી કોઇ યુધ્ધકક્ષા જ ઉભી થવા ન પામી. કાઠિયાવાડના કેટલાક આગેવાન કાર્યકર્તાઓની આવી મુંઝવણ, તેમાંથી વાસ્તવિકતાની ઉત્કટતા લક્ષ્યમાં લઇને તેમણે અહિંસાના સિદ્ધાન્ત સાથે કરેલી બાંધછોડ અને શેધેલો મધ્યમ માર્ગ અને સરવાળે આખા પ્રકરણનો આવો સુખદ અન્ત–આ બધું લક્ષ્ય ઉપર આવતાં પેલા સૈનિક સાથેનો વાર્તાલાપ મને યાદ આવ્યો અને આ કાર્યકર્તાઓ પણ સર્વ કોઇ ઘટનાના નિર્માતા પ્રત્યે આવી જ કૃતજ્ઞતા ચિન્તવતા હશે એમ મને થઇ આવ્યું.

ઉત્તરાર્ધ

આ તો જુનાગઢને સર કરવાને લગતું યુધ્ધ ચાલતું હતું તે દરમિયાનની પરિસ્થિતિની હિંસા–અહિંસાના દૃષ્ટિકોણથી આપણે થોડીક ચર્ચા કરી. પણ આજની યુદ્ધોત્તર પરિસ્થિતિ પણ આ જ દૃષ્ટિકોણથી અમુક વિચારણા માંગી લે છે. જુનાગઢના ઉપરકોટ ઉપર ત્રિરંગી વાવટો ચઢયા બાદ આરઝી હકુમતનું પ્રધાન મંડળ, લોકસેનાના સેનાપતિ અને થોડાંક સૈનિકો અને આ આખી હીલચાલ સાથે સંબંધ ધરાવતા કેટલાક આગેવાન કાર્યકર્તાઓ મુંબઇમાં આવી ગયા. મુંબઇની જનતાએ ચોપાટીના સમુદ્ર કીનારા ઉપર એક વિરાટ સભા યોજીને તેમનું ભવ્ય સન્માન કર્યું. આ ઉપરાન્ત બીજાં પણ કેટલાંયે નાના મોટાં સન્માનસમેલનો યોજાયાં. લોકોના દિલમાં ઉત્સાહ સમાતો નહોતો. કાઠિયાવાડના પ્રજાજનોનો આ અણકલ્પ્યો વિજય હતો. અને એ વિજય એટલો બધો ત્વરિત અને એટલા બધા ઓછા બલિદાનથી પ્રાપ્ત થયેલો હતો કે લોકોને મન આ એક ભારે ચમત્કાર હતો. આ સન્માનસમારંભો દરમિયાન ભાષણો, વ્યાખ્યાનો, વિવેચનો, ઉત્તરો અને પ્રત્યુત્તરો–આ સર્વનો તો ધોધમાર વરસાદ વરસ્યો હતો. કોઇ કહે કે આ સર્વ વિજયનો યશ આરઝી હકુમતના પ્રધાનમંડળને જ જાય છે; કોઇ કહે કે આ વિજય લોકસેનાના સેનાપતિ શ્રી. રતુભાઇ અદાણી અને તેમના ૮૬ સૈનિકોની બહાદુરી અને લડાયક કુશળતાનું જ પરિણામ છે; કોઇ કહે કે અહિંસાની બાયલી અને નિર્માલ્ય વાતોમાંથી છુટીને હિંસાનો વીરતાભર્યો માર્ગ આપણે સ્વીકાર્યો એટલે જ આપણે જુનાગઢની નવાબીને શરણાધીન બનાવી શકયા. એક સ્થળે એવા પણ ઉદ્‌ગાર સાંભળ્યા કે "જુનાગઢની જીત એટલે હિંસાની ખોલબાળા ! આજે તો પારપકવ હિંસક યોજના વડે જ આપણે આગળ વધવાનું છે. આજના સંયોગોમાં અહિંસાની વાત કરવી એ એક મોટો દેશદ્રોહ છે." આ બધું સાંભળતા મને એમ લાગે છે કે જુનાગઢની અણધારી જીતના પરિણામે આપણામાંના કેટલાક મગજની સમતુલા અને હિંસા અહિંસાનો વિવેક ગુમાવી રહ્યા છે અને એ રીતે આખા કાઠિયાવાડ માટે એક મોટું ભયસ્થાન ઉભું થઇ રહ્યું છે. અલબત્ત આરઝી હકુમતના પંત પ્રધાન શ્રી. સામળદાસ ગાંધીએ દરેક સ્થળે પુરી સ્પષ્ટતાથી અને ખરા દિલની નમ્રતાપૂર્વક જણાવ્યું હતું કે "કાઠિયાવાડના ઇતિહાસમાં આવી અપૂર્વ ઘટનાનું નિર્માણ–એ કોઇ માનવીની બુદ્ધિચાતુરિ કે યુદ્ધકુશળતાનું પરિણામ છે જ નહિ. ઇશ્વરની એવી ઇચ્છા હતી કે નવાબીનું તંત્ર ખતમ થવું જ જોઇએ, જુનાગઢની પ્રજાનો ઉદ્ધાર થવો જ જોઇએ. અને તેથી ન ધારીએ તેવા અણધાર્યા અનેક અનુકુળ સંયોગો ઉભા થઇ ગયા અને સામે પક્ષે શસ્ત્રસામગ્રીના ભરપુર ભંડારો હોવા છતાં દુશ્મનનાં ગાત્ર ગળી ગયાં અને જુનાગઢનો દરવાજો આમારા માટે ખુલ્લો થઇ ગયો અને અમારી ટેક જળવાઇ રહી ઇશ્વરે અમને નિમિત્ત બનાવ્યા, સૈનિકોને નિમિત્ત બનાવ્યા તેમ જ બીજા કેટલાંક પ્રચ્છન્ન બળોને પણ નિમિત્ત બનાવ્યા. પણ કોઇ પણ એક વ્યકિત કે એક વર્ગ જો એમ કહે કે આ મારાથી કે અમારાથી જ થયું છે તો એ કેવળ અજ્ઞાન છે, એ કેવળ શેખી છે.' આ વિચાર અને વલણમાં રહેલું તથ્ય અને પ્રમાણબુદ્ધિ આપણે ધ્યાનમાં રાખીએ તો આપણો માર્ગ સુરક્ષિત અને સહીસલામત છે. પણ આ પ્રમાણબુદ્ધિ આપણે ગુમાવી બેસીએ અને આગળ ચાલીએ તો આપણો માર્ગ અત્યન્ત કાંટાળો અને અનેક ભયસ્થાનોથી ભરેલો બનવાનો છે. જુનાગઢની લડતનો પાયો અવશ્ય હિંસક પધ્ધતિ ઉપર રચાયલો હતો અને તેનું કારણ તો એ હતું કે કોઇ પણ અહિંસક પધ્ધતિ કારગત થવા માટે સાધારણ રીતે થોડા સમયનો વિલંબ માગી લે છે. તેટલો સમય જુનાગઢના કીસ્સામાં જવા દેવો આપણને પરવડે એમ નહોતું. જુનાગઢ તત્કાળ શસ્ત્રક્રિયા માંગી રહ્યું હતું અને કોઇ પણ પ્રકારનો વિલંબ કેટલીયે જોખમી શકયતાઓથી ભરેલો હતો. આ જ કારણે હિંસાવાદી–અહિંસાવાદી સૌ કોઇએ આ લડતમાં એકસરખો સાથ આપ્યો હતો. પણ જુનાગઢ જીતાયા બાદ બાકી રહેલી રાજકારણી પરિસ્થિતિનો ઉકેલ લાવવા માટે સશસ્ત્ર પ્રતિકારના માર્ગ જવાની લેશ પણ જરૂર નથી, એટલું જ નહિ પણ જુનાગઢની રીતે બીજું સર કરવા જઇશું તો આપણે આપણા કાઠિયાવાડમાં અનેક અનર્થો ઉભા કરીશું અને અનવસ્થાનું જોખમ નોતરીશું એ આપણે બરોબર સમજી લેવાની જરૂર છે. વસ્તુતઃ જુનાગઢની જીત પણ કેવળ હિંસાત્મક યોજનાને જ આભારી છે એમ કહેવું–એ એક મોટી અત્યુકિત છે. કારણ કે જેને હિંસક યુધ્ધ અને ખુનખાર લડાઇ કહેવામાં આવે છે એવો એક પણ બનાવ બન્યો નથી. પણ નાની સરખી હિંસાનો સ્વાદ અને 'રાજકારણી બાબતો તો આજ રીતે સિદ્ધ થાય' એવો કંઇ કાળનો પૂર્વગ્રહ કોઇ પણ સ્થળે રાજકારણી સમસ્યા ઉભી થઇ કે 'ઉપાડો તરવાર અને ચલાવો બંદુક અને જે આડે આવે તેને ઉડાવી દો.' એ વૃત્તિ તરફ આપણને એટલે કે આપણી પ્રજાને ધસડી જાય એવું આજે આપણા કાઠિયાવાડમાં જોખમ ઉભું થતું દેખાય છે. આ સામે લાલબત્તી ધરવી એ આ ચર્ચાનો આશય છે. કાઠિયાવાડના અન્ય કોઇ રાજ્યની રાજકારણી સમસ્યા જુનાગઢ જેવી છે જ નહિ. એ દરેક રાજ્યમાં લોકમતનો વેગવાન પ્રવાહ અત્યન્ત અનુકુળ આબોહવા પેદા કરી રહેલ છે અને સત્તાધીશોની મનોદશામાં ભારે પલટો લાવી રહેલ છે. જે સત્તાધીશો સમયને ન ઓળખે તે સત્તાધીશોને સવિનયભંગ, અસહકાર, નાકરની લડત–આવા અહિંસક અથવા તો નિઃશસ્ત્ર–પ્રતિકારાત્મક ઉપાયો વડે નમાવવી એ આજે બહુ સહેલું કાર્ય છે અને જનતાને જાગૃત કરવા માટે તેમ જ તેનાં વિચાર વળણોને યોગ્ય મર્યાદામાં વહેતા કરવા માટે પણ આ જ સાચો ઉપાય છે એ આપણે કદિ ન ભુલીએ. અલબત્ત જ્યારે આપણું આખું જીવન કોઇ ને કોઇ પ્રકારની નાની મોટી હિંસા ઉપર જ નિર્ભર બનેલું છે ત્યારે આપણા સમુહજીવનમાંથી કે રાજકારણી વ્યુહમાંથી સશસ્ત્ર પ્રતિકારનો આપણે હંમેશાને માટે છેદ ઉડાડી શકીશું એમ હું માનતો નથી, પણ હિંસક પધ્ધતિ અને સાધનોનો ઉપયોગ કોઇ પણ સંયોગોમાં–જ્યારે બીજા કોઇ પણ ઉપાયો કે યોજનાઓ કારગત નીવડવાની આશા ન રહે ત્યારે જ સૌથી છેલ્લો રહે અને કદિ પણ સૌથી પહેલો ન બને. આ સુવર્ણ નિયમની આપણે આપણા વ્યકિતગત કે સમુહગત, સામાજિક કે રાજકારણી કોઇ પણ પ્રકારના જીવનમાં ઉપેક્ષા ન કરીએ. એમ કરીશું અને એમ વર્તીશું તો જ આપણે આપણી જાતનું, આપણા દેશનું અને આપણી સંસ્કૃતિનું રક્ષણ કરી શકીશું, તો જ ભગવાન મહાવીર, બુધ્ધ અને ગાંધીજીના વારસદાર તરીકેની આપણી યોગ્યતા પુરવાર કરી શકીશું, તો જ આજે ચોતરફથી જોખમાતી જતી માનવતાની સભ્યતાનું આપણે જતન કરી શકીશું અને અનેક સન્ત મહન્ત અને સાધુજનોની તપશ્ચર્યાને ધુળમાં મળી જતી અટકાવી શકીશું.

પરમાનંદ

જુનાગઢની આરઝી સરકાર
અભિનંદન સભા

તા. ૨૬–૧૧–૪૭ ના રોજ શ્રી મુંબઇ જૈન યુવક સંઘના આશ્રય નીચે મુંબઇના જૈન સમાજ તરફથી જુનાગઢની આરઝી સરકારના સરનશીન શ્રી સામળદાસ ગાંધી તથા અન્ય સભ્યોને અભિનન્દન આપવા માટે એક જાહેર સભા ભરવામાં આવી હતી. શ્રી મોતીચંદ ગીરધરલાલ કાપડીઆએ આ સભાનું પ્રમુખસ્થાન લીધું હતું. આ સભામાં જૈન સમાજના ત્રણે ફીરકાના આગેવાન ગૃહસ્થાએ સારા પ્રમાણમાં હાજરી આપી હતી. શ્રી. રતિલાલ ચીમનલાલ કોઠારીએ સભાના નિયત પ્રમુખને સભાનું કામકાજ શરૂ કરવા યોગ્ય શબ્દોમાં વિજ્ઞપ્તિ કરી હતી. ત્યાર બાદ શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ, શ્રી પરમાનંદ કુંવરજી કાપડીઆ, શ્રી લીલાવતી દેવીદાસ, શ્રી ચંદુલાલ વર્ધમાન શાહ, શ્રી અમૃતલાલ કાલીદાસ, શ્રી મણિલાલ જેમલ શેઠ તથા શ્રી દીપચંદ શાહે પ્રસંગોચિત વિવેચન કર્યાં હતાં. સભાના પ્રમુખે આ સર્વ વિવેચનોનો ઉપસંહાર કર્યો હતો અને આરઝી હકુમતના સરનશીન તથા અન્ય સભ્યોનું પુષ્પહારથી સન્માન કર્યું હતું. ત્યાર બાદ શ્રી સામળદાસ ગાંધીએ ઉત્તર આપતાં આવો સન્માનસમારંભ ગોઠવવા માટે જૈન સમાજનો આભાર માન્યો હતો અને જુનાગઢની લડતનું સ્વરૂપ, તેનાં નજીક દૂરનાં ભવ્ય પરિણામો, તે લડત સફળ કરવામાં જુદા જુદા તત્ત્વોએ આપેલો ફાળો, હવે પછીનું આપણું કાર્ય–વગેરે અનેક બાબતોનો વિગતવાર ઉલ્લેખ કર્યો હતો અને અડધી કલાક સુધી પોતાની અસ્ખલિત વાણી વડે આખી સભાને મંત્રમુગ્ધ બનાવી દીધી હતી. તેમની પાછળ આરઝી હકુમતના અન્ય સભ્ય શ્રી દુર્લભજી ખેતાણીએ પણ પ્રસંગોચિત વિવેચન કર્યું હતું અને સભાજનોનો ઉપકાર માન્યો હતો. ત્યાર બાદ શ્રી તારાચંદ કોઠારીએ આરઝીહકુમતના સભ્યોનો પ્રમુખસાહેબનો તથા કશું પણ ભાડું લીધા સિવાન હોલ વાપરવા આપવા માટે માધવબાગના ટ્રસ્ટીઓનો આભાર માન્યો હતો અને વન્દે માતરમ્‌ના સમુહગાન સાથે સભા વિસર્જન કરવામાં આવી હતી.

ડાહ્યાભાઇ બાલાભાઇ કોરા નિબંધમાળા
હરીફાઇનું પરિણામ.

'આધુનિક સમયને અનુલક્ષીને જૈન ધર્મ' અને સમાજ (ચતુર્વિધ સંઘ) નો ઉત્કર્ષ કેમ થાય' એ વિષય ઉપર જે નિબંધ–હરીફાઇ યોજવામાં આવી હતી તે હરિફાઇમાં નીચે જણાવેલ ૨૪ વ્યક્તિઓએ નિબંધ મોકલ્યા હતા.

૧	શ્રી. નાથાલાલ ડી. શાહ	વીસનગર
૨	,, રમણીકલાલ મોતીલાલ શાહ	પાદરા
૩	,, મદનલાલ જૈન	રાવળપીંડી
૪	,, રતિલાલ છગનલાલ શાહ	નવસારી
૫	ડૉ. મહાસુખલાલ વલ્લભદાસ મહેતા	મોરબી
૬	શ્રી ચંદુલાલ સા. દોશી	અમદાવાદ
૭	સૌ. શારદાબહેન ડી શાહ.	કચ્છ–લખપત
૮	શ્રી ધન્યકુમાર જૈન	ઇન્દોર
૯	,, તલકચંદ એમ. મહેતા	કલકત્તા
૧૦	,, લક્ષ્મીચંદ જૈન	ખાતેગાંવ (ઇન્દોર રાજ્ય)
૧૧	,, ન્યાલચંદ લક્ષ્મીચંદ વકીલ,	ભાવનગર
૧૨	,, શાન્તિલાલ કે. બાવીશી	જેતપુર
૧૩	,, વેણીલાલ પોપટલાલ શેઠ	પાલીતાણા
૧૪	,, ગુલાબચંદ જૈન	સાગર (સી. પી.)
૧૫	,, દિનેશચંદ્ર નગીનદાસ ઝરીવાળા	મુંબઇ
૧૬	,, પદ્મનાભ શ્રીવર્મા જૈન	અમદાવાદ
૧૭	,, ધરમશી રસિકલાલ હંસરાજ	મુંબઇ
૧૮	,, સુમનલાલ પ્રેમચંદ શાહ	અમદાવાદ
૧૯	,, શાન્તિકુમાર અમૃતલાલ શેઠ	,,
૨૦	,, રતિલાલ મફાભાઇ શાહ	ગાંડલ
૨૧	,, દેવેન્દ્રકુમાર	બનારસ
૨૨	,, રમણીકલાલ ઝવેરચંદ શાહ	મુંબઇ
૨૩	,, કનૈયાલાલ દુર્લભદાસ ભણશાલી	પાલણપુર
૨૪	,, મગનલાલ હલીચંદ શાહ	રાજકોટ

આ ૨૪ નિબંધોમાં ૧૮ નિબંધો ગુજરાતી ભાષામાં હતા; ૬ હિંદી ભાષામાં લખાયલા હતા. શ્રી. રતિલાલ મફાભાઇ શાહે મુખ્ય નિબંધ લંબાણથી લખી મોકલ્યો હતો. અને સાથે સાથે તે ઉપરથી એક સંક્ષિપ્ત નોંધ પણ મોકલી આપી હતી. આ બધા લેખોમાં એક બહેનનો પણ લેખ હતો. આ નિબંધોમાંના ઘણા ખરા નિબંધો લેખક પોતે જે સંપ્રદાયનો હોય તે સંપ્રદાયને પ્રધાનપણે લક્ષ્યમાં રાખીને લખાયલા હોઇને જે વ્યાપક અને સર્વગ્રાહી દૃષ્ટિની આવા નિબંધોમાં અપેક્ષા રાખવામાં આવી હતી તે અપેક્ષાને બહુ જ ઓછા લેખો પુરી પાડતા હતા એમ અમારે સખેદ જણાવવું પડે છે. આ હરીફાઇમાં ભાગ લેનારા બાર બહેનોની યાદી જેનાં પ્રેરતુત હરીફાઇએ જૈન સમાજમાં સારો રસ અને આકર્ષણ ઉભું કર્યું હોય એમ લાગે છે. સર્વ લેખોમાં અમે સૌથી પ્રથમ સ્થાન શ્રી. પદ્મનાભ જૈનના નિબંધને આપીએ છીએ. આ લેખ હિંદી ભાષામાં લખાયેલો છે. આ લેખની પાછળ અભ્યાસ અને વ્યાપક તેમ જ વિશાળ દર્શન માલુમ પડે છે. બીજું સ્થાન માંડલવાળા શ્રી. રતિલાલ મફાભાઇ શાહને અમો આપીએ છીએ. આ લેખકની ગુજરાત ભાષા મીઠી છે, પુર્વગ્રહોથી બને તેટલા મુકત બનીને સમાજના પ્રશ્નો વિચારવાનો તેમનો પ્રયત્ન સ્તુત્ય છે. તેમણે નિબંધ તૈયાર કરવા પાછળ સારા પ્રમાણમાં મહેનત લીધી હોય એમ લાગે છે. આ અમારા અભિપ્રાયને ધ્યાનમાં લઇને મૂળ યોજના અનુસાર રૂા. ૨૫૦ નું પહેલું ઇનામ શ્રી. પદ્મનાભ જૈનને અને રૂા. ૧૫૦ નું બીજું ઇનામ શ્રી. રતિલાલ મફાભાઇ શાહને આપવા અમો સર્વ એકમતે ભલામણ કરીએ છીએ.

(પંડિત) સુખલાલ કાશી
શાન્તિલાલ હરજીવન શાહ
ચીમનલાલ ચકુભાઈ શાહ
તા. ૩૦–૧૧–૪૭ પરમાનંદ કુંવરજી કાપડીઆ

સંકુચિતતાથી હમેશાં દુર રહો !

કોઇ પણ દૃષ્ટિએ જોઇએ. સંકુચિતતામાંથી મંગળ નીપજતું નથી. જીવનના આદર્શને સંકુચિત બનાવવાથી કદી પ્રજાની ઉન્નતિ થવાની નથી, ઉદારતા વગર કદી મહત્ત્વ સ્ફુરવાનું નથી. મુખ ઉપર જે એક પ્રકારનું તેજ ઝળકે છે, હૃદયમાં જે એક પ્રકારની પ્રતિભા વિકસે છે, સમગ્ર જીવન સંસારના રંગો વચ્ચે અટળ અને અચળ બનીને જે ઉંચે માથે ઉભું રહે છે તે કેવળ એક વિપુલ ઉદારતાને જ જોરે. સંકુચિતતાનો આશરો લેતાં જ રોગથી જીર્ણ, શોકથી શીર્ણ, ભયથી ભીત, દાસત્વથી નતશિર, તથા અપમાનથી લાચાર બનીને રહેવું પડે છે. આંખ ઉંચકીને જોઇ શકાતું નથી, મોંમાંથી શબ્દો નીકળતા નથી, કાપુરૂષતાના બધાં લક્ષણો પ્રગટ થાય છે. પછી મિથ્યાચરણ, કપટ, ખુશામત એ જ જીવનની મુડી થઇ પડે છે. અસામાન્ય પ્રતિભાસંપન્ન વ્યક્તિઓ કાપુરૂષતાના આશ્રયસ્થાનરૂપ એ હીન મિથ્યાને જોરપૂર્વક સમૂળ ઉખેડી નાંખવાને બદલે જો છૂપી રીતે તેનાં બીજ વાવે તો સમાજનું ઘોરતર અમંગળ થવાની આશંકાથી નિરાશ થઇ જવાનો વારો આવે. જેને જે કહેવું હોય તે કહે. પરમ સત્યવાદી કહીને આપણો ઉપહાસ કરે, સેન્ટિમેન્ટલ (લાગણીપ્રધાન) કહીને આપણી અવજ્ઞા કરે, અથવા શ્રીકૃષ્ણની આણ દે, તો પણ એ મિથ્યાને આપણે કદી પણ ઘરમાં રહેવા દેવાના નથી. એને આપણે નદીમાં નાખી આવીશું. સગવડ મળતી હોય, સ્વાર્થ સધાતો હોય તો યે આપણે જુઠું નહિ બોલીએ, મિથ્યાચરણ નહિ કરીએ, સત્યનો ઢોંગ નહિ કરીએ, આત્મવંચના નહિ કરીએ–સત્યને આધારે મહત્ત્વને શિખરે પહોંચીને સરળ ભાવે ઉભા રહીને ભલે વાવાઝોડાં વેઠીશું, પણ મિથ્યાથી સંકુચિત થઇને સગવડની બખોલમાં પેસીને નિરાપદ સુખ ભોગવવાની લાલચે આત્માની ઘોર નહિ ખોદીએ.

(ઇ. સ. ૧૮૮૪ માં લખાયેલા એક લેખમાંથી ઉધ્ધૃત.)

રવીન્દ્રનાથ ટાગોર

કપોળ કોમનાં બે માનવરત્નો

શ્રી કપોળ યુવક મંડળનું મુખપત્ર "કપોળ અને કપોળ મિત્ર" આજે પચ્ચીસ વર્ષ પુરાં કરે છે. તેના પ્રસ્તુત રજત જયંતિ અંક માટે મારે કાંઇક લખવું એ મુજબ મારા માન્યવર મિત્ર શ્રી ખુશાલદાસભાઇ કેટલાક સમયથી મને આગ્રહ કરી રહ્યા છે. 'કપોળ-મિત્ર' માટે હું શું લખું એનો વિચાર કરતાં કરતાં કપોળ કોમે જે બે અગ્રગણ્ય લોકસેવકો પેદા કર્યા છે, જેમાંના એકનું અસ્તિત્વ આજે ભૂતકાળમાં કંઇક વર્ષોથી વિસર્જિત થયું છે અને જેમાંના એક આજે વિદ્યમાન છે, તે ઉભયનું "કપોળમિત્ર"ના વાંચકોને પુનઃ સ્મરણ કરાવું તો સ્થાને લેખાશે એમ મને લાગ્યું અને એ વિચાર-માંથી આ લેખનો જન્મ થયો છે.

પહેલાં તો જાણીતા સમાજસુધારક સ્વર્ગસ્થ કરસનદાસ મુળજી. તેમનો જન્મ ઇ. સ. ૧૮૩૨ની જુલાઇ માસની ૨૫ મી તારીખે થયો અને ૩૯મા વર્ષ દરમિઆન ઇ. સ. ૧૮૭૧ ના ઓગસ્ટ માસની ૨૮ મી તારીખે તેમનું અકાળે અવસાન થયું. આ ૩૮ વર્ષની ટુંકી મુદત દરમિયાન સમાજસુધારણાનું તેમણે જે ભગીરથ કાર્ય કર્યું છે તેની જોડી સમાજસુધારણાના ઇતિહાસમાં જલ્દિથી મળવી મુશ્કેલ છે. તેમની માતા સાત વર્ષની ઉમ્મરે તેમને છોડીને ચાલી ગયેલાં. ત્યારબાદ તેમના પિતાએ બીજું લગ્ન કર્યું. એટલે કરસનદાસ પિતાની છત્રછાયા છોડી, પોતાના કાકીને ત્યાં રહ્યા અને મોટા થયા. તેમનું ભણતર આજના અંગ્રેજી મેટ્રીકથી બહુ વધારે નહોતું. ૨૧ વર્ષની ઉમ્મરે તેમના જીવન ઉપર ગંભીર અસર કરતી એક ઘટના બની. તે વખતની 'જ્ઞાન પ્રચારક મંડળી' નામની એક સંસ્થાના સભ્ય શ્રી. ઓદલજી પ્રશીઆએ વિધવાવિવાહ ઉપર ઇનામી નિબંધની હરિફાઇની જાહેરાત કરી, અને સૌથી શ્રેષ્ઠ નિબંધ લખનારને રૂ. ૧૫૦નું ઇનામ આપવાનું તે જાહેરાતમાં જણાવવામાં આવ્યું. કરસનદાસ નાનપણથી જ સમાજસુધારણા વિષે ઉદ્દામ વિચારો ધરાવતા હતા. તેમણે આ હરીફાઇમાં ઉતરવાનો વિચાર કર્યો અને નિબંધ લખવા માંડયો. તેમનું અનન્ય આશ્રયસ્થાન તેમનાં કાકી તાજેતરમાં જ વિધવા થયાં હતાં. તેમને આ બાબતની ખબર પડી અને જાણે કે દુધ પાઇને પોતે સાપ ઉછેરતા ન હોય એવો તેમના દિલ ઉપર આથી આઘાત થયો અને કરસનદાસને પોતાના ઘરમાંથી ચાલી નીકળવા તેમણે આજ્ઞા કરી. આમ ૨૧ વર્ષની ઉમ્મરે તેમને કેવળ પોતાના જ પગ ઉપર ઉભા રહેવાની ફરજ પડી. પિતાના ઘેર તો તેઓ જાય તેમ હતું જ નહિ. પરિણામે તેમને અભ્યાસ છોડવો પડયો અને જીવનનિર્વાહ માટે તેમને આમ તેમ ફાંફા મારવા પડયાં. થોડા સમયમાં તે વખતે માંડવી ઉપર ચાલતી ગોકલદાસ તેજપાલ સ્કુલના હેડમાસ્તરની રૂ. ૩૫ ના માસિક પગારની તેમને નોકરી મળી અને જીવનમાં કાંઇ સ્થિરતા આવી. તેમનું પ્રથમ લગ્ન ઇ. સ. ૧૮૪૮ માં થયેલું. તે બાઇ ૧૮૫૨ માં ગુજરી ગએલાં. ત્યારબાદ તેમનું બીજું લગ્ન ૧૮૫૭ માં થયું. તે બાઇ ૭ મહીનામાં ગુજરી ગયાં. ત્યારબાદ તરતમાં જ તેમણે ત્રીજું લગ્ન કરેલું જેથી તેમને ચાર પુત્ર અને એક પુત્રી થયેલાં. ઉપર જણાવ્યા મુજબ જીવનનિર્વાહ માટે એક યા બીજી નોકરી કરતાં કરતાં તેમણે જાહેર જીવનમાં ઝંપલાવ્યું. તે વખતના જાણીતા સામયિકોમાં તત્કાલીન સામાજિક પ્રશ્નો વિષે ઉદ્દામ લેખો લખવાનું તેમણે શરૂ કર્યું અને પ્રચલિત અનિષ્ટ રૂઢિઓ, વહેમો અને ધર્મના નામે ચાલતા અત્યાચારો સામે તેમણે જેહાદ શરૂ કરી. સમાન્તરે તેમણે પોતે જ 'સત્ય પ્રકાશ' નામનું એક પત્ર શરૂ કર્યું અને આ પત્રમાં મુખ્યત્વે કરીને તે વખતના વૈષ્ણવ ગોસાંઇ-ઓના વ્યભિચાર, પાખંડ અને અનીતિમય આચાર સામે એક પછી એક લેખોનો તેમણે વરસાદ વરસાવવા માંડયો. ગોસાંઇઓની જમાત અને તેમના અંધ અનુયાયીઓ આથી ખળભળી ઉઠયા. તે દરમિયાન 'ચાબુક' નામના પત્રના અધિપતિએ પોતાની સામે મંડાયલા બદનક્ષી કેસમાં અમુક ગોસાંઇ મહારાજો ઉપર કોર્ટમાં હાજર રહેવાના સમન્સની બજાવણી કરી. ગોસાંઇ મહારાજ સરકારી કોર્ટમાં જાય તે કેમ બને? આ બાબતમાં મહારાજના અનુયાયી-ઓએ સભા ભરી અને મહારાજની વિરૂદ્ધ કોઇએ કશું લખવું નહિ અને કોર્ટમાં કોઇએ તેમની વિરૂદ્ધ કાંઇ જુબાની આપવી નહિ અને એવી રીતે કોઇ લખે કે જુબાની આપે તેને નાતબહાર-સંપ્રદાય બહાર-કરવો એવો ઠરાવ કર્યો. મહારાજને સરકારી કોર્ટમાં હાજર થવાની ફરજ ન પાડવામાં આવે તેવી સરકાર ઉપર મોકલ-વાની એક અરજી તૈયાર કરવામાં આવી અને તેમાં વૈષ્ણવ અનુ-યાયીઓની બળજબરીથી સહીઓ લેવામાં આવી. કરસનદાસે આની સામે પોકાર ઉઠાવ્યો, અને આ અરજીને 'ગુલામી ખત' તરીકે જાહેર કર્યું. આખો વૈષ્ણવ સમાજ કરસનદાસ ઉપર ધુંવાકૂંવા થઇ રહ્યો, પણ તેમને નાત બહાર કે સંપ્રદાય બહાર કરવાની કોઇ હીંમત કરી ન શકયું.

કરસનદાસની વૈષ્ણવ મહારાજો સામેની જેહાદ ચાલુ રહી. તે મહારાજોની જમાતના મુખ્ય પ્રતિનિધિ શ્રી. જદુનાથજી મહારાજ રણક્ષેત્રમાં આવી ચઢયા અને 'સ્વધર્મવર્ધક અને સંશયછેદક' નામનું છાપું' તેમણે પણ શરૂ કર્યું. એક બાજુ સત્ય પ્રકાશમાં ગોસાંઇ મહારાજો ઉપર હુમલાઓ ચાલ્યા કરે અને તેમનાં ચારિત્ર્ય – પોકળો પ્રગટ થયાં કરે; બીજી બાજુએ 'સ્વધર્મવર્ધક અને સંશયછેદક' માં તેના જવાબો આપવામાં આવે અને સાથે સાથે સમાજસુધારકો ઉપર ગાળોના વરસાદ વરસાવવામાં આવે. આ વાણીયુદ્ધ ચાલ્યા કરતું હતું એવામાં જદુનાથજી મહારાજને તેમના કમનસીબે કોઇએ સલાહ આપી કે સત્ય પ્રકાશમાં પ્રગટ થયેલા અમુક લેખોને અંગે પોતાની બદનક્ષી થયાની મુંબઇની હાઇકોર્ટમાં તેમણે ફરિયાદ નોંધાવવી અને રૂા. ૫૦૦૦૦ ની નુકશાનીની માંગણી કરવી. આ દાવો શરૂ થયો એ દરમિયાન મુંબઇની ભાટિયા કોમ કે જેમની ઉપર વૈષ્ણવ મહારાજોનું અનન્ય અને અબોડ વર્ચસ્વ હતું તે કોમના આગેવાનોએ સભા બોલાવી અને કોઇ ભાટિયાએ મહારાજની વિરૂદ્ધ જુબાની આપવી નહિ અને જે કોઇ એમ કરશે તેની જ્ઞાતિના ધારા ધોરણ અનુસાર સખત ખબર લેવામાં આવશે એવો ઠરાવ કર્યો. આ ઠરાવનો હેતુ કોર્ટમાં ચાલતા કેસમાં મળનાર ન્યા-યમાં અન્તરાય નાંખનાર હોઇને એ ઠરાવ ગેરકાયદેસર હતો. અને તેથી ભાટિઆ કોમના આગેવાનો ઉપર કરસનદાસે પોતાને ન્યાય મળવામાં અટકાયત કરનારૂં કાવતરૂં ઉભું કરવાનો આરોપ મુકી ફોજદારી કેસ કર્યો. આ કેસના પહેલા જ દિવસે કરસનદાસ ઉપર ભાટિઆ કોમના કેટલાક ઉશ્કેરાયલા માણસોએ ભયંકર હુમલો કરેલો, પણ પોલીસની એકાએક મદદ આવી પહોંચવાથી તેઓ બચી શકયા. આ ફોજદારી કેસમાં તેઓ જીત્યા અને આરોપીઓને જુદી જુદી રકમનો દંડ થયો. આ ઘટનાથી આખી કોમ ઉપર કરશનદાસની મજબુત ધાક બેસી ગઇ અને તેમને પોતાની સામેના બદનક્ષી કેસમાં જરૂરી સાક્ષીઓ મળવામાં ભારે સરળતા થઇ ગઇ.

૧૮૬૨ના જાન્યુઆરી માસની ૨૬મી તારીખે ન્યાયમૂર્ત સર જોસફ આર્નોલ્ડની કોર્ટમાં આ સુવિખ્યાત 'મહારાજ લાઇબલ કેસ'ની શરૂઆત થઇ. અને પુરા ચાલીશ દિવસ એ કેસ ચાલ્યો. બન્ને બાજુએ ત્રીશ ત્રીશ સાક્ષીઓએ જુબાની આપી. કરસનદાસની તેમજ જદુનાથ મહારાજની લાંબી ઉલટ પાલટ તપાસ થઇ અને આખરે કરસનદાસની જીત થઇ અને ખરચ સાથે તેમની સામેનો કેસ કોર્ટે રદ કર્યો. આ ૨૪ દિવસ ચાલેલા કેસમાં એક બાજુ

કરસનદાસ અને એક બાજુ જદુનાથ મહારાજ હતા, એક બાજુએ નાનકડો સમાજસુધારક વર્ગ અને બીજી બાજુએ વિરાટ વૈષ્ણવ સંપ્રદાય હતો. ઉભય વચ્ચેનું આ તુમુલ યુદ્ધ ૧૮ દિવસના મહાભારતના યુદ્ધ કરતાં જરાયે ઉતરતું ન હતું. આ કેસ લડતી વખતે કરસનદાસની ઉમ્મર ત્રીશ વર્ષની હતી. તેમણે અધર્મ અને પાખંડનું ઉચ્છેદન કરવા અને સત્ય ધર્મનું સંસ્થાપન કરવા જીવ સટોસટના ખેલમોથી ભરેલું બંડ ઉઠાવ્યું હતું. અને તેમને મળેલો વિજય એ સત્યનો વિજય હતો, ધર્મનો વિજય હતો.

આ મહાભારત કાર્ય ઉપરાંત આજે પ્રમાણમાં જે કશા પણ મહત્ત્વનું લાગતું નથી તેવા-તત્કાલીન સ્થિતિચુસ્ત વર્ગના-પરદેશ ગમનવિરોધ સામે પણ તેમણે ખુબ લડત ચલાવી હતી અને દાખલો બેસાડવા ખાતર તેઓ પોતે વ્યાપારાર્થે બે વાર પરદેશ ગયા હતા. યુરોપના પ્રવાસ વિષે તેમણે એક અતિ મહત્ત્વનો અને તે કાળે અતિ ઉપયોગી ગ્રંથ પ્રગટ કર્યો હતો.

તદુપરાન્ત વિધવા વિવાહનો પ્રશ્ન પણ તેમણે એટલી જ બહાદુરીથી હાથ ધર્યો હતો. આજે હવે વિધવાવિવાહના વિચાર સામે બહુ સામાજિક વિરોધ રહ્યો નથી. એમ છતાં પણ હિંદુ સમાજમાં વિધવાવિવાહના કીસ્સાઓ તો હજુ પણ વિરલ જ બને છે. પણ એ કાળે તો વિધવાવિવાહનો નામોચ્ચાર અધર્મની પરાકાષ્ટા હતી. એવા વખતે વિધવાઓના વિવાહપ્રશ્નને તેમણે લેખો તેમજ ભાષણોદ્વારા ખુબ વેગ આપ્યો હતો; એટલું જ નહિ પણ ૧૮૭૦ માં તેઓ જ્યારે કાઠિયાવાડમાં આવેલા સીંગડીના 'સ્પેશીયલ એસીસ્ટન્ટ-ઇન-ચાર્જ'નો હોદ્દો સંભાળતા હતા તે દરમિયાન કપોળ કોમની એક વિધવા બહેન ધનકોરનું પોતાના એક કપોળ મિત્ર શ્રી. માધવદાસ રઘનાથદાસ સાથે પુનર્લગ્ન કરવામાં તેમણે બહુ જ મહત્વનો ભાગ ભજવ્યો હતો અને આ લગ્ને આખા ગુજરાતી હિંદુ સમાજમાં અસાધારણ વંટોળ પેદા કર્યો હતો.

વ્યાપાર અને પાછળના ભાગમાં રાજ્યવહીવટી કારભાર અને સાથે સાથે જાહેર જીવનની જવાબદારીઓ, લેખો અને ભાષણો આ બધાનો ભાર તેમનું શરીર ખમી ન શકયું અને જેતજેતામાં ભાંગી પડયું. તેમની તબીયત ઉત્તરોઉત્તર લથડવા લાગી. તેમની માંદગી વધારે ને વધારે ગંભીર બનવા લાગી અને આમાંથી હવે બચવું બહુ મુશ્કેલ છે એમ જ્યારે તેમને પોતાને લાગ્યું ત્યારે તેમણે પોતાના પારસી ડોકટરને જણાવ્યું કે "જો હું આમાંથી ઉઠવા ન પામું તો મારા ધર્મબંધુઓને કહેજો કે તેમના હિતને લેશ માત્ર નુકશાન થાય એવું મેં કદી કશું કહ્યું નથી કે કર્યું નથી. એમ છતાં પણ તેમનામાંના કોઇ ભાઇઓને મારી વર્તણુંક વિચિત્ર પ્રકારની લાગી હોય તો હું તેમની ક્ષમા માગું છું. મને ગોસાંઇજી કે તેમના વૈષ્ણવ અનુયાયીઓ સાથે કોઈ પણ પ્રકારનો વૈરભાવ નથી. મેં જે અયોગ્ય જહેમત ઉઠાવી છે તે તેમના કેવળ કલ્યાણ માટે તેમજ વલ્લભ સંપ્રદાયની સુધારણા માટે હતી. મારા આ કાર્યથી રાજી થવાને બદલે ગોસાંઇ મહારાજોએ અને તેમના અનુયાયીઓએ મને હેરાન કરવામાં કાંઇ બાકી રાખી નથી. આ તેમની બેકદરદાની માટે હું તેમને સર્વને માફી આપું છું. તેમના વિષે મારા દિલમાં લેશ માત્ર વેર કે વિરોધની કોઇ લાગણી નથી. મારા અવસાન બાદ મારા ઉદ્ગારો પ્રગટ કરવાની તમને હું વિનતિ કરું છું." આટલી નાની ઉંમરે, આટલો મોટો કુટુંબ પરિવાર, આવી સાધારણ આર્થિક પરિસ્થિતિ-આમ છતાં પણ પોતાના જીવનનો અન્ત સમીપ આવતો દેખાતા ન તેઓ જરા ઉદ્વિગ્ન બન્યા કે ન તેમણે કશી પણ ચિન્તા-વિહ્વળતા દાખવી. સૌ કોઇને તેમણે અદ્ભુત ધૈર્ય અને ચિત્તશાન્તિનું દર્શન કરાવ્યું. જીવન દરમિયાન જેવો પુરૂષાર્થ તેમણે દાખવ્યો હતો તેવા જ પુરૂષાર્થનો આ અન્તિમ ઘડિએ તેમણે સ્વજનોને અનુભવ કરાવ્યો. અન્ત સમય સમીપ જાણીને આસપાસ બેઠેલી મંડળીને તેમણે જણાવ્યું કે "મારા દેશવાસીઓ પ્રત્યેનો મારો ધર્મ બજાવવાનો મેં યથાશક્તિ પ્રયત્ન કર્યો છે. એમ કરવા જતાં કોઇ મારા દુશ્મનો બન્યા હોય તો તેમના વિષે મેં સ્વપ્ને પણ કદિ એવો ભાવ ચિન્તવ્યો નથી. ઇશ્વરનો પ્રકાશ અને દયા મારી ઉપર ઉતરો એવી મારી પ્રાર્થના છે, અને મારા મિત્રો તેમ જ વિરોધીઓ ઉભય વિષે પણ એવી જ કરૂણાની હું યાચના કરું છું." એ ઉદ્ગારો સાથે તેમનો જીવનપ્રદીપ ક્ષીણ-તેજ બનવા લાગ્યો, તેમની ચૈતન્યશક્તિ લુપ્ત થવા લાગી અને થોડા સમયમાં એ જ્યોતિર્ધરની જીવનજ્યોત જેતજોતામાં ઓલવાઇ ગઇ. જગતના ઇતિહાસમાં ધર્મ તેમજ સમાજના અનેક સુધારકોનાં નામ નોંધાયા છે. હિંદમાં અંગ્રેજી રાજ્યની સ્થાપના થવા બાદ હિંદના સુમગ્ર જીવનમાં અને ખાસ કરીને સામાજીક જીવનમાં જે પુનરૂત્થાન અને નવનિર્માણ શરૂ થયેલ છે અને સાથે સાથે સમાજને રૂંધી રહેલી પ્રત્યાઘાતી બળોની કોલેજંધી પાયામાંથી ઉખેડી નાખવાનું જે ભગીરથ કાર્ય ચાલી રહેલ છે તેમાં અનેક કાર્યકરોએ, લોકસેવકોએ અને સમાજસુધારકોએ વિવિધ પ્રકારનો ફાળો આપ્યો છે. આ સર્વમાં સદ્ગત કરસનદાસ મુળજીનું સ્થાન કાંઇ નાનુંસુનું નથી. કરસનદાસની વિશેષતા તો એ છે કે જે ઉમ્મર માણસની સક્રિય જીવનની સાધનાનો પ્રારંભકાળ ગણાય તે ત્રીશ વર્ષની ઉમ્મરે કરસનદાસે જીવસટોસટનો ખેલ ખેલીને તત્કાલીન સમાજને ચકિત કરે એવી એક અપૂર્વ સામાજિક ઘટનાનું નિર્માણ કર્યું છે. પાછળના કાળમાં અંગ્રેજ સત્તા સામે માથું ઉઠાવવું એ જેટલું વિકટ અને દુઃસાધ્ય કાર્ય લેખાતું તેટલું જ વિકટ અને દુઃસાધ્ય કાર્ય કરસનદાસના સમયમાં ધર્મગુરૂઓ સામે જેહાદ પોકારવાનું હતું. એ કાર્ય એમણે આબાદ રીતે પાર પાડયું અને ધર્મધુરીણોનાં સ્થિર આસનો મૂળમાંથી ડોલાયમાન કરી નાંખ્યાં અને પાછળના સમાજસુધારકોનું કાર્ય તેમણે ખુબ હળવું બનાવી દીધું. આ માટે આજનો સમાજ કરસનદાસનું જેટલું ઋણ ચિન્તવે અને તેમને જેટલો ધન્યવાદ આપે તેટલો ઓછો છે.

કરસનદાસ મુળજીની એક વિશેષતા એ છે કે તેઓ પોતાના કાર્યક્ષેત્રનું મહત્ત્વ જેટલું સમજતા હતા તેટલો જ તેની મર્યાદાનો પણ તેમને પુરો ખ્યાલ હતો. તેમનો હેતુ સમાજના ધાર્મિક જીવનમાં જે સડો દાખલ થયો છે અને ધર્મગુરૂઓના જીવનમાં જે પાખંડ અને વ્યભિચાર પ્રવર્તી રહેલ છે તેનો ઉચ્છેદ કરવાનો હતો અને એ અર્થમાં તેઓ એક ધર્મસુધારક હતા. પણ તેમને કોઇ નવો પંથ સ્થાપવો ન હોતો. આ બાબત તેમના મનમાં બરોબર સ્પષ્ટપણે રજુ કરતા રહેતા હતા. આમ હોવાથી તેમને માર્ટીન લ્યુથર સાથે સરખાવવામાં આવે છે તે બરોબર નથી. માર્ટીન લ્યુથર પાદરી હતો; કરસનદાસ ગૃહસ્થ હતા. માર્ટીન લ્યુથરની પ્રવૃત્તિમાંથી પ્રોટેસ્ટન્ટ ધર્મની શરૂઆત થઇ. વારસાગત સંપ્રદાયના સ્વરૂપમાં આમૂળ ફેરફાર કરવાનું તેનું ધ્યેય હતું. કરસનદાસનું ધ્યાન સમાજસુધારણા ઉપર જ સર્વથા કેન્દ્રિત હતું. અને એ રીતે કરસનદાસ મુખ્યત્વે સમાજસુધારક હતા. કરસનદાસનું અંગત જીવન ઉચ્ચકોટિનું હતું. તેમનું ચારિત્ર્ય અત્યંત નિર્મળ અને નિરપવાદ હતું. તેમણે એક પ્રચંડ સુધારક તરીકે ખ્યાતિ મેળવી હતી, પણ તેમના સ્વભાવમાં અદ્ભુત ઋજુતા, સરળતા અને નમ્રતા ભરેલી હતી. તેમનું લગ્નજીવન સાધારણ રીતે સુખી હતું, પણ સમાજસુધારણાની સર્વ પ્રવૃત્તિ તેમણે એકલા હાથે જ ચલાવી હતી. આ દિશાએ તેમનાં પત્નીનો નહોતો સહયોગ કે નહોતો અસહયોગ. આગલી પેઢીના સર્વ સુધારકોની લગભગ આવી જ પરિસ્થિતિ હતી.

જે કોમે કરસનદાસ જેવા પ્રચંડ સુધારક પેદા કર્યા એ કોમ કરસનદાસ વિષે જેટલું ગૌરવ ચિન્તવે તેટલું ઓછું છે. પણ તેમના અવસાનને આજે પોણે સો વર્ષ થવા આવ્યાં છે. છતાં કપોળ કોમે સામાજિક ક્ષેત્રમાં હજુ બહુ જ ઓછી પ્રગતિ સાધી છે અને અનેક અનિષ્ટ રૂઢિઓની, અંધ ધર્મશ્રદ્ધાની તેમજ ધર્માધિકારીઓની

ગુલામીની શૃંખલાઓ આજે પણ કપોળ કોમને સારા પ્રમાણમાં જકડી રહેલી છે. અને એક કરસનદાસ વિદેહ થયા બાદ આ કોમમાં હજુ બીજો કરસનદાસ પાકેલ નથી. આવાં દારિદ્ર વિષે પણ કપોળ કોમના પ્રગતિશીલ આગેવાનોએ જરા ઉંડો વિચાર કરવાની અને અન્તર્મુખ બનવાની જરૂર છે.

આ પ્રમાણે સદ્‌ગત કરસનદાસ મુળજીના જીવનની પુણ્યકથા પુરી કરીને આપણે કપોળ કોમના એક બીજા સમાજસેવકની જીવનચર્યાની ઉડતી આલોચના કરીએ. આ છે માન્યવર શ્રી ગોરધનદાસ. સર હરકીસનદાસ હોસ્પીટલના સંચાલનની મુખ્ય જવાબદારીનો ભાર તેઓ કેટલાંક વર્ષોથી વહન કરી રહ્યા છે. ભાઇ ગોરધનદાસના પિતા સદ્‌ગત વીઠ્ઠલદાસ એક બહુ જાણીતા અને અત્યંત સેવાપરાયણ ડોકટર હતા. તેમણે પોતાની ડોકટરી કુશળતા અને ઉંડી સેવાપરાયણતાના કારણે પોતાની કોમ તેમજ મુંબઇના હિંદુ સમાજનો ખુબ ચાહ મેળવ્યો હતો. તેઓ ભાઇ માધવદાસ, ગોરધનદાસ તથા મંગળદાસ એમ ત્રણ પુત્રોને નાની ઉમ્મરના મુકીને ગુજરી ગયેલા, આ ત્રણે ભાઇઓ પોતાના મામા શેઠ ભગવાનદાસ નરોતમદાસ જેઓ સર હરકીસનદાસના નાના ભાઇ થાય તેમને ત્યાં ઉછરીને મોટા થયા. ભાઇ માધવદાસ બી. એ. થયા અને થોડા સમયમાં ગુજરી ગયા. ભાઇ ગોરધનદાસ ડોકટર થયા. અને ભાઇ મંગળદાસ બેરીસ્ટર થયા. આ ભાઇ મંગળદાસ હમણાં જ મુંબઇની હાઇકોર્ટના જજ થયા છે. ભાઇ ગોરધનદાસ ઉપર તેમના મામા શેઠ ભગવાનદાસની બહુ જ પ્રીતિ હતી. ભાઇ ગોરધનદાસે એક ધર્મપિતા તરીકે શેઠ ભગવાનદાસનું નામ પોતાના નામ સાથે જોડવું એવી સરત ઉપર શેઠ ભગવાનદાસ ગોરધનદાસભાઇને બે લાખ રૂપીઆ પોતાના વીલમાં આપીને ગુજરી ગયા. શેઠ ભગવાનદાસ જુદી જુદી પરોપકારી સંસ્થાઓ નિમિત્તે મોટી મોટી રકમો પોતાના વીલનાં જાહેર કરી ગયા હતા. ભાઇ ગોરધનદાસ ડોકટર તો થયા, પણ તેમણે કદિ ડોકટરી ધંધો તો કર્યો જ નહિ. પોતાના સમયનો મોટા ભાગ શેઠ ભગવાનદાસે ઉભી કરેલી ચેરીટીઓની વ્યવસ્થા અને વહીવટ સંભાળવા પાછળ જ તેઓ વ્યતીત કરે છે. સર હરકીસનદાસ નરોતમદાસ હોસ્પીટલના વહીવટની મુખ્ય જવાબદારી શેઠ તુલસીદાસ ત્રીભોવનદાસ વાધ સંભાળતા હતા અને ભાઇ ગોરધનદાસ તેમને અનેક રીતે આ કાર્યમાં મદદ કરતા હતા. શેઠ તુલસીદાસ ઇ. સ. ૧૯૩૨ માં ગુજરી ગયા. ત્યાર બાદ આખી હોસ્પીટલને સંભાળવાની જવાબદારી ભાઇ ગોરધનદાસના માથે આવી. ત્યારથી તે આજ સુધી ભાઇ ગોરધનદાસ જે એકનિષ્ઠાથી સર હરકીસનદાસ હોસ્પીટલના સમગ્ર વહીવટની સંભાળ લઇ રહ્યા છે તેવી એકનિષ્ઠા આજે બહુ અલ્પ સમાજ સેવકોમાં જોવા મળશે.

ઇ. સ. ૧૯૩૧ માં ભાઇ ગોરધનદાસનાં પત્ની ગુજરી ગયા. તેમની સાથેનો તેમનો સંસાર અત્યન્ત સુખમય અને પરસ્પર બહુ ઉંડા પ્રેમથી ભરેલો હતો. પત્નીનું અવસાન થયું ત્યારે તેમની ઉમ્મર ૪૩ વર્ષની હતી. કોઇ સંતાન હતું નહિ. આર્થિક પરિસ્થિતિ બધી રીતે સંતોષકર હતી. આવા સંયોગોમાં બીજા લગ્નનો વિચાર જેટલો સ્વાભાવિક એટલો જ કોઇ પણ તેવી વ્યક્તિ માટે સહજ આકર્ષક ગણાય; પણ ભાઇ ગોરધનદાસે તો એક પત્નીવ્રતની પોતાના પત્નીના અવસાન સાથે પાકી ગાંઠ બાંધી લીધેલી. એટલે મિત્રો, સ્વજનો, સંબંધીઓ સૌ કોઇએ તેમને બીજા લગ્ન માટે ખુબ આગ્રહ કર્યો, પણ તેઓ એકના બે ન થયા. આ તેમની ટેક આજના સુખાભિલાષી જમાનામાં જેટલી વિરલ તેટલી જ આદરણીય છે.

આ તો ભાઇ ગોરધનદાસના વર્તમાન જીવનની ટૂંક રૂપરેખા થઇ. તેઓ જે ઉચ્ચ કક્ષાનું જીવન જીવી રહ્યા છે તેની કેટલીક વિશેષતાઓ આપણે વિચારીએ.

એક તો સર હરકીસનદાસના કાર્ય પાછળની તેમની એકનિષ્ઠા અપૂર્વ છે. આજે અનેક સમાજસેવકો અનેક સેવાક્ષેત્રોમાં કામ કરી રહેલ છે. પણ એક જ સેવાક્ષેત્રને વર્ષોથી વળગી રહેનાર અને તેને જ પોતાનો સર્વ જાગૃત સમય આપનાર લોકસેવકો આજના દેશકાળમાં શોધ્યા જલ્દિ મળે તેમ નથી.

બીજુ તેમની મૂક સેવાવૃત્તિ અને પ્રસિદ્ધિથી દૂર દૂર રહેવાનો આગ્રહ કોઇનું પણ સહજ ધ્યાન ખેંચે તેવાં છે. તેમના જેટલો ભોગ આપનાર સમાજસેવકો આપણા વિશાળ દેશમાં છુટાછવાયા જરૂર મળશે, પણ આત્મપ્રસિદ્ધિના પ્રલોભનથી દૂર રહેવાનું સાધારણ સમાજસેવક માટે શકય નથી બનતું. સાધારણ રીતે માનવી એક બાજુએ જેનો ભોગ આપે છે તેનો બીજી બાજુએ માન, સન્માન, કીર્તિ, કદરદાની, પ્રતિષ્ઠા વગેરે દ્વારા બદલો લેવાની ઇચ્છાથી મુક્ત નથી રહી શકતો. માનપત્ર અને થેલીસ્વીકાર આજ વૃત્તિનાં દ્યોતક છે. પોતાના અમુક સેવાકાર્ય સાથે સંકાયેલા સમાજસેવકનું અનેકદેશીય જાહેર જીવન ચાલુ હોય છે, જે દ્વારા પોતામાં રહેલી આત્મપ્રસિદ્ધિ અને આત્મશ્લાઘાની વૃત્તિની તૃપ્તિ તે શોધતો રહે છે. ભાઇ ગોરધનદાસને તો બસું પોતાનું હોસ્પીટલ અને બસું પોતાનું ઘર. તેમને ભાગ્યે જ કોઇ મેળાવડામાં કે જાહેર સંમેલનમાં આપણે જોવા પામીએ છીએ.

ત્રીજું : આટલીજ સેવાથી જ સંતોષ ન માનતાં ગોરધનદાસ પોતાની પ્રિય પ્રવૃત્તિને પોતાથી બનતું અર્થસીંચન કરવામાં પણ પાછું વાળીને જોતા નથી. હમણાં જ કશાં પણ નામ, ઠામ કે સ્મરણની શરતો સિવાય કે વ્યવસ્થિત જાહેરાત કર્યા સિવાય તેમણે સર હરકીસનદાસ હોસ્પીટલને એક લાખ રૂપીઆ આપ્યા. આ ઉપરાંત પોતાની ચાલુ આવક સામે પોતાનો મર્યાદિત ખર્ચ બાદ કરતાં વધતી સર્વ રકમ તેઓ ચાલુ સેવા કાર્યમાં ખરચતા જ રહે છે. સર હરકીસનદાસ હોસ્પીટલના મુખ્ય નિયામક તરીકે દરદીઓના વ્યાધિની જ સારવાર સંભાળવામાં તેઓ ધર્તિકર્તવ્યતા નથી સમજતા. તેમની આર્થિક મુંઝવણો અને માનસિક ગુંગળામણો દૂર કરવા પાછળ અને તે દિશાએ બને તેટલી રાહત આપવા પાછળ પણ તેઓ એટલી જ ચિન્તાવ્યાકુળતા સેવે છે.

આ બધાં સાથે તેમની ચાલુ દિનચર્યાનો વિચાર કરીએ અને તે પાછળ કેવી સાદાઇ, સાધુતા, સંયમપરાયણતા, પવિત્રતા રહેલી છે તે બધું આપણા ધ્યાન ઉપર લઇએ, ત્યારે જ આપણે ગોરધનદાસભાઇને બરોબર ઓળખ્યા છે એમ કહી શકાય. તેઓ બાબુલનાથ પાસે આવેલા એક મકાનમાં રહે છે. સવારે પાંચ વાગ્યા આસપાસ ઉઠે છે. સાધારણ રીતે બે એક કલાક પોતાને ઇષ્ટ તેવા સાહિત્યના વાંચન પાછળ તેઓ ગાળે છે. વાંચન, પૂજા, ધ્યાન પાઠ વગેરેમાંથી સવારે નવ વાગે તેઓ પરવારે અને હોસ્પીટલમાં જાય. બપોરે દોઢ વાગ્યે લગભગ ઘેર પાછા આવે, બે એક કલાક ભોજન અને આરામ પાછળ ગાળી પાછા હોસ્પીટલમાં જાય તે રાત્રે આઠ વાગ્યે, નવ વાગ્યે જ્યારે બધું કામ પુરૂં થાય ત્યારે ઘેર આવે. પોતાના પત્નીની દર માસિક મૃત્યુતિથિના દિવસે તેઓ ઉપવાસ કરે છે. બીજા પણ એવા કેટલાક દિવસો છે કે જ્યારે તેઓ ઉપવાસ યા તો એકટાણું કરે છે. આ રીતે એક તપસ્વી જેવું તેમનું જીવન છે. આજના મોજશોખોથી તેઓ સામાન્યતઃ પરાઙમુખ રહે છે અને એક જ પ્રવૃત્તિ અને એક જ ધ્યેયની પરિપૂર્તિ પાછળ જ તેમણે પોતાના જીવનને ઓતપ્રોત બનાવી દીધું છે. આ એક તેમનો મહાન કર્મયોગ છે. તેમની પ્રસન્ન-ગંભીર મુખમુદ્રા ઉપર આ તેમના કર્મયોગની છાપ સુઅંકિત થયેલી દેખાય છે. તેઓ જેટલા મિતાહારી છે તેટલા જ મિતભાષી છે. જ્યારે આપણને રસ્તામાં કે કોઇ રથળે તેઓ મળે ત્યારે હસતા મોઢે આપણા ખબર અન્તર પૂછે, બીજી કોઇ વાતચિત કરી ન કરી અને આગળ ચાલે. લાંબી કોઇ

પ્રાણના ભોગે પણ પ્રતિજ્ઞાપાલનની ટેક

જુનાગઢની લડતના અનુસંધાનમાં એક આશ્ચર્યઘટના બની ગઈ જેની અહિં નોંધ લેવા મન થાય છે. જુનાગઢ પાકીસ્તાનમાં જોડાયું એ કારણે માંગરોળનિવાસી એક વિધવા બહેન શ્રી જવલબહેન હીરાચંદે જુનાગઢ પાકીસ્તાનથી છુટું ન થાય ત્યાં સુધીનું અનશનવ્રત અંગીકાર કર્યું હતું. આ અનશન શરૂ કરવામાં આવ્યું ત્યારે જુનાગઢ પાકીસ્તાનની પકડમાંથી આટલી જલ્દિથી છુટી શકશે એ કોઇની કલ્પનામાં નહોતું. તેથી આવી બાબત ઉપર પ્રાણને જોખમાવવાનો કાંઇ અર્થ નથી એમ સમજીને એ બાઇને આ અનશનથી વારવાના ખુબ પ્રયત્નો ચાલતા હતા. આ જવલબહેનની આજે લગભગ ૪૦ વર્ષની ઉમ્મર છે. શરીરે દુબળાં પાતળાં છે અને સાધારણ રીતે નરમ ગરમ રહ્યા કરે છે. આમ છતાં જૈન પરંપરાને અનુસરીને તેમને ઉપવાસો કરવાનો નાનપણથી મહાવરો છે. પાંચ પંદર ઉપવાસ તો તેઓ રમતમાં કરી શકે છે. આજ સુધીમાં બે ત્રણ માસ ખમણ (એટલે કે એક માસના ઉપવાસ) તેમણે કરી નાંખ્યા હશે અને એક વાર તો તેમણે એક સાથે ૩૬ ઉપવાસ પણ કર્યા હતા. આ વખતે શરૂ કરેલા ઉપવાસને રાજકારણ સાથે સીધો કશો સંબંધ નહોતો. જુનાગઢ પાકીસ્તાનમાં જોડાયું એટલે હવે આપણાં ગીરનાર તીર્થનું શું થશે? હવે મુસલમાનો આપણા મંદિરો તોડી નાંખશે, આપણી મૂર્તિઓ ભાંગી નાંખશે. આવું પાપી જોડાણ અટકવું જ જોઇએ–આવા અભિગ્રહપૂર્વક તેમણે પ્રસ્તુત અનશનનો પ્રારંભ કર્યો હતો. વિશેષમાં આ ઉપવાસ નિર્જળા હતા. પાણીનો પણ તેમણે ત્યાગ કર્યો હતો. ઉપવાસ ઉપર ઉપવાસની સંખ્યા ચઢયે જતી હતી; શરીરસ્થિતિ ઉત્તરોત્તર વધારે ને વધારે ચિંતાજનક બની રહી હતી. અલબત્ત આ દરમિયાન જુનાગઢની આરઝી હકુમતની સ્થાપના થઇ ચુકી હતી, તેની જુનાગઢ સામેનો જેહાદ શરૂ થઇ ગઈ હતી. પણ અમરાપુર અને ગાધકડા જેવાં ગામડાં પડયે નવાણીના પાયા ઓછા ચલાયમાન થવાના હતા? પાકીસ્તાન સાથેનું સગપણ એમ ઓછું જ તુટવાનું હતું? જવલબહેનનું શરીર હવે બહુ નહિ ટકે એમ સૌ કોઇને લાગતું હતું. અનેક ભાઇબહેનો તેમને ઉપવાસ છોડવા વિનવી રહ્યા હતા. પણ એ બહેન એકના બે થાય જ નહિ. તેઓ પોતાની ટેકને વળગી રહેતાં દેહ છોડવાને પુરેપુરા તૈયાર હતા. તે બાબતનો તેમને લેશમાત્ર ક્ષોભ નહોતો. સૌ કોઇએ તેમના જીવવાની આશા છોડી દીધી હતી. પણ રામ રાખે તેને કોણ ચાખે? જોતજોતામાં જુનાગઢ ભાંગ્યું અને હિંદી સંઘનો ઉપરકોટના કીલ્લા ઉપર ત્રીરંગી વાવટો ચઢયો. શ્રી. જવલબહેનનો અભિગ્રહ સિદ્ધ થયો અને ૫૭ દિવસના નિર્જળા ઉપવાસનું તેમણે બેસતા મંગળ પ્રભાતે પારણું કર્યું. જવલબહેનની ટેક રહી, જુનાગઢ પાકીસ્તાનથી છુટ્યું, ગીરનારનો જય થયો!

આવા પ્રશ્ન ઉપર આ તરેહના આમરણાન્ત અનશન સંબંધે મતભેદ હોવા સંભવ છે. આવી રીતે કોઇ પણ એક વ્યક્તિ પ્રસ્તુત પ્રશ્નને અંગે બીજી કશી હીલચાલ કર્યા સિવાય એકાએક પોતાની જીંદગીને આવું અનશન લઇને જોખમાવે એ ડહાપણભર્યું હતું એમ આપણે કહી નહિ શકીએ. પણ જવલબહેનના અનશનમાં જે આકર્ષક અને આદર ઉપજાવે તેવી બાબત છે તે તો તેમની પ્રતિજ્ઞાપાલનની અદ્‌ભુત ટેક છે. કોઇ અમુક પ્રતિજ્ઞાના ઔચિત્ય અનૌચિત્ય વિષે મતભેદ હોવા સંભવ છે. પણ લીધેલી પ્રતિજ્ઞાને અન્તિમ હદ સુધી વળગી રહેવાનું ધૈર્ય દાખવવું, જાન જવાનો પ્રસંગ સામે આવીને ઉભો રહે તો પણ લેશ માત્ર ન ડગવું એને તે પણ ક્ષણે ક્ષણે મૃત્યુ સામે ડોકાયું કરતું હોય અને જરાક ઢીલું મુકે, જરાક અન્ન લે તો પ્રાણ બચી જાય તેમ લાગતું હોય તો પણ લીધેલી પ્રતિજ્ઞાને અડગપણે વળગી રહેવું–આ જેવી તેવી બહાદુરી કે વીરતા નથી. જૈન પરંપરામાં અને જૈન સંસ્કારમાં આ એક બહુ ઉચ્ચ તત્ત્વ રહેલું છે જે અવારનવાર આપણને દર્શન દે છે અને જગતને વિસ્મય તેમજ આદરથી મુગ્ધ બનાવી મુકે છે. હજુ થોડા જ વર્ષો પહેલાં આવો જ એક બીજો દાખલો બનેલો. સદ્‌ગત શેઠ નરોત્તમદાસ ભાણજીના પત્ની સુરજબહેન થોડાંક વર્ષો પહેલાં પાલીતાણામાં ચોમાસુ કરતાં હતાં તે દરમિયાન તેમણે એક મહીનાના ઉપવાસના પચ્ચખ્ખાણ લીધા. સાધારણ રીતે તેમનું શરીર છઠ અઠ્ઠમ આદિ તપક્રિયાથી સારી રીતે કસાયલું હતું. આગળ ઉપર એકાદ માસ–ખમણ પણ તેમણે કર્યું હશે. પણ આ વખતનું અનશન તેમનું શરીર સહન કરી ન શકયું. વીશમા ઉપવાસે બાદ તેમનું શરીર લથડવા લાગ્યું. ૨૪–૨૫ મા ઉપવાસે શરીરસ્થિતિ ચિન્તાજનક બનવા લાગી. આસપાસના સગાસંબંધીઓએ તેમને પારણું કરવા વિનંતિ કરી. એક માસના ઉપવાસની બાધા હતી. પચ્ચીસમાં દિવસે તે કેમ તોડાય? ઇન્જેકશનથી તેમને પોષણ આપવા માટે કહેવામાં આવ્યું. આ બાબતની પણ તેમણે ચોખ્ખી ના પાડી. 'જો ઇન્જેકશન લઇને જીવવું હોય તો પછી ખોરાક જ શું કામ ન લઉં?' આ તેમનો ઉત્તર હતો. જે કાંઇ થાય તે માટે તેઓ તૈયાર હતા. ૨૬ માં દિવસે તેમણે પુરી શાન્તિ અને સમભાવપૂર્વક આત્મધ્યાન કરતાં કરતાં પોતાના વિનશ્વર દેહને ત્યાગ કર્યો. આ રીતે તેઓ ધન્ય મૃત્યુ પામીને પોતાનું જીવન ધન્ય કરી ગયા. જૈન પરંપરામાંથી જૈન સંસ્કારમાંથી આપણે બીજું ગમે તે ગુમાવીએ, પણ આ ટેક–આ દૃઢતા–આ પ્રતિજ્ઞા પાલનની અડગતાને–આપણે કોઇ કાળે ન ગુમાવીએ. એ જ આપણું સાચું ધન છે. એમાં જ જૈનત્વનું ખરું અમરત્વ રહેલું છે,

પરમાનંદ

ચર્ચા નહિ કે કોઇ બાબતની કશી ખટપટ નહિ. સ્વભાવથી મુમુક્ષુ હોઇને સત્સંગ પ્રત્યે તેઓ સહજ રૂચિ ધરાવે છે. શ્રી. કિશોરલાલ મશરૂવાળા મુંબઇ આવે તો તેમના જ મહેમાન હોય. પસંદગીના સાહિત્યનું ચાલુ વાંચન ખરૂં, પણ વિદ્વત્તાનો કશો દાવો ન મળે. આખરે કર્મયોગ અને એ પણ નાયગરાના ધોધ જેવો નહિ પણ શાન્ત પ્રસન્ન વહેતા ઝરણા જેવો મૂકભાવી કર્મયોગ–એ જ તેમના સમગ્ર જીવનનો પાયો તથા પ્રેરણા છે. બાહ્ય દૃષ્ટિએ તેઓ ગૃહસ્થનું વૈભવશાલી જીવન જીવે છે. તેઓ સુંદર ફ્લેટમાં રહે છે. અને તેમણે મોટર પણ વસાવી છે. આમ છતાં પણ વસ્તુતઃ તેઓ મન, વચન અને કાયાથી શુદ્ધ કુન્દન સમું સાધુ જીવન ગાળે છે.

આ બંને વિશિષ્ટ વ્યક્તિઓનો પરિચય આપતાં સાધુપુરૂષોનું ગુણકીર્તન કર્યાનો હું આનંદ અનુભવું છું. એકનું વ્યક્તિત્વ પ્રચંડ સૂર્ય સમાન ઉગ્ર સુધારકનું છે. અન્યનું વ્યક્તિત્વ શિતરશ્મિ ચંદ્ર સમું સ્વારથ્યપોષક સમાજસેવકનું છે. પ્રત્યેકના જીવન પાછળ એક એક ભવ્ય આદર્શ રહેલો છે. એક જાણે કે અગ્નિનું સ્વરૂપ છે; બીજું જાણે કે ક્ષીરસાગરનું પ્રતિબિંબ છે, શીતળ જળનું સ્વરૂપ છે. વિશ્વધારણ માટે અગ્નિ તત્વ અને જળ તત્વ–ઉભયની અનિવાર્ય આવશ્યકતા છે. સમાજના ઉદ્ધાર અર્થે કરસનદાસ મુળજી પણ જોઇશે, ગોરધનદાસ પણ જોઇશે. જે ભિન્ન ભિન્ન જીવનઆદર્શોને સદ્‌ગત કરસનદાસે અને વિદ્યમાન ગોરધનદાસે ભિન્ન ભિન્ન રીતે પોતપોતાના જીવનમાં મૂર્તિમંત કરી બતાવેલ છે તે આદર્શોને 'કપોળ મિત્ર' બને તેટલો વેગ આપે અને વીર્યવાન લેખસામગ્રી વડે કપોળ સમાજને સાચું માર્ગદર્શન કરાવે અને એ દ્વારા અનેક કરસનદાસો અને ગોરધનદાસો પેદા કરે એવી 'કપોળ મિત્ર'ની રજત જયન્તી પ્રસંગે તે પત્રના સંચાલકો પરત્વે ખરા અંતરની શુભેચ્છા અને પ્રાર્થના છે! * પરમાનંદ

* કપોળ અને કપોળ મિત્રના રજતોત્સવ અંકમાંથી સાભાર ઉધ્ધૃત.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૯
અંક : ૧૬

મુંબઈ: ૧૫ ડીસેમ્બર, ૧૯૪૭, સોમવાર.

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

સંન્યાસ માર્ગ

ઉત્થાન, પતન અને પરિવર્તન

પ્રાચીન કાળની વાત કરીએ તો એ જમાનામાં સંન્યાસ-માર્ગની પ્રતિષ્ઠા વધારવામાં બ્રાહ્મણો કરતાં શ્રમણોએ ખાસ ભાગ ભજવ્યો છે. શ્રમણોમાં પણ પોતાના તપોમય જીવનને લઈને જૈન શ્રમણોએ સંન્યાસ માર્ગને દીપાવ્યો છે એટલું જ નહિ પણ સમાજમાં એ સંસ્થાને દૃઢમૂળ કરવામાં તેમનો હિસ્સો ઘણો વધારે છે એમ કહીએ તો ઐતિહાસિક સત્યની અવહેલનાનો દોષ આપણે વહોરતા નથી, પરંતુ વર્તમાનમાં જૈન શ્રમણો જો સમયાનુકૂળ એ સંસ્થામાં પરિવર્તન નહિ કરે તો તેઓ જ એ સંસ્થાને નિર્મૂળ કરવામાં કારણ બનશે એ પણ એટલું જ સાચું છે. કોઇ પણ સંસ્થા પછી તે ધાર્મિક હોય, રાજનૈતિક હોય કે સામાજિક હોય, જો તેમાં સમયાનુકૂળ પરિવર્તન ન થાય તો ટકી શકતી જ નથી અને ટકે છે તો અંતરાત્મા વિનાના ખોળિયાને જ ભ્રમથી અંતરાત્મા માની-મનાવીને જ. પરંતુ એ સ્થિતિ કરતાં તો વધારે સારૂં એ જ કહેવાય કે એ સદંતર નષ્ટ થઇ જાય.

ત્યારે આપણે એ જોઇએ કે સંન્યાસ માર્ગનું ધ્યેય શું હતું અને એ ધ્યેયને સિદ્ધ કરવા માટે કઇ સાધના ઉપર ભાર મુકવામાં આવ્યો હતો? સંન્યાસ માર્ગનું ધ્યેય તો નિરપવાદરૂપે મોક્ષપ્રાપ્તિ હતું. મોક્ષના સ્વરૂપમાં ભલે દાર્શનિકોમાં વિવાદ હોય પણ એક વાતમાં તો સૌ કોઇ સહમત હતા કે મુક્તિમાં દુઃખ નથી, અશાંતિ નથી, શત્રુતા નથી, યુદ્ધ નથી, મતલબ કે અણગમતું એવું કાંઇ જ નથી. આવી મુક્તિ મેળવવા માટે શું કરવું, કઇ પ્રકારની સાધના કરવી એમાં પણ મતભેદ હતા. સામાન્ય રીતે બધા દાર્શનિકો અને ધાર્મિકોએ એક વાત તો નક્કી કરી જ હતી કે સંન્યાસમાર્ગ એનો સરલ ઉપાય છે, પરંતુ સંન્યાસમાર્ગમાં કઇ સાધના કરવી અથવા એમ કહો કે સ્વયં સંન્યાસમાર્ગ એટલે શું? સંન્યાસમાર્ગ એટલે ઘર-બાર, પુત્ર-કલત્ર આદિ પોતીકી ચીજો ઉપરથી મમત્વ છોડી દેવું તે જ છે. પ્રશ્ન થયો કે મમત્વ છોડીને શું કરવું? મનમાં જે ઉગ્યું તે કરી બતાવવું અર્થાત અંતરમાં મમત્વ ન હોય તો પછી એ ઘરબાર વગેરે છોડીને બતાવી આપવું કે મારે તે બધા સાથે કાંઇ લેવાદેવા નથી. એટલે કે સાધકે બધા સાથેથી સંબંધ છોડી દેવો. મમત્વના ત્યાગ સાથે જ સાધકનો સંબંધ વસ્તુતઃ એથી છુટી જ જાય છે; પરંતુ બાહ્ય આચરણ દ્વારા પણ સાધકે બતાવી આપ્યું કે મારે તે બધા સાથે કાંઇ લેવાદેવા નથી. એ જંગલમાં ચાલ્યો ગયો, ઘરબાર છોડી અન્યત્ર ગયો એટલે મનાયું કે તેણે બધું છોડી દીધું છે, તે સંન્યાસી થયો છે.

પ્રશ્ન એ છે કે મુક્તિ માટે સંન્યાસ માર્ગ જ શા માટે સરલ ઉપાય મનાયો? અને તેમાં પણ મમત્વનો ત્યાગ જ મુખ્યપણે શા માટે સર્વસંમત થયો?

તે વખતની સામાજિક અને રાજનૈતિક પરિસ્થિતિમાંથી આનો ઉત્તર મળી રહે છે. અત્યંત પ્રાચીન કાળમાં સંપત્તિનો માલીક કોણ હતો એ પ્રશ્નના ઉત્તરમાં જ આખી પરિસ્થિતિ અવગત થઇ જાય છે. લડીને જે મેળવે તે જ સંપત્તિનો માલીક ગણાતો. અને મેળવ્યા પછી પણ જે તેને રક્ષી શકે તેની જ સંપત્તિ રહેતી. આમ ઉપાર્જન અને રક્ષણ એ બેની આસપાસ જ સમાજ અને રાજનીતિનું ચક્ર ચાલતું. ધાર્મિકોએ એ ચક્રમાં રહીને જ તેમાં સંસ્કાર કરવા કરતાં તેમાંથી નીકળી જઇને જ શાંતિનો કે મુક્તિનો માર્ગ જોયો. તેમણે જોયું કે વૈયક્તિક સંપત્તિના ઉપાર્જન અને રક્ષણમાં જ બધા દુઃખોનું મૂળ રહ્યું છે માટે છોડો એ સંપત્તિને, અને શાંતિનો અનુભવ કરો. આવી ભાવનામાંથી સંન્યાસમાર્ગનું પ્રસ્થાન થયું અને તેમાં મમત્વ-ત્યાગ ઉપર પ્રધાનપણે ભાર અપાયો એમ જણાય છે. સંન્યાસિઓએ પોતાના માર્ગે ચાલીને પોતાનો તો ઉદ્ધાર કર્યો જ પરંતુ સમાજ અને રાજનીતિમાં તેમના ત્યાગની અસર થઇ. અને તેમના ઉપદેશો અને અનુભવોને આધારે સમાજમાં અને રાજનીતિમાં પણ કેટલાંક ઉપયોગી સુધારા થયા, પણ એ સુધારા જ હતા. જડમૂળથી ભાવનાનું પરિવર્તન ન હતું.

બધા કાંઇ સંન્યાસી થયા નહિ અને થઇ શકે એવું હતું પણ નહિ; પરંતુ એ માર્ગની પ્રતિષ્ઠા એવી જામી કે જે એ માર્ગે ન જઇ શકે તે પણ સંન્યાસીનો આદર તો કરે જ, પોતાની અશક્તિ માટે પશ્ચાતાપ પણ કરે અને પોતાથી બનતી સેવા સંન્યાસીને આપે. આમ સમાજનો અને રાજનો આશ્રય મળવાથી એ સંસ્થા જામી પડી. જે સંન્યાસ ધર્મ માત્ર સ્વતંત્ર વ્યક્તિઓ પૂરતો મર્યાદિત હતો તે હવે સંગઠિત સંસ્થાના રૂપમાં ધીરે ધીરે આવી ગયો. સંસ્થાના રૂપમાં ફેરવાઇ ગયેલા સંન્યાસ-ધર્મમાં વિકૃતિઓ અનિવાર્ય રૂપે આવે જ. પ્રતિષ્ઠાનો લાભ લેવા યોગ્ય-અયોગ્ય સૌ કોઇ એ સંસ્થામાં ભળ્યા. પરિસ્થિતિ એટલે સુધી વિકૃત થઇ કે રાજ-સંસ્થા અને સમાજ-સંસ્થાના ટકાવમાં સંન્યાસીઓએ મદદ કરી અને સંન્યાસ સંસ્થાના ટકાવમાં સમાજે અને રાજ્યે મદદ કરી. આમ સમાજ અને રાજ્યના જે દૂષણોને દૂર કરવા સંન્યાસ માર્ગ અસ્તિત્વમાં આવ્યો હતો એ જ સંન્યાસમાર્ગ એ દૂષણોને પુષ્ટ કરવામાં લાગી ગયો, એ પોતાના ધ્યેયને ચૂકી સંન્યાસ સંસ્થાના સંરક્ષણ માટે કટિબદ્ધ થયો. આમ સંન્યાસનું ધ્યેય દૂર ને દૂર જતું ગયું. આમ થવાનું કારણ એકજ હતું કે સંન્યાસ માર્ગની મૂળ સાધનામમત્વ ત્યાગની આંતરિક ભાવના તે ઉપર ભાર દેવાને બદલે બાહ્ય ત્યાગ ઉપર વધારે પડતો ભાર અપાયો. એટલે પરિણામ એ આવ્યું કે સંપત્તિનું વિભાગીકરણ કઇ રીતે કરવું જેથી સંપત્તિ રહેવા છતાં તેના દોષમાંથી મુક્તિ મળે, તેના ઉપાયો એ સંસ્થા

શોધી શકી નહિ અને તેથી જ સમાજ અને રાજ્ય સંસ્થામાં મૂળગત પરિવર્તન કરવામાં એ સંસ્થા નિષ્ફળ નીવડી.

સંપત્તિનો ત્યાગ તો કર્યો, પણ ખાવા-પહેરવા તો કાંઇક જોઇએ જ. જ્યાં સુધી જંગલમાં રહેવાનું અને ફળફુલ ખાવાનું એ સંસ્થાએ સ્વીકાર્યું ત્યાં સુધી તો ખાસ વિકૃતિને અવકાશ ન રહ્યો. પણ અહિંસાની વ્યાખ્યા અને ઝીણું તત્ત્વજ્ઞાન વધ્યું ત્યારે જૈન શ્રમણોએ વસ્ત્રની આવશ્યકતાને નગ્ન રહીને નિવારીને અને ખાવા-પીવાનું બહુ જ થોડું લઇને અર્થાત અનશન આદિ તપસ્યા સ્વીકારીને થોડો સમય વીતાવ્યો અને બતાવી આપ્યું કે અમે ન છુટકયે જ બીજા પાસેથી તેની ભક્તિ હોય તો જ કાંઇક લઇને જીવનનિર્વાહ કરીએ છીએ. પરંતુ એ પરિસ્થિતિ લાંબો વખત ટકી નહિ. જૈન સાધુસંસ્થાએ વસ્ત્ર સ્વીકાર્યાં એટલું જ નહિ પણ ક્રમે ક્રમે તે બાબતમાં તેમની આવશ્યકતા એટલી બધી વધી ગઇ કે ગૃહસ્થના વસ્ત્રવિષયક પરિગ્રહથી કોઇ પણ રીતે ઉતરે એવી સ્થિતિ રહી નહિ. નગ્નતા રાખવા છતાં એનો આડંબર એટલો બધો વધી ગયો કે વિવેકીને એમ થયા વિના રહે જ નહિ કે આથી સારૂં તો એ જ કે આ લોકો કપડાં પહેરે. શ્રમણોની આવશ્યકતાઓ એટલી બધી વધી ગઇ કે તેમને જે સંપત્તિ અકારી લાગવાથી તેનો ત્યાગ કર્યો હતો એ જ સંપત્તિના સ્વામીઓની ગુલામી કરવા નીકળવું પડયું. આમ થવાનું કારણ પણ એજ છે કે તેઓએ સંપત્તિના મમત્વત્યાગ કરતાં બાહ્ય સંપત્તિના ત્યાગ ઉપર જ વધારે ભાર આપ્યો અને સંન્યાસ યા સાધુસંસ્થાના નિયમોપનિયમના નિર્જીવ ખોખામાં જે પુરાય તેને જ સમાજમાં ત્યાગી યા સાધુનું પદ મળે એવી ભ્રામક પરિસ્થિતિ લોકોના દિલમાં ઊભી કરી. આ પરિસ્થિતિનો વિરોધ ભારતીય સંતો કબીર વગેરેએ કર્યો જ છે. પરંતુ એ સંસ્થાના વિકારનું નિદાન કરવામાં એ સંતો પણ નિષ્ફળ જ ગયા છે. પરિણામ એ આવ્યું છે કે મહાત્મા ગાંધી જેવા આ જમાનાના ઉત્કૃષ્ટ ત્યાગી કરતાં ઢોંગીઓ પોતાનું સાધુપદ ઉંચું સમજે છે અને સમજાવે છે. અને ભોળી જનતા તેમના ઉપદેશોથી ભરમાઇને વસ્તુતઃ એમ માને છે કે સર્વસ્વ ત્યાગી રાષ્ટ્રનેતાઓ કરતાં એ ઢોંગી સાધુઓનું સ્થાન ઉંચું છે. પરંતુ બીજી બાજુ જેમ જેમ શિક્ષણ વધતું ગયું અને સમાજ તથા રાષ્ટ્રોની ઉન્નતિ અવનતિના ઇતિહાસનું જ્ઞાન વધતું ગયું તેમ તેમ લોકોના માનસમાં પણ વિકાસ થતો જ ગયો છે અને વિચારવા લાગ્યા છે કે આ સંસ્થા હવે ભારરૂપ છે. એમાં કાં તો ધરમૂળથી પરિવર્તન થવું જોઇએ અથવા એનો નાશ જ થવો જોઇએ. એટલે વિચારવું એ પ્રાપ્ત છે કે એ સંસ્થામાં કઇ જાતના સુધારા કરવા જેથી તે સંસ્થા પોતાનું અસ્તિત્વ ટકાવી રાખે એટલું જ નહિ પણ સમાજ તથા રાષ્ટ્રોન્નતિમાં પોતાનું માનભર્યું સ્થાન જમાવી શકે અને સંસ્થાના સભ્યો પોતાનો પણ ઉદ્ધાર કરી શકે.

વસ્તુતઃ એ સંસ્થામાં સુધારા નહિ પણ મૂળગત ભાવનામાં જ પરિવર્તન કરવાની આવશ્યકતા છે. પરંતુ એ મૂળગત ભાવનાના પરિવર્તનનો સ્વીકાર શીઘ્ર થશે કે કેમ એ શંકા હોવાથી મેં અહિં સુધારા પર વધારે ભાર આપ્યો છે.

મૂળગત ભાવનામાં પરિવર્તન એટલે શું એ વિષે થોડું જાણવું જરૂરી તો છે જ. મૂળ ભાવના એવી છે કે સંપત્તિ જ સર્વ દુઃખોનું મૂળ છે. માટે તેમાંથી મમત્વ છોડવું અને ઘર-બાર છોડી દેવા. પરંતુ સંપત્તિ સર્વ દુઃખોનું મૂળ એટલા માટે મનાય કે તે વખતે સંપત્તિ વૈયક્તિક હતી. પરંતુ પોતે છોડીને બીજી વ્યક્તિને આપવા માત્રથી કાંઈ પ્રશ્નનું નિરાકરણ થયું નહિ. જે વસ્તુને આપણે બૂરી સમજતા હતા તેને આપણે બીજાને ગળે વળગાડી. આમ સંપત્તિમાંથી દુઃખનું નિવારણ કદાચ પોતાપૂરતું તો થયું, પરંતુ તેનાં દુષ્પરિણામ સર્વથા દૂર તો થયાં નહિ. મારે બદલે કોઇ બીજો દુઃખી થયો. માત્ર ત્યાગ કરવાથી તેનું સીધું પરિણામ આવું આવ્યું. ખરી રીતે માર્ગ તો એવો લેવો જોઇએ કે જેથી સંપત્તિમાં દુઃખ દેવાની જે શક્તિ છે તેનો જ નાશ થાય. આમ તો જ બને જો વૈયક્તિક સંપત્તિના સિદ્ધાંતને બદલે સામાજિક સંપત્તિનો સિદ્ધાંત સૌ કોઇ અંગીકાર મૂકે. સૌ કોઇ પોતાના ભાગે આવેલ શ્રમકામ કરે અને પોતાની આવશ્યકતાની પૂર્તિ પોતાના શ્રમથી જ કરે અને શ્રમણ નામને સાર્થક કરે. આવી પરિસ્થિતિ ક્રાંતિથી આવશે, અગર રાજ્યના કાયદાથી આવશે જ. પરંતુ જ્યાં સુધી એ સ્થિતિ આવતી નથી ત્યાં સુધી આપણી મૂળ ભાવનાને કાયમ રાખીને પણ કેટલાક સુધારા સાધુ-સંસ્થામાં દાખલ કરીને તેને વધારે ઉપયોગી બનાવી શકાય. એટલે એવા કેટલાક સુધારાની ચર્ચા કરવી અપ્રસ્તુત તો નથી.

સૌથી પ્રથમ વ્યવહાર અને સિદ્ધાંતની એકરૂપતા આવશ્યક છે. સૈદ્ધાન્તિક મન્તવ્ય એવું બતાવાય છે કે સાધુ તો પોતાના ઉદ્ધાર અર્થે ઘરબાર છોડીને નીકળ્યા છે તેને વળી સમાજના ઉદ્ધારની શી પરવા ? પરંતુ એમ કહેનારા પણ સમાજથી એક પળવાર પણ અલગ થઇ શકતા નથી અને નાની મોટી બધી જરૂરીયાત માટે સમાજનો જ તેમને આધાર છે. તેમના નિર્વાહની જવાબદારી જે માત્ર તેમના ઘર કે કુટુંબ પૂરતી મર્યાદિત હતી, તે હવે તેમના જ દાન વગેરેના ઉપદેશને લઇને સમાજે સહર્ષ સ્વીકારી છે. પોતાની બાહ્યઆંતર આવશ્યકતાઓની પૂર્તિ માટે સમાજ તો ભલે જવાબદારી સ્વીકારે, પણ પોતે તો અલિપ્ત જ રહી પોતાનો જ ઉદ્ધાર કરશે, સમાજના ઉદ્ધારની તેની જવાબદારી નથી-આવા પોતાના મન્તવ્યને પણ તેઓ જો સાચા હૃદયથી સ્વીકારતા હોય તો પણ સમાજ તેમને જરૂર નભાવી લેશે. પણ વસ્તુસ્થિતિ તેથી ઊલટી છે. મન્તવ્ય સમાજ કે સામાજિક જવાબદારીથી અલિપ્ત રહેવાનું છે, પણ આચરણ બતાવી આપે છે કે તેઓ [illegible] એ સિદ્ધાન્તને પૂરા વફાદાર નથી.

સમાજમાં કલહોત્પાદક અને માત્ર વૈયક્તિક નહિ એવી અનેક પ્રવૃત્તિઓ અને જવાબદારીઓ તેઓ સ્વીકારે છે; પરંતુ સમાજના હિતમાં કોઇ જવાબદારી સ્વીકારવાનું કહેવામાં આવે છે ત્યારે જ તેઓ પોતાનો સિદ્ધાન્ત આગળ કરી કહે છે કે અમારે તો અમારો જ ઉદ્ધાર કરવાની જવાબદારી છે. જે સાધુઓ એકાંતમય અને ધ્યાનમગ્ન રહેતા હોય તેઓ ભલે સામાજિક પ્રવૃત્તિ ન ઉપાડે. સમાજનું માનસ તેમને પોષવા પૂરતું ઉદાર છે જ અને રહેશે પણ ખરૂં. પરંતુ જેઓના વચન અને વ્યવહારમાં વિસંવાદ નરી આંખે સમાજ જોઇ શકે છે તેઓને તો સામાજિક જવાબદારીઓ ન છુટકે સ્વીકારવી જ પડશે. શાસ્ત્રના નિયમોપનિયમોનો તેઓ છડેચોક ભંગ કરતા જ હોય છે તો પછી સમાજહિતમાં શાસ્ત્રના નિયમોમાં કેટલાક અપવાદ કરશે તો તેમાં કાંઇ અજૂગતું તો નહિ થાય, પરંતુ આત્મવંચનાના દોષથી તો અવશ્ય બચી જ જવાશે, જે કાંઇ સાધક માટે નાનો-સુનો લાભ નથી.

સાધુઓ ઉપદેશ તો આપે જ છે. તેનું મુખ્ય ધ્યેય તો એજ છે ને કે શિષ્યની સાન વધે, તે વિવેકી બને. મોક્ષે તો આ જમાનામાં કોઇ જતું નથી, એટલે સંસાર છોડવા કરતા તેને સુધારવા તરફ જ વધારે ધ્યાન આપવાની જરૂર છે. એ ઉપદેશ એવો હોવો જોઇએ જેથી તે સાંસારિક કાર્યોમાં ન્યાયનીતિ પૂર્વક વર્તે. પરંતુ એકાંત મોક્ષનો જ ઉપદેશ અપાય છે અને સંસાર સુધારા તરફ બિલકુલ ધ્યાન આપતું જ નથી એટલે બન્યું છે એવું કે જીવનમાં બે ભાગ પડી ગયા છે. મોટામાં મોટા ધાર્મિક ગણાતા મહાપુરૂષો (?) પણ સંસારિક કાર્યોમાં નીતિભ્રષ્ટ હોય છે. સિદ્ધાંતમાં રોજ સાંભળીએ છીએ કે હરિકેશી

જેવા ચાંડાલ જૈન મુની પણ થઇ ગયા અને પોતાનો ઉદ્ધાર કરી ગયા. જૈન ધર્મ હિન્દુ ધર્મ કરતા ઉદાર છે અને જ્યારે મંદીરમાં હરીજનોને દાખલ કરવા કે નહિં એ સવાલ આવે છે ત્યારે ગમે તેવા બહાના કાઢીને તેમને મંદીરથી દૂર રાખવાના હર પ્રકારે પ્રયત્ન કરતાં આપણને શરમ પણ આવતી નથી. આ એકાંત મોક્ષના ઉપદેશનું જ અને સંસારસુધારાની ઉપેક્ષાનું જ સીધું પરિણામ છે. સાધુઓ રોજ અપરિગ્રહનું મહત્વ સમજાવે છે, પરંતુ ચાલુ વ્યવહારમાં એ ઉપદેશને કયાં કેવી રીતે લાગુ પાડવો એ કદી બતાવતા જ નથી. એટલે પાટ આગળ બેસનારા મહાન શ્રાવકો પણ વ્યાપારમાં ગળાં કરતાં અચકાતાં નથી. આપણે રોજ બ્રહ્મચર્યનો ઉપદેશ સાંભળીએ છીએ, પણ ગૃહસ્થ જીવનમાં એ ઉપદેશની માત્ર એટલી જ અસર દેખાય છે કે પરસ્ત્રી સાથે વ્યભિચાર નહિં કરવો, પરંતુ સ્વસ્ત્રીવ્યભિચાર પણ સંભવે છે અને એ પણ ત્યાજ્ય છે એ કદી સમજાતું જ નથી. આમ જીવન વ્યવહારમાં તો માત્ર આપણે સાધુઓના જીવનને ધન્ય માનીને અને તેમને આહાર-વસ્ત્ર-દાન આપીને કે મંદિરમાં પૂજા કરીને ધાર્મિક હોવાનો દંભ કરીએ છીએ. અને સાંસારિક વ્યવહારમાં તેવા જ અધાર્મિક રહીએ છીએ. સાધુઓ પોતાના ઉપદેશની શૈલી મોક્ષલક્ષી રાખવાને બદલે સંસારનાં જ પ્રશ્નોને લઇને તે બાબત જ ઉપદેશ દેતા રહે અને તેમાં જ સુધારા સુચવતા રહે તો પણ તેમણે માનવ સમાજની મોટી સેવા બજાવી ગણાશે. જો સાધુ શાસ્ત્રીય ભૂગોળ જેનું કાંઇ ઠેકાણું નથી એની પાછળ મંડયા રહીને સમય વીતાવવા છતાં કાંઇ અનુચિત કર્યાનો સંકોચ અનુભવતા નથી તો પ્રત્યક્ષ ભૂગોળ અને રાજકારણનો પણ અભ્યાસ કરે અને તે ઉપદેશમાં લોકોને સમજાવે તો તેમાં તેઓ કાંઇ ખોટું કરે છે અગર કાંઇ દોષ કરે છે એવું માનવાની જરૂર નથી. પરંતુ તેમ કરી તેઓ પોતાને, સમાજને વધારે ઉપયોગી સિદ્ધ જ કરે છે. અને આજે તો માત્ર ઉપદેશથી પણ ઘણું કરવાનો અવકાશ છે જ. મજૂર સંગઠન માત્ર સરલ ઉપદેશની જ અપેક્ષા રાખે છે. અને ભવિષ્ય તો એવું છે કે મજૂરોમાં જ એ તાકાત હશે કે મોટાં મોટાં યુદ્ધો પણ એમનું સંગઠન જ માત્ર રોકી શકશે. ભગવાન્ મહાવીરની અહિંસાના સંદેશની સિદ્ધિ તેના ખરા અર્થમાં આવા કાર્યોની સફળતામાં જ છે. હું નથી ધારતો કે મજૂરોનું સંગઠન આવા મહાન કાર્યોની સિદ્ધિ અર્થે કોઇ સાધુ કરે તો તેમાં શાસ્ત્રદૃષ્ટિએ પણ કાંઇ દોષ લાગે. એ જ પ્રકારે જેને દૃષ્ટિ હશે તે પોતાના ઉપદેશનો માત્ર પ્રવાહ ફેરવીને પણ કેટલાય સામાજિક ઉપયોગી કાર્યો સિદ્ધ કરશે.

આહાર-વિહારના શાસ્ત્રીય નિયમોનું પાલન અત્યારના જમાનામાં માત્ર દંભ જ વધારે છે એ કોઇ પણ સાધુ પાસે સ્વીકારાવી શકાય તેવું તથ્ય છે. પરંતુ તેમાં તેઓ એવાં જકડાઇ ગયા છે કે સાપે છછુંદર ગળ્યા જેવા હાલ થયા છે. આનો ઉપાય એક જ છે અને તે એ કે તેઓ ભેગા મળી તેમાં સંગત પરિવર્તન કરે અને દંભ રેવાનો અવકાશ ન રહે તેવો કોઇ માર્ગ કાઢે. આમ નહિ થાય ત્યાં સુધી બીજી ગમે તેટલી સારી પ્રવૃત્તિ કરશે પણ દંભ જ એ બધી પ્રવૃત્તિમાં પાણી ફેરવી દેશે. એ દંભમાંથી બચવું એ જ તો તેમનું પોતાના ઉધ્ધાર અર્થે પણ પ્રથમ આવશ્યક પગલું છે. જેટલા જલ્દી તે તે ભરશે તેટલો જલદી તેમનો ઉધ્ધાર થશે. અન્યથા નવી પેઢીની રહીસહી શ્રધ્ધાનો ભંગ કરવામાં પણ તેમનો એ દંભ જ કારણભૂત થશે. અને પરિણામે આખી સાધુ સંસ્થા પ્રત્યે લોકોનો અનાદર વધતો જશે.

'જૈન'માંથી સાભાર ઉધ્ધૃત **દલસુખભાઇ માલવણીયા**

પ્રવૃત્તિ-નિવૃત્તિ વિવેક

[સંયુકત પ્રાન્તમાં શ્રી ચૈતન્યજી નામના એક જાણીતા કાર્યકર્તા ગોરખપુર જીલ્લામાં આવેલા ચોરી-ચૌરા ખાતે કેટલાક સમયથી 'જયહિંદ સહકારી ભંડાર' ચલાવે છે અને તે દ્વારા ત્યાંની જનતાની અનેકવિધ સેવા કરે છે. શ્રી ચૈતન્યજી મૂળ સ્થાનકવાસી સંપ્રદાયના સાધુ ચુનીલાલજી પણએ સાંપ્રદાયિક સાધુ જીવનની નિષ્ક્રિયતાથી કંટાળીને જેવી રીતે લાલ અને બાલકાંઠા બાજુ મુનિ સંતબાલજી કાર્ય કરે છે, તેવી જ રીતે આ ચુનીલાલજી અથવા તો ચૈતન્યજી સંયુકત પ્રાન્તના ગોરખપુર જીલ્લામાં લોકસેવાના કાર્યમાં કેટલાંક વર્ષથી જોડાયલા છે. તેમણે પોતાના ચાલુ કામકાજ સંબંધમાં પંડિત સુખલાલજીને તા. ૨૧-૧૦-૪૭ ના રોજ એક પત્ર લખેલો, જેનો તા. ૧૧-૧૧-૪૭ ના રોજ પંડિતજીએ ઉત્તર લખેલો. આ બન્ને પત્રો તેમની સંમતિથી અહિં નીચે પ્રગટ કરવામાં આવે છે. પત્રવ્યવહારમાં ચર્ચાયલા મુદ્દા એટલા બધા સ્પષ્ટ છે કે તે ઉપર વિશેષ ટીપ્પણની કશી આવશ્યકતા છે જ નહિ. પરમાનંદ]

પૂજ્ય પં. સુખલાલજીની પવિત્ર સેવામાં, પ્રણામ.

સ્વસ્થ તથા પ્રસન્ન હશો. આપે મને પ્રેરણા કરી હતી કે ગામડાની જનતા અનાજ વિના ખૂબ દુઃખી છે. તે જ શુભ પ્રેરણાથી પ્રેરિત થઇ સ્વલ્પ પ્રવૃત્તિ કરી તેનું આ ફળ છે. ઉપરની સંસ્થાને વીશ ગ્રુપની જનતાના એક લાખ યુનિટ માટે કાપડ, તેલ, ચીની, મીઠું અને ઘેાનું અનાજ મળેલ, પણ જુના કોટા વાળાઓએ મા. પંતજીને ત્યાં સત્યાગ્રહ કરતાં ૧૦ ગ્રુપ તેમને પાછા. આપ્યાં છે હવે પચાસ હજાર જનતાનું કામ આ ભંડાર પાસે રહેશે.

આ કામથી જે બચત થાય તેના પચાસ ટકા અધિક અનાજ અને વસ્ત્ર ઉત્પાદનમાં લગાડવા છે. બીજું પણ વિશેષ કામ આવે છે. લગભગ બે હજાર રૂપિયા આવા કામમાં ખર્ચ થયા હશે. દાન લેવાની જરૂર નથી. ગ્રામિણો માત્ર પોતાની આવી પંચાયતી દુકાનથી ૫૦ ગામડાવાળા માસિક ૫૦૦) બચાવી શકશે. જો આ જ વસ્તુઓ અમે ઉત્પન્ન કરીએ તો ગામડામાં માસિક દશેક હજાર શ્રમના આપીને એકાદ હજાર બચાવી ઉત્પાદન વધારી શકીએ. દૃષ્ટિ તો આ જ છે. અનુભવ, યોગ્યતા તથા સાથીઓની કમી છે

આપ કોઇ કોઇ વાર શુભ સૂચના આપો તો ઉપકાર. કેટલીક વાર એથી બહુ રાહત મળે છે. વચમાં વિનોબાને લખેલ, તેમનાં બે પત્રો આવી ગયા. અહિં શ્રી મહાવીરપ્રસાદજી પોદ્દાર ગોરખપુરવાળા રચનાત્મક કામમાં કુશળ અનુભવી છે, તેમની સલાહ લઉં છું.

કોઇ કોઇ વાર મનમાં આવે છે કે રાત દિવસ હિસાબ તપાસવા, કામના બગાડ સુધારમાં ફસાઇ રહેવું, કોઇ કોઇ વાર કામ બગડે તો ગુસ્સે થવું વિગેરે વાતોથી નિવૃત્તિ ઠીક. માત્ર ઉપદેશ દઇ મદદ દઇ અલગ રહેવું-આમાં આપની શી સલાહ છે ?

મને વિરોધી વ્યાપારીઓ કે ઓફીસરો પ્રતિ અલ્પ ક્રોધ આવે છે. તેઓ કેટલીક વાર ઠીક વિરોધ કરે છે. ૩ વાર મારા સાથીઓને માર ખાવો પડયો. ૧૦૦) ૨૦૦)ની અન્ય ક્ષતિ થઇ, પણ જ્યારે સાથીઓ અસત્ય, ચોરી, અનિયમિતતા, જનતાની ઉપેક્ષા કરે છે ત્યારે શાંતિભંગ થાય છે. તે માટે યોગ્ય સલાહ આપશો.

આ પત્ર ટ્રેનમાં લખેલ છે. હવે ઉતરવાનું છે તો ક્ષમા.

આપનો આજ્ઞાધીન
ચૈતન્ય

અમદાવાદ, તા. ૧૧-૧૧-૪૭.

પ્રિય ચૈતન્યજી

નિવેદન, તમારો પત્ર બહુ મોડો મળ્યો. મારી પ્રેરણા હતી તે વાત સાચી. હજી પણ એવી પ્રેરણા છે, અને તે પ્રથમ કરતાં વધારે સબળ. કારણ તમારા પત્રમાં સ્પષ્ટ છે. જો એનું ફળ તમારી ખંત, આવડત અને નિષ્કામ બુદ્ધિથી આવું આવ્યું હોય તો પ્રથમની પ્રેરણા વધારે બળ મેળવે છે એમ કહી શકાય. હું મારી પ્રેરણાને શુભ કે અશુભ માનવાના લોભમાં નથી પડતો. પણ તમારા પ્રયત્નનું મીઠું ફળ પ્રત્યક્ષ છે. એટલે જે કહેવું હોય તે કહી શકાય.

શ્રીયુત વિનોબાજીનો પત્ર આવે તે સારૂં છે. પણ તમારા જેવા પ્રૌઢ સેવકને બીજાના ઇન્જેકશનની ઓછી જરૂર હોવી જોઇએ. બીજા જેવો તમને સેવાનું ઇન્જેકશન આપવાનો અધિકારી નથી. માત્ર ઉપદેશ કે શિખામણ એ મુખ્ય બળ નથી. આ પત્ર હું એવી કોઇ શિખામણરૂપે નથી લખતો. તમારા વિચારમાં જે વદતોવ્યાઘાત દોષ મને લાગે છે, અને જેને લીધે તમે પાછા સાધુ-સુલભ નિવૃત્તિમાર્ગ તરફ ઢળો છો તે જ દોષ તમારા કથન ઉપરથી બતાવી એમ કહેવા ઇચ્છું છું કે તમે જે કરી રહ્યા છો તે જ સાચી નિવૃત્તિ છે. જીવનના સત્ અંશોને સ્થિર કરે અને વિકસિત કરે તે એક નિવૃત્તિ; જીવનના અસત્ અંશોને પંપાળી રાખે કે પોષે તે બીજી નિવૃત્તિ. આ બન્ને નિવૃત્તિ ગણાવા છતાં વાસ્તવમાં બન્ને વચ્ચે મહત્ અંતર છે. બીજી નિવૃત્તિને લીધે પ્રજા સમગ્ર ભાવે પડી છે. તમે પોતે જ કહો છો કે સાથીઓ કયારેક અન્યાય આચરે છે. આ સાથીઓ સેવાભાવી એટલે કે નિવૃત્તિની દૃષ્ટિએ તમને મળ્યા છે. તેઓ ભૂલ કરે અને તમે તેમને સુધારવા-ભૂલ દૂર કરાવવા-કાંઇક તપી જાઓ એમાં શાંતિનો ભંગ થતો નથી. તમારા ક્ષેત્ર કરતાં નેહરૂ, સરદાર અને ગાંધીજીનું ક્ષેત્ર કેટલું મોટું છે? એમની સામે ઉપસ્થિત થતા પ્રશ્નો પરત્વે એમને ક્ષણે-ક્ષણે નરમ ગરમ થવું પડે છે. જો તેઓ તમારી કલ્પિત નિવૃત્તિને અનુસરે તો સૌનું શું થાય? કપડામાં જરાક ડાઘ પડે, ધૂળ ચોટે ને તે ધોવું પડે. ધોવાની માથાફોડ અને પંચાત કરવી સારી કે કપડાંને જ ફેંકી દઇ પરિષહસહિષ્ણુ દિગંબર બનવું સારૂં? જો બીજો માર્ગ ઠીક ન લાગે તો કપડાને જ સાફ કરવું રહ્યું. તમે જ્યારે ત્યારે તપી જાઓ એ તો માત્ર સૂકી રજ લાગવા જેવું છે. સતત લોકહિતના કાર્ય દ્વારા જે ચિત્તનો વિકાસ અને શુદ્ધિ થાય છે તેની બિસાતમાં એ રજ કોઇ હિસાબમાં નથી. ખરો સેવાભાવ આવી મુંઝવણમાંથી જ ઘડાય છે. જો વિરોધીઓના હુમલાઓ અને બીજા આક્રમણો વચ્ચે સેવાભાવ-પ્રત્યક્ષ સેવાભાવ-ટકી ન શકે તો એ બ્રહ્મચર્ય માત્ર ચક્રવર્તીના ઘોડાના બ્રહ્મચર્ય જેવું ગણાય. ઘણાં વર્ષ લગી સાધુ અવસ્થામાં અને તે પહેલાં જન્મસંસ્કારમાં માત્ર ઉપદેશમાં સમાતી નિવૃત્તિનો પાઠ તમે અને હું શીખ્યા છીએ. જ્યારે કંઇક મુસ્કેલી ઉભી થાય છે ત્યારે એ જ પાઠ યાદ આવે છે. પણ આ યુગનો સંદેશ જુદો છે અને તે ગાંધીજી પોતાના જીવનનો પ્રત્યક્ષ પદાર્થપાઠ શીખવી આપી રહેલ છે. તમે એમને જ અનુસરી નિવૃત્તિના જુના સંસ્કારો ગાળી નાખવા નવા જ કાર્યક્ષેત્રને વર્યા છો. તેમાં જે સફળતા તમને અનેક વર્ષમાં મળી છે, અને અત્યારે પણ મળી રહી છે તે જ સૂચવે છે કે તમારા ક્ષણિક વિચારો નિરાધાર છે. એટલે તમારે જરા પણ પોતાના ક્ષેત્રથી તટસ્થ વૃત્તિ ધારણ કરવાની જરૂર નથી. ઉલટું આરોગ્ય સાચવી બને તેટલી પ્રવૃત્તિ વિકસવવાની જરૂર છે. કાશીની આસપાસ કે ચૌરીચોરા વગેરેમાં થોડા જ દિવસોમાં કેટલું કામ થયું છે, કેટલાંને રાહત મળી છે, અને છતી સામગ્રીએ ભૂખે મરતા લોકોને કેટલો ટેકો મળ્યો છે એનો જ્યારે હું વિચાર કરૂં છું ત્યારે મને એમ જ લાગે છે કે તમે કરી રહ્યા છો તે જ નિવૃત્તિમય છે.

અલબત્ત, જે નકો થાય તે દ્વારા અન્ન અને વસ્ત્રનું ઉત્પાદન વધારવામાં આવે, જેમ બને તેમ ગામડિયાઓને સ્વાવલંબી બનવામાં મદદગાર થવાય એ જ નકાની સાર્થકતા છે. પોદાર જેવા સલાહકાર મળે, બીજા પણ સંખ્યાબંધ સારા ચાહકો મળે, ગામગામના ભોળા અને લાચાર લોકો તમારી આસપાસ વીંટળાય, સજળ અને વનશ્રીસંપન્ન વિવિધ ક્ષેત્રોમાં વિચરવાનું મળે-આ કાંઇ જેવી તેવી સિધ્ધિ કહેવાય? વચ્ચે કયારેક થાક લાગે કે કંટાળો આવે ત્યારે દયા આદિ પરિવાર પાસે આવી જવું. તમે એટલો તો વિચાર કરો કે પંતજીથી માંડીને ઠેઠ ગામડાના મુખી સુધીના બધા જ અમલદારો એક અથવા બીજી રીતે તમારા કાર્યને આશીર્વાદ રૂપ લેખે છે. એ કાંઇ નાનીસૂની વાત છે? કાંઠે તટસ્થપણે ઉભા રહી સેવાનું કામ કરવાનો સતત શાસ્ત્રબધ્ધ ઉપદેશ આપનાર તો કાશીમાં જ નહીં, પણ દરેક શહેર અને ગામડામાં સંખ્યાબંધ પડયા છે. તમે એમને જોઇ રહ્યા છો. જો ઉપદેશ માત્રથી કામ થતું હોત તો ગાંધીજીની કે બીજા કોઇ નેતાની જરૂર જ ન હતી, અને તમારી પણ જરૂર ન રહે. જાતે પડવા સિવાય-એમાં ઝંપલાવ્યા સિવાય-સેવાનો નિષ્કામ કંટકપથ કદી ચાલવા યોગ્ય નથી બનતો. તેથી તમે જ્યાં છો ત્યાં જ દટાયેલા રહો એ સારૂં છે. સ્વામી સત્યાનંદજીનું તેજ શેમાં છે? બીજા ઘણાય સ્વામીઓ છે. ગણ્યાગાંઠયા સમજદાર સાથીઓ મળે કે મળ્યા હોય તેની મદદથી નવાં નવાં સેવાક્ષેત્રો વિકસાવ્યે જવાં, અને એક સુવ્યવસ્થિત સેવકદળ તૈયાર કરવું. હવે તો અનાજ, વસ્ત્ર આદિ ઉપરાંત બીજી પણ દેશને મદદ જોઇશે, અને તે કવાયતી સેવકોની. તમે છો તે તરફ લોકો સહેજે જ બલવાન અને કસરતી હોય છે. એમની એક વ્યવસ્થિત પલટન, ભલે તે નાની હોય, ઉભી કરવી. એ સિવાય લોકરક્ષણ શકય નથી. તમે અવારનવાર પત્ર લખતા રહો એ મને તો ગમશે જ. તમે આ બાજુ આવ્યા હોત અને અંબાલા કે સંતબાલ પાસે હોત તોય માત્ર મોઢાના ઉપદેશનું કામ નહીં પણ સક્રિય નિવૃત્તિ સેવવાની રહેત. એવી સ્થિતિમાં સંજોગોએ તમારા પુરૂષાર્થને જાગૃત કરી ત્યાં જ સક્રિય નિવૃત્તિક્ષેત્ર ઉભું કરાવ્યું છે તો એનો ઇશ્વરી પ્રસાદ કાં ન લેખો? બીજી રીતે જૂના મનસંસ્કાર સાથે વર્તમાન મનોભૂમિકાને સરખવો તો જણાશે કે પહેલાંની અનિષ્ટ વાસનાઓ કેટલે અંશે સરી ગઇ છે, મન કેટલું બળવાન બન્યું છે, અને અન્યાય સામે તમારો પુણ્યપ્રકોપ કેટલો જાગી ઉઠયો છે? જેનું મન અન્યાય સામે ન જાગે તે જડ જ હોઇ શકે. એ જડતાને તમે બહુ અંશે દૂર કરી છે એમ મને લાગે છે.

સુખલાલ.

પંડિત નેહરૂનું પ્રેરણાદાયી પ્રવચન

[અલ્હાબાદ યુનીવર્સીટીના 'જ્યુબીલી કોન્વોકેશન' પ્રસંગે હિંદી સંસ્થાનના મુખ્ય પ્રધાન પંડિત જવાહરલાલ નેહરૂએ કરેલા પ્રેરણાદાયી પ્રવચનનો નીચે અનુવાદ આપવામાં આવે છે. તંત્રી]

મારી જન્મભૂમિ અલ્હાબાદમાં હું ઘણા લાંબા વખતે આવ્યો છું અને અહિં હું લગભગ પરદેશી જેવો બની ગયો છું. છેલ્લા પંદર મહીનાથી પુરાણા દીલ્હીની આજુએ આવેલ નવી દીલ્હીમાં હું રહું છું. હું જ્યારે આ બન્ને શહેરોનો વિચાર કરૂં છું ત્યારે હિંદના ઇતિહાસનો લાંબો પટ મારી કલ્પના સામે ખડો થાય છે અને એ પટ ઉપર રાજા મહારાજાઓની હારમાળા મારૂં એટલું ધ્યાન ખેંચતી નથી જેટલું પ્રજાના આન્તર જીવનના પ્રવાહો અને પરિવર્તનો, અનેક ક્ષેત્રોમાં તેની સંસ્કૃતિવિષયક પ્રવૃત્તિઓ, તેના આધ્યાત્મિક સાહસો અને પરાક્રમો અને વિચાર તેમ જ આચારના ક્ષેત્રમાં તેના પ્રવાસો મારી નજર ઉપર આવે છે. કોઇ પણ દેશની અને ખાસ કરીને હિંદની પ્રજા મુખ્યત્વે-કરીને ગામડાંઓમાં વસે છે. આમ છતાં પણ મોટા શહેરો જેવી રીતે માનવી જીવનની કેટલીક ગંદી બાજુઓ રજુ કરે છે તેવી જ રીતે પ્રત્યેક યુગની ઉચામાં ઉંચી સંસ્કારસિધ્ધિઓનાં દર્શન પણ આ મોટાં શહેરો જ કરાવે છે. આમ હોવાથી આ શહેરો હિંદના સંસ્કૃતિવિકાસનાં સદીઓજુની સભ્યતા અને સંસ્કૃતિમાંથી ઉદ્ભવ પામેલા બળ અને સંસ્કારપુંજનાં સ્મરણો જાગૃત કરે છે. હિંદ ખાતે આપણને મળેલા આ વારસા વિષે આપણે અભિમાન ધરાવીએ છીએ અને તે ખરેખર યોગ્ય જ છે.

યુનીવર્સીટીઓનું કાર્યક્ષેત્ર

આધુનિક જગતમાં યુનીવર્સીટીઓએ પુષ્કળ બાબતો શિખવવાની હોય છે અને તેની પ્રવૃત્તિનો પ્રદેશ પણ ઉત્તરોત્તર વિસ્તરતો

જાય છે. હું પોતે વિજ્ઞાનનો ઉપાસક છું અને જો આ દુનિયાનો કદિ પણ ઉધ્ધાર થવાનો હોય તો તે ઉધ્ધાર વિજ્ઞાનના અવલંબનથી અને વૈજ્ઞાનિક પધ્ધતિના સ્વીકારથી જ થવાનો છે એમ હું માનું છું. પણ જ્ઞાનના ગમે તે ક્ષેત્રમાં આપણે ગતિમાન થઇએ અને તે ગમે તેટલો લાભદાયી દેખાતો હોય તો પણ તે માટે એક ચોક્કસ પાયો અને યોજના હોવી જ જોઇએ. આવા પાયા અને યોજના સિવાય ઉભી કરવામાં આવેલી શિક્ષણની કોઇ પણ ઇમારત લાંબો વખત ટકી શકે નહિ. આ મૂળભૂત પાયો અને યોજના અને આચાર તેમ જ વિચારને લગતાં મૂળભૂત ધોરણો જે વ્યકિત તેમ જ પ્રજાને ચોક્કસ પ્રકારની વિશિષ્ટતા અને વ્યકિતત્વ આપે છે તે પાયા અને યોજનાના મૂળભૂત તત્વોનું મહત્વ યથાસ્વરૂપે ગ્રહણ કરવાની અને તે ઉપર પુરેપૂરો ભાર મૂકવાની દરેક યુનીવર્સીટી માટે ખાસ જરૂર છે. ખ.સ કરીને અત્યારે કે જ્યારે આચાર-વિચારના જુનાં મૂલ્યોનો આપણે પરિત્યાગ કરી રહ્યા છીએ અને નવાં મૂલ્યોને સ્વીકારી રહ્યા છીએ ત્યારે તો—આજના અત્યન્ત વેગપૂર્વક નિર્માણ પામી રહેલ ક્રાંન્તિના કાળમાં—આ બાબતની ખાસ જરૂર છે.

લોહીલુહાણ આઝાદી

આપણે ત્યાં આઝાદી તો આવી અને તે અત્યન્ત અલ્પ હિંસાપૂર્વક આવી. પણ તરતમાં જ આપણે ત્યાં લોહી અને આંસુઓના સાગર ઉછળી ગયા. આની સાથે જે હીચકારાપણું અને અધમતાનાં આપણે દર્શન કર્યાં તે તો લોહી અને આંસુઓથી પણ વધારે જુગુપ્સાજનક-ધૃણાજનક હતા. તો પછી આપણા ઉંચા આદર્શો અને ધોરણો કયાં ગયા ? આપણી પુરાણી સંસ્કૃતિ કયાં ગઇ ? જે માનવતા અને આધ્યાત્મિકતા ઉપર હિંદ ભૂતકાળમાં ટકી રહેલ હતું તે માનવતા અને આધ્યાત્મિકતા કયાં ઓસરી ગઇ ? આ ભૂમિ ઉપર એકાએક અંધકાર ફેલાઇ ગયો અને લોકો પાગલ બની બેઠા. ભય અને ધિક્કારે આપણા ચિત્તને બહેરું બનાવી દીધું અને કોઇ પણ સભ્યતા પાછળ જે સંયમ અને મર્યાદાના ખ્યાલો રહેલા હોય છે તે એકાએક લુપ્ત થઇ ગયા. કતલ, જનમાલની ખુવારી અને સ્ત્રીઓનાં અપહરણની ઘટનાઓ ગુણાકારના વેગે વધવા લાગી અને માણસો એકમેક પ્રત્યે આટલા જંગલી હેવાન બની શકે છે એ જોઇને આપણે એકાએક સ્તબ્ધ બની ગયા-અવાક્ થઇ ગયા. માનવતાના દીવડાઓ સર્વત્ર ઓલવાઇ જતા દેખાયા, પણ થોડાક દીવડાઓની જ્યોત આ ભયાનક તોફાનમાં પણ સળગતી રહી. જેઓ મરી ગયા, અને જેઓ હજુ મરી રહ્યા છે અને જેઓ જીવતા હોવા છતાં મૃત્યુ કરતાં પણ વધારે કાતિલ વેદનાઓ—યાતનાઓ—ભોગવી રહ્યા છે તે સર્વ માટે આપણે ગમગીન બન્યા. આ કરતાં પણ વધારે ગમગીની હિંદ માટે—જેની આઝાદી માટે આટલા લાંબા વર્ષોથી આપણે જહેમત ઉઠાવી રહ્યા હતા તે આપણી માતૃભૂમિ માટે—આપણે અનુભવી.

એક અંખડ પ્રજવલિત દીવાદાંડી.

દીપકો ચોતરફ બુઝાઇ રહ્યા હતા. પણ એક ઉજ્જવળ દીવાદાંડી અખંડપણે સળગી રહી હતી અને આસપાસના અંધકાર-તિમિરમાં પોતાનો પ્રકાશ ફેંકી રહી હતી, અને એ દીવાદાંડીને જોઇને આપણાં બળ અને આશા પુનર્જીવિત થયાં અને ગમે તેવી ભયંકર આફત આપણા લોકો ઉપર ઉતરી આવે તો પણ હિંદનો એક એવો જીવતો જાગતો અને પ્રાણવાન આત્મા છે કે જેને વર્તમાનકાળની કોઇ અનવસ્થા કે અરાજકતા આવરી શકે તેમનથી અને જેને અદ્યતન કોઇ પણ નાની મોટી ઘટનાઓ વિકૃત કરી શકે તેમ નથી. એમ આપણને ભાન થયું. આ મહિનાઓ દરમિયાન ગાંધીજીનું આપણી વચ્ચે હોવું કેટલું બધું ઉપકારક બન્યું છે તેનો તખારામાંથી કેટલાને ખરો ખ્યાલ હોવા સંભવ છે ? છેલ્લા પચ્ચાસ વર્ષ દરમિયાન હિંદને તેમણે કેટલી ભવ્ય સેવાઓ આપી છે અને આઝાદી મેળવવામાં તેમણે કેટલી મદદ કરી છે એ તો આપણે સૌ બરાબર જાણીએ છીએ. પણ જ્યારે જાણે કે પ્રલયકાળ આવ્યો હોય એવા ભયાનક અનવસ્થાકાળ દરમિયાન તેઓ પોતાના આદર્શને-ધ્યેયને-કૂટસ્થ માફક વળગી રહ્યા હતા અને સત્યની દીવાદાંડી માફક પ્રકાશી રહ્યા હતા અને સત્યમાર્ગ અને પુરૂષાર્થનું દર્શન કરાવતો તેમનો સુદૃઢ ધીમો અવાજ લોકોના ટોળાંના ધુમરાટ ઉપર થઇને પણ સંભળાયા કર્યો હતો તે છેલ્લા ચાર માસ દરમિયાન તેમણે બજાવેલી સેવાની તોલે કોઇ પણ તેમની આગળની સેવા આવી શકે તેમ નથી. અને આ ઉજ્જવળ દીવાદાંડીની ઝળહળતી જ્યોતના કારણે જ હિંદના અને તેની પ્રજાના ભાવી વિષેની આપણી આશાઓ આપણે ગુમાવી શકતા નથી. અને એમ છતાં પણ આસપાસનો ભયાનક ઝંઝાવાત ભારે ચિન્તા ઉપજાવે તેવો તો હતો જ. જ્યારે આઝાદીના સૂર્યનો ઉદય થયો છે ત્યારે આપણે આ ઝંઝાવાતથી જરા પણ હતાશ થવું ન જોઇએ. આ પાયાની બાબતો ઉપર બે ઘડી શાન્તિથી વિચાર કરવાની આપણા માટે અને ખાસ કરીને જુવાન ભાઇ બહેનો માટે ખાસ જરૂર છે, કારણ કે હિંદનું ભાવી હિંદના વર્તમાનદ્વારા ઘડાઇ રહ્યું છે અને હિંદના લાખો નરનારીઓ જેવું ભાવીનિર્માણ ઇચ્છશે તેવું જ હિંદનું ભાવીનિર્માણ થવાનું છે. આજે ચોતરફ વિચારોનું હું સાંકડાપણું, અસહિષ્ણુતા, જડતા અને પ્રમાદ જોઇ રહ્યો છું અને તેથી હું ખુબ ભડકું છું.

નાઝીવાદ અને ફાસીસ્ટવાદ

આપણે હજુ હમણાં છેલ્લા મહાન વિશ્વવિગ્રહમાંથી પસાર થયા છીએ. તે લડાઇમાંથી આજે સુલેહશાંતિ અને આઝાદી જન્મ પામી છે, પણ તે ઉપરાંત તેમાંથી આપણે બીજું પણ ઘણું શિખવા-સમજવાનું રહે છે. એ લડાઇએ જે 'ફેસીઝમ' અને 'નાઝી-ઝમ'ના નામથી ઓળખાતાં હતાં. તેવા ચોક્કસ પ્રકારના આપખુદ તંત્રોનું પણ વિસર્જન કર્યું છે. આ બન્ને તંત્રો અને તે પાછળની વિચારણા સંકીર્ણ ભાવનાથી ભરેલી હતી, માયાભારી હતી અને ધિક્કાર અને હિંસા ઉપર રચાયલી હતી. મેં તે તે દેશોમાં તેમ જ અન્યત્ર પણ આ પ્રકારની રાજ્યરચનાના વિકાસનું નિરીક્ષણ કર્યું છે. તે દ્વારા શરૂઆતમાં તે તે દેશની પ્રજાને ચોક્કસ પ્રતિષ્ઠા અને પ્રભુત્વ થોડા સમય માટે પ્રાપ્ત થયાં હતાં પણ તેણે માનવીના આત્માને કચરી નાંખ્યો હતો અને જીવનનાં વાસ્તવિક મૂલ્યો અને વિચાર-આચારનાં સભ્ય ધોરણોનો નાશ કર્યો હતો. જે પ્રજાને તે તંત્ર દ્વારા ઉંચે લઇ જવાની અપેક્ષા રાખવામાં આવી હતી તે પ્રજાના વિનાશ સાથે તે પ્રકારની તંત્રરચનાનો અન્ત આવ્યો છે.

હિંદમાં પણ એ જ નાઝીઝમનો નવા સ્વરૂપે ઉગમ

આમ છતાં પણ આજે હિંદ ખાતે આવું જ કાંઇક તત્વ વિકાસ પામી રહ્યું હોય એમ હું જોઇ રહ્યો છું. આ નવી વિચાર-સરણીને કદિ રાષ્ટ્રીયતા તો કદિ ધર્મ અને સંસ્કૃતિના નામે વટાવવામાં આવે છે, પણ ખરી રીતે રાષ્ટ્રીયતા, સાચી નીતિ અને ખરી સંસ્કૃતિની તે કેવળ વિરોધી છે. કેટલાંક વર્ષોથી આપણી પ્રજાના અમુક વિભાગના સાંકડા કોમીવાદનો તેમ જ દ્વેષાભત્સર અને હિંસાથી ભરેલી કાર્યપધ્ધતિનો આપણે સામનો કરી રહ્યા હતા. આજે એ વર્ગ હિંદના અમુક ભાગમાં પોતાનું સ્વતંત્ર અને સ્વાધીન રાજ્ય ઉભું કરવાની મુરાદમાં સફળ થયેલ છે. મુસ્લીમ કોમીવાદ જેણે આજ સુધી હિંદની આઝાદીને જોખમાવવાનું અને જાત જાતના અન્તરાયો ઉભા કરવાનું જ કાર્ય કર્યું છે તે આજે એક રાજ્યતંત્રના નામે પોતાની જાતને ઓળખાવી રહેલ છે. હિંદમાં આજે એ કોમીવાદ એક જીવન્ત શકિત તરીકે કામ કરતો બંધ થયેલ છે, કારણ કે આજે તેની સર્વ તાકાત દેશના અન્ય ભાગોમાં કેન્દ્રિત કરવામાં આવી છે. પણ તે કોમીવાદ પ્રજાના બીજા વર્ગોનું

પણ માનસિક અધઃપતન નિર્માણ કરવામાં સફળ થયો છે. આ વર્ગો પણ મુસ્લીમ કોમીવાદની નકલ કરવાનો અને તેથી પણ આગળ જવાનો પ્રયત્ન સેવી રહ્યા છે. હિંદમાં પણ જો કે જુદા શબ્દોમાં પણ એવા જ પ્રકારનું કોમી રાજ્ય ઉભું કરવાનો પોકાર સંભળાઈ રહ્યો છે અને માત્ર કોમી રાજ્યની જ માંગણી કરવામાં આવે છે એમ નથી, પણ રાજકારણી તેમ જ સામાજિક તથા સંસ્કૃતિવિષયક સર્વ ક્ષેત્રોમાં એ જ પ્રકારની સાંકડી અને પ્રજા સમસ્તના પ્રાણનું રૂંધન કરતી માંગણી આગળ ધરવામાં આવે છે.

હિંદનો ઇતિહાસ શું શિખવે છે?

આપણે જ્યારે હિંદના લાંબા ઇતિહાસ ઉપર નજર નાંખીએ છીએ ત્યારે આપણને માલુમ પડે છે કે જ્યારે જ્યારે આપણા પૂર્વજોએ વિશાળ દુનિયાને ખુલ્લી આંખો વડે અને નિર્ભયતાપૂર્વક નિહાળવાનો પ્રયત્ન કર્યો છે અને અન્ય દેશોની વિશેષતાઓ ઝીલવા માટે અને આપણી વિશેષતાઓ અન્ય દેશોમાં વહેતી કરવા માટે પોતાનાં મનનાં દ્વાર ખુલ્લા રાખ્યા છે ત્યારે ત્યારે આપણે અદ્‌ભુત પ્રગતિ સાધી શકયા છીએ અને પાછળના કાળમાં જ્યારે આપણા પુર્વજોનું દૃષ્ટિકોણ સાંકડું થવા લાગ્યું અને બહારની અસરોથી પોતાની જાતને બચાવી લેવાનો પ્રયત્ન તેઓ સેવવા લાગ્યા ત્યારે હિંદ રાજકારણી તેમ જ સાંસ્કૃતિક દૃષ્ટિએ પાછું પડવા માંડયું હતું. જો કે આપણને મળેલા વારસાનો ઘણી વાર આપણે દુરૂપયોગ કર્યો છે એમ છતાં પણ આપણને મળેલો આ સાંસ્કૃતિક વારસો કેટલો ભવ્ય, કેટલો અદ્‌ભુત છે? હિંદ અનેક યાતનાઓ, આફતો અને સંકટોમાંથી પસાર થયું છે એમ કહતાં પણ હિંદ એક પ્રાણુવાન પ્રજા હતી અને આજે પણ એક પ્રાણવાન પ્રજા છે. રચનાત્મક અને સર્જનાત્મક પ્રયત્નોના પ્રદેશમાં તેણે દાખવેલી ચેતનાનું પ્રભુત્વ એશીઆના બીજા વિભાગો ઉપર પણ વિસ્તર્યું છે અને તે તે દેશો ઉપર તેણે અદ્‌ભુત વિજય સાધ્યો છે. આ વિજય તરવારના જોરે સધાયલા અન્ય પ્રજાના શરીર ઉપરનો વિજય નહોતો, પણ જે વિજય જીતાયલા દેશોને પણ નવી તાજગી અને તાકાત બક્ષે છે અને જ્યારે તરવાર ધારણ કરતા સરદારો અને તેમનાં પરાક્રમો વિસરાઇ ગયા હોય છે ત્યારે પણ જે વિજય ટકી રહે છે એવો લોકોનાં મન અને હૃદયને જીતી લેતો હિંદી સંસ્કૃતિનો આ વિજય હતો. પણ એ જ ચેતના–પ્રાણમયતા–સાચે રસ્તે, અને સર્જનાત્મક રીતે વાપરવામાં ન આવે તો તેનું વિપરીત પરિણામ પણ આવે છે અને તેમાંથી પ્રજાનો નાશ અને અધઃપતન સરજાય છે.

આપણી આ દુઃખી જીંદગી દરમિયાન પણ, રચનાત્મક તથા સર્જનાત્મક પ્રયત્નની શકિત અને વિનાશના માર્ગે લઇ જતા પ્રયત્નોની શકિત–આ બન્ને આપણે હિંદમાં ક્રિયમાણ સ્વરૂપે નિહાળી રહ્યા છીએ. છેવટે કોનો જય થશે? અને આપણે કઇ બાજુએ છીએ? આપણ સર્વ માટે અને ખાસ કરીને જેમનામાંથી દેશનેતાઓ નિર્માણ થવાના છે અને જેમના ઉપર આવતી કાલની જવાબદારીઓનો બોજો આવી પડવાનો છે તેમના માટે આ એક અતિ અગત્યનો પ્રશ્ન છે. આપણાથી આજે કોરે ઉભા રહેવાનું અને આ પ્રશ્નને લગતી પરિસ્થિતિના સામનાનો ઇનકાર કરવાનું બની શકે જ નહિ. જ્યારે વિશદ વિચારણા અને સંગીન કાર્યની તત્કાલ આવશ્યકતા છે ત્યારે ક્રોધ અને ધિક્કારને આપણા ચિત્તમાં સંઘર્ષ કરવાનું પણ આપણને પરવડે નહિ.

* * *

યુનીવર્સીટીનું ધ્યેય

માનવતા, સહિષ્ણુતા, બુદ્ધિપૂર્વકની વિચારણા, પ્રગતિશીલતા, વિચારસાહસિકતા અને સત્યનું સંશોધન–આવાં તત્વો સિદ્ધ કરવા, ઉત્તેજવા, લોકજીવનમાં ઉતારવા એ જ કોઇપણ યુનીવર્સીટીનો હેતુ હોઇ શકે. વધારે ને વધારે ઉદાત્ત આદર્શોની સિદ્ધિ તરફ માનવજાતને લઇ જવી એજ યુનીવર્સીટીનું ધ્યેય હોવું જોઇએ. જો યુનીવર્સીટીઓ પોતાનું કાર્ય યોગ્ય રીતે બજાવે તો પ્રજાનું અને લોકોનું જરૂર કલ્યાણ જ થાય. પણ આ સરસ્વતીનું મંદિર જો સંકીર્ણ ધર્માંધતાનું અને સાંકડા હેતુઓ સાધવાનું કેન્દ્ર બની જાય તો પ્રજાનો કદિ ઉત્કર્ષ નહિ થાય અને બાહ્ય તેમ જ અંતરંતર કોઇ પણ પ્રકારનો વિકાસ સિદ્ધ થઇ ન શકે.

યુનીવર્સીટીની જવાબદારી

આગ હોવાથી યુનીવર્સીટી અને દેશની અન્ય શિક્ષણસંસ્થાઓના માથે એક બહુ મોટી જવાબદારી રહે છે. અને સદા જાગ્રત રહેવું, અંદરની જ્યોતને સદા પ્રજ્વલિત રાખવી, અને જ્યારે રાગદ્વેષ, ક્રોધ, અને વૈરનાં વાવાઝોડાં વાવા માંડે અને લોકોને મુંઝવવા લાગે અને બીજાઓની સામે સાચો દાખલો રજુ કરવો એવી જેની ફરજ ગણાય એવામાંથી પણ કેટલાકની આંખે અંધારાં આવે ત્યારે પણ સત્ય માર્ગેથી લેશ માત્ર વિચલિત ન થવું–એ આ યુનીવર્સીટી અને અન્ય શિક્ષણસંસ્થાઓના સંચાલકોનો અનિવાર્ય ધર્મ બને છે. કુટિલતાથી અથવા તો ખોટા કાર્યથી સારૂં પરિણામ નિપજશે એવી આશાએ ખોટા માર્ગે ચાલવાથી અને અસત્ય સાથે મહોબ્બત કરવાથી આપણે આપણા ધ્યેયને કદિ પહોંચી શકીશું નહિ. સાચું ધ્યેય ખોટા સાધનો વડે કદિ પણ પૂર્ણપણે સધાવું શકય નથી.

ભાવી હીંદ કેવું હશે?

આપણા રાષ્ટ્રીય હેતુઓ વિષે આપણા મનમાં પુરી સ્પષ્ટતા હોવી જોઇએ. આપણે એક એવા બળવાન, સ્વતંત્ર અને લોકશાસિત હિંદને ઉભું કરવા માંગીએ છીએ કે જે હિંદમાં દરેક નાગરિકને સામાન દરજ્જો અને આત્મવિકાસ અને સેવા કરવાની સમાન તક હોવી જોઇએ, જે હિંદમાં આજની આર્થિક તેમ જ સામાજિક અસમાનતાઓ નાબુદ થવી જોઇએ, જે હિંદમાં આપણી સર્વ મૌલિક શકિતઓ સર્જક અને સહકારી પ્રયત્નો પાછળ ક્રિયમાણ થવી જોઇએ. આવા હિંદમાં કોમીવાદ, અલગવાદ, ચોકાવાદ, અસ્પૃસ્યવાદ, ધર્માંધતા, અને માણસનું માણસના હાથે થતું શોષણ–આ સર્વને લેશમાત્ર સ્થાન હોવું ન જોઇએ; અને જો કે ધાર્મિક સ્વાતંત્ર્ય જરૂર હોવું જોઇએ એમ છતાં પણ એ ધર્મો અને સંપ્રદાયોને પ્રજાજીવનની રાજકારણી અને આર્થિક બાબતોમાં દખલગીરી કરવાનો બીલકુલ હકક હોવો ન જોઇએ. જો આમ છે તો હિંદુ અને મુસલમાન અને ખ્રીસ્તી અને શીખની કોમી પ્રવૃત્તિઓ રાજકીય જીવન પુરતી એકદમ બંધ થવી જોઇએ અને આપણે સંયુક્ત અને એમ છતાં સુગ્રથિત એવું એક રાષ્ટ્ર ઉભું કરવું જોઇએ કે જેમાં વ્યકિતની તેમજ આખી પ્રજાની સ્વતંત્રતા સર્વ પ્રકારે સુરક્ષિત હોય. આપણે અત્યન્ત કષ્ટદાયી યાતનાઓ અને કસોટીમાંથી પસાર થયા છીએ. આપણે એ કસોટીમાંથી પાર ઉતર્યા છીએ પણ તેનો દંડ બહુ ભારે આપવો પડયો છે. વળી ભયત્રસ્ત માનસવાળા અને કુંઠિત આત્મા ધરાવતા સંખ્યાબંધ પ્રજાજનોનો જે આપણને વારસો મળ્યો છે તે વારસો પણ કંઇ કાળ સુધી આપણી પ્રગતિ અને વિકાસને જ્યાં ત્યાં રૂંધ્યા કરવાનો છે. આપણો કસોટીકાળ હજુ ખતમ થયો નથી. આપણે સામે આવતા સંકટોનો અને આફતોનો બહાદુરીપૂર્વક સામનો કરીએ અને તે માટે આપણે આપણી જાતને એવી બળવાન અને ધૈર્યવાન અને શિસ્તબધ્ધ બનાવીએ કે જેથી આપણે સત્ય માર્ગથી કોઇ કાળે ચળાયમાન ન થઇએ અને આપણા આદર્શ અને ધ્યેયને ક્ષણભર પણ ભુલવા ન પામીએ. પડેલાં જખમો રૂઝવવાનું કામ આપણે શરૂ કરવાનું છે અને આપણે નવું ઘડતર અને નવનિર્માણ પણ આરંભવાનું છે. હિંદનો આજનો વ્રણવિધ્ધ દેહ અને શોકકલાન્ત આત્મા આ મહાન કાર્ય પાછળ આપણી પોતાની જાતનું અર્પણ કરવાનું આપણ સર્વને આવ્હાહન કરી રહેલ છે. આ ભગીરથ કાર્યને પહોંચી વળવાની અને હિંદના ગૌરવને વધારવાની આપણામાં તાકાત અને યોગ્યતા પ્રગટો!

મૂળ અંગ્રેજી : **પંડિત જવાહરલાલ નેહરૂ**
અનુવાદક : **પરમાનંદ**

अरिहंत शब्दनो सादो उपयोग

કેટલાક પ્રાચીન શબ્દો એવા છે કે જ્યારે તે શબ્દો નવા જ પેદા થયા ત્યારે તેમનો ઉપયોગ ઘણો સાદો અને સરળ હતો તથા તેમનો અર્થ પણ એવો જ સાદો અને સરળ હતો, પણ પાછળથી એ સાદા અને સરળ શબ્દો વધારે પડતા અટપટા થઇ ગયા અને તેમનો અર્થ પણ વિશેષ આંટીઘૂંટીવાળો અને અતિશય અલંકારમય બની ગયો. **અરિહંત, તીર્થંકર** વગેરે શબ્દો એ પ્રકારના છે. પ્રાચીન સમયમાં આ શબ્દો સર્વસાધારણની વપરાશમાં હતા, ત્યારે પાછળથી આ શબ્દોનો ઉપયોગ અમુક સંપ્રદાયમાં જ રૂઢ થઇ ગયો અને તે એટલે સુધી કે એ સંપ્રદાય સિવાય બીજો કોઇ એ શબ્દને ન વાપરી શકે અને કદાચ વાપરે તો સામેનો સંપ્રદાય જરૂર રોષે ભરાય, કેમ જાણે એણે અમુક શબ્દો વાપરવાનો ઇજારો ન રાખ્યો હોય.

હમણાં કોઇ એમ કહે કે ગાંધીજી એક તીર્થંકર છે તો આ વાકય સાંભળતાં જ જૈનો ક્ષણ પણ વિચાર કર્યા વિના જ રોષે ભરાવાના અને યદ્વાતદ્વા બોલવા કે લખવા માંડવાના. આમ થવાનું કારણ એ છે કે જૈનો આ શબ્દનો મૌલિક અર્થ સમજતા નથી અને પોતે જે અર્થમાં એ શબ્દને વાપરે તે જ તેનો ખરો અર્થ છે એવી તેમની સમજ હોય છે જે સર્વથા પ્રમાણિક નથી હોતી.

તીર્થંકરનો મૌલિક અર્થ તીર્થને કરનાર. તીર્થ એટલે તરવાનો ઘાટ વા તરીને જ્યાં પહોંચી શકાય તે સ્થાન અથવા તરવામાં સાધનભૂત સામગ્રી. સંસારને પ્રાચીન લોકોએ સાગરની સાથે સરખાવેલ છે. આ સંસારસાગરને તરીને જ્યાં કાંઠે પહોંચી શકાય વા જે વડે કાંઠે પહોંચી શકાય તેનું નામ તીર્થ અને તે જેણે કર્યું હોય તે તીર્થંકર અથવા તીર્થંકર.

આત્મવાદને માનનારા તમામ પ્રાચીન લોકોએ નિર્વાણને પરમ લક્ષ્ય માનેલ છે અને એ નિર્વાણને પહોંચવાના જુદા જુદા અનેક માર્ગો પોતપોતાના અનુભવ પ્રમાણે બતાવેલા છે. જ્યારે જુના લોકોએ બતાવેલો એક માર્ગ રૂઢ થઇ ગયા જેવો થઇ જાય, લોકોની શકિતને વિકસાવી ન શકે અને એક ટેવ જેવો એ બની જાય ત્યારે લોકોને આગળ લઇ જવા એ પ્રાચીનલોકો પૂર્વના માર્ગને દૂર કરીને તેને સ્થાને નવો માર્ગ બતાવે છે અને એ માર્ગે જવા આમ જનતાને દોરે છે–જેઓ આ નવો માર્ગ બતાવનારા અને એ માર્ગે દોરનારા છે તેઓ માટે તીર્થંકર શબ્દ બરાબર બંધ બેસે છે. 'બુદ્ધ ભગવાનને' તીર્થંકરો કેટલા છે ?' એ પ્રશ્ન પૂછતાં તેનો જે જવાબ પાલિત્રિપિટકોમાં નોંધાયેલો છે તે જોતાં તીર્થંકરનો જે અર્થ આગળ બતાવેલ છે તે બરાબર સમુચિત છે એમ કહ્યા સિવાય ચાલતું નથી, ત્રિપિટકમાં એવા છ તીર્થંકરો હોવા વિશે ઉલ્લેખ છે. ૧ બુધ્ધ પોતે. ૨ જ્ઞાતપુત્ર નિગ્ગંઠ મહાવીર સ્વામી ૩ મકખલિપુત્ર ગોશાલક ૪ અજિતકેશકંબલી. ૫ સંજય વેલટ્ઠિ પુત્ર અને ૬ પૂરણકાશ્યપ. બુધ્ધના સમયમાં આ છ તીર્થંકરો હતા એમ સ્પષ્ટ શબ્દોનાં ત્રિપિટકોમાં વારંવાર ઉલ્લેખો મળે છે. આ છએ જણા પોતપોતાની દૃષ્ટિએ જનતાને દોરતા હતા અને ચાલુ ચીલામાંથી ખસેડી નવે માર્ગે જવાનું કહેતા હતા. માટેજ એ છએને 'તીર્થંકર' શબ્દથી સંબોધેલા છે. આ જોતાં ધર્મના ચીલામાંથી ચ્યુત થયેલી જનતાને નવે ચીલે લઇ જવા ભગીરથ પ્રયત્ન કરતા ગાંધીજી પણ 'તીર્થંકર' કેમ ન કહેવાય ? જે અર્થમાં અને જે અલંકારમય પરિભાષામાં જૈનો તીર્થંકર શબ્દને વાપરે છે તે અર્થને જવા દઇએ તો 'તીર્થંકર' શબ્દ તેના મૌલિક અર્થમાં ગાંધીજીને બરાબર બંધ બેસે છે એમ કહેવામાં કશી ભૂલ કે શંકાને સ્થાન છે ખરૂં ? અસ્તુ ! પ્રસ્તુતમાં તીર્થંકરની પેઠે જ **અરિહંત** શબ્દનો વિચાર કરવાનો છે : 'अरिह' ધાતુ દ્વારા 'अरिहंत' શબ્દ બનેલો છે. સંસ્કૃતનો પ્રાકૃત 'अर्ह' ધાતુ એ 'अरिह' ધાતુ સાથે સરખાવી શકાય અને 'अर्हत्' શબ્દને 'अरिहंत' શબ્દ સાથે સરખાવી શકાય. 'अरिह' કે 'अर्ह' ધાતુનો મૂળ અર્થ પૂજા છે એટલે જે પૂજા કરે–આદર કરે વા સેવા કરે તે 'अरिहंत' વા 'अर्हत्' આ અર્થ 'अरिहंत' શબ્દનો મૌલિક કહેવાય અને ધાત્વર્થ પ્રમાણે વ્યુત્પત્તિની દૃષ્ટિએ પણ ઉચિત ગણાય. જેમને માટે अर्हत् કે अरिहंत શબ્દ વપરાયેલ તેઓ બુધ્ધ કે મહાવીર વગેરે મહાપુરૂષો પોતાના આત્માના પૂજક જ હતા અથવા સમગ્ર જનતાના સેવકો જ હતા અને એ દૃષ્ટિએ જ તેઓ अर्हत् વા अरिहंत કહેવાયા હતા, જે સર્વ રીતે બરાબર સમુચિત હતું. પણ પાછળથી પાણીનિ વગેરે વૈયાકરણોએ એ 'अर्हत्' વા 'अरिहंत' શબ્દનો વ્યુત્પત્તિની અપેક્ષાએ થતો મૌલિક અર્થ જતો કરેલ છે અને કેવળ એક સ્તુત્ય એટલે 'સ્તુતિને યોગ્ય' વા 'વખાણને યોગ્ય' એવા અર્થમાં એ શબ્દને રૂઢ કરેલ છે.

પ્રાકૃત 'अरुह' અને પ્રાકૃત 'अरिह' બન્ને ધાતુ સમાન અર્થમાં છે, સંસ્કૃત अर्च અને अर्ह પણ એક સરખા જ અર્થને સુચવે છે. ઋગ્વેદના દસમા મંડળના ૭૭ માં સૂકતમાં 'अर्ह' ધાતુ પૂજા અર્થમાં વપરાયેલ છે. આ જોતાં 'अर्ह' ધાતુનો એ અર્થ ઘણો જ પ્રાચીન ગણાય. એટલે મારી દૃષ્ટિએ તો 'अर्हत्' શબ્દનો મૌલિક વ્યુત્પત્યર્થ જ વિશેષ પ્રામાણિક કહેવાય. બૌધ્ધ ગ્રંથોમાં બુધ્ધ માટે 'अरहत' શબ્દ વપરાયેલ. જૈન ગ્રંથોમાં अरहंत अरुहंत, કે अरिहंत એવા ત્રણ શબ્દો મળે છે છતાં તેમના મૂળમાં પૂજાઅર્થનો સૂચક ઉકત 'अरिह' ધાતુ જ છે. આપસ્તંબ ગૃહ્યસૂત્રમાં ઉપાધ્યાય વા અધ્યાપક માટે 'अर्हंत' શબ્દ વપરાયેલ છે. આ રીતે ઘણા પ્રાચીન સમયથી વપરાતા આવતા આ શબ્દનો અર્થ સરળ સાદો ચાલતો આવેલ છે અને તેનો 'સ્તુત્ય' અર્થ પણ જે રૂઢ છે–સાદો અને સરળ છે. જૈન પરિભાષામાં પણ ઘણા જુના સમયમાં એ શબ્દ તદ્દન સાદો અને સરળ અર્થ પ્રચલિત હતો. ઋષિભાષિત નામના જૈન પરંપરાપ્રસિદ્ધ અતિ પ્રાચીન ગ્રંથમાં પણ એ શબ્દ એવા જ સાદા સરળ અર્થમાં વારંવાર વપરાયેલ છે. ઋષિભાષિત નામના ગ્રંથનો ઉલ્લેખ સ્થાનાંગ જેવા પ્રાચીન અંગ ગ્રંથમાં અને નંદી સૂત્રમાં પણ મળે છે. એ જોતાં એ પુસ્તક ઓછામાં ઓછું વિક્રમના છઠ્ઠા સૈકાનું તો હોવું જોઇએ. એ જોતાં 'अर्हत' નો સરળ અને સાદો અર્થ તો એથી યે વિશેષ પ્રાચીન હોય એમાં શી નવાઇ ? પછીના જૈન સાહિત્યમાં જેમને મિથ્યાત્વી અને ગુરૂદ્રોહી તરિકે ગણાવેલા છે એવા લોકો માટે પણ એ ઋષિભાષિત ગ્રંથમાં 'अरहत' શબ્દનો ઉપયોગ આ પ્રમાણે સ્પષ્ટ રીતે થયેલ છે. મંખલિપુત્ર માટે પાછલા જૈન ગ્રંથોમાં અતિશય નિંદનીય ઉલ્લેખો આવેલા છે તેના કારણ વિશેષપણ તરીકે ઋષિભાષિતમાં 'अरहत' શબ્દનો ઉપયોગ થયેલ છે. એજ રીતે શાકયપુત્ર બુધ્ધ માટે. દ્વૈપાયનઋષિ માટે, યાજ્ઞવલ્કયને માટે, દેવનારદ માટે, વજ્જિયપુત્ર સારૂ અને માતંગઋષિને માટે પણ 'अरहत' શબ્દનો ઉપયોગ એ ગ્રંથમાં વિના સંકોચે કરાયેલ છે. જે રીતે એ ગ્રંથમાં એ ઉલ્લેખો થયેલા છે તે આ પ્રમાણે છે.

मूळ

देवनारदेण अरहता इसिणा बुइयं ।
मंखलिपुत्तेण अरहता इसिणा बुइयं ।
जन्नवक्केण अरहता इसिणा बुइयं ।
वज्जिपुत्तेण अरहता इसिणा बुइयं ।
मातंगेण अरहता इसिणा बुइयं ।
सातिपुत्तेण बुद्धेण अरहता इसिणा बुइयं ।
दीवायणेण अरहता इसिणा बुइयं ।
पासेण अरहता इसिणा बुइयं ।
वद्धमाणेण अरहता इसिणा बुइयं ।

ભગવાન મહાવીર અને મહાત્મા ગાંધીજી

[આ વખતની પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન તા. ૧૫-૯-૪૭ ના રોજ શ્રી. પરમાનંદ કુંવરજી કાપડીઆએ 'ભગવાન મહાવીર અને મહાત્મા ગાંધીજી' એ વિષય ઉપર આપેલ વ્યાખ્યાનની તેમણે પોતે જ તૈયાર કરી આપેલી નોંધ નીચે પ્રગટ કરવામાં આવે છે. તંત્રી]

આજ કાલ આજના વ્યાખ્યાનવિષય ઉપર છાપાઓમાં ઘણી ચર્ચા આવે છે. આ સર્વ ચર્ચાપત્રો મારા જોવામાં આવ્યા નથી. આમ છતાં પણ આ વિષયે જે ચર્ચારસ જગાડયો છે તે જોતાં આ વિવાદાસ્પદ વિષય ઉપર, મને એમ થયું કે, હું પણ મારૂં દૃષ્ટિબિન્દુ રજુ કરૂં એમ સમજીને આજે મેં આ વિશય ઉપર બોલવાની હીંમત કરી છે. અલબત્ત મારે કબુલ કરવું જોઇએ કે આ બન્ને મહાપુરૂષો સંબધે પ્રમાણભૂત વિવેચન કરવાનો મારો કોઇ વિશિષ્ટ અધિકાર નથી. તદુપરાન્ત ભગવાન મહાવીરનું ચરિત્ર કે જૈન આગમોનો હું કોઇ મોટો અભ્યાસી નથી. ગાંધીજીની આજ સુધીની લાંબી જીવનચર્યાનો પણ મેં કોઇ ઝીણવટથી અભ્યાસ કર્યો નથી. એમ છતાં પણ મહાપુરૂષોનાં પોતાને આવડે તેવાં ગુણગાન કરવાનો સૌ કોઇને અધિકાર છે અને આજના મારા વ્યાખ્યાનનો મુખ્ય હેતુ તો ખાસ કરીને તે જ છે.

ભગવાન મહાવીર વિષે સાંપ્રદાયિક નિરૂપણ

જૈન સંપ્રદાયમાં, જૈન ધર્મશાસ્ત્રોમાં તેમ જ જૈન સાહિત્યમાં ભગવાન મહાવીરના જીવનનું જે પ્રકારે નિરૂપણ કરવામાં આવ્યું છે તે અનેક પ્રકારની અદ્‌ભૂતતાઓ, બાહ્ય વિભૂતિઓ, દિવ્ય ચમત્કારો અને દેવદેવીઓના ગમનાગમનથી ભરેલું છે. ભગવાન મહાવીરનું દેવાનંદાની કુક્ષિમાંથી હરિણૈગમિષી નામના એક દેવના હાથે અપહરણ અને ત્રીશલા માતાના ઉદરમાં આરોપણ એક અશ્રુત-પુર્વ ઘટના છે. ગર્ભાવાસથી જ ભગવાનને મતિ, શ્રુત અને અવધિ એમ ત્રણ પ્રકારનાં જ્ઞાન હોય, ગર્ભાવસ્થામાં જ માતાને દુઃખ ન થાય એ સમજણથી ભગવાન પોતાના શરીરનું હલનચલન બંધ કરે, વળી આ જ કારણે ઉભી થયેલી માતાની ચિંતા વ્યાકુળતા જાણીને પગનો અંગુઠો હલાવે અને ત્યારથી જ માતાપિતાના જીવન દરમિયાન સંસાર નહિ છોડવાની ભગવાન પ્રતિજ્ઞા કરે, ભગવાનનો જન્મ થાય અને ઇન્દ્રાદિ દેવો આવી ભગવાનને મેરૂપર્વત ઉપર લઇ જાય અને તેમનું પૂજાપ્રક્ષાલન કરે, અને ભગવાનના શકિતસામર્થ્ય વિષે શંકા ધરતા દેવોના મનનું સમાધાન કરવા માટે ભગવાન પગનો અંગુઠો હલાવીને આખા મેરૂપર્વતને કંપાયમાન કરે–આ બધી ઘટનાઓ કોઇ પણ સામાન્ય માનવીના જીવનમાં શકય કે સંભવિત લાગે તેવી નથી. મહાવીર સ્વામીના શરીરબળનું વર્ણન પણ એવું જ આવે છે. સામાન્ય માણસના લોહીનો રંગ લાલ હોય તો ભગવાન મહાવીરના લોહીનો રંગ સફેદ વર્ણવવામાં આવ્યો છે. તેમની બાલક્રીડામાં પણ આવી જ અતિશયતાઓ ભરેલી જોવામાં આવે છે. તેઓ ભણવા જાય છે, પણ મૂળથી ત્રણ જ્ઞાનના ધારક ભગવાનને ગુરૂ ભણાવે શું ? માતાપિતાના અવસાન બાદ દેવો પ્રવ્રજ્યા ગ્રહણ કરવા ભગવાનને આવ્હાહન કરે છે. તેમનો દીક્ષામહોત્સવમાં માનવ સમુદાય કરતાં પણ જાણે કે દેવદેવીઓનો સમુદાય વધારે ભાગ લેતો હોય એમ લાગે છે. પછી પણ જ્યાં જ્યાં ભગવાન વિચરે ત્યાં ત્યાં ઇન્દ્ર તેમની સાથે રહેવાની અને ભગવાનને મદદરૂપ બનતા રહેવાની ઇચ્છા દર્શાવે છે પણ ભગવાન તેમ કરવાની મના કરે છે. ભગવાન મહાવીરના તપનું વર્ણન પણ એવું આવે છે કે જે પરિમિત શકિતવાળા સામાન્ય માનવી માટે આપણને શકય ન લાગે. દેવોની પુષ્પવૃષ્ટિ તો જ્યાં ત્યાં થતી જ હોય છે. ૪૨ વર્ષની ઉમ્મરે ભગવાનને કેવળ-જ્ઞાન થાય છે. આ કેવળજ્ઞાન એટલે ભૂત વર્તમાન અને ભવિ-ષ્યનું–આન્તર તેમ જ બાહ્ય સર્વ બાબતોનું સંપૂર્ણ જ્ઞાન. ભગવાનને કેવળજ્ઞાન થવા બાદ ઉપદેશ આપવા માટે દેવો જે સમોવસરણ રચે છે તે પણ એટલું જ અદ્‌ભુત અને અમાનુષી લાગે છે. આ પ્રસંગે ભગવાનને આઠ 'અતિશય' પ્રાપ્ત થાય છે. આ 'અતિશય' એટલે જૈન પરિભાષામાં તીર્થંકરની વિશિષ્ટ વિભૂતિઓ. આ આઠ અતિશય આ પ્રમાણે–ભગવાનના સમવસરણને આચ્છાદિત કરતું અશોક વૃક્ષ, સ્થળે સ્થળે અને પ્રસંગે પ્રસંગે થતી દેવતાઓની પુષ્પવૃષ્ટિ, દિવ્ય ધ્વનિ, ચામર, સિંહાસન, ભામંડળ, દુંદુભિ અને છત્ર. આ સમવસરણમાં એક બાજુ ભગવાન પોતે અને ત્રણ બાજુ ભગવાનની જ આકૃતિ ધારણ કરતા અને તેમની જ સદૃશ સર્વ વ્યવહાર કરતા ત્રણ ઇંદ્રો એકેલા હોય અને ભગવાનની ઉપદેશધારા માલકોષ રાગમાં ચાલતી હોય. આ સમવસરણમાં માત્ર મનુષ્યો જ નહિ પણ દેવ દેવીઓ અને પશુ પક્ષીઓ પણ ભગવાનની દેશના સાંભળવા હાજર થયા હોય અને સૌ કોઇ પોતપોતાની ભાષામાં ભગવાનને સાંભળતું અને સમજતું હોય. ભગવાનના નિર્વાણ પ્રસંગે પણ દેવો આવીને તેમના દેહની અન્તિમ ક્રિયાઓ કરે છે. આવી અનેક ચમત્કારિક વાતો ભગવાન મહાવીરના ચરિત્રમાં વણાયલી છે. આ બધી વાતોને તથ્ય તરીકે સ્વીકારીએ તો મહાત્મા ગાંધીજી સાથે તો શું પણ આજ સુધીમાં અસ્તિત્વમાં આવેલ કોઇ પણ માનવી સાથે ભગવાન મહાવીરને સરખાવવાનો વિચાર કેવળ બેવકુફી–ભર્યો લાગે.

ગાંધીજીનું અપૂર્વ વર્ચસ્વ

બીજી બાજુએ ગાંધીજીનું વર્તમાન પ્રભુત્વ પણ એટલું જ વિલક્ષણ પ્રકારનું છે. ભગવાન મહાવીરનું તત્કાલીન કાર્યક્ષેત્ર એટલે બીહાર અને આજના સંયુકત પ્રાંતો, પશ્ચિમ બંગાળાનો થોડોએક ભાગ તેમની અસર નીચે કદાચ આવ્યો હોય, જ્યારે ગાંધીજી આખા ભારતવર્ષનો છેલ્લા ત્રીશ વર્ષથી ઇતિહાસ ઘડી રહ્યા છે. કાશ્મીરથી કન્યાકુમારી કે કલકત્તાથી કરાંચી સુધીમાં વસતી એક પણ એવી વ્યકિત નહિ મળે કે જેણે ગાંધીજીનું નામ નહિ સાંભળ્યું હોય અથવા તો જેના જીવન ઉપર ગાંધીજીની સીધી

અર્થ

દેવનારદ અરહત ઋષિએ કહેલ છે
મંખલિપુત્ર અરહત ઋષિએ કહેલ છે
યાજ્ઞવલ્કય અરહત ઋષિએ કહેલ છે.
વજ્જિયપુત્ર અરહત ઋષિએ કહેલ છે
માતંગ અરહત ઋષિએ કહેલ છે
શાકયપુત્ર બુદ્ધ અરહત ઋષિએ કહેલ છે
દ્વૈપાયન અરહત ઋષિએ કહેલ છે
પાર્શ્વ અરહત ઋષિએ કહેલ છે
વર્ધમાન અરહત ઋષિએ કહેલ છે

આ ગ્રંથ ઋષિભાષિતની ખરી ખુબી તો એ છે કે જેમ મંખલિપુત્ર વગેરે માટે તેમાં 'અરહત' શબ્દ વપરાયેલ છે તેમ સાથોસાથ પાર્શ્વ અને વર્ધમાન માટે પણ તેમાં **અરહત્** શબ્દ વપરાયેલ છે.

આ બધું જોતાં વિચારતાં એમ સ્પષ્ટ માલુમ પડે છે કે ઘણા જુના સમયમાં ગમે તે ઋષિ માટે 'અરહત' શબ્દ વપરાતો હતો અને એજ તેનો સાદો અને સરળ અર્થ હતો. પછીની જૈન પરિભાષામાં એ શબ્દ ઘણા સંકુચિત અર્થમાં રૂઢ થયેલ છે જ્યારે બૌદ્ધપરિભાષામાં એ શબ્દનો વધારે વિશાળ અર્થ સુપ્રતીત છે.

વ્યાખ્યાકારો 'અરિહંત' શબ્દનો સંબંધ 'અરિ+હન્' સાથે જોડે છે તથા 'અરહંત'નો સંબંધ 'અરથાન્ત' કે 'અરહસ્+અંત' સાથે છે અને 'અરૂહંત'નો સંબંધ 'અ+રૂહ' સાથે જોડે છે, તે બધી યોજના કેવળ તેમની શબ્દચાતુરી છે બાકી 'અરિહંત'નો મૌલિક સબંધ 'અરિહં (અર્હ) ધાતુ સાથે છે અને તેનો જે અર્થ ઉપર જણાવેલ છે તેજ મૌલિક છે.

મોચરદાસ

કે આડકતરી છાપ પડી નહિ હોય. ગાંધીજીનો સંપર્ક માત્ર હિંદ સાથે જ છે. એમ નથી પણ આખી દુનિયા સાથે તેઓ સંકળાયલા છે. તેમનાં લખાણો દુનિયાભરમાં ફેલાયલાં છે. તેમનું કાર્ય માનવજીવનના અનેક પ્રદેશોને સ્પર્શી રહેલું છે. તેમનું જીવન પાર વિનાની રોમાંચક ઘટનાઓથી ભરેલું છે. લાખો માણસોના જીવનમાં તેમણે મૌલિક ક્રાન્તિ નિપજા છે. તેમની દૃષ્ટિ અત્યન્ત વ્યાપક છે અને માનવી જીવનના મૂળ તત્ત્વોને સ્પર્શે છે. આટલું બધું વ્યાપક અને વિસ્તીર્ણ પ્રભુત્વ દુનિયાની મહાન ગણાતી આજ સુધીમાં અસ્તિત્વમાં આવેલી કોઇ પણ પ્રમુખ વ્યક્તિએ દાખવ્યું નથી. સત્ય અને અહિંસાનાં સાધનો વડે દુનિયાના ઇતિહાસમાં આવડી મોટી ક્રાન્તિ અન્ય કોઇના હાથે નીપજી હોય એમ જાણવામાં કે સાંભળવામાં આવ્યું નથી. તેમના ચરિત્રની ભિન્ન ભિન્ન ભાષામાં અનુવાદિત થયેલી લાખો નકલોએ ગાંધીજીની ખ્યાતિ દુનિયામાં સર્વત્ર ફેલાવી દીધી છે. તેમની જન્મજયન્તી દેશના ખુણે ખુણે ઉજવાય છે. તેમની વ્યાખ્યાન-સભાઓ ભરાય છે ત્યારે હજારો-લાખો માણસો એકત્ર થાય છે અને જાણે કે કોઇ અવતારી પુરૂષ આ દુનિયા ઉપર ઉતરી આવેલ હોય તેમ તેમના ઉપદેશને અપૂર્વ શ્રધ્ધા અને ભક્તિથી ઝીલે છે. આજની માનવજાતિ ઉપર આવું જેનું અપૂર્વ વર્ચસ્વ સ્થપાયું છે તેવા ગાંધીજીની તોલે આવે એવો આજ સુધી કોઇ માનવી દુનિયાના ઇતિહાસમાં પાકયો નથી. આવા ગાંધીજી સાથે ભાગવાન મહાવીરની સરખામણી કરવાના પ્રયત્નને કોઇ પણ ગાંધી-ભકત હાસ્યાસ્પદ લેખે તો તેમાં જરા પણ આશ્ચર્ય પામવા જેવું ન ગણાય.

બાહ્ય વિભૂતિઓ વિરૂદ્ધ ગુણવિશેષ

આમ દિવ્ય ચમત્કારોની દ્રષ્ટિએ વિચારતાં ભગવાન મહાવીર અતુલનીય લાગે છે. ઐહિક પ્રભુત્વની દૃષ્ટિએ ગાંધીજી એટલા જ અતુલનીય લાગે છે. પણ દુનિયાના મહા-પુરૂષોના જીવનની સમીક્ષા કરવા માટે આ બન્ને દૃષ્ટિ યોગ્ય નથી. મહાવીરચરિત્રમાં ગુંથવામાં આવેલી આધિદૈવિક ઘટનાઓ વસ્તુતઃ સાચી છે કે ખોટી એ બાબતમાં આપણે એકાન્ત નિર્ણય ન આપીએ તો પણ મહાવીરની એક શકવર્તી પુરૂષ તરીકેની સાચી મહત્તા સમજવા માટે આપણે તેમના ચરિત્રમાંથી આ સર્વ અતિશયતાઓનો છેદ ઉડાડવો જ રહ્યો. દરેક ધર્મપ્રવર્તકના જીવનમાં આવાં દિવ્ય વર્ણનો ભરેલાં જ હોય છે; દરેક સંપ્રદાય પોતાના મૂળ પુરૂષને સર્વજ્ઞ સર્વશકિતમાન માને છે, અને તેના જીવન સાથે અનેક દૈવતાઈ ઘટનાઓ જોડે છે. પણ આપણને ઉંડો વિચાર કરતાં માલુમ પડે છે કે ઇશ્વરના અવતાર-સમા લેખાતા આવા પુરૂષોની મહત્તા આવી કોઇ દિવ્ય વિભૂતિઓમાં રહેલી નથી, પણ તે દરેકમાં રહેલા ગુણવિશેષ અને તત્કાલીન અને તદ્દેશીય સમાજના ઉધ્ધારકાર્યમાં તે તે મહા-પુરૂષોએ આપેલા મહત્વના ફાળા ઉપર જ રહેલી છે. પૂર્વકાળમાં થઇ ગયેલા જૈન આચાર્યોની પણ આ જ દૃષ્ટિ છે. સુપ્રસિદ્ધ દિગંબર આચાર્ય સમંતભદ્ર જેઓ લગભગ વિક્રમના સાતમાં સૈકામાં થઈ ગયા હતા તેમની એક કૃતિ 'આપ્ત મીમાંસા'માં આપ્ત કોને કહેવાય તેની ચર્ચા છે. જૈન પરંપરામાં આપણે ઉપર જોયું તેમ આપ્ત પુરૂષના લક્ષણ રૂપે કેટલીક બાહ્ય વિભૂતિઓને જ હંમેશાં આગળ ધરવામાં આવે છે. લોકો ધારે છે કે જેની પાસે દેવો આવે, દેવોનાં વિમાનો આવે, દેવો ચામર વીંઝે તે મહાન એટલે કે આપ્ત કે સર્વજ્ઞ ગણાય. આવા લોકોની આગમિક શ્રધ્ધાનો ઇનકાર કરતાં આચાર્ય સમંતભદ્ર 'આપ્ત મીમાંસા'માં એક સ્થળે જણાવે છે કે :-

देवागम नभोयान चामरादि विभूतयः ।
मायाविष्वपि दृश्यन्ते, नातस्त्व मसिनो महान् ॥

અર્થ : દેવોનું આગમન, આકાશ ઉડ્યન, ચામર વગેરે વિભૂતિઓ તો માયાવી પુરૂષોમાં પણ નજરે પડે છે. આ કારણે, હે ભગવાન્ તમોને અમો મહાન લેખતા નથી.

अध्यात्मं बहिरप्येष, विग्रहादिमहोदयः ।
दिव्यः सत्यः दिवौकस्वप्यस्ति रागादिमत्सु सः ॥

અર્થ : આધ્યાત્મિક તેમજ બાહ્ય-શરીર, વચન આદિનો-જે અતિશય છે તે સાચો અને અલૌકિક હોવા છતાં પણ દેવતાઓમાં પણ એ પ્રકારનો અતિશય-વિશેષતા-માલુમ પડે છે અને તેથી આવી કોઇ વિભૂતિ આપ્તપુરૂષનું કોઇ વિશિષ્ટ લક્ષણ બની શકતી નથી. આ રીતે વિચારતાં ભગવાન મહાવીરની મહાનુભાવતા યથાસ્વરૂપે ગ્રહણ કરવા માટે એક માનવી તરીકે તેમનામાં કેવી કેવી ગુણવિભૂતિઓ હતી, તત્કાલીન અધર્મનો સામનો કરવામાં તેમણે કેવો પ્રબળ પુરૂષાર્થ દાખવ્યો હતો, ચોતરફ વ્યાપેલા અંધકારમાં તેમણે કેવો જ્ઞાનપ્રદીપ પ્રગટાવ્યો હતો-આ બધી બાબતોનો જ આપણે વિચાર કરવો જોઇએ. તેઓ સર્વજ્ઞ હતા કે નહિ તે પ્રશ્નને આપણે બાજુએ રાખીએ, અને તેમની સત્યનિષ્ઠા કેવી પ્રચંડ હતી અને તેમની જ્ઞાનદૃષ્ટિ કેવી નિર્મળ અને દૂરદર્શી હતી તેનો જ આપણે વિચાર કરીએ. આ ધોરણે આપણે વિચારતા થઇએ તો જ કાળે કાળે આ વિશાળ ધરતી ઉપર પ્રગટેલા મહાન જ્યોતિધરો વિષે આપણે પ્રમાણબધ્ધ અને તુલનાત્મક ખ્યાલ પ્રાપ્ત કરી શકીએ. આવી જ રીતે ગાંધીજીનું અનન્ય લાગતું ઐહિક પ્રભુત્વ આજ કાલની તાર, ટપાલ, મુદ્રણકળા, રેલ્વે, આકાશવાણી વગેરે અને વૈજ્ઞાનિક સગવડોને જ મોટા ભાગે આભારી છે. આ સાધનો દ્વારા પ્રાપ્ત થયેલ પ્રભુત્વ એ ગાંધીજીની કોઇ ખાસ વિશેષતા નથી. આ રીતે ગાંધીજીની મહત્તાને યથાસ્વરૂપે ગ્રહણ કરવા માટે આજના વૈજ્ઞાનિક સાધનોએ ગાંધીજીના પ્રભુત્વને વિસ્તારવામાં જે ફાળો આપ્યો છે તે પણ આપણે બાદ કરવો જ જોઇએ.

આમ એક બાજુએ દિવ્ય વિભૂતિઓ અને બીજી બાજુએ અદ્યતન વૈજ્ઞાનિક સાધનોએ જ આભારી હોય એવું ગાંધીજીનું પ્રભુત્વ વર્ચસ્વ-એ ઉભયને બાદ કરીને જ ભગવાન મહાવીર અને મહાત્મા ગાંધીના ચરિત્રનો અનુક્રમે આપણે વિચાર કરવો જોઇએ અને એમ કરીએ તો જ આપણને પ્રત્યેકની મહત્તાનો સાચો ખ્યાલ આવી શકે, એટલું જ નહિ પણ ઉભયનો એક સાથે વિચાર કરવા માટે તેમજ દુનિયાના ઇતિહાસમાં થઇ ગયેલા અનેક સન્ત, મહન્ત સાધુપુરૂષોમાં તથા ઇશ્વરના અવતાર રૂપ લેખાતા તેમજ પેગંબર તરીકે પુજાતા મહાપુરૂષોમાં તેમનું સ્થાન નક્કિ કરવા માટે આપણને એક ચોકકસ ભૂમિકા પ્રાપ્ત થાય.

લોકોત્તર પુરૂષોનાં મુખ્ય લક્ષણો

દુનિયાના ઇતિહાસની જનસસાજમાં સેવા તેમજ ઉધ્ધાર કાર્યમાં જેમણે પોતાની સમગ્ર જીવનશકિત ખરચી નાંખી છે, અને દુનિયાને સુખ, અને કલ્યાણનો જેમણે સાચો માર્ગ બતાવ્યો છે એવી અનેક નાની મોટી વ્યકિતઓ થઇ ગઇ છે. આ વ્યકિતઓ સાધુ, સન્ત, સમાજસેવક, દેશનેતા, યોગી, સન્યાસી સ્વામી, એવા અનેક નામે ઓળખાય છે. તેમની સેવાઓ દ્વારા દુનિયાની સંસ્કૃતિ અને સભ્યતા-ઓનું નિર્માણ થયું છે અને તે તે સંસ્કૃતિ તથા સભ્યતાને ટકી રહેવાનું બળ પણ તે તે મહાપુરૂષોની તપશ્ચર્યા દ્વારા મળતું રહ્યું છે. આ સર્વ માનવવિભૂતિઓમાં કાળે કાળે અને દેશે દેશે એવી કોઇ કોઇ મહાન વિભૂતિઓ પાકતી આવી છે કે જે પોતાની ચોકકસ વિશેષતાઓના કારણે ઉપર જણાવેલ લોકકલ્યાણકારિણી સામાન્ય માનવવિભૂતિ-ઓથી એકદમ જુદી તરી આવે છે અને એ જ કારણે તેમની ગણના અવતારી પુરૂષોમાં કરવામાં આવે છે. પેગંબર, તીર્થંકર, બુદ્ધ-આવા વિશેષ નામો પણ આ કોટિમાં આવતા શકવર્તી મહાપુરૂષોની વિશેષતાઓને અનુલક્ષીને વાપરવામાં આવે છે. આ વિશેષતાઓ અથવા તો જૈન પરિભાષામાં જેને 'અતિશય'

કહેવામાં આવે છે તે અતિશયો શું હોય છે તે આપણે ક્રમશઃ વિચારીએ.

(૧) આવા પુરૂષોને તત્કાલીન સામાજિક પરિસ્થિતિનું અત્યંત વિશદ દર્શન પ્રાપ્ત થયેલું હોય છે. તેઓ કોઇ પણ પ્રકારના પૂર્વગ્રહથી મુક્ત હોય છે. સમાજના દર્દનું તેમની પાસે સાચું નિદાન હોય છે અને તેથી તેમની ચિકિત્સા–ઔષધ તેમ જ પથ્યની પ્રક્રિયા તત્કાલીન સમાજ માટે નિઃશંકપણે આરોગ્યવાહી હોય છે. તેઓ દરેક બાબતનો પાયામાંથી વિચાર કરવાની શક્તિ ધરાવે છે. તેમની વિચારણા અત્યન્ત મૌલિક હોય છે. ન તેમને તમે જુના વિચારના કહી શકો, ન તમે તેમને નવા વિચારના કહી શકો. નથી હોતા તેઓ ભૂતકાળના અંધ પૂજક કે નથી હોતા તેઓ 'નવીન'ના નામે ઓળખાતી સર્વ કોઇ વિચાર-ધારાના વાહક. સદ્‌અસદ્ વિવેક એ એમની સર્વ વિચારણાનો પાયો હોય છે. તાત્વિક પરિભાષામાં કહીએ તો જીવ, જગત્ અને ઇશ્વરને લગતા સનાતન પ્રશ્નો પરત્વે તેમને ચોકકસ અને સ્પષ્ટ દૃષ્ટિ હોય છે અને એ દૃષ્ટિના આધારે તેઓ જીવનની વ્યક્તિગત તેમ જ સામાજિક સર્વ સમસ્યાઓનો ઉકેલ પોતપોતાના સમાજ સમક્ષ રજુ કરે છે અને તે મુજબ જનતાને દોરવાનો તેઓ ભગીરથ પ્રયત્ન કરે છે.

(૨) સત્યની અખંડ અને નિરપવાદ ઉપાસનાના કારણે તેમની વાણીમાં અનિર્વચનીય તાકાત હોય છે. તેમના શબ્દમાં કોઇ જુદું જ પ્રભુત્વ–પ્રતાપ હોય છે. તેમનો ઉપદેશ હજારો માણસોના જીવનમાં આપણી કલ્પનામાં ન આવે તેવું પરિવર્તન નિપજાવે છે. એકનું એક વાકય સામાન્ય માનવીના મોઢામાંથી નીકળે છે અને તેની કશી અસર પડતી નથી. એજ વાકય એ મહાપુરૂષોના મોઢામાંથી નીકળે છે અને સાંભળનારનો આખો આત્મા હલી ઉઠે છે. આ જ કારણે આવા પુરૂષોની વાણીને અમોઘ વાણી કહેવામાં આવે છે. સત્ય એ જ જેનો આત્મા છે તેવી તેમની વાણી જે કાંઇ ઉચ્ચારે છે તે જ પ્રમાણે જાણે કે થાય છે. કવિ ભવભૂતિએ કહ્યું છે કે **ऋषीणां पुनराद्यानां, वाचमर्थोनुधावति** । આદ્ય ઋષિઓ જેમ બોલે છે તેમ બને છે–તે ઉપર જણાવેલી અપેક્ષાએ યથાર્થ છે.

(૩) આવા મહાપુરૂષો સત્યને માર્ગે ચાલતાં તત્કાલીન સમાજ સાથે, અધર્મ, અસત્ય કે અકલ્યાણના પાયા ઉપર રચાયેલ સમાજની અનિષ્ટ પરંપરા સાથે, આપખુદી અને અન્યાયપૂર્વક અમલ ચલાવતી કોઇ પણ રાજકીય કે સામાજિક સત્તા સાથે અથડાય છે, અને તેમાંથી પ્રચંડ સંઘર્ષ ઉભો થાય છે. આ સંઘર્ષમાંથી તેઓ પાર ઉતરે છે અથવા તો એ સંઘર્ષમાં જ અધર્મનું ઉત્થાપન કરવા માટે પોતાની આખી જાતનું તેમને બલિદાન આપવું પડે છે.

(૫) આ મહાપુરૂષોના આખા જીવનનો પાયો આધ્યાત્મિકતા ઉપર રચાયેલો હોય છે. તેમની વૃત્તિ સદા અન્તર્મુખ હોય છે. ઇશ્વર સાથે–આત્મતત્વ સાથે–તેમના ચિત્તનું સદા અનુસંધાન હોય છે. આ જ કારણે તેમનામાં અપાર નમ્રતા હોય છે. પોતાનો સમાજ નીતિ, ધર્મ, અધ્યાત્મ, ઇશ્વરપ્રાપ્તિના માર્ગે ક્રમ ઉંચો ચઢે અને નહિ કે કેવળ ઐહિક પ્રભુત્વની સાધનાથી સંતોષ માને–આ જ તેમના દિલની સતત તમન્ના હોય છે.

(૬) તેમનું ચારિત્ર્ય અતિ ઉચ્ચ કોટિનું હોય છે. મન, વાણી અને કર્મની એકરૂપતા–આ તેમનાં જીવનની અસાધારણ વિશિષ્ટતા હોય છે. સત્યના પાયા ઉપર જ તેમના આખા જીવનની ઇમારત ઉભી થયેલી હોય છે. તેમના જીવનના પદે પદે ત્યાગ, વૈરાગ્ય, પ્રેમ, સમભાવ, અનાસકિત નજરે પડે છે. તેમના આચાર-વિચારમાં કોઇ ઉચ્ચ પ્રકારની પ્રતિભા આપણને અનુભવગોચર થાય છે.

(૭) આવા મહાપુરૂષો મહાન યુગપ્રવર્તકો હોય છે. પોત-પોતાના દેશકાળ ઉપર પ્રત્યેકની એટલી ઉંડી છાપ ઉઠે છે કે તે તે મહાપુરૂષની આગળના દેશકાળને પછીના દેશકાળથી આપણે સ્પષ્ટપણે જુદો તારવી શકીએ છીએ અને આવો મોટો ફેરફાર, પરિવર્તન, ક્રાન્તિ આ મહાપુરૂષની વિલક્ષણ જીવન–પ્રતિભાને જ આભારી હતી એમ આપણને માલુમ પડે છે. દુનિયાના શકવર્તી યુગપ્રવર્તક મહાપુરૂષોની આ વિભૂતિઓને આચાર્ય હેમચંદ્રે જરા ભિન્ન પરિભાષામાં પણ લગભગ સમાન અર્થમાં નીચે મુજબ વર્ણવેલ છે.

अनन्तविज्ञानमतीत दोष
मबाध्य सिद्धान्त ममर्थ्यरूप्यम् ।
श्री वर्धमानं जिनमाप्त मुख्यम् ॥
स्वयंभूवं स्तोतु महं यतिष्ये ॥

અર્થ :–"જેમને અનન્ત એવું વિશિષ્ટ જ્ઞાન પ્રાપ્ત થયું છે (વિશદ દર્શન), જેમનામાં કોઇ દોષ રહ્યો નથી (નિર્મળ ઉચ્ચ-કોટિનું ચારિત્ર્ય), જેમનો સિદ્ધાન્ત સત્યના પાયા ઉપર રચાયલો હોઇને સદા અબાધિત છે (અમોઘ વાણી), દેવોને જે પૂજ્ય છે એટલે તે તે કાળ અને સમાજના અગ્રગણ્ય પુરૂષોથી જે સંમાનિત છે, એવા સ્વયંભૂ (એટલે કે કોઇની આપેલી કે બહારથી આવેલી નહિ પણ સ્વભાવથી પ્રાપ્ત થયેલી જેની આત્મવિભૂતિ છે એવા) અને આપ્ત લેખાતા પુરૂષોમાં મુખ્ય એવા ભગવાન મહાવીરની સ્તુતિ કરવાનો હું પ્રયત્ન કરીશ."

આ શ્લોક જો કે ભગવાન મહાવીરને અનુલક્ષીને રચાયલો છે તો પણ તેમાંના વિશેષણો દુનિયાના કોઇ પણ લોકોત્તર પુરૂષને આપણે લાગુ પડી શકીએ છીએ.

દુનિયાના લોકોત્તર પુરૂષો

દુનિયાના ઘણા ખરા ધર્મપ્રવર્તકોને આપણે આ લોકોતર પુરૂષોની કોટિમાં મુકી શકીએ છીએ પ્રાગૈતિહાસિક કાળમાં થઇ ગયેલા રામ અને કૃષ્ણ આ પરંપરાના આદ્યપુરૂષો હતા. પારસીઓના આરાધ્ય દેવ જરથુસ્ત્ર વિષે જે કાંઇ થોડું ઘણું આપણે જાણીએ છીએ તે ઉપરથી તેમનામાં આવી જ કોઇ વિશિષ્ટતા હતી એમ આપણે અનુમાન કરી શકીએ છીએ. ખ્રીસ્તી ધર્મના સંસ્થાપક ઇશુ ખ્રીસ્ત, ચીની લોકોના મૂળ ધર્મના પ્રરૂપક કોન્ફ્યુશીયસ, પ્લેટો અને એરીસ્ટોટલના પણ ધર્મપિતા સોક્રેટીસ, ઇસ્લામ ધર્મના પ્રણેતા હઝરત મહમદ, બૌધ્ધધર્મના આદ્ય પ્રસ્થાપક ભગવાન બુદ્ધ, જૈનધર્મના પ્રવર્તક ભગવાન મહાવીર–આવી એક પછી એક ભવ્ય મૂર્તિઓ, જ્યારે આપણે જગતના મહાન જ્યોતિર્ધરોનો વિચાર અને ચર્ચા કરી રહ્યા છીએ ત્યારે, આપણી આંખ સામેથી પસાર થયા છે. જે અપૂર્વ ચૈતન્ય આ મહાપુરૂષોમાં આપણે જોઇ રહ્યા છીએ તે જ અપૂર્વ ચૈતન્યની તેજકણિકાઓ કબીર, શંકરાચાર્ય, રામકૃષ્ણ પરમહંસ, સંત તુકારામ, યોગી આનંદઘન, ગૌરાંગ, શ્રીમદ રાજચંદ્ર વગેરેમાં આપણે પ્રકાશમાન થયેલી જોઇએ છીએ.

[અપૂર્ણ] —પરમાનંદ

ભુલ સુધાર

પ્રબુદ્ધ જૈનના છેલ્લા અંકમાં ડાહ્યાભાઇ બાલાભાઇ કોરા નિબંધમાળાની હરિફાઇનું પરિણામ જે ચાર પરીક્ષકોની સહીથી પ્રગટ કરવામાં આવ્યું છે તેમાં એક પરીક્ષકની સહી ભુલથી 'સુખલાલ દેશી' એમ છાપવામાં આવેલ છે. તેના બદલે 'સુખલાલ સંઘવી' એમ સુધારીને વાંચવા વિનંતિ છે. આ કોઇ નહિ પણ આપણા પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજી છે. તંત્રી

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫–૪૭ ખનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨